6304



સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ-
પાળવાનું બધા મુમુક્ષુને આવશ્યક છે.
મુમુક્ષુ બધાએ રહેવું જોઈએ. એટલે
મનુષ્યના આચરણનો પાયો ઉપરના
પાંચ યમ પાળવામાં રહ્યો છે એ યમ
સંસારી બધા જનને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી હોય છતાં
સત્યનું બધેજ આચરે. પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે. ખેડૂત છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહી ન કરવો એ
મુશ્કેલ છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહેતાં બાંધછોડ જોઈએ તે
આચારે વૈરાગ્યઉત્પાદક આ મનુષ્ય તે
મહાભાગ્ય પણ કરી શકાય.
ઉપરનાં વ્રત જેઓ પાળે તેઓ બધા
ઉપવાસોમાંથી નીકળવાના રસ્તા
મળી આવશે.

૫

26 MAY 1968

ગાંધીજીનો અક્ષરદેહ

આ પુસ્તકના સમયના ગાળા દરમિયાન, ઇન્ડિયન ઓપીનિયન, ગાંધીજીના હાથમાં વધારે ને વધારે પ્રભાવશાળી સાધન બન્યું હતું. ખાસ કરીને એની ગુજરાતી કટારો મારફતે એમણે દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓને આત્મનિયમન, સ્વચ્છતા અને સારા નાગરિકના ગુણોની તાલીમ આપવાનો પ્રયાસ કર્યો. મહાન સ્ત્રીપુરુષોના ચરિત્રનું નિરૂપણ કરીને એમણે પોતાના વાચકોને ઉચ્ચ જીવન માટેની પ્રેરણા આપવાનો પ્રયત્ન કર્યો.

લૉર્ડ મિલ્નરે આપેલી બાંયધરી ઉપરથી સ્વેચ્છાથી બીજી વારની નોંધણી કરાવી દીધી હોવા છતાં હિંદીઓને ત્રીજી વાર પોતાનાં નામ નોંધાવવાની ફરજ પાડવા માટે એક કાનૂન બનાવવાનો સરકારે જ્યારે નિશ્ચય કર્યો ત્યારે ટ્રાન્સવાલમાંના હિંદીઓને વેઠવી પડેલી હાડમારીઓ ચરમ સીમાએ પહોંચી હતી. આ અંગેના ઑર્ડિનન્સનો વિરોધ કરવા માટે જે જાહેર સભા ૧૧મી સપ્ટેમ્બર ૧૯૦૬ના રોજ ભરવામાં આવી હતી તે દક્ષિણ આફ્રિકાવાસી બ્રિટિશ હિંદીઓના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપે હતી. એના વિખ્યાત ચોથા ઠરાવનું સમર્થન કરતાં ગાંધીજીએ કોમને ઑર્ડિનન્સને તાબે નહીં થવા અને પરિણામે કારાવાસ સ્વીકારવા હાકલ કરી.

નાતાલના હિંદીઓ સામે પણ તેમના કંઈ કેટલા પ્રશ્નો ઊભા જ હતા. પણ જ્યારે સને ૧૯૦૬ના ફેબ્રુઆરીમાં ઝૂલુઓનો બળવો ફાટી નીકળ્યો ત્યારે ગાંધીજીએ હિંદીઓની બધી ફરિયાદો બાજુએ મૂકી દીધી અને ૧૯ સાથીઓ સાથે રહીને લગભગ છ અઠવાડિયાં સુધી ડોળી ઊંચકવાનું સેવાકાર્ય કર્યું.

બ્રિટિશ હિંદી ઍસોસિયેશને ગાંધીજી તથા એચ. ઓ. અલીને એક પ્રતિનિધિમંડળ રૂપે ઇંગ્લંડ મોકલવાનો ઠરાવ કર્યો. તેનો હેતુ સંસ્થાન કચેરી આગળ ફરિયાદો રજૂ કરવાનો તથા ડ્રાફ્ટ એશિયાટિક ઑર્ડિનન્સને બાદશાહની

[–પાછલા રૅપ પર ચાલુ

તિથિપત્ર

REFERENCE BOOK

૨૦/૫/૭૫

6301

REFERENCE BOOK
NOT TO BE ISSUED

ગાંધી સ્મારક સંગ્રહાલય 12 SEP 1979

ક્રા. સં. -X- ૧૫૮

પરિ. સં. 6304 વાંચવા માટે મુક્ત કર્યાં તારીખ

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦ ૦૩ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે.

ગાંધી સ્મારક સંગ્રહાલય

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૫

[૧૯૦૫-૧૯૦૬]

REFERENCE BOOK

26 MAY 1968

6304

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

૬૭૦૫

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

૫

[૧૯૦૫-૧૯૦૬]

REFERENCE · BOOK

નવજીવન

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

—૭૮
GAN
6304

6304

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૬૮

પહેલી આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૬૮ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

12 SEP 1979

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

પ્રસ્તાવના

આ પુસ્તક જુલાઈ ૧૯૦૫થી ઑક્ટોબર ૧૯૦૬ના ગાળાને આવરી લે છે. ગાંધીજીના અંગત જીવનમાં તેમ જ દક્ષિણ આફ્રિકાવાસી હિંદી કોમના જીવનમાં આ સમય દરમિયાન મહત્ત્વના ફેરફારો થયા હતા. તેમનો ફિનિક્સ આશ્રમ હવે મિ. વેસ્ટ જેવા કેટલાક યુરોપિયન સાથીઓ સહિત તેમના સહકાર્યકરોનું નિવાસસ્થાન બન્યો હતો; જોકે તેમણે પોતે ટ્રાન્સવાલના હિંદીઓની સેવા કરવાનું સ્વીકારેલું હોવાથી તથા ઇન્ડિયન ઓપીનિયન માટે નાણાંની જરૂર હોવાથી જોહાનિસબર્ગ ખાતે રહેવાનું તેમ જ વકીલાત કરવાનું ચાલુ રાખ્યું. અહીં ગાંધીજીનું કૌટુંબિક જીવન વધારે સ્થિર બન્યું હતું; એમના વિશાળ કબીલામાં સહકાર્યકરો તથા મદદનીશોનો સમાવેશ થતો હતો. સાંજના ભોજન બાદ તેઓ તથા અન્ય સભ્યો ધાર્મિક અધ્યયન અથવા તાત્ત્વિક ચર્ચા કરતા. વકીલાતના ધંધા બાબત તેમણે પોતાને માટે સખત નીતિનિયમો સ્વીકાર્યા હતા છતાં તેમનું વકીલાતનું કામ વધતું ગયું. જીવનને સાદું ઉપરાંત ખડતલ બનાવવા વિષે, તથા શારીરિક શ્રમ કરવા વિષે તેમનો આગ્રહ વધતો ચાલ્યો, ઘર અને કચેરી વચ્ચેનું છ માઈલનું અંતર તેઓ જતાં અને આવતાં, પગે ચાલીને કાપતા. ખોરાક બાબતના એમના પ્રયોગો ચાલુ હતા. પોતાના મોટાભાઈ લક્ષ્મીદાસને લખેલા એક પત્રમાં (મે ૨૭, ૧૯૦૬) તેમણે જાહેર કર્યું: "કંઈ પણ મારું નથી સમજતો. જે છે તે બધું સાર્વજનિક કામ સારુ વપરાય છે. . . . કોઈ પણ પ્રકારના દુન્યવી ભોગોની મને ઇચ્છા નથી."

જાહેર કાર્યકર્તા માટે બ્રહ્મચર્ય પાળવું જરૂરી છે એ એમની માન્યતા દૃઢ થતી જતી હતી. એમના વિકાસનું આ બીજું પાસું છે. આત્મસાક્ષાત્કાર માટેનું તેનું મૂલ્ય તે વખતે તેમને પ્રત્યક્ષ થયું નહોતું. પરંતુ ઝૂલુ બંડ વખતે સ્ટ્રેચર ઉપાડનાર ટુકડી સાથે જે મુસીબતભરી કૂચો કરવાની આવી તે દરમિયાન, એમણે લખ્યું છે: "મેં જોયું કે, જો મારે લોકસેવામાં જ તન્મય થઈ જવું હોય તો પુત્રૈષણા તેમ જ વિત્તૈષણાનો ત્યાગ કરવો જોઈએ, અને વાનપ્રસ્થધર્મનું પાલન કરવું જોઈએ." (આત્મકથા ખંડ ૩, પ્રકરણ ૭,) "પ્રજોત્પત્તિ અને પ્રજાઉછેર જાહેરસેવાનાં વિરોધી છે" એવી ખાતરી થવાથી પોતાના ૩૭મા વર્ષમાં તેમણે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. અન્યાયી કાયદાને તાબે ન થવા માટે થયેલી શિક્ષા સહન કરવા, ઈશ્વરસાક્ષીએ લીધેલી આ પ્રતિજ્ઞામાં કેવું સૌંદર્ય તથા કેવી શક્તિ વસે છે એની છેવટે, સપ્ટેમ્બર ૧૧, ૧૯૦૬ની મોટી જાહેર સભા દરમિયાન એમને પ્રતીતિ થઈ અને અહીં જ પાછળથી જે સત્યાગ્રહને નામે ઓળખાયો તે સિદ્ધાંતનો જન્મ થયો.

તેમના હાથમાં ઇન્ડિયન ઓપીનિયન તેમનો પ્રભાવ વધારવાનું મોટું સાધન થઈ પડયું હતું. ખાસ કરીને એ પત્રની ગુજરાતી કટારો દ્વારા એમણે દક્ષિણ આફ્રિકાના હિંદીઓને આત્મસંયમ અને શિસ્ત, જાહેર આરોગ્ય અને સ્વચ્છતા, તેમ જ ઊંચા નાગરિક ધર્મની કેળવણી આપવાનો તથા તેમને સત્યાગ્રહ માટે તૈયાર કરવાનો પ્રયાસ કર્યો. તેમાં તેમણે ટૉલ્સ્ટૉય, લિંકન, મૅઝીની, ઇલિઝાબેથ ફ્રાઈ, ફ્લોરેન્સ નાઈટિંગલ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને ટી. માધવરાવ જેવાં મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત આપીને પોતાના વાચકોને પ્રેરણા આપવાનો પ્રયાસ કર્યો. વ્યાવહારિક મુશ્કેલીઓને લીધે આ અઠવાડિકના હિંદી અને તામિલ વિભાગો બંધ કરવાની

Gandhi Heritage Portal

એમને ફરજ પડી. આ સામયિકનાં લખાણો, ગુણવત્તા તથા ગોઠવણી બાબતમાં એમણે આપેલી વિગતવાર સૂચનાઓ છગનલાલ ગાંધી પર તેમણે લખેલા પત્રોમાં જોવામાં આવે છે. આ અઠવાડિકની નાણાકીય મુશ્કેલીઓ ચાલુ જ રહી હતી અને સમાજ તરફથી વધારે વ્યાપક સહાય માટે ગાંધીજીને વિનંતી કરવી પડતી હતી.

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન દ્વારા એમણે ટ્રાન્સવાલવાસી હિંદી કોમના પ્રશ્નો વિષે અનેક વાર ફરી ફરીને જોરદાર રજૂઆતો કરી. દા. ત. ટ્રાન્સવાલ પાછા ફરતા હિંદી નિર્વાસિતો પાસેથી યુરોપિયન લોકો પાસે મેળવેલાં પ્રમાણપત્રોની માગણીની અને ટ્રામગાડી તથા રેલવે ગાડીની મુસાફરી દરમિયાન હિંદીઓ પર મુકાતાં દમનકારક નિયંત્રણોની એમણે ઝાટકણી કાઢી. સને ૧૯૦૬ના માર્ચ માસમાં જ્યારે રાજ્યબંધારણ સમિતિની રચના કરવામાં આવી ત્યારે તેની સમક્ષ ઍસોસિયેશને હિંદીઓનું દૃષ્ટિબિંદુ સબળ રીતે રજૂ કર્યું. પરવાનાનો સવાલ એવી તો કટોકટીએ પહોંચ્યો હતો કે કોર્ટમાં કસોટીરૂપે મુકદ્દમા દાખલ કરવા ઍસોસિયેશને નિર્ણય કર્યો. પણ જ્યારે, લૉર્ડ મિલ્નર તરફથી મળેલી બાંયધરીને આધારે ઐચ્છિક રીતે હિંદીઓએ નવી નોંધણી કરાવેલી હોવા છતાં પણ ત્રીજી વખત નોંધણીની ફરજ પાડતો કાયદો કરવા સરકારે નિર્ણય કર્યો ત્યારે લડતની ચરમ સીમા આવી પહોંચી. એશિયાટિક ઑર્ડિનન્સનો મુસદ્દો ગૅઝેટમાં પ્રસિદ્ધ થયો તે દિવસથી દક્ષિણ આફ્રિકામાં બનાવો ઝપાટાબંધ બનવા લાગ્યા. ઑગસ્ટ ૨૫, ૧૯૦૬ના રોજ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને પ્રસ્તુત ઑર્ડિનન્સ સામે વાંધો ઉઠાવ્યો. ૮મી સપ્ટેમ્બરે ગાંધીજીએ ઑર્ડિનન્સને "માનવજાત સામેનું ગુનાહિત કૃત્ય" કહીને વખોડી કાઢ્યો અને તેને હિંદીઓને ટ્રાન્સવાલ છોડવાની ફરજ પાડવા ટ્રાન્સવાલ સરકારે યોજેલા સાધન તરીકે ગણાવ્યો. એક ખાનગી સભામાં ગાંધીજીએ આ "કાળા કાયદા"નાં વિનાશક એવાં ગર્ભિત પરિણામો સમજાવ્યાં અને ફરી નોંધણી ન કરાવવા હિંદીઓને સમજાવ્યું. ૧૧મી સપ્ટેમ્બરની વિરાટ સભા એ એક ઐતિહાસિક બનાવ હતો. વિખ્યાત ચોથા ઠરાવનું સમર્થન કરતાં ગાંધીજીએ કોમને, ઑર્ડિનન્સને તાબે ન થવાની અને પરિણામે જેલમાં જવાનું સ્વીકારી લેવાની હાકલ કરી. લોકોના મનમાં મોટો ખળભળાટ મચી ગયો અને શાહી સરકાર સમક્ષ હિંદીઓના દાવાની રજૂઆત કરવા એક પ્રતિનિધિમંડળ ઇંગ્લંડ મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો.

નાતાલમાં વસતા હિંદીઓના પણ અનેક ગૂંચવણભર્યા પ્રશ્નો હતા. તેમના વેપારી પરવાના તાજા કરી આપવાનો ઇનકાર ઉપરાઉપરી થવા લાગ્યો અને એ વાત રોજની બની ગઈ. આ પરિસ્થિતિને ગાંધીજીએ હિંદીઓ અને ગોરાઓ વચ્ચેની ચોખ્ખી રસાકસી તરીકે ગણી લીધી. દાદા ઉસ્માનના કિસ્સામાં સંસ્થાન ખાતાના પ્રધાનને અપીલ કરવામાં આવી. ડરબનની ટાઉન કાઉન્સિલે હિંદી વેપારીઓ તથા ફેરિયાઓના પરવાના તાજા ન કરી આપવાનો ઠરાવ કર્યો. આ પહેલાં ગાંધીજીએ સૂચવ્યું હતું કે પરવાનાને લગતી બાબતોની તપાસ કરવા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે એક સમિતિ નીમવી. બીજી પણ ઘણી આફતો આવી પડી હતી. ૧૬ વર્ષ ઉપરની ઉંમરના હિંદીઓ પર એક પાઉંડનો કર લાદવામાં આવ્યો હતો. પ્રમાણપત્રો અને પાસ કાઢી આપવા બદલ ન ભરી શકાય એટલી ભારે ફી ઠરાવવામાં આવી હતી. આમ, એક પ્રતિનિધિમંડળને ઇંગ્લંડ મોકલવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો ન હતો એટલે નાતાલ ઇંડિયન કૉંગ્રેસે ગાંધીજીને જ મોકલવાનો નિર્ણય કર્યો. પરંતુ, જ્યારે ૧૯૦૬ના ફેબ્રુઆરી માસમાં ઝૂલુ બળવો ફાટી નીકળ્યો ત્યારે ગાંધીજીએ હિંદીઓની બધી ફરિયાદો બાજુએ મૂકી દીધી અને હિંદીઓને

Gandhi Heritage Portal

ઘવાયેલાની સારવાર માટે સ્વયંસેવક તરીકે સેવા આપવા સૂચના કરી એટલું જ નહીં પરંતુ નાતાલ સરકારને એ અંગે સ્પષ્ટ વિનંતી પણ કરી, જેનો મે માસની આખરે નાતાલ સરકારે સ્વીકાર કર્યો હતો. આમ પ્રતિનિધિમંડળ મોકલવાનું મુલતવી રહ્યું અને ગાંધીજીએ ૧૯ સાથીઓ સાથે લગભગ છ અઠવાડિયાં સુધી સ્ટ્રેચર ઉપાડનાર સ્વયંસેવક તરીકે કામ કર્યું.

૧૯૦૬ના જુલાઈ માસમાં રણમોરચેથી પાછા ફર્યા પછીનાં થોડાંક અઠવાડિયાં દરમિયાન નવેસરથી ફરજિયાત નોંધણીની દરખાસ્ત આગળ ચલાવવાના સરકારના નિશ્ચયને લઈને ગાંધીજી સામેની કટોકટી વધારે ઘેરી થતી ગઈ. એશિયાટિક ઑર્ડિનન્સ બાબત હિંદીઓનો દાવો સ્વીકારવાની લૉર્ડ સેલબૉર્ને ના પાડવાથી અને પ્રતિનિધિમંડળ મોકલવાથી કોઈ ઉપયોગી હેતુ સરે એમ નથી, એવો લૉર્ડ એલ્ગિને અભિપ્રાય આપી દીધો, એથી તો ગાંધીજી અને અલીને ઈંગ્લંડ મોકલવાનો હિંદીઓએ કરેલો નિશ્ચય ઊલટો દૃઢ થયો. એક છેલ્લી સભામાં ગાંધીજી જવા કબૂલ તો થયા, પરંતુ તે પહેલાં એમણે અગ્રણી હિંદીઓ પાસેથી એવાં વ્યક્તિગત વચન લીધાં કે તેઓ નવી નોંધણીને નમતું આપશે નહીં. તેમની માન્યતા મુજબ આ સમય હિંદી સમાજને માટે કસોટીનો હતો. એટલે ઈંગ્લંડની સફર દરમિયાન પણ એમનું મન પ્રતિકારના ખ્યાલથી ભરેલું હતું, અને તેમણે इन्डियन ओपीनियन પરના એક પત્રમાં લડત દરમિયાન શું શું કરી શકાય અને શું ન કરી શકાય એ વિષે લખી પણ મોકલ્યું હતું.

દક્ષિણ આફ્રિકા સામેના મહત્ત્વના પ્રશ્નો વિષે ગાંધીજી ભાગ્યે જ પોતાનું વલણ સ્પષ્ટ કરવાનું ચૂકતા. આમ એમણે ચીના મજૂરો પ્રત્યે દાખવવામાં આવતા કઠોર વર્તાવને વગર સંકોચે વખોડી કાઢ્યો. ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીના નવા બંધારણ હેઠળ મતાધિકારની માગણી કરતી અરજીઓ બિનગોરા લોકોએ મોકલી ત્યારે ગાંધીજીએ એ હિલચાલ તરફ પૂરી સહાનુભૂતિ દર્શાવી.

આ સમય દરમિયાન ગાંધીજીએ ટ્રાન્સવાલ અને નાતાલનાં અગ્રણી વર્તમાનપત્રોને સંબોધીને ઘણો પત્રવ્યવહાર કર્યો. ધિ નાતાલ મર્ક્યુરી છાપાના આમંત્રણથી જૂન ૧૯૦૬માં એમણે હિંદીઓની મુખ્ય મુખ્ય ફરિયાદો અને હાલાકીઓ તથા તે દૂર કરવાના ઉપાયો સ્પષ્ટ રીતે સંક્ષેપમાં વર્ણવ્યા હતા. ધિ રૅન્ડ ડેલી મેલને પત્ર લખી એમણે હિંદીઓ માટે સંપૂર્ણ નાગરિક સ્વાતંત્ર્યની માગણી કરી. પુનિયા નામની એક હિંદી સ્ત્રી પર જ્યારે અલગ પરમિટ ન ધરાવવા બાબત કામ ચાલ્યું ત્યારે એમણે અખબારો મારફતે જોરદાર લડત ચલાવી; અને તેમને સરકારી દાવાનું પોકળપણું ઉઘાડું પાડવામાં સફળતા મળી એટલું જ નહીં પણ હિંદી સ્ત્રીઓની બદનક્ષી કરતું નિવેદન જે જે પત્રોએ પ્રસિદ્ધ કરેલું તેમને બધાંને તે પાછું ખેંચવાની તેમણે ફરજ પાડેલી.

ભેદભાવભર્યા વર્તાવ વિરુદ્ધ ચળવળ ચલાવવા પૂરતી જ ગાંધીજી દરકાર રાખતા એવું નથી; હંમેશ મુજબ એઓ હિંદીઓને દરેક પ્રશ્ન અંગે વ્યવહારુ સલાહ આપતા રહેતા. નાતાલ સરકારે માલસામાનના સ્થાનિક ઉત્પાદનનો કેટલો અવકાશ છે એ તપાસવા કમિશન નીમ્યું ત્યારે ગાંધીજીએ હિંદીઓને એની સમક્ષ જુબાની આપવા ઉત્તેજન આપ્યું. વડોદરાની કેળવણીવિષયક પ્રગતિનો દાખલો ટાંકી તથા ગોખલેની આ બાબતની સલાહસૂચનાનું સમર્થન કરી હિંદીઓમાં શિક્ષણક્ષેત્રે કરવાના કાર્યની એઓ સતત હિમાયત કર્યા કરતા. દક્ષિણ આફ્રિકામાં ઈન્ડિયન ચેમ્બર ઑફ કૉમર્સ (હિંદી વેપારીમંડળ) સ્થાપવાની હિલચાલને એમણે અનુમોદન આપ્યું હતું.

ગાંધીજી હિંદમાં બનતા બનાવોની છેલ્લામાં છેલ્લી માહિતી મેળવતા. હિંદની પરિસ્થિતિને અનુરૂપ ત્યાંની જરૂરિયાતો હંમેશ એમના ખ્યાલમાં રહેતી. એમણે મીઠાવેરો રદ કરવાની હિમાયત

Gandhi Heritage Portal

કરેલી. જ્યારે બંગાળના ભાગલા વિરુદ્ધ ચાલતી ચળવળ ઉગ્ર બની ત્યારે એમણે એકતાની જરૂરિયાત સમજાવી અને બ્રિટિશ માલના બહિષ્કારને ટેકો આપ્યો. સ્વદેશી ચળવળની પ્રગતિને વધાવી લીધી અને કોમી એકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો. હિંદના રાષ્ટ્રગીત તરીકે 'વંદે માતરમ્'ને સ્વીકારવાની તથા હિંદ એક રાષ્ટ્ર તરીકે આગળ આવે એ માટે સર્વસાધારણ ભાષા તરીકે હિંદુસ્તાની વાપરવાની એમણે ભલામણ કરી. હિંદના નેતાઓનાં કાર્યો તરફ એઓ ખાસ ધ્યાન આપતા અને કૉંગ્રેસના પ્રમુખપદ માટે ગોખલેની નિયુક્તિને એમણે ટેકો આપ્યો. "બ્રિટિશ સામ્રાજ્યના મહત્ત્વના અંગ" તરીકે હિંદની આકાંક્ષાઓ તરફ સવિશેષ ધ્યાન રાખવાની જરૂરિયાત ઉપર એમણે ભાર મૂક્યો, અને ન્યાય તથા માનવતાને નામે હિંદને સ્વરાજ આપવાની માગણીનું સમર્થન કર્યું.

દુનિયાભરમાં બનતા મહત્ત્વના બનાવો તરફ પણ ગાંધીજી ધ્યાન રાખતા. ચૂંટણીના સિદ્ધાંત પર રચાયેલા રશિયાના નવા બંધારણને તેમણે પ્રગતિની દિશાનું એક આગળનું પગલું ગણ્યું હતું. ૧૯૦૫ની ક્રાન્તિ વિષે તેમણે કહ્યું કે જો તે સફળ નીવડે તો તેને "વર્તમાન સદીનો મોટામાં મોટો વિજય અને મોટામાં મોટી ઘટના" તરીકે વધાવી લેવાશે. કેળવણીક્ષેત્રે મિકાડોએ આપેલા આદેશોનું નિષ્ઠાપૂર્વક પાલન તથા લશ્કરી દળોનો પ્રશંસનીય વહીવટ એ જાપાનની મહત્તાનાં મુખ્ય કારણો છે એવું એ માનતા હતા.

જે સંજોગોને લઈને ગાંધીજીએ વાનપ્રસ્થ જીવન પસંદ કર્યું અને જે સંજોગોમાં તેઓ 'કોઈક નવા સિદ્ધાંતનો જન્મ થયો છે' એવી પ્રતીતિ કરનાર આગેવાન તરીકે બહાર આવ્યા, તેની આ ગ્રંથમાં વિગતે રજૂઆત કરવામાં આવી છે. આ નવો સિદ્ધાંત એટલે સત્યાગ્રહનો સિદ્ધાંત. બંધારણપૂર્વકની ચળવળનું સ્થાન લે એવું આ એક નિર્મળ અને આત્મસંતોષ થાય એવું સાધન છે.

Gandhi Heritage Portal

ઋણસ્વીકાર

આ ગ્રંથની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષણ અને સ્મારક ટ્રસ્ટ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અને નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય તથા અખિલ ભારત કૉંગ્રેસ સમિતિ પુસ્તકાલય, નવી દિલ્હી; ભારત સેવક સમાજ, પૂના; કૉલોનિયલ ઑફિસ પુસ્તકાલય અને ઇન્ડિયા ઑફિસ પુસ્તકાલય લંડન; ફિનિક્સ આશ્રમ, ડરબન; પ્રિટોરિયા આર્કાઇવ્ઝ, પ્રિટોરિયા; ટાઉન કાઉન્સિલ, ક્રૂગર્સડૉર્પ; શ્રી ડી. જી. ટેન્ડુલકર અને મહાત્માના પ્રકાશકો; શ્રીમતી સુશીલાબહેન ગાંધી અને ઝવેરી કુટુંબ, ડરબન; શ્રી છગનલાલ ગાંધી, અમદાવાદ; શ્રી અરુણ ગાંધી, મુંબઈ; અને નીચેનાં અખબારો તથા સામયિકોના આભારી છીએ : इन्डियन ओपीनियन, इन्डिया, धि नाताल मर्क्युरी, धि रॅन्ड डेली मेल, धि स्टार અને धि ट्रान्सवाल लीडर.

સંશોધન અને સંદર્ભ અંગેની સગવડ આપવા બદલ અમે ગાંધી સ્મારક સંગ્રહાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ અફેર્સ લાઇબ્રેરી, સેન્ટ્રલ સેક્રેટરિયટ લાઇબ્રેરી અને યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ લાઇબ્રેરી, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; પબ્લિક લાઇબ્રેરી જોહાનિસબર્ગ; અને બ્રિટિશ મ્યૂઝિયમ લાઇબ્રેરી, લંડનના આભારી છીએ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

વાચકોને સૂચના

આ પુસ્તકમાં સામેલ કરવામાં આવેલી થોડી અરજીઓ ઉપર જોકે બીજી સહી કરી છે છતાં પુસ્તક ૧લાની પ્રસ્તાવનામાં સ્પષ્ટ કરેલાં કારણોસર તે ગાંધીજીએ લખેલી માનવામાં આવે છે. ઇન્ડિયન ઓપીનિયનમાંનાં ગાંધીજીનાં લખાણો, એમના આત્મકથાત્મક લખાણોમાંના સામાન્ય પુરાવાને આધારે, એમના સાથીઓ મિ. એચ. એસ. એલ. પોલાક અને શ્રી છગનલાલ ગાંધીના અભિપ્રાયને આધારે તથા મળી આવતા બીજા પુરાવાઓને આધારે ઓળખી કાઢવામાં આવ્યાં છે.

ગુજરાતી લખાણ ઉતારવામાં મૂળને ચુસ્ત રીતે વળગી રહેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. દેખીતી છાપભૂલો સુધારવામાં આવી છે અને મૂળ પાઠમાં વાપરેલા ટૂંકાવીને લખેલા શબ્દોને આખા કરી લેવામાં આવ્યા છે. નામો અને શબ્દોની જોડણીનાં જુદાં જુદાં સ્વરૂપો જરૂર મુજબ બદલવામાં આવ્યાં છે.

અંગ્રેજીમાંથી કરેલા અનુવાદોમાં મુખ્ય હેતુ વસ્તુને યોગ્ય રીતે ગુજરાતીમાં ઉતારવાનો છે. ગુજરાતીમાં તે સુવાચ્ય બને તેની કાળજી રાખવામાં આવેલી છે.

દરેક લેખની લેખનતારીખ, જો મળી શકી હોય તો, મથાળે જમણે ખૂણે આપેલી છે, જે મૂળ કૃતિમાં તારીખ નથી આપેલી તેના પાઠમાં આશરે નક્કી કરેલી કાટખૂણિયા કૌંસમાં, જરૂર જણાયે કારણો સહિત, આપેલી છે. લેખકે છેડે ટાંકેલા આધારો સાથે આપેલી તારીખ જે તે આધારના પ્રકાશનની તારીખ છે.

લેખોની પ્રસ્તાવનામાં અને મુખ્ય પાઠમાં મોટા કૌંસમાં આપેલાં લખાણો સંપાદકે ઉમેરેલાં છે. મૂળ લખાણમાં આવતા ગોળ કૌંસ કાયમ રાખેલા છે.

લેખોમાં ગાંધીજીએ મૂકેલાં અવતરણો, જેમાંનાં કેટલાંક એમનાં પોતાનાં લખાણો કે પત્રોમાંથી પણ છે તે થોડો હાંસિયો છોડીને અંદરથી છાપેલાં છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથા તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસમાંના સંદર્ભોમાં માત્ર ભાગ અને પ્રકરણ દર્શાવેલાં છે, કારણ કે જુદી જુદી આવૃત્તિઓમાં પાનાંની સંખ્યા જુદી જુદી હોય છે.

આ પુસ્તકમાં છાપેલા લેખોના મૂળ આધાર વિષે એક નોંધ અને પુસ્તકમાં અંતર્ગત ગાંધીજીના જીવનકાળની તવારીખ પુસ્તકને છેડે આપવામાં આવી છે.

આધારોમાં સંકેત "એસ. એન." સાબરમતી સંગ્રહાલય, અમદાવાદમાં ઉપલબ્ધ લખાણો સૂચવે છે. "જી. એન." ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીમાં ઉપલબ્ધ લખાણો સૂચવે છે અને "સી. ડબલ્યુ." સૂચવે છે કે એ લખાણો કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધીના સંપાદકોએ મેળવેલાં છે. આધારોમાં કેટલીક વાર વાપરેલા સંક્ષેપોમાં "સી. એસ. ઓ." કૉલોનિયલ સેક્રેટરીની ઑફિસ સૂચવે છે; "સી. ઓ." કૉલોનિયલ ઑફિસ સૂચવે છે અને "લે. ગ." લેફ્ટનન્ટ ગવર્નર સૂચવે છે.

* * *

પુસ્તક ૪ની માફક આ પુસ્તકમાં પણ મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ ઇન્ડિયન ઓપીનિયનમાંથી ગાંધીજીએ જાતે લખ્યા હોય અથવા ભાષાંતર કર્યું હોય એવા લેખો મૂળ ગુજરાતી તરીકે

Gandhi Heritage Portal

સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે. કેટલાક આવા લેખો સાથે મૂળ અંગ્રેજીનો અનુવાદ પણ સામેલ કર્યો છે. એ ઉપરાંત કેટલાક વધારાના મૂળ ગુજરાતી લેખો, લેખની ક્રમસંખ્યા સાથે (૧) (૨) ઉમેરી કાળાનુક્રમે આપ્યા છે. આ પુસ્તકમાં પાછળથી મળેલા ૧૬ લેખો પુરવણી રૂપે ઉમેર્યા છે.

૧, ૨, ૩, ૨૦, ૩૩, ૩૪, ૪૩, ૫૫, ૬૭, ૬૮, ૮૧, ૮૯, ૯૧, ૯૨, ૧૦૮, ૧૦૯, ૧૧૮, ૧૧૯, ૧૨૩, ૧૩૯, ૧૪૪, ૧૫૮, ૧૬૧, ૧૬૩, ૧૭૦, ૧૭૨, ૧૭૩, ૧૭૭, ૧૮૪, ૧૯૧, ૧૯૨, ૧૯૪, ૧૯૭, ૨૦૧, ૨૦૭, ૨૧૬, ૨૧૮, ૨૨૨, ૨૨૪, ૨૩૯, ૨૫૭, ૩૩૩, ૩૬૪, ૩૬૭, ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૩૭૮, ૩૭૯, ૩૯૩, ૩૯૪, ૩૯૭, ૪૦૦, ૪૧૬, ૪૨૦, ૪૨૧, ૪૨૪, ૪૩૯, ૪૫૨, ૪૬૫.

Gandhi Heritage Portal

અનુક્રમણિકા

પ્રસ્તાવના ૫
ઋણસ્વીકાર ૯
વાચકોને સૂચના ૧૧
૧. નાતાલમાં નવા કાયદા (૧–૭–'૦૫) ૧
૨. મિ. બ્રૉડ્રિક અને હિંદીઓ (૧–૭–'૦૫) ૨
૩. લૉર્ડ સેલબૉર્ન અને સ્વતંત્ર રાજ્યની વ્યાખ્યા (૧–૭–'૦૫) ૪
૪. હિંદુસ્તાનમાં ઇંગ્રેજો અને હિંદી વચ્ચે જાહેર નોકરીમાં તફાવત (૧–૭–'૦૫) ૫
૫. મૅક્સિમ ગૉર્કી (૧–૭–'૦૫) ૫
૬. સિંગાપોરમાં ચીના અને હિંદી (૧–૭–'૦૫) ૬
૭. હાઈ કમિશનરના અંગત મંત્રીને પત્ર (૧–૭–'૦૫) ૬
૮. કેખુશરુ અને અબદુલ હકને પત્ર (૩–૭–'૦૫) ૭
૯. ઑરેન્જ રીવર કૉલોનીના ધારા (૮–૭–'૦૫) ૮
૧૦. ચીનાઓ અને ખરાબ ભાષા (૮–૭–'૦૫) ૯
૧૧. હિંદુસ્તાનમાં મીઠા ઉપર જકાત (૮–૭–'૦૫) ૧૦
૧૨. દાદા ઉસ્માનને પત્ર (૮–૭–'૦૫) ૧૦
૧૩. પારસી કાવસજીને પત્ર (૮–૭–'૦૫) ૧૧
૧૪. જે. દ વિલિયર્સને પત્ર (૧૨–૭–'૦૫) ૧૧
૧૫. સંસ્થાન મંત્રીને પત્ર (૧૩–૭–'૦૫) ૧૨
૧૬. જાલભાઈ ઍન્ડ સોરાબજી બ્રધર્સને પત્ર (૧૩–૭–'૦૫) ૧૩
૧૭. હાઇન ઍન્ડ કેર્‌રુથર્સને પત્ર (૧૩–૭–'૦૫) ૧૩
૧૮. ઉમર હાજી આમદને પત્ર (૧૩–૭–'૦૫) ૧૪
૧૯. ટાઉન કલાર્કને પત્ર (૧૪–૭–'૦૫) ૧૫
૨૦. કેપમાં ઇમિગ્રેશન કાયદો (૨૨–૭–'૦૫) ૧૫
૨૧. મિ. વાચ્છા અને હિંદીઓ (૧૫–૭–'૦૫) ૧૬
૨૨. નાતાલમાં ઘરવેરો (૧૫–૭–'૦૫) ૧૭
૨૩. જાપાનની સલાહ માટે તૈયારી (૧૫–૭–'૦૫) ૧૭
૨૪. છગનલાલ ગાંધીને પત્ર (૧૫–૭–'૦૫) ૧૮
૨૫. ઉમર હાજી આમદ ઝવેરીને પત્ર (૧૭–૭–'૦૫) ૧૯
૨૬. હાજી ઇસ્માઈલ હાજી અબુબકરને પત્ર (૧૭–૭–'૦૫) ૧૯
૨૭. ધિ ડેલી એક્સપ્રેસને પત્ર (૧૭–૭–'૦૫) ૨૦
૨૮. રેવાશંકર ઝવેરીને પત્ર (૧૮–૭–'૦૫) ૨૨
૨૯. રવિશંકર ભટ્ટને પત્ર (૨૧–૭–'૦૫) ૨૨
૩૦. મેઘરાજ અને મુડલીને પત્ર (૨૧–૭–'૦૫) ૨૩

Gandhi Heritage Portal

૩૧. કૅપ્ટન ફાઉલને પત્ર (૨૧-૭-'૦૫) ૨૪
૩૨. મિ. બ્રૉડ્રિકનું બજેટ (૨૨-૭-'૦૫) ૨૪
૩૩. ટ્રાન્સવાલનાં લોકેશન ઉર્ફે બજાર (૨૨-૭-'૦૫) ૨૬
૩૪. છૂપી ગોઠ (૨૨-૭-'૦૫) ૨૮
૩૫. ક્રૂગર્સડૉર્પમાં હિંદીઓ (૨૨-૭-'૦૫) ૨૮
૩૬. ટ્રાન્સવાલમાં હિંદી હોટેલો (૨૨-૭-'૦૫) ૨૯
૩૭. જોસેફ મૅઝીની (૨૨-૭-'૦૫) ૨૯
૩૮. ટ્રાન્સવાલ જતા હિંદીઓને અગત્યની સૂચના (૨૨-૭-'૦૫) ૩૧
૩૯. વીમા દલાલને પત્ર (૨૫-૭-'૦૫) ૩૧
૪૦. ક્રૂગર્સડૉર્પમાં હિંદીઓ (૨૯-૭-'૦૫) ૩૨
૪૧. ટ્રાન્સવાલમાં પરમિટ (૨૯-૭-'૦૫) ૩૨
૪૨. બાલ્ટિક કાફલાની છૂપી હકીકત (૨૯-૭-'૦૫) ૩૩
૪૩. નાતાલના ગિરમીટિયા (૫-૮-'૦૫) ૩૩
૪૪. જાપાન કેમ જીત્યું? (૫-૮-'૦૫) ૩૪
૪૫. દાદા ઉસ્માનને પત્ર (૫-૮-'૦૫) ૩૫
૪૬. મિસ બિસિકસને પત્ર (૫-૮-'૦૫) ૩૫
૪૭. ઉમર હાજી આમદને પત્ર (૫-૮-'૦૫) ૩૬
૪૮. અબદુલ હક અને કેખુશરુને પત્ર (૫-૮-'૦૫) ૩૬
૪૯. પરવાના ખાતાના મુખ્ય મંત્રીને પત્ર (૮-૮-'૦૫) ૩૭
૫૦. અબદુલ હકને પત્ર (૮-૮-'૦૫) ૩૮
૫૧. તૈયબ હાજી ખાન મહમદને પત્ર (૮-૮-'૦૫) ૩૮
૫૨. હાજી હબીબને પત્ર (૯-૮-'૦૫) ૩૯
૫૩. અબદુલ કાદિરને પત્ર (૧૦-૮-'૦૫) ૩૯
૫૪. મેસર્સ પર્કર્સ લિમિટેડને પત્ર (૧૧-૮-'૦૫) ૪૧
૫૫. લૉર્ડ સેલબૉર્ન આગળ અગત્યનું ડેપ્યુટેશન (૧૨-૮-'૦૫) ૪૨
૫૬. નાતાલના નવા કાયદા (૧૨-૮-'૦૫) ૪૩
૫૭. ટ્રાન્સવાલમાં કાફરોને જમીનના હક (૧૨-૮-'૦૫) ૪૪
૫૮. ઈંગ્રેજ અને જાપાન વચ્ચેની સલાહ (૧૨-૮-'૦૫) ૪૪
૫૯. તૈયબ હાજી ખાન મહમદ ઍન્ડ કું.ને પત્ર (૧૨-૮-'૦૫) ૪૫
૬૦. હાજી હબીબને પત્ર (૧૪-૮-'૦૫) ૪૫
૬૧. પરમિટ ખાતાના મુખ્ય મંત્રીને પત્ર (૧૫-૮-'૦૫) ૪૬
૬૨. અબદુલ રહેમાનને પત્ર (૧૬-૮-'૦૫) ૪૭
૬૩. હિંદુસ્તાન જાગશે શું? (૧૯-૮-'૦૫) ૪૭
૬૪. સર મંચેરજી અને મિ. લિટલટન (૧૯-૮-'૦૫) ૪૮
૬૫. ઈલિઝાબેથ ફ્રાઈ (૧૯-૮-'૦૫) ૪૮
૬૬. બ્રિટિશ ઍસોસિયેશન: એક સૂચન (૨૬-૮-'૦૫) ૪૯
૬૭. લૉર્ડ કર્ઝન (૨૬-૮-'૦૫) ૫૦

Gandhi Heritage Portal

૬૮. પ્રોફેસર પરમાણંદ (૨૬–૮–'૦૫) ૫૧
૬૯. વિશ્વધર્મ (૨૬–૮–'૦૫) ૫૨
૭૦. રશિયાનું નવું રાજ્યબંધારણ (૨૬–૮–'૦૫) ૫૪
૭૧. અબ્રાહમ લિંકન (૨૬–૮–'૦૫) ૫૪
૭૨. ગવર્નરના અંગત મંત્રીને પત્ર (૩૦–૮–'૦૫) ૫૬
૭૩. પરવાના ખાતાના મુખ્ય મંત્રીને પત્ર (૧–૯–'૦૫) ૫૭
૭૪. નાતાલમાં કાફરાઓ (૨–૯–'૦૫) ૫૮
૭૫. કાઉન્ટ ટૉલ્સ્ટૉય (૨–૯–'૦૫) ૫૯
૭૬. જાપાનની ઉન્નતિ (૨–૯–'૦૫) ૬૦
૭૭. કેળવણી પ્રધાનને પત્ર (૫–૯–'૦૫) ૬૧
૭૮. સલાહના કોલકરારો (૯–૯–'૦૫) ૬૩
૭૯. ખાણના ચીનાઓની ઉપર જુલમ (૯–૯–'૦૫) ૬૩
૮૦. ફ્લૉરેન્સ નાઈટિંગેલ (૯–૯–'૦૫) ૬૫
૮૦(૧). શાબાશ બંગાળ (૯–૯–'૦૫) ૬૬
૮૦(૨). દારૂ પીવાથી થતાં નુકસાન (૯–૯–'૦૫) ૬૬
૮૧. મરહૂમ મિસ મૅનિંગ (૧૬–૯–'૦૫) ૬૮
૮૨. આવતી કૉંગ્રેસમાં પ્રમુખ કોણ થશે? (૧૬–૯–'૦૫) ૬૮
૮૩. વડોદરાના ગાયકવાડ સરકાર અને તેમના અમાત્ય (૧૬–૯–'૦૫) ૬૯
૮૪. બ્રિટિશ સેન્ટ્રલ આફ્રિકા વિષે જાણવા જોગ ખબર (૧૬–૯–'૦૫) ૬૯
૮૫. ઈટલીમાં ધરતીકંપ (૧૬–૯–'૦૫) ૬૯
૮૬. ચીનાઓ અને હિંદીઓ વચ્ચે મુકાબલો (૧૬–૯–'૦૫) ૭૦
૮૭. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (૧૬–૯–'૦૫) ૭૧
૮૮. લેફ્. ગવર્નરના અંગત મંત્રીને પત્ર (૧૬–૯–'૦૫) ૭૪
૮૯. હૂંડામલનો કેસ (૨૩–૯–'૦૫) ૭૭
૯૦. મિ. ગોચ અને હિંદીઓ (૨૩–૯–'૦૫) ૭૮
૯૧. લૉર્ડ સેલબૉર્ન અને ઑરેન્જ રીવર કૉલોની (૨૩–૯–'૦૫) ૭૯
૯૨. મિ. બર્નાર્ડ ગેબ્રિયલ: પહેલા કૉલોનિયલ બારિસ્ટર (૨૩–૯–'૦૫) ૮૦
૯૩. ટ્રાન્સવાલમાં પરમિટના ધારા (૨૩–૯–'૦૫) ૮૨
૯૪. છગનલાલ ગાંધીને પત્ર (૨૩–૯–'૦૫) ૮૩
૯૫. છગનલાલ ગાંધીને પત્ર (૨૭–૯–'૦૫) ૮૪
૯૬. છગનલાલ ગાંધીને પત્ર (૨૯–૯–'૦૫) ૮૫
૯૭. ટ્રાન્સવાલમાં ધારા ઘડવાની પ્રવૃત્તિ (૩૦–૯–'૦૫) ૮૬
૯૮. કેપ સંસ્થાનનો પ્રવાસી પ્રતિબંધક કાયદો (૩૦–૯–'૦૫) ૮૮
૯૯. ચીનાઓ તથા અમેરિકાના માણસો (૩૦–૯–'૦૫) ૮૯
૧૦૦. નાતાલમાં હુન્નરને ઉત્તેજન આપવાની હિલચાલ (૩૦–૯–'૦૫) ૮૯
૧૦૧. નાતાલની નિશાળો (૩૦–૯–'૦૫) ૯૦
૧૦૨. જોહાનિસબર્ગના રહેનારાઓને ખબર (૩૦–૯–'૦૫) ૯૦

Gandhi Heritage Portal

૧૦૩. જ્યૉર્જ વૉશિંગ્ટન (૩૦–૯–'૦૫) ૯૧
૧૦૪. છગનલાલ ગાંધીને પત્ર (૩૦–૯–'૦૫) ૯૨
૧૦૫. છગનલાલ ગાંધીને પત્ર (૨–૧૦–'૦૫) ૯૩
૧૦૬. છગનલાલ ગાંધીને પત્ર (૫–૧૦–'૦૫) ૯૪
૧૦૭. છગનલાલ ગાંધીને પત્ર (૬–૧૦–'૦૫) ૯૫
૧૦૮. ફરજિયાત કેળવણી (૭–૧૦–'૦૫) ૯૬
૧૦૯. હિંદના દાદા (૭–૧૦–'૦૫) ૯૭
૧૧૦. સર મંચેરજીનું અપમાન (૭–૧૦–'૦૫) ૯૮
૧૧૧. બહિષ્કાર (૭–૧૦–'૦૫) ૯૯
૧૧૨. દાક્તર બરનાર્ડો (૭–૧૦–'૦૫) ૯૯
૧૧૩. હિંદુસ્તાનનો કવિ (૭–૧૦–'૦૫) ૧૦૧
૧૧૪. છગનલાલ ગાંધીને પત્ર (૭–૧૦–'૦૫) ૧૦૧
૧૧૫. લૉર્ડ સેલબૉર્નને માનપત્ર (૯–૧૦–'૦૫) ૧૦૨
૧૧૬. પૉચેફ્સ્ટ્રૂમના હિંદીઓનું નિવેદન (૯–૧૦–'૦૫) ૧૦૩
૧૧૭. લૉર્ડ સેલબૉર્ન અને ટ્રાન્સવાલવાસી હિંદીઓ (૧૪–૧૦–'૦૫) ૧૦૬
૧૧૮. લૉર્ડ સેલબૉર્નની મુસાફરી (૧૪–૧૦–'૦૫) ૧૦૭
૧૧૯. ડરબનમાં મરકી (૧૪–૧૦–'૦૫) ૧૦૮
૧૨૦. નિમક ઉપરનો કર (૧૪–૧૦–'૦૫) ૧૦૯
૧૨૧. સર હેનરી લૉરેન્સ (૧૪–૧૦–'૦૫) ૧૦૯
૧૨૨. છગનલાલ ગાંધીને પત્ર (૧૮–૧૦–'૦૫) ૧૧૧
૧૨૩. મિ. દાદા ઉસ્માનનું લાઇસન્સ (૨૧–૧૦–'૦૫) ૧૧૨
૧૨૪. સિગારેટની કમબખ્તી (૨૧–૧૦–'૦૫) ૧૧૩
૧૨૫. રાજા સર ટી. માધવરાવ (૨૧–૧૦–'૦૫) ૧૧૩
૧૨૬. પ્રોફેસર પરમાણંદને માનપત્ર (૨૭–૧૦–'૦૫) ૧૧૬
૧૨૭. જોહાનિસબર્ગમાં મરકીના ઉપદ્રવનો ઇતિહાસ (૨૮–૧૦–'૦૫) ૧૧૭
૧૨૮. એક સુધારો (૨૮–૧૦–'૦૫) ૧૧૯
૧૨૯. નેલ્સન શતાબ્દી: એક બોધપાઠ (૨૮–૧૦–'૦૫) ૧૨૦
૧૩૦. લાઇસન્સનો કાયદો (૨૮–૧૦–'૦૫) ૧૨૧
૧૩૧. બંગાલી બહાદુરી (૨૮–૧૦–'૦૫) ૧૨૨
૧૩૨. અમારી ફરજ (૨૮–૧૦–'૦૫) ૧૨૩
૧૩૩. ઑસ્ટ્રેલિયા અને જાપાન (૨૮–૧૦–'૦૫) ૧૨૪
૧૩૪. એક બાહોશ હિંદી (૨૮–૧૦–'૦૫) ૧૨૪
૧૩૫. ઇંગ્લંડ કેમ જીત્યું (૨૮–૧૦–'૦૫) ૧૨૫
૧૩૬. ચાથી થતી ખરાબી (૨૮–૧૦–'૦૫) ૧૨૭
૧૩૭. સર ટૉમસ મનરો (૨૮–૧૦–'૦૫) ૧૨૮
૧૩૮. એક દુઃખદ શોધ (૪–૧૧–'૦૫) ૧૨૯
૧૩૯. હિંદુ અને મુસલમાન (૪–૧૧–'૦૫) ૧૩૦

Gandhi Heritage Portal

6304

૧૪૦. દાદા ઉસ્માનની અપીલ (૪–૧૧–’૦૫) ૧૩૨

૧૪૧. લૉર્ડ મેટકાફ (૪–૧૧–’૦૫) ૧૩૩

૧૪૨. છગનલાલ ગાંધીને પત્ર (૬–૧૧–’૦૫) ૧૩૫

૧૪૩. શહેનશાહને તાર (૯–૧૧–’૦૫) ૧૩૭

૧૪૪. શહેનશાહ એડવર્ડ સાતમા (૧૮–૧૧–’૦૫) ૧૩૭

૧૪૫. ઇંગ્લંડમાં હિંદી પ્રતિનિધિમંડળ (૧૧–૧૧–’૦૫) ૧૩૮

૧૪૬. નાતાલનો પ્રવાસી કાયદો (૧૧–૧૧–’૦૫) ૧૪૦

૧૪૭. લાલ પટ્ટી (૧૧–૧૧–’૦૫) ૧૪૦

૧૪૮. રશિયા અને હિંદુસ્તાન (૧૧–૧૧–’૦૫) ૧૪૧

૧૪૯. સર ટી. મુતુસામી ઐયાર, કે. સી. આઈ. ઈ. (૧૧–૧૧–’૦૫) ૧૪૩

૧૫૦. હિંદી સ્વયંસેવકદળ (૧૮–૧૧–’૦૫) ૧૪૪

૧૫૧. ફુરજા પર હિંદીઓ પ્રત્યે વર્તાવ (૧૮–૧૧–’૦૫) ૧૪૫

૧૫૨. જોહાનિસબર્ગમાં લોકેશન (૧૮–૧૧–’૦૫) ૧૪૬

૧૫૩. ટ્રાન્સવાલના હિંદીઓને પરમિટ બાબત સૂચના (૧૮–૧૧–’૦૫) ૧૪૬

૧૫૪. જાપાન ને ઇંગ્રેજી કોલોની (૧૮–૧૧–’૦૫) ૧૪૭

૧૫૫. કેપનો ઇમિગ્રેશન કાયદો (૧૮–૧૧–’૦૫) ૧૪૮

૧૫૬. મોનસ્ટુઅર્ટ એલફિન્સ્ટન (૧૮–૧૧–’૦૫) ૧૪૮

૧૫૭. સર આર્થર લૉલીને તાર (૨૪–૧૧–’૦૫) ૧૫૦

૧૫૮. નાતાલમાં માથાવેરો (૨૫–૧૧–’૦૫) ૧૫૦

૧૫૯. મિ. હૅરી સ્મિથ અને હિંદીઓ (૨૫–૧૧–’૦૫) ૧૫૨

૧૬૦. બદરુદ્દીન તૈયબજી (૨૫–૧૧–’૦૫) ૧૫૪

૧૬૧. લૉર્ડ સેલબૉર્ન અને ટ્રાન્સવાલના હિંદી (૯–૧૨–’૦૫) ૧૫૫

૧૬૨. પગારકાપ અને માથાવેરો (૨–૧૨–’૦૫) ૧૬૨

૧૬૩. સર આર્થર લૉલી (૨–૧૨–’૦૫) ૧૬૩

૧૬૪. હિંદી સ્વયંસેવકો (૨–૧૨–’૦૫) ૧૬૪

૧૬૫. ડરબન કૉર્પોરેશનના હિંદીઓ (૨–૧૨–’૦૫) ૧૬૫

૧૬૬. હાલનો સુધારો (૨–૧૨–’૦૫) ૧૬૫

૧૬૭. પીળી ચામડી પર ધાડ (૨–૧૨–’૦૫) ૧૬૫

૧૬૮. નાતાલનો ઇમિગ્રેશન કાયદો (૨–૧૨–’૦૫) ૧૬૬

૧૬૯. બંગાળનું શૂરાતનકાવ્ય (૨–૧૨–’૦૫) ૧૬૬

૧૭૦. લૉર્ડ સેલબૉર્ન અને ડેપ્યુટેશન (૧૬–૧૨–’૦૫) ૧૬૮

૧૭૧. દાદાભાઈ નવરોજી પરના પત્રમાંથી ઉતારો (૧૧–૧૨–’૦૫) ૧૬૯

૧૭૨. કેપનો ઇમિગ્રેશન કાયદો (૨૩–૧૨–’૦૫) ૧૬૯

૧૭૩. ટ્રાન્સવાલમાં રેલવેના ઉતારુઓને લગતા ધારા (૧૬–૧૨–’૦૫) ૧૭૦

૧૭૪. લંડન ઇન્ડિયન સોસાયટી તથા પ્રોફેસર ગોખલે (૧૬–૧૨–’૦૫) ૧૭૧

૧૭૫. ટ્રાન્સવાલની પરમિટો (૧૬–૧૨–’૦૫) ૧૭૨

૧૭૬. છગનલાલ ગાંધીને પત્ર (૨૧–૧૨–’૦૫) ૧૭૩

6304

Gandhi Heritage Portal

૧૭૭. ઑરેન્જ રીવર કૉલોની બાબત નવા ધારા વિષે
બ્રિ. ઈ. ઍસોસિયેશનની અરજી (૩૦–૧૨–'૦૫) ૧૭૪
૧૭૮. ઊભો પાક (૨૩–૧૨–'૦૫) ૧૭૪
૧૭૯. નાતાલ ગવર્નમેન્ટ રેલવે અને હિંદીઓ (૨૩–૧૨–'૦૫) ૧૭૭
૧૮૦. કેપ સંસ્થાન ખાતે હિંદી વેપારીઓ (૨૩–૧૨–'૦૫) ૧૭૭
૧૮૧. હિંદુ અને મુસલમાન વચ્ચે ઈકરાર (૨૩–૧૨–'૦૫) ૧૭૮
૧૮૨. ખુદાની કુદરત ન્યારી છે (૨૩–૧૨–'૦૫, ૩૦–૧૨–'૦૫,
૬–૧–'૦૬, ૧૩–૧–'૦૬) ૧૭૯
૧૮૩. સિંહાવલોકન (૩૦–૧૨–'૦૫) ૧૮૩
૧૮૪. ઑરેન્જ રીવર કૉલોનીના નવા કાયદા (૩૦–૧૨–'૦૫) ૧૮૫
૧૮૫. હેડલબર્ગની જમાતમાં ફાટફૂટ તથા મારામારી (૩૦–૧૨–'૦૫) ૧૮૫
૧૮૬. કાફરોમાં કેળવણી (૩૦–૧૨–'૦૫) ૧૮૭
૧૮૭. ચીનની જાગૃતિ (૩૦–૧૨–'૦૫) ૧૮૭
૧૮૮. હાઈ કમિશનરના અંગત મંત્રીને પત્ર (૩–૧–'૦૬) ૧૮૮
૧૮૯. એમ. એચ. નાજરને પત્ર (૫–૧–'૦૬) ૧૮૯
૧૯૦. ભવિષ્યમાં દૃષ્ટિ (૬–૧–'૦૬) ૧૯૦
૧૯૧. હિંદી કૉંગ્રેસનો ઠરાવ : દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સંબંધમાં (૬–૧–'૦૬) ૧૯૧
૧૯૨. ઑરેન્જ રીવર કૉલોની બાબત બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનની
અરજીનો લૉર્ડ સેલબૉર્નનો જવાબ (૬–૧–'૦૬) ૧૯૪
૧૯૨(૧). હિંદુસ્તાન અને ઈંગ્લંડ વચ્ચેનો હિસાબ (૧૩–૧–'૦૬) ૧૯૫
૧૯૩. માથાવેરાનું ભરણું (૨૦–૧–'૦૬) ૧૯૬
૧૯૩(૧). કરીએ તેવું પામીએ (૨૦–૧–'૦૬) ૧૯૭
૧૯૪. મનસુખલાલ હીરાલાલ નાજર (૨૭–૧–'૦૬) ૨૦૦
૧૯૫. કાળા તથા ગોરા લોકો (૩–૨–'૦૬) ૨૦૩
૧૯૫(૧). કાળા ગોરા વચ્ચે તફાવત (૩–૨–'૦૬) ૨૦૪
૧૯૬. સર ડેવિડ હંટર (૩–૨–'૦૬) ૨૦૫
૧૯૭. હિંદી તામિલ (૩–૨–'૦૬) ૨૦૫
૧૯૮. ઈરાનના શાહ (૩–૨–'૦૬) ૨૦૬
૧૯૯. સંસ્થાન મંત્રીને પત્ર (૯–૨–'૦૬) ૨૦૬
૨૦૦. ટાઉન ક્લાર્કને પત્ર (૧૦–૨–'૦૬) ૨૦૮
૨૦૧. લૉર્ડ સેલબૉર્ન અને મુસલમાનો (૧૦–૨–'૦૬) ૨૦૯
૨૦૧(૧). હિંદુસ્તાનમાં ખેતી (૧૦–૨–'૦૬) ૨૧૦
૨૦૧(૨). હિંદુસ્તાનમાં સ્વદેશી હિલચાલ (૧૦–૨–'૦૬) ૨૧૧
૨૦૨. ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓ (૧૦–૨–'૦૬) ૨૧૨
૨૦૩. છગનલાલ ગાંધીને પત્ર (૧૩–૨–'૦૬) ૨૧૨
૨૦૪. ટાઉન ક્લાર્કને પત્ર (૧૩–૨–'૦૬) ૨૧૪
૨૦૫. ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજરને પત્ર (૧૪–૨–'૦૬) ૨૧૪

Gandhi Heritage Portal

૨૦૬. ધિ લીડરને જવાબ (૧૬–૨–'૦૬) ૨૧૫
૨૦૭. ટ્રાન્સવાલની પરમિટ બાબત ફરી ગોલમાલ (૧૭–૨–'૦૬) ૨૧૭
૨૦૭(૧). નાતાલમાં કાફરોનો બળવો (૧૭–૨–'૦૬) ૨૧૮
૨૦૮. જોહાનિસબર્ગની ટ્રામ અને હિંદીઓ (૧૭–૨–'૦૬) ૨૧૯
૨૦૯. છગનલાલ ગાંધીને પત્ર (૧૭–૨–'૦૬) ૨૧૯
૨૧૦. છગનલાલ ગાંધીને પત્ર (૧૮–૨–'૦૬) ૨૨૦
૨૧૧. છગનલાલ ગાંધીને પત્ર (૧૯–૨–'૦૬) ૨૨૨
૨૧૨. છગનલાલ ગાંધીને પત્ર (૨૧–૨–'૦૬) ૨૨૨
૨૧૩. દક્ષિણ આફ્રિકાવાસી બ્રિટિશ હિંદીઓ (૨૨–૨–'૦૬) ૨૨૩
૨૧૪. છગનલાલ ગાંધીને પત્ર (૨૨–૨–'૦૬) ૨૨૪
૨૧૫. રાજાનું પ્રવચન (૨૪–૨–'૦૬) ૨૨૫
૨૧૬. ટ્રાન્સવાલમાં હલાકી (૨૪–૨–'૦૬) ૨૨૬
૨૧૭. નિયંત્રણોનું મોજું (૨૪–૨–'૦૬) ૨૨૯
૨૧૮. પરમિટની તકલીફ (૨૪–૨–'૦૬) ૨૩૦
૨૧૯. લંડન મૅટ્રિક્યુલેશન માટે તામિલ (૨૪–૨–'૦૬) ૨૩૧
૨૨૦. દાદાભાઈ નવરોજીને પત્ર (૨૬–૨–'૦૬) ૨૩૧
૨૨૧. જોહાનિસબર્ગનો પત્ર (૨૬–૨–'૦૬) ૨૩૨
૨૨૨. અબદુલ કાદરને માનપત્ર (૩–૩–'૦૬) ૨૩૩
૨૨૩. અબદુલ કાદિરની વિદાયવેળાનું ભાષણ (૨૮–૨–'૦૬) ૨૩૪
૨૨૪. બાદશાહી પરોણા (૩–૩–'૦૬) ૨૩૫
૨૨૫. હિંદીઓ અને જવાબદાર રાજતંત્ર (૩–૩–'૦૬) ૨૩૫
૨૨૬. કેપ ખાતે હિંદી વેપારીઓ (૩–૩–'૦૬) ૨૩૭
૨૨૭. સી. એસ. એ. આર. પર હિંદી ઉતારુઓ (૩–૩–'૦૬) ૨૩૭
૨૨૮. મિડલબર્ગ જતાઆવતા હિંદીઓને સૂચના (૩–૩–'૦૬) ૨૩૮
૨૨૯. જોહાનિસબર્ગનો પત્ર (૩–૩–'૦૬) ૨૩૮
૨૩૦. છગનલાલ ગાંધીને પત્ર (૪–૩–'૦૬) ૨૩૯
૨૩૧. છગનલાલ ગાંધીને પત્ર (૫–૩–'૦૬) ૨૪૦
૨૩૨. છગનલાલ ગાંધીને પત્ર (૫–૩–'૦૬) ૨૪૧
૨૩૩. એ. જે. બીનને પત્ર (૫–૩–'૦૬) ૨૪૨
૨૩૪. એ. જે. બીનને પત્ર (૭–૩–'૦૬) ૨૪૨
૨૩૫. છગનલાલ ગાંધીને પત્ર (૯–૩–'૦૬) ૨૪૪
૨૩૬. છગનલાલ ગાંધીને પત્ર (૯–૩–'૦૬) ૨૪૫
૨૩૭. સંસ્થાન મંત્રીને પત્ર (૧૦–૩–'૦૬) ૨૪૬
૨૩૮. "એશિયાઈ લોકોનો દરોડો" (૧૦–૩–'૦૬) ૨૪૮
૨૩૯. દક્ષિણ આફ્રિકાની તકલીફના બે દાખલા (૧૦–૩–'૦૬) ૨૫૦
૨૪૦. શરમજનક (૧૦–૩–'૦૬) ૨૫૧
૨૪૧. માથાવેરા બાબત ફરિયાદ (૧૦–૩–'૦૬) ૨૫૨

Gandhi Heritage Portal

૨૪૨. જર્મન ઈસ્ટ આફ્રિકા લાઈનની સ્ટીમરોના હિંદી પ્રવાસીઓ (૧૦–૩–'૦૬) ૨૫૨
૨૪૩. નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ (૧૦–૩–'૦૬) ૨૫૩
૨૪૪. વ્રાઈહેડ નાતાલમાંથી પાછું નોખું પાડવાની હિલચાલ (૧૦–૩–'૦૬) ૨૫૪
૨૪૫. જૉન મોર્લી અને હિંદુસ્તાન (૧૦–૩–'૦૬) ૨૫૫
૨૪૬. નાતાલમાં ડૉમિસાઈલ પાસ વગેરેના નવા ધારા (૧૦–૩–'૦૬) ૨૫૫
૨૪૭. જોહાનિસબર્ગનો પત્ર (૧૦–૩–'૦૬) ૨૫૬
૨૪૮. "કાયદેસર લૂંટ" (૧૭–૩–'૦૬) ૨૫૮
૨૪૯. માથાવેરો (૧૭–૩–'૦૬) ૨૫૯
૨૫૦. હિંદીઓની સ્વયંસેવક તરીકેની કામગીરીની વકીલાત (૧૭–૩–'૦૬) ૨૬૦
૨૫૧. આદિવાસીઓ માટેની આંતર-રાજ્ય કૉલેજ (૧૭–૩–'૦૬) ૨૬૧
૨૫૨. સર વિલિયમ ગૅટેકર (૧૭–૩–'૦૬) ૨૬૨
૨૫૩. ઑસ્ટ્રેલિયામાં વસ્તીખેંચ (૧૭–૩–'૦૬) ૨૬૨
૨૫૪. ટ્રાન્સવાલમાં હિંદી ઉપર તકલીફ (૧૭–૩–'૦૬) ૨૬૩
૨૫૫. જોહાનિસબર્ગનો પત્ર (૧૭–૩–'૦૬) ૨૬૫
૨૫૬. દાદાભાઈ નવરોજીને પત્ર (૧૯–૩–'૦૬) ૨૬૬
૨૫૭. નાતાલમાં દુકાનો વહેલી બંધ કરવાનો કાયદો (૨૪–૩–'૦૬) ૨૬૭
૨૫૮. બિનગોરા લોકોની અરજી (૨૪–૩–'૦૬) ૨૬૭
૨૫૯. "કલર્ડ પીપલ"ની અરજી (૨૪–૩–'૦૬) ૨૬૯
૨૬૦. હેડલબર્ગની જમાતને બે બોલ (૨૪–૩–'૦૬) ૨૭૦
૨૬૧. કેપમાં શીતળા (૨૪–૩–'૦૬) ૨૭૧
૨૬૨. સીડનીમાં પ્લેગ (૨૪–૩–'૦૬) ૨૭૧
૨૬૩. સાબુ માટે પ્રમાણપત્ર (૨૬–૩–'૦૬) ૨૭૨
૨૬૪. લૉર્ડ એલ્ગિનને અરજી (૩૦–૩–'૦૬) ૨૭૨
૨૬૫. દુકાનો વહેલી બંધ કરવાનો કાયદો (૩૧–૩–'૦૬) ૨૭૫
૨૬૬. ન્યાયનો કિલ્લો (૩૧–૩–'૦૬) ૨૭૬
૨૬૭. હિંદી સ્વયંસેવકો (૩૧–૩–'૦૬) ૨૭૭
૨૬૮. ટ્રાન્સવાલનું બંધારણ (૩૧–૩–'૦૬) ૨૭૯
૨૬૯. ટ્રાન્સવાલની ખાણો માટે હિંદી મજૂરો (૩૧–૩–'૦૬) ૨૭૯
૨૭૦. કેપના હિંદીઓ (૩૧–૩–'૦૬) ૨૮૦
૨૭૧. મિસ બિસિક્સનું અવસાન (૩૧–૩–'૦૬) ૨૮૧
૨૭૨. ટ્રાન્સવાલમાં પડતો પરમિટ સંબંધી જુલમ (૩૧–૩–'૦૬) ૨૮૨
૨૭૩. લડાઈના કલેમો (૩૧–૩–'૦૬) ૨૮૨
૨૭૪. ઇંગ્લંડમાં હિંદને સારુ નવી પાર્લમેન્ટરી કમિટી (૩૧–૩–'૦૬) ૨૮૩
૨૭૫. સર જ્યૉર્જ બર્ડવુડની બહાદુરી ને એક કલબની હલકાઈ (૩૧–૩–'૦૬) ૨૮૩
૨૭૬. કેડબરી બ્રધર્સની સખાવત (૩૧–૩–'૦૬) ૨૮૪
૨૭૭. જોહાનિસબર્ગનો પત્ર (૩૧–૩–'૦૬) ૨૮૪
૨૭૮. જોહાનિસબર્ગનો પત્ર (૩૧–૩–'૦૬) ૨૮૬

Gandhi Heritage Portal

૨૭૯. છગનલાલ ગાંધીને પત્ર (૬–૪–’૦૬) ૨૮૭
૨૮૦. સંસ્થાન મંત્રીને પત્ર (૭–૪–’૦૬) ૨૮૮
૨૮૧. લીડરને પત્ર (૭–૪–’૦૬) ૨૮૯
૨૮૨. છગનલાલ ગાંધીને પત્ર (૭–૪–’૦૬) ૨૯૦
૨૮૩. સહીસલામત આશ્રયસ્થાન (૭–૪–’૦૬) ૨૯૧
૨૮૪. ગિરમીટવેરો (૭–૪–’૦૬) ૨૯૩
૨૮૫. નાતાલમાં રાજ-તોફાન (૭–૪–’૦૬) ૨૯૩
૨૮૬. ટ્રાન્સવાલમાં જમીનનો કાયદો (૭–૪–’૦૬) ૨૯૫
૨૮૭. જોહાનિસબર્ગનો પત્ર (૭–૪–’૦૬) ૨૯૬
૨૮૮. દાદાભાઈ નવરોજી પરના પત્રમાંથી ઉતારા (૧૦–૪–’૦૬) ૨૯૮
૨૮૯. છગનલાલ ગાંધીને પત્ર (૧૦–૪–’૦૬) ૨૯૮
૨૯૦. છગનલાલ ગાંધીને પત્ર (૧૧–૪–’૦૬) ૨૯૯
૨૯૧. વિલિયમ વેડરબર્નને પત્ર (૧૨–૪–’૦૬) ૩૦૦
૨૯૨. છગનલાલ ગાંધીને પત્ર (૧૩–૪–’૦૬) ૩૦૪
૨૯૩. મુશ્કેલ કેસ (૧૪–૪–’૦૬) ૩૦૪
૨૯૪. ટ્રાન્સવાલનો પરવાના ઑર્ડિનન્સ (૧૪–૪–’૦૬) ૩૦૫
૨૯૫. વેપારી પરવાના બાબત અરજી (૧૪–૪–’૦૬) ૩૦૭
૨૯૬. વેપારી પરવાના બાબત પરિપત્ર (૧૪–૪–’૦૬) ૩૦૮
૨૯૭. નાતાલનો બળવો (૧૪–૪–’૦૬) ૩૦૯
૨૯૮. ફેરીવાળા ઉપર ધાડ (૧૪–૪–’૦૬) ૩૧૦
૨૯૯. લેડીસ્મિથનું વેપારી-પરવાના-બોર્ડ (૨૧–૪–’૦૬) ૩૧૦
૩૦૦. ટ્રાન્સવાલ-પ્રવેશના પરવાના (૨૧–૪–’૦૬) ૩૧૧
૩૦૧. ડરબન ટાઉન કાઉન્સિલ અને હિંદીઓ (૨૧–૪–’૦૬) ૩૧૨
૩૦૨. સી. એસ. એ. રેલવે પર મુસાફરોની મુસીબતો (૨૧–૪–’૦૬) ૩૧૩
૩૦૩. વિસુવિયસનો જ્વાળામુખી (૨૧–૪–’૦૬) ૩૧૪
૩૦૪. વિલાયત જનારું હિંદી ડેપ્યુટેશન (૨૧–૪–’૦૬) ૩૧૪
૩૦૫. નાતાલમાં સ્ટીમર ઉપરથી આવતા હિંદીઓને સૂચના (૨૧–૪–’૦૬) ૩૧૫
૩૦૬. જોહાનિસબર્ગનો પત્ર (૨૧–૪–’૦૬) ૩૧૬
૩૦૭. इन्डियन ओपीनियन (૨૩–૪–’૦૬) ૩૧૭
૩૦૮. યંગમૅન્સ મહોમેડન ઍસોસિયેશન (૨૮–૪–’૦૬) ૩૧૮
૩૦૯. કૉંગ્રેસની સભામાં ભાષણ (૨૪–૪–’૦૬) ૩૧૯
૩૧૦. સંસ્થાન મંત્રીને પત્ર (૨૫–૪–’૦૬) ૩૨૦
૩૧૧. નાતાલ મર્ક્યુરીને મુલાકાત (૨૬–૪–’૦૬) ૩૨૧
૩૧૨. હિંદીઓની દરખાસ્ત (૨૮–૪–’૦૬) ૩૨૧
૩૧૩. નાતાલનો દુકાનધારો (૨૮–૪–’૦૬) ૩૨૨
૩૧૪. આ પત્રની સ્થિતિ (૨૮–૪–’૦૬) ૩૨૩
૩૧૫. દક્ષિણ આફ્રિકાના જુવાન હિંદીને વિનંતી (૨૮–૪–’૦૬) ૩૨૪

Gandhi Heritage Portal

૩૧૬. મોમ્બાસાની મીટિંગ (૨૮–૪–'૦૬) ૩૨૫
૩૧૭. નાતાલનું બંડ ને નાતાલને મદદ (૨૮–૪–'૦૬) ૩૨૬
૩૧૮. ચીનમાં ચંચળતા (૨૮–૪–'૦૬) ૩૨૬
૩૧૯. તમાકુના ગેરફાયદા (૨૮–૪–'૦૬) ૩૨૬
૩૨૦. સાનફ્રાન્સિસ્કોની હાલત (૨૮–૪–'૦૬) ૩૨૭
૩૨૧. યંગમૅન્સ મહોમેડન સોસાયટીને જવાબ (૨૮–૪–'૦૬) ૩૨૭
૩૨૨. છગનલાલ ગાંધીને પત્ર (૩૦–૪–'૦૬) ૩૨૮
૩૨૩. નાતાલનું જમીન બાબત બિલ (૫–૫–'૦૬) ૩૨૯
૩૨૪. કેપ સંસ્થાનમાં* વેપારી પરવાના (૫–૫–'૦૬) ૩૩૦
૩૨૫. બ્રિટન, તુર્કી અને ઈજિપ્ત (૫–૫–'૦૬) ૩૩૦
૩૨૬. આપણી ફરજ (૫–૫–'૦૬) ૩૩૧
૩૨૭. મોમ્બાસાનો દાખલો (૫–૫–'૦૬) ૩૩૨
૩૨૮. કામદારોની રહેણી (૫–૫–'૦૬) ૩૩૨
૩૨૯. હિંદી વેપાર મંડળ (૫–૫–'૦૬) ૩૩૩
૩૩૦. જોહાનિસબર્ગનો પત્ર (૫–૫–'૦૬) ૩૩૪
૩૩૧. છગનલાલ ગાંધીને પત્ર (૫–૫–'૦૬) ૩૩૬
૩૩૨. છગનલાલ ગાંધીને પત્ર (૬–૫–'૦૬) ૩૩૭
૩૩૩. લૉર્ડ સેલબૉર્નને પત્ર (૧૨–૫–'૦૬) ૩૩૮
૩૩૪. હિંદીઓની સ્વયંસેવા (૧૨–૫–'૦૬) ૩૪૦
૩૩૫. હિંદીઓના પરવાના (૧૨–૫–'૦૬) ૩૪૧
૩૩૬. બિનગોરા લોકોની અરજી (૧૨–૫–'૦૬) ૩૪૨
૩૩૭. હિંદુસ્તાનને સ્વરાજ (૧૨–૫–'૦૬) ૩૪૩
૩૩૮. ચીનાઓ પાછા જઈ શકશે (૧૨–૫–'૦૬) ૩૪૩
૩૩૯. જોહાનિસબર્ગનો પત્ર (૧૪–૫–'૦૬) ૩૪૪
૩૪૦. દાદાભાઈ નવરોજીને પત્ર (૧૬–૫–'૦૬) ૩૪૫
૩૪૧. એશિયાઈ રાજનીતિ (૧૯–૫–'૦૬) ૩૪૬
૩૪૨. દક્ષિણ આફ્રિકામાં દુકાનો બંધ કરવાની હિલચાલ (૧૯–૫–'૦૬) ૩૪૭
૩૪૩. પૉચેફસ્ટ્રૂમ અને ક્લાર્ક્સડૉર્પ (૧૯–૫–'૦૬) ૩૪૮
૩૪૪. આપણી એબ (૧૯–૫–'૦૬) ૩૪૮
૩૪૫. હિંદની સ્થિતિ વિષે રૅન્ડ ડેલી મેલના વિચાર (૧૯–૫–'૦૬) ૩૫૦
૩૪૬. બાળકોની પરમિટ વિષે સૂચના (૧૯–૫–'૦૬) ૩૫૦
૩૪૭. ચીનાઓને પાછા મોકલવાનો સવાલ (૧૯–૫–'૦૬) ૩૫૧
૩૪૮. જોહાનિસબર્ગનો પત્ર (૧૮–૫–'૦૬) ૩૫૧
૩૪૯. ટ્રાન્સવાલ લીડરને પત્ર (૨૧–૫–'૦૬) ૩૫૪
૩૫૦. સામ્રાજ્ય દિન (૨૬–૫–'૦૬) ૩૫૫

* લેખમાં ભૂલથી સંસ્થા છપાયું છે.

Gandhi Heritage Portal

૩૫૧. નાતાલ ગવર્નમેંન્ટ રેલવે—એક ફરિયાદ (૨૬–૫–'૦૬) ૩૫૬
૩૫૨. નાતાલનો જમીનનો કાયદો (૨૬–૫–'૦૬) ૩૫૬
૩૫૩. ચીનની જાગૃતિની એક નિશાની (૨૬–૫–'૦૬) ૩૫૭
૩૫૪. પીળો ભય (૨૬–૫–'૦૬) ૩૫૭
૩૫૫. અમેરિકાના ધનાઢ્ય લોકો (૨૬–૫–'૦૬) ૩૫૮
૩૫૬. ચીનની સ્થિતિમાં ફેરફાર (૨૬–૫–'૦૬) ૩૫૮
૩૫૭. શાહજાદાની હિંદમાં મુસાફરી (૨૬–૫–'૦૬) ૩૫૯
૩૫૮. બાસુટોલૅન્ડમાં હિંદનો બૉયકોટ (૨૬–૫–'૦૬) ૩૬૦
૩૫૯. ચીનના મજૂરો (૨૬–૫–'૦૬) ૩૬૦
૩૬૦. દુકાનો બંધ રાખવા બાબત કાયદો (૨૬–૫–'૦૬) ૩૬૧
૩૬૧. નાતાલનો શીતળાનો કાયદો (૨૬–૫–'૦૬) ૩૬૧
૩૬૨. જોહાનિસબર્ગનો પત્ર (૨૬–૫–'૦૬) ૩૬૨
૩૬૩. લક્ષ્મીદાસ ગાંધીને પત્ર (૨૭–૫–'૦૬) ૩૬૪
૩૬૪. વિલાયતથી આવેલ કમિશનની પાસે રજૂ કરેલી અરજી (૨૯–૫–'૦૬) ૩૬૫
૩૬૫. હિંદી મુસાફરો (૨–૬–'૦૬) ૩૭૧
૩૬૬. પરવાના બાબત મુકદ્દમો (૨–૬–'૦૬) ૩૭૨
૩૬૭. મરહૂમ પ્રોફેસર સત્યનાથન (૯–૬–'૦૬) ૩૭૨
૩૬૮. કેપમાં કાયદો (૨–૬–'૦૬) ૩૭૩
૩૬૯. સર હેનરી કૉટન અને હિંદી (૨–૬–'૦૬) ૩૭૩
૩૭૦. નાતાલનું ફંડ (૨–૬–'૦૬) ૩૭૪
૩૭૧. નવું સાનફ્રાન્સિસ્કો (૨–૬–'૦૬) ૩૭૪
૩૭૨. કૉલોનિયલ સેક્રેટરીને પત્ર (૨–૬–'૦૬) ૩૭૫
૩૭૩. પ્રિન્સિપાલ મેડિકલ ઑફિસરને પત્ર (૨–૬–'૦૬) ૩૭૬
૩૭૪. જોહાનિસબર્ગનો પત્ર (૯–૬–'૦૬) ૩૭૭
૩૭૫. શ્રી દાદાભાઈ નવરોજીને પત્ર (૮–૬–'૦૬) ૩૭૯
૩૭૬. કાફરી બળવો ને હિંદીની ફરજ (૯–૬–'૦૬) ૩૮૦
૩૭૭. સોલ્જરોને મદદ (૯–૬–'૦૬) ૩૮૧
૩૭૮. નાતાલના હિંદીની મુશ્કેલીઓ (૧૩–૬–'૦૬) ૩૮૧
૩૭૯. વફાદારીના શપથ (૧૬–૬–'૦૬) ૩૮૪
૩૮૦. લૉર્ડ સેલબૉર્ન (૧૬–૬–'૦૬) ૩૮૫
૩૮૧. મિ. સીડન (૧૬–૬–'૦૬) ૩૮૫
૩૮૨. પેટ્રોલ લીડરને પત્ર (૧૮–૬–'૦૬) ૩૮૬
૩૮૩. જી. કે. ગોખલેને પત્ર (૨૨–૬–'૦૬) ૩૮૮
૩૮૪. પરમિટ સંબંધી એક મહત્ત્વનો કેસ (૨૩–૬–'૦૬) ૩૮૮
૩૮૫. હિંદી વૉલંટિયર (૨૩–૬–'૦૬) ૩૯૦
૩૮૬. શ્રી સુલેમાન મંગાનો કેસ (૨૩–૬–'૦૬) ૩૯૧
૩૮૭. લેડીસ્મિથના હિંદી ગિરમીટિયા (૨૩–૬–'૦૬) ૩૯૧

Gandhi Heritage Portal

૩૮૮. ઈન્ડિયન સ્ટ્રેચર બૅરર કોર (૨૩–૬–'૦૬) ૩૯૨
૩૮૯. ભાડાનો અગત્યનો કેસ (૨૩–૬–'૦૬) ૩૯૨
૩૯૦. જોહાનિસબર્ગનો પત્ર (૨૩–૬–'૦૬) ૩૯૩
૩૯૧. હિંદીઓ લડાઈમાં જવું કે નહીં (૩૦–૬–'૦૬) ૩૯૪
૩૯૨. દાદાભાઈ નવરોજી પરના પત્રમાંથી ઉતારો (૩૦–૬–'૦૬) ૩૯૫
૩૯૩. ઈન્ડિયન સ્ટ્રેચર બૅરર કોર (૨–૭–'૦૬) ૩૯૬
૩૯૪. ઈન્ડિયન સ્ટ્રેચર બૅરર કોર (૨૮–૭–'૦૬) ૩૯૯
૩૯૫. ઍમ્બ્યુલન્સ કોરના સત્કાર-સમારંભનું પ્રવચન (૨૦–૭–'૦૬) ૪૦૨
૩૯૬. જ્યુબિલી પુસ્તકાલય પર નિવેદન (૨૮–૭–'૦૬) ૪૦૨
૩૯૭. ટ્રાન્સવાલમાં પરમિટ કાયદાની સ્થિતિ (૨૮–૭–'૦૬) ૪૦૩
૩૯૮. વિલિયમ વેડરબર્નને પત્ર (૩૦–૭–'૦૬) ૪૦૪
૩૯૯. દાદાભાઈ નવરોજીને પત્ર (૩૦–૭–'૦૬) ૪૦૫
૪૦૦. પ્રિન્સિપાલ મેડિકલ ઑફિસરને પત્ર (૩૧–૭–'૦૬) ૪૦૬
૪૦૧. જોહાનિસબર્ગનો પત્ર (૪–૮–'૦૬) ૪૦૭
૪૦૨. છૂપો ન્યાય (૪–૮–'૦૬) ૪૦૮
૪૦૩. મિ. બાઈટનું વસિયતનામું (૪–૮–'૦૬) ૪૦૯
૪૦૪. ઈજિપ્ત અને નાતાલનો મુકાબલો (૪–૮–'૦૬) ૪૧૦
૪૦૫. જોહાનિસબર્ગનો પત્ર (૪–૮–'૦૬) ૪૧૧
૪૦૬. જોહાનિસબર્ગનો પત્ર (૪–૮–'૦૬) ૪૧૩
૪૦૭. દાદાભાઈ નવરોજીને પત્ર (૬–૮–'૦૬) ૪૧૫
૪૦૮. ધિ રૅન્ડ ડેલી મેલને પત્ર (૯–૮–'૦૬) ૪૧૭
૪૦૯. "વાજબી અને ન્યાયી વર્તાવ" (૧૧–૮–'૦૬) ૪૧૯
૪૧૦. હમીદિયા ઈસ્લામિક સોસાયટીમાં વ્યાખ્યાન (૨૫–૮–'૦૬) ૪૨૨
૪૧૧. દાદાભાઈ નવરોજીને પત્ર (૧૩–૮–'૦૬) ૪૨૩
૪૧૨. લૉર્ડ એલ્ગિનને અરજી (૧૩–૮–'૦૬) ૪૨૪
૪૧૩. હાજી ઈસ્માઈલ હાજી અબુબકર ઝવેરીને પત્ર (૧૪–૮–'૦૬) ૪૨૫
૪૧૪. હિંદીને સારુ હિંદ (૧૮–૮–'૦૬) ૪૨૭
૪૧૫. જોહાનિસબર્ગનો પત્ર (૧૮–૮–'૦૬) ૪૨૮
૪૧૬. મરહૂમ મિ. બૉનરજી (૨૫–૮–'૦૬) ૪૨૯
૪૧૭. ભિન્ન વર્ગીકરણ માટે વિનંતી (૨૫–૮–'૦૬) ૪૨૯
૪૧૮. હિંદુ સ્મશાનની સ્થિતિ (૨૫–૮–'૦૬) ૪૩૦
૪૧૯. ઈરાનનો મામલો (૨૫–૮–'૦૬) ૪૩૧
૪૨૦. સંસ્થાન મંત્રીને પત્ર (૨૫–૮–'૦૬) ૪૩૧
૪૨૧. હિંદના દાદા (૧–૯–'૦૬) ૪૩૩
૪૨૨. ધિક્કારપાત્ર! (૧–૯–'૦૬) ૪૩૪
૪૨૩. સંસ્થાનવાસી હિંદીઓ નોંધ લે! (૧–૯–'૦૬) ૪૩૫
૪૨૪. કેપનો લાઇસન્સ કાયદો (૧–૯–'૦૬) ૪૩૬

Gandhi Heritage Portal

૪૨૫. છગનલાલ ગાંધીને પત્ર (૨૭–૮–'૦૬) ૪૩૭
૪૨૬. ઇન્ડિયાને તાર (૨૮–૮–'૦૬) ૪૩૮
૪૨૭. જાપાનનો વીર કોડામા (૧–૯–'૦૬) ૪૩૮
૪૨૮. છગનલાલ ગાંધીને પત્ર (૧–૯–'૦૬) ૪૩૯
૪૨૯. જોહાનિસબર્ગનો પત્ર (૩–૯–'૦૬) ૪૪૦
૪૩૦. દાદાભાઈ નવરોજીને અભિનંદન (૪–૯–'૦૬) ૪૪૧
૪૩૧. ગુનાહિત કૃત્ય (૮–૯–'૦૬) ૪૪૨
૪૩૨. હિંદના દાદા (૮–૯–'૦૬) ૪૪૩
૪૩૩. રશિયા અને હિંદ (૮–૯–'૦૬) ૪૪૪
૪૩૪. ટ્રાન્સવાલમાં ખોટી પરમિટો (૮–૯–'૦૬) ૪૪૫
૪૩૫. હિંદુ સ્મશાન (૮–૯–'૦૬) ૪૪૬
૪૩૬. સંસ્થાન મંત્રીને પત્ર (૮–૯–'૦૬) ૪૪૬
૪૩૭. સંસ્થાન ખાતાના પ્રધાનને કેબલ (૮–૯–'૦૬) ૪૪૭
૪૩૮. હિંદના વાઈસરૉયને કેબલ (૮–૯–'૦૬) ૪૪૭
૪૩૯. "કાળા કાયદા" વિષે ભાષણ (૯–૯–'૦૬) ૪૪૮
૪૪૦. હમીદિયા ઈસ્લામિક સોસાયટીમાં પ્રવચન (૨૨–૯–'૦૬) ૪૪૯
૪૪૧. જાહેર સભા (૧૧–૯–'૦૬) ૪૫૦
૪૪૨. જોહાનિસબર્ગનો પત્ર (૧૧–૯–'૦૬) ૪૫૫
૪૪૩. ટ્રાન્સવાલ ધારાસભાના પ્રમુખને પત્ર (૧૧–૯–'૦૬) ૪૫૮
૪૪૪. ટ્રાન્સવાલના લેફ્ટનન્ટ ગવર્નરને પત્ર (૧૨–૯–'૦૬) ૪૫૯
૪૪૫. રૅન્ડ ડેલી મેલને ઉત્તર (૧૨–૯–'૦૬) ૪૫૯
૪૪૬. ધિ સ્ટારને પત્ર (૧૪–૯–'૦૬) ૪૬૦
૪૪૭. ટ્રાન્સવાલનું નવું બિલ (૧૫–૯–'૦૬) ૪૬૨
૪૪૮. એશિયાટિક ઑર્ડિનન્સના બિલ બાબત નિવેદન (૧૭–૯–'૦૬) ૪૬૩
૪૪૯. છાપાંજોગ પત્ર (૧૯–૯–'૦૬) ૪૬૪
૪૫૦. ડૉ. એડવર્ડ નન્ડીને પત્ર (૨૦–૯–'૦૬) ૪૬૫
૪૫૧. લીડરને પત્ર (૨૧–૯–'૦૬) ૪૬૬
૪૫૨. મરહૂમ જસ્ટિસ બદરુદ્દીન તૈયબજી (૨૯–૯–'૦૬) ૪૬૮
૪૫૩. ટ્રાન્સવાલવાસી હિંદીઓએ કરેલો વિરોધ (૨૨–૯–'૦૬) ૪૬૯
૪૫૪. ટ્રાન્સવાલનો પરમિટ કાનૂન (૨૨–૯–'૦૬) ૪૭૦
૪૫૫. હિંદી ઓરતોને ટ્રાન્સવાલમાં હલાકી (૨૨–૯–'૦૬) ૪૭૨
૪૫૬. જોહાનિસબર્ગનો પત્ર (૨૨–૯–'૦૬) ૪૭૨
૪૫૭. લીડરને પત્ર (૨૨–૯–'૦૬) ૪૭૮
૪૫૮. પ્રવાસી પ્રતિબંધક અધિકારીને પત્ર (૨૨–૯–'૦૬) ૪૭૯
૪૫૯. જોહાનિસબર્ગનો પત્ર (૨૫–૯–'૦૬) ૪૮૦
૪૬૦. ડી. સી. માલ્કમને પત્ર (૨૬–૯–'૦૬) ૪૮૨
૪૬૧. ડૉ. એડવર્ડ નન્ડીને પત્ર (૨૬–૯–'૦૬) ૪૮૨

Gandhi Heritage Portal

૪૬૨. લીડરને પત્ર (૨૭–૯–'૦૬) ૪૮૩
૪૬૩. ડૉ. એડવર્ડ નન્ડીને પત્ર (૨૭–૯–'૦૬) ૪૮૪
૪૬૪. કસોટીએ ચઢયા (૨૯–૯–'૦૬) ૪૮૪
૪૬૫. "ઓરતો ઉપર ધાડ" (૨૯–૯–'૦૬) ૪૮૬
૪૬૬. ટ્રાન્સવાલનો પરમિટ કાનૂન (૨૯–૯–'૦૬) ૪૮૯
૪૬૭. ડેલાગોઆ બેના હિંદી (૨૯–૯–'૦૬) ૪૯૦
૪૬૮. ચેતવણી (૨૯–૯–'૦૬) ૪૯૦
૪૬૯. જોહાનિસબર્ગનો પત્ર (૨૯–૯–'૦૬) ૪૯૧
૪૭૦. ટ્રાન્સવાલનો કાયદો (૨૯–૯–'૦૬) ૪૯૨
૪૭૧. ટ્રાન્સવાલ ગવર્નરને તાર (૩૦–૯–'૦૬) ૪૯૫
૪૭૨. વિદાયસભામાં પ્રવચન (૩૦–૯–'૦૬) ૪૯૬
૪૭૩. હાજી વઝીર અલી (૬–૧૦–'૦૬) ૪૯૬
૪૭૪. હૉંગકૉંગમાં ઈશ્વરી કોપ (૬–૧૦–'૦૬) ૪૯૭
૪૭૫. ટ્રાન્સવાલના હિંદીનું કર્તવ્ય (૬–૧૦–'૦૬) ૪૯૮
૪૭૬. સંસ્થાન ખાતાના પ્રધાનને કેબલ (૮–૧૦–'૦૬) ૫૦૦
૪૭૭. લૉર્ડ એલ્ગિનને અરજી (૮–૧૦–'૦૬) ૫૦૦
૪૭૮. ડેપ્યુટેશનની મુસાફરી – ૧ (૧૧–૧૦–'૦૬) ૫૦૩
૪૭૯. ડેપ્યુટેશનની મુસાફરી – ૨ (૧૧–૧૦–'૦૬) ૫૦૫
૪૮૦. નવા ધારા વિષે બે બોલ (૧૩–૧૦–'૦૬) ૫૦૭
૪૮૧. ચોતરફ દાવાનળ (૧૩–૧૦–'૦૬) ૫૦૮
૪૮૨. રામદાસ ગાંધીને પત્ર (૨૦–૧૦–'૦૬) ૫૦૯
૪૮૩. ડેપ્યુટેશનની મુસાફરી – ૩ (૨૦–૧૦–'૦૬) ૫૦૯
૪૮૪. કેટલાક સવાલો (૨૦–૧૦–'૦૬) ૫૧૧
૪૮૫. આશાનું કિરણ (૨૦–૧૦–'૦૬) ૫૧૩
૪૮૬. ટાઈલર-હૅમ્પ્ડન-બનિયન (૨૦–૧૦–'૦૬) ૫૧૩

પુરવણી

૧. શેઠ સાહેબ હાજી અબદુલાના પત્રનો એક ભાગ (૧૨–૧–'૦૩) ૫૧૫
૨. મિ. કેલ્ડરને પત્ર (૬–૨–'૦૩) ૫૧૬
૩. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૩–૭–'૦૩) ૫૧૬
૪. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૭–૭–'૦૩) ૫૧૭
૫. મિ. કેલ્ડરને પત્ર (૨૫–૭–'૦૩) ૫૧૭
૬. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૮–૯–'૦૩) ૫૧૮
૭. છગનલાલ ગાંધીને પત્ર (૨૫–૧૧–'૦૩) ૫૧૮
૮. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૧૪–૫–'૦૪) ૫૧૯
૯. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૫–૭–'૦૪) ૫૧૯
૧૦. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૧૪–૧–'૦૬) ૫૨૦

Gandhi Heritage Portal

૧૧. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૧૬–૧–'૦૬) ૫૨૦
૧૨. મોહનલાલ ખંડેરિયાને પત્ર (૧૮–૧–'૦૬) ૫૨૧
૧૩. છગનલાલ ગાંધીને પત્ર (૧૧–૩–'૦૬) ૫૨૨
૧૪. શેઠ શ્રી હાજી ઈસ્માઈલ હાજી અબુબકર ઝવેરીને પત્ર (૨૮–૩–'૦૬) ૫૨૩
૧૫. જોહાનિસબર્ગનો પત્ર (૧૩–૪–'૦૬) ૫૨૪
૧૬. નાતાલનો દુકાન બંધ કરવાનો કાયદો (૧૨–૫–'૦૬) ૫૨૫
આધારરૂપ સાહિત્ય ૫૨૬
તારીખવાર વૃત્તાંત ૫૨૭
લેખોનાં મથાળાંની સૂચિ ૫૩૬
સૂચિ ૫૪૧

Gandhi Heritage Portal

ચિત્રસૂચિ

ગાંધીજી	મુખપૃષ્ઠ
છગનલાલ ગાંધીને પત્ર	૩૨
મિસ બિસિક્સને પત્ર	૩૩
ઘરનો સ્કેચ	૨૪૦
હિંદી ડોળીવાહકોની ટુકડી	૪૦૦
સારજંટ મેજર ગાંધી	૪૦૧
"આર્માડેલ કાસલ" સ્ટીમરમાંથી	૫૦૯

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઈચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦-૪-'૩૩ —ગાંધીજી

Gandhi Heritage Portal

૧. નાતાલમાં નવા કાયદા

એકવીસમી જૂનના ખસૂસ નીકળેલા નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં કેટલાંક નવાં બિલ બહાર પડયાં છે. તેમાં ત્રણ બિલ બહુ જાણવા જેવાં છે. તે બિલો ચોખ્ખી રીતે બતાવી આપે છે કે, નાતાલના નવા કારભારીઓ બિનઅનુભવી, ઉતાવળા અને અવિચારી છે. જે તે કાયદાઓ રજૂ કરતાં બીતા નથી. નાતાલની કંગાલ હાલત બેશક ચિંતા ઉપજાવનારી છે. તે હાલતમાં સુધારો કરવાના પ્રયત્નો થાય તેમાં આપણે બધાંએ મદદ કરવા જેવું છે. પણ જ્યારે એ પ્રયત્નો ઢંગધડા વિનાના હોય ત્યારે મદદ કરવાને બદલે સામે થવું એ ફરજ થઈ પડે છે. તેવાં બિલ ઉપરના ગવર્નમેન્ટ ગૅઝેટમાં બહાર પડયાં છે. તેમાંનું પહેલું બિલ ઘરવેરો નાંખવાનું. નાતાલમાં વપરાતાં બધાં ઘરો ઉપર કર નાંખવાનો આ બિલનો હેતુ છે. પા. ૭૫૦થી ઓછી કિંમતના દરેક ઘર ઉપર પા. ૧-૧૦-૦નો વેરો છે. પા. ૭૫૦થી ઉપર ને ૧૫૦૦થી ઓછી કિંમતનાં ઘર ઉપર પા. ૨-૧૦-૦, પા. ૧૫૦૦થી ઉપર ને ૨૫૦૦થી ઓછી કિંમતનાં ઘર ઉપર પા. ૫નો કર, પા. ૨૫૦૦થી ઉપર ને પા. ૪૦૦૦થી ઓછી કિંમતનાં ઘર ઉપર પા. ૧૦, ને તે ઉપરાંત-ની કિંમતનાં ઘર ઉપર પા. ૨૦નો વેરો નાંખવાનો વિચાર સરકાર રજૂ કરે છે. જે ઘરની અંદર વસ્તી હોય તેવાં બધાં ઘર ઉપર આ વેરો લાગુ પડશે. અને તે વેરો આપવાની જવાબ-દારી ઘરમાં રહેનારની ગણાશે, ઘરધણીની નહીં. આ પ્રમાણે ૨૫ પા.નું ટિનનું ઝૂંપડું હોય તે ઉપર પા. ૧-૧૦-૦નો વેરો પડશે. અથવા એક મોટા મકાનમાં જેટલી કોટડીઓ હોય તેટલાનું પા. ૧-૧૦-૦ આપવા પડે એવું પણ બને. બીજી રીતે જોતાં ધારો કે કોઈ ગરીબ હિંદી શિ. ૫ ભાડું પોતાની કોટડીનું આપતો હોય તેવા ગરીબ માણસે દર માસે શિ. ૨/૬ બીજા સરકારને આપવા પડશે.

બીજું બિલ એવું છે કે તેની રૂએ વગર લોકેશને ઈન્ડિયન લોકેશન થઈ પડશે. એ બિલને ખાનગી લોકેશનનો કાયદો એ નામ આપ્યું છે. ખાનગી લોકેશનનો અર્થ એવો કર્યો છે કે જે જગ્યાએ મજૂરવર્ગના નહીં એવા કાફરો અગર હિંદીઓ ભાડે રહેતા હોય તે જગ્યાને પ્રાઈવેટ લોકેશન ગણવું. અને એમ ઠરાવ્યું છે કે પ્રાઈવેટ લોકેશન રાખનાર દરેક ઘરધણીએ લોકેશન રાખવાનું લાઈસન્સ લેવું. અને તે લાઈસન્સની ફી પ્રાઈવેટ લોકેશનના દરેક ઘર દીઠ દર વર્ષે શિ. ૧૦ ગણવી. આ બિલનું તાત્પર્ય એ છે કે ગામના સારા ભાગમાં હિંદી રહેતો હોય અને તેમાંનો કંઈ ભાગ તેણે હિંદીને ભાડે આપ્યો હોય તો તે જગ્યાનું નામ લોકેશન ગણાય, અને તેની ઉપર, ઉપર બતાવેલી ફી આપવી. એટલે કે ધારો કે હિંદી ઘરવાળાઓએ દરેક કોટડી દીઠ ૧૦ શિ. વેરો દર વર્ષે આપવો પડશે. એટલું જ નહીં પણ તેની બાબતમાં પ્રાઈવેટ લોકેશન રાખવાનું લાઈસન્સ લેવું પડશે. આ કાયદો એવો ખરાબ છે કે તેની સામે થવાની પૂરતી જરૂર છે. હિંદી પ્રજાએ અત્યારે આવા જુલમની સામે પૂરી બાથ ભીડવાની જરૂર છે અને જો તેમાં ગફલત થશે તો આગળ ઉપર બહુ મુસીબત પડશે.

ત્રીજું બિલ ઝૂલુલૅંડને લગતું છે. તે પણ દેખીતું હિંદીઓને ઈજા આપવાનું છે. તે બિલની રૂએ દરેક ફેરીવાળાએ દર માસ લાઈસન્સ લેવું. અને તેની ફી પા. ૧ છે. જો તે ગાડી રાખતો હોય તો વળી એક બીજો પાઉંડ દર માસે આપવો. જે ફેરીવાળો નાતાલમાં નીપજેલો માલ વેચે તેને પણ લાઈસન્સ લેવું જોઈએ, જોકે તે લાઈસન્સની ઉપર કાંઈ ફી ન આપવી.

Gandhi Heritage Portal

લાઈસન્સ લેવાની ફરજ રાખી છે. એટલે તેવા લાઈસન્સ વિના ભાજીપાલાની ફેરી ન થઈ શકે. વળી લાઈસન્સ લેતાં પહેલાં કૉલોનિયલ સેક્રેટરીની રજા મેળવવી ત્યાર બાદ ૧૮૯૭ના કાયદા પ્રમાણે અરજી કરવી. તે મૅજિસ્ટ્રેટની મરજીમાં આવે તો લાઈસન્સ આપે. કૉલોનિયલ સેક્રેટરી જે ઠરાવ આપે તેની ઉપર સુપ્રિમ કોર્ટ કે બીજી કોઈ કોર્ટમાં અપીલ ન થઈ શકે. આ કાયદો પણ અત્યંત જુલમી ગણાય.

આ પ્રમાણે કાયદાઓ નાતાલની સરકાર પસાર કર્યા કરે છે. જો ઉપર જણાવેલાં બિલો પાર્લમેન્ટ મંજૂર રાખશે તો તેનાં પરિણામ માઠાં જ આવશે. કરો ઉઘરાવતાં જેટલી તકલીફ પડશે તેટલા કર ઉઘરાવવા એ મુશ્કેલી પડશે.

કાફરોની પાસેથી જે ઝૂંપડાંવેરો લેવામાં આવે છે તેને બદલે તે લોકોની પાસેથી ૧૮ વર્ષની કે તે ઉપરાંતની ઉંમરવાળા દરેક કાફરની પાસેથી પા. ૧નો વાર્ષિક વેરો લેવાની બાબતનું બિલ પણ ગૅઝેટના તે જ અંકમાં છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १-७-१९०५

૨. મિ. બ્રૉડ્રિક[1] અને હિંદીઓ

સર મંચેરજીએ[2] મિ. બ્રૉડ્રિકને સવાલ કર્યો તેના જવાબમાં મિ. બ્રૉડ્રિકે બ્રિટિશ પાર્લમેન્ટમાં એમ કહ્યું કે હિંદીઓની પાસેથી જે તેઓના અસલના હકો ટ્રાન્સવાલમાં હશે તેમાં ઘટાડો કરવાની સત્તા બ્રિટિશ સરકાર કદી નહીં આપે. બ્રિટિશ સરકાર બને તેટલું દબાણ ટ્રાન્સવાલ ઉપર કર્યા કરે પણ જે કૉલોનીને સ્વતંત્ર સત્તા મળી હોય તેની ઉપર વધારે જોર ચલાવવાનું નથી, ને ઈમિગ્રેશનના કાયદા કરે તેની સામે થવાય નહીં.[3] આનો અર્થ એવો થયો કે, ટ્રાન્સવાલમાં મિ. ક્રૂગરના વખતમાં જે કાયદા હતા, તેથી વધારે સખતાઈ નહીં કરવામાં આવે. પણ જો એમ જ હોય તો પરમિટના કાયદા વતી હિંદીઓને ટ્રાન્સવાલમાં જતાં કેમ અટકાવે છે? હિંદીઓને રિપબ્લિકના વખતમાં જવા-આવવાની પૂરી છૂટ હતી. વળી ઈમિગ્રેશનના કાયદા કરવા બાબત વચમાં ન આવે એ પણ ભયંકર વાત છે. ઈમિગ્રેશન કાયદો એવો સખત થાય કે, કોઈ નવો હિંદી ટ્રાન્સવાલમાં ન આવી શકે. છતાં મિ. બ્રૉડ્રિક વચમાં નહીં આવે? આમ બનવું સંભવિત નથી. કૉલોનીની સ્વતંત્રતા એવી ન જ હોઈ શકે કે જેથી આખા રાજ્યને નુકસાન પહોંચે.

મિ. બ્રૉડ્રિકે બીજી જગ્યાએ એમ જણાવ્યું છે કે, ઈંગ્લંડ છોડીને મુખ્ય જરૂરનો ભાગ ઈન્ડિયા છે. કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાનો મળીને જેટલો વેપાર વિલાયતની સાથે છે તેના કરતાં હિંદુસ્તાનનો વધારે છે. આવો ખ્યાલ મનમાં રાખીને જો બ્રિટિશ રાજ્યાધિકારીઓ કામ કરશે તો આપણને હજુ પણ કંઈક રાહત થશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १-७-१९०५

૧. સેન્ટ જૉન બ્રૉડ્રિક, હિંદી વજીર, ૧૯૦૩–૫.

૨. સર મંચેરજી મેરવાનજી ભાવનગરી (૧૮૫૧–૧૯૩૩), ઇગ્લંડમાં વસવાટ કરીને રહેલા હિંદી બૅરિસ્ટર; પાર્લમેન્ટના તથા હિંદી રાષ્ટ્રીય મહાસભાની બ્રિટિશ કમિટીના સભ્ય. જુઓ પુ. ૨, પા. ૨૯૧.

૩. ટ્રાન્સવાલ ૧૯૦૬માં સ્વરાજ ભોગવતું સંસ્થાન બન્યું.

Gandhi Heritage Portal

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે]

મિ. બ્રૉડ્રિક અને ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓ

મિ. બ્રૉડ્રિક પાસેથી સર મંચેરજીએ ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓના દરજ્જા બાબત અગત્યનો જવાબ કઢાવ્યો છે. બેથનલ ગ્રીનના સભ્યે હિંદી પ્રશ્નના કંઈક નિરાકરણ માટે દબાણ કર્યું, અને મિ. બ્રૉડ્રિકે ભારપૂર્વક કહ્યું છે કે યુદ્ધ પૂર્વે હિંદીઓ જે હક ભોગવતા હતા તેમાંથી તેમની પાસેથી કશું લઈ નહીં લેવાય; ટ્રાન્સવાલ ઉપર જે કોઈ દબાણ મૂકી શકાય તે મુકાઈ રહ્યું છે, પરંતુ સ્વતંત્ર કૉલોની પોતે જેમને અનિચ્છનીય ગણે તેવા લોકોના પ્રવેશ સામે તે પગલાં લે તેમાં દરમ્યાનગીરી કરવાનું કાર્ય મુશ્કેલ છે. મિ. બ્રૉડ્રિકે કરેલા પ્રથમ કથનનો અર્થ એટલો જ થઈ શકે કે સામ્રાજ્ય સરકારનો ઇરાદો એ જોવાનો છે કે બોઅર હકૂમત દરમિયાન હિંદીઓએ જે હક ભોગવ્યા હોય તે તેમની પાસેથી છિનવાય નહીં. પરંતુ આવા ઇરાદાનો હાલ અમલ થતો નથી: માત્ર એક દાખલો લઈએ. પહેલાં બ્રિટિશ હિંદીઓના પ્રવેશ પર કોઈ નિયંત્રણ નહોતું. પણ હવે આ કટારોમાં વારંવાર દર્શાવવામાં આવ્યું છે તેમ કોઈ નવા હિંદીઓને ટ્રાન્સવાલ પ્રદેશમાં દાખલ થવા દેવામાં આવતા નથી, અને જૂના રહેવાસીઓને માત્ર નાની સંખ્યામાં જ આવવા દેવામાં આવે છે અને તે પણ કંટાળો આપે એવી અગવડભરેલી ખર્ચાળ વિધિઓમાંથી પસાર થયા બાદ. સામ્રાજ્ય સરકાર તરફથી ટ્રાન્સવાલ ઉપર દબાણ મૂકવામાં આવે છે એ અમે જાણીએ છીએ અને તેની અમે કદર કરીએ છીએ. પરંતુ અમારો પ્રશ્ન એ છે કે પરિસ્થિતિની ગંભીરતા જોતાં દબાણ પૂરતું છે ખરું? કેમ કે પરમ માનનીય સભ્યનું ત્રીજું કથન અનેક શંકાઓ ઉપસ્થિત કરે છે. એ કથનમાં લાચારીનો ભાવ દેખાઈ આવે છે. હજી તો ટ્રાન્સવાલ સ્વાયત્ત સંસ્થાન બન્યું નથી, છતાં એવો ભાસ થાય છે કે મિ. બ્રૉડ્રિકે તેને તેવું ગણી લીધું છે. સર મંચેરજીએ ઉલ્લેખેલાં વચનોનો મિ. બ્રૉડ્રિક ઇનકાર કરતા નથી; આગળ શું બનવાનું છે તે વાત જવાબદાર પ્રધાનો વચનો આપતી વેળા જાણતા હતા તેનો પણ ઇનકાર થઈ શકે એમ નથી. એ જાણતા હતા કે યુદ્ધનું પરિણામ માત્ર એક જ આવવાનું હતું અને શાંતિની ઘોષણા બાદ ટ્રાન્સવાલને સ્વરાજ આપ્યે જ છૂટકો છે. આનો એવો અર્થ થાય કે ટ્રાન્સવાલના યુરોપિયનોને રાજી રાખવાની પોતાની આતુરતામાં ઇંગ્લંડની સરકાર હવે પોતે આપેલાં વચનોમાંથી પીછેહઠ સુધ્ધાં કરવા તૈયાર થઈ છે. અહીં, વાજબી રીતે એવો પ્રશ્ન પૂછી શકાય કે હિંદીઓને આપેલાં વચનોનું વિના વિલંબે પાલન કરવામાં કેમ ન આવ્યું? ઉપરાંત, સર વિલિયમ વેડરબર્ને[1] સૂચવ્યું તે અનુસાર, હજી, જ્યારે ટ્રાન્સવાલ સંસ્થાનને હકીકતમાં સ્વરાજ મળેલું નથી ત્યારે ઇંગ્લંડની સરકાર શા માટે બ્રિટિશ હિંદીઓ પરનાં જૂનાં નિયંત્રણો રદ કરતી નથી? અને શા માટે સંપૂર્ણ સ્વરાજ્ય હેઠળ ચૂંટાનારી ધારાસભા પર એ નિયંત્રણોની નાબૂદી કરવાનો તથા નાબૂદીની આવશ્યકતા પુરવાર કરવાનો બોજો નાખે છે?

મિ. બ્રૉડ્રિકે ઉપરની વાત કરી તે જ અરસામાં બીજી જગ્યાએ છતાં 'હિંદી વજીર' તરીકે જ પોતાના શ્રોતાગણને કહ્યું હતું કે આપણી ઉપર બ્રિટન પછી તરત જ હિંદનો દાવો રહેલો છે. કેમ કે કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા ત્રણે સાથેના વેપારના સરવાળા કરતાં

૧ ઇન્ડિયન સિવિલ સર્વિસના આગળપડતા સભ્ય, જે પાછળથી ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ સાથે સંબંધ ધરાવતા થયેલા. જુઓ પુસ્તક ૧, પા. ૨૯૬.

Gandhi Heritage Portal

પણ હિંદ સાથે ગ્રેટબ્રિટનનો વેપાર વધારે મોટો છે. યુદ્ધને અંતે આવી ભાવનાથી ટ્રાન્સવાલ-વાસી બ્રિટિશ હિંદીઓનાં હિતોની વિચારણા કરવામાં આવી હોત તો, જ્યારે બ્રિટિશ સિદ્ધાંતો સાથે અસંગત એવા કોડીબંધ ટ્રાન્સવાલ ઑર્ડિનન્સો લૉર્ડ મિલ્નરે[1] પોતાની સહીથી રદ કર્યા ત્યારે હિંદી વિરોધી ધારાઓ સંબંધે પણ એમ જ કરવાની એમણે આનાકાની ન કરી હોત. આ કોઈ ધ્યાન બહાર રહી ગયેલી બિના ન હતી; કારણ કે જેવો એ પ્રદેશ સૌને માટે ખુલ્લો થયો કે તરત જ બ્રિટિશ હિંદીઓ લૉર્ડ મિલ્નરની હજૂરમાં હિંદી વિરોધી ધારાઓની નાબૂદી માટે ઉપસ્થિત થયા હતા. જો એ પગલું લેવાયું હોત તો ઘણું કરીને આજે હિંદી વિરોધી ચળ-વળનું નામ પણ સાંભળવા મળત નહીં. વળી અમારા અભિપ્રાય મુજબ હજી પણ મિ. બ્રૉડ્રિકે રજૂ કરેલા સિદ્ધાંતનો અમલ કરવાનું બહુ મોડું થઈ ગયું નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १–७–१९०५

૩. લૉર્ડ સેલબૉર્ન[2] અને સ્વતંત્ર રાજ્યની વ્યાખ્યા

ઑરેન્જ રીવર કૉલોનીમાં લૉર્ડ સેલબૉર્નને મળવા બોઅર લોકોનું ડેપ્યુટેશન ગયું. તેઓએ સ્વતંત્ર રાજ્યસત્તાની એટલે સેલ્ફ ગવર્નમેન્ટની માગણી કરી. લૉર્ડ સેલબૉર્ને જવાબ આપતાં જણાવ્યું કે સ્વતંત્ર સત્તા એકદમ ન આપી શકાય. પછી તેઓ સાહેબે સ્વતંત્ર સત્તાનો એવો અર્થ કર્યો કે લોકોને પોતાના સ્થાનિક કારભારમાં સ્વતંત્ર સત્તા આપવી પણ તેમાં ત્રણ શરતો હોવી જોઈએ તે એ કે તેવી સત્તાથી ઇમ્પીરિયલ રાજ્યનીતિને ધક્કો ન પહોંચે, બ્રિટનના બીજા દેશોના હકને ધક્કો ન પહોંચે અને બ્રિટનની જે ચાલતી આવેલી રીત છે તે સચવાય. લૉર્ડ સેલબૉર્નની આ વ્યાખ્યા પ્રમાણે ઑરેન્જ રીવર કૉલોનીમાં કે ટ્રાન્સવાલમાં આપણી ઉપર જે દુ:ખો પડે છે તે ન હોવાં જોઈએ. હવે જોવાનું રહ્યું કે હિંદીને લગતા સવાલનો ફેંસલો લાવ-વામાં એઓ સાહેબ પોતે આપેલી વ્યાખ્યા અમલમાં લાવશે કે નહીં.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १–७–१९०५

૧. વાઈકાઉન્ટ મિલ્નર, દક્ષિણ આફ્રિકાના હાઈ કમિશનર, ૧૮૯૭–૧૯૦૫, કેપ કૉલોનીના ગવર્નર, ૧૮૯૭–૧૯૦૧, અને ટ્રાન્સવાલના ૧૯૦૧–૫.

૨. દક્ષિણ આફ્રિકામાં હાઈ કમિશનર તથા ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીના ગવર્નર, ૧૯૦૫–૧૦.

Gandhi Heritage Portal

૪. હિંદુસ્તાનમાં અંગ્રેજો અને હિંદી વચ્ચે જાહેર નોકરીમાં તફાવત

લૉર્ડ કર્ઝને[1] ઘણી વખત કહ્યું છે કે પોતે ગોરા તથા કાળા વચ્ચે નોકરી આપવામાં કાંઈ તફાવત ગણતા નથી. એક વખતે તેઓ ભપકી ઊઠેલા કે નોકરી આપવામાં હિંદીઓને કાંઈ કહેવા જેવું નથી. વળી તેમણે કેટલુંક લખાણ પણ બહાર પાડેલું તે એમ સાબિત કરવાને કે હિંદીઓને ઘણી નોકરી આપવામાં આવે છે પણ તે લખાણ બનાવટી હતું, કેમ કે તેમાં ૭૫ રૂ.ના પગારવાળા ઘણા હિંદીઓને ઘુસાડયા હતા. ઓન. મિ. ગોખલેએ[2] આ ભોપાળું[3] ખુલ્લું કરી આપ્યું છે. તેઓએ એમ બતાવી આપ્યું છે કે મોટા પગારવાળા ઘણાખરા બધા યુરોપિયનો છે. અને જે નવી નોકરી કાઢવામાં આવી છે, તે બધી યુરોપિયનોને હાથ ગઈ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १-७-१९०५

૫. મૅક્સિમ ગૉર્કી[4]

રશિયાના લોકો અને આપણા લોકો વચ્ચે કેટલેક દરજ્જે મુકાબલો થઈ શકે છે. જેમ આપણે ગરીબ છીએ તેમ રશિયાની રૈયત પણ ગરીબ છે. જેમ આપણને રાજ ચલાવવામાં કાંઈ પણ હક નથી, અને મૂગે મોઢે કર આપવા પડે છે, તેમ રશિયાના લોકોને પણ છે. રશિયામાં આવાં દુ:ખો જોઈને તેના કેટલાક માણસો બહુ બહાદુર નીવડે છે. થોડી મુદત પહેલાં રશિયામાં બંડ થયું હતું તેમાં મુખ્ય ભાગ લેનારમાં મૅક્સિમ ગૉર્કી હતા. આ માણસ બહુ ગરીબાઈમાં ઊછરેલ. પહેલાં એક મોચીને ત્યાં નોકર રહેલ તેને ત્યાંથી તેને રજા મળી, પછી તેણે થોડો વખત સિપાઈગીરી કરી. તેમ કરતાં તેને કેળવણી મેળવવાનો બહુ શોખ થયો, પણ ગરીબ હોઈને પોતે કોઈ સારી પાઠશાળામાં દાખલ થઈ શકયા નહીં. પછી તેણે વકીલને ત્યાં નોકરી કરી અને છેવટે ભઠિયારાને ત્યાં ફેરીનો ધંધો કર્યો. આ બધા વખતમાં જાતમહેનતથી કેળવણી લેવાનું કામ જારી રાખ્યું હતું. ૧૮૯૨ની સાલમાં પોતે પહેલું લખાણ કર્યું તે એવું સરસ હતું કે તેની પ્રખ્યાતિ એકદમ ફેલાઈ. ત્યાર બાદ તેણે ઘણાં લખાણો કર્યાં છે. એ બધાં લખાણો એક જ ઈરાદાથી કરેલાં છે. તે એ કે લોકોને પડતા જુલમોની સામે ઉશ્કેરવા, સત્તાવાળાઓના કાન ચમકાવવા અને જેમ બને તેમ લોકસેવા કરવી. પોતે પૈસા મળવાની કશી દરકાર ન રાખતાં એવાં કડવાં લખાણ લખે છે કે સત્તાવાળાઓ તેના પર કરડી નજરે રહે છે. પોતે લોકસેવા

૧. વાઈસરૉય અને ભારતના ગવર્નર જનરલ, ૧૮૯૯-૧૯૦૫.

૨. ગોપાલ કૃષ્ણ ગોખલે, (૧૮૬૬-૧૯૧૫) ભારતીય નેતા અને મુત્સદ્દી અને ૧૯૦૫માં ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસની બેઠકના પ્રમુખ થયા. જુઓ પુસ્તક ૨, પા. ૨૮૯.

૩. ઇમ્પિરિયલ લૅજિસ્લેટિવ કાઉન્સિલમાંનાં તેમનાં અંદાજપત્રો બાબતનાં ભાષણોમાંના એક ભાષણમાં.

૪. રશિયન નવલકથાકાર,૧૮૬૮-૧૯૩૬.

Gandhi Heritage Portal

બજાવતાં કેદમાં પણ જઈ આવેલ છે, પણ તે કેદને માન સમજે છે. એમ કહેવાય છે કે યુરોપમાં લોકોના હકનો બચાવ કરવાવાળો મૅકિસમ ગૉર્કીના જેવો બીજો કલમબાજ નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १–७–१९०५

૬. સિંગાપોરમાં ચીના અને હિંદી

સિંગાપોર જેટલું આપણને નજીકનું છે, તેટલું જ ચીનાઓને નજીકનું કહેવાય. તે મુલકમાં જેટલી સગવડ ચીનાને છે તેટલી જ હિંદીને છે. છતાં સિંગાપોરમાં ચીનાઓની સાથે આપણા લોકો ટક્કર નથી ઝીલી શકતા. ઘણા ચીના સરકારી નોકરીમાં છે, પબ્લિક વર્ક ખાતામાં છે, કંટ્રાક્ટર છે, ને બહુ આબાદ છે. કેટલાક તો મોટરકાર સુધ્ધાં રાખે છે. ૧૯૦૦ની સાલમાં ૨,૦૦,૯૪૭; ૧૯૦૧ની સાલમાં ૧,૭૮,૭૭૮; ૧૯૦૨ની સાલમાં ૨,૦૭,૧૫૬ ને ૧૯૦૩ની સાલમાં ૨,૨૦,૩૨૧ એમ ચીનાઓ સિંગાપોર ઇલાકામાં દાખલ થયા. જ્યારે હિંદીઓ માત્ર દર વરસે ૨૧,૦૦૦ લેખે દાખલ થયેલા તેમાંના ઘણાખરા મદ્રાસી હતા. આ દાખલો બતાવે છે કે આપણા લોકોને બહાર મુલકમાં જઈને હજુ કેટલું કરવાનું બાકી છે. ચીનાઓની સાથે આપણે બરોબરી ન કરી શકીએ એમાં આપણને ઘણું ઝંખવાણા પડવા જેવું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १–९–१९०५

૭. હાઈ કમિશનરના અંગત મંત્રીને પત્ર

જોહાનિસબર્ગ,
જુલાઈ ૧, ૧૯૦૫

અંગત મંત્રી,
નેક નામદાર હાઈ કમિશનર
જોહાનિસબર્ગ

સાહેબ,

ઑરેન્જ રીવર કૉલોનીની સરકાર તથા મારા મંડળ (બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન) વચ્ચે ચાલેલા[૧] પત્રવ્યવહારની નકલો આ સાથે માનપૂર્વક બીડું છું. બિનગોરી પ્રજાઓ સંબંધી કૉલોનીના નામદાર લેફ્ટનન્ટ ગવર્નરે વખતોવખત મંજૂર કરેલા પેટાકાયદા બાબત એ પત્રવ્યવહાર થયેલો છે. મારું મંડળ નામદારનું ધ્યાન એ હકીકત તરફ દોરવા માગે છે કે મારા પત્રમાં કોઈ નવા કાયદા ઘડવાની માગણી કરવામાં આવી નથી. મારા મંડળના નમ્ર અભિપ્રાય મુજબ અત્યાર પહેલાં લેફ્ટનન્ટ ગવર્નર જે સત્તાઓ ધરાવતા આવ્યા છે તે

૧. જુઓ પુસ્તક ૪, પા. ૪૫૭ "સંસ્થાન મંત્રીને પત્ર" જેનો ઉત્તર આપતાં સરકારે કહ્યું હતું કે કૉલોનીની મ્યુનિસિપાલિટીઓની સત્તાઓનું નિયંત્રણ કરનાર કાયદા ઘડવાનો ઇરાદો નથી.

Gandhi Heritage Portal

અનુસાર બ્રિટિશ પ્રણાલિકાઓથી તથા અધિકારપત્ર(લેટર્સ પેટન્ટ)થી વિરુદ્ધ હોય એવા પેટાકાયદાઓ પસાર થતા પોતે અટકાવી શકે છે. મારા મંડળને એવું જાણવા મળ્યું છે કે મ્યુનિસિપાલિટીઓને પસાર કરવા દેવામાં આવ્યા છે એવા કાયદા જો લેજિસ્લેટિવ કાઉન્સિલે (ધારાસભા) પસાર કર્યા હોય તોપણ તેના પર નેક નામદાર બાદશાહની અનુમતિ મેળવવાનું આવશ્યક છે. મારું મંડળ એમ પણ માનવાની હિંમત કરે છે કે હંગામી સંસ્થાન મંત્રીએ લખેલા પત્રનો છેલ્લો પૅરા મારા મંડળે કરેલી ફરિયાદનું પૂરું સમર્થન કરે છે, કેમ કે બ્રિટિશ હિંદીઓ બહુ નાની સંખ્યામાં હોવાને કારણે જો અમે ઉઠાવેલા પ્રશ્નની વ્યાવહારિક અગત્ય રહેતી ન હોય તો પછી મારા પત્રમાં ઉલ્લેખેલા પ્રકારનો ધારો ઘડવાની પણ કશી વ્યાવહારિક અગત્ય ન હોઈ શકે. સંસ્થાનને એ ધારો કોઈ રીતે ઉપયોગી નથી, છતાં દક્ષિણ આફ્રિકામાં વસતી બ્રિટિશ હિંદી કોમની લાગણી એથી નાહક ઘવાય છે; ને તેથી મારું મંડળ એવી આશા રાખે છે કે ઑરેન્જ રીવર કૉલોનીમાં જુદી જુદી મ્યુનિસિપાલિટીઓએ જે પેટાકાયદા પસાર કર્યા છે અને જે સરકારે મંજૂર રાખેલા છે તે બાબત તપાસ કરવાની તથા આવશ્યક રાહત આપવાની નામદાર ગવર્નર કૃપા કરશે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદલ ગની
અધ્યક્ષ, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ८–७–१९०५

૮. કેખુશરુ અને અબદુલ હકને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૩, ૧૯૦૫

ભાઈશ્રી કેખુશરુ તથા અબદુલ હક

તમારો કાગળ મળ્યો. મને તમારા જવાબથી[૧] સંતોષ છે. તમે લખનારનું નામ જાણવાની જિજ્ઞાસા બતાવો છો એ ઠીક નહીં. મેં તમને લખ્યું છે કે તે જાણવાની તમારે કશી જરૂર નથી. તમારે ચેતતા રહેવાનું પણ કંઈ નથી. એ બધું ભૂલી જવાનું છે. જેને પોતાની ફરજ બજાવવાની છે તેને બીજાઓ બોલે તેથી બેધડક રહેવાનું છે.

મારા ખાતામાં મારી પાસે જે પૈસા નીકળે છે તેનો આંકડો મને મોકલજો. મેં હજુ જે પૈસા પ્રેસ બાબત અપાયા છે તે જમે નથી કર્યા.

મો. ક. ગાંધીના સલામ

મેસર્સ જાલભાઈ સોરાબજી બધર્સ
૧૧૦ ફિલ્ડ સ્ટ્રીટ
[ડરબન]

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૫૧૧

૧. ગાંધીજીના ૨૭ જૂન ૧૯૦૫ના પત્રનો; જુઓ પુ. ૪, પા. ૫૩૯.

Gandhi Heritage Portal

૯. ઑરેન્જ રીવર કૉલોનીના ધારા

ઑરેન્જ રીવર કૉલોનીમાં વસતા બ્રિટિશ હિંદીઓના (રાજકીય) દરજ્જા બાબત આ અંકમાં અમે બે અગત્યના પત્રો પ્રસિદ્ધ કરીએ છીએ. એક છે એ સંસ્થાનના સંસ્થાન મંત્રીનો ટૂંકો ને ઢીલ કરીને આપેલો ઉત્તર. ઑરેન્જ રીવર કૉલોનીની મ્યુનિસિપાલિટીઓએ પસાર કરેલા એશિયાઇ વિરોધી ધારા, જેને વખતોવખત લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી મળેલી છે, તેની સામે વિરોધ ઉઠાવવા જોહાનિસબર્ગના બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને લખેલા પત્રનો એ ઉત્તર છે. બીજો પત્ર મિ. લિટલટનને[1] સંબોધીને આદિવાસી-રક્ષક મંડળના મંત્રી મિ. એચ. આર. ફૉક્સ-બૉર્ને લખેલો છે. બંને પત્રોમાંથી ભિન્ન ભિન્ન સૂર નીકળે છે. સંસ્થાન મંત્રી લખે છે કે ઑરેન્જ રીવર કૉલોનીની મ્યુનિસિપાલિટીઓ હાલ સ્થાનિક સ્વરાજની જે સત્તાઓ ભોગવે છે તેના પર અંકુશ મૂકતા કોઈ કાયદા ઘડવાનો સરકાર ઇરાદો રાખતી નથી. અમારા અભિપ્રાય મુજબ, આ કથન ઉઠાવવામાં આવેલા "પ્રશ્નનું જ" સમર્થન કરે છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કદી કોઈ સત્તાનિયંત્રક ધારો ઘડવાની માગણી કરી જ નથી, કેમ કે મ્યુનિસિપલ પેટાકાયદા નામંજૂર કરવાનો અધિકાર લેફ્ટનન્ટ ગવર્નરને ક્યારનો મળી ચૂકેલો છે. જ્યાં સુધી લેફ્ટનન્ટ ગવર્નર મંજૂર ન કરે ત્યાં સુધી કોઈ પેટાકાયદો અમલમાં આવી શકતો નથી, અને અમે ઑરેન્જ રીવર કૉલોની માટે પણ એવો કોઈ કાનૂન જાણતા નથી કે જે મ્યુનિસિપાલિટીઓ પસાર કરે તેવા કોઈ પણ પેટાકાયદા મંજૂર કરવા લેફ્ટનન્ટ ગવર્નરને ફરજ પાડી શકે. એથી ઊલટું, નામદાર ગવર્નરને (તાજ તરફથી) એવી સૂચનાઓ આપવામાં આવી છે કે રંગભેદને ઉત્તેજન આપે એવો કોઈ ધારો મંજૂર કરવો નહીં. સૌ કોઈ એમ જ માનશે કે જો સમગ્ર સંસ્થાનને લાગુ પડતા ધારાઓ ગવર્નર મંજૂર ન કરે, તો તે સંસ્થાનમાં આવેલી અમુક મ્યુનિસિપાલિટીને લાગુ પડતા કાયદા પણ મંજૂર ન જ કરી શકે. સંસ્થાન મંત્રીએ આપેલું કારણ માર્મિક કટાક્ષપૂર્ણ છે. એ કહે છે: "સંસ્થાનમાં એટલા ઓછા બ્રિટિશ હિંદીઓ છે કે, હું માનું છું કે તમે ઉઠાવેલો પ્રશ્ન મોટી વહેવારુ અગત્યનો નથી એ તમે પણ કબૂલ કરશો." પત્રમાં 'વહેવારુ' શબ્દ હેઠળ લીટી દોરી છે. આનો અર્થ શો? એ માત્ર એટલું દર્શાવે છે કે ઑરેન્જ રીવર સંસ્થાનના દરવાજા હંમેશાં બ્રિટિશ હિંદીઓ સામે બંધ રહેનાર છે, અને બીજું એ કે જો તેઓ સંસ્થાનમાં કદી પ્રવેશ કરશે તો તે આ બધી પ્રતિબંધ મૂકનારી સત્તાઓ મોજૂદ છે તે જોઈને કરશે; તથા જો એ બાબત વિરોધ કરશે તો તેને જણાવવામાં આવશે કે આવા કાયદા રદ થઈ શકે એમ નથી, 'ઘણું મોડું થયું' એ શબ્દો એના મોં પર ઝીંકવામાં આવશે. શું અમે સંસ્થાન મંત્રીને ન પૂછી શકીએ કે સંસ્થાનમાં જો બહુ ઓછા બ્રિટિશ હિંદીઓ છે તો પછી તેમનું આ બેફામ અપમાન શા માટે કરવામાં આવે છે? લેશમાત્ર કારણ વિના એક આખા રાષ્ટ્રની લાગણીઓને આઘાત પહોંચાડવો એમાં કઈ વ્યવહારુ રાજનીતિ રહેલી છે? જેમણે પોતાને કદી કશું નુકસાન કર્યું નથી એવા જનસમાજને માથે અનાવશ્યક અપમાનનો ઢગલો કરવામાં આનંદ આવતો હોય તો જુદી વાત; બાકી, સંસ્થાન મંત્રીએ પોતે જ બતાવ્યું છે તે મુજબ સંસ્થાનવાસીઓને મન જેની અગત્ય શૂન્ય છે તે બાબત વિષે તો લેફ્ટનન્ટ ગવર્નરનું સાંભળવાની દરકાર ન કરે એવી બુદ્ધિહીન

૧. આલ્ફ્રેડ લિટલટન, સંસ્થાન ખાતાના પ્રધાન, ૧૯૦૩–૫.

Gandhi Heritage Portal

ઑરેન્જ રીવર કૉલોનીની મ્યુનિસિપાલિટીઓ ચોક્કસ ન જ હોઈ શકે. પણ પત્રની આથી આગળ ચકાસણી અમારે કરવી નથી. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને આ બાબતમાં આગળ પગલું ભર્યું છે ને હાઈ કમિશનર સમક્ષ ધા નાખી છે તેથી અમને આનંદ છે.

સંસ્થાન મંત્રીને સંબોધીને મિ. ફૉક્સ-બૉર્ને લખેલો પત્ર ઉપરના પત્રની સરખામણીમાં ઉત્સાહ આપે એવો છે. દક્ષિણ આફ્રિકાના બધા સામ્રાજ્યવાદીઓનું અમે એ અગત્યના પત્ર તરફ ધ્યાન દોરીએ છીએ. એ પત્ર અમે અમારા સાથીપત્ર इन्डियामांથી ઉતાર્યો છે. આદિવાસી રક્ષકમંડળ વિરુદ્ધ દક્ષિણ આફ્રિકામાં અનેક વાર ઘણું કહેવામાં આવ્યું છે. છતાં અમને આશા છે કે દક્ષિણ આફ્રિકાનાં વર્તમાનપત્રો તથા વાચકો દરેક કાર્યની પરીક્ષા તેના ગુણદોષ જોઈને કરશે, અને અગાઉથી બાંધી દીધેલા પૂર્વગ્રહને વશ વર્તીને આદિવાસી રક્ષકમંડળ તરફથી રજૂ થયેલી વાતને ધુતકારી નહીં કાઢશે. આખરે, તેના સભ્યોમાં કેટલાક ઉમદામાં ઉમદા અંગ્રેજો પણ છે ને? આ બાબતમાં મિ. ફૉક્સ-બૉર્નને કેટલીક બાંયધરીઓ આપવામાં આવેલી છે જે હજી પૂરી કરવાની બાકી છે. સંસ્થાન મંત્રીને એમણે યાદ દેવરાવ્યું છે કે, યુદ્ધ પૂર્વે, તેમના મંડળ તરફથી કરેલી અરજના જવાબમાં અમુક વચનો આપવામાં આવ્યાં હતાં. તે કારણે તે "હિંમત-પૂર્વક આશા રાખે છે કે એ વચનોના અમલ અંગે કોઈ વિલંબ નહીં થાય," અને "એ આશામાં લૉર્ડ મિલ્નરના ઉદ્‌ગારથી એવું પ્રોત્સાહન મળે છે કે, કંઈ નહીં તો જે બિનગોરી પ્રજાઓ બ્રિટિશ પ્રજાજન છે અને અસંસ્કૃત નથી તેમની બાબતમાં, તો એ વચનો પાળવામાં આવશે જ." શાહી સરકાર સમક્ષ ઉપસ્થિત પ્રશ્નનો ઉકેલ કઠણ છે. કાં તો એ સરકારે સર આર્થર લૉલીની[1] સલાહ અનુસાર સાહસ કરીને પોતાનાં આપેલાં વચનોનો ભંગ કરવાનો છે, અગર તો બ્રિટિશ પ્રણાલિકાઓને અનુસરીને એ વચનો પાળવાનાં છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૮–૭–૧૯૦૫

૧૦. ચીનાઓ અને ખરાબ ભાષા

ટ્રાન્સવાલની ખાણોના ગોરા તરફથી લૉર્ડ સેલબૉર્નને તા. ૧લી જુલાઈએ ડેપ્યુટેશન રજૂ કરવામાં આવ્યું હતું, અને તેમાં તેઓએ ચીના મજૂરોની સામે ગોરાઓના રક્ષણની માગણી કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, ગોરાઓ ચીનાઓ તરફ ખરાબ વર્તણૂક રાખતા નથી. એક ગોરાના હાથ નીચે ૩૦ કે ૪૦ ચીનાઓ કામ કરતા હોવાથી તોફાનના મામલામાં એક ગોરાનો જાન લેવો ચીનાઓને મુશ્કેલ નથી. ચીનાઓ વારંવાર ખરાબ ભાષાથી અને ચાળાઓથી ગોરા ઉપરીનું અપમાન કરે છે. તે ભાષા એવી તો ખરાબ હોય છે કે તે ડેપ્યુટેશનમાં રજૂ કરવા જેવી નહીં હોવાથી તેમાં જણાવવામાં આવી નહોતી. તેઓએ જણાવ્યું હતું કે એક ગોરો આવું અપમાન સહન કરી બેસી રહેશે નહીં. જવાબમાં લૉર્ડ સેલબૉર્ને જણાવ્યું હતું કે ૪૦,૦૦૦ ચીના મજૂરો-માંથી શરીર પર હલ્લો કરવાના કેસો આજ સુધીમાં માત્ર ૨૦ થયેલા છે. તેઓની ભાષાની ફરિયાદ વજનવાળી નથી કારણ કે ગોરો પોતે ખરાબ ભાષા વાપરી ખરાબ દાખલો બેસાડે છે. તેઓની સમક્ષ દારૂ પીવો, ખરાબ વર્તણૂક બતાવવી, તે પોતાને જ નુકસાનકારક નીવડે છે.

૧. ટ્રાન્સવાલ સંસ્થાનમાં ભૂતપૂર્વ હાઈ કમિશનર.

Gandhi Heritage Portal

ભાષાના તદ્દન અજ્ઞાન માણસો પ્રત્યે ખરાબ શબ્દો વાપરવાથી તેઓ પોપટની માફક તે શીખી લે છે, અને પછી તેમાં સુધારો કરવો બહુ મુશ્કેલ પડે છે. વળી તેમણે કહ્યું કે ગોરાઓનું ગોરાપણું ગોરી ચામડીમાં જ નથી, પણ અંદરના ભાગમાં તેઓ ગોરા હોવા જોઈએ એટલે કે પોતાની સારી વર્તણૂકથી સામા માણસમાં માન, તાબેદારી અને ભય ઉત્પન્ન કરવાની ખૂબી હોવી જોઈએ ત્યારે જ ગોરા કહેવાય. ટૂંકામાં ચીનાઓની ખરાબ વર્તણૂક માટે તેઓએ ગોરાઓને જ જવાબદાર ગણ્યા, અને સારી વર્તણૂકથી ચીનાઓને વશ કરવાની જરૂર જણાવી. ડેપ્યુટેશનમાં બીજી પણ કેટલીક મુસીબતો રજૂ કરવામાં આવી હતી, જે પર પૂરતું ધ્યાન આપવા લૉર્ડ સેલબૉર્ને વચન આપ્યું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ८–७–१९०५

૧૧. હિંદુસ્તાનમાં મીઠા ઉપર જકાત

દાક્તર હચિનસનની સખત ટીકા

હિંદુસ્તાનમાં મીઠા ઉપર જકાત છે, તેની સામે હંમેશાં ટીકા થયા કરે છે. આ વખતે પ્રખ્યાત દાક્તર હચિનસને ટીકા કરી છે. તે કહે છે કે, જાપાનમાં તેવો કર હતો તે નાબૂદ થયો છે. છતાં બ્રિટિશ સરકાર જારી રાખે એ અત્યંત શરમાવા જેવું છે. તે વેરો એકદમ કાઢી નાંખવાની જરૂર છે. મીઠું એ એવી વસ્તુ છે કે ખોરાકમાં તેની જરૂર પડે છે. હિંદુસ્તાનમાં કોઢનું દરદ વધે છે તેનું કારણ મીઠાવેરો છે, એમ કેટલેક દરજ્જે કહી શકાય. દાક્તર હચિનસન માને છે કે મીઠાવેરો એ જંગલી રિવાજ છે. અને બ્રિટિશ ગવર્નમેન્ટને ન છાજે તેવો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ८–७–१९०५

૧૨. દાદા ઉસ્માનને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૮, ૧૯૦૫

શેઠ દાદા ઉસ્માન,

તમારો કાગળ મળ્યો, તમારે વ્રાઈહેડ જવાની પૂરી જરૂર જોઉં છું. ત્યાં તજવીજ કર્યા વિના તમે કંઈ નહીં કરી શકો એવી ધાસ્તી છે. મારાથી અહીં બેઠે કંઈ થતું નથી. દંડ થાય તો દુકાન ખુલ્લી રાખવાની ભલામણ તમારી ગેરહાજરીમાં ન જ કરી શકું.

હુંડામલની અપીલ[1] ઉપર ઘણો જ આધાર રહેશે. તે અપીલમાં બરોબર ચોકસી રખાવજો. તે અપીલ કોણ લઢશે તે જણાવજો. તેમાં જિતાય તો તમે ફરીથી ઉઘાડી શકશો. દરમિયાન તમે ટાઉન કલાર્ક વ.ને જઈ મળશો તો ફાયદો થવા સંભવ છે.

૧. જુઓ પુ. ૪, પા. ૩૯૫–૯૭, ૪૦૬–૦૭ અને ૪૧૬.

Gandhi Heritage Portal

અબદુલ્લા શેઠ આંકડો ન આપે તો ગભરાવાની જરૂર હું જોતો નથી. દાદા શેઠને વધારે પૈસા મળે એવી આશા તો છોડી જ છે. એટલે ગભરાવાનું કારણ જરાયે નથી.

મો. ક. ગાંધીના સલામ

મિ. દાદા ઉસ્માન
બૉક્સ ૮૮
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૫૮૨

૧૩. પારસી કાવસજીને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૮, ૧૯૦૫

રા. રા. પારસી કાવસજી,

તમારો કાગળ મળ્યો. હું દિલગીર છું કે મારાથી તમને પૈસાની મદદ અપાય તેવી મારી સ્થિતિ નથી.

મો. ક. ગાંધી

મિ. પારસી કાવસજી
૧૧૫ ફિલ્ડ સ્ટ્રીટ
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૫૮૪

૧૪. જે. દ વિલિયર્સને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૨, ૧૯૦૫

મિ. જે. દ વિલિયર્સ
૧૮, એજીસ બિલ્ડિંગ્ઝ
જોહાનિસબર્ગ

વહાલા સાહેબ,

વિષય : ઈસ્માઈલ અને લ્યુકાસ

આ બિલની રકમનો ચેક તમને મોકલવાનું મેં જાણીજોઈને મોડું કર્યું છે. મને આશા હતી કે રકમમાં થોડી કાપકૂપ કરાવવા માટે હું તમને રૂબરૂમાં મળી શકીશ. પરંતુ કામના દબાણને લીધે હું મારા કાર્યાલય બહાર નીકળી શક્યો નથી. આ દાવાની રકમ એ જ સૈયદ ઈસ્માઈલનું સર્વસ્વ હતું. આથી એ ૧,૩૦૦ પાઉંડ ગુમાવવા અને ઉપરથી દાવાનો ખર્ચ ભોગવવો એને માટે

Gandhi Heritage Portal

બહુ મોટું નુકસાન છે. તેથી હું આપના હિસાબમાં સારો જેવો ઘટાડો કરવા વિનંતી કરું છું. મેં મિ. લિયોનાર્ડને વિનંતી કરી હતી અને તેમણે ઘટાડો કરવાની ભલમનસાઈ બતાવી છે.

આ સાથે તમારું બિલ બીડું છું.

તમારો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

૧ બિડાણ[1]

[મૂળ અંગ્રેજી]

પત્રપોથી (૧૯૦૫) : નં. ૬૩૦

૧૫. સંસ્થાન મંત્રીને પત્ર

જોહાનિસબર્ગ,
જુલાઈ ૧૩, ૧૯૦૫

માનનીય શ્રી સંસ્થાન મંત્રી
પ્રિટોરિયા

સાહેબ,

ચાલુ માસની તા. ૭મીના ગવર્નમેન્ટ ગૅઝેટની પૂર્તિમાં પ્રસિદ્ધ થયેલા ઑર્ડિનન્સના ખરડાની કલમ ૩, જે સંસ્થાનની "મ્યુનિસિપાલિટીઓના કાનૂનોમાં એકંદરે સુધારા કરવા" બાબત છે, તેની સામે હું મારા મંડળ વતી માનપૂર્વક વિરોધ નોંધાવું છું.

એશિયાટિક લોકો સામેના ધારા ઘડવાના કામનો આખો પ્રશ્ન હાલ સ્થાનિક સરકાર-ની તથા શાહી સરકારની વિચારણા હેઠળ છે એ જોતાં મારું મંડળ એવી રજૂઆત કરવા સાહસ કરે છે કે એશિયાઈ બજારોનું નિયમનકાર્ય ટાઉન કાઉન્સિલોને સોંપવાનો સમય પાક્યો નથી કારણ તેથી સંસ્થાનમાં રહેતા બ્રિટિશ હિંદીઓના રાજકીય દરજ્જાને હાનિ પહોંચે છે. ૧૮૮૫નો કાયદો નં. ૩ સરકારી નિયંત્રણ મૂકવાનો ઇરાદો સેવે છે. અને ટ્રાન્સવાલની મ્યુનિ-સિપાલિટીઓ મોટે ભાગે રંગદ્વેષથી દોરવાય છે. એ જોતાં, મારું મંડળ નમ્રતાપૂર્વક માને છે કે મ્યુનિસિપાલિટીઓને અથવા લોકલ બોર્ડોને એશિયાઈ બજારોનું નિયમનકાર્ય સોંપી દેવું એ બ્રિટિશ હિંદીઓને અન્યાય કરનારું છે.

આથી મારું મંડળ આશા રાખે છે કે સરકાર પ્રસ્તુત કલમ પાછી ખેંચી લેશે, અને જ્યાં સુધી બ્રિટિશ હિંદીઓના દરજ્જાના સમગ્ર પ્રશ્નનો છેવટનો નિર્ણય ન થાય ત્યાં સુધી આ બાબત મુલતવી રાખશે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની,
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २२–७–१९०५

૧. મળ્યું નથી.

Gandhi Heritage Portal

૧૬. જાલભાઈ ઍન્ડ સોરાબજી બ્રધર્સને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૩, ૧૯૦૫

મેસર્સ જાલભાઈ ઍન્ડ સોરાબજી બ્રધર્સ,
૧૧૦ ફિલ્ડ સ્ટ્રીટ
ડરબન

વહાલા સાહેબો,

મારે નામે ચાલતા મુદ્રણાલય ખાતાના હિસાબનો ઉતારો મને મોકલવાનું તમે ભૂલી ગયા છો. તમારી સવડે તે મને મોકલશો. ફિનિક્સમાં હજી બધું બરાબર ગોઠવાયું નથી, એટલે હું આશા રાખું છું કે મુદ્રણાલય બાબતમાં જે કામ આપવામાં આવે તે જલદી કરી આપવા મહેરબાની કરશો.

તમારો સાચો,
મો. ક. ગાંધી

[તા. ક.]

તમારો ૧૧મી તારીખનો પત્ર મળ્યો. મિ. લૉટન[1] તરફથી તમને શાખપત્ર મળ્યો તેથી હું ખુશી થયો છું. એ પત્ર હું પરત મોકલું છું. છગનલાલને તમે ૧૦૦ પાઉંડ આપ્યા તે માટે તમારો આભાર માનું છું; તમે મિ. રુસ્તમજીને[2] ૮૦ પાઉંડનો ડ્રાફ્ટ માકલ્યો છે તે જાણ્યું.

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૬૩૩

૧૭. હાઇન ઍન્ડ કૅર્‌રુથર્સને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૩, ૧૯૦૫

મેસર્સ હાઇન ઍન્ડ કૅર્‌રુથર્સ
પો. ઑ. બૉક્સ ૨૯૧
જોહાનિસબર્ગ

વહાલા સાહેબો,

વિષય : ગુજરનાર અબદુલ કરીમની મિલકત

દિલગીર છું કે, ભાષાંતર માટે તમે મને સોંપી ગયા તે દસ્તાવેજનું મેં હજી થોડુંક જ ભાષાંતર કર્યું છે. ખીચોખીચ ભરેલાં ૨૪ પાનાં હજી બાકી છે. આ બહુ ખર્ચાળ ભાષાંતર નીવડશે

૧. એફ. એ. લૉટન, અગ્રણી વકીલ. જુઓ પુસ્તક ૧, પા. ૨૯૬.
૨. પારસી રુસ્તમજી, હિંદી વેપારી તથા ગાંધીજીના સહકાર્યકર. જુઓ પુસ્તક ૧, પા. ૨૯૫.

Gandhi Heritage Portal

એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. અત્યાર પહેલાં કરેલું કામ બે પાઉંડ ઉપરનું છે, અને પૂરું થતાં બરાબર બાર પાઉંડનું થશે. પરંતુ, હું અત્યાર પહેલાં વાંચી ગયો છું તેટલા પરથી જણાય છે કે પોરબંદર ખાતેના મારા પ્રતિનિધિઓને પ્રમાણિત નકલ મેળવવા માટે ઘણો જ અટપટો રસ્તો લેવો પડયો છે, કેમ કે કાયદામાં થયેલા ફેરફારોને પરિણામે કોર્ટની હકૂમતમાં વસનાર સંબંધ ધરાવતી વ્યક્તિઓ સિવાય બીજાઓ પ્રમાણિત નકલો મેળવી શકતા નથી. છતાં, જો તમે ઇચ્છતા હો કે મારે ભાષાંતર ચાલુ રાખવું તો હું તેમ કરીશ, અને તે પૂરું કરી આપતાં મને પૂરું એક અઠવાડિયું લાગશે, કેમ કે મારાં અત્યારનાં રોકાણો જોતાં હું એ કામ માટે જરૂરી એવા બે આખા દિવસ આપી શકું એમ નથી, તેને માટે હું રોજ થોડો થોડો વખત કાઢી શકું એમ છું.

આપનો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૬૪૯

૧૮. ઉમર હાજી આમદને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૩, ૧૯૦૫

શેઠ મિ. ઉમર હાજી આમદ,

આપનો કાગળ મળ્યો. છાપાંના કટકા [કટિંગ] પાછાં મોકલું છું. એ બતાવે છે કે ઓપીનિયનની અસર વધતી જાય છે.

આ સાથે અંગ્રેજી કાગળ મોકલું છું તે વકીલને વંચાવી શકો તેવા ઇરાદાથી. વીલની રૂએ કોઈ ટ્રસ્ટની નિમણૂક કોર્ટ તરફથી થવી જોઈએ પછી તે કાગળિયાં અહીં આવે એટલે આપ બંનેનાં નામ ઉપર પ્રોપર્ટી ચઢશે. પછી લીસ રજિસ્ટર થશે. ઇંગ્રેજી મેં લખ્યું છે તે આપ સમજશો એટલે વધારે નથી સમજાવતો.

મો. ક. ગાંધીના સલામ

શ્રી ઉમર હાજી આમદ ઝવેરી
બૉકસ ૪૪૧
ડરબન

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર ઉપરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૬૫૧

Gandhi Heritage Portal

૧૯. ટાઉન કલાર્કને પત્ર[1]

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૪, ૧૯૦૫

ધિ ટાઉન કલાર્ક
જોહાનિસબર્ગ

સાહેબ,

વિષય : ટ્રામગાડીઓમાં હિંદીઓની મુસાફરી

આ વિષય પર આપણી વચ્ચે થયેલી વાતચીત વિષે મેં શાંતિથી વિચાર કર્યો છે, તેમ જ મારા અસીલ સાથે વિચારવિનિમય પણ કર્યો છે. નવી ટ્રામગાડીઓમાં હિંદીઓને મુસાફરીની સગવડો પૂરી પાડવામાં આવશે એવી ચોક્કસ ખાતરી આપી શકાય એમ હોય તો મારા અસીલ પોતાના હકની અદાલત દ્વારા ચકાસણી કરાવવાનું બંધ રાખશે; પરંતુ જો તે આપી શકાય તેમ ન હોય તો આ પ્રશ્નનો ચોક્કસપણે નિર્ણય હમણાં જ થઈ જાય એ સલાહભરેલું છે. મારો અંગત અનુભવ એવો રહ્યો છે કે જ્યાં વિનાકારણ અમુક હકો નથી એવું માની લેવામાં આવ્યું હોય ત્યાં સામાન્ય નિયમ તરીકે પુનર્વ્યવસ્થા એ માન્યતાને સ્વીકારી લઈને કરવામાં આવે છે, અને પહેલાં જે પ્રશ્ન અનિર્ણીત હતો, તે પુનર્વ્યવસ્થા પ્રસંગે, આવા હક કે હકો મંજૂર કરવાની વિરુદ્ધમાં નિશ્ચિત થઈ જાય છે. આથી હું એવું માનવાની હિંમત કરું છું કે ઉપર મેં કરેલી દરખાસ્ત તદ્દન યોગ્ય છે.

આપનો આજ્ઞાંકિત સેવક,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૬૫૯

૨૦. કેપમાં ઇમિગ્રેશન કાયદો

કેપમાં ઇમિગ્રેશનનો કાયદો થયો છે તે બાબત બ્રિટિશ ઇન્ડિયન લીગે લખાણ કરેલું. તે કાયદામાં હિંદી ભાષાઓની ગણતરી કરાવવાની તથા જે માણસોનો વેપાર કેપમાં હોય તેવાઓને આવવાની છૂટ મળવી જોઈએ એમ માગણી કરેલી. કેપના કૉલોનિયલ સેક્રેટરીએ જવાબ આપ્યો છે તે અમે ઇંગ્રેજી વિભાગમાં પૂરો બહાર પાડયો છે. તેની મતલબ એવી છે કે હિંદી ભાષાઓની બાબત સેક્રેટરી કંઈ કરી શકતા નથી. ડોમિસાઈલ બાબત જણાવે છે કે જે માણસો બાયડી-છોકરાં સુધ્ધાં રહેતાં હોય અથવા જમીનના ધણી હોય તેઓના હકો કબૂલ રાખવામાં આવે છે. આનો અર્થ એમ થયો કે જેઓ વેપારવાળા હોય તેઓને હક કબૂલ રાખવામાં નથી આવતા. એટલે કે કોઈ વેપારી પોતાનો વેપાર મૂકી હિંદુસ્તાન થોડી મુદત રહી આવે તો તેને કેપમાં

૧. જુઓ પુસ્તક ૪, પા. ૫૩૦.

Gandhi Heritage Portal

પેસવા દેવો નહીં. જો આમ થાય તો ઘણું નુકસાન થવાનો સંભવ છે. કેટલાક વેપારીઓને સજ્જડ ધક્કો પહોંચે. એટલે અમે ઉમેદ રાખીએ છીએ કે બ્રિટિશ ઇન્ડિયન લીગ પછાત નહીં રહે પણ જ્યાં સુધી દાદ ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२-७-१९०५

૨૧. મિ. વાચ્છા[1] અને હિંદીઓ

રાષ્ટ્રીય મહાસભાના સહૃદયી સહમંત્રી મિ. વાચ્છાએ અમને પત્ર લખ્યો છે, તે પ્રોત્સાહન, આશા તથા ઉપયોગી સૂચનોથી ભરેલો છે. એનો મુખ્ય ભાગ બીજી કટારમાં અમે ઉતારીએ છીએ. બ્રિટિશ હિંદીઓના દરજ્જા બાબત દક્ષિણ આફ્રિકામાં જે વાદવિવાદ ચાલી રહ્યો છે તે સંબંધમાં એમણે સમાંતર દાખલો આપ્યો છે જે કંઈક અગત્યનો છે. મિ. વાચ્છા લખે છે :

> તમારે ત્યાંના યુરોપિયન વસાહતીઓ વીસરી ગયા જણાય છે કે વેપારીઓ ને દુકાનદારો પોતે જ ઈસ્ટ ઇન્ડિયા કં.ની કેવા કડવા શબ્દોમાં ફરિયાદ કરતા હતા, ને ૧૮૩૩નો કાયદો થતાં સુધી એ કંપની હિંદમાં વેપાર કરવામાં તે લોકોની આડે આવતી હતી. જે લોકો આવતા હતા તેમને 'ઘૂસણખોર' કહેતા, પણ એ ઘૂસણખોર ખંતીલા તથા ધીરજવાળા હતા.

અને આપણે જાણીએ છીએ કે એ લોકો ફતેહમંદ થયા. દક્ષિણ આફ્રિકામાં પણ પરિસ્થિતિની ચાવી ધીરજ અને ખંત છે. ૧૮૩૩માં પેલા લોકને પક્ષે હતો તે કરતાં ન્યાય આપણે પક્ષે ઘણો વધારે છે. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હિંદી પ્રજાજનોને તેમનો દરજ્જો સ્થાપિત કરવાને ત્રેવડો હક છે. ૧૮૫૮ના ઢંઢેરાની વિરુદ્ધ ગમે તે કહેવામાં આવે, પણ તેમાં હિંદીઓને બ્રિટિશ પ્રજા તરીકેના પૂરા હકોની બાંયધરી આપવામાં આવી છે. દક્ષિણ આફ્રિકામાં એ લોકોએ બતાવી આપ્યું છે કે તેઓ ઉદ્યમી, સંયમી, કાયદો પાળનારા અને પ્રામાણિક છે તથા, વારંવાર સ્વીકારાયું છે તેમ, દક્ષિણ આફ્રિકાનાં પ્રાકૃતિક સાધનો વિકસાવવામાં તેઓ ખૂબ ઉપયોગી નીવડ્યા છે. જવાબદાર પ્રધાનો તરફથી તેમને ખાસ કરીને તેમના દક્ષિણ આફ્રિકામાંના નાગરિક હકો સંબંધી ન્યાયી અને સમાન વર્તાવનાં વચનો પણ આપવામાં આવેલાં છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १५-७-१९०५

૧. દિનશા એદલજી વાચ્છા (૧૮૪૪-૧૯૩૬), ૧૯૦૧માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની બેઠકના પ્રમુખ હતા. એ વાઈસરૉયની ઉપલી ધારાસભાના સભ્ય નિમાયા હતા. જુઓ પુસ્તક ૨, પા. ૨૯૨.

Gandhi Heritage Portal

6304

૨૨. નાતાલમાં ઘરવેરો

નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં ઘરવેરા સંબંધી જે બિલ બહાર પડયું છે તેની વિરુદ્ધ માણસોની લાગણી વધતી જાય છે. મેરિત્સબર્ગમાં તા. ૧૦મીની રાત્રે લોકોની જાહેરસભા તે બાબત વિચાર કરવા મળી હતી, અને ડરબનમાં તે વિષે ગુરુવારની સાંજના મીટિંગ થઈ છે. આ બિલ સામે પગલાં લેવા ઘણા માણસોએ જુદી જુદી અરજીઓમાં સહીઓ આપી છે. દરખાસ્તમાં મુકાયેલો ઘરવેરો માથાવેરા કરતાં પણ વધારે અપ્રિય થઈ પડેલ છે. બિલની દરખાસ્ત બહુ અપૂર્ણ છે અને જાથુકને માટે તો નહીં જ પણ થોડા વખતને માટે પણ પસાર થવામાં વાંધાભરેલું છે. ન્યાયની રીતે જો તે દાખલ કરવામાં આવે, તો, જાથુક વેરા તરીકે માથાવેરા કરતાં તે વધારે ઠીક કહેવાય. માથાવેરો તો હંમેશને માટે સહન થઈ શકાય જ નહીં તેવો છે, જોકે કેટલાક દેશોમાં તે ઉઘરાવવામાં આવે છે. ઘરવેરા તરફની લોકની વિરુદ્ધ લાગણીને લીધે કાં તો તેનું રૂપ બદલી નાંખવું જોઈએ અને તેમ નહીં તો તેને કાઢી જ નાંખવો, કે જેથી કરી માથાવેરા તરફ વિરુદ્ધ લાગણી થાય નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫-૭-૧૯૦૫

ગાંધી સ્મારક સં
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

૨૩. જાપાનની સલાહ માટે તૈયારી

સઘેલિયન ટાપુ પર મેળવેલી જીત

સઘેલિયન નામના રશિયન ટાપુનો કબજો લઈ જાપાનીઓએ પોતાનું લશ્કર તેમાં ઉતાર્યું છે. આ ટાપુ ૬૭૦ માઈલ લાંબો છે અને ૨૦થી ૧૫૦ માઈલ પહોળો છે. તેનું ક્ષેત્રફળ ૨૪૫૫૦ માઈલનું છે. એટલે કે કાઠિયાવાડ કરતાં વધારે વિસ્તારનું છે. આ ટાપુનો દક્ષિણ ભાગ ૧૮૭૫ની સાલ સુધી જાપાનના કબજામાં હતો, પરંતુ ત્યાર પછી જાપાને કયુરાઇલ[1] ટાપુના બદલામાં રશિયાને આપી દીધો હતો. તે ટાપુમાં ઘાસલેટના ઘણા કૂવાઓ છે. કોલસો પણ ઘણો નીકળે છે. સલાહ માટે જે તૈયારી ચાલે છે તેમાં આવા મોટા ટાપુની જીતને લીધે બહુ અગત્યની અસર થયેલી છે. ટાઇમ્સ નામનું પત્ર જણાવે છે કે લડાઈ દરમિયાનના કોઈ પણ બનાવે રશિયાની પ્રજામાં આના જેટલું દુઃખ ઉત્પન્ન કર્યું ન હતું. આ બનાવે એમ જણાવી આપ્યું છે કે રશિયા પોતાની સરહદનું રક્ષણ કરવાને તદ્દન અશક્ત છે. આ ટાપુ રશિયાના હાથમાં આવ્યે હજુ ૫૦ વર્ષ થયાં નથી. તે તેણે રાજદ્વારી ખટપટથી પોતાના તાબા નીચે લીધો હતો. અને જાપાનને તેથી નુકસાન ખમવું પડયું હતું. આ ભારે યુદ્ધનો પ્રસંગ બન્યો ન હોત તો આજે તે ટાપુ રશિયાના હાથમાં રહ્યો હોત. જાપાને તે ટાપુ પર લાંબો વખત થયાં નજર રાખી હતી, અને વખતસર મેળવેલી આ જીતથી વૉશિંગ્ટન ખાતે સલાહમાં જાપાનની સ્થિતિ વધારે મજબૂત

૧. ઉત્તર પૅસિફિક મહાસાગરમાં નાના ટાપુઓનો સમૂહ.

ગાંધી સ્મારક સંગ્રહ
(ગ્રંથાલય.)

Gandhi Heritage Portal

થશે એમ મનાય છે. સલાહકાર મંડળ ભેળું થશે તે દરમિયાન માર્શલ ઓયામા રશિયન સરદાર લાઇનવીચને એક જબરો ફટકો મારવાનું સાંભળવાનો સંભવ રહે છે. થોડા વખતની સલાહને માટે લડાઈ બંધ કરવાની જાપાની લશ્કર ના પાડે છે, અને સખત લડાઈ કરી, ખરેખરી સલાહ કરવાની રશિયાને ફરજ પાડવાનો ઈરાદો જણાવે છે. અને સલાહ કર્યા વિના ચાલે તેમ નથી એમ તેઓ બતાવી આપશે, અને રશિયન સલાહકારોને અંતે જાપાનની માંગણીઓ કબૂલ કરવી પડશે એમ તેઓ હિંમત ધરી કહે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १५–७–१९०५

૨૪. છગનલાલ ગાંધીને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ,
કોર્નર રિસિક ઍન્ડ ઍન્ડરસન સ્ટ્રીટ્સ,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
જુલાઈ ૧૫, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો પત્ર મળ્યો. આજ સુધીનો હિસાબ તમને મોકલ્યો છે, જેથી તમને 'ધરતીકંપ ફંડ'[1]માં મળેલાં નાણાંની માહિતી મળશે. તમે એ પણ જોશો કે કેટલાંક નાણાં મિસ ન્યુફિલએસ તરફથી 'ડરબન રેલસંકટ ફંડ' માટે મળેલાં છે, જે તમે મિ. ઉમરને આપજો. લખાણ ચાલુ રાખવાનાં છૂટાં પાનિયાં મળ્યાં છે, તેમ જ લખવાનાં પેડ મળ્યાં છે. દેખરેખ બાબત તમે કરેલો ઉલ્લેખ હું પૂરો સમજી શકતો નથી. તમારે મને નક્કર દૃષ્ટાંત ટાંકી બતાવવાં જોઈએ, જેથી હું કાર્યપદ્ધતિ વધારે સારી રીતે સમજી શકું. નુકસાન ક્યાં થયું છે કે ભોગવવું પડયું છે તે પણ હું જાણવા ઇચ્છું. ડાહ્યા જોષીના પૈસા મળ્યા છે. રકમ પા. ૧–૨–૬ છે. હું જાણું છું કે મૅટર મોડું મોકલવામાં આવ્યું હતું. આજે હું તમને બને તેટલું બધું મોકલું છું. બાકી રહેશે તે આવતી કાલે મોકલીશ. વેસ્ટ[2] મને લખે છે જે મગનલાલે સપ્ટેમ્બરના અરસામાં જવું ને ડિસેમ્બર લગીમાં પાછા ફરવું જોઈએ અને કહે છે કે તમારો એવો અભિપ્રાય છે. જો મગનલાલ વિના કામ ચલાવી શકાય એમ હોય તો મને વાંધો નથી. કબા અને આનંદલાલ કેમ છે? હવે પિલ્લેને પૂરેપૂરો આરામ થયો કે? મગનલાલને તમિલ પુસ્તકો મળ્યાં? એમણે અભ્યાસ શરૂ કર્યો?

મોહનદાસના આશીર્વાદ

૧. જુઓ પુસ્તક ૪, પા. ૪૮૪.

૨. જોહાનિસબર્ગના એક શાકાહારી રેસ્ટરાંમાં ૧૯૦૪માં આલ્બર્ટ વેસ્ટ ગાંધીજીને મળ્યા અને પ્લેગના દરદીઓની સારવાર કરવા તૈયાર થયા. પરંતુ ગાંધીજીએ એમને इन्डियन ओपीनियनની તથા એ જ્યાં છપાતું હતું તે ઇન્ટરનૅશનલ પ્રિન્ટિંગ પ્રેસની વ્યવસ્થા સોંપી. ગાંધીજી લખે છે: "ત્યારથી તે મેં દક્ષિણ આફ્રિકા છોડયું ત્યાં લગી તે મારાં સુખદુ:ખના સાથી રહ્યા." જુઓ आत्मकथा ભાગ ૪, પ્ર. ૧૯.

Gandhi Heritage Portal

[તા. ક.]
વાય. એમ. સી. એ., જોહાનિસબર્ગને એક વર્ષ સુધી ઇ. ઓ. મોકલશો. મિ. મૅકિન્ટાયર તરફથી તેના પૈસા મળ્યા છે.
ધરતીકંપ અને મિસ ન્યુફિલએસ બાબત યાદીઓ જુદી જુદી હશે.

શ્રી સી. કે. ગાંધી,
C/o ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળ નકલની છબી પરથી : એસ. એન. ૪૨૪૫

૨૫. ઉમર હાજી આમદ ઝવેરીને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૭, ૧૯૦૫

શેઠશ્રી ઉમર હાજી આમદ ઝવેરી,

આપનો કાગળ મળ્યો. શેઠ હાજી ઇસ્માઈલના બંને કાગળો પાછા મોકલું છું. તેની લખવાની ઢબ મને જરાયે પસંદ નથી આવી. એ ઉપરથી જોઉં છું કે તેના ખર્ચ ઉપર દાબ રાખવો મુશ્કેલ પડશે. જો ભાડા જેટલું ખર્ચ ત્યાં થઈ જતું હોય તો શું કરવું એ વિચારવા જેવું છે.

[અહીંના] વેપારમાંથી છેવટે પોરબંદરના ખર્ચ જેટલો નફો ન નીકળે તો મૂડીમાંથી ખાવા જેવું થાય છે. કલેશ ન વધે એટલા સારુ હાલ તુરત તો મને લાગે છે કે પોરબંદર પા. ૧૦૦ને લેખે મોકલવા પડશે. હું આજે શેઠ હાજી ઇસ્માઈલ ઉપર કાગળ લખું છું.

મો. ક. ગાંધીના સલામ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૬૭૮

૨૬. હાજી ઇસ્માઈલ હાજી અબુબકરને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૭, ૧૯૦૫

શેઠશ્રી હાજી ઇસ્માઈલ હાજી અબુબકર,

ઉમર શેઠનો કાગળ છે તેમાં લખે છે કે આ ખર્ચ વધારે છે. આપના બે છેલ્લા કાગળ પણ મેં વાંચ્યા. મને લાગે છે કે આપે જે કાગળ લખ્યા છે તે જોઈએ તેટલી સભ્યતાવાળા નથી. આપ[ના] ઉમર શેઠ કાકા થાય છે તેની ઉપર આપ તરફ[થી] કાગળ જાય તે આપની ખાનદાની પ્રમાણે સભ્યતાભરેલા હોવા જોઈએ.

ખર્ચ બાબત જે ઉમર શેઠ કહે છે એ વિચારવાનું છે. જ્યારે ઉમર શેઠ વિલાયત ગયા અને આજે વખત [છે] તેમાં ઘણો મોટો તફાવત છે. હાલ ભાડાં અરધાં થઈ ગયાં છે. ને

Gandhi Heritage Portal

હજુ ઘટશે. અહીંનું ખર્ચ ભાડામાંથી પૂરું થાય છે. એટલે હાલ થા[પણ] ઉપર રહેવાનો વખત આવ્યો છે. મને લાગે છે [કે] આપની એસ્ટેટ એવી છે કે થાપણ ઉપર રહેવા જેવું થવું જ ન જોઈએ. જેઓ થાપણ ઉપર રહ્યાં છે, તેવા કરોડાધિપતિનાં નાણાં પણ ખૂટી ગયાં છે. એટલે મારી સલાહ ખાસ એ છે કે આપ વિચારીને ઘરખર્ચ કરશો. મને લાગે છે કે કેટલુંક ખર્ચ ઓછું થઈ શકે છે. આપની તબિયતની સંભાળ રાખજો. કસરત ને—નિયમસર ખોરા[ક]ની મુખ્ય જરૂર છે.

મો. ક. ગાંધીના સલામ

શ્રી હાજી ઈસ્માઈલ હાજી અબુબકર આમદ ઝવેરી,
પોરબંદર,
કાઠિયાવાડ,
વાયા મુંબઈ,

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: પત્રપોથી (૧૯૦૫): નં. ૬૯૩

૨૭. ધિ ડેલી એક્સપ્રેસને પત્ર

જોહાનિસબર્ગ,
[જુલાઈ ૧૭, ૧૯૦૫ બાદ]

શ્રી તંત્રી
ધિ ડેલી એક્સપ્રેસ

સાહેબ,

આપના પત્રના તા. ૧૭મીના અંકમાં આપના એક પત્રલેખકે બ્રિટિશ હિંદીઓ પર "સિકરેમસૅમ"ના ભભકાદાર ઉપનામ હેઠળ હુમલો કર્યો છે. હું આશા રાખું છું કે તેને ઉત્તર આપવાની મને રજા આપશો. હિંદની એક ઘરગથ્થુ કહેવત છે કે ઘોડાને હવાડા સુધી લઈ જવાય ખરો, પણ તેને પાણી પીવા ફરજ પાડી શકાય નહીં. તે જ પ્રમાણે પોતાની આગળ રજૂ થયેલી હકીકતો પ્રત્યે જે લોક દૃષ્ટિ બંધ રાખે તેમના મનના ખોટા ખ્યાલ દૂર કરી શકાય નહીં. મને બહુ ભય છે કે આપના પત્રલેખક એ કોટિના છે. છતાં પણ તેમની માહિતી ખાતર હું ફરીથી એ પ્રશ્ન પૂછું છું કે યુદ્ધ પૂર્વે જો ત્યાં માત્ર તેર હિંદી (આપના પત્રલેખકને વાપરવો ગમે એ "કુલી" શબ્દ નહીં) "દુકાનદાર, ધંધાદારી અને ફેરિયા" હતા તો બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનના અધ્યક્ષે આપેલું આહ્વાન મિ. કલાઈનેનબર્ગે શા માટે ઉપાડી લીધું નથી[૧]? એટલું યાદ રાખશો કે આ દુકાનદારોનાં નામ વર્તમાનપત્રોને પહોંચાડેલાં છે. હું જોઉં છું કે આપના પત્રલેખક એક ડગલું આગળ ગયા છે, કેમ કે એ તો એવું કહેવાની હિંમત કરે છે કે તેરની સંખ્યામાં દુકાનદારો, ધંધાદારી અને ફેરિયાનો સમાવેશ થાય છે. એમને કમનસીબે એમણે અપશુકનિયો આંકડો (તેર) પસંદ કર્યો છે અને હું આપની પાસે આ અંગે ૧૦૦ પાઉંડ અનામત મૂકવા

૧. જુઓ પુસ્તક ૪, પા. ૩૭૫–૭૬.

Gandhi Heritage Portal

તૈયાર છું; એ પત્રલેખકે પસંદ કરેલો એક અને મેં પસંદ કરેલો એક એવા બે લવાદ, જેમને મધ્યસ્થી પસંદ કરવાની સત્તા હશે તેમને સંતોષ થાય તેવી રીતે જો હું સાબિત ન કરી શકું કે પિટર્સબર્ગ નગરમાં યુદ્ધ પૂર્વે આપના પત્રલેખકે જણાવેલી સંખ્યાથી બેવડા કરતાં વધારે દુકાનદારો, ધંધાદારીઓ અને ફેરિયા હતા તો મારી અનામત રકમ આપના પત્રલેખક કહે તે હિંદી-વિરોધી મંડળને આપી દેવામાં આવે. અલબત્ત શરત એટલી કે જો ચુકાદો મારી તરફેણમાં આવે તો બરાબર તેટલી રકમ પત્રલેખકે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને ભરી આપવી. આટલું "સિકરૅમસૅમ"ના આંકડા બાબત.

બ્રિટિશ હિંદીઓ સ્થાનિક આદિવાસીઓને ફોલી ખાય છે એ આક્ષેપ બાબત આપના પત્રલેખકનું ધ્યાન મારે સર જેમ્સ હ્યુલેટની જુબાની[1] તરફ દોરવાનું છે. આદિવાસી બાબતો વિષે નિમાયેલ કમિશન સમક્ષ કોણ વધારે હાનિકર છે: હિંદી કે યુરોપિયન? એ પ્રશ્ન સંબંધે એમણે એ જુબાની આપી હતી. આપના પત્રલેખકે કરેલા અને તેમને મળેલી "માહિતી" પર આધાર રાખતા અન્ય આક્ષેપો સંબંધમાં મારે માત્ર એટલું જ કહેવું છે કે સમજુ માણસો પોતાની મેળે એની સાચી કિંમત આંકી લેશે. જો હિંદીઓ કોઈ હીન કે અપ્રામાણિક વેપાર કરતા હોય ને તે બાબત તેમને માહિતી મળી હોય તો ઉપાય ચોક્કસ તેમના હાથમાં છે; વેપારી પરવાનાના પ્રશ્નનો જો હજી કાયમ માટે નિર્ણય ન થયો હોય તો તેનું કારણ એ છે કે "સિકરૅમસૅમ" અને એમના સાથીઓની ઇચ્છા બ્રિટિશ હિંદીઓએ સૂચવેલું બહુ વાજબી સમાધાન પણ સ્વીકારવાની તરફેણમાં નથી. એ સમાધાન અનુસાર નવા પરવાનાનો કાબૂ મોટે ભાગે "સિકરૅમસૅમ" અને તેમના મિત્રોએ ચૂંટેલા નાગરિક સમિતિના સભ્યોને હસ્તક રહે એમ છે. સાહેબ, યુદ્ધ પૂર્વે બ્રિટિશ હિંદી પ્રશ્નનું જે સ્વરૂપ હતું તેનો આપને થોડોઘણો અનુભવ છે. આપને બ્રિટિશ હિંદીઓનો પણ અનુભવ છે. વૃત્તવિવેચનમાં આપ સ્વતંત્ર વલણ ધરાવતા આવેલા છો. બ્રિટિશ સામ્રાજ્યનાં ઘટક અંગો વચ્ચે કોમી વિખવાદ કે ધિક્કારની લાગણી વધે એમ આપ ઇચ્છતા નથી એવી મને ખાતરી છે. આપના પત્રલેખકે આપેલી કેટલીક બીનાઓ અસત્ય છે એ આપની જાણમાં હોવું જોઈએ. જે નિ:શંક ખોટી રજૂઆત છે તે સુધારીને શું આપ આપનું સેવાકાર્ય નહીં કરો? હિંદીઓ કોઈ કૃપા યાચતા નથી, માત્ર ન્યાય ઇચ્છે છે. બ્રિટિશ ધ્વજ નીચે ન્યાય કોઈ દુર્લભ વસ્તુ ન હોવી જોઈએ.

આપનો, ઇત્યાદિ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २९–७–१९०५

૧. જુઓ ગ્રંથ ૩, પા. ૫૧૩–૧૪.

Gandhi Heritage Portal

૨૮. રેવાશંકર ઝવેરીને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૧૮, ૧૯૦૫

મુ. રેવાશંકરભાઈ,

આપનો કાગળ મળ્યો. આપ કૅપ્ટન મેકગ્રેગરની બાબતમાં મારે ખાતે રૂ. ૪૫ માંડજો. તેટલા મેં તેના ખાતામાં આપને સારુ માંડયા છે.

ચિ. હરિલાલને અહીં મોકલી દેવામાં જ કુશળ જોઉં છું. ત્યાંનું ખરચ જેમ બને તેમ હલકું થવાની પૂરી જરૂર છે. અહીં મારી ઉપર બોજો એવો છે કે ત્યાંનું ખરચ ઉપાડવું મુશ્કેલ છે. તેમ હરિલાલનો સ્વાર્થ સુધરતો હોય એમ પણ જોતો નથી. બહેન રળિયાતનું[1] ખર્ચ રૂ. ૨૦થી ૨૫ સુધીમાં ચાલવું જોઈએ એમ લખશો. મેં પણ તેમને ખર્ચ ઓછું કરવા લખ્યું છે.[2]

ચિ. મણિલાલ તથા સૂરજની બાબત ખબર વાંચી સંતોષ પામું છું.

મોહનદાસના પ્રણામ

મેસર્સ રેવાશંકર જગજીવણ ઍન્ડ કું.
ઝવેરી બજાર
ખારા કૂવા નજીક
મુંબઈ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: પત્રપોથી (૧૯૦૫): નં. ૬૯૬

૨૯. રવિશંકર ભટ્ટને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૨૧, ૧૯૦૫

ભાઈશ્રી. ૫ રવિશંકર ભટ્ટ,[3]

તમારો કાગળ મળ્યો. મારા વિચાર પ્રમાણે જે કોઈ વિદ્વાન હિંદી આવે તેને આપણે બધા માન આપવા બંધાયા છીએ. તેના ધર્મોપદેશની સાથે આપણને સંબંધ નથી. તેને માન આપવા હિંદુ મુસલમાન બંને સામેલ હોવા જોઈએ. એટલે પ્રોફેસર પરમાણંદને[4] માન આપવું આપણી ફરજ સમજું છું. તેમના ધર્મોપદેશને સારુ જેઓ તેવા ઉપદેશના સહાયક છે તેઓએ

૧. ગાંધીજીનાં મોટાં બહેન.

૨. આ પત્ર મળી શક્યો નથી.

૩. ભાઈશ્રી પછીના ૫નો આંકડો શ્રીને માનાર્થે ૫ વાર ગણવા માટે છે.

૪. આર્યસમાજના એક ધર્મપ્રચારક, પાછળથી ભાઈ પરમાણંદ નામે જાણીતા થયા; એમણે દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી અને શ્રેણીબદ્ધ પ્રવચનો કર્યાં. જુઓ "પ્રોફેસર પરમાણંદ", પા. ૫૧ અને "પ્રોફેસર પરમાણંદને માનપત્ર", પા. ૧૧૬.

Gandhi Heritage Portal

પાછળથી જે કરવું હશે તે કરશે. એટલે મને લાગે છે કે તેમને માન આપવામાં તમારે પાછા હઠવું નહીં. મેં ઉઘરાણું કરવા વ.માં કશી સંમતિ આપી નથી. અને આપવાનો વિચાર પણ નથી.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

આર. પી. ભટ્ટ
બૉક્સ ૫૨૯
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫): નં. ૭૨૭

૩૦. મેઘરાજ અને મુડલીને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૨૧, ૧૯૦૫

વહાલા સાહેબો,

તમારો ૯મી તારીખનો પત્ર મળ્યો. મને લાગે છે કે હમણાં જોહાનિસબર્ગમાં ઉઘરાણું કરવાની જરૂર નથી. ત્યાં થતા ઉઘરાણા[1] સંબંધમાં મારા નામનો ઉપયોગ કરવામાં આવે છે એવી ફરિયાદ પણ મારી પાસે આવી છે. તમે સન્માન–સમારંભને ધાર્મિક સ્વરૂપ ન આપો એવું હું ખાસ ઇચ્છું છું. તમને માલૂમ હશે કે આર્યસમાજના ઉપદેશ અને સનાતન હિંદુ-ધર્મના ઉપદેશ વચ્ચે તફાવત છે, અને સનાતની હિંદુઓ તરફથી મને ફરિયાદ કરવામાં આવી છે. કોઈ પણ સંસ્કારી હિંદી હિંદમાંથી આવે તેને માન દેવું એ આપણી ફરજ છે, ને હું તો એ ઇચ્છું છું કે સૌ વર્ગોના પ્રતિનિધિરૂપ હિંદીઓ તરફથી તમે યોગ્ય આવકાર આપો. પરંતુ તે ત્યારે જ બને કે જ્યારે તેમાં ધાર્મિક તત્ત્વ ન હોય. આર્યસમાજના ઉપદેશમાં જેમને રસ હોય તેમણે પોતે જ ખાસ કરીને આ વાત જોવી જોઈશે.

તમારો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

મેસર્સ બી. એ. મેઘરાજ ઍન્ડ એ. મુડલી
પો. ઑ. બૉક્સ. ૧૮૨
ડરબન

[મૂળ અંગ્રેજી]

પત્રપોથી (૧૯૦૫) : નં. ૭૩૦

૧. પ્રો. પરમાણંદ માટે જુઓ આ અગાઉનો પત્ર.

Gandhi Heritage Portal

૩૧. કૅપ્ટન ફાઉલને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૨૧, ૧૯૦૫

કૅપ્ટન ફાઉલ
પો. ઑ. બૉક્સ ૧૧૯૯
જોહાનિસબર્ગ

પ્રિય કૅપ્ટન ફાઉલ,

મારા ધ્યાન પર આવ્યું છે કે હજી પણ છૂપી પોલીસના માણસો પરમિટ વિનાના હિંદીઓની તલાશમાં આસપાસ ફર્યા કરે છે. એ તલાશમાં એમણે ૧૬ વર્ષની વયના છોકરાઓની પણ તપાસ કરી હતી. તેઓ, તમે આપેલી ખાતરીને આધારે, સંસ્થાનમાં રહે છે. ખાસ કરીને જેને વિષે મેં તમને લખેલું તે છોકરો. સાહેબ, તેમના દેખાવ પરથી તેઓ ૧૬ વર્ષ નીચેના લાગે છે. અને જ્યારે સંસ્થાનમાં આવ્યા હશે ત્યારે તો તેટલી જ વયના હશે. ખામી માત્ર એટલી જ છે કે અત્યારે એમનાં માબાપ અહીં નથી, અને કાં તો તેઓ અનાથ છે યા તો તેમના પાલક વાલીની સંભાળ હેઠળ છે, અગર તો માતપિતાનું સ્થાન લેનાર સગાંવહાલાં તેમને ઉછેરે છે. તેથી હું આશા રાખું છું કે જ્યાં સુધી આ બાબતમાં ચોક્કસ નિર્ણય ન થાય ત્યાં સુધી એ છોકરાઓને ન છેડવાની સૂચના છૂપી પોલીસના માણસોને આપવા આપ મહેરબાની કરશો.

તમારો સાચો,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫): નં. ૭૨૯

૩૨. મિ. બ્રૉડ્રિકનું બજેટ

ઈસ્ટ ઇન્ડિયાના એટલે ભારતના આવકખર્ચના હિસાબની વિચારણા માટે બ્રિટિશ આમસભા એક સમિતિ નીમે એ પ્રસ્તાવ ઉપર હિંદી વજીરે આમસભા(પાર્લમેન્ટ) સમક્ષ કરેલા બજેટ વિષયક નિવેદનમાં કેટલીક મહત્ત્વની વાતો રજૂ કરી છે. એ એક શુભ ચિહ્ન છે કે હાલનાં વરસોમાં લગભગ પહેલી વાર, હિંદી વજીર મિ. બ્રૉડ્રિકે ધારાગૃહના અધિવેશનને અંતે ખાલી પાટલીઓને સંબોધવાનું ફારસ ભજવવાને બદલે, તેની મધ્યમાં પોતાનું નિવેદન રજૂ કર્યું. જૂની પ્રણાલિકાનો ત્યાગ પણ એમણે વિચારપૂર્વક કરેલો છે. મિ. બ્રૉડ્રિકે કહ્યું કે, "જલદી ચર્ચા કરવામાં આવે તો તે ઉપયોગી ટીકા અને કાર્યક્ષમ વહીવટમાં પરિણમે એવો સંભવ છે." તેમણે એવી પણ આશા દર્શાવી હતી કે ભવિષ્યમાં આ પદ હું પોતે ધારણ કરતો હોઉં કે વિરોધ પક્ષનો કોઈ સભ્ય ધારણ કરતો હોય, આ પ્રણાલિકાનું અનુસરણ કરવામાં આવશે. ખૂબ જ ભંડાયેલા હિંદે સામ્રાજ્યને કેટલી સેવાઓ આપી છે એ અત્યંત સ્પષ્ટ રીતે રજૂ કરવાની

Gandhi Heritage Portal

તક આ પ્રસંગે મિ. બ્રૉડ્રિકે લીધી હતી, અને જે બંને સેવાઓ પર એમણે આટલો બધો ભાર મૂકયો, તે દક્ષિણ આફ્રિકામાં સૌનું લક્ષ ખેંચે એવી અને કદર થાય એવી છે.

> ૧૯૦૨ અને ૧૯૦૩ના ૧૪ કરોડ ૩૦ લાખ પાઉંડના વેપાર પૈકી ૬ કરોડ ૨૦ લાખનો વેપાર સીધો ગ્રેટ બ્રિટન સાથે હતો. ગઈ સાલના વેપારમાં સીધો ૧૭ કરોડ ૪૭ લાખ ૪૮ હજારના વેપારમાં ૭ કરોડ ૭૦ લાખનો માલ ગ્રેટ બ્રિટનથી હિંદ ગયો અથવા હિંદથી ગ્રેટ બ્રિટન આવ્યો હતો. ગ્રેટ બ્રિટનના વેપારમાં આ રકમ કાઢી નાખવા જેવી ન ગણાય. અને જેમ વિવિધ દૃષ્ટિબિંદુથી કેટલાક લોક સંસ્થાનો સાથેના વેપારને અને હિંદ સાથેના વેપારને સરખાવે છે તેમ આપણે આંકડા સરખાવીએ તો, હું બતાવી શકું કે યુનાઈટેડ કિંગડમમાંથી હિંદમાં થયેલી નિકાસ જેની કિંમત ૩ કરોડ ૩૫ લાખ પાઉંડ હતી તે કૅનેડા, બ્રિટિશ સંસ્થાનો, ઉત્તર અમેરિકા અને ઑસ્ટ્રેલિયા પ્રતિ થયેલી સમસ્ત નિકાસની બરાબર હતી, અને ગયે વરસે નિકાસ જે વધીને ચાર કરોડ પાઉંડ થઈ હતી તે આ દેશમાંથી ઑસ્ટ્રેલિયા, કૅનેડા અને કેપ કૉલોનીમાં થયેલી બધી કુલ નિકાસની બરાબર હતી.

આમાંથી સ્વાભાવિક અનુમાન તારવવામાં મિ. બ્રૉડ્રિકને કશી મુશ્કેલી ન હતી. એટલે આગળ ચાલતાં એમણે કહ્યું:

> યુનાઈટેડ કિંગડમ સાથેનો હિંદનો વેપાર ઉત્તરોત્તર વધતો રહ્યો છે એમ હું કહું છું, તેમાં મને વિશ્વાસ છે કે, આ ધારાગૃહનો દરેક સભ્ય મારી સાથે સંમત હશે. હિંદ સાથેના વેપારમાં બ્રિટનનું ને બ્રિટન સાથેના વેપારમાં હિંદનું એટલું મોટું હિત હોડમાં છે કે સામ્રાજ્યની અંદર અંદરના વેપાર બાબત જે ચર્ચાઓ ચાલતી હોય તેમાં હિંદને અગ્ર સ્થાન આપવાનો દાવો કરવાનો આપણને હક છે.

મિ. બ્રૉડ્રિકે બીજું નિવેદન સામ્રાજ્યના સંરક્ષણને અનુલક્ષીને કર્યું હતું. પંચોતેર હજાર બ્રિટિશ લશ્કર માટે હિંદ તાલીમનું સ્થાન છે, અને એક લાખ ચાલીસ હજાર બ્રિટિશ હિંદી લશ્કર માટે એ ભરતી અને નિભાવની ભૂમિ છે, અને તે બધું લશ્કર કટોકટીને સમયે સામ્રાજ્યની સેવા માટે તત્પર હોય છે. પોતાની આઠ કરોડ વીસ લાખની કુલ આવકમાંથી તેનું અઢી કરોડનું સમગ્ર ખર્ચ હિંદ ભોગવે છે. લૉર્ડ રૉબર્ટ્સથી માંડી અન્ય નામાંકિત સેનાપતિઓએ હિંદી લશ્કરની કામગીરીની કુશળતા વિષે પ્રમાણપત્ર આપેલાં છે. આ કાયમ તૈયારીમાં રહેવાની વાતનો આશ્ચર્ય પમાડે એવો દાખલો સર જ્યૉર્જ વ્હાઈટ અને તેમના લશ્કરે બોઅર યુદ્ધ દરમિયાન પૂરો પાડયો હતો. આ બધી હકીકતો પાછળ ગંભીર રહસ્ય રહેલું છે. દક્ષિણ આફ્રિકાના રાજપુરુષોએ એ હકીકતોનો અભ્યાસ કરીને તેના ઉપર ઊંડો વિચાર કરવો જોઈએ. અને એમ કર્યા પછી, અમે માન સાથે સૂચવીએ છીએ કે એમણે પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે, માત્ર સ્વાર્થી દૃષ્ટિબિંદુથી જોતાં પણ, હિંદના વતનીઓ પ્રત્યે, તેઓ જાણે કે કોઈ પણ જાતની ગણનાને પાત્ર ન હોય તેવા સંપૂર્ણ રીતે પરદેશીઓ હોય, એવો કાયમ માટે વર્તાવ રાખવાનું ફાયદાકારક થશે ખરું?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २२–७–१९०४

Gandhi Heritage Portal

૩૩. ટ્રાન્સવાલનાં લોકેશન ઉર્ફે બજાર

ટ્રાન્સવાલમાં ઈન્ડિયન લોકેશન બાબત ગવર્નમેન્ટ ગૅઝેટમાં નવું બિલ બહાર પડયું છે. તે બિલની રૂએ લોકેશનનો અખત્યાર સરકાર ટાઉન કાઉન્સિલોને આપવા માંગે છે. ટાઉન કાઉન્સિલની મરજીમાં આવે ત્યાં લોકેશન કરે, મરજીમાં આવે તે પ્રમાણે લીસ આપે અને એક જગ્યા પરથી બીજી જગ્યા પર ફેરવે. આ બિલ જે લીસો અપાઈ ગયાં છે તેને અડચણ આવે તેમ નથી છતાં ટાઉન કાઉન્સિલને કંઈ પણ સત્તા આપવી એ જોખમકારક છે. એથી બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશને સરકાર ઉપર તેની સામે લખાણ મોકલ્યું છે.[૧] તેમાં મિ. અબદુલ ગની લખે છે કે, તે બિલથી હિંદીઓની સ્થિતિને ધક્કો પહોંચે તેમ છે, અને ટાઉન કાઉન્સિલને અખત્યાર આપવાનો વખત નથી, કેમ કે હજુ હિંદીની સ્થિતિ બાબત મોટી સરકાર તથા સ્થાનિક સરકાર વચ્ચે તે બાબત ચર્ચા ચાલી રહી છે. ૧૮૮૫ના કાયદાથી લોકેશન ઉપરની સત્તા માત્ર સરકારની છે. વળી ટાઉન કાઉન્સિલો હિંદીઓની સામે હમેશાં રહ્યા કરે છે તેથી મારા ઍસોસિયેશનના વિચાર પ્રમાણે ટાઉન કાઉન્સિલોને સત્તા સોંપવાથી હિંદીઓની ઉપર અન્યાય થશે. એટલે મારું ઍસોસિયેશન આપને અરજી કરે છે કે જે ફેરફાર કરવા ધારો છો તે માંડી વાળવો અને હિંદીની સ્થિતિ વિષે છેવટનો ઠરાવ થાય નહીં ત્યાં સુધી આખો સવાલ જેમ છે તેમ રહેવા દેવો.

આ અરજી ઉપર જો સ્થાનિક સરકાર ધ્યાન નહીં આપે તો મિ. લિટલટને જે વચન આપ્યું છે કે હિંદીઓની સ્થિતિ લડાઈના કરતાં હવે ખરાબ તો નહીં જ થવા દેય તે વચન ઉપર પાણી ફરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२-७-१९०५

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે]

ટ્રાન્સવાલનાં એશિયાઈ બજારો

ટ્રાન્સવાલ ગવર્નમેન્ટ ગૅઝેટના એક તાજેતરના અંકમાં ઑર્ડિનન્સનો ખરડો પ્રસિદ્ધ થયો છે, તેમાં બીજી કલમો સાથે કેટલીક નીચે મુજબ છે:

> (૧) લેફ્ટનન્ટ ગવર્નરની સંમતિ મેળવીને કાઉન્સિલ માત્ર એશિયાઈ લોકના વાપર માટે બજાર અગર બીજા લત્તાઓ જુદા મુકરર કરી શકશે, નભાવી શકશે અને તેનો વહીવટ કરી શકશે તથા વખતોવખત લેફ્ટનન્ટ ગવર્નર ઘડે તે નિયમો અનુસાર તેમના પર અંકુશ તથા દેખરેખ રાખી શકશે, અને ઉપર દર્શાવેલા નિયમોથી વખતોવખત નક્કી થાય તેવી ભાડાની રકમોથી અને તેવી શરતોએ એશિયાઈ લોકને જમીન અથવા તો જમીન પરનાં કોઈ મકાનો અથવા તેના ઉપરના બીજા અમલા પટ્ટે આપી શકશે.

૧. જુઓ "સંસ્થાન મંત્રીને પત્ર", પા. ૧૨.

Gandhi Heritage Portal

(૨) ૧૮૮૫ના કાયદા નં. ૩ની જોગવાઈઓ હેઠળ અગર તેમાં કરેલા કોઈ સંશોધન હેઠળ દર્શાવેલા કોઈ બજારની જગ્યાઓ અથવા ઈતર સ્થળો લેફ્ટનન્ટ ગવર્નર મ્યુનિસિપાલિટીની કોઈ કાઉન્સિલને વર્તમાન પટાની શરતો જાળવીને મોંબદલાથી આપી શકશે; અને આવો કોઈ મોંબદલો સ્ટૅમ્પવેરો અને રજિસ્ટ્રેશન(નોંધણી) અગર ઈતર લવાજમથી મુક્ત રહેશે, અને આવું મોંબદલો થયેલું કોઈ બજાર કે સ્થળ આ કલમની પેટાકલમ (૧) નીચે અલગ મુકરર કરેલા બજાર કે લત્તા તરીકે ગણાશે.

(૩) આ ઑર્ડિનન્સની બીજી કલમની જોગવાઈઓ મુજબ જરૂરી ફેરફારો સાથે કોઈ કાઉન્સિલને આવાં બજાર તથા લત્તાઓ બંધ કરવાની તથા તેમને માટે બીજી યોગ્ય જમીનનો બંદોબસ્ત કરવાની સત્તા મળે છે.

(૪) આ કલમમાં વપરાયેલ શબ્દ ‘કાઉન્સિલ’માં કોઈ પણ મ્યુનિસિપાલિટીની કાઉન્સિલનો સમાવેશ થશે, પછી ભલે તે મ્યુનિસિપલ કૉર્પોરેશન્સ ઑર્ડિનન્સ ૧૯૦૩ હેઠળ, મ્યુનિસિપલ કૉર્પોરેશન્સ સંશોધિત ઑર્ડિનન્સ, ૧૯૦૪ હેઠળ અગર કોઈ ખાસ કાયદા હેઠળ રચાયેલી હોય.

જોહાનિસબર્ગ ખાતેના બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશને બજારોનો કાબૂ મ્યુનિસિપાલિટીઓને હસ્તક સોંપવાની આ દરખાસ્ત સામે વિરોધ નોંધાવવામાં જરા પણ ઢીલ કરી નથી.[1] કાબૂના આ ફેરફાર વિરુદ્ધ જે વાંધાઓ છે તે એવા મજબૂત છે કે અમારા અભિપ્રાય મુજબ તેની સામે કોઈ દલીલ ટકી શકે એમ નથી. સમગ્ર એશિયાઈ પ્રશ્ન હજી અણઉકેલ્યો પડ્યો છે અને તે સમ્રાટ સરકાર તથા સ્થાનીય સરકાર વચ્ચે ચાલતા પત્રવ્યવહારનો વિષય છે. બંને પક્ષોએ જણાવેલું છે તે પ્રમાણે ૧૮૮૫નો કાયદો નં. ૩ માત્ર કામચલાઉ છે, ને બને તેટલો જલદી રદ કરવાનો છે. એ કાયદાને આધારે થયેલું ને નિયંત્રણો વિસ્તારતું ધારાકીય કામ, સ્થાનીય સરકારો જે નિખાલસ વલણ રાખવા બંધાયેલી છે તેની સાથે સુસંગત નથી. જો એમ ન હોય તો, મિ. લિટલટનના નિવેદનનું, જેમાં તેમણે કહેલું છે કે, કાંઈ નહીં તો, પહેલાંની સ્થિતિ જેમની તેમ જાળવી રાખવામાં આવશે તેનું શું થશે? વિશેષમાં રંગદ્વેષના પ્રશ્ન બાબત ટ્રાન્સવાલની ટાઉન કાઉન્સિલો અને લોકલ બોર્ડોના પૂર્વગ્રહ ખૂબ પ્રબળ છે. છાપરે ચડીને એનો પોકાર કરતાં એમને સંકોચ થતો નથી, ને કેટલીક કાઉન્સિલો તથા બોર્ડો, જો તેમનું ચાલે તો, મારફાડ કરવા જેટલી હદે પણ જાય એમ છે. આ સંજોગોમાં, એક બાજુથી જ્યારે ભવિષ્ય અનિશ્ચિત સ્થિતિમાં છે ત્યારે, ટ્રાન્સવાલ સરકાર જાણે કે ૧૮૮૫નો કાયદો નં. ૩ કાયદાપોથીમાંથી કદી દૂર કરવામાં આવશે જ નહીં એ રીતના નવા કાયદા કરે એ વિચિત્ર લાગે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २२–७–१९०५

૧. જુઓ “સંસ્થાન મંત્રીને પત્ર”, પા. ૧૨.

Gandhi Heritage Portal

૩૪. છૂપી ગોઠ

ટ્રાન્સવાલ લીડરમાં એવી ખબર બહાર પડી છે કે મિ. લવડે, મિ. બર્ક વગેરે ઍન્ટિ એશિયાટિક કન્વેન્શનના મેમ્બરો સર આર્થર લૉલીને હિંદી સવાલ બાબત મળ્યા. તેની સાથે જે વાતચીત થઈ તે તદ્દન ખાનગી રાખવામાં આવી છે. લીડરનો લખનાર માત્ર એટલું જણાવે છે મિ. લવડે વગેરેને પૂરો સંતોષ મળ્યો છે. આનો અર્થ કંઈ નથી થઈ શકતો. સર આર્થરે તેઓને આશાઓ આપી હશે એમ અમે માનીએ છીએ. સર આર્થરના વિચારો હિંદીઓની વિરુદ્ધ છે. એટલે જેટલું હિંદીઓની વિરુદ્ધ મિ. લવડે બોલ્યા હશે તેટલું તેઓ સાહેબે માન્યું હશે.

પણ આ ગોઠ છૂપી શા સારુ? શું મિ. લવડે હિંદીઓથી ડરે છે? એમ માને છે કે તેમનાં જૂઠાણાં ફરી પાછાં બહાર પડશે કે શું? મિ. લવડેની નાદાની ઢાંકવા સારુ સર આર્થર લૉલીએ જ આ વાત ખાનગી રાખી છે.

લૉર્ડ સેલબૉર્ન થોડા જ દિવસ પહેલાં બોઅર ડેપ્યુટેશનને મળ્યા. તેઓ સાહેબે ખાસ પ્રેસના માણસોને બોલાવ્યા અને તમામ હકીકત જાહેર કરી.

સર આર્થર લૉલીએ તેથી ઊલટો રસ્તો પકડયો. હજુ પણ ઉમેદ રાખીએ કે હિંદીઓની વિરુદ્ધ જે જે તેઓની પૂંઠ પછવાડે બોલચાલ થઈ હોય તેનો ઉત્તર દેવાની તેમને તક મળશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२-७-१९०५

૩૫. ક્રૂગર્સડૉર્પમાં હિંદીઓ

ક્રૂગર્સડૉર્પમાં હિંદીઓની બાબત મીટિંગ[1] થયા પછી ટાઉન કાઉન્સિલની ઉપર ત્યાંના દાક્તરનો રિપોર્ટ આવ્યો છે. તેમાં લખે છે કે હિંદીઓનાં મકાન ઘણે ભાગે ગંદાં જોવામાં આવે છે, તેઓ જ્યાં ત્યાં થૂંકે છે, તેઓનાં પાયખાનાં ઘણાં મેલાં હોય છે, પાયખાનાની જમીન ઉપર પાણી ભરાઈ રહે છે. તે બિલકુલ સુકાતું નથી, તેઓ કાઉન્ટર પર બેસે છે અને સૂએ છે, વગેરે રિપોર્ટ આપ્યો છે. આમાં ઘણો ભાગ ખોટો છે એમ આપણે જાણીએ છીએ. અને તેની સામે રિપોર્ટ મેળવવાની ક્રૂગર્સડૉર્પના હિંદીઓની ફરજ છે. આપણે વળી કેટલેક દરજ્જે ઉપરનું તહોમત કબૂલ રાખવું પડશે. જ્યાં ત્યાં આપણે થૂંકીએ છીએ અને પાયખાનાં ગંદાં રાખીએ છીએ એમાં કોઈ ના પાડી શકીએ તેમ નથી. પાયખાનાં સાફ કરવા તરફ આપણા લોકોને સાધારણ તિરસ્કાર છે. અમને લાગે છે કે એ તિરસ્કાર મૂકી દેવાની જરૂર છે. પાયખાનાં વાટે ઘણાં દરદો દાખલ થાય છે એ સાબિત થઈ શકે એવી વાત છે. પાયખાનાં સાફ રાખવાં એ ઘણું સહેલું છે. સૂકી ધૂળ અથવા રાખ દરેક વખતે બકેટમાં નાંખવા અને પાટિયાંને બરોબર

૧. ૨૩મી જૂન, ૧૯૦૫ના રોજ.

Gandhi Heritage Portal

જંતુનાશક પાણીથી ધોઈ લૂછી નાંખવાં. જો આ પ્રમાણે હમેશાં કરવામાં આવે તો વખત જતો નથી અને બહુ સૂગ ચડવાનું કારણ નથી રહેતું.

થૂંકની બાબતમાં પણ આપણે વિચાર કરવા જેવું છે. જ્યાં ત્યાં ઘરમાં અથવા દુકાનમાં થૂંકવાને બદલે રૂમાલમાં અથવા થૂંકદાનીમાં થૂંકવાનો રિવાજ રાખવો એ દરેક રીતે જરૂરનું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपोनियन, २२–७–१९०५

૩૬. ટ્રાન્સવાલમાં હિંદી હોટેલો

ટ્રાન્સવાલમાં હિંદી હોટેલો બાબત આજ સુધી કંઈ કાયદા નથી થયેલા. કાફર ઈટિંગ હાઉસ અથવા ગોરાની હોટેલોનું લાઈસન્સ લેવામાં આવે છે. ચીનાઓ ટ્રાન્સવાલમાં ઘણા થવાથી ચિનાઈ હોટેલો નીકળી. તે બાબત લાઇસન્સની કંઈ જરૂર નહોતી પડતી. ધાસ્તી ખાઈ ચીના લોકોએ લાઇસન્સ સરકાર પાસે માગ્યું. સરકારે લખ્યું કે લાઇસન્સની જરૂર નથી. તેઓએ એમ ધાર્યું કે વગર લાઈસન્સથી હોટેલ ઊઘડે જ નહીં, તેથી તેઓએ સરકારને અરજી કરી કે લાઇસન્સ-નો કાયદો થવો જોઈએ. હાથનાં કર્યાં હૈયે વાગે તે કહેવત પ્રમાણે હવે તે બાબતનું બિલ સરકારી ગૅઝેટમાં બહાર પડયું છે. અને હિંદી હોટેલવાળાને લાઈસન્સ લેવું પડશે. આ બિલની સામે થવાય તેવું પણ નથી. એટલે જેટલા ટ્રાન્સવાલમાં હિંદી વીશી રાખનારા હોય તેઓએ ઘણું ચેતીને ચાલવાનું છે. મકાન ઘણાં સ્વચ્છ હશે તો જ લાઈસન્સ મળશે એમ અમે ધારીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपोनियन, २२–७–१९०५

૩૭. જોસેફ મૅઝીની

જાણવાજોગ કારકિર્દી

ઈટાલી એ આજકાલનો એક દેશ છે. સને ૧૮૭૦ની સાલ પહેલાં ઈટાલીના નાના નાના ભાગ હતા અને દરેકના ઠાકરડા હતા. જેમ હાલ હિંદુસ્તાન છે અથવા કાઠિયાવાડ છે તેમ ૧૮૭૦ની સાલ પહેલાં ઈટાલી હતું. લોકો એક ભાષા બોલતા હતા. એક સ્વભાવના હતા છતાં બધા નાનાં રજવાડાંને તાબે હતા. આજે ઈટાલી એક યુરોપનો સ્વતંત્ર દેશ છે ને તેના લોકો એક નોખી પ્રજા ગણાય છે. આ બધું એક માણસને હાથે થયું છે એમ કહીએ તો ચાલે. તે માણસનું નામ જોસેફ મૅઝીની. તે જીનોઆમાં ૧૮૦૫ના જૂન મહિનાની ૨૨મી તારીખે જન્મ્યો હતો. તે એવી ચાલચલણનો, એવો ભલો અને એવો સ્વદેશાભિમાની માણસ હતો, કે તેને થઈ જવાને એકસો વર્ષ થયાં તેની યાદગીરી જાળવવા આખા યુરોપમાં ધામધૂમ થઈ રહી હતી અને હજુ ચાલે છે. કેમ કે જોકે પોતે ઈટાલીની સેવા બજાવવામાં પોતાનો જન્મારો કાઢ્યો છતાં તેનું મન એવું ઉદાર હતું કે તે દરેક દેશનો રહીશ ગણી શકાય. દરેક પ્રજા મહાન થાય અને સંપીને રહે એવો તેનો હંમેશનો પાઠ હતો.

Gandhi Heritage Portal

મૅઝીની ૧૩ વર્ષની ઉંમરે બહુ ચાલાક જોવામાં આવ્યો હતો. પોતે બહુ વિદ્વત્તા બતાવી છતાં દેશદાઝને લઈને પુસ્તકો છોડી કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને પોતાનું કાયદાનું જ્ઞાન ગરીબોને મદદ કરવામાં મફત વાપરવા માંડયો. પછી તે ઇટાલીને એકત્ર બનાવવાની છૂપી મંડળી હતી તેમાં દાખલ થયો. તેની ખબર ઇટાલીનાં રજવાડાંઓને પડવાથી તેને કેદ કર્યો. કેદમાં પણ પોતાના દેશને છોડવવાની ગોઠવણ પોતે જારી રાખી. છેવટે તેને ઇટાલી છોડવું પડયું. પોતે માર્સેલ્સ જઈ રહ્યો. રજવાડાંઓએ વગ પહોંચાડી ત્યાંથી તેને દેશનિકાલ કરાવ્યો. આમ રખડપાટ છતાં પોતે હાર્યો નહીં. ઇટાલી છૂપી રીતે લખાણો મોકલતો રહ્યો. આની અસર લોકોનાં મન ઉપર ધીમે ધીમે થવા લાગી. આમ કરતાં તેણે ઘણાં દુઃખો સહન કર્યાં. છૂપે વેશે જાસૂસોથી છૂટવાને ફરવું પડતું. ઘણી વખત તેની જિંદગી જોખમમાં આવતી તેનો તેને ડર ન હતો.

છેવટે ૧૮૩૭ની સાલમાં પોતે વિલાયત ગયો. ત્યાં તેને બહુ દુઃખ ન હતું. પણ અત્યંત ગરીબાઈ ભોગવવી પડતી હતી. વિલાયતમાં પોતે બહુ મોટા માણસોના સહવાસમાં આવ્યો. તેઓની મદદ માંગી.

૧૮૪૮ની સાલમાં પોતે ગૅરિબાલ્ડીને લઈને ઇટાલી ગયો ને સ્વરાજ્ય સ્થાપ્યું. તે કાવતરાખોર લોકોને લીધે લાંબું ન ચાલ્યું એટલે ફરી ભાગવું પડયું. પણ તેનું જોર ભાગ્યું નહીં. એકસંપનું બીજ રોપ્યું હતું તે કાયમ રહ્યું. અને જોકે મૅઝીની પોતે દેશનિકાલ રહ્યો તોપણ ૧૮૭૦ની સાલમાં ઇટાલી એ એક રાજ્ય થયું. તેનો રાજા વિક્ટર ઇમાન્યુઅલ થયો. પોતાનો દેશ આમ એકત્ર થયો તેથી તેને સંતોષ થયો. છતાં તેને દેશમાં જવાની પરવાનગી ન હતી. તેથી તે છૂપે વેશે ઇટાલી જતો. એક વખતે પોલીસ તેને પકડવાને ગયા ત્યારે તેણે પોતે જ દરવાન તરીકે દરવાજો ઉઘાડયો ને પોલીસને થાપ આપી.

આ મહાન પુરુષ ૧૮૭૨ની સાલમાં માર્ચ મહિનાની ૧૦મી તારીખે મરણ પામ્યો. આ વખતે તેના શત્રુ તે મિત્ર થયા હતા. તેની ખરી ખૂબી લોકો ઓળખવા પામ્યા હતા અને તેની લાશ પછવાડે એંસી હજાર માણસો ગયા હતા. જીનોઆમાં ઊંચામાં ઊંચી જગ્યાએ તેને દફન કરવામાં આવ્યો હતો. ઇટાલી અને યુરોપ આજે આ માણસને પૂજે છે. ઇટાલીમાં મોટામાં મોટા માણસમાં મૅઝીની ગણાય છે. પોતે હમેશાં સ્વાર્થ વિનાનો, અહંકાર વિનાનો અત્યંત પવિત્ર ધર્મચુસ્ત માણસ હતો. ગરીબાઈ એ તેનું ઘરેણું હતું. પારકાનાં દુઃખ પોતીકાં ગણતો. દુનિયામાં એવા થોડા જ દાખલા જોવામાં આવે છે કે જેમાં એક જ માણસે પોતાના મનોબળથી, પોતાની અત્યંત ભક્તિથી, પોતાના દેશનો પોતાની હયાતીમાં ઉદ્ધાર કર્યો હોય. એવો તો મૅઝીની જ તેની માએ જણ્યો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२-७-१९०५

Gandhi Heritage Portal

૩૮. ટ્રાન્સવાલ જતા હિંદીઓને અગત્યની સૂચના[1]

હાલમાં ટ્રાન્સવાલમાં પરમિટ બાબત હિંદીઓ ઉપર સખતાઈ ચાલી રહી છે. ઘણા માણસો જેઓ ખોટી પરમિટથી રહેલા તેઓને દેશનિકાલ કર્યા છે. કેટલાક જેના અંગૂઠા પરમિટ પર ન હતા તેઓને ૬ અઠવાડિયાંની જેલ મળી છે. હજુ વધારે માણસોને હેરાનગતિ થશે એવો સંભવ છે. એમ પણ મનાય છે કે પરમિટ–અમલદારો જુદે જુદે ગામ તપાસ કરવા જશે. તેથી જેઓની પાસે ખોટી પરમિટ હોય તેઓએ તુરત ટ્રાન્સવાલ છોડવાની જરૂર છે. તેઓએ ખોટી પરમિટનો ઉપયોગ બિલકુલ નથી કરવાનો, નહીં તો જેલ ભોગવવાનો વખત આવશે.

આજ સુધી ૧૬ વરસની અંદરનાં છોકરાંઓ અને બૈરાંને વગર પરમિટે જવા દેતા હતા, પણ પરમિટની તપાસ શરૂ થયા પછીથી બોર્ડર ઉપર વધારે દાબ ચાલે છે. હવે ૧૬ વરસની અંદરનાં છોકરાં પોતાના બાપની સાથે ન હોય અથવા ઓરતો પોતાના મરદની સાથે ન હોય તો તેને પરમિટને સારુ રોકે છે. એક બાઈ પોતાના ધણી વિના ટ્રાન્સવાલ જતાં હતાં તેથી તેને વૉક્સરસ્ટ ઉતારી પાડેલ. આ ઉપરથી ટ્રાન્સવાલમાં આવનાર હિંદીએ નીચેની વાત ધ્યાનમાં રાખવાની છે.

૧. ખોટી પરમિટથી દાખલ નહીં થવું.
૨. બૈરાંએ વગર પરમિટે પોતાના મરદ વિના દાખલ નહીં થવું.
૩. છોકરાંઓ ૧૬ વરસની અંદરનાં હોય તોપણ પોતાના બાપની સાથે હશે તો જ વગર પરમિટે દાખલ થઈ શકશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२–७–१९०५

૩૯. વીમા દલાલને પત્ર[2]

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૨૫, ૧૯૦૫

ધિ એજન્ટ
ન્યૂ યૉર્ક મ્યુચ્યુઅલ લાઈફ ઈન્સ્યુરન્સ સોસાયટી
જૉબર્ટ સ્ટ્રીટ
જોહાનિસબર્ગ

વહાલા સાહેબ,

આપને યાદ હશે કે સર્વશ્રી આનંદલાલ એ. ગાંધી તથા અભેચંદ એ. ગાંધીનો વીમો મારી મારફતે ઉતરાવવામાં આવ્યો હતો. તેમની વીમા પૉલિસીઓના નંબર અનુક્રમે ૩૩૬૯૦૦૯

૧. આ લખાણ “અમારા જોહાનિસબર્ગના ખબરપત્રી તરફથી”ના રૂપમાં પ્રસિદ્ધ થયું હતું.
૨. ઑગસ્ટ ૮, ૧૯૦૫ના રોજ ગાંધીજીએ, ઘણું કરીને જોહાનિસબર્ગ કાર્યાલયની સૂચનાનુસાર, મુંબઈના વીમા દલાલને બરાબર આવો જ પત્ર લખ્યો હતો.

Gandhi Heritage Portal

તથા ૩૩૬૯૦૦૪ છે. મને જાણવા મળે છે કે આ પૉલિસીઓ પર કેટલોક વખત થયાં પ્રીમિયમના હપતા ભરાયા નથી. આ પૉલિસીઓ પાછી ચાલુ કરવાનું શક્ય છે કે કેમ, અને જો શક્ય હોય તો કઈ શરતોએ તે જણાવશો. અને જો વીમો ઉતરાવનારા એ ફરી ચાલુ કરવા ન ઇચ્છતા હોય તો અત્યાર અગાઉ ભરાયેલાં પ્રીમિયમો પૈકી કોઈ રકમ એમને પાછી મળી શકે કે કેમ એ પણ જણાવવા કૃપા કરશો.

આપનો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૭૭૧

૪૦. ક્રૂગર્સડૉર્પમાં હિંદીઓ

ક્રૂગર્સડૉર્પની ટાઉન કાઉન્સિલે ગવર્નમેન્ટને અરજી લખી મોકલી છે કે હિંદીઓને લોકેશનમાં ફરજિયાત મોકલવાનો કાયદો થવો જોઈએ. ટ્રાન્સવાલની સરકારે જવાબ આપ્યો છે કે, હાલ તુરત કંઈ થઈ શકે તેમ નથી, કેમ કે વડી સરકારની સાથે હજુ તે બાબત કાગળવહેવાર ચાલ્યા કરે છે. આ ઉપરથી જણાય છે કે મિ. લિટલટન તથા સર આર્થર લૉલી વચ્ચે તકરાર જારી છે. સર આર્થર એમ માગે છે કે, હિંદીઓને જ લાગુ પડે એવા કાયદા થવા જોઈએ. પરિણામની ખબર આવતા વરસ સિવાય પડવાનો સંભવ નથી. દરમિયાન અમે ઉમેદ રાખીએ છીએ કે ક્રૂગર્સડૉર્પના હિંદીઓ પોતાનાં મકાન સફાઈથી રાખશે.

[મૂળ ગુજરાતી]
इन्डियन ओपीनियन, २९–७–१९०५

૪૧. ટ્રાન્સવાલમાં પરમિટ

ટ્રાન્સવાલમાં કેટલીક પરમિટ રદ થયાનું અમે ગવર્નમેન્ટ ગૅઝેટમાંથી લખી ચૂકયા છીએ.[1] તેનો અર્થ કેટલાકે એવો કર્યો છે કે એ નંબરવાળી પરમિટના ખરા ધણી હોય તેઓએ પણ નાસભાગ કરવાની છે અને તેઓની પરમિટ પણ ખોટી થાય છે. આ વિચાર ભૂલભરેલો છે. જેઓની પરમિટ ખરી છે અને જેઓના અંગૂઠાની છાપ પરમિટ ઉપર છે તેઓએ બિલકુલ ગભરાવાનું નથી અને ગૅઝેટમાં નામ બહાર પડવા છતાં પણ તેઓની પરમિટ રદ થતી નથી. એ જ ટીકા રજિસ્ટરને લાગુ પડે છે.

[મૂળ ગુજરાતી]
इन्डियन ओपीनियन, २९–७–१९०५

૧. આની નામાવલિ ૮ અને ૧૫મી જુલાઈ ૧૯૦૫ના इन्डियन ओपीनियनમાં પ્રસિદ્ધ થઈ હતી.

Gandhi Heritage Portal

M. K. GANDHI.
Attorney.

21-24, Court Chambers.
Corner Rissik & Anderson Streets.
P.O. Box 6522.

201

Johannesburg 15th July 1905.

S.N. 4245

My dear Chhaganlal,

I have your letter. An account has been sent to you up to date from which you will find the monies received regarding the earthquake fund. You will notice also there are some monies received for the Durban flood fund from Miss Neufliess, which you may hand to Mr. Omar. Continuing sheets have been received, so also the scribbling blocks. I do not quite understand your reference to supervision. Yo u should send me concrete instances, and I would understand the working much better. I should also like to know ~~whether~~ where loss has been incurred or sustained Dahya Jogi's money has been received the amount is £1-2-6. I know the matter was sent late. I am now sending you as much as possible to-day. Balance, if any, will be sent to-morrow. West writes to me saying that Maganlal should leave about Septe,ber returning by Ddcember, telling me also that such is your opinion. If it is possible to manage without Maganlal I have no objection. How are Kaba and Anandlal doing? Is Pillay now completely cured? Did Maganlal receive the Tamil Books?, Has he commenced the study?

Yours sincerely,
M. K. Gandhi

C.K. Gandhi Esq.,
c/o International Printing Press.
PHOENIX.

છગનલાલ ગાંધીને પત્ર

Gandhi Heritage Portal



6. 8. 5

Dear Miss Bissicks,

I am very sorry for your troubles. I am afraid it had not been possible to [illegible] all the things mentioned by you, as they were included in the sale, as I understand from the trustee. The sale has realized only £210 — as a going concern. [illegible] Brown Bros. have bought the business.

I am sorry I shall not be able to [illegible] you on [illegible] as I told [illegible]

[illegible] & Co.

yours truly

M K Gandhi

Miss Bissicks

P.O. Box 4207

મિસ બિસિક્સને પત્ર

Gandhi Heritage Portal

૪૨. બાલ્ટિક કાફલાની છૂપી હકીકત

બાલ્ટિક કાફલાએ ખાધેલી હાર બાબત સઘળી હકીકત ખુલ્લી કરનાર રોઝડીસ્તવેન્સ્કીનો[1] ઝાર પરનો કાગળ ખરેખર દયા ઉત્પન્ન કરનારો છે. તે જોકે હારેલા સરદાર તરફથી લખાયેલ છે, તોપણ તે કાગળમાં દર્શાવેલાં કારણો પોતાની હારના બહાનારૂપ છે એમ કોઈ માનશે નહીં. જે છૂપી બિના બહાર પડી છે તે પરથી ખુલ્લું જણાઈ આવે છે કે તે કાફલાએ ખાધેલી સજ્જડ હાર સંભવિત હતી. દુનિયાનો હોશિયારમાં હોશિયાર દરિયાઈ લડાયક કહેતો કે તે કાફલો જાપાનીઓને ખરેખરી ખબર પાડશે. તેઓ આવી અટકળ કરતાં તેનું કારણ એ હતું કે તે કાફલાની મનવારો બહુ ગંજાવર હતી; હથિયારોથી બહુ સારી રીતે સજાયેલી હતી, ઝડપથી ચાલનારી હતી, છેલ્લી શોધની સરસ તોપો તેમાં રાખવામાં આવી હતી અને તેના ઍડમિરલો બાહોશ મનાતા હતા. પણ ઍડમિરલ રોઝડીત્સવેન્સ્કી લખે છે તે પ્રમાણે તે કાફલાની મહત્તા ફક્ત કાગળ પર જ હતી. તે ઝાર પરના કાગળમાં લખે છે કે રાજ્યવહીવટના સડાને લીધે નૌકા શરમાવે તેવી રીતે બાંધવામાં આવી હતી, એટલું જ નહીં પણ તેને હથિયાર, બખતર વગેરેથી સજવામાં પણ બહુ ખામી હતી. તોપો જોઈએ તેવી રીતે ગોળા છોડી શકતી નહીં, કોઠારમાં પૂરતો કોલસો ભરી શકાતો નહીં, ચાલની ઝડપનાં ખોટાં વખાણો કરવામાં આવ્યાં હતાં, સંચાકામ હમેશાં ખળભળી ગયું હોય તેવો અવાજ કરતું, બે તૃતીયાંશ ભાગ જેટલા ખલાસીઓ નાલાયક હતા, તોપચીઓને પોતાની ફરજનું ભાન ન હતું, અને સૌથી ખરાબ તો એ હતું કે માડાગાસ્કર છોડયા પછી સઘળા માણસો બળવાખોર બની ગયા હતા. આવો કાફલો લડાઈમાં ઊતરે તેથી હારવા સિવાય બીજું પરિણામ આવે જ નહીં. ફાર્મોસા છોડયા પછી શું બન્યું તેનું આબેહૂબ વર્ણન તે કાગળમાં આપેલું છે. તેના કાફલાની આવી સ્થિતિ વિશે તે આગળથી જાણતો હતો, અને આવી સ્થિતિમાં તેણે લડવાનું માથે લઈ જે બહાદુરી બતાવી છે તે તેની રાજ્યભક્તિ સૂચવે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९-७-१९०५

૪૩. નાતાલના ગિરમીટિયા

નાતાલના ગિરમીટિયા હિંદીઓ બાબત પ્રોટેકટર મિ. પોલકિંગ હૉર્નનો રિપોર્ટ બહાર પડયો છે. તે ઉપરથી જણાય છે કે, હાલ ગિરમીટિયાની વસ્તી ૮૧,૦૦૦ ઉપરાંતની છે. ૧૯૦૨થી તે ૧૯૦૪ની સાલ સુધીમાં ૧૧,૦૦૦ ગિરમીટિયા માણસોનો વધારો થયો છે. આ કંઈ જેવું તેવું નથી. આમ છતાં હજુ વધારે ગિરમીટિયાની માગણી ચાલુ છે. લોકો ગિરમીટિયાઓને સારુ પ્રોટેકટરનાં પગથિયાં ઘસવી નાંખે છે. હિંદુસ્તાનથી તેટલી સંખ્યા પૂરી નથી પડી શકતી. આ ઉપરથી જણાય છે કે હિંદીઓની ખપતી ઘણી છે. તેઓના વિના દેશ આબાદ થાય તેમ નથી અને જે માણસો હિંદીઓની સામે બોલે છે તેઓ ખોટા છે, અને પોતાના સ્વાર્થને સારુ હિંદીઓની સામે થાય છે. કૉલોનીની ખેતીનું કામ હિંદીઓની જ ઉપર છે એમ સિદ્ધ થાય છે. તો પછી હિંદીઓને શા

૧. બાલ્ટિક નૌકાદળના સરસેનાપતિ, રિઅર એડમિરલ રોઝડીસ્તવેન્સ્કી.

Gandhi Heritage Portal

સારુ તકલીફ હોવી જોઈએ. જો હિંદી વિના અહીંના માણસોને ન જ ચાલી શકે તો જે સ્વતંત્ર હિંદીઓ છે તેને સારુ કેમ તકલીફો હોય? આ બાબત નામદાર હિંદી સરકારને આપણી તરફથી વખતોવખત લખાણ જવું જોઈએ.

ગિરમીટિયાની ઉપર વેરાનો કાયદો થયો છે તે કાયદો નકામો છે, એમ પ્રોટેક્ટરના રિપોર્ટ ઉપરથી જણાય છે. તે વેરો નાખવાનું કારણ એ હતું કે વેરો દેવાને બદલે લોકો કૉલોની છોડી ચાલ્યા જાય. પણ આવી ગોરાઓની ઉમેદ બર નથી આવી. લોકો ચાલ્યા નથી જતા અને વેરો પણ નથી આપતા. બધા આપવાને લાયક માણસો છે. તેઓને શોધી કાઢવા એ બહુ મુશ્કેલીની વાત છે, અને માથા કરતાં મૂંડામણ ઝાઝું પડે એમ જણાય છે. છતાં આ વેરો જારી રાખવો એમાં કૉલોનીની નામોશી છે કેમ કે આવો માથાવેરો જે માણસો તેઓની જ કબૂલાત પ્રમાણે ઘણા ઉપયોગી છે તેના ઉપર નાખવો એ દેખીતું શરમભરેલું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५-८-१९०५

૪૪. જાપાન કેમ જીત્યું?

બેરન કોમ્યુરોને ન્યૂયૉર્કમાં છાપાંવાળાઓએ સવાલ પૂછયો કે જાપાનની જીતનું કારણ શું? બેરન કોમ્યુરોએ જવાબ આપ્યો તે મનમાં કોતરી રાખવા જેવો છે. તેણે કહ્યું કે જાપાનની માંગ વાજબી છે. તે એક કારણ અને બીજું કારણ એ કે જાપાનમાં સંપ છે. અમલદારો કે લોકોમાં બિગાડ નથી. સૌ સૌની ફરજ બજાવે છે. જાપાની લોકો આળસુ કે કામના કાયર નથી અને અત્યંત સાદાઈથી રહે છે. સાદાઈથી રહેવાને લીધે જાપાનીઓએ રશિયનને ટક્કર મારી છે. થોડાં કપડાં, થોડી ખોરાકીની ચીજોની જરૂર વગેરે કારણોથી થોડી ગાડીઓમાં જાપાની સિપાઈઓનો ખોરાક વગેરે જઈ શકે, પરિણામે ઘણાં માણસો લઈ દૂર જવામાં જાપાનીઓને થોડી અગવડ પડે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५–८–१९०५

Gandhi Heritage Portal

૪૫. દાદા ઉસ્માનને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૫, ૧૯૦૫

શેઠ દાદા ઉસ્માન,

કાગળ મળ્યો. મિ. વાઈલીને હકીકત મોકલી છે. તેની નકલ તમને પણ મોકલું છું. તમારા લાઇસન્સ બાબતમાં મેં આજ સુધી કંઈ ફી તમે મને ચેક આપેલો ત્યાર બાદ નથી માંડી. મારે માંડવી કે નહીં તેનો જવાબ લખશો.

જાહેર ખબર મેળવી એ બહુ ઠીક કર્યું. ચેક લઈ લીધો કે કેમ?

ઑફિસેથી મિ. લૅબિસ્ટરનો ઓપીનિયન વ. કાગળિયાં મોકલશો.

મો ક. ગાંધીના સલામ

મિ. દાદા ઉસ્માન,
બૉક્સ ૮૮
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: પત્રપોથી (૧૯૦૫): નં. ૮૭૧

૪૬. મિસ બિસિક્સને[1] પત્ર

પ્રિય મિસ બિસિક્સ,

તમારી મુસીબતો વિષે હું બહુ દિલગીર છું. મને લાગે છે કે તમે જે વસ્તુઓનો ઉલ્લેખ કરો છો તે હવે પાછી મેળવવાનું શક્ય નથી, કેમ કે ટ્રસ્ટી તરફથી મને જણાવવામાં આવે છે કે એ ચીજો વેચાણમાં સામેલ કરવામાં આવી છે. ચાલુ ધંધા તરીકે એ વેચાણના માત્ર ૨૧૦-૦-૦ પાઉંડ ઊપજ્યા છે. મને જાણવા મળ્યું છે કે બ્રાઉન બ્રધર્સે એ ધંધો ખરીદી લીધો છે.

મેં સિસ્ટર હેલિયેલને કહેલું તે પ્રમાણે હું સાઇકલ પર સોમવારે મળવા આવી શકીશ નહીં. તે માટે દિલગીર છું.

તમારો સાચો
મો. ક. ગાંધી

મિસ બિસિક્સ,
C/o બૉક્સ ૪૨૦૭

[મૂળ અંગ્રેજી]

પત્રપોથી (૧૯૦૫): નં. ૮૭૨

૧. એક "સાહસિક થિયૉસૉફિસ્ટ" જે શાકાહારી રેસ્ટરાં ચલાવતાં હતાં તેમણે ધંધાનો વિકાસ કરવાને ગાંધીજી પાસે મદદની માગણી કરી ત્યારે ગાંધીજીએ પોતાના એક અસીલની એક હજાર પાઉંડની રકમ અસીલની સંમતિ મેળવીને એમને ઉછીની આપી હતી. પરંતુ એ રકમ કદી પાછી ન આવી અને ગાંધીજીએ એ ખોટ ભરી આપી. જુઓ, આત્મકથા ભાગ ૪, પ્રકરણ ૬.

Gandhi Heritage Portal

૪૭. ઉમર હાજી આમદને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૫, ૧૯૦૫

શેઠ મિ. ઉમર હાજી આમદ,

આપનો કાગળ મળ્યો. મૅરિત્સબર્ગમાં જાહેરખબર મેળવી એ જાણી રાજી થયો છું.

આપ ફિનિક્સ ગયા હશો. નિયમસર જશો. ઊંઘમાં ખલેલ ન પહોંચે એવી તજવીજ થવી જોઈએ.

મો. ક. ગાંધીના સલામ

શ્રી. ઉમર હાજી આમદ
બૉક્સ [૪૪૧]
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: (૧૯૦૫): નં. ૮૭૪

૪૮. અબદુલ હક અને કેખુશરુને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૫, ૧૯૦૫

ભાઈ અબદુલ હક તથા કેખુશરુ,

તમારો કાગળ મળ્યો. રુસ્તમજી શેઠનો કાગળ પાછો મોકલું છું. હું તેમને લખીશ. ભાડા બાબત કાઢો એવો અર્થ નીકળી શકે છે. પણ તેની ફિકર ન રાખતાં ઘર ખાલી ન રહેવા ઉપર પૂરતું ધ્યાન આપશો એટલે બસ છે. આજમ મુ[સા] હુસેનની પાવરનો હજુ ઉપયોગ નથી થઈ રહ્યો. તમે કાગળ ઉપર પૂરતી સ્ટાંપ ન હતી ચોડી.

મો. ક. ગાંધીના સલામ

મેસર્સ જાલભાઈ સોરાબજી બ્રધર્સ
૧૧૦ ફિલ્ડ સ્ટ્રીટ
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા ગુજરાતી પત્ર પરથી: પત્રપોથી (૧૯૦૫): નં. ૮૭૬

Gandhi Heritage Portal

૪૯. પરવાના ખાતાના મુખ્ય મંત્રીને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૮, ૧૯૦૫

મુખ્ય મંત્રી, પરવાના ખાતું
પો. ઑ. બૉક્સ ૧૧૯૯
જોહાનિસબર્ગ
સાહેબ,

વિષય: અબ્દુલ કાદિરની[1] પરમિટની નકલ બાબત

આપના તા. ૧૪ જુલાઈના પત્ર, નં. ૬૫૦ સંબંધમાં હું સમજું છું કે મારા અસીલના અંગૂઠાનું નિશાન આપે હવે તપાસ્યું છે અને એમની પરમિટ તથા તેની નોંધનો પત્તો મેળવ્યો છે.

હું નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે ડુપ્લિકેટ પરમિટ અથવા કોઈક પ્રમાણપત્ર કાઢી આપવાનું આવા બધા દાખલામાં એટલા માટે જરૂરી હોય છે કે જેથી નોંધાયેલા રહેવાસીઓ વગર મુશ્કેલીએ પાછા ફરી શકે. મારા અસીલ હિંદ જવાની તૈયારીમાં છે, અને તેથી જો આપ એમને પ્રમાણપત્ર આપશો તો હું ઉપકૃત થઈશ. આમાં છેતરપિંડીનો કોઈ પ્રશ્ન ન હોઈ શકે; કેમ કે આપ જે પ્રમાણપત્ર કાઢી આપશો તે ઉપરની અંગૂઠાની છાપ બીજા કોઈને તેનો ઉપયોગ કરતાં અટકાવી શકશે.

આપનો આજ્ઞાંકિત સેવક,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૮૮૯

૧. પ્રમુખ, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ, ૧૮૯૯–૧૯૦૧.

Gandhi Heritage Portal

૫૦. અબદુલ હકને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૮, ૧૯૦૫

ભાઈ અબદુલ હક,

પારસી કાવસજી લખે છે કે તમે તેને પા. ૫૦ અપાય તો એક વર્ષની મુદતની ગૅરંટી આપશો. રુસ્તમજી શેઠ શું કહી ગયા છે એ તમને ખબર હશે. તમારા ખાતામાં માંડી તેટલા પૈસા પારસી કાવસજીને આપવા તમને યોગ્ય લાગે તો લખજો એટલે હું ઉમરશેઠને તેટલા પાઉંડનો ચેક કાપવા લખીશ.

હાલ ભાડું દરમાસે કેટલું છે તે જણાવશો.

મો. ક. ગાંધીના સલામ

શ્રી. અબદુલ હક
C/o મેસર્સ જાલભાઈ સોરાબજી બ્રધર્સ
૧૧૦ ફિલ્ડ સ્ટ્રીટ
ડરબન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૮૯૦

૫૧. તૈયબ હાજી ખાન મહમદને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૮, ૧૯૦૫

શેઠ શ્રી તૈયબ હાજી ખાન મહમદ,

આપના કલેમ[1] બાબત સાથેની નકલ પ્રમાણે જવાબ આપ્યો છે. હું દિલગીર છું. હવે લૉર્ડ સેલબૉર્નને વધારે લખવાનું હોય એમ માનતો નથી. લડત વિલાયતમાં લેવી રહી. અથવા તો તૈયબ શેઠ આવે તો અહીં લેવાય.

મો. ક. ગાંધીના સલામ

મેસર્સ તૈયબ હાજી ખાન મહમદ ઍન્ડ કં.
બૉક્સ ૩૫૭
પ્રિટોરિયા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા ગુજરાતી પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૦૦

૧. યુદ્ધથી થયેલી નુકસાની સંબંધમાં.

Gandhi Heritage Portal

૫૨. હાજી હબીબને[1] પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૯, ૧૯૦૫

શેઠ શ્રી હાજી હબીબ,

કરોડિયા બાબત આપનો કાગળ મળ્યો. મેં નોટિસ મોકલી છે.

મો. ક. ગાંધીના સલામ

હું ગઈ કાલે રાતે પ્રિટોરિયા કામસર ગયેલો. સવારના ૭ા વાગ્યાની ટ્રેનમાં આવવાથી હું મળી નથી શક્યો તેની માફી માગું છું. મિ. કૅલનબૅક[2] સાથે સંદેશો મોકલ્યો છે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૦૭

૫૩. અબદુલ કાદિરને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૧૦, ૧૯૦૫

સ્નેહી શ્રી અબદુલ કાદિર,

તમને લખવાનો મને અત્યાર સુધી સમય મળ્યો ન હતો. કામની વાત પર આવતાં પહેલાં મને મોકલેલી સૅન્ડવિચો[3] માટે શ્રીમતી કાદિરનો હું આભાર માનું છું. મજાકમાં મેં જે માગી લીધું તે ખરે વખતે કામમાં આવ્યું. તમે જાણો છો કે મિ. ઉમર અને મિ. દાદા ઉસ્માન મારી સાથે મુસાફરીમાં હતા, અને અમે સૌએ એનું જ વાળુ કર્યું. વળી રસ્તે અકસ્માત થયો હતો. ઍંજિન પાટા પરથી ઊતરી ગયું હતું, એટલે મધરાતે સૌ મુસાફરોને ગાડીઓ બદલવી પડી, પરિણામ એ આવ્યું કે મધરાત બાદ ગાડી ત્રણ કલાક મોડી થઈ, ને તેથી જે સ્ટેશનોએ ભોજનની વ્યવસ્થા થતી તે થઈ શકી નહીં. આ સંજોગોમાં, સૅન્ડવિચોની મેં એકલાએ જ નહીં, પણ ગાડીમાંના મારા અન્ય સાથીઓએ પણ કદર કરી, જોકે તેઓ યુરોપિયનો હતા છતાં તેમને પણ તે ખૂબ ગમી. સૅન્ડવિચ એટલી તો સ્વાદિષ્ટ હતી કે જોહાનિસબર્ગ આવતાં પહેલાં અર્ધી ટોપલી ખાલી થઈ ગઈ. તેથી મિસિસ અબદુલ કાદિરે દર્શાવેલી કૃપા માટે એક વાર ફરી હું તેમનો આભાર માનું છું.

૧. મંત્રી, બ્રિટિશ ઇન્ડિયન કમિટી, પ્રિટોરિયા.

૨. હર્મન કૅલનબૅક, એક ધનવાન જર્મન સ્થપતિ. શ્રી ખાને એમનામાં આધ્યાત્મિક વૃત્તિ જોઈ અને ગાંધીજી સાથે તેમનો પરિચય કરાવ્યો. તેઓ ગાંધીજીના મિત્ર બની ગયા અને તેમના સાદાઈથી જીવવાના પ્રયોગમાં સાથી તરીકે જોડાયા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડત દરમ્યાન તેઓ જેલમાં ગયા. જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ખંડ ૧, પ્ર. ૨૩; ખંડ ૨, પ્ર. ૯–૧૧.

૩. બ્રેડના બે કટકાની વચ્ચે ખાવાની કોઈ ચીજ મૂકીને તૈયાર કરેલી વાનગી.

Gandhi Heritage Portal

બૅંકે લીધેલી ગૅરંટી મિ. અબદુલ ગનીએ[1] મને બતાવી છે. હું ધારું છું કે એ તદ્દન બિનજરૂરી છે. મારા અભિપ્રાય મુજબ ભાગીદારીના વિસર્જનનો દસ્તાવેજ બૅંકની ગૅરંટીને જરા પણ અસર કરતો નથી. ખતપત્રમાં ફેરફાર કરવાનું કારણ હું સમજી શકતો નથી. પરંતુ, બધાં નામોની ફેરફારી નવેસરથી કરવી પડવાની છે એ જોતાં જે થયું છે તેમાં કશી હરકત નથી. હું આશા રાખું છું કે તમે જલદી કામ આગળ ધપાવશો. મિ. મહમદ ઇબ્રાહીમનું નામ કાઢી નાખવામાં કશી મુશ્કેલી આવે એવું નથી, કારણ કે એ પોતે સંમતિ ન આપે તોપણ કોર્ટનો હુકમ પૂરતો છે. હું સમજું છું કે સૌ પક્ષકારો વિસર્જનની જાહેરાત ગૅઝેટમાં કરાવવા ઇચ્છે છે. હું પણ એમ માનું છું. તેથી હું જાહેરાતનો ખરડો[2] મોકલું છું. જો તમે એ મંજૂર રાખો તો પાંચે ભાગીદારો એ પર સહી કરી શકે અને ત્યાંનાં અને અહીંનાં બંને ગૅઝેટોમાં તથા બંને જગ્યાએ અકેક દૈનિક પત્રમાં તેની જાહેરાત થઈ શકે. તમારા લંડનના એજન્ટને લખવાના પત્રનો ખરડો[3] પણ આ સાથે બીડું છું.

ત્યાં આપણી જે મુલાકાતો થઈ તેમાં તમે અત્યંત ડહાપણ અને સ્વસ્થતાથી કામ લીધું તેથી હું ઘણો જ ખુશ થયો છું, અને મારી અંતરની આશા અને પ્રાર્થના છે કે તમારી બંને પેઢીઓ ફૂલેફાલે તથા તમે સૌ સંપૂર્ણ મેળથી રહો. મારી એ પણ સલાહ છે કે, જોકે લાંબે ગાળે દક્ષિણ આફ્રિકાનું ભાવિ નક્કી ઉજ્જ્વલ છે, છતાં તમારાં ઉપાડેલાં કામો બાબતમાં તમે ખૂબ સાવધાની રાખશો. આપણે હજી વધારે ખરાબ સમયમાંથી પસાર થવું પડશે, અને જે લોકો આ હકીકત ધ્યાનમાં રાખશે તેમને અંતે લાભ થશે. અહીં ઘણો મોટો વેપાર ખીલવી શકાય એમ છે એની મને શંકા નથી, પરંતુ ચારે બાજુ ઊંડું ધ્યાન રાખવાનું જરૂરી છે.

તમારો સાચો,

મો. ક. ગાંધી

મિ. અબદુલ કાદિર
C/o મેસર્સ એમ. ઓ. કમરુદ્દીન ઍન્ડ કં.
પો. ઑ. બૉક્સ ૧૮૬
ડરબન

[મૂળ અંગ્રેજી]

પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૧૨

૧. ચૅરમૅન, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન.
૨. અને ૩. અપ્રાપ્ય.

Gandhi Heritage Portal

૫૪. મેસર્સ પકર્સ લિમિટેડને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૧૧, ૧૯૦૫

મેસર્સ પકર્સ લિમિટેડ,
પો. ઑ. બૉક્સ ૨૭૮૯
જોહાનિસબર્ગ

વહાલા સાહેબ,

વિષય : જગન્નાથ

આ બાબતમાં આજ સવારે મુકદ્દમો ચાલ્યો હતો. બે સાક્ષીઓએ એ મતલબની જુબાની આપી કે, અમે એક પાઉંડ માખણની માગણી કરી હતી અને મિ. લેવીએ મને બતાવેલો તેના જેવો એક પિંડો ઇન્સ્પેક્ટરને આપવામાં આવેલો, અને પૈસા આપવામાં આવ્યા પછી ઇન્સ્પેક્ટરે પિંડાનું વજન કરેલું. એ વજન કરતા હતા તે દરમિયાન આરોપીએ પિંડા પર પાડેલું લખાણ બતાવેલું. કાયદા હેઠળ આ સ્પષ્ટ રીતે ગુનાભર્યું કૃત્ય હતું, પરંતુ મૅજિસ્ટ્રેટે એવો મત બાંધ્યો કે આ બાબતમાં આરોપી તદ્દન નિર્દોષ હતો. તેમણે માત્ર ૧ પાઉંડ દંડની શિક્ષા કરી. સંજોગો જોતાં મારાથી વધુમાં વધુ આટલું જ થઈ શકે એમ હતું. એમ જણાય છે કે ગયે અઠવાડિયે આને મળતો એક બીજો કિસ્સો અદાલત સમક્ષ આવ્યો હતો. જુબાનીમાંથી એમ પણ જણાયું કે વેચેલા પિંડા પર મારેલી છાપ બિલકુલ ઊકલતી નહોતી. લેબલની બધી બાજુઓ પર જો ઘણા મોટા અક્ષરમાં લખાણ ન કર્યું હોય તો મને ભય છે કે, છૂટક વેચનારાને દંડ વહોરવાનું જોખમ છે, અને એ દંડ ઘણો ભારે હશે, કેમ કે એક પાઉંડ વજનનું માખણ માગનાર ઘરાકને ઉપર વર્ણવેલા પ્રકારનો પિંડો વેચવા માટે સામાન્ય દંડ ૨૦ પાઉંડ છે. આથી હું માનું છું કે લેબલ ઉપર વધારે સારું લખાણ હોવું જોઈએ, અથવા તો તમારા બધા ઘરાકોને કહેવું જોઈએ કે આ પિંડો તેઓ જ્યારે જ્યારે વેચે ત્યારે દરેક વખતે ખરીદનારને એવું જણાવે કે વજન બાબત કોઈ પ્રકારે ખાતરી આપી શકાય એમ નથી.

આ કામ માટે હું તમારે ખાતે પાઉંડ ૩–૩–૦ ઉધારું છું.

તમારો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૨૨

Gandhi Heritage Portal

૫૫. લૉર્ડ સેલબૉર્ન આગળ અગત્યનું ડેપ્યુટેશન

કાળા માણસના હક — ચર્ચ કાઉન્સિલની લડત — લૉર્ડ સેલબૉર્નનો આશાભર્યો જવાબ — મિ. હૉસ્કેનનું જોરાવર ભાષણ

કાફરાઓની જમીનના હક વિષે સુપ્રિમ કોર્ટે આપેલા ઠરાવ ઉપર હજુ ટ્રાન્સવાલમાં ચર્ચા ચાલી રહી છે. સર રિચર્ડ સૉલોમને સ્પષ્ટ બતાવી આપ્યું છે કે કાફરાઓને બોઅરના વખતમાં જમીનના હક પૂરતા હતા. અને સુપ્રિમ કોર્ટના ઠરાવથી તેઓના હકમાં કંઈ વધારો થતો નથી, એથી કરીને તેઓના હક ઓછા કરવાનો કાયદો સરકાર નથી લાવી શકતી એવો જવાબ તેમણે આપ્યો. પહેલાં જેમ નેટિવ કમિશનર નામે કાફર લોકો જમીન લેતા તેમ જ હાલ પણ લઈ શકે એટલો ફેરફાર કરવાની તેઓ સાહેબે હા પાડી છે અને એમ પણ બતાવ્યું છે કે એ પ્રમાણે કાયદો ઘડવાથી કંઈ નેટિવ કમિશનરને હા યા ના પાડવાનો હક નહીં મળે. આ વાત રૅન્ડ પાયોનિયરને નથી રુચતી. તેઓ એમ કહે છે કે નેટિવ કમિશનરને પોતાને નામે કાફરાઓની જમીન ચડાવવાની ના પાડવાને હક મળવો જોઈએ. આ ઉપરથી જોહાનિસબર્ગની ચર્ચ કાઉન્સિલ જાગી છે. તેઓનું ડેપ્યુટેશન તા. ૫મી એ લૉર્ડ સેલબૉર્નને મળ્યું. તેમાં મુખ્ય બોલનાર મિ. હૉસ્કેન હતા. મિ. હૉસ્કેને પોતાનું ભાષણ કરતાં જણાવ્યું કે જ્યારે લડાઈ થઈ ત્યારે ઘણા માણસો વિરુદ્ધ હતા છતાં લડાઈની સામે બોલતા ન હતા તે એમ સમજીને કે એ લડાઈ સારા કામને સારુ હતી. બંદીવાનોના બંધ છોડવાને સારુ હતી. કાળા લોકોની ઉપર જે જુલમ ગુજરતા હતા તે દૂર કરવાના હેતુથી એ લડાઈ હતી. પણ લડાઈ પછી જે કાયદાઓ બન્યા છે તે ઉપરની ઉમેદ ભંગ કરવા જેવા છે. તેમાં મુખ્યત્વે કરીને કાળા લોકોની ઉપર પડતી હાલાકી છે. કાળા લોકો બોઅરના વખતમાં કેટલેક દરજ્જે હાલ કરતાં સુખી હતા. તેઓને વચન આપવામાં આવ્યું હતું કે લડાઈ બાદ તેઓનાં દુ:ખ દૂર થશે. પણ તેમ નથી થયું. તેઓએ લડાઈમાં બહુ સારો ભાગ લીધો હતો. તેઓ બહુ વફાદાર છે. તેનો બદલો તેઓને ખરાબ મળે છે ને તેઓની સામે નવા કાયદાઓની વાત ચાલે છે. આમ થયા કરશે તો જેઓ હાલ વફાદાર છે, તેઓ બેવફા થશે તેમાં તેઓનો વાંક નહીં ગણાય અને આજે જે ન્યાય આપવાની બ્રિટિશ સરકારની ફરજ છે તે ન્યાય પાછળથી બંડની ધાસ્તીથી જોરાવરીએ આપવો પડશે.

કાળા લોકોમાં ઘણા સુધરેલા છે. મરહૂમ મિ. રોડ્સ કહી ગયેલ છે કે દરેક સુધરેલા માણસને સરખા હક હોવા જોઈએ. આ તેમના વચનમાં ફેરફાર કરવાનું કશું કારણ નથી. કાળા લોકોએ પોતાને ખર્ચે દેવળો બાંધ્યાં છે. તેઓ ઘણી સારી સ્થિતિમાં રહે છે. તેવા માણસને જમીનના હક ન હોય એ ગેરવાજબી ગણાય.

તેઓની પાસેથી પાસ માગવામાં આવે છે તે પણ જુલમ થોડો નથી. હાલ જે તવારીખ બહાર પડી છે તે ઉપરથી જણાય છે કે ટ્રાન્સવાલના જેલખાનામાં ઘણા માણસો તો એવા છે કે જેઓએ ફોજદારી ગુના નથી કર્યા. એટલે કે પાસ ન હોવાથી કેદમાં ગયેલા એવા ઘણા કાફરો છે. આમ બોઅર રાજ્યમાં કદી નહોતું થતું.

સારા પોશાક પહેરેલા કાળા માણસોને બીજા કે પહેલા વર્ગની ગાડીમાં મુસાફરી કરવાનું નથી મળતું એ પણ અસંતોષની વાત છે.

Gandhi Heritage Portal

મિ. ગિબ્સને મિ. હૉસ્કેનના ભાષણને ટેકો આપ્યો. મિ. વૉલ્ટર એવન્સે કહ્યું કે તેનો અનુભવ ૩૦ વર્ષનો છે. કેપમાં તથા નાતાલમાં કાળા માણસો જમીન ખરીદી શકે છે તેનું પરિણામ ખરાબ નથી આવ્યું તેમ ટ્રાન્સવાલમાં પરિણામ ખરાબ આવશે એમ માનવાનું કારણ નથી.

રેવરન્ડ મિ. ફિલિપ્સે કહ્યું કે હું મારે ખર્ચે લડાઈને ઉત્તેજન આપવા વિલાયત ગયો હતો. ત્યાં કાળા માણસોની ઉપર પડતી ઈજાની વાત હું કરતો ત્યારે મને પાર્લમેન્ટના મેમ્બરો તથા બીજા મોટા માણસો કહેતા કે લડાઈ પૂરી થયા બાદ કાળા માણસોનાં દુઃખનો અંત આવશે. પણ આમ થવાને બદલે તેઓની ઉપર તકલીફ વધારે પડે છે એ શરમની વાત છે.

લૉર્ડ સેલબૉર્ને જવાબ આપતાં જણાવ્યું કે હું થોડી જ મુદત થયાં આવ્યો છું એટલે ચોક્કસ વિચાર નથી બાંધી શકયો. પણ મેં જણાવ્યું છે કે કાફરોના જે હક અગાડી હતા તેનાથી ઓછું કરવાની રજા હું નહીં આપું. રેલવે બાબત હજુ હું તપાસ કરું છું અને તે બાબત ન્યાય મળશે એમ માનું છું. બોઅરના વખતમાં સારું હતું કે તેનો મુકાબલો હું નહીં કરું પણ એટલું તો કહું છું કે સુધરેલા કે આણઘડ કાફરની ઉપર જરાયે જુલમ થતો હોય તો હું તે બ્રિટિશ રાજ્ય ઉપર બટ્ટો ગણું છું. તેથી કરીને મારું મન બહુ જ દુખાય. પણ મને ખાતરી છે કે એવા અન્યાયના દાખલા ઍટર્ની જનરલની નજરે આણ્યા હોય તો ન્યાય મળશે જ.

આવા લૉર્ડ સેલબૉર્નના શબ્દો ઉપરથી આપણને આશા બંધાય છે કે અંતે ન્યાય થશે. જે કાફરાઓને લાગુ પડે છે તે હિંદીઓને લાગુ પડે છે. અને જો કાફરોને ન્યાય મળે તો આપણને પણ મળવો જોઈએ. જોવાનું એ રહ્યું કે જેટલું બોલવાનું બળ લૉર્ડ સેલબૉર્ને બતાવ્યું છે તેવું કરી દેખાડવાનું બળ તેઓ સાહેબ બતાવશે કે નહીં.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२-८-१९०५

૫૬. નાતાલના નવા કાયદા

લોકેશન બાબત તથા જમીન ઉપર કર નાંખવા બાબત જે કાયદા કરવાનો વિચાર નાતાલ પાર્લમેન્ટે રાખ્યો હતો, તે તૂટી પડયો છે. લેજિસ્લેટિવ કાઉન્સિલે આ બંને બિલો, તથા કાફરો ઉપર કર નાંખવાનાં બિલ રદ કર્યાં છે. એટલે હાલને સારુ તો આપણને જે લોકેશનની ધાસ્તી હતી તે દૂર થઈ છે. જોકે આ કાયદા આપણી અરજીથી દૂર થાય છે એમ નહીં કહી શકાય. છતાં અરજીની અસર થઈ છે એમાં કંઈ શક ન ગણાય. આ ઉપરથી આપણે ધડો લેવાનો છે કે, આપણે મહેનત કરીએ તો કંઈક ફતેહ મળ્યા વિના ન રહે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–८–१९०५

Gandhi Heritage Portal

૫૭. ટ્રાન્સવાલમાં કાફરોને જમીનના હક

ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટ કાળા લોકોને હંમેશાં લાભ આપ્યા કરે છે. એટલે કે ગોરાઓની ધાસ્તી રાખ્યા વિના કાળાધોળાને ન્યાયી અદાલતમાં સરખા ગણી ઈન્સાફ આપે છે. ફ્રીપોર્ટમાં કાફરાઓનું ચર્ચ છે, તે ચર્ચ તેના ટ્રસ્ટીઓના નામ ઉપર ચડાવવાની અરજી કરતાં હાઈકોર્ટે[1] ઠરાવ્યું છે કે એ પ્રમાણે જમીન કાળા માણસના નામ ઉપર ચડી શકે છે. કાયદો તેમ જમીન ચડાવવાને મના કરતો નથી. આ કેસ ઉપરથી એમ જણાય છે કે પ્રિટોરિયા, હેડલબર્ગ વગેરે જગ્યામાં મસ્જિદો છે તે ટ્રસ્ટીઓના નામ ઉપર ચડી શકે. આ સવાલ પ્રિટોરિયા વગેરેની જમાતે ધ્યાનમાં લેવા જેવો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–८–१९०५

૫૮. ઇંગ્રેજ અને જાપાન વચ્ચેની સલાહ

ઈંગ્રેજ અને જાપાનની સલાહ વિષે ફરી વિચાર કરવાનો વખત નજીક આવતો જાય છે તેથી તે વાત ઈંગ્રેજી રાજદ્વારી મંડળોમાં ચર્ચાઈ રહી છે. સને ૧૯૦૨ના જાન્યુઆરીની ૩૦મી તારીખે તે બંને રાજ્ય વચ્ચે પાંચ વરસ સુધીની સલાહના કોલકરાર થયેલા હતા. પણ જો ચોથા વરસની આખર સુધીમાં કોઈ પણ પક્ષ તફથી સલાહ તોડવાની ચેતવણી ન મળે તો તે સલાહ પાંચ વરસ ઉપરાંત જારી રહે, અને ત્યાર પછી સલાહ તોડવાનો ઈરાદો કરનાર પક્ષે એક વર્ષ પહેલાં ચેતવણી આપવી જોઈએ. આ સલાહના અંત સમયે કોઈ પણ પક્ષ લડાઈમાં ગૂંથાયેલ હોય તો તેની શાંતિ થતાં સુધી તે સલાહ અમલમાં રહે.

વળી જો બે માંહેના એક પક્ષને કોઈ સત્તા સાથે લડાઈમાં ઊતરવાનું થાય તો બીજા પક્ષે કોઈ ત્રીજી સત્તાને તેમાં સામેલ ન થવા દેવા પ્રયત્ન કરવો. અને જો કોઈ ત્રીજી સત્તા લડાઈમાં ઊતરેલા પક્ષની વિરુદ્ધ બાજુને મદદ કરે તો બીજા પક્ષે તેની મદદે ધાવું.

ઉપરની શરતો પ્રમાણે જો આવતા વરસની જાન્યુઆરીની ૩૦મી તારીખ સુધીમાં સલાહ તોડવાની ચેતવણી કોઈ પક્ષને નહીં મળે તો તે પાંચ વરસ ઉપરાંત જારી રહેશે. તેથી ઊલટું જો સલાહ તોડવાની ચેતવણી તે દરમિયાન મળશે, અને સલાહનો અંત આવવા છતાં પણ રશિયા સાથે લડાઈ ચાલુ હશે તો તેની સમાપ્તિ થતાં સુધી સલાહ અમલમાં રહેશે.

ઈંગ્રેજ અને જાપાન બંને પક્ષને આ સલાહ બહુ ફાયદો કરનાર નીવડી છે. ખરું જોતાં તો તેથી આખી દુનિયાને ફાયદો થયો છે એમ માનવું જોઈએ, કારણ કે રશિયાને મદદ કરવા જો કોઈ ત્રીજી સત્તા ઊતરી હોત તો ઈંગ્રેજને જાપાનની મદદે ચડવું પડત અને તેથી આખી દુનિયાની સુલેહમાં મોટું ભંગાણ પડત તે દેખીતું છે. તે ઉપરથી આ સલાહ આગળ જારી રહેશે એવી આશા બાંધવાને સઘળાં કારણો મળે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–८–१९०५

૧. 'સુપ્રિમ કોર્ટ'ને બદલે ભૂલથી 'હાઈકોર્ટ' લખાયું હોય એવું લાગે છે.

Gandhi Heritage Portal

૫૯. તૈયબ હાજી ખાન મહમદ ઍન્ડ કું. ને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૧૨, ૧૯૦૫

શેઠ શ્રી તૈયબ હાજી ખાન મહમદ ઍન્ડ કું.

આપનો કાગળ મળ્યો. હાઈ કમિશનરને હવે લખાણ થાય એવું નથી. વિલાયત પહોંચવું એ જ રહ્યું છે. અથવા તો અહીં જ પાછી ધાંધલ થાય તો બને. ત્યાંના મેયરને મળો ને તેને પૂછો કે તે શું કહે છે. વિલાયત લખાણ તુરત કરવાની સલાહ હું નથી આપી શકતો. કેમ કે જો તૈયબ શેઠ આવશે તો ખરી લડત અહીં લેવાની છે. જેમ દિવસ જાય છે તેમ હરકત આવશે. નીચે પ્રમાણે કેબલ કરો તો સારું.

> હાઈ કમિશનર દાવા અંગે વચ્ચે પડવાની ના પાડે છે. આગ્રહપૂર્વક તમને આવવાની સલાહ આપું છું.

તૈયબ શેઠને પરમિટની જરૂર નહીં પડે, એટલે તેની ફિકર નથી કરવાની.

મો. ક. ગાંધી

મેસર્સ તૈયબ હાજી ખાન મહમદ ઍન્ડ કું.
બૉક્સ ૩૫૭
પ્રિટોરિયા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૩૪

૬૦. હાજી હબીબને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૧૪, ૧૯૦૫

સેક્રેટરી સાહેબ,

આપના કાગળો આવવાથી મારાં ભાષણ[1] મને યાદ આવે છે. આપને મેં કહ્યું હતું કે હું સ્ટારની તારીખ મોકલીશ. ચાર ભાષણ ૧૦, ૧૮ ને ૨૯ માર્ચના સ્ટારમાં બહાર પડયાં છે. એ બધાં ભાષણ હરકોઈ પણ જગ્યાએ મોકલી તેનો ખુલાસો મંગાવવામાં હું બહુ રાજી છું. એ ભાષણો હું ફરી ઇંગ્રેજીમાં વાંચી ગયો છું. અને મારે કહેવું જોઈએ કે તેમાં કોઈ ધર્મની સામે મેં એક પણ કડવું વચન કહ્યું નથી. દરેકની તારીફ કરી છે ને દરેકની સારી ખૂબીઓ બતાવી છે. મારા સ્વપ્નામાં પણ કોઈને દુઃખ લગાડવાનો ખ્યાલ ન હોય. છતાં કેટલાક ભાઈઓને માઠું

૧. "હિંદુ ધર્મ" વિષેનાં ચાર ભાષણોની શ્રેણી : જુઓ પુ. ૪, પા. ૪૧૭, ૪૨૪ અને ૪૫૯.

Gandhi Heritage Portal

લાગ્યું છે તેથી હું દિલગીર થયો છું. અને કોઈ પણ રીતે હું તેઓનાં મન શાંત પાડી શકું તો શાંત પાડવા માગું છું. હજુ પણ વધારે ખુલાસો જોઈએ તો મંગાવશો.

મો. ક. ગાંધીના સલામ

શ્રી હાજી હબીબ
બૉક્સ ૫૭
પ્રિટોરિયા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૫૦

૬૧. પરમિટ ખાતાના મુખ્ય મંત્રીને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૧૫, ૧૯૦૫

મુખ્ય મંત્રી, પરમિટ ખાતું
પો. ઑ. બૉક્સ ૧૧૯૯
જોહાનિસબર્ગ

સાહેબ,

આ પત્ર લાવનાર જોન સૌકાલને હું તેની પરમિટ તથા નોંધણી માટે મોકલું છું. તેની પાસે જે દસ્તાવેજો છે તે, મારા મત મુજબ, નિશ્ચયાત્મક રીતે બતાવે છે કે તે ૩૧ મે ૧૯૦૨ના રોજ સંસ્થાનમાં વસતો હતો અને ત્યારથી આજ સુધી વસે છે. વળી, હું એમ પણ માનું છું કે પોતાની નોંધણી બાબત તે જે વિગતો આપે છે તે દર્શાવે છે કે એ બોઅર સરકાર હેઠળ નોંધાયેલો હોવો જોઈએ. ખાસ કરીને જ્યારે તે લાંબા વખતથી આ દેશમાં રહ્યો હોય ત્યારે એના વર્ગનો માણસ નોંધણીમાંથી છટકી શકે નહીં અને પત્ર લાવનાર નિ:સંદેહ અહીં લાંબા સમયથી રહેતો હોય એમ લાગે છે. એ મને જણાવે છે કે જોહાનિસબર્ગમાં હાલ એના કોઈ એવા ઓળખીતા નથી કે જે એણે બોઅર સરકાર હેઠળ નોંધણીનો દાખલો કઢાવેલો હતો તેવું પ્રમાણપત્ર આપી શકે. મને એ માણસ બહુ ગરીબ લાગે છે. જોકે સામાન્ય રીતે હોય છે તેમ પોતે પૂર્વે ત્રણ પાઉંડ ભરેલા એ બાબતમાં એ ઍફિડેવિટ રજૂ કરી શકે એમ નથી, છતાં હું વિશ્વાસ રાખું છું કે આપ એને પરમિટ કાઢી આપવા તથા એની નવેસર નોંધણી કરવા કૃપા કરશો. આ કેસ મને સંપૂર્ણપણે શુદ્ધ દાનતનો તથા છૂટછાટને પાત્ર લાગે છે.

આપનો આજ્ઞાંકિત સેવક,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૭૧

Gandhi Heritage Portal

૬૨. અબદુલ રહેમાનને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૧૬, ૧૯૦૫

મિ. અબદુલ રહેમાન
પો. ઑ. બૉક્સ ૧૨
પૉચેફસ્ટ્રૂમ

વહાલા સાહેબ,

*ઇન્ડિયન ઓપીનિયન*ના ગ્રાહકોની નોંધણી સંબંધમાં તમે મિ. કલ્યાણદાસ[1]ને મદદ કરી તે માટે તમારો ખૂબ આભાર માનું છું. પૉચેફસ્ટ્રૂમમાંના માલના વીમા સંબંધે તમે મને વાત કરી હતી. જો મકાનો સારાં અને લાયક હોય તો પા. ૭–૬ના દરે આવી મિલકતનો વીમો ઉતારનાર એક કંપની છે. જો કોઈને પોતાની મિલકતનો વીમો ઉતરાવવો હોય તો મહેરબાની કરી મને જણાવશો.

સાચે તમારો,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
પત્રપોથી (૧૯૦૫) : નં. ૯૮૧

૬૩. હિંદુસ્તાન જાગશે શું?

બંગાળના બે ભાગ કરી એક ભાગ આસામની સાથે જોડી દેવાની હિલચાલ કર્ઝન સાહેબ ઘણા વખતથી કરી રહ્યા છે. તેનું કારણ એમ બતાવે છે કે, બંગાળ એવડો મોટો પ્રાંત છે કે એક ગવર્નર તેનું બધું કામ નથી જોઈ શકતા. આસામ એ નાનો પ્રાંત છે. તેની વસ્તી બહુ થોડી છે, પણ તે બંગાળને લગતું છે. એટલે બંગાળનો કેટલોક ભાગ આસામની સાથે જોડી દેવો એમ નામદાર ગવર્નર જનરલનો ઈરાદો છે. બંગાળની પ્રજા કહે છે કે, બંગાળી અને આસામી બે તદ્દન નોખા છે. બંગાળી અત્યંત કેળવાયેલા છે. તેઓ કંઈ જમાનાથી સાથે રહ્યા છે. તેઓના વિભાગ કરી તેઓનું બળ તોડવું અને તેઓમાંના ઘણાંને આસામની સાથે જોડવા એ બહુ ગેર-ઈન્સાફી કામ છે. આ બાબત બહુ ચર્ચા થઈ ચૂકી છે. થોડા દિવસ પહેલાં મિ. બ્રૉડ્રિકે જણાવ્યું કે કર્ઝનસાહેબનો વિચાર તેમણે પસંદ કર્યો છે. આ ખબર હિંદુસ્તાન પહોંચતાં બંગાળમાં ગામોગામ સભાઓ ભરાય છે. તેમાં તમામ માણસોએ ભાગ લીધો છે. ચીના વેપારીઓ પણ દાખલ થયાનું સંભળાય છે. તે સભાઓ એવી ભારે થઈ કહેવાય છે કે તેના તાર લાંબા દક્ષિણ

૧. કલ્યાણદાસ જગમોહનદાસ મહેતા, જે ગાંધીજી સાથે ૧૯૦૩માં દક્ષિણ આફ્રિકા ગયેલા અને પાંચ વરસ સુધી એમની સાથે રહેલા. ૧૯૦૪માં જોહાનિસબર્ગમાં પ્લેગ દરમિયાન એમણે ઘણું કામ કર્યું હતું.

Gandhi Heritage Portal

આફ્રિકામાં આવ્યા છે. આ સભામાં પહેલી વખતે જ સરકારને હંફાવે એવા ઠરાવ દાખલ થયા લાગે છે. ભાષણોમાં એમ બોલાયું જણાય છે કે જો સરકાર દાદ ન આપે તો હિંદી વેપારીઓએ બિલકુલ વિલાયતની સાથે વેપાર નહીં કરવો. આ આપણા લોકો ચીનની પાસેથી શીખ્યા એમ આપણે કબૂલ કરવું જોઈએ. પણ જો આ પ્રમાણે ખરેખર કરી બતાવે તો આપણાં દુઃખનો છેડો તુરત આવે એમાં નવાઈ નથી. કેમ કે આમ થાય તો વિલાયતને બહુ નુકસાન થાય. તેની સામે સરકારની પાસે ઉપાય પણ ન મળે. લોકોને વેપાર કરવાની ફરજ નહીં પાડી શકે. ઉપાય ઘણો સીધો અને સરલ છે. પણ આપણા લોકો બંગાળમાં એટલો સંપ જાળવશે? વેપારીઓ દેશના ભલાને સારુ નુકસાન સહન કરશે? જો આ બંને સવાલના જવાબમાં હા કહી શકીએ તો હિંદુસ્તાન ખરેખર જાગ્યું ગણાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–८–१९०५

૬૪. સર મંચેરજી અને મિ. લિટલટન

ટ્રાન્સવાલમાં હિંદીઓની ઉપર પડતાં દુઃખો બાબત ગયે વરસે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં એવો ઠરાવ પસાર થયો હતો કે મિ. લિટલટને કમિશન નીમવું. સર મંચેરજીએ લખેલું કે એ કમિશન નીમવામાં પોતે સંમતિ આપે છે. આ બાબતનો સવાલ પાછો તે સાહેબે પૂછ્યો છે તેના જવાબમાં મિ. લિટલટને કહ્યું કે હજુ તે બાબતની ચર્ચા ચાલે છે એટલે જણાય છે કે મિ. લિટલટન સાથે ટ્રાન્સવાલની ગવર્નમેન્ટ તકરાર ચલાવ્યા કરે છે, અને બેઉની વચ્ચે એકમત નથી. મિ. લિટલટનની માગણી એ છે કે નાતાલ કૉલોની માફક ઈમિગ્રેશન કાયદા કરવા. સર આર્થર લૉલી માગે છે કે હિંદીઓને જ લાગુ પડે તેવા કાયદા કરવા.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–८–१९०५

૬૫. ઈલિઝાબેથ ફ્રાઈ[1]

ઈંગ્રેજી પ્રજા આપણી ઉપર રાજ્ય કરે ને આપણી દશા ખરાબ છે તેનાં ઘણાં કારણો છે. તેમાંનું એક કારણ એ છે કે ઈંગ્રેજી પ્રજામાં હાલના જમાનામાં બહાદુર, ધાર્મિક અને પવિત્ર સ્ત્રીપુરુષો આપણા કરતાં વધારે થયાં જણાય છે. ગમે તેમ હોય પણ પવિત્ર સ્ત્રીપુરુષોનાં વૃત્તાંતો જાણવાથી તથા તેનું હમેશાં ચિંતવન કરવાથી આપણને ફાયદો થયા વિના નહીં રહે એમ સમજી અમે વખતોવખત તેવી જિંદગીઓનું વૃત્તાંત આપ્યા કરશું. અમે ઉમેદ રાખીએ છીએ કે આ છાપાંના વાંચનાર તે વાંચી અને તેવું વર્તન કરી અમને ઉત્તેજન આપશે. અમે અગાઉ લખી ગયા છીએ કે इन्डियन ओपीनियनની ફાઈલ દરેક ગ્રાહકે કરવી. આ વાતની આ પ્રસંગે અમે ફરી યાદ આપીએ છીએ.

૧. ઈલિઝાબેથ ફ્રાઈ, (૧૭૮૦થી ૧૮૪૫) "સોસાયટી ઑફ ફ્રેન્ડ્ઝ"નાં તેઓ સભ્ય હતાં, જેલ સુધારાની પ્રવૃત્તિનાં આદિ પ્રણેતા હતાં.

Gandhi Heritage Portal

મિસિસ ઇલિઝાબેથ ફ્રાઈ તે એક સૈકા પહેલાં ઇંગ્લંડમાં થઈ ગઈ. તે બાઈ અત્યંત ધાર્મિક હતી અને હમેશાં માણસ જાતનાં દુ:ખો કાપવામાં મદદ કરવા તરફ તેનું ધ્યાન રહેતું હતું. તે પોતે હમેશાં માંદી રહેતી, તેની તેણે દરકાર નહીં કરી. દુ:ખો પોતાની ઉપર પડે તેથી તે હારતી નહીં. ઇંગ્લંડમાં ન્યૂગેટ નામનું કેદખાનું છે તે કેદખાનામાં સ્ત્રીપુરુષ કેદીઓ સો વર્ષ પહેલાં જેમ તેમ રહેતાં. તેઓની સંભાળ કોઈ રાખતું નહીં. તેઓની દશા ઘણી ખરાબ હતી. તેઓમાં ગુનો ઘટવાને બદલે વધતો. તેઓની જિંદગી ઘણે ભાગે જાનવરના જેવી હતી, પરિણામ એ આવતું કે જેઓ ન્યૂગેટમાં સજા ભોગવી જતા તેઓ તેમાંથી નીકળતા ત્યારે તેઓની સ્થિતિ દયામણી થતી. આ દુ:ખ ભલી ઇલિઝાબેથ ફ્રાઈ જોઈ શકી નહીં. તેનો જીવ બળવા લાગ્યો ને પોતે પોતાની જિંદગી આવા કેદીઓની દશા સુધારવામાં અર્પણ કરી. સત્તાવાળાઓની રજા મેળવી મુખ્યત્વે કરીને સ્ત્રીજાતના કેદીઓને મદદ કરવા લાગી. તેઓને આસાએશ આપતી. એટલું જ નહીં પણ પોતાના લખાણથી અને પોતાની મહેનતથી સત્તાવાળાઓની મારફતે સુધારાઓ દાખલ કર્યા. આ પ્રમાણે મહેનત કરવાથી કેદીઓની સ્થિતિ ઘણી સુધરી. પણ એટલું તેના હિસાબમાં બસ ન હતું. આ કેદીઓને તે વખતે ઑસ્ટ્રેલિયામાં મોકલવામાં આવતા. વહાણમાં તેઓની ઉપર બહુ ઈજા પડતી. સ્ત્રીકેદીઓની લાજ પણ ન રહેતી. ઇલિઝાબેથે જોયું કે તેનું કરેલું બધું કામ આ કેદીઓને લઈ જવામાં વહાણોમાં ધોવાઈ જતું હતું. આ દુ:ખ ટાળવા પોતે ઘણી મુસીબતો સહન કરી વહાણો ઉપર જતી. છેવટે આ વહાણોમાં પડતાં દુ:ખો પણ પોતે ટાળ્યાં. વળી ઑસ્ટ્રેલિયામાં કેદીઓને દુ:ખ પડતું તેમાં પણ સુધારો કરાવ્યો અને એવો કાયદો થયો કે ઑસ્ટ્રેલિયામાં પહોંચ્યા પછી છ મહિના સુધી કેદીઓને તાલીમ આપ્યા બાદ બીજાઓને નોકરીમાં સોંપવા. આમ બહુ દુ:ખિયાનાં દુ:ખમાં ભાગ લેતી આ ભલી બાઈ પોતાનું દુ:ખ ભૂલી જઈ ઈશ્વરનું ભજન કરતી મરણ પામી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–८–१९०५

૬૬. બ્રિટિશ ઍસોસિયેશન[1] : એક સૂચન

સુવિખ્યાત વૈજ્ઞાનિકોના આ મંડળને પોતાની ભૂમિ ઉપર આવકારવાનું અજોડ માન દક્ષિણ આફ્રિકાને મળ્યું છે. વિજ્ઞાનની પ્રગતિ માટે સ્થપાયેલું બ્રિટિશ ઍસોસિયેશન એવી એક સંસ્થા છે જેને માટે બ્રિટિશ સામ્રાજ્ય મગરૂર થઈ શકે. પોતાના સમાન આદર્શવાળી સંસ્થાને આ ઉપખંડની મુલાકાતે આવવાનું નિમંત્રણ આપવાનો દક્ષિણ આફ્રિકન ઍસોસિયેશનને વિચાર આવ્યો એ ખુશીની વાત છે. આમાંથી વ્યાપક અસર કરનારાં પરિણામો નીપજે એવો સંભવ રહે છે. વિજ્ઞાનને લોકપ્રિય બનાવવાના મંડળના મુખ્ય હેતુ માટે કાંઈક સંગીન કામ કરવામાં આવશે એટલું જ નહીં, પરંતુ આ મુલાકાત દક્ષિણ આફ્રિકા અને બ્રિટનને તથા સંસ્થાનોને એકબીજાની નિકટ લાવવાનું બીજું વધારે અગત્યનું પરિણામ સિદ્ધ કરવામાં સહાયભૂત બનશે. બ્રિટિશ ટાપુઓ બહાર પોતાનું સંમેલન ભરવાનો ઍસોસિયેશનનો આ ત્રીજો પ્રસંગ છે. આવી બેઠકોનું

૧. ૧૮૩૧માં સ્થપાયેલું.

Gandhi Heritage Portal

મહત્ત્વ જોતાં તથા સભ્યોને જે ઉમળકાભર્યો આવકાર આપવામાં આવ્યો છે તે જોતાં એમ લાગે છે કે આ પ્રસંગ કાંઈ છેલ્લો નહીં હોય. આ ઍસોસિયેશનનું સંમેલન હિંદમાં પણ ભરાય તે દિવસની અમે રાહ જોઈએ છીએ. અમે માનીએ છીએ કે આવી બેઠક માત્ર હિંદને માટે જ નહીં, પણ ઍસોસિયેશનને માટે પણ ઘણે અંશે ફાયદાકારક નીવડશે.

અમે નમ્રતાપૂર્વક એક સૂચના કરીએ છીએ. અમે કહ્યું છે કે, દૂર દૂર ફેલાયેલાં તાજનાં સંસ્થાનોને પરસ્પર નિકટ લાવવા આવી બહારની મુલાકાતો ખૂબ ઉપયોગી નીવડશે; અને આ ઍસોસિયેશન જે સામ્રાજ્યની મોટામાં મોટી દોલત પૈકીની એક છે તેને એવી દોલત તરીકે સર્વત્ર સ્વીકારવામાં આવે તે માટે અમારું સૂચન છે કે સંસ્થાનું નામ સુધારીને, "વિજ્ઞાનની પ્રગતિ માટેનું બ્રિટિશ એમ્પાયર ઍસોસિયેશન" રાખવું.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २६–८–१९०५

૬૭. લૉર્ડ કર્ઝન

લૉર્ડ કર્ઝને પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે. હાલના સંજોગો એવા હતા કે, લૉર્ડ કર્ઝનને તે હોદ્દા પરથી ન ખસેડી શકાય પણ નસીબજોગે બન્યું એવું કે તેને જવું જ પડયું, અને તે ઘણી જ અણધારી સ્થિતિમાં. લૉર્ડ કર્ઝનનો મોભો બહુ જબરો હતો અને તે મોભામાં અને મોભામાં જ તે જે જે કરવા ધારતો તેમાં ફાવવાની આશા રાખતો. લૉર્ડ કર્ઝનની રાજ્ય ચલાવવાની રૂઢિથી દુ:ખી થતા લાખો માણસોના નિસાસાનું આ પરિણામ જણાય છે. અમે એમ તો ધારીએ છીએ કે લૉર્ડ કર્ઝને જે જે કાર્યો કર્યાં છે તેમાં તેનો હેતુ સારો હતો. તે પોતે તો એમ જ ધારતો કે હિંદુસ્તાનના લોકોનું ભલું જ કરે છે. તે જ્યારે ભાષણ આપતો ત્યારે લોકોને એમ જ સમજાતું કે હિંદુસ્તાન સંબંધીના કેટલાક અગત્યના સવાલોને ફડચો કરવામાં લૉર્ડ રિપનને પણ ભુલાવી દેશે. બ્રિટિશ લશ્કરમાં સુધારો કરવાની બાબતમાં દર્શાવેલા વિચારો તેણે અમલમાં પણ મૂકયા. નિમક ઉપરની જકાતમાં થયેલા વધારા માટે તથા દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓને માટે જે તેણે કર્યું છે તેને માટે આપણે તેના આભારી છીએ. પરંતુ આ હકીકતો બાજુએ મૂકી તપાસીએ તો તેની કારકિર્દી ઘણી જ ઝાંખી જણાશે. શરૂઆતમાં તેણે જેટલી આશાઓ હિંદની પ્રજામાં ઉત્પન્ન કરી હતી; તેટલી જ નિરાશા તેણે પોતાની કારકિર્દીના અંતમાં આપી છે. છતાં પણ તેને રાજીનામું આપવાનું કારણ તો કમનસીબી ભરેલું છે, કારણ તેથી લશ્કરી સત્તાનું જોર વધ્યું છે. અમે કલ્પના કરી શકીએ છીએ કે હિંદુસ્તાનમાં આજે હજારો ઘરોની અંદર ખુશાલી પ્રસરી રહી છે, અને આ ખુશાલી સકારણ છે, કેમ કે પ્રજા જુલમમાંથી ઊગરી છે.

લૉર્ડ કર્ઝનની રાજ્યનીતિ એવી હતી કે આપણે કોઈ આશાઓ બાંધવી તે જોખમભરેલું હતું. અને આશા તજી દો એવી જે ઈશ્વરી પ્રેરણા છે તેને અનુસરવું એ વધારે સહીસલામત ગણાત. પણ હવે હિંદુસ્તાનને એક ઉમદા વાઈસરૉય મળશે. આ વાઈસરૉય હિંદને અજાણ્યો નથી કેમ કે તે જ કીર્તિવંત કુટુંબે હિંદુસ્તાનને આગળ એક ઉમદા વાઈસરૉય આપેલ છે. સંસ્થાનોમાં તેમણે મેળવેલો અનુભવ બહુ ફાયદાકારક થઈ પડે એવો સંભવ છે; કેમ કે સંસ્થાનોનું વલણ હમેશાં સ્વરાજ્ય પર હોય છે અને હિંદુસ્તાનમાં પણ તેમનો તે જ જુસ્સો સચવાઈ રહે તો

Gandhi Heritage Portal

કિંગ એડવર્ડની તે પ્રજા આવતાં પાંચ વર્ષોને માટે સુલેહવાળા અને માયાળુ રાજ્યતંત્રની આશા રાખી શકે. ઈશ્વર એવું આપે એમ ઇચ્છીએ છીએ. દુકાળ ફરી પોતાની વિકરાળ જ્વાળા પ્રસરાવવાની બીક બતાવી રહ્યો છે, પ્લેગ હજી સઘળા જોરથી ચાલુ જ છે. એ ગરીબીએ હજારો કુટુંબોને પાયમાલ કરી નાંખેલ છે. આવી રીતે ત્રણ બાજુએથી દુઃખનાં વાદળોથી ઘેરાયેલી પ્રજાને આશ્વાસન મળવાની બાજુ માત્ર એક જ રહી અને તે એ જ કે તેના રાજ્યકર્તાની સુલેહ અને માયાભરેલી રાજ્યનીતિ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–८–१९०५

૬૮. પ્રોફેસર પરમાણંદ

દયાનંદ ઍંગ્લો વેદિક કૉલેજના પ્રોફેસર પરમાણંદ હાલ કેટલોક સમય થયાં આપણી વચમાં આવી વસેલ છે. તેઓ શ્રોતાઓના સમૂહમાં પોતાનાં ભાષણો આપે છે. તેમનો હેતુ આર્ય સમાજનો ફેલાવો કરવાનો જણાય છે. આ સમાજે તે ધર્મના મતના ફેલાવા સિવાય ઘણાં ઉપયોગી વ્યાવહારિક કાર્યો પણ કર્યાં છે. તેણે કેટલાક ઉત્સાહી સ્વદેશાભિમાનીઓ તથા આત્મભોગ આપનારા શિક્ષકોની મંડળી ઉત્પન્ન કરી છે. વળી ઉત્તર હિંદુસ્તાનના નાશકારક ધરતીકંપમાં પણ તેણે ઉમદા ફરજ બજાવી છે. આવા સમાજ તરફથી આવેલ આ પ્રોફેસર દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પાસેથી ઉત્સાહભરેલા આવકારની આશા રાખે તે તદ્દન વાસ્તવિક છે. ગમે તેટલા વિદ્વાનો આપણી વચમાં આવે તે આવકારદાયક થવા જોઈએ.

સવાલ માત્ર એ જ રહ્યો કે આપણે આવા માણસનો ઉપયોગ કેવી રીતે કરશું અને તે આપણને માટે શું કરશે? અમે કબૂલ કરીએ છીએ કે ધર્મના જુસ્સા ભરેલાં ભાષણોને માટે આપણે હજી પરિપક્વ થયા નથી. આ કામ માટે દેશ તૈયાર છે એમ ભાગ્યે જ કહી શકાય. અમે એમ કહેવા નથી માગતા કે જુદા જુદા ધર્મને પોતાનાં તત્ત્વો તેની પાસેથી મળે નહીં તેટલા માટે. આર્યસમાજ તે હિંદુસ્તાનનો કોઈ સ્થપાયેલો ધર્મ નથી. પણ તે સુધરેલો હિંદુ ધર્મ કહી શકાય. હજી તે પોતાના અસ્તિત્વ માટે તથા પોતાની તરફેણમાં માણસો ખેંચવાને પ્રયાસ કરે છે. આપણી જરૂરિયાત તો બની શકે તેટલી ઉત્તમ પ્રકારની કેળવણી મેળવવાની જ છે. અમે ઘણી વખત કહી ગયા છીએ કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં સાંસારિક સુધારાની બહુ ખામી છે. અને જ્યાં સુધી તેઓનાં બાળકોને સારી કેળવણી મળે નહીં ત્યાં સુધી તે દૂર થાય તેમ નથી. માટે આ વિષય પર પ્રોફેસર પરમાણંદે લક્ષ ખેંચવું એ સૌથી સરસ રસ્તો છે એમ બતાવવા અમે આગળ પડીએ છીએ. તે સમાજનાં બળ, પવિત્રતા અને અગત્યતા બતાવવાનો આ સૌથી સરસ અને અસરકારક રસ્તો છે. પગારદાર શિક્ષકોથી અહીંના હિંદીઓ યોગ્ય રીતે કેળવાશે એમ અમે ધારતા નથી. પ્રાથમિક કેળવણી માટે પણ ઉત્તમ ગુણો, અનુભવ અને જ્ઞાન ધરાવનારા શિક્ષકોની અહીં જરૂર છે; અને તેથી અમારા આ વિચારો પ્રોફેસર પરમાણંદને તથા તેમની મારફત આર્યસમાજ અથવા તેવાં બીજાં મંડળોને — પછી તે ગમે તે પંથ કે ધર્મનાં હો — તે નિવેદન કરવા અમે હિંમત ધરીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–८–१९०५

Gandhi Heritage Portal

૬૯. વિશ્વધર્મ[1]

કોઈ એક ધર્મના અનુયાયીઓ આગળ આવીને કહી શકે કે અમારો જ ધર્મ એક માત્ર સાચો ધર્મ છે ને બીજા સૌ જૂઠા છે એ સમય હવે વીતી ગયો છે. બધા ધર્મો પ્રત્યે વધતી જતી સહિષ્ણુતાની ભાવના ભવિષ્યને માટે એક શુભ ચિહ્ન છે. લંડનના એક ધાર્મિક અઠવાડિક ધિ ક્રિશ્ચિયન વર્લ્ડની કટારોમાં તાજેતરમાં એ પત્રના નિયમિત લેખકો પૈકી એક, "જે. બી."ની સહીથી આ પ્રશ્ન વિષે એક લેખ પ્રસિદ્ધ થયો હતો. તેમાંથી અહીં ઉતારા ટાંકવાનો મારો ઇરાદો છે.

લેખક ખ્રિસ્તી ધર્મના દૃષ્ટિબિંદુથી અત્યંત વિશાળ અને ઉદાર ભાવનાથી આ પ્રશ્નની સમીક્ષા કરે છે અને બતાવે છે કે કેવી રીતે સમાન લક્ષણો ધરાવતા જગતના બધા ધર્મો એકબીજા સાથે સંકળાયેલા છે. ખ્રિસ્તી સામયિકોમાં આવા લેખની પ્રસિદ્ધિ નોંધપાત્ર છે અને તે બતાવે છે કે એ ધર્મ સમય સાથે કૂચ કરી રહ્યો છે. થોડાં વર્ષ પૂર્વે આવો લેખ ધર્મવિરોધી ઉપદેશ તરીકે ગણાઈ જાત અને એનો લેખક એક ધર્મદ્રોહી તરીકે નિંદાપાત્ર ઠર્યો હોત.

બીજા ધર્મો પ્રત્યેની ખ્રિસ્તી લોકની વૃત્તિમાં આ નવીન ભાવના કેવું પરિવર્તન કરે છે એ દર્શાવીને, તથા અનેક જૂઠા ધર્મોના સમૂહ વચ્ચે એક ખ્રિસ્તી ધર્મ જ સાચા ધર્મ તરીકે ટકી રહે તેમ છે, એ વિચાર થોડાં વર્ષો પૂર્વે કેટલો વ્યાપક હતો તે તરફ ધ્યાન ખેંચીને લેખક આગળ કહે છે :

> હમણાં ધર્મની બાબતમાં એક ઘણું મોટું પરિવર્તન આવ્યું છે જેનું એક લક્ષણ એવી શોધ છે જે સામાન્ય માનવીને ભારે આશ્ચર્ય પમાડે એવી છે. તે એ છે કે પોતે જે ધર્મસિદ્ધાંતનું પાન કરી ઊછર્યો હતો તે શરૂઆતના કાળનો ખ્રિસ્તી ઉપદેશ બિલકુલ નથી. એને હવે સમજાય છે કે પ્રાચીનો પૈકીના ઉમદામાં ઉમદા ધર્મોપદેશકો, બીજી પ્રજાઓ તથા ધર્મો વિષે પોતે જે માન્યતાઓ ધરાવે છે તેનાથી જુદી જ માન્યતા ધરાવે છે. ઈસુના અનુયાયી ધર્મપ્રણેતાઓના યુગની બહુ નજીક ઊભેલા જસ્ટિન માર્ટીર વિષે હવે એને સાંભળવા મળે છે. એઓ એવું માને છે કે સૉક્રેટિસનું જ્ઞાન દિવ્ય વાણીની પ્રેરણાનું પરિણામ છે. વળી તે ઑરિજેન વિષે તથા નિસ્સાના ગ્રેગરી વિષે સાંભળે છે. એમનો ઉપદેશ એવો હતો કે સમસ્ત માનવજાતિ એક દિવ્ય ગુરુના આદેશને આધીન છે. વળી એ લેક્ટેનિયસ વિષે સાંભળે છે. એમણે એવું પ્રતિપાદન કર્યું હતું કે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવવી એ સૌ ધર્મનું સમાન લક્ષણ છે. . . . દરેક યુગના વિશુદ્ધ ખ્રિસ્તી વિચારકોએ ઓછેવત્તે અંશે આ જ પદ્ધતિએ વિચાર કર્યો છે. ધર્મ ધર્મ વચ્ચે પાર નહીં કરી શકાય એવી ખાઈ છે એ માન્યતા ઐહિક તથા આધ્યાત્મિક જીવનના સત્યથી વેગળી છે, એ વાત સમજવા માટે જરૂર માત્ર એટલી જ છે કે મનુષ્યો કાં તો પરસ્પર હળીમળીને અગર તો એકબીજાનાં સાહિત્ય દ્વારા બહારની પ્રજાઓ સાથે સંપર્કમાં આવે. . . . સેંકડો જુદાં જુદાં નામરૂપ દ્વારા ધર્મ માનવહૃદયમાં

૧. "ખાસ લખી આપવામાં આવેલો" તરીકે આ લેખ પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

એક જ બીજ વાવતો રહ્યો છે અને માનવબુદ્ધિ તેને ગ્રહણ કરવા શક્તિમાન થાય તેમ તેમ એક જ સત્યને પ્રગટ કરતો રહ્યો છે.

"જે. બી." કહે છે કે ખ્રિસ્તી ધર્મની સંસ્થાઓ અને સિદ્ધાંતો પૈકી મોટા ભાગના બીજા ધર્મોના ઉપદેશોમાંથી જન્મેલા છે. એની સંજ્ઞાઓ પૈકીની ઘણી પુરાણા કાળનાં સ્મૃતિચિહ્નો છે.

આ દૃષ્ટિથી ઈરાનનો મિથ્રાસ નામનો પ્રાચીન પંથ કેટલો અજાયબીભર્યો છે! મૉસ્યોર કુમૉં કહે છે તે પ્રમાણે, 'ત્યાં ખ્રિસ્તીઓ પેઠે મિથ્રાસના અનુયાયીઓ એકબીજાને પિતા અથવા ભાઈ કહી સંબોધતા અને સુસંગઠિત સમાજોમાં રહેતા હતા; ખ્રિસ્તીઓ પેઠે તેઓ દિવ્ય સ્નાન (બૅપ્ટિઝમ), સહભોજન અને નામકરણ વગેરે સંસ્કારોનું પાલન કરતા હતા; અધિકારપૂર્ણ નૈતિકતાનો ઉપદેશ કરતા હતા; સંયમ, પવિત્રતા તથા સ્વાર્પણ શીખવતા હતા; અને આત્માની અમરતા તથા મરણોત્તર જીવનમાં માનતા હતા.

ખ્રિસ્તી ધર્મ માટે લેખક સૌથી મોખરાના સ્થાનનો દાવો કરે એમાં નવાઈ પામવા જેવું નથી, પરંતુ એ સંતોષની વાત છે કે ખ્રિસ્તી લેખકો અને ખ્રિસ્તી વર્તમાનપત્રો આવી ઉદાર મનોવૃત્તિ ધારણ કરતાં જોવા મળે છે.

સાર્વજનિક હિત માટે સાથે રહી પ્રવૃત્તિ કરતા યુરોપિયનો તથા હિંદીઓ માટે આ વસ્તુ ખાસ મહત્ત્વ ધરાવે છે. પ્રાચીન ધર્મોની ભૂમિ તરીકે હિંદ પાસે દુનિયાને ઘણું આપવા જેવું છે, અને એકબીજાના ધર્મના સ્વરૂપ પ્રત્યે સંપૂર્ણ હાર્દિક સહાનુભૂતિ રાખીને તથા તેની કદર કરીને આપણી વચ્ચેની મૈત્રીની ગાંઠ વધારે મજબૂત કરી શકાય. ધર્મ અંગેના આ અગત્યના પ્રશ્ન વિષે આપણે જેટલી વધારે સહિષ્ણુતા બતાવીશું તેટલા પ્રમાણમાં આપણા રોજ-બ-રોજના સંબંધોમાં વધારે ઉદારતા જોવા મળશે અને વર્તમાન ગેરસમજો સદંતર ભૂંસાઈ જશે. મુસલમાન અને હિંદુ વચ્ચેના સંબંધોમાં આ સહિષ્ણુતાની મોટી જરૂર છે, એ શું હકીકત નથી? કદીક એમ માનવા મન થાય છે કે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સંબંધો કરતાં અહીં એની જરૂર વિશેષ છે. એ વાત જાણીતી છે કે 'ઘર ફૂટે ઘર જાય', એટલે હિંદી સમાજના સર્વ વર્ગો વચ્ચે સંપૂર્ણ એકતાની અને ભ્રાતૃભાવની આવશ્યકતા પર હું ભાર મૂકવા માગું છું.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २६–८–१९०५

૭૦. રશિયાનું નવું રાજ્યબંધારણ

રશિયાના ઝારે ચૂંટણીવાળું રાજ્યબંધારણ દાખલ કરવાનું જે વચન પોતાની પ્રજાને આપેલું હતું તે અમલમાં મૂકયું છે. તેની શરતોના તારો જે દક્ષિણ આફ્રિકામાં આવેલા છે તે પરથી જણાય છે કે હાલના પ્રજાની અધિક સત્તાવાળા રાજ્યબંધારણોને તે બહુ થોડું મળતું આવે છે. તે પણ વળી આગળ ઉપર બરાબર અમલમાં મુકાશે કે નહીં તે બહુ શંકાભરેલું જણાય છે. તે બંધારણમાં દેખીતી રીતે તો કાયદો બનાવવાની સત્તા ચૂંટણીથી થયેલા મંડળને આપવામાં આવી છે. પણ એ બધી શરતો આપ્યા છતાં ઝારે પોતાની રાજ્યસત્તા કાયમ રાખી છે. આથી તે બંધારણ વિચિત્ર દેખાવ આપે છે. ચૂંટી કાઢવામાં આવેલી નેશનલ કાઉન્સિલ જે જે ધારાઓ પસાર કરે તેમાં ઝારની સંમતિ મેળવવી જોઈએ. રાજ્યસત્તા ઉપર આ કાઉન્સિલ કોઈ પણ પ્રકારનો દાબ રાખી શકે એવું મનાતું નથી; તોપણ આગળ ઉપર વધારે જોર કરવા માટે આવું બંધારણ પગથિયું છે એમાં તો ના ન કહેવાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૨૬–૮–૧૯૦૫

૭૧. અબ્રાહામ લિંકન

ગયા અઠવાડિયામાં અમે ઈલિઝાબેથ ફ્રાઈનું વૃત્તાંત આપી ગયા. આ વખતે અમેરિકાના એક માજી પ્રમુખનું વૃત્તાંત આપીએ છીએ.

એમ માનવામાં આવે છે કે ગયા સૈકામાં મોટામાં મોટો અને સારામાં સારો માણસ તે અબ્રાહામ લિંકન થઈ ગયો છે. તેનો જન્મ અમેરિકામાં ૧૮૦૯ની સાલમાં થયેલો. એ વખતે એનાં માબાપની સ્થિતિ ઘણી ગરીબ હતી. ૧૫ વરસની ઉંમર સુધી એને ઘણી જ થોડી કેળવણી મળેલી. ભાગ્યે જ લખતાં આવડતું હતું અને રખડપાટ કરીને કાંઈક ગુજારો કરવા જેટલું તે કમાતો. છેવટે તેનો વિચાર આગળ વધવાનો થયો. એ અરસામાં સ્ટીમરો અથવા તો બીજી સગવડો ન હતી, એટલે લાકડાંનાં પાટિયાં ઉપર તરીને અમેરિકાની મોટી નદીઓમાં પ્રવાસ કરી પોતે જુદાં જુદાં ગામોમાં ગયો. એક ઠેકાણે તેને મહેતાની નોકરી મળી. આ વખતે તેની ઉંમર ૨૦ વરસની હતી. જ્યારે આ નોકરી મળી ત્યારે તેના મનમાં એમ વિચાર થયો કે કાંઈક વધારે અભ્યાસ કરવો. તે ઉપરથી તેણે કેટલીક ચોપડીઓ ખરીદી અને જાતમહેનતથી અભ્યાસ શરૂ કર્યો. દરમિયાન તેના કોઈ સગાના મનમાં એવો વિચાર થયો કે જો અબ્રાહામ લિંકન કાયદાનો અભ્યાસ કરે તો વધારે સારું કરી શકશે. એવી સમજથી તેને એક વકીલને ત્યાં રાખ્યો. ત્યાં તેણે ઘણી ખંતથી કામ કર્યું અને અભ્યાસ કર્યો. પોતાની ચાતુરી એટલી બધી બતાવી કે તેના ઉપરીઓ બહુ ખુશી થયા. તેને પોતાને પણ એમ લાગ્યું કે તેની પોતાની સ્થિતિ જે પ્રજામાં પોતે જન્મ્યો હતો તે પ્રજાની સેવા કરવા જેવી છે. તેને આ વિચાર ઉપજ્યો કે તરત જ અમેરિકાના રિવાજ મુજબ ત્યાંની પાર્લમેન્ટમાં પ્રતિનિધિ થવાનો વિચાર કર્યો. તેનું પહેલું લખાણ એ તેની ખૂબીઓ બતાવનારું હતું. લડત ઘણી સખત લીધી પણ પોતે હજુ

Gandhi Heritage Portal

અજાણ માણસ હતો, અને તેનો સામોવડિયો પ્રખ્યાત હતો. તેથી પોતે હારી ગયો પણ તેનું શૂર હતુ તેના કરતાં વધ્યું.

તેની લાગણીઓ વધુ તીવ્ર થઈ. અમેરિકાનો આ વખતનો ચિતાર જે માણસને ખરેખરો આવી શકે તે જ માણસ લિંકનના ગુણ અને તેની સેવા સમજી શકે. ઉત્તરથી દક્ષિણ સુધી આ વખતે અમેરિકા એ ગુલામોની છાવણી હતું. કાફરાઓને જાહેર વેચવા અને ગુલામગીરીમાં રાખવા એમાં કાંઈ ખોટું ન ગણાતું. મોટાંનાનાં, ગરીબતવંગર બધાં ગુલામોને રાખવામાં કાંઈ નવાઈ ગણતાં નહીં. તેમાં કોઈ ખોટું નહીં ગણતું. ધાર્મિક માણસો પાદરીઓ વગેરે ગુલામગીરી જળવાઈ રહેવામાં આનાકાની નહીં કરતા. કેટલાક ઉત્તેજન આપતા અને સહુ એમ જ સમજતા કે ગુલામગીરી એ પણ એક ઈશ્વરી નિયમ છે, અને કાફરાઓ એ ગુલામગીરીને સારુ જ જન્મેલા છે. માત્ર થોડા જ માણસો જોઈ શકતા હતા કે આ ધંધો અત્યંત દુષ્ટ અને અધર્મી હતો. જેઓ આ પ્રમાણે જોઈ શકતા તેઓ મૂંગા રહેતા. પણ પોતાનું બળ અજમાવી નહોતા શકતા. કેટલાક વળી ગુલામોની સ્થિતિ સુધારવામાં થોડો ભાગ લઈ સંતોષ વાળતા. એ વખતે ગુલામોની ઉપર જે જુલમ પડતો એનાં વૃત્તાંતો સાંભળીને આજે પણ આપણાં રુવાંટાં ઊભાં થાય છે. તેઓને બાંધીને માર મારતા, પરાણે કામ કરાવતા, બાળતા, બેડીઓ પહેરાવતા અને આ બધું એક કે બે માણસોની ઉપર થતું એમ નહીં પણ સઘળાઓની ઉપર થતું. આ વિચાર જે લોકોના દિલની ઉપર સજ્જડ કોતરાઈ રહેલા હતા, તે વિચારો ફેરવવા લાખો માણસની જેની ઉપર રોજી હતી તેવા માણસોની સામે થઈને લડાઈ કરીને ગુલામોનાં બંધન છોડવવા એ નિશ્ચય એકલા લિંકને કર્યો, અને પાર પાડયો એમ કહીએ તોપણ ચાલે. એની ઈશ્વરની ઉપર એટલી બધી આસ્થા હતી, એનો સ્વભાવ એટલો બધો નરમ હતો અને એની દયા એટલી ઊંડી હતી કે દિવસે દિવસે પોતાનાં ભાષણોથી, લખાણોથી અને પોતાની રહેણીથી લોકોનાં મન ફેરવવા લાગ્યો. છેવટે લિંકનનો પક્ષ અને તેની સામાનો પક્ષ એમ બે પક્ષ થયા અને અમેરિકામાં મોટી સ્થાનિક લડાઈ ચાલી તેથી પણ કાંઈ લિંકન ડર્યો નહીં. આ વખતે તે એટલે બધે ચડી ગયો હતો કે તેને પ્રેસિડેન્ટનું પદ મળી ચૂકયું હતું. લડાઈ ઘણાં વરસ સુધી ચાલી, પણ ૧૮૫૮-૯ની સાલ પહેલાં લિંકને ગુલામગીરી આખા ઉત્તર અમેરિકામાં બંધ કરી હતી. ગુલામોના બંધ છોડયા અને લિંકનનું નામ જ્યાં જ્યાં લેવામાં આવતું હતું ત્યાં ત્યાં લોકોનાં દુ:ખ છોડવનાર માણસ તરીકે જાણવામાં આવતું હતું. આ ધમાલના વખતનાં તેનાં જુસ્સાદાર ભાષણો જે થયાં છે, તેની ભાષા એટલી ઉત્તમ હતી કે ઇંગ્રેજી ભાષામાં એ ઘણાં ઊંચા પ્રકારનાં ભાષણો ગણાય છે. એટલી ચડતીએ પહોંચ્યા છતાં પણ લિંકન હમેશાં નરમ સ્વભાવનો હતો. પોતે હમેશાં માનતો કે જે પ્રજા કે માણસ જોરાવર હોય તેણે ગરીબ લોકોનું અથવા નબળા લોકોનું દુ:ખ ટાળવાને સારુ તે જોર વાપરવું જોઈએ. નહીં કે એવા લોકોને કચરવાને સારુ. જોકે અમેરિકા એ પોતાની જન્મભૂમિ હતું અને પોતે અમેરિકન હતો, છતાં દુનિયા એ પોતાનો દેશ છે એમ માનતો. પોતાની ખરેખરી ચડતીને વખતે અને પોતે આવો સરસ માણસ હતો છતાં કેટલાક દુષ્ટ માણસો એમ માનતા કે ગુલામગીરી કાઢી નાંખીને લિંકને ઘણાં માણસોને નુકસાન કરેલું છે. તે ઉપરથી એક વખતે જ્યારે લિંકન નાટકશાળામાં જવાનો હતો એમ ચોક્કસ થયું ત્યારે તેને દગાથી મારી નાંખવાનું કાવતરું થયું. નાટકશાળાનાં પાત્રોને જ ફોડવામાં આવ્યાં હતાં. અને એક પ્રમુખ પાત્રે તેને ગોળી મારવાનું પાન ઝીલ્યું હતું. જ્યારે તે નાટકમાં પોતાની ખાસ કોટડીમાં બેઠો હતો, ત્યારે આ દુષ્ટ માણસ એ કોટડીમાં ગયો, બાર બંધ કર્યાં અને લિંકનને ગોળી મારી.

Gandhi Heritage Portal

આ ભલો માણસ મરણ પામ્યો. જ્યારે લોકોએ આ ભયાનક બનાવ જોયો ત્યારે કોઈ ન્યાયની અદાલતમાં[1] જવા પહેલાં જ તેને ચીરી નાખ્યો. આવી શોકજનક રીતે અમેરિકામાં મોટામાં મોટા પ્રેસિડેન્ટનું મરણ થયું. લિંકને પારકાના દુ:ખને સારુ પોતાની જિંદગી અર્પણ કરી એમ કહીએ તો ચાલે. પણ તે છતાં લિંકન હજુ પણ જીવે છે એમ કહી શકાય. અને તેણે કરેલા બંધારણ આજ સુધી અમેરિકામાં ચાલે છે. અને જ્યાં સુધી અમેરિકા નભી રહ્યું છે ત્યાં સુધી લિંકનનું નામ જાહેર છે. ઉપરના વૃત્તાંત પરથી જોયું હશે કે લિંકન અમર થઈ ગયો છે તેનું કારણ તેની મોટાઈ, હોશિયારી કે દોલત ન હતાં પણ તેની ભલાઈ હતી. લિંકન જેવાં સારાં તત્ત્વો જે જે પ્રજામાં હોય છે, અથવા હશે, તે પ્રજા ચડી શકે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–८–१९०५

૭૨. ગવર્નરના અંગત મંત્રીને પત્ર

[જોહાનિસબર્ગ,]
ઑગસ્ટ ૩૦, ૧૯૦૫

અંગત મંત્રી,
ગવર્નર, ઑરેન્જ રીવર કૉલોની

સાહેબ,

ઑરેન્જ રીવર કૉલોનીમાં વસતા બિનગોરા પ્રજાજનોને લાગુ પડતા અમુક મ્યુનિસિપલ પેટાકાયદાને અનુલક્ષીને મારા મંડળે ગયા જુલાઈની પહેલી તારીખે કરેલી વિનંતીના[2] જવાબમાં આપનો ચાલુ માસની તા. ૧૮મીનો પત્ર નં. પી. એસ. ૧૫/૦૫ મળ્યો છે.

મારું મંડળ આદર સાથે જણાવે છે કે જો પ્રસ્તુત લોકેશનમાં કોઈ બ્રિટિશ હિંદીઓ ન હોય તો લોકેશન નિયમનો બ્રિટિશ હિંદી કોમને લાગુ પાડવાં એ કોમનું હડહડતું અપમાન છે, અને તે ખાસ તો એટલા માટે કે મારા મંડળને હજી આશા છે કે સંસ્થાનમાં પ્રવેશ કરવા બાબતમાં બ્રિટિશ હિંદીઓને કોઈક દિવસ રાહત કરી આપવામાં આવશે. દેશની આદિવાસી પ્રજા માટે લોકેશન સંબંધી જે પેટાકાયદા ઘડાયા છે તેમનો બનાવટી અર્થ કરીને તે બ્રિટિશ હિંદીઓને શા માટે લાગુ પાડવા જોઈએ તે મારું મંડળ સમજી શકતું નથી.

આદિવાસી નોકરોની ફરજિયાત નોંધણી સંબંધી ઘડેલા નિયમ સામે મારા મંડળે કોઈ વાંધો ઉઠાવ્યો નથી, પરંતુ મારું મંડળ માનપૂર્વક એવો અભિપ્રાય ધરાવે છે કે બ્રિટિશ હિંદીઓને દક્ષિણ આફ્રિકાના આદિવાસીઓ સાથે મૂકવા એ સિદ્ધાંત તરીકે ખોટું અને અન્યાયી છે. આથી

૧. હકીકતમાં, હત્યારો બૂથ તેનો પીછો કરનાર સૈનિકો દ્વારા સળગાવી દેવામાં આવેલી અશ્વશાળામાં ગોળીએ દેવાયો.

૨. જુઓ પા. ૬–૭.

Gandhi Heritage Portal

મને મારા મંડળ તરફથી આદેશ મળ્યો છે કે મારે નમ્રતાપૂર્વક આ બાબતમાં રાહત માટે વિનંતી કરવી.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની,
અધ્યક્ષ
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३-९-१९०५

૭૩. પરવાના ખાતાના મુખ્ય મંત્રીને પત્ર

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૧, ૧૯૦૫

મુખ્ય મંત્રી, પરવાના ખાતું
પો. ઑ. બૉક્સ ૧૧૯૯
જોહાનિસબર્ગ

સાહેબ,

મારા ઍસોસિયેશનને જણાવવામાં આવ્યું છે કે પરવાના કચેરીમાં એક નવો નિયમ દાખલ કરવામાં આવ્યો છે. તે નિયમ મુજબ બ્રિટિશ હિંદી શરણાર્થીઓએ અત્યાર સુધી બે જાણીતા ગૃહસ્થોનું ઓળખાણ આપવાનું હતું તેને બદલે બે યુરોપિયનોનું ઓળખાણ આપવું પડશે. મારું ઍસોસિયેશન નમ્રતાપૂર્વક કહેવા ઇચ્છે છે કે પ્રથમ તો આ કરવા ધારેલો નિયમ બ્રિટિશ હિંદી કોમને અપમાનરૂપ છે કારણ કે એથી હિંદી લોકની જુબાનીમાં અણવિશ્વાસ હોવાનું સૂચિત થાય છે. બીજું, એ નિયમ અવ્યવહારુ છે કારણ કે બહુ જ થોડા હિંદીઓ યુરોપિયનોને નામથી પરિચિત છે. દુકાનદારો, ગુમાસ્તાઓ, વેપારીઓ તથા ઘરકામ કરનારા નોકરો જે બ્રિટિશ હિંદીઓની નોકરીમાં છે તેઓ જવલ્લે જ યુરોપિયનોના સંપર્કમાં આવે છે. તેઓ યુરોપિયનોનું ઓળખાણ રજૂ કરે એવી અપેક્ષા રાખવાનો અર્થ તેમની પરમિટ માટેની અરજી નકારવા બરાબર છે. ત્રીજું, એથી જૂઠાણાને ઉત્તેજન મળશે, કેમ કે થોડાક અપ્રામાણિક હિંદીઓને માટે, કાંઈક વળતરના બદલામાં જૂઠી કેફિયત કરવા તૈયાર થાય એવા થોડા અપ્રામાણિક યુરોપિયનો મેળવવાનું મુશ્કેલ નથી.

આથી મારું મંડળ એવી રજૂઆત કરે છે કે સલામતી એમાં રહેલી છે કે જેનું ઓળખાણ આપવામાં આવે તે માણસ પ્રતિષ્ઠિત હોય, ભલે પછી તેની જાતિ કે રંગ ગમે તે હોય. ત્યાર પછી પણ પૂરો સંભવ છે કે કોઈ જૂઠાણાના કિસ્સા બની આવે, પણ તે તો જે કોઈ એવું કૃત્ય કરે તેમની સામે માત્ર કાયદેસર કામ ચલાવવાનો પ્રશ્ન છે. એકબે સફળ મુકદ્દમાથી

Gandhi Heritage Portal

એવાં કૃત્યોનો અંત આવી જશે. સાથે સાથે, મારું મંડળ આપનું ધ્યાન એ હકીકત તરફ દોરે છે કે આવાં શંકાસ્પદ કૃત્યો ભારે લાલચો છતાં, પરમિટો સંબંધે તો પ્રમાણમાં બહુ જૂજ થયાં છે. યુદ્ધ પૂર્વે ટ્રાન્સવાલમાં ૧૫,૦૦૦ ઉપરાંત બ્રિટિશ હિંદીઓ વસતા હતા એ નિર્વિવાદ વાત છે. આપના નોંધણીપત્રક પર માત્ર ૧૨,૦૦૦ નામ છે. એટલે સકારણ એમ માની શકાય કે જેમને પરમિટો મળી છે તેમાંના ઘણાખરા ટ્રાન્સવાલના યુદ્ધ પહેલાંના રહેવાસી છે.

મારું મંડળ આદરસહિત વિશ્વાસ રાખે છે કે પ્રસ્તુત નિયમ પાછો ખેંચી લેવામાં આવશે, અને જે શરણાર્થીઓ પાછા ફરવાની રજાની રાહ જુએ છે તેમની અરજીઓ વિના વિલંબે મંજૂર કરવામાં આવશે, કેમ કે મારા મંડળ પાસેની માહિતી અનુસાર એ લોકો ભારે અગવડ અને નુકસાન વેઠી રહ્યા છે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની
અધ્યક્ષ
બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]
પ્રિટોરિયા આર્કાઇવ્ઝ: એલ. જી. ૯૨/૨૧૩૨

૭૪. નાતાલમાં કાફરાઓ

વિલાયતથી બ્રિટિશ ઍસોસિયેશન[૧]ના મેમ્બરો હાલ સાઉથ આફ્રિકામાં આવેલા છે. એ તમામ શાસ્ત્રીઓ છે અને તેઓએ જ્ઞાન મેળવેલ છે. દક્ષિણ આફ્રિકામાં આ બનાવ પહેલો બનેલો છે. થોડા દિવસ પહેલાં તેઓ નાતાલમાં હતા તે વખતે તેઓને ઑનરેબલ માર્શલ કૅમ્પબેલ માઉંટ એસકોમ્બમાં પોતાની કોઠી ઉપર લઈ ગયા હતા. ત્યાં તે મેમ્બરોને બે જાતના અનુભવ આપ્યા. એક તો જંગલી કાફરો કેવા હોય છે તે બતાવ્યું અને તેઓના નાચ વગેરે દેખાડયાં. ત્યાર બાદ કેળવાયેલા કાફરોની સાથે ઓળખાણ કરાવી. તેઓના ઉપરી મિ. ડુબે કરીને છે તેણે ઘણું અસરકારક ભાષણ તેઓની પાસે કર્યું. આ મિ. ડુબે એક જાણવાજોગ કાફર છે. પોતાની મહેનતથી ફિનિક્સની પાસે ૩૦૦થી ઉપરાંત એકર-જમીન લીધી છે. ત્યાં પોતાના ભાઈઓને પોતે કેળવણી આપે છે. જુદી જુદી જાતના ધંધા શીખવે છે. અને દુનિયાની લડાઈમાં ભાગ લેવાને તેઓને તૈયાર કરે છે. મિ. ડુબેએ પોતાનું છટાદાર ભાષણ કરતાં જણાવેલ છે કે કાફરાઓની ઉપર જે તિરસ્કાર રાખવામાં આવે છે તે ગેરવાજબી છે. જંગલી કાફરાઓ કરતાં કેળવાયેલા વધારે સારા છે. કેમ કે તેઓ વધારે કામ કરે છે અને તેઓની રહેણી વધારે ઊંચા પ્રકારની હોઈને તેઓ વેપારીઓને વધારે ખટાવે છે. કાફરાઓની ઉપર કરના બોજા નાંખવા એ અન્યાય છે. અને જે ઝાડના ઉપર આપણે બેઠા હોઈએ તે જ ઝાડ કાપવા જેવું છે. ગોરાઓ કરતાં કાફરાઓ પોતાની ફરજ વધારે સારી રીતે સમજે છે અને બજાવે છે. તેઓ મહેનત કરે છે; અને તેઓના વિના ઘડીભર ગોરાઓ ટકી શકે નહીં. તેઓ હમેશાં વફાદાર પ્રજા છે અને નાતાલ એ તેઓની જન્મભૂમિ છે. તેઓને દક્ષિણ આફ્રિકા સિવાય બીજો દેશ નથી.

૧. જુઓ "બ્રિટિશ ઍસોસિયેશન: એક સૂચન", પા. ૪૯-૫૦.

Gandhi Heritage Portal

અને તેઓની પાસેથી જમીન વગેરેના હક છીનવી લેવા એ તેઓને ઘર બહાર કર્યા બરોબર છે. આ પ્રમાણે ભાષણ કરવાથી ગોરાઓની ઉપર તેણે બહુ સારી અસર કરી અને પોતાના ફાર્મમાં લુહાર છાપ કાઢવાને સારુ જો તેઓને લાગણી થઈ હોય તો મદદ કરે એમ સૂચવ્યું. એ જ વખતે બ્રિટિશ ઍસોસિયેશનના મેમ્બરોમાંથી પા. ૬૦ ભેળા થયા અને તેને આપવામાં આવ્યા. ઑનરેબલ મિ. માર્શલ કૅમ્પબેલે પણ આ વખતે ભાષણ કરી નાતાલના કાફરાઓનાં વખાણ કર્યાં અને બતાવ્યું કે તેઓ સારા અને ઉપયોગી છે, તથા તેઓની ઉપર ઝેર રાખવામાં આવે છે તે ગેરસમજ અને ભૂલભરેલું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–९–१९०५

૭૫. કાઉન્ટ ટૉલ્સ્ટૉય

એમ માનવામાં આવે છે કે કાઉન્ટ ટૉલ્સ્ટૉયના સમાન પશ્ચિમના મુલકમાં તો હોશિયાર વિદ્વાન છતાં ફકીરી મનનો માણસ નથી. એની ઉંમર આજે લગભગ ૮૦ વરસની થયેલી છે, છતાં પોતે અત્યંત તંદુરસ્ત, મહેનતુ અને અક્કલવંત છે. તેનો જન્મ રશિયામાં ઊંચા કુળમાં થયો છે. તેના માબાપની પાસે અખૂટ દોલત હતી. એ તેના વારસામાં ઊતરી છે. તે પોતે રશિયાનો એક ઉમરાવ છે. પોતાની જુવાનીમાં રશિયાની બહુ સારી નોકરી બજાવેલી છે. ક્રિમિયાની લડાઈમાં પોતે બહુ બહાદુરીથી લડયો હતો. એ વખતે બીજા ઉમરાવોની માફક દુનિયાના બધા ભોગ પૂરતી રીતે ભોગવતો. વેશ્યાઓ રાખતો, દારૂ પીતો અને તમાકુ પીવાનું સખત બંધાણ હતું. લડાઈના વખતમાં જ્યારે તેણે મોટી ખૂનરેજી જોઈ ત્યારે તેનું મન દયાથી ઊભરાઈ ગયું. તેના વિચારો બદલાયા, પોતાના ધર્મનો અભ્યાસ શરૂ કર્યો, બાઈબલ વાંચ્યું. ઈસુખ્રિસ્તની જિંદગીનું વૃત્તાંત વાંચવાથી તેના મન ઉપર બહુ મોટી અસર થઈ. રશિયાની ભાષામાં બાઈબલનો તરજુમો હતો તેથી તેને સંતોષ નહીં થયો. એટલા માટે મૂળ ભાષાનો એટલે હિબ્રૂનો અભ્યાસ કરી બાઈબલની શોધ જારી રાખી. પોતાનામાં લખવાની મહાન શક્તિ છે એ ખબર પણ તેને આ અરસામાં પડી. લડાઈથી થતાં માઠાં પરિણામ ઉપર ઘણું અસરકારક પુસ્તક લખ્યું. તેની પ્રખ્યાતિ આખા યુરોપમાં ફેલાઈ, લોકોની નીતિ સુધારવા ખાતર કેટલીક નવલકથાઓ લખી કે જેને અડી શકે એવાં પુસ્તકો યુરોપમાં બહુ થોડાં ગણાય છે. આ બધાં પુસ્તકોમાં તેણે એટલા બધા આગળ પડતા વિચારો બતાવ્યા છે કે તે ઉપરથી રશિયાના પાદરીઓ ટૉલ્સ્ટૉય ઉપર નારાજ થયા. તેને નાતબહાર કાઢયો. આ બધાની તેણે દરકાર નહીં કરતાં પોતાનો પ્રયત્ન જારી રાખ્યો, અને પોતાના વિચારો ફેલાવવા લાગ્યો. પોતાનાં લખાણની અસર પોતાના મન ઉપર પણ ઘણી થઈ. પોતાની મિલકત બધી છોડી દીધી અને ગરીબાઈ પકડી. હાલ ઘણાં વર્ષો થયાં પોતે એક ખેડૂત તરીકે રહે છે. જાતમહેનતથી પેદા કરે તેમાંથી પોતાનું ગુજરાન ચલાવે છે, વ્યસન માત્ર છોડી દીધાં છે, ખોરાક પણ પોતાનો બહુ સાદો છે, અને મનથી, વચનથી કે કાયાથી કોઈ જીવને નુકસાન કરવું એ તેનાથી થતું જ નથી. નિરંતર સારાં કામમાં અને ઈશ્વરની સ્તુતિ કરવામાં વખત ગાળે છે. તે એમ માને છે કે,

૧. દુનિયામાં માણસોએ દોલત એકઠી કરવી નહીં જોઈએ.

Gandhi Heritage Portal

૨. ગમે તેટલું બીજો માણસ ભૂંડું કરે તોપણ આપણે તેનું ભલું કરવું જોઈએ. એ ઈશ્વરી ફરમાન છે, તેમ નિયમ પણ છે.

૩. લડાઈ કરવામાં કોઈએ ભાગ લેવો નહીં જોઈએ.

૪. રાજ્યસત્તા ભોગવવી એ પાપ છે. અને તેથી કરી દુનિયામાં ઘણાં દુ:ખો પેદા થાય છે.

૫. માણસ પોતાની પોતાના કર્તાની તરફની ફરજ બજાવવાને પેદા થયેલો છે, એટલે તેના હક કરતાં તેની ફરજ ઉપર તેણે વધારે ધ્યાન આપવું જોઈએ.

૬. માણસનો ખરો ધંધો તે ખેતી છે અને મોટાં શહેરો વસાવવાં, તેમાં લાખો માણસોને સંચાકામ વગેરેમાં ગોઠવવાં અને તેવાઓની ગુલામગીરી અથવા તો ગરીબાઈનો લાભ લઈ થોડા માણસોએ અમીરાત ભોગવવી એ ઈશ્વરી નિયમથી ઊલટું છે.

ઉપલા વિચારો ઘણી ખૂબીભરેલી રીતે જુદા જુદા ધર્મોમાંથી દાખલાઓ શોધી અને જૂનાં પુસ્તકો ઉપરથી સાબિત કર્યા છે. હાલ ટૉલ્સ્ટૉયના નિયમ પ્રમાણે ચાલનારા હજારો માણસો યુરોપમાં વસે છે. એવા માણસોએ પોતાનું સર્વસ્વ છોડી દઈ ઘણી સાદી જિંદગી કબૂલ કરી છે.

હજુ સુધી ટૉલ્સ્ટૉય જુસ્સાભરેલાં લખાણો લખ્યાં કરે છે. પોતે રશિયન હોવા છતાં રશિયા અને જાપાનની લડાઈ ઉપર રશિયા વિરુદ્ધ ઘણાં કડવાં અને સખત લખાણો લખ્યાં છે. પોતે રશિયાના શહેનશાહ ઉપર બહુ અસરકારક અને તીખો કાગળ લડાઈના સંબંધમાં લખ્યો છે. તેની ઉપર જે અમલદારો સ્વાર્થીલા છે તેઓ બહુ કડવી નજર રાખે છે, છતાં તેઓ અને ઝાર સુધ્ધાં તેનાથી ડરીને ચાલે છે, અને તેને માન આપે છે. લાખો ગરીબ ખેડૂતો તેનું વચન પડે તેવું ઝીલી લે છે, એવો તેની ભલમનસાઈ અને ઈશ્વરી જિંદગીનો પ્રતાપ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–९–१९०५

૭૬. જાપાનની ઉન્નતિ

દુનિયામાં આજે સઘળાની નજર જાપાન તરફ વળેલી છે. કોઈ પણ તે દેશની બહાદુરી અને ચતુરાઈને વખાણ્યા વિના રહેતું નથી. જાપાનના એક માજી પ્રધાન કાઉન્ટ ઓકુમાએ **नॉर्थ अमेरिकन रिव्यू**માં એક લેખ લખ્યો છે. તે જણાવે છે કે જાપાનની હાલની મોટાઈ સૈકાંઓથી થતા આવતા સુધારાનું પરિણામ છે. માત્ર કેળવણીની પદ્ધતિની ખામીને લીધે જ તે દુનિયાની નજર આગળ પછાત રહેલું. જાપાનને જણાયું કે પરદેશીઓને પોતાના દેશથી દૂર રાખવા કાંઈ પણ જોર ચાલે તેમ નથી, અને તેથી તેણે વિચાર્યું કે પોતાનાં ફરજંદોને પરદેશ મોકલી ત્યાંની વિદ્યાકળા શીખવવી. આ કાર્યમાં તેણે બતાવેલા સ્વદેશાભિમાનથી પોતાના દેશની આબરૂ જળવાઈ રહી. પરદેશની કેળવણીની ઉત્તમ પદ્ધતિ પોતાના દેશમાં દાખલ કરી. બાળકો તથા કન્યાઓને માટે કેળવણી ફરજિયાત કરી. તે જ સમયે હુન્નર તથા ઉદ્યોગ ઉપર પણ લક્ષ દેવા જાપાન ચૂક્યું નહીં. જ્યાં સુધી પોતાના યુવકો સંપૂર્ણ કેળવાઈને ઘેર આવ્યા નહીં ત્યાં સુધી તેણે પરદેશી વિદ્વાનોને કામે લગાડ્યા.

Gandhi Heritage Portal

નિશાળોની યોજના પૂરતા જોસ પર આવી ત્યારે મિકાડોએ દરેક સ્કૂલમાં વંચાવવા માટે એક હુકમ પ્રસિદ્ધ કર્યો કે "તમે, અમારી પ્રજા, તમારાં માબાપ તરફ ભક્તિવાળાં થજો; તમારાં ભાઈબહેન પ્રત્યે માયાળુ બનજો; ધણીધણિયાણી સંપથી રહેજો; તમારી વર્તણૂક સરળ રાખજો; પરગજુપણું વધારતા જજો; તમારાં બુદ્ધિબળ અને સદ્‌ગુણોને કેળવજો; પરોપકારી કામોથી દેશને દીપાવજો; રાજ્યબંધારણને અનુસરી કાયદાઓને માન આપજો; અને પ્રસંગ આવ્યે જાહેર સેવામાં બહાર પડી બહાદુરી બતાવજો." ન્યૂયૉર્કમાં ભાષણ આપતાં બેરન કેનેકોએ જણાવ્યું કે જાપાનની પ્રતિષ્ઠાનો આ પાયો છે.

સોલ્જરો અને ખલાસીઓમાં પણ નીચેની સાત શિખામણો બહાર પાડવામાં આવી હતી:

૧. નિખાલસ અને વફાદાર બનો અને અસત્યતાથી અળગા રહો.

૨. ઉપરીને માન આપો, સાથીઓ સાથે સાચા રહો, ઉદ્ધતાઈ અને અન્યાયથી દૂર રહો.

૩. તમારા ઉપરીની આજ્ઞાને તાબે થાઓ અને તેના હુકમની સામે આનાકાની કરજો નહીં.

૪. હિંમત અને બહાદુરીને ગ્રહણ કરો અને નામરદાઈ તથા ભીરુતાને તજો.

૫. ઘાતકી હિંમતની બડાઈ કરજો નહીં, તથા બીજાઓનું અપમાન અને તેની સાથે કંકાસ કરજો નહીં.

૬. સદ્‌ગુણ તથા કરકસરતાનું સેવન કરો અને ઉડાઉપણાથી અળગા રહો.

૭. તમારા માનને સાચવો અને જંગલીપણું તથા કંજૂસાઈથી તમારું રક્ષણ કરો.

જાપાનના શહેનશાહના આવા હુકમોએ પ્રજા, સૈન્ય અને સત્તાધીશોમાં સદ્‌ગુણ ફેલાવી તે સર્વને એકત્ર બનાવ્યા છે અને આજે દુનિયાને તેની જે મોટાઈ દેખાય છે તે ઉપલા હુકમોનું પરિણામ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–९–१९०५

૭૭. કેળવણી પ્રધાનને પત્ર

ડરબન,
સપ્ટેમ્બર ૫, ૧૯૦૫

માનનીય કેળવણી પ્રધાન

સાહેબ,

અમે હિંદીઓની (હાયર ગ્રેડ) માધ્યમિક શાળામાં[1] અભ્યાસ કરતાં બાળકોનાં માતાપિતા અથવા વાલીઓ, રાહત મેળવવા માટે આદર સાથે નીચે મુજબ રજૂઆત કરવા રજા લઈએ છીએ.

અમારા જાણવામાં આવ્યું છે કે સરકારનો ઈરાદો ડરબનની હિંદીઓની માધ્યમિક શાળાને સામાન્ય રીતે બિનગોરી પ્રજાનાં બાળકોની શાળામાં ફેરવી નાખવાનો અને છોકરા-છોકરીઓમાં કંઈ પણ ભેદ ન રાખવાનો છે.

૧. જુઓ પુસ્તક ૩, પા. ૧૯૩ તથા ૨૨૪.

Gandhi Heritage Portal

અમે નમ્રતાપૂર્વક નિવેદન કરીએ છીએ કે શાળાને બધાં બિનગોરાં બાળકો માટે ખુલ્લી કરવાનો નિર્ણય હિંદી કોમને અન્યાય કરનારો છે, તથા તે વખતના કેળવણી પ્રધાને તેમ જ સર આલ્બર્ટ હાઈમે અને મિ. રૉબર્ટ રસેલે આ શાળા માત્ર હિંદી બાળકો માટે રહેશે એવી ખાતરી આપેલી તેનો ભંગ કરે છે. કૉલોનીની સામાન્ય શાળામાં હિંદી બાળકોને ન દાખલ કરવાનો નિર્ણય સરકારે જ્યારે કર્યો ત્યારે આ શાળા સ્થપાઈ હતી.[1] ત્યારે પણ અમારા જાણવા મુજબ પ્રશ્ન તો ઊઠયો હતો કે બધાં 'બિનગોરાં બાળકો' માટે શાળા ઉઘાડવી, પરંતુ પૂરો વિચાર કરીને સરકારે માત્ર હિંદી બાળકોને એક શાળા આપવાનો નિર્ણય કર્યો હતો, અને તેથી જ અત્યારનું નામ એને આપવામાં આવ્યું હતું. બિનગોરાં બાળકો શબ્દોનો અર્થ ઇચ્છા મુજબ ઘટાવી શકાય એવો છે. 'બ્રિટિશ ઇન્ડિયન' શબ્દોનો અર્થ દરેક જણ જાણે છે, પરંતુ 'બિનગોરા માણસ' શબ્દોનો કોઈ ચોક્કસ અર્થ નથી. સરકારે ભેદ દર્શાવવાની નીતિ અખત્યાર કરી છે એ જોતાં એટલું યોગ્ય ગણાય કે સંસ્થાનના સૌથી મોટા નગરમાં બ્રિટિશ હિંદીઓને માટે જ એક જુદી શાળા હોય. થોડા દિવસ પર કેળવણી અધિકારીએ કહેલું કે નાતાલમાં બીજી જગ્યાએ આવી મિશ્ર શાળા સામે હિંદી માતાપિતાઓ વાંધો લેતાં નથી. છતાં અમે માનપૂર્વક રજૂઆત કરીએ છીએ કે નાતાલનાં નાનાં શહેરો સાથે સરખામણી કરવી એ ભાગ્યે જ યોગ્ય કહેવાય. મુક્ત અને સારી સ્થિતિના હિંદીઓની સૌથી મોટી વસ્તી ડરબનમાં છે અને તેથી આવી બાબતો વિષેની મુશ્કેલી ડરબનમાં તીવ્રપણે અનુભવાય એ સ્વાભાવિક છે.

છોકરા તથા છોકરીઓને અલગ ન પાડવા બાબત, માતાપિતા તરીકે અમે લાંબા સમયના અનુભવી હોઈ હિંદીઓની લાગણીની રજૂઆત કરતાં, એટલું જ કહી શકીએ કે પ્રસ્તુત નિર્ણયને કારણે આવી અનેક વાજબી ફરિયાદો ઊભી થાય તેમ છે. આ માર્ગે જવામાં ગંભીર અને વ્યવહારુ વાંધા છે એટલું જ નહીં પણ ઘણા દાખલામાં ધાર્મિક લાગણીનો પણ વિચાર કરવાનો છે. અને સરકાર આવી લાગણીઓનો પૂરેપૂરો વિચાર કરશે એ બાબત અમને શંકા નથી.

આથી અમે, અંતમાં, એવી આશા રાખીએ છીએ કે ઉપર ઉલ્લેખેલી બંને બાબતો સંબંધી કાઢેલી સૂચનાઓ પાછી ખેંચી લેવામાં આવશે તથા માધ્યમિક (હાયર ગ્રેડ) હિંદી શાળા કાઢવામાં આવી ત્યારે હિંદી કોમને આપવામાં આવેલી બાંયધરી અમલમાં મૂકવા સરકાર કૃપા કરશે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ કાદિર,
અને બીજા ૯૯ જણ

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २१–१०–१९०५

૧. જુઓ પુસ્તક ૩, પા. ૧૮૬.

Gandhi Heritage Portal

૭૮. સલાહના કોલકરારો[1]

જાપાને જે શરતો જાહેર કરી હતી તેમાંથી તેણે પોતાની ઉદારતા બતાવી બે શરતો વધતી-ઓછી જવા દીધી છે. એક તો એ કે લડાઈના ખરચ બદલ કાંઈ લેવું નહીં, પણ માત્ર રશિયન કેદીઓના ખરચ બદલ તથા ઘવાયેલાઓની સારવારના ખરચ બદલ રશિયા પા. ૧૨,૦૦,૦૦૦ જાપાનને આપે, અને બીજી એ કે સધેલિયન ટાપુને બંને પક્ષે અરધોઅરધ વહેંચી લેવો. રશિયાની પ્રજામાં જોકે આ સલાહથી ખુશાલી પ્રસરી છે; પણ જાપાનમાં તેથી બહુ અસંતોષ ફેલાણો છે, અને તે ઓછો થવાનાં કોઈ ચિહ્‌ન જણાતાં નથી. સલાહના કોલકરારો ઘડાઈ રહ્યા બાદ વગર ઢીલે તેમાં સહી કરી બંને પક્ષના વકીલો પોતપોતાને દેશ જવા આતુર બની રહ્યા છે એમ છેવટના તારો પરથી જણાય છે. જાપાની એલચીઓ સ્વદેશ જઈ સારા આવકારની જરાયે આશા રાખતા નથી, એટલું જ નહીં પણ પ્રજા તેઓની તરફ ક્રોધની નજરે જોશે એવી તેઓને ધાસ્તી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९–९–१९०५

૭૯. ખાણના ચીનાઓની ઉપર જુલમ

મિ. લિટલટનને એક પાર્લમેન્ટના મેમ્બરે ઉપલી બાબતમાં સવાલ પૂછેલો તેના જવાબમાં તેણે તપાસ કરવાનું તથા ચાબખાઓથી ફટકા મારવાનું બંધ કરવા વચન આપેલું. ચીનાઓને કેવી રીતે ફટકા મારવામાં આવે છે તેનું વર્ણન જોહાનિસબર્ગના ડેલી एक्सप्रेसमां આપ્યું છે. તે બહુ દયા ઉપજાવનારું છે. એમાંથી મુખતેસર હેવાલ અમે નીચે આપીએ છીએ. લખનારે એમ જણાવ્યું છે કે જે હકીકત પોતે આપી છે તે યા તો નજરે જોયેલી અથવા તો જે માણસોએ હજારો માણસોને ફટકા મારવાનો હુકમ કીધેલો તેઓના પુરાવાવાળી છે. જોહાનિસબર્ગની એક ખાણમાં આ વરસની શરૂઆતમાં રવિવાર સુધ્ધાં ન છોડીને સરેરાશ ૪૨ ચીનાઓને દરરોજ ફટકા મારવામાં આવતા. પહેલાં તો આવા મજૂરની સામે તેનો સરદાર ફરિયાદ કરે; પછી તેને કંપાઉન્ડ મૅનેજરની ઑફિસમાં લઈ જવામાં આવે; તે ભાઈસાહેબ ગુના પ્રમાણે દશ, પંદર કે વીસ ફટકાનો હુકમ કરે; પછી બે ચીના પોલીસ તેને પંદરેક કદમ દૂર લઈ જાય; પોલીસમૅનનો હુકમ થાય કે તુરત કેદી ઊભો રહે, તેનું પાટલૂન વગેરે કપડાં કાઢી નાખે અને જમીન ઉપર ઊંધો સૂએ; એક પોલીસ બિચારા કેદીના પગ ઝાલે અને બીજો તેનું માથું પકડે; ત્યાર બાદ ફટકા મારનારો માણસ ત્રણ ફૂટ લાંબા હાથાવાળા અને ત્રણ ઇંચ પહોળા લાકડાના ટુકડા વડે હુકમ પ્રમાણે જોરથી અથવા ધીમે વાંસા ઉપર ફટકા મારે. જો તે દરમિયાન ઈજા સહન ન થઈ શકવાથી જરાયે હાલેચાલે તો બીજો માણસ તેનો વાંસો પગથી દબાવે અને પછી ફટકા પૂરા કરવામાં આવે. કેટલીક ખાણમાં ચાબુકને બદલે લાકડીના માર મારવામાં આવે છે. એના ઘા એવા તો સખત પડે છે કે તેથી

[1] પોર્ટ્સમાઉથ (યુ. એસ. એ.)માં સંધિપત્ર પર ૫ સપ્ટેમ્બર ૧૯૦૫ના રોજ સહી થઈ હતી.

Gandhi Heritage Portal

કરીને માંસ ઊપસી આવે છે અને ચીરા પડે છે. નોરસડીપની ખાણમાં મિ. કુક જ્યારે મૅનેજર હતો ત્યારે જો કોઈ ચીનાએ ૩૬ ઇંચ ડ્રિલિંગનું કામ ન કર્યું હોય તો તેને સજા કરવાનો હુકમ કરતો. તેની સજા કરવાની રીત વળી ઉપર કરતાં ઘાતકી હતી. તે સાહેબ મજબૂત લાઠીઓ વાપરવાનો હુકમ કરતો અને તે જાંઘની પછવાડે બિલકુલ સહન નહીં થઈ શકે તેવા ભાગ ઉપર મારવા ફરમાન કરતો અને લોહીની ધાર ચાલે તોપણ પૂરેપૂરા ફટકા મારવામાં આવતા. કેટલીક વખત ઈજા એટલી સખત થતી કે બિચારા ચીનાને ઇસ્પિતાલમાં મોકલવો પડતો. આ ઘાતકી કુક સાહેબની જગ્યાએ પ્લેસ કરીને માણસ નીમવામાં આવ્યો હતો. તે ચોરમાં સાહુકાર ગણાતો હોવાથી લાઠીને બદલે રબરના કટકા વપરાવતો. કેટલીક મુદત વીત્યા બાદ માઇનના ઉપરીઓએ જોયું કે દર માસિક કામ થતું નહોતું, તેથી પ્લેસને વધારે જુલમ કરવા હુકમ કર્યો. પ્લેસે આમ કરવાની ના પાડવાથી તેણે રાજીનામું આપવું પડયું. આમની સભામાં ચર્ચા ચાલવાથી ફટકાને બદલે બીજી સજા કરવાનો હુકમ કર્યો. આ ઉપરથી પ્લેસ જેને ચીનનો અનુભવ છે તેણે ચીનમાં ચાલતો રિવાજ દાખલ કર્યો. તે ગુનેગાર ચીનાને તદ્દન નાગો કરતો. પછી તેને તેની ચોટલી વતી કંપાઉન્ડમાં ખડા કરેલા જંડા[સ્તંભ]ની સાથે બંધાવતો અને ત્યાં બેથી ત્રણ કલાક સુધી ગમે તેવી ઠંડી હોય અથવા ગમે તેવો સખત તડકો હોય તોપણ ઊભા રાખતો. પછી બીજા ચીનાઓને આ માણસની તરફ દાંતિયાં કરવા હુકમ કરતો. બીજી રીત એ હતી કે ગુનેગારના ડાબા હાથ ઉપર એક પાતળી રસી બાંધવામાં આવતી. પછી તે રસી કડાંમાં ઘાલી ગરીબ બિચારા મજૂરને લટકાવવામાં આવતો, તે એવી રીતે કે માત્ર તેના પગનાં આંગળાંની ટોચ ઉપર બેત્રણ કલાક સુધી ઊભો રાખવામાં આવતો. વળી કેટલેક ઠેકાણે તો બિચારા મજૂરોને બે ફૂટ ઊંચે ભારોટિયું રાખી તે ભારોટિયાની સાથે હાથમાં બેડી પહેરાવી બાંધવામાં આવતા, અને હાલીચાલી ન શકાય તેમ બેત્રણ કલાક સુધી રાખવામાં આવતા. આવી સજા તે ઓલમાંથી નીકળીને ચૂલમાં પડવા જેવી થઈ. આમની સભામાં ચાબકાની ચર્ચા ચાલી તો માઈનના ઘાતકી અમલદારોએ ચાબકા બંધ કર્યા; પણ તેને બદલે વધારે ઘાતકી સજા મુકરર કરી એમ કહેતાં ભૂલી ગયા. આ વાત બહાર પાડી ડેલી एक्सप्रेसના અધિપતિ મિ. પેકમેને સેંકડો ચીનાઓની છૂપી દુવાઓ લીધી છે. જો એ બધું ખરું હોય, (અને ખોટું માનવાનું કાંઈ કારણ નથી.) તો ખાણના ઉપરીઓ પોતાના કર્તાની પાસે શું જવાબ દઈ શકશે? દક્ષિણ આફ્રિકાના ગરીબ મજૂરોની હાય ખાઈ પાયમાલ થાય તો શી નવાઈ? ઇંગ્રેજે લડાઈ કરી ટ્રાન્સવાલ જીત્યું તેનું શું આ પરિણામ!

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૯-૯-૧૯૦૫

Gandhi Heritage Portal

૮૦. ફ્લૉરેન્સ નાઇટિંગેલ[1]

અમે એક અંકમાં ભલી બાઈ ઈલિઝાબેથ ફ્રાઈની કારકિર્દીનું વર્ણન આપી ગયા છીએ. તેણે જેમ કેદીઓની હાલતમાં ફેરફાર કર્યો ને તેઓને સારુ પોતાની જિંદગી આપી, તેમ ફ્લૉરેન્સ નાઈટિંગેલે લશ્કરી સિપાઈઓને સારુ પોતાનો પ્રાણ આપ્યો. ૧૮૫૧[2]ની સાલમાં જ્યારે ક્રિમિયાની ભારે લડાઈ થઈ ત્યારે બ્રિટિશ સરકાર ધારા મુજબ ઊંઘતી હતી. કંઈ તૈયારી ન હતી. અને જેમ બોઅરની લડાઈમાં થયું તેમ ક્રિમિયાની લડાઈમાં પણ શરૂઆતમાં ભૂલો કરી સજ્જડ હાર ખાધેલી. આજે જેટલાં સાધનો જખમી માણસોની સારવાર કરવાનાં છે તેટલાં આજથી ૫૦ વર્ષ ઉપર ન હતાં. આજે જેટલા માણસો મદદ કરવા નીકળે છે તેટલા તે વખતે ન હતા. શસ્ત્રવિદ્યાનું જોર આજ છે તેટલું તે વખતે ન હતું. ઘાયલ માણસને મદદ કરવા જવામાં પુણ્ય છે, તે દયાનું કામ છે, એવું સમજનારા તે વેળા થોડા માણસ હતા. એવે વખતે આ બાઈ ફ્લૉરેન્સ નાઈટિંગેલ કેમ જાણે ફિરસ્તો થઈ ઊતરી ન હોય એવાં તેણે કામ કર્યાં! સોલ્જરો દુ:ખી થાય છે એ તેણે જાણ્યું, ત્યારે તેનું હૃદય ભેદાયું. પોતે મોટા કુળની પૈસાદાર બાઈ હતી. પોતાના એશ-આરામ છોડી પોતે દરદીઓની સારવાર કરવા ચાલી નીકળી. તેની પછવાડે બીજી ઘણી બાઈઓ ગઈ. પોતે ૧૮૫૪ના ઑક્ટોબરની ૨૧મી તારીખે નીકળી પડી. ઇંકરમૅનની[3] લડાઈમાં તેણે સજ્જડ મદદ કરી. આ વખતે જખમીઓને ન હતાં બિછાનાં, કે ન હતી બીજી સગવડો. આ એક બાઈની દેખરેખ નીચે ૧૦,૦૦૦ જખમીઓ હતા. તે બાઈ પહોંચી તે વખતે મરણની સંખ્યા સેંકડે ૪૨ની હતી, તેણીના જવા પછી એકદમ ૩૧ ઉપર આવી, ને છેવટે તે સેંકડે ૫ સુધી સંખ્યા આવી. આ ચમત્કારી બનાવ છે છતાં સહેજે સમજી શકાય એવો છે. આટલા હજારો ઘાયલ થયેલા માણસોને લોહી ચાલતું અટકાવવામાં આવે, જખમ બાંધવામાં આવે, અને જોઈતો ખોરાક આપવામાં આવે, તો બેશક જાન બચે. માત્ર દયાની અને સારવારની જરૂર હતી તે નાઈટિંગેલે પૂરી પાડી. એમ કહેવાય છે કે મોટા ને મજબૂત માણસો કામ ન કરી શકે તેટલું નાઈટિંગેલ કરતી. પોતે દહાડોરાત મળી ૨૦ કલાક સુધી કામ કરતી. જ્યારે તેની નીચેની બાઈઓ સૂઈ જતી ત્યારે પોતે એકલી મધ્યરાતે મીણબત્તી લઈ દરદીઓના ખાટલા પાસે જતી, તેઓને આસાએશ આપતી અને જે કંઈ ખોરાક વગેરે જોઈએ તે પોતાને હાથે આપતી. નાઈટિંગેલ જ્યાં લડાઈ ચાલતી હતી ત્યાં જતાં પણ ડરતી નહીં, ને જોખમ શું છે તે સમજી ન હતી. ભય માત્ર ખુદાનો રાખતી. જ્યારેત્યારે પણ મરવું છે એમ સમજી દુ:ખ ઓછું કરવાને ખાતર જે ઈજા ઉઠાવવી પડે તે ઉઠાવતી.

આ બાઈ કદી પરણી ન હતી. પોતાની જિંદગી આવાં સારાં કામોમાં ગાળી. જ્યારે તે મરી ગઈ ત્યારે હજારો સોલ્જરો નાનાં બાળકની માફક પોતાની મા મરી ગઈ હોય તેમ પોકે-પોકે રડેલા એમ કહેવાય છે.

૧. (૧૮૨૦–૧૯૧૦) પ્રસિદ્ધ પરિચારિકા અને ઇસ્પિતાલ સુધારણાના કાર્યનાં આદિ પ્રણેતા.
૨. હકીકતમાં ક્રિમિયાનું યુદ્ધ ૨૩મી ઑક્ટોબર ૧૮૫૩માં ફાટી નીકળ્યું હતું.
૩. નવેમ્બરની ૫મીએ.

Gandhi Heritage Portal

આવી બાઈઓ જ્યાં પેદા થાય તે દેશ કેમ આબાદ ન હોય! ઈંગ્લંડ રાજ્ય કરે છે તે પોતાના બળથી નહીં પણ આવાં સ્ત્રી-પુરુષનાં પુણ્યથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९–९–१९०५

૮૦(૧). શાબાશ બંગાળ

અમે અગાઉ લખી ગયા છીએ કે, બંગાળના ભાગ કરવાનો ઠરાવ હિંદી સરકારે કર્યા પછી કલકત્તામાં મોટી સભા થઈ હતી, અને ત્યાં ઠરાવ થયો હતો કે જો સરકાર લોકોની લાગણી તરફ ધ્યાન નહીં આપે તો વિલાયતી વેપાર બંધ કરવો. સરકારે લોકોની લાગણીની દરકાર નથી રાખી. બંગાળના ભાગ કર્યા છે, અને હવે ખુશીખબર લાવ્યા છે. વિલાયતી માલ લેવાનું બંધ થયું છે. આથી માંચેસ્ટરના વેપારીઓ હેબતાઈ ગયા છે. તેઓના વેપારમાં ધક્કો લાગ્યો છે. ચીનાઓએ જેવું જોર ચીનમાં બતાવ્યું છે તેવું જ બંગાલીએ બંગાળમાં બતાવ્યું જણાય છે. આમ જો બરોબર ચાલશે તો સરકાર ગેરઈન્સાફ કરતી ભૂલી જશે. બંગાળે હિંદુસ્તાનનું નાક રાખ્યા જેવું થયું છે, અને અમે ઉમેદ રાખીએ છીએ કે આ નિશ્ચય ઉપર ટકી રહી પોતાનું પણ પૂરું કરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९-९-१९०५

૮૦(૨). દારૂ પીવાથી થતાં નુકસાન

અમારી જાણમાં છે કે ગુજરાતી હિંદીઓમાંથી ઘણા દારૂ પીવાની કુટેવમાં પડી ગયા છે. દશ વર્ષ પહેલાં ગુજરાતી હિંદીઓ દારૂ પીનારા ભાગ્યે જ જોવામાં આવતા હતા. હવે ડરબનમાં કેટલાંક પીઠાંઓનો નિભાવ ગુજરાતીઓ ઉપર જ રહ્યો છે. થોડી મુદત પહેલાં, ગુજરાતીઓને ક્યાં દારૂ મળી શકશે એ બાબતની જાહેરખબર આ પત્રમાં નાંખવાને આવેલી, તે અમે લેવાની ના પાડી, અને તેવી જાહેરખબર પર આ છાપાનો નિભાવ ચલાવવા અમે બિલકુલ માગતા નથી. દારૂના જેવું બીજું નુકસાન કરનારું વ્યસન કંઈ જ નથી. કેમ કે દારૂના અંગમાં માત્ર શરીરને ઈજા પહોંચે છે એટલું જ નહીં પણ તેથી માણસમાં રંડીબાજી, ચોરી, જુગાર વગેરે દાખલ થાય છે. અમારા અનુભવ પ્રમાણે હિંદીઓમાં દારૂ માત્ર વ્યસન જ તરીકે પીવામાં આવે છે. તબિયતને બહાને કોઈ પીતું નથી. એટલે જેટલી ખરાબી આપણામાં જોવામાં આવે છે તેટલી ગોરાઓમાં નથી. એવા કેટલાક ગોરાઓ આપણે જોઈએ છીએ કે જેઓ માત્ર શરીરનું સુખ છે એવી સમજથી પીએ છે, તેવાઓમાં બીજી જાતનો બગાડ જોવામાં નથી આવતો, પણ શરીરસુખ તેથી વધવાને બદલે ઘટે છે એમ ઘણા યુરોપના વિદ્વાનો બતાવવા લાગ્યા છે. બ્રિટિશ ઍસોસિયેશનના મેમ્બરો જે દક્ષિણ આફ્રિકામાં આવ્યા છે તેઓમાંથી પ્રોફેસર મેક કેન્ડ્રિક છે તેણે શરીર ઉપર થતી ખરાબ અસરના દાખલાઓ આપી ભાષણ કર્યાં છે. આ પ્રોફેસર સાહેબ તે ગ્લાસગોના મોટા શાસ્ત્રી

Gandhi Heritage Portal

છે. અને શારીરિક જ્ઞાનશાસ્ત્રનો તેમણે ખસૂસ અભ્યાસ કર્યો છે. આ સાહેબે જોહાનિસબર્ગમાં ઑગસ્ટ મહિનાની એકત્રીસમી તારીખે મોટું ભાષણ કર્યું, જે વખત મેસોનિક હોલ ચિકાર ભરાઈ ગયેલો હતો. મિ. હૉસ્કેન સાહેબ પ્રમુખપદ પર બિરાજ્યા હતા. પ્રોફેસરે ભાષણ કરતાં બતાવી આપ્યું કે હાલ જે શોધો થયેલી છે તે પ્રમાણે જોતાં દારૂની માઠી અસર શરીર ઉપર ઘણી સખત થાય છે. ઘણા લોકો એમ માને છે કે દારૂ પીવાથી શરીર ગરમ રહે છે. આ છેક ભૂલભરેલું છે. બેશક દારૂ પીનારાને પોતાને શરીર ગરમ લાગે છે, કેમ કે દારૂ લોહીને ઉકાળી લોહીની ગતિ જોઈએ તેના કરતાં વધારે છે. પરિણામ એ આવે છે કે ચામડીના વેહ મોટાં થાય છે. અને દારૂ પીનારને ગરમી જણાય છે. હકીકતમાં તેવા માણસની ગરમી નળીથી માપીએ તો ઓછી જોવામાં આવે છે. એટલે ઠંડી ઋતુમાં ગરમી લાવવાના ઈરાદાથી દારૂ પીવામાં આવે છે એ ભૂલ જાણવી, અને સાધારણ અનુભવે પણ આપણે જોઈ શકીએ છીએ કે દારૂ પીનારા માણસો ઠંડી બહુ ઓછી સહન કરી શકે છે.

વળી પ્રોફેસર સાહેબે બતાવી આપ્યું કે શરીરના તંતુઓની ઉપર દારૂની અસર બહુ માઠી થાય છે. જે કંઈ આપણે કામ કરીએ છીએ તેની ગતિ મગજમાં રહેલી અમુક શક્ત વડે પેદા થાય છે. આપણે હાથ વતી કંઈ ઉપાડવું હોય તો હાથના અને બીજા સ્નાયુને હુકમ કરનાર મગજમાં છે. હાલ કેટલાંક યંત્રો નીકળ્યાં છે તે ઉપરથી મગજમાંથી હુકમ નીકળ્યા બાદ કેટલી ઝડપથી શરીરના અવયવો કામ કરે છે તેની ચોક્કસ માપણી થઈ શકે છે. પ્રોફેસરે પ્રયોગો કર્યા છે તેમાં તેઓએ એમ જોયું છે કે માણસ દારૂ પીધા પછી જેટલી ઝડપથી કામ કરે છે તેના કરતાં વધારે ઝડપથી તે જ માણસ જ્યારે દારૂ નહીં પીતો હોય ત્યારે કામ કરે છે. એટલે કેટલાક લોકો જે માને છે કે દારૂ પીવાથી શરીરની અને મનની મહેનત વધારે થઈ શકે છે તે દેખીતી ભૂલ છે. દારૂ પીવાથી મગજશક્તિ મંદ થાય છે. અને તેથી જ દારૂ પીનાર માણસની ચાલમાં, બોલવામાં અને જોવામાં ફેર પડે છે. અંતે ઘણા વખત સુધી દારૂ પીવાથી મગજશક્ત તદ્દન બંધ પડે છે. અને જુદા જુદા અવયવો કામ કરતા બંધ થાય છે જેને અંગ્રેજીમાં "પેરેલીસીસ" કહે છે અને આપણે લકવો કહીએ છીએ. આવી રીતે ઘણા દાખલાઓ આપી પ્રોફેસર સાહેબે બતાવી આપ્યું કે દારૂની અસર શરીર ઉપર ઘણી રીતે નઠારી થાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९-९-१९०५

Gandhi Heritage Portal

૮૧. મરહૂમ મિસ મૅનિંગ[1]

મિસ મૅનિંગના મૃત્યુના સમાચાર इन्डियाના ગયા અંકમાં મળ્યા છે. નેશનલ ઇન્ડિયન ઍસોસિયેશનની આ બાઈ સેક્રેટરી હતી. તેણીએ પોતાનાં ઘણાં વર્ષ આ ઍસોસિયેશનને આપેલાં. ઍસોસિયેશનનો આધાર ઘણે ભાગે આ ભલી બાઈ પર હતો. જે જે હિંદી વિદ્યાર્થીઓ વિલાયત જતા તેને તે મદદ આપતી, તેઓને રહેવાનાં ઘર શોધી આપતી અને સારી સલાહ આપતી. પોતાના ઘરના દરવાજા હમેશાં હિંદીઓને સારુ ખુલ્લા હતા[2]. વર્ષે વર્ષે પોતે મેળાવડો કરતી, તેમાં ઍંગ્લો-ઇન્ડિયનને નોતરતી અને એવી રીતે ઍંગ્લો-ઇન્ડિયન તથા હિંદીને ભેળા કરતી અને તેઓમાં સુલેહ વધારતી. પોતે માનની દરકાર ન કરતી પણ પોતાનું કામ કરવામાં જ પોતાનું માન સમજતી. તેના મોતથી જુવાન હિંદીઓ જે વિલાયત વરસોવરસ જાય છે તેને પૂરી ખોટ માલૂમ પડશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૧૬-૯-૧૯૦૫

૮૨. આવતી કૉંગ્રેસમાં પ્રમુખ કોણ થશે?

इन्डियाમાં ખબર[3] આવ્યા છે કે આવતી કૉંગ્રેસના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં નીચેનાં નામ સંભળાય છે. ઑનરેબલ મિ. ગોપાલ કૃષ્ણ ગોખલે, મિ. અરડલી નૉરટન[4], રાવ બહાદુર અકોલકર[5], સર ગુરુદાસ બૅનરજી[6], દાક્તર રાશ બિહારી ઘોષ[7] અને બાબુ કાલીચરણ બૅનરજી[8]. આ બધા ગૃહસ્થો ઘણા લાયક છે ને તેમણે હિંદની મોટી સેવા બજાવી છે. તેમાંએ મિ. ગોખલેનું નામ હાલમાં તો અગ્રેસર છે. વડી ધારાસભામાં તેમણે લૉર્ડ કર્ઝનની સામે ઘણી સરસ ટક્કર લીધી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૧૬-૯-૧૯૦૫

૧. ઇલિઝાબેથ ઍડીલેડ મૅનિંગ, ગ્રામ અદાલતના ન્યાયાધીશ અને વિદ્વાન વકીલ જેમ્સ મૅનિંગની પુત્રી. તે ફ્રૉબલ સોસાયટીના સેક્રેટરી બન્યાં અને કેમ્બ્રિજની ગર્ટન કૉલેજના આદિ સ્થાપકોમાંના એક હતાં. ૧૮૭૭માં એઓ નેશનલ ઇન્ડિયન ઍસોસિયેશનનાં માનદ સેક્રેટરી બન્યાં અને ૭૭ વર્ષની ઉંમરે ૧૦મી ઑગસ્ટ ૧૯૦૫ને રોજ થયેલા એમના અવસાન સુધી એ પદ પર રહ્યાં. ધિ इन्डियन मॅगेझीन એન્ડ રિવ્યૂનું સંપાદન કર્યું. અને એઓ હિંદમાંની બધી સામાજિક ચળવળોમાં રસ ધરાવતાં હતાં.

૨. ગાંધીજી જ્યારે, એમના કાયદાના અભ્યાસ માટે ઇંગ્લંડમાં હતા ત્યારે એમણે વારંવાર આ ઘરની મુલાકાત લીધી હોય એવું દેખાય છે. જુઓ આત્મકથા ભાગ ૧, પ્રકરણ ૨૨.

૩. મદ્રાસ મેલે ખબર આપી હતી તે મુજબ.

૪. મદ્રાસના લોકસેવક અને બૅરિસ્ટર.

૫. પાછળથી ૧૯૧૨માં બાંકીપુર ખાતે મળેલા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ.

૬. ભૂતપૂર્વ ન્યાયાધીશ, બંગજાતીય વિદ્યાપરિષદના પ્રમુખ. (બંગાળની રાષ્ટ્રીય શિક્ષણસંવર્ધક સંસ્થા).

૭. ૧૯૦૮માં મદ્રાસ ખાતે મળેલ કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ.

૮. કૉંગ્રેસનાં કાર્યોમાં તીવ્ર રસ ધરાવતા એક ખ્રિસ્તી ભારતીય હતા.

Gandhi Heritage Portal

૮૩. વડોદરાના ગાયકવાડ સરકાર અને તેમના અમાત્ય

ગાયકવાડ સરકારે મિ. દત્તને[1] પોતાના અમાત્ય નીમ્યા છે. એ કર્ઝન સાહેબને પસંદ નથી પડયું તેથી તેમણે બંગાળીમાં ખબર આપ્યા છે તે પ્રમાણે જણાય છે કે એવો છૂપો સર્ક્યુલર દરેક હિંદુસ્તાનના રાજાઓ ઉપર કાઢયો છે કે જો હવે પછી કોઈનો વિચાર નોકરી છોડી હોય એવા ઇન્ડિયન સિવિલિયનને રાખવાનો થાય તો તેને રાખતાં પહેલાં સરકારની પરવાનગી લેવી. આ એક લૉર્ડ કર્ઝનની છેલ્લી લડતમાંની જણાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६-९-१९०५

૮૪. બ્રિટિશ સૅન્ટ્રલ આફ્રિકા વિષે જાણવા જોગ ખબર

મેહનતુ માણસોને સારી તક

બ્રિટિશ સેન્ટ્રલ આફ્રિકામાં રેલવેનું કામ ચાલે છે. તેમાં મજૂરોની જરૂર છે એમ ખબર અમને મળ્યા છે. અમે હજુ વધારે ખબર તે બાબત કાઢીએ છીએ. દરમિયાન જેઓ તે તરફ જવા માંગતા હોય તેઓએ અમને પોતાનાં નામ, ઠેકાણું સાફ અક્ષરે લખી મોકલવાં. તેની અમે નોંધ રાખીશું અને જો સારી સ્થિતિમાં જવા જેવું અમને જણાશે તો આ પત્રમાં ખબર આપશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६–९–१९०५

૮૫. ઇટલીમાં ધરતીકંપ

ઈટલીમાં આવેલ કેલેબ્રિયામાં[2] મોટો ધરતીકંપ થોડા દિવસ પહેલાં થયો છે. હજારો માણસો ઘર વિનાના થઈ પડયા છે અને મદદને માટે દયાજનક પોકાર કરે છે. ઈટલીના રાજાએ પાઉંડ ચાર હજાર મદદ માટે આપેલા છે. પારઘેલી ખાતે ત્રણસો, જેપ્લો ખાતે બસો અને માર્ટેરેનો આગળ બે હજાર માણસો મરણ પામેલા તથા ગંભીર ઈજા પામેલા છે. આ મોટા આંચકા પછી બેત્રણ દિવસે એક બીજો સહજ આંચકો લાગેલો હતો. માણસો ગાભરા બની જઈ નાસભાગ કરે છે, અને કેટલાક તો દેશ છોડી ચાલ્યા જાય છે. ઘાયલ થયેલાં અને મરણ પામેલાંની સંખ્યા પાંચ હજારની ગણવામાં આવે છે. ૧૮૫૭માં જ્યારે મોટા વિભાગમાં ધરતીકંપમાં આંચકા લાગેલા

૧. શ્રી રમેશચંદ્ર દત્ત (૧૮૪૮–૧૯૦૯); ઇન્ડિયન સિવિલ સર્વિસના સભ્ય; પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના ઊંડા અભ્યાસી. धि इकॉनॉमिक हिस्ट्री ऑफ इन्डिया सिन्स धि एडवेन्ट ऑफ ईस्ट इन्डिया કંપનીના લેખક, ૧૮૯૯માં લખનૌ ખાતે મળેલા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ હતા. મહેસૂલ ખાતાના પ્રધાન અને પાછળથી વડોદરા રાજ્યના દીવાન અથવા મુખ્ય પ્રધાન બન્યા. જુઓ પુસ્તક ૪, પા. ૫૧૫–૬.

૨. ઇટાલીના નૈર્ઋત્ય છેડે આવેલો પહાડી વિસ્તાર.

Gandhi Heritage Portal

ત્યારે લગભગ દશ હજાર જાનોની હાનિ થઈ હતી. કેલેબ્રિયામાં લાંબા કાળથી આવી આફતો ચાલી આવે છે. ૧૮૫૭થી ૭૫ વરસ પહેલાંના વખતમાં કુલ મળી એક લાખ અગિયાર હજાર જાનો નાશ પામી હતી, જેની સરેરાશ ગણતાં દર વરસે પંદરસો જાનની પાયમાલી થયેલી ગણાય. છેલ્લાં પચાસ વર્ષ થયાં કેલેબ્રિયામાં ઘણા ધરતીકંપ થયેલ પણ આ ધરતીકંપ જેવો નુકસાનકારક એકે નહોતો. ઘણાં ગામડાંઓ નાશ પામ્યાં છે અને લગભગ એક લાખ માણસ ઘરબાર વિનાનું થઈ પડેલ છે. ત્યાંની સરકાર તેઓને મદદ કરવા માટે બનતી મહેનત કરે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६-९-१९०५

૮૬. ચીનાઓ અને હિંદીઓ વચ્ચે મુકાબલો[1]

જોહાનિસબર્ગમાં ઘણા ચીનાઓ રહે છે. તેઓની પૈસા સંબંધી સ્થિતિ હિંદીઓ કરતાં સારી છે એમ નહીં કહેવાય. તેઓમાંના ઘણા તો કારીગરો છે. તેઓની રહેણી જોવાનો મને થોડા દિવસ પહેલાં પ્રસંગ મળ્યો હતો. તે જોઈને આપણા લોકોની સાથે સરખામણી કરતાં મને ખેદ થયો.

તેઓએ જાહેર કામને સારુ ચાઈનીઝ ઍસોસિયેશન સ્થાપેલ છે. તેને સારુ મોટા હૉલ તેઓ રાખે છે. તે હૉલ સાફ અને સરસ રાખવામાં આવે છે. તથા તે મજબૂત ઈંટોનો બાંધેલો છે. તેનો ખર્ચ તેઓ મોટી જમીન ભાડે લીધી છે તેને ફરી ભાડે આપી કાઢે છે. ચીનાઓને રહેવા વગેરેની સગવડ ન હોવાથી તેઓએ કેન્ટોનીઝ કલબ કાઢયું છે. તે મળવાની જગ્યા, રહેવાની જગ્યા તથા લાઈબ્રેરીની ગરજ સારે છે. આ કલબને સારુ તેઓએ લાંબું લીસ લીધું છે. ને તેની પર માળવાળું પાકું મકાન બાંધ્યું છે. તેમાં બધા ઘણી સફાઈથી રહે છે. તેઓ જગ્યાનો લોભ નથી કરતાં અને બહારથી તથા અંદર જોતાં એમ જ જણાય કે કોઈ સારું યુરોપિયન કલબ હશે. તેમાં બેસવાની કોટડી, ખાવાની કોટડી, મેળાવડાની કોટડી, કમિટીને મળવાની કોટડી તથા સેક્રેટરીની કોટડી તથા લાઈબ્રેરીની કોટડી એમ નોખી કોટડીઓ રાખે છે ને તેનો ઉપયોગ બીજા કામને સારુ લેતા નથી. આને લગતી કોટડીઓ છે તે સૂવાને સારુ ભાડે આપે છે. કોઈ અજાણ્યો ચીનો ગૃહસ્થ હોય તો તેને ત્યાં ઉતારો આપી શકાય એવી તે સારી ને સ્વચ્છ જગ્યા છે. તે કલબમાં દાખલ થવાની ફી તેઓએ પાંચ પાઉંડ રાખી છે અને વાર્ષિક ફી માણસના ધંધા પ્રમાણે છે. આ કલબમાં લગભગ ૧૫૦ મેમ્બરો છે. તેઓ દર રવિવારે મળે છે અને ગમતરમત કરે છે તથા બીજે દિવસે પણ મેમ્બરો તેનો ઉપયોગ કરી શકે છે.

આમાનું કશું આપણે નથી બતાવી શકતા. કોઈ પણ પરાયા હિંદીને ઊતરવા જેવી સ્વતંત્ર જગ્યા આખા દક્ષિણ આફ્રિકામાં કોઈ શહેરમાં નથી. આપણી પરોણાગત બેશક ઉમદા છે, પણ તેને હદ રહે છે. એક કલબ જેવી જગ્યા હોય તો તેના ઘણા સારા ઉપયોગ થઈ શકે છે. લોકો એકબીજાને ઘેર પોતાનો વખત ગાળવાને બદલે આવી સાર્વજનિક જગ્યાએ વખત ગાળી શકતા હોય તો તેથી ઘણો લાભ મળે છે. કોઈ એક માણસ ઉપર બોજો નથી પડતો. મિત્રાચારી

૧. આ "અમારા જોહાનિસબર્ગના ખબરપત્રી તરફથી"એ રૂપમાં પ્રસિદ્ધ થયું હતું.

Gandhi Heritage Portal

વધી શકે છે અને તેમાં આપણી આબરૂ પણ વધે છે. ચોખ્ખાઈના નિયમો પણ જાળવી શકાય છે. આ કામ ઘણે ઓછે ખરચે થઈ શકે તેવું તથા જરૂરનું છે એમાં કશો શક નથી.

ચીનાઓએ જે ક્લબ સ્થાપ્યું છે તે ચોક્કસ ધડો લેવા લાયક ને નકલ કરવા જેવું છે. આપણી ઉપર ગંદાઈનું જે તહોમત છે તે તદ્દન વિના કારણ નથી. તે તહોમતને રદ કરવા સારુ આવી ક્લબની સ્થાપના કરવી એ એક મોટું ઓસડ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६–९–१९०५

૮૭. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

અમો યુરોપની કેટલીક ભલી બાઈઓ તથા યુરોપના કેટલાક ભલા પુરુષોનું વૃત્તાંત ટૂંકમાં આપી ગયા છીએ. વૃત્તાંતો આપવાનો હેતુ અમારા વાંચનારાઓને જ્ઞાન મળે તથા તેવા દાખલાઓની નકલ કરી પોતે જિંદગીનું સાર્થક કરે એવો છે.

બંગાળમાં વિલાયતી માલ નહીં લેવાની જે સજ્જડ હિલચાલ ચાલી રહી છે તે જેવીતેવી નથી. બંગાળમાં જ્ઞાન વધારે છે, લોકો ચાલાક વધારે છે એથી આવી હિલચાલ થઈ શકી છે. સર હેનરી કૉટન કહી ગયા છે કે બંગાળ કલકત્તેથી પેશાવર સુધી રાજ્ય ચલાવે છે. આનાં કારણ જાણવાની જરૂર છે.

એટલું ચોક્કસ છે કે પ્રજાની ચડતીપડતીનો આધાર તેના મહાન પુરુષો ઉપર રહે છે. જે લોકોમાં સારા માણસો પેદા થાય તેમાં તેવા માણસોની છાપ પડયા વિના રહેતી નથી. બંગાળમાં જે વિશેષપણું જોવામાં આવે છે તેનાં કારણોમાંનું મુખ્ય કારણ એ છે કે બંગાળમાં બહુ મહાન પુરુષો ગઈ સદીમાં પેદા થયેલા. રામ મોહન રાયથી[1] લઈને એક પછી એક વીર પુરુષોએ બંગાળની સ્થિતિ બીજા પ્રાંતો કરતાં વધારે ચડતી કરી મૂકી છે. આ બધામાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર મોટો હતો એમ કહી શકાય છે. વિદ્યાસાગર એ ઈશ્વરચંદ્રનો ઇલકાબ હતો. તેની સંસ્કૃત વિદ્યા એવી સરસ હતી કે તેને વિદ્યાનો દરિયો એટલે સાગર એવું ઉપનામ કલકત્તાના શાસ્ત્રીઓએ આપ્યું. પણ ઈશ્વરચંદ્ર તે માત્ર વિદ્યાનો સાગર ન હતો, તે દયાનો, ઉદારતાનો તથા ઘણા સદ્‌ગુણોનો સાગર હતો. તે હિંદુ હતો અને તેમાં બ્રાહ્મણ. પણ તેને મન બ્રાહ્મણ અને શૂદ્ર, હિંદુ અને મુસલમાન સરખા હતા. જે કંઈ સારાં કામ કરવાં હોય તેમાં તેને ઊંચનીચનો ભેદ ન હતો. પોતાના પ્રોફેસરને કૉલેરા થયો ત્યારે તેણે જાતે તેની ચાકરી કરી. પ્રોફેસર ગરીબ હતા તેથી પોતાના ખરચે દાક્તરો લાવ્યો. અને પ્રોફેસરનાં વિષ્ટામૂતર પોતે ઉપાડયાં.

ચંદ્રનગરમાં[2] ગરીબ મુસલમાનોને કુલચી અને દહીં પોતે ખરીદ કરી જમાડતો અને જેને પૈસાની મદદ જોઈએ તેને પૈસા આપતો. રસ્તામાં કોઈ પાંગળા કે દુ:ખી માણસને જોય તો તેને પોતાને ઘેર લઈ જઈ પોતે તેની સારવાર કરતો. પારકાને દુ:ખે દુ:ખ ને પારકાને સુખે સુખ માનતો.

૧. એક મહાન સામાજિક અને ધાર્મિક સુધારક, બ્રહ્મસમાજના સ્થાપક, જેમણે સતીપ્રથા નાબૂદીમાં ફાળો આપ્યો અને કેળવણીના પ્રચાર માટે અથાગ પરિશ્રમ કર્યો.

૨. પશ્ચિમ બંગાળમાં આવેલું તે વખતનું ફ્રેન્ચ સંસ્થાન.

Gandhi Heritage Portal

પોતે જાતે અત્યંત સાદો હતો. શરીરે એક જાડા કપડાની ધોતી તથા અંગે ઓઢવાની તેવી શાલ તથા સપાટ એટલો તેનો પોષાક હતો. એવો પોષાક પહેરી પોતે ગવર્નરોને મળતો અને એવો જ પોષાક પહેરી ગરીબોને આવકાર આપતો. એ માણસ ખરેખરો ફકીર અથવા સંન્યાસી કે યોગી હતો. તેની જિંદગીનો વિચાર કરવો આપણને બધાને છાજે છે.

ઈશ્વરચંદ્ર મીદનાપુર તાલુકા[1]માં એક નાના ગામમાં ગરીબ માબાપને ત્યાં જન્મ્યો હતો. તેની મા બહુ સાધ્વી હતી, અને તેની માના ગુણો ઘણા ઈશ્વરચંદ્રને વારસામાં ઊતર્યા હતા. તેનો બાપ થોડું ઈંગ્રેજી તે વખતે જાણતો અને પોતાના દીકરાને વધારે જ્ઞાન આપવાનો તેણે વિચાર કર્યો. ઈશ્વરચંદ્રે પાંચ વર્ષની ઉંમરે કેળવણી શરૂ કરી. આઠ વર્ષની ઉંમરે તેને ૬૦ માઈલ ચાલીને કલકત્તે જવું પડયું. ત્યાં સંસ્કૃત કૉલેજમાં દાખલ થયો. રસ્તામાં ચાલતાં માઈલની નિશાનીઓ આવતી તેને જોઈને તેણે ઈંગ્રેજી આંકડા યાદ રાખ્યા એવી તેની અદ્ભુત યાદદાસ્ત હતી. સોળ વર્ષની ઉંમરે તેણે ઘણો ઉત્તમ સંસ્કૃત અભ્યાસ કર્યો અને તેને સંસ્કૃત શીખવવાની નોકરી મળી. એક પછી એક પગથી ચડી છેવટે જે કૉલેજમાં પોતે ભણ્યો તે કૉલેજમાં પોતે પ્રિન્સિપાલ થયો. સરકાર તેને અત્યંત માન આપતી. પણ પોતે સ્વતંત્ર મિજાજનો હોવાથી તેનાથી કેળવણી-ના વડાની બરદાસ્ત ન થઈ શકી તેથી તેણે રાજીનામું આપ્યું. બંગાળના લેફ્ટનન્ટ ગવર્નર સર ફ્રેડરિક હેલીડેએ તેને બોલાવી રાજીનામું ખેંચી લેવા કહ્યું. પણ ઈશ્વરચંદ્રે તેમ કરવા ચોખ્ખી ના પાડી.

આમ નોકરી છોડયા પછી ઈશ્વરચંદ્રની મોટાઈ ને માણસાઈ ખરેખર ખીલ્યાં. તેણે જોયું કે બંગાળી ભાષા ઘણી સરસ છે પણ તેમાં નવાં લખાણો ન હોવાથી ગરીબડી લાગે છે. તેથી તેણે બંગાળી પુસ્તકો રચવાં શરૂ કર્યાં. ઘણાં જોરાવર પુસ્તકો તેણે લખ્યાં છે અને બંગાળી ભાષા અત્યારે આખા હિંદુસ્તાનમાં ખીલી રહી છે તથા બહુ ફેલાવો પામી છે તેનું મુખ્ય કારણ વિદ્યાસાગર છે.

પણ ચોપડીઓ લખવી એટલું બસ નથી એમ પણ તેણે જોયું. તેથી તેણે નિશાળો સ્થાપી. કલકત્તામાં મૅટ્રો પોલિટન કૉલેજ છે તેના સ્થાપનાર તે વિદ્યાસાગર. તે ચલાવનારા બધા દેશીઓ છે.

જેમ ઊંચી કેળવણીની જરૂર છે તેમ જ સાધારણ કેળવણીની જરૂર છે એવું વિચારી તેણે ગરીબોને સારુ નિશાળો સ્થાપી. આ કામ બહુ મોટું હતું. તેમાં તેને સરકારની મદદની જરૂર હતી. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે સરકાર ખર્ચ આપશે. વાઈસરૉય લૉર્ડ એલનબરો[2] તેથી વિરુદ્ધ હતો. તેથી વિદ્યાસાગરે મોકલેલાં બિલ પસાર નહીં થયાં. લેફ્ટનન્ટ ગવર્નર બહુ દિલગીર થયા ને ઈશ્વરચંદ્રને તેની ઉપર દાવો બાંધવાની સૂચના કરી. બહાદુર ઈશ્વરચંદ્રે જવાબ આપ્યો, "સાહેબ, હું મારે સારુ ઈનસાફ લેવા કદી અદાલતમાં ગયો નથી તો તમારી ઉપર ફરિયાદ કરવા હું જાઉં એ બને જ કેમ?" એ વખતે બીજા ગોરાઓ ઈશ્વરચંદ્રને મદદ કરતા. તેઓએ તેને પૈસા સંબંધી મદદ સારી કરેલી. પોતે બહુ શાહુકાર ન હોવાથી ઘણી વખત બીજાઓનાં દુ:ખ કાપતાં પોતે કરજમાં આવી પડતો, છતાં તેણે જાહેર ખરડો કરવાની સૂચના થયેલી તે નહીં સ્વીકારી.

૧. પશ્ચિમ બંગાળમાં.
૨. ભારતનો ગવર્નર જનરલ, ૧૮૪૧થી ૧૮૪૪.

Gandhi Heritage Portal

આ પ્રમાણે ઊંચી તથા સાધારણ કેળવણીને સારા પાયા પર મૂકી તેથી સંતોષ નહીં પામ્યો. તેણે જોયું કે સ્ત્રીકેળવણી વિના છોકરાઓને કેળવણી આપવી એ બસ નથી. મનુમાંથી તેણે એક શ્લોક શોધ્યો તેમાં એમ લખેલું છે કે સ્ત્રીઓને કેળવણી આપવી એ ફરજ છે. એનો ઉપયોગ કરી પોતે તે બાબત પુસ્તક લખ્યું અને બેથ્યુન સાહેબની સાથે રહી સ્ત્રીઓને કેળવણી આપવા સારુ બેથ્યુન કૉલેજ સ્થાપી. કૉલેજ સ્થાપવા કરતાં તેમાં સ્ત્રીઓને લાવવી એ મુશ્કેલ હતું. પોતે સાધુ જિંદગી ભોગવતો અને બહુ વિદ્વાન હતો. તેથી સૌ તેને માન આપતા. આ ઉપરથી તે મોટા માણસોને મળ્યો અને તેઓને પોતાનાં બૈરાંઓને શીખવા મોકલવા સમજાવ્યું. આમ કરવાથી મોટા માણસની દીકરીઓ જવા લાગી. આજે એ કૉલેજમાં ઘણી નામાંકિત, હોંશિયાર ને સતી સ્ત્રીઓ છે તે એટલે સુધી કે તેઓ તેનો રાજ્યકારભાર ચલાવી શકે છે.

આટલાથી તેને સંતોષ નહીં થયો તેથી તેના અંગમાં નાની છોકરીઓને સાધારણ કેળવણી આપવાની નિશાળો સ્થાપી. તેમાં છોકરીઓને લૂગડાંલત્તાં, ખાવાપીવાનું અને ચોપડીઓ સુધ્ધાં આપ્યાં. પરિણામે હાલ કલકત્તામાં હજારો વિદ્વાન સ્ત્રીઓ જોવામાં આવે છે.

કેળવણી આપનારાની ખામી હતી તે પૂરી પાડવા સારુ પોતે મહેતાજીઓ તૈયાર કરવાની નિશાળો કાઢી.

હિંદુ વિધવા સ્ત્રીઓની સ્થિતિ ઘણી દયામણી પોતે જોઈ તેથી તેણે વિધવાવિવાહનો ઉપદેશ શરૂ કર્યો, પુસ્તકો લખ્યાં, ભાષણો કર્યાં. બંગાળના બ્રાહ્મણો તેની સામા થયા તેની દરકાર ન કરી. તેને મારવાને માણસો ઊભા થયા. પોતે જિંદગીનો ભય નહીં રાખ્યો. સરકારની પાસે વિધવાવિવાહ એ કાયદેસર છે એવો કાયદો પસાર કરાવ્યો. ઘણા માણસોને સમજાવ્યા ને મોટા માણસોની બાળવિધવા દીકરીઓનાં લગ્ન કરાવ્યાં. પોતાના દીકરાને એક ગરીબ વિધવા છોકરીની સાથે વિવાહ કરવામાં પોતે ઉત્તેજન આપ્યું.

કુલીન બ્રાહ્મણો ઘણી સ્ત્રીઓ કરતા. તેઓને ૨૦ ઓરતો પરણતાં શરમ ન થતી. આવી સ્ત્રીઓનાં દુ:ખ જોઈ ઈશ્વરચંદ્ર રડતો અને આ દુષ્ટ રિવાજ બંધ કરવાને જિંદગી પર્યંત મહેનત કરી.

બર્દ્વાનમાં મલેરિયાની બીમારીથી હજારો ગરીબો દુ:ખી થતા જોયા. તેથી પોતાને ખરચે દાક્તર રાખી પોતે જાતે દવા આપતો. ગરીબોને ઘેર જઈ તેઓને મદદ પહોંચાડતો. આમ બે વર્ષ સુધી પોતે નિરંતર મહેનત કરી. સરકારની મદદ મેળવી બીજા દાક્તરો મંગાવ્યા.

આ ચાકરી કરતાં તેણે ઔષધી–જ્ઞાનની જરૂર જોઈ. તેથી હોમિયોપથીનો અભ્યાસ કર્યો. તેમાં કુશળતા મેળવી પોતે દવા આપતો. ગરીબોને મદદ કરવા લાંબો પંથ કરવો પડે તેની તેને દરકાર ન હતી.

મોટા રાજાઓની ભીડ ભાંગવામાં પણ પોતે જબરો હતો. કોઈ રાજાઓની ઉપર ગેરઈનસાફ થાય અથવા તે ગરીબાઈમાં આવી પડે તો પોતાની વગથી, પોતાના જ્ઞાનથી ને પૈસાથી તેઓનાં દુ:ખ ભાંગતો.

આમ કરતો કરતો વિદ્યાસાગર ૭૦ વર્ષની ઉંમરે ૧૮૯૦ની સાલમાં મરણ પામ્યો. દુનિયામાં એવા માણસો થોડા થયા છે. એમ કહેવાય છે કે જો ઈશ્વરચંદ્ર યુરોપની પ્રજામાં જન્મ્યો હોત તો જેમ નેલસનને સારુ ઈંગ્રેજી પ્રજાએ જબરો સ્તંભ ખડો કર્યો છે તેમ ઈશ્વરચંદ્રની

Gandhi Heritage Portal

પાછળ થાત. બંગાળી પ્રજાના મોટાનાના, ગરીબતવંગર બધાનાં હૃદયમાં ઈશ્વરચંદ્રનો સ્તંભ સ્થપાયેલો પડયો છે.

હવે આપણે સમજી શકીશું કે બંગાળ કેમ હિંદુસ્તાનના બીજા ભાગને શીખવે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६-९-१९०५

૮૮. લેફ્. ગવર્નરના અંગત મંત્રીને પત્ર

બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન

બૉક્સ નં. ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૧૬, ૧૯૦૫

અંગત મંત્રી
નેક નામદાર લેફ્. ગવર્નર
પ્રિટોરિયા

સાહેબ,

ચાલુ સપ્ટેમ્બરની પહેલી તારીખે પરવાના ખાતાના મુખ્ય મંત્રીને સંબોધી મેં લખેલા પત્ર[૧] સંબંધે કેટલીક પૂછપરછ કરતો આપનો ચાલુ માસની તા. ૧૩મીનો પત્ર નં. એલ. જી. ૯૭/૩ મળ્યો.

આ પત્રનો લેખક, વચ્ચે વચ્ચે બહુ ટૂંકી મુદતો બાદ કરતાં, ૧૮૮૩થી આ સંસ્થાનમાં રહે છે અને હિંદી કોમના બહુ ગાઢ પરિચયમાં છે. બાર વરસથી વધારે સમય થયાં એ કોમનું પ્રતિનિધિત્વ ધરાવવાનું માન એને મળેલું છે. ટ્રાન્સવાલમાં યુદ્ધ પૂર્વે ૧૫,૦૦૦થી વધારે પુખ્ત વયના બ્રિટિશ હિંદી પુરુષો વસતા હતા એ કથનના સમર્થનમાં પહેલા પુરાવા તરીકે આ લેખકનો પોતાનો અનુભવ માનપૂર્વક રજૂ કરવામાં આવે છે.

એ કથનના સમર્થનમાં મારું મંડળ વધારામાં નીચે દર્શાવેલી રજૂઆત કરે છે:

૧. નેક નામદારની સરકારને બ્રિટિશ એજન્ટે ૧૮૯૯ની સાલમાં બ્રિટિશ વસ્તીનો અડસટ્ટો આપતું નિવેદન મોકલ્યું હતું, ને તેમાં દર્શાવેલી સંખ્યાઓ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થઈ હતી. તેમાં, લેખકને સારી રીતે યાદ છે તે મુજબ બ્રિટિશ હિંદીઓની સંખ્યા ૧૫,૦૦૦ આપવામાં આવી હતી.

૨. નેક નામદારના સંસ્થાન ખાતાના પ્રધાનને ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદીઓએ ઈ. સ. ૧૮૯૫માં એક અરજી મોકલી હતી. દક્ષિણ આફ્રિકાના હિંદીઓની ફરિયાદો સંબંધી રિપોર્ટમાં એ અરજી પ્રસિદ્ધ થયેલી. ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓની વસ્તીનો અડસટ્ટો કાઢવામાં આવેલો, તે મુજબ ઓછામાં ઓછા ૫,૦૦૦ લાયક વયના હિંદી પુરુષો ટ્રાન્સવાલમાં હતા, પરંતુ ૧૮૯૫ અને ૧૮૯૯ વચ્ચે દક્ષિણ

૧. જુઓ પા. ૫૭-૮.

Gandhi Heritage Portal

આફ્રિકામાં રહેનારા લોકો જાણે છે કે ટ્રાન્સવાલની હિંદી વસ્તીમાં સૌથી મોટો વધારો એ ગાળામાં થયો હતો. એ વધારો એટલો બધો ભયજનક લાગેલો કે હાલના હિંદી-વિરોધી ચળવળખોરો પૈકી કેટલાકે ત્યારે મરહૂમ પ્રેસિડન્ટ ક્રૂગરને પગલાં લેવા વિનંતી કરી હતી. પરંતુ સદ્‌ભાગ્યે હિંદીઓના પ્રવેશની બાબતમાં મરહૂમ પ્રેસિડન્ટે આવી કોઈ સૂચના કાને નહોતી ધરી. હિંદમાં ૧૮૯૬માં પ્લેગ શરૂ થયો અને ત્યાર પછી અસાધારણ એવા બે દુકાળ એક પછી એક પડ્યા. તે સમય દરમિયાન હિંદથી પહેલાં કદી જાણવામાં ન આવ્યો હોય તેવો સૌથી મોટો વસ્તી-પ્રવાહ બહાર વહેવા લાગ્યો. મુંબઈ અને દક્ષિણ આફ્રિકાનાં બંદરો વચ્ચે કુરલૅન્ડ, નાદરી, હુસેની અને ક્રીસેંટ સ્ટીમરો ખાસ દોડવા લાગી ને દરેક સફરે દરેક વહાણ દક્ષિણ આફ્રિકા માટે ૪૦૦ ઉપરાંત હિંદી પ્રવાસી લાવતું. આ પૈકી ઘણાખરા તે વખતે ટ્રાન્સવાલમાં દાખલ થયેલા એ સૌ જાણતા હતા.

૩. નાતાલ ઇમિગ્રેશન કાયદો ૧૮૯૭ની શરૂઆતમાં પસાર થયો. ૧૮૯૬ના ડિસેમ્બરમાં ડરબન બંદરનાં દેખાવો યોજાયેલા,[૧] ને તેમનું લક્ષ્ય કુરલૅન્ડ અને નાદરી વહાણ હતાં જે બે મળીને ૮૦૦ ઉપરાંત પ્રવાસી લાવેલાં. તે પૈકી તે એક જ માસમાં ૫૦૦ જણ ટ્રાન્સવાલ ગયેલા. આ દરેક સ્ટીમર વરસે ચાર સફર કરતી. જો તેમણે ટ્રાન્સવાલ માટે પહેલાં આવી વસેલા હિંદીઓ ઉપરાંત માત્ર ૩૦૦ પ્રવાસી સફર દીઠ આણ્યા હોય તો ચાર સ્ટીમર વચ્ચે વાર્ષિક ૪,૮૦૦ હિંદી પ્રવાસીનો વધારો થાય. આમાં હિંદના બીજા ભાગમાંથી કિંગ્સ લાઈન અને ધિ બ્રિટિશ ઇન્ડિયન સ્ટીમ નેવિગેશન કં. એ આણેલા હિંદીઓ હિસાબમાં લીધા નથી. આ સ્ટીમરો પૈકી દરેક દીઠ આવેલા પ્રવાસીઓની સંખ્યાની ચકાસણી સ્ટીમર કંપનીઓને અથવા નાતાલના બંદર-અધિકારીઓને પૂછીને સહેલાઈથી થઈ શકે.

ટ્રાન્સવાલના બીજા બહુ જૂના રહેવાસી બ્રિટિશ હિંદીઓ પણ લેખકના અભિપ્રાયનું સમર્થન કરે છે.

૪. સામે પક્ષે જેમને હિંદી-વિરોધી પક્ષ કહી શકાય તેમનાં જાહેર નિવેદનો રજૂ કરવામાં આવે તો, એ પક્ષની રજૂઆતો વિષે સંયમથી વાત કરવી મુશ્કેલ છે. લગભગ દરેક મહત્ત્વની વિગત બાબતમાં આ પક્ષના સભ્યોએ કરેલા આક્ષેપો સામે વારંવાર પડકાર ફેંકવામાં આવ્યો છે અને તે ખોટા સાબિત થયેલા છે; છતાં પણ એ આક્ષેપોનું પુનરુચ્ચારણ કરતાં તથા બ્રિટિશ હિંદીઓ સામે જનસમાજના પૂર્વ-ગ્રહોને ઉશ્કેરતાં એ લોકને કોઈ સિદ્ધાંત નડયો નથી. માત્ર ત્રણ દૃષ્ટાંતો લઈએ: યુદ્ધ પૂર્વે ને યુદ્ધ પછી પિટર્સબર્ગમાંના વેપારીઓની સંખ્યા બાબત એમણે અમુક આંકડા આપ્યા હતા. આ બંને કથનો પડકારવામાં આવ્યાં છે. યુદ્ધ પૂર્વે વેપાર-ધંધો કરનારનાં નામો રજૂ કરવામાં આવ્યાં છે, છતાં મૂળ કથનનું જ ફરી ફરીને ઉચ્ચારણ કરવામાં આવે છે. યુદ્ધ પૂર્વે બ્રિટિશ હિંદીઓ ટ્રાન્સવાલમાં દાખલ થાય અને નોંધાયા વિનાના રહે એ અશક્ય હતું એમ એમણે કહ્યું છે. આ કથન સદંતર અસત્ય છે એમ કહેતાં મારું મંડળ બિલકુલ અચકાતું નથી. આ પ્રદેશમાં દાખલ થનાર પૈકી માંડ એક તૃતીયાંશ ખરેખર નોંધાયા હતા, ને તે પણ જેમને

૧. જુઓ પુસ્તક ૨, પા. ૧૧૩.

Gandhi Heritage Portal

વેપારી પરવાના કઢાવવાનું આવશ્યક હતું તેઓ જ; આમાં સઘળા ભાગીદારો આવી જ જતા એવું નહીં. મારું મંડળ પ્રામાણિક પુરાવા દ્વારા સાબિત કરી શકે એમ છે કે જેમણે નોંધણીફી કદી નહીં ભરેલી એવા બ્રિટિશ હિંદીઓ યુદ્ધ પૂર્વે ટ્રાન્સવાલમાં હતા. તેમાંના કેટલાક સારી પેઠે જાણીતા છે અને પ્રતિષ્ઠિત યુરોપિયન વેપારીઓ તેમને ઓળખી બતાવે એમ છે.

નાતાલમાંથી હિંદીઓ મોટી સંખ્યામાં પૉચેફસ્ટ્રૂમ આવેલા કહેવાય છે, તે વિષે ત્રીજું કથન કરવામાં આવ્યું છે. ગિરમીટિયા મજૂરો બાબતના નાતાલના કાયદાઓના અમલના સંજોગો વિષે એ નિવેદન કરનારાઓને કાંઈ જ્ઞાન હોઈ શકે નહીં. એમનું કથન એ છે કે આ વર્ગના લોકોનાં ટોળાં ને ટોળાં પૉચેફસ્ટ્રૂમમાં આવેલાં. મારું મંડળ જાણે છે ત્યાં સુધી, હિંદીઓના આ નિંદકો એમણે કરેલાં ઘણાં નિવેદનોના સમર્થનમાં કોઈ પણ પુરાવો આપવા સફળ થયા નથી. એમણે એ મહત્ત્વની હકીકત જ ગણતરીમાં લીધી નથી કે યુદ્ધ પૂર્વે હિંદી વસ્તીનો મોટામાં મોટો ભાગ જોહાનિસબર્ગ ખાતે ગુજરાન ચલાવતો હતો ને જોહાનિસબર્ગથી જ હિંદીઓ સંસ્થાનના અન્ય ભાગોમાં ફેલાયલા છે. હિંદીઓને લાગેવળગે છે ત્યાં સુધી જોહાનિસબર્ગનો વેપાર, આદિવાસીઓ અને વલંદાઓમાં હોઈ ઘણો સારો હતો. અત્યારે વલંદા તથા આદિવાસીઓમાં વેપાર ખરાબમાં ખરાબ સ્થિતિમાં છે. પરિણામે, જે ઘણા વેપારીઓને જોહાનિસબર્ગમાં પેટ પૂરતી રોજી મેળવવાનું અશક્ય જણાયું તે બધા હવે ટ્રાન્સવાલના જુદા જુદા ભાગમાં જઈ વસ્યા છે. જોહાનિસબર્ગ લોકેશન મારફતે ઘણા હિંદી જમીનદારોનું પોષણ થતું હતું. આ લોકો હવે ગરીબ થઈ ગયા છે એટલું જ નહીં, પણ જોહાનિસબર્ગ છોડીને સંસ્થાનના અન્ય ભાગોમાં જવાની એમને ફરજ પડી છે. જો જોહાનિસબર્ગની મૂળ સ્થિતિ પુન: સ્થાપિત થાય અને યુદ્ધ પૂર્વે બ્રિટિશ હિંદીઓ ભોગવતા હતા તેવી જમીનની માલિકી બાબતમાં સહીસલામતીની ખાતરી આપવામાં આવે તો મોટા ભાગની હિંદી વસ્તી જે સંસ્થાનના જુદા જુદા ભાગોમાં વિખરાઈ ગયેલી છે તે ફરી જોહાનિસબર્ગ તરફ આકર્ષાવા માંડે અને હિંદી-વિરોધી સજ્જનોને જાણવાનો સંતોષ મળે કે ઘણાં નાનાં શહેરોમાંથી હિંદીઓ નક્કી અલોપ થઈ ગયા છે.

આ બાબત તપાસ હાથ ધરવામાં આવે તો ઉપર કરેલાં કથનોની અક્ષરશ: ચકાસણી કરવા માટે જરૂરી પુરાવા રજૂ કરતાં મારા મંડળને આનંદ થશે. પરવાના વિભાગના મુખ્ય મંત્રીએ સૂચના અર્થે મારો તા. ૧ સપ્ટેમ્બરનો પત્ર નામદારને મોકલ્યો છે, એટલે હું એવી આશા વ્યક્ત કરવાનું સાહસ કરું છું કે મારા મંડળને અશક્ય લાગ્યા છે તે યુરોપિયન ઓળખાણો સંબંધી નિયમો વિનાવિલંબે પાછા ખેંચી લેવાશે. એક બાજુ બ્રિટિશ હિંદીઓની બાબતમાં અનેક જાતનાં, સમર્થન ન થઈ શકે એવાં નિવેદનો કરવામાં આવે છે ત્યારે બીજી બાજુ નિર્દોષ પ્રામાણિક માણસોને તેમના કશા વાંક વગર ભારે અગવડ અને નુકસાન ભોગવવું પડે છે; આવી મુસીબતો જ્યારે તેઓ પરાયા ધ્વજ હેઠળ વસતા હતા ત્યારે પણ તેમને ભોગવવી પડી ન હતી.

આપનો ઇત્યાદિ,

અબદુલ ગની

અધ્યક્ષ

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ : એલ. જી. ૯૨/૨૧૩૨: પત્ર નં. ૫૦૪

Gandhi Heritage Portal

૮૯. હૂંડામલનો કેસ[1]

આ કેસમાં આપણે હારી ગયા છીએ અને ખર્ચ પણ માથે પડયો છે. અમે માનીએ છીએ કે જેવી લડત લેવી જોઈએ તેવી નથી લેવાઈ. તેમાં નવાઈની વાત નથી. આવા કેસોની પાછળ જ્યારે ઘણી મહેનત લેવાય ત્યારે જ દાદ મળી શકે છે.

આ કેસ શું હતો તે તપાસીએ. મિ. હૂંડામલને લાઈસન્સિંગ ઑફિસરે વેસ્ટ સ્ટ્રીટમાં લાઈસન્સ આપવાની ના પાડી. તેની ઉપર તેણે ટાઉન કાઉન્સિલમાં અપીલ કરી. ત્યાં લાઈસ-સન્સિંગ ઑફિસરનો ઠરાવ [ચુકાદો] બહાલ રહ્યો આની ઉપર સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી.

લાઈસન્સિગ ઑફિસરે લાઈસન્સ નહીં આપતાં એમ જણાવ્યું કે વેસ્ટ સ્ટ્રીટમાં વધારે એશિયાના રહીશને લાઈસન્સ આપવું એ ઠીક નથી. સાધારણ રીતે તો લાઈસન્સના કાયદા પ્રમાણે ટાઉન કાઉન્સિલના ઠરાવ સામે અપીલ નથી એમ સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે. પણ જ્યાં ટાઉન કાઉન્સિલે દેખીતો ગેરઈન્સાફ કર્યો હોય ત્યાં સુપ્રિમ કોર્ટ દાદ આપે એમ માનવામાં આવતું હતું. અમે હજુ પણ માનીએ છીએ કે એ બાબત બરોબર રજૂ થઈ હોય તો વખતે દાદ મળે. પણ હાલ તો ચીફ જસ્ટિસે ઠરાવ્યું છે કે પ્રિવી કાઉન્સિલમાં જે ઠરાવ થયો છે તે પ્રમાણે સુપ્રિમ કોર્ટને વચમાં આવવાની હકૂમત નથી. જસ્ટિસ બોમન્ટે કહ્યું કે જો ટાઉન કાઉન્સિલ અનિયમિતપણે વર્તે અથવા તો તેના કામમાં કંઈ ગેરવર્તણૂક જોવામાં આવે તો તે સુધારવાનો કોર્ટને હક છે. પણ એ સુધારો થયા પછી લાઈસન્સ આપવી કે નહીં આપવી એ હકૂમત તો ટાઉન કાઉન્સિલની જ છે. ચીફ જસ્ટિસે વળી એમ પણ કહ્યું કે લાઈસન્સિગ ઑફિસરને જે સત્તા મળી છે તે ન્યાયની રૂએ તેણે વાપરવાની છે, એવો અર્થ નથી. પણ તે સત્તા સ્વતંત્રપણે વાપરી શકે છે. આનો અર્થ એવો પણ થયો કે લાઈસન્સિગ ઑફિસર પોતાના દુશ્મનને લાઈસન્સ આપવાની ના પાડે તો તે ના પાડી શકે છે. આપણે તેના ખાનગી દુશ્મન નથી. પણ આપણે કાળા ને તે ગોરો છે અને ગોરા કાળા વચ્ચે દુશ્મની ચાલે છે. એટલે રાજ્યપ્રકરણી દુશ્મન થયા. તો શું રાજ્યપ્રકરણી દુશ્મનને લાઈસન્સ આપવાની ના પાડી શકે છે? ચીફ જસ્ટિસે જવાબ આપ્યો છે કે આ પ્રમાણે લાઈસન્સિગ ઑફિસર કરી શકે છે.

હવે આપણે લડાઈમાં એક પગથિયું ચડયા છીએ. એમાં હાર ખાધી છે એ ખરું, પણ આપણને ચોખ્ખો જવાબ મળ્યો છે.

આપણી ફરજ શી છે? જો હાથ ઝાલી નિરાશ થઈ બેસી રહીશું તો શું પરિણામ આવશે તે કહી શકાતું નથી. કોઈ વેપારીને લાઈસન્સ ચોક્કસ મળશે એમ કહી શકાશે નહીં. જૂનામાં જૂના ને આબરૂદાર વેપારીની લાજ લાઈસન્સિગ અમલદારના હાથમાં રહી છે. આનો વિચાર કરતાં કામ ઘણું ગંભીર છે. અને દરેક હિંદી વેપારીએ જાગ્રત થવાની જરૂર છે.

અમે માનીએ છીએ કે લડત લેવાથી અંતે જિતાશે. કોર્ટની લડત હાલ બંધ રહી એમ ગણીએ તોપણ રાજદ્વારી લડાઈ બંધ નથી. તે તો હવે શરૂ થઈ. અમે માનીએ છીએ કે અહીંની સરકારને, પાર્લમેન્ટને, મિ. લિટલટનને, મિ. બ્રૉડરિકને તથા વાઈસરૉયને અરજી કરવાની જરૂર

૧. જુઓ "હૂંડામલનો પરવાનો", પુસ્તક ૪, પા. ૩૧૩–૧૪ અને પા. ૩૪૨.

Gandhi Heritage Portal

છે. આ કાયદો રદ કરવો એમ માગણી કરવી જોઈએ. અને જો રદ ન થાય તો ગિરમીટમાં આવતા હિંદીઓને અટકાવવા જોઈએ એવી હિંદ સરકારની ફરજ છે.

આવી લડત લેવામાં દરેક હિંદીએ સામેલ થવું જોઈએ. એક હાથે તાળી પડવાની નથી. જેઓને લાઈસન્સની ના પાડવામાં આવી હોય તે બધાંનાં નામ એકઠાં કરવાં જોઈએ. તેઓના કેસની પૂરી હકીકત રજૂ કરવી જોઈએ. અને જો તેવા માણસો પોતાના કેસની નકલ અમને પહોંચાડશે તો તેની અમે ઘટતી વ્યવસ્થા કરીશું.

હિંદી આગેવાનો જાગશે અને પૂરી મહેનત કરશે એવી અમે ઉમેદ રાખીએ છીએ. એકઠાં થવાથી આપણે ઘણાં કામ કરી શકશું એમ માનીએ છીએ. જાપાન, ચીન તથા હાલ તુરતનો આપણા જ ભાઈઓ બંગાળીઓનો દાખલો આપણે લેવા જેવો છે. એકને ઈજા તો સૌને ઈજા છે એમ આપણે સમજશું તો જ કંઈ થઈ શકશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–९–१९०५

૯૦. મિ. ગોચ અને હિંદીઓ

ટ્રાન્સવાલ પ્રોગ્રેસિવ ઍસોસિયેશન(ટ્રાન્સવાલ પ્રાગતિક મંડળ)ના ઉપક્રમે પૉચેફસ્ટ્રૂમ ખાતે તાજેતરમાં મળેલી સભા સમક્ષ બોલતાં જોહાનિસબર્ગના મેયર મિ. જ્યૉર્જ ગોચ કહી શકાય કે બહેકી ગયા હતા. તેઓ સ્વતંત્ર અભિપ્રાય ધરાવતા સીધાસાદા મિ. ગોચ તરીકે નહીં પરંતુ પ્રોગ્રેસિવ ઍસોસિયેશનના પ્રતિનિધિ તરીકે બોલતા હતા; અને સરકારના વિચારો વ્યક્ત કરવા બંધાયેલી વ્યક્તિ તરીકે બોલતા હતા, પછી ભલે એ વિચારો તેમના અંતરના અભિપ્રાયો સાથે મેળ ખાતા હોય કે ન ખાતા હોય. જોહાનિસબર્ગ મ્યુનિસિપાલિટીની સભાઓમાં થતી ચર્ચા પ્રસંગે ૧૯૦૩માં જે થોડાક જણ બ્રિટિશ હિંદીઓની તરફેણમાં પોતાનો અવાજ ઉઠાવતા તે પૈકી એક મિ. ગોચ હતા. તે વખતે તેમનો અભિપ્રાય હતો કે એશિયાઈ હરીફાઈ તદ્દન તંદુરસ્ત છે. તે વખતે તેઓ બ્રિટિશ હિંદીને ઇચ્છનીય નાગરિક ગણતા કેમ કે એ ઉદ્યોગી, કરકસરિયો ને કાયદાનું પાલન કરનાર હતો. જોહાનિસબર્ગના મેયર મિ. ગોચને, મિ. લવડે અને તેના મિત્રોએ વહેતાં મૂકેલાં જૂઠાણાંનું લોક આગળ પુનરુચ્ચારણ કરવામાં સંકોચ થતો નથી. બ્રિટિશ હિંદીઓની નિંદા કરતાં એમને કોઈ સિદ્ધાંત નડતો નથી. એ લોકો આજે તેમને ગોરા સમાજને ભયરૂપ દેખાય છે, જ્યારે થોડા જ સમય પૂર્વે તેઓ એવું માનતા હતા કે બ્રિટિશ હિંદી જે સમાજ વચ્ચે વસતા હોય તે સમાજને આધારરૂપ બને છે. આજે તેમને મન એશિયાઈઓ,

> સામાજિક સ્થિતિમાં ગોરાઓથી તદ્દન ભિન્ન છે. એમને ગોરા વેપારી સામે હરીફાઈ કરવા દેવાનું વાજબી નથી લાગતું કારણ કે તેઓ એકબીજા સામે હરીફાઈ કરી શકે નહીં. દેશમાં નાગરિકતાનો બોજો ઉઠાવવાની સમજ એશિયાઈ લોકમાં નહીંવત્ છે. સઘળા આવશ્યક ફરજો અને બોજા એ લોક ટાળે છે ને ગોરા લોકને તે ઉઠાવવા પડે છે, અને પરિણામે,

મિ. ગોચ વિજયડંકો વગાડી કહે છે:

> ગોરા વેપારીને એશિયાઈ વેપારી સામે હરીફાઈમાં ઊભો રાખવો, અને એ સામ્રાજ્યના બીજા ભાગમાંથી આવનાર બ્રિટિશ પ્રજાજન છે અને આપણી સહાનુભૂતિ પર એમનો હક

Gandhi Heritage Portal

છે એવી પરાણે ઊભી કરેલી ભાવનાને (૧૯૦૩માં તે પોતે આ ભાવનાને વશ થયા હતા.) કારણે ગોરા વેપારીને ખુવાર થવા દેવો એ વાજબી નથી.

એક શહેરી તરીકેની ફરજોનો બોજો શો છે તે મિ. ગોચે આપણને કહ્યું નથી. જાહેર જાફતો આપવી, શેમ્પેં દારૂની શીશીઓ ખોલવી, એમાં જો એ બોજો આવી જતો હોય તો અમારે કબૂલ કરવું જોઈએ કે ગરીબ એશિયાઈઓ પાસે એવો બોજો ઉપાડવા જેટલી સમજ-શક્તિ નથી; પણ જો એનો અર્થ એવો થતો હોય કે દેશના કાયદા પાળવા તત્પર રહેવું, પોતાના કર ભરવા, જાહેર જનતા ઉપર ભારરૂપ થવાને બદલે પરસેવો પાડી પોતાનો ગુજારો કરવો, નીતિને લગતા સામાજિક કાયદા પાળવા, ગમે તે રીતે અગર ગમે તેવા મામૂલી સ્થાન પર રહીને પોતે વતન માનેલા દેશની રક્ષા માટે સહાયભૂત થવું, તો અમે સહેજ પણ અચકાયા વિના કહીએ છીએ કે એક શહેરી તરીકેની ફરજોનો બોજો હિંદીઓએ સારી રીતે ઉઠાવેલો છે. પરંતુ અમને ભય છે કે જે લોકો જાણીબૂજીને ઊંધે માર્ગે દોરવા નીકળી પડ્યા છે તેમની સાથે દલીલ કરવાનો કશો જ અર્થ નથી. હિંદી વિષે અમે જે કાંઈ કહીએ છીએ તે સઘળું મિ. ગોચ જાણે છે. પરંતુ તક સાધવાની વૃત્તિ અને ચૂંટણીમાં મત ખેંચી જવાની આતુરતાને લીધે એમને સામે પક્ષે જવું પડ્યું છે. આધુનિક સંજોગોમાં જાહેર જીવન કેવી કફોડી સ્થિતિમાં આવી પડ્યું છે તે મિ. ગોચના દાખલાથી સ્પષ્ટ દેખાય છે. કોઈ પણ ભોગે મતદાર દેવોને ખુશ રાખવા જોઈએ. એમને ખુશ કરવા કીમતીમાં કીમતી ચીજનો પણ ભોગ આપી શકાય. પ્રજાકીય રાજ્ય-અમલનો જો આ નતીજો હોય તો એ સમય બહુ દૂર નથી કે જ્યારે એમાંથી બદબો છૂટશે અને એ ઢોંગ અને દંભ માટેની કહેવતરૂપ બની જશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३–९–१९०५

૯૧. લૉર્ડ સેલબૉર્ન અને ઑરેન્જ રીવર કૉલોની

લૉર્ડ સેલબૉર્ન ઉપર બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને ઑરેન્જ રીવર કૉલોની બાબત અરજી કરેલી તેમાં તેઓ સાહેબે જવાબ આપ્યો છે તે અમે અંગ્રેજી ભાગમાં છાપીએ છીએ. જવાબ બહુ વિવેકભરેલો છે. પણ તેમાંથી કાંઈ ફાયદો થાય તેવો નથી. તેઓ સાહેબ ઉદાર દિલના છે પણ ઑરેન્જ રીવર કૉલોનીના અમલદારોનાં લખાણથી આડે રસ્તે દોરવાઈ ગયા છે. તેઓ સાહેબ લખે છે કે જે કાયદાઓ ઑરેન્જ રીવર કૉલોનીમાં થયા છે અને જેને વિષે અમે અગાઉ લખી ગયા છીએ તે કાયદાઓની અસર હિંદીઓ ઉપર બહુ થોડી થાય છે. કેમ કે હિંદીઓ ઑરેન્જ રીવર કૉલોનીમાં ઘણા થોડા છે. આનો અર્થ એમ થયો કે કાયદા જે થયા છે તે ખરાબ છે તે કબૂલ કરે છે, પણ થોડા હિંદીઓ છે એટલે તે બાબત વચમાં આવવા માંગતા નથી; વળી સેલબૉર્ન સાહેબ એમ કહે છે કે સિલોનમાં સીગાંલીશ નોકરોને રજિસ્ટર કરવાનો કાયદો અમલમાં છે, અને જો એવો કાયદો ત્યાંના દેશીઓ કબૂલ કરે છે તો પછી હિંદીઓને તેવો કાયદો ઑરેન્જ રીવર કૉલોનીમાં કબૂલ કરવામાં કશી અડચણ ન હોવી જોઈએ. આ વાત છેક આંખમાં ધૂળ નાખવા જેવી છે. કેમ કે નોકરોને રજિસ્ટર કરવા બાબતની તકરાર બિલકુલ ઍસોસિયેશન તરફથી ઊઠતી નથી. સિલોનનો દાખલો અપાયો છે તે બતાવે છે કે ઑરેન્જ

Gandhi Heritage Portal

રીવર કૉલોનીમાં કોઈ અમલદાર તે તરફનો હોવો જોઈએ. ઉપર મુજબ લૉર્ડ સેલબૉર્નના જવાબની સામે બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશને લખેલું છે અને તેમાં ફરીથી લૉર્ડ સેલબૉર્નનું ધ્યાન ખેંચ્યું છે કે જે કાયદા ઑરેન્જ રીવર કૉલોનીમાં થયા છે, તેથી વિના કારણ હિંદીઓનું અપમાન થાય છે. એટલું જ નહીં પણ હિંદીઓ જ્યાં સુધી તે કૉલોનીમાં અંગ્રેજી વાવટો ઊડે છે ત્યાં સુધી તે મુલકમાં દાખલ થવાની આશા રાખે છે અને અગાઉથી કાયદા બાંધી તેઓની સ્થિતિ કફોડી કરવી એ તદ્દન અઘટિત છે. આનો જવાબ લૉર્ડ સેલબૉર્ન સાહેબે વાળેલો છે અને લખેલું છે. તેઓ સાહેબને હવે કંઈ વધારે કહેવાનું નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३-९-१९०५

૯૨. મિ. બર્નાર્ડ ગેબ્રિયલ: પહેલા કૉલોનિયલ બારિસ્ટર

ગયા મંગળવારે સાંજે મિ. બર્નાર્ડ ગેબ્રિયલ પહેલા કૉલોનિયલ બારિસ્ટરને માનપત્ર આપવાને કૉંગ્રેસ હૉલમાં હિંદીઓની સારી સંખ્યા હાજર થઈ હતી. મિ. ગેબ્રિયલ મેળાવડામાં હાજર થયા ત્યારે તેમને મોટા હર્ષનાદથી વધાવી લીધા હતા. મિ. પૉલને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં પ્રમુખની સૂચનાથી રિસેપ્શન કમિટીના સેક્રેટરી મિ. સૂચિત મહારાજે માનપત્ર વાંચી સંભળાવ્યું અને મિ. અબદુલ કાદિરે તે સુશોભિત પત્ર અર્પણ કર્યું. માનપત્રની નકલ નીચે મુજબ છે:

> બર્નાર્ડ ગેબ્રિયલ એસકવાયર બારિસ્ટર, ઍટ લૉ હિંદી કોમ તરફથી અમે નીચે સહી કરનારાઓ તમે ઊંચી કેળવણી લઈ આવેલા હોવાથી આ બધું માનપત્ર અર્પી અંતઃકરણપૂર્વક મુબારકબાદી આપીએ છીએ અને તમારા મુરબ્બીઓ તરફથી જે તમને આવી ઉમદા તક આપવામાં આવી તેનો તમે સદુપયોગ કર્યો તેને માટે તમને તથા તમારા મુરબ્બીઓને ધન્યવાદ આપીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની સ્થિતિ સુધારવા તરફ આપ પૂરતું લક્ષ આપશો. અમે ઈશ્વર પાસે યાચના કરીએ છીએ કે ઈશ્વર તમને તંદુરસ્તી અને લાંબી જિંદગી બક્ષે અને તમારી આબાદી અને સુખી જિંદગીનો દાખલો ફળદાયી નીવડે. (સહી) **અબદુલ કાદિર** વગેરે.

માનપત્ર વંચાઈ રહ્યા બાદ મિ. અબદુલ કાદિર, મિયાંખાન વગેરે ઘણા હિંદીઓએ જુદી જુદી ભાષામાં મિ. ગેબ્રિયલને મુબારકબાદી આપી આબાદી ઇચ્છી.

તેમણે માનપત્રનો જવાબ આપ્યા બાદ છેવટે મિ. ગેબ્રિયલ તથા ચેરમૅનને હર્ષનાદથી વધાવી લીધા હતા. અને રાજ્યગીત ગાઈ મેળાવડો વિસર્જન થયો હતો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३-९-१९०५

Gandhi Heritage Portal

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે]

સંસ્થાનમાં જન્મેલા પ્રથમ હિંદી બૅરિસ્ટર[૧]

ઈંગ્લંડથી બૅરિસ્ટર થઈને હમણાં જ આવેલા મિ. બર્નાર્ડ ગેબ્રિયલને અમે હાર્દિક આવકાર આપીએ છીએ. એક યુવાન બૅરિસ્ટર થાય તેની ખાસ નોંધ લેવાને સામાન્ય સંજોગોમાં કાંઈ કારણ ન હોય, પરંતુ આ પ્રસંગ જેમાં અમને રસ છે, તે ઘણો મહત્ત્વનો છે. મિ. ગેબ્રિયલ સંસ્થાનમાં સૌથી વહેલા આવીને વસેલા ગિરમીટિયા વર્ગના હિંદી માતાપિતાના સંતાન છે. પોતાના સૌથી નાના પુત્રને ઊંચી કેળવણી આપવા માટે એ માતાપિતાએ તથા મિ. ગેબ્રિયલના મોટા ભાઈઓએ પોતાનું લગભગ સર્વસ્વ ખર્ચી નાખ્યું છે એ વાત આ કુટુંબને સૌથી વિશેષ ગૌરવ આપે છે. એમાંથી એમની જાહેર જીવનની ઉદાત્ત ભાવના અને માતાપિતાની વત્સલતા જણાઈ આવે છે. એમણે ઉદરનિર્વાહ માટે ગિરમીટ નીચે મજૂરી કરતા ગરીબ હિંદીઓને સૌ વિચારવાન લોકોની નજરમાં ગૌરવનું સ્થાન આપ્યું છે. મિ. બર્નાર્ડ ગેબ્રિયલે એ પણ બતાવી આપ્યું છે કે મોજૂદ સંજોગોમાં ગરીબ હિંદીઓનાં બાળકો આવડત હોશિયારીના ઊંચા સ્તરે પહોંચવાને સમર્થ છે, અને અમે તો માનીએ છીએ કે સંસ્થાનવાસીઓએ પણ આ પ્રસંગે ગર્વ લેવો જોઈએ. આ પ્રસંગનું બીજું પણ એક પાસું છે. કાયદાની કેળવણી પામી બૅરિસ્ટર બનવા માટે પોતાની જાતને અભિનંદન આપવા એક હિંદી તરીકે મિ. બર્નાર્ડ ગેબ્રિયલને પૂરો હક છે. સાથે સાથે એમણે એ પણ સમજવું જોઈએ કે પોતાની કારકિર્દીની આ તો હજી શરૂઆત છે. એક જ જીવનપંથના પ્રવાસી પોતાના સાથી યુવાનોના પોતે ટ્રસ્ટી છે એમ ગણીને એમણે ચાલવું જોઈશે, અને પોતે જો સારી રીતે દાખલો બેસાડશે તો બીજાં માબાપ તેમનાં બાળકોને કેળવણી પૂરી કરવા ઈંગ્લંડ મોકલવા પ્રેરાશે. મિ. ગેબ્રિયલે એક માનમરતબાવાળો ધંધો સ્વીકાર્યો છે, પણ એ જો એનો ઉપયોગ સંપત્તિ જમાવવાના સાધન તરીકે કરશે તો એની સામે નિષ્ફળતા આવી ઊભી રહે એવો સંભવ છે. પોતે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ જો હિંદી સમાજની સેવા અર્થે સમર્પણ કરવામાં આવશે તો તે વધારે ને વધારે ખીલતી રહેશે. આથી અમે આશા રાખીએ છીએ કે મિ. ગેબ્રિયલ પોતાની સાથે પોતાના ધંધાની પ્રણાલિકાઓનું સાચું જ્ઞાન લાવ્યા છે, અને પોતાનાં બધાં કાર્યોમાં તે વિવેકપૂર્ણ, શાંત, નમ્ર અને દેશદાઝવાળા રહેશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३–९–१९०५

૧. આવા જ શબ્દોમાં લખેલું માનપત્ર બર્નાર્ડ ગેબ્રિયલને કૉંગ્રેસ હૉલમાં ડરબનવાસી હિંદીઓની સભાએ સપ્ટેમ્બર ૧૯ના રોજ આપ્યું હતું (इन्डियन ओपीनियन, ૨૩–૯–૧૯૦૫). ગાંધીજી ત્યારે હાજર હોય એમ જણાતું નથી, અને પોતે સહી કરનારાઓમાં નથી, છતાં માનપત્રના મુસદ્દામાં એમનો હાથ હોય એ અસંભવિત નથી. માનપત્રમાં નીચેનું વાક્ય છે: “અમને જરા પણ શંકા નથી કે તમારા સ્વદેશજનોનાં હિત તથા ઉન્નતિને અને દક્ષિણ આફ્રિકામાંના તેમના કામકાજની વકીલાતને તમારો ઉષ્માભર્યો ટેકો મળશે તથા તમારી લાગવગ હરહંમેશ તેમની ઉન્નતિ સારુ વપરાશે.”

Gandhi Heritage Portal

૯૩. ટ્રાન્સવાલમાં પરમિટના ધારા

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનું સખત લખાણ
સરકારની સામે લડત

હાલમાં પરમિટ ઑફિસ તરફથી એવો ધારો નીકળ્યો છે કે જે માણસોને પરમિટ જોઈએ, તેઓએ બે યુરોપિયન સાક્ષીઓનાં નામ આપવાં, તો જ પરમિટ મળી શકશે. આ જુલમભરેલો નિયમ છે. ઍસોસિયેશને તેની સામે સખત લખાણ કર્યું છે. તેમાં બતાવ્યું છે કે યુરોપિયન હિંદીઓને નામથી ઓળખી શકે એવા દાખલા અત્યંત જૂજ છે. આવો નિયમ કરવો તેનો અર્થ એ જ ગણાય કે સરકાર હવે કોઈ પણ હિંદીને આવવા દેવા માગતી નથી. વળી આ નિયમથી જૂઠાણાને ઉત્તેજન મળશે કેમ કે જૂઠા ગોરાઓ ઘણા નીકળી પડશે અને તેઓ પૈસા લઈને સોગન ખાતાં જરાયે અચકાશે નહીં. હજુ સુધી ટ્રાન્સવાલમાં માત્ર ૧૨,૦૦૦ હિંદી દાખલ થયા છે. લડાઈ પહેલાં આશરે ૧૫,૦૦૦ હતા. એટલે એમ માનવાનું કારણ છે કે હજુ ૩,૦૦૦ જૂના હિંદીઓ આવવા બાકી છે તેઓ બહુ તકલીફ ભોગવે છે અને તેઓને વગર ઢીલે દાખલ કરવા એ સરકારની ફરજ છે. આ કાગળ, પરમિટ સેક્રેટરીએ લેફ્ટનન્ટ ગવર્નરને મોકલ્યો છે. તે નામદારે શું પુરાવા ઉપરથી અગાઉ ૧૫,૦૦૦ હિંદીઓ હતા એમ કહ્યું છે તે જાણવા માગ્યું છે. તેનો જવાબ ઍસોસિયેશને આપ્યો છે તેમાં નીચેના પુરાવા આપ્યા છે:

૧. પ્રમુખ મિ. અબદુલ ગનીનો પોતાનો અનુભવ.

૨. બીજા જૂના હિંદી રહીશોનો અનુભવ.

૩. લડાઈ પહેલાં કરેલો બ્રિટિશ એજન્ટનો રિપોર્ટ, જેમાં ઘણું કરીને ૧૫,૦૦૦ની વસ્તી બતાવવામાં આવી છે.

૪. ૧૮૯૫ની સાલમાં ૫,૦૦૦ની વસ્તી જણાવેલી હતી. ૯૫થી ૯૯ની સાલ સુધીમાં ટ્રાન્સવાલમાં દશ હજાર માણસ દાખલ થાય તો નવાઈની વાત નથી. ૧૮૯૬ની સાલમાં હિંદુસ્તાનમાં મરકી થઈ. ૯૭-૯૮માં સખત દુકાળ પડ્યો એ વખતે હિંદુ-સ્તાનમાંથી હજારો માણસ બહાર નીકળ્યા. ૯૭ની સાલમાં નાતાલમાં સખત કાયદા થયા. આ બધાનું પરિણામ એમ આવ્યું કે ટ્રાન્સવાલમાં હિંદીઓ ઘણા દાખલ થયા એ વખતે જોકે પરદેશી રાજ્ય હતું તોપણ હિંદીને દાખલ થવાની પૂરી છૂટ હતી. મરહૂમ મિ. ક્રૂગરને તેઓને બંધ કરવાની બાબત સૂચના થઈ તે તેણે સાંભળી નહીં. એ વખતમાં નાદરી, કુરલૅન્ડ, હુસેની, ક્રીસેંટ એમ ચાર સ્ટીમરો મુંબઈ તથા દક્ષિણ આફ્રિકા વચ્ચે આવજાવ કરતી અને દરેક સ્ટીમર સેંકડો હિંદીને દક્ષિણ આફ્રિકા ખાતે લાવતી. દરેક સ્ટીમર એક વરસમાં ચાર ખેપ કરતી અને જો એકએકમાંથી ત્રણસો હિંદી દાખલ થાય તો ૧૬ ખેપના એક વરસના ચાર હજાર આઠસો હિંદી થયા. આ પ્રમાણે પુરાવા સરકારને આપ્યા છે અને એમ પણ બતાવ્યું છે કે મિ. લવડે[1] વગેરે

૧. ટ્રાન્સવાલ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય. જુઓ “મિ. લવડે અને બ્રિટિશ હિંદીઓ”, પુસ્તક ૪, પા. ૨૩૭-૮.

Gandhi Heritage Portal

માણસો જે હકીકત બતાવે છે તે તદ્દન જૂઠી છે એટલે સરકારે તે ઉપર ધ્યાન નહીં દેતાં ગરીબ હિંદીઓ જે હજુ બહાર રખડે છે તેઓને તુરત દાખલ કરવા જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–९–१९०५

૯૪. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૩, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. કિચિનની બાબત તમે લખો છો તે આશ્ચર્યકારક છે. તેના સ્વભાવની સાથે તમારે કશો સંબંધ નથી. તે તમારો ઉપરી નથી. તે બોલે તેના તમે જવાબ આપી શકો છો. માત્ર તમારે ગુસ્સો કરવાનો નથી એટલું જ જરૂરનું છે. તમે બન્ને સરખા છો. એકબીજાને સવાલજવાબ કરી શકો છો. તે ગમે તેટલું બોલે તે તમારે સહન કરવાનો અર્થ એવો નથી કે તમારે જવાબ નહીં દેવો, પણ તમારે તેની સામે થઈ આવેશમાં નહીં આવવું એટલો જ છે. વેસ્ટનો કિસ્સો જાણું છું. તેમાં મારી ભૂલ થયેલી છે. મેં તેને કહેલું કે તેને ત્યાં જતો રહે. પણ હું ભૂલ્યો કે કિચિન સાહેબને કોઈની સોબત પણ પરવડતી નથી. એ તેનામાં અવગુણ છે. તેની દરકાર નથી કરવાની.

હું તમને બહુ સમજાવી ગયો છું કે કિચિન કે બીજો કોઈ માણસ જાય તેની મને દરકાર નથી. તેથી પ્રેસ બંધ થનાર નથી. મારો આધાર છેવટનો તમારી તથા વેસ્ટની ઉપર છે. તમે બે જણ બેઠા હશો ત્યાં સુધી પ્રેસ બંધ થનારું નથી. પછી તમારા મનમાં શંકા આવે છે એ હું નબળાઈ ગણું છું.

પ્રેસમાં ઈલેક્ટ્રિક લાઈટને સારુ વ. કેટલું ખર્ચ આવવાનું છે તે મને જણાવ્યા વિના થનારું નથી. છતાં તમારે મીટિંગની અંદર કહેવું કે મને જણાવ્યા વિના નહીં થાય. તેમાં વધારેમાં વધારે પા. ૪૦ સુધીની પરવાનગી આપવા મેં કહ્યું છે. તેના ઘરમાં ઑફિસ પ્રેસને ખર્ચે બાંધવાની પરવાનગી મેં આપી નથી. ટેલિફોનની મારી ના નથી.

મેનરિંગને પૈસા આપવા.

કાળાભાઈને[1] તમારે કહેવું જોઈએ. તેને કેટલા પૈસા અપાયા છે તે મને યાદ નથી. પણ તેણે રૂ. ૫૦૦ ઘણું કરીને રેવાશંકરભાઈ પાસેથી ઉપાડયા છે. તમે મને રજા આપો તો હું ફરી કાળાભાઈને કામ બાબત લખું. તમારે આવી બાબતમાં ડરવું ન જોઈએ. મુ. રેવાશંકરભાઈ ઉપર હું લખીશ.

હેમચંદને[2] રજા આપવાની નથી. રામનાથને પણ બહુ વિચાર કર્યા વિના નથી આપવાની.

મોહનદાસ

૧. ગોકુળદાસ ઉર્ફે કાળાભાઈ, પરમાણંદના પુત્ર અને ગાંધીજીના પિત્રાઈ.
૨. શ્રીમદ્ રાજચંદ્રના સંબંધી.

Gandhi Heritage Portal

તા. ક.

ચિ. ગોકલદાસ બાબત તાર મળ્યો. તે તેની પરમિટ સાથે લાવેલ છે કે કલ્યાણદાસ પાસે એ ખબર પડતી નથી.

સુલેમાન ઈસ્માઈલને પૈસાની પહોંચ સ્વીકારીએ છીએ તેનું બિલ તે માગે છે તો મોકલશો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: એસ.એન. ૪૨૫૦

૯૫. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૭, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો.

હેમચંદનો આજ કાગળ છે તેમાં તેણે લખ્યું છે કે તેને છેવટની નોટિસ નીકળવાની આપી છે. મેં તે ઉપરથી તાર કર્યો છે કે તેને ન કાઢશો. રામનાથને પણ રજા દેવી એ મને કડવું લાગે છે. પણ જો તેનો બંદોબસ્ત ચિ. જયાશંકરની પાસે થઈ શકે તો કરવો. હેમચંદને વાંક વિના રજા દેવાનો બિલકુલ વિચાર નથી. તેનો મારે વિશેષ ઉપયોગ કરવાનો ઈરાદો છે. હું તમને લખી ગયો છું કે મેં કિચિનને તે બાબત લખ્યું છે.

વીરજીને મેં આજે કાગળ[1] લખ્યો છે. ને ઠપકો પણ લખ્યો છે. કાળાભાઈને વર્ષ પૂરું થાય ત્યાં સુધીમાં પૈસા ભરી દેવા લખ્યું છે.

હેમચંદને મારા કાગળ મળતા જણાતા નથી. આ સાથે તેનો કાગળ બીડું છું. તે તેને વાંચીને આપજો. ગ્રે સ્ટ્રીટના સિરનામાથી કાગળો મળે છે કે નહીં તે લખશો.

પેપરમાં જે નાણાંની પહોંચ આપણે સ્વીકારીએ છીએ તેનું બિલ સુલેમાન ઈસ્માઈલને મોકલવા મેં લખ્યું છે કેમ કે તેણે તેના બિલની ઉઘરાણી કરી છે. પછી તે નહીં આપે તો માંડી વાળશું.

ચિ. ગોકલદાસને હું ગુજરાતીમાં બે માસમાં તૈયાર કરી શકું એમ લાગતું નથી. તેનું જ્ઞાન કાચું જણાય છે.

ચિ. મણિલાલને સારુ વખતનો વિભાગ ઠીક રાખ્યો છે. તેને ખેતી પસંદ છે તો ઘરની આસપાસ તેને કામ કરવા કહેજો. મુખ્ય તો વાત મોટી જમીન સાફ કરવાની ને પાણી પાવાની છે. ઝાડ ઉપર ધ્યાન રાખશે તો પોતાની મેળે તેને વિશેષ ખબર પડી રહેશે. શું શીખે છે? હું તેના ઈંગ્રેજી કંપોઝ કરવા વિષે લખીશ. ગુજરાતીમાં તાલીમ લે તો મણિલાલને સારુ ઠીક છે.

તમારું મન કંઈક નબળું પડેલું હું જોઉં છું. ખરી જરૂરત મારે થોડા માસ અહીં રહેવાની છે તે બને તેવું જણાતું નથી. તમે પ્રેસમાં રહેવામાં મક્કમ છો એટલું બસ નથી. પ્રેસ તૂટે જ નહીં એમ હું ગણિતની માફક નિશ્ચયે બતાવી ચૂકયો છું. તમે કબૂલ કરેલું અને વળી સંજોગ દુ:સહ તથા કઢંગા છે એમ લાગે છે એ જ નબળાઈનું ચિહ્ન સમજું છું. પ્રેસમાં કર્તવ્ય શું

૧. મળતો નથી

Gandhi Heritage Portal

છે? તમારું પોતાનું કર્તવ્ય શું છે? માણસોને કેમ જાળવવા તેનો વિચાર તમે કરી નથી શક્યા. તમને તેનો અવકાશ નથી મળ્યો. અને વિરુદ્ધ સંજોગોથી તમારી નબળાઈ બહાર આવી છે. આમ થયું છે એ પણ સારું થયું સમજું છું. પણ તે એક જ રીતે કે જો તમે પોતે તેનું તાત્પર્ય સમજી શકો તો. આ બધું હું કાગળ દ્વારા નથી સમજાવી શકતો. પણ એટલું જ લખું છું કે (૧) જ્યાં સુધી એક માણસની પણ અનન્ય ભક્તિ હશે ત્યાં સુધી પ્રેસ તૂટી નહીં શકે. (૨) તમારે સારુ અથવા બીજાને સારુ હું પ્રેસ જેવું કંઈ સરસ જાણતો નથી. (૩) માણસ ગમે તેવા કટ્ટા સ્વભાવનું હોય તેના તરફ આપણે નિર્મળ પ્રેમ મન-વચન-કાયાથી રાખી શકીએ તો તે તુરત ઠેકાણે આવ્યા વિના નથી રહેતું. (૪) પણ આવે કે નહીં છતાં આપણું કર્તવ્ય એ જ છે. એટલે નિશ્ચિત રહી એક જ ધારે ચાલ્યા જવું જોઈએ.

હેમચંદને કેળવી તમે જરા છૂટા થાઓ તો વધારે સારું એમ માનું છું ને માગું છું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: એસ. એન. ૪૨૫૨

૯૬. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૯, ૧૯૦૫

પ્રિય છગનલાલ,

ઓરચર્ડ મને લખી જણાવે છે કે તમે એક પુસ્તક બાંધવાનો હુકમ સીધો રામને આપ્યો હતો, અને એ ફરિયાદ કરે છે કે જો પોતે ફોરમૅન (મુકાદમ) હોય તો આ કામ નિયમવિરુદ્ધ ગણાય. એ એમ પણ લખે છે કે પુસ્તક બરાબર નથી. મેં એને લખ્યું છે કે જો તમે એમ કર્યું હોય તો, સીધો હુકમ આપવો એ નિયમવિરુદ્ધ છે; પરંતુ તેમાં તમારો ઈરાદો એમનું અપમાન કરવાનો કે નિયમોનો ભંગ કરવાનો નહીં હોય. મેં એને તમારી સાથે રૂબરૂ વાત કરી લેવા કહ્યું છે. એટલે હું ઇચ્છું છું કે તમે એની સાથે વાત કરો અને શી બાબત છે તે મને પણ જણાવો. એ તદ્દન સાચું છે કે બધાં કામ જુદા જુદા માણસોને સીધાં નહીં પણ એની મારફતે સોંપવાં જોઈએ. રાણાવાવ[1] ખાતે કરસનદાસને[2] ઇન્ડિયન ઓપીનિયનની એક નકલ ભેટ દાખલ મોકલજો.

મોહનદાસના આશીર્વાદ

શ્રી સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन
फ़िनिक्स

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૨૫૩

૧. કાઠિયાવાડમાં પોરબંદર પાસેનું ગામ.
૨. ગાંધીજીના ભાઈ.

Gandhi Heritage Portal

૯૭. ટ્રાન્સવાલમાં ધારા ઘડવાની પ્રવૃત્તિ

ટ્રાન્સવાલ ધારાસભાની વર્તમાન બેઠક દરમિયાન કોઈ વિવાદાસ્પદ કાનૂન રજૂ નહીં થાય એવું ટ્રાન્સવાલના કાયદા પ્રધાન સર રિચર્ડ સૉલોમને જણાવ્યું હતું, છતાં ગવર્નમેન્ટ ગૅઝેટના છેલ્લા અંકમાં નાબૂદ થનારી કાઉન્સિલે ધારાસભાએ પસાર કરેલા ઑર્ડિનન્સોની યાદી આપી છે તેમાં કેટલાક નિ:શંક ભારે વિવાદાસ્પદ છે. જો એ ઑર્ડિનન્સો જેમને લાગુ પડે છે તેમની લાગણીઓની કંઈ કિંમત હોય તો દાખલા તરીકે, એમાં મ્યુનિસિપલ કાયદામાં સુધારો કરતો કાનૂન છે, જેથી ટ્રાન્સવાલની હરકોઈ ટાઉન કાઉન્સિલને સત્તા મળે છે કે "લેફ્. ગવર્નરની સંમતિ મેળવીને (એ કાઉન્સિલ) આદિવાસીઓ માટે સ્થાપેલાં, સ્થાપવા ધારેલાં અથવા તેના કાબૂ હેઠળનાં હરકોઈ લોકેશનો બંધ કરી શકે;" એટલું ખરું કે આવું લોકેશન બંધ કરવા સંમતિ આપતાં પહેલાં લેફ્. ગવર્નર, કાઉન્સિલને લોકેશન માટે યોગ્ય બીજી જમીન આપવાનો હુકમ કરી શકશે. વધારામાં, આદિવાસીઓને તેમનાં ઝૂંપડાંની કિંમત જેટલું વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી છે. કલમ ૧૦થી કાઉન્સિલને એશિયાઈ બજારો અલગ પાડવા અને રાખવા સત્તા મળે છે તથા ઉપર જણાવેલી આદિવાસી લોકેશનોને લગતી જોગવાઈ એશિયાઈ બજારોને લાગુ પાડવાની સત્તા પણ મળે છે. તેનો અર્થ એવો થયો કે બે વચ્ચે ફરક માત્ર એટલો જ રહે છે કે આદિવાસીઓને લોકેશનમાં વસવાની ફરજ પાડી શકાય, જ્યારે એશિયાઈઓને બજારનું રૂડું નામ આપવામાં આવ્યું છે એવાં લોકેશનોમાં જવા ફરજ નહીં પાડી શકાય. પ્રિટોરિયા ખાતેનાં એશિયાઈ બજારો પર કાબૂ મેળવવાની પ્રિટોરિયા મ્યુનિસિપાલિટીની મથામણમાંથી એશિયાઈ બજારો સંબંધી ધારાનો ઉદ્ભવ થયો છે. સિદ્ધાંતની દૃષ્ટિએ સરકારી કાબૂ અને મ્યુનિસિપલ કાબૂ વચ્ચે કોઈ ભેદ નહીં હોય; પણ વ્યવહારમાં તો જે મ્યુનિસિપાલિટી સત્તા ઉપર હશે તેના મિજાજ ઉપર ઘણો આધાર રહેશે. આથી બજારો સંબંધી નીતિમાં એકરૂપતા રહેવાને બદલે દરેક મ્યુનિસિપાલિટીના તરંગ પ્રમાણે ભેદો પડવા માંડશે. આખાયે એશિયાઈ પ્રશ્ન વિષે બ્રિટિશ સરકાર અને ટ્રાન્સવાલ સરકાર વચ્ચે હજી પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. તે જોતાં, વર્તમાન ધારાસભાની મુદત પૂરી થવા આવી છે ત્યારે આવા કાયદા પસાર કરવાનું શું કારણ છે તે સમજવું મુશ્કેલ છે. આવતે વરસે ધારાસભા ચૂંટણીના ધોરણે રચાનાર છે તે વાત લક્ષમાં લઈને વધારે અગત્યની તથા તાકીદની ઘણી બાબતો સ્વાભાવિક રીતે મુલતવી રાખવામાં આવી છે. તેમ છતાં આ સુધારારૂપ કાનૂનો મ્યુનિસિપાલિટીઓને ખાસ એશિયાઈ લોકના ઉપયોગ વાસ્તે અલગ રાખેલી હોટલો તથા વીશીઓ માટે ફરજિયાત પરવાના લેવાની સત્તા આપે છે. અમે માનીએ છીએ કે આ બાબતમાં ટ્રાન્સવાલવાસી એશિયાઈ લોકોએ કેટલાક ચિનાઈ દુકાનદારોનો આભાર માનવો રહ્યો. તેઓ ચિનાઈ વીશીઓ કાઢવા આતુર હતા અને તે માટે પરવાનાની જરૂર નથી એ ન જાણતા હોવાથી સરકારને અરજ કરી બેઠા કે અમને આવી વીશીઓ કાઢવા જોગવાઈ કરી આપો. અરજદારોને જોઈતું હતું તે તેમને સરકારે આપ્યું છે, અને હવે નાનકડી એશિયાઈ ખાનપાનની દુકાનો સહિત સર્વ એશિયાઈ વીશીવાળાઓને મ્યુનિસિપાલિટીના કાબૂની મજા ચાખવાની મળશે. સ્વચ્છતા જાળવવાની દૃષ્ટિએ આમાં નગરપાલિકાનો કાબૂ હોય એ અમે સારી પેઠે સમજી શકીએ છીએ ને આવકારીએ છીએ; બ્રિટિશ હિંદીઓને સંબંધ છે ત્યાં સુધી

Gandhi Heritage Portal

જે ધંધામાં ભાગ્યે જ ભારે કમાણી હોય તે ધંધા પર પણ પરવાના પદ્ધતિ ઠોકી બેસાડવી એ માત્ર બેહૂદું જ છે, પણ બ્રિટિશ હિંદીઓ એશિયાઈ છે, તેથી ટ્રાન્સવાલ સરકારની દલીલ એવી હોય કે, જો ૪૫,૦૦૦ ચીનાઓની જમવાની વ્યવસ્થા કરનાર ખાનપાનગૃહોને પરવાના કઢાવવાની ફરજ પાડવી જોઈએ, તો ૧૨,૦૦૦ હિંદીઓ માટે નીકળનાર વીશીઓને પણ પરવાના કેમ ન હોવા જોઈએ? એમને એ ખ્યાલ ન રહ્યો કે હિંદીઓની વીશીઓ તો બહુ જૂજ છે, કેમ કે એ લોકના રીતરિવાજ એવા છે કે સામાન્ય રીતે તેમને વીશીઓની જરૂર રહેતી નથી. એ વીશીઓ ખરેખર એટલી જૂજ છે કે અત્યાર લગી એ તરફ કોઈનું ધ્યાન સુધ્ધાં ગયું નથી.

તે ઉપરાંત રેવન્યુ પરવાના કાનૂન પણ મોજૂદ છે, જેની રૂએ પરવાના માટે હકદાર ઠરતાં પહેલાં ફેરિયાઓએ મૅજિસ્ટ્રેટ, જે. પી. અગર પોલીસ અમલદાર પાસેથી પ્રમાણપત્ર મેળવવું જોઈએ. એમાં અત્યાર પહેલાં જેમને પરવાના મળી ચૂક્યા હોય તેમને માટે અપવાદ રાખ્યો છે, પણ એવી શરતે કે આ ભાગ્યશાળી માણસો પરવાનાની મુદત પૂરી થવા પહેલાં ચૌદ દિવસની અંદર પોતપોતાના જિલ્લાના રેવન્યુ અમલદારને પોતાના પરવાના સુપરત કરી દે.

જોહાનિસબર્ગનો જમીન બાબત કાનૂન એમ ઠરાવે છે કે

> જોહાનિસબર્ગ મ્યુનિસિપાલિટીની નગર સમિતિઓને 'આ કાનૂન સાથે જોડેલી' અનુસૂચિમાં વર્ણવેલી જમીન તે સમિતિઓને યોગ્ય લાગે એ રીતે અને શરતોએ મંજૂર કરવાનું લેફ્. ગવર્નર માટે કાયદેસર ગણાશે, શરત એટલી કે કોઈ વ્યક્તિની તરફેણમાં હાલ તે જમીન પર જે જે અધિકાર વિદ્યમાન હોય તેનું ધ્યાન રાખવામાં આવે.

આ રીતે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જમીનોમાં જોહાનિસબર્ગ ખાતેનું મલાઈ લોકેશન આવી જાય છે. આ લોકેશન છેલ્લાં બાર કે વધુ વરસથી અસ્તિત્વમાં છે. એને વિષે તેમાં વસનાર લોકની ટેવોને કારણે કે તેના સ્થળને કારણે કદી કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો નથી. યુદ્ધ પૂર્વે સરકારનું પ્રતિનિધિત્વ ધરાવનાર જુદા જુદા બ્રિટિશ એજન્ટોએ પોષેલી સલામતીની ભાવનાથી પ્રેરાઈને ત્યાંના રહેવાસીઓએ પાકાં મોટાં ઘર બાંધેલાં છે. પણ કાયદાના દૃષ્ટિબિંદુથી જમીન ધારણ કરવાનો તેમનો હક માસિક ભાડૂત તરીકેનો છે. તે લોકને ત્યાંથી ખસેડવામાં આવશે એમ માની લઈએ તો, એ રહેવાસીઓને વળતર તરીકે શું મળશે? વ્રેડેડૉર્પના એક ભાગ અને બીજા ભાગ વચ્ચે જે ઈર્ષ્યાજનક ભેદ પાડવામાં આવ્યો છે તે અમે અત્રે દર્શાવ્યા વિના રહી શકતા નથી, કેમ કે આખું મલાઈ લોકેશન વ્રેડેડૉર્પનો જ એક ભાગ છે. જૂના ગરીબ નાગરિકોનો જે ભાગમાં વસવાટ છે તે ભાગ પ્રત્યે સરકારે બહુ મહેરબાની બતાવી છે. આ કટારો દ્વારા અમારા વાચકોએ જોયું હોવું જોઈએ કે એ લોકોનો કબજો નથી છોડાવવાનો એટલું જ નહીં, પણ એમના માસિક પટાને લાંબી મુદતના પટામાં ફેરવી આપવાના છે. એ જ સગવડ મલાઈ લોકેશનના રહેવાસીઓને શા માટે ન આપવી જોઈએ? એ લોકોએ પોતાના હક યોગ્ય રીતે જળવાઈ રહે એ જોવું જોઈએ. જે કાયદાને વાદવિવાદથી પર કહેવામાં આવે છે તેના આ થોડાક જ નમૂના છે. સરકાર રચવામાં જેમની ઇચ્છાને કોઈ પણ પ્રકારનું સ્થાન નથી એવા બિનગોરા લોકોના અધિકાર ઉપર આ કાયદાએ એક યા બીજી રીતે પ્રહાર કર્યો છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ३०–९–१९०५

Gandhi Heritage Portal

૯૮. કેપ સંસ્થાનનો પ્રવાસી પ્રતિબંધક કાયદો

૧૯ સપ્ટેમ્બર, ૧૯૦૫ના કેપ સંસ્થાનના ગવર્નમેન્ટ ગૅઝેટમાં નીચેનું લખાણ પ્રસિદ્ધ થયું છે:

> આ કાયદાનો ભંગ કરીને જો કોઈ પ્રતિબંધિત પરદેશી આ સંસ્થાનમાં દાખલ થયો હોય તો, એ જે જિલ્લામાં દાખલ થયો હોય તે જિલ્લાના મૅજિસ્ટ્રેટે હકીકતોની ઘટતી તપાસ કર્યા પછી, તેને ગિરફતાર કરવો અને સંસ્થાનની પ્રાદેશિક હદોમાંથી બહાર કાઢતાં સુધી તેને પ્રધાન વખતોવખત સૂચના આપે તેવે સ્થળે રાખવો એ કાયદેસર ગણાશે, અને જો તેની પાસે પૂરતાં સાધન હોય તો એને પ્રધાન સૂચવે તે બંદરે કે અન્ય સ્થળે ખસેડવાનો આખો અથવા થોડો ખર્ચ એણે ભોગવવાનો રહેશે.

આ નિયમ ઘણો સખત છે. પ્રવાસી પ્રતિબંધક-કાયદો સંસ્થાનના કલ્પિત હિત માટે પસાર થયો છે. આ કાયદા વિરુદ્ધ અજાણતાં કોઈ માણસ સંસ્થાનમાં દાખલ થઈ જાય એ સમજી શકાય એવું છે. તો પછી, એને ખસેડવાના ખર્ચ પૂરતું જ સાધન એની પાસેથી મળી આવે ત્યારે તે બોજો તેને માથે નાખવો ભાગ્યે જ ન્યાયી કહી શકાય. જોકે સિદ્ધાંતની દૃષ્ટિએ કાયદાનું અજ્ઞાન બહાના તરીકે ગણાય નહીં, છતાં વ્યવહારમાં, કદાચ, એવા દાખલા હોય છે જ્યારે એ અજ્ઞાન બચાવની સાચી દલીલ તરીકે ટકી શકે. આ કાયદામાં જ એક કલમ એવી છે જે નિષિદ્ધ પ્રવાસીઓને લાવનાર સ્ટીમરના કપ્તાનને તેમને પાછા લઈ જવાની ફરજ પાડે છે. જો કોઈ નિષિદ્ધ પ્રવાસી સંસ્થાનમાં દાખલ થાય તો તે સત્તાવાળાઓની દેખરેખની ખામી પણ બતાવે છે. એટલે, કેપ સંસ્થાનમાં પૂરી દેખરેખ ન હોવાથી, અથવા વહાણોના કપ્તાન પ્રવાસીઓ પસંદ કરવામાં બેદરકાર રહ્યા હોવાથી, કોઈ નિર્દોષ માણસને દંડી નાખવો એ ભાગ્યે જ વાજબી ગણાય. તેથી અમે વિશ્વાસ રાખીએ છીએ કે કેપમાં રહેતા બ્રિટિશ હિંદીઓ, જેમને આ નવો નિયમ સૌથી વધારે અસર કરવાનો સંભવ છે, તે આ નિયમ સુધરાવવાને આવશ્યક પગલાં લેશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૦–૯–૧૯૦૫

Gandhi Heritage Portal

૯૯. ચીનાઓ તથા અમેરિકાના માણસો

અમેરિકામાં ચીનાઓએ તેઓનો માલ બંધ કરવાથી લગભગ પા. ૫૦,૦૦,૦૦૦નું નુકસાન થઈ ચૂક્યું જણાય છે. આ ઉપરથી અમેરિકાના વેપારીઓએ અરજી કરી છે કે ચીનાઓની સામેના કાયદા[1] છે તે રદ કરવા. તેથી ત્યાંના મજૂરવર્ગના માણસોએ મોટી સભાઓ ભરી ઠરાવ કર્યો છે કે વેપારીઓને ગમે તેટલું નુકસાન જાય, તોપણ ચીનાઓની સામે જે કાયદા છે તે રદ નહીં થવા જોઈએ. આમ એક તરફથી વેપારી ને કારીગરની વચ્ચે અમેરિકામાં ફાટફૂટ ચાલી છે ને બીજી તરફથી તારો આવ્યા છે તે ઉપરથી જણાય છે કે ચીનાઓએ જે સંપ કર્યો છે તે સજ્જડ થતો જાય છે. ચીનાઓએ જે ઠરાવ કર્યો છે તે જે જે દેશાવરમાં ચીનાની સામે કાયદા છે તે બધી જગોને લાગુ પાડવા. વળી એમ પણ કહેવાય છે કે ગોરાઓની સામે લાગણી એટલી ઉશ્કેરાઈ છે કે જે ગોરાઓનાં રહેઠાણ ચીનના અંતર ભાગમાં છે તેઓને સારુ ધાસ્તી રાખવા જેવું છે. આ બધી હિલચાલનું પરિણામ શું આવશે તે કહી શકાતું નથી.

ઓગણીસમા સૈકામાં જે મહાભારત કામો થયાં ગણાય છે તે બધાંની કસોટી આ વીસમા સૈકામાં થાય છે અને એમ જણાય છે કે આ સૈકામાં મોટી ઊથલપાથલ થવાનો સંભવ છે. આ બધી જંજાળમાં એટલું દેખાઈ આવે છે કે જ્યાં સંપ છે ત્યાં જ તેજ છે અને ત્યાં જ જીત છે. દરેક હિંદીએ આ વાત પોતાના મનમાં કોતરી રાખવા જેવી છે. ચીનાઓ નબળા છતાં એકસંપથી સબળા દેખાય છે અને "કીડી કાળા નાગનો પ્રાણ જ લે આ પેર" એ કાવ્યને ખરું દેખાડી આપે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०–९–१९०५

૧૦૦. નાતાલમાં હુન્નરને ઉત્તેજન આપવાની હિલચાલ

ગવર્નરે નીમેલું કમિશન

ચાલુ ગવર્નમેન્ટ ગૅઝેટ ઉપરથી એમ જણાય છે કે નાતાલમાં જે જે વસ્તુઓ વાપરવામાં આવે છે તે કેમ બની શકે તે બતાવવા સારુ શું શું ઉપાયો લેવા જોઈએ અને તેવી રીતે પેદા થયેલી વસ્તુઓ વાપરવામાં ઉત્તેજન મળે તેટલા સારુ કસ્ટમ્સના દરમાં ફેરફાર કરવો કે નહીં તે બાબત કમિશન નીમ્યું છે. તેમાં કમિશનર મિ. મુર, ડૉ. ગબિન્સ, મિ. અરનેસ્ટ ઍાક્ટ, મિ. જેમ્સ કિંગ, મિ. જ્યૉર્જ પેઈન, મિ. સૉન્ડર્સ અને મિ. મેકેલિસકરની નિમણૂક કરી છે. આ કમિશનમાં આપણા વેપારીઓ પુરાવો આપે તો બહુ સારી વાત છે એમ અમે માનીએ છીએ. એવી ઘણી વસ્તુઓ છે કે જે નાતાલમાં પેદા થઈ શકે છે અને જેને વિષે અનુભવી વેપારીઓ મદદ કરી શકે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०–९–१९०५

૧. ચીની મજૂરોનો પ્રવેશ અટકાવવા માટે કરવામાં આવેલો કાયદો.

Gandhi Heritage Portal

૧૦૧. નાતાલની નિશાળો

કેળવણી ખાતાના વડાનો રિપોર્ટ

નાતાલના કેળવણી ખાતાના ઉપરી મિ. મ્યુડીએ પોતાના વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યું છે કે હિંદી તથા બીજા કાળા માણસોની નિશાળમાં છોકરાઓની સફાઈ ઉપર પૂરતું ધ્યાન દેવામાં આવતું નથી. આ વાત મિ. મ્યુડીની બરોબર ધ્યાનમાં રાખવા જેવી છે. જો કે મિ. મ્યુડી સાહેબ આપણા ખેરખાહ નથી, તોપણ જ્યાં આપણી ભૂલ બતાવે ત્યાં આપણે વિચાર કરવાની જરૂર છે. આ બાબત ઉપર માબાપોએ પૂરતું ધ્યાન આપવું જોઈએ. આપણે પોતે ચોખ્ખાઈના નિયમો ન જાળવતા હોઈએ તોપણ છોકરાંઓને શીખવવાની જરૂર છે. જો તેઓ શીખશે તો એક જમાનામાં ઘણો ફેરફાર થવાનો સંભવ છે. છોકરાંઓની બાબતમાં નીચેની હકીકત યાદ રાખવા જેવી છે:

(૧) તેઓના દાંત સાફ હોવા જોઈએ. તેટલા સારુ તેમને દંતમંજન સવારે તથા સૂતા પહેલાં કરાવવું જોઈએ.

(૨) તેઓના વાળ સાફ હોવા જોઈએ. તેટલા સારુ વાળ ટૂંકા તથા હમેશાં ધોયેલા અને ઓળેલા રાખવા. તેલ નાખવાની જરૂર નથી.

(૩) તેઓના નખ સાફ હોવા જોઈએ ને વખતોવખત કાપવા જોઈએ તથા હમેશાં ધોવા જોઈએ.

(૪) જોડા તથા કપડાં ગમે તેવાં સાદાં હોય પણ સાફ હોવાં જોઈએ.

(૫) તેઓનું દફતર તથા ચોપડી તેવાં જ હોવાં જોઈએ અને તેથી તેઓએ સાફ હાથ હોય ત્યારે જ ચોપડીને અડવું. આ સૂચનાઓ યાદ રાખવાથી અને છોકરાંઓ પાસે પળાવવાથી લાભ થશે એમ અમારે કહેવાની જરૂર નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩૦–૯–૧૯૦૫

૧૦૨. જોહાનિસબર્ગમાં રહેનારાઓને ખબર

જોહાનિસબર્ગનાં છાપાંઓ પરથી જોઈએ છીએ કે ત્યાં હવે તાવના વાવરાની ઋતુ શરૂ થઈ છે. મ્યુનિસિપાલિટીએ જાહેરખબર કાઢી છે કે જે લોકો પોતાનાં પાયખાનાં ખરાબ રાખશે તેની ઉપર કેસ કરવામાં આવશે. ત્યાંનો કાયદો એવો છે કે દરેક પાયખાનામાં જ્યારે જ્યારે તે વાપરવામાં આવે ત્યારે ખરાબા ઉપર હમેશાં સૂકી ધૂળ અથવા રાખ અથવા જંતુનાશક ભૂકી નાંખવી તે એવી રીતે કે ખરાબો ઢંકાઈ રહે. પાયખાનું બિલકુલ ભીનું કે બદબોવાળું નહીં રાખવું. જો આમાં કંઈ ફેરફાર થાય તો પાઉંડ પાંચ સુધીની સજા છે. આ નિયમ બહુ સારો છે. રાખ અથવા સૂકી ધૂળના પૈસા બેસતા નથી અને અમારા વાંચનારને ખાસ ભલામણ છે કે પાયખાનામાં એક ધૂળનો ડબો રાખી ડબલા વતી જ્યારે જ્યારે વાપરવામાં આવે ત્યારે પાયખાના ઉપર ધૂળ કે રાખ છાંટવાં.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩૦–૯–૧૯૦૫

Gandhi Heritage Portal

૧૦૩. જ્યૉર્જ વૉશિંગ્ટન

અમેરિકાનો પહેલો પ્રેસિડેન્ટ

ઇંગ્રેજી ભણનારાઓ ચોપડીઓમાં શીખી ગયા છે કે એક દહાડો જ્યૉર્જે પોતાના બાપનું વહાલું બોરનું ઝાડ હતું તે રમતમાં કાપી નાખ્યું. તેના બાપે જ્યારે પોતાના ઝાડની આવી હાલત જોઈ ત્યારે જ્યૉર્જને સવાલ પૂછયો. જ્યૉર્જે જવાબ આપ્યો, "બાપા, મારાથી ખોટું તો નહીં જ બોલાય. એ ઝાડ મેં કાપ્યું છે." બાપે સવાલ ખીજવાઈને પૂછયો હતો પણ જ્યારે આવો ખુલ્લો જવાબ રોતી આંખે જ્યૉર્જે આપ્યો ત્યારે બાપ ખુશી થયો ને ગુનો દરગુજર કર્યો. આ વખતે જ્યૉર્જ બહુ બાળક હતો.

આમ જે છોકરાના મનમાં સત્યતાની ટેક ઠસી રહી હતી તે છોકરો પંચાવન વર્ષની ઉંમરે અમેરિકા, જે આજ પૃથ્વીમાં ગાજી રહ્યું છે, તેનો પહેલો પ્રેસિડેન્ટ થયો. જ્યારે તેને પ્રમુખપદ મળ્યું ત્યારે લોકો તેને રાજા બનાવવા તથા મુગટ પહેરાવવા તત્પર હતા. પણ તેણે તેવી વાતને તરછોડી કાઢી.

આ જ્યૉર્જ વૉશિંગ્ટન તે એક પૈસાદાર કુટુમ્બમાં વરજિનિયા તાલુકામાં વેસ્ટ મોરલાંડ શહેરમાં સને ૧૭૩૨ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે જન્મ્યો હતો. તેના પહેલાં ૧૬ વર્ષની તવારીખની કોઈને પૂરી ખબર નથી. ૧૬ વર્ષની ઉંમર સુધીમાં તેણે માત્ર જૂજ અભ્યાસ કરેલો. ત્યાર બાદ તેને એક એસ્ટેટનો ઉપરી નીમવામાં આવ્યો હતો. તે અરસામાં તેણે પોતાની ચાલાકી તથા બહાદુરી બતાવવા માંડી. તે એટલે સુધી કે ૨૩ વર્ષની ઉંમરે તેને વરજિનિયાની ફોજનો વડો અમલદાર નીમવામાં આવ્યો.

આ વખતે ઉત્તર અમેરિકા ઇંગ્લંડના તાબામાં હતું. પણ અમેરિકાના માણસો વચ્ચે તથા ઇંગ્લંડ વચ્ચે તકરારો ચાલ્યા કરતી. કેટલાક કરો અમેરિકામાં નાંખેલા તે લોકોને પસંદ નહીં પડયા. આ વખતે બીજી ઈજાઓ પણ હતી. તેથી છેવટે બન્ને અમેરિકાના લોકો તથા ઇંગ્લંડ વચ્ચે એટલાં ખાટાં મન થયાં કે લડાઈ શરૂ થઈ. ઇંગ્રેજી લશ્કરો કવાયત શીખેલ તથા તૈયાર હતાં. અમેરિકાના લોકો બિચારા ગામડિયા હતા. હથિયારનો ઉપયોગ પૂરો જાણતા નહીં. લશ્કરમાં રહી નિયમસર કામ કરવું ને મુસીબતો ભોગવવી એથી તેઓ બિનવાકેફ હતા. આવા માણસોને હાથ રાખવા ને તેવાઓની મારફતે કામ લઈ અમેરિકાને સ્વતંત્ર કરવું તથા ઇંગ્રેજી ધોંસરીમાંથી નીકળવું એ કામ વૉશિંગ્ટન ઉપર આવી પડયું. લોકોએ તેને વડો અમલદાર નીમ્યો. તેણે કહ્યું કે, "હું બિલકુલ લાયક નથી છતાં મને નીમો છો તો હું લોકોની સેવા કરવા ખાતર વગર પગારે તે હોદ્દો લઉં છું." આવા જ શબ્દો તેણે પોતાના ખાનગી મિત્રોને લખેલા એટલે એ કંઈ માત્ર કહેવાની વાત ન હતી, પણ પોતે માનતો કે પોતામાં પૂરી તાકાત નથી. છતાં જ્યારે તેના હાથમાં જવાબદારી આવી પડી ત્યારે તેણે દરેક જોખમ સહન કરી રાતદહાડો કામ કરી લોકોનાં મન ઉપર એવી છાપ પાડી કે લોકો તેના બોલ ઝીલી લેતા અને તે જે કહે તે જોખમ સહન કરતા. પરિણામે ઇંગ્રેજી લશ્કરોએ હાર ખાધી અને અમેરિકા સ્વતંત્ર થયું. આમ થયું કે તુરત વૉશિંગ્ટને પોતાનો હોદ્દો છોડી દીધો. પણ લોકોના હાથમાં હીરો મળ્યો હતો તે તેઓ જતો કરે તેમ ન હતા. તેથી અમેરિકામાં સ્વરાજ્ય સ્થપાયું ને જ્યૉર્જ વૉશિંગ્ટનને ૧૭૮૭ની

Gandhi Heritage Portal

સાલમાં અમેરિકાનો પહેલો પ્રેસિડેન્ટ બનાવ્યો. જ્યારે પોતે આ મહાન પદવી હાથમાં લીધી ત્યારે પણ કોઈ દિવસ પોતાનો સ્વાર્થ સાધવાનો વિચાર નહીં કર્યો. લડાઈને અંતે પોતાનાં ખીસાં ભરનારા ઢોંગી દેશાભિમાની માણસ હમેશાં તૈયાર થાય છે. આ બધાને વૉશિંગ્ટનથી દબાઈને રહેવું પડતું હતું. ૧૮૯૨-૯૩[1] ની સાલમાં વૉશિંગ્ટનની ફરી ચૂંટણી થઈ. તેની કારકિર્દીમાં જેમ તેણે લડાઈમાં શૂરવીરપણું બતાવ્યું તેમ દેશમાં સુધારા કરવામાં, લોકોને એકઠા રાખવામાં ને દેશની આબરૂ વધારવામાં બતાવ્યું. એક લખનાર લખી ગયો છે કે "વૉશિંગ્ટન લડાઈમાં પહેલો હતો, તેમ જ સુલેહમાં પહેલો હતો ને લોકોના અંતઃકરણમાં તે સર્વોપરી જગ્યા રોકતો." તેને ત્રીજી વખતે પ્રેસિડેન્ટની પદવી આપવાનો આગ્રહ કર્યો. પણ તેણે તે પદવી લેવા ના પાડી ને પોતાની એસ્ટેટમાં જઈ રહ્યો. આ વીર પુરુષ ૧૭૯૯ના ડિસેમ્બરની ૧૪મી તારીખે અકસ્માત માંદગીથી મરણ પામ્યો. તે કદે બહુ ઊંચો હતો. છ ફૂટ ત્રણ ઇંચ તેની ઊંચાઈ ગણાય છે. તેના હાથ એવા જબરજસ્ત હતા કે એટલા મોટા તેના વખતમાં બીજા કોઈના નહીં હતા. તે સ્વાભાવે હમેશાં નમ્ર તથા માયાળુ હતો. તેની દેશદાઝથી અમેરિકા આજે આટલી પાયરીએ ચડયું છે. ને વૉશિંગ્ટનનું નામ જ્યાં સુધી અમેરિકા નભે છે ત્યાં સુધી નભ્યા જ કરશે. ભલે એવા વીર પુરુષ હિંદ પણ જણે એમ લખનાર ઇચ્છે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०–९–१९०५

૧૦૪. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૩૦, ૧૯૦૫

ચિ. છગનલાલ,

ચિ. આણંદલાલ લખે છે કે મર્ક્યુરી લેનમાં ઑફિસ લેવાનો ઠરાવ થયો છે. આમ હોય તો નહીં થવું જોઈએ. આવા ફેરફાર થાય તે બાબત મને પ્રથમ પૂછવાની જરૂર જોઉં છું. મને લાગે છે કે ગ્રેસ્ટ્રીટ અથવા ફિલ્ડ સ્ટ્રીટમાં ઑફિસ હોય તો અડચણ નથી.

રામનાથને ચિ. જયાશંકરને સોંપી દેશો (એટલે કે જો રામનાથ જવા ખુશી હોય તો.) જયાશંકરને હવે તેના વેપારમાં મૂંઝવણ આવતી હશે. મનસુખભાઈ અહીં આવવાનો સંભવ છે. તેનો મારી ઉપર લાંબો કાગળ છે. તેમાં તે આવવાને તલપી રહ્યો છે. માત્ર તેમનાં માતાપિતાની આજ્ઞાની રાહ જુએ છે.

કલાર્ક્સડૉર્પથી કાગળ આવ્યા છે તે સાથે બીડું છું. ત્યાંથી બિલકુલ પૈસા આવ્યા જ નથી. તમે તે પૈસા કયા અંકમાં કબૂલ્યા છે. આ લખતાં મને યાદ આવે છે કે પ્રથમ ક્રૂગર્સડૉર્પની એક રકમ કબૂલેલી. પાછળથી મેં લખતાં ઘણી ઘણીના કબૂલેલા. તેમાં કંઈક ગોટો હોવા સંભવ છે.

તમારો કાગળ બપોરે મળ્યો.

૧. આ સાલમાં ચોખ્ખી ભૂલ છે. ૧૭૯૨–૯૩ જોઈએ.

Gandhi Heritage Portal

ઑફિસ વિષે મને તો હજુ લાગે છે કે મર્ક્યુરી લેન લઈ જવી ઠીક નથી.

ક્રૂગર્સડૉર્પથી તમને કાગળ આવ્યો હોય તે મોકલજો. મને આવેલા બધા પૈસા જમે અપાઈ ગયા છે.

સુમાર લતીફનો કાગળ બીડું છું. તે ઉપર લખવું હોય તે લખીને મને મોકલજો.

મોહનદાસ

તા. ક.

શેખ મહેતાબે[1] લખેલી ચોપડી આજે મારા જોવામાં આવી છે. તે વિષે કંઈ નોંધ ઓપીનિયનમાં ના લેશો.

મોહનદાસ

તા. ક.

ગુજરાતી મોકલું છું. ત્યાં બે જન્મવૃત્તાંત ભેળાં થયાં છે એટલે આ વખતે તે નહીં મોકલું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: એસ. એન. ૪૨૫૪

૧૦૫. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૨, ૧૯૦૫

પ્રિય છગનલાલ,

મિ. કિચિન મને લખી જણાવે છે કે તમારી સભાઓ પૈકી એકમાં તમે હેમચંદને બરતરફ કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે. જ્યારે હેમચંદે મને લખ્યું કે તેને બરતરફ કરવાની નોટિસ મળી છે ત્યારે મેં એને વગર વિલંબે ખાતરી આપી કે નોટિસ પાછી ખેંચી લેવામાં આવશે. મેં મિ. કિચિન અને મિ. છગનલાલ બંને સાથે પત્રવ્યવહાર[2] શરૂ કર્યો. જ્યારે હેમચંદને નોકરીમાં રાખ્યો ત્યારે મારે ને એને વાત થયેલી ને મેં એને કહેલું કે તને મુદ્રણાલયમાં તાલીમ આપવામાં આવશે અને જ્યાં સુધી તારું વર્તન તથા કામકાજ સારું હશે ત્યાં સુધી તું કાયમની નોકરીમાં છે એમ સમજવું. હેમચંદને હું સારી રીતે ઓળખું છું, એનાં સગાંસંબંધીને એથી વધારે સારી રીતે ઓળખું છું. હું એને ભલો અને અમૂલ્ય કામદાર ગણું છું, મુદ્રણાલય ગંભીર મુસીબતમાં આવી પડે તોપણ તે એને વળગી રહે એવો છે.

પરંતુ, આ ઉપરાંત, જ્યારે મેં હેમચંદની બરતરફીનું જાણ્યું ત્યારે મને થયું કે મેં આપેલા વચનનો ભંગ થઈ રહ્યો છે. આ જ કારણે મેં એને નોટિસ પાછી ખેંચી લેવાની ખાતરી આપી હતી.

૧. ગાંધીજીના શાળાજીવનના સહાધ્યાયી. જુઓ આત્મકથા ભાગ ૧, પ્રકરણ ૬, ૭.

૨. આ પત્ર મુદ્રણાલયમાં છગનલાલ ઉપરાંત બીજાઓને મોકલ્યો હતો. જુઓ તેની નીચેની ગુજરાતી નોંધ.

Gandhi Heritage Portal

તમને આ લખી રહ્યો છું એ ધ્યાનમાં રાખીને મેં આપેલી બાંયધરીને અનુમોદન આપવા અને તેની બરતરફીના નિર્ણયને પાછો ખેંચવાને તમને કહું ને? ભવિષ્યમાં આવી બધી બાબતોમાં છેવટનો નિર્ણય કરતાં પહેલાં મારી સાથે ચર્ચાવિચારણા કરવામાં આવશે તો મને ઘણો આનંદ થશે.[1]

શુભચિંતક
મો. ક. ગાંધી

[આ પછીનો ભાગ ગુજરાતીમાં હાથે લખેલો છે.]

ચિ. છગનલાલ,

આ કાગળ વાંચજો. તેવો બધાને લખ્યો છે. આને કિચિને ભારે રૂપ આપ્યું જણાય છે. મેં તેને તાર પણ કર્યો છે. તમે મીટિંગમાં હાજર રહેવાની જરૂર જણાય તો રહેજો.

લછીરામને હજુ છાપું મળતું નથી. કયે ઠેકાણે મોકલો છો તે લખજો.

મણિલાલને પાણી ભરવા સારુ નાની કાવડ કરી આપવી જોઈએ. તેને પાણી ઊંચકવું ભારે પડતું જણાય છે.

મોહનદાસના આશીર્વાદ

ગબરુ, બૉક્સ ૫૭૦૯, કહે છે કે તેને ઓપીનિયન એક જ અઠવાડિયાનું મળ્યું. હવે નથી મળતું. મદરેસાનાં[2] નામ કેમ નથી આવ્યાં એ સમજી શકયો નથી. હવે પછી એમ ન થવું જોઈએ.

[મૂળ અંગ્રેજી તથા ગુજરાતી]

ગાંધીજીની સહીવાળી ટાઇપ કરેલ (અંગ્રેજી) અને હાથે લખેલ (ગુજરાતી) ઑફિસ પ્રત પરથી : એસ. એન. ૪૩૭૭

૧૦૬. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ઑકટોબર ૫, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. મને ઑફિસના લેટરહેડ તથા તેને લગતાં કોરાં પાનાં મોકલજો. તેમાં [Telegrams 'Gandhi'] એમ ઉમેરજો. નામ રજિસ્ટર કરાવ્યું છે. તુરત ઉકેલજો. ત્યાંના સરનામાનાં કવર નાનાં મોકલજો.[3]

ચિ. આણંદલાલને ઘર બાબત મારી સમજ એવી હતી કે તેને ચિ. અભેચંદનું મકાન લેવું હતું. જો તેને નવું જ મકાન બનાવવું હોય તો હાલ તુરત ખર્ચ ન કરવા મારી સલાહ છે. હું તે પ્રમાણે તેને લખું છું.

૧. અહીં સુધી અંગ્રેજીમાં.

૨. ગુજરાતમાંની ડાભેલ ખાતેની મુસ્લિમ શાળા જેને માટે દક્ષિણ આફ્રિકામાં ફંડ એકઠું કરવામાં આવ્યું હતું.

૩. આ વાકય હાંસિયામાં લખેલું છે.

Gandhi Heritage Portal

મિ. બીનને રંગ અપાવ્યે છૂટકો જોઉં છું.

હેમચંદ પાસે બરોબર કામ લેજો તે કેમ ચાલે છે તે મને લખ્યે રહેજો. મારી સંમતિ વિના કાઢવા રાખવા વ.ના ફેરફાર થવા ન જ જોઈએ. તે બાબત હું પગલું ભરી ચૂકયો છું. ઓરચર્ડ[1] તથા સામ[1] ગુસ્સે થયા હોય તેની ફિકર નહીં.

મનસુખલાલ હાલ તો હવાફેર કરવા જ આવશે અને જો આવશે જ તો થોડી મુદત તો મારી પાસે તેને બાથ વ. દેવાને સારુ રાખીશ, પછી થોડી મુદત ત્યાં રહેશે.

કાળાભાઈએ મને લખ્યું છે કે દર માસે પા. ૩ આપશે. વસંત પંડિત બાબત પેપરમાં જણાવજો. શું થાય છે એ ખબર નથી પડતી.

મોહનદાસના આશીર્વાદ

તમે હજુ ગૅઝેટની બધી નોટિસો નથી આપતા. આ વખતના ગૅઝેટમાં ૧૭૦૫ પાનેથી ઘણી નોટિસો છે. આયરની (૧) રામસરૂપ (૨) બોધી (૩) ગીસીઆવન (૪) પારમ (૫) હુસન આમદ (૬) રાંદેરી (૭). ઉપર ઉપરથી જોતાં આટલી નીકળી છે. આ બધી નોટિસો ત્રણે ભાષામાં આવવી જોઈએ. એટલે હવેથી ગૅઝેટ બરોબર તપાસજો. હેમચંદને આમાંનું કંઈક સોંપી શકાય.

મોહનદાસ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: એસ. એન. ૪૨૫૬

૧૦૭. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ઑકટોબર ૬, ૧૯૦૫

પ્રિય છગનલાલ,

વીરજીનો પત્ર હું તમારી જાણ માટે બીડું છું. એ પાછો મોકલજો. તમારા પત્રો પૈકી એકમાં તમે જે બનાવનું વર્ણન કરેલું તે વિષે હું એને લખું છું.[2] તમે એની સાથે આખી વાતની ચર્ચા કરી લેજો. એનો પત્ર તમને મોકલ્યો છે એ હકીકત હું એને લખું છું. મેં એને લખેલા પત્રનો[3] ઉત્તર એણે આપ્યો છે. મેં લખેલું કે વર્ષ પૂરું થતાં એ તમને સંતોષ નહીં આપે તો હું એને નહીં રાખી શકું.

આણંદલાલને આપેલા ૨૦ પાઉંડ નકામા ગયા એમ તમે શા માટે કહો છો? જો એમ હોય તો એ તમારે આણંદલાલને કહેવું જોઈતું હતું. તમારા છેલ્લા પત્ર પરથી હું સમજું છું કે આણંદલાલ શહેરમાંથી ખરીદી કરવા તમારી પાસેથી ૩૦ પાઉંડ માગતો હતો, અને ટૅાંગાટ-માંથી ખરીદી કરવાનો વિચાર એણે છોડી દીધો હતો.

૧. ફિનિક્સ પ્રેસના કાર્યકરો.
૨–૩. અપ્રાપ્ય.

Gandhi Heritage Portal

હું દેસાઈનો પત્ર પાછો મોકલું છું. તમે ભૂલ શોધી કાઢી છે એટલે એ પત્ર મને મોકલવાની જરૂર નહોતી.

શુભચિંતક
મો. ક. ગાંધી

બિડાણ[1]
શ્રી સી. કે. ગાંધી
C/o. इन्डियन ओपीनियन,
ફિનિક્સ
[મૂળ અંગ્રેજી]
મૂળની છબી પરથી: એસ. એન. ૪૨૫૭

૧૦૮. ફરજિયાત કેળવણી

એક તરફથી નાતાલમાં હિંદીઓની કેળવણીને દાબવામાં આવે છે અને બીજી તરફથી તે કેળવણી હિંદુસ્તાનમાં વધતી જાય છે. આનો અર્થ અમે એમ નથી કરતા કે હિંદુસ્તાનમાં સરકાર કેળવણીને હાલ ખસૂસ ઉત્તેજન આપે છે પણ છેલ્લા દાયકાની અંદર કેળવણી એટલી બધી પ્રસરી છે કે હવે સરકાર ઉત્તેજન આપે કે ન આપે તોપણ કેળવણી બંધ થઈ શકે એમ નથી. આ વિચારો મિ. મલબારીના ઈસ્ટ ઍન્ડ વેસ્ટ નામના માસિક ચોપાનિયામાં આવેલા એક લખાણ ઉપરથી ઉત્પન્ન થાય છે. મિ. હરગોવિંદદાસ કાંટાવાળાએ આ લખાણ કરેલું છે. તેઓ સાહેબ વડોદરામાં કેળવણી ખાતાના ઉપરી છે. સને ૧૯૦૧ની સાલમાં ૩૨,૬૮,૭૨૬ વિદ્યાર્થીઓ હિંદુસ્તાનમાં અભ્યાસ કરતા હતાં. તેઓની ઉપર બે કરોડ રૂપિયાનું ખર્ચ હતું. આનો અર્થ એમ થયો કે લાયક છોકરાંઓમાંથી માત્ર નવ ટકા કેળવણી લેતાં હતાં. આ બધા વિચારોની અસર મહારાજા ગાયકવાડની ઉપર બહુ થઈ. તેમણે વિચાર્યું કે અંગ્રેજ સરકાર પૂરી કેળવણી આપે યા ન આપે તોપણ તેમણે પોતાની ફરજ પોતાની વસ્તી તરફ બજાવવાની હતી. આ ઉપરથી ૧૮૯૨ની સાલમાં તેમણે મિ. કાંટાવાળાને હુકમ કર્યો કે વડોદરામાં ખરાબમાં ખરાબ તાલુકાની અંદર છોકરાંઓને કેળવણી આપવાની માબાપોને ફરજ પાડવી. આ કામ મિ. કાંટાવાળાએ હાથમાં લીધું અને પોતાની જાણને સારુ મહારાજાની સંમતિથી નીચે પ્રમાણે ધારા ઘડી કાઢયા.

(૧) રાજ્યની મહેસૂલમાંથી ૭% એટલે દશ લાખ રૂપિયા ખર્ચ કરવો.

(૨) લોકોને ફરજિયાત કેળવણી લેવાનું કહેતાં પહેલાં મફત કેળવણીનું સાધન આપવું.

(૩) ફરજિયાત કેળવણી બંને છોકરા તથા છોકરીઓને આપવી.

(૪) છોકરાંઓની ઉંમર સાતથી બાર તથા છોકરીઓની ઉંમર સાતથી દશ રાખવી.

(૫) ફરજિયાત રીતે આવા છોકરાઓએ અને છોકરીઓએ વર્ષના ઓછામાં ઓછા સો દિવસ નિશાળમાં હાજર રહેવું.

(૬) જે મા-બાપ પોતાનાં છોકરાંઓને કેળવણી લેવા ન મોકલે તેઓને દંડ કરવો અને તે દંડ સહજ લેવીથી વસૂલ કરવો.

૧. અપ્રાપ્ય.

Gandhi Heritage Portal

આ પ્રમાણે ધારા કરીને દશ ગામડાંઓમાં ફરજિયાત કેળવણી દાખલ કરી. આમાં અમરેલી તાલુકો આવી ગયો. પહેલાં તો લોકો સામે થવા લાગ્યા. એક તરફથી મકરાણીઓએ બંડ ઉઠાવવાનું કર્યું અને કહેવા લાગ્યા કે છોકરીઓને કેળવણી આપવી એ તો કુરાન શરીફથી વિરુદ્ધ છે. આ ઉપરથી મિ. કાંટાવાળાએ કુરાન શરીફમાંથી એવા બાધ છે એવું બતાવી આપે તેને ઈનામ આપવાનું જાહેરનામું કાઢ્યું. પણ તેવું કાંઈ બતાવી ન શકયા. અને મોલવીઓએ દેખાડી આપ્યું કે એવો બાધ બિલકુલ નથી. બીજી તરફથી કાઠીઓ અને હિંદુ મહાજન સામે થયાં અને તેઓએ તો વકીલ રોકી લડવાનો ઠરાવ કર્યો પણ છેવટે મિ. કાંટાવાળાએ તેવા માણસોને પણ સમજાવ્યા. અને વર્ષની આખરે એમ બન્યું કે ફરજિયાત કેળવણી લેવાને લાયક છોકરા છોકરીઓમાંથી ૯૯ ટકા કેળવણી લેતાં થઈ ગયાં. અને આ બાર વર્ષની અંદર એવું સરસ પરિણામ આવ્યું છે કે બીજા દસ ગામમાં ફરજિયાત કેળવણીનો રિવાજ દાખલ થઈ ચૂકયો છે. ગામડાંઓમાં દરેક છોકરા દીઠ દર વર્ષે ચાર રૂપિયાનું ખર્ચ પડે છે. અને શહેરોમાં છ રૂપિયાનું પડે છે. આ દાખલા ઉપરથી દક્ષિણ આફ્રિકામાં હિંદીઓએ ધડો લેવા જેવું છે. સરકાર કેળવણી ન આપે તેથી હારી ન જતાં જાતમહેનતથી કેળવણી પ્રસારવાને જેઓ સારી સ્થિતિમાં છે તેઓએ મહેનત કરવા જેવું છે. જેઓ પોતે શીખવી શકે એવી સ્થિતિમાં હોય તેઓએ પોતાના જ્ઞાનનો લાભ બીજાઓને આપવાની જરૂર છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ७–१०–१९०५

૧૦૯. હિંદના દાદા[1]

ઑનરેબલ હિંદના દાદા નવરોજીએ સપ્ટેમ્બરની ૪થી તારીખે ૮૦ વર્ષ પૂરાં કર્યાં. હિંદુસ્તાનમાં આ દહાડો એક ઉત્સાહનો થઈ રહ્યો છે. દરેક જગ્યાએ સભાઓ ભરાઈ હતી અને આ હિંદના દાદાને જગ્યા જગ્યાએથી તાર વાટે વધામણીના સંદેશા ગયેલા. દાદાભાઈએ જે સેવા હિંદની બજાવી છે તેવી હિંદમાં તો કોઈએ નથી જ બજાવી, પણ હિંદુસ્તાનની બહાર પણ એવા થોડા માણસો થઈ ગયા છે.

દાદાભાઈનો મુકાબલો મરહૂમ ગ્લૅડસ્ટનની[2] સાથે ઘણી વાર કરવામાં આવ્યો છે. ગ્લૅડસ્ટન વિલાયતમાં ઘણો જબરજસ્ત પુરુષ થઈ ગયો. તે વિલાયતમાં ગ્રાંડ ઓલ્ડ મૅનના નામથી ઓળખાતો. પણ દાદાભાઈની સેવા તેના કરતાં ચડે છે એમ આપણે કહી શકીએ છીએ. ગ્લૅડસ્ટને જે નોકરી કરી એમાં એને સમય અનુકૂળ હતો. તેમાં તેને માન મળતું હતું. તેમાં તેનાં પાસાં ખરાં પડતાં હતાં. દાદાભાઈ દેશને ખાતર દેશનિકાલ થયા છે. તેણે ભગવું ધારણ કર્યું છે. તેનાં પાસાં બધાં ખરાં નથી પડયાં કેમ કે તેને તો બળિયાની સાથે બાથ ભીડી હિંદની દશા જે બેહાલ છે તેને હાલમાં આણવાની છે. તેને કોઈ માન કે ખેતાબ આપનાર છે નહીં. તેની ઉપર કેટલાક અંગ્રેજી અમલદારો કરડી નજરથી જુએ છે. આ બધાની દરકાર રાખ્યા વગર,

૧. જુઓ પુ. ૪, પા. ૫૬–૭.

૨. વિલિયમ ઍવર્ટ ગ્લૅડસ્ટન, (૧૮૦૯–૯૮), વડા પ્રધાન ૧૮૬૮–૭૪, ૧૮૮૦–૫, ૧૮૮૬ અને ૧૮૯૨–૪. જુઓ પુ. ૪, પા. ૧૨૦–૧.

Gandhi Heritage Portal

પોતાનો સ્વાર્થ તપાસ્યા વિના પોતાઓનાં વહાલાંને છોડી દાદાભાઈ વિલાયતમાં બિરાજે છે. આવો દાખલો તો આપણને મૅઝીનીનો નજર આવે છે. તેની દેશદાઝ એવી છે કે તેનો આપણને ખ્યાલ આવી શકે તેમ નથી. તેમની રહેણી એવી પવિત્ર છે કે તેનો આપણે બધાએ ધડો લેવા જેવો છે. આવા સાધુ વીરે હિંદુસ્તાનને પોતાનાં ૫૦ વર્ષ આપ્યાં છે, અને પોતાની ૮૦ વર્ષની ઉંમરે પોતે એક વીસ વર્ષના જુવાન જેટલું ઉત્સાહથી કામ કરે છે.

હવે દાદાભાઈ નવી પાર્લમેન્ટમાં દાખલ થવા પ્રયત્ન કરે છે. અમને ખાનગી કાગળો વિલાયતથી આવ્યા છે તે ઉપરથી અમે જાણીએ છીએ કે તેમણે પોતાનું સુવાંગ ઘર છોડી દીધું છે. એક 'બોર્ડિંગ હાઉસ'માં નોર્થ લૅન્બેથમાં રહે છે ને ચૂંટણી કરનારાઓના ઘરેઘર જાય છે ને તેઓને સમજાવે છે. જો તેઓ દાદાભાઈને પોતાના મેમ્બર તરીકે ચૂંટશે તો તેથી અમે માનીએ છીએ કે તેઓને મગરૂર થવા જેવું છે. એવો આજે કોણ વિલાયતમાં છે કે જે દાદાભાઈની જિંદગીને મુકાબલે ઊભી શકે?

ભલે આ સાધુ હજુ ઘણાં વર્ષ જીવો અને ભલે હિંદુસ્તાનને દાદાભાઈ જયંતી પાળવાનો વખત ઘણાં વર્ષ મળે એમ અમે સ્તુતિ કરીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ७–१०–१९०५

૧૧૦. સર મંચેરજીનું અપમાન

તાજેતરમાં કલકત્તા ખાતે સર મંચેરજી ભાવનગરીનું જે અપમાન થયું છે તેની અમે ભારે દિલગીરી સાથે નોંધ લઈએ છીએ. બંગાળના ભાગલા[1] સંબંધે (જનસમાજના) અભિપ્રાયથી પોતે જુદા પડ્યા તેથી કૉલેજ સ્કવૅર પર એમનું પૂતળું બનાવી બાળવામાં આવ્યું. સર મંચેરજી જરૂર પોતાનો અંગત અભિપ્રાય ધરાવી શકે, જોકે પેલા મુક્તિ મંદિર – બ્રિટિશ હાઉસ ઑફ કૉમન્સ(પાર્લમેન્ટનું નીચલું ગૃહ)માં વ્યક્તિગત સભ્યોને અંગત અભિપ્રાય ઉચ્ચારવાની ભાગ્યે જ છૂટ મળે છે. જેમણે હિંદના હિતકાર્ય માટે પોતાનો ઉત્સાહ પુરવાર કરેલો છે એવા એ સભાના સદસ્યનું, આવું હડહડતું અપમાન કરવું એ ડહાપણ વિનાનું છે, કહો કે મૂર્ખાઈભરેલું છે. હિંદીઓ ભલે હમેશ સર મંચેરજીના મતને મળતા ન થઈ શકે, પરંતુ એ લોકોએ એટલું તો સ્વીકારવું જોઈએ કે સર મંચેરજી હમેશ પોતાના વતન હિંદને વફાદાર રહ્યા છે અને એમના હૃદયમાં દેશનું હિત વસેલું છે. દક્ષિણ આફ્રિકાના હિંદીઓને આ અપમાનથી ખાસ દુઃખ લાગશે, કેમ કે પ્રતિનિધિત્વ નહીં ધરાવતા અહીંના હજારો લોકોના એ સાચા મિત્ર નીવડ્યા છે. કોઈ માણસ કેવી કડવી ગાળ આપી શકે છે અને બ્રિટનના વિશ્વાસઘાતની તીખી તમતમતી ભાષામાં નિંદા કરી શકે છે તેના ઉપરથી તેની કિંમત આંકવામાં હિંદીઓ મોટી ભૂલ કરશે. ગરમ મગજના, ફેરફાર ઇચ્છનાર અંતિમવાદીઓના અસંયમ કરતાં સર મંચેરજી જેવાના વધારે નમ્ર અભિપ્રાયોનું વજન અનેકગણું વધારે પડે છે. શાંતિપૂર્વકની દલીલ વડે જે વાત જ

૧. વહીવટી સગવડનાં કારણેસર બંગાળને બે ભાગમાં એવી રીતે વહેંચેલું કે એક મોટે ભાગે હિંદુ ને બીજો મોટે ભાગે મુસ્લિમ વસ્તીવાળો થાય. હિંદભરમાં વિરોધનો વંટોળ ઉડાવનાર એ ભાગલા બ્રિટિશ માલના બહિષ્કારની ચળવળમાં પરિણમ્યા અને અંતે ૧૯૧૧માં રદ થયા.

Gandhi Heritage Portal

હિંદને પૂર્ણ પ્રમાણમાં ન્યાય અપાવશે; અને આ કારણસર સર મંચેરજી, પોતાના સ્વદેશબંધુઓની કૃતઘ્નતાને પાત્ર થનારી બધી વ્યક્તિઓના સૌથી ઓછા પાત્ર છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ७–१०–१९०५

૧૧૧. બહિષ્કાર

હિંદથી તાજેતરમાં આવેલા તાર તથા છાપાં પરથી સ્પષ્ટ જણાય છે કે બંગાળમાં ચાલતી બહિષ્કારની ચળવળ બટ્ટો લાગે એ રીતે પડી ભાંગવા સર્જાઈ નથી. જોકે લોકોને બ્રિટિશ માલ ખરીદતા અટકાવવામાં ટોળાંશાહીનો અંશ ઠીકઠીક દેખાય છે, પરંતુ ચળવળ એટલી બધી વ્યાપક બની છે કે લોકોને પક્ષે એ ઊંડી ભાવનામાંથી જન્મી છે એ દેખાઈ આવે છે. ભાગલા વિરુદ્ધની વર્તમાન ચળવળનું પરિણામ ગમે તે હો, પણ બહિષ્કારનું પરિણામ તો માત્ર હિંદના ફાયદામાં જ આવવાનું. એનાથી દેશી ઉદ્યોગોને આશ્ચર્યકારક વેગ મળ્યો છે, અને અમે આશા રાખીએ છીએ કે એ ઉદ્યોગો વધારે ને વધારે વિકસતા રહેશે. એ પરિણામ લાવવાનો હેતુ ન હતો, પણ એ ભારે ઇચ્છનીય છે એમાં શંકા નથી. રાષ્ટ્રીયતાના ગુણો ખીલે અને એ ગુણોની શુદ્ધિ થાય એ હિંદની મોટી જરૂરિયાત છે. જો માત્ર હિંદી બનાવટનો માલ જ વાપરવાનો નિશ્ચય શક્ય તેટલે દરજ્જે ટકાવી રાખી શકાય તો રાષ્ટ્રીય ભાવના વિકસાવવામાં એની નાનીસૂની મદદ નહીં હોય.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ७–१०–१९०५

૧૧૨. દાક્તર બરનાર્ડો

દાક્તર બરનાર્ડો ગયા માસમાં ગુજરી જવાના તાર આખી દુનિયામાં ફરી વળ્યા છે. આ દાક્તર કોણ હતો તે જાણવાની અમારા વાચકવર્ગને આતુરતા હોવી જોઈએ એમ જાણી આ વખતે આ ભાગમાં અમે એ ભલા દાક્તરની જિંદગીનું વૃત્તાંત આપીએ છીએ.

દાક્તર બરનાર્ડો એ નમાબાપના છોકરાંનો બાપ ગણાતો હતો. પોતાની જિંદગીની શરૂઆતમાં દાક્તર બરનાર્ડો માબાપ વિનાનાં છોકરાંઓને જોઈ બહુ નિરાશ થતો. પણ એની પાસે કંઈ સાધન નહીં હતાં. પોતે ગરીબ માણસ હતો, છતાં તેનો વિચાર એવો થયો કે માબાપ વિનાનાં છોકરાંને ઉછેરવાં અને તેમાંથી પોતાનું ભરણપોષણ પણ કરવું. આપણે માણસ "એરણની ચોરી સોયનું દાન" એ કહેવત પ્રમાણે પ્રથમ પૈસા ખૂબ કમાઈને પાછળથી તેનો સારો ઉપયોગ કરવા ઇચ્છીએ છીએ. એમ કરતાં કરતાં ઘણાઓની જિંદગી પણ ચાલી જાય છે. બીજા કેટલાક જ્યારે પૈસા કમાય છે ત્યારે મનની સાથે કરેલો નિશ્ચય ભૂલી જાય છે. અને વળી કેટલાક જ્યારે પૈસો કમાય છે ત્યારે તેનો ખરો ઉપયોગ શો કરવો તે સમજી નથી શકતા તેથી તે પૈસો જ્યાં ત્યાં વાપરી સંતોષ માને છે કે સારા કામમાં વાપર્યો. જાતે કંઈ કામ ન કરેલું

Gandhi Heritage Portal

હોય તેથી તેનો સદુપયોગ પોતે નથી કરી શકતા. આ બધું બુદ્ધિમાન દાક્તર બરનાર્ડોએ જોયેલું તેથી તેણે વિચાર્યું કે મારું મન ચોખ્ખું છે. મારો વિશ્વાસ કરી જેઓ મને પૈસો આપશે તેઓ જાણશે કે મારું પેટ પણ મારે તેમાંથી ભરવું જોઈશે. પણ જો હું માબાપ વિનાનાં છોકરાં ઉછેરીશ તો તેઓની આંતરડી દુવા દેશે. ને લોકો પણ જોઈ શકશે કે મારો વિચાર પૈસા એકઠા કરવાનો નથી. આવો વિચાર મનની સાથે કરી આ બહાદુર દાક્તરે ઝંપલાવ્યું. અને લંડનમાં સ્ટીવની કોઝવેમાં પહેલું મકાન ખોલ્યું. પ્રથમ તો માણસો સામે થયા. ને સૌ કહેવા લાગ્યા કે આ તો એક લોકોને છેતરી પૈસા કમાવાનો રસ્તો શોધ્યો. દાક્તર બરનાર્ડો તેથી નિરાશ નહીં થયો. જેઓ તેનો વિશ્વાસ કરતા તેઓની પાસેથી પોતે પૈસા લેવા લાગ્યા. ધીમે ધીમે છોકરાંઓ ભેળાં થવા લાગ્યાં. તેઓ રખડુ થવાને બદલે ભણ્યાં તથા મહેનતુ પ્રમાણિક થયાં ને ધંધે વળગ્યાં. આ પ્રમાણે જેટલાં છોકરાં તૈયાર થયાં તે બધાં દાક્તર બરનાર્ડોના હોમને જાહેર કરનારા થયા. તે છોકરાંઓએ જોયું કે પોતાનાં માબાપ કરતાં દાક્તર બરનાર્ડો તેઓની માવજત પોતે જાતે વધારે કરતો. દાક્તરે આવાં ઘરો વધાર્યાં. અને છેવટે લંડનની નજીક છ માઈલ દૂર એક જંગલમાં ગામડું વસાવ્યું. તેમાં સરસ મકાનો, દેવળો વગેરે બાંધ્યાં ને તે જગ્યા હાલ એવી પ્રખ્યાત થઈ છે કે ઘણા માણસો ત્યાં જાત્રા કરવા જતા હોય તે જોવા જાય છે. તેની પ્રખ્યાતિ એટલી જામી છે કે દુનિયાના ઘણા ભાગમાં આવી જાતનાં મકાનો બંધાયાં છે. દાક્તર બરનાર્ડોએ પોતે પોતાની જિંદગીમાં ૫૫,૦૦૦ છોકરાંઓને આ પ્રમાણે ઉછેર્યાં છે. કેટલાંક દુષ્ટ માબાપો આ સગવડનો ગેરલાભ પણ લે છે. પોતે પોતાનાં છોકરાંઓને રાતવરત દાક્તર બરનાર્ડોના વાડામાં ફેંકી જાય છે. આથી પણ દાક્તર બરનાર્ડો હારી નહીં જતાં છોકરાંઓની સંભાળ રાખી ઉછેરતો અને જ્યારે તેવાં માબાપ પોતાનાં છોકરાંને પાછાં માગે ત્યારે સોંપી દેતો. દર વર્ષે આ છોકરાંઓનો મેળો લંડનમાં મોટા આલ્બર્ટ હૉલમાં ભરાય છે. તે પૈસા આપી જોવા હજારો માણસો વર્ષોવર્ષ જાય છે. દાક્તરના મરણ પછી એવા ખબર આવ્યા છે કે તેણે પોતાની જિંદગીનો વીમો પાઉંડ ૭૦,૦૦૦નો ઉતરાવ્યો હતો. પોતાના વિલમાં પોતે લખી ગયો છે કે આ બધા પૈસા તેણે સ્થાપેલાં મકાનોને ચલાવવામાં વાપરવા.

આવો એ મહા પુરુષ દાક્તર બરનાર્ડો હતો. પોતે ધાર્મિક માણસ હતો. અને અત્યંત દયાળુ હતો. વીમો ઉતરાવવો વગેરે વિચારો આપણા ધાર્મિક મતથી જુદા પડે તેવા છે, છતાં આપણે કબૂલ કરવું જોઈએ કે આ પ્રમાણે પશ્ચિમના રિવાજ મુજબ દાક્તરે કર્યું તેમાં ડહાપણ વાપર્યું છે.

એક માણસ ગરીબ હોઈ પોતાના ઉત્સાહથી ને પોતાની દયાના જોરથી કેટલું કરી શકે છે તેનો આ જમાનાનો ઘણો સરસ દાખલો દાક્તર બરનાર્ડોએ આપ્યો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૭–૧૦–૧૯૦૫

Gandhi Heritage Portal

૧૧૩. હિંદુસ્તાનનો કવિ

મિ. વૉર્ડે હાલી સાહેબનાં કાવ્યોનો તરજુમો અંગ્રેજીમાં કરી તેમનું નામ પ્રસિદ્ધ કર્યું છે. એમ માનવામાં આવે છે કે હાલી સાહેબને પહોંચી શકે એવી સ્થિતિમાં બીજો કોઈ કવિ નથી. આ કવિનું પૂરું નામ મોલવી સૈયદ અલતાફ હુસેન અનસારી છે. તે દિલ્હી પાસે પાણીપતમાં જન્મેલ છે. તેનાં ઘણાંખરાં કાવ્યો ઉર્દૂમાં છે, જોકે તેણે ફારસી પણ બહુ લખ્યું છે. ૧૮૮૭[1]ની જ્યુબિલી વખતે આ કવિએ એવું સરસ કાવ્ય લખ્યું હતું કે તે આખા ઉત્તર હિંદુસ્તાનમાં ગાજી રહ્યું હતું. આ કવિનાં લખાણ મોજશોખને લગતાં નથી, પણ આ જમાનાને લઈને મુસલમાનોની શી ફરજ છે, હિંદુ મુસલમાન બંનેએ કેમ વર્તવું જોઈએ, ખુદાને કેમ પિછાનવો વગેરે ઉપયોગી બાબતો પર છે. લાહોરનો શેઠ અબદુલ કાદર લખે છે કે તેનાં કાવ્યો અમે નિશાળિયા હતા ત્યારે વાંચતા. અમે મોટા થયા ત્યારે પણ વાંચતા. અમારી જમાતોની અંદર પણ અમે ગાતા. અમારી અંજુમન[2]માં અમે સાંભળીએ છીએ, છતાં પણ એનાં એ કાવ્યો પણ વાંચીવાંચીને અને સાંભળીને પણ અમે થાકતા નથી. તેણે શેખસાદી[3] સાહેબની જિંદગીનું વૃત્તાંત ઘણી છટાદાર ભાષામાં લખેલું છે. પ્રોફેસર મૉરિસન આ કવિના લખાણ વિષે લખે છે કે જેટલું તવંગર મુસલમાનોએ કોમને સારુ કરેલું છે તેના કરતાં વધારે આ એક ગરીબ કવિએ કરેલું છે. આ કવિની કોમ તરફની સેવાની બૂજ જાણવાને ખાતર સરકારે તેમની ઉપર શમ્સ-ઉલ-ઉલેમાનો ઇલકાબ આપ્યો છે. અમે દિલગીર છીએ કે એમનાં ઉર્દૂ કાવ્યો અમારા હાથમાં નથી, પણ અમે અમારા વાચકવર્ગને ભલામણ કરીએ છીએ કે તેઓએ આ કાવ્ય મંગાવીને વાંચવાં.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ७–१०–१९०५

૧૧૪. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૭, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો કાંગળ મળ્યો. ઑફિસ બદલી તે ઠીક કર્યું. મરકી બાબત સાફસૂફ રાખવાની ભલામણ કર્યા કરજો. હેમચંદે કયાં રહેવાનું રાખ્યું છે તે લખજો. તેની બાબતમાં આપણી વચ્ચે ગેરસમજ થયેલી છે. પણ મેં તમને ટૂંકમાં કહેલું તેથી મારો દોષ સમજું છું. વધારે વેસ્ટ ઉપર કાગળ લખ્યો છે તે ઉપરથી જોશો. હેમચંદ કામમાં પૂરો સંતોષ આપે છે કે કેમ તે લખજો.

૧. રાણી વિક્ટોરિયાના શાસનની સુવર્ણ જયંતી.
૨. સભાઓ.
૩. ૧૩મી સદીના ફારસી ભાષાના એક કવિ.

Gandhi Heritage Portal

રામનાથ ક્યાં છે? તેને ચિ. જયાશંકરને સોંપ્યો કે કેમ? જયાશંકરને માણસની બહુ ભીડ છે. સાથેને સરનામે ઓપીનિયન મોકલજો. તેના પૈસા હું અહીંથી વસૂલ કરીશ. મારે ખાતે માંડજો.

ઑફિસ મર્ક્યુરી લેનમાં જવાથી કંઈ હિંદી ઘરાકીમાં ફેર નહીં પડે? અબદુલ કાદર શેઠ કંઈ બોલ્યા? ફિલ્ડ અથવા ગ્રે સ્ટ્રીટમાં કેમ ઑફિસ ન શોધી?

ગુજરાતી આજે મોકલું છું. વધારે કાલે મોકલીશ.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: એસ. એન. ૪૨૫૮

૧૧૫. લૉર્ડ સેલબૉર્નને માનપત્ર[1]

[પૉચેફસ્ટ્રૂમ,
ઑક્ટોબર ૯, ૧૯૦૫ પહેલાં]

નામદારની સેવામાં,

પૉચેફસ્ટ્રૂમ નિવાસી બ્રિટિશ હિંદી પ્રજાજનોના પ્રતિનિધિ તરીકે અમે નીચે સહી કરનાર આથી આપ નામદારને આ ઐતિહાસિક શહેરમાં હાર્દિક અને વફાદારીભર્યો આવકાર આપીએ છીએ.

પૉચેફસ્ટ્રૂમના લોકો વચ્ચે આપ રહો તે સમયનાં આનંદપ્રદ સંભારણાં આપ આપની સાથે લઈ જશો એવી અમે આશા રાખીએ છીએ.

અમે પૉચેફસ્ટ્રૂમમાં જે મુશ્કેલીઓ ભોગવીએ છીએ તે બ્રિટિશ હિંદીઓને માટે આખા ટ્રાન્સવાલમાં બધી જગ્યાએ એકસરખી છે. બ્રિટિશ હિંદીઓની રહેણીકરણી બાબતમાં તથા તેમના ધંધાની જગાની દેખભાળ બાબતમાં એક આરોપ મૂકવામાં આવેલો છે.[2]

એ સ્થળોનું નિરીક્ષણ કરીને તેમને વિષે જાતે નિર્ણય કરવા અમે નામદારને માનસહિત આમંત્રણ આપીએ છીએ. શક્ય હોય તેટલે અંશે અમે સ્થાનિક રિવાજોને અનુસરવા તથા જનસમાજની લાગણીને સંતોષવા અત્યંત ઉત્સુક છીએ. વર્ગભેદ પાડનારા કાનૂનો દાખલ કર્યા સિવાય જાહેર આરોગ્યને લગતાં તથા ઇતર સર્વસામાન્ય જે નિયમનો આવશ્યક હોય તે હેઠળ મુસાફરી, વેપારધંધો, વસવાટ અને મિલકતની માલિકી બાબત અમને સ્વતંત્રતા મળે એટલું જ અમે માગીએ છીએ.

આપને હાથે અમને ન્યાય મળશે જ એવી પૂર્ણ શ્રદ્ધાથી અમે આપની હજૂરમાં ઉપસ્થિત થઈએ છીએ.

૧. પૉચેફસ્ટ્રૂમ ઇન્ડિયન ઍસોસિયેશન વતી આ માનપત્ર અર્પણ થયું હતું. એવાં માનપત્ર રસ્ટનબર્ગ, ક્લાર્ક્સડૉર્પ, ને ક્રૂગર્સડૉર્પ ખાતે અપાયેલાં. જુઓ "લૉર્ડ સેલબૉર્નની સફર" (લૉર્ડ સેલબૉર્ન ઑન ટ્રૅક). इन्डियन ओपीनियन, ૧૪-૧૦-૧૯૦૫

૨. પૉચેફસ્ટ્રૂમ વિજિલન્ટ્સ ઍસોસિયેશન તરફથી.

Gandhi Heritage Portal

નેક નામદાર સમ્રાટ તથા સમ્રાજ્ઞી પ્રત્યેની અમારી લાગણી તેમને નિવેદિત કરવા અમે આપને વિનંતી કરીએ છીએ.

એસ. ડી. રૉબર્ટ, પ્રમુખ
ઈ. એચ. ગેટ્ટા
ઈ. એમ પટેલ
એમ. ઈ. નાનાભાઈ
હાજી ઊમર
એ. ઈ. ગંગાત
એ. એમ. કાસિમ
હાસિમ તૈયબ
એ. જી. સાલેમહમદ
ઈબ્રાહીમ બ્રધર્સ
મુસા હસન
ડી. આઈ. વરિયાવા
એ. રહેમાન, સેક્રેટરી

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

૧૧૬. પૉચેફસ્ટ્રૂમના હિંદીઓનું નિવેદન[1]

[પૉચેફસ્ટ્રૂમ,
ઑકટોબર ૯, ૧૯૦૫ પહેલાં]

નામદારની સેવામાં,

'ઍન્ટિ-એશિયાટિક વિજિલન્સ સોસાયટી' (એશિયાઈ વિરોધી જાગ્રતિ મંડળ) નામે ઓળખાતી સંસ્થા, પૉચેફસ્ટ્રૂમને સ્પર્શતી બાબતમાં, બ્રિટિશ હિંદી પ્રજાજનોને અનુલક્ષીને આપ નામદાર સમક્ષ અમુક રજૂઆતો કરનાર છે એ અમારા જાણવામાં ન હોત તો અમે આપ નામદારને કશી તકલીફ આપી ન હોત; તે પણ ખાસ એટલા માટે કે અમને ખબર છે કે બહુ થોડા સમયમાં આપ નામદાર જોહાનિસબર્ગ ખાતે બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનના પ્રતિનિધિ મંડળને મળનાર છો.

મિ. લવડેએ જ એવી જાહેરાત કરી હતી કે નાતાલથી ટોળાબંધ ગિરમીટિયા હિંદીઓ પૉચેફસ્ટ્રૂમમાં આવી રહ્યા છે. આ વાતનો સચોટ રદિયો આપવા દેવાની અમે વિનંતી કરીએ છીએ. અમો પૈકી કેટલાક નાતાલ સંસ્થાના કાયદાથી પરિચિત છીએ અને અમે જાણીએ છીએ કે કોઈ ગિરમીટિયા હિંદીને માટે નાસી છૂટવાનું લગભગ અશક્ય છે. ગમે તેમ હોય, એટલું તો ખરું કે ઉપરનું કથન પુરવાર કરવા માટે એક પણ દાખલો રજૂ કરવામાં આવ્યો નથી.

૧. લૉર્ડ સેલબૉર્નને માનપત્ર અર્પણ કર્યા પછી પૉચેફસ્ટ્રૂમ ઇન્ડિયન ઍસોસિયેશનના સેક્રેટરી મિ. અબ્દુલ રહેમાને આ નિવેદન પણ વાંચી સંભળાવ્યું હતું.

Gandhi Heritage Portal

બીજું કથન જોહાનિસબર્ગના નગરપતિએ પોતે અહીં આવેલા ત્યારે કર્યું હતું. એમણે એવું કહ્યાનો હેવાલ મળ્યો છે કે યુદ્ધપૂર્વે એશિયાઈઓને માત્ર ઓગણીસ પરવાના કાઢી આપેલા હતા ત્યારે અત્યારે ૯૬ દુકાનના પરવાના અને ૩૭ ફેરિયાના પરવાના છે. દુકાનવાળાને લાગે-વળગે છે તેટલે અંશે આ કથન સત્ય નથી. યુદ્ધ પૂર્વે અમે બ્રિટિશ એજન્ટને પૉચેફસ્ટ્રૂમ નગરના બ્રિટિશ હિંદી વેપારીઓની યાદી આપી હતી; ત્યારે પૉચેફસ્ટ્રૂમ જિલ્લાની વાત અલગ રાખતાં, એ શહેરમાં બાવીસ બ્રિટિશ હિંદી દુકાનો હતી. બ્રિટિશ એજન્ટને મોકલવામાં આવેલી યાદીની સાચી નકલ અમારી પાસે છે, ને આજે અમે એ વેપારીઓનાં નામ આપી શકીએ એમ છીએ એટલું જ નહીં પણ દરેકેદરેક દુકાનદારનું સ્થળ પણ બતાવી શકીએ છીએ. મિ. ગોચ યુદ્ધ પૂર્વેના ઓગણીસની સામે ૯૬ વેપારી પરવાના મૂકી બતાવે છે, એટલે અમે માની લઈએ છીએ કે એ પૉચેફસ્ટ્રૂમ નગર માટે ૯૬ વેપારી પરવાનાનો ઉલ્લેખ કરે છે. જો એમ હોય તો, આ ભારે અસત્ય છે. આજે આ નગરમાં માત્ર ચોવીસ બ્રિટિશ હિંદી દુકાનો છે. જવાબદારીના પૂરા ભાન સાથે તથા હકીકતની માહિતી સાથે અમે આ કહીએ છીએ, અને અમારા આલોચકોને એથી ઊલટું સાબિત કરી બતાવવા આવાહન કરીએ છીએ.

પૉચેફસ્ટ્રૂમમાં કરવામાં આવેલું ત્રીજું કથન અમારાં રહેઠાણો તથા દુકાનોની કહેવાતી અનારોગ્યકર સ્થિતિને લગતું છે. આ સ્થળો ખુદ પોતે જ પોતાની સ્થિતિ જાહેર કરે છે, છતાં જ્યારે આ આક્ષેપ કરવામાં આવ્યો ત્યારે અમે પૉચેફસ્ટ્રૂમના જિલ્લા સર્જનને અમારાં સ્થળો બતાવવાની તક લીધી, અને એમણે આપેલો રિપોર્ટ નીચે મુજબ છે:

> જુદાં જુદાં સ્થળોએ મેં જે જે મકાન જોયાં તે દરેકની બહારથી તેમ જ અંદરથી એકંદર સ્થિતિ જોઈને હું ખૂબ પ્રભાવિત થયો હતો એ કહેતાં મને આનંદ થાય છે. બધી બાબતનો વિચાર કરતાં, પાછળના વાડા સંપૂર્ણ રીતે ચોખ્ખા ને આરોગ્યદાયક છે. કચરાનો કોઈ ઢગલો મારા જોવામાં ન આવ્યો. મને જાણવા મળે છે કે કૉન્ટ્રેક્ટર દરરોજ કચરો ઉપાડી જાય છે. નગરના બીજા ભાગોની પેઠે અહીં ડોલવાળાં જાજરૂની પ્રથા દાખલ કરી અમલમાં મૂકી છે અને તેની સફાઈ મ્યુનિસિપાલિટીનું આરોગ્યખાતું સંભાળે છે. મેં જે કાંઈ જોયું તે પરથી મને આમાં કાંઈ દોષ જડયો નથી. સૂવાની ગોઠવણ સંબંધમાં મને કોઈ વધારે પડતી ગિરદી જણાતી નથી. દરેક દુકાનના પાછળના ભાગમાં પાંચથી આઠ માણસ બેસાડી શકાય એવો જમવા માટેનો ઓરડો તથા દરેકને પોતાનું રસોડું છે ને એ બધાં સારી સ્થિતિમાં રાખેલાં છે.

અમારે કેવી મુશ્કેલીઓ વેઠવી પડે છે ને અમારી વિરુદ્ધ કેવી ખોટી રજૂઆતો થાય છે, તે દર્શાવવા અમે આ બધું જણાવીએ છીએ. આખીયે એશિયાઈ વિરોધી ચળવળ વ્યાપારી ઈર્ષાને આભારી છે એમ અમે વગર સંકોચે કહીએ છીએ. ગોરા દુકાનદારો સાથે ગેરવાજબી હરીફાઈમાં ઊતરવાની અમારી જરાયે ઇચ્છા નથી.

અમારી રહેણીકરણી વિરુદ્ધ બહુબહુ કહેવાયું છે. અમારી ટેવો સાદી છે ને અમે દારૂના વ્યસનથી મુક્ત છીએ એ વાતની અમને મગરૂરી છે. હરીફ ગોરા વેપારીઓ પર જો અમને એથી સરસાઈ મળતી હોય તો અમને ઉતારી પાડવા તથા નિંદાપાત્ર ઠેરવવા આ વાત અમારી સામે ધરવી ન જોઈએ. અમારી વગોવણી કરનારા આ બાબતોમાં એ વસ્તુ સદંતર ભૂલી જાય છે કે ગોરા વેપારીઓને બીજા કેટલાક લાભ છે કે જે અમને સ્વપ્ને પણ મળી શકે એમ નથી. એ છે યુરોપ સાથેના તેમના સંબંધો, અંગ્રેજી ભાષાનું તેમનું જ્ઞાન ને તેમની ચડિયાતી વ્યવસ્થાશક્તિ.

Gandhi Heritage Portal

વધારામાં, અમે માત્ર ગરીબ ગોરાઓની ભલમનસાઈને કારણે અને ગરીબમાં ગરીબ ગ્રાહકોને ખુશ રાખવાની અમારી શક્તિ તથા આવડતને કારણે અમારો વેપાર ચલાવી શકીએ છીએ. વળી અમને જથ્થાબંધ વેપાર કરનારી યુરોપિયન પેઢીઓનો પણ ટેકો છે. એમ કહેવામાં આવ્યું છે કે અમારી હરીફાઈને કારણે ઘણી યુરોપિયન દુકાનો બંધ થઈ ગઈ છે. આ વાતનો અમે ઇન્કાર કરીએ છીએ. પહેલું તો બંધ થયેલી દુકાનો પૈકી કેટલીક એવી છે કે જેની સાથે સંભવ છે કે અમે હરીફાઈ જ ન કરી શકીએ, જેમ કે વાળ કાપવાની અને એવી બીજી દુકાનો. બેશક કેટલીક સામાન્ય માલસામાનની દુકાનો બંધ થઈ છે ખરી, પણ એમના બંધ થવાને એશિયાઈ હરીફાઈ સાથે જોડી દેવું તે આ નગરમાં બંધ થયેલી ઘણી એશિયાઈ દુકાનો યુરોપિયન હરીફાઈને કારણે બંધ થઈ છે એમ કહેવા જેટલું ગેરવાજબી છે. સમગ્ર દક્ષિણ આફ્રિકામાં વેપારમાં મંદી આવી છે અને એને પરિણામે, લડાઈ બાદ જે વધારે પડતો વેપાર શરૂ થયેલો તે બંધ થયો છે. કારણ તેમાં મોટી મોટી અપેક્ષાઓ રાખવામાં આવી હતી જે કદી પાર પડી નથી.

આ સંબંધમાં અમે એવું પણ કહેવાની રજા માગીએ છીએ કે અમારી વિરુદ્ધની મોટા ભાગની ચળવળ ટકાવી રાખવામાં ખરેખરા બ્રિટિશ પ્રજાજનોનો હાથ નથી પણ અમારી સામે જેમને ભાગ્યે જ કાંઈ કહેવાનું હોઈ શકે એવા પરદેશી લોકોની જ એ જવાબદારી છે. આ શહેરમાંથી અમને હાંકી કાઢવા માટે જ આ પજવણી અને અપમાન કરવાની નીતિ હાથ ધરવામાં આવી છે. ખુદ આ પજવણી અને અપમાન આમ તો બહુ નાનાં કે વિસાત વિનાનાં જણાય છે, પરંતુ તે અમારી લાગણીને આઘાત પહોંચાડે એટલાં ત્રાસદાયક છે.

સહેજ પણ કારણ વિના પોસ્ટ ઑફિસમાં અમારે માટે હવે અલગ બારી રાખવામાં આવે છે, જેનું "જાહેર" બાગ નામ અપાયું છે અને જેનો નિભાવ બીજા નાગરિકો સાથે અમારે પણ ભરવા પડતા વેરામાંથી થાય છે, એવા બાગમાં અમને તાજી હવા સુધ્ધાં લેવાની મનાઈ છે. અમારા કોઈ વાંક વિના અમે જે બેહૂદી સ્થિતિમાં મુકાયા છીએ તે પ્રત્યે આપ નામદારનું ધ્યાન ખેંચવા અમે આ દાખલા ટાંકીએ છીએ. અમને ઉતારી પાડવા માટે તથા અપમાનિત કરવા માટે કોઈ તક જતી કરવામાં આવતી નથી. આવા બીજા દાખલા ટાંકીને આપ નામદારનો બોજો વધારવાની અમારી ઇચ્છા નથી. આવી અપમાનજનક સ્થિતિમાંથી અમને બ્રિટિશ સરકાર રક્ષણ આપે અને જ્યાં જ્યાં બ્રિટિશ ધ્વજ ફરકતો હોય ત્યાં વફાદાર બ્રિટિશ પ્રજાજન તરીકે અમે જે સ્વતંત્રતાને પાત્ર છીએ તેની અમને ખાતરી આપે એવી અપેક્ષા રાખવાનો અમારો હક છે.

અમને ધીરજથી સાંભળવા માટે અમે આપ નામદારનો નમ્રપણે આભાર માનીએ છીએ, અને અંતમાં આશા રાખીએ છીએ કે આ શહેરની આપ નામદારની મુલાકાતને પરિણામે અમારી સ્થિતિમાં સુધારો થશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

Gandhi Heritage Portal

૧૧૭. લૉર્ડ સેલબૉર્ન અને ટ્રાન્સવાલવાસી હિંદીઓ

ટ્રાન્સવાલના પોતાના પ્રવાસ દરમિયાન નામદાર હાઈ કમિશનરે આ સંસ્થાનમાં વસતા બ્રિટિશ હિંદીઓના રાજકીય દરજ્જા વિષે બે બહુ અગત્યનાં ભાષણ કર્યાં છે. તેમાં પૉચેફસ્ટ્રૂમ ખાતેનું ભાષણ વધારે અગત્યનું છે, જે અન્ય કટારમાં છાપ્યું છે. તેમાં લૉર્ડ સેલબૉર્ને બતાવ્યું છે કે પોતાના ટૂંકા રોકાણ દરમિયાન પોતે એ પ્રશ્નનો અભ્યાસ કર્યો છે. એમને મન સરકારની ઇજ્જતઆબરૂ બહુ મૂલ્યવાન છે, ને એ હકીકતનો પોતે સ્વીકાર કરે છે કે યુદ્ધ પૂર્વે બ્રિટિશ હિંદીઓને જે વચન આપવામાં આવ્યાં હતાં તે પાળવાં જોઈશે. અમને એ પણ જાણીને ખુશી ઊપજે છે કે હિંદી ઢંઢેરાનો[1] એ ઉમરાવ સાહેબ એવો અર્થ કરે છે કે એ ઢંઢેરાથી સમગ્ર દુનિયામાં સંપૂર્ણ બ્રિટિશ પ્રજા તરીકે હિંદીઓના હક્કોની બાંયધરી આપવામાં આવી છે. આ બધા માટે, તેમ જ બીજી ઘણી બાબતો માટે, અમે નામદારના ખરેખર આભારી છીએ. પરસ્પર વિરુદ્ધ હિતો વચ્ચે ન્યાયની સમતુલા જાળવવાની આવી સ્પષ્ટ ઇચ્છા જોતાં, એવી આશા રાખવાને પૂરતું કારણ છે કે નજીકના ભવિષ્યમાં આ વિકટ પ્રશ્નનું સૌ પક્ષે સ્વીકાર્ય થાય એવું નિરાકરણ લાવવામાં આવશે.

પરંતુ લૉર્ડ સેલબૉર્ને જે એક વાતનું વચન આપ્યાનું વર્તમાનપત્રો જણાવે છે તેથી અમને ચિંતા થઈ છે. હેવાલના શબ્દો આ છે:

> તમારી પાર્લમેન્ટ ન થાય અને તમે તમારા પોતાના પ્રતિનિધિઓ દ્વારા તમારો પોતાનો અભિપ્રાય વ્યક્ત ન કરી શકો ત્યાં સુધી યુદ્ધ પૂર્વે જે હિંદીઓ અહીં ન હતા તેમને આ દેશમાં દાખલ નહીં થવા દેવાય. તમારા ગવર્નર તરીકે તથા તમારા હાઈ કમિશનર તરીકે એ ખાતરી હું તમને આપું છું.

આ વચન આપતી વખતે એના અમલમાંથી છેવટે કેવાં પરિણામો આવશે તેનો નેક નામદારે પૂરો ખ્યાલ નહીં બાંધ્યો હોય એની અમને ખાતરી છે. દેશમાં જે હિંદીઓ વસી ચૂકેલા છે ને જેઓ હવે પછી આવે એ બે વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવાની નામદારની ઇચ્છા છે. જૂના હિંદી રહેવાસીઓ પ્રત્યે યોગ્ય વર્તાવ રાખવાની આવશ્યકતા એમણે પોતાના શ્રોતાગણ પર ઠસાવી. પરંતુ વિશ્વાસુ ગુમાસ્તા, મુનીમો, અને બીજા વિશ્વાસપાત્ર નોકરોની ભરતી માટે હિંદી વેપારીઓએ હિંદથી જ માણસો લાવવા પડે એ વાત ઠસાવવા માટે તેનો ઉલ્લેખ માત્ર કરવાનો રહે છે. આવી સવડો સિવાય પોતાનું કામકાજ જરા પણ સહીસલામતીથી ચાલુ રાખવાનું એમને માટે લગભગ અશક્ય છે. તો શું અમારે એમ સમજવું કે જ્યાં સુધી ટ્રાન્સવાલમાં અસ્તિત્વમાં આવનારી પાર્લમેન્ટ આ બાબતમાં ફેરફાર કરવાનું પસંદ ન કરે ત્યાં સુધી વિશ્વાસુ માણસોને અભાવે હિંદી વેપારધંધાઓને ટટળાવીને નિરાધાર સ્થિતિમાં મૂકવાના છે?

વળી નામદાર એમ કહે છે કે હિંદીઓને ગોરાઓ સાથે અનિયંત્રિત હરીફાઈ કરવા દેવી એમાં વ્યાવહારિક રાજનીતિ નથી. આ બાબત અમે આ કટારોમાં ઘણી વાર ચર્ચી છે, અને એ કેટલી પોલી છે તે બતાવ્યું છે એવું અમે માનીએ છીએ. એ વાતમાં જેટલો સત્ય અંશ છે તેને હિંદીઓએ માન્ય રાખ્યો છે અને જે સત્ય નથી તે માત્ર નરી વેપારી ઈર્ષામાંથી જન્મ્યો

૧. મહારાણીનો ૧૮૫૮નો ઢંઢેરો.

Gandhi Heritage Portal

છે. યોગ્ય સાવચેતીઓ રાખીને, નવા હિંદી પરવાના મંજૂર કરવાની સત્તા મુખ્યત્વે વેપારીઓની બનેલી લોકલ બોર્ડોને હશે એટલું સમજાવ્યા પછી ભારે પૂર્વગ્રહવાળા માણસો સિવાય હર-કોઈને હિંદીઓનું વલણ કેટલું વાજબી છે તે સ્પષ્ટ થવું જ જોઈએ. પરંતુ, દરેકેદરેક હિંદીને સંસ્થાનમાંથી હાંકી કાઢવા નિશ્ચય કરી બેઠેલા, એશિયાઈ-વિરોધી ચળવળખોરોને જ્યાં સુધી હિંદી પ્રજાજનનું જીવન અસહ્ય બનાવી મૂકવામાં પોતે સફળ ન થાય ત્યાં સુધી સંતોષ થવાનો નથી. આ જાતના પ્રયાસો સામે લૉર્ડ સેલબૉર્ન પોતાનું રક્ષણ કરશે એવી અપેક્ષા રાખવાનો હિંદીઓને હક છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

૧૧૮. લૉર્ડ સેલબૉર્નની મુસાફરી

લૉર્ડ સેલબૉર્ન ટ્રાન્સવાલમાં મુસાફરી કરી રહ્યા છે. તે નામદાર સાહેબ ઝીરસ્ટ, ક્રૂગર્સડૉર્પ, રુસ્તનબર્ગ, ક્લાર્ક્સડૉર્પ વગેરે જગ્યા ઉપર ગયેલા. તેમાં જુદે જુદે ઠેકાણે બીજાં માનપત્રોની સાથે તેમને હિંદી કોમ તરફથી પણ માનપત્રો મળેલાં. આ બધાનો હેવાલ અમે સંપૂર્ણ અંગ્રેજી વિભાગમાં આપી ગયા છીએ.[1] હિંદી બાબત પહેલી ચર્ચા ઝીરસ્ટમાં થઈ, ત્યાં તેઓ સાહેબ બોલી ગયા કે, લડાઈ પહેલાં જેટલા હિંદીઓ ટ્રાન્સવાલમાં હતા તેના કરતાં હાલ ઘણા ઓછા છે એટલે ટ્રાન્સવાલમાં ઘણા હિંદીઓ ભરાયા છે એમ કહેવું ભૂલભરેલું છે. ત્યાર બાદ ઑટોસહુપમાં મિ. કયુંન નામના માણસે ચર્ચા કરી અને જણાવ્યું કે, હિંદીઓ છેવટે ટ્રાન્સવાલમાં બહુ જોર કરશે; અને બધા ધંધા છીનવી લેશે. તેનો જવાબ આપતાં લૉર્ડ સેલબૉર્ને લાગણી બતાવી. રુસ્તનબર્ગમાં તેઓ સાહેબને હિંદીઓ તરફથી પહેલું માનપત્ર મળ્યું. તેમાં ખસૂસ જણાવવામાં આવ્યું કે રુસ્તનબર્ગમાં હિંદી અને ગોરા વચ્ચે કંઈ દ્વેષ નથી અને એવી ઇચ્છા બતાવી કે હિંદીઓ ઉપર પડતી તકલીફો તેઓ સાહેબ દૂર કરશે. ત્યાર બાદ ક્લાર્ક્સડૉર્પના હિંદીઓ તરફથી એ સાહેબને માનપત્ર આપવામાં આવ્યું. તેમાં જણાવ્યું કે બ્રિટિશ ઍસોસિયેશન તરફથી ડેપ્યુટેશન થોડી મુદતમાં મળવાનું છે. એટલે તેઓ સાહેબને વધારે કહેવાપણું રહેતું નથી. ક્લાર્ક્સડૉર્પનું એડ્રેસ સારી રીતે શણગારેલું હતું. અને મોરોક્કો લેધરની ચાંદીની મઢેલી ભૂંગળીની અંદર ઘાલીને આપવામાં આવ્યું હતું. ક્લાર્ક્સડૉર્પમાં ચેમ્બર ઑફ કૉમર્સ તરફથી હિંદીઓની સામે મોટો દલીલપત્ર રજૂ કરવામાં આવેલો. તેમાં ઘણી હકીકત લખેલી છે. તેનો જવાબ આપતાં તેઓ સાહેબે જણાવ્યું કે ક્લાર્ક્સડૉર્પના ચેમ્બરે જે આંકડા રજૂ કર્યા તે બરોબર નહોતા. તેમના કહેવાનો એવો ભાવાર્થ પણ થયો કે જે હિંદીઓ હાલમાં ટ્રાન્સવાલમાં વસે છે તેઓને તકલીફ નહીં પડવી જોઈએ. આ બાબતમાં મુખ્યત્વે કરીને નવી કાઉન્સિલ ટ્રાન્સવાલમાં મળશે તેને કાયદા કરવાનો હક રહેશે. ક્લાર્ક્સડૉર્પથી નીકળી તેઓ સાહેબ પૉચેફસ્ટ્રૂમ ગયા. ત્યાં પણ તેઓ સાહેબને હિંદી કોમ તરફથી ભભકાદાર માનપત્ર ચાંદીથી મઢેલી મખમલની ભૂંગળીમાં આપવામાં આવ્યું. તે ઉપરાંત વળી તેમને હિંદી ડેપ્યુટેશન પણ મળ્યું. તેની અંદર મિ. લવડે તથા ગોકના જૂઠાણાનો પૂરતો જવાબ અપાયેલો

૧. જુઓ આની પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

છે. મિ. ગોકના હિસાબ પ્રમાણે લડાઈ પહેલાં પૉચેફસ્ટ્રૂમમાં ૧૯ હિંદી વેપારી હતા. ડેપ્યુટેશને બતાવી આપ્યું કે ૨૨ વેપારી હતા.

મિ. ગોકે કહ્યું કે હાલ પૉચેફસ્ટ્રૂમમાં ૯૬ વેપારી છે. ડેપ્યુટેશને બતાવ્યું કે ગામમાં માત્ર ૨૩ દુકાનો છે. વળી હિંદીઓ ખરાબ હાલતમાં નથી રહેતા એ બાબત ત્યાંના ડિસ્ટ્રિક્ટ સર્જનનું સર્ટિફિકેટ પણ વાંચી સંભળાવ્યું. વળી ડેપ્યુટેશને બતાવ્યું કે પૉચેફસ્ટ્રૂમમાં ગોરાઓની દુકાન બંધ થઈ છે તેમ જ હિંદીની પણ થઈ છે. એટલે ત્યાં કોઈ અનુમાન નથી થઈ શકતું કે હિંદીઓને લીધે ગોરાઓની દુકાન બંધ થઈ, આ પછી ક્રૂગર્સડૉર્પમાં તે નામદારને હિંદીઓએ માનપત્ર ભેટ કર્યું તે પણ નકશીદાર હતું, અને તે વળી તદ્દન ચાંદીની ભૂંગળીમાં રાખવામાં આવ્યું હતું. દરેક જગ્યાએ તેઓ સાહેબે હિંદીઓને આવકાર સારો આપ્યો છે. આ પ્રમાણે હિંદીઓ તરફથી જુદા જુદા ગામમાં નામદાર હાઈ કમિશનરને માન અપાયું તે ઠીક થયું છે. અને તેની અસર અંતે સારી થયા વિના રહેવી ન જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

૧૧૯. ડરબનમાં મરકી

અમારા જાણવામાં આવ્યું છે કે ડરબનમાં કેટલેક ઠેકાણે ઉંદરો મરે છે અને વખતે મરકીના કેસો પણ થયા હોય. છીંડી[1] સુધી મરકી પહોંચી ગઈ છે. એટલે નાતાલમાં આવે તો નવાઈ નથી. મરકી એ હિંદી દરદ છે. ઘણે ભાગે આપણા લોકમાં જ લાગુ પડે છે એટલે આપણા લોકોએ બહુ જ સાવચેત રહેવાનું છે. જ્યાં જ્યાં ગંદકી અને માણસોનો ભરાવો જોવામાં આવે છે ત્યાં જ તેનું જોર રહે છે. એટલે આ બંને વાત પર બહુ જ ધ્યાન દેવાનું છે. ભાડાનો બચાવ કરવા સારુ અતિ સંકડાશથી રહેવું એ બહુ ભૂલભરેલું છે, અને આળસને લીધે ગંદકી રહેવા દેવી એ મહા પાપ છે. આપણે પોતે સ્વચ્છ રહેવું એ બસ નથી. આપણી રહેવાની જગ્યા તથા આસપાસનો ભાગ પણ તદ્દન સાફ રહેવો જોઈએ. વળી જ્યાં જ્યાં મરકીની ધાસ્તી સરખી લાગે તે જગ્યાની ખબર સરકારને આપવાની જરૂર છે. એમ નહીં થાય તો જરા જેટલામાંથી મોટું થઈ પડશે. દરદ ઢાંકી રાખવાથી સમૂળગું ફેલાશે અને સખતાઈ વધશે, તે સહન કરવી મુશ્કેલ પડશે. આગેવાનોની આ બાબતમાં ચોખ્ખી ફરજ છે તે તેઓએ અદા કરવી જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

૧. ડરબનની ઉત્તરે પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકાનું એક બંદર.

Gandhi Heritage Portal

૧૨૦. નિમક ઉપરનો કર

નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની આવતા નવેમ્બર માસની મુસાફરી વખતે હિંદુસ્તાનમાં એ બાદશાહી મુલાકાત હમેશ માટે યાદ રહી જાય, તેમ જ હિંદુસ્તાનના લોકોને સંતોષ આપવા માટે નિમક ઉપરનો કર તદ્દન માફ કરવામાં આવનાર છે. એ અફવા મજબૂત પાયા ઉપર જ રચાઈ હશે, અને તે ખરી પડે એવી દરેક હિંદીવાન ખરા અંતઃકરણથી ઇચ્છશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

૧૨૧. સર હેનરી લૉરેન્સ

આ મહાન પુરુષ ૧૮૦૬ના જૂનની ૨૮મી તારીખે સિલોનમાં જન્મ્યો હતો. તે મથુરા[1] શહેરમાં જન્મેલો, તેથી તેની માએ તેને મશ્કરીમાં "મથુરાનો હીરો" એમ નામ આપ્યું અને તે ખરેખરો હીરો જ નીવડયો. ૧૮૨૩ની સાલમાં તે કલકત્તે આવ્યો ને બેંગાલ આર્ટિલરીમાં તેને નોકરી મળી. પહેલું જવાબદારીનું કામ તેને બરમાની પહેલી લડાઈમાં[2] મળ્યું. આ લડાઈની અંદર પોતે પોતાની ફરજ બજાવતાં માંદો પડયો અને વિલાયત જવું પડયું. ત્યાં રમતગમતમાં વખત ગાળવાને બદલે તેણે અભ્યાસમાં વખત ગુજાર્યો. ૧૮૩૦ની સાલમાં તે પાછો હિંદુસ્તાનમાં આવ્યો અને પોતાની પલટણમાં દાખલ થયો. તે વખતે તેણે હિંદુસ્તાની તથા ફારસીનો અભ્યાસ કર્યો. પોતે પોતાનો ખાનગી વખત એકાંતમાં ગાળતો, આનું એક કારણ એ હતું કે પોતાની માને સારુ બની શકે એટલા પૈસા બચાવવા. તેને આવા વખતે મોટી જવાબદારીની નોકરી મળી. ઇંગ્લંડમાં પોતાની માંદગીને વખતે જે શીખેલ હતો તેનો પૂરતો ઉપયોગ કર્યો. વાયવ્ય પ્રાંતમાં લોકની ઉપર કર નાખવાની બાબતમાં તેને માપણીનું કામ સોંપવામાં આવ્યું. લૉરેન્સની ખરી ખૂબીઓ આ વેળા જોવામાં આવી. પોતે લડવૈયો હતો, છતાં તેનું હૈયું ઘણું નરમ તથા દયાવાળું હતું. માપણીનું કામ કરતાં ગરીબ લોકોના સંબંધમાં આવવાનું બન્યું. આથી તે રૈયતની લાગણી, તે રૈયતના રિવાજો સમજી શકયો. લોકોના જેવો થઈને તેઓની સાથે હળતો-ભળતો. પોતે અત્યંત મહેનતુ તથા ખંતીલો હતો તેથી તેના તાબાના આળસુ માણસો તેનો દ્વેષ કરતા. માણસો કામ ન કરે તો તેની ઉપર સખતાઈ વાપરતાં તે અચકાતો નહીં. તે જ વખતે એક માપણીવાળાએ મોટી ભૂલ કરી તેથી તેની ભૂલ સુધારવાને સારુ પાછો જવાનો હુકમ કર્યો. જ્યાં જવાનું હતું તે જગ્યા દશ માઈલ છેટી હતી. તેથી માપણીદારે જવામાં આનાકાની કરી. આ ઉપરથી તેને ડોળીમાં બેસાડીને મોકલ્યો. પોતે હઠીલો હતો તેથી આમ છતાં કામ કરવાની ના પાડી. એટલે લૉરેન્સે એક આંબાના ઝાડની ઉપર તેને બેસાડયો અને નીચે ખુલ્લી તલવારથી બે માણસોને ઊભા રાખ્યા. માપણીદાર જયારે ભૂખ્યો તથા તરસ્યો થયો ત્યારે લૉરેન્સ સાહેબની

૧. દક્ષિણ સિલોનનું એક બંદર.

૨. ૧૮૨૪–૨૬.

Gandhi Heritage Portal

માફી માંગી. કામ કરવાની હા પાડી અને નીચે ઊતરવા પરવાનગી મંગાવી. આ માણસ પોતાની ખોટ ભૂલી ગયો અને ત્યાર પછી લૉરેન્સના તાબામાં બહુ સારું કામ કરવા લાગ્યો. આપણે સાંભળ્યું છે કે આગળના જમાનામાં એક ભાઈ બીજા ભાઈને સારુ, મિત્ર મિત્રને સારુ, મા દીકરાને સારુ, દીકરા માબાપને સારુ, સ્ત્રી પુરુષને સારુ પ્રાણ દેવા તૈયાર થતાં, આવું લૉરેન્સે આ જમાનામાં કરી બતાવ્યું છે. અફઘાનિસ્તાનની લડાઈમાં તેનો મોટો ભાઈ પકડાયો હતો. પઠાણ સરદારે તેને થોડા દિવસની રજા આપી હતી. રજા પૂરી થયે પાછો જવાને તે બંધાયેલો હતો, તેની નોકરી વધારે ઉપયોગની છે એમ જાણી લૉરેન્સે કેદમાં પોતાના ભાઈની અવેજીમાં જવાનું કહ્યું. આમ કરવાને તેના ભાઈએ ના પાડી. પણ લૉરેન્સે તો ગયા બરોબર જ કર્યું. લૉરેન્સને નેપાળના એલચીની નોકરી મળી ત્યારે તેની ભલી સ્ત્રી સારાં કામો કરવામાં પોતાની જિંદગી ગાળતી. આ વખતે યુરોપિયન સિપાઈઓનાં છોકરાંઓને ઉછેરવા સારુ તથા કેળવણી આપવા સારુ બંનેએ મળી પોતાના પૈસા ખરચી મોટું મકાન હિમાલયની તળેટીમાં બાંધ્યું. ત્યાર બાદ આવાં મકાનો આખા હિંદુસ્તાનમાં ફેલાઈ ગયાં છે. અને તે બધાંને લૉરેન્સ એસાયલમ એવું નામ આપવામાં આવે છે. ૧૮૪૬માં શીખની લડાઈ થઈ તેમાં લૉરેન્સે બહુ બહાદુરી બતાવી. પોતાની માંદી પડેલી સ્ત્રીને છોડીને ચોવીસ કલાકની અંદર લડાઈમાં જવાના હુકમનો તેણે સત્કાર કર્યો હતો. લડાઈ પછી લાહોરમાં બાદશાહી એલચી તરીકે તેણે ઘણું સરસ કામ કર્યું હતું. તેથી તેને સરનો ઈલકાબ આપવામાં આવ્યો હતો. ૧૮૪૭ની સાલમાં જ્યારે પંજાબ છોડી દેવાનો ઈરાદો થયો ત્યારે એકલા લૉરેન્સે લૉર્ડ ડેલહાઉસીના જેવા ગવર્નર જનરલની સામે ટક્કર લીધેલી. પોતે ફાવ્યો નહીં છતાં ગવર્નર જનરલને તેનો એટલો બધો વિશ્વાસ હતો કે પંજાબમાં મુખ્ય જવાબદારીનું કામ તેને સોંપ્યું. પોતે શીખ લોકની સાથે ઘણા ઘાડા સંબંધમાં આવેલો હતો. તે લોકો તેને બહુ ચાહતા અને તેથી જ પંજાબ શાંત થયું. લૉરેન્સનું મોટામાં મોટું કામ ૧૮૫૭ના બળવામાં હતું. આ વખતે લૉરેન્સનું શરીર નબળું પડી ગયું હતું અને તેની રજા મંજૂર થઈ આવી હતી. બળવો ઊઠવાથી પોતાની રજાનો લાભ ન લેતાં પોતે લખનોર[1] ગયો અને એમ કહેવાય છે કે તેના ડહાપણ ને બહાદુરીથી તેને સિપાઈ લોકો ચાહતા. તેથી જ લખનોરમાં ઈંગ્રેજની લાજ રહી. લખનોરના ઘેરામાં ૯૨૭ યુરોપિયન અને ૭૬૫ દેશી સિપાઈઓ હતા. રાત અને દહાડો લૉરેન્સ કામ કરતો અને ઘેરાયેલા લોકોની પાસેથી પણ કામ લેતો. જે કોટડીની અંદર પોતે બેસતો તેની ઉપર ગલોલા પડતા તેની તે દરકાર નહીં રાખતો. ૧૮૫૭ની જુલાઈની બીજી તારીખે તેને એક ગલોલાનો એક ફટકો વાગ્યો. દાક્તરોએ તેને જણાવ્યું કે જખમ મરણિયો હતો અને લૉરેન્સ ૪૮ કલાકથી વધારે નહીં નભે. આ વખતે પોતે અસહ્ય વેદના સહન કરતો હતો. તે છતાં હુકમ આપ્યા કરતો હતો. આમ કરતો કરતો તે ૪થી તારીખે નીચેની બંદગી કરતો કરતો મરણ પામ્યો: "એ પરમેશ્વર મારું દિલ સાફ રાખ. તું જ મહાન છે, આ તારું જગત કોઈ દહાડો જરૂર સાફ થશે. હું પોતે બાળક છું પણ તારા જોર વડે હું મોટો બળિયો થઈ શકું છું. મને હમેશાં નરમાશ, ન્યાય, સુવિચાર, શાંતિ શીખવજે. હું માણસોના વિચાર નથી માંગતો. તું મારો ન્યાયાધીશ છે અને તું મને તારા વિચાર શીખવજે કેમ કે હું તારાથી ડરું છું." તેનો હિંદીઓ ઉપર બહુ પ્યાર હતો, બળવાને વખતે જે જુલમ થતા તે તે ધિક્કારતો હતો અને એમ માનતો હતો કે દરેક અંગ્રેજ એ હિંદુસ્તાનનો ટ્રસ્ટી છે. ટ્રસ્ટી તરીકે હિંદુસ્તાનને લૂંટવાનું કામ અંગ્રેજનું ન હતું. પણ

૧. લખનૌ.

Gandhi Heritage Portal

લોકોને આબાદ કરવાનું, લોકોને સ્વરાજ્ય શીખવવાનું અને આબાદ મુલક કરીને હિંદીઓને સોંપવાનું હતું. લૉરેન્સના જેવા માણસો અંગ્રેજ પ્રજામાં ઉત્પન્ન થયા છે તેથી તે પ્રજા વધેલી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–१०–१९०५

૧૨૨. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૧૮, ૧૯૦૫

ચિ. છગનલાલ,

મિ. કિચિન તરફથી મને તાર મળ્યો છે કે ઓછામાં ઓછું રવિવાર ફિનિક્સ ખાતે ગાળી શકાય એ રીતે અહીંથી મારે નીકળી ત્યાં આવવું. એ કહે છે કે પોતે પત્ર પણ લખ્યો છે ને તે આવતી કાલે સાંજે મને મળવો જોઈએ. મારા નીકળવાનો ઘણો આધાર એ પર રહેશે. જો હું નીકળીશ તો શુક્રવારે સવારે નીકળીશ, ત્યાં[1] ૧-૧૬ વાગ્યે બપોરે પહોંચીશ અને ફિનિક્સની ૧-૨૦ની ગાડી પકડીશ. તમે સ્ટેશને આવજો અને મારી ટિકિટ પણ લઈને તૈયાર રહેજો. તમે રિટર્ન ટિકિટ[2] લઈ શકશો. સોમવારે પહેલી ગાડીએ મારે ફિનિક્સથી નીકળવું જોઈશે. ડરબનના અસીલો બડબડશે ખરા, પણ તેનો ઉપાય નથી. તમારે મને જે કાંઈ પૂછવાનું હોય તે સઘળું કાગળ પર ટપકાવી રાખશો, જેથી કશું ચર્ચા વિનાનું રહી ન જાય. ડરબનના લોકોને તમે ખબર આપજો કે પોતે આ પ્રમાણે નીકળી આવે એવી શક્યતા છે, ને સાથે કહેજો કે સોમવારે થોડા કલાક સિવાય કાંઈ વિશેષ આપી શકાય એમ નથી. મારું ત્યાંનું રોકાણ લંબાવવાનું મારે માટે અશક્ય છે. કાંઈ વધારે કહેવાની જરૂર નથી. મિ. વેસ્ટ તથા બીજાઓને ખબર આપશો.

લિ.
શુભેચ્છક,
મો. ક. ગાંધી

શ્રી સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૨૫૯

૧. ડરબન.
૨. જવા–આવવાની ટિકિટ.

Gandhi Heritage Portal

૧૨૩. મિ. દાદા ઉસ્માનનું લાઇસન્સ

ત્રણ વર્ષ સુધી એકબે લડાઈ કર્યા પછી મિ. દાદા ઉસ્માનને[1] પોતાની વ્રાઈહેડની દુકાન બંધ કરવાનો વખત આવ્યો છે. તેની પાસે ડચ સરકારના વખતમાં લાઇસન્સ હતું. તેમનો વેપાર મોટો હતો. તેમનું મકાન સાફ હતું. ચોપડા બરાબર રાખતા હતા. એ બધાનો વિચાર નહીં કરતાં વ્રાઈહેડની લોકલ બોર્ડે મિ. દાદા ઉસ્માનનું લાઇસન્સ છીનવી લીધું છે, એ વેપાર બંધ કરવામાં કેટલું નુકસાન જશે તેનો બોર્ડ શા સારુ વિચાર પણ કરે? બોર્ડના મેમ્બરો કોણ છે? ઘણાખરા બધા વેપારીઓ. મોટા વેપારીના હાથમાં નાના વેપારીને કચરવાની સત્તા નાતાલના કાયદાએ આપી છે. તેનું પરિણામ જુલમ વિના બીજું કેમ આવી શકે? બે પક્ષકારની તકરારનો ફેંસલો એક એક પક્ષકારને સોંપવામાં આવે ને તે પક્ષકાર પોતાના લાભમાં ફેંસલો આપે તેમાં નવાઈ નથી. બોર્ડના મેમ્બર જજ, જૂરી ને પ્રોસીક્યુટર બન્યા. ત્યાં ઇન્સાફ કેમ મળે? અને આ બધું અંગ્રેજી વાવટા નીચે! આવા જુલમનો શો ઉપાય કરવો? આ લડાઈ મિ. દાદા ઉસ્માન તથા બોર્ડ વચ્ચે નથી પણ ગોરા લોકો અને હિંદી વચ્ચે છે. આખા દક્ષિણ આફ્રિકામાં નાતાલ લાઈસન્સિંગ ઍક્ટ જેવો બીજો ભારે પડતો એકે કાયદો નથી.[2] આની સામે સખત લડત બિલકુલ હાર્યા વિના હિંદી કોમને લેવાની છે.

અમને લાગે છે કે કોર્ટમાં અપીલ કરવી તે નાંખી દેવાનું છે. મિ. હૂંડામલના કેસનું પરિણામ આપણે જોયું છે. હવે રસ્તો માત્ર વિલાયતમાં જ લડત લેવાનો રહ્યો છે. આ પ્રમાણે જુલમ થયા કરે તે આપણે સાંખવાનું નથી. એકઠા થઈ જે ઉપાયો લેવા ઘટે તે લઈ શકાશે તો હજુ એમ માનીએ છીએ કે છેવટે દાદ મળશે. મોટામાં મોટો ઉપાય આપણા હાથમાં ગિરમીટિયાને મોકલતાં બંધ કરવાની માંગણી કરવાનો છે એટલું ઓછામાં ઓછું બ્રિટિશ સરકારે કરવાની જરૂર છે. અને જો આપણે પૂરતો પોકાર કરશું તો સરકાર એ હથિયાર વાપરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २१-१०-१९०५

૧. જુઓ પુ. ૩, પા. ૧૯-૨૪.

૨. જુઓ પુ. ૪, પા. ૧૫૬-૮ તથા પા. ૩૧૨.

Gandhi Heritage Portal

૧૨૪. સિગારેટની કમબખ્તી

દક્ષિણ ઑસ્ટ્રેલિયામાં ત્યાંની સરકારે જોયું છે કે બીડી પોવાથી લોકોમાં રકમ ખર્ચ થાય છે, અને પીનારાઓનાં શરીરને મોટો ધક્કો પહોંચે છે. સિગાર પીવાથી જેટલું નુકસાન થાય છે, તેના કરતાં સિગારેટથી વધારે થાય છે. કેમ કે સિગારેટ એ નાની હોવાથી તેમ જ સોંઘી હોવાથી, હદ ઉપરાંત પીવામાં આવે છે, આવા વિચારથી દક્ષિણ ઑસ્ટ્રેલિયાની સરકારે સિગારેટ બનાવવાનાં કારખાનાં બંધ કરવાનો અને સિગારેટ વેચવાની મનાઈ કરવાનો કાયદો દાખલ કરવાનો ઇરાદો રાખ્યો છે. આપણામાં આજકાલ નાનામોટા બધાઓમાં સિગારેટ પીવાની કુટેવ બહુ ફેલાઈ છે. આ રિવાજ ઇંગ્રેજોની નકલ છે. આગળના જમાનામાં જોકે ગામઠી બીડી પીવાનો ચાલ હતો, તોપણ લોકો નિયમસર પીતા. જ્યાં ત્યાં પીવાથી શરમાતા, એટલે અમુક જ વખતે એક કોરે જઈને પી લેતા, રસ્તામાં અથવા હાલતાં-ચાલતાં પીવામાં હલકાઈ ગણાતી, અને ઘરની બહાર પીવાનો રિવાજ ઓછો હતો. તેથી જ કહેવત નીકળી છે કે “ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર, અને સૂંઘે તેનાં લૂગડાં.” હવે તો ઇંગ્રેજો ગમે ત્યાં બીડી પીતાં વિચારતા નથી. એટલે આપણે પણ તેનો ઉતારો કરીએ છીએ. દક્ષિણ ઑસ્ટ્રેલિયા જેવા મુલકમાં બીડી પીવાથી થતી નુકસાનીની સમજ પડવા લાગી છે, તો અમે આશા રાખીએ છીએ કે આપણે પણ એ ઉપરથી કંઈ વિચાર કરશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २१–१०–१९०५

૧૨૫. રાજા સર ટી. માધવરાવ

સર માધવરાવે ૧૮૨૮માં કંબાકોનમ[૧] શહેરમાં જન્મ લીધો હતો. તેના પિતાશ્રી આર. રંગરાવ ત્રાવણકોરના દીવાન હતા અને તેના કાકા રાય આર. વંકટેરાવ ત્રાવણકોરના દીવાન તથા કમિશનરનો હોદ્દો ધરાવતા હતા. સર માધવરાવે પોતાની બાલ્યાવસ્થા મદ્રાસમાં ગાળી હતી કે જ્યાં તેણે કેળવણી લીધી હતી. તેણે પ્રેસિડેન્સી કૉલેજમાં મિ. પોવેલના હાથ તળે અભ્યાસ કર્યો હતો. માધવરાવ મહેનતુ વિદ્યાર્થી હતા. ગણિત અને શાસ્ત્રમાં તે બહુ હોશિયાર હતા. તે ખગોળવિદ્યા મિ. પોવેલના ઘરની સીડી ઉપર બેસીને શીખ્યા હતા અને તે શીખવાને માટે તેણે સૂક્ષ્મદર્શક યંત્ર તથા દૂરબીન બાંબુથી પોતાને હાથે બનાવ્યાં હતાં.

મિ. પોવેલને પોતાના આવા હોશિયાર ચેલાને પોતાની આગળથી દૂર કરવાનું ન ગમવાથી પોતાના હાથ નીચે ગણિતશાસ્ત્ર અને ફિઝિક્સના શિક્ષકની તેને જગ્યા આપી. ત્યાર બાદ એકાઉન્ટંટ જનરલની ઑફિસમાં સારી જગ્યા મળી અને થોડા વખત પછી તેઓની ત્રાવણકોરના કુંવરના શિક્ષક તરીકેની માગણી કરવામાં આવી તે તેણે કબૂલ કરી. આમ તેઓ પહેલવહેલા દેશી રાજ્યમાં દાખલ થયા. તેના હાથ નીચે કુંવરો સારા વિદ્યાર્થી નીવડયા, અને તેઓની રાજ્ય-

૧. મદ્રાસ રાજ્યનું એક શહેર.

Gandhi Heritage Portal

કારકિર્દી બહુ સારી નીવડી. તેઓ શિક્ષક તરીકે ચાર વર્ષ રહ્યા અને ત્યાર પછી દીવાનના હાથ તરીકે જોખમદારીની જગ્યા મળી. ત્યાંથી તેઓ પેશકર દીવાન તરીકે નિમાયા, જ્યાં તેઓએ સારી આબરૂ મેળવી, કારણ કે તે દેશ તે વખતે બહુ ખરાબ હાલતમાં હતો. મરહૂમ મિ. જો. બ્રુસનાર્ટને તેને માટે એમ કહ્યું છે કે, "તેઓ એક મોટા વિદ્વાન અને રાજ્યદ્વારી કારભારી હતા. તેઓએ એક વર્ષના ટૂંકા વખતમાં દેશમાં સારી સમાધાની કીધી. બીક તથા પક્ષપાત વિના દરેક જણને ઈનસાફ આપ્યો. ચોટ્ટાઈ, લુચ્ચાઈ અને ઠગાઈ બહુ ઓછી કરી."

ત્રાવણકોરના દીવાન બહુ નબળા મનના હતા અને મહારાજા પણ બહુ જ અજ્ઞાન હતા. રાજ્યકારભાર કેમ ચાલતો હતો તેની તેને કંઈ ખબર હતી નહીં, અને રાજ્યના અમલદારો પણ બહુ મલિન મનના તથા નીતિભ્રષ્ટ હતા. પગાર પણ તેઓને બહુ થોડો મળતો અને કેટલીક વખતે તો મહિનાઓ સુધી ચડી જતો. અંગ્રેજ સરકારે જે પૈસાની રકમ મદદ માટે આપેલી હતી તે હજી પાછી આપવામાં આવી નહોતી અને તિજોરીમાં પણ કંઈ હતું નહીં. કરો બહુ હોવાને લીધે વેપાર બહુ ખરાબ સ્થિતિમાં હતો, તેથી કરીને લોકો બહુ ગરીબ થઈ ગયા હતા. આથી લૉર્ડ ડેલહાઉસીનું[1] ધ્યાન ખેંચાયું. તેણે રાજ્ય કારભાર અંગ્રેજ સરકારના હાથમાં લેવાનો ઠરાવ કર્યો. અને રાજ્ય મદ્રાસ ઈલાકાની સાથે જોડી નાંખવાને માટે પોતે ઉટાકામંદ ગયો. આ વખતે મહારાજાએ માધવરાવને દીવાનની જગ્યા આપી, અને તેણે અંગ્રેજ સરકાર આગળ સાત વર્ષનો દેશનો રાજ્ય કારભાર સુધારવાનો વખત માંગ્યો. આવી રીતે માધવરાવે પોતાની જાત-મહેનતથી તથા પ્રમાણિકપણાથી ૩૦ વર્ષની જવાન ઉંમરે નામાંકિત જગ્યા મેળવી. એની કાર-કિર્દીમાં જાણવાજોગ બનાવ મહેસૂલ સંબંધી હતો. જ્યારે તેણે દીવાનની જગ્યા લીધી ત્યારે રાજ્યનો ખજાનો બહુ ખરાબ સ્થિતિમાં હતો. અને જે આગળ રૈયત ઉપર મહેસૂલ સંબંધી કરો તથા બીજા કરો નાખવામાં આવ્યા હતા તે દેશની આબાદાનીને હાનિ પહોંચાડે તેવા હતા તે તેણે કાઢી નાખ્યાં. માધવરાવે ઈજારાની રીત બાતલ કરી. જે માલ બહારગામ મોકલવામાં આવતો તેની ઉપર ૧૫ ટકા કર નાખ્યો અને જે વાર્ષિક ઊપજમાં ખોટ પડતી હતી તે તેણે પૂરી કીધી. જેમ જેમ દેશની આબાદાની વધતી ગઈ તેમ તે કર ઘટાડ્યો અને છેક ૫ ટકા પર લાવી દીધો. ત્યાર પછી તેણે તમાકુનો ઈજારો પણ કાઢી નાખ્યો. અને અગાઉ સરકાર પોતાને જોખમે કંટ્રાકટરો અગાઉથી તમાકુ વેચાતી લેતા હતા અને પછી તે રૈયતને વેચતા હતા તેને બદલે રૈયતને દેશાવર ખાતેથી ખરીદવાની રજા આપી. બહુ ઓછા કરો હોવાથી જે દેશાવરથી માલ આવતો તેને બહુ ઉત્તેજન મળતું. આ પછી તેણે બીજા ઘણા નાના કરો કાઢી નાખ્યા, કેમ કે તેમાંથી બહુ થોડા પૈસા મળતા અને વેપારીની આબાદાનીને બહુ નુકસાનકારક હતા. એક ગામમાં બહુ જમીનવેરો હતો તે તેણે એકદમ ઓછો કરાવી નાખ્યો. ૧૮૬૫માં બ્રિટિશ સરકાર તથા કોચીન અને ત્રાવણકોર સરકાર વચ્ચે વેપાર સંબંધી કોલકરાર કર્યો. જેથી જે માલ બ્રિટિશ અને કોચીન રાજ્યમાંથી આવતો તેની ઉપરથી જકાત ઘણે ભાગે નીકળી ગઈ. તેને રાજ્યકારભારને માટે બ્રિટિશ સરકાર તરફથી કે. સી. એસ. આઈ.નો ખિતાબ મળ્યો. અને જ્યારે આ ખિતાબ તેને મદ્રાસમાં મોટી સભા વચ્ચે આપવામાં આવ્યો ત્યારે લૉર્ડ નેપિયર બહુ સ્તુતિપાત્ર વચન બોલ્યો. ૧૮૭૨ની સાલમાં તેણે રાજીનામું આપ્યું અને જ્યાં અંધેર રાજ્ય હતું ત્યાં સારું રાજ્ય સ્થપાયું, અને તેથી રૈયતની જિંદગી તથા

૧. માર્ક્વિસ ઑફ ડેલહાઉસી (૧૮૧૨થી ૬૦) ભારતના ગવર્નર જનરલ, ૧૮૪૮-૫૬.

Gandhi Heritage Portal

માલમિલકતની સહીસલામતી આપી. મોટી મોટી જંગી ઈમારતો બંધાવી અને કારીગરોને ઉત્તેજન આપ્યું. અને લોકોપયોગી બીજાં ઘણાં બાંધકામ કીધાં. ખેતીવાડીને જમીનવેરો ઘટાડીને સારું ઉત્તેજન આપ્યું. અને જો માધવરાવ નહીં હોત તો ત્રાવણકોર મહારાજાના હાથમાં હોત નહીં. એથેન્સને વાસ્તે જે પેરિક્લિસે તથા ઑલિવર ક્રૉમવેલે ઇંગ્લંડને વાસ્તે સેવા બજાવી તેવી જ સેવા સર માધવરાવે ત્રાવણકોરને વાસ્તે બજાવી. તેને વાઈસરૉયની ધારાસભામાં જગ્યા આપવાની દરખાસ્ત કરવામાં આવી પણ તે તેણે સ્વીકારી નહીં.

થોડા વખત પછી ઇંદોર[1] મહારાજા તુકાજીરાવ હોલકરે અંગ્રેજ સરકારને સારો કારભારી આપવાને અરજ કરી. આ જગ્યાને માટે માધવરાવને અંગ્રેજ સરકારે પુછાવ્યું અને તેણે તે બે વરસ માટે સ્વીકારી. ત્યાં સર્વથી જાણવાજોગ કામ ઇંદોર પીનલકોડ રચ્યો તે હતું. તેણે બે વરસ સુધી આ હોદ્દો ભોગવ્યો. એમાં તેણે પ્રજાને વાસ્તે બહુ સારાં કામ કર્યાં અને દેશને આબાદાની ઉપર લાવી દીધો. આ વખતે ગાયકવાડના મલાવરાવને ખરાબ રાજ્ય માટે પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા અને સર માધવરાવની રાજ્યનો કારોબાર ચલાવવા માટે માંગણી થઈ, તે તેણે કબૂલ રાખી. વડોદરાની સ્થિતિ બહુ ભયંકર હતી. લુચ્ચાઈ, ખૂન અને મારામારી દરેક ઠેકાણે માલૂમ પડતી હતી. લોકોમાં સંપ હતો નહીં અને જાન અને માલ સહીસલામત ન રહેતાં અને દેશમાં સમાધાની કરવાને વાસ્તે એક મજબૂત મનના માણસની જરૂર હતી. રાજની મહેસૂલનો ઈજારો મોટામોટા સરદારોના હાથમાં હતો. શાહુકારો પોલીસની મદદ લઈ લોકો પર જુલમ કરતા. ખટપટી માણસો રાજ્યમાં ભરપૂર હતા. અંધાધૂંધીનો પાર નહોતો. પણ સર ટી. માધવરાવ તેથી હાર્યા નહીં. તેણે બાહોશીથી કારભાર ચલાવ્યો. ખટપટી માણસોને દેશપાર કર્યા. સરદારો તથા શાહુકારોની પાસેથી ઈજારા લઈ લીધા અને દેશની મહેસૂલ સારા પાયા ઉપર મૂકી. જમાબંધીના સિપાઈઓને ખેંચી લઈ તેઓને દીવાની નોકરી આપી. ઇનસાફની અદાલત ઇનસાફ ઉપર મૂકી. વાચનગૃહો સ્થાપ્યાં. મુંબઈ તથા મદ્રાસથી સારા માણસોને બોલાવી નોકરવર્ગમાં સુધારો કર્યો. વડોદરામાં નાની ગલીઓ વગેરે હતી તે બાળીને જમીનદોસ્ત કરી સુંદર મકાનો બાંધ્યાં, બગીચા વાવ્યા, સંગ્રહસ્થાન બાંધ્યું. આમ વરસો સુધી પોતે જંપીને બેઠા સિવાય સુધારા પર સુધારા કરતા ગયા. ૧૮૮૨ની સાલમાં તેને બ્રિટિશ સરકાર તરફથી રાજાનો ઈલકાબ મળ્યો. તેના કામને સારુ મહારાજા ગાયકવાડે તેને ત્રણ લાખ રૂપિયા ઇનાયત કર્યા. ત્યાર પછી પોતે ખાનગી ગૃહસ્થ તરીકે પોતાની જિંદગી ગાળી. તે દરમિયાન પણ લોકોનું કરવાનું કામ તે કર્યા કરતા. કેળવણી-ખાતા તરફથી તેણે સારું ધ્યાન આપેલું હતું. અને છોકરીઓની કેળવણી ઉપર મહેનત કરવાનું પોતે બહુ સમજાવતો. બિસ્માર્કની સાથે પોતાને કાગળવહેવાર હતો. હિંદુસ્તાનમાં તેની કારકિર્દી ઝળહળી રહી હતી, એટલું જ નહીં પણ યુરોપમાં પણ તેનાં વખાણ થતાં. એના જેવા રાજ્ય-કારભારીઓ હિંદુસ્તાનમાં થોડા થયા છે. ૧૮૯૧ના એપ્રિલ મહિનાની ૪થી તારીખે આ હિંદુસ્તાનનો હીરો ૬૨ વરસની ઉંમરે અસ્ત પામ્યો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २१–१०–१९०५

૧. જૂના વખતનું દેશી રાજ્ય અત્યારે મધ્યપ્રદેશમાં જોડાઈ ગયું છે.

Gandhi Heritage Portal

૧૨૬. પ્રોફેસર પરમાણંદને માનપત્ર

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૨૭, ૧૯૦૫[1]

પ્રોફેસર પરમાણંદ, એમ.એ. ઈત્યાદિ
જોહાનિસબર્ગ

વહાલા સાહેબ,

સત્કારસમિતિ વતી અમે નીચે સહી કરનારા આપને જોહાનિસબર્ગ ખાતે હૃદયપૂર્વક આવકારીએ છીએ.

હિંદને આર્યસમાજે ત્યાગી કાર્યકરોનું જે જૂથ આપેલું છે તેના, સાહેબ, આપ સભ્ય છો. ધર્મ અને કેળવણીના કાર્યને આપે, આપના સહકાર્યકરોની માફક, આપનું જીવન અર્પણ કર્યું છે. તેથી આપને સત્કારતાં અમને ગૌરવ થાય છે.

અમે આશા રાખીએ છીએ કે આપની દક્ષિણ આફ્રિકાની મુલાકાતનું પરિણામ, આર્યસમાજના કેટલાક નિઃસ્વાર્થ કેળવણીકારોને, તે દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓની વચ્ચે રહી કાર્ય કરવા માટે મોકલવામાં આવશે. દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓની મોટામાં મોટી જરૂરિયાતો પૈકીની એક, યોગ્ય કેળવણીની છે.

અમને આશા છે કે આપનું અહીંનું રોકાણ આપને આનંદદાયક નીવડશે અને આપ પોતાની સાથે અહીંનાં સુખદ સંભારણાં લેતા જશો.

અમે છીએ, વહાલા સાહેબ,
નિષ્ઠાપૂર્વક આપના

એમ. એસ. પિલ્લે	વી. એમ. મુદલિયાર, અધ્યક્ષ
મૂળજી પટેલ	એન. વી. પિલ્લે
જી. એ. દેસાઈ	એન. એ. નાયડુ
બી. દયાળજી	એસ. એ. મુદલિયાર
સી. પી. લછીરામ	એસ. પી. પાથેર
વી. જી. મહારાજ	એમ. એ. પડિયાચી
સી. કેવળરામ	ત્રિકમદાસ બ્રધર્સ

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧૧–૧૯૦૫

૧. ૪-૧૧-૧૯૦૫ના ઇન્ડિયન ઓપીનિયનમાં અહેવાલ છે કે માનપત્ર ઑક્ટોબર ૨૮ની સભામાં આપવામાં આવ્યું હતું, જ્યારે પ્રો. પરમાણંદે પોતાની વ્યાખ્યાનમાળાનું પ્રથમ ભાષણ કર્યું હતું. ત્યારે ગાંધીજી હાજર હતા અને અધ્યક્ષના ભાષણનો અનુવાદ એમણે કર્યો હતો.

Gandhi Heritage Portal

૧૨૭. જોહાનિસબર્ગમાં મરકીના ઉપદ્રવનો ઇતિહાસ

ગયે વરસે જોહાનિસબર્ગ ખાતે ગાંઠિયો પ્લેગ ફાટી નીકળ્યો હતો, તેનો હેવાલ તૈયાર કરવાનું વચન લાંબા સમય પહેલાં આપવામાં આવેલું. હવે તે પ્રસિદ્ધ થયો છે. એ એકસો ત્રણ પૃષ્ઠનો દળદાર ગ્રંથ છે અને ઉપદ્રવનો તાદૃશ ચિતાર આપતા ઘણા આલેખ(ચાર્ટ) એમાં આપેલા છે. નિવેદનકર્તા ડૉ. પેકસે આ કાર્ય માટે ભારે જહેમત ઉઠાવી છે, અને જાહેર જનતા સમક્ષ એક ઘણું વિદ્વત્તાપૂર્ણ બયાન રજૂ કર્યું છે. તેમાં મરકીનું મૂળ બતાવવામાં આવ્યું છે તે ભાગ અવશ્ય વધારેમાં વધારે રસપ્રદ હોવો જોઈએ. જો ડૉ. પેકસે શરૂઆતમાં કરેલાં વિધાનો સાચાં હોત તો તે પરથી એમણે કરેલાં અનુમાનો વાજબી ઠરત; પરંતુ અમને ભય છે કે એમનાં ઘણાંખરાં અત્યંત અગત્યનાં પ્રાથમિક વિધાનો સદંતર ભૂલભરેલાં છે.

અતિશય કમનસીબ હકીકત કદાચ એ છે કે, આટલાં બધાં મૂલ્યવાન સમય તથા ધનનો વ્યય આ નિવેદન પાછળ કરતાં પહેલાં, મરકીના મૂળ કારણ વિષે રીતસરની અદાલતી તપાસ કરવામાં ન આવી. ડૉ. પેકસે જે આશ્ચર્યજનક કારણ આપ્યું છે તે વિયેના કમિશનનાં અનુમાનોની તેમ જ નાતાલમાં પ્લેગ પહેલો ફાટી નીકળ્યો ત્યારે નાતાલ સરકારે નીમેલા કમિશનનાં અનુમાનોની વિરુદ્ધ જાય છે; તેમ જ હિંદ સરકાર તરફથી મરહૂમ મિ. એસ્કમ્બને મળેલા તારની પણ વિરુદ્ધ જાય છે. ડૉ. પેકસની દલીલ એવી છે કે "પ્લેગના પહેલા કેસોનું મૂળ મુંબઈથી આયાત થયેલા પ્લેગદૂષિત ચોખા હતા." અમે હમણાં જ જેમનો હવાલો આપ્યો તે અધિકારીઓનું અનુમાન એવું હતું કે મરકીના રોગનાં જંતુ ચોખા દ્વારા ફેલાતાં નથી. પોતાના અનુમાન માટે જે પ્રાથમિક કારણો ડૉ. પેકસે સૂચવ્યાં છે તે આ પ્રમાણે છે: પ્રથમ આ બીમારી દુકાનદારોને થઈ, હિંદી દુકાનદારો ૧૯૦૩ના ડિસેમ્બરમાં મુંબઈથી ચોખાની આયાત કરતા હતા અને તેમણે બહુ ચોક્કસપણે કહેલું કે, "આ ચોખામાં ઉંદરની લીંડી માલૂમ પડી હતી" અને ઘણુંખરું આ રોગદૂષિત ચોખાની નિકાસ અટકાવવા મુંબઈ ખાતે કોઈ ખાસ સાવચેતી રાખવામાં આવી ન હતી.

ડૉ. પેકસે માન્ય રાખેલા તર્ક બાબતમાં દુર્ભાગ્યની વાત એ છે કે તેમનાં આ બધાં પ્રાથમિક વિધાનો બિલકુલ પાયા વિનાનાં છે. નિવેદન તૈયાર કરવામાં સૌથી પહેલી જે ભૂલ થઈ છે તે એ છે કે એમણે મરકી ફાટી નીકળ્યાની માત્ર સરકારી તારીખનો જ સ્વીકાર કર્યો છે અને તે તારીખ પહેલાંના અગાઉથી જાણવામાં આવેલા સઘળા ઇતિહાસની અવગણના કરી છે. તે વખતે એવી દલીલ થઈ હતી અને ખરેખર એવું નિ:શંકપણે સાબિત થયું હતું કે જોહાનિસબર્ગમાં ૧૮મી માર્ચ પહેલાં પણ પ્લેગનું અસ્તિત્વ હતું. જે પત્રવહેવાર[1] તરફ પ્લેગ અધિકારીઓનું તેમના હોદ્દાની રૂએ, ધ્યાન ખેંચવામાં આવ્યું હતું તે બધાની પોતાના નિવેદનમાં અવગણના કરવાનું ડૉ. પેકસે યોગ્ય માન્યું છે. મરહૂમ ડૉ. મેરાયસનો કેસ નિ:શંકપણે બતાવી આપે છે કે એ પોતે પ્લેગથી મૃત્યુ પામ્યા તેના લાંબા સમય પહેલાં પ્લેગ ત્યાં હતો. અને એ દાખલો પણ ડૉ. પેકસે ગણતરીમાં લીધો નથી. તેથી દુકાનદારોથી પ્લેગની શરૂઆત થઈ એ તર્ક ભોંય ભેગો થઈ જાય છે. અરે, એથી પણ વિશેષ, અમને માહિતી છે તે મુજબ, ડૉ. પેકસ જે બે

૧. પુસ્તક ૪, પા. ૧૪૬-૮, ૧૫૧ અને ૧૬૮-૯.

6304
ગાંધી સ્મારક ... સંગ્રહાલય

Gandhi Heritage Portal

નામ દુકાનદારોનાં હોવાનું જણાવે છે તે કોઈ દુકાનદારોનાં હતાં જ નહીં. ૧૮મી માર્ચથી પ્લેગ ફાટી નીકળ્યાનું ગણીએ તો, પ્રથમ કેસ તો ખાણોમાંથી આવેલા મજૂરોમાં થયા હતા.

મુંબઈથી ચોખાની આયાત થતી હતી એવી માહિતી ક્યાંથી મળી એ વાત અમે જાણવા માગીએ છીએ. સામાન્ય નિયમ તરીકે ચોખા મુંબઈથી નહીં પણ કલકત્તાથી આયાત થાય છે, અને જ્યારે મુંબઈથી ચઢે છે ત્યારે પણ ગુણો તો કલકત્તામાં જ તૈયાર થાય છે. જે ચોખા કદાચ રોગદૂષિત હતા તેની નિકાસ અટકાવવા મુંબઈ ખાતે કોઈ ખાસ સાવચેતીઓ રખાઈ ન હતી, એવું કથન હિંદી સરકાર પર ગંભીર આક્ષેપ છે. હિંદમાંની મુસાફરીની જેમને કંઈ પણ માહિતી છે એ સૌ જાણે છે કે મુંબઈ ખાતે લેવાતી સાવચેતીઓ બહુ સખત હોય છે. તેથી અમારા અભિપ્રાય અનુસાર, જે મુખ્ય વિધાનોને આધારે ડૉ. પેકસે પોતાનું અનુમાન બાંધ્યું છે તે બધાં સાબિત કરી શકાય એવાં નથી. વળી, હિંદીઓએ પહેલાં પણ ચોખા આયાત કર્યા હતા તે છતાં જોહાનિસબર્ગ પ્લેગમુક્ત રહ્યું હતું એ કેમ બન્યું? એવી દલીલ તો થઈ શકે એમ નથી કે જોહાનિસબર્ગમાં ચોખાની આયાત ૧૯૦૪માં પહેલવહેલી થઈ. ઉપદ્રવનું ખરું કારણ શું હતું તે કદાચ કદી જાણવામાં નહીં આવશે, પણ જ્યાં સુધી એ નહીં જડશે ત્યાં સુધી રોગ ફાટી નીકળતો અટકાવવાનાં સૌ પગલાં નિષ્ફળ જશે. અમે એમ સૂચવતા નથી કે જોહાનિસબર્ગમાં ફરી પ્લેગ ફાટી નીકળશે, કેમ કે જે મોટી ઊંચાઈ પર જોહાનિસબર્ગ વસેલું છે તેટલે ઊંચે સ્થળે એ ભાગ્યે જ શક્ય છે, સિવાય કે તે માટે અત્યંત ઉત્તેજક સંજોગો ઊભા થાય. પોતાની સ્વાભાવિક ન્યાયપ્રિયતા છતાં પણ અમને ભય છે કે ડૉ. પેકસ ન્યાય કરવામાં ચૂક્યા છે, કેમ કે હિંદી લોકસમાજે પ્લેગના વહેમવાળા બધા કેસ બાબતની સઘળી માહિતી અધિકારીઓ આગળ મૂકીને, તેમ જ લોકેશન મ્યુનિસિપાલિટીના કાબૂ હેઠળ આવ્યા પછી તેની શી સ્થિતિ થઈ તે બાબત એમને ચેતવીને, પ્લેગ અટકાવવા જે ભગીરથ પ્રયાસ કર્યા હતા તેની એમણે પૂરી અવગણના કરી છે. અસ્વચ્છતા પ્રદેશ કમિશન (ઇનસેનિટરી એરિયા કમિશન) રૂબરૂ ડૉ. પોર્ટરે આપેલી જુબાનીમાંથી હિંદી લોકેશનની તે સમયની સ્થિતિ સંબંધે પોતાના નિવેદનમાં ઉતારા ટાંકીને ડૉ. પેકસે ખરા મુદ્દાને ટાળ્યો છે, એવું અમને લાગે છે. પ્રસ્તુત નિવેદનમાં ઉપદ્રવને નાબૂદ કરવાને લીધેલાં બધાં પગલાંનું બ્યાન બરાબર કર્યું છે, ને તે પગલાં માનવંતા ડૉક્ટર-સાહેબ અને તેમના મદદનીશોને ખૂબ યશ આપે છે. લોકેશન અને જોહાનિસબર્ગ માર્કિટ બાબત જે રીતે કામ લેવાયું તે બહુ ભારે પ્રશંસાને પાત્ર છે, અને એમાં શંકા નથી કે ડૉ. પેકસ તથા તેમના કાર્યક્ષમ મદદનીશ ડૉ. મૅકેન્ઝીએ લીધેલાં અસરકારક પગલાંને પરિણામે રોગ આટલો જલદી નાબૂદ થયો.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

Gandhi Heritage Portal

૧૨૮. એક સુધારો

લૉર્ડ સેલબૉર્ને પોતાના જે ભાષણમાં પોતાના હોદ્દાની રૂએ વચન આપેલું કે લોક-પ્રતિનિધિત્વ ધરાવતી સરકાર અમલમાં નહીં આવે ત્યાં સુધી, જે હિંદીઓ યુદ્ધ પહેલાં અહીં મોજૂદ હતા તે સિવાયનાને ટ્રાન્સવાલમાં દાખલ થવા દેવામાં નહીં આવે, તે ભાષણ પર અમે ટીકા કરી હતી. ધિ પૉચેફસ્ટ્રૂમ બજેટ પત્રે અમારી ટીકાની નોંધ લીધી છે. તે લખે છે:

> 'ફરિયાદો'નું આ નવું પાસું છે, ને એ એક એવી નીતિનો આરંભ છે કે જે ગોરી વસ્તીના નરમ વર્ગે આજ પહેલાં હિંદીઓ પ્રત્યે જે સહાનુભૂતિ રાખી છે તેને ગુમાવી દેવામાં ઘણો ભાગ ભજવશે. જો હિંદીઓમાં ડહાપણ હોય, તો પોતાના જ હિત ખાતર, એમણે અમને એવું માનવાની ફરજ ન પાડવી જોઈએ કે એમનો અંતિમ ઇરાદો હજારો હિંદીઓ ટ્રાન્સવાલમાં ખડકી દેવાનો છે. ઇન્ડિયન ઓપીનિયન લીસી લીસી એવી વાત કરે છે કે સંસ્થાનમાંથી દરેક હિંદીને હાંકી કાઢવાનો આ પ્રયાસ છે. પૉચેફ્સ્ટ્રૂમની નીતિને લાગેવળગે છે ત્યાં સુધી આ સદંતર અસત્ય છે, કેમ કે એ વાત સાબિત થઈ ચૂકી છે કે આ જિલ્લાના લોકની ઇચ્છા જૂના સ્થાપિત વેપારધંધાને કારણે જે હિંદીઓના હક અહીં પ્રાપ્ત થઈ ચૂકેલા છે તેમના પ્રતિ અત્યંત આદર રાખવાની છે. પરંતુ જ્યારે અમને એક શંકારહિત અનિષ્ટને કાયમી બનાવે એવા પ્રવેશને સહી લેવાનું કહેવામાં આવે છે ત્યારે અમને ભય છે કે નરમાશની ભાવના સાવ નાબૂદ થઈ જશે.

એ અમને બિલકુલ સમજાતું નથી કે થોડા આવશ્યક કારકુનોની આયાત "ટ્રાન્સવાલને હજારો હિંદીઓ ઠાલવવાની ભૂમિ" કેવી રીતે બનાવી દેશે, પરંતુ બજેટ એશિયાઈ પ્રશ્ન તરફ થોડી સરખી પણ સાધારણ સમજની દૃષ્ટિએ જુએ એવી ધારણા કદાચ વધારે પડતી છે. અમારી ટીકાનું ન્યાયીપણું બેશક એની મેળે સમજાય એવું છે. નવા હિંદીઓનો પ્રવેશ સદંતર બંધ કરવાનો અર્થ સંસ્થાનમાંથી અંતે સૌ હિંદીઓને હાંકી કાઢવા બરાબર થાય; અને ટ્રાન્સ-વાલની વસ્તીના અમુક વર્ગને ભલે એવું અંતિમ પરિણામ ગમે તેટલું ઇચ્છનીય લાગતું હોય, પણ આ બાબતને અમે પણ એ જ દૃષ્ટિએ જોઈએ, એવી આશા ભાગ્યે જ રાખી શકાય. ઉપર જણાવેલું અનુમાન વાજબી ઠરાવે એવું અમારા લખાણમાં કશું જ નથી એમ અમે હિંમતથી કહીએ છીએ. ટ્રાન્સવાલને હિંદીઓથી ભરી કાઢવાના વિચારની અમે કદી હિમાયત કરી નથી. પરંતુ અમે એ મતને તો જરૂર વળગી રહીએ છીએ કે જો સીધોસાદો ન્યાય પણ કરવો હોય તો ટ્રાન્સવાલમાં અગાઉથી વસી ચૂકેલા હિંદીઓને હિંદમાંથી કારકુનો તથા મુનીમો મેળવવા દેવા જોઈએ, પછી ભલે તેઓ ટ્રાન્સવાલના જૂના રહેવાસી હોય કે ન હોય. દર વરસે આવા માણસોની સંખ્યા બહુ થોડી હશે. બજેટને ખબર નહીં હોય કે કેપ તથા નાતાલનાં સ્વશાસિત સંસ્થાનો કે જ્યાં પણ પ્રતિબંધક કાયદા મોજૂદ છે ત્યાં આવી સગવડ આપવામાં આવે છે. અમે વગર સંકોચે કહીએ છીએ કે કુશળ માણસોની આવશ્યક મદદ માટે હિંદ પર આધાર રાખવાના હિંદી વેપારીઓના હકનો ઇનકાર કરવાનો અર્થ એ જ થાય કે અહીં પહેલેથી વસેલી હિંદી વસ્તીને ધીરે ધીરે ભૂખે મારવી. અમે જે સ્થિતિ રજૂ કરી છે તે કોઈ રીતે નવી

Gandhi Heritage Portal

નથી. બજેટના લક્ષ પર અમે લૉર્ડ મિલ્નરનો ખરીતો લાવીએ છીએ, કે જેમાં અત્યંત સ્પષ્ટતાથી એવો નિર્દેશ કરેલો છે કે કેળવણી, સાધનસંપત્તિ અને શક્તિ ધરાવતા હિંદીઓને ટ્રાન્સવાલમાં પ્રવેશતાં અટકાવવા ન જોઈએ, પછી ભલે તેઓ નવા પ્રવાસી હોય કે જૂના હોય.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८-१०-१९०५

૧૨૯. નેલ્સન શતાબ્દી : એક બોધપાઠ[1]

ગયા અઠવાડિયા દરમિયાન સામ્રાજ્યના એક છેડાથી બીજા છેડા સુધી એક નામ ગાજી રહ્યું હતું. તે હૉરેશિયો નેલ્સનનું હતું. આ માસની ૨૧મી તારીખે જે ઉત્સવો ઊજવાયા તે બહુ ગંભીર વિચારો સૂચવે છે, અને તેનાથી બ્રિટનની સફળતાનું રહસ્ય શું છે તે હિંદીઓને સ્પષ્ટ દેખાવું જોઈએ. પોતાનાં લખાણોમાં મૅક્સમૂલરે સ્વીકાર્યું છે કે હિંદી તત્ત્વજ્ઞાન અનુસાર જીવનનો અર્થ "સ્વધર્મ" એ ત્રણ અક્ષરમાં સમાઈ જાય છે. સંભવ છે કે આજે સામાન્ય હિંદી મનુષ્યના આચારમાં જીવનનો આ અર્થ દેખાઈ આવતો નથી. તેવે સમયે લૉર્ડ નેલ્સનના જીવનનું મનન, આદિથી અંત સુધી સ્વધર્મપાલનનું અત્યંત આકર્ષક દૃષ્ટાંત આપણી સમક્ષ રજૂ કરે છે.

"ઇંગ્લંડ અપેક્ષા રાખે છે કે દરેક માણસ પોતપોતાની ફરજ અદા કરશે" એ ઐતિહાસિક મંત્ર બ્રિટિશરોનાં હૃદયમાં અંકિત થયેલો છે. એ મંત્ર તેના પ્રણેતાના અડગ આચરણથી પુનિત થયો હતો, અને હવે એક સૈકા સુધી કાર્યમાં રૂપાંતર થતો રહેવાથી પાવન થયેલો છે. ઇંગ્લંડના લોકોએ નેલ્સનના એ મંત્રને પોતાના જીવનમાં જેટલા પ્રમાણમાં આચારમાં ઉતાર્યો તેટલા પ્રમાણમાં એ દેશને સફળતા વરી. જેના સ્થાપકો પૈકી નેલ્સન એક હતા એવા એ સામ્રાજ્યમાં સૂર્ય કદી અસ્ત ન પામતો હોય તો તેનું કારણ એ છે કે તેના સપૂતોએ આજ લગી સ્વધર્મનું પાલન કર્યું છે.

સામ્રાજ્યમાં નેલ્સનની આજે જેટલી પૂજા થાય છે તેટલી બીજા કોઈની થતી નથી. તેનું કારણ એ નથી કે તે વીર નૌકાસૈનિક હતો, અથવા તો તેણે ભય શી ચીજ છે એ કદી જાણ્યું ન હતું;[2] પરંતુ કારણ એ છે કે પોતે કર્તવ્યની જીવંત મૂર્તિ હતો. તેને મન પોતાનો દેશ સૌથી પ્રથમ હતો. પોતાની જાતને તે સર્વથી છેલ્લી મૂકતો. તેણે યુદ્ધ ખેલ્યું હતું કેમ કે તે તેની ફરજ હતી. એટલે પછી તે જ્યાં જ્યાં ગયો ત્યાં તેના માણસો તેને અનુસર્યા એમાં શું આશ્ચર્ય? ઇંગ્લંડને સમુદ્રોની રાણી તેણે જ બનાવ્યું, પણ તેની મહાનતા એથીયે વિશેષ હતી. તેની સેવામાં ક્યાંય સ્વાર્થનો છાંટો પણ ન હતો. તેનો સ્વદેશપ્રેમ શુદ્ધમાં શુદ્ધ પ્રકારનો હતો.

દક્ષિણ આફ્રિકા જેવા ઉપખંડમાં જ્યાં નેલ્સને બતાવેલો સીધો માર્ગ છોડીને હમેશાં આડો માર્ગ લેવામાં આવે છે ત્યાં એમના જેવાના મહાન જીવનનું આપણે સ્મરણ કરીએ તે ઇષ્ટ છે. એથી પૂર્વગ્રહો મોળા પડવા જોઈએ. એથી આપણે સૌએ આપણા હકો કરતાં આપણી જવાબદારીઓનો વધારે વિચાર કરતા થઈ જવું જોઈએ. ખાસ તો, દક્ષિણ આફ્રિકામાં પોતાના કંઈક અંશે અણગમો પેદા કરે એવાં જીવનથી જો હિંદીઓનાં મનમાં પોતાને કઠોર રીતે જોનાર

૧. "લેખક : એક હિંદી" એ રીતે આ પ્રસિદ્ધ થયું હતું.

૨. જુઓ "ઇંગ્લંડ કેમ જીત્યું", પા. ૧૨૫-૨૬.

Gandhi Heritage Portal

અંગ્રેજો પ્રત્યે કડવાશ પેદા થઈ હોય, તો ગયા અઠવાડિયાના બનાવોથી હિંદીઓને ખાતરી થવી જોઈએ કે અંગ્રેજો હજી નેલ્સનના દેશબંધુઓ છે અને જ્યાં સુધી તેઓ નેલ્સનને પ્રેમપૂર્વક યાદ કરે છે ત્યાં સુધી તેઓ ફરજના માર્ગનો સદંતર ત્યાગ નહીં કરી શકે. આ વાતમાં જ આશાનું કારણ રહેલું છે અને બ્રિટિશરોની ત્રુટિઓ છતાં બ્રિટન પ્રત્યે પ્રેમ રાખવાની પ્રેરણા રહેલી છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

૧૩૦. લાઈસન્સનો કાયદો

મિ. દાદા ઉસ્માનની[1] ઉપર જે જુલમનો વરસાદ વરસ્યો છે તેની કહાણી અમે ગયે અઠવાડિયે કહી ગયા છીએ. આવા પુરજોર વરસાદમાંથી કેમ બચવું એનો વિચાર વખતોવખત કરવાની જરૂર છે. ગોરાઓએ પૂરેપૂરી કમર કસેલી છે. આજે વ્રાઈહેડમાં કેર વર્તાવ્યો, કાલે તેવું બીજા ગામમાં થાય તો નવાઈની વાત નથી. એક ઘડી પણ કોઈ હિંદી વેપારી એવી મગરૂરી નથી કરી શકતો કે તેનું લાઇસન્સ તો વરસોવરસ મળ્યા જ કરશે. અમે બીજે ઠેકાણે બતાવી ગયા છીએ કે ડૉ. કૅમ્પબેલ[2] જેવા વગવસીલાવાળા ગોરાઓ આપણી પછાડી ધોકો ધડકી લઈ મચી રહ્યા છે. આવે વખતે જો આપણે ઊંઘશું તો પૂર અંદર તણાઈ જશું. બહુ મોડા જાગશું એ આગ લાગ્યા પછી કૂવો ખોદવા જેવું થશે. નાના અથવા તો મોટા હરકોઈ હિંદી વેપારીને લાઇસન્સની તકલીફ પડે તો તે વાત તેણે તુરત જાહેર કરવાની છે. કૉંગ્રેસની ફરજ છે કે એક ખસૂસ લાઈસન્સિંગ કમિટી નીમી જ્યાં જ્યાં લાઇસન્સ છીનવી લેવામાં આવે ત્યાં ત્યાં તપાસ કરવી. જરૂર જણાય તો ગામેગામ ફરીને એવા દાખલા એકઠા કરવાની આવી કમિટીની ફરજ છે. અમે માનીએ છીએ કે આ છાપો દરેક ગામમાં જાય છે અને વંચાય છે. જે જે માણસોને લાઇસન્સ ન મળ્યું હોય તેનાં નામ વગેરે બિના અમને મોકલવામાં આવશે તો જ અમે સંતોષકારક રીતે તે કામને પહોંચી શકશું.

૧. જે માણસને લાઇસન્સ નહીં મળ્યું હોય તેનું નામ.

૨. કઈ જગ્યાએ લાઇસન્સ માગ્યું ?

૩. પહેલાં વેપાર કરેલો કે નહીં?

૪. વેપાર પહેલાં કર્યો હોય તો કઈ જગ્યાએ ?

૫. દુકાન ભાડે છે કે પોતાની? ભાડું કેટલું આપો છો?

૬. દુકાન ઈંટની છે કે ટિનની? બની શકે તો સાથે સીસાપેનથી બતાવેલું પ્લેન રાખવું.

૭. જો મૂડી બતાવી હોય તો કેટલી હતી?

૮. ચોપડા રાખવાનો શો બંદોબસ્ત છે?

૯. આસપાસ ગોરાની દુકાન છે કે નહીં અને નજીકમાં નજીક પહેલી ગોરાની દુકાન કેટલી છેટી છે?

૧. જુઓ પા. ૧૧૨.

૨. એસ. જી. કૅમ્પબેલ, નાતાલમાં યુરોપિયનોના એક આગેવાન.

Gandhi Heritage Portal

૧૦. હિંદી વેપારીઓ તે ગામમાં કેટલા છે?

૧૧. લાઇસન્સિંગ ઑફિસર લાઇસન્સ નહીં આપવાનું શું કારણ બતાવે છે?

૧૨. તમે ઑફિસના ઠરાવની સામે લોકલ બોર્ડમાં અપીલ કરી હતી કે નહીં?

૧૩. તમારી પાસે એ બાબતમાં જે કાંઈ કાગળો હોય એટલે અરજી, જવાબ વગેરે તે અથવા તો તેની નકલ સાથે મોકલજો.

૧૪. જો તમારી પાસે નામાંકિત ગોરાનાં સર્ટિફિકેટ હોય તો પણ મોકલવાં.

૧૫. આ બધા કાગળ કવરમાં બીડી "ગુજરાતી એડિટર इन्डियन ओपीनियन ફિનિક્સ" સરનામું કરી ઉપર ગુજરાતી અક્ષરે એક ખૂણામાં લાઇસન્સ બાબત એમ લખી તુરત રવાના કરવા.

આ પ્રમાણે જો ખંત રાખી જાણીતા માણસો દરેક જગ્યાએથી ખબર આપશે તો અમે માનીએ છીએ કે ઘણો લાભ થશે. આ કામ ઘણું સહેલું છે અને વગર મહેનતે તથા પૈસે થઈ શકશે. તેનો ઉપયોગ અમે અંગ્રેજી લખાણમાં તેમ જ સરકારની મારફતે કરવા ધારીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૨૮–૧૦–૧૯૦૫

૧૩૧. બંગાલી બહાદુરી

આ વખતે બંગાળ ખરેખરું જાગ્રત થયું છે એમ લાગે છે. દરેક અઠવાડિયે ખબર આવે છે કે જેમ સરકાર બંગાળના હિસ્સા કરવામાં ચુસ્ત થાય છે, તેમ જ બંગાલીઓ તેની સામે થવામાં ચુસ્ત થતા જાય છે. સરકારે ધામધૂમ કરી ઢાકામાં નવા ગવર્નરની સ્થાપના કરી. તે જ દહાડે[૧] કલકત્તામાં બંગાલીઓએ હડતાલ[૨] પાળી ગંજાવર સભા ભરી. ૧,૦૦,૦૦૦ માણસ એકઠાં થયાં અને ફેડરેશન હૉલ એટલે એકત્ર રહ્યા છીએ એમ બતાવનાર મકાનનો પાયો રોપ્યો. સ્વદેશી માલ જ લેવો અને વાપરવો તે હિલચાલ જોર પકડતી આવે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૨૮–૧૦–૧૯૦૫

૧. ૧૬મી ઑક્ટોબર, ૧૯૦૫.

૨. સામાન્ય હડતાલ.

Gandhi Heritage Portal

૧૩૨. અમારી ફરજ

અમને જાણવામાં આવ્યું છે કે કેટલાક હિંદીઓ અમારા મરકી બાબતના લખાણથી અસંતોષ પામ્યા છે. આ જાણી અમે દિલગીર થઈએ છીએ, પણ અમને નવાઈ નથી લાગતી. અમે એ બાબત લોકોનું ધ્યાન ખેંચીએ તેથી સાધારણ રીતે તો અમારાં વખાણ થવાં જોઈએ. તેમ ન થતાં અમારો દોષ કાઢવામાં આવે છે તેનું કારણ આપણામાં દોષ છે એમ કહેતાં અમે જરાયે આંચકો ખાતા નથી. હિંદુસ્તાનમાં ઘણાં ગામ મરકીના ત્રાસથી પાયમાલ થઈ ગયાં છે, ઘણાં કુટુંબનો તદ્દન નાશ થયો છે, અને લોકોમાં ભાગાભાગ થઈ રહી છે. હિંદુસ્તાનની બહાર જ્યાં જ્યાં મરકી આવેલી છે ત્યાં મરકી આવવાનું કારણ આપણા જ લોકો ઘણે ભાગે હોય છે અને એ ભાગોમાંથી મરકી જલદી દૂર થઈ શકે છે તેનું કારણ એમ જોવામાં આવે છે કે તે દૂર કરવાનો કારભાર બીજા માણસોના હાથમાં હોય છે. આવે વખતે છાપાંવાળાઓની એટલે અમારી શું ફરજ છે? લોકોને રાજી રાખવા ખાતર અમે તેઓનો દોષ દાબી મૂકી વાહ વાહ કહેવાડી શકીએ છીએ, પણ એમ કરવામાં અમારી ફરજ અમે તદ્દન ચૂકીએ. અમારું કામ લોકોની સેવા કરવાનું છે. તેઓના હક જાળવતાં જો કાંઈ ખામી જોવામાં આવે તો તે બતાવવી જ જોઈએ. જો અમે એમ ન કરીએ અને ખોટી ખુશામત કર્યા કરીએ તો અમે દુશ્મનની ગરજ સારશું. અમે પ્રથમથી જ કહી ગયા છીએ કે આપણા શત્રુઓ જ્યારે આપણું કાંઈ પણ ખોટું બોલશે ત્યારે અમે બચાવ પૂરી હિંમતથી કરશું અને તેવી જ રીતે જ્યારે આપણામાં જ ખામી જોઈશું ત્યારે તે ખામી પણ ઉઘાડી કરી વગર બીકે દૂર કરવાને સારુ ભલામણ કરીશું, અને વીનવશું. અને જો અમે એમ નહીં કરીએ તો કોણ કરશે? સારું લગાડવાના ઈરાદાથી અમે કશું કરવા ધાર્યું નથી અને ધારતા નથી. કડવો ઘૂંટડો પાવો એ અમારી ફરજ છે. આપણામાં મરકી પેદા થાય તેથી જાનનું નુકસાન થાય તો છે એ તો દેખીતું જ છે. પણ આખી કોમને તેના ઘા વાગે છે. જ્યારે ડરબનમાં, કેપટાઉનમાં અને જોહાનિસબર્ગમાં[1] મરકી જોઈ હતી ત્યારે તેના ઘા લોકોને કેવા લાગ્યા હતા એ ભુલાવું ન જોઈએ. મરકી નાબૂદ કરવાનો સહેલામાં સહેલો ઉપાય એવા કેસ બને ત્યારે તુરત જાહેર કરવાનો છે. મુંબઈમાં ૧૮૯૬ની સાલમાં જ્યારે મરકી પહેલી આવી ત્યારે પ્રજાએ તથા ડૉક્ટરોએ મરકી નહીં દાબી હતી. અને તે વખતે ઘટતા ઉપાય લીધા હોત તો લાખો માણસો માર્યા ગયા તે બચી જાત એવો સંભવ છે. હજુ પણ જો પ્રજામાં આ વિશે સમજૂતી આપી શકાય તો મરકી નાબૂદ થઈ શકે. હિંદુસ્તાનમાં એમ ન થવાનાં કેટલાંક કારણો છે. વસ્તી કંગાળ તેમ જ અણસમજુ છે, એવી સ્થિતિ અહીં નથી. જે માણસો પાંચ હજાર માઈલની મુસાફરી કરે છે અને દુશ્મનોની વચ્ચે રહીને પોતાની રોટલી કમાઈ શકે છે તે માણસો અણસમજુ ગણાય જ નહીં. જો આ દેશમાં રહીને ચેપી રોગની માવજત કેમ રાખવી એ આપણે ન સમજી શકીએ તો એ માત્ર આપણી હઠનું જ કારણ છે. એટલે જેઓ અભણ માણસોને દોરી શકે એવી સ્થિતિમાં છે તેઓની આવી બાબતોમાં મોટી ફરજ સમજીએ છીએ કે અભણ માણસોની આંખ ઉઘાડવી અને તેઓને સીધે રસ્તે ચડાવવા. આવું કહેવામાં અમે જરાયે બીક રાખતા નથી. જો અમે બીક રાખી ખોટી ખુશામત કરીએ તો અમારાં આજ સુધીનાં લખાણ

૧. જુઓ પુસ્તક ૩, પા. ૬૯–૭૩ અને ૪૦૬.

Gandhi Heritage Portal

ઉપર પાણી ફરે છે. લોકોને ટેક જાળવવાનું, સભ્યતા હમેશાં નિભાવવાનું અને હિંમતથી પોતાની ફરજ બજાવવાનું વખતોવખત કહીએ છીએ. દર અઠવાડિયે સર હેનરી લૉરેન્સ, ઈલિઝાબેથ ફ્રાઈ વગેરે બહાદુર સ્ત્રીપુરુષોનાં વૃત્તાંત આપીએ છીએ અને તેવા વીરાઓની નકલ કરવાની ભલામણ કરીએ છીએ. છેવટમાં સૌ વાંચનારને અમારી એટલી વિનંતી છે કે અમારાં લખાણનો ખરો અર્થ કરવો. લોકસેવા કરતાં વખતે ભૂલ પણ કરીએ પણ તે જાણીબૂજીને નહીં; એવું જેઓને જોવામાં આવે તેઓએ અમને બતાવવું અને તેમ કરવાથી અમે તેઓનો ઉપકાર માનશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

૧૩૩. ઑસ્ટ્રેલિયા અને જાપાન

ઑસ્ટ્રેલિયાની સરકાર જાપાનનું જોર સમજતી જણાય છે. જાપાનના વિદ્યાર્થીઓ તથા જાપાનના વેપારીઓ જે ઑસ્ટ્રેલિયા ફરવા જાય છે તેઓને વગર હરકતે આવવા દેવાનો ઠરાવ બહાર પાડયો છે અને એમ પણ તેની સરકારે જણાવ્યું છે કે જાપાનની લાગણી ન દુઃખાય તેવો સુધારો ત્યાંના ઈમિગ્રેશન કાયદામાં કરશે. આમ થવાથી હિંદીઓને પણ લાભ થવાનો સંભવ છે. જાપાનની જીતનાં મૂળ એટલાં વિસ્તારવાળાં છે કે એનાં બધાં ફળ આપણે હાલ જોઈ શકતા નથી. પૂર્વની પ્રજા ઘેનમાંથી ઊઠતી દીસે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

૧૩૪. એક બાહોશ હિંદી

વિલાયતના પ્રખ્યાત ડેલી મેલમાં એક હિંદીએ હિંદુસ્તાનમાં બહુ સારી વફાદારી બતાવેલી તેનો દાખલો આપેલો છે. ખાન બહાદુર મોહીયુદ્દીન કરીને માપણીદાર હતા. રજપૂતાનામાં ૧૯૦૩ની સાલમાં બહુ ખરાબ વેરાનની અંદર માપણી કરવાનું કામ તેના હાથમાં આવ્યું હતું. તેની સાથે ચાર જાસૂસ, ચાર તાબાના માપણીદાર અને બે ઊંટ હતાં ને રાતોરાત મુસાફરી કરતાં. એક વખતે રાતમાં પખાલ તૂટવાથી બધું પાણી નીકળી ગયું. જાસૂસોએ પાછા પડવાની સલાહ આપી, પણ બહાદુર મોહીયુદ્દીન પાછા હઠે તેવા ન હતા. એક જાસૂસને તેણે પાણીની શોધ કરવા મોકલ્યો. પાણી આવ્યું પણ તે ખારું ઝેર જેવું હતું. આગળ કૂચ કરતાં થોડું પાણી આવ્યું એ પાણી તુરત ખૂટી ગયું. ખાન બહાદુર બહુ વિચારમાં પડયા. છેવટે ઊંટવાળાઓને ઊંટની સાથે બાંધ્યા, અને ઊંટ જેમ જાય તેમ જવા દીધા, દરમિયાન તરસના સુકવાણથી મૂર્છા આવેલી. છેવટે પાણીની જગ્યા મળી અને તેઓને શુદ્ધિ આવી. આમ કરતાં મોહીયુદ્દીન અને તેની સાથેના માણસો વિખૂટા પડયા. અને અંતે પોતાની ફરજ બજાવતાં મોહીયુદ્દીનને પોતાનો પ્રાણ ખોવો પડયો. તેના ઉમંગની અસર તેના માણસો ઉપર પણ બહુ થઈ હતી. અને બધાઓએ ઘણી બહાદુરીથી કામ કર્યું. આવા દાખલાઓ ભાગ્યે જ મળી આવે છે. ખાન બહાદુરની લાશને

Gandhi Heritage Portal

ઘણા માનપૂર્વક દફન કરવામાં આવી હતી અને જે માણસો બચ્યાં તેઓને સરકારે બહુ સારું ઇનામ આપ્યું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

૧૩૫. ઇંગ્લંડ કેમ જીત્યું

"મા, બીક શું છે? મેં તે નથી જોઈ." આમ સવાલ કરનારા બાળકે ઇંગ્લંડને પૃથ્વીમાં જબરું બનાવ્યું છે.

આપણા મનમાં ઘણી વખત એમ થતું હશે કે ઇંગ્રેજો આપણી ઉપર શું કામ રાજ્ય કરે છે? તેની ઉપર આપણે ઘણી વાર ધિક્કારની નજર કરતા હશું. હિંદુસ્તાન સ્વતંત્ર હોય તો કેવું સારું એમ આપણે ઇચ્છીએ છીએ.

આવા સવાલનો અને આવી ઇચ્છાઓનો જવાબ આપણને ગયે અઠવાડિયે મળ્યો છે.

હૉરેશિયો નેલ્સન ૧૮૦૫ના ઑકટોબરની ૨૧ તારીખે મરણ પામ્યો. તેની એકસોમી સંવત્સરી જ્યાં ઇંગ્રેજી વાવટો ઊડે છે ત્યાં આ મહિનાની ૨૧ તારીખે ઊજવવામાં આવી હતી. લૉર્ડ નેલ્સન ૧૭૫૮ના સપ્ટેમ્બરની ૨૯મી તારીખે જન્મ્યો હતો. એટલે તે ૪૭ વર્ષની ઉંમરે મરણ પામ્યો. એટલી નાની ઉંમરમાં તેણે જે કામ કર્યું, જે બહાદુરી બતાવી અને ફરજ અદા કરી, એવું થોડા જ માણસે દુનિયામાં કર્યું હશે. ટોગોએ[1] જાપાનને સારું કર્યું ગણાય છે. પણ ટોગોની જીતો હાલ તુરતની જ છે એટલે તેનું પરિણામ આપણે જોઈ શકતા નથી. આપણાં મન શાંત નથી, આપણે ખરો વિચાર નથી કરી શકતા.

આ નેલ્સને પોતાની ૧૨ વર્ષની અંદરની ઉંમર હતી ત્યારે "બીક શું છે" એ સવાલ પોતાની દાદીને કર્યો. તેની દાદી જવાબ ન આપી શકી અને પોતે મૂઓ ત્યાં સુધી તેને બીકની ઓળખાણ થઈ નહીં. બાર વર્ષની ઉંમરથી તેણે દરિયો ખેડવો શરૂ કર્યો અને બીજા માણસો ન કરે તેવાં બહાદુરીનાં કામ કરવાં શરૂ કર્યાં.

૧૭૯૮ની સાલમાં ફ્રાન્સમાં બળવો થયો. નેપોલિયન બોનાપાર્ટ જાગ્યો. તેણે આખા યુરોપને જીતવાનો નિશ્ચય કર્યો અને જો નેલ્સન તે વખતે ન હોત તો એમ થાત એવું કહેવાય છે. નેપોલિયનને માત્ર ઇંગ્લંડ જીતવાનું ખરેખરું બાકી રહ્યું હતું. તેણે પોતાના કપ્તાનોને કહ્યું કે "મને છ કલાક સુધી ઇંગ્લિશ ખાડી ખુલ્લી કરી આપો અને હું ઇંગ્લંડ સર કરીશ." નેલ્સને તેની આશાઓ બર આવવા દીધી નહીં. આ વખતે ફ્રેંચ કાફલાની સાથે ઇંગ્રેજી કાફલાને દારુણ યુદ્ધ થયું. ત્રણ મોટી લડાઈઓ થઈ. તેમાં નેલ્સને પોતાનો હાથ ખોયો, પોતાની આંખ ખોઈ ને છેવટે પોતાનો જાન ખોયો.

ટ્રફાલગરની લડાઈ[2] તે મોટામાં મોટી હતી. જો આ વખતે હાર થાય તો ઇંગ્લંડનું પાણી ઊતરે. નેલ્સન આ વાત સમજતો હતો અને તેની તૈયારી એવી જ હતી. તેની નીચેના અમલદારો

૧. ૧૯૦૫માં રશિયા અને જાપાનના યુદ્ધમાં રશિયનોને હરાવનાર જાપાનીઝ દળનો સેનાપતિ. જુઓ પુસ્તક ૪, પા. ૫૨૫-૬.

૨. જેમાં ફ્રેન્ચ લશ્કર નાશ પામ્યું, અને નેલ્સન માર્યો ગયો, ૧૮૦૫.

Gandhi Heritage Portal

અને માણસો તેને પૂજતા હતા. એવું એકે જોખમ ન હતું કે જે તેણે જાતે ખેડયું ન હોય. જ્યારે પોતાનો હાથ નાઈલની લડાઈમાં[1] ખોયો ત્યારે બેદરકાર થઈ પોતે પોતાના માણસની સારવાર કરવામાં રોકાયો હતો. પોતાની વેદનાની દરકાર નહીં કરી. એટલો નેલ્સન બેધડક હતો. તેનો નિશ્ચય એવો હતો કે જ્યાં સુધી એક પણ ઈંગ્રેજી ખલાસી જીવતો હોય ત્યાં સુધી હારવું નથી. આવા જુસ્સામાં પોતાનું લશ્કર પણ હતું. પોતાના "અજિત" વહાણમાં પોતે સિંહની માફક ગર્જના કરતો હતો. ઑક્ટોબરની ૧૯મી તારીખે ખરી લડાઈ થઈ. નેલ્સને વાવટો ઉડાવી ખબર આપ્યાં કે "ઈંગ્લંડ દરેક જણ પોતાની ફરજ બજાવશે એવી આશા રાખે છે." ફ્રેંચ વહાણ તથા નેલ્સનનું વહાણ સાથે મળ્યાં. ગોળાના વરસાદ વરસ્યા. નેલ્સન ઘવાયો. તેણે પોતાની કેબિનમાં તેને લઈ જવા હુકમ કર્યો. પોતાને હાથે પોતાના ચાંદ વગેરે ઢાંકયા કે જેથી કોઈ જાણે નહીં કે નેલ્સન ઘવાયો છે. લડાઈ ચાલુ રહી. અસહ્ય વેદના સહન કરતાં પણ તેણે હુકમો આપ્યા કર્યા. તેને ખબર મળ્યા કે ફ્રેંચ વહાણો પડતાં જાય છે ને ઈંગ્રેજની જીત છે. આમ પોતાની ફરજ બજાવતો "હે ઈશ્વર હું તારો પાડ માનું છું કે મેં મારી ફરજ બજાવી છે" એમ છેલ્લા શબ્દો બોલી પોતે મરણ પામ્યો. ઈંગ્રેજ કાફલો તે દિવસથી સર્વોપરી થયો. નેપોલિયન નિરાશ થયો અને ઈંગ્રેજનું જોર વધ્યું. નેલ્સન મૂઓ છતાં અમર છે. તેની દરેક વાતો તથા શિખામણો ઈંગ્રેજી પ્રજાના મનમાં કોતરાઈ રહી છે અને આજે પણ તેનાં ગીત ગવાયાં કરે છે. સો વરસે કેમ જાણે નેલ્સન કબરમાંથી ઊઠયો ન હોય તેમ ગયે અઠવાડિયે થઈ રહ્યું હતું.

એવા હીરા જે પ્રજામાં ઉત્પન્ન થાય અને જે પ્રજા એવા હીરાને આવા જતનથી સાચવે તે પ્રજા કેમ આગળ ન વધે? કેમ આબાદ ન થાય?

આપણે તે પ્રજાની અદેખાઈ કરવાની નથી પણ તેવી બાબતમાં તેની નકલ કરવાની છે. જેઓ ખુદા અને ઈશ્વરની ઉપર આસ્થા રાખે છે તેઓ સમજી શકે છે કે ખુદાની મરજી વિના ઈંગ્રેજ રાજ્ય નથી કરતા. જેઓ રાજ્ય ભોગવે છે તેઓ પોતાનાં સારા કામથી ભોગવે છે એ પણ ખુદાઈ નિયમ છે. તો પછી આપણે તેવા કામની નકલ કરીએ તો જ આપણા મનોરથ પૂરા પડે.

આપણે નેલ્સનના જેવા હિંમતવાન થઈએ, તેના જેટલી ફરજ સમજીએ. નેલ્સનની પ્રજાની જેમ આપણને પણ દેશાભિમાન આવે. હું હિંદુ, તમે મુસલમાન; હું ગુજરાતી, તમે મદ્રાસી; એ બધું ભૂલી જઈએ. હું અને મારું એ નીકળી હું હિંદી, તમે પણ હિંદી. બન્ને ભેળા તરશું અથવા ડૂબશું એવો ખાસ નિશ્ચય આપણે ઘણા માણસો કરીએ ત્યારે આપણે સ્વતંત્ર થઈએ. પાંગળા રહીશું ત્યાં સુધી વગર લાકડીએ કેમ ચાલી શકીએ ?

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८-१०-१९०५

1. ૧૭૯૮, જ્યારે નેલ્સને ફ્રેન્ચોને હરાવ્યા.

Gandhi Heritage Portal

૧૩૬. ચાથી થતી ખરાબી

વિલાયતમાં સાઉથવર્કની કાઉન્સિલે ચાથી થતા ફાયદા-ગેરફાયદા વિષે તપાસ કરાવી છે. તેમાં કેટલીક જાણવાજોગ બિના છે તે અમે નીચે આપીએ છીએ.

નવમા સૈકામાં ચીના લોકોએ ચા પીવાનું શરૂ કર્યું અને ત્યારથી તેઓ ચા પીતા આવ્યા છે. ૧૬૬૦ની સાલમાં વિલાયતમાં ચા દાખલ થઈ. અઢારમી સદીમાં ચા વિલાયતમાં ફેલાઈ ગઈ હતી અને તે અંતે બે કરોડ રતલ ચા દર વર્ષે વિલાયતમાં આવતી. ૧૯મી સદીના પહેલા દાયકામાં જાણ દીઠ દોઢ રતલ ચા વિલાયતના લોકો લેતા. પણ છેલ્લા દાયકામાં એટલી બધી વધી પડી છે કે દરેક જણ છ રતલ ચા પીએ છે.

ચાની સામે પહેલો પોકાર કરનાર પ્રખ્યાત જૉન વેસલી હતો. તે બહુ મોટો ધર્મવક્તા હતો. તેને ચક્કર આવતા, પણ તેને ચા ઉપર વહેમ નહીં આવ્યો, કેમ કે સૌ એમ જ ધારતા કે ચા પીવાથી તો ફાયદો જ થાય. એક વખતે ઓચિંતો તે બેશુદ્ધ થયો. તે ઉપરથી તેણે ચા પીવાનું મૂકી દેવાનો ઠરાવ કર્યો અને ત્યાર પછી તેને ચક્કરો આવતાં બંધ. પ્રખ્યાત-દાક્તર સર ઍન્ડ્રુ કલાર્ક લખી ગયેલ છે કે ચાથી બધા તંતુઓ નબળા પડી જાય છે. વિલાયતમાં હજારો બાઈઓ વરસોવરસ દુ:ખી થાય છે, માથું દુ:ખે છે, પગ તૂટે છે, ચક્કર આવે છે. આ બધાનું મુખ્ય કારણ ચા છે એમ માનવામાં આવે છે. સાઉથવર્કની વતી તપાસ કરનાર માણસ લખે છે કે ચાને ઉકાળવાથી તો બહુ નુકસાન થાય છે. જો ચા વિના ચલાવી લેવાય તો સારું છે, પણ તે ટેવ ન મૂકી શકાય તો તે કહે છે કે ચાની ઉપર ઊકળતું પાણી રેડી તુરત તે પ્યાલામાં કાઢવો. તેનો રંગ બિલકુલ લાલ નહીં હોવો જોઈએ, પણ ઘાસનો રંગ હોવો જોઈએ.

આપણામાં ચા પીવાનો ચાલ મુદ્દલ આજકાલનો છે. તેની હિંદુસ્તાનમાં કશી જરૂર જોવામાં નથી આવતી, છતાં લોકોને ગોરાઓની નકલ કરી કંઈક પીવું જ જોઈએ તો કૉફી અથવા કોકો પીવાં એ ઓછાં નુકસાનકારક છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

Gandhi Heritage Portal

૧૩૭. સર ટૉમસ મનરો

સર ટૉમસ મનરો ૧૭૬૧ના મે મહિનામાં ગ્લાસગોમાં જન્મ્યો હતો. ૧૭૮૦ની સાલમાં તેને ઈસ્ટ ઇન્ડિયા કંપની તરફથી મદ્રાસમાં નોકરી મળી. આ વખતે ઇંગ્રેજની સ્થિતિ ઘણી ખરાબ હતી, હૈદરઅલી ઇંગ્રેજોને કાઢી મૂકવાની તૈયારી કરી રહ્યો હતો. ઇંગ્રેજ નોકરો માંહોમાંહે વઢતા હતા. આ વખતે મનરોએ બહુ સારું કામ બજાવ્યું હતું. પાંચ વરસ સુધી લડાઈના હંગામમાં ગૂંથાયા પછી તેણે દીવાની કામમાં નોકરી લીધી. બરાનપુર તાલુકામાં મનરોને મહેસૂલ ખાતામાં નીમવામાં આવ્યો હતો. સર હેનરી લૉરેન્સની માફક તેણે પણ આ તકનો પૂરો લાભ લીધો, લોકોની સાથે રહેવા લાગ્યો. ગમે તે વખતે તેઓને મળતો. તેઓની સાથે ફરવા જતો. અને ગરીબ ખેડૂતોની લાંબી લાંબી વાતો અને તેઓનાં સુખદુઃખની કથા સાંભળતો. કોઈ પણ ગુમાસ્તા કે પટાવાળા પાસે રાખ્યા વિના લોકોની સાથે વાતચીતો કરતો. અત્યંત સાદી જિંદગી ગુજારતો. એક કાગળમાં તે લખે છે કે "આજરોજ મેં ઓટ મિલને બદલે ઘઉંના આટાનો પૉરેજ કર્યો હતો અને કાલે પણ કેળાં સિવાય બીજું ખાઉં એમ લાગતું નથી. હમણાં હું ગામોગામ ફર્યા કરું છું. રૈયતનાં ભાડાં ઠરાવું છું. આ વખતે મને બીજું કરવાનું સૂઝતું નથી. ખાનગી કામ સારુ એક કલાક નથી મળતો. આ કાગળ લખતી વેળા મારી પાસે દશબાર માણસ બેઠા છે. સવારના સાત વાગેથી તેઓએ આવવું શરૂ કર્યું છે. અત્યારે બાર વાગ્યા છે." આ પ્રમાણે મનરોએ બહાર મહાલોમાં સાત વરસ કામ કર્યું. લોકોને રાજી રાખ્યા, અને સરકારની મહેસૂલ સારા પાયા પર મૂકી. હવે આથી પણ વધારે જવાબદાર કામ કરવાનો તેનો વારો આવ્યો. કાનરા તાલુકામાં તેને મુખીની જગ્યા મળી. કાનરાની હવા બહુ ખરાબ હતી, છતાં પોતાની ફરજ સમજી ૨૬ મહિના સુધી દમ ખાધા વિના તેણે કામ કર્યું. દશ દશ કલાક સુધી પોતે લોકોનાં દુઃખ સાંભળવામાં ગાળતો. તે લખે છે કે હું દરિયાકિનારે સરસ ઘરમાં રહી, તેનાં કરતાં લોકોની વચમાં એક તંબુડીમાં રહીને તેઓનાં મન હું ખેંચી શકું છું. અને તેઓ આજે વફાદાર રૈયત થઈ રહ્યા છે. તે સૂવાને સારુ બાંબુનો પલંગ, ગદેલી અને એક તકિયો રાખતો. સવારના પહોરમાં ઊઠતાં બહાર નીકળતાં જ લોકોનાં ટોળાં હાજર હોય તેની સાથે વાત કરતો. ખાઈને તરત નોકરોને હુકમ આપતો અને કાગળ લખતો. પછી કચેરીએ જાય. સાંજના પાંચ વાગે થોડું ઘણું ખાય અને પાછો રાતના આઠ વાગે કચેરી ભરે. અને લોકોની વાતો કોઈ કોઈ વખતે મધરાત સુધી સાંભળે. કાનરા તાલુકામાં લોકોને સુખશાંતિ આપ્યા બાદ નિઝામના પરગણામાં તેને વધારે અગત્યની નોકરી મળી. આગલાં વરસોમાં દુકાળ પડવાથી લોકોની સ્થિતિ કંગાળ થઈ ગઈ હતી. લૂંટફાટ વધી ગઈ હતી. હરામખોરોનું જોર ચડી ગયું હતું. આ દેશ પણ મનરોએ પોતાની બહાદુરીથી આબાદ કરી મૂક્યો. આમ નોકરી કરતાં મનરોને ૨૭ વરસ થયાં. તેથી તે વિલાયત રજા ઉપર ગયો. ૧૮૧૪ની સાલમાં મદ્રાસ ઇલાકાનું ન્યાયખાતું તપાસવાને સારુ કમિશન નિમાયું હતું. તેનો ઉપરી થઈને તે આવ્યો. વિલાયતમાં પોતે શાદી પણ કરી. મનરોએ આ વખતે દેશીઓની તરફની પોતાની લાગણી સરસ રીતે બજાવી. અને દેશીઓને ન્યાયખાતામાં મોટી નોકરીઓ આપવાની સલાહ આપી. આ કમિશનમાં ૧૮૧૭ની મરાઠાની લડાઈને લીધે ભંગાણ પડયું. એટલે તે લડાઈમાં ગૂંથાણો. તેનું લશ્કર વગર કેળવાયેલું અને ઓછું હતું, છતાં તેની સુવાસ લોકોમાં એટલી બધી હતી કે તેઓ ખુશીથી તેને તાબે રહ્યા. આ લડાઈમાં મનરો

Gandhi Heritage Portal

એટલો બધો ગૂંથાઈ ગયો હતો અને પોતાના શરીરની ઉપર પોતે એટલું બધું દુઃખ આપ્યું કે તેની તબિયત લથડી પડી. તેથી તે ૧૮૧૯ની સાલમાં લડાઈ પૂરી થતાં ફરી વિલાયત ગયો. ૧૮૨૦ની સાલમાં મદ્રાસ ઇલાકાનો ગવર્નર નિમાઈને આવ્યો. તેને સરનો ઇલકાબ મળેલો. પોતાના મોતના દિવસ સુધી પોતે આ હોદ્દા ઉપર રહેલો. જેટલું કઠણ કામ પોતે નાની નોકરીમાં કરતો તેટલું જ તે ગવર્નર થયા પછી કરતો. હજુ પણ તેની સાદાઈ અગાઉના જેવી જ હતી. પોતે એકલો ફરવા નીકળતો અને જે કોઈ મળવા માગે તેને મળતો. જ્યારે જ્યારે તક મળતી ત્યારે તે દેશીઓને અમલદારી આપતો, અને આગળ વધારતો. ૧૮૨૭ની સાલમાં આ ભલો ગવર્નર કૉલેરાના દરદથી મરણ પામ્યો. તેણે કોઈ દિવસ પોતાના સ્વાર્થ તરફ નજર રાખી જ નહીં. પોતાની ફરજ શું છે અને તે કેમ અદા કરવી તે તરફ જ તેણે ધ્યાન આપ્યું. હિંદીઓની ઉપર તેની પ્રીતિ અગાધ હતી, અને તેનો ખરેખરો ઇલકાબ 'રૈયતનો દોસ્ત' એ હતો. આવા સાદા અને માયાળુ ઇંગ્રેજો અગાઉ થઈ ગયા અને હજુ પણ નીકળી આવે છે. તેથી જ ઇંગ્રેજ રાજ્યનો સતારો ઘણા ડાઘ છતાં ઝળકયાં કરે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–१०–१९०५

૧૩૮. એક દુઃખદ શોધ

જેલસુધારા કમિશન (પ્રિઝન્સ રિફૉર્મ કમિશન)ની તપાસમાં નાતાલની કેટલીક જાગીરો ઉપરના ગિરમીટિયા હિંદીઓની સ્થિતિ વિષે ઘણી શંકાઓ ઊભી થાય છે. ટ્રાન્સવાલ લીડરમાં પ્રસિદ્ધ થયેલા રૂટરના એક તાર અનુસાર વેરૂલમ ખાતે તાજેતરમાં જેલ અધિકારીઓએ એ મતલબની જુબાની આપી હતી કે મોટી સંખ્યામાં હિંદીઓને નોકરી ઉપર રાખનાર અમુક જાગીરો પર એવો રિવાજ છે કે જ્યારે તેમના મજૂરો માંદા પડે ત્યારે તેમને કોઈ નાનકડા ગુનાસર શિક્ષા કરાવવી, જેથી સરકારને ખર્ચે માંદગીમાંથી તેઓ સાજા થઈને કામ કરવા પાછા આવે. પહેલી નજરે તો આ વાત એવી અમાનુષી અને ન મનાય એવી લાગે છે કે જો કોઈ બહારના માણસે આવો આક્ષેપ કર્યો હોત તો ચોક્કસ તેને ધુતકારી કાઢવામાં આવ્યો હોત. અમે પોતે પણ એ માનવા નારાજ છીએ, પણ જેમણે આવી જુબાની નોંધાવી છે તેમણે જવાબદારીના પૂર્ણ ભાન સહિત આ કર્યું હોવું જોઈએ, અને અમે માની લઈએ છીએ કે એમણે હકીકતોની અતિશયોક્તિ કરવા કરતાં અલ્પોક્તિ કરી છે. આ વાત એટલી ગંભીર છે કે આટલેથી તે છોડી શકાય એમ નથી. નાતાલની પ્રજાને આવા ગંભીર આક્ષેપના પ્રથમ સમાચાર નાતાલ સંસ્થાનની પોતાની હદની બહારના પ્રદેશમાંથી મળે એ પણ ગંભીર બાબત ગણાય. અમારું માનવું છે કે નાતાલમાં વર્તમાનપત્રોએ આ સંબંધે સંપૂર્ણ મૌન રાખ્યું છે, જોકે ધિ નાતાલ મર્ક્યુરીએ તંત્રીનોંધમાં વેરૂલમ જેલની આઘાતજનક સ્થિતિની ચર્ચા કરી છે ખરી. ખરેખર એ જુબાની શી હતી તે જાણવા માટે અમારે રિપોર્ટની પ્રસિદ્ધિમાં સામાન્ય રીતે જેટલો સમય વીતે તેટલો સમય સુધી રાહ જોઈને સંતોષ માનવો રહ્યો.

અમે કહ્યું છે કે આ આક્ષેપો પુરવાર થઈ શકે એવું અમે માનતા નથી. પરંતુ, જોકે અમે એને કંઈક અંશે અસંભવિત માનીએ છીએ છતાં ચાલીસ વર્ષ પૂર્વે બ્રિટિશ ગિયાનામાં

Gandhi Heritage Portal

ગિરમીટિયા મજૂરો પ્રત્યેના વર્તન બાબત જે ભયંકર વસ્તુઓ એક કમિશને પ્રકાશમાં આણી હતી તે અમે ભૂલી શકીએ તેમ નથી. તે વખતે આથી ઘણી વધારે અમાનુષી અને ન માની શકાય તેવી વસ્તુઓ બન્યાનું સાબિત થયું હતું, ને તે કોઈ રડયાખડયા દાખલામાં નહીં. ખાસ કરીને માંદા હિંદીઓ પ્રત્યે વધારે ખરાબ વર્તન દાખવવામાં આવતું હતું અને તેમના રક્ષણ અર્થે ઉત્તમોત્તમ કાયદા મોજૂદ છતાં તેમ બન્યું હતું. માંદો ગિરમીટિયો હિંદી જન તેના શેઠ પર નર્યો બોજો બની જાય છે એ યાદ રાખીએ તો આપણને કંઈક અંશે આ સમજાય ખરું. પોતાના રૂડા નામને ખાતર તે જાગીરોના માલિકો જ પૂરેપૂરી તપાસ થાય એવો આગ્રહ રાખશે એવી આશા રાખીએ. જો આ આક્ષેપ સિદ્ધ થાય તો એ વાત ઉચિત નથી કે એક કે બે જણનાં અપકૃત્યો ખાતર બીજા જેઓ એમના ગિરમીટિયા નિરાધાર નોકરો સાથે માત્ર ન્યાયી જ નહીં, પણ તેથીયે કંઈક સારો એવો વર્તાવ રાખવા ઇચ્છે છે તેમની પણ બદનામી થાય.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ४–११–१९०५

૧૩૯. હિંદુ અને મુસલમાન

બંગાળમાં સ્વદેશી માલ વાપરવાની તથા અંગ્રેજી માલ બંધ કરવાની જે હિલચાલ ચાલી છે તે વિષે અમે લખી ગયા છીએ. અને જેમ જેમ એ હિલચાલ દૃઢ થવાના ખબર આવ્યા કરે છે તેમ તેમ આપણે સૌ રાજી થઈએ છીએ. એક તાર છાપાંઓમાં આવ્યો છે તે ખરેખરો ગમગીની ઉપજાવનારો છે. કર્ઝન સાહેબ કોણ છે એ તેમાંથી જણાઈ આવે છે પણ તેની સાથે આપણે થોડી નિસ્બત છે. એ તારમાં એમ લખ્યું છે કે પૂર્વ બંગાળની નવી રાજધાનીમાં વીસ હજાર મુસલમાનોએ મળીને બંગાળના વિભાગ થવાથી હિંદુના જુલમમાંથી તેઓને છોડાવવાને સારુ ખુદાનો અહેસાન માન્યો. આમાં હાથ દેખીતો આપણા રાજ્યકર્તાઓનો છે. તેઓ ઘણા વખતથી માનતા આવ્યા છે કે જો હિંદુ-મુસલમાન એકઠા રહે તો અંગ્રેજ રાજ્ય ન કરી શકે. અંગ્રેજ ઇન્સાફ કરે ત્યાં સુધી તેનું રાજ્ય જવાનું કાંઈ કારણ નથી. પણ તેઓને આપણામાં ફાટફૂટ હતી તેથી જ રાજ્ય મળ્યું. એટલે હજુ ફાટફૂટ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી જ રાજ્ય ટકી થકે અને તેવા ઇરાદાથી તેઓએ ઢાકાની અંદર ઉશ્કેરણી ચલાવી છે એમ જણાય છે. આખા હિંદુસ્તાનમાં આ જમાનામાં નથી થઈ એવી હિલચાલ આ વખતે બંગાળમાં થઈ છે. ભણેલા તેમ જ અભણ, મોટા તેમ જ નાના, તવંગર તેમ જ ગરીબ અને કલકત્તામાં તો ઘણે ભાગે હિંદુ તેમ જ મુસલમાન એકઠા થયા છે અને ઘણી વ્યાજબી રીતે સરકારને થકવીને ઇન્સાફ લેવાને માંગે છે. એટલામાં ઢાકા તરફથી અમે કહી ગયા તે તાર આવેલ છે. આ વાત બહુ ભયંકર છે. કુહાડીની અંદર હાથો પેઠો છે એટલે હવે ઝાડ તૂટે તો નવાઈની વાત નથી. ઝાડ એ હિંદુ-મુસલમાન વચ્ચેનો એકસંપ છે. એ ઝાડને તોડવાનો પ્રયત્ન સરકારના કેટલાક અમલદારરૂપી કુહાડી છે, પણ એકલી કુહાડીથી ઝાડ નથી તૂટી શકતું તેથી તેમાં લાકડાના હાથાની જરૂર જોઈએ. લાકડું તો ઝાડમાંથી જ નીકળી શકે એટલે હાથોમાત્ર હિંદુ અગર મુસલમાનમાંથી જ સરકારને મળી શકે. ઢાકામાં મીટિંગ થઈ એ રૂપી હાથો મળ્યો છે, એટલે હવે બહુ મહેનતે ઊભું થયેલું ઝાડ બંગાળમાં નભી શકશે કે નહીં એ વિષે અમને પૂરો ભય લાગે છે. જો અમે જે કંઈ અહીં લખ્યું છે તેની

Gandhi Heritage Portal

ઉપર અમારા હિંદુ-મુસલમાન વાંચનારને ભરોસો હોય તો અમે એમ માંગી લઈએ છીએ કે દરેક હિંદી ઘરમાં તથા દરેક મસ્જિદ અને દેવળમાં બધાએ પ્રાર્થના કરવી કે ખુદા બંગાળમાં સૌ હિંદીને નેકી આપે, સંપ જાળવે અને જે પગલું હાલ ભરાયેલું છે તે કાયમ રહે. અમને પોતાને તો આ હિલચાલ એટલી સ્વચ્છ લાગે છે કે તેથી જેટલો હિંદી પ્રજાને ફાયદો થવાનો સંભવ છે તેટલો જ ફાયદો રાજ્યકર્તાને થશે. અમે સૌને ઉપર મુજબ ઈબાદત કરવાની ભલામણ કરીએ છીએ. તેની પહેલાં ચેતવણી આપવાની જરૂર છે જે માણસ ખુદાની પાસે રાંક થઈને તથા સાફ દિલ રાખીને જાય છે તેની જ અરજી એ સાંભળે છે. દક્ષિણ આફ્રિકામાં હિંદી કોમો વચ્ચે કુસંપ થવાનું જરાયે કારણ નથી તેમ છતાં કેટલાંક ચિહ્ન અમારી નજરે જોવામાં આવે છે, કોઈ પોતાનો સ્વાર્થ સાચવવા કુસંપનું બીજ રોપે છે, તો કોઈ અણસમજથી એમ કરે છે. આવા ભયંકર માણસોથી દૂર રહી આપણે જે સીધો અને સારો રસ્તો છે તે પકડવાનો છે, નહીં તો દક્ષિણ આફ્રિકામાં મુઠ્ઠીભર હિંદી છે તેના હાલ જે છે તેના કરતાં વધારે બેહાલ થશે. એટલે અમારી સૌ હિંદીને આજીજી છે કે તેણે આજ સુધી ગમે તેવા વિચાર રાખ્યા હોય તોપણ તે ભૂલી જઈ સ્વાર્થની નજર છોડી દઈ આપણે સૌ એક જ દેશના છીએ એમ યાદ રાખી ઉપર મુજબ પ્રાર્થના કરવી. ઘણાના મનમાં એક વિચાર થવાનો સંભવ છે. હિંદુ મુસલમાન ઉપર અથવા મુસલમાન હિંદુની ઉપર જુલમ કરે તો શું એ જુલમ સહન કરવો અને સંપ નિભાવી રાખવો ? અમારો જવાબ સીધો, સરળ અને એક જ છે. ગમે તેમ હોય પણ સંપ નિભાવવો જ જોઈએ. બે ભાઈ લડે તેમાં ત્રીજાને વચમાં પડવાની કે પાડવાની શી જરૂર હોય ? અને અમારા ભાઈને હાથે મરવું એ ત્રીજાની મદદથી ઉગારવાના કરતાં વધારે સારું અને સુખાકારી માનીએ છીએ. કેમ કે એવી રીતે કરવાનું પરિણામ છેવટે સારું જ રહે છે. આજે તો બંનેના વચ્ચે પડનારી અંગ્રેજ સરકાર છે, પણ તે ન હોય તો આપણે ત્રીજાને શોધવા નહીં જઈશું અને કદાચ જઈશું તોપણ લાભ વચમાં પડનારો લેશે. આ બધું આપણે શીખી ગયા છીએ પણ ચોપડીનું ડહાપણ ગણી આપણી હંમેશની રહેણીકરણીમાંથી બાતલ કરીએ છીએ. અમે પોતે એ પ્રમાણે રહેવાની હમેશાં તજવીજ કરીએ છીએ તેથી જ આપણે બધાએ શીખેલી વાત ફરી પાછી અહીં તાજી કરીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ४-११-१९०५

Gandhi Heritage Portal

૧૪૦. દાદા ઉસ્માનની અપીલ

આ અપીલ[1] સંબંધે અમારા લખાણમાંથી ઉતારો કરીને ધિ વ્રાઈહેડ હેરલ્ડ આગળ કહે છે કે સવાલ એ નથી કે

> દાદા ઉસ્માનને પરવાનો મેળવવાનો અધિકાર છે કે નહીં, પણ સવાલ તો એ છે કે નગરના કોઈ ભાગમાં વેપાર કરવાનો એમને અધિકાર છે કે નહીં ? દાદા ઉસ્માન પાસે થોડાંક વરસ પરવાનો હતો ખરો, પણ તેથી કાંઈ આ નગરમાં હંમેશ માટે વસવાનો સ્થાપિત હક એમને મળતો નથી. ૧૮૮૬ પહેલાં કેટલાક હિંદીઓ ટ્રાન્સવાલમાં આવેલા ત્યારે એમને પરવાના એ શરતે આપવામાં આવ્યા હતા કે તેઓ લોકેશનોમાં અને સરકારે નક્કી કરી આપેલી જગ્યાઓમાં વેપાર કરશે, અને હવે સવાલ માત્ર એ હતો કે દાદા ઉસ્માને લોકેશનમાં જવું જોઈએ કે કેમ ?

આગળ ચાલતાં વ્રાઈહેડ કહે છે કે પ્રશ્ન ગોરા ને ઘઉંવર્ણાનો નથી. અમારા લખાણને એ એક ભૂલ ગણાવે છે. અમારા સાથીપત્રના કમનસીબે ઉપર ટાંકેલા એના લખાણને માટે અમારે એ જ શબ્દનો પ્રયોગ કરવો પડે છે. શ્રી દાદા ઉસ્માનને પરવાનો મેળવવાનો અધિકાર છે કે વેપાર કરવાનો અધિકાર છે, એ પ્રશ્ન અપ્રસ્તુત છે. અને બેમાં કંઈ ભેદ ન હોવા છતાં અંતર બતાવવામાં આવ્યું છે. હકીકત એ છે કે બોર્ડના નિર્ણયથી મિ. દાદા ઉસ્માન પાયમાલ થાય છે અને અમારા લખાણમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. અરજદારને કાનૂની અર્થમાં 'સ્થાપિત હક' નથી એ વાત તો અમે બ્રિટિશ રાજબંધારણ બાબત કરેલી દલીલને પુષ્ટિ આપે છે. બ્રિટિશ બંધારણ કેટલીક વાર એવું તો નબળું નીવડે છે કે પ્રસ્તુત દાખલામાં બન્યું છે તેમ એ અન્યાયને ઊંચે ચડાવે છે અને તેનું સમર્થન કરે છે. સામાન્ય માણસની દૃષ્ટિએ, જે માણસ કેટલાંયે વરસથી વેપાર કરતો હોય તેનો વેપાર કરવાનો હક નુકસાની આપ્યા વિના લઈ લેવો તે લૂંટનો જ બીજો ભાઈ છે, ને કોઈ કાનૂનના ઓઠા હેઠળ એ કરવામાં આવે ત્યારે એને કાયદાનું ખોટું નામ આપવામાં આવે છે. દાદા ઉસ્માને લોકેશનમાં જવું કે કેમ એટલો જ સવાલ છે એમ જ્યારે વ્રાઈહેડ કહે છે તો એ મુદ્દો ચર્ચીએ. વ્રાઈહેડને અમે જણાવવાની હિંમત કરીએ છીએ કે ૧૮૮૫નો કાયદો નં. ૩, જે લોકેશનોને લગતો છે તેનો ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટે એવો અર્થ ઘટાવ્યો છે કે તે બ્રિટિશ હિંદીઓને લોકેશનોમાં વેપાર કરવાની ફરજ પાડતો નથી. ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓને જ્યાં ઇચ્છે ત્યાં વેપાર કરવાનો હક છે અને લવાજમનાં નાણાં ભરીને એ પરવાનો માગી શકે છે. હિંદીઓને લગતા કાયદા સહિત ટ્રાન્સવાલના કાયદા વ્રાઈહેડે સ્વીકાર્યા છે. અને તેણે એ મુજબ વર્તવું આવશ્યક છે. જો વેપારી પરવાનાનો નાતાલનો કાયદો વચ્ચે ન આવતો હોત તો આજે દાદા ઉસ્માન વ્રાઈહેડ નગરમાં વેપાર કરતા હોત. આ વેપારી પરવાનાનો કાયદો એમને લાગુ પાડવામાં આવ્યો છે, અને તે કાયદાને જોરે હરીફ વેપારીઓ ન્યાયનો બધો ખ્યાલ બાજુએ મૂકવા તથા એક ગરીબ આદમીને પાયમાલ કરવા શક્તિમાન થયા છે, કારણ કે અમે ફરીથી કહીએ છીએ કે 'એની

૧. જુઓ પા. ૧૧૨.

Gandhi Heritage Portal

ચામડી ઘઉંવર્ણી છે.' પરવાનો ન આપવાના કારણ તરીકે શું પરવાના અધિકારીએ પણ નહોતું કહ્યું કે વ્રાઈહેડમાં ડન્ડીની પરિસ્થિતિનું પુનરાવર્તન જોવા હું ઇચ્છતો નથી ? બીજા શબ્દોમાં કહીએ તો, ડન્ડી નગરમાં છે તેટલા બધા એશિયાઈ વેપારીઓ પોતે વ્રાઈહેડમાં જોવા ઈચ્છતા નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ४–११–१९०५

૧૪૧. લૉર્ડ મેટકાફ

હિંદી પ્રેસનો તારનાર

"જો રાજ્યકર્તા રૈયતને સુખ આપે તો જ તેને રાજ્યાધિકાર શોભે," આવું કહેનાર અને તે પ્રમાણે ચાલનાર ચાર્લ્સ થેઓફિલસ મેટકાફ કલકત્તામાં ૧૭૮૫માં જાન્યુઆરીની ૩૦મીએ જન્મ્યો હતો. ૧૫ વરસની ઉંમરે તેણે ભણતર છોડયું. ૧૬ વરસની ઉંમરે કલકત્તામાં; વિલાયતમાં જેવીતેવી કેળવણી લીધા પછી. આ વખતે ઈસ્ટ ઇન્ડિયા કંપની પોતાના નોકરો ઉપર બહુ સખતાઈ ચલાવતી હતી તેથી બરોબર ભણ્યાગણ્યા ન હોય તેવા જુવાનિયાઓને નોકરીમાં દાખલ કરવામાં નહીં આવતા. તેથી ચાર્લ્સ મેટકાફને કલકત્તાની કૉલેજમાં દાખલ થવું પડયું. થોડા વખત સુધી આમ કેળવણી લીધા પછી ચાર્લ્સ મેટકાફને એક નાની જગ્યા મળી. ૧૯ વરસની ઉંમરે તે જનરલ લેકનો શિરસ્તેદાર બન્યો. જનરલ લેક અને તેના તાબાના બીજા અમલદારો આ દીવાની કામમાં આવેલા જુવાનિયાને જોઈને નારાજ થયા. ચાર્લ્સ મેટકાફ ચેતી ગયો અને તેણે પોતાની બહાદુરી લડાઈમાં બતાવવાનો નિશ્ચય કર્યો. લીગના[૧] કિલ્લાને તોડવામાં પોતે પહેલ કરી અને એવું સરસ કામ કર્યું કે જનરલ લેક તેની ઉપર ખુશ થઈ ગયો. ત્રણ વરસ બાદ મેટકાફને બહુ ગંભીર કામ પર મોકલવામાં આવ્યો હતો. પંજાબમાં મહારાજા રણજિતસિંગની સાથે ફ્રેન્ચ લોકો ખટપટ કરતા હતા. આ ખટપટ તોડવાનું કામ મેટકાફને સોંપવામાં આવ્યું અને તેની મહેનતથી અંગ્રેજ સરકારને રણજિતસિંગ સાથે કોલકરાર થયા. આથી લૉર્ડ મિંટો મેટકાફ ઉપર એટલો બધો ખુશી થયો કે તેને દિલ્હીમાં ૨૬ વરસની ઉંમરે રેસિડેન્ટનું કામ સોંપવામાં આવ્યું. આ વખતે તેણે લોકોની સુખાકારીનું કામ શરૂ કર્યું. જમીનદારોના હક મજબૂત પાયા ઉપર મૂકયા. એ બાબતમાં તેણે નીચે પ્રમાણે લખ્યું છે :

> લોકોની જમાબંધી આપણે લાંબી મુદતને સારુ મુકરર કરવી જોઈએ કે જેથી કરીને લોકો સારો નફો કરી શકે અને આપણને દુવા દે. આપણી જમીન કાલ ચાલી જશે એવી ધાસ્તીને બદલે આપણી જમીન આપણી પાસેથી કોઈ લેનાર નથી એવો વિશ્વાસ તેઓના મન ઉપર ઠસાવવો જોઈએ. એમ કરશું તો લોકોનાં મન શાંત થશે અને પોતાના જ સ્વાર્થને લઈને આપણું રાજ્ય સરસ છે એમ માનશે. કેટલાક એવા માણસો છે કે જેઓ માને છે કે જો લોકો સ્વતંત્ર અને છૂટા થશે તો ભવિષ્યમાં ઇંગ્રેજી રાજ્યને ધક્કો પહોંચશે. કદાચ એમ માની લઈએ કે આમ થવાનો સંભવ છે તોપણ આપણાથી રૈયતના હક કેમ છીનવી લેવાય? ઉદાર રાજ્ય કરનારાઓ આવી દલીલની

૧. આગ્રા પાસેનો કિલ્લો, ડીગ હોવું જોઈએ.

Gandhi Heritage Portal

ઉપર વજન કેમ આપે? મનુષ્યના રાજ્ય ઉપર ખુદાઈ રાજ્ય ચાલે છે. એ મહેબૂબ એવો મોટો છે કે ઘડીમાં રાજ્ય લઈ શકે છે ને ઘડીમાં દઈ શકે છે. તેના હુકમની પાસે ઇન્સાનની ચતુરાઈ કામ કરી શકતી નથી. એટલે રાજકર્તાઓની તો માત્ર એ જ ફરજ છે કે રૈયતની સુખાકારીમાં વધારો કરવો. આમ આપણે આપણી ફરજ બજાવશું તો હિંદી પ્રજા આપણો ઉપકાર માનશે અને દુનિયા હમેશને સારુ આપણાં વખાણ કરશે. એમ કરતાં ભવિષ્યમાં બંડ જાગે તોપણ શું થયું? પણ જો આગળ જતાં આપણે કંઈક જોખમ છે એવા નીચ ભયથી આપણે આપણી રૈયત ઉપર જુલમ ગુજારશું તો આપણી ઉપર જે હુમલા થાય તેને સારુ આપણે લાયક ગણાશું. અને એવી સ્થિતિમાં જ્યારે આપણે પછડાશું ત્યારે, જગત આપણને ધિક્કારશે, આપણી ઉપર થૂંકશે, અને આપણને ગાળો ભાંડશે.

આવાં ઉમદા લખાણો જુવાન મેટકાફે રૈયતની દુ:ખની દાઝ દિલમાં રાખીને કર્યાં. મેટકાફને નિઝામના રેસિડેન્ટની જગ્યા પણ મળેલી. નિઝામની સરકારને આ વખતે નાણાંની ભીડ ઘણી હતી. કેટલાક લુચ્ચા પણ વસીલાવાળા ઇંગ્રેજોએ બહુ નાણાં વ્યાજે ધીર્યાં હતાં. આથી મેટકાફના મનને બહુ દરદ થયું. તેણે ગવર્નર જનરલની દરકાર નહીં રાખતાં પોતાની ફરજ બજાવી અને લુચ્ચા માણસોને દૂર કર્યા. ૧૮૨૭ની સાલમાં મેટકાફ કલકત્તાની કાઉન્સિલમાં મેમ્બર થયો. આ વખતે ભલો લૉર્ડ વિલિયમ બેન્ટિક વાઈસરૉય હતો. લૉર્ડ વિલિયમ બેન્ટિકને ખરાબ તબિયતને લીધે અચાનક વિલાયત જવાનું આવી પડવાથી મેટકાફને ઍક્ટિંગ ગવર્નર જનરલની જગ્યા મળી. મેટકાફે મોટામાં મોટું કામ આ વખતે કર્યું. તેણે હિંદુસ્તાનનાં છાપાંઓને સ્વતંત્ર કરવાનો પ્રખ્યાત કાયદો પસાર કર્યો. આથી કરીને તેના મુખીઓ નારાજ થયા, પણ તેની તેણે દરકાર ન કરી. મોટા ઇંગ્રેજ તેની સામે થયા, તેના જવાબમાં તેણે નીચે પ્રમાણે કહ્યું:

> જો મારી સામે થનારાઓ એમ દલીલ કરતા હોય કે જ્ઞાનનો પ્રસાર થવાથી હિંદુસ્તાનમાં આપણા રાજ્યને ધક્કો પહોંચશે, તો એમ કહું છું કે ગમે તેવું પરિણામ આવે તોપણ લોકોને જ્ઞાન આપવું તે આપણી ફરજ છે. જો લોકોને અભણ રાખવાથી ઇંગ્રેજી રાજ્ય નભી શકતું હોય તો, આપણું રાજ્ય એ દેશની અંદર એક કાળો ડાઘ છે, અને તે બંધ થવું જોઈએ. મને તો એમ લાગે છે કે લોકો અભણ હશે તો તેમાં આપણને વધારે બીવાનું છે. તેઓને જ્ઞાન મળવાથી હું આશા રાખું છું કે તેઓના વહેમ દૂર થશે. ઇંગ્રેજી રાજ્યથી થતા ફાયદા સમજશે. એકબીજા તરફ લાગણી વધશે, અને તેઓની પોતાની વચ્ચે જે તફાવત અને કુસંપ છે તે દૂર થશે. છતાં હિંદુસ્તાનના ભવિષ્યને વિષે શું ખુદાઈ ફરમાન છે તે આપણે જાણી નથી શકતા. આપણી ફરજ માત્ર એટલી જ છે કે આપણા હાથમાં આવેલું કામ આપણે લોકોના ભલાને સારુ બજાવવું.

મેટકાફ ત્યાર પછી કૅનેડાનો ગવર્નર જનરલ નિમાયો હતો. આ વખતે તેને મોટું દરદ થઈ આવ્યું તેની તેણે દરકાર નહીં કરી અને પોતાની ફરજ સમજી છેવટ સુધી કામ કર્યા કર્યું. પોતે ઘણો ધાર્મિક માણસ હતો અને ૧૮૪૦ની સાલમાં પોતાની રાણીની વફાદાર નોકરી કરી લોકોની પ્રીતિ મેળવી મરણ પામ્યો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ४-११-१९०५

Gandhi Heritage Portal

૧૪૨. છગનલાલ ગાંધીને પત્ર

[જોહાનિસબર્ગ,]
નવેમ્બર ૬, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. રેવાશંકર ઉપરનો કાગળ પાછો મોકલું છું. અભેચંદને કાગળિયાં પાછાં લેવાનું કહીશ. તે પ્રિટોરિયે ગયેલ છે.

તમે કિચિન બાબત લખ્યું તે ઠીક કર્યું છે. તમારી દલીલ ખોટી નથી. સાધારણ રીતે જોતાં તેને જે સગવડો કરી આપી છે તે વધારે પડતી છે. તેની હોશિયારીના આ પૈસા નથી અપાતા પણ મારી ભૂલના અપાય છે. અને મારી ભૂલ બીજી રીતે સુધરે તેમ ન હતું. તેને મેં જવાની છૂટ આપી. પણ તેણે કહ્યું હવે મારાથી કંઈ કામ થઈ શકે તેમ નથી. જોહાનિસબર્ગમાં હું ફરીથી કામ શરૂ નથી કરી શકતો. તેણે પોતાનું મોટું કામ હતું તે સંકેલ્યું એમાં કંઈ શક નથી. આવી સ્થિતિમાં હું તેને તદ્દન રજા આપું તે બને જ નહીં એમ મને લાગ્યું. એટલે સારામાં સારો રસ્તો એ જોયો કે તેને પગાર આપવો અને તે એટલો કે તેનું ખર્ચ ચાલે. છતાં તેને અને મને મહિનાની નોટિસે આ ગોઠવણનો અંત લાવવાની છૂટ છે. એટલે ધારો કે પ્રેસની સ્થિતિ ભાંગી પડી અને કમાણી બિલકુલ ન હોય તો તેને હું મહિનાની નોટિસે રજા આપી શકું છું. સ્થિતિ સારી થાય તો તેને પા. ૧૦થી વધારે આપવાની વાત પણ નથી અને જરૂર પણ નથી. એટલે તે હમેશાં તેટલો જ પગાર લેશે એમ ધારવાનું કંઈ કારણ નથી. પોલાક આવ્યે નહીં બને એમ પણ માનવાનું નથી. કદી નહીં બને તો તેને જવું પડશે. પોલાકને ત્યાં આવવાને હજુ ૨ાા વર્ષની ઓછામાં ઓછી વાર છે એટલે તેટલો દૂર વિચાર હાલ કરવાપણું રહેતું નથી. તેટલા વખતમાં આપણી સ્થિતિમાં ઘણો ફેરફાર થવાનો સંભવ જોઉં છું. કિચિનને ઘર તથા જમીન આપ્યાં તેમાં છૂટકો ન હતો. તેનું મન ફિનિક્સમાં છે. એ જિંદગી તેને પસંદ છે તેમાં શંકા નથી. તમને તેને સારુ કંઈ કરવું પડે છે એમાં જરાયે અચકાશો નહીં. માણસના સારા ગુણનું મનન કરવાનું છે. તેના દોષની સંભાળ આપણે નથી રાખી શકતા. આપણે સાંકડ ભોગવતાં બીજા રાજી રહે, બીજાનું કલ્યાણ થાય તો આપણે સંતોષ માનવાનો છે. જમીન બે એકર તો જેને જોઈએ તેને એટલે તમે, વેસ્ટ, બીન તથા આણંદલાલને આપવામાં કશી અડચણ નથી. તેવું મને લાગે છે કે અગાઉ કહી ગયેલો. પોલાકે પણ બે એકર માગ્યા છે. હું એટલું માનું છું કે જો કિચિન રહેશે તો તેના સ્વભાવમાં ફેરફાર થશે અને સારું કામ કરશે. જો સ્વભાવમાં ફેરફાર નહીં થાય તો તે પોતાની મેળે જ ખસી જશે. હજુ ખુલાસો જોઈએ તો માંગજો. હંમેશાં બેધડક થઈ મને લખજો.

ચિ. ગોકલદાસના ખવાસ સારા છે. પણ દેશના સંસ્કારથી મારુંતારું અત્યંત થઈ ગયું છે. તમારી તરફ તેની નિર્મળ દૃષ્ટિ નથી. મેં ઘણું સમજાવેલ છે પણ જુવાનીની ખુમારીમાં મામો ઘેલો છે એવી જાતનો તેના મનમાં ઊંડો વિચાર જોઉં છું. તેને કમાવા તરફ વધારે ધ્યાન છે. તેની વૃત્તિઓ નિર્મળ થાય તે તરફ આપણે વધારે લક્ષ આપવાનું છે. તમે તેને તપાસજો અને ધીમેથી દોરજો. તે મહેનત કરશે એમ માનું છું. હાલ પ્રેસમાંથી તે કશું લેશે

Gandhi Heritage Portal

નહીં. તેમ આખો દિવસ કામ પણ નહીં કરે. તે હજુ વિદ્યાર્થી છે એમ જ તેને મેં સમજાવ્યું છે ને એમ જ તેને વર્તવાનું છે. એટલે થોડો વખત પ્રેસમાં કામ કરે અને થોડો વખત જમીનમાં તથા બાકીનો અભ્યાસમાં. તેને ગુજરાતી, ઇંગ્રેજી તથા તામિલ પાકાં કરવાની જરૂર છે. તામિલ ટાઈપનું કામ પ્રેસમાં શરૂ કરે એમ મેં તેને કહ્યું છે. પિલ્લેની ઉપર પણ હું કાગળ તે બાબત લખીશ. તો ગોકલદાસ ત્યાં આવ્યા બાદ અને માહેત થયા બાદ (હવે પહેલા પાનાની પછવાડેથી શરૂ કરવું) તમારાથી ક્રિસ્ટમસમાં આવી શકાય તો આવવું.

વેસ્ટ જૉબનું કામ કેમ કરે છે? મૂંઝાય છે કે પ્રફુલ્લિત રહે છે? છાપાના કમ્પોઝ ઉપર કોણ કોણ રહે છે? વીરજી કેમ વર્તે છે? બધાની સ્થિતિના ખબર લખજો. બીનનું કેમ ચાલે છે? ચોપડાની હવે શી સ્થિતિ છે? આણંદલાલનું કેમ છે? ગોકલદાસ બાબત મેં તેને પણ લખ્યું છે. તમે ત્રણે ભાઈઓ સાથે રહો તો સારું એમ હજુ લાગે છે. પણ જો તેથી જરાયે કલેશ થવા સંભવ હોય તો મારી સૂચના પ્રમાણે નથી ચાલવાનું. ગોકલદાસ તો તમારી સાથે જ રહેશે.

ઓરચર્ડ હજુ ઘરમાં છે કે ગયો છે?

તામિલ મેં મોકલ્યું પણ હું જોઉં છું કે મને મુશ્કેલી આવશે. જે માણસે તરજુમો કર્યો તેને થોડું જ જ્ઞાન છે એમ મેં જોયું. તે કાયર થઈ ગયો ને કહ્યું કે જો હું તે કામ ન સોંપું તો સારું. ગોકલદાસ તથા પિલ્લે બન્ને માથાકૂટ કરી સમજે તો બહુ ઠીક. ગોકલદાસને થોડું આવડયું છે. ઇંગ્રેજી હું અહીંથી મોકલું તેનો તરજુમો જ કરવો પડશે. તમે પિલ્લેને પૂછજો. આ અઠવાડિયાના અંકમાં કોણે લખ્યું છે?

હેમચંદ સંતોષ આપે છે કે કેમ? તે કંઈ ઉઘરાણું કરવા જાય છે? તેને બરોબર તાલીમ આપજો.

રામનાથનું શું થયું છે? અજોધાને મેં કાગળ લખ્યો હતો.

જયાશંકરને કોઈ માણસ મળ્યું કે હજુ તકલીફ જ છે? બીનને જે પરચૂરણ જોઈએ તે અપાવજો. મુનનો રિપોર્ટ આવે તે મોકલજો. જમીન ખેડાવી છે તેમાં વાવેતર કોણ કરનાર છે? [છાપરાંમાંનો] ચુવાટ બંધ થયો કે હજુ ચાલે છે?

મર્ક્યુરી લેનમાં ગયા બાદ કંઈ કામ આવવામાં ફેરફાર થયો છે કે નહીં તે જણાવજો. ગોરાઓ કંઈ વિશેષ આપે છે?

મોહનદાસના આશીર્વાદ

[તા. ક.]

ગોવિંદજી કહે છે તેને છાપું નિયમસર નથી મળતું.

ગઈ કાલે વધારે ગુજરાતી મોકલ્યું છે.

પહેલાં ચાર પાનાંની પાછળ પણ લખ્યું છે તે જોજો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: એસ એન. ૪૨૯૨

Gandhi Heritage Portal

૧૪૩. શહેનશાહને[1] તાર

[જોહાનિસબર્ગ,
નવેમ્બર ૯, ૧૯૦૫ પહેલાં]

નેક નામદાર શહેનશાહને તેમના પાંસઠમા જન્મદિન નિમિત્તે ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદીઓ નમ્રતાપૂર્વક અભિનંદન પાઠવે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ११–११–१९०५

૧૪૪. શહેનશાહ એડવર્ડ સાતમા

ઈંગ્લંડના બાદશાહ અને હિંદુસ્તાનના શહેનશાહ સાતમા એડવર્ડને ૬૫મું વરસ નવેમ્બરની ૯મી તારીખે બેઠું. દુનિયાના દરેક ભાગમાંથી તેને મુબારકબાદીના તારો ગયા હતા. શહેનશાહ એડવર્ડની ઉપર પ્રજાની પૂરી પ્રીતિ છે. અને તેને વિષે જે તારો ગયા તે માત્ર નામના નહીં હતા એમ કહી શકાય છે. મરહૂમ મહારાણી વિક્ટોરિયા જ્યારે ગત થયાં ત્યારે સૌનાં મનમાં શંકા હતી કે એડવર્ડ તે તેનાં પગલાં પછવાડે ચાલશે કે નહીં. આ જમાનામાં રાણી વિક્ટોરિયાને ટોડે પહોંચી શકે એવી રાણી કે એવો રાજા થયેલ નથી. તેની રૈયત ઉપરની રહેમ ઘણી હતી. રૈયતને સુખે સુખ અને રૈયતને દુ:ખે દુ:ખ માનતી. પોતે એવો મોટો ઓધ્ધો ભોગવતી છતાં અત્યંત શુદ્ધ મનવાળી હતી. તેની નીતિ પણ ઘણી સરસ હતી. તેના ધણી પ્રત્યે તેનો પ્રેમ ઘણો નિર્મળ અને નકલ કરવા લાયક હતો. તે રાજ્યકારભારમાં વચ્ચે નહીં આવતી. અને તેની લાંબી કારકિર્દીમાં પ્રજા સુખી હતી. ૧૮૫૮નો ઢંઢેરો જે આપણને મળ્યો છે તેનું કારણ પણ તે ભલી રાણી હતી. આવી રાણીની ગાદીએ બેસવું તે જેવું તેવું કામ ન હતું. મહારાજા એડવર્ડે તે ગાદીને દીપાવી છે, એટલું જ નહીં પણ કેટલેક દરજ્જે જે કામ વિક્ટોરિયાથી ન બનતું તે એડવર્ડ સારી રીતે બજાવી શકે છે. એડવર્ડની ચતુરાઈથી ફ્રેંચ અને ઈંગ્લંડ વચ્ચે હાલ બનત થઈ છે. બોઅર લડાઈ બંધ કરવામાં તેનો હાથ બહુ હતો એમ કહેવાય છે. તેણે ખાસ લૉર્ડ કિચનરને લખ્યું તેથી જ લડાઈ બંધ થઈ. રૈયતના સુખને સારુ તે હમેશાં કાળજી રાખે છે. અને ઘણી સાદાઈથી પોતે રહે છે. ઈંગ્લંડને આવા રાજ્યકર્તા મળે છે એ તેની પ્રજાના પુણ્યની નિશાની છે. એ મહારાજા એડવર્ડ ઘણાં વર્ષ જીવો એવી અમારી સ્તુતિ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

૧. ટ્રાન્સવાલ બ્રિટિશ હિંદી સંઘે (ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન) સંસ્થાન મંત્રી મારફતે આ તાર મોકલ્યો હતો.

Gandhi Heritage Portal

૧૪૫. ઇંગ્લંડમાં હિંદી પ્રતિનિધિમંડળ

સામ્રાજ્યની પાર્લમેન્ટ માટેની સામાન્ય ચૂંટણી હવે થવાની છે. એ ગમે તે દિવસે આવી પડે એમ છે. મિ. ચેમ્બરલેને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે કે ચૂંટણી જેટલી વહેલી થાય તેટલું સારું. હિંદીઓની દૃષ્ટિએ સૌથી અગત્યની વાત બ્રિટિશ મતદારમંડળ સમક્ષ હિંદ વતી હિંદના પ્રશ્નની હિમાયત કરવા ઇંગ્લંડ ગયેલું પ્રતિનિધિમંડળ છે. એના સભ્યો વિષે તથા એના હેતુ વિષે થોડી માહિતી, દક્ષિણ આફ્રિકાના અમારા યુરોપિયન વાચકો વાસ્તે પણ અસ્થાને નહીં ગણાય.

નેશનલ કૉંગ્રેસે (રાષ્ટ્રીય મહાસભાએ) પ્રતિનિધિઓ તરીકે મોકલેલા માનનીય પ્રોફેસર ગોખલે અને શ્રી લજપતરાય[1] લંડનમાં છે, અને તે બંને ઉપર શિરોમણિ રૂપે હિંદના દાદા શ્રી દાદાભાઈ નવરોજી છે. એમને ખાસ મોકલવામાં આવ્યા નથી, પણ પોતે ત્યાં સળંગ અડધી સદી કરતાં વધારે સમયથી સ્વેચ્છાથી લાદેલા દેશનિકાલનું અને આત્મત્યાગનું જીવન ગાળી રહ્યા છે. એમને વિષે શ્રી ગોખલેએ કહ્યું છે:

> અહો! શું એ જીવન! તેની મધુર પવિત્રતા, તેની સાદાઈ, તેની નમ્ર સહિષ્ણુતા, તેનો ઉમદા ભવ્ય સ્વાર્થત્યાગ, તેનો ઊભરાતો પ્રેમ, ઉચ્ચ મહેચ્છાઓની સિદ્ધિ અર્થે શ્રમપૂર્ણ પ્રવૃત્તિ—એ સૌનું મનન કરીએ છીએ ત્યારે એમ લાગે છે કે જાણે કોઈક મહાન વિભૂતિ સમક્ષ ઊભા છીએ. ભલે એ, મિ. રાનડેએ[2] એક વાર કહેલું તેમ, ત્રીસ કરોડમાં એક જ હો, પરંતુ જે પ્રજા આવો પુરુષ પેદા કરી શકી તે પ્રજા માટે આશા અવશ્ય રહે છે.

આવું છે દાદાભાઈનું ઉન્નત વ્યક્તિત્વ. તેઓ હિંદી દેશભક્તોને સલાહ તથા માર્ગદર્શન આપવા લંડન ખાતે હમેશ હાજર હોય છે.

હજીયે તદ્દન યુવાન એવા શ્રી ગોખલેમાં હિંદ દેશની આશા કેન્દ્રિત થયેલી છે. એમણે ઘણી યશકલગીઓ મેળવી છે, અને હજી બીજી ઘણી મેળવવાની બાકી છે. તેઓ હજી યુવાન છે છતાં એમણે કલકત્તા ખાતે હિંદ સામ્રાજ્યની ધારાસભામાં પોતાનું નામ કાઢ્યું છે. એમની સાથે મતભેદ ધરાવનારાઓને પણ એમની દેશભક્તિ અને પ્રભાવશાળી વક્તૃત્વશક્તિને માનવી પડે છે. આંકડાની બાબતમાં કોઈ એમની બરાબરી કરી શકે એમ નથી, અને પૂનાની ફર્ગ્યુસન કૉલેજને વીસ વરસ સુધી પોતાની સેવા સમર્પણ કરીને એમણે પ્રેમથી ભરેલા પોતાના જીવનને પવિત્ર બનાવ્યું છે.

પંજાબના શ્રી લજપતરાય મનના ઉમદાપણામાં ઊતરે એવા નથી. પોતે પંજાબના પ્રજામાન્ય નેતા છે. પોતાની કમાણી તથા શક્તિ આર્યસમાજની પ્રવૃત્તિને ઉત્તેજન આપવા અર્થે ખર્ચતા

૧. (૧૮૬૫-૧૯૨૮), "પંજાબના સિંહ" તરીકે પ્રખ્યાત, ૧૯૦૭માં બ્રિટિશ સરકારે દેશનિકાલ કર્યા હતા અને થોડાંક વર્ષ યુનાઈટેડ સ્ટેટ્સ (યુ. એસ. એ.)માં રહ્યા હતા. ૧૯૨૦માં કૉંગ્રેસની કલકત્તા બેઠકના પ્રમુખ, સાઈમન કમિશનના બહિષ્કાર માટેના સરઘસમાં પોલીસને હાથે ઈજા પામેલા, ને તેને લઈને પાછળથી મૃત્યુ પામ્યા.

૨. મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ, સંસારસુધારક, જેમને ગોખલે પોતાના ગુરુ ગણતા. જુઓ પુસ્તક ૨, પા. ૨૯૧.

Gandhi Heritage Portal

આવ્યા છે. આ આર્યસમાજનો પરિચય અમારા વાચકોને તાજેતરમાં કરાવવામાં આવ્યો છે.[૧] કાંગડા જિલ્લામાં ધરતીકંપને લીધે આવી પડેલી આફતમાંથી લોકોને રાહત આપવા સ્વેચ્છાએ ઉપાડેલું કાર્ય હજી માંડ પૂરું થયું હતું, ત્યાં તો ફરજની હાકલ સાંભળીને પોતે ઈંગ્લંડ જવા ઊપડ્યા. માનનીય શ્રી ગોખલે સમયસર એમને ઈંગ્લંડમાં ન મળી શકવાથી પોતે અમેરિકાની મુલાકાતે ગયા અને ત્યાંની મહાન પ્રજા સમક્ષ હિંદની પ્રણાલિકાઓનો પ્રચાર કર્યો. બોસ્ટન ટ્રાન્સક્રિપ્ટે તેમને વિશે લખ્યું છે :

> થોડાં અઠવાડિયાં પૂર્વે કર્નલ યંગહસ્બન્ડે લંડન ખાતે વ્યાખ્યાન કરતાં જણાવેલું કે આધ્યાત્મિક તથા બૌદ્ધિક જીવનને લગતી સઘળી બાબતમાં આપણે ઍંગ્લો-સેક્સન લોકોએ હિંદુઓ તથા અન્ય પૌરસ્ત્યોને ચરણે વિદ્યાર્થી બનીને બેસવું જોઈશે. જે વસ્તુઓને આપણે અઠવાડિયે દેવળના શાંત કલાક માટે રાખીએ છીએ, તે તેમણે માનવ અભિરુચિના ઉચ્ચતમ અને સૌથી અગત્યના અંગ તરીકે યુગોથી કેળવી છે ને હજી કેળવે છે. સ્વરૂપવાન અને સંસ્કારી યુવાન હિંદુ, મિ. રાય. . . . ઉચ્ચ વર્ગના હિંદુનું સૌંદર્ય તેમ જ શક્તિ કેવાં ભવ્ય હોય છે! . . . આ અઠવાડિયે જેણે અહીં બે વ્યાખ્યાન આપ્યાં તે ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રતિનિધિ છે અને ઈંગ્લંડ જવા નીકળ્યા છે.

આવા પ્રતિનિધિઓ હિંદની હિમાયત કરવા માટે હાલ ઈંગ્લંડમાં છે. તેઓ બ્રિટિશ મતદારમંડળોને કહેવા ગયા છે કે રાજકર્તાઓને હાથે હિંદની વધારે સારી સેવા થવી જોઈએ તથા હિંદ સરકારમાં તેને વધારે સારું પ્રતિનિધિત્વ મળવું જોઈએ. પાર્લમેન્ટના સભ્ય મિ. શ્વાનના શબ્દોમાં, પ્રતિનિધિઓને સોંપાયેલું

> કાર્ય હિંદીઓની આશાઓને, ભયોને, મહત્ત્વાકાંક્ષાઓને તથા સુધારાની ઇચ્છાઓને વાચા આપવાનું છે. હિંદના લોકોની ઇચ્છા વધારે સારી કેળવણી, હિંદના જુદા જુદા ભાગોની જુદી જુદી જરૂરિયાતો મુજબ જમીન મહેસૂલ પદ્ધતિ, તથા સ્વશાસન માટે વધુ અધિકારો મેળવવાની છે, કેમ કે જેમના મિ. ગોખલે પ્રતિનિધિ છે તે લોકો માને છે કે ઘણા હિંદીઓ પોતાના દેશના શાસનમાં ભાગ લેવા બિલકુલ લાયક છે.

પ્રતિનિધિમંડળ તથા હિંદમાં હાલમાં બનતી બીજી ઘણી બાબતો કાળનાં અચૂક એંધાણ છે. સંસ્થાનોના રાજપુરુષો એનો ખોટો અર્થ ન કરે, અથવા તેની ઉપેક્ષા ન કરે. બ્રિટિશ ધ્વજ હેઠળ મળતું રક્ષણ એમને જોઈતું હોય તો તેમણે હિંદને સામ્રાજ્યના અંગભૂત અંશ ગણીને ચાલવું જોઈએ અને તેને દરેક રીતે આદરનું અધિકારી લેખવું જોઈએ. સામ્રાજ્ય દૃઢપણે સંકલિત રહેશે કે પરસ્પર વિરોધી હિતોની અથડામણને લઈ વેરવિખેર થશે, તેનો આધાર મોટે ભાગે બ્રિટિશ, સાંસ્થાનિક અને હિંદી રાજપુરુષો કેવી ભાવનાથી પ્રેરાય છે તે ઉપર રહેશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ११-११-१९०५

૧. આ વિષે પ્રો. પરમાણંદનાં વ્યાખ્યાનોનો અહેવાલ इन्डियन ओपीनियनના તા. ૪, ૧૧ અને ૧૮ નવેમ્બર ૧૯૦૫ના અંકોમાં આપ્યો હતો.

Gandhi Heritage Portal

૧૪૬. નાતાલનો પ્રવાસી કાયદો

સ્ટીમર સોમાલી પર હિંદી પ્રવાસીઓને પડેલી હાલાકીનું કહેવાતી મુસીબતોનાં મળેલાં વર્ણનનો અંગ્રેજી ભાવાનુવાદ અમે અન્ય કટારમાં છાપ્યો છે, તે પ્રત્યે અમે પ્રવાસી પ્રતિબંધક મુખ્ય અધિકારી મિ. હૅરી સ્મિથનું ધ્યાન દોરીએ છીએ. જો એ આક્ષેપો[1] જરાયે સાચા હોય તો તે બહુ ગંભીર પરિસ્થિતિ દર્શાવે છે. પ્રવાસીએ કરેલી એ લેખી ફરિયાદ અમારી પાસે છે ને તે પર એણે પોતાની સહી કરી છે. એ ફરિયાદ સ્વીકારવા ને પ્રસિદ્ધ કરવા પહેલાં અમે એની સખત ઊલટતપાસ લીધી હતી. પ્રવાસી કાયદો જેમને અસર કરતો હોય તે પ્રવાસીઓને કોઈ અનાવશ્યક હાડમારી ન પડે તે વાસ્તે મિ. હૅરી સ્મિથ અમારા જેટલા જ આતુર છે એ અમે જાણીએ છીએ. એટલે, અમને ખાતરી છે કે પૂરી તપાસ થાય તે માટે આ ફરિયાદ પ્રત્યે એમનું ધ્યાન દોરીએ એટલું બસ છે. અમે અત્રે એટલું કહીએ કે આ પ્રકારની ફરિયાદો મળવાનો અમને આ પહેલો પ્રસંગ છે એવું નથી, અત્યાર લગી તે છાપવાનું કે ફરિયાદીઓને પોતાની ફરિયાદો લાગતીવળગતી કચેરીઓને પહોંચાડવાની સલાહ આપવા સિવાય બીજું કંઈ કરવાનું અમે યોગ્ય માન્યું નથી; પરંતુ આ વખતે અમને જે હકીકતો મળી છે તે એટલી સરસ રીતે ને સચ્ચાઈપૂર્વક રજૂ કરવામાં આવી છે કે એ હકીકતો પ્રત્યે જાહેર ધ્યાન દોરવાની અમને અમારી ફરજ લાગે છે. પ્રવાસી અધિકારીઓ તરફથી આના ખંડન, સ્પષ્ટીકરણ કે સમર્થનમાં કંઈ આવશે તો તેને પણ અમે આના જેટલી જ પ્રસિદ્ધિ આપીશું.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ११–११–१९०५

૧૪૭. લાલ પટ્ટી

ધિ નાતાલ મર્ક્યુરીએ પ્રવાસી પ્રતિબંધક કાયદા સંબંધી પત્રવ્યવહાર પ્રસિદ્ધ કરીને જાહેર સેવાનું કાર્ય કર્યું છે. એ કાયદાનો જે રીતે અમલ થઈ રહ્યો છે તેના પર આ પત્રવ્યવહાર સારો પ્રકાશ પાડે છે. એમ જણાય છે કે મિ. ઈ. વાઝ નામે સુશિક્ષિત હિંદીને ગઈ ૩૦ સપ્ટેમ્બરના રોજ એક જર્મન સ્ટીમર પર પોતાના મિત્રને વિદાય આપવા જતાં અટકાવવામાં આવ્યા હતા. જે મિત્રને મિ. વાઝ વિદાય આપવા ગયા હતા તેમને પણ બીજા વર્ગની ટિકિટ બતાવવા છતાં સ્ટીમર પર જવા દેવામાં આવ્યા નહોતા. તેમની ફરિયાદ છે કે ફરજ પરનો પોલીસ કૉન્સ્ટેબલ એ બંનેની સાથે અસભ્ય રીતે વર્ત્યો. આથી મિ. વાઝે બંદરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને લખ્યું. તેણે જવાબ આપ્યો કે કૉન્સ્ટેબલ એને મળેલા હુકમનો અમલ કરે છે. પછી મિ. વાઝે કૉલોનિયલ ઑફિસને લખાણ કર્યું, અને ત્યાંથી પણ બરાબર તેવો જ શિરસ્તા મુજબનો ઉત્તર મળ્યો, ને

૧. નાતાલ બંદરે ઑક્ટોબર ૨૫ના રોજ પહોંચેલા ૨૭ જણને સ્ટીમર પર ત્રણ દિવસ બહુ જૂજ હવા-ઉજાસવાળા ભંડકિયામાં રોકી રાખ્યા હતા, ને તેમાંના ઘણાખરાને ખોરાક કે પાણી વિના રહેવું પડ્યું હતું. જુઓ "કુરજા પર હિંદીઓ પ્રત્યે વર્તાવ", પા. ૧૪૫.

Gandhi Heritage Portal

તેમાં ઉમેર્યું હતું કે સૂચનાઓ પ્રવાસી પ્રતિબંધક ખાતા તરફથી મળી હતી. પછી મિ. વાઝે પ્રવાસી પ્રતિબંધક મુખ્ય અધિકારીને અરજી કરી, જેણે જવાબમાં સૂચનાઓ શી હતી તે જણાવવાનો ઇન્કાર કરીને વાત પૂરી કરી. તેણે લખ્યું : "ખાતા ખાતા વચ્ચેની આંતરિક વ્યવસ્થાઓને લગતી બાબતમાં બહારથી કરવામાં આવેલી પૂછપરછનો ઉત્તર આપવાનું મને જરૂરી લાગતું નથી." અસભ્ય વર્તન બાબત ઇનકાર કરવામાં આવ્યો નથી. કૉન્સ્ટેબલના કૃત્યને તો પહેલેથી છેલ્લે સુધી ટેકો આપવામાં આવ્યો છે, અને જ્યારે જાહેર જનતા જાણવા ઇચ્છે છે કે અમારે કયા નિયમોનું પાલન કરવાનું છે ત્યારે કહેવામાં આવે છે કે એ પૂછવાનું તમારું કામ નથી. રાજ્યવહીવટ ચલાવવાની આ નવી રીત છે. અત્યાર લગી, લોકોએ આવા જે કાનૂન પાળવાના હોય તે કાનૂનોના સ્વરૂપથી તેમને માહિતગાર કરવામાં આવતા. પણ હવે સરકારે ઠરાવ્યું છે કે પ્રવાસી ખાતું પોતાના નિયમોનો અમલ છાની રીતે કરે, ને અપેક્ષા રાખે કે જે લોકોને એ નિયમો લાગુ પડતા હોય તેઓ એ નિયમોનું અનુમાન કરી લે અને પાળે. અત્રે અમે સરકારનો ઉલ્લેખ ખાસ કરીએ છીએ, કેમ કે સ્પષ્ટપણે મિ. હૅરી સ્મિથે એમને મળેલી પ્રેરણા મુજબ લખ્યું છે. અમારા જાણવા મુજબ એમણે કદી જનતાને માહિતીથી વંચિત રાખી નથી. પોતાના અમૂલ્ય નિયમો ગુપ્ત રાખીને સરકાર શા લાભની આશા રાખે છે તેની અમને ખબર નથી, પણ અમે એટલું તો ચોક્કસ જાણીએ છીએ કે કૉન્સ્ટેબલનું કૃત્ય નિઃશંક ગેરકાયદે હતું, અને આ બાબત ઓછામાં ઓછું કહીએ તો, ફરિયાદીને માહિતી ન પૂરી પાડીને ગેરકાયદે બાબતને ટેકો આપવાનો સરકારનો પ્રયત્ન ઘણો જ ગેર-બ્રિટિશ છે.

એક સદંતર નિંદ્ય બાબતને પ્રસિદ્ધિ આપવા માટે, અને તેથી વિશેષ, પોતાની તંત્રીનોંધમાં એની કડક ટીકા કરવા માટે અમે નાતાલ મર્ક્યુરીને અભિનંદન આપીએ છીએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ११–११–१९०५

૧૪૮. રશિયા અને હિંદુસ્તાન

રશિયામાં અત્યારે જે ખળભળાટ ચાલી રહ્યો છે, તેમાંથી આપણે ઘણું સમજવાનું છે. રશિયાના શહેનશાહ[1] અત્યારે દુનિયામાં સ્વતંત્રમાં સ્વતંત્ર રાજ્ય ભોગવે છે. રશિયાના લોકો ઘણી ઈજાઓ ભોગવે છે. ગરીબ માણસો કરના બોજા તળે દબાયા રહે છે, સિપાઈવર્ગ લોકોને કચરે છે, અને ઝારને જે મનમાં તૉર આવે તે પ્રમાણે લોકોને કરવું પડે છે. અમલદારો સત્તાના નશામાં ચકચૂર રહ્યા છે, લોકોનું સુખ તેઓ સમજતા નથી. કેમ પોતાનું બળ વધે, કેમ પોતે વધારે પૈસા ભેગા કરે, એ જ તેઓનું કર્તવ્ય સમજે છે. પ્રજાની જરાયે મરજી ન હતી છતાં ઝારે જાપાનની[2] સાથે લડાઈ કરી રશિયન સિપાઈના લોહીની નદી ચલાવી. અને હજારો મજૂરોએ પોતાના પસીનાનો વરસાદ વરસાવી કમાયેલા પૈસાને જાપાનના સમુદ્રમાં ફેંકી દીધા. આ બધું રશિયન પ્રજાએ ઘણાં વરસથી સહન કર્યું છે, પણ હવે તેઓની ધીરજની હદ આવી છે.

૧. ઝાર નિકોલસ બીજો (૧૮૬૮થી ૧૯૧૮); ૧૮૯૪માં ગાદીએ આવ્યો.

૨. ફેબ્રુઆરી ૧૯૦૪માં જાપાન અને રશિયા વચ્ચે યુદ્ધ જાહેર કરવામાં આવ્યું હતું. આમાં રશિયનો હાર્યા અને ૫મી સપ્ટેમ્બર ૧૯૦૫ના રોજ સંધિપત્ર ઉપર સહી થઈ.

Gandhi Heritage Portal

રશિયાના લોકોએ આ બધો જુલમ દૂર કરવાને બહુએ ફાંફાં માર્યાં છે, પણ તેઓનું જોર આજ લગી ફાવ્યું નથી. તેઓએ બંડ કર્યાં, તેઓએ શહેનશાહોનાં ખૂન કર્યાં. પણ તેથી કાંઈ દાદ નહીં મળી. આ વખતે તે લોકોએ બીજો ઉપાય શોધી કાઢ્યો છે. તે ઉપાય બહુ સરળ છે, અને બંડ તથા ખૂન કરતાં વધારે જોરાવર છે. રશિયન કારીગરો તથા બીજા બધા નોકરોએ હડતાલ પાડી કામ બંધ કર્યું. નોકરીઓ છોડી દીધી, અને ઝારને ખબર આપ્યા કે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી તે લોકો બિલકુલ કામ પર ચડવાના નથી. આની સામે ઝાર પણ શું કરી શકે? લોકોની પાસેથી જોરજુલમથી કામ લેવું એ તો ન જ બને. કામ નહીં કરનારાઓને ભાલાની અણીએ ચડાવવા, એ તો રશિયાના ઝારની પણ સત્તામાં નહીં. એટલે હવે ઝારે દાંડી પિટાવી લોકોને ખબર આપ્યા છે કે, રાજ્યકારભારમાં તેઓને હિસ્સો મળશે. પ્રજામત વિના કાંઈ પણ કાયદા ઝાર પસાર નહીં કરે. આ બધાનું છેવટ પરિણામ શું આવશે એ કંઈ કહી નથી શકાતું. પણ જો ઝાર પોતાનો કોલકરાર નહીં પાળે તો, લોકોએ જે ઉપાય હાલ લીધો છે તે બરાબર નથી એમ સાબિત નહીં થાય. પણ તે માત્ર એટલું બતાવશે કે લોકો પોતાના ઉપાયમાં ચુસ્ત નથી રહ્યા, કેમ કે સત્તા ભોગવનારા લોકોની મદદ વિના સત્તા પણ નથી ભોગવી શકતા, પણ જો રશિયાની પ્રજા ફત્તેહમંદ થાય તો આ સૈકાની મોટામાં મોટી જીત અને મોટામાં મોટો બનાવ તે, રશિયામાં થયેલો ફેરફાર[1] ગણાશે.

અમે મથાળા ઉપર રશિયા અને હિંદુસ્તાન બન્નેને જોડયા છે. એટલે રશિયામાં બનેલા બનાવોની સાથે હિંદુસ્તાનને શો સંબંધ છે એ બતાવવું રહ્યું. હિંદુસ્તાનનું જે રાજ્ય ચાલે છે તેની વચ્ચે અને રશિયાના રાજ્યની વચ્ચે ઘણી સરખામણી છે. વાઈસરૉયની સત્તા ઝારની સત્તા કરતાં કાંઈ ઓછી નથી. જેમ રશિયાના લોકો કર આપે છે તેમ આપણે આપીએ છીએ. જેમ રશિયાના કર આપનારની સત્તા, કરની વપરાશ ઉપર નથી તેમ હિંદુસ્તાનના લોકોની પણ નથી. જેમ રશિયામાં મિલિટરીનું જોર છે તેમ જ હિંદુસ્તાનમાં છે. તફાવત માત્ર એટલો છે કે રશિયામાં હિંદુસ્તાનના કરતાં કેટલેક દરજ્જે રાજ્યસત્તા વધારે કઢંગી રીતે વાપરવામાં આવે છે. રશિયાના લોકોએ જુલમની સામે જે ઉપાય લીધો છે તે ઉપાય આપણે પણ લઈ શકીએ છીએ. બંગાળામાં દેશી માલ વાપરવાની હિલચાલ થઈ રહી છે. તેનું રૂપ રશિયાની હિલચાલ જેવું છે. જો હિંદુસ્તાનના લોક એકત્ર થઈ જાય, ધીરજ પકડે, દેશદાઝ રાખે અને પોતાનો સ્વાર્થ તજી સ્વદેશનું સુખ જોય તો આજે જ આપણા બંધ છૂટી પડે તેમ છે. હિંદુસ્તાનનો રાજ્યકારભાર લોકોની નોકરી વડે ચાલી શકે છે, રશિયાના લોકોએ જે સત્તા બતાવી તે જ સત્તા આપણે બતાવી શકીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ११-११-१९०५

૧. ૧૯૦૫ની ક્રાંતિ: જેને પાછળથી લેનિને ૧૯૧૭ની ક્રાંતિના રિહર્સલ તરીકે વર્ણવેલી.

Gandhi Heritage Portal

૧૪૯. સર ટી. મુતુસામી ઐયાર, કે. સી. આઈ. ઈ.

સર ટી. મુતુસામી ઐયાર ગરીબ કુટુંબમાં તાંજોરમાં ૧૮૩૨ના જાન્યુઆરીની ૨૮મી તારીખે જન્મ્યા હતા. તેમનો બાપ પોતાની ઘણી જ નાની ઉમર હતી ત્યારે ગુજરી જવાથી મુતુસામીને બાળપણથી પૈસા કમાવાનો બોજો આવી પડયો. તેથી તેઓ મહિનાના રૂ. ૧ના પગારથી ગામના મહેતા તરીકે રહ્યા. ૧૮૪૬ની સાલ સુધી આમ ચાલ્યું. દરમિયાન મુતુસામી નાયકર નામના ગૃહસ્થને આ બાળકની બુદ્ધિ અને તેના ઉદ્યોગ ઉપર પ્રીતિ આવી. એક વખતે એક ગામની નદીની પાળ તૂટી ગયાના ખબર મુતુસામી નાયકરને મળ્યા. તેણે તેના મહેતાને બોલાવ્યો તે હાજર નહોતો, પણ બાળક મુતુસામીએ જવાબ આપ્યો. નાયકરે તેને તપાસ કરવાનું સોંપ્યું. મુતુસામી બધે ફરી વળ્યો અને તમામ ખબર લાવ્યો. મિ. નાયકરને તેનો ભરોસો નહીં આવ્યો. પણ ઉતાવળ હોવાથી આ રિપોર્ટ પાસ કર્યો. પાછળથી તેને ખબર મળ્યા કે મુતુસામીએ લાવેલ ખબરો બરાબર હતાં. તે ઉપરથી મિ. નાયકર બહુ ખુશી થયા. મુતુસામીને આવી જિંદગીથી સંતોષ નહીં થયો. મનની સાથે આગળ વધવાનો ઠરાવ કર્યો અને તેથી જ્યારે જ્યારે વખત મળે ત્યારે તેણે નિશાળનો લાભ લેવા માંડયો. મિ. નાયકરે તેથી કરીને તેને ૧૮ મહિના સુધી નેગાપટમમાં એક મિશન સ્કૂલમાં રાખ્યો. પછી મદ્રાસ હાઈસ્કૂલમાં મોકલ્યો અને રાજા સર ટી. માધવરાવ ઉપર ભલામણપત્ર આપ્યો. દિવસે દિવસે મુતુસામી ભણવામાં વધવા લાગ્યો. આ વખતે મિ. પોવેલ મુખ્ય માસ્તર હતા. તેણે મુતુસામીની કિંમત પારખી હતી અને તેની ઉપર તે ખાસ ધ્યાન આપતા. ૧૮૫૪ની સાલમાં તેણે એક અંગ્રેજી નિબંધ લખી ૫૦૦ રૂ.નું ઇનામ લીધું. હાઈસ્કૂલમાં પોતાનો અભ્યાસ પૂરો કીધા પછી તેને ૬૦ રૂ.ની મહેતાજીની જગ્યા મળી. ઉપર ચઢતાં ચઢતાં તેને કેળવણીના વડાની જગ્યા મળી. દરમિયાન વકીલોની સનદની[1] પરીક્ષા સરકારે શરૂ કરી. મુતુસામીએ આ પરીક્ષાની તૈયારી કરી અને તેમાં પહેલે નંબરે પાસ થયા. મુનસફ[2]ની તપાસ કરવાને વખતો-વખત જડજો નીકળતા. એક વખતે જડજ બોકામ[3] ઓચિંતો આવી ચડયો. મુતુસામી ઐયારનું કામ જોઈને તે એટલો બધો ખુશી થયો કે તેણે એમ ટીકા કરી કે મુતુસામી તેની જોડે ખુરસી લેવાને લાયક છે. મુતુસામીની લાયકાત એટલી બધી બહાર આવવા લાગી કે તેને મદ્રાસમાં મૅજિસ્ટ્રેટની જગ્યા મળી. જડજ હોલોવે તેની ઉપર બહુ ખુશ થયો. તેણે તેને આગળ અભ્યાસ કરવાનું કહ્યું. મુતુસામીએ તે પ્રમાણે કર્યું. અભ્યાસમાં મદદને સારુ પોતે જર્મન ભાષાનો અભ્યાસ શીખ્યા. મુતુસામી અત્યંત સ્વતંત્ર મિજાજના માણસ હતા. એક વખત હાઈકોર્ટના જડજની ઉપર એક દેશીએ માર મારવાનું તહોમત મૂકયું. મુતુસામીએ બેધડક થઈ જડજની ઉપર સમન કાઢયો. મોટા મૅજિસ્ટ્રેટે જડજને હાજર રહેવાની ફરજ નહીં પાડવાની સૂચના કરી. મુતુસામીએ દરકાર નહીં કરી. જડજને હાજર રહેવું પડયું અને તેનો ત્રણ રૂ. દંડ થયો. આ પછી મુતુસામી ઐયાર સ્મોલ કૉઝ કોર્ટના જડજ થયા. ૧૮૭૮ની સાલમાં તેને સી.આઈ.ઈ.નો ઇલકાબ મળ્યો અને

૧. વકીલાત કરવાનો પરવાનો.
૨. ગૌણ અદાલતોના ન્યાયાધીશ.
૩. તે વખતના તાંજોરના સિવિલ જજ.

Gandhi Heritage Portal

હાઈકોર્ટના જડજ નિમાયા. આખા હિંદુસ્તાનમાં હાઈકોર્ટના જડજ નિમાવામાં તે પહેલા દેશી હતા. તેના ફેંસલાઓ એટલા બધા સરસ હતા કે આજ સુધી એમ ગણાય છે કે સરસમાં સરસ અંગ્રેજી જડજોની સામે તે ટક્કર ઝીલી શકે. પ્રખ્યાત મિ. વીટલી સ્ટોક્સ કહે છે કે મુતુસામી ઐયાર અને સૈયદ મહમુદના ફેંસલાઓને અડી શકે એવા ફેંસલા તેણે થોડા જોયા છે. તેનું કામ દરેક રીતે એટલું બધું સરસ હતું કે તેને ૧૮૯૩ની સાલમાં ચીફ જસ્ટિસની જગ્યા મળી. ૧૮૯૫ની સાલમાં મુતુસામી ઐયાર માત્ર કામના જ બોજાથી ઘસાઈ મરણ પામ્યા. સર મુતુસામી ઐયાર ન્યાયમાં એક્કા હતા, એટલું જ નહીં પણ હિંદી પ્રજાના ભલાને સારુ લઈ શકાય એટલો ભાગ લેતા. બાળલગ્ન, વિધવાવિવાહ, પરદેશગમન, વગેરે વિષયો ઉપર વખતોવખત ભાષણ કરતા અને સુધારકોને ઉત્તેજન આપતા. પોતે બહુ માયાળુ અને સાદા હતા. હમેશાં સ્વદેશી પોશાક પહેરતા. ઈશ્વરભક્તિમાં ચુસ્ત હતા. તેણે મદ્રાસ ઇલાકાને પોતાની કારકિર્દીથી ઝળકાવી મૂક્યો હતો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ११-११-१९०५

૧૫૦. હિંદી સ્વયંસેવકદળ

ન્યૂકેસલ ખાતે ભરાયેલી રાજકીય સભામાં યુદ્ધ દરમિયાન સેવા આપવાની હિંદી લોકની જવાબદારીને અનુલક્ષીને થયેલી કેટલીક પ્રશ્નોત્તરી ધિ नाताल विटनेसમાંથી અમે ગયે અઠવાડિયે ઉતારીને આપી હતી,

> મિ. થૉરલ્ડે જોરદાર રજૂઆત કરી કે જો રક્ષણની પ્રથમ હરોળને રણક્ષેત્ર પર બોલાવવામાં આવે તો એવી વ્યવસ્થા કરવી જોઈએ, જેથી આરબો અને હિંદીઓને મદદ અર્થે બોલાવી શકાય. જ્યારે યુરોપિયનો મોરચા પર લડતા હોય ત્યારે આરબોને પોતાની દુકાનોમાં બેઠાં-બેઠાં વેપાર કરવા દેવો એ ખુલ્લો અન્યાય જ થાય.

સરકારની આંતરિક કાર્યપદ્ધતિથી મિ. થૉરલ્ડ જો પરિચિત હોત તો તેમણે જે વાત કરેલી કહેવાય છે તે ન કહેત. સંસ્થાનની રક્ષામાં હિંદીઓ બીજી કોઈ કોમ પેઠે ભાગ લઈ શકે છે, એ બતાવવાની તેમને તક આપવાની જ સરકારની બિલકુલ ઇચ્છા નથી, એ સાદીસીધી હકીકત છે. એ યાદ હશે કે બોઅર યુદ્ધ વખતે હિંદીઓએ એમને જે કોઈ કામ સોંપવામાં આવે તે કરવા પોતાની મેળે જ તૈયારી દર્શાવી હતી, છતાં તેઓ ઍમ્બ્યુલન્સ કાર્ય માટે પણ પોતાની સેવા મહામુશ્કેલીએ સ્વીકારાવી શક્યા હતા.[1] નાતાલ ઇંડિયન વૉલંટિયર ઍમ્બ્યુલન્સ કોરે કેવું કામ કર્યું હતું તે બાબત જનરલ બુલરે પ્રમાણપત્ર આપ્યું છે. જો સરકાર એટલું જ સમજી શકે કે કેટલી અનામત શક્તિ નકામી જાય છે, તો તે તેને ઉપયોગમાં લે અને હિંદીઓને ખરેખરા યુદ્ધકાર્ય અર્થે પૂરી પાકી તાલીમની તક આપે. કાયદાપોથીમાં પણ આ હેતુ માટે કાયદો છે, જેને માત્ર પૂર્વગ્રહને કારણે નકામો બનાવી દેવામાં આવ્યો છે. અમે માનીએ છીએ કે સંસ્થાન ખાતે જન્મેલા હિંદીઓમાંથી એક બહુ સુંદર સ્વયંસેવકદળ બનાવી

૧. જુઓ પુસ્તક ૩, પા. ૧૪૬–૪૭.

Gandhi Heritage Portal

શકાય એમ છે; અને તે માત્ર શાંતિના સમયમાં જ નહીં, પરંતુ ખરેખર યુદ્ધના સમયમાં પણ ચપળતા તથા કાર્યક્ષમતામાં નાતાલમાં કોઈથી ઊતરે એવું નહીં હોય.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

૧૫૧. ફુરજા પર હિંદીઓ પ્રત્યે વર્તાવ

નાતાલ બંદરે આવતા સોમાલી સ્ટીમરના કેટલાક હિંદી પ્રવાસીઓ[1] સાથે જે ગેરવર્તાવ થયાનું કહેવાય છે તે બાબત અમે ગયે અઠવાડિયે લખ્યું હતું. બીજા એક ખબરપત્રીએ એ હકીકતને ટેકો આપ્યો છે. તે ગુજરાતીમાં નીચેની મતલબનું લખે છે:

> જે લોકો પાસે ટ્રાન્સવાલની પરમિટો હતી અને ટ્રાન્સવાલના રેફ્યુજી હતા તેમને તથા બીજા લોકો જેની પાસે નાતાલના પાસ ન હતા તેમને બહુ જ તકલીફ પડી હતી. તે લોકોને સ્ટીમરની કોટડીમાં ત્રણ દિવસ સુધી પૂરી રાખવામાં આવ્યા હતા. ખાવાનું પણ તેમને કાંઈ બની શકતું ન હતું. ત્રીજે દિવસે ડરબનના વેપારી શેઠ હાસમ જુમાએ, વકીલ મારફત તજવીજ કરી પાંચસાત જણાને ઉતરાવ્યા હતા. હાસમ જુમા પોતે તેનાં સગાંઓ માટે બેલ મૂકવા આવેલ પણ તે રાખ્યાં નહીં. વકીલ આવવાથી પણ ઘણી મુશ્કેલીથી ઉતાર્યા હતા. ડેલાગોઆ બેના પેસેન્જરો જેને ડેલાગોઆ બે ઊતરવા દીધા ન હતા તેમને કેદ રાખ્યા હતા, ને ખાવાનું રાંધવાની પણ છૂટ ન હતી.[2]

હકીકતના આ હેવાલ તરફ અમે મિ. હૅરી સ્મિથનું ધ્યાન ખેંચીએ છીએ. જો આ હેવાલ સાચો હોય તો તે શબ્દોથી ન વર્ણવાય તેટલો દુ:ખદ છે. અને જો એ સાચું હોય કે એક કાયદાશાસ્ત્રીની દરમિયાનગીરી પછી જ મુલાકાતી પાસ કાઢી આપવામાં આવ્યા તો સ્પષ્ટપણે સરકારી તંત્રમાં ક્યાંક કાંઈક સડો છે. વસ્તુસ્થિતિ એ છે કે સંસ્થાનમાં વસવાટ કરવા માટે કે કામચલાઉ રહેવા માટે પોતાનો દાવો પુરવાર કરવા ગરીબ હિંદીઓને ભારે મુસીબત તથા ખર્ચ વેઠવાં પડે છે. પ્રવાસી પ્રતિબંધક કાયદાનો યોગ્ય અમલ કરવા સામે અમારે કંઈ કહેવાનું નથી, પણ અમે એટલું તો જરૂર માનીએ છીએ કે, જેમને આ સંસ્થાનમાં ઊતરવાનો અધિકાર છે, અથવા તો નાતાલમાં થઈને પડોશના સંસ્થાનમાં જવાની જેમને હરેક સગવડ મળવી જોઈએ તેમને માત્ર કેટલીક વિધિને માટે, સૉલિસિટર રોકવા જેટલા ખર્ચમાં ઉતારવા નહીં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

૧. જુઓ "નાતાલનો પ્રવાસી કાયદો", પા. ૧૪૦.

૨. આ મૂળ ગુજરાતીમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

૧૫૨. જોહાનિસબર્ગમાં લોકેશન

જોહાનિસબર્ગની ટાઉન કાઉન્સિલે ઠરાવ કર્યો છે કે આવતા વર્ષના એપ્રિલ માસની પહેલી તારીખે કાફરોને મલાઈ લોકેશન નજદીક રહે છે ત્યાંથી ક્લિપસ્પ્રૂટ મોકલવામાં આવશે. ક્લિપસ્પ્રૂટ જોહાનિસબર્ગથી ૧૩ માઈલ દૂર છે. તેટલે દૂર કાફરો કેમ રહી શકશે તે શંકાભરેલું છે. ક્લિપસ્પ્રૂટમાં જ કાફર લોકેશનની નજદીક હિંદી બજાર કાઢવાનો વિચાર પણ કાઉન્સિલ માંગે છે અને ધારે છે કે જ્યારે કાઉન્સિલને તે બાબત સત્તા મળશે ત્યારે ત્યાં બજાર કાઢશે.

મલાઈ લોકેશનને લઈ લેવાની હિલચાલ ચાલી રહી છે એટલે હિંદીઓએ આજથી ચેતવાનું છે. સારામાં સારો રસ્તો એ છે કે જોહાનિસબર્ગ ગામમાં જ સૌ હિંદીએ પોતાનો સમાસ થાય એવી સગવડ કરી લેવી. જોકે અમે માનીએ છીએ કે મલાઈ લોકેશન લઈ લેતાં હજુ કેટલોક વખત વીતી જશે. અને આવતા જૂન માસ પહેલાં હિંદી વિષે નવા કાયદા થવાનો સંભવ નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

૧૫૩. ટ્રાન્સવાલના હિંદીઓને પરમિટ બાબત સૂચના

અમારી જાણમાં આવ્યું છે કે ગોરાઓનાં નામ પરમિટની અરજીવાળા પાસેથી માંગવામાં આવતાં હતાં; તે હવે બંધ થયું છે અને અગાઉ માફક માત્ર હિંદીની સાક્ષી આપી હશે તો ચાલશે. આજ દિવસ સુધી હિંદી સાક્ષીઓને બોલાવીને પૂછતા નહીં, પણ હવે પછી હિંદી સાક્ષીઓની જુબાની મૂળથી લેશે. એટલે બહુ સંભાળથી સાક્ષીઓ રજૂ કરવા અમે ભલામણ કરીએ છીએ.

છોકરાંઓની પરમિટ બાબત પણ ખુલાસો થયો જણાય છે કે જેઓનાં માબાપ ટ્રાન્સવાલમાં હોય ને જેઓ ૧૬ વરસની અંદરનાં હોય તેને પરમિટ મળી શકશે. તે બાબત છાપેલાં ફારમ છે તે વાલીએ અથવા બાપે ભરવાં પડશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

Gandhi Heritage Portal

૧૫૪. જાપાન ને અંગ્રેજી કૉલોની

અંગ્રેજ સરકારની સ્થિતિ જાપાનની સાથે કફોડી થવા લાગી છે. અંગ્રેજ સરકારે જાપાનની સાથે કોલકરાર કર્યા છે. જાપાન એ મોટું રાજ્ય છે એમ કબૂલ કર્યું છે. ઇંગ્લંડની બરોબર જાપાન છે એ કરારનામું બતાવે છે. એડમિરલ ટોગોને અંગ્રેજો નેલ્સનની બરોબર ગણે છે. અને ઇંગ્લંડમાં જે જાપાની રૈયત જાય તેને માનની સાથે તેઓ વધાવી લે છે.

આવી હકીકત ઇંગ્લંડમાં છે ત્યારે ન્યૂઝીલૅન્ડ કૉલોનીનો પ્રીમિયર મિ. સેડન કહે છે કે ઇંગ્લંડ જાપાન વચ્ચે કરારનામું થયું છે તેની સાથે તેને કંઈ સંબંધ નથી. તે ન્યૂઝીલૅન્ડમાં એક પણ જાપાનના માણસને નહીં ગરવા દે.

પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં જેમ રશિયાના માણસોની સામે સખત કાયદા છે તેમ જ જાપાનની રૈયત સામે છે. આથી કરીને જાપાનનું મન દુ:ખાયું છે. જાપાનના એલચીએ તે બાબત લખાણ કર્યું છે કે એવા કાયદા રદ થવા જોઈએ. તે ઉપરથી કૉલોનિયલ સેક્રેટરી મિ. લિટલટને લખાણ કર્યું છે કે ઑસ્ટ્રેલિયાના તે કાયદામાં ફેરફાર થવો જોઈએ. પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના પ્રધાને જવાબ આપ્યો છે કે તે કાયદામાં ફેરફાર એવો થશે કે જેથી જાપાનનું અપમાન ન થાય, પણ તે કાયદાની અસર તો જેવી છે તેવી જ રહેશે. એટલે કે હવે જાપાનને કડવી ગોળી રૂપેરી ગલેફ ચડાવીને આપવામાં આવશે.

આવી હાલતમાં ઇંગ્લંડ શું કરશે? કૉલોનીની પ્રજા આમ ઇંગ્લંડની રાજ્યનીતિની વિરુદ્ધ વર્તણૂક ચલાવ્યા કરે તે કૉલોનીને ઇંગ્લંડે તજી દેવા પડશે અથવા તો કૉલોનીની સાથે ઘસડાઈ ઇંગ્લંડે પોતાની રાજ્યનીતિમાં ફેરફાર કરવો પડશે.

જે હકીકત જાપાનને લાગુ પડે છે તે જ હકીકત હિંદુસ્તાનને લાગુ પડે છે. વળી હિંદુસ્તાનનો હક વધારે મજબૂત ગણાય, કેમ કે હિંદુસ્તાન તો અંગ્રેજી રાજ્યનો એક ભાગ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

Gandhi Heritage Portal

૧૫૫. કેપનો ઇમિગ્રેશન કાયદો

કેપમાં ઇમિગ્રેશન કાયદાની સખતાઈ વધતી ચાલી છે. આટલા દહાડા માત્ર દરિયાઈ વાટે જે માણસ આવે તેની ઉપર સખતાઈ હતી. હવે ટ્રાન્સવાલ વાટે જે કોઈ માણસ જાય તેની ઉપર પણ સખતાઈ ચાલવાની છે. કેપ ગૅઝેટમાં ધારા બહાર પડયા છે કે જે માણસ ટ્રાન્સવાલ-રસ્તે કેપ જશે તેની પાસે પુરાવો, તે કેપનો માણસ છે તેવો, હોવો જોઈશે. જો તે માણસ કેપમાં દાખલ થવાનો હક સાબિત નહીં કરે તો તેથી તેને પાછો મોકલવા વગેરેનું જે કંઈ ખર્ચ થાય તે તેણે કેપ સરકારને મજરે આપવું પડશે. એકલા[1] કેપના સત્તાધીશો એમ સૂચવે છે કે જેઓ કેપમાં જવા માંગતા હોય તેણે પહેલાં કેપના પાસ લઈ લેવા. કેપમાં પાસ મળતાં ઘણી મુશ્કેલીઓ પડે છે. જે માણસની પાસે જમીન ન હોય ને તેનાં બચ્ચાંઓ કેપમાં ન હોય તેને કેપનો તે માણસ રહેવાસી છે એમ સાબિત કરતાં ઘણી અડચણ પડે છે. બલકે તેવા માણસને પાસ મળતા જ નથી.

આ બાબતમાં બ્રિટિશ ઇન્ડિયન લીગે પગલાં ભરવાની પૂરતી જરૂર છે, નહીં તો કેપની સખતાઈ દહાડે દહાડે વધારે થતી જશે. કેપમાં લડત લેવાની કેટલીક સગવડ છે તેવી બીજી જગ્યાએ નથી. અને તે સગવડનો લાભ બ્રિટિશ ઇન્ડિયન લીગ લેશે એવો અમને ભરોસો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८-११-१९०५

૧૫૬. મોનસ્ટુઅર્ટ એલફિન્સ્ટન

એલફિન્સ્ટનનું કુટુંબ સ્કૉટલંડમાં પ્રખ્યાત છે. ૧૮મી સદીની આખરીમાં એ કુટુંબનું નામ ધરાવનારો મોનસ્ટુઅર્ટ એલફિન્સ્ટન ૧૬ વરસની નાની ઉમરે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની નોકરીમાં કલકત્તે ઊતર્યો. હિંદુસ્તાનમાં વખતોવખત ખળભળાટ ચાલ્યા જ કરે છે તે જ પ્રમાણે ૧૭૯૯ની સાલમાં બન્યું. અયોધ્યાનો પદભ્રષ્ટ નવાબ વજીરઅલી બનારસમાં નજરકેદ હતો. તેણે બનારસના રેસિડેન્ટની જગા ઉપર હલ્લો કર્યો. બનારસના અંગ્રેજી જડજે બીજી મદદ આવી પહોંચી ત્યાં સુધી ભાલા વતી બચાવ કર્યો. એલફિન્સ્ટન આ વેળા ત્યાં હતો. પણ બહાદુરીથી તેણે પોતાનો બચાવ કર્યો. ૧૮૦૦ની સાલમાં પૂના તરફ હંગામ[2] થઈ રહેતું હતું. એલફિન્સ્ટનને ત્યાં નોકરી મળી. આ દરમ્યાન તેણે ભાષાજ્ઞાન સારું મેળવ્યું હતું. અને લડાઈમાં પણ શૂર બતાવી જનરલ વેલેસ્લી[3]ને ખુશ કર્યો હતો. ત્યાર બાદ તેને નાગપુરના રેસિડેન્ટની જગ્યા મળી. અહીં તેણે પોતાનું જ્ઞાન વધાર્યું. એલફિન્સ્ટનને ૧૮૦૯ની સાલમાં કાબુલના અમીર પાસે મોકલવામાં આવ્યો હતો. તે વખતથી જ અમીરની ખુશામત બીકમાં ને બીકમાં ચાલતી

૧. "એકલા"ને બદલે કદાચ "એટલે" હોવું જોઈએ.

૨. હંગામો એટલે તોફાન.

૩. પાછળથી ડયુક ઑફ વેલિંગ્ટન.

Gandhi Heritage Portal

આવી છે. ત્યાં કાબુલ વાટે હિંદુસ્તાનની ઉપર ચઢાઈ થશે એ ભૂત ત્યારથી ભરાઈ રહેલું છે. અને આ હવાઈ ધાસ્તીમાંથી બચવાને અંગ્રેજ સરકારે પાણીની માફક પૈસો વાપર્યો છે. એવી જ ધાસ્તીથી એલફિન્સ્ટનને અમીરની સાથે કરારનામું કરવા મોકલવામાં આવ્યો હતો. પણ એલફિન્સ્ટનને ખાલી હાથે પાછા આવવું પડયું. એલફિન્સ્ટનની જગ્યાએ બીજો કોઈ માણસ હોત તો તે વગર સોંપેલું કામ કરવામાં હાથ ઘાલત નહીં અને તેમાં તેનો કંઈ દોષ પણ નહીં ગણાત. ઘણું કરીને પોતાના પગારની ઉપર નજર રાખ્યા વિના શોખને ખાતર માણસ જે કામ કરે છે તે માત્ર પગારદારી કામ કરતાં વધારે સરસ હોય છે. આવી સ્થિતિ એલફિન્સ્ટનની હતી. કાબુલના અમીરને મહાત કરવાની સત્તા તેનામાં ન હતી તેથી શું? અફઘાનિસ્તાનમાં પોતાનો વખત બીજી રીતે ગાળવાનું સાધન તેની પાસે હતું. તેણે ત્યાંના લોકો બાબત અને ત્યાંની જગાઓ બાબત પૂરતું જ્ઞાન મેળવ્યું અને આ જ્ઞાનનો તેણે અંગ્રેજી પ્રજાને લાભ આપ્યો. જોકે એલફિન્સ્ટન અફઘાનિસ્તાનથી નિષ્ફળ થઈ પાછા પડયા છતાં તેની આબરૂમાં તો વધારો જ થયો. ૧૮૧૧ની સાલમાં તેને પૂનાના રેસિડેન્ટની જગ્યા મળી. આ વેળા પીંઢારા[1] લોકો ગરીબ માણસોને બહુ પજવતા. હોલકર, વગેરે અંગ્રેજ ઉપર ચઢાઈ કરવા આતુર થઈ ગયા હતા. પૂનાનો પેશવા તે અંગ્રેજની તરફેણમાં હતો. પણ બહુ નબળો હતો. તેનો કારભારી ત્રંબકજી ઘણો ખટપટી હતો. ત્રંબકજીએ અઘોર કર્મ કરવાથી તેને પેશવાની મરજી ન હતી છતાં કેદ કરવામાં આવ્યો હતો. ત્યાંથી તે છટકયો અને હાથ નહોતો આવતો. એલફિન્સ્ટનની જાણમાં આવ્યું કે પેશવા પોતે અંગ્રેજી રાજ્ય સામે ખટપટ કરતો હતો. એલફિન્સ્ટનની પાસે બચાવનાં સાધન બહુ થોડાં હતાં, છતાં તે નીડર રહ્યો. જોકે તમામ વાત તેના જાણવામાં આવતી હતી, તોપણ પોતે એવી ગંભીરાઈથી રહ્યો કે કોઈ તેની તૈયારીઓ કળી શકતું ન હતું. છેવટે પેશવા ખુલ્લી રીતે સામે થયો. પેશવાઈ લશ્કર અંગ્રેજી છાવણી ઉપર ધસી આવ્યું અને એલફિન્સ્ટને એ લશ્કરને પોતાના ખોબા સરખા માણસોની મદદ વડે નસાડી મૂકયું. દરમિયાન જનરલ સ્મિથ એલફિન્સ્ટનની મદદે આવ્યો. બાજીરાવ પેશવાની તદ્દન હાર થઈ અને પૂના અંગ્રેજ સરકારે લઈ લીધું. બાજીરાવને પેન્શન આપ્યું. એલફિન્સ્ટનની આ વખતની બહાદુરી વિષે પ્રખ્યાત કેનિંગ કહી ગયો છે કે, "એલફિન્સ્ટન દીવાની અમલદાર છે. આપણા દીવાની અમલદારોની પાસે આપણે લડાઈની બહાદુરીની આશા રાખતા નથી. આપણા લડવૈયાઓ તાબે છે. આવા લડવૈયામાં એલફિન્સ્ટન શોભી નીકળે એવો લડવૈયો છે એમ તેણે પેશવાની સાથેની લડાઈમાં બતાવી આપ્યું છે. તે દીવાની કામમાં એક્કો છે એ તો બધા જાણે છે." બાજીરાવની સાથે લડાઈ પૂરી થયા પછી એલફિન્સ્ટનનું કામ વધારે અઘરું થયું. હવે તેણે લોકોની ઉપર રાજ્ય કરવાનો વખત આવ્યો. તે વખતના અંગ્રેજી રાજ્યકર્તાઓ લોકોની ઉપર બહુ લાગણી ધરાવતા. લોકોની ઉપર રાજ્ય ચલાવવાના નવા ધારાઓ દાખલ કરતાં પહેલાં લોકો પોતે કેવા રાજ્યથી માહિતગાર છે અને તેઓને કેવું રાજ્ય પસંદ પડશે તેનો વિચાર કરતા. આ પ્રમાણે એલફિન્સ્ટન વર્ત્યો. પુરાણાં મરાઠા કુટુંબો કેમ જળવાઈ રહે તે બાબત તેણે કાળજી રાખી. તેઓની જાગીરો અનામત રાખી અને આવા વિચારથી તેણે શિવાજીના વારસોને સારુ સતારા રાજ્ય સ્થાપ્યું. આથી મરાઠા બહુ રાજી થયા. તેણે લોકોની લાગણી જાણવાને પ્રયત્ન કર્યો અને તે લાગણી ન દુ:ખાય તેવી કાળજી રાખી. ૧૮૧૯ની સાલમાં આવા કોમળ ગુણવાળો એલફિન્સ્ટન મુંબઈનો ગવર્નર નિમાયો. તેણે લોકોનાં મન હરી લીધાં. કેળવણી ઉપર તેણે બહુ ધ્યાન આપ્યું.

૧. ૧૭મી અને ૧૮મી સદીના ઘોડેસવાર લૂંટારાઓ.

Gandhi Heritage Portal

હિંદુસ્તાનમાં લોકને કેળવણી આપવી એ અંગ્રેજ સરકારની પહેલી ફરજ છે એમ જાણનાર એલફિન્સ્ટનને પહેલો ગણીએ તો ચાલે. હાલ મુંબઈમાં એલફિન્સ્ટન કૉલેજ છે તે આ લોકપ્રિય ગવર્નરની યાદગીરીમાં સ્થપાયેલી; ન્યાયખાતામાં પણ તેણે બહુ સુધારા કર્યા છે. આમ તેણે આઠ વરસ સુધી મુંબઈમાં રાજ્ય ચલાવ્યું. જ્યારે મુંબઈનું રાજ્યપદ છોડયું ત્યારે તેને દરેક કોમ તરફથી બહુમાન મળ્યું. ત્યાર બાદ તેણે પોતાનો બાકીનો વખત વિલાયતમાં ગાળ્યો અને હિંદુસ્તાનનો ઇતિહાસ લખ્યો, જે પુસ્તક આજતલક વખણાય છે. તેને બે વખત ગવર્નર જનરલપણું આપવાની વિલાયતમાં કોશિશ થઈ, પણ એ મોટો હોદ્દો લેવાની પોતાની ખરાબ તબિયતને લીધે તેણે ના પાડી. ૧૮૫૯ના ડિસેમ્બરની ૨૧મી તારીખે ૮૧ વરસની ઉંમરે આ મહાન પુરુષ મરણ પામ્યો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८–११–१९०५

૧૫૭. સર આર્થર લૉલીને તાર

[જોહાનિસબર્ગ,
નવેમ્બર ૨૪, ૧૯૦૫ પછી][1]

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન નામદારની મદ્રાસના ગવર્નરપદે નિમણૂક થઈ તે બદલ અભિનંદન પાઠવે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧૫૮. નાતાલમાં માથાવેરો

નાતાલમાં માથાવેરો લેવાનો કાયદો થયો છે, તે બાબત ગવર્નમેન્ટ ગૅઝેટમાં કર કેમ ઉઘરાવવો એ બાબત ધારો[1] બહાર પડી ચૂકયો છે તે ઉપરથી જણાય છે કે, કર ઘણી સખતાઈથી ઉઘરાવવા માગે છે. એવા ઘણા હિંદીઓ છે કે જેઓને આ કર આપવો ભારે થઈ પડશે. ખરું જોતાં આ કર મુખ્યત્વે કરીને અહીંના દેશીઓ તથા હિંદીઓની પાસેથી પૈસા કઢાવવાને ખાતર નાખેલો છે. ઘણા ગરીબ હિંદીઓ છે, જેનાથી તે કર નહીં આપી શકાય. અમે માનીએ છીએ કે નાતાલની અત્યારે પૈસા સંબંધી એવી ખરાબ સ્થિતિ આવી પડી છે કે કંઈક કર તો લોકોની પાસેથી લીધે છૂટકો છે. માથાવેરાનો કાયદો પસાર થઈ ચૂકયો છે એટલે તેની સામે થવું એ ફોકટ છે. છતાં ગરીબ માણસોની પાસેથી જોરજુલમથી કઢાવવો, એ દેખીતો અન્યાય થશે. જેમ કે જે હિંદીઓને દર વરસે ત્રણ પાઉંડ આપવા પડે છે તેની પાસેથી ચોથો પાઉંડ લેવો એ દેખીતો જુલમ ગણાશે, એવા માણસોને તથા જો એવી સ્થિતિના હોય તેવાઓને સરકાર કરમાંથી મુક્ત

૧. નવેમ્બર ૨૪, ૧૯૦૫ના રોજ સર આર્થર લૉલી મદ્રાસના ગવર્નર નિમાયા હતા.

Gandhi Heritage Portal

કરે, તો બહુ ઠીક કહેવાશે. એ વિષય ઉપર અમે ઇંગ્રેજી વિભાગમાં આ વખતે ઘણું લખ્યું છે. હિંદીઓની ઉપર કેટલીક વખત એવું બહાનું રાખવામાં આવે છે કે, તેઓ બિલકુલ કૉલોનીની મહેસૂલમાં હિસ્સો આપતા જ નથી, આ વાત તદ્દન ભૂલભરેલી છે કેમ કે જેઓ વેપારી છે તેઓ પોતાનો હિસ્સો પૂરતો આપે છે, અને જેઓ મજૂરવર્ગના છે તેઓ મજૂરી કરી પોતાની ફરજ બજાવે છે. મજૂરીમાંથી જેટલો ફાયદો કૉલોનીને મળે છે તેટલો જે લોકો પૈસો આપી છૂટી જાય તેઓમાંથી નથી મળતો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५-११-१९०५

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

માથાવેરો

માથાવેરો નાખવા બાબત અમારી પાસે સેંકડો હિંદીઓ તરફથી જે ફરિયાદો આવી છે તેને પ્રસિદ્ધ કરવાનું અમારે માટે ગેરડહાપણભર્યું થશે. અંગત રીતે, અમે માનીએ છીએ કે દરેક સજ્જન નાગરિકે સંસ્થાન હાલ જે મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યું છે તેમાં ભાગ લેવો જોઈએ ને એમ કરવાની સૌથી ઉત્તમ અને વ્યવહારુ રીત એ છે કે સંસ્થાનની મહેસૂલમાં ખાસ ફાળો આપવો. સરકારને માથાવેરાનો કાયદો પસાર કરવાનું પગલું યોગ્ય લાગ્યું છે, અને દરેક જણે, પોતે ગમે તે કોમના હોય તોપણ એને સ્વીકારી લેવો જોઈએ તથા બને તેટલા હસતે મુખે એ ભરવો જોઈએ. આ કાંઈ ગણિતના આંકડા મૂકવાની અથવા ધનવાન જેટલું જ ગરીબોએ પણ આપવું પડશે એવો વિચાર કરવાની બાબત નથી. માથાવેરો હંમેશાં લોકને અળખામણો નીવડ્યો છે, અને તેનો બોજો સમાજના ગરીબમાં ગરીબ લોકો પર વધારે પડે છે. દક્ષિણ આફ્રિકા માટે આ કોઈ નવીન વસ્તુ કે નવો અનુભવ નથી. ટ્રાન્સવાલમાં તો એ દર વર્ષે, જ્યારે દેશ આબાદાનીની ટોચ પર હતો ત્યારે પણ, વસૂલ કરવામાં આવતો હતો, જોકે ત્યાં વસૂલ કરવામાં બહુ સખતાઈ કરવામાં નહોતી આવતી.

અત્યારના જેવા મંદીના સમયમાં, જ્યારે લોકને કામની અછત છે ને રોકડ નગદ નાણાંની એથી વધુ અછત છે ત્યારે, બૈરી-છોકરાંવાળા ગરીબ મજૂરને એકી વખતે એક આખો પાઉંડ આપવો પડે તે નાનીસૂની વાત નથી. ખુલ્લું છે કે માથાવેરાનો બોજો પ્રમાણમાં વધારે ગરીબ વર્ગને જ વધારે લાગે છે. એવા હજારો હિંદીઓ છે જેમને માટે એક પાઉંડ એ નાની રકમ નથી. દૃષ્ટાંત તરીકે, હમણાં જ જે લોક ગિરમીટમુક્ત થયા હોય ને જેમણે સંસ્થાનમાં વસવાનું પસંદ કર્યું હોય તેમનો દાખલો લો. સંસ્થાનમાં રહેવાની પરવાનગીની કિંમત તરીકે તેમણે, તેમનાં બાળકો સહિત, જણ દીઠ ત્રણ પાઉંડ ટૅક્સ ભરવો પડે છે અને હવે તેમણે વધારાનો એક પાઉંડ ભરવો પડશે. આથી, સ્પષ્ટ છે કે આવા લોકો પાસેથી એ કર વસૂલ કરવો એ ભારે અન્યાય છે. અનેક નાના હિંદી ખેડૂતોની સ્થિતિ પણ લગભગ એવી જ છે. રોજનો રોટલો કૂટી કાઢવા એમને લાંબો વખત સખત મજૂરી કરવી પડે છે. તેમને 'ખેડૂત'નું મોટું માનવાચક નામ આપવુ એ તદ્દન ખોટું છે, કારણ કે વસ્તુતઃ તેઓ સીધાસાદા ખેતમજૂર છે. હિંદીઓ સંસ્થાનના મહેસૂલમાં

Gandhi Heritage Portal

પૂરતો ફાળો ભરતા નથી એવી દલીલ ઘણી વાર કરવામાં આવી છે. એવું કહેનારાએ તે દલીલ વગર વિચાર્યે કરી છે. દુનિયામાં કોઈ દેશ મજૂરવર્ગ પર કર નાખતો નથી, કેમ કે ખુદ મજૂરી જ અતિ ઉત્તમ પ્રકારનો ફાળો છે. મજૂરી પર જ દેશની સમૃદ્ધિનો આધાર છે.

આ ભૂમિના આદિવાસીઓ તથા હિંદીઓને વધારેમાં વધારે અસર કરે એ ગણતરીથી માથાવેરો નાખવામાં આવ્યો છે એમાં શંકા નથી. ટ્રાન્સવાલનાં વર્તમાનપત્રોએ તે મુદ્દો સહેલાઈથી પકડી પાડયો છે. યુરોપિયનોને ભેગા લેવામાં આવ્યા છે તે તો એવો દેખાવ કરવા કે આ સૌને લાગુ પડતો સર્વસામાન્ય કાયદો છે, પરંતુ એને અમે એ દૃષ્ટિએ જોવા ઇચ્છતા નથી. એ કાયદો પસાર થઈ ચૂકયો છે, અને તેને માટે જોકે અમે સરકારને તે પોતાની જાતને આપે તેથી વધારે અભિનંદન આપી શકતા નથી, છતાં આપણે સૌએ એ નિર્ણય સામે માથું નમાવવાનું છે. સાથે સાથે અમે આ અંકમાં પ્રસિદ્ધ થયેલો[1] માથાવેરા વિષેનો ખાસ લેખ સત્તાવાળાઓને તેમ જ સાધારણ જનતાને ધ્યાનપૂર્વક વાંચવા ભલામણ કરીએ છીએ.

પરંતુ કાયદો કરનારાઓનો ઇરાદો ગમે તે હોય તોપણ અમારું કામ ફરિયાદ કરવાનું નથી, જોકે, અમારા અભિપ્રાય અનુસાર, કાયદાનો આ ખ્યાલ તેમ જ અમે અત્રે દર્શાવેલી હકીકતો સહેજ પણ ભૂલ વિના સાબિત કરે છે કે જે લોકો ખરેખર કર ભરી શકવાની સ્થિતિમાં નથી તેમને મુક્તિ આપવા બાબત સરકારે બહુ વિવેક વાપરવો પડશે. તેથી, કર ઉઘરાવવા માટે પ્રસિદ્ધ થઈ ચૂકેલા નિયમોમાં યોગ્ય સુધારા કરવામાં આવે, અને ઉઘરાતદારોને પોતાની મુનસફી અનુસાર સમાજના સૌથી ગરીબ લોકને મુક્તિ આપવાની સત્તા આપવામાં આવે એ બહુ જરૂરી છે. આવો કર વસૂલ કરવાનું કામ એ નિ:શંક સરકારની તથા એ કર જે લોકને ભરવાનો છે તેમની વચ્ચે પરસ્પર સમજૂતીનું કામ છે. તેમ ન થાય તો, એક આદિવાસી વક્તાએ તાજેતરમાં ચીફ મૅજિસ્ટ્રેટે ભરેલી એક સભામાં સ્પષ્ટ કહ્યું હતું તેમ, "સરકારે કર ન ભરનારા-ઓને રાખવા માટે સંસ્થાનના માર્ગો પર કેદખાનાંની હાર બાંધવી પડશે."

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २५–११–१९०५

૧૫૯. મિ. હૅરી સ્મિથ અને હિંદીઓ

સોમાલી સ્ટીમર પર હિંદી પ્રવાસીઓ સાથે થયેલા ગેરવર્તાવના આક્ષેપ બાબત અમારી તંત્રીનોંધના[2] ઉત્તર રૂપે પ્રવાસી પ્રતિબંધક અધિકારી તરફથી મળેલો પત્ર અમે ગયે અઠવાડિયે છાપ્યો હતો.

આટલો જલદી ઉત્તર આપવા માટે અમે મિ. સ્મિથના આભારી છીએ, પરંતુ અમારે કહેવું જોઈએ કે આ ઉત્તર નિરાશાજનક છે. જે હકીકતો અમારા પત્રલેખકે રજૂ કરેલી અને બીજા એક પત્રલેખકે જેનું સમર્થન કરેલું તે હકીકતો ઘણીખરી સાચી છે એ સ્પષ્ટ છે. અમારા પત્રલેખકની ફરિયાદોને મિ. સ્મિથે છ ભાગમાં વહેંચી છે. તેમાંની ત્રણનો સંબંધ સ્ટીમર પરની વ્યવસ્થા સાથે છે. મિ. સ્મિથ આમાંની કોઈ બાબતની જવાબદારી સ્વીકારવાની ના પાડે છે, અને જણાવે

૧. અહીં ફરી છાપ્યો નથી.
૨. જુઓ "નાતાલનો પ્રવાસી કાયદો", પા. ૧૪૦.

Gandhi Heritage Portal

છે કે પ્રવાસીઓને લાવનાર લઈ જનાર તરીકે સ્ટીમર કંપની એ બાબત જવાબદાર છે. નિયમોની દૃષ્ટિએ, અલબત્ત, મિ. સ્મિથની વાત ખરી છે. પરંતુ અમે એમ માનીએ છીએ કે પ્રવાસી પ્રતિબંધક કાયદો જેમને લાગુ પડતો હોય તે સૌના યોગ્ય વર્તન માટે જવાબદાર મુખ્ય અમલદાર તરીકે મિ. સ્મિથ, એ કાયદાના અમલમાંથી નિ:શંક રીતે ઉદ્ભવેલી મુસીબતોને આમ ટાળી દઈ શકે નહીં. વાસ્તવિક રીતે તો, જો મિ. સ્મિથે રજૂ કરેલી દલીલ ખરી માનીએ તો પછી બીજા વિભાગો હેઠળ આવતા વર્તાવ બાબત પણ પોતે જવાબદારીનો ઇનકાર કરી શકે, કેમ કે, કાયદાના અક્ષરાર્થ અનુસાર તો, વહાણવાળી કંપની ભંડકિયામાં ઉતારુઓ ભરી લાવી હોય તેમને યોગ્ય ખોરાક મળે છે કે નહીં અથવા કિનારા પરના લોકો સાથે તેમને સંદેશવ્યવહાર કરવા દેવામાં આવે કે નહીં એ જોવાની એમની ફરજ નથી જ; કેમ કે વહાણ સાથેનો સંદેશવ્યવહાર વહાણમાલિકના કાબૂ હેઠળ હોય છે. પરંતુ મિ. સ્મિથે આવી ન ટકી શકે એવી દલીલ કરવાનું ઉચિત માન્યું નથી. બધી ફરિયાદોનો એકંદર ખ્યાલ કરવો જોઈએ અને તેને તે રીતે લેવી જોઈએ. વળી, એને વિષે લાગણીશૂન્ય બનીને નહીં પણ સહૃદયતા અને સહાનુભૂતિથી વિચાર કરવો જોઈએ જે રીતની ભાવના અમે મિ. સ્મિથમાં લગભગ હંમેશ જોઈ છે. એટલે તેમના પત્રથી અમને આઘાત લાગ્યો છે, તેમાં અમને તેમની માનવતા દેખાતી નથી પણ ખાતાના ઉપરીની ગણતરીબાજ હૃદયહીનતા દેખાય છે, જે ગમે તેટલું માનવદુ:ખ નિહાળીને જરા પણ ચલિત થતી નથી. કાયદો હો કે ન હો, મિ. હૅરી સ્મિથ જેવા સ્વભાવના અમલદાર પાસેથી અમે મોટા પ્રમાણમાં ઉદાર વર્તાવની આશા રાખીએ છીએ. જો ફરિયાદો સાચી સાબિત થઈ છે એમ માનીએ તો, શું પ્રવાસીખાતું વહાણવટાની કંપનીઓ સાથે એવી સમજૂતી પર ન આવી શકે (અને આવી વસ્તુઓ કાયદાનો માત્ર અક્ષરાર્થ જોતાં અનાવશ્યક હોવા છતાં આજ પહેલાં થયેલી છે) કે જેથી અગવડ તદ્દન દૂર ન થાય તોપણ કંઈક ઓછી તો થાય જ? આખરે તો, ભંડકિયામાં રાખેલા પ્રવાસીઓ માત્ર શંકાસ્પદ પ્રવાસીઓ જ હતા. તે પૈકી ઘણાને સંભવિત છે કે સંસ્થાનમાં ઊતરવાનો હક હતો. અને ઘણાને સંસ્થાનમાં થઈને સહીસલામત પ્રવાસ કરવાનો અધિકાર હતો, ને તેથી જ્યાં લગી એમના કેસની તપાસ થવાની બાકી હતી ત્યાં લગી પ્રવાસીખાતાને એ લોક સાથે યોગ્ય વર્તાવ રખાય તે બાબત ધ્યાન રાખવા જેટલો સંબંધ તો હતો જ. જો આ પ્રવાસીઓ પર દેખરેખ રાખવાની વ્યવસ્થા કાંઈક જુદી રીતે થઈ હોત તો તેમાં કશું અસાધારણ બની નહીં જાત. વળી, જ્યારે એમણે કિનારા પર જવાના પાસની માગણી કરી ત્યારે તેનો ઇનકાર શા માટે કરવામાં આવ્યો? અને શા માટે એમને વકીલની મદદ લેવાની ફરજ પડી? અમે કબૂલ કરીએ છીએ કે રહેમદિલીથી કાયદાનો અમલ કરતાં જરા વધારે ખર્ચ થાય, જરા વધારે ધીરજ રાખવી પડે, ને કીમતી સમય પણ બગડે; પરંતુ અમે માનીએ છીએ કે એથી પ્રવાસીઓને જે સગવડ કે આસાએશ મળે તેની સરખામણીમાં એ બધું વધારે ન કહેવાય.

મિ. સ્મિથના પત્રમાંથી આડવાત તરીકે એક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે, જેની તરફ તરત ધ્યાન આપવાની જરૂર છે. તાબાના કર્મચારીઓને કેટલીક ખાતારાહે સૂચના અપાયેલી હોય એવું સ્પષ્ટ દેખાય છે જેની જનતાને કશી જ માહિતી નથી. જનતાને તેની સાથે નિકટનો સંબંધ છે એ જોતાં, જો એ સૂચનાઓની જાણ જનતાને કરવામાં આવે તો પરિણામે કાયદાના અમલમાં સરળતા થશે.

મિ. સ્મિથના પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં જે એવું કહ્યું છે કે પ્રવાસીખાતાના તેમ જ પોલીસખાતાના અમલદારો બીજા કોઈ જેટલા જ કાયદાને આધીન છે, તે સંબંધમાં એટલું સ્પષ્ટ છે

Gandhi Heritage Portal

કે સામાન્ય ગરીબ પ્રવાસી ભાગ્યે જ આવા કેસ કોર્ટે લઈ જઈ શકે. મુદ્દો એ છે કે અપમાન સામે કે અઘટિત વર્તાવ સામે એમને રક્ષણ આપવાની કોઈકની તો ફરજ હોવી જોઈએ. અમે કબૂલ કરીએ છીએ કે આ કાયદાથી ઘણા હિંદીઓની લાગણી ઉશ્કેરાય છે, પણ તેનું અમને કશું આશ્ચર્ય થતું નથી. વળી આથી તેઓ કેટલીક વાર એક જાતની અતિશયોક્તિ કરી બેસે છે, એ પણ સંભવત: સાચું છે. પરંતુ દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં મુકાયેલા બીજા લોકો, હિંદીઓ કદી ગયા હોય અગર જવાનો સંભવ હોય તેથી પણ ઘણા આગળ, ગયેલા છે એના દાખલા પ્રસિદ્ધ છે. જે અધિકારીને લોકોની સ્વાભાવિક સ્વતંત્રતાને નિયંત્રિત કરવાની કંટાળાજનક ફરજ લાગલાગટ અદા કર્યા કરવી પડે છે તેને એવી ટેવ પડી જાય છે કે પજવનારાં નિયંત્રણોની પરિસ્થિતિમાં કોઈ પણ મનુષ્યના માનસિક વ્યાપારના સ્વાભાવિક પરિણામને પણ તે દુર્ગુણ માની બેસે છે, અને હિંદીઓને જે વિશિષ્ટ પરિસ્થિતિમાં મૂકવામાં આવ્યા છે તેવી સ્થિતિમાં રહેતા લોકો પ્રત્યે થોડે અંશે પણ ન્યાયી બનવું હોય તો સમજદાર માણસોએ પણ ઉપરની વાત ધ્યાનમાં રાખવી જોઈશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २५–११–१९०५

૧૬૦. બદરુદ્દીન તૈયબજી[1]

બદરુદ્દીન તૈયબજીનું નામ હિંદુસ્તાનમાં પ્રખ્યાત છે. મુંબઈ ઇલાકામાં તો તેમને સૌ કોઈ જાણે છે. બદરુદ્દીન તૈયબજીએ ઘણી નાની ઉમરથી પોતાની શક્તિનો દેખાવ આપેલો અને નિશાળમાં ઘણો જ સરસ અભ્યાસ કરેલો. તેમની કેળવણી એવી સરસ હતી કે તેમને વિલાયત મોકલવાનો તેમના મોટેરાઓએ વિચાર કર્યો. સર ફિરોજશાહ[2] અને બદરુદ્દીન તૈયબજી એકવડિયા હતા અને એક જ વખતના અભ્યાસી હતા. વિલાયત જનારા હિંદીઓમાંથી મુંબઈ ઇલાકામાંથી એ લગભગ પહેલા હતા. વિલાયતમાં એમણે ઘણો સરસ અભ્યાસ કર્યો. ત્યાં માન મેળવી મુંબઈ પાછા ફર્યા અને બૅરિસ્ટરો તરીકે બહુ પ્રખ્યાતિ મેળવી. બદરુદ્દીન તૈયબજીની સરખામણી હમેશાં મોટા ઇંગ્રેજી બૅરિસ્ટર સાથે કરવામાં આવતી. તેમણે પ્રખ્યાત એનસ્ટી બૅરિસ્ટર તથા ઇનવેરારિટીની સાથે ટક્કરો લીધેલી છે. જ્યારે પોતે બૅરિસ્ટરનું કામ કરતા ત્યારે એવા ભાગ્યે જ મોટા કેસો હતા કે જેમાં તેઓ સાહેબને એક અથવા બીજા પક્ષકાર તરફથી રાખવામાં ન આવ્યા હોય. ભાષણ કરવાની શક્તિ અને કાયદાનું જ્ઞાન ઘણા ઊંચા પ્રકારનાં હોવાથી જડજોને તેઓ ખુશ કરતા અને પંચનું મન હરી લેતા. કાઠિયાવાડમાં મોટા દરબારી કેસોમાં તેઓ સાહેબ ઘણી વેળા આવેલા અને જીતો મેળવેલી. પણ તેમનો મોટામાં મોટો કેસ નવાબજાદા નસુરલાખાનનો બચાવ કર્યો તે ગણીએ તો ચાલે. નવાબજાદાની ઉપર સુરતના કલેક્ટર મિ. લેલીએ રૂ. ૧૦,૦૦૦ની લાંચ આપવાનું તહોમત મૂક્યું હતું. મિ. લેલીએ તે બાબત બહુ સખત જુબાની આપી, અને મુંબઈના ચીફ મૅજિસ્ટ્રેટ મિ. સ્લેટરે ઘણો સખત ઠરાવ આપ્યો ને નવાબજાદાને છ મહિનાની જેલની સજા કરી. આ ઠરાવ સામે અપીલ કરી તેમાં

૧. (૧૮૪૪થી ૧૯૦૬).

૨. જુઓ પુસ્તક ૧, પા. ૨૯૩.

Gandhi Heritage Portal

મિ. બદરુદ્દીન રોકાયા હતા અને તેમણે કાયદાની દલીલો એવી સરસ કરી કે જસ્ટિસ પારસને નવાબજાદાની ઉપર થયેલી સજા રદ કરી અને મિ. લેલીને ખાસડાં માર્યાં. આમ જીતો તો મિ. બદરુદ્દીને ઘણી મેળવી પણ એક ખાનદાની માણસને નામોશીમાંથી બચાવી જેલમાં જતા અટકાવ્યા. એથી બદરુદ્દીન તૈયબજીની કીર્તિ વધારે દીપી નીકળી. થોડા વખત બાદ તેમને મુંબઈ સરકારે જડજની પદવી આપી તે તેમણે સ્વીકારી. જોકે જડજનો પગાર દર માસે રૂ. ૩,૭૫૦નો છે છતાં તે પગારથી જસ્ટિસ બદરુદ્દીનને તો ખોટ જ છે. તેમના વકીલાતના ધંધામાં એમ કહેવાય છે કે તેમની કમાણી દર વરસે રૂ. ૧,૦૦,૦૦૦ની થતી. જડજ તરીકે જસ્ટિસ બદરુદ્દીનનું કામ ઘણું સરસ ગણાય છે. પોતે અત્યંત સ્વતંત્ર રહી ચુકાદા કરે છે ને વકીલો, અસીલો બધાને સંતોષ આપે છે.

જસ્ટિસ બદરુદ્દીને જેમ વિદ્વત્તામાં અને પોતાના ધંધામાં નામ કાઢયું છે તેમ જ જાહેર કામમાં પ્રખ્યાતિ મેળવી છે. હિંદી કેળવણી, તેમાં પણ મુખ્યત્વે કરીને મુસલમાનોમાં કેળવણી, પસારવા તેમણે બહુ મહેનત કરી છે. સ્ત્રીકેળવણીને હમેશાં તેઓ સાહેબ ઉત્તેજન આપે છે. તેમની ધણિયાણી અને દીકરીઓ બધી સારી કેળવણી પામેલ છે. રાજ્યદ્વારી કામમાં તેઓ સાહેબે સારો ભાગ લીધેલો છે. જસ્ટિસ રાનડેની સાથે તેઓએ ઘણું કામ કર્યું છે. હિંદી નેશનલ કૉંગ્રેસના તેઓ અગ્રેસર કામ કરનાર હતા. અને કૉંગ્રેસનું પ્રમુખપદ પણ તેમણે ભોગવ્યું છે.[1] કૉંગ્રેસના પ્રમુખ થયા હતા ત્યારે તેમનું ભાષણ એવું સરસ હતું કે તે હજુ સુધી સરસ ભાષણોમાંનું એક ગણાય છે. પોતે ન્યાયની ખુરશી ઉપર બેઠા છે છતાં દેશદાઝ તેટલી જ રાખે છે. કેળવણીમાં ભાગ લે છે. હમેશાં સ્વભાવે નમ્ર તથા માયાળુ રહે છે. તેમનું ઇંગ્રેજી જ્ઞાન જેવું ઉત્તમ છે તેવું જ હિંદુસ્તાની ભાષાનું જ્ઞાન છે. ઉર્દૂ ભાષણ કરવામાં મુંબઈ ઇલાકામાં તેઓ સાહેબને થોડા જ પહોંચી શકશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५-११-१९०५

૧૬૧. લૉર્ડ સેલબૉર્ન અને ટ્રાન્સવાલના હિંદી[2]

[ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદીઓની સ્થિતિ અંગે લૉર્ડ સેલબૉર્નને અરજી રજૂ કરતી વેળા મિ. ગાંધીએ નીચે પ્રમાણે ભાષણ કર્યું.]

આપનો અમૂલ્ય વખત રોકી આપે ડેપ્યુટેશનને મળવાની રજા આપી તેથી ઍસોસિયેશન આપનો આભાર માને છે. આપે બધા સવાલો ઉપર ખૂબ ધ્યાન આપ્યું છે તેથી અમે ધાર્યું કે આપ નામદારને લેખિતવાર અરજી આપવા કરતાં આપને મળીને અમારી લાગણી બતાવીએ તો વધારે ઠીક. જે અરજી આપને રજૂ કરવાની છે તે અરજી બાબત હું વિવેચન કરું તે પહેલાં

૧. ૧૮૮૭માં મદ્રાસ ખાતે.

૨. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનું ડેપ્યુટેશન નામદાર લૉર્ડ સેલબૉર્નને નવેમ્બરની ૨૯મી તારીખે બપોરે ત્રણ વાગ્યે ગાંધીજીની આગેવાની હેઠળ મળ્યું. તે વખતે શેઠ અબદુલ ગની, શેઠ હાજી હબીબ, શેઠ અયુબ હાજીબેગ મહમદ, શેઠ ઈ. એસ. કુવાડિયા, મિ. પી. મુનસામી મુનલાઈટ હાજર હતા.

Gandhi Heritage Portal

મને આપ નામદારનું ધ્યાન તે બાબત પર ખેંચવાનું ઍસોસિયેશન તરફથી ફરમાન થયું છે. ન્યૂસ-પેપરોમાં એમ હકીકત આવી છે કે આપે પૉચેફસ્ટ્રૂમમાં ગોરાઓને એવો ભરોસો આપ્યો છે કે આવતે વર્ષે ધારાસભા મળે અને હિંદી સવાલ બાબત વિચાર કરે ત્યાં સુધી કોઈ પણ નવા હિંદીને દાખલ થવાની રજા આપવામાં આવશે નહીં. જો આ વાત ખરી હોય તો આપ નામદારને હું બતાવીશ કે એથી કરીને હિંદીઓના ચાલતા હકને ધક્કો પહોંચશે. વળી અરમીલોમાં વેપારીની વાત કરતાં આપ સાહેબે કુલી વેપારી એવો શબ્દ વાપરેલો આથી હિંદીઓને બહુ દર્દ લાગેલું. પણ ઍસોસિયેશનને એમ ખાતરી આપી છે કે ઘણે ભાગે તો આપ નામદારે એ શબ્દ વાપરેલો નહીં હોય અને જો વાપરેલો હશે તોપણ અપમાન કરવાના ઇરાદાથી નહીં. એ શબ્દની વપરાશથી નાતાલમાં એક વખતે ભારે ખળભળાટ થયો હતો. તે એટલે સુધી કે સર વૉલ્ટર રૅગને તે બાબત વચમાં આવવું પડયું હતું. આપ જાણો છો કે "કુલી"નો અર્થ મજૂર એવો થાય છે એટલે વેપારીના સંબંધમાં તે શબ્દ વાપરવામાં આવે તો તે બરોબર નથી, એટલું જ નહીં પણ એથી અપમાન થાય છે.

પરમિટ

અરજી ઉપર વિવેચન કરતાં પ્રથમ તો હું પરમિટના કાયદા વિષે બોલવાની રજા લઉં છું. ટ્રાન્સવાલ બ્રિટિશ રાજ્યની સાથે જોડાયેલું એ વખતે ઘણા હિંદી લોકોએ નાતાલમાં લડાઈની વખતે મદદ કરેલી તેનાં વખાણ કરતા હતા. એક ઝાડ ઉપર બેસીને જ્યારે જ્યારે બોઅરની બંદૂક ફૂટતી ત્યારે ત્યારે પરભુસિંગ ઘંટ વગાડતો હતો. તેની બહાદુરી વિષે જ્યૉર્જ વ્હાઈટ તાજેતરમાં જ બોલી ગયા હતા. નાતાલ ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ કોરનાં વખાણ જનરલ બુલરે કરેલાં તે સૌએ વાંચ્યાં હતાં[1] અને ટ્રાન્સવાલમાં રાજ્યસત્તા લડવૈયા અમલદારોના હાથમાં હતી કે જેઓ, હિંદીઓને ઓળખતા હતા. તેથી જે હિંદી રેફ્યુજી વાટ જોઈને બેઠા હતા તેઓ વગર મુશ્કેલીથી ટ્રાન્સવાલમાં આવી શકયા. પણ ગોરા લોકોની વસ્તી તેથી એકદમ સામે થઈ અને દબાણ ચલાવવા હિલચાલ કરી. પરિણામ એ આવ્યું કે ટ્રાન્સવાલમાં જગ્યાએ જગ્યાએ એશિયાટિક ઑફિસો નિમાઈ. અને તે દિવસથી તે આજ દહાડા સુધી હિંદી કોમને જંપ વળ્યો નથી. તદ્દન પરદેશી લોકોને અરજી કરતી વખતે જ પરમિટો મળતી, પણ હિંદી રેફ્યુજી હોય એ છતાં તેને એશિયાટિક અમલદારને લખવું પડતું. ત્યાર બાદ તેની અરજી કૉલોનિયલ ઑફિસમાં જતી. આમ કરતાં બહુ વખત લાગતો. છ છ મહિના બલકે વર્ષ પણ નીકળી જતું. વળી કૉલોનિયલ ઑફિસે એવો ધારો કાઢયો હતો કે અમુક સંખ્યામાં જ પરમિટો હિંદીને સારુ નીકળી શકે. આનું પરિણામ એમ આવ્યું કે એશિયાટિક ઑફિસમાં સડો દાખલ થયો અને પરમિટ એજંટો વધી પડયા. તેઓએ ગરીબ રેફ્યુજીને ધૂતવાનું શરૂ કર્યું અને સૌ જાણે છે કે દરેક રેફ્યુજીને ટ્રાન્સ-વાલમાં આવતાં ૧૫થી ૩૦ પાઉંડ સુધીનું ખર્ચ થતું. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને આ બાબતની ખબર પડતાં તેને અરજીઓ કરી અને છેવટે એશિયાટિક ઑફિસો નીકળી ગઈ. તોપણ પરમિટ આપવાના ધારા તો લગભગ એના એ જ કાયમ રહ્યા. પરમિટ સેક્રેટરીને કૉલોનિયલ ઑફિસ તરફથી હુકમ લેવો પડે છે, એટલે જે કાયદો માત્ર બંડખોરોને સારુ દાખલ કરવામાં

૧. સર, રેડવર્સ હેનરી બુલરના ખરીતા મુજબ, બોઅર લડાઈ દરમિયાન, સ્પિયાંકોપ આગળ બ્રિટિશોની પીછેહઠ બાદ હિંદી ઍમ્બ્યુલન્સ કોરના સ્વયંસેવકોએ, જોખમ ખેડવાને બંધાયેલા નહીં હોવા છતાં ગોળીબારની હદની અંદર દાખલ થઈને કામકાજ કર્યું. જુઓ પુસ્તક ૩, પા. ૨૪૯–૫૦.

Gandhi Heritage Portal

આવ્યો હતો તે કાયદો હિંદીઓને ઈજા દેવાને સારુ વાપરવામાં આવે છે. હાલ પણ પરમિટ મળતાં ઘણો વખત જાય છે, અને કોઈ વખતે જ મહિનાના મહિના રાહ જોયા સિવાય પરમિટ મળી શકે છે. ગમે તેવો હોદ્દો ધરાવતો હિંદી હોય તોપણ તેણે ખસૂસ ફારમની ઉપર બે સાક્ષીઓ આપી અરજી કરવી પડે છે અને તેની ઉપર અંગૂઠો પાડવો પડે છે. ત્યાર બાદ તપાસ ચાલે છે અને ત્યાર પછી પરમિટ મળે છે. કેમ જાણે આટલું બસ ન હોય તેમ મિ. લવડે અને તેના ભાઈબંધના તોહમતને લઈને ચીફ સેક્રેટરીને લઈને યુરોપિયન સાક્ષી લેવામાં હુકમ થયો. આનો અર્થ એમ થયો કે હિંદી રેફ્યુજીને પણ આવવાની બંધી. કેમ કે આવા વીસ હિંદી નહીં મળી શકે કે જેને સારા યુરોપિયનો નામથી તેમ જ ચહેરાથી ઓળખી શકે. આ ઉપરથી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને લખાણ કર્યું. દરમ્યાન પરમિટો લેવી બંધ થઈ અને માત્ર થોડી મુદત થયાં જ સરકારને કબૂલ કરવું પડ્યું છે કે યુરોપિયન સાક્ષીઓ માગવા એ અન્યાયની વાત છે. યુરોપિયન સાક્ષીની વાત હવે નીકળી ગઈ છે તો બીજી હરકતો દાખલ થઈ છે. સોળ વર્ષની અંદરનાં છોકરાંઓને પરમિટ લેવી પડે છે. એટલે કેટલાક એવા કેસો બનેલા છે કે જેમાં દશ વર્ષની ઉંમરના છોકરાંઓને પોતાના બાપની પાસેથી ખેંચી લેવામાં આવ્યાં છે અને સરહદ ઉપર રોકવામાં આવ્યાં છે. આમ શા સારુ કરવામાં આવ્યું છે તે અમે સમજી શકયા નથી.

નામદાર હાઈ કમિશનરે પૂછયું: તમને એવા દાખલાની ખબર છે કે જેમાં બાપે અગાડી-થી જ કહ્યું હોય કે આ મારાં છોકરાં છે છતાં તેને રોકવામાં આવ્યાં હોય?

મિ. ગાંધી: હા જી. એમ કહેલું હોય છતાં પણ બાપની પાસેથી રજા આપ્યા પહેલાં ઍફિડેવિટ લેવામાં આવે છે. મારા સમજવા પ્રમાણે તો જ્યાં સુધી માબાપને દેશની અંદર આવજાવ કરવાનો હક હોય ત્યાં સુધી તેઓનાં નાનાં છોકરાંઓ ન આવી શકે એવો કાયદો કોઈ પણ સુધરેલા મુલકમાં નથી. વળી જેનાં માબાપ ન મરી ગયેલાં હોય અથવા તો ટ્રાન્સ-વાલમાં ન હોય તેવાં છોકરાંઓને તો કૉલોનીમાં આવવાની કે રહેવાની રજા બિલકુલ આપવામાં આવતી નથી. આ બહુ ગંભીર વાત છે.

આપ નામદાર જાણો છો કે હિંદુસ્તાનમાં બધે ઠેકાણે એક કુટુંબનાં માણસો સાથે જ રહે છે. વર્ષોનાં વર્ષોથી એક માબાપનાં છોકરાં એક જ ખોરડામાં રહે છે અને તેમાં ઘણી વખતે કમાનારો એક જ હોય છે. એટલે હિંદી માણસો પોતાનાં સગાંનાં છોકરાંઓને ટ્રાન્સવાલમાં લાવે એ કંઈ નવાઈની વાત નથી અને મારે નમ્રતાપૂર્વક કહેવું જોઈએ કે, આવાં છોકરાંને આવવાજવાની જરા પણ તકલીફ પડશે તો તે બહુ જ અન્યાય ગણાશે. વળી સરકાર એવો પણ વિચાર કરી રહી છે કે જેમ પુરુષોને ત્રણ પાઉંડ આપવા પડે છે તેમ હિંદી સ્ત્રી આગળથી પણ લેવા. આ બાબત ઍસોસિયેશન પત્રવ્યવહાર ચલાવી રહી છે અને તેને સલાહ મળી છે તે ઉપરથી એ બાબત કાયદેસર લડવાને પણ તૈયાર છે એમ કહ્યું છે. નવી પરમિટો ગમે એટલી જરૂરિયાત હોય તોપણ કાઢવામાં આવતી નથી. આપ નામદારે જ્યારે આપની મુસાફરીમાં ભાષણો કરતી વેળા એમ જણાવ્યું હતું કે જે હિંદીઓ અહીં વસેલા છે તેઓને જરા પણ હરકત કરવામાં નહીં આવે. આથી અમે બધા બહુ રાજી થયા હતા. એ દલીલ પ્રમાણે જેઓ અહીંના જૂના વેપારી છે તેઓની સગવડને સારુ નવા માણસોને આવ્યાની પરવાનગી મળવી જોઈએ. અહીં રહેનારાઓમાંથી ભરોસાદાર માણસો મેળવવા તે હંમેશાં સહેલી વાત નથી. આવા અનુભવ દરેક જગ્યાએ અને દરેક કોમમાં જોવામાં આવે છે. એટલે જો આપ નામદાર નવા માણસોને તદ્દન બંધ કરવાનું રાખશો તો જે હકો જાળવવા બાબત આ ચોક્કસ વાત કરી

Gandhi Heritage Portal

છે તે જ હકોને બહુ નુકસાની પહોંચશે. વળી જેઓ કેળવણી પામેલા માણસો છે અથવા તો જેઓ ગૃહસ્થો છે તેઓને, રેફ્યુજી હોય યા ન હોય તોપણ માગતાં જ પરમિટ શું કામ ન મળે એ સમજવું મુશ્કેલ છે. આવી આવી તકલીફો અમને છે તે છતાં અમારા હિંદીઓની વિરુદ્ધના મિત્રો ટ્રાન્સવાલમાં નવા હિંદીઓ ભરપૂર દાખલ થયા કરે છે એમ કહેતાં થાકતા નથી. તેઓ એમ કહે છે કે લડાઈ પહેલાં દરેક હિંદી રજિસ્ટર થઈ ગયેલો હતો. આ વાત આપ નામદાર ખૂબ જાણો છો એટલે મારે વધારે વિવેચન કરવાની જરૂર નથી. પણ ૧૮૯૩ની સાલમાં બનેલ એક કિસ્સો કહેવાની રજા માગી લઉં છું. શાયર અને ડયુમા કરીને મોટા રેલવે કંટ્રાકટર હતા. તેઓ એક વખતે ૧૮૦૦ હિંદી મજૂરને દેશમાં લાવ્યા. બીજા કેટલા લાવ્યા હશે એ તો હું જાણતો નથી. તે વખતના સ્ટેટ ઍટર્નીએ એ બધા માણસો પાસેથી માથા દીઠ ત્રણ પાઉંડ ઉઘરાવવાનો હુકમ કર્યો. શાયર અને ડયુમા આ વાત હાઈકોર્ટમાં લઈ ગયા અને વડા જડજે એવો ઠરાવ આપ્યો કે ત્રણ પાઉંડનો કાયદો જે લોકો વેપારને અર્થે દાખલ થાય તેવા-ઓને જ લાગુ પડે છે. એટલે મજૂરવર્ગ અથવા નોકરિયાત હિંદીને ત્રણ પાઉંડ આપવાની બિલકુલ જરૂર નથી. એમ કરતાં મજૂરવર્ગના હિંદીઓ છેવટે મુલકમાં રહી જાય તો તેનો ઉપાય બતાવવાનું કામ આ કોર્ટનું નથી. આ તો એક જ દાખલો છે, કે જેમાં સેંકડો માણસો ત્રણ પાઉંડ આપ્યા વગર દેશમાં રહ્યા. બ્રિટિશ ઇંડિયન ઍસોસિયેશન હંમેશા કહેતી આવી છે કે જે હિંદીઓને લાઇસન્સના અમલદારોની સાથે કામ નહીં પડતું તેઓને ત્રણ પાઉંડ આપ-વાની જરૂર ન રહેતી અને તેથી તેઓ ત્રણ પાઉંડ ન આપતા.

૧૮૮૫નો ૩નો કાયદો

આ કાયદાની બાબતમાં એમ કહેવામાં આવ્યું છે કે બ્રિટિશ સત્તા દાખલ થયા પછી હિંદીને વેપારની બાબતમાં વધારે સગવડ થઈ છે. આ વાત બરોબર નથી. કેમ કે લડાઈ પહેલાં વગર પૈસા દીધાથી જ્યાં વેપાર કરવો હોય ત્યાં અમે કરી શકતા હતા. બ્રિટિશ સરકાર અમારો બચાવ કરતી અને લડાઈ થઈ તે પહેલાં તરત જ જ્યારે ડચ સરકારે અમને લોકેશનમાં કાઢ-વાની ધમકી આપી ત્યારે પણ કંઈ થઈ નહીં શકયું. એ વાત ખરી છે કે સુપ્રિમ કોર્ટના ઠરાવથી અમને વેપારની તદ્દન છૂટ છે, પણ તેમાં કંઈ સરકારનો પાડ અમારે માનવા જેવું નથી. સરકારે અમને તરછોડી નાખ્યા. બઝાર નોટિસ બહાર પાડી, અને અમુક મુદ્દત પહેલાં લોકેશનમાં જવાનો અને વેપાર કરવાનો ઘણાખરાને હુકમ કર્યો. દરેક ઠેકાણે લોકેશન નીમ્યાં. જ્યારે અમારો એક પણ ઉપાય નહીં ચાલ્યો ત્યારે જ અમે કોર્ટમાં જવાનો ઠરાવ કર્યો. કોર્ટમાં ગયા તો ત્યાં પણ સરકાર અમારી સામે થઈ. ડચના વખતમાં તેવી જ જાતનો કેસ હતો ત્યારે સરકાર અમારી તરફેણમાં હતી. આથી અમને બહુ માઠું લાગ્યું. ઍટર્ની જનરલે પણ તેવો વિચાર જણાવ્યો હતો કે જો અમે કોર્ટમાં જઈશું તો સરકાર હારી જશે તેમ છતાં અમારી સામે વકીલો રાખ્યા. તેટલે જો હિંદીને લોકેશનમાં નથી જવું પડતું અને જ્યાં વેપાર કરવો હોય ત્યાં કરી શકે છે તો તે સરકારની સામે થઈને બની શકયું છે. જે જે બાબતમાં ૧૮૮૫નો કાયદો અમારી સામે અમલમાં મૂકી શકાય તે તે બાબતમાં અમલ કરવામાં આવ્યો છે. અને તે કાયદાની રૂએ અમને જો કાંઈ લાભ મળી શકે તેવું હોય તો તેનો લાભ આપવામાં નથી આવ્યો, જેમ કે અમુક શેરીઓ, અમુક લત્તાઓ અથવા લોકેશનમાં અમને જન્મખરીદ જમીન લેવાનો હક છે. સરકારને અમે ઘણી અરજી કરી કે શેરીઓ અથવા લત્તામાં જમીન

Gandhi Heritage Portal

ખરીદવાનો હક કાયદાની રૂએ પણ મળવો જોઈએ. છતાં તેની ઉપર ધ્યાન નથી આપ્યું. અને માત્ર લોકેશન એ શબ્દને સરકાર વળગી રહી છે. તે એટલે સુધી કે મસ્જિદની જમીન પણ તેના ટ્રસ્ટીઓનાં નામ ઉપર નથી થઈ શકતી. અને મુસલમાની ધર્મો સિવાય માણસોનાં નામ ઉપર મસ્જિદની જમીન રહે તે ધર્મની લાગણીને દુભાવનારું છે. છતાં પ્રિટોરિયામાં, જોહાનિસબર્ગમાં, પૉચેફસ્ટ્રૂમમાં અને હેડલબર્ગમાં મસ્જિદનાં મકાન જોકે સુંદર છે છતાં મસ્જિદની જમીન ટ્રસ્ટીઓનાં નામ ઉપર નથી ચડી. ૧૮૮૫નો કાયદો રદ કરીને તેને બદલે કયો કાયદો દાખલ થવો જોઈએ તે બાબતમાં નામદાર સર આર્થર લૉલીએ લખાણ કર્યું છે, તેથી હિંદી કોમને બહુ દુ:ખ લાગ્યું છે. નામદાર સર આર્થર લૉલી એમ જણાવે છે કે જે કાયદો કરવો હોય તે માત્ર હિંદી અથવા એશિયાટિકને લાગુ પડવો જોઈએ. વળી ફરજિયાત લોકેશનમાં રહેવાનો પણ કાયદો કરવો જોઈએ તેમ લખાણ કર્યું છે. મારે માનપૂર્વક કહેવું જોઈએ કે તે નામદારે નાતાલમાં જે કાંઈ જોયું તેથી તેઓ સાહેબ ભરમાઈ ગયા છે. પણ નાતાલમાં હિંદીઓના વસવાથી શું ગેરફાયદો થયો છે તે અમે જાણી શકતા નથી. નાતાલના રાજ્યકારભારીઓ પોતે એમ કહે છે કે હિંદીના વસવાથી કૉલોની તરી ગયું છે, સરી ગયું છે. સર જેમ્સ હ્યુલેટે[1] પુરાવો આપતાં જણાવ્યું છે કે નાતાલમાં હિંદી વેપારીઓથી નુકસાન નથી થયું, તેઓ અંગ્રેજી મોટા વેપારીઓ વચ્ચે અને કાફરાઓની વચ્ચે એક સાંકળ છે. કેમ કે હિંદી પરચૂરણ વેપારી ગોરા પરચૂરણ વેપારી કરતાં વધારે પ્રમાણિક અને વધારે ધીરજવાન છે. નામદાર સરકાર સર આર્થર લૉલી તેવું પણ લખે છે કે જે વચનો હિંદીને આપ્યાં હતાં તે અજાણપણે અપાયેલાં છે. તેથી તે વચનનો અમલ નહીં કરવો તે સરકારની ફરજ છે. હું બહુ માનપૂર્વક કહું છું કે, આ વિચાર ભૂલભરેલો છે. અમે કાંઈ પચાસ વર્ષ પહેલાં મળેલાં વચન ઉપર આધાર રાખીએ છીએ તેમ નથી. જોકે ૧૮૫૮ના ઢંઢેરાને અમે અમારી સ્વતંત્રતાની મોટામાં મોટી સનદ ગણીએ છીએ. તે ઢંઢેરા વિષે ઘણા વાઈસરૉય કહી ગયા છે કે, તેમાં આપેલાં વચન પાળવાનાં છે. કૉલોનિયલ પ્રીમિયરની કૉન્ફરન્સ વિલાયતમાં મળી તે વખતે પણ મિ. ચેમ્બરલેને કહેલું કે હિંદીઓને સારુ જ કાયદા કરવામાં આવે તો તેથી તેઓનું અપમાન થશે, તેવા જ કારણસર ઑસ્ટ્રેલિયામાં હિંદીને લાગુ પડતા કાયદા મંજૂર રાખવામાં નહીં આવ્યા હતા. તેવા જ કારણસર નાતાલનો પહેલો ફ્રૅંચાઈઝનો કાયદો રદ થયેલો હતો અને એવા જ કારણસર નાતાલે રજૂ કરેલું પહેલું જ ઇમિગ્રેશન બિલ ખેંચી લેવામાં આવ્યું હતું. આ બધી વાતો પુરાણી નથી પણ તાજેતરની છે. એમ નહીં કહી શકાય કે આ વર્ષમાં જ હિંદીઓની સામે કંઈ તેવું જોવામાં આવ્યું છે કે જેથી કરીને ઉપલી હકીકતોનો અનાદર કરી સર આર્થર લૉલીએ કહ્યું છે તે પ્રમાણે હિંદીઓની સામે નવી જાતના કાયદા થવા જોઈએ. તેટલે અમે જોકે સર આર્થર લૉલીના ધોરણની સામે થઈએ છીએ; તોપણ કૉલોનીના માણસોની બીક દૂર કરવા અને તેઓની સાથે હળીમળીને રહેવા માંગીએ છીએ તેવું બતાવવા સારુ અમે કેવી જાતના કાયદા થવા જોઈએ તે સરકારને બતાવી ગયા છીએ. નાતાલ તથા કેપની માફક ઇમિગ્રેશનનો કાયદો થાય તો હિંદુસ્તાનથી કરોડો માણસો આવ્યાની જે ધાસ્તી છે તે દૂર થશે. પણ તે કાયદામાં તેવી શરત હોવી જોઈએ કે જેથી કરીને હિંદુસ્તાનની ભાષાઓ જાણનારને પણ આવ્યાની છૂટ મળે અને કંઈ પણ ભાષા ન જાણતા હોય તેવા માણસોને પણ અહીંના વેપારીઓની ગરજ પૂરી પાડવા જેટલી છૂટ હોવી જોઈએ. વેપારનાં નવાં લાઈસન્સ બાબત ટાઉન કાઉન્સિલને સત્તા અપાય

૧. જુઓ પુ. ૩, પા. ૫૧૩–૪.

Gandhi Heritage Portal

તેમાં અમે સામા નથી થતા, પણ તે તેવી શરતે કે ટાઉન કાઉન્સિલના ઠરાવની સામે અપીલ કરવાનો હક અરજદારને રહેવો જોઈએ. કાયદો પસાર થતાં પહેલાં જે માણસોની પાસે લાઇસન્સ હોય તેઓની ઉપર ટાઉન કાઉન્સિલને જરાયે સત્તા ન હોવી જોઈએ. આવા કાયદા ગોરા અને કાળા બધાને લાગુ પડશે તેથી કોઈનું અપમાન નહીં થાય. અને ગોરાઓને જે ધાસ્તી છે તે દૂર થશે. જમીનના હક બાબત મારે ફરી પણ કહેવું જોઈએ કે જમીનના હક બ્રિટિશ વાવટાની નીચે ન હોય કે જે વાવટો પરદેશીઓને પણ સંભાળે છે તે તો બહુ નવાઈની વાત છે. અમે તે બિલકુલ સમજી શકતા નથી. જો સરકાર આવા હકો છીનવી લેશે અને વર્ગના ભેદ પાડશે તો તે દહાડાથી બ્રિટિશ રાજ્યની નીચે જે છૂટ વિષે અમે બચપણથી શીખતા આવ્યા છીએ તે છૂટનો અંત આવ્યા જેવું થશે.

અરજી

કાળા લોકોને લાગુ પડે તેવા બીજા કાયદાઓ ઉપરાંત મુખ્ય કાયદા પીસ પ્રિઝર્વેશન ઑર્ડિનન્સ અથવા પરમિટનો કાયદો તથા ૧૮૮૫નો ત્રીજા નંબરનો કાયદો એમ બે કાયદા હિંદુઓ ઉપર ખાસ લાગુ પાડવામાં આવે છે.

પરમિટની અડચણ

પરમિટનો કાયદો ખરું જોતાં તોફાની અને બંડખોર લોકોને અટકાવવાને સારુ ઘડેલો હતો પણ હાલ તે મુખ્યત્વે કરીને હિંદીઓને અટકાવવામાં વાપરવામાં આવે છે. એ કાયદો લાગુ પાડવામાં હંમેશાં હિંદીઓ ઉપર જબરાઈ તથા જુલમ ગુજારવામાં આવેલા છે. અને એમ કરવામાં પરમિટ સેક્રેટરીનો વિચાર ન હોય છતાં સખ્તાઈ વપરાયેલી છે. પરમિટ સેક્રેટરી પર કૉલોનિયલ ઑફિસ તરફથી હુકમ આવે છે. એટલે ખરું જોતાં જુલમ થવાનું કારણ પરમિટના ધારા અમલમાં લાવવાની રીત છે.

(૧) હજુ સેંકડો રેફ્યુજી ટ્રાન્સવાલમાં આવવાના બાકી છે.

(૨) બાપની સાથે હો યા ન હોય એવાં છોકરાંઓને પરમિટ લેવાની ફરજ પાડવામાં આવે છે.

(૩) જે માણસોની પાસે પાઉંડ ૩ વાળા પાસ હોય તેઓ જો વગર પરમિટે ટ્રાન્સવાલમાં દાખલ થાય તો તેઓને હદપાર કરવામાં આવે છે.

(૪) હિંદી રહીશનાં બૈરાંઓની પાસેથી પણ પાઉંડ ત્રણ લેવાની તજવીજ ચાલી રહી છે. આ બાબત ઍસોસિયેશન કાગળવહેવાર સરકારની સાથે ચલાવે છે.

(૫) જે ૧૬ વર્ષની અંદરનાં છોકરાંઓનાં માબાપ ટ્રાન્સવાલમાં ન હોય અથવા ન મરી ગયાં હોય તેવાં છોકરાંઓને હદપાર કરવામાં આવે છે અને જેઓ પરમિટ માંગે તેને મળતી નથી.

(૬) નવા હિંદી કોઈને તે ગમે તેવી હાલતનો હોય છતાં પરમિટ આપવામાં નથી આવતી. આ અટકાયત જૂના વેપારીઓ જેઓને મહેતા વગેરે જોઈએ તેઓને બહુ અડચણ આવે છે.

૧૮૮૫ના નંબર ૩નો કાયદો

જોકે સરકારે ઘણી વખત આ કાયદાની વિરુદ્ધ લખાણ કરેલું છે અને દીવાની સત્તા દાખલ થવા બાદ એ કાયદો રદ થશે એમ કહેવામાં આવેલું છતાં એ કાયદો એમનો એમ ચાલે છે. બ્રિટિશ

Gandhi Heritage Portal

ધોરણથી ઊલટા એવા ઘણા કાયદા રદ થયા છે છતાં આ કાયદો રાખી મૂકયો. એ કાયદાથી હિંદીનું અપમાન થાય છે અને સરકારે ભૂલથી કબૂલ રાખ્યો હતો. તેથી કરીને નીચે પ્રમાણે હરકતો આવે છે.

(૧) બરગરના હકો હિંદીઓને નથી.

(૨) લોકેશન, શેરી કે લત્તા જે સરકાર ઠરાવે છે તેની બહાર હિંદીને જન્મખરીદ જમીન લેવાનો હક નથી.

(૩) તે કાયદાનો હેતુ એવો છે કે હિંદીએ જબરાઈથી લોકેશનમાં રહેવું.

(૪) જે હિંદી વેપાર વગેરેને સારુ ટ્રાન્સવાલમાં દાખલ થાય તેણે ત્રણ પાઉંડ આપવા પડે છે.

પરમિટના કાયદામાં માગેલા ફેરફાર

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન એમ અરજી કરે છે કે પરમિટના કાયદામાં નીચે પ્રમાણે ફેરફાર થવા જોઈએ.

(૧) બિલકુલ વખત ગાળ્યા વિના રેફયુજીને દાખલ થવાની રજા મળવી જોઈએ.

(૨) ૧૬ વર્ષની અંદરના ગમે તે છોકરા હોય તેની સાથે કોઈ બીજો માણસ હોય તો તદ્દન છૂટ હોવી જોઈએ.

(૩) હિંદી ઓરતની ઉપર કોઈ જાતનું દબાણ હોવું નહીં જોઈએ.

(૪) વેપારીઓની સગવડની ખાતર જરૂર જણાતાં હિંદીઓ રેફયુજી ન હોય તોપણ અમુક મુદતને સારુ આવવા માંગે તેને પૂરતી તપાસ કરીને પણ રજા આપવી જોઈએ.

(૫) કેળવણી પામેલા હિંદીને તદ્દન આવ-જાની છૂટ હોવી જોઈએ.

બીજી માગણી

વળી પરમિટનો કાયદો, ૧૮૮૫નો કાયદો તથા બીજા હિંદીઓને લાગુ પડતા ધારા જેમ બને તેમ જલદી રદ થવા જોઈએ. અને હિંદીઓના હક નીચેની બાબતમાં જાળવવાની તેમને ખાતરી આપવી જોઈએ.

(૧) જમીન જન્મખરીદ લેવાનો હક.

(૨) કૉલોનીના સ્વચ્છતા બાબતમાં સાધારણ કાયદાની નીચે ગમે ત્યાં રહેવું હોય ત્યાં રહેવાની છૂટ.

(૩) ખસૂસ જાતના કરમાંથી છુટકારો.

(૪) અને સાધારણ રીતે જેટલા દીવાની હકો ગોરાઓને છે તે બધા હિંદીને મળવા જોઈએ.

ઍસોસિયેશનની સૂચના

જોકે કૉલોનીના માણસો હિંદીઓ બહુ ભરાઈ જશે એવી ધાસ્તી રાખે છે તે બિલકુલ માનવા જેવી નથી. તોપણ તેઓની સાથે અમે હળીમળીને ચાલવા માગીએ છીએ એવું બતાવવાને સારુ અમે ઘણી વખત નીચેની કબૂલાત આપીએ છીએ.

(૧) પરમિટનો કાયદો રદ થવો જોઈએ અને તેને બદલે નાતાલ અથવા કેપના જેવો કાયદો દાખલ કરવો પણ તેમાં એવી શરત હોવી જોઈએ કે હિંદી ભાષાનું માન જળવાય અને એવી ભાષાનું જ્ઞાન ન હોય તોપણ વેપારીઓને જરૂર પડતાં માણસોને લાવવાની રજા મળવી જોઈએ.

Gandhi Heritage Portal

(૨) લાઈસન્સનો કાયદો એવો દાખલ કરવો કે જેથી નવું લાઈસન્સ આપવું કે નહીં તે સત્તા દરેક માણસ — ગોરાની બાબતમાં ટાઉન કાઉન્સિલને રહે. પણ તેના ઠરાવની સામે સુપ્રિમ કોર્ટમાં અરજી કરવાનો હક રહેવો જોઈએ. આ કાયદાથી હાલમાં વેપારીઓનો પૂરો હક જળવાવો જોઈએ અને તેઓનાં મકાન સાફ હોય ત્યાં સુધી તેને લાઈસન્સ મળવું જ જોઈએ. નવાં લાઈસન્સ કેટલાં આપવાં તેનો આધાર ઘણે ભાગે કાઉન્સિલ પર રહેશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૯–૧૨–૧૯૦૫

૧૬૨. પગારકાપ અને માથાવેરો

ગયા મંગળવારે ડરબન ટાઉન કાઉન્સિલની સભામાં મેયરે જણાવ્યું કે મ્યુનિસિપાલિટીના જે ખાતામાં આદિવાસી અને હિંદી કામદારો કામ કરે છે તે બધાં ખાતાંના વડાઓને મળીને તેમણે આદિવાસીઓ અને હિંદીઓના માસિક પગારમાં દસ ટકા જેટલો ઘટાડો કરવાનો પ્રશ્ન ચર્ચ્યો હતો. ટાઉન કાઉન્સિલે એ કાપને મંજૂરી આપી છે અને તા. ૧૦ નવેમ્બરથી એનો અમલ કરવામાં આવશે.

જે કમનસીબ માણસોને આ પગલાની અસર થશે તેમને એથી વધારાની શી મુસીબત પડશે તેનો સમિતિએ કે ખાતાના વડાઓએ વિચાર નથી કર્યો એ સ્પષ્ટ જણાય છે. જે મુક્ત હિંદીઓ મ્યુનિસિપાલિટીમાં કામ કરે છે તેઓ લગભગ બધા જ ગિરમીટિયા વર્ગમાંથી આવે છે, અને તેમને બ્રિટિશ સંસ્થાનમાં "મુક્ત" બ્રિટિશ રૈયત તરીકે વસવાના અધિકાર માટે વરસે ત્રણ પાઉંડ કર ભરવો પડે છે. હવે (ગરીબ માણસને માટે તો આ જ બહુ ભારે છે) તે ઉપરાંત વરસે એક પાઉંડનો બીજો કર પડનાર છે. આ માણસો આ વધારાનો બોજ કેવી રીતે ઉપાડશે અને એમના કર ભરશે એ તો કદાચ સત્તાવાળા જ જાણતા હોય. અમે એટલું જ કહી શકીએ કે પગારકાપની આ રીત કાઉન્સિલની માનવતાને ગૌરવ આપતી નથી, અને એને અમલમાં મૂકવાનો સમય અતિશય કવેળાનો છે.

એ જ સભામાં કાઉન્સિલે નગર ઈલેક્ટ્રિકલ એન્જિનિયરના મદદનીશનો પગાર વધારીને વાર્ષિક ૪૦૦ પાઉંડ કરવાનું ઠરાવ્યું છે. પગારકાપની આ રીત સમગ્ર સંસ્થાનને લાગુ પડે છે. આ સંબંધમાં અમે અમારા જાગ્રત સમકાલીન *ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ*માંથી ઉતારો આપીએ છીએ :

> ગૅઝેટમાં હજુ એ નથી જણાવાયું કે આર્થિક મુશ્કેલીઓમાંથી નીકળવામાં મદદ કરવા પગાર કાપ સ્વીકારવા સારુ સરકારે પસંદ કરેલા સનદી અમલદારો પૈકી એક એવો હતો કે જેણે એમ કરવા ધરાર ના સુણાવી દીધી; ને પરિણામે સરકારે આગ્રહ રાખવાને બદલે, પોતાના સાથીઓ સાથે સમાન બોજો ઉઠાવવાની આ વ્યક્તિની અનિચ્છાને નમતું આપ્યું, એટલું જ નહીં, તેના પગારમાં સારો વધારો કરી આપ્યો. અને એ ઉદારતાને માટે બહાનું એવું બતાવવામાં આવ્યું કે આ માણસે એક એવા કામમાં નોંધપાત્ર સેવા આપી હતી, જે કામને તે કૃપાપાત્રના વિશિષ્ટ ખાતાની ફરજો સાથે સંબંધ નહોતો.

જો ડરબન કાઉન્સિલે પહેલાં દરેક ખાતાના મુખ્ય અધિકારીઓ, જેઓ પોતાના આદિવાસી અને હિંદી નોકરોના પગારમાં ઘટાડો કરવા તૈયાર હતા, તેમના ઊંચા પગારોમાં યોગ્ય ઘટાડો

Gandhi Heritage Portal

કરીને પોતાનું વાર્ષિક ખર્ચ ઓછું કર્યું હોત તો વાર્ષિક ૩,૦૦૦ પાઉંડ જેટલી નાનકડી રકમ સહેજે બચી જાત. તેમ કરવામાં વધારેમાં વધારે એટલું થાત કે જે મુશ્કેલીઓ હવે ઘણા લોકોને ભોગવવી પડવાની તે કેવળ થોડા જ લોકોને ભોગવવી પડત. પણ આ તો એ જ પેલી પુરાણી વાત છે : જેની પાસે છે તેને જ આપવામાં આવશે અને તેની પાસે પુષ્કળ થઈ જશે; પરંતુ જેની પાસે નથી તેની પાસેથી જે હશે તે પણ લઈ લેવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧૬૩. સર આર્થર લૉલી

સર આર્થર લૉલીનું નામ ટ્રાન્સવાલના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે દક્ષિણ આફ્રિકાના દરેક હિંદીને માલૂમ છે. તેઓ સાહેબે લેફ્ટનન્ટ ગવર્નરના હોદ્દાની રૂએ દક્ષિણ આફ્રિકાના હિંદીઓની ઉપર ઘણો ગેરઈન્સાફ કર્યો છે. સર આર્થર લૉલીએ દરેક વખતે વિલાયત લખાણ[1] કરતી વેળા જણાવ્યું છે કે ટ્રાન્સવાલમાં હિંદીઓ બાબત જે કાયદા થાય તે તેઓને જ લાગુ પડવા જોઈએ. તેણે કેપના તથા નાતાલના કાયદા નાપસંદ કર્યા છે. આ બધાનો અર્થ એ જ કે હિંદીની વચ્ચે અને ગોરાની વચ્ચે તફાવત છે એમ બતાવવું અને હિંદીને એમ સ્પષ્ટ દેખાડવું. આવા તેમના વિચારોથી હિંદી કોમને નુકસાન પહોંચ્યું છે ને હજુ કેટલું પહોંચશે તે કહી શકાતું નથી. આવા સર આર્થર લૉલી તે મદ્રાસના ગવર્નર નિમાયા છે. જ્યારે ગવર્નર નિમાયાના ખબર મળ્યા ત્યારે બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશને તેમને મુબારકબાદી આપી. તેમના જવાબમાં તેમણે તાર મોકલ્યો છે કે હું તમારો અંત:કરણપૂર્વક પાડ માનું છું. આ તેમનો વિનય બતાવે છે. અને તે ઉપરથી આપણે ઉમેદ રાખી શકીએ છીએ કે સર આર્થર દક્ષિણ આફ્રિકામાં આપણાથી વિરુદ્ધ થયા છે. છતાં તેમનો તે જ સ્વભાવ મદ્રાસમાં આપણને ઉપયોગી થઈ પડે. એટલું બેશક છે કે તેમણે ટ્રાન્સ-વાલની મુખ્ય વસ્તીને સારુ મહા પ્રયત્ન કર્યો છે. પોતાના માયાળુ સ્વભાવથી તેણે ડચ કોમને સંતોષ આપ્યો છે. એ જ રૂઢિ જો તેઓ મદ્રાસમાં રાખશે તો સારું કામ કરશે એમાં શક નથી.

મદ્રાસના હાલના ગવર્નર લૉર્ડ એમ્થિલ લોકપ્રિય છે. તેમણે લોકને સારુ બહુ કાળજી બતાવી છે. તેમની જગ્યા પૂરવી એ સહેલું નથી. આપણે ઉમેદ રાખીએ છીએ કે સર આર્થર લૉલી મદ્રાસની ગાદીને દીપાવશે.

આ સર આર્થર લૉલી ઉમરાવ કુટુંબના માણસ છે. બેરન વેન લૉર્ડના તે ચોથા પુત્ર છે. બાલપણથી જ તેમણે લશ્કરી ધંધો પસંદ કરેલો. દસમી હુસારના પોતે કૅપ્ટન છે. ૧૮૯૨ની સાલમાં વેસ્ટમિન્સ્ટરના ડ્યૂકના પોતે સેક્રેટરી હતા. ૧૮૯૬માં માટાબીલીલાડમાં લૉર્ડ ગ્રેના સેક્રેટરી થયા. આ વખતે તેમણે નોકરી બહુ સારી બજાવી અને તેથી લૉર્ડ ગ્રે જ્યારે ગયા ત્યારે એડમિનિસ્ટ્રેટરની જગ્યા સર આર્થર લૉલીને મળી. ૧૯૦૧ની સાલમાં તેઓ સાહેબ વેસ્ટ ઑસ્ટ્રેલિયાના ગવર્નર નિમાયા. પણ બોઅર લડાઈ થવાથી લૉર્ડ મિલ્નરે ટ્રાન્સવાલમાં આવવાનું આમંત્રણ કર્યું તે તેણે સ્વીકાર્યું. ટ્રાન્સવાલમાં સૌ તેમનું કામ જાણે છે. તેમની કારકિર્દીમાં

૧. જુઓ પુ. ૪, પા. ૨૯૯–૩૦૦ અને પા. ૪૮૨–૩.

Gandhi Heritage Portal

લેજિસ્લેટિવ કાઉન્સિલ થઈ છે. અને મ્યુનિસિપાલિટીઓ પણ તેમના હાથ તળે બની છે. એઓ સાહેબ ટૂંક સમયમાં જ વિલાયત રવાના થશે ને ત્યાંથી મદ્રાસ જનાર છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧૬૪. હિંદી સ્વયંસેવકો

અમને એ જોઈને આનંદ થાય છે કે હિંદીઓને સ્વયંસેવકો[1] બનાવવા બાબત અમે લખેલી નોંધને નાતાલ વિટનેસ પત્રે ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી છે, અને તેમાં તે વિષે કંઈક પત્રવ્યવહાર પણ પ્રસિદ્ધ થયો છે. વૃત્તપત્રોએ આ વાત ઉપાડી છે એટલે અમને આશા રહે છે કે સરકાર પોતાની નીતિ વિષે અભિપ્રાય વ્યક્ત નહીં કરે ત્યાં સુધી એને મૃતઃપ્રાય થઈ જવા દેવામાં નહીં આવે. "સંસ્થાનમાં સ્વયંસેવકદળના બળમાં હિંદી પ્રવાસીઓનું સ્વયંસેવક પાયદળ ઉમેરીને તેનું સંખ્યાબળ" વધારેમાં વધારે કરવા ૧૮૭૫નો કાયદો નં. ૨૫ ખાસ કરીને પસાર કરવામાં આવ્યો હતો. એ કાયદા હેઠળ ગવર્નરને "સ્વયંસેવકદળ રૂપે જોડાવાને જે કોઈ હિંદી પ્રવાસીઓ ઇચ્છતા હોય તેમની સેવા, તેમને નોકરીએ રાખનાર શેઠની સંમતિ મેળવીને, સ્વીકારવાને" સત્તા મળેલી છે. તે વખતે ટુકડીની સંખ્યાની મર્યાદા એક હજાર ત્રણસો રાખવામાં આવી હતી. કોઈ પણ જમીનદાર(પ્લેન્ટર) આવી ટુકડી ઊભી કરી શકે અને ગવર્નરની સંમતિ મેળવીને તે ટુકડીનો કૅપ્ટન થઈ શકે એવી જોગવાઈ કાયદામાં છે. દરેક કાર્યક્ષમ સ્વયંસેવક દીઠ વીસ શિલિંગની ગ્રાંટ નક્કી કરવામાં આવી હતી અને એવા કોઈ સ્વયંસેવકને

> કાર્યક્ષમ ગણવામાં આવશે નહીં જેણે દર વરસે રોજના ચાર કલાક લેખે બાર દિવસ, અગર બે કલાક લેખે ચોવીસ દિવસ, અગર એક કલાક લેખે અડતાલીસ દિવસ કવાયત કરી નહીં હોય; અને એક કલાકથી ઓછી કવાયતને ગણતરીમાં લેવાશે નહીં.

હિંદી પ્રવાસી સ્વયંસેવકદળના ખરેખર લશ્કરી સેવામાં રોકાયેલા કોઈ સભ્યને જખમ થાય અથવા બીજી કોઈ ગંભીર ઈજા થાય તો તેને વળતર આપવાની, અને જો તેનું યુદ્ધમાં મૃત્યુ થાય અગર લડાઈમાં પડેલા ઘાથી મૃત્યુ થાય તો નાતાલમાં રહેલ તેની વિધવા અને બાળકોને પેન્શન આપવાની કાયદામાં જોગવાઈ છે. સંસ્થાનની રક્ષામાં હિંદી પ્રવાસીઓ પોતાનો હિસ્સો આપે એવી જો સરકારની ઇચ્છા માત્ર હોય અને હિંદી પ્રવાસીઓએ તો આજ પૂર્વે પોતાની પૂરી ઇચ્છા જણાવેલી જ છે, તો તેનો અમલ કરવા માટે કાયદાનું તંત્ર તૈયાર છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧. જુઓ "હિંદી સ્વયંસેવકદળ", પા. ૧૪૪–૫.

Gandhi Heritage Portal

૧૬૫. ડરબન કૉર્પોરેશનના હિંદીઓ

અમે એમ સાંભળ્યું છે કે ડરબન કૉર્પોરેશનના હિંદીઓનો દરમાયો દર માસે બે શિલિંગ લેખે ઘટાડયો છે. જો આ ખબર ખરી હોય તો બહુ ખેદકારક છે. એમ શા સારુ થાય છે તે સમજાતું નથી. વળી એમ પણ સાંભળ્યું છે કે ગોરાઓનો પગાર તેટલો જ રાખ્યો છે. આ બાબત ઉપર અમને વધારે ચોક્કસ ખબર મળ્યે વિશેષ લખશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧૬૬. હાલનો સુધારો

બ્લેક હૉલ[1] તો કલકત્તાનો જ કહેવાય છે. પણ સ્ટાંગરમાં[2] એક બ્લેક હૉલ થયો છે. તે કલકત્તાના બ્લેક હૉલને આંટે તેવો છે. સરકારી જેલમાં માત્ર ૪૦ કેદી સમાય તેટલી જગ્યા છે. તેમાં ગયે અઠવાડિયે ૨૦૦ કેદીને પૂરવામાં આવ્યા હતા. આની અસર એટલી બધી માઠી થઈ કે જેલમાં દુર્ગંધ વસી રહી હતી કે તેમાં પેસવું એ પણ મુશ્કેલ હતું. કેદીઓ બહુ મૂંઝાતા હતા. આ સુધારો?

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧૬૭. પીળી ચામડી પર ધાડ

ન્યૂઝીલૅન્ડમાં એક ગોરો ચીનાઓની ઉપર એટલો ચીડવાયો છે કે તેણે ધોળે દહાડે એક ચીનાને બંદૂકથી મારી નાખ્યો. પછી પોતે પોલીસ સ્ટેશનમાં જઈ કેદ થયો. તેની ઉપર કામ ચાલ્યું. જૂરીએ તેને ગાંડો ગણી દેહાંત દંડની સજા નહીં થવાની ભલામણ કરી. પણ તે બોલી ઊઠયો કે તેણે ગાંડાઈમાં ખૂન નથી કર્યું. તેની માન્યતા એવી છે કે ચીનાઓથી ગોરાઓને બહુ નુકસાન થાય છે. તેથી તેણે દાખલો બેસાડવાના ઈરાદાથી ખૂન કર્યું અને પોતે ફાંસીએ જવા રાજી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–१२–१९०५

૧. એક અહેવાલ પ્રમાણે નવાબ સિરાજુદ્દૌલાના હુકમથી ઈ. સ. ૧૭૫૬માં ૨૦ ચોરસ ફૂટની બંધિયાર જગ્યામાં ૧૪૬ વ્યક્તિઓ એક રાત્રિ માટે રાખવામાં આવી હતી. તેમાંની ૧૨૩ વ્યક્તિઓ મરણ પામી. આ “બનાવ” હવે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સત્તાવાર જૂઠાણા તરીકે ગણવામાં આવ્યો છે.

૨. ડરબનના ઈશાન ખૂણામાં ૪૫ માઈલ દૂર આવેલું એક શહેર.

Gandhi Heritage Portal

૧૬૮. નાતાલનો ઈમિગ્રેશન કાયદો

મિ. હૅરી સ્મિથ અમને સોમાલીના પૅસેન્જરને પડેલી તકલીફ બાબતમાં લખે છે કે જે ર.વ અમે ખાધેલી છે તે ખરી છે. પણ પડેલી ઈજાઓને સારુ પોતાનો દોષ કબૂલ કરવાને બદલે સ્ટીમરવાળાઓનો દોષ ગણે છે, અને લખે છે કે કેટલાક ઉતારુઓ પોતાને હાથે કરીને ઈજા ઉઠાવે છે. આ બધાનો વિગતવાર જવાબ અમે આપી ચૂકયા છીએ તે અંગ્રેજી વિભાગમાં[1] છપાઈ ગયો છે. મિ. સ્મિથ એમ કહેવાતા ભૂલ કરે છે, કેમ કે ઈમિગ્રેશન કાયદાની રૂએ પડતી અડચણોની જવાબદારી પોતે ઢોળી શકતા નથી. જે પૅસેન્જરોને સ્ટીમરમાંથી ઊતરવાની રજા નહીં આપી હોય તેવાઓને ઈજા નહીં પહોંચે એવો બંદોબસ્ત કરવાની મિ. સ્મિથની ફરજ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २-१२-१९०५

૧૬૯. બંગાળનું શૂરાતનકાવ્ય

દરેક પશ્ચિમની પ્રજાને પોતાનું પ્રજાકીય ગીત છે. તે ગીત સારે અવસરે ગાવામાં આવે છે. ઇંગ્રેજી "ગૉડ સેવ ધિ કિંગ" એ ગીત પ્રસિદ્ધ છે. તે ગાતી વખતે ઇંગ્રેજને શૂરાતન આવે છે. જર્મનીનું પણ પ્રખ્યાત ગીત છે. ફ્રાન્સનું "મારસલે" ગાયન એવા ઊંચા પ્રકારનું છે કે તે જ્યારે ગવાય છે ત્યારે ફ્રેન્ચ લોકો ઘેલાતૂર થઈ જાય છે. આવા અનુભવથી બંગાળી કવિ બંકિમચંદ્રને બંગાળી પ્રજાને સારુ ગીત બનાવવાનો વિચાર થયો. તેણે "વંદેમાતરમ્" નામનું ગીત રચ્યું કે જે આખા બંગાળમાં અત્યારે ફેલાયું છે. સ્વદેશી માલ વાપરવાની હિલ-ચાલના સંબંધમાં બંગાળમાં ગંજાવર સભાઓ ભરાઈ છે. લાખો માણસો તેમાં એકઠા થયા છે. ને તેઓ બધાએ બંકિમચંદ્રનું કાવ્ય ગાયું છે. એમ કહેવાય છે કે તે ગીત એવું લોકપ્રિય થયું છે કે પ્રજાકીય ગીત થઈ પડયું છે. તે ગીત બીજી પ્રજાઓના કરતાં મધુરું તથા ઉમદા વિચાર-વાળું છે. બીજી પ્રજાઓનાં ગીતોમાં પરકોમને વિષે ખરાબ વિચારો હોય છે. આ ગીતમાં તેવું કંઈ જ નથી. સ્વદેશાભિમાન લાવવાનો જ એ ગીતનો હેતુ છે. તેમાં હિંદને માનું સ્વરૂપ આપી હિંદનાં વખાણ કર્યાં છે. જેમ પોતાની મામાં બધા ગુણ વસે છે એમ આપણે માનીએ છીએ તેમ હિંદમાં બધા ગુણ કવિએ માન્યા છે. જેમ માને આપણે આવેશથી પૂજીએ છીએ તેમ આ કાવ્યમાં હિંદની પ્રાર્થના કરી છે. તેમાં શબ્દો ઘણે ભાગે સંસ્કૃત છે પણ સહેલા છે. ભાષા બંગાળી છે પણ તે પણ સહેલા રૂપમાં આપી છે. એટલે સહુ સમજી શકે છે. તે ગીત એવા ઊંચા પ્રકારનું છે કે તેના શબ્દો અમે ગુજરાતીમાં નીચે આપીએ છીએ ને તે જ શબ્દો હિંદી વિભાગમાં પણ આપીએ છીએ.

૧. જુઓ "મિ. હૅરી સ્મિથ અને હિંદીઓ", પા. ૧૫૨-૩.

વન્દે માતરમ્.
સુજલાં, સુફલાં, મલયજશીતલાં,
શસ્યશ્યામલાં માતરમ્. ૧

શુભ્ર-જ્યોત્સ્ના-પુલકિતયામિનીમ્,
ફુલ્લકુસુમિત-દ્રુમદલશોભિનીમ્,
સુહાસિનીં, સુમધુરભાષિણીમ્,
સુખદાં, વરદાં, માતરમ્. ૨

સપ્તકોટિકંઠ-કલકલ-નિનાદકરાલે,
દ્વિસપ્તકોટિભુજૈર્ધૃતખરકરબાલે,
કે બોલે મા તુમિ અબલે ?
બહુબલધારિણીં નમામિ તારિણીમ્
રિપુદલવારિણીં માતરમ્. ૩

તુમિ વિદ્યા, તુમિ ધર્મ,
તુમિ હૃદિ, તુમિ મર્મ,
ત્વં હિ પ્રાણા શરીરે.
બાહુતે તુમિ મા શક્તિ,
હૃદયે તુમિ મા ભક્તિ,
તોમારઇ પ્રતિમા ગડિ મન્દિરે મન્દિરે. ૪

ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી
કમલા કમલ-દલવિહારિણી
વાણી વિદ્યાદાયિની નમામિ ત્વાં
નમામિ કમલાં, અમલાં, અતુલાં
સુજલાં, સુફલાં, માતરમ્,
વન્દે માતરમ્. ૫

શ્યામલાં, સરલાં, સુસ્મિતાં, ભૂષિતામ્
ધરણીં, ભરણીમ્, માતરમ્.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २-१२-१९०५

૧૭૦. લૉર્ડ સેલબાર્ન અને ડેપ્યુટેશન

નામદાર લૉર્ડ સેલબૉર્નની પાસે જે ડેપ્યુટેશન ગયું તેનો વિગતવાર અહેવાલ[1] અમે આપી ગયા છીએ. એ નામદારના જવાબ ઉપર વિચાર કરવાની જરૂર છે.

તેઓ સાહેબે કંઈ ખુલાસાવાર જવાબ નથી આપ્યો. 'કુલી' શબ્દ વાપરવા બાબત તેમણે જે સભ્યતા વાપરી છે તે બતાવી આપે છે કે તેઓ સાહેબનું મન નમ્ર છે અને તે હિંદીની લાગણી જાણીજોઈને દુ:ખાવા નથી માગતા.

પણ જેમ હિંદીની તરફ પોતે માયાથી વર્તે છે તેમ જ ગોરાઓની તરફ વર્તવા માંગે છે. તેઓનું બળ વધારે છે, તેઓની વગ વધારે છે એટલે તે પક્ષ તરફ સાધારણ રીતે પણ પોતે દોરવાઈ જાય છે અને તેથી એવી ધાસ્તી છે કે પોતાના શુદ્ધ ઇરાદા હોવા છતાં હિંદીને કંઈ મદદ નહીં કરી શકે.

વળી વિલાયતમાં રાજ્યકારભાર બદલાયો છે તેથી પણ તેઓ સાહેબ ચોખ્ખો જવાબ નથી આપી શક્યા એમ કહીએ તો ચાલે. લિબરલ પક્ષને સત્તા મળ્યા પછી તે પક્ષના અમલદારો લૉર્ડ સેલબૉર્નની સૂચનાઓ કબૂલ રાખશે જ એમ તેઓ સાહેબ નથી માની શકતા. આ બધા વિચારોને લઈને પોતે શું કરવા ધારે છે એ જવાબ નથી આપ્યો એમ માનીએ છીએ.

ડેપ્યુટેશને તેઓ સાહેબને જે સૂચના કરી છે તે એવી ચોખ્ખી છે અને એવી વાજબી છે કે તેઓ સાહેબને કબૂલ કરવું પડયું હતું અને તેનો જવાબ પોતે આપી નથી શક્યા.

સર આર્થર લૉલીના વિચાર સામે જે ટીકા કરી છે તે પણ ઠીક કર્યું અને જે સર આર્થર લૉલી કરવા માંગે છે તે જ બીજે રસ્તે પણ હિંદીનું અપમાન કર્યા વિના થઈ શકે છે એ ડેપ્યુટેશને ચોખ્ખી રીતે બતાવી આપ્યું છે.

પરમિટ બાબતમાં જે હકીકતો તે સાહેબની પાસે રજૂ થઈ છે તેને અંતે કંઈ પણ સરખાઈ થશે એમ આશા રાખી શકાય છે. નવા માણસોને સારુ પરમિટનો જે જવાબ તેમણે આપ્યો છે તે ભયંકર તથા નિરાશા ઉપજાવનારો છે. છેવટે મુદતની પરમિટ વિષે જે તેમણે કહ્યું છે એનો લાભ પૂરતો લઈ શકાય એમ અમે ધારીએ છીએ. જે વેપારીઓને ખસૂસ માણસની જરૂર હોય તેઓ ચોખ્ખું બતાવી શકે કે નવા માણસો પોતે વેપારી તરીકે નથી આવવા માંગતા તો અમને લાગે છે કે તેવા માણસને પરમિટ મળવામાં કશી અડચણ નહીં આવે.

જે મંડાણ ઍસોસિયેશને માંડયું છે તેની ઉપર જો હવે ચણતર જારી રહેશે અને ખંતથી લડાઈ ચલાવી રાખશે તો કંઈક પણ ન્યાય મળશે એમાં શક નથી.

જમીન વિષે લૉર્ડ સેલબૉર્ને કંઈ જવાબ આપ્યો નથી. તે બાબત ઘણી જાતના કેસ થઈ શકે છે અને અમે માનીએ છીએ કે તેમાંથી થઈ શકે એવા બધા કેસ કરવાની જરૂર છે. કેમ કે જેટલી બારીઓ ૧૮૮૫ના કાયદામાં છે એવું જોવામાં આવશે તેટલી બારીઓ બંધ કરવી તે ટ્રાન્સવાલની પ્રજાને બહુ મુશ્કેલી પડશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६–१२–१९०५

૧. જુઓ પા. ૧૫૫–૬૨.

Gandhi Heritage Portal

૧૭૧. દાદાભાઈ નવરોજી પરના પત્રમાંથી ઉતારો[1]

[જોહાનિસબર્ગ,]
ડિસેમ્બર ૧૧, ૧૯૦૫

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફથી જે પ્રતિનિધિમંડળ લૉર્ડ સેલબૉર્નને મળ્યું હતું તેનો પૂરો હેવાલ આ અઠવાડિયાના *ઇન્ડિયન ઓપીનિયન*માં આવશે.[2]

ઉપસ્થિત કરેલા અને ચર્ચેલા મુદ્દાઓ, મારા નમ્ર મત અનુસાર બહુ અગત્યના છે, અને સૌથી વધારે અગત્યનો મુદ્દો છે સર આર્થર લૉલીએ આંકી આપેલા વર્ગલક્ષી ધારા ઘડવાના સિદ્ધાંતનો ને બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કરેલા તેના વિરોધનો. સર આર્થર લૉલીનાં સૂચનો યુરોપિયનોના પૂર્વગ્રહોને મનાવી લેવા માટે થયાં છે, ને બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની દરખાસ્ત પણ એ જ હેતુથી થઈ છે. આ સંબંધમાં કંઈ કહેવાનું હોય તો એટલું જ કે સર આર્થર લૉલીના સૂચન કરતાં ઍસોસિયેશનની દરખાસ્ત યુરોપિયન દૃષ્ટિકોણને વધારે સંતોષે છે. વર્ગ વર્ગ વચ્ચેના ભેદો ઉપર એમણે આટલો બધો ભાર કેમ મૂકયો છે તે સમજવું મુશ્કેલ છે, પણ જો એ સિદ્ધાંતનો સ્વીકાર થાય તો દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હિંદીઓ ઉપર નિયંત્રણોનો પાર નહીં રહે. એથી એ મુદ્દો સૌથી વિશેષ અગત્યનો છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને લૉર્ડ સેલબૉર્ન આગળ જે મુદ્દા આગ્રહપૂર્વક રજૂ કર્યા તે સંબંધે એમણે જાળવેલું મૌન એમ સૂચવે છે કે હજી લગી મિ. લિટલટને સર આર્થરની દરખાસ્તોને નમતું આપ્યું નથી.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયા ઑફિસ: જ્યુડિશિયલ ઍન્ડ પબ્લિક રેકર્ડ્ઝ: ૪૨૮૯/૧૯૦૬

૧૭૨. કેપનો ઇમિગ્રેશન કાયદો

અગત્યનો ઠરાવ

કેપમાં ઇમિગ્રેશન કાયદા ઉપર અગત્યનો ઠરાવ થયો છે. તે વિષે આગળ લખી ગયા છીએ. નરોત્તમ લલ્લુ કરીને કોઈ શખસ છે તે નાતાલમાં નવ વર્ષ રહેલો. તેની પાસે નાતાલનું ડોમિસાઈલ સર્ટિફિકેટ પણ હતું, છતાં તેને કેપટાઉનમાં ઊતરવાની અમલદારોએ મના કરી. તે એવા કારણથી કે નરોત્તમ લલ્લુ દક્ષિણ આફ્રિકાનો વતની ન ગણાય, કેમ કે તેનાં બાયડી-છોકરાં હિંદુસ્તાનમાં છે. કેપના કાયદા પ્રમાણે જે માણસો દક્ષિણ આફ્રિકામાં પોતાનું વતન કરી રહેલા હોય તેને કેપમાં દાખલ થવાની છૂટ છે. પણ ઉપર બતાવ્યું તે કારણથી અમલદારોએ એમ ઠરાવ્યું કે તે માણસ દક્ષિણ આફ્રિકાનો વતની ન ગણાય. કાયદો વતન અને રહેઠાણમાં તફાવત માને છે. વતન તે એ કે જ્યાં માણસ હમેશાં રહેવા માગતો હોય, રહેઠાણ તે એ કે જ્યાં માણસ થોડા દિવસ કે વર્ષ રહી પાછો પોતાને દેશ ચાલ્યો જાય.

૧. હિંદી વજીરને લખેલા પત્રમાં દાદાભાઈ નવરોજીએ આ અવતરણ ટાંક્યું હતું.
૨. જુઓ પા. ૧૫૫-૬૨.

Gandhi Heritage Portal

નરોત્તમ લલ્લુ કેસ સુપ્રિમ કોર્ટમાં લઈ ગયો. કોર્ટે પુરાવા ઉપરથી એમ ઠરાવ્યું છે કે:

૧. નરોત્તમ નાતાલમાં નવ વર્ષ રહેલો.
૨. નરોત્તમ કહે છે કે તેનો વિચાર દક્ષિણ આફ્રિકામાં જ રહેવાનો છે.
૩. વતન સાબિત કરવાને સારુ બાયડી-છોકરાં દક્ષિણ આફ્રિકામાં છે એમ સાબિત કરવાની જરૂર નથી.
૪. તે માણસ પોતે કહે છે કે તેનો દક્ષિણ આફ્રિકા જાથુને સારુ છોડવાનો ઈરાદો નથી.
૫. વળી તેની પાસે નાતાલનું ડોમિસાઈલ સર્ટિફિકેટ છે.
૬. આ બધાં કારણથી નરોત્તમ લલ્લુને દક્ષિણ આફ્રિકાનો વતની ગણવો જોઈએ.
અને તેથી તેને કેપમાં ઊતરવાનો હુકમ થયો.

આ કેસમાં બાયડી-છોકરાંનો ખુલાસો થયો તે આપણા લાભની વાત છે. પણ જડજે એમ પણ ઠરાવ્યું છે કે નાતાલનું ડોમિસાઈલ સર્ટિફિકેટ એ ચોક્કસ વતનનો પુરાવો નહીં ગણી શકાય. આજ સુધી એમ મનાતું કે કેપમાં દક્ષિણ આફ્રિકામાં રહેનાર માણસ જઈ શકવાનો ધારો છે એટલે નાતાલના ડોમિસાઈલ સર્ટિફિકેટથી ગમે તે હિંદી કેપ જઈ શકે. હવે એવું સર્ટિફિકેટ કબૂલ રહેશે જ એમ ન કહી શકાય. આ કામ કેપના હિંદીઓએ ઉઠાવી લેવા જેવું છે કેમ કે તે એવું સરળ છે કે તેમાં સરકાર ઈન્સાફ આપશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३-१२-१९०५

૧૭૩. ટ્રાન્સવાલમાં રેલવેના ઉતારુઓને લગતા ધારા

ટ્રાન્સવાલના સરકારી ગૅઝેટમાં રેલવેના ઉતારુઓને સારુ ધારા બહાર પડયા છે તેમાં લખે છે કે ઉતારુઓને એક ડબામાંથી બીજા ડબામાં ખસેડવાનો સ્ટેશનમાસ્તર, ગાર્ડ વગેરે અમલદારોને અખત્યાર છે. ઊંચા વર્ગની ટિકિટવાળા ઉતારુને જગ્યા ન હોય તો નીચા વર્ગમાં પણ બેસાડી શકે છે. જો એમ થાય તો ભાડું આપેલું હોય તેમાંથી થોડું પાછું મળે. જો અમલદારનો હુકમ કોઈ ઉતારુ ન માને તો તેનો બે પાઉંડ દંડ થઈ શકે છે અથવા તેને સાત દિવસની જેલ.

આ ધારાઓ બધાને લાગુ પડે છે પણ લૉર્ડ સેલબૉર્નની આગળ કાળા માણસોનું ડેપ્યુ-ટેશન ગયેલું તેનું આ પરિણામ છે. જો અમલદારો વિવેકથી ધારા અમલમાં લાવશે તો હરકત નહીં આવે, નહીં તો હિંદી ઉતારુઓને ભારે મુસીબત પડવાનો સંભવ છે. મુસીબત ન આવે તેનો સારામાં સારો રસ્તો એ છે કે જે ઉતારુની ઉપર અગવડ આવે તેણે અમને તુરત ખબર કરવા અને બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનને લખવું. આમ કરવાથી વાત ચર્ચાશે અને અમલદારો સમજશે કે હિંદીઓ મૂંગે મોંઢે અપમાન તથા અગવડ સહન નહીં કરે. અમે એવી બાબતને પૂરી ચર્ચવા તૈયાર છીએ, પણ તેમાં ઉતારુઓની મદદની પૂરતી જરૂર છે. તેઓએ તુરત ફરિયાદ કરવી અને હકીકત ખરી તથા સ્પષ્ટ આપવી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६-१२-१९०५

Gandhi Heritage Portal

૧૭૪. લંડન ઇન્ડિયન સોસાયટી તથા પ્રોફેસર ગોખલે

પ્રોફેસર ગોખલેએ થોડી મુદતમાં ઇંગ્લંડ ગજાવી મેલ્યું છે. તેમના તથા હિંદના દાદા દાદાભાઈને સારુ લંડન ઇન્ડિયન સોસાયટીએ મેળાવડો[1] કર્યો હતો. તે વેળા પ્રોફેસર ગોખલેએ આપેલા ભાષણનો સાર અમે નીચે આપીએ છીએ; કેમ કે તે ભાષણ ઘણું જાણવાયોગ્ય તથા વિચારવાયોગ્ય છે. તેનું મુખ્ય તાત્પર્ય હિંદમાં કેળવણી ફેલાવવાનું છે. તે અરસામાં અમે ઇંગ્રેજીમાં[2] લખાણ કર્યું છે. અમે માનીએ છીએ કે કેળવણી વિના આપણે દક્ષિણ આફ્રિકામાં પણ સુખી થવાના નથી. કેળવણી એ મોટામાં મોટું સાધન આ જમાનામાં રહેલું છે. પ્રોફેસર ગોખલેએ પોતે પોતાનાં ૨૦ વર્ષ ફર્ગ્યુસન કૉલેજને વગર પૈસે આપ્યાં છે ને હાલ પણ દેશસેવા કંગાલિયતપણે ભોગવે છે. તેમનો પગાર લેજિસ્લેટિવ કાઉન્સિલમાં રૂ. ૧,૦૦૦નો[3] છે. તે પગાર પણ પોતે પોતાને અર્થે નથી વાપરતા પણ દેશના હિતમાં વાપરે છે. તેમના ભાષણમાં તેઓ સાહેબ જણાવે છે કે:

> ૨૦ વર્ષ પહેલાં જ્યારે મેં યુનિવર્સિટી છોડી અને દેશની સેવા શરૂ કરી ત્યારે નેશનલ કૉંગ્રેસની પહેલી મીટિંગ થયેલી. તે વેળા તમે (મિ. બૉનરજી) તેના પહેલા પ્રમુખ હતા. ત્યારથી આજ સુધી તમે દેશસેવા કરતા આવ્યા છો અને આજ પણ માંદા છો છતાં અહીં હાજર થયા છો. આ તમારી સેવા તમારો દેશ કદી ભૂલે તેમ નથી. મારે આજે વધારે કહેવાનો ઇરાદો નથી. મિ. બૉનરજી અને મિ. દાદાભાઈ જે હિંદની સેવા કરતાં ઘરડા થયા છે તેની આગળ હું શું બોલું? તોપણ દાદાભાઈની જિંદગી ઉપરથી આપણે શું શીખવાનું છે તે વિષે મારાથી બોલ્યા વિના રહેવાતું નથી. તેણે જે શબ્દો આપણને કહેલા છે તે બધા કસાયેલા છે. પોતે અનુભવથી તે શબ્દો બોલ્યા છે. એ પ્રમાણે બોલવાનો હક માત્ર એમને જ છે. આપણે હાલના જમાનાના માણસોએ તે પ્રમાણે બોલવાનો હક નથી. આપણી સ્થિતિ કેવી છે તે સૌ જાણો છો. તેના કરતાં હજુ ખરાબ થશે એમ પણ હું કહું છું. આપણે જાતમહેનત ઉપર ભરોસો રાખવાનો છે. આપણે દેશને સારુ જે આશા રાખીએ છીએ તે પૂરી પાડવી હોય તો આપણી જવાબદારીનો આપણે ખ્યાલ કરવો પડશે. આપણી ઉપર આફતો છે એમ જાણીને બેસી રહેવાથી આફતો દૂર થનાર નથી. જુવાનિયાઓએ ઝંપલાવીને પડવાનું છે. આપણી ઉપર વાદળ ચડી આવે તેથી ડરવાનું નથી. એ વખતે જ ખરા માણસોની કસોટી થાય છે. જો આપણે ખરા રહીશું તો પરિણામ સારું જ આવશે. જાપાન તથા રશિયામાં જે બનાવો બને છે તેનો આપણે ધડો લેવાનો છે. હું માનું છું કે એવો વખત આવ્યો છે કે આપણા જુવાનિયાઓએ પોતાના દેશને અર્થે બધું તજવાની જરૂર છે. જો આપણે બધા આપણા સ્વાર્થમાં મચ્યા રહીશું તો પછી દેશની સ્થિતિ ન સુધરે તેમાં બીજાનો દોષ કાઢવાનો આપણને હક નથી. દેશમાં ખરી જરૂર કેળવણીની છે. કેળવણી એટલે કક્કો શીખીને બેસી રહેવું એ નહીં. પણ કેળવણી એટલે આપણા હકો શું છે તે જાણવું. હકોની સાથે આપણી જવાબદારી તથા ફરજ શી છે તે સમજવું. આવી

૧. શનિવાર, ૧૧ નવેમ્બર, ૧૯૦૫ને રોજ ડબલ્યૂ. સી. બૉનરજીના પ્રમુખપદ હેઠળ.

૨. જુઓ "હિંદમાં ફરજિયાત કેળવણી", પા. ૯૬–૭.

૩. ઇમ્પિરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્યોને વરસે ૫,૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા.

Gandhi Heritage Portal

કેળવણી પાંચપચીસ માણસોને મળે તે બસ નથી. તે કેળવણી કરોડો માણસમાં ફેલાવવાની છે. તે કેમ થશે? તેને સારુ આપણે તૈયાર થવાની જરૂર છે. તેની તરફ આપણો વખત રોકવાની જરૂર છે. સરકાર તેવી કેળવણી આપે એવી આશા રાખવાની નથી. આવા જુવાનિયાઓની સંખ્યા દિવસે દિવસે વધવી જોઈએ. આ શિક્ષણ આપણે દાદાભાઈની જિંદગીમાંથી લેવાનું છે. તો જ આપણે તેમને માન આપ્યું ગણાય. તેમનો નમ્ર સ્વભાવ, તેમની સાદાઈ, તેમનો ભોગ, તેમની આશા, તેમની દૃઢતા—આ બધા ગુણોનાં વખાણ કરવામાં ફાયદો નથી, પણ તે ગુણો પ્રમાણે આપણે ચાલવાનું છે. આપણે દેશને સારુ બળી મરવા જેટલી હોંશ રાખવાની જરૂર છે. જો આવા જુસ્સાવાળા જુવાનિયાઓ સંખ્યાબંધ તૈયાર થાય તો એવું કોઈ આ દુનિયામાં નથી કે જે આપણને હેરાન કરી શકે—એમ થશે ત્યારે જ આપણી ઉપરથી વાદળ દૂર થશે. ત્યારે જ આપણે ફત્તેહ પામશું. ત્યારે જ હિંદ આગળ વધશે. આપણી હલકાઈ જશે ને આપણું તેજ જગતમાં પ્રકાશશે. અને ત્યારે જ આજે આપણને જેનું સ્વપ્ન આવે છે તે કાલે ખરું પડશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६–१२–१९०५

૧૭૫. ટ્રાન્સવાલની પરમિટો

હિંદીઓને પરમિટ આપવા બાબત મોટા ફેરફાર થાય છે. પરમિટ ઑફિસ જોહાનિસબર્ગમાં ચાલે છે. તેનો કબજો તદ્દન કૉલોનિયલ ઑફિસને આપવાનો લૉર્ડ સેલબૉર્ને હુકમ કર્યો છે. આ પરિણામ ઘણે ભાગે ડેપ્યુટેશનને[1] લીધે આવ્યું જણાય છે. હવે તે ફેરફાર કઈ રીતે થાય છે એ ઉપર આધાર રહેશે કે હિંદીની સ્થિતિ સુધરશે કે બગડશે. અમે ધારીએ છીએ કે સુધરશે. જોકે હાલ તુરત વખતે થોડી તકલીફ પડે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६–१२–१९०५

૧. જુઓ "લૉર્ડ સેલબૉર્ન અને ટ્રાન્સવાલના હિંદી", પા. ૧૫૫-૬૨.

Gandhi Heritage Portal

૧૭૬. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ડિસેમ્બર ૨૧, ૧૯૦૫

ચિ. છગનલાલ,

તમારો પત્ર તથા તાર મળ્યા. જો હેમચંદ નકામો થઈ ગયો હોય અથવા તેને બરતરફ કરવામાં આવ્યો હોય[૧] તો તમે ગોકુળદાસનો ઉપયોગ કરજો, સિવાય કે મેં કરેલી જોરદાર ભલામણ અનુસાર તે તામિલ વિભાગમાં જતો રહે. એમ હોય તો હું કલ્યાણદાસને મોકલી શકું.

સહેલગાહની ટિકિટ બહુ સસ્તી મળે છે. હું તમારે માટે પરમિટ મેળવવાના પ્રયત્નમાં છું, ને તમે તૈયાર થાઓ તેટલામાં એ તમને મળી જશે. છેવટે તમે આવી જવાનો નિર્ણય કર્યો તેથી હું બહુ ખુશ થયો.

ડેલાગોઆ બેવાળા મિ. હોરમસજી એદલજી[૨] તરફથી મને પાઉંડ ૩-૭-૬નો ડ્રાફ્ટ મળ્યો છે. તેઓ લખે છે કે રસીદ તેમને સીધી મુદ્રણાલય તરફથી મળે તો સારું. એટલે તમે તેમને એટલી રકમની પહોંચ મોકલજો. તેમાં જાહેરાત તથા લવાજમની રકમ આવી જાય છે. વળી તેઓ લખે છે કે હમણાંનું તેમને પત્ર મળતું નથી. આ બાબત યોગ્ય કરશો.

તમે મને 'પીચ'ના ફળની એક પેટી મોકલ્યાનું લખો છો. એ હજુ મને મળી નથી.

આ માસની આખરે વીરજી છૂટો થશે. એને એનો પગાર આપશો, તથા ડેક(તૂતક) વર્ગનું ભાડું અને મુસાફરી દરમિયાન ખાવાને માટે કંઈક આપશો. સામાન્ય રીતે શું આપવામાં આવે છે તે હું જાણતો નથી. તમારે તે બાબત રકઝક કરવાની જરૂર નથી, પણ તમે એને મળજો. આ બધું એને માસને છેલ્લે દિવસે મળી જાય એમ કરશો.

તમારો શુભેચ્છક,
મો. ક. ગાંધી

મિ. સી. કે. ગાંધી
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી ઉપરથી: એસ. એન. ૪૨૬૭

૧. જુઓ પા. ૯૩-૪

૨. મૂળ અંગ્રેજીમાં જોડણી 'Hormsgy Idolgy' છે.

Gandhi Heritage Portal

૧૭૭. ઑરેન્જ રીવર કૉલોની બાબત નવા ધારા વિષે બ્રિ. ઇ. ઍસોસિયેશનની અરજી

અમે બીજી જગ્યાએ ઑરેન્જ રીવર કૉલોનીના ગૅઝેટમાં કાળા માણસો બાબત જે નવા કાયદા થયા છે તે વિષે લખી ગયા છીએ. તે બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને નામદાર હાઈ કમિશનરને અરજી કરી છે તેનો સાર નીચે આપીએ છીએ:

તા. ૧૫મીના ઑરેન્જ રીવર કૉલોનીના સરકારી ગૅઝેટમાં કેટલાંક બિલ તથા ધારાઓ બહાર પડ્યાં છે તે કાળા માણસોને લાગુ પડતા હોવાથી તે વિષે આપ નામદારને અરજી કરવાની રજા લઉં છું.

મારું ઍસોસિયેશન તે ધારાઓની કલમોનું વિવેચન કરવા નથી માગતું. પણ તે ધારાઓમાં "કાળા માણસ"નો જે અર્થ કરેલો છે તે વિષે મારું ઍસોસિયેશન આપ નામદારનું ધ્યાન ખેંચવા માગે છે. ખરું જોતાં તે ધારા તથા બિલ હિંદીઓને લાગુ નહીં પડે કેમ કે હિંદીઓ ટ્રાન્સવાલમાં જૂજ છે, એટલે તેવા ધારા હિંદીઓને લાગુ પાડવા એ તો માત્ર તેઓનું વગર કારણસર અપમાન કરવા જેવું છે. તેથી તો આપ નામદાર તે બિલ કાળા માણસને લાગુ નહીં પડે એવો હુકમ કરશો તો મારું ઍસોસિયેશન બહુ આભાર માનશે. કેમ કે તે ધારામાં હિંદીઓને ભેળવ્યા છે તેમાં કંઈ ત્યાંના લોકોનો સ્વાર્થ સુધરતો નથી અને હિંદીઓને તેથી બહુ દરદ થાય છે.

હું છું, આપનો સેવક,
અબદુલ ગની,
બ્રિ. ઇ. ઍ. ના પ્રમુખ

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०-१२-१९०५

૧૭૮. ઊભો પાક

મોલ તો ખરેખર ભરચક છે, પણ કાપણી કરનારા થોડા છે. કાર્યકરોના અભાવે ઘણાં કામ કરવાનાં પડી રહ્યાં છે. અને તેમાંનું દરેક કામ કરવાનું ખૂબ જ આવશ્યક છે. પણ, જો કયી ચીજ પહેલી લેવી એ પસંદ કરવાનું હોય તો આપણે હિંદીઓમાં કેળવણીના પ્રચારને પ્રથમ સ્થાન આપવું જોઈએ.

અત્યારે નાતાલના તહેવારો ચાલે છે. આ વરસ હવે તરત પૂરું થવામાં છે. ખ્રિસ્તીઓને મન નાતાલની ઋતુ જીવનની પવિત્રતાની ઋતુ છે; એટલે આ શબ્દો વાંચનાર ઘણા બ્રિટિશ હિંદીઓને માટે એ ઊંડી આધ્યાત્મિક જાગૃતિની ઋતુ છે, અગર હોવી જોઈએ. આથી અમે હિંદી યુવકોનાં, જેઓ દક્ષિણ આફ્રિકામાં જન્મ્યા છે અને ઊછર્યા છે તથા દક્ષિણ આફ્રિકા જ જેમનું વતન છે, તેમનાં હૃદયના અત્યંત સંવેદનશીલ તાર ઝણઝણાવવાને ઇચ્છીએ છીએ. જેમને કાંઈ પણ કેળવણી મળી છે તેઓ પોતાનાં માતપિતા, જેઓ ઘણાંક પોતે કદાચ અભણ હશે,

Gandhi Heritage Portal

તેમના ઋણી છે. તેના બદલામાં હવે આ યુવકોએ, જે દેશબંધુઓને કેળવણી તથા સંસ્કૃતિની, અને એ બે શબ્દોમાં જે જે વસ્તુનો સમાવેશ થતો હોય તે બધાની જરૂર છે, તેમને અર્થે શું કરવું જોઈએ? હિંદી યુવકોની કેળવણી તરફ ખૂબ ઉપેક્ષા રાખવામાં આવે છે એ વાતની અમે પહેલાં પણ ચર્ચા કરી ગયા છીએ.[1] જે કાંઈ થોડુંક થાય છે તે, અંશતઃ દક્ષિણ આફ્રિકાની સરકારની સહાય વડે મિશનરીઓના સાહસથી થાય છે. સંપૂર્ણ રીતે હિંદી સાહસથી ચાલતી હોય એવી એક પણ મહત્ત્વની શાખા અમારા જોવામાં આવતી નથી. આ એક એવું ક્ષેત્ર છે જેમાં, જોકે આપણને સરકારની દોરવણીની આશા રાખવાનો હંમેશાં હક છે, છતાં આપણે સ્વાશ્રયી થઈ શકીએ. તેમ જ એ કાંઈ માત્ર પૈસાની વાત નથી. પહેલી જરૂર તો કેળવણીના કાર્યને નિઃસ્વાર્થ ભાવે આત્મસમર્પણ કરનાર સંખ્યાબંધ સ્વાર્થત્યાગી યુવાનોની છે. અમને તો એ શરત અનિવાર્ય લાગે છે. યુરોપિયન જગતમાં રોમન કૅથલિકોમાં ઉત્તમોત્તમ અધ્યાપકો પેદા થયા છે, કેમ કે એ અધ્યાપકો નથી પગાર લેતા કે નથી તે લેવાની અપેક્ષા રાખતા. બ્રહ્મદેશના લોકના ખ્યાલ મુજબ તેમનાં બાળકોને સંપૂર્ણ કેળવણી મળે છે કેમ કે એમના શિક્ષકો સ્વયંસેવકો હોય છે. પ્રાચીન હિંદમાં પણ એ જ નિયમનું અનુસરણ થતું હતું અને હજી આજે પણ ગામડાનો શિક્ષક ગરીબ માણસ હોય છે. એ જ પુરાણી પ્રથાનું આધુનિક રૂપમાં પુનરુત્થાન આપણને પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં જોવા મળે છે, જેના બે ઝગમગતા તારા, પ્રોફેસર ગોખલે અને પ્રોફેસર પરાંજપે[2] છે. દક્ષિણ આફ્રિકામાં એ પ્રથા દાખલ કર્યા સિવાય સમગ્ર હિંદી પ્રશ્નનો કદી ઉકેલ નહીં આવે. આથી, દક્ષિણ આફ્રિકાવાસી હિંદી યુવકો સામેની ફરજ સાદી અને સ્પષ્ટ છે. તેમની સમક્ષ પડેલું કાર્ય એકાદ દિવસનું કે થોડાક મહિનાઓનું નહીં, પણ વરસોનાં વરસ લે એવું છે; એ કામ સખત શ્રમ વિના થાય એવું નથી. તેમણે ગરીબાઈથી સંતોષ માનવાનો છે એટલું જ નહીં, પણ એ સેવાકાર્ય માટે એમણે પોતે તાલીમ લઈને તૈયાર થવાનું છે. આ ધ્યેયે પહોંચવા કોઈ રાજમાર્ગ નથી, પણ તેથી કોઈએ નિરાશ થવાની જરૂર નથી. જો એક યુવાન પણ હિંદી બાળકોની ઉન્નતિ માટે પોતાનું જીવન સમર્પણ કરવાનો મન સાથે નિશ્ચય કરી દે તો તે એ કામ કરી શકશે. સહકાર અને ધન જોકે હંમેશ ખૂબ જ મદદગાર થશે, છતાં કેળવણી એવું કાર્યક્ષેત્ર છે, જેમાં એકલો એક શિક્ષક પણ પોતે મોટા શિક્ષક સમુદાયનું કામ આપી શકે. એટલે બીજા આ કામમાં જોડાય તેની રાહ જોઈને કોઈએ બેસી રહેવાની જરૂર નથી. ને આના જેટલો પવિત્ર બીજો કોઈ ધંધો નથી. એક સંસ્કૃત શ્લોક છે:

> विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन।
> स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ।।

વળી:

> व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधन प्रधानम्।

હિંદી યુવકોને આ અપીલ કરતી વખતે અમે તેમનું ધ્યાન પ્રોફેસર ગોખલેના જ્વલંત શબ્દો તરફ ખેંચવા માગીએ છીએ, જે તેમણે લંડન હિંદી સમાજ સમક્ષ શ્રી દાદાભાઈ

૧. જુઓ "હિંદમાં ફરજિયાત કેળવણી", પા. ૯૬–૭.

૨. સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી(હિંદ સેવક સમાજ)ના સભ્યો તરીકે બંને જણે નજીવા પગારે, માંડ ભરણપોષણ થાય તેટલી રકમ લઈ, કાર્ય કરેલું. ગોખલેએ સ્થાપેલી આ સંસ્થાના સભ્યો સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓને જીવન સમર્પણ કરતા.

Gandhi Heritage Portal

નવરોજીના તથા પોતાના માનમાં યોજાયેલા સન્માન સમારંભમાં ઉચ્ચાર્યા હતા. શ્રોતાગણ આગળ 'હિંદના દાદા'નું ઉમદા દૃષ્ટાંત સ્પષ્ટ રીતે રજૂ કર્યા બાદ એ કહે છે :

> આપણી આસપાસ મહાન બનાવો બની રહ્યા છે એ આપણે ભૂલવું ન જોઈએ. જો આપણે દુનિયાના ઈતિહાસમાં આપણો ભાગ ભજવવો હોય તો તે ભજવવાની આપણી યોગ્યતા આપણે બતાવી આપવી જોઈએ. હું માનું છું કે સંખ્યાબંધ યુવાનોએ પોતાના દેશની સેવામાં સર્વસ્વ હોમી દેવાનો સમય આવી પહોંચ્યો છે. આપણી આગળ પડેલા કાર્યનું મહત્ત્વ જોતાં એમ કર્યે જ છૂટકો છે. જો આપણે સૌ પોતપોતાના કામધંધામાં પરોવાયેલા રહીએ ને મુખ્યત્વે આપણા અંગત સ્વાર્થોનું ધ્યાન રાખ્યા કરીએ અને દેશને ભાગ્યને ભરોસે છોડી દઈએ તો કામ જે ગતિએ ચાલે છે તેનાથી વધુ ગતિએ કેમ ચાલતું નથી એવી ફરિયાદ કરવાનો આપણને હક નથી. જો આપણા આમવર્ગમાં કેળવણીનો બહોળો ફેલાવો નહીં થાય, અને હું માત્ર પ્રાથમિક કેળવણીનાં મૂળ તત્ત્વોની વાત કરતો નથી, પણ આપણા હકોનું, આપણને જે મળવું ઘટે તેનું અને આવા હકો સાથે જે જવાબદારી આવે છે તેનું જ્ઞાન પણ હું કેળવણીમાં ગણું છું, તેનો ફેલાવો નહીં થાય તો, અનિશ્ચિત સમય સુધી આપણી આશાઓ માત્ર આશાઓ જ રહેવાનો સંભવ છે. આપણી મુશ્કેલ પરિસ્થિતિનું એકમાત્ર નિરાકરણ એ છે કે આવી કેળવણીની અગત્ય, કહો કે સર્વોપરી અગત્ય, આપણે બરાબર સમજી લઈએ તથા આપણા પૈકી જે કોઈ એ જ્ઞાનપ્રચાર કરવા લાયકાતવાળા હોય તેઓ પોતાની એ ફરજ સ્વીકારીને તે અર્થે આગળ આવે અને એ કાર્ય ઉપાડી લે. હું ધારું છું કે આજે આના કરતાં વધારે સાચી દેશભક્તિનું બીજું કોઈ કાર્ય હોઈ નહીં શકે. આપણા મહાન અને પૂજ્ય નેતાના ભાષણે આપણા પર જે જવાબદારી નાખી છે તે આ છે. હું એવું માનવાની હિંમત કરું છું કે હવે દેશને એવી અપેક્ષા રાખવાનો હક છે કે આપણા યુવાન પુરુષોનો અમુક ભાગ — આરંભે ભલે એ નાનો હોય પણ ધીરે ધીરે તેની સંખ્યા અચૂક વધતી જશે — ફરજના આ પોકારનો પૂરા દિલથી જવાબ આપશે. જો આટલું થાય તો, કોઈ કોઈ વાર ભલે આપણું ભવિષ્ય ગમે તેટલું અંધકારમય લાગતું હોય છતાં પણ અંતે સફળતા આપણા પ્રયાસોને મુગટ પહેરાવશે જ. કેમ કે આપણું સંખ્યાબળ એવું મોટું છે કે જો આપણે પોતે હિંમત હારી નહીં બેસીએ તો આ દુનિયા પર કોઈ એવી સત્તા નથી જે આપણી આગેકૂચ અટકાવી શકે.

આપણે યાદ રાખવાનું છે કે, આપણને ફરીફરીને ઠસાવ્યું છે તે સત્યને જેમણે પોતાના જીવનમાં વીસ વરસ સુધી ચકાસી જોયું છે, એવા પ્રોફેસર ગોખલેના આ શબ્દોમાં એવું કશું નથી જે અહીં દક્ષિણ આફ્રિકામાં આપણને લાગુ પડતું ન હોય. આ વીરલ પ્રસંગને શોભાવવા કોઈ વ્યક્તિ આગળ આવશે? લણવા માટેનો પાક સમૃદ્ધ છે, ભરપૂર છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३–१२–१९०५

Gandhi Heritage Portal

૧૭૯. નાતાલ ગવર્નમેન્ટ રેલવે અને હિંદીઓ

નાતાલ સરકારની રેલવે ઉપર કેટલાંક સ્ટેશનો પર હિંદી મુસાફરોને જે અનાવશ્યક અગવડ ભોગવવી પડે છે, તે બાબત ત્રણ હિંદીઓની સહીવાળી ફરિયાદ અમને મળી છે. અમે તે ગુજરાતી કટારોમાં આપીએ છીએ. અમારા પત્રલેખકો કહે છે :

> અમારી મુસીબતો સંબંધી અમારી ફરિયાદ આપ સત્તાવાળાઓના ધ્યાન પર લાવશો એવી અમને આશા છે. તેરમી ડિસેમ્બરે અમારા મિત્ર મિ. વલી આરિફ ચાર વાગ્યાની મેલ-ગાડીમાં જનાર હતા. અમે તેમને વિદાય આપવા સેન્ટ્રલ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર જવા માગતા હતા પણ પ્લૅટફૉર્મ પરના કૉન્સ્ટેબલે અમને અંદર જતાં ઉદ્ધતાઈથી અટકાવ્યા. અમને કેમ જવા નથી દેતા એ સમજાવવા અમે એને કહ્યું ત્યારે તેણે એકદમ કહ્યું કે, નહીં જવા દઉં.

અમારા પત્રલેખકોએ આવું જ બીજું પણ લખ્યું છે. અમે એટલું કબૂલ કરીએ છીએ કે એવા પ્રસંગો હોય કે જ્યારે મુસાફરોને વિદાય આપવા મિત્રોને અનિયંત્રિત સંખ્યામાં દાખલ કરવાનું શક્ય ન હોય. પરંતુ જ્યારે જ્યારે મિત્રોને પ્લૅટફૉર્મ પર જતાં અટકાવવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે જનતાને વિવેકસરનો જવાબ તથા ખુલાસો મેળવવાનો હક છે એ બાબતમાં અમને ખાતરી છે કે રેલવે સત્તાવાળા અમારી સાથે સંમત થશે. અમે આશા રાખીએ છીએ કે સત્તાવાળા આ બાબત તપાસ કરશે અને અમારા પત્રલેખકોએ જે વર્તાવની ફરિયાદ કરી છે તેવો વર્તાવ ફરી થતો રોકશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३–१२–१९०५

૧૮૦. કેપ સંસ્થાન ખાતે હિંદી વેપારીઓ

અમારા કેપ ખાતેના ખબરપત્રીએ ગયે અઠવાડિયે હિંદી વેપારીઓનો પ્રશ્ન ચર્ચ્યો હતો. અમારા ખાસ ખબરપત્રીઓ આ પત્રની નીતિ અગર તેના અભિપ્રાયોની જ રજૂઆત કરે છે એવું નથી, એ અમારા વાચકોને કહેવાની ભાગ્યે જ જરૂર હોય. અમે એક નિયમ તરીકે કોઈ પણ પ્રશ્નની સંઘળી બાજુઓ આપવાના પ્રયત્ન કરીએ છીએ. અમારા કેપ ખાતેના પ્રતિનિધિએ હિંદી વેપારીઓનો પ્રશ્ન લંબાણથી ચર્ચ્યો ન હોત તો ઉપરની હકીકત પર ભાર દેવાનું અમારે કારણ ન હતું. અમે માનીએ છીએ કે નાના હિંદી વેપારીઓ સંસ્થાનને લાભકારક નીવડ્યા છે. આ બાબતમાં અમે સર જેમ્સ હ્યુલેટે તાજેતરમાં, અને સર વૉલ્ટર રૅગ, મરહૂમ સર હેનરી બિન્સ અને બીજાઓએ કેટલાંક વર્ષ પૂર્વે દર્શાવેલા અભિપ્રાય સાથે સહમત છીએ કે હિંદી વેપારી એ જ વર્ગના બીજા વેપારીઓ કરતાં ઘણો સારો માણસ છે અને દેશની એક ખૂબ જ વરતાતી જરૂરિયાત પૂરી પાડે છે. આથી એમની સ્વતંત્રતા પર કોઈ કાપ મુકાશે

Gandhi Heritage Portal

તો તેનાથી તેને ગંભીર અન્યાય થશે, અને એ દિશામાં જે કાંઈ પ્રયાસ કરવામાં આવે તેની સામે કેપના હિંદીઓએ કમર કસીને ઝૂઝવું જોઈશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३-१२-१९०५

૧૮૧. હિંદુ અને મુસલમાન વચ્ચે ઈકરાર

મિ. હાજી હબીબે અમને આ બાબત ઉપર કાગળ લખ્યો છે તે અમે બીજી જગ્યાએ[1] છાપીએ છીએ. કરાંચીના મહાજન વિષે મિ. હાજી હબીબ જે વાત લખે છે[2] તે ખરી હોય તો અમે દિલગીર છીએ. અમે એમ પણ માનીએ છીએ કે હિંદુઓની સંખ્યા મોટી હોઈ તેઓએ વધારે નમનતાઈથી ચાલવાનું છે. જો હિંદુમુસલમાન વચ્ચે સંપ રહ્યો હોત તો હિંદી કૉંગ્રેસ જે જે હકો માગે છે તે ક્યારના મળ્યા હોત એમ મિ. હાજી હબીબનું કહેવું છે. એ પણ અમે માનીએ છીએ.

આવી બાબતોમાં દરેક કોમના મુખીઓએ મળીને એક સલાહ કરવાની જરૂર છે એમાં કંઈક જ શક નથી. અને અમે એવાં ચિહ્નો પણ જોઈએ છીએ કે થોડા વખતમાં એવું પરિણામ પણ આવશે.

છતાં અમો જે આગળ કહી ગયા છીએ તેની ઉપર તો અમારે ભાર મૂકવો જોઈએ. તે એ કે ગમે તેવી તકરાર બન્ને કોમ વચ્ચે હોય તોપણ તેનો ઈન્સાફ ત્રીજાના હાથમાં નહીં જવો જોઈએ. ભાઈઓ એક બીજા [સાથે] વઢી મરે તે સહન કરવું વધારે સહેલું છે. પણ બન્નેની પાસે જે કંઈ હોય તે ત્રીજો માણસ લઈ જાય તે ન સહન થાય તેવું છે, અને આપણા બધાના મનની લાગણી એવા પ્રકારની હોવી જોઈએ. જેમ એ. રસૂલ[3] બતાવી ગયા છે તેમ ત્રીજો માણસ વચમાં પડવાથી તકરાર કરનાર એક્કેને ફાયદો થવાનો સંભવ નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३-१२-१९०५

૧. ૩૦-૧૨-૧૯૦૫ના અંકમાં.

૨. હિંદુ વેપારીઓ સામે મુસ્લિમ વેપારીઓ ઉપર ગોરક્ષા ફંડ ફરજિયાત રીતે લાદવાની ફરિયાદ હાજી હબીબે કરી.

૩. પૂનાના મરાઠા પત્રના અહેવાલ મુજબ એ. રસૂલે મુસ્લિમોની જાહેર સભાને સંબોધતાં બંગાળના હિંદુ અને મુસ્લિમોને અપીલ કરી હતી કે બંગભંગ અને સ્વદેશી સહિત બધા પ્રશ્નો માટે ઐક્ય સાધવું.

Gandhi Heritage Portal

૧૮૨. ખુદાની કુદરત ન્યારી છે[1]

એક રસિક વાર્તા

ક્રિસ્ટમસના અરસામાં આખી યુરોપમાં જુદી જુદી જાતનાં ચોપાનિયાં બહાર પડે છે. તેમાં કેટલીક ઘણી જાણવા જેવી બિનાઓ પ્રગટ થાય છે. ઈંગ્લંડમાં પ્રખ્યાત મિ. સ્ટેડે જે ચોપાનિયું બહાર પાડયું તેમાં તેણે કાઉન્ટ ટૉલ્સ્ટૉયની જિંદગીનું વૃત્તાંત આપ્યું છે. અમે આ પત્રમાં[2] કાઉન્ટ ટૉલ્સ્ટૉય કોણ છે તે બતાવી ગયા છીએ. તે પોતે લક્ષાધિપતિ છતાં અત્યંત ગરીબી હાલતમાં રહે છે. દુનિયામાં તેના જેવા વિદ્વાન પુરુષો ઘણા થોડા છે. તેણે પોતાનાં લખાણો માણસોની જિંદગી કેમ સુધરે એ બતાવવા સારુ કરેલાં છે. અને તેવા હેતુથી કેટલીક નાની વાર્તાઓ પણ લખી છે. તેમાંની એક જે સરસ ગણાય છે તેનો તરજુમો અમે નીચે આપીએ છીએ. તેનું નામ અમે ઉપર આપ્યું તે છે. એ વાર્તા વિષે અમારા વાચકવર્ગનો અમે મત માગીએ છીએ. એ જો તેમને રસિક લાગી હોય અને તેમાંથી તેમને ફાયદો માલૂમ પડયો હોય તો અમે તેવી બીજી વાર્તાઓ પણ આપશું. આ વાર્તાની જે મુખ્ય બિનાઓ છે તે બનેલી હકીકત છે એમ કહેવાય છે.

વાલડીમીર ગામમાં આઈવન નામે વેપારી રહેતો હતો. તેને બે દુકાન અને એક ઘર હતાં. આઈવન એક રૂપાળો અને મશ્કરો માણસ હતો. તેને ગાવાનો શોખ હતો. જ્યારે તે છેક જુવાન હતો ત્યારે તેને દારૂ પીવાની ટેવ હતી. પરણ્યા પછી ઘણે ભાગે દારૂ છોડી દીધો. એક વખત આઈવન મેળામાં જતો હતો ત્યારે તેની બૈરીએ કહ્યું, તમે ન જાઓ તો સારું. મને ગઈ રાતે ખરાબ સ્વપ્નું આવ્યું હતું. આઈવને હસીને કહ્યું, "તને બીક છે કે હું મેળે જઈને દારૂ પીશ તેથી તું એમ બોલે છે." તેની બૈરીએ જવાબ આપ્યો, "મને શેની બીક છે તે હું પોતે નથી જાણતી. હું તો એટલું જાણું છું કે મને ખરાબ સ્વપ્નું આવ્યું તે એ હતું કે તમે ગામમાંથી પાછા આવ્યા ને પાઘડી ઉતારી ત્યારે તમારા મોવાળા ધોળા થઈ ગયેલ મેં જોયા." આઈવન હસીને બોલ્યો, "એ તો સારું સ્વપ્નું; જોજે હું માલ વેચી તારે સારુ ભાતભાતની ચીજ લાવું છે કે નહીં." એમ કહી તે પોતાની ગાડીમાં ચઢી બેઠો. અડધે રસ્તે ધર્મશાળા આવી. ત્યાં તેણે ગાડી છોડી. ત્યાં તેને એક ઓળખીતો વેપારી મળ્યો. તે બંને સાથે એક કોટડીમાં રાત રહ્યા.

આઈવન તો વહેલો સૂઈ ગયો ને સવાર નહોતું પડયું તેટલામાં તે ગાડી જોડી રવાના થયો કે જેથી વહેલો બપોર પહેલાં ઠેકાણે પહોંચે. પચીસેક માઈલ દૂર ગયા બાદ ઘોડાને જોગાણ દેવા એક ધર્મશાળા આવી ત્યાં રોકાયો. ઘોડા છોડયા અને પોતે પોતાની સારંગી કાઢી વગાડવાનું શરૂ કીધું તેટલામાં એકદમ ઘોડાગાડી આવી પહોંચી. તેમાંથી એક અમલદાર બે સિપાઈ સાથે ઊતર્યો. તે આઈવનની પાસે આવ્યો અને તેને સવાલ પૂછવા લાગ્યો. આઈવને તેને બધા જવાબ આપ્યા. અને પોતાની સાથે ચા લેવાનું આમંત્રણ કર્યું. પણ અમલદારે તેની ઉપર ધ્યાન

૧. ઑકસફર્ડ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ 'ટૉલ્સ્ટૉય શતાબ્દી ગ્રંથ' (ટૉલ્સ્ટૉય સેન્ટિનરી એડિશન)–માં આ વાર્તાનું મથાળું "ગૉડ સીઝ ધિ ટ્રૂથ, બટ વેઈટ્સ" આપ્યું છે.

૨. જુઓ પા. ૫૯.

Gandhi Heritage Portal

દીધું નહીં. અને સવાલો પૂછ્યા કીધા: "તમે ગઈ કાલે રાત્રે ક્યાં હતા, તમે એકલા હતા કે તમારી સાથે કોઈ હતું, તમારી સાથેના માણસોને આજ સવારે તમે જોયેલા કે નહીં, તમે ધર્મશાળા સવાર પડ્યા પહેલાં શા માટે છોડી?" આઇવનને આ સવાલ ઉપરથી અચંબો લાગ્યો છતાં તેણે બધા જવાબ આપ્યા. અને પછી બોલ્યો: "હું એક ચોર હોઉં એવી રીતે મારી ઊલટતપાસ કેમ કરો છો? હું મારે કામે જાઉં છું. મને કંઈ એવા સવાલ પૂછવાની જરૂર નથી." ત્યારે અમલદારે કહ્યું, "હું આ ભાગનો પોલીસ અમલદાર છું. અને આ સવાલ પૂછવાનું કારણ એ છે કે જે માણસની સાથે તમે રાત રહ્યા હતા તે માણસને કોઈએ મારી નાખ્યો છે, અને તેનું ગળું કપાયેલું જોવામાં આવે છે. એટલા સારુ અમારે તમારી જડતી લેવી જોશે." પછી અમલદાર અને સિપાઈઓએ આઇવનનો સામાન છોડયો અને તપાસતાં તેમાંથી તેને છરી મળી. મળતાં જ પોતે ધમકાવીને બોલ્યો: "આ છરી કોની છે?" આઇવન પોતે લોહીવાળી છરી જોઈને હેબતાઈ ગયો. અમલદારે પૂછયું, "આ છરી ઉપર લોહી ક્યાંથી આવ્યું?" આઇવન બહુ બોલી નહીં શક્યો. તોતડાઈને કહ્યું, "એ–એ–છ–છરી–મ–મ–મ–મારી નથી, મ–મ–મને ખ–ખબર–નથી." ત્યારે અમલદાર બોલ્યો: "આજે સવારે અમે પેલા માણસને ગળું કપાયેલો જોયો. આ કામ તારા સિવાય બીજા કોઈનું નથી. અંદરથી કોટડીએ ચાવી હતી, બીજો કોઈ માણસ ત્યાં હતો નહીં. લોહીવાળી છરી તારા સામાનમાંથી નીકળી છે અને તારી બોલચાલ અને તારો ચહેરો બતાવે છે કે તું જ ગુનેગાર છે. તેં એને કેવી રીતે માર્યો અને તેના પૈસા કેટલા ચોર્યા એ જલદીથી કહી દે." આઇવન બોલ્યો, "હું સોગન ખાઈને કહું છું કે એ કામ મારું નથી. એ માણસને પાછો મેં જોયેલો પણ નહીં હતો. મારા પોતાના પૈસા સિવાય મારી પાસે બીજું કંઈ નથી. છરી મારી નથી." આમ બોલતાં આઇવન ધ્રૂજતો હતો અને કેમ જાણે તેણે જ ગુનો કર્યો ન હોય તેમ તે દીસતો હતો.

અમલદારે તેને બાંધવાનો હુકમ કર્યો અને ગાડીમાં નંખાવ્યો. આઇવને આકાશ તરફ જોયું, હાથ જોડયા અને રોયો. તેનો માલ જપ્ત થયો. અને તેને પડખેના ગામમાં લઈ જઈ કેદ કરવામાં આવ્યો. તેના પોતાના ગામમાં તેની ચાલચલણ વિષે તપાસ ચાલી. માણસોએ ખબર આપી કે તે પહેલાં દારૂ પીતો પણ પાછળથી સુધર્યો હતો. તેની ઉપર ખૂન અને ચોરી કરવા બાબતનું કામ ચાલ્યું. તેની ઓરત ગમગીન થઈ ગઈ. શું કરવું, શું માનવું તેનું ભાન ન રહ્યું. તેને નાનાં બચ્ચાં હતાં, એક બચ્ચું તો ધાવતું હતું. એ બધાંને લઈને પોતે કેદખાનામાં પોતાના ધણીને મળવા ચાલી. બહુ મુસીબતે તેને મળવાની રજા મળી. પોતાના ધણીને કેદીના લેબાસમાં બેડી નાખેલો જોયો. જોઈને તે મૂર્છા પામી. અને કેટલીક વાર સુધી જીવ પાછો નહીં આવ્યો. મૂર્છા ઊતરી ત્યારે તેણે બધી પૂછપરછ કીધી અને તેની બૈરીએ કહ્યું કે તેણીએ શહેનશાહને માફી આપવા અરજી કરેલી. પણ દાદ મળી નહીં. આઇવને કંઈ જવાબ નહીં આપ્યો પણ નિરાશામાં નીચું ઘાલી રહ્યો. પછી તેની ઓરત બોલી: "મેં તમને સ્વપ્નની વાત કરી તે ખરી નીવડી. તમારે તે દહાડે જવું નહોતું જોઈતું." પછી તેના ખભા ઉપર હાથ મૂકી દયામણે મોઢે બોલી, "એ વહાલા, તમારી ઓરતને તો ખરું જ કહેજો, તમારાથી તો એ કામ નથી બન્યું?' "ત્યારે તો તને પણ મારી ઉપર વહેમ આવે છે ખરો." એમ બોલી આઇવન રડી પડયો. તેવામાં ચોકીદારે આવીને બાયડી-છોકરાંને જવાનો હુકમ કર્યો. અને આઇવન છેલ્લી વખતને સારુ પોતાનાં બાયડી-છોકરાંની સાથે ભેટયો. તેઓ ગયાં ત્યાર પછી આઇવને પોતાના મનની સાથે વિચાર કર્યો. પોતાની ઓરતને પણ શક આવ્યો તેથી તેને દરદ લાગ્યું અને ભારે નિસાસો નાખી

Gandhi Heritage Portal

બોલી ઊઠયો, "એ ખુદા, તારા સિવાય સત્ય જાણનાર બીજો કોઈ પણ નથી. એટલે મારી અરજી માત્ર તારી આગળ છે." તે દિવસથી આઈવને કેદમાંથી છૂટવાની આશા છોડી મૂકી અને માત્ર ખુદાની બંદગીમાં જ ગુલતાન થયો. આઈવનને સૈબીરિયામાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં તે ઘરડો થયો, તેનું શરીર પડી ભાગ્યું.

તે વખતે જ બોલતો અને કદી હસતો નહીં. ઘણી વખત ઈબાદત કરતો. કેદખાનામાં જોડા બનાવતાં શીખ્યો. તેમાંથી તેને પૈસા મળતા તે વતી તેણે એક ધર્મપુસ્તક ખરીદ્યું. તે જ્યારે વખત મળે ત્યારે વાંચતો. કેદખાનાના અમલદાર તેની ઉપર બહુ માન રાખતા અને પોતે બહુ નમ્ર હતો. તેથી બીજા કેદીઓ પણ તેને માન આપતા. તેને દાદા કહી બોલવતા અને તેઓની વચ્ચે કાંઈ તકરાર પડે તો આઈવન તેનો ચુકાદો કરતો. એક વેળા નવા કેદીઓ કેદખાનામાં આવ્યા. તેઓને બીજા કેદીઓ પૂછવા લાગ્યા. આઈવન બધું સાંભળ્યા કરતો હતો. નવા કેદીઓમાં એક ઊંચો મજબૂત બાંધાનો હતો. તે પોતાની કહાણી કહેવા લાગ્યો અને બોલ્યો, "મેં એક ગાડીને બાંધેલો ઘોડો લીધેલો હતો. તેટલા સારુ મને કેદ કરવામાં આવ્યો. મેં જવાબ આપ્યો કે મેં ચોરી નથી કરી. મારે ઉતાવળા ઘેર જવું હતું. હું ઘોડાવાળાને ઓળખતો હતો તેથી મેં લીધો. છતાં મારી ઉપર ચોરી સાબિત કરી મને કેદ આપી. જ્યારે મેં ખરેખરો ગુનો કર્યો હતો ત્યારે તો મારી ઉપર કાંઈ ન થયું." કેટલાક માણસોએ સવાલ પૂછયો, "તું કયાંથી આવ્યો છે?" તેણે જવાબ આપ્યો, "હું વાલડીમીરથી આવ્યો છું અને મારું નામ મકર છે."

આઈવને આ સાંભળીને માથું ઊંચું કર્યું અને પૂછયું, "તમે આઈવનના કુટુમ્બને ઓળખો છો?" મકરે જવાબ આપ્યો, "બેશક ઓળખું છું, તે પૈસાદાર છે, આઈવન પોતે અહીં કેદમાં છે પણ તમે અહીં કેમ આવ્યા છો? તમારો શો ગુનો છે?" આઈવને પોતાનો કિસ્સો ન કહ્યો પણ એટલું જ બોલ્યો કે, "મારા પાપને સારુ હું અહીં ૨૬ વર્ષ થયાં પડયો છું," મકરે પૂછયું, "એવાં તમારાં શું પાપ છે?" આઈવને માત્ર એટલું જ કહ્યું, "મને જે સજા મળી છે તે ઠીક હોવી જોઈએ." બીજા કેદીઓએ મકરને બધો કિસ્સો કહી સંભળાવ્યો. આ ઉપરથી મકર હાથ પછાડી બોલી ઊઠયો, "શું આશ્ચર્યની વાત છે? ત્યારે તો હું તમને ઓળખું છું. પણ તમે બહુ ઘરડા થયા છો." આ ઉપરથી આઈવન ઇંતેજાર થયો અને પૂછયું, "કદાચ તમને મારી બાબત ખબર હશે અને પેલા વેપારીને કોણે માર્યો એ તમે જાણતા હશો." મકર હસીને બોલ્યો, "મારનાર તો જેના પાકીટમાં છરી મળી તે જ હોવો જોઈએ. કદાચ કોઈએ પાકીટમાં છરી સાંતી હોય તો એ કાંઈ ખૂની નહીં ગણાય. આપણામાં કહેવત છે કે ચોર તો તે જ કે જે પકડાય." જ્યારે આઈવને આ શબ્દો સાંભળ્યા ત્યારે તેને ખાતરી થઈ કે ખૂની તો મકર જ હોવો જોઈએ. તે ઊઠયો ને ચાલી ગયો, અને આખી રાત સૂતો નહીં.

મનમાં બહુ દુ:ખી થયો. પોતાની ઓરતની છબી તેની આંખ આગળ ખડી થઈ. પછી પોતાનાં છોકરાં પોતાની પડખે હોય એમ લાગ્યું અને પોતાનો અગાઉનો આખો ચિતાર ખડો થયો. આથી તે એવો ગભરાયો કે તેને આપઘાત કરવાનું મન થયું. "આ બધું એ લુચ્ચાનું કામ છે" એમ તેને થઈ આવ્યું અને એટલો બધો ક્રોધ ચડયો કે તેને મારી નાખે. પણ તે પાછો ચમકયો. ખુદાને યાદ કરવા લાગ્યો. આમ કરતાં પખવાડિયું ગયું, રાતના ઊંઘ આવે નહીં, દિવસના કંઈ ગમે નહીં. એક રાતે પોતે કેદખાનામાં આંટા મારતો હતો. તેટલામાં પાસેની દીવાલમાંથી ધૂળ ખણતા તેણે જોઈ. તે ઊભો થયો. તેણે તપાસ્યું અને જોયું તો ભીતમાં બાકોરું

Gandhi Heritage Portal

નજરે આવ્યું. તેમાંથી મકર નીકળ્યો. મકર પોતે આઈવનને જોઈ ગભરાયો. આઈવને તેને ન જોયો હોય એમ કરી જવા માંડયું પણ મકરે તેનો હાથ ઝાલ્યો ને કેવી રીતે તેણે બાકોરું પાડયું અને નીકળ્યો તે બતાવ્યું. પછી બોલ્યો, "ડોસા તું મૂંગો રહેજે, નહીં તો તને ખબર પાડીશ. જો તે લોકો જાણશે તો મારો જાન લેશે. પણ તેના પહેલાં હું તારો જીવ લઈશ." આઈવન ગુસ્સામાં કંપ્યો. પોતાનો હાથ ખેંચી લીધો અને બોલ્યો, "તું શું મને મારવાનો હતો. તેં તો મને માર્યો જ છે. મારે તારી વાત કહી દેવી કે નહીં તે મારી મરજીની વાત છે. હાલ હું કંઈ કહી નથી શકતો. મને જેમ ખુદા દોરવશે તેમ દોરવાઈશ." જ્યારે કેદીઓને બહાર કાઢવામાં આવ્યા ત્યારે માલૂમ પડયું કે કોઈ કેદીએ ભીંતમાં બાકોરું પાડયું હતું. કેદખાનાનો ઉપરી આવ્યો અને જુબાની લીધી પણ કોઈએ પત્તો આપ્યો નહીં. છેવટે ઉપરીએ આઈવનને સવાલ કર્યો, "તું સાચાબોલો છે? ઈશ્વરને વચમાં રાખીને તને પૂછું છું કે આ બાકોરું કોણે પાડયું?" મકર કેમ જાણે કોઈ જાણતો ન હોય તેમ ઊભો હતો. આઈવનના હોઠ અને હાથ ધ્રૂજવા લાગ્યા. તેણે વિચાર્યું, "જે માણસે મને કચરી નાખ્યો છે તેનો બચાવ હું શા સારુ કરું? ભલે તેને સજા થાય." વળી તેણે વિચાર્યું, "પણ હું જો કહી દઈશ તો તેઓ તેને ચાબકા મારીને તેનો જાન લેશે અને વખતે મેં તેની ઉપર જે વહેમ રાખ્યો છે તે ખોટો પણ હોય. અને તેમ તોપણ મને તેથી શો લાભ થવાનો છે?" આમ તે વિચારની લહેરીમાં પડયો હતો, તેવામાં ઉપરીએ ગુસ્સે થઈ ફરીથી પૂછયું, "કેમ અલ્યા ડોસા જેમ હોય તેમ કહી દે. દીવાલમાં બાકોરું કોણે પાડયું?"

આઈવન મકર તરફ આંખ કરી બોલ્યો, "સાહેબ, હું નથી કહી શકતો. ખુદાની મરજી એમ જણાય છે કે મારે મૂંગા રહેવું જોઈએ. મારી ઉપર તમારી જે મરજી હોય તે કરો. હું તમારા હાથમાં છું." બહુ સમજાવ્યા છતાં આઈવન ચૂપ રહ્યો.

તે રાતે આઈવન સૂઈ જતો હતો એટલામાં મકર આવ્યો. આઈવને તેને પૂછયું, "હજી તારે મારી પાસે શું બાકી છે, અહીંથી તું જા." મકર થોડી વાર મૂંગો રહ્યો. અને પછી ધીમે સાદે બોલ્યો, "આઈવન, મને માફ કર. પેલા વેપારીને મારનાર તે હું જ છું. છરી પણ તારા સામાનમાં મેં સંતાડી. તને પણ મારવાનો મારો ઇરાદો હતો. પણ મેં બહાર અવાજ સાંભળ્યો અને હું બારી વાટે નાઠો." આઈવન મૂંગો રહ્યો અને બોલી નહીં શકયો. મકર ફરી પાછો ગળગળે સાદે બોલ્યો, "ભાઈ મને માફ કર. હું ખુદાને વાસ્તે તારી પાસે માગી લઉં છું કે મેં તારો મોટો ગુનો કર્યો છે. ખરો ખૂની હું છું એમ કબૂલ કરવા માગું છું, એટલે તને તેઓ છોડશે અને તું તારે ઘેર જજે." આઈવન બોલ્યો, "હવે વાતો કરવી એ ઠીક છે, પણ હું ૨૬ વરસ થયાં રિબાઉં છું. હવે હું કયાં જાઉં? મારી ઓરત મરી ગઈ છે, મારાં છોકરાં મને ભૂલી ગયાં હશે, મારે કયાંય જવાનું નથી." મકર તેને પગે પડયો હતો. ત્યાંથી ઊઠી શકયો નહીં અને જમીન ઉપર માથું પછાડવા લાગ્યો. "આઈવન, મને તું માફ કર. જ્યારે તેઓએ મને કોરડા માર્યા ત્યારે જેટલું દરદ થયું હતું તેના કરતાં આજે તને જોઈને મને વધારે દરદ થાય છે. મેં તારું નખ્ખોદ વાળ્યું, છતાં ત મારી ઉપર દયા કરી અને મને બચાવી લીધો. ખુદાને વાસ્તે મને માફ કરજે. એમ કહી મકર પોકેપોક રોવા લાગ્યો. આઈવને આ જોયું એટલે તેને પણ રોવું આવ્યું અને બોલ્યો, "ભાઈ, તને ખુદા માફ કરશે. કેમ કહી શકાય કે હું પોતે તારા કરતાં સેંકડો દરજ્જે પાપી નહીં હોઉં?" આટલા શબ્દ આઈવન બોલ્યો એટલે તેનું હૈયું હલકું થયું. ઘરબારની લલુતા છૂટી ગઈ, કેદખાનામાંથી જવાનો ઇરાદો ન રહ્યો અને માત્ર મોતની રાહ જોઈ બેઠો. છતાં

Gandhi Heritage Portal

મકરે તો પોતાનો ગુનો કબૂલ કર્યો. જ્યારે આઈવનને છૂટા થયાનો ફરમાન પહોંચ્યો ત્યારે આઈવન પોઢી ગયો હતો. એમ ખુદાની કુદરત ન્યારી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३-१२-१९०५, ३०-१२-१९०५, ६-१-१९०६, १३-१-१९०६

૧૮૩. સિંહાવલોકન

દર વરસે આ સમયે દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓની પરસ્થિતિનું માપ કાઢવું એ અમારો રિવાજ છે. એ જ કામને માટે આ પત્રનું અસ્તિત્વ છે, અને એ પરિસ્થિતિ સુધારવી તે એનો મુખ્ય હેતુ છે.

અમે અમારા વાચકો સમક્ષ આનંદદાયક સરવૈયું રજૂ કરી શકયા હોત તો સારું હતું, પણ સંજોગો જ એવા છે કે એ શકય નથી. શ્રમ કરવો, મુસીબત ભોગવવી, ને સારાની રાહ જોતા બેસવું એ હિંદીઓ માટે નિર્માયું છે, ને ગયા વરસ દરમિયાન એઓ પોતાની પીઠ પરથી કોઈ બોજો દૂર કરી શકયા હોય એવું કહી શકીએ એમ નથી. નાતાલ, ટ્રાન્સવાલ, કેપ, ઑરેન્જ રીવર કૉલોની, જ્યાં જોઈએ ત્યાં, જેને સિદ્ધિ લેખી શકાય એવું કશું યાદ આવતું નથી. અમારે જે નોંધ કરવાની છે તે તો વધુ નુકસાન જતું અટકાવવા બાબતની છે. કોમનું બધું બળ નવી દખલ અટકાવવામાં વપરાયું છે.

જાણે હિંદીઓ ઉપર મનુષ્ય દ્વારા પડતી મુસીબત પૂરતી ન હોય તેમ નાતાલમાં કુદરત પણ રૂઠી હતી. ત્યાંના વિનાશક પૂરમાં વધારેમાં વધારે ભોગ હિંદીઓનો લેવાયો હતો. એ આફતમાં નીપજેલાં કુલ મરણની સંખ્યા કદાચ કદી પણ જાણવામાં નહીં આવે. પરંતુ, હિંદીઓ શું કરી શકે છે, એ તેણે બતાવ્યું, રાહતનું લગભગ બધું કાર્ય કોમના નેતાઓએ ઉપાડી લીધું હતું ને કુશળતાપૂર્વક પાર પાડયું હતું.

નાગરિક બાબતોમાં — નાતાલમાં હિંદીઓને રાજકીય બાબતમાં તો સ્વતંત્રતા છે જ નહીં — પહેલાંની પેઠે 'વેપારી પરવાનાનો કાયદો' મુસીબતનું મોટામાં મોટું મૂળ થઈ પડયો છે. સર્વશ્રી હૂંડામલ[1] અને દાદા ઉસ્માનના[2] બે મુકદ્દમા આ બાબતમાં આગળ તરી આવે છે. એ બંને નાતાલમાં હિંદીઓની સ્થિતિ કેવી અનિશ્ચિત છે તે બતાવે છે

નાગરિક કાયદાઓના એકીકરણનું બિલ (મ્યુનિસિપલ લૉઝ કોન્સોલિડેશન બિલ) હિંદીઓનો મતાધિકાર પડાવી લે છે. માથાવેરાનો કાયદો જોકે સૌને લાગુ પડે છે પણ એની સૌથી ગંભીર અસર હિંદીઓ પર પડે છે. પ્રવાસી પ્રતિબંધક કાયદાનો અમલ બહુ સખતાઈથી કરવામાં આવે છે, અને થોડા જ વખત પર અમારી કટારોમાં સાબિત કરવામાં આવ્યું છે તેમ હિંદમાંથી સ્ટીમરમાં આવનાર હિંદીની સ્થિતિ પણ કોઈ રીતે ઈર્ષા કરવા જેવી નથી.

કેપ સંસ્થાનમાં, પ્રવાસી કાયદાની નિયંત્રક કલમોનો ખોટો અર્થ ઘટાવીને સરકાર હિંદીઓ પર પોતાની પકડ મજબૂત કરી રહી છે. 'વસવાટી' શબ્દનો એવો અર્થ કરવામાં આવ્યો છે જેથી લાંબા સમયથી રહેતા સ્થાયી હિંદી વેપારીઓ પણ તેમાં ન આવે. સુખની વાત એટલી

૧. જુઓ પુસ્તક ૪, પા. ૩૧૩-૪, ૩૪૨ અને ૩૫૪.

૨. જુઓ પુસ્તક ૩. પા. ૧૯-૨૪.

Gandhi Heritage Portal

છે કે સુપ્રિમ કોર્ટ વહારે આવી છે, અને આવા માણસોને માટે સંસ્થાનમાં ફરી પ્રવેશ કરવાનું અથવા ત્યાં રહી જવાનું શક્ય બન્યું છે.

ટ્રાન્સવાલ કે જ્યાં મુખ્ય લડત ચાલી રહી છે ત્યાં, ગઈ સાલ હતી તેવી જ અનિશ્ચિત સ્થિતિ ચાલુ છે. લૉર્ડ સેલબૉર્નને જે પ્રતિનિધિમંડળ મળ્યું હતું તેને તેઓ ચોક્કસ જવાબ આપી શક્યા નથી, જોકે એમણે શાંતિ-રક્ષા કાનૂનના અમલમાંથી ઊભી થતી મુસીબતો દૂર કરવાનું વચન આપ્યું છે.

ઑરેન્જ રીવર કૉલોની સંબંધે, કેટલાક મહિના પહેલાં લૉર્ડ સેલબૉર્નના બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના વિનંતીપત્રને[1] આપેલા ઉત્તર પરથી એમ જણાય છે કે હજી પણ એ સંસ્થાન હિંદીઓ માટે પોતાના દરવાજા ખોલશે નહીં, પછી ભલે તેઓ ગમે તે હોય.

પરંતુ હિંદી જનતાએ સામાજિક જીવનમાં પ્રગતિનાં સ્પષ્ટ ચિહ્નો બતાવ્યાં છે. લોકોમાં વધારે હળીમળીને કાર્ય કરવાની તથા હિંદી યુવકોને વધારે સારી કેળવણી આપવાની ઉત્સુકતા છે. મિ. બર્નાર્ડ ગેબ્રિયલ સંસ્થાનમાં જન્મેલા પહેલા હિંદી છે, જેમણે ઉચ્ચ કેળવણી લીધી છે અને ઇંગ્લંડ જઈ બૅરિસ્ટર થઈ આવ્યા છે. તેઓ કાંઈ કરી બતાવે એવી આશા રાખવાનો કોમને હક છે.

પ્રોફેસર પરમાણંદની મુલાકાત અને તેમનું થયેલું સ્વાગત, બતાવી આપે છે કે કોમ ઇચ્છે છે કે સંસ્કાર અને કેળવણી ધરાવતા વધારે હિંદીઓ અહીં વધારે પ્રમાણમાં આવે. આશા છે કે નજીકના ભવિષ્યમાં આ ઇચ્છા ફળીભૂત થશે, અને કોમની કેળવણીવિષયક જરૂરિયાતો કોમ પોતે જ પૂરી પાડે એવો કેન્દ્રિત પ્રયાસ થશે.

આ સિંહાવલોકન પૂરતું નિરાશાજનક છે, તેમ છતાં તેમાં આશાનાં ચિહ્નોનો છેક અભાવ નથી. ફરજિયાત અલગ રહેઠાણનો સિદ્ધાંત સ્થાપીને કોમને નીચી પાડવાના પ્રયાસ, વારંવાર કરવામાં આવ્યા છતાં, આજ સુધી તો તે નિષ્ફળ ગયા છે. વર્તમાનપત્રોએ હિંદીઓની મુસીબતોને જાહેરાત આપવામાં પહેલાં કરતાં વધારે તત્પરતા બતાવી છે. હિંદીઓને સ્વયંસેવકોનું કામ આપવાનો સવાલ, જે પહેલાં અમે ઉઠાવ્યો હતો, તે તેમણે સારી રીતે ઉપાડી લીધો છે.

નાતાલમાં કેદખાના કમિશન સમક્ષ હિંદી ગિરમીટિયા લોકની સ્થિતિ બાબતમાં જે હકીકતો બહાર આવી હતી તેને નાતાલમાં વર્તમાનપત્રોએ ઠીકઠીક જાહેરાત આપી હતી; જોકે આ બનાવો એવા છે કે તેમનું પોતાનું કશું મહત્ત્વ નથી પણ તે એટલું તો નિશ્ચિત રીતે બતાવે છે કે જ્યારે લડતનો પ્રથમ આરંભ થયો ત્યારે કોમે જે કાર્યરેખા દોરી હતી તે અનુસાર તેણે ચાલવું પડશે, અર્થાત્ લડતને વાજબી રીતે અને લૉર્ડ સેલબૉર્ને સ્વીકાર્યું હતું તેમ ધીરજપૂર્વક અને છતાં દૃઢતાથી ચાલુ રાખવી જોઈશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૦–૧૨–૧૯૦૫

૧. જુઓ "લૉર્ડ સેલબૉર્નને માનપત્ર" તથા "પૉચેફસ્ટ્રૂમના હિંદીઓનું નિવેદન", પા. ૧૦૨–૫.

Gandhi Heritage Portal

૧૮૪. ઑરેન્જ રીવર કૉલોનીના નવા કાયદા

ઑરેન્જ રીવર કૉલોનીના ગૅઝેટમાં કાળા માણસોને લાગુ પડે તેવાં વળી નવાં બિલો છપાયાં છે. તેમાંનો એક કાયદો એવો છે કે જેની રૂએ દરેક કાળા માણસે દર અઠવાડિયે અને કેટલાક કેસોમાં દર મહિને પાસ કઢાવવા. પાસ વિના કોઈ જગ્યાએ ન જઈ શકે.

બીજો કાયદો એવો છે કે તેની રૂએ કાળા માણસોને મજૂરીમાં ઘુસાડવા સારુ લેબર એજંટો નીમવા. એજંટો પોતાની તળે માણસો રાખી શકે અને તેઓનો ધંધો કાળા માણસોને મજૂરી કરવાને સારુ લલચાવવાનો બલકે ફરજ પાડવાનો એમ કહીએ તોપણ ચાલે.

આ બંને કાયદા હજુ મંજૂર થયા નથી, પણ તે જ્યારે ઑરેન્જ રીવર કૉલોનીની ધારાસભા બેસશે ત્યારે તેમાં દાખલ થઈ મંજૂર થશે.

આ ઉપરાંત ડીવેટસડૉર્પ અને બ્રાન્ડફોર્ટની મ્યુનિસિપાલિટીના ધારાઓ બહાર પડ્યા છે તેમાં એવું જણાવે છે કે કોઈ કાળો માણસ પાસ વિના લોકેશનમાં ન રહી શકે. કોઈ કાળો માણસ ટાઉન કલાર્કની રજા વિના ૨૪ કલાક ઉપરાંત કોઈ પરોણાને પોતાના ઘરમાં ન રાખી શકે. કોઈની પાસે અમુક હદ ઉપરાંત ઢોર નહીં હોવાં જોઈએ. કોઈ કાળા માણસને ત્યાં મિજલસ થવાની હોય તો ટાઉન કલાર્કની રજા મેળવવી જોઈએ. આ સિવાય પરચૂરણ એવી બીજી હકીકતો આ ધારામાં ઘણી છે કે જે ગમે તેવા કાળા માણસને સારુ પણ અપમાનભરેલી અને હરકતકર્તા ગણાય. આવા ધારાઓની સામે આપણે થવું પડે છે તેની ખાસ જરૂર એ છે કે ઑરેન્જ રીવર કૉલોનીમાં હિંદીઓ તથા કાફરાઓ એક જ નામે ઓળખાય છે. એટલે હિંદીઓને તેવા ધારાઓમાં દાખલ કરવા તે માત્ર તેઓનું મન દુખાવવાના જ ઇરાદાથી એમ કહી શકાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०-१२-१९०५

૧૮૫. હેડલબર્ગની જમાતમાં ફાટફૂટ તથા મારામારી

હેડલબર્ગમાં કેટલીક મુદતથી ત્યાંની મસ્જિદ વિષે જમાતમાં ફાટફૂટ થઈ છે ને બે પક્ષ બંધાઈ ગયા છે. જમાતની તકરાર કોર્ટમાં ગઈ ત્યારથી ચુકાદો થયો તોપણ હજુ જમાતમાં એકસંપ નથી થયો. આ અત્યંત દિલગીરીની વાત છે. મસ્જિદની તકરાર કોર્ટમાં જાય એ જ શરમ જેવું ગણાય એમ માનીએ છીએ. પણ કોર્ટમાં ગયા બાદ પાછી તકરાર જારી રહે એ વધારે શરમભરેલું છે. આ બાબત કોનો વાંક છે તેનો અમે વિચાર કરવા નથી બેસતા. અમારે બંને પક્ષને એટલું જ કહેવાનું છે કે આવી તકરારથી આખી કોમને બટ્ટો બેસે છે. આ દેશમાં આપણી ઉપર સૌની આંખ છે. ત્યાં આપણે વાંસો દેખાડીએ એ ઘણું નુકસાન માનીએ છીએ. અમને ઉમેદ છે કે હજુ પણ બંને પક્ષના માણસો સમજી સુલેહ કરશે.

આ બાબત કેટલી ગંભીર છે એ બતાવવાને સારુ અમે તા. ૨૩મીના "ट्रान्सवाल लीडरमां" ખાસ ખબર આવ્યા છે તેનો તરજુમો આપીએ છીએ.

Gandhi Heritage Portal

અમારો હેડલબર્ગનો ખબરપત્રી અમને આરબો[1] વચ્ચેના ગંભીર મામલાનો તાર મોકલે છે. સારે નસીબે જેટલી ધાસ્તી હતી તેટલું નુકસાન નથી થયું. જોકે ઝઘડો ભારી હતો. બપોરના હેડલબર્ગ જેવા શાંત શહેરમાં આરબોની વર્તણૂકથી શાંતિમાં ભંગ પડ્યો. કોર્ટના મકાનમાં મસ્જિદના ટ્રસ્ટીઓની મીટિંગ હતી તેમાં ઝઘડો શરૂ થયો. બંને પક્ષ વચ્ચે તકરાર એવી જામી કે લોહીલુહાણ ન થાય તેટલા સારુ પોલીસને બોલાવવાની જરૂર પડી હતી. આ બનાવની ખબર ગામમાં ફેલાઈને માર્કેટ સ્કવેરમાં ઘણા તમાશગીરો ખુનામરકી જોવા એકઠા થયા. મિ. કુટસી અને મિ. ગીસોએ તકરાર મટાડવા બહુ મહેનત કરી, પણ સુલેહનો ભંગ કરનારાઓ શાંત પડ્યા નહીં. થોડી મુદત સુધી મામલો ગંભીર જણાયો, લાકડીઓ અને પથરા ઊડતા હતા. મીટિંગમાં કોલાહલ થઈ રહ્યો. તીખા શબ્દોને બદલે મુક્કાબાજી ચાલી અને પોલીસ નહીં આવી પહોંચત તો શું થાત તે કહી શકાતું નથી. એક અરબનું માથું ચિરાયું. આ વખતે પોલીસે રૂમમાંથી માણસોને બહાર કાઢ્યા અને પોલીસના જોર આગળ ઉશ્કેરાયેલા આરબો જેમ પવનમાં ખડ ઊડે તેમ છૂટા પડી ગયા. પોલીસના વચમાં આવવાથી એમ જણાયું કે કજિયો પતી ગયો છે. પણ બહાર નીકળીને વળી મારામારી ચલાવી. અને દેવતા ઓલવવાના બધા પ્રયત્ન ફોકટ ગયા. શાથી આ કજિયો થયો એનું તો માત્ર અનુમાન જ થઈ શકે. પણ મામલો ભારી હોવો જોઈએ, કેમ કે અમારા ખબરપત્રી કહે છે કે હજુ હોળી ઠરી નથી. ટાઉન હૉલની પાસે હજુ પોલીસ ખડી છે, એટલે કાંઈ ધાસ્તી રાખવાની નથી. માત્ર આરબોમાં જ તકરાર છે, એટલે કે ગોરાઓમાં કંઈ ધાસ્તી જેવું નથી. બંને પક્ષના માણસો કહે છે કે તેઓ બહાર મેદાનમાં લડાઈ કરશે. ગઈ રાતે બધું શાંત હતું, પણ હજુ તકરાર નથી મટી, એટલે ધાસ્તી રહે છે કે વધારે બખેડો થશે.

આ લખાણ વાંચીને કોણ નહીં શરમાય? અમને તરજુમો કરતાં શરમ ઊપજે છે, અને આશા રાખીએ છીએ કે હેડલબર્ગના ભાઈઓ સમજી શરમાઈ શાંત થશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०-१२-१९०५

૧. હિંદના મુસ્લિમ વેપારી.

Gandhi Heritage Portal

૧૮૬. કાફરોમાં કેળવણી

કાફરોના લાભ સારુ કેપ કૉલોનીમાં ઇન્વો નામનું છાપું બહાર પડે છે. તેનો માલિક એક કાફર મિ. ટેંગો જબાવું કરીને છે. તે પોતાના ભાઈઓ સારુ બહુ મહેનત કરતા જણાય છે. આજકાલ કાફરોમાં કેળવણી વધારે ફેલાવવા બાબત ચર્ચા ચાલી રહી છે. તેથી મિ. ટેંગો જબાવું હાલ દક્ષિણ આફ્રિકામાં એક જબરદસ્ત નેટિવ કૉલેજ બનાવવા સારુ ફરે છે. તેનો હેતુ બે પ્રકારનો છે. એક તો તે કૉલેજને સારુ ઉઘરાણું કરવું અને બીજું એ કે તે કૉલેજ થવી જોઈએ અને સરકારે મદદ કરવી જોઈએ એવી અરજીમાં સહી લે છે.

મિ. ટેંગો જબાવુંયે ટ્રાન્સવાલ લીડરના અધિપતિની મુલાકાત લીધી છે અને ટ્રાન્સવાલ લીડરે તેની બધી હકીકત પ્રગટ કરી છે. પાઉંડ ૫૦,૦૦૦ કાફરોમાંથી એકઠા કરવાની તે ઉમેદ રાખે છે અને અરજીમાં ૨,૦૦,૦૦૦ કાફરોની સહી લેવા ધારે છે.

લવડેલમાં હાલ સરકારી નિશાળ કાફરોને સારુ છે તે અને તેની આસપાસની જમીન ખરીદી ત્યાં મોટી શાળા બનાવી ઊંચા પ્રકારની કેળવણી આપવી એવી ઉમેદ મિ. ટેંગો જબાવું રાખે છે.

લવડેલમાંથી ૧૮૮૬થી ૧૯૦૦ની સાલ સુધીમાં ૮૩૬ કાફરોએ કેપ યુનિવર્સિટીની પરીક્ષા પસાર કરી. તેમાંથી ૧૩ છોકરા મૅટ્રિકમાં પાસ થયા. લવડેલની નિશાળ મારફતે ૭૬૮ કાફર શિક્ષકો તૈયાર થયા છે. ઉપર બતાવેલી મુદતમાં કાફરોએ ફી વગેરેના મળી લવડેલમાં પાઉંડ ૬૩,૭૩૪ ભર્યા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०-१२-१९०५

૧૮૭. ચીનની જાગૃતિ

એમ જણાય છે કે ચીનમાં જાપાનની જીતને લીધે આપણે માનીએ છીએ તેના કરતાં વધારે કોલાહલ થઈ રહ્યો. ત્યાંના લોકોએ પોતાનું લશ્કર બહુ સારી સ્થિતિમાં મૂકવાનો ઇરાદો રાખ્યો છે. હાલ લંડનમાં બાદશાહી કુટુંબના સાત વિદ્યાર્થીઓ તોપ બનાવવા વગેરેના કારખાનામાં કામ કરવા ગયા છે. ત્યાં તેઓ કામ શીખે છે. કેટલાક જર્મનીમાં ક્રુપની તોપ બનાવવાનું શીખવા ગયા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३०-१२-१९०५

Gandhi Heritage Portal

૧૮૮. હાઈ કમિશનરના અંગત મંત્રીને પત્ર

જોહાનિસબર્ગ,
જાન્યુઆરી ૩, ૧૯૦૬

દક્ષિણ આફ્રિકાના નામદાર હાઈ કમિશનરના અંગત મંત્રી,
જોહાનિસબર્ગ

સાહેબ,

ઑરેન્જ રીવર કૉલોનીના ગવર્નમેન્ટ ગૅઝેટના તાજેતરના અંકમાં પ્રસિદ્ધ થયેલા કેટલાક વટહુકમના ખરડાઓ સંબંધી આપનો ગયા માસની તા. ૨૦નો પત્ર મળ્યો.

ઉલ્લેખવામાં આવેલા વટહુકમો બ્રિટિશ હિંદીઓને લાગુ નથી પડતા એવું મેં મારા ગયા માસની તા. ૨૨ના પત્રમાં કહ્યું નથી, એ હકીકત તરફ નામદારનું ધ્યાન દોરવાની રજા લઉં છું. મારા ઍસોસિયેશનની દલીલ એવી છે કે પ્રસ્તુત વટહુકમો બ્રિટિશ હિંદીઓને સિદ્ધાંતમાં તો લાગુ પડે જ છે, પણ વ્યવહારમાં નથી પડતા અને એટલા જ કારણસર વ્યાખ્યાઓ પુરાણા કાયદામાંથી ઉપાડવામાં આવેલી છે. મારા ઍસોસિયેશનનું નિવેદન છે કે તે વ્યાખ્યાઓ જારી રાખવી એ હિંદી કોમનું અનાવશ્યક અપમાન છે. "બિનગોરા માણસો" એ શબ્દનો અર્થ, ઑરેન્જ રીવર કૉલોનીમાં તથા દક્ષિણ આફ્રિકાના બીજા ભાગોમાં જે રીતે સમજવામાં આવે છે તે જોતાં, તેમાં બ્રિટિશ હિંદીઓનો એકધારો સમાવેશ કરવાથી તેમને ગંભીર અન્યાય થાય છે. આથી, નમ્રતાપૂર્વક મારું ઍસોસિયેશન એવું માનવાની ધૃષ્ટતા કરે છે કે સઘળા નવા ધારા ઘડવામાં, બીજું કાંઈ નહીં તો, એ વ્યાખ્યાને એવી રીતે સુધારવી જોઈએ કે જેથી મારું ઍસોસિયેશન જેનું પ્રતિનિધિત્વ ધરાવે છે તે કોમને ખૂબ તીવ્ર લાગતું અપમાન ટળી જાય. વધારામાં, હું નામદારના ધ્યાન પર નમ્રપણે એ હકીકત લાવવાની ધૃષ્ટતા કરું છું કે ઑરેન્જ રીવર કૉલોનીની કાયદાપોથી પર પહેલેથી જ એક એવો ખાસ ધારો મોજૂદ છે, જે એશિયાઈઓને, અને તેથી બ્રિટિશ હિંદીઓને, લાગુ પડે છે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २०-१-१९०६

Gandhi Heritage Portal

૧૮૯. એમ. એચ. નાજરને પત્ર

[જોહાનિસબર્ગ,]
જાન્યુઆરી ૫, ૧૯૦૬

સ્નેહી શ્રી નાજર,

તામિલ અને હિંદી વિભાગોના સંપાદનના પ્રશ્નની હું છગનલાલ જોડે ચર્ચા કરી જ રહ્યો છું. મને લાગે છે કે પિલ્લેએ જવું પડશે. તેનું સ્થાન સંભાળે એવું કોઈ નથી. હું જેમ જેમ વધારે વિચાર કરું છું તેમ તેમ મને વધારે ને વધારે લાગે છે કે આપણે હાલ પૂરતા તામિલ અને હિંદી વિભાગ બંધ કરી દેવા જોઈએ. આપણે (એમાં) ઉચિત સામગ્રી આપતા નથી. આપવાની આપણી સ્થિતિ પણ નથી. એમ કરવામાં ઊણપો રહેલી છે તે હું જાણું છું, પણ એ ઊણપો નભાવી આપણે લેવી જોઈએ કેમ કે તામિલ અને હિંદી કાઢી નાખવાથી થનારા ફાયદા અનેક છે. આપણને યોગ્ય કાર્યકરો મળે કે તરત તામિલ તથા હિંદી ચાલુ કરવાનો આપણો ઇરાદો છે એ મતલબનું ચોક્કસ નિવેદન કરીએ તો આપણે કાંઈ બીવા જેવું હોય એવું મને લાગતું નથી. તામિલ કામ માટે તૈયાર થવા હું જાતે બને તેટલું બધું કરું છું. મગનલાલ અને ગોકળદાસ પણ એ પ્રમાણે કરશે. પરંતુ ત્યાં લગી તો, હું ધારું છું કે, બંને બંધ કરવાં જરૂરી છે. કોઈ પણ સંજોગોમાં તામિલને તો છોડવું જ પડશે; એટલે હિંદી ભલે એની સાથે જાય. તમારો અભિપ્રાય બને તેટલો જલદી આપશો તો હું તમારો આભારી થઈશ.

તમારો સહૃદયી,

શ્રી એમ. એચ. નાજર
પો. ઑ. બૉક્સ ૧૮૨,
ડરબન

[મૂળ અંગ્રેજી]

ઑફિસ પ્રતની છબી પરથી: એસ. એન. ૪૨૯૫

Gandhi Heritage Portal

૧૯૦. ભવિષ્યમાં દૃષ્ટિ

હમણાં જ, પૂરા થયેલા વરસ દરમિયાન દક્ષિણ આફ્રિકામાંની હિંદીઓની પરિસ્થિતિનું સિંહાવલોકન[1] અમે ગયે અઠવાડિયે કર્યું હતું. આ અઠવાડિયે અમારી દરખાસ્ત ભવિષ્યમાં ડૂબકી મારીને વધારે સારી આશાની શકયતા છે કે કેમ તે જોવાની છે. અમે માનીએ છીએ કે એવી શકયતા છે. પહેલું તો એ કે હિંદીઓનો પ્રશ્ન ન્યાયી છે, અને દરેક ન્યાયી પ્રશ્ન ખુદ પોતે જ પોતાનું બળ હોય છે. એટલે જો હિંદી લોકો નિરાશાને, અને તેને પરિણામે આવતી નિષ્ક્રિયતાને વશ થાય તો જ એ આશાનો નાશ થાય. બીજું, જોકે લૉર્ડ સેલબૉર્ને હિંદીઓ સંબંધીની પોતાની નીતિ વિષે કશો ચોક્કસ અણસારો આપ્યો નથી, છતાં તેમણે પોતે રાજાધિરાજનાં બધાં જ પ્રજાજનોને અંતઃકરણપૂર્વક ઉપયોગી થવાની ઇચ્છા વ્યક્ત કરી છે તેથી આશા ઊભી થાય છે કે જ્યારે ટ્રાન્સવાલમાં ખરેખર કાયદો પસાર કરવામાં આવશે ત્યારે તેમણે તેને એવું રૂપ આપ્યું હશે કે જેથી કાંઈ નહીં તો હાલની અસહ્ય અનિશ્ચિતતા દૂર થશે અને ટ્રાન્સવાલના વર્તમાન એશિયાઈ કાયદાઓમાં રહેલાં મન ફાવતાં અપમાનનો પણ અંત આવશે. જો ટ્રાન્સવાલમાં આવી સ્થિતિ લાવી શકાય તો, દક્ષિણ આફ્રિકાના અન્ય ભાગોમાં પણ હિંદીઓની સ્થિતિ અમુક પ્રમાણમાં સુધરશે એમ માનવાનું અનુચિત નથી, કારણ કે ટ્રાન્સવાલ દક્ષિણ આફ્રિકાનાં બીજાં સંસ્થાનોને દોરવણી આપે છે. પણ સૌથી પહેલાં તો, ઇંગ્લંડની નવી સરકાર તરફથી સ્થિતિમાં સારો સુધારો કરવામાં આવશે એવી આશા રાખવાનો આપણને અધિકાર છે. મિ. જૉન મોર્લી[2] કરોડો હિંદીઓનાં હિતોના રક્ષક છે. આવતી સામાન્ય ચૂંટણીમાં સરકાર હેમખેમ નીકળી આવશે અને આમસભામાં સારી કાર્યક્ષમ બહુમતી મેળવશે એવું માનવાને હરેક કારણ છે. આજ સુધીમાં મિ. જૉન મોર્લીએ જે કાંઈ વસ્તુ હાથ ધરી છે તેમાં કદી દિલચોરી રાખીને કામ કર્યું નથી. નિર્બળ પક્ષ માટે તેમની સહાનુભૂતિ સારી પેઠે જાણીતી છે. આથી, દક્ષિણ આફ્રિકાના હિંદીઓની નમ્ર અપીલ તેઓને સંભળાયા વિના નહીં રહે. સ્વરાજ ભોગવતાં સંસ્થાનોના સ્વાતંત્ર્યને ગમે તેટલું પવિત્ર માનવામાં આવે, છતાં નિર્બળ પક્ષ પર થતા સબળ પક્ષના જુલમને રોકવાનો ઉપાય તેમના હાથ બહાર નથી. વળી એવી આશા રાખવાને પણ કારણ છે કે બ્રિટિશ હિંદીઓના હિતને લૉર્ડ એલ્ગિન[3] છેહ નહીં દે. પરંતુ સૌથી વિશેષ મહત્ત્વ તો હમેશ હિંદી કોમ પોતે જે પ્રયાસો કરે તેનું જ રહેવાનું. અમે બાહ્ય સંજોગો તરફ એટલું દર્શાવવા માટે ધ્યાન દોર્યું છે કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સ્થિતિ સંપૂર્ણ રીતે નિરાશાજનક નથી, પણ તે સ્થિતિમાં કોઈ પણ સુધારા કરાવવા માટે મુખ્ય ઉપાય તો એક સ્વાશ્રય જ હોઈ શકે. સંસ્થાન મંત્રી, હિંદી વજીર અથવા હાઈ કમિશનર ગમે તેટલા સહાનુભૂતિપૂર્ણ વલણવાળા હોય કે સહાય કરવાની ઇચ્છા ધરાવતા હોય, જ્યાં સુધી તેમને ખુદ હિંદીઓનો હાર્દિક સહકાર નહીં સાંપડે ત્યાં સુધી તેઓ તેમનું કાંઈ પણ ભલું

૧. જુઓ "સિંહાવલોકન," પા. ૧૮૩-૪.

૨. (૧૮૩૮-૧૯૨૩), હિંદી વજીર ૧૯૦૫-૧૦.

૩. સંસ્થાન ખાતાના પ્રધાન, ૧૯૦૫-૦૮.

Gandhi Heritage Portal

નહીં કરી શકે. હિંદીઓએ પોતાની લડતો લડવામાં હેતુની એકતા,[૧] પરસ્પર સહકાર, અને ખંતપૂર્ણ શ્રમ દાખવવાં જોઈએ. અમારા ગુજરાતી વિભાગની કટારો પરથી જોઈ શકાય છે કે સમગ્ર દક્ષિણ આફ્રિકામાં લોકો આ ગુણો વધારે પ્રમાણમાં પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવે છે. બંગાળમાં હાલ જે બની રહ્યું છે[૨] તેથી આપણને વધારે પ્રયાસ કરવા માટે પૂરતું ઉત્તેજન મળ્યું છે. અત્યંત પ્રતિકૂળ સંજોગો છતાં એ ઇલાકાના હિંદીઓ સહકારની અપૂર્વ ભાવના, આત્મત્યાગ અને ધીરજ દાખવી રહ્યા છે. પ્રોફેસર ગોખલે અને લાલા લજપતરાયે ઇંગ્લંડમાં કરેલી પ્રચાર ઝુંબેશ દરમિયાન બતાવી આપ્યું છે કે માત્ર બે સાચા કાર્યકર્તા કોઈ ધ્યેયને માટે કેટલું બધું કરી શકે છે. તો પછી, આજે જે પ્રગતિશીલ પ્રવાહ હિંદી રાષ્ટ્રને પોતાના ધ્યેય તરફ જવાનો ઉત્સાહ આપી રહ્યો છે તેની સાથે દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓ હિંમતથી કૂચ ન કરે એ કેમ બને?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१–१९०६

૧૯૧. હિંદી કૉંગ્રેસનો ઠરાવ: દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સંબંધમાં

બેસતા વરસના પહેલા અંકમાં ખુશખબર આપતાં અમને આનંદ થાય છે. અમારા વાંચનાર સારી રીતે જાણે છે કે હિંદુસ્તાનમાં દરેક વરસે મળતી ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસે, જ્યારથી આપણા પ્રતિનિધિ મિ. ગાંધી સને ૧૮૯૬માં હિંદુસ્તાન ગયા ત્યારથી, ખંતથી આપણી વકીલાત માથે લીધી છે, અને તેથી જ્યારે જ્યારે તેના મેળાવડા થાય છે ત્યારે ત્યારે હંમેશ દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સ્થિતિ વિષે ચર્ચા થાય છે અને તે પરથી ઠરાવો પસાર થાય છે. આ ઠરાવોની નકલ, બીજા ઠરાવો સાથે, હિંદી અને વિલાયતની સરકારને તેમ જ રાજકીય પ્રકરણમાં મશગૂલ થયેલા અગ્રેસરોને મોકલાય છે, જેથી હિંદુસ્તાન પોતાના દેશાવર ગયેલા વતનીઓને વીસરતું નથી એમ પ્રસિદ્ધ થાય છે; અને તે પર સરકારને ધ્યાન દેવાની ફરજ પડે છે. હાલ બેત્રણ વરસ થયાં અત્રેથી ગયેલા સાર્વજનિક કામનો ઉત્સાહ રાખનાર કાંઈ કેટલાક ગૃહસ્થો કૉંગ્રેસના મેળાવડાનો લાભ લઈ તેમાં દાખલ થાય છે, અને પોતાના જાતિ-અનુભવ કહી બતાવી હિંદી અગ્રેસરોને દહાડે દહાડે બગડતી સ્થિતિનો સારો ખ્યાલ આપે છે, અને તેથી તેઓ સાવધ રહી કૉંગ્રેસ દ્વારા જ નહીં પણ બીજી બહુ રીતે આપણી સેવા કરવા શક્તિમાન થાય છે. વર્તમાનપત્રો પણ આપણી વકીલાત હોંશથી કરે છે, અને સરકારને સદા જાગ્રત રાખે છે. હિંદુસ્તાનની રાજનીતિ વિચિત્ર છે, અને સરકારને પોતાના દરજ્જાના કઢંગા ખ્યાલ છે, જેથી કાંઈ પણ બાબતમાં સરકાર પોતાની ઇચ્છા દર્શાવતી નથી, પણ ખાનગી લખાણોથી પોતાના અમલદારો સાથે મસલત કરી, અથવા વિલાયતના દબાણથી, જે કરવું હોય તે કરી જાય છે, અને પ્રજાની લાગણી કે સ્વાભાવિક વાંછનાની કશી દરકાર કરતી નથી. આ હકીકત યાદ દેવાડવાનો હેતુ એ કે આમ છતાં પણ, હિંદી અગ્રેસરોએ હિંદી સરકારને મોં

૧. અંગ્રેજીમાં મુદ્રિત શબ્દ 'utility' (ઉપયોગિતા) છે તે કદાચ 'unity' (એકતા) હોવો જોઈએ એવું અંગ્રેજી વિભાગના સંપાદકનું સૂચન છે.

૨. બંગભંગ વિરુદ્ધ ચાલેલી ચળવળનો અહીં ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

ખોલવાની જરૂર પાડી છે. લૉર્ડ કર્ઝનને છેલ્લી બજેટ સ્પીચમાં લોકની માગણી મુજબ જવાબ આપવાની ફરજ પડી એ નજીવી વાત નથી. આપણને તે ભાષણથી ખાતરી થઈ કે હિંદી સરકાર પોતાની ફરજ ભૂલતી નથી, અને સંસ્થાનોમાં હિંદી પ્રજા સુખી રહે એવી કાળજી રાખ્યા કરે છે. લૉર્ડ કર્ઝનનું ભાષણ ૨૦મી મે ૧૯૦૫ના इन्डियन ओपीनियनમાં છપાઈ ગયું છે. તે પરથી જણાય છે કે તેમણે નાતાલની સરકારને ધમકી આપી છે કે જો તમે હિંદી વિરુદ્ધના કાયદા સુધારશો નહીં તો અમે મજૂરો આપીશું નહીં. આ વખત બનારસમાં મળેલી કૉંગ્રેસે ઠરાવ કરી આ મજૂરી બંધ કરવાની સરકારને અરજ કરી છે, એટલે લૉર્ડ કર્ઝનની નીતિને ટેકો આપ્યો છે. નવા વાઈસરૉય લૉર્ડ મિન્ટો આ માગણીની કેવી વ્યવસ્થા કરે છે એ જોવાનું રહ્યું, પણ ઉમેદ છે કે એ સાહેબ કૉંગ્રેસનું માન રાખશે. વિલાયતનું નવું પ્રધાનમંડળ બહુ સારું ગણાય છે, અને તેથી આશા રખાય છે કે આપણી સ્થિતિ સુધારવાને આળસ છોડી ઘટતી ખંત અને ઉત્સાહથી પ્રયાસ કરીએ તો આપણી ધારણા પાર પડ્યા વિના રહે નહીં. બનારસની કૉંગ્રેસમાં મિ. મદનજિત હાજર થયા હશે, અને તેમણે इन्डियन ओपीनियनમાંથી તારણ કરી અત્રેની સ્થિતિ સારી રીતે સમજાવી હશે. હિંદી કૉંગ્રેસે આપણી સેવા કરી છે તેનો પાડ ભુલાય એમ નથી. ઉમેદ રાખીએ છીએ કે એવી જ ખંતથી આપણી સ્થિતિ સુધારવા એ સાર્વજનિક મંડળ હંમેશ તત્પર રહેશે, અને ઈશ્વર તેમને જશ આપશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૬–૧–૧૯૦૬

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

બ્રિટિશ હિંદીઓનો દરજ્જો

આ ઉપખંડમાં બ્રિટિશ હિંદીઓ તરફ થતા વર્તાવ વિષે, વારાણસીમાં મળેલી પોતાની તાજેતરની બેઠકમાં ઠરાવ કરીને, હિંદી રાષ્ટ્રીય મહાસભાએ, અમે આશા રાખી હતી તેમ, દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓ પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે. ઠરાવમાં હિંદ સરકારને એવી પ્રાર્થના કરવામાં આવી છે કે જ્યાં સુધી આ "સૌથી વધુ બ્રિટિશ" સંસ્થાન હિંદીઓ ઉપરથી વર્તમાન અસહ્ય નિયંત્રણો વા કાયદાથી લાદેલી અશક્તિઓ દૂર કરવા અને સામ્રાજ્યના સભ્યો સાથે હિંદીઓને સરખા ગણવા તૈયાર ન થાય ત્યાં સુધી રાહત મેળવવાના સાધન તરીકે, ગિરમીટિયા મજૂરોને નાતાલ મોકલવાનું બંધ કરવું. આ પ્રમાણે આ વિષય પર ફરી એક વાર જાહેર રીતે ધ્યાન ખેંચવા માટે, અને સિમલામાં લૉર્ડ કર્ઝને આ બાબતમાં જાહેર કરેલી નીતિને ટેકો આપવા માટે અમે મહાસભાને હાર્દિક અભિનંદન આપીએ છીએ.

હિંદમાં બનતા બનાવોથી જે લોક માહિતગાર રહ્યા છે તેમણે જોયું હશે કે મહાસભાના ઠરાવમાં જે ભાવના વ્યક્ત થઈ છે તે જ ભાવના ખાસ કરીને છેક ૧૮૯૭થી સમગ્ર હિંદની હિંદી તેમ જ ઍંગ્લો ઇંડિયન પ્રજા તથા હિંદનાં અંગ્રેજી તેમ જ પ્રાદેશિક ભાષાનાં બધાં જ વર્તમાનપત્રો હમેશાં પ્રગટ કરતાં આવ્યાં છે. કમનસીબે, હિંદમાં સરકારી વહીવટ એવી પદ્ધતિનો છે કે જવાબ-દાર અમલદારોને, જાહેર હિતોના પ્રશ્નો ભલે ગમે તેટલા ગંભીર હોય તોપણ, તેના પર પોતાના

Gandhi Heritage Portal

હિતના પ્રશ્નો વિષે પોતાના અભિપ્રાય જાહેર રીતે પ્રગટ કરવાની તક ભાગ્યે જ મળે છે. તેનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે તેમના અભિપ્રાયો જાણવાનું મુશ્કેલ બની જાય છે. મુખ્યત્વે, આ કારણને લઈને ઇંગ્લંડની પાર્લમેન્ટના બન્ને ગૃહોના સભ્યો હિંદી વજીરને પ્રશ્નો પૂછીને, તે દ્વારા હિંદ સરકારના મનમાં શું હશે તેનો આછો ખ્યાલ મેળવતા જોવામાં આવે છે. અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પોતાના પક્ષનું સમર્થન કરનાર ઈસ્ટ ઇન્ડિયા ઍસોસિયેશન, સર એમ. એમ. ભાવનગરી, સર વિલિયમ વેડરબર્ન અને સર ચાર્લ્સ ડિલ્કના ઓછા આભારી નથી. એઓ અવિરત પત્રવ્યવહાર દ્વારા તથા મોકાસર પ્રશ્નો પૂછીને સંસ્થાનોમાં વસતા બ્રિટિશ હિંદીઓના દરજ્જા વિષે હિંદ સરકારનો અભિપ્રાય થોડે અંશે પણ કઢાવવામાં સફળ થયા છે. અમારા વાચકો ખાસ કરીને આ વિષયની ચર્ચા કરવા માટે ખાસ મળેલી ઈસ્ટ ઇન્ડિયા ઍસોસિયેશનની સભાઓ ભૂલી ગયા નહીં હોય. એમાં વક્તાઓએ, પોતાની અને હિંદી વજીર તથા સંસ્થાન ખાતાના પ્રધાન વચ્ચે શી વાતચીત થઈ હતી તે વ્યક્તિગત રીતે જણાવ્યું હતું; પરંતુ આ બાબત પર હિંદ સરકારના ખ્યાલો વિષે યોગ્ય પ્રકાશ તો ત્યારે જ પાડવામાં આવ્યો કે જ્યારે એક વજનદાર પ્રતિનિધિમંડળ લૉર્ડ જ્યૉર્જ હેમિલ્ટનને[1] મળ્યું અને લૉર્ડ મહાશયે સ્પષ્ટ જવાબ આપ્યો. ત્યારથી સબળ પ્રયાસો કરવાનું ચાલુ રહેલું છે, અને તેનું પરિણામ એ આવ્યું કે લૉર્ડ કર્ઝનને હિંદી પ્રજાને વિશ્વાસમાં લેવાનું શાણપણભરેલું લાગ્યું. છેલ્લા બજેટ વ્યાખ્યાનની તક ઝડપીને એમણે ગુપ્તતાની સીલ તોડી નાખી (જે ગુપ્તતા હજી સુધી નાતાલ સરકારે સાચવી રાખી છે; શા કારણે તે તો તે જ જાણે) અને આ બાબતનું પોતાની સરકારનું વલણ તથા નીતિ જાહેર કર્યાં. આથી એમની સંભાળ તળે વસતા કરોડો લોકને સંતોષ થયો કે લૉર્ડ કર્ઝન અને તેમના સલાહકારો પરિસ્થિતિની ગંભીરતા સંબંધે પૂરેપૂરા જાગ્રત છે, અને નેક નામદાર સમ્રાટના "વફાદાર અને પ્રેમપાત્ર" પ્રજાજનો, જેઓ સામ્રાજ્યમાં જ રહીને હજારોની સંખ્યામાં પોતાની આર્થિક સ્થિતિ સુધારવાના હેતુથી સંસ્થાનોમાં ગયા છે, તેમને માટે તેઓ ન્યાય મેળવવાનો કોઈ પ્રયાસ બાકી રાખશે નહીં.

પોતાના મહત્ત્વના વક્તવ્ય દરમિયાન લૉર્ડ કર્ઝને ત્યારે કહેલું:

> અમે નાતાલ સરકારને જણાવી દીધું છે કે અમારા હિંદી વસાહતીઓ પ્રત્યે યોગ્ય વર્તાવ રાખવામાં આવે તેટલા માટે, ત્યાં જનારા પ્રવાસીઓ બાબત અમને કોઈ પણ વખતે જે કોઈ પગલાં લેવાનું આવશ્યક લાગે તે લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા અમે અમારે હસ્તક રાખીએ છીએ; અને નાતાલના સરકારી સત્તાવાળાઓ પોતાના વલણમાં સારો સરખો ફેરફાર ન કરે ત્યાં સુધી ગિરમીટ હેઠળ મજૂરોને દેશબહાર જવાની સવડ આપવાની દિશામાં કોઈ પગલું ભરવાની અમે તાજેતરમાં ના પાડી દીધી છે.

પરંતુ આ બાબત વિષે, જેને વિષે પૂરતો ભાર મૂકવામાં આવ્યો નથી એવો એક મુદ્દો છે, અને તે અગત્યનો છે. દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓ પ્રત્યે થતા વર્તાવના પ્રશ્નને માત્ર સોદો કરવાની ભૂમિકાથી જરાયે ઊંચે લઈ જવામાં આવ્યો લાગતો નથી; અને ગિરમીટની શરતો મુજબની ખાસ સેવાઓને અલગ રાખતાં નાતાલ સરકારે બ્રિટિશ પ્રજાજનો તરીકેના હિંદીઓના હકોના પ્રશ્નની બને તેટલી ઉપેક્ષા જ કરી છે, અને હિંદ સરકારે પણ એ બાબત પૂરતો આગ્રહ રાખ્યો નથી એવું દેખાય છે. લૉર્ડ કર્ઝને સ્વીકાર્યું કે "દક્ષિણ આફ્રિકામાં એકંદરે હિંદીઓ પ્રત્યે વધારે

૧. હિંદી વજીર, ૧૮૯૫–૧૯૦૩.

Gandhi Heritage Portal

સારો વર્તાવ થાય તે અર્થે ગિરમીટિયા મજૂરોની આવશ્યકતા અમારા હાથમાં સબળ હથિયાર નીવડી શકે;" પણ, અમે જણાવી ગયા છીએ તેમ, એ તો બળજબરીથી મેળવેલી રાહત ગણાય, ઊંચી સામ્રાજ્યવાદી ભૂમિકાને આધારે મેળવેલી ન કહેવાય. આથી તો એવું લાગે છે કે જો ગિરમીટિયા મજૂરો મોકલવાનું બંધ કરવામાં આવે તો દક્ષિણ આફ્રિકામાં પોતાના પ્રજાજનોને રક્ષણ આપવાનું હિંદ સરકાર માટે અશક્ય થઈ પડે. જો એમ જ હોય તો બ્રિટિશ હિંદીઓની સ્થિતિ ખરેખર શોચનીય થઈ જાય. પરંતુ બ્રિટિશ ધ્વજ હેઠળ આવું બને એ તો અતિશય અનુચિત ગણાય. હાલ આપણને મિ. જૉન મોર્લી જેવા એક સહાનુભૂતિવાળા, પ્રામાણિક અને અત્યંત બાહોશ હિંદી વજીર મળ્યા છે; અને લૉર્ડ એલ્ગિન જેવા વ્યાપક દૃષ્ટિવાળા અને બહોળો અનુભવ ધરાવનાર રાજનીતિજ્ઞ સંસ્થાન મંત્રી મળ્યા છે, જેઓ પોતે હિંદના વાઈસરૉય તરીકે રહ્યા હતા. હિંદના હાલના વાઈસરૉય લૉર્ડ મિન્ટો કૅનેડાના ગવર્નર-જનરલ હતા એ વાત યાદ કરીએ ત્યારે યોગ્ય રીતે જ એવી આશા રહે છે કે બ્રિટિશ હિંદીઓના દરજ્જાનો સવાલ ચોક્કસપણે અને સંતોષકારક રીતે નજીકના ભવિષ્યમાં હલ થઈ જશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१–१९०६

૧૯૨. ઑરેન્જ રીવર કૉલોની બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની અરજીનો લૉર્ડ સેલબૉર્નનો જવાબ

લૉર્ડ સેલબૉર્ને બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને જવાબ આપ્યો છે તેનો તરજુમો નીચે આપીએ છીએ:

> તમારા ઍસોસિયેશનના તા. ૨૨મી ડિસેમ્બરના કાગળના જવાબમાં લૉર્ડ સેલબૉર્ન લખાવે છે કે તમે પોતે કબૂલ કરો છો કે જે કાયદા વિષે તમો વાંધો ઉઠાવો છો તે કાયદા હિંદીને લાગુ નહીં પડે એટલે જે કોમના હકો તમે એવી સારી રીતે જાળવો છો તે કોમનું અપમાન કેમ થાય છે તે સમજી શકાતું નથી. વળી એટલું યાદ રાખવું જોઈએ કે જે વ્યાખ્યા સામે તમે વાંધો લો છો તે વ્યાખ્યા અગાઉથી ચાલતી આવે છે અને નવા કાયદા જે થનારા છે તે માત્ર જૂના કાયદાના સુધારાને સારુ જ બનાવેલા છે. અને જૂના કાયદા તે માત્ર કાફરોને લાગુ પડે તેવા છે.

આ જવાબ સભ્યતાવાળો છે પણ નિરાશા ઉપજાવનાર છે. હિંદી કોમને ખરું જોતાં લાગુ નથી પડતા અને અસલથી ચાલી આવતી વ્યાખ્યા છે એ જ બતાવે છે કે હિંદી કોમનું અપમાન વિનાકારણ થાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ६–१–१९०६

Gandhi Heritage Portal

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે]

ઑરેન્જ રીવર કૉલોનીમાં હિંદીઓ

ઑરેન્જ રીવર કૉલોનીના ગવર્નમેન્ટ ગૅઝેટમાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અમુક વટહુકમોના ખરડામાં આપેલી "બિનગોરા મનુષ્ય" શબ્દોની વ્યાખ્યા વિષે વિરોધ કરતું વિનંતીપત્ર[1] બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને મોકલેલું, તેનો ઝડપી તથા વિનયશીલ ઉત્તર લૉર્ડ સેલબૉર્ને ઍસોસિયેશનને આપ્યો છે. સંસ્થાનું વિનંતીપત્ર વાંચવામાં લૉર્ડ સેલબૉર્ને ભૂલ કરી છે એમ માનવાની અમે ધૃષ્ટતા કરીએ છીએ. "નિર્દિષ્ટ વટહુકમો પૈકી કોઈ બ્રિટિશ હિંદીઓને લાગુ પડવાના નથી." એવું વિધાન એમાં કરવામાં આવ્યું નથી. તેમાં એવું કહેવામાં આવ્યું છે કે "વ્યવહારમાં" એનો અમલ થશે નહીં. આ બે વિધાન તદ્દન જુદાં છે. વળી, એ વ્યાખ્યા પુરાણી સરકાર તરફથી મળેલો વારસો છે એમ કહીને નામદારે "બિનગોરા મનુષ્ય" શબ્દોની વ્યાખ્યાને વાજબી ઠરાવી છે. પરંતુ ખુદ તે જ કારણે બ્રિટિશ હિંદીઓ એ વ્યાખ્યા સામે વાંધો ઉઠાવે છે. તેમનું કહેવું આ પ્રમાણે છે: વટહુકમો વ્યવહારમાં એમને લાગુ પડનાર નથી. બોઅર સરકારે વર્ગીકરણમાં હિંદીઓને કાફરો સાથે મૂકીને તેમનું અપમાન કરેલું. એ અનાવશ્યક અપમાનને હવે ચાલુ રાખવાનું કોઈ કારણ નથી. એવું દેખાય છે કે આ દલીલનો કોઈ જવાબ નથી. નામદારની ઇચ્છા અપમાન નહીં કરવાની હોવા છતાં, પોતે ઍસોસિયેશનની ખૂબ જ વાજબી માગણી સ્વીકારી નથી શક્યા એ દુઃખની વાત છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१–१९०६

૧૯૨(૧). હિંદુસ્તાન અને ઇંગ્લંડ વચ્ચેનો હિસાબ

હિંદુસ્તાનની સ્થિતિની ઇંગ્લંડ સાથે સરખામણી કરી જોતાં એક અંગ્રેજે કેટલાક સવાલો પૂછેલા છે અને જણાવે છે કે જો ઇંગ્લંડની સ્થિતિ હિંદુસ્તાનના જેવી હોય તો ત્યાંની પ્રજા તથા રાજ્ય શું ઉપાયો કરે તે કહી નથી શકાતું. તેઓ પોતાના દેશને આવી અધમ સ્થિતિમાં કદી જોઈ શકે નહીં. હિંદુસ્તાનને સારી સ્થિતિ પર લાવવાની અંગ્રેજી પ્રજાની ફરજ છે છતાં ઇંગ્લંડે હિંદુસ્તાનને માટે કાંઈ કરેલું નથી. તેણે પહેલું એમ પૂછેલું છે કે ઇંગ્લંડની જે ૧૩ કરોડની રેવન્યુ છે તેનો ચોથો અથવા પાંચમો ભાગ દેશમાંથી બહાર ઘસડાઈ જાય તો તે ખાડો હાલની માફક સહેલાઈથી પૂરી શકાય કે? હિંદુસ્તાનની આવી સ્થિતિ છે છતાં આંખ આડા કાન કરવામાં આવે છે. વળી આવી રીતે દેશનો પૈસો બહાર દેશ ઘસડાઈ જાય અને દેશના લશ્કરમાં બહાર દેશથી માણસો આવે અને તે પણ મોટા પગારની જગ્યા ઉપર અને દેશના ભણેલા માણસો માટે હલકા પગારની જગ્યા રાખવામાં આવે તો તેથી કદી પોતાના દેશનો ઉદય થશે એમ કહી શકાય? કદી નહીં. વળી તે લેખક ઇંગ્લંડના સેનેટર અમીર-ઉમરાવ અને પાર્લમેન્ટના સભાસદોને ઉદ્દેશીને કહે છે કે સંસ્થાનોના રક્ષણને માટે ઇંગ્લંડે લાખો પાઉંડ ખર્ચ્યા છે અને હજુ પણ તેટલો જ ખર્ચ થયા કરે છે ત્યારે હિંદુસ્તાનના રક્ષણ માટે ઇંગ્લંડને એક પાઉંડ પણ ખરચવો નથી પડયો. અંગ્રેજી લશ્કર પછવાડે દર વરસે જે બે લાખ પાઉંડનો

૧. જુઓ "હાઈ કમિશનરના મંત્રીને પત્ર", પા. ૧૭૪.

Gandhi Heritage Portal

ખર્ચ થાય છે તેનો ત્રીજો ભાગ હિંદુસ્તાનને આપવો પડે છે. હિંદુસ્તાનની તિજોરી બાબતની આપણી બેદરકારીને લીધે તે દેશની જાવકના આંકડા આવકના કરતાં બહુ જ મોટા છે. છેવટમાં તેણે જણાવ્યું છે કે ઇંગ્લંડને ૧૮૯૫ની સાલ સુધીમાં હિંદુસ્તાનમાંથી ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ પાઉંડનો લાભ મળેલો છે અને ૧૮૯૫ની સાલ પછીથી આજ સુધીમાં એટલે બીજાં ૪૦ વરસમાં તે આંકડો કેટલો મોટો થયો હશે!

આ હકીકત દરેક વાંચનારે વાંચ્યા પછી તેમાંથી ઘણું સમજવા અને શીખવાનું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १३-१-१९०६

૧૯૩. માથાવેરાનું ભરણું

માથાવેરામાં આજ લગી જે જૂજ રકમ ભરાઈ છે તે જોતાં તે બહુ ઉત્સાહથી ભરાતો હોય એમ જણાતું નથી. અપેક્ષા પણ એવી જ હતી. કોણ ભરી શકે એવા છે ને કોણ નથી, એનો વિવેક કરવાનું કામ સત્તાવાળાઓ માટે સહેલું નથી. બધા સંજોગોમાં એક વાત સ્પષ્ટ દેખાય છે: સરકારે રેતીમાંથી તેલ કાઢવાનો નિશ્ચય કર્યો હોય એવું લાગે છે. થોડા સમય પર સંસ્થાન મંત્રીને એક હિંદીએ પુછાવ્યું કે જે લોકો કર ભરવા માટે જોઈતો પાઉંડ મેળવવા પોતાના નજીવા પાક ઉપર આધાર રાખે છે તેમને તે ભરવાની મુદત સરકાર વધારી આપશે ખરી? તેને એવો જવાબ આપવામાં આવ્યો કે સરકાર એમ કરવાને તૈયાર નથી, અને સૂચવવામાં આવ્યું કે એવા લોકો પોતાનો પાક ગીરવીને નાણાં મેળવી શકે. કોઈ પણ માણસ એમ જ માને કે એક સભ્ય દેશમાં જે માણસ શેર લાવીને શેર ખાય છે અને જેને ખેતરમાં ઓર્યા પછી કંઈ બચ્યું નથી તેને કરવેરો ભરવાનો હોય નહીં. પણ સત્તાવાળાઓને તો આવી દીનહીન સ્થિતિ પ્રમાણમાં સમૃદ્ધિની સ્થિતિ લાગે છે. જે રાજ્યને આના જેટલી નીચી સપાટીએ ઊતરવું પડે, તેમાં કંઈક ભારે સડો હોવો જોઈએ એ વાત સ્પષ્ટ છે. એક ડગલું આગળ વધીને સરકાર એમ પણ સૂચવી શકી હોત કે ગરીબમાં ગરીબ માણસ પોતાનું શરીર (દાક્તરી શાળામાં) વિચ્છેદન માટે ગીરો મૂકીને કર ભરવાનાં નાણાં મેળવી શકે. પરંતુ અમે એટલું બતાવી આપી શકીએ કે કાયદાની કલમ ૧૪(૪) મુજબ,

> જો કોઈ વ્યક્તિ એટલું સાબિત કરે કે પોતે ગરીબાઈને લીધે કર ભરવા અશક્ત છે તો તેને તેટલા સમય પૂરતી કર ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે. પરંતુ જો આગળ ઉપર આવી વ્યક્તિ કર ભરવા શક્તિમાન બનવા છતાં તે ભરવામાં નિષ્ફળ નીવડશે તો સરકાર તેની સામે કામ ચલાવતાં કે પગલાં લેતાં અટકશે નહીં.

આથી એમ જણાય છે કે ઉક્ત પત્રલેખકે જણાવી છે તેવી સ્થિતિવાળા લોકો, પોતે ગરીબ છે એમ કહીને પાછળથી પોતાના પાકની આવકમાંથી કર ભરી શકે. બરાબર આ જ પરિસ્થિતિ માટે કાયદામાં જોગવાઈ કરેલી છે. એટલે ઊગતા પાક સામે લોન ઉપર નાણાં મેળવવા (અને ખૂબ ભારે વ્યાજ ભરવા) સુધી જવાની જરૂર નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २०-१-१९०६

Gandhi Heritage Portal

૧૯૩(૧). કરીએ તેવું પામીએ

નાતાલમાં, હિંદુસ્તાનથી કરારનામામાં મજૂરો આવવા લાગ્યા ત્યાર પહેલાં હિંદીઓની વસ્તી સમૂળગી નહોતી. આજથી ૪૦ વરસ પર નાતાલની સ્થિતિ અતિશય અસ્થિર હતી, અને પાયમાલ થઈ જવાનો ભય હતો; તેથી એ સંસ્થાનને ઉગારવા અને આબાદ કરવા હિંદી સરકાર મદદે ધાઈ અને બહુ સસ્તે પગારે હિંદુસ્તાનથી આ સંસ્થાનમાં મજૂરો કરારનામામાં આવવા લાગ્યા. આ મજૂરો આવતાં જ નાતાલની શાખ વધી, અને સંસ્થાન આબાદ થવા માંડયું. આ આબાદાની હિંદી મજૂરોને પ્રતાપે જ થતી એમ તે વખતના નાતાલના વતનીઓ બહુ સારી રીતે સમજતા, અને તેથી તેમને રાજી રાખવા પ્રયાસ કરતા, એમ સમજીને કે રાજી રાખ્યે કરારનામું પૂરું થતાં તેઓ હિંદુસ્તાન પાછા નહીં જાય, અને નાતાલમાં જ વસી ખેતી કરી જમીન સુધારે અને દેશનો ઉદય કરે. આવી સ્થિતિમાં હિંદીઓએ આ મુલકમાં વસવું શરૂ કર્યું. હિંદી ખેડૂતોની સગવડને સારુ કાંઈ કેટલાએ મજૂરીની મુદત પૂરી કરી દુકાનો કાઢવા માંડી. ધીમે ધીમે હિંદીઓની વસ્તી વધતી ગઈ, અને તે પરથી મોરિશિયસથી હિંદી વેપારીઓએ પણ આવવું શરૂ કર્યું. પહેલાં તેમને કાંઈ હરકત નહોતી; પરંતુ જેમ સંસ્થાન આબાદ થતું ગયું તેમ નવા નવા વતનીઓ વિલાયતથી આવતા થયા, અને વેપારીઓની અદેખાઈ થવા લાગી; તેમ હિંદી મજૂરો પુષ્કળ આવવા લાગ્યા અને વસવા લાગ્યા એટલે તેમની પણ કદર ઓછી થવા લાગી. આજથી ૨૦ વર્ષ પર હિંદીઓ સામે એવી સખત લાગણી વગદાર આદમીઓમાં થઈ કે સરકારે ખાસ કમિશન નીમી આખા સંસ્થાનમાંના સંભવિત ગૃહસ્થોની જુબાની લીધી. ચુકાદો દરેક રીતે હિંદીની તરફેણમાં મળ્યો — હિંદી મજૂર વગર સંસ્થાન નભે નહીં અને વેપારીઓ સારી ગરજ સારે છે. કમિશને આવો ફેંસલો દીધો તે કાંઈ કેટલા તોફાનીઓને પસંદ પડયું નહીં, અને તેથી તેઓએ ખાસ વેપારી સામેની લડત જારી રાખી. હિંદી વેપારીઓ સાહસ અને કરકસરથી બે પૈસા કમાતા તે તેઓ જોઈ શકતા નહીં. અને નાતાલમાં જ નહીં પણ દક્ષિણ આફ્રિકામાં ઠામ ઠામ જ્યાં જ્યાં તોફાની ટોળીઓ જોરાવર હતી ત્યાં ત્યાં રમખાણ થવા માંડયું. ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં હિંદી મજૂરો નહીં એટલે ત્યાં ફક્ત વેપારી સામાં જ હુમલા થતા. હિંદીઓને કમનસીબે ૧૮૮૫માં ટ્રાન્સવાલની સરકારે વિલાયતની સરકારની સંમતિથી હિંદીઓ સામે કાયદો પસાર કર્યો, અને ત્યારથી તમામ દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ વિરુદ્ધ તોફાન વધારે જોશથી થવા લાગ્યાં. થોડાં વરસમાં ઑરેન્જ ફ્રી સ્ટેટમાંથી હિંદી વેપારીઓને હાંકી કાઢયા, અને નાતાલને સ્વરાજ્ય મળ્યું. એટલે એ સંસ્થાને પણ હિંદીઓના હક છીનવવા અને અપમાન કરી ભગાડી મૂકવા કાયદા કરવા માંડયા. નાતાલને હિંદીઓ સામા કાયદા ઘડતાં પ્રથમ બહુ મુશ્કેલ લાગ્યું, કારણ કે હિંદી વસ્તી નજીવી નહોતી, અને હિંદીઓ વોટ આપી શકતા; તેથી અગ્રેસરોએ ઊંડો વિચાર કરી હિંદીઓના વોટ ઝૂંટવી લેવા પ્રથમ પ્રયાસ કર્યો, અને અંતે તેમાં ફાવ્યા. હિંદીઓના વોટ ગયા એટલે ગોરાઓના પગમાં જોર આવ્યું, અને ત્યારથી ખાઈપીને બ્રિટિશ સરકારની રાંક હિંદી પ્રજા પર નહીં છાજતો જુલમ ગુજારવા માંડયો.

આવી ઠામ ઠામ દુર્દશા થવાનાં હવે કારણો તપાસીએ. પહેલું, હિંદી સરકારની રૈયત તરફ બેદરકારી. જો શરૂઆતથી જ હિંદી સરકારે રૈયતના રક્ષણની કાંઈ પણ કાળજી બતાવી હોત તો આજ આ ગતિ થાત નહીં. બીજું (અને આપણે બીજા કારણ પર ખાસ ધ્યાન

Gandhi Heritage Portal

દેવાની જરૂર છે.) આપણે આપણી ફરજો અદા કરી નથી, અને પહેલું કારણ સબળ રહે છે તે આ બીજા કારણથી, એટલે આપણી અજ્ઞાનતા અને બેદરકારીથી. હિંદુસ્તાનમાં અંગ્રેજની સત્તા સ્થપાયાને લગભગ ૧૫૦ વરસ થયાં, અને તે છતાં આપણે તેઓની રાજનીતિ સમજતા નથી અને મુસીબતો ભોગવીએ છીએ. ખુદ રાણીનું રાજ થયાને આજ ૫૦ વરસ થવા આવ્યાં; અને હિંદુસ્તાનની દહાડે દહાડે કફોડી અવસ્થા થવા છતાં બ્રિટિશ રાજનીતિ પર ખાસ કરી વેપારીઓ ઘટતું ધ્યાન નથી આપતા એ અફસોસની વાત છે; તેમાં સાહસિક પરદેશ વેઠનારા વેપારીઓને વધારે નીચું જોવાનું છે, કારણ કે તેમને મળેલી તકનો તેઓ લાભ લેતા નથી, અને તેથી સાહસને સારે માર્ગે દોરાય તેટલું દોરી શકતા નથી. સ્વરાજ્યવાળાં સંસ્થાનોમાં વસતા વેપારીઓએ તો ખસૂસ રાજનીતિ પર ઘટતું ધ્યાન આપવું જ જોઈએ, અને તે નથી અપાતું તેથી તમામ હિંદી કોમને બહુ દુઃખ થઈ પડે છે. આ વાતમાં ગોરાઓ પાસેથી બહુ શીખવાનું બાકી રહ્યું છે; જો આ બાબત આપણે લક્ષમાં રાખી મંથન કરીએ તો આપણી પીડા ટળે, એટલું જ નહીં પણ તેની અસર હિંદુસ્તાનમાં પણ થાય. જરા માણસાઈથી વિચાર કરી આપણે જોવું જોઈએ કે આપણામાં ખોડખાંપણ કેટલી છે અને કેવી છે, અને પછી તન, મન અને ધનથી તે સુધારવા બનતી કોશિશ કરવી જોઈએ. આમ માણસ સમજશક્તિથી કરી શકે છે, અને સમજ-શક્તિ કેળવણીથી દીપી નીકળે છે; એટલે પહેલું ધ્યાન કેળવણી પર આપવું જોઈએ. જ્યાં લગી આપણે કેળવણીમાં પછાત છીએ ત્યાં લગી કાંઈ સુધારો કરી શકવાના નથી. વિદ્યા વિનાનો આદમી હંમેશ પશુ ગણાયો છે, અને દહાડે દહાડે એવો વખત આવતો જાય છે કે અભણ માણસની ઢોરથી પણ ઓછી કદર થશે. આપણે જાતે સુધરવા મહેનત કરવી, અને તે સાથે આપણાં બાળબચ્ચાંને પણ સંસારસાગર તરવા તૈયાર કરવાં એ આપણી એક મોટી ફરજ છે. આ ફરજ અદા કરવા આપણે કાંઈ પણ ખંત રાખી તજવીજો કીધી છે? અમારે દિલગીરી સાથે કહેવું પડે છે કે નહીં જ, સમૂળગી નહીં. એકાદ નાની નિશાળ કાઢ્યે લોકસેવા થતી નથી. જેમ હિંદુ-સ્તાનમાં અલીગઢ કૉલેજ, ફર્ગ્યુસન કૉલેજ, દયાનંદ કૉલેજ અને નાતાલમાં સેંટ એડન્સ ટ્રેનિંગ કૉલેજ ઊંચી કેળવણી આપવા સારુ સ્થપાઈ છે, તેમ એક નાતાલ હિંદી કૉલેજ ડરબનમાં થાય, અને શહેરેશહેર અને ગામેગામ હિંદી છોકરાં સારુ સારી નિશાળો ખૂલે (હિંદુસ્તાનમાં સરકારી નિશાળો છે તેવાં ધોરણ પર), તો આપણા અગ્રેસરોએ એક મોટી ફરજ અદા કરી કહેવાય. જો પહેલાં વસનારા આગેવાન વેપારીઓએ આ વાત પર વિચાર કર્યો હોત તો અદેખા ગોરા-ઓની એક દલીલ ઓછી થાત, અને 'ફૂટ સૅક' અને 'કુલી' શબ્દો છૂટથી વપરાત નહીં, અને ભરી બજારમાં હિંદી વેપારીઓનું અપમાન થતું તે તેટલે દરજ્જે થાત નહીં. કેળવણીનો પ્રચાર થતાં પોતાના હક જાળવવા અને સાર્વજનિક બાબતમાં અભિપ્રાય દર્શાવવા ખાસ વર્ત-માનપત્રોની જરૂર જણાય. આજથી ૫૦ વરસ પર ડરબન ગામડું હતું, છતાં તે વખતના ગરીબ ખેડૂતો ને દુકાનદારોએ મર્ક્યુરીને નિભાવ્યું એટલું જ નહીં પણ એટલો ટેકો આપ્યો કે एडवर्टाइझर પણ નીકળ્યું અને આજ બન્ને પત્રો ધમધોકાર કામ ચલાવે છે અને દરરોજ બે અને ત્રણ વાર છપાય છે. લેડીસ્મિથ જેવા ગામડામાં પણ પોતાનું છાપું. આનું કારણ એ જ કે ગોરાઓ કેળવણીની કદર બૂઝે છે. હિંદી વસ્તી ગોરી વસ્તી કરતાં વધારે છે તે છતાં મહિને એક શિલિંગ આપી, સવા લાખ આદમી છતાં, એક इन्डियन ओपीनियन જેવું છાપું પણ નિભાવી શકતા નથી! જો સારો ટેકો મળે તો એ જ પત્ર રોજિંદું થઈ શકે, અને તેથી અતિશય લાભ થઈ શકે. જો આજથી ૧૫ વરસ પર આવું, પણ હિંદીઓની વકીલાત કરનારું,

Gandhi Heritage Portal

છાપું હોત તો અમે માનીએ છીએ કે નાતાલમાં હિંદી સામા કાયદા ન થાત, અને તેની અસર તમામ દક્ષિણ આફ્રિકામાં જણાત; અને ગોરાઓ વિચારીને જ બોલત. પણ દીર્ઘદૃષ્ટિના વાંધા, એટલે આગળના આગેવાનોએ આવી વાત ધ્યાન પર લીધી નહીં, અને પરિણામે આજ હિંદી પ્રજાને અપમાન અને દુ:ખ ખમવાં પડે છે. સંસારી અને સામાજિક બાબતોમાં પણ એ જ કારણોથી તેમ પૈસાના અતિલોભથી પછાત રહ્યા. ગરીબોની સ્થિતિનો કાંઈ પણ વિચાર ન કર્યો. પોતાની અણઘડતાથી કોમને કેટલું નુકસાન થાય છે તેનો ખ્યાલ ન કર્યો, પણ માત્ર સ્વાર્થ, નીચ સ્વાર્થની જ ભક્તિ કરી. મુસાફર સારુ ધર્મશાળા નહીં, કે જ્યાં ગમે તે કોમના મુસાફરને વિસામો મળે; ઈસ્પિતાલ નહીં કે જ્યાં ગરીબ મરદ, ઓરત અને બચ્ચાંની સારવાર થાય, ક્લબ નહીં કે જ્યાં ગરીબ ને તવંગર, વેપારી ને ખેડૂત કોમના દરેક જાતના માણસો છૂટથી મળી શકે અને પોતપોતાના વિચારો દર્શાવી અને ચર્ચાવી શકે. કોઈ ગામ કે શહેરમાં પંચ થયું નથી કે જે તકરારના ફડચા કરે, અને તેથી હિંદી કોમને હજારો પાઉંડના અદાલત અને વકીલના ખરચામાંથી બચાવે. પોતાના ખુદ સ્વાર્થ સારુ બિલ્ડિંગ સોસાયટીઓથી ગોરાને કેટલો લાભ થાય છે તે જોયા છતાં એક એવી મંડળી હિંદીઓએ કરી નથી, કે વેપારી છતાં હિંદુસ્તાન સાથે રોજગાર સારો કરવા બૅંક બનાવી નથી, અને તેમ કરી વરસ દહાડે હજારો પાઉંડનો વટાવ બચાવવા તજવીજ કરી નથી! આવી કાંઈક સગવડ હોત તો, મેરિત્સબર્ગના મિ. નાયડુની લાખો પાઉંડની મિલકત ૨૦–૨૫ ટકામાં વેચાત નહીં, અને ડરબનમાં રાબુબીનું ૨૫ હજારનું મકાન ૧૦ હજારમાં ગોરાના હાથમાં જાત નહીં. (આ વેચાણોથી હિંદીઓનું નાક ગયું છે); તેમ કાંઈ કેટલા ગરીબ ખેડૂતો અને દુકાનદારો આ નાણાંભીડના વખતમાં ખુવાર થાત નહીં.

આમ ઉપલી અને એવી જ બાબતોમાં આપણા આગળના આગેવાનોએ પોતાની ફરજ અદા કરી નહીં, અને શરમભરેલી બેદરકારી અને નાલાયકાત બતાવી, તેનાં પરિણામ આજ આપણે ભોગવીએ છીએ. અમને લખતાં ખુશી ઉપજે છે કે નાતાલમાં ધાડ પડવા માંડી ત્યારે આગેવાનોની આંખ ખૂલતી થઈ, અને તેઓ પોતાની ફરજ પર વિચાર કરવા લાગ્યા, અને તે અદા કરવા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ સ્થાપી શરૂઆત કીધી. કૉંગ્રેસની સ્થાપના કરવામાં જે અગ્રેસરોએ ભાગ લીધો તેમનો હિંદી કોમે સદા ઉપકાર માનવો જોઈએ; કારણ કે તેમણે તમામ અંધારામાં રોશની કરવી શરૂ કીધી. આપણે કમનસીબે તેમની ઊલટ અને હોંશ વરસ બે વરસમાં ઠંડી પડી ગઈ. પણ ચાહે તો તેઓ કેવું કામ કરી શકે, અને કેવી રીતે એકસંપ થઈ સાર્વજનિક કામ માથે ઉપાડી લે તેનો દાખલો (કૉંગ્રેસ) જોયાથી ઉમેદ રહે છે કે હમણાંના બારીક વખત વિચારી તેઓ સુસ્તી છોડી પાછા જાગ્રત થશે, અને પોતાની આ જમાનાની અને હવે પછીની હિંદી પ્રજા તરફની ફરજ સમજી તે કરવા હંમેશ તત્પર રહેશે. જેમ આરંભમાં દર્શાવી ગયા કે આગલી સ્થિતિ જાણ્યા વિના નવા આવતા ગોરાઓ હિંદીઓનો તિરસ્કાર કરવા લાગ્યા, તેમ દુર્ભાગ્યે, આપણા હિંદી ભાઈઓમાં પણ કેટલાક એવા છે કે જે અત્રેની કાંઈ હકીકત જાણ્યા વિના હાલની કફોડી સ્થિતિની જોખમદારી કૉંગ્રેસ પર ઢોળે છે. આવી વગર વિચારી વાત ફેલાવવાથી કેટલું નુકસાન થાય છે તેનો તેઓ ખ્યાલ કરતા નથી. આ ગેરસમજ દૂર કરવા ઉપર અમે બતાવી ગયા છીએ કે હિંદીઓ સામેનું તોફાન કૉંગ્રેસ સ્થપાઈ તે પહેલાં ૧૦ વરસ પર ચાલુ હતું, અને કૉંગ્રેસે લડત ચલાવવા માંડી તો ટ્રાન્સવાલના કાયદા નાતાલમાં ઘૂસી શક્યા નહીં. ટ્રાન્સવાલમાં ૧૮૮૫નો ઉજ્જો કાયદો તે વખત એકાદી કૉંગ્રેસ હોત તો થાત નહીં, કારણ

Gandhi Heritage Portal

કે હિંદીઓ વડી સરકારની ગેરસમજ દૂર કરત, અને તેથી કાયદો બહાલ થાત નહીં. કોંગ્રેસે જ્યાં લગી ખરા મનથી કામ લીધું ત્યાં લગી ફતેહ મેળવી છે; કુસંપનો સડો પેઠો પછી જ તકલીફો ખરેખર વધવા માંડી. સલાહકારોની સલાહ પ્રમાણે જો કામ કર્યા કર્યું હોત તો આજ નાતાલમાં હિંદીઓની સ્થિતિ બહુ સુધરી હોત એ તો બધા કબૂલ કરે છે. છેવટમાં, આજ અમો હાલના આગેવાનોને અરજ કરીએ છીએ કે ઉપલી અને એવી બાબતો પર પૂરતો વિચાર કરશો અને ફરજ અદા કરવા સજ થશો. હાલનો મામલો ગંભીર છે; પણ હિંમતથી તમારું કર્તવ્ય કરશો તો અમારી ખાતરી છે કે હિંદી પ્રજાની હાલની અત્યંત કફોડી સ્થિતિ સુધરશે, અને હાલની અને હવે પછીની હિંદી પ્રજા તમારો ઉપકાર માનશે. તમે બાથ ભીડશો તો આપણા વિલાયત અને હિંદુસ્તાનના ખેરખાંઓને શૂર ચડશે, અને જય મળશે; કારણ, સત્યનો હંમેશ જય થાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २०-१-१९०६

૧૯૪. મનસુખલાલ હીરાલાલ નાજર[1]

તેમની કારકિર્દી

મિ. નાજર નથી એ શબ્દો હૃદય ચીરી નાખનારા છે. તેમનો હસમુખો ચહેરો કોઈ જ હિંદીએ નહીં જોયો હોય. કોઈ પણ માણસને તકલીફ આપ્યા વિના, કોઈની પાસેથી ચાકરી કરાવ્યા વિના અકસ્માત્ મિ. નાજર ચાલ્યા ગયા છે. ૧૯મી તારીખની રાત સુધી પોતે સાવધાન હતા. ओपीनियननी તજવીજ કરતા હતા અને શનિવારે સવારમાં જોયું તો દેહમાં પ્રાણ ન હતો. મિ. નાજરને છાતીનું દરદ વખતોવખત થઈ આવતું. અને તે દરદમાં તેમનો પ્રાણ ગયો જણાય છે. તેમના મરણથી હિંદી કોમ અત્યંત ગમગીનીમાં પડી ગઈ છે. દરેકને કેમ જાણે ઘા વાગ્યો હોય તેવું દરદ થઈ આવ્યું છે. આ જખમ સહેજે રુઝાય તેવો નથી.

૧૮૯૬ના ડિસેમ્બર મહિનામાં મિ. નાજર જ્યારે ડરબનને કિનારે ઊતર્યા ત્યારે તેમને કોઈ પિછાનતું ન હતું. એક ખાનગી ગૃહસ્થ તરીકે આવેલા હતા. ડરબનના જાણીતા શેઠ આદમજી મિયાંખાનને ત્યાં પિછાન નહીં છતાં ઊતર્યા હતા. શેઠ આદમજી તેમનામાં કેટલું ઝવેરાત હતું તે તુરત પારખી શક્યા હતા. મિ. નાજર પોતાના ધંધાર્થે આવેલા અને તેમનો વિચાર જાહેર કામમાં કાંઈ પણ ભાગ લેવાનો ન હતો. પણ પોતે બહુ જ દેશહિતેચ્છુ હતા.

૧૮૯૬ના ડિસેમ્બરમાં નાતાલમાં હિંદી પર ઘણી જબરી આફત હતી. એ આફતમાં મિ. નાજર ન હોત તો શું પરિણામ આવત તે અત્યારે કહી શકાતું નથી. પણ જ્યારે મિ. નાજર એ વખતના તોફાનમાં હિંદી વહાણનું સુકાન ઝાલી ઊભા જ રહ્યા ત્યારે તેમને એક આગેવાન ગૃહસ્થે રાજદ્વારી મૂસા પેગમ્બરની ઉપમા આપી. ડરબનમાં હિંદીઓ ઉપર તરેહતરેહની સખતાઈ કરવાની હિલચાલ એ જ વખતે થતી હતી.[2] कुरलॅन्ड તથા नादरीમાં આવેલા હિંદીઓને કાઢી

૧. ૨૦મી જાન્યુઆરી ૧૯૦૬ના રોજ મૃત્યુ પામ્યા.
૨. જુઓ પુસ્તક ૨, પા. ૧૧૩.

Gandhi Heritage Portal

મૂકવાની તજવીજ થતી હતી. અને ધમકીઓ અપાઈ તે વખતે મિ. નાજરે જે બાહોશીનું કામ કર્યું છે તેનું બયાન કરવાની જરૂર નથી. મિ. લૉટન કે જે એ વેળા હિંદીઓના વકીલ હતા તે પણ મિ. નાજરની ચાલાકી, મિ. નાજરનું જ્ઞાન અને તેમના શાંત સ્વભાવથી ચકિત થયા હતા. એવા મિ. નાજર આપણો ત્યાગ કરીને ચાલી ગયા છે. એને સારુ જેટલું રડીએ તેટલું ઓછું છે. મિ. નાજરની ઉંમર આશરે ૪૬ વર્ષની હતી અને પોતે રડતી માને, વિધવાને અને પોતાની પ્રજાને મૂકીને ગયા છે. લગભગ દશ વર્ષનો તેમની વચ્ચે વિયોગ હતો.

મનસુખલાલ હીરાલાલ નાજર તે સુરતના એક ખાનદાન કુટુંબમાં પેદા થયા હતા. તેમનું નામ જણાવે છે કે તેમના બાપદાદાએ મુગલ બાદશાહની નોકરી કરેલી. તેમના બાપ મિ. હીરાલાલ નાજર તે સરકારી એંજિનિયર હતા. બહુ મોટો હોદ્દો ભોગવતા અને તેમની ઉપર મુંબઈ સરકારનો એટલો બધો વિશ્વાસ હતો કે સરકાર તેમના મુંબઈના કિલ્લાના છૂપા બચાવની માહિતી લેવા દેતા હતા. મરહૂમ જસ્ટિસ નાનાભાઈ હરિદાસના તે અડીને સગા હતા. મિ. નાજરે મુંબઈમાં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. ત્યાં પોતે હંમેશાં વર્ગમાં ટોચ ઉપર જ રહેતા. તેમણે ગ્રાંટ મેડિકલ કૉલેજમાં ચાર વર્ષ સુધી વૈદકમાં પણ અભ્યાસ કરેલો. પણ તેમની વૃત્તિ બધી મોટાં સાહસ કરવા તરફ હતી. દેશદાઝ બાળપણથી રાખતા એટલે તેમણે ન્યૂસ પેપરના કામની માહિતી લેવાનું શરૂ કર્યું. एड्वोकेट ऑफ इन्डियामां પોતે વખતોવખત લખાણ કરતા અને કેટલીક મુદત સુધી તેમાં એડિટર હતા એમ કહીએ તોપણ ચાલે. બીજાં ન્યૂસ પેપરોની સાથે સંબંધ હતો. યુનિવર્સિટીમાં કેટલોક સડો હતો તેથી તેમણે મુંબઈ અંડરગ્રૅજ્યુએટ ઍસોસિયેશન સ્થાપવામાં મોટો ભાગ લીધો હતો. થોડી મુદતમાં એ ઍસોસિયેશનને પોતે સરસ પાયા પર લાવી મૂક્યું. એ વખતનાં તેમનાં લખાણો અને તેમની અરજીઓ મિ. નાજરની હોશિયારી બતાવી આપે છે.

હિંદના દાદા દાદાભાઈ નવરોજીનું શિક્ષણ પોતે સ્વીકારતા હતા અને તેથી એમ માનતા હતા કે કેળવણીનો હેતુ સરકારી નોકરી લેવાનો નહોતો પરંતુ તેનો ઉપયોગ વેપારવણજના કામમાં ઉત્તેજન મેળવવાનો હતો. તેથી તે અને તેમના ભાઈઓ પોતે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરવાને સારુ વિલાયત ગયા. ત્યાં એક પેઢી સ્થાપી. પણ મિ. નાજરનો સ્વભાવ જ એવો હતો કે જ્યાં પોતે રાજદ્વારી કામ જુએ ત્યાં વચમાં પડયા વિના પોતાથી રહેવાય નહીં એટલે તેમણે જાહેર કામમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ઘણે ઠેકાણે ફેલો નિમાયા હતા. ક્રિશ્ચિયાનિયામાં[૧] ઓરિએન્ટલ કૉંગ્રેસ બેઠી હતી તેમાં પોતે ડેલિગેટ તરીકે ગયા હતા અને ત્યાં પ્રોફેસર મૅક્સમૂલર વગેરે વિદ્વાન ગૃહસ્થોના સંબંધમાં સારી પેઠે આવ્યા હતા.

મિ. નાજરે વિલાયતમાં વેપારમાં બહુ મોટો નફો કર્યો નહીં હોય તેથી તેમનો વિચાર સાઉથ આફ્રિકામાં આવવાનો થયો. પણ તે માત્ર વેપારના જ હેતુથી. જ્યારે તેમણે ૧૮૯૬ની સાલનો મામલો જોયો ત્યારે તેમનાથી રહેવાયું નહીં અને સાર્વજનિક કામમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તે દિવસથી તે પોતાના મરણના દિવસ સુધી પોતે સાર્વજનિક કામમાં ગૂંથાયેલા રહ્યા. તેમાં કદી પોતાનો સ્વાર્થ તેણે આગળ નથી કર્યો. ૧૮૯૭ની સાલમાં તેમને ડેલિગેટ તરીકે વિલાયત મોકલવામાં આવ્યા હતા. તે વખતે કરેલું તેમનું કામ એવું સરસ હતું કે તેની છાપ મરહૂમ સર

૧. નૉર્વેની રાજધાની ઑસ્લોનું પુરાણું નામ.

Gandhi Heritage Portal

વિલિયમ વિલ્સન હંટર[1] ઉપર પડેલી અને એઓ સાહેબે લંડનના પ્રખ્યાત ટાઇમ્સ ન્યૂસપેપરમાં મિ. નાજર વિષે લખાણ કરેલું. મિ. નાજર, મિ. દાદાભાઈ નવરોજી, સર વિલિયમ વેડરબર્ન, લૉર્ડ નૉર્થબ્રુક, લૉર્ડ રે વગેરે ગૃહસ્થોને મળેલા, ઈસ્ટ ઇન્ડિયા ઍસોસિયેશન મારફતે સરસ રીતે હિલચાલ કરેલી, બોઅર લડાઈ વખતે નાતાલ વૉલંટિયર ઍમ્બ્યુલન્સ કોરમાં[2] પોતાની નાજુક તબિયત છતાં પોતે સામેલ થયા હતા. એવું અઘરું કામ પોતાથી નહીં થઈ શકે અને ટાઢતડકો તેમની તબિયત નહીં કબૂલ [બરદાસ્ત] કરી શકે એવી ધાસ્તીથી ઘણાઓએ તેમને સમજાવ્યું. પણ તેમનું સ્વદેશાભિમાન એવું હતું કે બેસી રહેવાની તેમણે ચોખ્ખી ના પાડી. અને ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ લીડર તરીકે દાખલ થયા. આ વખતે ડૉ. બૂથની સાથે રહી પોતે પોતાના વૈદિક જ્ઞાનનો સારો ઉપયોગ કર્યો.

આવા મિ. નાજરનાં અનેક કામ અહીં વર્ણવી શકાય છે. પણ તેથી કોઈ અજાણ્યું નથી. મિ. નાજરનું ખરેખરું કામ તે પોતે છૂપી રીતે કરેલું છે. લોકોને મળવું, સમજાવવું, તેઓની સાથે દલીલો કરવી, તેઓને લખવું, સૂચના કરવી એ બધું જ કામ દેખાઈ નથી આવતું છતાં ઘણું જરૂરનું છે. એવા કામની કિંમત થઈ નથી શકતી અને એવાં કામમાં મિ. નાજર અત્યંત બાહોશ હતા. મિ. નાજરને તેમની હયાતીમાં આપણા લોકો સંપૂર્ણ રીતે સમજી શક્યા નથી એમ કહી શકાય છે. તેમને કેટલીક વખત તીખાં વેણ કહેવામાં આવતાં હતાં તેની તેણે દરકાર નહીં કરેલી અને તે બદલ ચિડાયા વગર પોતે પોતાનું કામ કર્યે જતા હતા. મિ. નાજરની ઉપર ઘણી આફતો હતી પણ તે બધી આફતો વખતે પોતે બહુ શાંત રહી શકતા હતા અને જોકે સાધારણ રીતે આપણા દેખવામાં નહીં આવી શકતું હતું તોપણ તેમની ઈશ્વર ઉપરની શ્રદ્ધા બહુ દૃઢ હતી. પોતે હંમેશા ગીતાજીનું સ્મરણ કરતા, તેનો સંસ્કૃત પાઠ તેમને મોઢે હતો અને પોતાને દુઃખને વખતે એ પુસ્તકના રક્ષણ તળે એ રહેતા.

મિ. નાજર આપણે ખાતર બહુ ગરીબી હાલતમાં રહેલા એમ કહેવામાં કંઈ વધારે પડતું નથી. સીડનમમાં[3] એક રમણીય પણ દૂર ઝૂંપડામાં ફકીરી હાલતમાં રહેતા. ઘણા દિવસો સુધી માત્ર ટિનનું દૂધ પીને નિભાવ કરતા. મિ. નાજરે કોઈ દિવસ જુદી જુદી કોમો વચ્ચે ભેદ જાણ્યો નહોતો. તેમની દૃષ્ટિ બધા તરફ સરખી હતી. ગરીબોની ઉપર બહુ માયા રાખતા. ઘણા ગરીબ હિંદીઓને તેમની તરફથી ટેકો અને સલાહ મળતાં. મિ. નાજર જો ડરબનમાં ન હોત તો આ છાપું કદી પ્રગટ ન થઈ શકત. જ્યારે તે શરૂ થયું ત્યારે છાપું ચલાવવાનો ઘણોખરો બોજો તેમની ઉપર રહેતો. રાતદિવસ જાગી પોતે કામ ચલાવી લેતા. તેમાં તેમને એક પેનીનો પણ લાભ ન હતો. તેમનું કામ બધું વગર પૈસાનું હતું.

આ લખાણનો હેતુ મિ. નાજરના ગુણોનું જ બયાન કરવાનો છે. જગતમાં એક એવી વસ્તુ કે એવા એકે માણસ નહીં હોય જેની ખોડ કાઢવા બેસીએ તો ન મળે. સૂરજ એવો ઝગઝગે છે છતાં તેમાં ડાઘ છે. ચંદ્રમા બહુ શીતળ છે તોપણ તેમાં ડાઘ જોઈએ છીએ. તેમ મિ. નાજરમાં એ હશે પણ એવી પ્રતિજ્ઞા કરી શકાય છે કે હિંદી કોમમાં મિ. નાજર જતાં એ ખામી પૂરી

૧. (૧૮૪૦-૧૯૦૦). ભારતની બાબતોના જાણકાર અને કૉંગ્રેસની બ્રિટિશ કમિટીના આગળપડતા સભ્ય; જુઓ પુસ્તક ૧, પા. ૨૯૬.

૨. ૧૮૯૯-૧૯૦૨ના બોઅર યુદ્ધ દરમ્યાન ગાંધીજીએ આ કોર ઊભી કરી હતી; જુઓ પુસ્તક ૩, પા. ૧૫૫-૬૧.

૩. ડરબનનું એક પરું.

Gandhi Heritage Portal

પાડવી એ બહુ મુશ્કેલીની વાત છે. હિંદુસ્તાનમાં પણ સ્વાર્થ વિના કામ કરનારા મળવા મુશ્કેલ છે. એવું રત્ન હિંદી કોમના હાથમાંથી અત્યારે ખરી પડયું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २७–१–१९०६

૧૯૫. કાળા તથા ગોરા લોકો

ઉપરના મથાળા હેઠળ ચાલુ માસની[1] ૫મી તારીખના ધિ ડેલી ન્યૂસના અંકમાં મિ. એચ. ડબલ્યુ. મૅસિંગહૅમે બિનગોરી પ્રજાઓ પ્રત્યે દક્ષિણ આફ્રિકાના ગોરા લોકોએ ધારણ કરેલી વૃત્તિ બાબત એક જોરદાર લેખ લખ્યો છે. મિ. મૅસિંગહૅમે જે ભાવનાને આપણે તેમના નામ સાથે જોડવા ટેવાયેલા છીએ, એવી માનવહિતવાદની ભાવનાથી પ્રેરાઈને ચામડીના રંગ બાબત લોકમાં પ્રવર્તતી એકેએક ભ્રમણાનો પ્રતિકાર કર્યો છે અને દક્ષિણ આફ્રિકાની બિનગોરી જાતિઓની મહાન સેવા કરી છે. આ પ્રશ્ન ચર્ચવાની એમની રીતમાં અમે કોઈ દોષ જોતા નથી, પરંતુ લેખના જે ભાગમાં તેમણે ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓના પ્રશ્નનો ઉલ્લેખ કર્યો છે ત્યાં જણાતી ભૂલ અમે બતાવવા ઇચ્છીએ છીએ. દેખીતી રીતે મિ. મૅસિંગહૅમનો અભિપ્રાય એ જણાય છે કે ૧૮૮૫નો કાયદો નં. ૩ હિંદીઓને જમીન ધારણ કરવા મનાઈ કરતો નથી. અલબત્ત એમની આ દલીલ તદ્દન ખોટી છે. મિ. મૅસિંગહૅમની બીજી ભૂલભરેલી માન્યતા એ છે કે હિંદીઓને "હજી નગરના ફૂટપાથો પર ચાલવા દેવામાં આવે છે." કાયદાની બારીકીની દૃષ્ટિએ આ ખોટું છે, કેમ કે અદાલતના એક ચુકાદાને પરિણામે કોઈ પણ હિંદીને નગરપાલિકાનો કોઈ પણ ફૂટપાથ વાપરવાનો હક નથી, ને હરકોઈ પોલીસવાળો એને રસ્તા વચ્ચે ચાલ્યા જવા તોછડાઈથી હુકમ કરી શકે છે. દેશમાં વસતી બિનગોરી પ્રજાઓ સાથેના વ્યવહારમાં દક્ષિણ આફ્રિકાના ગોરાઓમાં અહંકારથી નાક ચડાવવાની એક કમનસીબ પ્રથા પડી ગઈ છે, એની વિરુદ્ધ મિ. મૅસિંગહૅમે વખતસર જે વિરોધ ઉઠાવ્યો છે તેનું મૂલ્ય એમની આ ભૂલોથી ઘટતું નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ३–२–१९०६

૧. 'ચાલુ માસની' એ શબ્દ દર્શાવે છે કે આ લેખ પ્રસિદ્ધિના ઓછામાં ઓછા ત્રણ દિવસ પૂર્વે જાન્યુઆરી માસમાં લખાયો હતો.

Gandhi Heritage Portal

૧૯૫(૧). કાળા ગોરા વચ્ચે તફાવત

દા. સ્કોલ્સનો અભિપ્રાય

ગોરા લોકો હંમેશા એમ માનતા આવ્યા છે કે કાંઈ જમાનાથી ગોરા અને કાળા માણસો વચ્ચે ભેદ રહેલો છે અને તે એવો કે કાળા માણસો હમેશા મનોબળમાં ઊતરતા જ હોય છે. આવા વિચાર કેટલાંક વરસ પહેલાં એકબે અંગ્રેજોએ લખાણો કરી દૃઢ કરેલા. તેઓએ ગોરા અને કાળા માણસોની ખોપરીઓની તપાસ કરી એમ જણાવેલું કે કાળા માણસોની ખોપરીનું બંધારણ એવું છે કે જ્યાં સુધી તેમાં ફેરફાર ન થાય ત્યાં સુધી કાળા માણસો તેમની પછવાડે ગમે તેટલી મહેનત થાય તોપણ ગોરાઓની બરાબરી ન જ કરી શકે. ખોપરીનું બંધારણ ફરે તેના પહેલાં સેંકડો વરસ જોઈએ. એટલે હાલતુરતમાં કાળા માણસો નીચી જ પંક્તિમાં રહેવા જોઈએ એવો વિચાર ઉપરના શોધકોએ આપ્યો. ભાવતું હતું અને વૈદે બતાવ્યું એ કહેવત પ્રમાણે રાજ્યકારભારી ગોરાઓએ આ વાત પકડી લીધી અને ત્યારથી કાળા માણસોની ઉપર ગોરા માણસના જુલમે રાજદ્વારી સ્વરૂપ પકડયું. ગોરાઓ એમ કહેવા લાગ્યા કે કાળા માણસોને દબાણમાં રાખવા એ જ ગોરાઓનો ધર્મ છે. અને તે લોકોને છોકરાની મિસાલ ગણવા જોઈએ એમ બહાનું કાઢીને કાળા માણસોના હકની ઉપર ધાડ પાડી. આવી જાતના વિચારોની સામે દા. સ્કોલ્સે એક મોટું પુસ્તક બહાર પાડયું છે. આ દા. સ્કોલ્સ પશ્ચિમ આફ્રિકામાં ઘણો વખત સુધી રહેલ છે અને તે કાળા માણસોના સંબંધમાં બહુ ઘાડી રીતે આવેલ છે. દા. સ્કોલ્સ એમ બતાવે છે કે કાળાધોળામાં ઉપર જણાવ્યો છે તેવો કશો તફાવત નથી. પૂરતી કેળવણીથી કાળા માણસો ધોળા માણસની બરાબરી કરી શકે છે. કાળા માણસોની ઉપર જે તિરસ્કાર રાખવામાં આવે છે તેનું કારણ માત્ર સ્વાર્થ છે. દા. સ્કોલ્સ બતાવે છે કે દુનિયા અત્યારે નીતિ-રીતિમાં ઊતરતી જાય છે. આમ ઊતરવાનું મુખ્ય કારણ લોકોએ સત્યતા છોડી છે તે છે. અને પરિણામ એવું આવશે કે જ્યારે અસત્યનું જોર બહુ જ વધશે ત્યારે લોકોની આંખ એકદમ ઊઘડશે અને લોકોના વિચારો બદલાઈને ફરી સ્વચ્છ થશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनयन, ३–२–१९०६

Gandhi Heritage Portal

૧૯૬. સર ડેવિડ હંટર

અમને નોંધતાં આનંદ થાય છે કે, સર ડેવિડ હંટર નાતાલને વતન બનાવી ત્યાં રહેવાનું ચાલુ રાખવાનો ઈરાદો સેવે છે. અને તેમણે એમ પણ જણાવ્યું છે કે પોતે પ્રવાસમાંથી પાછા ફરે ત્યારે જો સાથી નાગરિકો એમને વિનંતી કરે તો, પોતાની ઇચ્છાઓ બાજુએ મૂકીને પાર્લમેન્ટમાં દાખલ થવાનો વિચાર કરવા તેઓ રાજી છે. નાગરિકો એમને પોતાનું પ્રતિનિધિત્વ કરવા વિનંતી કરશે એ નક્કી છે, કેમ કે સૌ માને છે કે સર ડેવિડ પાર્લમેન્ટ દ્વારા સેવા આપવાની ખાસ યોગ્યતા ધરાવે છે. નાતાલના હિંદી રહેવાસીઓને એમની ચૂંટણીમાં જોકે મત આપવાનો અધિકાર નથી, તેમ છતાં તેઓ શ્રી હંટરના ટેકામાં પોતાનો અવાજ ઉઠાવશે. હિંદીઓ સર ડેવિડના ઘણા ઋણી છે, કારણ કે જ્યારે તેઓ નાતાલ ગવર્નમેન્ટ રેલવેના જનરલ મૅનેજરપદે હતા ત્યારે હિંદીઓએ જોયું છે કે તેઓ હંમેશાં વિનયથી વર્તતા એટલું જ નહીં પણ તેમનો ખ્યાલ પણ રાખતા હતા. હિંદીઓને માત્ર ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાની ફરજ પાડવાની સંસ્થાનમાં ઘણા લોકની ઇચ્છા હતી તેને બદલે તેમને રેલવેમાં જે સામાન્ય સગવડો મળે છે તે મુખ્યત્વે સર ડેવિડની ન્યાયબુદ્ધિને કારણે મળે છે અને જો રેલવેના કેટલાક કર્મચારીઓ હિંદીઓ પ્રત્યે યોગ્ય રીતે વર્તતા ન હોય તો તેમાં દોષ સર ડેવિડનો નથી. હિંદી લોકની કેળવણીના પ્રશ્નમાં એમણે સક્રિય રસ લઈ કામ કરી બતાવ્યું છે. સર ડેવિડ બ્રિટિશ સદ્‌ગૃહસ્થનો એક સરસ નમૂનો છે, અને એમને માન આપવામાં સંસ્થાને પોતાને જ માન આપ્યું છે. અમે ઇચ્છીએ છીએ કે સર ડેવિડની દરિયાઈ સફર તથા પરદેશોનો પ્રવાસ આનંદજનક નીવડે અને તેઓ જલદી પાછા ફરે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ३–२–१९०६

૧૯૭. હિંદી તામિલ

અમારે દિલગીરીની સાથે જણાવવું જોઈએ છે કે આ નંબરથી હિંદી તથા તામિલ હાલ તુરતને સારુ પડતું મૂકીએ છીએ. તે બંને ભાષામાં છાપું બહાર પાડવામાં અમે ઘણું ખર્ચ કર્યું છે. અમને સંતોષ થાય તેવી રીતે લખાણ મેળવવાને બહુ મહેનત કરેલી છે પણ અમે તેમાં સફળ નથી થયા. તેથી અમારે હાલ તે લખાણ બંધ કરવું પડયું છે. અમારા માણસોમાંથી તે બંને કામને સારુ તૈયારી થઈ રહી છે અને અમને ઉમેદ છે કે થોડા વખતમાં અમે ફરીથી બંને, હિંદી તથા તામિલ લખાણ, ફરી શરૂ કરીશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३–२–१९०६

Gandhi Heritage Portal

૧૯૮. ઈરાનના શાહ

ઈરાનના શાહે પોતાની વસ્તીને નવું રાજ્યબંધારણ આપ્યું છે ને એમ જણાવ્યું છે કે પશ્ચિમના મુલકોમાં જેમ રાજ્ય ચાલે છે તેમ નિયમિત રીતે રાજ્ય ચલાવવાનો પોતાનો ઇરાદો છે. લોકોને રાજ્યમાં ભાગ આપ્યો છે. આ પ્રમાણે જો બરાબર ચાલશે તો સંભવ છે કે ઈરાનની બાદશાહી બહુ વધી જશે. આ બધી અસર જાપાનની જીતને[1] લઈને થઈ છે એમાં કંઈ શક નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३–२–१९०६

૧૯૯. સંસ્થાન મંત્રીને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૯, ૧૯૦૬

સંસ્થાન મંત્રી
પ્રિટોરિયા

સાહેબ,

વિવિધ સાધનો દ્વારા મારા ઍસોસિયેશનને જાણવા મળ્યું છે કે, પરવાના કચેરી બદલ્યા પછી,[2] હિંદી કોમને આ ઍસોસિયેશન દ્વારા કે બીજી રીતે કશી ચેતવણી આપ્યા સિવાય, નીચે આપેલા નવા ફેરફાર કરવામાં આવ્યા છે:

૧. આ દેશમાં દાખલ થવા ઇચ્છનાર બાળકોની સગીર વય-મર્યાદા સોળની નીચેથી ઘટાડી બારની નીચે કરવામાં આવી છે.

૨. વાલીઓની ઍફિડેવિટ સ્વીકારાતી નથી; એટલે કે, જેમનાં માબાપ ટ્રાન્સવાલનાં રહેવાસી હોય તે બાળકોને જ અહીં આવવા દેવામાં આવે છે.

૩. શરણાર્થીઓના પ્રિટોરિયા બહારના સાક્ષીઓને તપાસવાનું કામ જુદા જુદા જિલ્લાઓમાં ત્યાંના રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટો હાલ ચલાવે છે; એનું પરિણામ એ આવ્યું છે કે ઘણા શરણાર્થીઓની અરજીઓ, હાલ પૂરતી તો, અનિશ્ચિત મુદત માટે અભરાઈએ ચડી છે.

હિંદી કોમ પર આ ફેરફારો ઓચિંતા લાદવામાં આવ્યા છે. તેની સામે મારું ઍસોસિયેશન માનપૂર્વક વિરોધ દર્શાવે છે. જે કંઈ ફેરફારો કરવાના હોય તેની મારા ઍસોસિયેશનને સામાન્ય રીતે, કાંઈ નહીં તો ખબર તો આપવામાં આવી જ છે અને કેટલીક વાર તો સરકારે મારા ઍસોસિયેશનની સલાહ લેવાની ભલમનસાઈ પણ બતાવી છે. આથી, મારા ઍસોસિયેશનને સખેદ આશ્ચર્ય ઊપજ્યું છે કે પરવાના નિયમનોમાં હિંદી કોમને અસર કરતા ગંભીર ફેરફારો કોઈ પણ જાતની ખબર આપ્યા સિવાય કરવામાં આવ્યા છે. એ ઉપરાંત, હિંદીઓને આ બાબતો માત્ર ખરેખર બનતા બનાવો મારફતે જ જાણવા દેવામાં આવી છે.

૧. જાપાન અને રશિયાના યુદ્ધમાં; જુઓ “રશિયા અને હિંદુસ્તાન”, પા. ૧૪૧–૨.

૨. જુઓ “ટ્રાન્સવાલની પરમિટ બાબત ફરી ગોલમાલ”, પા. ૨૧૭.

Gandhi Heritage Portal

ખુદ આ ફેરફારોની બાબતમાં, મારા ઍસોસિયેશન તરફથી નમ્રતાપૂર્વક જણાવવાનું કે કોમને એ ગંભીર હાનિ પહોંચાડે એવો સંભવ છે. સગીર વયની મર્યાદા વળી વધારે ઘટાડવામાં આવી એનું કારણ સમજવું મુશ્કેલ છે. બ્રિટિશ સંસ્થાનોમાં બીજે કયાંય, જ્યાં માબાપને દાખલ થવાનો હક આપવામાં આવ્યો હોય ત્યાં, તેમનાં સોળ વરસથી નીચેનાં બાળકોને દાખલ થતાં અટકાવવામાં આવતાં નથી, એ હકીકત તરફ મારું ઍસોસિયેશન આપનું ધ્યાન ખેંચે છે.

સ્થાયી થયેલા હિંદીઓને પોતાનાં બાળકો સાથે લાવવામાં કશી મુશ્કેલી ન હોય એ હિંદી કોમને માટે ઘણી જ મહત્ત્વની વાત છે. દાખલા તરીકે, તેર વરસના કે પંદર વરસના બાળકને એનાં માબાપ સાથે આવતાં અને તેમની સાથે રહીને, એમ કહો કે, કેળવણી લેતાં શા માટે અટકાવવું જોઈએ, એ સમજવું મુશ્કેલ છે. વળી, આ નિયમ ટ્રાન્સવાલમાં બિનએશિયાઈ કોમોને લાગુ પડતો નથી એ હકીકત તરફ પણ, મારું ઍસોસિયેશન આપનું ધ્યાન ખેંચે છે.

બીજા ફેરફારની બાબતમાં અત્યાર સુધી અનાથ બાળકોને તેમના વાલી સાથે આવવા દેવામાં આવ્યાં છે. નવા નિયમ હેઠળ, આવાં બાળકોને ટ્રાન્સવાલમાં દાખલ થતાં અટકાવવામાં આવશે. આવો નિયમ મોટી મુસીબત ઊભી કર્યા વિના નહીં રહે એ વાત મારા ઍસોસિયેશનને કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

ત્રીજા ફેરફાર બાબતમાં જણાવવાનું કે જો રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટો તપાસ કરવાના હોય તો તેમાં પાર વગરનો વિલંબ થશે. એવા શરણાર્થીઓ છે, જેમની અરજીઓ છેલ્લા નવ માસથી નિકાલ વિના પડી રહી છે અને જો આવી સઘળી અરજીઓ જુદા જુદા જિલ્લામાં રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટોને તપાસ માટે મોકલવાની હોય તો તેથી અતિશય વિલંબ થશે. વિશેષમાં, જો દરેક નગરનું કામ જુદું જુદું ઉપાડવામાં આવશે તો, પુરાવો લેવાની વિધિમાં એકરૂપતા નહીં રહે.

મારું ઍસોસિયેશન વિશેષમાં વિનંતી કરે છે કે જ્યારે સાક્ષીઓ પ્રિટોરિયા બહાર વસતા હોય ત્યારે તેવે સઘળે ઠેકાણે સાક્ષીઓ તપાસવાના કામ માટે એક જ અમલદાર નીમવામાં આવે તો કામનો ઠીક ઠીક જલદી નિકાલ થશે તથા વિધિની એકરૂપતા સચવાશે.

આ ઉપરાંત મારું ઍસોસિયેશન જણાવવાની રજા લે છે કે, શરણાર્થીઓ પૈકી લગભગ પોણોસો ટકા જોહાનિસબર્ગ અને આસપાસના જિલ્લામાં આવીને વસનારા છે એ જોતાં ન્યાયને ખાતર, એ આવશ્યક છે કે જેમને જોહાનિસબર્ગ ખાતે પરવાના જોઈતા હોય તેમના કામ પર ધ્યાન આપવા કોઈક અમલદારે વખતોવખત ત્યાં જતા રહેવું જોઈએ. કેન્દ્રીય કચેરીઓ ભલે પ્રિટોરિયા રહે, પણ તે દરમિયાન પરવાના કાઢી આપવાનું અને અંગૂઠાનાં નિશાન લેવાનું યાંત્રિક કામ, મારા ઍસોસિયેશનના નમ્ર મત અનુસાર, જોહાનિસબર્ગના શરણાર્થીઓને લાગેવળગે છે ત્યાં સુધી, જોહાનિસબર્ગમાં થવું જોઈએ.

હિંદી સ્ત્રીઓ પાસે જુદો પરવાનો હોવો જોઈએ કે નહીં એ સંબંધમાં હજી કાંઈ જાણવા મળ્યું નથી.

મારું ઍસોસિયેશન નમ્રતાપૂર્વક જણાવવા માગે છે કે આ પત્રમાં જેનો ઉલ્લેખ કર્યો છે એ બાબતો અત્યંત મહત્ત્વની છે, અને વિશ્વાસ રાખે છે કે એ બાબતો પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં આવશે. જલદી જવાબ આપવા મારી સાદર વિનંતી છે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની,
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७–२–१९०६

Gandhi Heritage Portal

૨૦૦. ટાઉન ક્લાર્કને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૦, ૧૯૦૬

ટાઉન ક્લાર્ક
જોહાનિસબર્ગ

સાહેબ,

બિનગોરા લોકોના ઇલેક્ટ્રિક ટ્રામગાડીઓના ઉપયોગ સંબંધે જોહાનિસબર્ગ ટ્રામવે મૅનેજરે નગર કાઉન્સિલની મંજૂરી માટે રજૂ કરેલી અમુક ભલામણો તરફ મારા ઍસોસિયેશનનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

[1]મારું ઍસોસિયેશન એમ માને છે કે જે દરખાસ્તો મૅનેજરે કરી છે તે કરવામાં તેણે હિંદીની લાગણીનો જરાય વિચાર કર્યો નથી. મારું ઍસોસિયેશન એમ ધારે છે કે તે દરખાસ્તથી હિંદુઓની ઈજા બિલકુલ રદ થાય એમ નથી. મૅનેજર કહે છે કે કાળા નોકરો જો પોતાના ધણીની સાથે હોય તો ટ્રામના છાપરા ઉપર બેસી શકે છે. આમ છે તો સ્વતંત્ર હિંદી શા સારુ ન બેસી શકે એ સમજાતું નથી. મૅનેજર કહે છે કે જો બરાબર પેદાશ થાય તો ખાસ ટ્રામગાડી કાળા લોકોને સારુ ચલાવવી. આ દરખાસ્ત તો નકામી છે. કેમ કે એથી કાંઈ જેટલી સગવડ ગોરાઓને મળે તેટલી કાળા લોકોને મળવાની નથી. અમારે સારુ તથા કાળા લોકોને સારુ ચાલુ ગાડીની પછવાડે એક બીજી ગાડી જોડવી એ દરખાસ્ત તો માત્ર હિંદીઓનું અપમાન કરનારી છે. મારું ઍસોસિયેશન નમ્રતાપૂર્વક કહે છે કે જેટલી સગવડ ટ્રામગાડીની ગોરાઓને છે તેટલી જ હિંદીને મળવી જોઈએ. તે છતાં અમને એટલી સાધ છે કે હિંદીની સામે ગોરાઓની લાગણી બહુ છે. તેથી અમે એવી દરખાસ્ત કરીએ છીએ કે કદી અંદરનો ભાગ માત્ર ગોરાઓને સારુ રાખી બાકીનો ભાગ બધાઓને સારુ ખુલ્લો મૂકવામાં આવે તો બસ થશે. ખરું જોતાં તો અંદરના ભાગમાં પણ બે વિભાગ પાડવા હોય તો પાડી શકાય છે. એટલે ઉમેદ છે કે કાઉન્સિલ મારા ઍસોસિયેશને કરેલી દરખાસ્ત મંજૂર રાખશે. આ બાબતમાં મારે એમ પણ કહેવું જોઈએ કે હિંદીઓ એમ માને છે કે હાલના કાયદા પ્રમાણે તેઓને ટ્રામગાડી વાપરવાનો પૂરો હક છે. તેઓ પોતાની સબૂરીને લીધે જ ટ્રામગાડીનો ઉપયોગ નથી કરતા.[1]

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની,
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

ઉપર પત્રમાં જેનો ઉલ્લેખ છે તે જનરલ મૅનેજરની ભલામણો નીચે મુજબ છે:

૧. ઘરકામ કરનારાના બિનગોરા નોકરો પોતાના શેઠ કે શેઠાણી સાથે હોય ત્યારે તેમને ગોરા લોકો ભેગા એ જ ગાડીમાં મુસાફરી કરવા દેવી જોઈએ. તેઓ ગાડીના ઉપલા માળ

૧-૧. ફકરાનો અનુવાદ તા. ૧૭-૨-૧૯૦૬ના इन्डियन ओपीनियनમાંથી લીધો છે.

Gandhi Heritage Portal

પર જ બેસે અને દરેક નિસરણીને માથે હોય છે તે પાછળની બેઠકો એટલે કે દરેક છેડાની ચાર બેઠકો જ રોકે. તેમની પાસેથી સામાન્ય વર્ગ માટે લેવાતું ભાડું લેવામાં આવે.

૨. બિનગોરા લોકો માટે ખાસ ગાડીઓ દોડાવવાનું ખર્ચ નીકળે તેટલી અવરજવર જે કોઈ માર્ગ પર હોય તે માર્ગ ઉપર ગાડીઓના અંદરના ભાગમાં એશિયાઈઓને બેસાડવાની અને કાફરોને બહાર બેસાડવાની અથવા એથી ઊલટી વ્યવસ્થા કરી શકાય. આ પ્રયોગ ફૉર્ડર્સબર્ગ અને ન્યૂટાઉન માર્ગો પર કરવામાં આવે.

૩. જો પાછળથી જણાય કે બિનગોરા લોકોની અવરજવર, નફો થાય તે રીતે ખાસ ગાડીઓ દોડાવવા જેટલી નથી તો સામાન્ય ડબ્બાઓ પાછળ એક માળનો ટ્રેઈલર ડબો જોડવાનો અખતરો કરવામાં આવે અને આ જાતનો ડબો તથા બિનગોરા લોકો માટે દોડતી સામાન્ય ગાડીઓનો ઉપયોગ પારસલોની વહેંચણી માટે પણ કરવામાં આવે. આ કામ આગળ ઉપર શરૂ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७-२-१९०६

૨૦૧. લૉર્ડ સેલબૉર્ન અને મુસલમાનો

જોહાનિસબર્ગમાં એક ચર્ચ મીટિંગમાં ભાષણ કરતી વખતે લૉર્ડ સેલબૉર્ને એમ જણાવ્યું છે કે મુસલમાનો જોકે પોતાના ધર્મ વિષે વધારે લાગણી ધરાવે છે. પોતાના ધર્મથી શરમાતા નથી તોપણ, અને ખ્રિસ્તીઓ વખતોવખત પોતાના ધર્મથી કેમ જાણે શરમાતા હોય નહીં તેવી વર્તણૂક ચલાવે છે અને ઈશુ ખ્રિસ્તનાં ફરમાન પ્રમાણે રીતરિવાજમાં વર્તતા નથી તોપણ, સંભવ એવો છે કે મુસલમાનો કરતાં ખ્રિસ્તી લોકો વધારે સારા છે. આ વિચાર એ નામદારે ઉતાવળથી જણાવ્યો હોય એમ લાગે છે. કેમ કે હકીકતમાં લૉર્ડ સેલબૉર્નનું એ અનુમાન ખરું નથી. આ પ્રસંગે ધર્મની સરખામણી કરવાની વાત નથી પણ કયા ધર્મની અસર વધારે સારી થઈ છે એ વિચારવાનું છે. ઘણા મહાન લખનારાઓનો એવો વિચાર છે કે ઇસ્લામ ધર્મની અસર ખ્રિસ્તી ધર્મ કરતાં વધારે સારી થયેલી છે. સેલબૉર્ન સાહેબે જે વાત કબૂલ કરી છે તે જ બતાવી આપે છે કે ઇસ્લામની અસર ખ્રિસ્તી ધર્મ કરતાં વધારે સરસ થયેલ છે. જો મુસલમાન પેગંબરના ફરમાન પ્રમાણે નમાજ પઢવા વગેરેના રિવાજો જાળવી રાખે છે, પોતાના ધર્મથી શરમાતા નથી અને ખ્રિસ્તીઓ જિસસના રોજિંદા નિયમો વિષેનાં ફરમાન જાળવતા ન હોય તો ખ્રિસ્તીઓ ઇસ્લામી કરતાં વધારે સારા છે એવું કેમ કહી શકાય? ખ્રિસ્તી લેખકોએ કબૂલ કરેલું છે કે આફ્રિકામાં સીદીઓની ઉપર જેવી અસર ઇસ્લામની થયેલી છે તેવી ખ્રિસ્તીઓની નથી થઈ. બ્રૅન્ડી બૉટલ અને બાઈબલ એ સાથે જ જોડાયેલાં ઘણી વખત જોવામાં આવે છે. ગરીબોની રક્ષા કરવામાં, તવંગર અને ફકીર, ઊંચ અને નીચ તેની વચ્ચેનો તફાવત તોડવામાં, સાદાઈ વધારવામાં અને ધર્મના નિયમો પાળવામાં તથા ઈશ્વરભક્તિમાં સાધારણ રીતે ઇસ્લામી ખ્રિસ્તી કરતાં હમેશાં ચડી જાય છે. આ દુનિયાને વળગી રહેવાનાં સાધનોમાં ખ્રિસ્તીઓ ચડી જાય છે એમાં કાંઈ શક નથી. પણ આ દુનિયાને વળગી રહી ભવિષ્ય ભૂલી જવું અને આપખુદીથી રહેવું એ ધર્મ ગણાય જ નહીં. આ બાબત ઉપર અમારા અંગ્રેજી લખાણમાં અમે નામદાર લૉર્ડ

Gandhi Heritage Portal

સેલબૉર્નનું ધ્યાન ખેંચેલું છે અને અમે ઉમેદ રાખીએ છીએ કે તેઓ સાહેબ તેનો ઘટિત વિચાર કરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०–२–१९०६

૨૦૧(૧). હિંદુસ્તાનમાં ખેતી

હિંદુસ્તાનમાં ખેતીની સ્થિતિ સુધારવાને આજકાલ જે ધ્યાન અપાય છે તે ખબરો ખુશી ઉપજાવનારા છે. દેશની આબાદી તેની જમીનમાંથી નીકળતા પાક ઉપર છે. હિંદુસ્તાન સૌથી સારા પાકને માટે આજ જમાના થયાં જગજાહેર છે અને એ સંબંધી એક કહેવત થઈ રહી છે કે, ઇંગ્લંડ કારખાનાં ઉપર નભે છે અને હિંદુસ્તાન ખેતી ઉપર નભે છે. છેલ્લા સૈકામાં હિંદુસ્તાનમાં ખેતીની સ્થિતિ ખરાબ થઈ પડેલી છે તેને સુધારી સારા પાયા ઉપર મૂકવાની જરૂર છે. હિંદુસ્તાનમાં થતા પાક ઉપર વિદ્વાન તન, મન અને ધનથી મહેનત લેશે તો ત્યાં ઉપરાઉપરી પડતા દુકાળથી હિંદુસ્તાન કઢંગી સ્થિતિમાં આવી પડે છે તેમાંથી બચી જવા સંભવ છે. અમેરિકા, ઑસ્ટ્રેલિયા, યુરોપમાં, જર્મની અને દુનિયામાં આજકાલ નવાં સ્થપાયેલાં સંસ્થાનોમાં ખેતીને સુધારવાને મહાભારત કોશિશ થાય છે. મધ્ય આફ્રિકામાં ખેડૂતોને વસાવવાને જે પ્રયત્નો ચાલે છે તે કોઈથી અજાણ્યું નથી. હિંદુસ્તાનથી મળેલા છાપામાં ખેતીના સંબંધની હિલચાલના જે ખબરો આવેલા છે તે ખુશી થવા જેવા છે. બંગાળાની સરકારે ખેતીનું શિક્ષણ આપવાને બરહામપુરમાં એક "ઍગ્રિકલ્ચરલ કૉલેજ" સ્થાપી છે. ચાર બંગાળી વિદ્યાર્થીઓને કૉર્નવાલ ઍગ્રિકલ્ચરલ કૉલેજમાં ખેતીવાડીનો અભ્યાસ કરવાને મોકલવામાં આવ્યા છે. તેવા જ મોટા પાયા ઉપર દક્ષિણ હિંદુસ્તાનમાં ત્રાવણકોરના મહારાજાએ એક ઍસોસિયેશન સ્થાપ્યું છે, જેના પ્રમુખ મિ. શ્રી નારાયણ ટેમ્પે થયા છે. આ ઍસોસિયેશનમાં ત્રાવણકોરની હિંદી પ્રજા અને ગોરી પ્રજાએ સરખો ભાગ લીધો છે. મૈસૂરમાં નામદાર પ્રિન્સ ઑફ વેલ્સ અને પ્રિન્સેસ ઑફ વેલ્સની મુલાકાત વખતે ખેતીવાડી અને ઉદ્યોગનું એક મોટું પ્રદર્શન ખોલવામાં આવ્યું છે. પ્રદર્શનમાં સારી ચીજો લઈ આવનાર અને ખેતીના કામમાં હોશિયારી બતાવનારને ઇનામો મળશે. આવાં કામોથી પ્રજાનો ઉમંગ વધે છે અને ઉમંગમાં ને ઉમંગમાં જે કામ થાય છે તે બહુ સારું થશે. અને પરિણામે દેશની ઘણી પડતર જમીન સુધરશે; તેમાં સારો પાક થશે તો પ્રજા ભૂખમરાથી પીડાતી બંધ થશે અને રોટી મેળવવાની ચિંતાથી મુક્ત થયેલી પ્રજા હુન્નરઉદ્યોગ પાછળ વળશે, એટલે કે સર્વ પ્રકારે દેશની આબાદાની વધશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०–२–१९०६

Gandhi Heritage Portal

૨૦૧(૨). હિંદુસ્તાનમાં સ્વદેશી હિલચાલ

છેલ્લા છ મહિના થયાં આ હિલચાલે બહુ જબરું રૂપ પકડેલું છે અને તેનું જોર દિવસે દિવસે વધતું ચાલે છે. છેલ્લાં વીસ વરસ થયાં દેશનો ઉદ્યોગ વધારવાની ખાતર સેંકડો અને હજારો લોકો અમુક તરેહની મહેનત લીધા કરતા હતા તે બધી એકઠી મહેનતનું પરિણામ જે આવેલું છે તેના કરતાં આ છ મહિનામાં જે હિલચાલ થઈ છે તેનું પરિણામ ચડી ગયું છે. તેનું કારણ તેમાં રંકથી રાય એ પ્રમાણે બધાએ ભાગ લીધો છે તે છે. દેશના ઉદ્યોગ આજ સુધી સુસ્ત હતો તેને આ નવી હિલચાલથી જુદો જ રંગ ચડયો છે. તે હિલચાલ પાછળ બાહોશ અને અનુભવી માણસો ખંતથી કામ કરે છે. દરેક દેશની ચડતી તેમાં થતા ઉદ્યોગોને લીધે થઈ છે. આ ચડતી એક સપાટે નથી થઈ અને તેમ કોઈ વખત બની પણ નથી શકતું. જેમ જેમ ઉદ્યોગ વધતો જાય તેમ તેમ દેશનો બીજા દેશ સાથે વેપાર વધતો જાય છે. હિંદુસ્તાનમાં હજુ સંખ્યાબંધ હુન્નરો દાખલ કરવાની જરૂર છે. તેનાં બાળકોને જન્મતાંની સાથથી તે મરતાં સુધી પરદેશમાં બનતી લાખો વસ્તુની જરૂર પડે છે. બંગાળાના આ ભાગલાથી બંગાળી પ્રજા એકસંપથી મક્કમ રહી કરેલા ઠરાવને વળગી રહી છે. કોઈ પણ પ્રજાની પરીક્ષા આવા ટાંકણા પર થઈ શકે છે. બંગાળી પ્રજાએ મજબૂત મનોબળ વાપરેલું છે. તેમણે જે પ્રથમ પગલું ભરી આખા હિંદુસ્તાનની પ્રજાને શિખામણ આપેલી છે તેથી હિંદુસ્તાનની પ્રજા તેની આભારી છે. કોઈ પણ વસ્તુનો બૉયકોટ કરવાથી દેશમાંથી કેટલોક પૈસો બહાર ઘસડાઈ જતો બચે છે એટલો જ ફાયદો નથી, પણ તેથી દેશ પોતાની જાતમહેનત ઉપર ટકવાને સમર્થ થાય છે. દેશના લોકોને રોજી મળે છે. અને એક મજબૂત અને સુધરેલા જમાનાની એક પ્રજા તરીકેના બધા લાભો મેળવવાને સમર્થ થાય છે. હિંદુસ્તાન વણવાના ઉદ્યોગને માટે આજ જમાના થયાં મશહૂર છે તેને માટે હાથની લૂમો અને સ્ટીમથી ચાલતી લૂમો સંખ્યાબંધ દાખલ કરવાની જરૂર છે. એક વખત હિંદુસ્તાન કાપડને માટે પરદેશી માલથી સ્વતંત્ર થશે તો પછી બીજા દેશોને હિંદુસ્તાન સાથે હરીફાઈ કરવી નહીં પરવડશે. આ બધાનાં બીજ હાલની હિલચાલમાં રહેલાં છે. સ્વદેશી હિલચાલનાં મૂળ સજ્જડ થયે દેશના ઉદ્યોગનો ઉદય જરૂર થશે. રોમ એક દિવસે નહોતું બંધાયું. ટાઇમ્સમાં પ્રગટ થયેલા એક કાગળમાં સર જ્યૉર્જ બર્ડવુડ લખે છે કે જો બંગાળીઓ બ્રિટિશ માલને બૉયકોટ કરશે અને તેને પરિણામે સ્વદેશી કારીગરી અને ઉદ્યોગને ઉત્તેજન મળશે તો બંગાળ આખી દુનિયાને પોતાનું કાપડ પૂરું પાડવાને શક્તિમાન થઈ શકશે અને જો આવું પરિણામ આવશે તો હું ઘણો ખુશી થઈશ. હિંદુસ્તાનમાં વસતા ગોરા લોકો હિંદુસ્તાનના લોકોના ભલાની ખાતર જે વિવેચન કરે છે અને હિંદુસ્તાનનું ભલું થાય તેવો યત્ન કરે છે તે ખુશી થવા જેવું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-२-१९०६

૨૦૨. ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓ

આપણા કામમાં ધ્યાન આપવાની જરાયે નવરાશ એમને હોય એવી આશા ભાગ્યે જ રાખી શકાય એવે વખતે શ્રી દાદાભાઈ નવરોજીએ આપણા કામ વિષે ચિંતા કરીને, આપણે એમના ઉપકારના જે દેવા તળે છીએ તેમાં ઉમેરો કર્યો છે. છેલ્લી ટપાલમાં इन्डियाનો અંક આવ્યો છે તેમાં તેમણે હિંદી વજીર તથા સંસ્થાન મંત્રીને એકસાથે સંબોધેલો પત્ર બીજી વાર પ્રસિદ્ધ થયો છે. આ પત્રમાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફથી જે ડેપ્યુટેશન થોડા વખત પહેલાં લૉર્ડ સેલબૉર્નને[1] મળેલું, તેને વિષે ચર્ચા કરવામાં આવી છે. આ પરથી આપણા ખ્યાલમાં આવે છે કે હિંદનો આ ચોકીદાર ચૂંટણીની ભીષણ લડત વચ્ચે પણ દક્ષિણ આફ્રિકાના હિંદીઓનાં હિતોની બાબતમાં જાગ્રત છે. એ બે વજીરોને પત્ર લખવામાં પણ શ્રી દાદાભાઈએ ચૂંટણીનું પરિણામ જાહેર થતાં સુધી રાહ નહોતી જોઈ, પણ એમને જે કાંઈ ખૂબ જ અલ્પ નવરાશ મળી તેના થોડા ભાગનો ઉપયોગ તેમણે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને લીધેલા વલણના વાજબીપણા પર ભાર મૂકવામાં કર્યો હતો. હિંદના ઉમદામાં ઉમદા દેશભક્તે પોતાના દેશબંધુઓ માટે કરેલા પ્રયાસોની કદર વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવાનું આપણે માટે નકામું છે; પણ દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓને અમે એ ઠસાવવા ઇચ્છીએ છીએ કે પોતાની સંસ્થામાં જે ખામીઓ હોય તેનો ઉપાય કરીને તથા જેના વિના શ્રી દાદાભાઈનું સઘળું કાર્ય નિષ્ફળ જ જાય, એવી સાહસ અને સંગઠનની ભાવનાનો, હજી વધારે વિકાસ કરીને, શ્રી દાદાભાઈના કામને મદદરૂપ થવાની તેમની તાકીદની ફરજ છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૧૦–૨–૧૯૦૬

૨૦૩. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૩, ૧૯૦૬

ચિ. છગનલાલ,

થોડા વખત પર મેં તમને મિસ ન્યુફિલએસનું નામ ગ્રાહક તરીકે દાખલ કરવા મોકલ્યું હતું. જો તે ગ્રાહકની યાદીમાં હજુ દાખલ ન કર્યું હોય તો કરી દેશો. એમનું સરનામું પો. ઑ. બૉકસ નં. ૫૮૮૯, જોહાનિસબર્ગ છે. જાન્યુઆરી પહેલીથી માંડીને સઘળા પાછલા અંકો એમને અવશ્ય મળવા જોઈએ.

મનજી એન. ઘેલાણી મને લખે છે કે, ચાલુ વરસના અંક ૨ તથા ૩ તેમને મળ્યા નથી. હમણાં એમને પત્ર નિયમિત મળ્યા કરે છે. એટલે તેમને અંક ૨ તથા ૩ મોકલજો અને તેમ કર્યાની મને ખબર આપજો. એમનો પો. બૉ. ૧૧૦, પ્રિટોરિયા છે.

૧. જુઓ પા. ૧૫૫-૬૨.

Gandhi Heritage Portal

મિ. રિચનું લંડનનું સરનામું બદલીને ૪૧, સ્પ્રિંગફિલ્ડ રોડ, સેંટ જોન્સ વુડ, લંડન કરજો.

મિ. નાજરના સામાનના વેચાણની રકમ કોણે નથી આપી તે જણાવજો.[1]

હવે પછી આવા ફેરફારોની ખબર હું તમને આપું કે એ સંબંધે હેમચંદને લખું ? હું તમારા માથા પરથી આવાં યંત્રવત્ કામની ઘણી જવાબદારી ઓછી કરવા ઇચ્છું છું, પણ તે હું સાવધાનીથી કરવા ઇચ્છું છું. જો આ સૂચનાઓ અંતે હેમચંદ પાસે જવાની જ હોય તો તે સીધી તેને મોકલવાથી કંઈક રાહત થશે. તમારું મુખ્ય તાત્કાલિક કામ ગુજરાતી સંપાદનની સંભાળ રાખવાનું, શકય હોય તેટલું જલદી હિસાબના ચોપડા સરખા કરીને સરવૈયું કાઢવાનું તથા દરેક મકાનની કિંમત કાઢવાનું છે. હિસાબના ચોપડા બરાબર કરવામાં, રોકડ મેળ અદ્યતન બનાવવામાં, ને મકાનોની કિંમત કાઢવામાં તમે કેટલી પ્રગતિ કરી છે તે મને જણાવજો.

ઇન્ડિયન ઓપીનિયનના ચાલુ અંકની એક નકલ મેં કાલે તમને સુધારીને મોકલી છે. બધા સુધારા ધ્યાનપૂર્વક જોજો અને ભવિષ્યમાં એ ભૂલો ન થવા દેશો. આપણે ગુજરાતી વિભાગ તદ્દન અદ્વિતીય બનાવવો જોઈએ. અને જો તેમ કરવા માટે તમારે તમારી સર્વ શક્તિ તેમાં વાપરવી પડે તો હિસાબી કામ સિવાયનું બીજું બધું છોડીને એકાદ માસ લગી તેમ કરજો. હું જોઉં છું કે ગુજરાતીનાં માત્ર સાત પાનાં છે. એમ શાથી? ગુજરાતી કંપોઝ કરવાનું હવે ગોકુલદાસ કેટલું કરી શકે છે? એ આ કામમાં લાગી રહે છે ને? તેને કહેજો કે મને લખે.

મિ. મદનજિતને ૨ પાઉંડ ૧૦ શિલિંગ આપવાની તમારી સૂચના બાબતમાં મને લાગે છે કે, જો એ આપણી સાથે સંપર્ક સાચવે તો એટલું ઉપરાંત તેથી વધારે પણ આપવું જોઈએ. જો તે એમ ન કરે તો કંઈ પણ આપવું અશકય છે. તે દૂર હિંદમાં કામ કરે છે એ તો હું બરાબર સમજું છું, પણ તેણે કરેલા કામ વિશે ઓપીનિયનમાં લખવું જોઈએ. મેં એને સ્પષ્ટપણે કહ્યું હતું કે, તેની પાસે પત્રને મદદ કરવાની અપેક્ષા રાખવામાં આવશે. જો તે એમ ન કરે તો એને કંઈ પણ આપવું જોઈએ એવું હું નથી માનતો. એણે મને કંઈ લખ્યું નથી. પ્રિટોરિયાથી બે કાગળ ગઈ કાલે મોકલ્યા લાગે છે તે છાપજો.[2]

શુભેચ્છક,

મો. ક. ગાંધી

શ્રી સી. કે. ગાંધી
C/o ઇન્ડિયન ઓપીનિયન
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : એસ. એન. ૪૩૦૭

૧. જુઓ પા. ૨૦૦–૩.

૨. છેલ્લાં બે વાકય ગુજરાતીમાં ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.

Gandhi Heritage Portal

૨૦૪. ટાઉન ક્લાર્કને પત્ર

૨૧-૨૪ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક ઍન્ડ ઍન્ડરસન સ્ટ્રીટ્સનો ખૂણો,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૩, ૧૯૦૬

ધિ ટાઉન ક્લાર્ક
પો. ઑ. બૉક્સ ૩૪૪
ક્રૂગર્સડૉર્પ

સાહેબ,

ચાલુ માસની ૧૦મી તારીખનો તમારો પત્ર નં. ૨૪૯/૬૫૫૮/૦૬ મળ્યો.

હું આશા રાખું છું કે પેટાકાયદા પસાર થાય કે તરત તમે મને ખબર આપશો. તે દરમિયાન, મેં તમને અગાઉ જણાવેલું છે તેમ, મારા અસીલ પોતાની વીશી ચાલુ રાખે છે.

તમારો આજ્ઞાંકિત સેવક,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ક્રૂગર્સડૉર્પ ટાઉન કાઉન્સિલ રેકર્ડ્ઝ.

૨૦૫. ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજરને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૪, ૧૯૦૬

ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજર
જોહાનિસબર્ગ

સાહેબ,

મિ. એમ. એમ. મૂસાજી અને આપના ખાતા વચ્ચે, જોહાનિસબર્ગથી ૮-૩૦ વાગ્યે ઊપડતી ગાડી સંબંધે થયેલા પત્રવ્યવહારની નકલો તેમણે મારા ઍસોસિયેશનને આપી છે.

આપે મિ. મૂસાજીને ખબર આપી છે કે "બિનગોરા ઉતારુઓને ૮-૩૯ની પ્રિટોરિયાથી જોહાનિસબર્ગ જતી ગાડીમાં પ્રવાસ કરવાની રજા નથી," અને હું ધારું છું કે આવતી ગાડી માટે પણ એ જ નિયમ લાગુ પડે છે.

આ ખબરથી મારા ઍસોસિયેશનને બહુ દુ:ખદ આશ્ચર્ય થયું છે. હિંદી વેપારી કોમને આ મનાઈથી અવરજવર કરવામાં ગંભીર અડચણ પડશે. એકંદરે હિંદી કોમને માટે એ અત્યંત અપમાનજનક છે.

Gandhi Heritage Portal

મારું ઍસોસિયેશન એવા અનુમાન પર આવ્યા વિના રહી શકતું નથી કે સ્થાનિક પૂર્વગ્રહને સંતોષવાની વહીવટી તંત્રની આ પદ્ધતિને પરિણામે બિનગોરા લોકોની સ્થિતિ તદ્દન અસહ્ય બની જશે. એ પ્રમાણેનો જ ઇરાદો છે કે કેમ, તે મને જણાવવા કૃપા કરશો તો મારું ઍસોસિયેશન આપનું આભારી થશે. એ જો હોય તો આ મનાઈ કયા કાયદા કે નિયમ હેઠળ લાદવામાં આવી છે તે કૃપા કરીને મને જણાવશો. પ્રસંગવશાત્, મને એટલું કહેવાની રજા આપશો કે સમાજના જે ભાગને લાગેવળગે છે તેને કશી ખબર કે ચેતવણી આપ્યા સિવાય, જે રીતે, વખતોવખત, આવા મનાઈ ફરમાવતા નિયમો કરવામાં આવે છે તેથી પાર વિનાની ખીજ ચડે છે અને તકલીફ થાય છે. મારું ઍસોસિયેશન માને છે કે બ્રિટિશ હિંદીઓને અનુલક્ષીને જે નિયમો ઘડવામાં આવે તે કાંઈ નહીં તો અગાઉથી જાણવાના અમે હકદાર છીએ.

જલદી ઉત્તર આપવા વિનંતી છે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २४–२–१९०६

૨૦૬. ધિ લીડરને જવાબ

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૬, ૧૯૦૬

તંત્રી શ્રી
ધિ લીડર

સાહેબ,

મારા દેશબંધુઓએ કરવાના ટ્રામગાડીઓના ઉપયોગ બાબત ટાઉન ક્લાર્કને[1] મારા ઍસોસિયેશને લખેલા પત્ર સંબંધી આપની તંત્રીનોંધને અનુલક્ષીને હું થોડુંક કહેવાની છૂટ લઉં છું. આપે ગુસ્સે ભરાઈને લખ્યું છે, અને ધમકીઓ આપી છે. મારાથી બેમાંથી એકે થઈ શકે એમ નથી; પરંતુ આપની સંમતિ અથવા આપના વિરોધ માટે હું આપની સમક્ષ થોડીક હકીકતો મૂકવાની ધૃષ્ટતા કરું છું.

(૧) સર્વે હિંદીઓને ટ્રામગાડીઓ વાપરવા છૂટ મળવી જોઈએ એવો દાવો મારા ઍસોસિયેશને કદી કર્યો નથી. જેમણે સારી રીતે અને સ્વચ્છ કપડાં પહેર્યાં હોય તેમને માટે જ એ હકનો દાવો કર્યો છે.

(૨) હિંદમાં ગમે તે સ્થિતિ હશે, પણ મારે આપને ભાગ્યે જ એ દર્શાવવાની જરૂર હોય કે કોઈ પણ માણસ જન્મે 'કુલી' નથી હોતો અને ટ્રામગાડીઓના ઉપયોગને લાગેવળગે છે ત્યાં સુધી મુસાફરોનો અંગત દેખાવ એ જ એક કસોટી હોઈ શકે.

૧. જુઓ પા. ૨૦૮–૯.

Gandhi Heritage Portal

(૩) ટ્રામગાડીના સવાલ પરથી બે જાતિઓ વચ્ચેની સમાનતાનો પ્રશ્ન ઊભો કરવો એ આપને તદ્દન ગેરવાજબી નથી લાગતું ?

(૪) સંપર્કમાં આવવાને રાજી ન હોય એવા યુરોપિયનો, સૌથી સંસ્કારી હિંદીઓ સાથે પણ સપર્કમાં આવે એવા ઇરાદાનો મારા ઍસોસિયેશને ભારપૂર્વક ઇનકાર કર્યો છે, અને તેથી એવું સૂચન કર્યું છે કે ગાડીઓનો અંદરનો ભાગ યુરોપિયનો માટે અલગ રાખવામાં આવે. તેનો દાવો એટલો જ છે કે યોગ્ય પહેરવેશવાળા હિંદીઓ, "અસમાનતા"ના પવિત્ર સિદ્ધાંતને બાધ કર્યા સિવાય, ગાડીઓના માળના ભાગનો વાજબી રીતે ઉપયોગ કરી શકે.

(૫) મારા ઍસોસિયેશને કરેલી ધીરજપૂર્વક હક જતો કરવાની દલીલ બિલકુલ તર્કશુદ્ધ છે. મારા ઍસોસિયેશનને એવી સલાહ મળેલી છે કે "જનતાની મરજી", જેટલે અંશે કાયદો બની છે તેટલે અંશે, તે હિંદીઓને ટ્રામગાડીઓમાં મુસાફરી કરવાનો દાવો કરવાની છૂટ આપે છે. તેથી એ દાવો કાયદેસર હોઈ એને ભાગ્યે જ "બેહૂદો" ગણી શકાય.

આ સંબંધમાં મને થોડા પ્રશ્નો પૂછવાની રજા આપશો ? ટ્રાન્સવાલવાસી ગોરાઓ કેપટાઉન અગર નાતાલ પહોંચતાંની સાથે બિનગોરા લોકો સાથે જોડાજોડ પ્રવાસ કરે એ વાત તર્કસંમત બની જાય છે ? બિનગોરા નોકરો, જેઓ "વધારે ઊંચી જ્ઞાતિઓ"ના ન હોય, પછી એ શબ્દોનો ભલે ગમે તે અર્થ થતો હોય, તો તેઓ ટ્રામગાડીમાં મુસાફરી કરે એ તર્કની દૃષ્ટિએ ઉચિત છે ? મિ. સૂટરે ટાઉન કાઉન્સિલની સભામાં કહ્યું હતું તે મુજબ, ડૉગ કાર્ટ એટલે બે જણ બેસી શકે તેવી ઘોડાગાડીમાં પ્રવાસ કરતા ગોરાઓ પોતાના બિનગોરા ગાડીવાનની જોડાજોડ બેસે એ વાત તર્કશુદ્ધ છે ખરી ?

હીરક મહોત્સવ પ્રસંગે સંસ્થાનોના વડા પ્રધાનોની કૉન્ફરન્સ[૧] સમક્ષ મિ. ચેમ્બરલેને જે નીતિની રૂપરેખા દોરી હતી તેનો આધાર લઈ મારું ઍસોસિયેશન ચાલે છે.

પરમ માનનીય સજ્જને કહ્યું હતું:

> અમે તમને પણ ધ્યાનમાં રાખવા કહીએ છીએ કે એ સામ્રાજ્યની પ્રણાલિકાઓ કોમ કે રંગની તરફેણમાં કે વિરુદ્ધમાં કોઈ પ્રકારે ભેદ કરતી નથી; અને નામદાર સમ્રાજ્ઞીના સઘળા હિંદી પ્રજાજનો તો શું, પણ સઘળા એશિયાઈ લોકને તેમના રંગને કારણે કે તેમની જાતિને કારણે બાકાત રાખવાનું પગલું એ લોકોને એટલું બધું અકારું લાગશે કે, જો તે નામદાર સમ્રાજ્ઞીને મંજૂર કરવું પડશે તો તેનાથી મને પૂરી ખાતરી છે કે તેમને બહુ દુ:ખ થશે. . . . કોઈ માણસનો રંગ આપણાથી જુદો છે તેટલા માટે કાંઈ એ અનિવાર્યપણે અનિચ્છનીય વસાહતી નથી થઈ જતો. પણ એ ગંદો હોય તેથી કે અનીતિમાન હોય કે દરિદ્રી હોય તેથી અથવા જેની સામે એવો બીજો કોઈ વાંધો હોય જેની પાર્લમેન્ટના કાયદાથી વ્યાખ્યા કરી શકાય અને જેને આધારે તમે એને ખરેખર બાકાત રાખવા ઇચ્છતા હો તો તેને બાકાત રાખવાનું તમે ગોઠવી શકો.

હું છું વગેરે

અબદુલ ગની

અધ્યક્ષ,

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૨૪-૨-૧૯૦૬

૧. ૧૮૯૭માં; જુઓ પુસ્તક ૨, પા. ૨૭૦-૭૪.

Gandhi Heritage Portal

૨૦૭. ટ્રાન્સવાલની પરમિટ બાબત ફરી ગોલમાલ

ટ્રાન્સવાલમાં હિંદીઓને સારુ પરમિટ બાબત ફેરફાર થયાના ખબર અમે આપી ગયા છીએ. ઉમેદ એવી હતી કે પરમિટ બાબત દુઃખ વધવાને બદલે નવા ફેરફારથી ઘટશે. પણ હાલતુરત તો અમે જણાવવાને દિલગીર છીએ કે ઈજા વધી છે. સોળ વરસ સુધીના છોકરાને ટ્રાન્સવાલમાં જવાની પરવાનગી મળતી તેને બદલે હવે બાર વરસની હદ બાંધી છે. વળી વરસ બાબત ડિસ્ટ્રિક્ટ સર્જનનાં સર્ટિફિકેટો માગે છે. આજ દિવસ સુધી જો સોળ વરસની અંદરના છોકરાનો કોઈ વાલી ટ્રાન્સવાલમાં હોય તો તેને રજા મળતી હતી. હવે એવો ધારો કાઢ્યો છે કે તેવા છોકરાનાં માબાપ પોતે ટ્રાન્સવાલમાં હોય તો જ રજા આપવી. અને ત્રીજો ધારો એ નીકળ્યો છે કે પ્રિટોરિયા સિવાય બીજી જગ્યાના સાક્ષીઓનાં નામ આપ્યાં હોય તો તે સાક્ષીઓની જુબાની તે તે જગ્યાના માજિસ્ટ્રેટો લે. એટલું જ નહીં પણ તેમ જુબાની લીધા બાદ પાછો પ્રોટેક્ટરની પાસે રિપોર્ટ જાય ને પ્રોટેક્ટરને ઠીક લાગે તો પરમિટ મળે. આ બધું કરવામાં ઘણો વખત જવાનો સંભવ છે. અને તે પ્રમાણે જુબાની વગેરે લેવાઈ ગયા બાદ જ્યારે રેફ્યુજી ટ્રાન્સવાલમાં દાખલ થાય ત્યારે તેણે પરમિટ કઢાવવા પ્રિટોરિયે જવું જોઈએ. આ બાબત ઉપર બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને અરજી કરી છે અને કૉલોનિયલ સેક્રેટરીને સખત લખાણ કર્યું છે. તે બાબત ઍસોસિયેશન લખે છે કે આ પ્રમાણે ફેરફારો હિંદી કોમને જણાવ્યા વગર કર્યા છે તે બહુ દિલગીરી ભરેલું છે. જ્યારે જ્યારે આવા ફેરફાર કરવામાં આવ્યા છે ત્યારે ઍસોસિયેશનને હમેશાં ખબર દેવામાં આવતી હતી અને ઍસોસિયેશનની કોઈ વખત સલાહ પણ લેવાતી, પણ ઉપલા ઠરાવો જે થયા છે તેની ખબર કોમને માત્ર ઠરાવો અમલમાં આવ્યા પછી જ પડી છે.

જે ફેરફારો થયા છે તેથી કોમને ઘણી ઈજા પહોંચશે. સોળ વરસને બદલે બાર વરસ કરવાનું કારણ સમજી શકાતું નથી. બ્રિટિશ રાજ્યમાં કોઈ પણ જગ્યાએ જ્યાં માબાપોને જવાની છૂટ છે ત્યાં છોકરાંઓને બંધી નથી થતી. તેર કે પંદર વરસનાં છોકરાં પોતાનાં માબાપની સાથે ઉપરના ધારા પ્રમાણે કેળવણીને ખાતર પણ ન રહી શકે એ તાજુબની વાત છે. વળી ગોરાઓને આવો ધારો બિલકુલ લાગુ નથી પડતો. વગર માબાપનાં છોકરાં પોતાનાં બીજાં સગાંઓની સાથે ન આવી શકે એ પણ બહુ ભારે પડતી વાત છે. અને માજિસ્ટ્રેટોની મારફતે તપાસ ચલાવવી એથી ઘણી હેરાનગતિ થવાનો સંભવ છે. કેટલાક રેફ્યુજીની અરજી આજે નવ મહિના થયાં પડેલી છે. અને હવે તે માટે માજિસ્ટ્રેટો જુદી જુદી રીતે પુરાવા લેશે એટલે દરેક જગ્યાએ નોખો ન્યાય થશે એટલે ઍસોસિયેશન એમ ધારે છે કે જો એક જ અમલદાર જુદી જુદી જગ્યાએ જઈ જુબાની લેશે તો ઠીક થશે.

વળી ઍસોસિયેશન એમ પણ ધારે છે કે બધી તપાસ થઈ ગયા બાદ એક અમલદારે વખતોવખત જોહાનિસબર્ગ જઈને ત્યાંના તથા તેની આસપાસના માણસોની સહી વગેરે લેવી જોઈએ. જોહાનિસબર્ગ અને તેને લગતી જગ્યાના લગભગ પોણોસો ટકા રેફ્યુજી હોય છે. તેઓને માત્ર સહી કરવાને ખાતર પ્રિટોરિયે જવાની ફરજ પાડવી એ બહુ તકલીફવાળી હકીકત છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १७-२-१९०६

6304

ગાંધી સ્મારક સંગ્રહાલય.
Gandhi Heritage Portal

૨૦૭(૧). નાતાલમાં કાફરોનો બળવો

પોલ ટૅક્સથી ઉશ્કેરણી

ચાલુ વરસમાં સરકાર તરફથી નાખાયેલા પોલ ટૅક્સથી કાફરની લાગણી ઉશ્કેરાયેલી છે તેવી અફવા આજ કેટલાક રોજ થયા સંભળાયા કરતી હતી. ગયા શનિવારે કાફરોના હુલ્લડની શરૂઆત થઈ હતી. કેટલાક કાફરોની એક ટોળી રીચમંડની આજુબાજુના ભાગમાં તોફાન કરવાના ઇરાદાથી ભેળી થયેલી. આ બાબતની પોલીસને કાંઈ થોડીઘણી ખબર પડતાં એક અમલદારની સાથે કેટલાક ઘોડેસવાર અને કાફર પોલીસને લઈને તેની શોધને માટે [તે] નીકળી પડી હતી. મિ. હૉસકિંગના ફાર્મ આગળ શુક્રવારની સાંજના એ ટુકડી જઈ પહોંચી અને શકવાળી ક્રાલ[૧] આગળ આવી પહોંચતાં એક કાફર મારફત કેટલીક તપાસ કરી. તપાસ ઉપરથી એક ટેકરી ઉપર કેટલાક કાફરો માલૂમ પડ્યા. તેમની પાસે કાતી, લાકડીઓ વગેરે કેટલીક જાતનાં હથિયાર હતાં. ઇન્સ્પેક્ટર હંટે તેમને ભેળા થવાનું કારણ પૂછ્યું અને છૂટા થઈ હથિયાર મૂકી દેવાનો હુકમ કર્યો. આ વખતે લગભગ અંધારાનો વખત થવા આવ્યો હતો. કાફરો પૂરા ઉશ્કેરાઈ ગયા હતા અને "અમે પૈસા નથી આપવાના" એવી બૂમ મારી રહ્યા હતા. આ ટોળાને ઇન્સ્પેક્ટર હંટે ઇંટરપ્રીટર મારફત સમજાવવાનો પ્રયત્ન કર્યો. લશ્કરી ટુકડીમાંથી કેટલાકે બધા સંજોગ જોતાં તે વખતે કાફરને વધારે ઉશ્કેર્યા વિના પાછા ફરવાની સલાહ આપી અને સવારે લશ્કર વધારે મેળવી આ બાબતમાં તપાસ કરવાની સૂચના કરી. તે દરમિયાન ટેકરીની નીચે એક કાફરને કેદ કરેલો હતો તેને ત્યાં લાવવામાં આવ્યો. આ કેદીને બીજા કાફરોને સમજાવવાનું કહેવામાં આવ્યું. પણ તે જેવો બોલવા લાગ્યો કે તરત જ બધા કાફરો બૂમ પાડી બોલી ઊઠ્યા કે જો તું ગોરાઓની તરફેણમાં થઈશ તો તને અમે મારી નાખશું. કેટલાકે તો તેના ઉપર ધસારો જ કર્યો. આવી ઉશ્કેરણી જોવાથી છેવટે લશ્કરી ટુકડીએ તે વખતે ચાલ્યા જવાનું વાજબી ધાર્યું અને ટેકરી ઉપરથી ઊતરવા લાગ્યા. આ વખતે કાફરો બૂમો પાડતા તેની પછવાડે ચાલવા લાગ્યા અને લાંબે નહીં ગયા તેટલામાં તો કાફર કેદીને છોડવી જવાનો ધસારો કર્યો. પોલીસે આ ધસારાની સામે રિવૉલ્વરના અવાજ કર્યા અને મોટું રમખાણ ચાલુ થયું. આ વખતે બરાબર અંધારું થયું હતું. રમખાણ બહુ જોરબંધ ચાલ્યું. ઇન્સ્પેક્ટર હંટ અને ટ્રુપર આર્મસ્ટ્રૉંગ મરાયા. સારજન્ટ સ્ટીવનને મોટા જખમો પડ્યા હતા. આ હુલ્લડમાં કેટલાક કાફરો પણ મરાયા છે. આ તોફાનથી કાફરોને માર્શલ લૉની નીચે મૂકવામાં આવ્યા છે. હાલ શાંતિ છે. બળવાખોરોને પકડવામાં કેટલાક નેટિવો તરફથી પણ મદદ મળી છે. વૉલંટિયરો અને બીજા લશ્કરી અમલદાર તથા સિપાઈઓને ચેતવણી આપી તૈયાર રાખવામાં આવ્યા છે કે જેથી તેમની જરૂર પડ્યે તરત જ ઉપયોગમાં લઈ શકાય. આ બળવો થોડા વખતમાં તદ્દન બેસી જશે એવો સંભવ છે. બળવામાં મરણ પામેલા મિ. હંટના શબને લશ્કરી દબદબા સાથે મેરિત્સબર્ગની સેમિટરીમાં દફનાવવામાં આવ્યું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १७–२–१९०६

૧. આફ્રિકાનું વાડ કરી લીધેલું ઝૂંપડીઓનું બનેલું ગામડું.

Gandhi Heritage Portal

૨૦૮. જોહાનિસબર્ગની ટ્રામ અને હિંદીઓ

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના અધ્યક્ષે જોહાનિસબર્ગના ટાઉન કલાર્કને લખેલો પત્ર[1] અન્યત્ર છાપેલો જોવામાં આવશે. બિનગોરા લોકોએ ઇલેક્ટ્રિક ટ્રામગાડીઓનો ઉપયોગ કરવા બાબત ઘડવા ધારેલાં નિયમનોને અનુલક્ષીને એ પત્ર લખેલો છે. મિ. અબદુલ ગનીની દલીલને અમે જરા પણ અચકાયા વિના ટેકો આપીએ છીએ. જનરલ મૅનેજરે કરેલી ભલામણો તદ્દન આપખુદ છે. એ દરખાસ્તો કામચલાઉ મુદત માટે પાછી ખેંચવામાં આવી છે તેથી હિંદીઓએ સલામતીની ભૂલભરેલી સમજ રાખીને નિષ્ક્રિય થવું ન ઘટે. જનરલ મૅનેજર કરતાં ટાઉન કાઉન્સિલને હિંદીઓ વિષે કાંઈક વધારે માન છે એટલા ખાતર એ દરખાસ્તો પાછી ખેંચવામાં આવી છે એવું નથી; પરંતુ એમ કહેવાય છે કે હજી તેને માટે સમય પાક્યો નથી, કારણ કે હજી કેટલોક સમય સુધી ટ્રામગાડીઓ દોડવાની નથી. બીજી જગ્યાની માફક જોહાનિસબર્ગમાં પણ જાહેર ટ્રામગાડીઓનો ઉપયોગ એ કાંઈ માત્ર લાગણીનો પ્રશ્ન નથી; તેનું આર્થિક મહત્ત્વ પણ છે. હિંદી વેપારીઓ તથા બીજા બિનગોરા લોકોને જાહેર વાહનો વાપરવાનો અધિકાર જોહાનિસબર્ગવાસી બીજી કોઈ કોમને જેટલો હોય તેટલો જ છે. તેઓ સમાજશરીરના અંગરૂપ છે; કરવેરા ઇત્યાદિ રૂપે તેઓને પણ નાગરિકતાના બોજા ઉપાડવાનું કહેવામાં આવે છે; અને મ્યુનિસિપલ ટ્રામગાડીઓ વાપરવાનો હક તેમની પાસેથી છીનવી લેવાનું જોહાનિસબર્ગ મ્યુનિસિપાલિટીને મુશ્કેલ લાગે છે. ટાઉન કાઉન્સિલ જે કોઈ નિયમનો પસાર કરશે તેને લેફ્ટનન્ટ ગવર્નર પાસે મંજૂર કરાવવાં પડશે; અને અમે જે નિયમનો તરફ જાહેર જનતાનું ધ્યાન દોર્યું છે તે કદી જો નામદારને મોકલવામાં આવે તો તેમને નામંજૂર કરવાનો પોતાનો અધિકાર તેઓ અચકાયા વિના વાપરશે એવી આપણે આશા રાખીએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७–२–१९०६

૨૦૯. છગનલાલ ગાંધીને પત્ર

[જોહાનિસબર્ગ,]
શનિવાર, ફેબ્રુઆરી ૧૭, ૧૯૦૬

ચિ. છગનલાલ;

થોડું ગુજરાતી આજે મોકલું છું. બીજું કાલે પોસ્ટ થશે. બનતા સુધી દર અઠવાડિયે "જોહાનિસબર્ગનો કાગળ" મોકલીશ. તેની જગ્યા તો એક જ રાખવી એ ઠીક ગણાશે. ગુજરાતી છાપાના બને ત્યાં સુધી વિભાગ પાડી દર જગ્યાએ તે જ જાતનું લખાણ હમેશાં આવે એમ પ્રયત્ન કરવો.

તમે દર અઠવાડિયે એક દિવસ તો બહારગામ જવામાં જરૂર ગાળજો એટલે તે ગામનો કાગળ પણ મોકલી શકો. મને દર અઠવાડિયે એક કાગળ જરૂર વિગતવાર લખજો. હેમચંદ કેમ ચાલે છે?

૧. જુઓ પા. ૨૦૮.

Gandhi Heritage Portal

ગુજરાતી લખાણ બધું બરોબર સુધારજો. નાતાલ ગૅઝેટમાંથી ઍસ્ટેટોની જાહેરખબર એક પણ અઠવાડિયે ન ચુકાવી જોઈએ.

તમે ગુજરાતી ટાઇપનો ઑર્ડર આપ્યો છે તે કેટલા મંગાવ્યા છે તે લખજો. એટલે કેટલાં પાનાં વધારે કરી શકાશે. આપણે આવતે વર્ષે પાનાં ૧૨ આપી શકીએ તેટલા ટાઇપ જોઈએ એ હિસાબે વધારે જોઈએ તો મને લિસ્ટ મોકલજો એટલે મંગાવી શકાય.

બ્રાયન ગેબ્રિયલ વિષે કાગળ વાંચ્યો હશે. તે આવે તો ઠીક થશે એમ માનું છું.

તમે ઉર્દૂનું ધ્યાનમાં રાખજો. કમ્પોઝ કરવામાં તમને આંખે ઈજા જણાય તો જરાયે ન કરશો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૧૦

૨૧૦. છગનલાલ ગાંધીને પત્ર

[જોહાનિસબર્ગ,]
રવિવાર, ફેબ્રુઆરી ૧૮, ૧૯૦૬

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. ગઈ કાલે લખાણ મોકલ્યું છે. આજે પણ મોકલું છું. મેં “જોહાનિસબર્ગનો કાગળ” મોકલ્યો છે તેમાંથી ‘રૂટરના કેબલો ઉપરથી જણાય છે કે’ ત્યાંથી નોખું હેડિંગ કરજો. “રૂટરના તારના સમાચાર” આમાં હું બનશે તેટલું દર અઠવાડિયે આપીશ અને તેમાં તમે વધારો કરી શકશો. “જોહાનિસબર્ગનો કાગળ” તે નોખો જ આપીશ ને બનશે તેમ તેમાં તો માત્ર સ્થાનિક સમાચાર જ આપીશ. આવા કાગળોને સારુ બીજી જગ્યાએ મેં લખ્યું છે.

હેમચંદને મેં ન લખ્યું તે ઠીક થયું. તેનો ત્યાં પૂરતો ઉપયોગ કરજો અને હું પણ તેને લખીશ. તમારી નીચે એક માણસ જોઈશે જ. અને તે સમજુ જોઈએ. હેમચંદ કંઈક બગાડે તેની ફિકર નહીં પણ તમે તેની ઉપર જવાબદારી મૂકતા જજો. આપણી ઉપર બહુ બોજો પડે ત્યારે આપણી ફરજોમાં પહેલું બીજું શું છે તે વિચારી જોવું ને પછી જેટલું બને તેટલું કરવું. એમ વિચારશો તો બધું સરળ પડશે. ત્યારે પહેલું તો તમારે ગુજરાતી છાપું સુધારવું તે તમારું જ કામ છે. બીજું ચોપડા. તે પણ તમારે જ જાળવવું રહ્યું. ત્રીજું ઉઘરાણી, ચોથું જૉબ, પાંચમું હાલતુરત ગુજરાતી કેસોનું બંધ રાખવું. જોકે હમેશાં તેનો ખ્યાલ રાખવો. ઉર્દૂ તુરતને સારુ પડતું મૂકજો. તમારી પોતાની જમીનની પાછળ અમુક વખત દેવો જ જોઈએ. ઉઘરાણી કરવા તથા બીજું જે કંઈ હોય તે કરવા તમારે બે દિવસ કરતાં વધારે ન જ જવું. પૈસાની આવક તરફ હાલ જોવાનું નથી. ચોપડા નિયમમાં આવે ત્યાર બાદ જ બીજું મેળવવા તરફ વિચાર કરવો. ગુરુવાર પ્રૂફને સારુ તથા મંગળ અને બુધ માત્ર વાંચવા તથા ગુજરાતી લખવામાં વાપરશો તો ઠીક થશે. સોમવાર તથા શુક્ર અથવા શનિ ગામમાં જવું એમ રાખશો તો કામ નીકળશે. હાલતુરત પરગામ ન જવાય તો ચિંતા નહીં. બહારનાં છાપાંઓમાંથી તમે

Gandhi Heritage Portal

તરજુમો થોડો કરશો તો ચાલશે. તમારે મુખ્ય ખબર નાતાલની આપવી જોઈએ. તે મારા જોવામાં નથી આવતી. ત્યાંની સ્થાનિક ખબરો આપશો એટલે ઠીક થશે. અહીંનું અને છાપાંઓના તરજુમા હું આપતો રહીશ. વધારે ખૂબી મૅટર ગોઠવવામાં આવશે. કદાચ બની શકે તો માત્ર બુધવાર જ તમે વાંચવામાં આપશો તોપણ ચાલશે. અથવા તો હું ભૂલું છું, તમે સોમવાર આપશો તો સારું. કેમ કે સોમવારે ડિસ[1] થાય ત્યાં તમે મૅટરથી તૈયાર થાઓ. ઝાઝા કામથી મૂંઝાવું નહીં જ. તમે બધાની પાસે તમારી હકીકત મૂકી તે ઠીક કર્યું. માગ્યા વિના માયે નહીં પીરસે. તેઓને કહેશો તો કરશે.

પ્રેસની જમીન સાફ થવાની અને તે આપણે હાથે જ સાફ થવાની બહુ જ જરૂર જોઉં છું. પ્રેસના વખત પછી પણ અરધો કલાક અપાય તો સારું. બીજા ન આપે તો તમે ભાઈઓ જ આપજો. હેમચંદ આપશે અને તેને હું લખીશ. વેસ્ટ પણ આપશે. એમને હજુ પણ વાત કરી ધૂંટડો ઉતારજો. બીનને રફતે રફતે જ ધ્યાન આવશે. એ કામ તુરત શરૂ થવાની જરૂર જોઉં છું.

હજુ મને નિશ્ચય છે કે જૉબ મૂકયું તેમાં જ ઠીક છે અને તમે પ્રેસમાં છો તે બરોબર છે. જૉબની ચિંતા નથી એટલે ઑફિસે માણસ નહીં હોય તેની ચિંતા નહીં. કાફરાને બદલે બનતા સુધી હિંદી હોય તો સારું એમ માનું છું. છતાં જેમ ઠીક પડે તેમ કરજો. તેમાં મારી અક્કલ ઉપર આધાર નથી રાખવાનો. મિ. આઈઝાકને સમજાવીશ.

મિ. બ્રાયનનું તમે કહો છો તેમ જ મારા મનમાં છે. તે આવે તો હાલ તો કમ્પોઝ કામ જ કરે. તમે મુસીબતોની આણંદલાલને પણ પૂરી વાત કરજો ને તેનાથી દિલસોજી લેશો. તેની સલાહ પણ લેજો તેથી તે રાજી પણ રહેશે. મન મોકળું મૂકજો.

કાળાભાઈને હજી કોટડી ન મળી હોય તો તુરત જ બંદોબસ્ત કરજો.

જાહેરખબર ગમાયું છે તેની ખબર કાઢીશ.

તમારા સ્લીપર વ.ની તપાસ કાલે (સોમવારે) કરીશ. બહારગામના કાગળ વાંચી વ્યવસ્થા કરવાનું હેમચંદને જ સોંપજો. વીરાસામીને કહેજો મને હુકમ હજુ નથી મળ્યો. મળશે કે તુરત હું મોકલીશ.

હવે મારે લખવાપણું નથી રહેતું. તમે વેસ્ટની સાથે હજુ વિશેષ મળજો. પ્રથમ તમારે બન્નેને એકતાર થવાનું છે. કેમ કે તમે બે જ સ્કીમ વધારે સમજો છો. આણંદલાલને તમારી સાથે જેમ બને તેમ ભેળવજો. સામને સમજાવવો. ને મિ. બીનની ઉપર ધીમે સિંચન કરજો. તે મને ચાહે છે. સ્કીમ સમજતા નથી. ભલા છે તેથી વળગી રહેલ છે. પૈસા તરફ વધારે લક્ષ છે કેમ કે તેનામાં ખરી સાદાઈ નથી. છતાં પૈસાને સારુ મરી પડે તેમ નથી. તે આગળ ઉપર સારું કરશે. હમેશાં એટલે ઓછામાં ઓછો એક કાગળ દર અઠવાડિયે બરોબર ઉદ્‌ગારોવાળો લખજો.

મોહનદાસ

[તા. ક.]

આ માસમાં આવવાનું નહીં બને.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૪૭૮૩

૧. ડિસ્ટ્રિબ્યુશન, એટલે કે ટાઇપને ખાનાંઓમાં વહેંચી નાખવાનું કામ.

Gandhi Heritage Portal

૨૧૧. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૯, ૧૯૦૬

ચિ. છગનલાલ,

ચર્ચાપત્રો પાછાં મોકલું છું. બધા ઉપર નોટ કરી છે તેથી જોશો. વલી મહમદ હાલીનો પોતાના સંબંધનો કાગળ પોરબંદર મોકલજો અને તેને લખજો કે એવો કાગળ ઓ.માં છપાય નહીં પણ તમે તે પોરબંદર ડિરેક્ટરને મોકલ્યો છે. કાગળોમાંના બધા મને જોવાને મોકલવાની જરૂર નથી. જેમાં તમને શંકા હોય તે જ મને મોકલવા. ઘણે ભાગે નીચેના નિયમો જાળવવા એટલે બસ થશે.

૧. આપણી વિરુદ્ધના હોય તે છાપવાનો રિવાજ રાખવો જેવો કે હબીબ મોટાણનો, હાજી હબીબનો.

૨. મોટાં વ્યાખ્યાનો હોય તો તેથી ડરવું.

૩. લખનાર ઉપર નજર રાખવી. તેનું લખાણ લેવું જ જોઈએ એમ લાગે ને લાંબું હોય તો ટૂંકું કરવું.

૪. સ્થાનિક ખબરોના કાગળો લેવા.

હજામની તકરારનો કાગળ[1] મેં લેવાનું લખ્યું છે તેનો હેતુ એ કે એ વાત ડંડીના લોકોને ઉપયોગી છે. એકદમ બંધ કરવી ઠીક નહીં.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૧૧

૨૧૨. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૨૧, ૧૯૦૬

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો છે. રેલવે નોટ નથી મળી. કેપટાઉનનાં જાહેરખબર જાય તો હરકત નથી. હું તેઓને લખું છું. મિ. નાજરનો બાકીનો સામાન પડયો છે તે બાબત મોતીલાલને મળી નિકાલ કરજો. ભટને તથા આદમજી શેઠને પણ લખું છું. ઓપીનિયનને સારુ વાંચવાનું બુધવારે ફિનિકસમાં રાખવું એ વધારે સારું ગણું છું. તેથી તમે બુધવાર સુધીનું વાંચી શકશો. એક કાગળ ઉપર કંઈ પણ લખવા જેવું વાંચવામાં આવે તે લખી લેવું ને બુધવારે જ લખવાનું તથા છાપાંઓ વાંચવાનું શરૂ કરવું. આમ વિભાગ પાડશો તો હું માનું છું કે ઠીક થશે. સોમ અથવા

૧. એક યુરોપિયન ગ્રાહકની હજામત કરવા માટે ડંડીના એક ભારતીય હજામે એક હિંદી વેપારીની હજામત અધૂરી રાખી. આ ઉપરથી હિંદુ સમાજે તે હજામનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું.

Gandhi Heritage Portal

મંગળવાર અને શનિવાર ગામને ખાતે રાખવા એ ઠીક જણાય છે. બુધગુરુ સિવાય બીજા દિવસો મારા લખાણ સિવાયનું બીજું ખાસ ઓપીનિયનને સારુ વાંચવાની ટેવ રાખવાથી તમે ઘણો વખત બચાવી શકશો એમ લાગે છે. ચોપડાની સ્થિતિ કેમ ચાલે છે?

મોહનદાસના આશીર્વાદ

[તા. ક.]

તમારા જોડા તથા કપડાં ઘણું કરીને આજે અબદુલ ગની શેઠની સાથે મોકલીશ. હેમચંદ તમારી સાથે અથવા આણંદલાલની સાથે રહે તો વધારે સારું.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૪૩૧૨

૨૧૩. દક્ષિણ આફ્રિકાવાસી બ્રિટિશ હિંદીઓ[૧]

ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીમાં વસતા બ્રિટિશ હિંદીઓ બાબત નિવેદન

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૨૨, ૧૯૦૬

હવે નવી સરકાર સ્થાપિત થઈ છે, એટલે શાહી સનદો (લિટર્સ પેટન્ટ) પાછી ખેંચવામાં આવી છે, ટ્રાન્સવાલ તેમ જ ઑરેન્જ રીવર કૉલોની બંને માટે નવું બંધારણ તૈયાર થાય છે; તેથી ધ્યાન ખેંચાય એ રીતે, નવી સરકાર સમક્ષ હિંદીઓનો પ્રશ્ન રજૂ કરવાનું મને અતિ આવશ્યક લાગે છે.

કોઈ પણ કાયદો નામંજૂર કરવાનો તાજનો અધિકાર અનામત રાખવા સંબંધી, અને કોઈ પણ વર્ગલક્ષી ધારાને તાજની ખાસ મંજૂરીની આવશ્યકતા હોવા સંબંધી સામાન્ય કલમ પૂરતી હોય એમ લાગતું નથી. બિનગોરા લોકો સામેનો પ્રબળ પૂર્વગ્રહ, લગભગ ઘેલછા કહી શકાય એવો છે. એ જોતાં આ જૂનીપુરાણી કલમો, જેમનો ભાગ્યે જ કોઈ વાર અમલ કરવામાં આવે છે, તે આમાં પહોંચી વળી શકશે નહીં. બ્રિટિશ હિંદીઓના રક્ષણ બાબત યોગ્ય ખ્યાલ રાખ્યા વિના જો જવાબદાર સરકાર આપવામાં આવશે તો તેમાં તેઓની સ્થિતિ અત્યારે છે તેના કરતાં અનેકગણી ખરાબ થઈ જશે.

નાતાલના અનુભવ પરથી જણાય છે કે સ્વરાજ ભોગવતા સમાજમાં કોઈ એક વર્ગને મતાધિકારરહિત રાખવો એ એને પૂરેપૂરો ભૂંસી કાઢવા બરાબર છે. માત્ર મતદારોની લાગણીનું પ્રતિનિધિત્વ કરનાર સભ્યો જ ચૂંટાવાના; આથી કાં તો બ્રિટિશ હિંદીઓને કંઈક અસરકારક પ્રતિનિધિત્વ આપવું જોઈએ, અગર તો ત્યાંની હિંદી વસ્તીના નાગરિક હકોનું બીજી રીતે પૂરેપૂરું રક્ષણ કરવું જોઈએ.

ટ્રાન્સવાલમાં પરિસ્થિતિ દિનપ્રતિદિન બગડતી જાય છે. પરવાના બાબત નિયંત્રણો એકલા હિંદીઓને જ લાગુ પાડવામાં આવે છે અને ઇન્ડિયન ઓપીનિયનનાં પાનાં જોતાં જણાશે કે તે અત્યંત ત્રાસદાયક છે.

૧. આ નિવેદન ગાંધીજીએ દાદાભાઈ નવરોજીને મોકલેલું, જેમણે માર્ચ ૨૦ના રોજ હિંદી વજીરને તેની નકલ રવાના કરી હતી.

Gandhi Heritage Portal

રેલવે વહીવટી તંત્રે હવે બિનગોરા લોકોને અમુક ગાડીઓમાં મુસાફરી કરતા બિલકુલ બંધ કરી દેવાનું શરૂ કર્યું છે. બ્રિટિશ હિંદી વેપારીઓ, જેમને રેલવે ગાડીઓનો સતત ઉપયોગ કરવો પડે છે, તેમને માટે આનો શો અર્થ થાય તે સહેજે કલ્પી શકાય એવું છે. જોહાનિસબર્ગ સ્થળ એવું છે કે લોકોને લાંબાં લાંબાં અંતરો કાપી જવા-આવવાનું થાય છે. ત્યાં હમણાં જ ઈલેક્ટ્રિક ટ્રામ શરૂ કરવામાં આવી છે. બિનગોરા લોકો જેમને ઘોડાગાડીઓનું ભાડું પોસાય એમ નથી, તેમને આ ટ્રામગાડીઓ વાપરતાં લગભગ અટકાવવામાં આવે છે.

આ બધી બાબતો કંઈ માત્ર લાગણીવેડાની નથી, પણ બ્રિટિશ હિંદીઓના જીવનને ઊંડી અસર કરનારી છે. ઇંગ્લંડની સરકાર જો સખત વલણ અખત્યાર નહીં કરે તો, હાલ જે ગતિએ કામ ચાલે છે તે જોતાં, બોઅર અમલ દરમિયાન જે કાંઈ થોડા હકો હિંદીઓ ભોગવતા હતા તે પણ નહીં રહે. જમીનની માલિકી ધરાવવા સામે પ્રતિબંધ, ખાસ નોંધણીની ત્રણ પાઉંડ ફી, ફૂટપાથ બાબત નિયમો ઇત્યાદિ હજી પણ ટ્રાન્સવાલની કાયદાપોથીને કલુષિત કરે છે.

ઑરેન્જ રીવર કૉલોની બાબતમાં, ઘરનોકર સિવાય બીજા કોઈ હિંદીઓના પ્રવેશનો નિષેધ કરતો જૂનો કાયદો હજુ પણ અમલમાં છે, અને સંસ્થાનના રહેવાસીઓની અવરજવર પર વળી વધારે નિયંત્રણ મૂકતા પેટાકાયદા સમસ્ત સંસ્થાનમાં ઘડાવા લાગ્યા છે.

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ: એલ. જી. ફાઈલ નં. ૯૨-૯૪: એશિયાઈઓ (૧૯૦૨-૧૯૦૬)

૨૧૪. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૨૨, ૧૯૦૬

ચિ. છગનલાલ,

ગયે અઠવાડિયે મિ. કિચિનને મેં ચિઠ્ઠી[૧] લખી હતી તેના જવાબમાં મને તેનો પત્ર મળ્યો છે. તેણે રાજીનામું આપ્યું છે, અને આવતા માસને અંતે એ સંપાદન વિભાગમાંથી નિવૃત્ત થશે. મેં મિ. બીનને પત્ર લખ્યો છે, જે, હું ધારું છું, તમારા વાંચવામાં આવશે. આ બધું છતાં તમે મિ. કિચિનનો સંપર્ક જાળવી રાખો એમ ઇચ્છું છું, કેમ કે એની પાસેથી ઘણું શીખવાનું છે. તેનો પત્ર તમને સૌને વંચાવવાની મેં તેની પાસે રજા માગી છે, અને બનશે તો એ તમને મોકલીશ.

મિ. ઉમર અહીં છે. તે કહે છે કે ડેલાગોઆ બે નજીક માબેલીમાં કેટલાક ગ્રાહકોને અંકો નિયમિત રીતે મળતા નથી, પણ ઘણા અંકો એકી સાથે મળે છે. એમ શાથી થાય છે?

નીચેનાં નામ નવા ગ્રાહકોમાં નોંધી લેજો. મેસર્સ ઇબ્રાહીમ અબદુલ્લા ઍન્ડ કં., બૉક્સ ૨૮, ડેલાગોઆ બે; મિ. અબદુલ ગની મૂસા, અમરેલી, કાઠિયાવાડ, ઇન્ડિયા. મને ખ્યાલ હતો કે પહેલા નામવાળી પેઢી ક્યારની ગ્રાહક થયેલી છે, પણ મિ. ઉમર કહે છે કે નથી થઈ. મિ. ઉમર ડરબન પાછા આવશે ત્યારે તમને આ બંનેનું લવાજમ આપશે.

૧. આ ચિઠ્ઠી મળતી નથી.

Gandhi Heritage Portal

કેપટાઉનવાળા મિ. ગુલ તરફથી મારા પર પત્ર છે. એ મારી પાસે કેપટાઉનના ગ્રાહકોની યાદી મંગાવે છે, જેથી એ બાકી લવાજમ ઉઘરાવી શકે. મને ગ્રાહકોનાં નામ, સરનામાં તથા જાહેરખબર આપનારાઓની યાદી તેમની પાસે નીકળતી લેણી રકમના આંકડા સાથે મોકલજો.

તમે મોકલેલી પત્રવ્યવહારની થોકડી મળી છે જે તપાસીને શનિવારે રવાના કરીશ.

તમારો શુભચિંતક,
મો. ક. ગાંધી

શ્રી સી. કે. ગાંધી
C/o ઇન્ડિયન ઓપીનિયન,
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૩૧૩

૨૧૫. રાજાનું પ્રવચન

સામ્રાજ્યની પાર્લમેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે ચાલુ અઠવાડિયા દરમિયાન રાજા એડવર્ડે આપેલા પ્રવચનની જેટલી ચિંતાથી અથવા આશાથી પ્રતીક્ષા થઈ હતી તેટલી લાગતાવળગતા માણસોના કહેવા મુજબ, વર્તમાન મનુષ્યોની સ્મૃતિમાં કદાચ કોઈ રાજાના પ્રવચનની થઈ નથી, અને એ પ્રવચન વ્યાપક અસર કરનારી મહત્ત્વભરી ઘોષણા છે એમાં શંકા નથી. ઉદારમતવાદી નીતિનો ભય સેવનારા લોકોની ચિંતા વધશે. અને ઉદારમતવાદીઓ પાસેથી જેમણે મોટી મોટી આશાઓ રાખી હતી તેમની આશાઓ, વચનોને લાગેવળગે છે ત્યાં સુધી, સંતોષાશે.

હિંદ નિરાશ થશે. હિંદની બાબતમાં તો તેમાં ફક્ત એટલો જ ઉલ્લેખ છે કે લશ્કરના વહીવટ બાબતના કાગળો પ્રસિદ્ધ થશે. બંગભંગનો કોઈ ઉલ્લેખ નથી; જો દરિયાઈ તાર પૂરો સાર આપતો હોય તો, દુષ્કાળનો પણ ઉલ્લેખ નથી; પરંતુ એક સુધારાવાદી વડા પ્રધાન સુકાનીપદે[1] છે અને મિ. જૉન મોર્લી જેવા શક્તિશાળી રાજપુરુષ હિંદી વજીર છે એટલે એટલું માનવાને દરેક કારણ છે કે હિંદની સદંતર ઉપેક્ષા નહીં થાય.

પરંતુ, હાલ તાત્કાલિક મહત્ત્વનો પ્રશ્ન એ છે કે ટ્રાન્સવાલ તથા ઑરેન્જ રીવર કૉલોની બન્નેમાં, શાહી સનદો પાછી ખેંચાવાથી અને જવાબદાર સરકાર તુરતાતુરત આપવાની દરખાસ્ત કરવામાં આવી હોવાથી દક્ષિણ આફ્રિકાના એ ભાગોમાં બ્રિટિશ હિંદીઓની સ્થિતિ પર કેવી અસર થશે. એટલું માની લેવું તો વાજબી જ છે કે જે બંધારણ ઉદારમતવાદી પ્રધાનોને હાથે ઘડાશે તે ગોરા વસવાટીઓને બને તેટલું અનુકૂળ હશે. એથી જુદું હોઈ જ નહીં શકે. તેમને પોતાની આંતરિક બાબતો પર બને તેટલો સંપૂર્ણ અંકુશ આપવામાં આવશે. એ જ ઉદારમતવાદી સિદ્ધાંતો અનુસાર નિર્બળ પક્ષોના હકોને પૂરેપૂરું રક્ષણ આપનારી નીતિ હોવી જોઈએ. આથી, અમે માની લઈએ છીએ કે સૌથી પહેલાં હિંદીઓના પ્રતિનિધિત્વના પ્રશ્ન પર ધ્યાન આપવામાં આવશે. પૂર્ણ પ્રતિનિધિત્વવાળી સરકારમાં હિંદીઓને તદ્દન પ્રતિનિધિત્વરહિત રાખવા એનો અર્થ તેમને ધારા ઘડનારાની દયા પર છોડી દેવા એવો થાય. એ ધારાસભ્યો હિંદીઓ

૧. સર હેનરી કૅમ્પબેલ-બૅનરમૅન, ઇંગ્લંડના વડા પ્રધાન, ૧૯૦૫-૦૮.

Gandhi Heritage Portal

પર દયા નહીં રાખે, કારણ તેમને પોતાના આશ્રિતોના કલ્યાણમાં કશો રસ નહીં હોય. ને આવી પ્રથા હેઠળ દરેક ચૂંટાયેલો સભ્ય હિંદીઓનો પ્રતિનિધિ ગણાય એવી સર જૉન રૉબિન્સને[1] સુંદર દલીલ કરેલી, પણ તે છતાં નાતાલમાં પ્રતિનિધિત્વહીનતાનું પરિણામ ઘણું પ્રતિકૂળ આવ્યું છે. જે બંધારણ ઘડાવાનું છે તેમાં જો હિંદીઓનો ખ્યાલ નહીં રાખવામાં આવે, તો પ્રસ્તુત બંને સંસ્થાનોમાં કદી પણ ન્યાય મળવાની આશા ખતમ થઈ જશે. ટ્રાન્સવાલમાં હિંદીઓનાં હિતો વિરુદ્ધ ચળવળ ચાલી રહી છે. ઑરેન્જ રીવર કૉલોની તો પોતાના દરવાજા હિંદીઓ સામે બંધ જ કરી દે છે. હવે જો હિંદીઓ સંબંધી ધારા ઘડવાનો અધિકાર આ સંસ્થાનોમાં લાગતા-વળગતા જવાબદાર ધારાસભ્યોને સોંપી દેવામાં આવે, તો હિંદીઓ હાલ જે મુસીબતો ભોગવી રહ્યા છે તે ઘણી વધી જશે. બંનેના બંધારણમાં પરંપરાગત વીટો(નિષેધાધિકાર)ની તથા બિન-યુરોપિયન જાતિઓને લગતી સત્તા તાજ પાસે અનામત રહેશે; પરંતુ નેક નામદારને વીટોનો અધિકાર વાપરવાની સલાહ આપવા બ્રિટિશ પ્રધાનોએ હમેશાં અનિચ્છા બતાવી છે, એટલે વ્યવહારમાં આ અનામત અધિકારો ખરેખર બિન-અસરકારક નીવડ્યા છે. આ સંજોગોમાં, જો હિંદીઓને સામ્રાજ્યના બીજી જાતિઓ જેટલા જ મહત્ત્વના ભાગ તરીકે ગણવાના હોય, તો અમે માનીએ છીએ કે, તેમના તેમ જ બીજી નિર્બળ પ્રજાઓના હકોનું ખાસ કરીને રક્ષણ થાય એ અતિ આવશ્યક છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २४–२–१९०६

૨૧૬. ટ્રાન્સવાલમાં હલાકી

આજકાલ ટ્રાન્સવાલમાં હિંદીઓ ઉપર ઈજાનો પાર નથી રહ્યો. એક તરફથી પરમિટની તકલીફ છે. ટ્રાન્સવાલનો જૂનો રહીશ હોય તે તો અત્યારે પરદેશીની સ્થિતિમાં આવી રહેલ છે. પહેલેથી તો સરકાર એમ જ માને છે કે તે માણસ ટ્રાન્સવાલમાં તે હકદાર નથી. તેણે ઍફિડેવિટો કરવી જોઈએ. સાક્ષીઓ આપવા જોઈએ. ત્યાર બાદ પણ તેને ઘણે મહિને સારાં નસીબ હોય તો ટ્રાન્સવાલમાં પેસવાની રજા મળે છે. તેની બૈરી તેની સાથે હોય તો તેને પોતે પરમિટ વિના સાથે લઈ જઈ શકે કે નહીં તે સવાલ રહે છે. તેને તેનાં છોકરાં હોય તો તેની પણ પરમિટ લેવી પડે છે. પોતે જેવો ટ્રાન્સવાલમાં પેસે કે તુરત જોય છે કે જૂનો માણસ છે છતાં ઘણા હકો જતા રહ્યા છે. તેનાથી ટ્રામગાડીનો ઉપયોગ ન થઈ શકે.[2] તેમાં બેસવાનો પ્રયત્ન કરે તો તેનું અપમાન થાય. આ બાબતની ચર્ચા જોહાનિસબર્ગની ટાઉન કાઉન્સિલમાં બહુ થઈ છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની તે બાબતની અરજી ત્યાં વંચાઈ ને ઘણા મેમ્બરો તેની ઉપર બોલ્યા. તેમાંનો મુખ્ય ભાગ એમ માને છે કે ગોરા તથા કાળા માણસ વચ્ચે એકસરખાપણું હોવું જ નહીં જોઈએ. તેઓ એમ માને છે કે જો કાળા માણસ ટ્રામમાં બેસે તો તેઓ ગોરાની બરોબરીમાં ગણાઈ જાય. મિ. મૅકી નિવને તે બાબત બહુ લડત લીધી ને હિંદીના પક્ષમાં બોલ્યા પણ છની સામે સોળ મતે એવો ઠરાવ થયો કે હિંદીઓ અથવા બીજા કાળા માણસો ગોરાઓના

૧. જુઓ પુસ્તક ૩, પા. ૪૦૬.
૨. જુઓ પા. ૨૦૮.

Gandhi Heritage Portal

ઉપયોગમાં આવતી ટ્રામગાડીમાં ન બેસી શકે. આટલું કેમ જાણે બસ ન હોય તેમ હવે રેલગાડીમાં પણ વધુ સખતાઈ થતી જાય છે. મિ. સાલુજીએ જોહાનિસબર્ગથી સવારના સાડાઆઠ વાગે જતી ગાડીમાં પ્રિટોરિયા જવાની તજવીજ કરી તો તેને મનાઈ કરવામાં આવી. તેણે રેલવે મૅનેજરને લખ્યું તો જવાબ મળ્યો કે એવો નવો ધારો થયો છે કે સાડાઆઠ વાગ્યાની ગાડીમાં હિંદી અથવા બીજા કાળા માણસોને જવાની બિલકુલ રજા નહીં આપવી. આ બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને[1] સખત લખાણ કર્યું છે ને રેલવે મૅનેજરને પૂછ્યું છે કે એવો ધારો કયા કાયદાની રૂએ ઘડ્યો છે. વળી તેણે એમ પણ લખ્યું છે કે આવી જાતના ધારા હિંદી કોમને ખબર આપ્યા વિના ઘડવા એ બહુ અગવડ ભરેલું ગણાય. આ બાબત લૉર્ડ સેલબૉર્ને પણ લખાણ કરેલું છે. આમ ચોતરફથી ઈજાઓ અપાયા કરે છે. આવી ઈજાની દવા એક જ હોઈ શકે તે એ કે એ પ્રમાણે હરકતો આવે તેની સામે લડત લીધા જ કરવી અને ધીરજ રાખવી. એક સંપે રહી વખતોવખત જો સરકારનું ધ્યાન એ બધી બાબતો ઉપર ખેંચાયા કરશે અને જરૂર જણાયે ટેસ્ટ કેસ પણ કરાશે તો અંતે હરકતો દૂર થશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४-२-१९०६

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓ

બ્રિટિશ હિંદીઓની સ્થિતિ કોઈ જ રીતે ઈર્ષાપાત્ર નથી. તેઓ ચારે બાજુથી, અત્યંત હેરાન કરનારાં નિયંત્રણોથી ઘેરાઈ ગયા છે. જો કોઈ હિંદી ટ્રાન્સવાલનો વસવાટ હક ધરાવતો રહેવાસી હોય અને એને આ દેશમાં પ્રવેશ કરવો હોય તો એને ડગલે ને પગલે નિરાશા સાંપડે છે. જો એની પાસે અખૂટ ધીરજ અને પૈસો હોય તો જ એ પોતાનો દાવો સાબિત કરી શકે. દેશમાં રહેવાનો પરવાનો એને મળી શકે તે પહેલાં એને અહીંથી તહીં અનેક ઠેકાણે રખડવું પડે છે. અત્યંત કડક તપાસમાંથી એણે પસાર થવું પડે છે, અને એના વચનની તો કાંઈ કિંમત નથી. એટલે ટ્રાન્સવાલની પુનિત ભૂમિ પર એ પગ મૂકી શકે તે પહેલાં એણે પોતાના વચનના ટેકામાં સાક્ષીઓ તથા દસ્તાવેજો દ્વારા પુરાવા રજૂ કરવા પડે છે. જો એની સાથે પોતાની પત્ની હોય તો પોતે એનો પતિ છે એ સાબિત કરવું પડે છે. જો એની સાથે પોતાનાં બાળકો હોય તો, ભલે તે ગમે તેટલી નાની વયનાં હોય, તે દરેકનો જુદો જુદો પરવાનો કઢાવવો પડે અને એણે સાબિત કરવું પડે કે પોતે એમનો પિતા છે. જો એનાં બાળકોની વય બાર વર્ષથી ઓછી ન હોય તો તેઓ કોઈ પણ સંજોગોમાં એની સાથે આવી શકે નહીં. જે દેશને પોતે વતન તરીકે અપનાવ્યો છે તેમાં પુનઃપ્રવેશ કરતાં પહેલાં તેણે આ પ્રાથમિક વિધિઓમાંથી પસાર થવું પડે છે. અને આ દેશમાં પહોંચીને તેને શું જોવા મળે છે?

જોહાનિસબર્ગ ટાઉન કાઉન્સિલની સભાના ઇલેક્ટ્રિક ટ્રામગાડીઓને લગતા હેવાલ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે તેને શું શું વેઠવાનું છે. જો તે કોઈ ગોરા શેઠનો નોકર હોય તો એને

૧. જુઓ "ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજરને પત્ર", પા. ૨૧૪–૫.

Gandhi Heritage Portal

આ ટ્રામગાડીઓનો ઉપયોગ કરવા દેવામાં આવશે; નહીં તો એને સામાન્ય ગાડીઓનો ઉપયોગ પણ કરવા દેવામાં નહીં આવે. ટાઉન કાઉન્સિલની સભામાં થયેલાં ભાષણો વાંચવામાં તો મજાના છે, પરંતુ તે બહુ દુઃખદાયક છે. મુસાફરીની એક સાદી સગવડની બાબત પરથી કેટલાય વક્તાઓએ કોમોની સમાનતાનો આખો પ્રશ્ન ઊભો કરી દીધો. જો કોઈ બિનગોરો મનુષ્ય ન્યાય મેળવવાનો સહેજ પણ પ્રયાસ કરે છે એટલે તરત જ બુમાટો ઊઠે છે કે એ તો ટ્રાન્સવાલમાં ગોરા લોક સાથે સમાનતાનો દાવો કરવા માગે છે. આ સ્થિતિ બિલકુલ હાંસીપાત્ર છે. જોહાનિસબર્ગમાંની આ એક શક્તિશાળી કોમને જોઈ લો. તેનામાં સાહસ, હિંમત અને સૂઝ છે. પણ જ્યાં ચામડીના રંગની વાત આવે છે ત્યાં તે એની બધી વિવેકબુદ્ધિ ખોઈ બેસે છે, અને જ્યાં કશો જ ભય નથી ત્યાં એને તેની ગંધ આવે છે. જોહાનિસબર્ગના લોકોને ડર લાગે છે કે જો બિનગોરા લોક અમારી સાથે એક જ ગાડીમાં બેસી પ્રવાસ કરે તો અમારું પ્રાધાન્ય અને અમારી શ્રેષ્ઠતા ભયમાં આવી પડશે. આ ઉપરથી અમને લૉર્ડ એલનબરો હિંદના ગવર્નર-જનરલ હતા ત્યારે બળવાનો જે ભય પ્રવર્તતો હતો તેની યાદ આવે છે. તે દિવસોમાં, કંઈ નાનામાં નાની ચીજ બને તો, તરત જ બુમાટો ઊઠતો અને ગભરાટ ફેલાતો. તે એટલે સુધી કે નામદારે પોતાના એક ખરીતામાં તેનું તાદૃશ વર્ણન પણ કર્યું છે કે સિપાઈઓ ઝાડનાં પાંદડાંનો ખડખડાટ કે તમરાંનો અવાજ સાંભળીને ડરી જતા. ઓગણીસમી સદીના પાંચમા સૈકાનાં શરૂઆતનાં વર્ષોમાં સિપાઈઓની સ્થિતિનું લૉર્ડ એલનબરોએ જે વર્ણન કર્યું છે તેનાથી જોહાનિસબર્ગમાંના કેટલાક લોકની સ્થિતિ બહુ જુદી નથી. મિ. મૅકી નિવન અને તેમના પાંચ ટેકેદારોએ કંઈક ન્યાય કરવા દલીલો કરી તે નિષ્ફળ નીવડી. પ્રશ્નની આર્થિક બાજુને લગતી મિ. નિવેનની દલીલને ઉડાવી દઈને ૧૬ વિ. ૬ની બહુમતીથી ટાઉન કાઉન્સિલે ટ્રામવેના જનરલ મૅનેજરે પોતાની ભલામણોમાં બિનગોરા સમાજને જે અન્યાય કર્યો હતો તે કાયમ રાખવાનો ઠરાવ કર્યો.[1] વક્તાઓમાંથી એકે કહ્યું કે રંગીન લોક કાંઈ કરવેરા ભરતા નથી એટલે એમને ટ્રામવેનો ઉપયોગ કરવાનો હક નથી. જોહાનિસબર્ગ જેવા સુધરેલા શહેરને ટાઉન કાઉન્સિલના સભ્યો દ્વારા આવા જ્ઞાનનો લાભ મળે છે. પ્રસ્તુત સભ્ય એ વાત સહેલાઈથી ભૂલી ગયા કે જોહાનિસબર્ગમાં હિંદીઓ ઘરોમાં જ રહે છે, અને ઘરો માટે તેઓ ભાડું તેમ જ કર બંને ભરે છે. અમે એ સભ્યને જણાવવાની છૂટ લઈશું કે મલાઈ લોકેશનમાં વસતા ૪,૦૦૦ બિનગોરા લોકોને પોતે રોકેલાં રહેઠાણ માટે સામાન્ય કરવેરા કરતાં વધારે મોટી રકમ ભરવી પડે છે. તેમની અને જોહાનિસબર્ગમાં વસનાર બીજા લોક વચ્ચે ફરક એટલો છે કે આવા ભરણા સામે તેમને બીજા લોકના જેટલી સેવાનો લાભ મળતો નથી, અને તેની સાબિતી મલાઈ લોકેશનના માર્ગો પર ફરી આવનાર સૌ કોઈ આપી શકે એમ છે. તાજો જ પાછો ફરેલો ટ્રાન્સવાલમાં સ્થાયી બનેલો હિંદી જોશે કે તે ટ્રામગાડીનો ઉપયોગ કરી શકતો નથી, એટલું જ નહીં, પોતાને ગમતી રેલવેગાડીમાં પણ એ મુસાફરી કરી શકતો નથી, કારણ કે જાહેર રેલવેગાડીઓ પૈકી કેટલીકમાં બિનગોરા લોકને મુસાફરી કરવા રેલવે વહીવટી તંત્ર મનાઈ કરે છે. ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજર અને બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનના અધ્યક્ષ વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર[2] અમે અન્ય કટારમાં છાપ્યો છે તે પરથી જણાશે કે રેલવેના વહીવટી તંત્રે સ્ટેશન માસ્તરોને એવી સૂચના આપી છે કે તેમણે જોહાનિસબર્ગ અને પ્રિટોરિયા વચ્ચે દોડતી અમુક ગાડીઓમાં હિંદી અને ઈતર બિનગોરા લોકને મુસાફરી કરવા દેવી નહીં. મિ. અબદુલ ગનીએ

૧. જુઓ પા. ૨૦૮–૯.

૨. જુઓ "ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજરને પત્ર", પા. ૨૧૪–૫.

Gandhi Heritage Portal

રેલવેતંત્રને એક સખત વિરોધપત્ર લખી મોકલ્યો છે, અને અમે માત્ર એટલી જ આશા રાખી શકીએ કે હિંદીઓનું અપમાન કરવાની આ તદ્દન નવી રીત બંધ કરવામાં આવશે. પરંતુ આમાં સવાલ માત્ર અપમાનનો નથી; વેપારીઓ માટે એ ભારે અગવડ અને નુકસાનનો સવાલ છે. આમ રંગદ્વેષના સવાલે એક નવું સ્વરૂપ ધારણ કર્યું છે, જે સામાજિક અપમાનમાં આર્થિક હાનિનો ઉમેરો કરે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २४–२–१९०६

૨૧૭. નિયંત્રણોનું મોજું

સમસ્ત જગતમાં જુદાં જુદાં રાજ્યો નિયંત્રણની નીતિ અનુસરતાં લાગે છે. ત્રીસ વર્ષ પહેલાં, અમેરિકન ગણતંત્રના ત્યારના પ્રમુખે[1] કહેલું કે અમારો સિદ્ધાંત એવો છે કે અમેરિકા હરકોઈને આવકારશે અને અમેરિકન ભૂમિ પર પગ માંડતાં જ તે એનો નાગરિક બની જશે. આજે, અમેરિકા જુદી જ નીતિ અનુસરે છે. ઇંગ્લંડને પણ પરદેશીઓના પ્રવેશ પર નિયંત્રણ મૂકવાનું આવશ્યક લાગ્યું છે. દૈનિક વર્તમાનપત્રોમાં છપાયેલા દરિયાઈ તારોમાં અમે વાંચ્યું છે કે રશિયાના દમનથી નાસી છૂટેલા યહૂદીઓને થોડા દિવસ પર જ ઇંગ્લંડમાં દાખલ થતા રોકવામાં આવ્યા હતા અને એક યહૂદીએ તો કહ્યું કે રશિયા પાછા જવા કરતાં હું આપઘાત કરવાનું પસંદ કરીશ. કારણ કે એ સ્થિતિ ટાળવા માટે તો મેં મારી છેલ્લી પાઈ ખર્ચી નાખી છે. ૧૩મી તારીખના નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં જર્મન નૈર્ઋત્ય આફ્રિકન રક્ષિત રાજ્યના એક ફરમાનનો અનુવાદ પ્રસિદ્ધ થયો છે. તે ફરમાન અનુસાર, જો દેશપ્રવેશક, બીજી બાબતો ઉપરાંત બિનગોરો હશે તો, "જર્મન નૈર્ઋત્ય આફ્રિકન રક્ષિત રાજ્યમાં યોગ્ય સત્તાવાળા દેશપ્રવેશની બંધી કરી શકશે." તેમાં બીજી પણ સામાન્ય પ્રતિબંધક જોગવાઈઓ આપેલી છે. આમ, રંગદ્વેષનો પ્રશ્ન સમગ્ર આફ્રિકામાં એક યા બીજી રીતે પોતાની અસર બતાવી રહ્યો છે. આ સંબંધમાં એ યાદ કરવું ઉપયોગી થશે કે થોડા સમય પહેલાં જર્મન સમ્રાટે જ એવો વિચાર વહેતો મૂકેલો કે જાપાનના વિજયમાં પીળી ચામડીવાળી પ્રજાનું પ્રભુત્વ મેળવવાના પ્રયત્નનાં બીજ રહેલાં છે. જોકે યુરોપ ખંડના કેટલાક ભાગમાં હજુ પણ એવી માન્યતા મોજૂદ છે, પરંતુ સામાન્ય ખ્યાલ એવો છે કે જર્મન સમ્રાટના આ શબ્દો ગેરડહાપણભરેલા હતા અને આવા ડરને કોઈ કારણ નથી. તેમ છતાં, જો મહાન યુરોપી રાષ્ટ્રો તરફથી રંગ માત્ર સામે યુદ્ધ ચલાવવામાં આવશે તો, કાંઈ નહીં તો જાપાન પોતાના નાગરિકોના ખુલ્લા અપમાન છતાં હંમેશાં શાંત બેસી રહેશે એમ કહેવું અશક્ય છે. એક તરફ જાપાનને પ્રથમ વર્ગની રાજસત્તા તરીકે સ્વીકારવું, અને બીજી તરફ તેના નાગરિકો સાથે જાણે તેઓ અસંસ્કૃત હોય તેવું વર્તન રાખવું એ યુરોપ માટે તર્કસંગત નહીં થાય.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २४–२–१९०६

૧. યુલિસીસ સેમ્પૂર ગ્રાન્ટ (૧૮૨૨–૮૫), યુનાઈટેડ સ્ટેટ્સના ૧૮મા પ્રમુખ, ૧૮૬૯–૭૭. તા. ૩૦ માર્ચ, ૧૮૭૦ના રોજ મંજૂર થયેલો બંધારણનો ૧૫મો સુધારો જોગવાઈ કરે છે કે કોમ, રંગ કે પહેલાંની ગુલામી દશાને કારણે કોઈને મતાધિકારથી વંચિત નહીં કરી શકાય.

Gandhi Heritage Portal

૨૧૮. પરમિટની તકલીફ

ટ્રાન્સવાલમાં પરમિટની તકલીફ દિન પર દિન વધતી જાય છે એવું અમને ઘણાંઓ લખે છે. કેટલાકની પરમિટની અરજીઓ હાલ ઘણી મુદત થયાં પડી છે છતાં તેઓને નથી પરમિટ મળતી કે નથી જવાબ મળતા. આવી સ્થિતિ ઘણી જ દુ:ખદાયક ગણાય એમાં શક નથી. આનો ઉપાય જેટલું બને તેટલું જોર કરી સરકારના કાન ખોલવા એ સિવાય બીજો નથી. તેથી અમે આવતે અઠવાડિયેથી "પરમિટ પિલરી" એ નામનું કૉલમ અંગ્રેજીમાં લખવાનો ઈરાદો રાખીએ છીએ. પિલરીનો અર્થ ફાંસી એવો થાય છે. અસલના વખતમાં લોકોના ગળામાં લાકડાના ટૂંપા નાખી રિબાવીને મારતા. એવા લાકડાના ટૂંપાનું નામ પિલરી કહેવાય છે. હાલ ટ્રાન્સવાલના રહેનારા હિંદીના ગળામાં એવી જાતનો ટૂંપો છે અને તે પરમિટરૂપી છે. એટલે એ કૉલમને અમે "પરમિટ પિલરી" એ નામ આપ્યું છે. તેમાં દરેક રેફ્યુજી કે જેની અરજી બે માસથી વધારે વખત થયાં ગઈ હોય તેનાં નામ અને ઠેકાણું આપશું અને કેટલી મુદત થયાં અરજી ગઈ છે તે એ લિસ્ટ માત્ર અંગ્રેજીમાં જ છાપવાનો વિચાર રાખ્યો છે; કેમ કે તે સત્તાવાળાઓના ધ્યાન પર લાવવાનું છે અને તેનો પોકાર બધી જગ્યાએ કરવાનો છે. આમાં અમારા વાંચનાર અમને મદદ કરશે તો અમે ધારીએ છીએ કે અમે કંઈક પણ દાદ મેળવવામાં સહાયરૂપ થશું. ગુજરાતીમાં અથવા અંગ્રેજીમાં રેફ્યુજીનું નામ, તેનું ઠેકાણું અને તેની અરજીનો નંબર તથા તારીખ મોકલાય તો બસ થશે. અમારા વિચાર પ્રમાણે તો પરમિટ અમલદારોએ બે માસ પણ નહીં લેવા જોઈએ છતાં એટલી બધી અરજીઓ બે માસ ઉપરાંતની છે કે પહેલાં જૂની અરજીઓનો પોકાર કરવો તે ઠીક જણાય છે. લૉર્ડ સેલબૉર્ને બે વચન આપ્યાં છે: એક ગોરાઓને અને એક હિંદીઓને. ગોરાઓને એવું વચન આપ્યું છે કે એક પણ નવા હિંદીને ટ્રાન્સવાલમાં વસવાની પરવાનગી નહીં આપવામાં આવે. આ વચન તો તેઓ સાહેબે બરોબર પાળ્યું છે. હિંદીને એવું વચન આપવામાં આવ્યું છે કે રેફ્યુજીને હુકમ મળશે તો તેઓની અરજીઓની તપાસમાં ઢીલ નહીં થાય. અમે દિલગીર છીએ કે જો અમને ખબર મળી છે તે ખરી હોય તો તે વચન હજુ સુધી પાળ્યું નથી. આ લડતમાં અમારા વાંચનારની મદદની પૂરી જરૂર છે અને જો અમે માંગીએ છીએ તે પ્રમાણે નામો મોકલવામાં આવશે તો પરમિટ જાગૃતિમાં આવશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४–२–१९०६

Gandhi Heritage Portal

૨૧૯. લંડન મૅટ્રિક્યુલેશન માટે તામિલ

આ સંસ્થાનના તામિલભાષી રહેવાસીઓએ લંડન યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશન પરીક્ષા માટે વૈકલ્પિક વિષયોમાં તામિલને એક પરદેશી ભાષા તરીકે માન્ય કરવામાં આવે એ મતલબની એક અરજી કરી હતી. તેના જવાબમાં યુનિવર્સિટીના વિદેશ વિભાગના રજિસ્ટ્રાર તરફથી ઉત્તર મળ્યો છે. આ બાબતમાં સંયુક્ત સમિતિઓ(જૉઈન્ટ કાઉન્સિલો) સેનેટને કશી ભલામણ કરી શકી નથી, છતાં અમે નથી ધારતા કે આ બાબત પડતી મૂકવા જેવી છે. લંડન યુનિવર્સિટી જેવી પ્રાચીન સંસ્થાઓમાં કંઈ પરિવર્તન કરાવવું મુશ્કેલ હોય છે, પણ જો સમગ્ર દુનિયાનો તામિલ સમાજ પોતાના પ્રયત્નોમાં મક્કમ રહે તો અંતે નિ:શંક તામિલ ભાષા, જેનું સાહિત્ય ભવ્ય છે અને જે હિંદની ઇટાલિયન ભાષા છે તેને લંડન યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવશે. યુનિવર્સિટીએ આપેલો ઉત્તર અમે અન્ય કટારમાં છાપીએ છીએ.[1]

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २४-२-१९०६

૨૨૦. દાદાભાઈ નવરોજીને પત્ર

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

૨૫-૨૬, કોર્ટ ચેમ્બર્સ,
રિસિક સ્ટ્રીટ,
જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૨૬, ૧૯૦૬

માનનીય દાદાભાઈ નવરોજી
૨૨, કેનિંગ્ટન રોડ,
લંડન

વહાલા સાહેબ,

ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીમાં હિંદીઓની સ્થિતિનો પરિચય આપનારું નિવેદન[2] આ સાથે બીડું છું.

મને લાગે છે કે આ પરિસ્થિતિ બાબતમાં એક સંયુક્ત પ્રતિનિધિમંડળે નવા પ્રધાનોની[3] મુલાકાત લેવી જોઈએ.

આપનો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

૧ બિડાણ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: જી. એન. ૨૨૭૦

૧. અહીં ઉતાર્યો નથી.
૨. જુઓ "દક્ષિણ આફ્રિકાવાસી બ્રિટિશ હિંદીઓ", પા. ૨૨૩-૪.
૩. જૉન મોર્લી અને લૉર્ડ એલ્ગિન.

Gandhi Heritage Portal

૨૨૧. જોહાનિસબર્ગનો પત્ર[1]

ફેબ્રુઆરી ૨૬, ૧૯૦૬

આજકાલ જોહાનિસબર્ગમાં હિંદીઓમાં ટ્રામ બાબત ચર્ચા થઈ રહેલી છે. ફોર્ડર્સબર્ગમાં ઘણા હિંદીઓ વસે છે અને ફોર્ડર્સબર્ગથી મારકેટ સ્ક્વેર સુધીમાં વીજળીની ટ્રામ ચાલે છે. એટલે સાધારણ રીતે લોકો સવાલ પૂછે છે કે હિંદીઓ શા સારુ ટ્રામમાં બેસી ન શકે. સત્તાવાળાઓને પણ કાળા માણસોને ટ્રામમાંથી દૂર રાખવા એ મુશ્કેલીભરેલું જણાય છે. જોહાનિસબર્ગ કમિટીએ કરેલા વિચારો સૂઈ ગયા છે. અને કાળા માણસો આ ટ્રામમા બેસી શકશે, એવું લેબલ ચોંટાડેલી ટ્રામ ચલાવવામાં આવે છે. એક તરફથી ગોરાઓ હિંદીની સાથે બેસવાની છૂટ છે એવું જણાવે છે અને બીજી તરફથી ઉપર પ્રમાણે લેબલવાળી ટ્રામમાં કાળા માણસોની સાથે ઘણા ગોરાઓને બેસતાં જોવામાં આવે છે. આ બાબત મિ. કુવાડિયાના નામે ટેસ્ટ કેસ ચલાવવાની તજવીજ ચાલી રહી છે. મિ. કુવાડિયા ટેસ્ટ કેસ કરવાને સારુ વગર લેબલની ટ્રામમાં મિ. મૅકિન્ટાયર[2]ની સાથે બેસવા ગયા. એક ટ્રામમાં તેમને બેસવા દીધા. બીજી ટ્રામમાં બેસવા જતાં કંડક્ટરે કહ્યું કે જો પોતે મિ. મૅકિન્ટાયરના નોકર હોય તો બેસી શકે છે. પણ ગૃહસ્થ તરીકે બેસવું હોય તો બેસવાની રજા નહીં મળે. આ બાબત ઉપર છાપાંઓમાં પણ ચર્ચા થઈ રહેલી છે. સ્ટાર ન્યૂઝ-પેપરમાં મિ. દારૂવાળાએ લખાણ કીધેલું તેની સામે એક ગોરાએ કરડું લખાણ કરેલું. તેની સામે મિ. દારૂવાળાએ ઠીક જવાબ આપ્યો છે. વળી બીજા બે ગોરાઓએ પણ લખેલું છે. તેમાંનો એક વિરુદ્ધમાં લખે છે અને બીજો પક્ષમાં લખે છે.

ટ્રાન્સવાલને તુરતમાં જ રિસપોન્સિબલ ગવર્નમેન્ટ મળશે એવી વાતથી ગોરા અંગ્રેજોમાં ખળભળાટ જાગી રહ્યો છે. કેમ કે રિસપોન્સિબલ ગવર્નમેન્ટ મળવાથી ડચ લોકોનું પ્રબળ વધશે, અને તેથી માઇનવાળાને ધક્કો લાગશે એવી ધાસ્તી રાખે છે. આમ છતાં આખા જોહાનિસબર્ગમાં બાંધકામ જારી રહ્યાં છે. તે બતાવે છે કે અહીંના લોકો હજુ થાક્યા નથી, પણ આબાદ થશે એવી આશાએ લટકી રહ્યા છે. વેપાર એકદમ મંદ છે અને હજુ મંદ થશે. આગળ કાફર લોકો તથા ડચ લોકો દર શનિવારે પૈસાની જબરી ફેરવણી કરતા. ડચ લોકો તો કંગાળ થઈ પડયા છે. અને કાફરાઓ પહેલાં જેટલી છૂટથી પૈસો વાપરતા તેટલો વાપરતા નથી.

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને લૉર્ડ સેલબૉર્નને પરમિટ બાબત, ટ્રામ બાબત તથા રેલવે બાબત લખેલું છે. તેનો જવાબ લૉર્ડ સેલબૉર્ને પોતાની સહીથી ખાનગી આપ્યો છે. અને લખ્યું છે કે ત્રણે બાબત તેઓ સાહેબ પૂરતી તપાસ કરી ફરી પાછો કાગળ લખશે. આ ઉપરથી ઉમેદ રાખી શકાય કે લૉર્ડ સેલબૉર્ન કાંઈક પણ દાદ આપશે ખરા.

મલાઈ લોકેશનની સ્થિતિ ઘણી શરમાવા જેવી થઈ પડી છે. ગંદકી પુષ્કળ રહે છે. પૈસાનો ખોટો લોભ કરી એક કોટડીમાં ઘણા માણસો ભરાઈ રહે છે. જાજરૂ અને વાડામાં ઘણી બદબો રહે છે. આવી સ્થિતિમાં જો લાંબી મુદત સુધી વરસાદ પડે તો મરકી ફાટયા વિના

૧. "જોહાનિસબર્ગના ખબરપત્રી તરફથી" એ રૂપે આ સંદેશાઓ નિયમિત રીતે *ઇન્ડિયન ઓપીનિયન*માં પ્રગટ થતા હતા.

૨. ગાંધીજીના સૉલિસિટરનું કામ શીખવા રહેલો એક સ્કૉટલૅંડવાસી થિયૉસૉફિસ્ટ કારકુન.

Gandhi Heritage Portal

રહે નહીં. સમજુ લોકોએ વિચાર કરવાની પૂરી જરૂર છે. તેઓએ પોતાનાં મકાન સાફ રાખવાં એટલું બસ નથી પણ બીજાઓને તેવી રીતે કરવાને સમજાવવું જોઈએ. જો આમ નહીં થાય તો ઇન્ડિયન લોકેશન ખોઈ બેઠા અને મલાઈ લોકેશન ખોઈ બેસશે. એટલું જ નહીં પણ કિલપસ્પ્રુટમાં ૧૩ માઈલ છેટે રહેવા જવું પડશે. સત્તાવાળાઓ ખસૂસ મહેનત કરીને સાફ રખાવે એવી આશા રાખવાની નથી. તેઓનો સ્વાર્થ આપણાં મકાન જેમ બને તેમ વધારે ખરાબ હોય તેમાં છે. કેમ કે ખરાબ મકાન હોય તો તે લોકો આપણી ઉપર તહોમત મૂકી આપણને દૂર કરી શકે છે.

જોહાનિસબર્ગમાં હિંદી મુસલમાનોની હાલ ઘણાં વરસ થયાં એક જ મસ્જિદ ચાલતી આવેલી છે, પણ સુરતી મેમણોએ મોટું ફંડ એકઠું કરી તેઓના લત્તામાં એક જમીન લીધી છે અને ત્યાં બીજી મસ્જિદ બાંધવાની તૈયારી ચાલી રહી છે.

ડાકટર ક્રાઉસે, અહીંની ટાઉન કાઉન્સિલના મેમ્બર છે, તેણે પોતાના વોટરોની મુલાકાત લેતાં જણાવ્યું છે કે હિંદીઓને તથા બીજા કાળા માણસોને પોતાથી બને તો ટ્રામમાં બેસવા ન દે પણ કાયદેસર તે લોકોને હરકત કરી શકાય તેવું નથી. તેથી પોતે સામે થઈ શકતા નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૩–૧૯૦૬

૨૨૨. અબદુલ કાદરને માનપત્ર[1]

અમે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના મેમ્બરો આપને હિંદુસ્તાન જવાની વખતે આપના કૉંગ્રેસ સંબંધી કામને સારુ આવકાર દીધા વિના આ વખત જવા દઈ શકતા નથી.

આપ જે પ્રેસિડેન્ટની પછી નિમાયા હતા તેણે પોતાના ઉત્સાહથી એટલું બધું કામ કરેલું હતું કે તેની ગાદી જાળવી રાખવી એ મુશ્કેલીનું કામ હતું. એમ છતાં અમારે કહેવું જોઈએ કે આપે તે કામ બરાબર બજાવેલું છે. આપના વખતમાં કૉંગ્રેસની નાણાં સંબંધી સ્થિતિ ઘણી સારી થઈ. આપે આપણી ઘણી લડાઈઓમાં ભાગ લીધેલો છે. અને અમે જોયું છે કે આપ હમેશાં તકલીફને વખતે બરોબર આગેવાની ધરાવતા હતા. આપે કૉંગ્રેસની મીટિંગોમાં હમેશાં ધીરજ અને ચાતુરી વાપર્યાં છે અને આપનો હાથ પૈસા બાબતમાં આપે હમેશાં છૂટો રાખ્યો છે. આપ દેશ ઘણે વરસે જાઓ છો તો અમે એવું ઇચ્છીએ છીએ કે આપ ત્યાં ખુશીની સાથે પહોંચો અને આપની મુરાદો બર આવે. અમે ઉમેદ રાખીએ છીએ કે આપ સહીસલામત દેશથી પાછા ફરો.

(સહી) અબદુલ હાજી આમદ વગેરે

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩-૩-૧૯૦૬

૧. પ્રમુખ તરીકે નિવૃત્ત થઈ હિંદ જતી વખતે એમને વિદાયમાન આપવા ભરેલી નાતાલ હિંદી કૉંગ્રેસની સભામાં ચાંદીની કાસ્કેટમાં મૂકેલું આ માનપત્ર આદમજી મિયાંખાને વાંચ્યું હતું.

Gandhi Heritage Portal

૨૨૩. અબદુલ કાદિરની વિદાયવેળાનું ભાષણ

[અબદુલ કાદિરને માનપત્ર અર્પણ કરાયા બાદ ગાંધીજીએ કરેલા ભાષણનો હેવાલ નીચે મુજબ છે.]

ડરબન,

[ફેબ્રુઆરી ૨૮, ૧૯૦૬]

શ્રી મો. ક. ગાંધીએ પ્રથમ અંગ્રેજીમાં અને પાછળથી ગુજરાતીમાં સભાને ઉદ્દેશીને ભાષણ કર્યું. એમણે જણાવ્યું કે શ્રી અબદુલ કાદિર એક એવા સજ્જન છે જેમણે નાતાલમાંની હિંદી કોમ માટે ભારે સેવાકાર્ય કર્યું છે. આજે અહીં ભેગા મળેલા સૌ લોકોમાં કદાચ રાજકારણના ક્ષેત્રની શ્રી અબદુલ કાદિરની સેવા વિષે મને જ વધારે જ્ઞાન હશે. આજ પહેલાં કૉંગ્રેસનું પ્રમુખપદ, કોમ માટે ઉત્તમ સેવાકાર્ય કરનારી લાયક અને સમર્થ વ્યક્તિઓએ શોભાવ્યું છે, અને એમનું સ્થાન પૂરવાનું કામ સહેલું નથી. આમ છતાં મને એટલું કહેતાં સંકોચ નથી થતો કે આ જવાબદારીનો ભાર લાયક ખાંધ ઉપર જ લાદવામાં આવ્યો છે. કૉંગ્રેસનો આર્થિક પાયો દૃઢ કરવાને શ્રી અબદુલ કાદિરે ભારે જહેમત ઉઠાવી છે, અને એમને આટલી સારી સફળતા મળી છે તે મોટે ભાગે એમના પોતાના પ્રયાસોનું જ પરિણામ છે.

શ્રી ગાંધીએ આ સંબંધમાં એક નાના સરખા બનાવની યાદ દેવડાવી. જ્યારે શ્રી અબદુલ કાદિર અને બીજા સભ્યો ફાળો ઉઘરાવતા હતા ત્યારે તેમને ટૉંગાટ જવાનું થયું હતું. ત્યાં એમના એક દેશબંધુએ ફાળો આપવાની આનાકાની કરી, પણ શ્રી અબદુલ કાદિર હારે એવા નહોતા. બીજાઓ સાથે તેઓ જમીન ઉપર કોથળા પાથરીને સૂઈ ગયા. અને "શત્રુ"એ "નમતું આપ્યુ" ત્યારે બીજે દિવસે સવારે જ ત્યાંથી ઊઠ્યા.[૧]

આવું છે આપણા અતિથિનું ચારિત્ર્ય. જ્યારે જ્યારે કાંઈ પણ ભીડ પડી હશે ત્યારે શ્રી અબદુલ કાદિર પોતાનો સમય અને ધ્યાન આપવાને તત્પર માલૂમ પડ્યા છે. હું એવી શુભેચ્છા પ્રદર્શિત કરું છું કે એમની અને એમના કુટુંબની હિંદયાત્રા આનંદદાયી નીવડો અને એઓ સલામત રીતે પાછા ફરો.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩–૩–૧૯૦૬

૧. જુઓ પુસ્તક ૩, પા. ૯૭.

Gandhi Heritage Portal

૨૨૪. બાદશાહી પરોણા

નામદાર ડ્યૂક અને ડચેસ ઑફ કૉનોટ તથા તેમની દીકરી પ્રિન્સેસ પેટ્રીશ્યા ગયા મંગળવારે આવી પહોંચ્યાં તેમને અમે વધાવી લઈએ છીએ. નામદાર ડ્યૂક જ્યારે વીસ વર્ષ પહેલાં હિંદુસ્તાનમાં હતા ત્યારે તેમને યાટ ક્લબમાં માન આપવામાં આવ્યું હતું. તે વખતે અમારી યાદદાસ્ત પ્રમાણે સર જહાંગીર રેડીમનીને યાટ ક્લબમાં આવવાની ગોરાઓએ બંધી કરેલી. આ ઉપરથી નામદાર ડ્યુક ગુસ્સે થયેલ અને તે ક્લબના પેટ્રન બનવાની તેમણે ચોખ્ખી ના પાડી હતી. આ તેમની ખાનદાનીની ખૂબી બતાવે છે.

એ જાણવા લાયક છે કે અત્યારે બાદશાહી કુટુંબના ત્રણ માણસ ઇંગ્લંડ બહાર છે. ઇંગ્લંડના ભવિષ્યના રાજા અને રાણી તે હિંદુસ્તાનમાં પ્રવાસ કરે છે અને તેઓ બંને લોકપ્રિય થઈ પડયાં છે. પ્રિન્સ આર્થર તે જાપાનમાં મિકાડોના પરોણા થઈ ગયા છે અને જાપાનની સાથે ઇંગ્લંડની ભાઈબંધીને જોર આપે છે. આપણા પરોણા તે દક્ષિણ આફ્રિકાના લોકોમાં પોતાના માયાળુ સ્વભાવથી લોકોનાં મન ખેંચે છે.

આ પ્રમાણે મહારાજા એડવર્ડે પોતાના કુટુંબના ત્રણ માણસોને એકી વખતે બહાર જવા દીધા છે એ તેમની ખૂબી બતાવે છે. ભલી રાણી વિક્ટોરિયાના ગુણો તેના કુટુંબને વારસામાં ઊતર્યા છે. અને જ્યાં સુધી આ પ્રમાણે બાદશાહી કુટુંબ પોતાની નમ્રતા, ખાનદાની તથા દયા અને લાગણી જાળવ્યા કરશે ત્યાં સુધી તેમનો સૂર્ય તપ્યા કરે તેમાં કશી નવાઈ નથી. તેઓ તેમની નીતિ જાળવી ભલે જીવો એવી અમારી પ્રાર્થના છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३–३–१९०६

૨૨૫. હિંદીઓ અને જવાબદાર રાજતંત્ર[1]

ટ્રાન્સવાલને સંપૂર્ણ અને વ્યાપક સ્વરૂપનું જવાબદાર રાજતંત્ર મળનાર છે; તેથી, ચીના મજૂરોને ખાણોમાં તથા ખેતરોમાં કામ કરવા દેવું કે કેમ એ બાબત તથા ઉદ્યોગો પર એકંદર વહીવટી અંકુશ રાખવા બાબત ટ્રાન્સવાલની સત્તા વાદવિવાદથી પર છે; પરંતુ હાલના ઑર્ડિનન્સનો વારસો એને ન મળે એ આવશ્યક છે. ટ્રાન્સવાલ અધિકારના આપણાં ખ્યાલોની વિરુદ્ધ વર્તશે એવી આપણી માન્યતાનો જે ધ્વનિ નીકળતો હોય એવી કોઈ પણ ગેરલાયકાત નવા બંધારણમાં દાખલ કરવી એ ગેરડહાપણભર્યું અને અપમાનકારક ગણાશે; પરંતુ દરેક સ્વાયત્ત સંસ્થાનના બંધારણમાં અનામત રખાતા અધિકાર અનુસાર ગવર્નરને એવી સૂચના આપવામાં આવી છે કે બહારથી લવાતાં મજૂરોને લગતો જે કોઈ કાયદો કરવામાં આવે તે સામ્રાજ્યની પાર્લમેન્ટની વિચારણા અને મંજૂરી માટે અનામત રખાવો જોઈએ. પ્રસ્તુત ઑર્ડિનન્સને મળતા આવતા કાયદાઓની મનાઈ કરી શકાય. જોકે એવી પરિસ્થિતિ ઊભી થાય એવું હું માનતો નથી.

૧. ૬–૪–૧૯૦૬ના इन्डियाના અંકમાં પણ આ લખાણ પ્રસિદ્ધ થયું હતું.

Gandhi Heritage Portal

ચીન અંગેની ચર્ચા દરમિયાન મિ. એસ્કિવથે આ શબ્દો ઉચ્ચાર્યા હતા, ને એ શબ્દો, હિંદીઓના પ્રશ્નને મળતા આવતાં પ્રશ્ન સંબંધમાં ઇંગ્લંડ સરકારની સ્થિતિ ટૂંકામાં દર્શાવે છે. ચીના મજૂરો બાબતના ઑર્ડિનન્સનો સામ્રાજ્યની પ્રણાલિકાઓ સાથે મેળ ખાતો નથી. તેવું જ હિંદી-વિરોધી ધારા સંબંધે છે; ફેર એટલો કે હિંદી-વિરોધી ધારા વધારે વાંધાપાત્ર છે અને એમને રદ કરવાનું વધારે સહેલું છે, કેમ કે હિંદી-વિરોધી ધારા ટ્રાન્સવાલની ડચ સરકારનો વારસો છે, જ્યારે ચીના મજૂરો સંબંધી ધારા હમણાં નામશેષ થયેલી બ્રિટિશ સરકારના ઘડેલા છે. છતાં પણ લિબરલ પક્ષના નાણાં ખાતાના પ્રધાન વગર અચકાયે જણાવે છે કે ટ્રાન્સવાલમાં હવે આવનારી નવી જવાબદાર સરકારને એ વારસામાં ન આપવો જોઈએ. તો પછી જો ટ્રાન્સવાલને "સંપૂર્ણ અને વ્યાપક સ્વરૂપનું જવાબદાર રાજતંત્ર" આપવાનું હોય તો એ વાત આપોઆપ નિષ્પન્ન થાય છે કે, એશિયાઈ-વિરોધી ધારા ઘડવાની બાબતને સંબંધ છે તેટલે અંશે ટ્રાન્સવાલને તદ્દન કોરી પાટી આપવી જોઈએ. બે વરસ પૂર્વે સર વિલિયમ વેડરબર્ને મિ. ચેમ્બરલેનને અત્યંત સ્પષ્ટતાથી કહ્યું હતું તેમ શાહી સરકારની ફરજ છે કે, ડચ સરકારના જે કાયદા લડાઈ ઊભી કરવામાં કારણભૂત હતા તેને રદ કરે અને પછી ટ્રાન્સવાલવાળાઓને ઇંગ્લંડની સરકારની વિચારણા માટે ગમે તે ધારા રજૂ કરવાની છૂટ આપે. જો આ સૂચનનો સ્વીકાર ન થાય તો હિંદીઓના સ્થાન કે દરજ્જાના રક્ષણનો બીજો એક માત્ર માર્ગ એ છે કે નિષેધા-ધિકારની સામાન્ય કલમ ઉપરાંત નવા બંધારણમાં ખાસ રક્ષણાત્મક કલમ ઉમેરવી જોઈએ. એમ કરવું મિ. એસ્કિવથના શબ્દોમાં, ગેરડહાપણભર્યું અને અપમાનકારક ગણાય; કેમ કે એથી ટ્રાન્સવાલ, "અધિકારના ખ્યાલોની વિરુદ્ધ વર્તવા" ઇચ્છે છે એવા આક્ષેપનો ધ્વનિ નીકળે છે. જો સામ્રાજ્ય સરકાર આ સંબંધે છૂટછાટની નીતિ અખત્યાર કરે અને જવાબદાર રાજતંત્ર આપતાં પહેલાં હિંદી-વિરોધી ધારા રદ ન કરે, તો જેને તાજની સરકાર અડવાની હિંમત ન કરી શકી તે કાયદા રદ કરવાની ના પાડવાની જવાબદાર રાજતંત્રને પૂરેપૂરી સત્તા રહેશે.

પુનરુક્તિનું જોખમ વહોરીને પણ હિંદીઓની પરિસ્થિતિ તપાસી જવી એ બહેતર છે. ૧૮૮૫નો કાયદો નં. ૩, અને ખાસ એશિયાઈઓ માટે ઘડેલા બીજા કાયદા તથા પેટાકાયદા રદ કરવાની માગણી હિંદીઓ હંમેશાં કરતા આવ્યા છે, પણ તેમણે આ માગણીની મર્યાદારૂપે હંમેશ ભાર-પૂર્વક જાહેર કર્યું છે કે અમારે, કહેવામાં આવે છે તેમ, દેશને હિંદીઓથી ભરી દેવો નથી તેમ જ ગોરાઓના હાથમાંથી વેપાર, ખાસ કરીને કાફર લોક સાથેનો વેપાર, ઝૂંટવી લેવો નથી. એમણે વાજબી ક્ષેત્ર માગ્યું છે, કોઈ ખાસ કૃપા યાચી નથી. તેમની શુદ્ધ દાનતની ખાતરી કરાવવા માટે એમણે સામાન્ય સ્વરૂપના પ્રતિબંધક કાયદાનો સિદ્ધાંત પણ સ્વીકાર્યો છે. કેપ અથવા નાતાલમાં જે જાતનો પ્રવાસી પ્રતિબંધક કાયદો છે તેવા કાયદાથી નવા આવનારાઓનો સવાલ પતી જશે. શરત એટલી કે તેમાં મુખ્ય હિંદી ભાષાઓને માન્યતા આપવામાં આવે અને વર્તમાન વેપાર ચલાવવા માટે જેટલા લોકોની જરૂર હોય તેટલા લોકોને દેશમાં લાવવાની છૂટ રાખવામાં આવે. વેપાર બાબત હિંદીઓએ સૂચવ્યું છે કે નવા વેપારી પરવાના પર સ્થાનિક સંસ્થાઓને અંકુશ આપવો જોઈએ પણ તેમના નિર્ણયો વિષે સુપ્રિમ કોર્ટને ફરી વિચાર કરવાની સત્તા હોવી જોઈએ. વધારેમાં વધારે આટલી હદ સુધી વાજબી રીતે નિયંત્રણો મૂકી શકાય. એશિયાઈ વિરોધી ચળવળના મૂળમાં વેપાર બાબત ઈર્ષા અને હિંદીઓનાં ધાડાંના હુમલાનું ભૂત રહેલું છે. આ બે "ભય" દૂર કરવામાં આવે તો હિંદીઓની સ્વતંત્રતા પર વધારે કાપ મૂકવા માટે અથવા એમને "વગર કારણે અપમાનિત" કરવા માટે કોઈ ઉચિત કારણ રહેતું નથી. હિંદીઓનો સ્થાવર

Gandhi Heritage Portal

મિલકતના માલિક થવાનો અને મુક્ત રીતે હરવાફરવાનો હક છીનવી લેવાનું અને એમના પ્રત્યે બીજી રીતે ગુલામના જેવો વર્તાવ ચાલુ રાખવાનું અંગ્રેજોના ઔચિત્યના ખ્યાલો સાથે બેશક બંધબેસતું નહીં થાય.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩–૩–૧૯૦૬

૨૨૬. કેપ ખાતે હિંદી વેપારીઓ

અમારા કેપના ખબરપત્રીએ કેપના નાના હિંદી દુકાનદારોની ટીકા કરેલી તે વિષે અમે થોડા વખત પહેલાં અમારા વિચાર આ કટારોમાં પ્રગટ કરેલા. અમારા એ વિચારોના જવાબમાં ઉક્ત ખબરપત્રીએ એક પત્ર લખ્યો છે, જેને અમે અમારી કટારોમાં ખુશીથી સ્થાન આપીએ છીએ. અમે જરૂર માનીએ છીએ કે સર જેમ્સ હુલેટનો[1] પુરાવો જેટલો નાતાલને લાગુ પડે છે તેટલો જ કેપ સંસ્થાનને પણ લાગુ પડે છે. હિંદીઓ જેવા નાતાલ ખાતે છે તેવા જ ત્યાં પણ છે, અને જો એમના વેપારથી નાતાલને સામાન્ય રીતે ફાયદો થયો હોય તો કેપમાં જ્યાં ભૌતિક પરિસ્થિતિ એ જ જાતની છે ત્યાં જુદું કાંઈ બની શકે નહીં. પરંતુ જે મુદ્દા પર અમે હરહંમેશ ભાર મૂકતા આવ્યા છીએ તે એ છે કે હિંદી વેપારીઓ સામે એમના નિંદકો જે આરોપો મૂકતા આવ્યા છે તેમાંના ઘણા ટકી શકે એવા નથી. દક્ષિણ આફ્રિકાના કોઈ પણ ભાગને હિંદી કે બીજા કોઈ વેપારીઓથી ભરી દેવાની નીતિની અમે કદી હિમાયત કરી નથી, પણ અમે એટલું તો જરૂર માનીએ છીએ કે આ પ્રશ્ન પ્રતિબંધક કાયદાઓ સિવાય પણ હલ થઈ શકે એવો છે. કેપ સંસ્થાનના વિવિધ જિલ્લાઓના યુરોપિયન અને હિંદી વેપારીઓની તુલનાત્મક યાદી જો અમારા પત્રલેખક તૈયાર કરી શકે તો તેનાથી પ્રશ્નના ઉકેલની દિશામાં નિઃશંક મદદ થશે. અમારી પાસે જે માહિતી છે તે મુજબ અમે માનીએ છીએ કે હિંદી વેપારીઓ અતિ જૂજ લઘુમતી ધરાવે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩–૩–૧૯૦૬

૨૨૭. સી. એસ. એ. આર.[2] પર હિંદી ઉતારુઓ

અમારી ગુજરાતી કટારોમાં એક પત્રલેખક લખે છે કે ફેબ્રુઆરીની ગઈ ૨૬મીએ સાંજે જોહાનિસબર્ગથી ડરબન જવા ઊપડેલી ગાડીમાં મેં બીજા વર્ગના એક જ ખાનામાં એક હિંદી બાનુ સહિત સાત હિંદી ઉતારુઓને બેસાડેલા જોયા હતા. વિશેષમાં એ લખે છે કે જર્મિસ્ટન ખાતે આઠમો ઉતારુ ઉમેરાયો હતો, જેથી બીજાઓને બહુ અગવડ પડી હતી. બીજા વર્ગનું સામાન્ય ખાનું રાતની મુસાફરીમાં છથી વધારે ઉતારુઓને ભાગ્યે જ સમાવી શકે. અમે માનીએ છીએ કે, લાંબા પ્રવાસ દરમિયાન, રાતની ગાડીઓમાં મુસાફરી કરતા ઉતારુઓને સૂવાની સગવડ મેળવવાનો

૧. જુઓ પુસ્તક ૪, પા. ૨૮૧.

૨. સેન્ટ્રલ સાઉથ આફ્રિકન રેલવે (દક્ષિણ આફ્રિકાની મધ્યવર્તી રેલવે) એ આખા અંગ્રેજી નામના પ્રથમ અક્ષરો.

Gandhi Heritage Portal

હક છે. પોતે જેનો ઉલ્લેખ કર્યો છે તે પ્રસંગે ઉતારુઓની કોઈ અસાધારણ ભીડ હતી કે કેમ તે અમારા પત્રલેખક જણાવતા નથી. પરંતુ એ ગમે તેમ હોય, જ્યારે ઉતારુઓ પૈકી એક બાનુ હતાં ત્યારે આટલા બધા ઉતારુઓને એક ખાનામાં ભરવાના ઔચિત્ય વિષે અમને શંકા થયા વિના રહેતી નથી. આવા સંજોગોમાં હિંદી બહેનનો પણ કાંઈક ખ્યાલ રાખવો જોઈએ. જે સગવડ માટે પોતે ભાડું ભરે છે તે સગવડ મેળવવાનો હિંદી જનતાને હક છે. એમને પહેલા કે બીજા વર્ગની માત્ર નામની સગવડ આપવી ને હકીકતમાં તે આપવી જ નહીં એ હાસ્યાસ્પદ છે. અમારા પત્રલેખકે કરેલી ફરિયાદ પ્રત્યે અમે રેલવે સત્તાવાળાનું ધ્યાન ખેંચીએ છીએ અને અમને શંકા નથી કે આવી ફરિયાદો ફરીથી થતી ટાળવાને માટે તેઓ જરૂરી પગલાં લેશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩–૩–૧૯૦૬

૨૨૮. મિડલબર્ગ જતાઆવતા હિંદીઓને સૂચના

અમારા સાંભળવામાં આવ્યું છે કે મિડલબર્ગ સ્ટેશનેથી પસાર થતાં હિંદી ઉતારુઓની પરમિટ હમેશાં તપાસવામાં આવે છે. સાધારણ રીતે ટ્રાન્સવાલની સરહદ સિવાયનાં સ્ટેશનો ઉપર આમ નથી થતું. પણ મિડલબર્ગમાં જ આ પ્રમાણે થતું જોવામાં આવે છે. આ બાબત અમારા મિડલબર્ગના વાંચનારા વધારે ખબર આપશે તો અમે છાપશું. દરમિયાન ઉપરની હકીકત મિડલબર્ગ જનારા ઉતારુઓએ ધ્યાનમાં રાખવા જેવી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩–૩–૧૯૦૬

૨૨૯. જોહાનિસબર્ગનો પત્ર

માર્ચ ૩, ૧૯૦૬

આ કાગળ છપાશે તેના પહેલાં ઘણું કરીને ટ્રામનો ટેસ્ટ કેસ[1] થઈ ગયો હશે. કેટલીક મુસીબત પડ્યા પછી ધર્મના વકીલ મિ. કુવાડિયાનું ઍફિડેવિટ કબૂલ રાખી જે ટ્રામવાળાએ તેને બેસવાની મનાઈ કરી તેની ઉપર સમન કાઢયો છે. તે કેસ તા. ૭મી માર્ચને દિવસે ચાલવાનો છે. દરમિયાન ટ્રામની ચર્ચા હજુ છાપામાં ચાલી રહી છે. એક ગોરાએ મિ. દારૂવાલાને તોછડો કાગળ લખ્યો છે ને જણાવ્યું છે કે ગોરા લોકો કાળા લોકોને કદી પોતાની સાથે ટ્રામમાં બેસવા નહીં આપે. વળી બીજા માણસોએ લખ્યું છે કે જો કાળા લોકોને ટ્રામમાં બેસવા દેવામાં આવે તો તેઓને ગોરાની બરોબર ગણ્યા કહેવાય, એટલે કદી બેસવા દેવા નહીં જોઈએ. આમ બેચાર મફતિયાઓ છાપામાં લખ્યા કરે છે. દરમિયાન ખાસ કાળા માણસોને સારુ ટ્રામગાડી ચલાવવામાં આવે છે તેમાં ગોરા માણસો કંઈ છીત રાખ્યા વિના બેસે છે. એવી આ શહેરની બલિહારી છે.

૧. જુઓ પા. ૨૩૨.

Gandhi Heritage Portal

ચીના લોકોને કાઢી મૂકશે કે રાખશે એ સવાલ અત્યારે બધા માણસોના મનમાં રમી રહ્યો છે. વિલાયતના તાર ઉપરથી જણાય છે કે જે ચીનાને પસંદ ન પડે તેને સરકારે પાછા મોકલવાનો હુકમ કર્યો છે. આવી સ્થિતિ હોવાથી માઇનવાળાઓ ગભરાટમાં પડી ગયા છે ને પોતાની કોથળીનાં મોઢાં સાંકડાં કરી મૂકયાં છે. તેથી વેપાર પણ મંદ છે. વળી નાતાલના કાફરી બંડની અસર અહીંના કાફરો ઉપર થઈ છે. તેથી કોઈ બાજુએથી સગવડ[1] નથી રહી.

હિંદી પરમિટ બાબત કૉલોનિયલ સેક્રેટરીની પાસે ડેપ્યુટેશન જવાનું છે. એમ ધારવામાં આવે છે કે કંઈક રાહત તો મળશે જ. જોહાનિસબર્ગમાં એક વખત કોઈ અમલદાર પરમિટ વગેરે આપવાને આવશે એવો સંભવ છે.

મિ. ચમની પ્રોટેક્ટર ઑફ એશિયાટિક આવી પહોંચ્યા છે ને પોતાનો હોદ્દો લીધો છે.

મલાઈ લોકેશન બાબત ડેપ્યુટેશન લેવાની લેફ્ટન્ટ ગવર્નરે હા પાડી છે. થોડા દિવસમાં મળશે.

લૉર્ડ સેલબૉર્ન મસેરૂથી પાછા ફર્યા છે. તેમને મસેરૂમાં મળવાને લગભગ ૨૦,૦૦૦ બસુટો કાફર મળ્યા હતા. આ કાફરો ઘણા હોશિયાર છે. તેઓને પોતાની પાર્લમેન્ટ છે, કે જે પીટસો કહેવાય છે. પીટસોનો શૉર્ટહૅન્ડ રિપોર્ટર તે બસુટો છે. અને લૉર્ડ સેલબૉર્ને ભાષણ કર્યું તેનો હેવાલ તે કાફર રિપોર્ટરે ઉતાર્યો હતો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

૨૩૦. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
રવિવાર [માર્ચ ૪, ૧૯૦૬]

ચિ. છગનલાલ,

તમારું કર્તવ્ય જરાય ન ચૂકશો. ચોપડાની સ્થિતિ બરોબર થવાની પૂરી જરૂર છે. બેલેન્સશીટ નીકળવો જોઈએ. કૉરસપોન્ડન્સમાં મિ. બીનની મદદ લેવી. ગુજરાતીમાં હેમચંદને જોડવો. હેમચંદને બિલકુલ ડરબનમાં રાખવાની જરૂર નથી. કલ્યાણદાસને હાલ તુરત નહીં મોકલી શકું. 'બ્રાયન ગેબ્રિયલ ઘણું' કરીને આવશે. જો તેમ થશે તો ઠીક છે. આપણને કંઈક માણસની તાણ રહે છે તે મટશે. તમારો બોજો કેમ ઉતારવો તે તમે જ વધારે જાણી શકશો. ડરબન માત્ર એક જ દિવસ જશો તોપણ હાલ તુરત બસ છે. મુખ્ય કામ ઉઘરાણીનું કરવાનું છે.

ગુજરાતી એડિટિંગમાં જેમ ઇંગ્રેજી છે તેમ રાખવું જોઈએ. ટીકા એટલે લીડિંગ આર્ટિકલ પહેલા, ત્યાર પછી નાના પણ લીડિંગ આર્ટિકલ. ત્યાર બાદ મોટા વિષયોના તરજુમા વ. પછી "જોહાનિસબર્ગનો કાગળ" એમ કાગળો અને છેવટે રૂટરના તાર.

કાફરોના બળવાનું લખાણ તમે પહેલું મૂકયું હતું તેમ નહોતું થવું જોઈતું, કેમ કે તે ખબરોના વિભાગમાં આવવું જોઈતું હતું. કાફરોના બળવાનો સવાલ મેં તમને સોંપ્યો છે

૧. વેપારના પુનરોદ્ધાર માટે, જુઓ પા. ૨૩૨-૩૩.

Gandhi Heritage Portal

એટલે હું તેની ઉપર લક્ષ નથી આપતો. પણ તમારે તેનો બરોબર અભ્યાસ કરવાની જરૂર છે. જો તમે તેની નોંધ ટપકાવી લો તો ગુરુવારે છેવટ સુધીના ખબરનું એક કૉલમ અથવા વધારે આપી શકો છો. ઉપરના નિયમ પ્રમાણે આ વખતે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસને તે લીડિંગ આર્ટિકલ છે. છેવટે આપણે ગુજરાતીનું સાંકળિયું આપવાનું છે.

હાજી સુલેમાન શાહ મહમદની જાહેરખબર આપણને નહીં મળે. એટલે તે કાઢી નાખજો. મિ. ગુલનું અરધું કરજો. તેણે આજીજી કરી એમ માગી લીધું છે. તેની સ્થિતિ હાલ સારી નથી. કેપટાઉનથી ઘણી જાહેરખબર જશે એમ હવે જોઉં છું. પણ તેથી જરાયે ગભરાતો નથી. બીજા મળશે. હું મારો પ્રયાસ જારી જ રાખું છું.

મિ. આઈઝેક આ માસમાં ત્યાં આવી પહોંચશે. તેને સારુ ટેબલ-ખુરશી આપણી ઑફિસમાં રાખજો.

મોહનદાસના આશીર્વાદ

[તા.ક.]

મિ. અ. કાદિરના ભાષણનો તરજુમો તમે કરશો એમ ધારીને મેં નથી કર્યો. તમે કરજો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૧૪

૨૩૧. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
માર્ચ ૫, ૧૯૦૬

ચિ. છગનલાલ,

કલ્યાણદાસ પરનો તમારો પત્ર મેં વાંચ્યો છે. હું સમજું છું કે આર. પીરખાન આપેલા ઑર્ડરોનું કામ તમારી પાસે કરાવવા ઇચ્છતા નથી કારણ કે તે પૂરા કરવાનો વખત વીતી ગયો છે. ટ્રાન્સવાલના કયા ઑર્ડરો હજી બાકી છે તે મને જણાવો. કયા ઑર્ડરોના આપેલા ભાવમાં, કામ બહારથી કરાવી લેવાનું હોવાથી, ફેરફાર કરવો પડશે અને તે તફાવત કેટલો હશે તે પણ મને જણાવો.

ગઈ સાંજે મને મિસ ન્યુફિલએસ મળ્યાં હતાં. તેમણે કહ્યું કે ઇન્ડિયન ઓપીનિયન તેમને પહેલે અઠવાડિયે પાછલા અંકો સહિત મળ્યું, પરંતુ ત્યાર પછી બિલકુલ મળતું નથી. તમને યાદ હશે કે એક હિંદી રેસ્ટોરાંવાળાના ઑર્ડર બાબત મેં તમને તાર કર્યો છે. મેં તમને કહ્યું હતું કે મેં એ માણસને વચન આપ્યું છે કે આજે અથવા તે પહેલાં એને જાહેરાતો મળી જશે. તેથી તેણે આજે આવીને તપાસ કરી. જ્યારે હું ફિનિક્સ આવ્યો હતો ત્યારે તમે એ વાત કાઢી નહોતી, અને કાર્યાલયને તમે લખેલો કોઈ કાગળ પણ મારા જોવામાં આવ્યો નથી. હું ધારું છું કે મેં મારા પત્રમાં તમને જણાવેલું કે જો એ કામ તમે વખતસર કરી શકો એમ નહીં હોય તો એ તમારે લેવો નહોતો જોઈતો. જો તમે મને હજી તાર ન કર્યો હોય તો જણાવો કે આમાં શું કરવાનું છે. આજે હું તમને એક નાટક કંપનીનો ઑર્ડર મોકલીશ. કંપની આવતા બુધવારે ખેલ કરનાર છે. સ્વાભાવિક રીતે જ તેમને તે પહેલાં હૅન્ડબિલ અને કાર્યક્રમ જોઈશે.

Gandhi Heritage Portal



ઘરનો સ્કેચ

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

તેથી જો એ કામ લેવાનું અશક્ય લાગે તો તે કામ હાથ ધરતાં પહેલાં મને તાર કરજો. એક વાર વચન આપ્યા પછી તે પાળવાને હું અત્યંત ઇંતેજાર હોઉં છું.

મોહનદાસના આશીર્વાદ

શ્રી સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन,
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : એસ. એન. ૪૩૧૫

૨૩૨. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
માર્ચ ૫, ૧૯૦૬

ચિ. છગનલાલ,

મિ. ગુલ મને લખે છે કે તેઓ કેપટાઉનના ગ્રાહકો અને જાહેરાત આપનારાઓની યાદીની રાહ જુએ છે. જો એ ન મોકલી હોય તો વિના વિલંબે મોકલશો એવી મને આશા છે.

મિ. દાદા ઉસ્માન તમારી પાસે ઇંગ્લંડ, હિંદ અને દક્ષિણ આફ્રિકાનાં આગળ પડતાં વર્તમાનપત્રોનાં નામ માગશે. આપણે જેમને इन्डियन ओपीनियन મોકલીએ છીએ તે વર્તમાનપત્રોની યાદી કરવાનું તમે હેમચંદને કહેજો અને તે મિ. દાદા ઉસ્માનને આપશો.

બહારનું કામ લેતી વખતે રોકડાં નાણાં લીધા સિવાય અજાણ્યા લોકનું કામ ન લેવાનો આગ્રહ રાખજો. ના પાડતાં બિલકુલ અચકાવું ન જોઈએ. ઉધાર કામ તેમનું લઈએ જેઓ નિયમિત ગ્રાહક હોય, પ્રતિષ્ઠિત હોય અને આપણા પત્રને મદદ કરનારા હોય. એ સંબંધી જરા પણ શંકા-કુશંકામાં રહેવું નહીં.

હું જોઉં છું કે ડેલાગોઆ બે વિષેનો મિ. ઉમરનો લેખ પ્રસિદ્ધ થયો નથી. આવતે અઠવાડિયે તે આવશે એમ માનું છું. એમનો બીજો લેખ મેં ગઈ કાલે મોકલ્યો છે. તે અલબત્ત આવતા અઠવાડિયા માટે ખાસ અનામત રાખવો જોઈએ.

હું જોઉં છું કે તમે અબદુલ કાદિરવાળી સભાનો[1] હેવાલ અને માનપત્રનો અનુવાદ આ અઠવાડિયાના અંકમાં આપવાનું જાહેર કર્યું નથી. છતાં હું માનું છું કે તમે એ પ્રસિદ્ધ કરવાના છો.

મોહનદાસના આશીર્વાદ

શ્રી સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन,
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : એસ. એન. ૪૩૧૬

૧. જુઓ પા. ૨૩૪.

Gandhi Heritage Portal

૨૩૩. એ. જે. બીનને પત્ર

જોહાનિસબર્ગ,
માર્ચ ૫, ૧૯૦૬

પ્રિય મિ. બીન,

હું ધારું છું કે બ્રાયન ગેબ્રિયલ માસને અંતે કામ પર આવી જશે. ઓરચર્ડ રહે છે તે ઘરમાં પોતે શા ફેરફાર કરાવવા ઇચ્છે તેનો નકશો[૧] એણે મોકલ્યો છે તે આ સાથે બીડયો છે. તમે એ જોઈને એ ફેરફારમાં કેટલા પૈસાનો ખર્ચ થાય એમ છે તે મને જણાવજો. એ ઘરમાં બાથરૂમ, જાજરૂ અને ટાંકી છે કે નહીં તે મને જણાવશો. છગનલાલે કામના વધારે પડતા બોજાની ફરિયાદ કરી છે, એટલે તેમને વધારે ત્રાસ ન થાય, તેટલા માટે જાણીજોઈને આ કામ તમને સોંપું છું. શકય હોય તો વળતી ટપાલે આનો જવાબ લખશો. હું આશા રાખું છું કે તમે મારા પત્ર[૨] પર વિચાર કરો છો અને મને અનુકૂળ ઉત્તર આપશો.

કયુનેનું પુસ્તક[૩] શનિવારે રવાના થવાનું હતું. હવે એ આજની ટપાલમાં મોકલું છું.

શુભેચ્છક,
મો. ક. ગાંધી

મિ. એ. જે. બીન
C/o इन्डियन ओपीनियन,
ફિનિકસ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૩૧૭

૨૩૪. એ. જે. બીનને પત્ર

જોહાનિસબર્ગ,
માર્ચ ૭, ૧૯૦૬

પ્રિય મિ; બીન,

મિ. મેનરિંગ બાબતનો તમારો પત્ર મળ્યો. તેની સાથેની વાતચીતને કારણે તેને પોતાની સ્થિતિ અનિશ્ચિત થયેલી લાગે છે, એ જાણી હું દિલગીર થયો છું. હું ત્યાં આવ્યો ત્યારે મારો ઇરાદો તેની સાથે વાત કરવાનો હતો, પણ મારી પાસે વખત ન હતો. હું છાપખાને ગયો ત્યારે વાત કરી શકું એવી સ્થિતિમાં નહોતો. બધાને મેં જે વાત કહ્યાનું કહેવાય છે તે પર હું વિચાર કરતો રહ્યો છું. મને યાદ છે ત્યાં સુધી સંજોગો આ પ્રમાણેના હતા. એ

૧. સામા પાન પર એ આપ્યો છે.
૨. આ મળતો નથી.
૩. धी न्यु सायन्स ऑफ हीलींग ऑर धी डॉक्ट्रीन ऑफ धी वननेस ऑफ ऑल डीझीझीझ: લેખક લુઈ કુન્હે.

Gandhi Heritage Portal

વખતે હું પિલ્લે કે બીજા કોઈ વિષે વાત કરતો હતો. મેં એમ તો કહ્યું જ હતું કે કોઈ શીખવતો હોય કે બીજું કંઈ કરતો હોય તે પૂરું થાય એટલે તેણે તરત જ જવું પડશે એવું માનવાની જરૂર નથી, અને જ્યાં સુધી છાપખાનામાં ખરેખર કામ જ ન હોય એવી સ્થિતિ આવે ત્યાં સુધી તો દરેક જણે માનવું જોઈએ કે પોતે છાપખાનામાં સહીસલામત છે. તે વખતે મિ. મેનરિંગ પગારના ધોરણે હતા કે યોજનામાં જોડાયેલા હતા એ હું જાણતો નથી, પણ જ્યારે તે યોજના છોડી ગયા અને ફરી પાછા આવ્યા ત્યારે તેને ખાતરી આપવામાં આવી નહોતી. હું માનું છું કે તેને જ્યારે લેવામાં આવ્યા ત્યારે મ છગનલાલને જણાવેલું — આ પત્ર[1] એમની પાસે હોવો જોઈએ — કે જો મિ. મેનરિંગને પાછા લેવામાં આવે તો માસિક ધોરણે લેવા. મારું કહેવું બરાબર ન હોય, પણ મને એવો ખ્યાલ છે. બેશક, મારો ઇરાદો કદી દરેક જણને, એટલે કે જે યોજનામાં જોડાયેલ ન હોય તેમને પણ એવી ખાતરી આપવાનો ન હતો કે તે કોઈ પણ સંજોગોમાં જે પગાર મળે છે તે પગારે પોતાને સલામત માને. હું કહેવા એટલું જ માગતો હતો કે જેનું સ્થાન લે તેવા બીજા ઊભા થયા હોય તેવા કોઈને પણ હાંકી કાઢવાનો જરા પણ ઇરાદો નહોતો. એ અભિપ્રાયને હું હજી પણ વળગી રહું છું. મિ. મેનરિંગ શું કરવા ઇરાદો રાખે છે તે હું જાણતો નથી. પણ મને લાગેવળગે છે ત્યાં સુધી હું ઇચ્છું છું કે ઓછામાં ઓછું આ વરસની આખર લગી માસિક ૮ પાઉંડના પગારે એણે ચાલુ રહેવું જોઈએ. એને વધારે પગાર મળવો જોઈએ એમ તમે માનો છો એ હું જાણું છું, અને જો યોજનાવાળા સંમત હોય તો મને સહેજ પણ વાંધો નથી. વિશેષમાં, જો યોજનાવાળા સંમતિ આપે તો તમે મને આ પત્રથી બંધાયેલો સમજજો, અને મિ. મેનરિંગ એટલી ખાતરી રાખે કે ભલે મારા અંગત અભિપ્રાયોમાં ગમે તે ફેરફાર થાય પણ, પોતે ઓછામાં ઓછું આ વરસની આખર સુધી તો પોતાની જગ્યાએ કાયમ છે. આ બાબતમાં હું મિ. મેનરિંગને પણ જુદું લખી જણાવું છું.[2]

શુભચિંતક,

મો. ક. ગાંધી

મિ. એ. જે. બીન
इन्डियन ओपीनियन,
फिनिक्स

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૩૧૮

૧. આ પ્રાપ્ય નથી.
૨. આ પત્ર પ્રાપ્ય નથી.

Gandhi Heritage Portal

૨૩૫. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
માર્ચ ૯, ૧૯૦૬

ચિ. છગનલાલ,

મિ. નાજરની મિલકત અંગેનાં નાણાં કોણે કોણે નથી ભર્યાં તેની યાદી તમે માગી છે. તમે આખી બાબતની યાદી નહોતી કરી? પાઉંડ ૧૫/૫ શેના છે તેની મને ખબર નથી. તમે મને બધાં બિલ ઓળખી કાઢ્યાનું કહ્યાનો ખ્યાલ છે. જો તમારી પાસે યાદી ન હોય તો હું તમને મોકલી શકીશ, પણ કોણે રકમ ભરી છે ને કોણે નથી ભરી તે હું કહી શકીશ નહીં; બેશક થાનુ મહારાજ પાસે તમારે તે લેવાની છે. ભટ્ટ અને સુભાબને તમારે તસ્દી આપવાની જરૂર નથી, પણ એમને ઓછામાં ઓછું પેલું ડિવિડંડ આપવાનું રહેશે. મિ. મિયાંખાન પાસે તમે ઉઘરાણી કરજો. કાગળ હું પાછો મોકલું છું.

આજે મળેલા તમારા ગુજરાતી પત્રમાં જણાવેલો પત્રવ્યવહાર મને મળ્યો નથી. હવે તે મળ્યો છે.[1]

ઉસ્માન આમદને હું લખીશ.

અલબત, ઇસ્લામ ગૅઝેટમાંથી આપણે ઉતારા કરવા માગતા નથી.

નાટક કંપનીવાળાનું કામ તમે કરી શકશો એ બાબતનો તમારો તાર મને મળ્યો છે. જો એ ન થઈ શકયું હોત તોપણ મને તો સંતોષ જ થાત. હું એટલું જ ઇચ્છું છું કે એક વાર વચન આપ્યા પછી તે પાળવાની તમે કાળજી રાખો. તમે કરી શકશો કે નહીં એ જાણ્યા વિના હું તો તમને અહીંથી કામ મોકલું, પરંતુ જો તમે તે કરી શકો એમ ન હોય તો ન કરવાનો તમને હંમેશ અધિકાર છે.

જો તમને ઉસ્માન આમદ તરફથી સંતોષ મળી શકતો નહીં હોય તો કામ સ્વીકારવાની તમારે ના પાડવી જોઈએ. એને પરિસ્થિતિ સ્પષ્ટ રીતે સમજાવજો કે અમારે બહાર કરાવેલાં કામનાં નાણાં રોકડાં ચૂકવવાં પડે છે. આપણે કશું ડરીને કરવાનું નથી. આપણે સામાને વાજબી રીતે જ ખુશ રાખવા છે અને આપણે જો તેને ખુશ રાખવામાં નિષ્ફળ જઈએ તો દોષ આપણો નહીં હોય. એટલે આપણે કરવાનું માત્ર એટલું જ છે કે બીજાને ખાતર આપણે અગવડ વેઠીએ, હંમેશ વિનયથી વર્તીએ અને આવશ્યક હોય ત્યારે મુશ્કેલી વેઠીએ. એથી વધારે આપણે કરવાનું ન હોય.

હજી મને કુવાડિયા અને પટેલના પત્રો મળ્યા નથી, પણ મળશે કે તરત હું તેમને નામંજૂર કરીશ, પરંતુ તેમના પત્રવ્યવહારના જવાબમાં તમને એક પત્ર આપીશ.

ભેટની નકલોનું ખર્ચ આપવા આપણે કૉંગ્રેસ કે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને કહી શકીએ નહીં, કહેવા માગતા પણ નથી.

મગનલાલ તરફથી તાર નથી એ ખેદની વાત છે.

૧. આ વાક્ય ગાંધીજીના હસ્તાક્ષરમાં ઉમેરેલું છે.

Gandhi Heritage Portal

હમણાં તો આપણે મિ. દાઉદ મહમદની છબી આપવા ઇચ્છતા નથી, પણ મિ. અબદુલ કાદિરની આપવી જોઈએ, પછી ભલે તે આવતે અઠવાડિયે આપીએ.

જાહેરખબર સિવાય ઉપાહારગૃહનું કોઈ બિલ તમે મને મોકલ્યું નથી. મારી સૂચના એવી હતી કે મને બિલ પણ મોકલવું. એ મને મોકલવાનું રાખશો. જ્યારે જ્યારે તમે ઑર્ડરનું કામ કરો ત્યારે તેનું બિલ મોકલવાની તમારે હંમેશ કાળજી રાખવી જોઈએ. કામ પહોંચાડવાની સાથે જ રોકડ નાણાં લેવાનાં હતાં. તમારા તરફથી બિલ જ ન મળ્યું હોય તો હું તે કેવી રીતે લઈ શકું?

મોહનદાસના આશીર્વાદ

બિડાણ[1]

શ્રી સી. કે. ગાંધી
इन्डियन ओपीनियन
फ़िनिक्स

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળી ટાઇપ કરેલી મૂળ નકલની છબી પરથી: એસ. એન. ૪૩૨૧

૨૩૬. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
માર્ચ ૯, ૧૯૦૬

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. મિ. બીન વિષે હું સમજ્યો છું. તમે એમને કાગળ નહીં આપ્યો તે ઠીક કર્યું છે. તેવી બાબતોમાં તમારા વિચાર હું હંમેશાં માગું છું. મિ. બીનને હું અત્યાગ્રહ કરવા નથી માગતો. મેં છેલ્લો કાગળ[2] કાલે લખ્યો છે. તે ઉપરાંત વધારે લખીશ નહીં. મિ. કિચિનને પણ રીતસર જ લખ્યું છે.[3] તેને વાસ્તે મને જરા લાગે છે કેમ કે તેના કહેવા પ્રમાણે તેને બધું ચૂંથવું પડશે. તેણે ખર્ચ ઘણું કર્યું છે. મારા મનમાં એમ હતું કે તે ફિનિકસથી જશે નહીં. એટલે જો તે રહે તો ઠીક એમ મનમાં થયા કરે છે. છતાં તેને પણ દુરાગ્રહથી રાખવાનો ઇરાદો નથી. તમે હવે મિ. બીનને વધારે સમજાવવાનું મૂકી દેશો તે ઠીક છે. હું મારા ઉદ્‌ગારો જણાવું તેમાંથી જેટલું યોગ્ય લાગે તેટલું જ અમલમાં લાવવું. એમ સમજીને જ અત્યંત છૂટથી ને જેમ મારા મનમાં વિચારો આવે છે તેમ જણાવું છું.

ચોપડા હવે બધા તમે જ રાખો છો તેથી કામમાં શી અસર થઈ છે? ચોપડા તુરત થાય એમ ઇચ્છું છું.

બ્રાયન ગેબ્રિયલ આ મહિનાને અંતે ત્યાં આવશે એમ લખે છે.

૧. આ પ્રાપ્ય નથી.
૨. અને ૩. અપ્રાપ્ય.

Gandhi Heritage Portal

મિ. કલ્યાણદાસને હાલ ત્યાં મોકલવાનું બનવું મુશ્કેલ જોઉં છું. મને બોજો ઘણો રહે છે. અને તેને મોકલવાથી બહુ વધે તેમ છે. વળી તે પોતે ત્યાં પ્રફુલ્લિત રહેશે કે નહીં એ પણ શંકા છે. છતાં જો શિયાળામાં બનશે તો મોકલીશ તે થોડી મુદતને સારુ.

ઓપીનિયનની ફાઈલ મોકલજો. મિ. આઈઝેકનો ઉપયોગ પુષ્કળ કરજો.

મોહનદાસના આશીર્વાદ

[તા.ક.]

સાથેનું નવું નામ છે તેના પૈસા નથી આવ્યા.

કાગળિયાં પહોંચ્યાં છે. તેમાંનાં કંઈ છાપવા જેવાં નથી. બન્ને પટેલને નીચે પ્રમાણે લખજો: "તમારો કાગળ મળ્યો. એવું લખાણ ઘણું આવે છે. એ ઓર્પાનિયનમાં છાપવાની જરૂર જણાતી નથી. તેથી સામસામાં લખાણ થાય છે ને ક્લેશ વધે છે. ઓપીનિયન મુખ્યત્વે કરીને પોલિટિકલ બાબત ચર્ચવાને તથા સાંસારિક બાબતને લગતું છાપું છે એટલે ધર્મ સંબંધી વિષયો બહુ દાખલ કરવા એ અયોગ્ય જણાય છે." આમ તેઓને પરબારા કાગળ લખજો. એ બાબત છાપામાં તેઓને જવાબ આપવાની જરૂર નથી. ઉસ્માન આમદને લખજો કે મેં તેને પરબારો કાગળ લખ્યો છે.

મોહનદાસ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૨૦

૨૩૭. સંસ્થાન મંત્રીને પત્ર

[ડરબન,
માર્ચ ૧૦, ૧૯૦૬ પહેલાં]

સંસ્થાન મંત્રી,
મૅરિત્સબર્ગ

સાહેબ,

ગયા મહિનાની ૨૭મી તારીખના નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયેલી, સરકારી જાહેરાત નં. ૧૫૦ વાંચીને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સમિતિને દુઃખ અને ચિંતા થઈ છે. એ જાહેરાત મુજબ ૧૯૦૬ના કાયદા નં. ૩ અનુસાર સુધારવામાં આવેલા ૧૯૦૩ના પ્રવાસી પ્રતિબંધક કાયદા નં. ૩૦ નીચે આપવામાં આવતાં જુદા જુદા પાસો અને સર્ટિફિકેટો માટે અમુક ફી ઠરાવવામાં આવી છે.

આ જાહેરાતમાં આપેલી ફીની યાદી સામે અમારી સમિતિ સાદર પણ દૃઢતાપૂર્વક વિરોધ જાહેર કરે છે.

અમારે કહેવાનું એ છે કે જેમને સંસ્થાનમાં રહેવાનો અથવા ત્યાંથી પસાર થવાનો હક છે એવા બ્રિટિશ હિંદીઓ ઉપરની આ ફી કરવેરા સમાન છે.

આ કાયદો પૂરેપૂરો નહીં તો મોટે ભાગે બ્રિટિશ હિંદીઓને લાગુ પડે છે એ જાણીતી વાત છે. એની રૂએ જે જુદાં જુદાં પાસો અને સર્ટિફિકેટો આપવામાં આવે છે તેમાં જેમને

Gandhi Heritage Portal

કાયદાની કલમો લાગુ પડે છે તેમનાં હિતનો નહીં, પણ જેઓ એ કલમોનો અમલ કરાવવા માગે છે તેમનાં હિતનો ખ્યાલ રાખવામાં આવે છે.

અમારી સમિતિ અત્યંત આદરપૂર્વક માને છે કે આ લાદવા ધારેલી ફી ખૂબ જ જુલમી છે.

અમારી સમિતિ સરકારને એ હકીકતની યાદ દેવડાવે છે કે મરહૂમ પરમ માનનીય હૅરી એસ્કમ્બના જીવનકાળ દરમિયાન મુલાકાતીઓના પાસ માટે એક પાઉંડની ફી લાદવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેથી, તેની સામે એક આદરપૂર્વકનો વિનંતીપત્ર મોકલવામાં આવ્યો, અને મરહૂમ પરમ માનનીય સજ્જને એ ફી લાદનારી જાહેરાત તરત પાછી ખેંચી લીધી હતી.

તે વખતે વતનહકના દાખલા માટે એક પાઉંડ ફી રખાઈ નહોતી.

વિશેષમાં, અમારી સમિતિ આપનું ધ્યાન એક એવી હકીકત પ્રત્યે ખેંચવા માગે છે કે સમુદ્ર કિનારાથી દૂર આવેલાં સંસ્થાનોમાં રહેતા હોય તેવા બ્રિટિશ હિંદીઓને સંસ્થાનમાંથી પસાર થવાના અધિકાર માટેની ૧ પાઉંડ ફી ભર્યા સિવાય કંઈ નહીં તો નાતાલમાંથી પસાર થવાનો હક છે.

વાસ્તવિક રીતે, સ્વાર્થદૃષ્ટિએ જોતાં પણ આવા બ્રિટિશ હિંદીઓ નાતાલ સરકારના રેલવેતંત્રને અમુક રકમની આવક કરાવી આપે છે, એ હકીકતનો ખ્યાલ કરીને પણ સરકારે ભારે ફી ન નાખવી જોઈએ.

૧૯૦૬ના કાયદા નં. ૩માં ૧ પાઉંડની ફીને વાજબી ગણવામાં આવી છે. મારી સમિતિની રજૂઆત એવી છે કે મુલાકાતી પાસ માટે કે વહાણમાં બેસવાના પાસ માટે અગર વતનહકના પ્રમાણપત્ર માટે ૧ પાઉંડ ફી કદી વાજબી લેખી શકાય નહીં. જો વતનહકવાળા બ્રિટિશ હિંદીની પત્નીને સંસ્થાનમાં રહેવા કે પ્રવેશવાનો અધિકાર હોય અને જો કેળવણીવિષયક કસોટીમાં સંતોષ આપનાર હિંદીને સંસ્થાનમાં પ્રવેશ કરવાનો અધિકાર હોય તો, સમિતિના નમ્ર મત મુજબ, વતનહકવાળા હિંદીની પત્નીએ અથવા કેળવાયેલા હિંદીએ પોતે કાયદાના માન્ય અર્થ મુજબ પ્રતિબંધિત પ્રવાસી ન ગણાવા માટે છેવટે પાંચ શિલિંગ કરરૂપે ભરવા પડે એ માત્ર મુસીબત નથી, અપમાન પણ છે.

'ટ્રાન્ઝિટ પાસ'નો અર્થ અમારી સમિતિ સમજી શકતી નથી.

અમારી સમિતિને વિશ્વાસ છે કે સરકાર પ્રસ્તુત જાહેરાત પાછી ખેંચી લેશે અને અત્યાર લગી લેવાતી ફી ચાલુ રહેવા દેશે.

અમારી સમિતિ આશા રાખે છે કે આપ આ ફરિયાદ પર જલદી ધ્યાન આપશો કેમ કે આ બાબત તાકીદની છે.

આપના આજ્ઞાંકિત,

ઓ. એચ. એ. જોહરી

એમ. સી. આંગળિયા

સંયુક્ત માનદ મંત્રીઓ, ના.ઇ.કૉં.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

૨૩૮. "એશિયાઈ લોકોનો દરોડો"

ગયે અઠવાડિયે દક્ષિણ આફ્રિકાનાં સંયુક્ત વેપારી મંડળો (ઍસોસિયેટેડ ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઑફ સાઉથ આફ્રિકા)ની કૉંગ્રેસ ડરબનમાં મળી હતી. તેણે ફરીથી હિંદીઓ વિષે એક ઠરાવ પસાર કર્યો છે. પ્રિટોરિયાવાસી મિ. ઈ. એફ. બોર્કે દરખાસ્ત મૂકી કે,

> દક્ષિણ આફ્રિકાનાં સંયુક્ત વેપારી મંડળોની આ કૉંગ્રેસ સમગ્ર દક્ષિણ આફ્રિકાના વેપાર ઉપર એશિયાઈઓના એકધારા દરોડાને કારણે થતી વધારે ને વધારે નુકસાનકારક અસરને ભયની નજરે જુએ છે, અને પોતાની એવી દૃઢ માન્યતા વ્યક્ત કરવા ઇચ્છે છે કે, દક્ષિણ આફ્રિકાની ગોરી વસ્તીના હિતાર્થે દક્ષિણ આફ્રિકાની જુદી જુદી સરકારોએ સહેજ પણ વિલંબ વિના એકત્રિત થઈ પગલાં લેવાનું અત્યંત આવશ્યક છે.

મિ. જી. મિચ્ચેલે સુધારો મૂક્યો કે, "નિરંતર" શબ્દ કાઢી નાખવો, અને ઠરાવ એ શબ્દ વિના પસાર થયો. સંયુક્ત વેપારી મંડળોની કૉંગ્રેસ જેવી મહત્ત્વની સંસ્થાએ પસાર કરેલા આ પ્રકારના ઠરાવનું વજન અચૂક પડે. અને જોકે ઠરાવને હકીકતમાં કોઈ પાયો નથી, છતાં તેનો ઉપયોગ દક્ષિણ આફ્રિકાનાં વેપારી મંડળોએ પ્રગટ કરેલા પ્રમાણભૂત અભિપ્રાય તરીકે કરવામાં આવે એવો ભય રહે છે.

જો ઠરાવને શાંતિથી તપાસીએ તો જણાશે કે એશિયાઈઓનો પ્રવેશ સમગ્ર દક્ષિણ આફ્રિકાના વેપારને નુકસાન થાય એવી અસર કરી શકે એમ નથી. કારણ કે હિંદી પ્રવાસીઓ ગમે તેટલા ગરીબ હશે પણ આખરે તેઓ ઘરાકો રહેવાના; પરંતુ અમારો ખ્યાલ છે કે ઠરાવ ઘડનારાઓનો ઇરાદો એવું કહેવાનો હતો કે હિંદીઓના દરોડાને લીધે હિંદી વેપારીઓની સંખ્યા વધી છે અને તેથી એવી અસર થવા પામી છે. હિંદીઓનો દરોડો તેમ જ હિંદીઓનો વેપાર એ બંને પ્રશ્નો અમે આ કટારોમાં અનેક વાર ચર્ચી ચૂક્યા છીએ, છતાં વક્તાઓ સાચી પરિસ્થિતિ બાબતમાં કેવી ખોટી માહિતી ધરાવે છે તે દર્શાવવા અમે એ પ્રશ્નો ફરી ચર્ચવા માગીએ છીએ. કેપ સંસ્થાન અને નાતાલને સંબંધ છે ત્યાં સુધી, પ્રવાસી કચેરીના રોજબરોજના કાગળપત્રો દેખાડી આપે છે કે હિંદી લોકોના પ્રવેશ સામે અત્યંત અસરકારક નિયંત્રણ ઊભાં કરવામાં આવ્યાં છે, અને એ નિયંત્રણોનો અમલ કરવાની રીત રોજ ને રોજ વધારે ને વધારે ત્રાસદાયક બનાવાતી જાય છે. અન્ય કટારમાં અમે પ્રોફેસર પરમાનંદનો પત્ર[1] પ્રગટ કરીએ છીએ. તે પરથી જણાશે કે પ્રવાસ અધિકારીઓ કોઈનું પણ વ્યક્તિ તરીકે માન જાળવે એવા નથી. પૉર્ટ એલિઝાબેથ પર પગ મૂકવા દેવામાં આવ્યો તે પહેલાં એ વિદ્વાન પ્રોફેસર, જેમનું નામ તથા કીર્તિ એમના આગમન પહેલાં અહીં પહોંચી ચૂક્યાં હતાં, તેમને કેળવણીવિષયક કસોટીમાંથી પસાર થવું પડયું હતું. સખતાઈ આનાથી વધારે હોઈ શકે ખરી?

આ ગણતરીમાં ઑરેન્જ રીવર કૉલોની તો બિલકુલ આવતું જ નથી, કેમ કે કોઈએ કદી એવો ઇશારો કર્યો નથી કે ત્યાં નામ દેવા જેટલી પણ હિંદી વસ્તી કે તેટલો હિંદી વેપાર મોજૂદ છે અને છતાં આપણે જોઈએ છીએ કે ઠરાવ તો સમગ્ર દક્ષિણ આફ્રિકાને લાગુ પડે છે.

૧. અહીં ઉતાર્યો નથી.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલ બાબત, લૉર્ડ સેલબૉર્ને તથા બીજા સરકારી અમલદારોએ ભારપૂર્વક અનેક વાર કહ્યું છે કે ટ્રાન્સવાલમાં કોઈ બિનશરણાર્થી બ્રિટિશ હિંદીને દાખલ થવા દેવામાં આવતા નથી. અમારી પરવાનાની બેડી[1] આ વાતનો પુરાવો આપશે.

એક વક્તાએ કહ્યું કે સલાહકારક મંડળો નિમાઈ ચૂક્યાં છે એ હકીકત બતાવી આપે છે કે દરોડો ચાલુ છે. એ વક્તાને જણાવવાની અમે રજા લઈશું કે મંડળો દરોડો ચાલુ છે તેથી નહીં, પણ ટ્રાન્સવાલમાં અમુક હિત ધરાવતા લોકોએ ઉપાડેલી ચળવળના ઉત્તરરૂપે નીમવામાં આવ્યાં છે. અને તેમાં હિંદી શરણાર્થીઓની લાગણી તથા સગવડની સદંતર ઉપેક્ષા કરવામાં આવી છે. આજ સુધી પરવાના અમલદારોએ કર્યું છે તેના કરતાં એ મંડળો કોઈ રીતે વધારે અસરકારક કામ કરી શકે એમ નથી. એ જ વક્તાએ આગળ ચાલતાં કહ્યું કે પોતે "પુરાવો આપી શકે એમ છે કે અમુક એશિયાઈઓ ગેરકાયદેસર રીતે દાખલ થાય છે એની સરકારને માહિતી છે." આ કથન કાં તો સાચું છે, અગર ખોટું છે. જો એ સાચું હોય તો સરકાર પ્રત્યે તેમ જ હિંદી જનતા પ્રત્યે વક્તાની ફરજ છે કે એમણે નામો સહિત વિગતવાર માહિતી આપવી જોઈએ; જો ખોટું હોય તો પ્રામાણિક સજ્જન તરીકે એમણે એ કથન પાછું ખેંચવું જોઈએ. સંયુક્ત વેપારી મંડળની કૉંગ્રેસ સમક્ષ હકીકતોના ટેકા વિના કરવામાં આવેલાં આ પ્રકારનાં ગંભીર કથન પડકાર્યા વિના નહીં જવા દઈ શકાય અને અમે ભારપૂર્વક કહીએ છીએ કે, વક્તા જેનો ઉલ્લેખ કરે છે તેવો હિંદીઓનો ગેરકાયદે ધસારો ટ્રાન્સવાલમાં થયો જ નથી. અહીં અમે એ હકીકત તરફ જાહેર જનતાનું ધ્યાન દોરવા ઇચ્છીએ છીએ કે જોહાનિસબર્ગના બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને આ બાબતમાં જાહેર તપાસ કરવા માગણી કરી હતી પણ સરકારે તે સ્વીકારી નથી, કેમ કે સરકારને પૂરેપૂરી ખાતરી હતી કે એવો ધસારો થયો જ નથી. નાતાલમાં હિંદી લોકના વેપારમાં થયેલા કહેવાતા વધારા બાબત જણાવવાનું કે હિંદીઓના વેપારી પરવાના પર ખરેખર અત્યંત અસરકારક ને જુલમગાર અંકુશ મૂકવામાં આવ્યો છે. કૉંગ્રેસના સભ્યોને જાણ હોવી જ જોઈએ કે નાતાલનો વેપારી પરવાના કાનૂન દરેક હિંદી વેપારીને સંપૂર્ણ રીતે પરવાના અમલદારની દયા પર છોડી દે છે. તેઓ એ પણ જાણતા હશે કે લાંબા વખતથી વેપાર કરતા બે[2] હિંદી વેપારીઓના પરવાના મનસ્વી રીતે છીનવી લેવામાં આવ્યા છે; જોકે હકીકતમાં તેઓ યુરોપિયનો સાથે વેપારમાં હરીફાઈ સિક્કે કરતા નહોતા.

ટ્રાન્સવાલમાં પણ હિંદીઓની સ્થિતિ આનાથી સારી નથી. કારણ કદાચ એ છે કે ત્યાં હિંદી વસ્તી નાતાલમાં છે તેટલી મોટી નથી, અને શરણાર્થીઓને પણ એ સંસ્થાનમાં દાખલ થતાં મુશ્કેલી નડે છે. સાથે સાથે, અમને એ વાત સ્વીકારવામાં કોઈ હરકત નથી કે કસોટીના મુકદ્દમામાં સુપ્રિમ કોર્ટે જે ચુકાદો આપ્યો છે તેને લઈને બેશક, નોંધપાત્ર નહીં હોય તોપણ, અમુક અંશે, હિંદી પરવાનાની સંખ્યા વધવા પામી છે; પરંતુ, હિંદીઓએ, ૧૮૮૫નો કાયદો નં. ૩ તથા તમામ વર્ગલક્ષી ધારા રદ કરવામાં આવે, તો અમે નવા વેપારી પરવાનાનું નિયંત્રણ, નગરપાલિકાની સમિતિઓને સોંપવાનો સિદ્ધાંત સ્વીકારીશું, એવું કહીને પોતાનો સંયમ બતાવી આપ્યો છે. પ્રસ્તુત ઠરાવની ચર્ચામાં જે આઠ વક્તાઓએ ભાગ લીધો તે પૈકીના માત્ર બે જ કેપ ટાઉનના હતા, અને એમણે હિંદી વેપારના કારણે યુરોપિયનોના વેપાર પર કોઈ પણ રીતની અસર પડે છે,

૧. જુઓ પા. ૨૩૦.
૨. દાદા ઉસ્માન અને હુંડામલ; જુઓ પુસ્તક ૩, પા. ૧૯–૨૪ અને પુસ્તક ૪, પા. ૪૦૬–૭.

Gandhi Heritage Portal

એવું બતાવવા હકીકતો કે આંકડા રજૂ કર્યા જણાતા નથી એ નોંધપાત્ર છે. આ રીતે, દરેક દૃષ્ટિબિંદુથી તપાસી જોતાં, ઠરાવ બિલકુલ બીનજરૂરી છે, અને તે હકીકતોના પાયા પર રચાયેલો નથી. ટ્રાન્સવાલના લોકોના મોં આગળ જે એકમાત્ર સાચો ઉપાય રહેલો છે તે કબૂલ રાખવાની તેમણે આજ સુધી ના પાડી છે. એ પણ નોંધપાત્ર છે કે આઠ વક્તાઓ પૈકીના પાંચ ટ્રાન્સવાલના હતા; અને સ્પષ્ટપણે આ ઠરાવ, એમાં કહેવાયું છે તે પ્રમાણે, આફ્રિકાના એકંદર હિતમાં નહીં, પણ માત્ર ટ્રાન્સવાલના હિતમાં કરવામાં આવ્યો છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

૨૩૯. દક્ષિણ આફ્રિકાની તકલીફના બે દાખલા

પ્રોફેસર પરમાનંદનો કાગળ અમે અમારા અંગ્રેજી વિભાગમાં છાપ્યો છે. તે ઉપરથી જણાય છે કે કેપ જતાં તેમની પરીક્ષા લીધા બાદ તેમને ઊતરવા દીધા હતા. પોતે વિદ્વાન છે. પોતે પહેલા વર્ગના ઉતારુ છે, અને પોતાના બોલવા ઉપરથી જ માણસ સમજી શકે કે પોતે અંગ્રેજી સારું જાણે છે, છતાં અમલદારે માત્ર અપમાન કરવાને ખાતર જ તેમની પરીક્ષા લીધી.

બીજો દાખલો મિ. ઉમર હાજી આમદ ઝવેરીનો છે. મિ. ઝવેરી તારીખ પહેલીએ ડરબનથી ટ્રાન્સવાલ સારુ ઊપડયા. તેઓને ટ્રાન્સવાલની સરહદ પર પરમિટ બતાવવી પડી. આ કંઈ નવાઈનું નથી, પણ તે ઉપરાંતે અંગૂઠો પણ પડાવ્યો. આ પ્રમાણે કરવાની કશી જરૂર ન હતી. તેથી કાંઈ પરમિટવાળાને લાભ થયો એમ કહેવાય નહીં, છતાં પરમિટ તપાસનારને એવો હુકમ હશે તેથી તેણે મિ. ઝવેરીની લાગણી નકામી દુ:ખાવી.

જ્યારે જાપાનના મિ. નોમુરા ઉપર આવી જાતના હાલ પડયા હતા ત્યારે આખું દક્ષિણ આફ્રિકા ગાજી રહ્યું હતું. મિ. નોમુરા એ ગૃહસ્થ હતા, પણ તેમની પાયરી પ્રોફેસર પરમાનંદ અથવા મિ. ઝવેરીથી જરાયે ચઢતી ન હતી. તફાવત એટલો જ કે પ્રોફેસર તથા મિ. ઝવેરી એ બ્રિટિશ રૈયત એટલે તેમના અપમાનની કોઈ દરકાર કરતું નથી. મિ. નોમુરાની પછવાડે પૂછનાર જબરું જાપાન છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

Gandhi Heritage Portal

૨૪૦. શરમજનક

ગઈ તા. ૨૭ ફેબ્રુઆરીના નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રવાસી પ્રતિબંધક કાયદા હેઠળની એક જાહેરાત છપાઈ છે. એ કાયદો જેમને લાગુ પડે છે તેમણે કઢાવવાનાં જુદાં જુદાં ખતપત્રો માટે એ જાહેરાત જુદી જુદી ફી નાખવા માગે છે. નામની ફી રહે તો અમને વાંધો નથી, આમ છતાં જૂજમાં જૂજ રકમ પણ વસૂલ કરવાના કાયદેસરપણા વિષે અમને શંકા છે. પરંતુ પ્રસ્તુત જાહેરાત તો નાતાલ સંસ્થાનની ખાલી તિજોરી ભરી કાઢવાનો શરમજનક પ્રયાસ સિવાય બીજું કંઈ નથી. વતનહકનો દાખલો, મુલાકાતી પાસ, વહાણમાં બેસવા દેવાનો પાસ, આ દરેકની કિંમત એક પાઉંડ છે. કેળવણીની કસોટી પાસ કરવાની લાયકાતનો દાખલો, પત્ની માટેનો કર મુક્તિનો દાખલો, અને અવરજવરનો પાસ (તેનો જે અર્થ થતો હોય તે ખરો), આ દરેક માટે પાંચ પાંચ શિલિંગ છે. આમ, કોઈ હિંદી નાતાલમાં દાખલ થવાનો અથવા એ સંસ્થાનમાં વસવાનો કાયદેસર હકદાર હોય તોપણ તે હવેથી એને માટેની કિંમત ચૂકવ્યા વિના તેમ કરી શકશે નહીં.

આ પ્રકારનો કર ઠોકી બેસાડવાનો પ્રયાસ ૧૮૯૭માં થયેલો, પણ તે સામે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે કરેલો વિરોધ વાજબી માનીને મરહૂમ પરમ માનનીય એચ. એસકમ્બે[1] તરત જ એ કર પાછો ખેંચી લીધો હતો.

આ જાહેરાતના ઘડનારાઓને ખ્યાલ હોય એવું જણાતું નથી કે હિંદીઓ પાસેથી ભારે ફી પડાવવાથી સંસ્થાનની ખોટ નક્કી પુરાશે જ એવું કશું નથી. ટ્રાન્સવાલમાં રહેતો હિંદી હિંદ પાછો જવા ઇચ્છે છે. તે કેપ સંસ્થાન, ડરબન અગર ડેલાગોઆ બે વચ્ચે થઈને જ જઈ શકે. મોટા ભાગના લોકો ડરબનને માર્ગે જાય છે. હિંદી પ્રવાસીઓની અવરજવર કાંઈ મામૂલી વાત નથી. એટલે નાતાલમાં થઈને જતા હિંદી મુસાફરોની અવરજવરરૂપ સોનાનું ઈંડું મૂકનાર મરઘીને, હિંદીજન પાસેથી વધારાનો એક પાઉંડ કઢાવવાનો પ્રયાસ કરતાં પોતે મારી ન નાખે તેની નાતાલ સરકારે કાળજી રાખવી ઘટે. તેના પોતાના સ્વાર્થને ઉદ્દેશીને આટલું કહેવું બસ થશે.

ન્યાયની દૃષ્ટિએ જોતાં આ બાબત પૂરેપૂરી હિંદીઓની તરફેણની છે. પ્રવાસી પ્રતિબંધક કાયદો સૌ કોઈ રાષ્ટ્રના લોકોને લાગુ પડે છે એવું મનાય છે. પણ એનો અમલ, પૂરેપૂરો નહીં તો મુખ્યત્વે, હિંદીઓ સામે થાય છે. આથી, પ્રસ્તુત જાહેરાત દ્વારા જે ફી નાખવાનો ઇરાદો છે તે હિંદી કોમ ઉપરનો ખાસ કર બની જાય છે. સરકારની આર્થિક મૂંઝવણ પ્રત્યે અમને હમદર્દી છે, પણ રાજ્યની તિજોરી ભરવા એમણે અખત્યાર કરેલી પદ્ધતિને અમે ભાગ્યે જ સંમતિ આપી શકીએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १०–३–१९०६

૧. સર હેરી એસકમ્બ (૧૮૩૮–૧૮૯૯), નાતાલ સુપ્રિમ કોર્ટના અગ્રગણ્ય ધારાશાસ્ત્રી, અમુક સમય ઍટર્ની જનરલ અને વડા પ્રધાન, ૧૮૯૭.

Gandhi Heritage Portal

૨૪૧. માથાવેરા બાબત ફરિયાદ

અમારી ગુજરાતી કટારો પરથી જણાય છે કે યુરોપિયનો અને હિંદી કર ભરનારાઓ પ્રત્યેના વર્તાવમાં જે ભેદભાવ રાખવામાં આવે છે તેથી, માથાવેરો ભરવા જનાર હિંદીઓને ખૂબ ચીઢ ચઢે છે. એ રીતે હેરાન થયેલાઓ પૈકી એક જણ લખે છે:

> જ્યારે યુરોપિયન માથાવેરો ભરવા જાય છે ત્યારે એને પાંચ મિનિટ પણ રોકાવું પડતું નથી, પણ પૈસા ભરીને કામ પતાવવામાં હિંદીઓને લગભગ આખો દિવસ જાય છે.

વેરો ભરનાર હિંદીઓને પૈસા ભરીને રસીદ મેળવવામાં લગભગ આખો દિવસ કાઢવો પડે છે એ જો વાત સાચી હોય તો સરકારે કરેલી વ્યવસ્થામાં કાંઈક મોટી ખામી રહેલી છે, અને અમે આ ફરિયાદ તરફ અધિકારીઓનું ધ્યાન ખેંચીએ છીએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १०–३–१९०६

૨૪૨. જર્મન ઈસ્ટ આફ્રિકા લાઈનની સ્ટીમરોના હિંદી પ્રવાસીઓ

સ્ટીમર સોમાલીએ ડરબનની છેલ્લી સફર કરી તે દરમિયાન પ્રવાસીઓને પડેલી અગવડ તરફ, અમારી ગુજરાતી કટારોમાં, અનેક પત્રલેખકો ધ્યાન ખેંચે છે. તે પૈકી એક લખે છે:

> તા. ૨૦ જાન્યુઆરીએ ઊપડેલી સ્ટીમર સોમાલી પર ઉતારુઓને રાંધવા વગેરે બાબતમાં બહુ મુશ્કેલીઓ સહન કરવી પડી હતી. સ્ટીમર પરના નાવિકો પ્રવાસીઓની સગવડ જાળવવામાં તદ્દન બેદરકારી બતાવતા હતા, અને કપ્તાનને ફરિયાદ કરવામાં આવી તો તેણે પણ સાંભળ્યું નહીં.

ઉપરની ફરિયાદો પ્રત્યે અમે જર્મન ઈસ્ટ આફ્રિકા સ્ટીમર લાઈનના એજન્ટોનું ધ્યાન દોરીએ છીએ. તેમને કાંઈ ખુલાસો કરવાનો હોય તો તે અમે ખુશીથી છાપીશું. ગમે તેમ પણ અમને એટલો વિશ્વાસ છે કે પૂરેપૂરી તપાસ કરવામાં આવશે; અને હિંદીઓ આ સ્ટીમર લાઈનને ઘણો ટેકો આપે છે તે જોતાં, સ્વાર્થની દૃષ્ટિ મુજબ પણ હિંદીઓનો ખ્યાલ રાખવો જરૂરી છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १०–३–१९०६

Gandhi Heritage Portal

૨૪૩. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસમાં બહુ ફેરફાર થયા છે. મિ. અબદુલ કાદિર કૉંગ્રેસનું પ્રમુખપણું આઠ વરસ સુધી ભોગવ્યા બાદ દેશ વિદાય થયા છે. તેમની મુરાદો હાંસિલ થાય અને તેઓ સાહેબ પાછા સહીસલામત આવે એવું અમે ઇચ્છીએ છીએ. મિ. અબદુલ કાદિરને હિંદી પ્રજાએ સારું માન આપ્યું અને તે તેમને ઘટતું[1] હતું. તે માન આપી પ્રજાએ પોતે માન લીધું છે. ઘણા બોલનારાઓએ મિ. અબદુલ કાદિરની સખાવત ઉપર ભાર મૂકયો હતો તે તદ્દન વાજબી હતો. મિ. અબદુલ કાદિરે ખુરશીનું માન ગંભીરાઈથી અને નમ્રતાથી જાળવ્યું છે. તેમણે કૉંગ્રેસને સારા પાયા ઉપર લાવવામાં પૂરતો ભાગ લીધો છે. આ બધાંને સારુ તેઓ સાહેબને જેટલું માન અપાય તેટલું ઓછું ગણાય.

મિ. અબદુલ કાદિર ગયા તેની સાથે મિ. આદમજી મિયાંખાને પોતાનો જૉઇન્ટ ઑનરરી સેક્રેટરીનો હોદ્દો છોડયો. મિ. આદમજી હિંદી કોમમાં વેપારીવર્ગમાં, કેળવણી પામેલામાં ઘણા થોડામાંના એક છે. મિ. આદમજી જ્યારથી કૉંગ્રેસ સ્થપાઈ છે ત્યારથી તેની સેવા કરવામાં ભાગ લેતા આવ્યા છે. ૧૮૯૬ની સાલમાં જ્યારે આપણા લોકોની સ્થિતિ ઘણી ગંભીર હતી ત્યારે મિ. આદમજીએ ઘણી હોંશ, હોશિયારી તથા નરમાશથી કામ કર્યું હતું. તેમના વખતમાં કૉંગ્રેસના મેમ્બરોમાં ઘણી હોશ હતી. મિ. આદમજીએ તે થોડી મુદતમાં પા. ૧,૦૦૦ એકઠા કરવામાં મુખ્ય ભાગ લીધો હતો. એટલું જ નહીં પણ તેમણે રાજદ્વારી કામમાં તેટલી જ ખંત ધરાવી હતી. જ્યારે કુરલૅન્ડ ને નાદરી સ્ટીમરોની સામે ડરબનના માણસોએ બંડ[2] કર્યું હતું ત્યારે મિ. આદમજીએ ધીરજ રાખી ચુસ્ત રહી કામ લીધું હતું. ફરી જ્યારે મરહૂમ મિ. નાજરે તથા મિ. ખાને કૉંગ્રેસ સેક્રેટરીનો હોદ્દો છોડયો ત્યારે મિ. ઉમર હાજી આમદ ઝવેરીની સાથે મિ. આદમજી મિયાંખાન જૉઇન્ટ સેક્રેટરી નિમાયા ત્યારથી તે ગયા હફતા સુધી તેમણે કૉંગ્રેસની સેવા મિ. ઝવેરીની સાથે રહી બજાવી છે. મિ. આદમજીએ હોદ્દો છોડયો તેનું કારણ તેમની નરમ તબિયત તથા સુરતી ભાઈઓને તક મળે તે. મિ. આદમજી મિયાંખાનની નરમ તબિયત સારુ અમે દિલગીર છીએ અને ઈશ્વર પાસે માગીએ છીએ કે તેમને તંદુરસ્તી બક્ષે. મિ. આદમજીએ હોદ્દો છોડવાનું બીજું કારણ તે તેમને વધારે માન આપનારું છે. દેશનું ભલું થાય તે જ તેમણે મનમાં રાખેલું છે.

મિ. અબદુલ કાદિરની જગ્યાએ મિ. દાઉદ મહમદ પ્રમુખ નિમાયા છે. અને મિ. આદમજીની જગ્યાએ મિ. મહમદ કાસમ આંગલિયા નિમાયા છે. કૉંગ્રેસ હૉલમાં મળેલી મોટી સભાએ તેમને ઘણા ખુશીના પોકાર સાથે વધાવી લીધા છે. વેપારીવર્ગમાં વિશેષ ભાગ સુરતીનો છે. એટલે આ વખતે બે સુરતી ગૃહસ્થ એકસાથે મોટા હોદ્દા ઉપર આવ્યા છે એ વાસ્તવિક થયું છે. મિ. અબદુલ કાદિર તથા મિ. આદમજી જેવા બાહોશ માણસની ગાદી સાચવવી એ મુશ્કેલ કામ છે. પણ અમે આશા રાખીએ છીએ કે તે બન્ને સાહેબ કામ બરોબર ભજવશે.

૧. જુઓ "અબદુલ કાદિરની વિદાય વેળાનું ભાષણ", પા. ૨૩૪.
૨. ૧૩મી જાન્યુઆરી ૧૮૯૭, જુઓ પુસ્તક ૨, પા. ૧૧૩-૨૧.

Gandhi Heritage Portal

મિ. દાઉદ મહમદ કૉંગ્રેસના અગ્રેસર મેમ્બર મૂળથી જ છે. તેમણે કૉંગ્રેસની સેવા ઘણી સારી બજાવી છે. તેઓ સાહેબ કૉંગ્રેસના મંડળના અધિકારી સર્વથી પહેલા થયેલા હતા. તેમની હોશિયારી વિષે સૌ કોઈ જાણે છે. તેમનામાં ઘણા ગુણો છે. તે બધા જો તેઓ સાહેબ કૉંગ્રેસની સેવામાં વાપરશે તો અમને ખાતરી છે કે તેઓ સાહેબથી કૉંગ્રેસ દીપી નીકળશે.

મિ. મહમદ કાસમ આંગલિયાએ કેળવણી લીધેલી છે. તેમને રાજદ્વારી કામની માહિતી છે. અને જોકે તેમણે કૉંગ્રેસમાં આજ સુધી ઘણો ભાગ નથી લીધો તોપણ તેમનામાં સેક્રેટરીની લાયકાત છે. હાલ તુરતને સારુ કૉંગ્રેસના મેમ્બરોમાં પૂરો ઉત્સાહ છે. એ ઉત્સાહનો લાભ લઈ અમને ઉમેદ છે કે મિ. દાઉદ મહમદ તથા મિ. ઉમર હાજી આમદ ઝવેરી અને મિ. મહમદ કાસમ આંગલિયા કૉંગ્રેસનું કામ પૂરતી રીતે બજાવશે.

કૉંગ્રેસમાં ઉઘરાણું ઘણી મુદત થયાં નથી થયું. રાજદ્વારી કામ કેટલાંક કરવાની જરૂર છે. એ બધું મહેનત કરવાથી સહેજે થાય તેમ છે. જેમ ઈંગ્લંડમાં નવું પ્રધાનમંડળ છે તેમ કૉંગ્રેસમાં પણ નવું પ્રધાનમંડળ છે. મેળાપ એવો છે કે તેમાંથી સારું થવાની આશા રાખવાનો આપણને હક છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

૨૪૪. વ્રાઈહેડ નાતાલમાંથી પાછું નોખું પાડવાની હિલચાલ

લિબરલ પ્રધાનમંડળ વિલાયતમાં નિમાયાથી ડચ લોકો બહુ હિંમતમાં આવી ગયા છે ને એમ માને છે કે હવે તેઓ જે માંગશે તે મળી શકશે. વ્રાઈહેડ જ્યારે ટ્રાન્સવાલમાંથી કાઢી નાતાલમાં જોડી દેવામાં આવ્યું ત્યારે ડચ લોકોએ વાંધો ઉઠાવ્યો હતો પણ તે વાંધો ચાલ્યો નહીં. હવે તે લોકોએ પાછો મોટી અરજી મોકલવાનો ઠરાવ કર્યો છે. તેઓને નાતાલના કાયદા પસંદ નથી અને ટ્રાન્સવાલની સાથે રહેવું તેઓને ગમે છે. જો વ્રાઈહેડ ટ્રાન્સવાલમાં જોડાય તો હિંદીને બહુ લાભ છે. હાલ તો ટ્રાન્સવાલ તથા નાતાલ બન્નેના ખરાબ કાયદા તેની ઉપર લાગુ પડે છે ને બેમાંથી એકેના સારા કાયદાનો લાભ તેને મળતો નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

Gandhi Heritage Portal

૨૪૫. જૉન મોર્લી અને હિંદુસ્તાન

મિ. જૉન મોર્લી હિંદુસ્તાન બાબત બોલી ચૂકયા છે. તેઓ સાહેબને મિ. રૉબર્ટ્સે બંગાલના ભાગલા વિષે પૂછતાં તેમણે જવાબ આપ્યો કે બંગાલના ભાગ થઈ ચૂકયા છે. તેની સરહદ નક્કી કરવા બાબત લોકોની લાગણી દુખાવવી નહોતી જોઈતી. પણ હવે જે થઈ ગયું છે તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી. રાજ્યકારભારમાં ઘણા દહાડા ઉત્સાહ ચાલી રહ્યો હતો તેમાં હવે શાંતિ થવાની જરૂર છે. લોકોને રાજ્યકારભારમાં ભાગ આપવાનો વખત હજુ આવ્યો નથી. આ વચનો નિરાશા ઉપજાવનારાં છે. એનો અર્થ એ થયો કે બંગાળી પ્રજાને ઈનસાફ નહીં મળે, જોકે મિ. મોર્લીના હાથમાં પહેલેથી લગામ હોત તો વિભાગ પાડત નહીં. આ ઉપરથી જણાય છે કે મિ. મોર્લી બહુ હિંમતથી ડર્યા વિના જે કરવું જોઈએ તે કરશે એવી આશા રાખતા હતા તેનો ભંગ થયો છે. એટલે તેમાંથી સાર એ નીકળે છે કે તેમની કારકિર્દીમાં નવા કાયદાઓ થતી વેળા હિંદી પ્રજાની લાગણી ઉપર ધ્યાન દેવાશે. વળી મિ. મોર્લીએ જણાવ્યું કે આપણા લોકો રાજ્યકારભારમાં ભાગ લેવાને લાયક નથી. આવા તેમના બોલવાનો અર્થ એમ નીકળી શકે છે કે આપણે હજુ રાજ્ય કરવા લાયક નથી થયા. આવા બોલો ઉપરથી એમ અનુમાન બાંધી લેવું કે મિ. મોર્લી તરફથી હિંદુસ્તાનને કંઈ ફાયદો નહીં મળે એ વ્યાજબી નહીં ગણાય. પણ મિ. મોર્લીના વિચારો સાધારણ ઍંગ્લો ઇન્ડિયનને મળતા છે અને તેને ફેરવવા બાબત આપણે પ્રયત્ન પૂરતું કરતાં જ કંઈક તફાવત પડે. એવી આશા બાંધવી કે તેઓ સાહેબે આયર્લૅન્ડને સારુ બહુ મહેનત કરી તેથી આપણે સારુ પણ કરશે જ એ ફોકટ જણાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०–३–१९०६

૨૪૬. નાતાલમાં ડૉમિસાઈલ પાસ વગેરેના નવા ધારા

ફેબ્રુઆરી તા. ૨૭મીના નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં ધારા બહાર પડયા છે.

ઈમિગ્રેશન કાયદા પ્રમાણે જે માણસોને સર્ટિફિકેટ વગેરે જોઈએ તેની પાસેથી નીચે પ્રમાણે ફી લેવામાં આવશે.

	પા. શિ. પે.
એકઝેમ્પશન સર્ટિફિકેટ એટલે કોઈ માણસને ખાસ આવવાનો પરવાનો મળે તેના	૦–૫–૦
ભાષાજ્ઞાનનું સર્ટિફિકેટ આપવાના	૦–૫–૦
ડૉમિસાઈલ સર્ટિફિકેટના	૧–૦–૦
વિઝિટિંગ એટલે મુદતના પાસના	૧–૦–૦
એમબારકેશન એટલે સ્ટીમર ઉપર જવાના પાસના	૧–૦–૦
ઓરતને છૂટી પાસની	૦–૫–૦
નાતાલમાં થઈને જવાના સર્ટિફિકેટની	૦–૫–૦

Gandhi Heritage Portal

આ કર જો જારી રહે તો અતિશયે ખરાબ ગણાશે. અમને આશા છે કે આ કામ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તુરત હાથમાં લેશે.

આ પ્રમાણે કર નાંખવાનો વિચાર મરહૂમ મિ. હૅરી એસ્કમ્બે કરેલો પણ તે કર કૉંગ્રેસે સખત લખાણ કરેલું તેથી ખેંચી લેવામાં આવ્યો હતો.

નાતાલ ભિખારી થઈ ગયું છે. એટલે હવે સરકારે જ્યાં ત્યાંથી પૈસા એકઠા કરવાનાં ફાંફાં માર્યાં છે. આ કર નાંખવાનો નવો રસ્તો સરકારે શોધી કાઢ્યો છે. પોતાના હાથે પોતાના પગ ઉપર કુહાડી નાખવા જેવું થયું છે. ટ્રાન્સવાલમાં વસતા હિંદીને જ્યારે દેશ જવું હોય ત્યારે નાતાલ તે સહેલો રસ્તો છે. તેઓ નાતાલ થઈ જાય તેમાં સરકારને રેલવેની ઊપજમાં વધારો થાય. જો આ લોકો ડેલાગોઆ બે થી જાય તો તેટલી નાતાલની સરકારને ખોટ જવાનો સંભવ છે. અમને ઉમેદ છે કે આ પ્રમાણે જો દંડ ચાલુ રહેશે તો નાતાલ રેલવેનો હિંદી ઉતારુ બૉયકોટ કરશે ને ડેલાગોઆ બેનો રસ્તો લેશે.

આવો કર મૂકવાનો નાતાલની સરકારને જરાયે હક નથી. એ કાયદો અમલમાં લાવવો તે નાતાલના લોકોના સ્વાર્થને સારુ છે. એટલે તેનો બોજો કોઈની ઉપર પણ મૂકવો હોય તો તે બોજો ગોરા લોકોની ઉપર જોઈએ. કોઈ પણ હિંદીને થોડી મુદતને સારુ નાતાલમાં આવવું હોય તો તેને નાતાલની સરકાર મદદ કરવાને બંધાયેલી છે, નહીં કે તેનો દંડ કરે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-३-१९०६

૨૪૭. જોહાનિસબર્ગનો પત્ર

ટ્રામનો ટેસ્ટ કેસ

માર્ચ ૧૦, ૧૯૦૬

ટ્રામનો ટેસ્ટ કેસ ગયા બુધવારે મિ. કેર મૅજિસ્ટ્રેટ પાસે સંભળાયો. ફરિયાદી મિ. કુવાડિયા તરફથી મિ. ગાંધી હતા ને તહોમતદાર તરફથી ટાઉન કાઉન્સિલના વકીલ મિ. હાઈલ હાજર હતા. કેસ, ધર્મના વકીલ મિ. બ્લેનના હાથમાં હતો. તેણે કાળાધોળાનો ભેદ રાખ્યા વિના કેસ ઠીક ચલાવ્યો હતો. મિ. કુવાડિયાની જુબાનીમાં તેણે જણાવ્યું કે તેમને ટ્રામમાં બેસવાની તહોમતદારે ના પાડીને કહ્યું કે કાળા લોકોની ટ્રામમાં બેસજો તેથી આ કેસ લાવવો પડ્યો છે. આ હકીકત ટાઉન કાઉન્સિલના વકીલે કબૂલ રાખવાથી મિ. મૅકિન્ટાયરની જુબાની લેવાની જરૂર નહીં જણાઈ. તહોમતદારે જુબાની આપતાં કહ્યું કે તેને ટાઉન કાઉન્સિલ તરફથી હુકમ છે કે હિંદી અથવા બીજા કાળા આદમી જો નોકર ન હોય, અથવા નોકર હોઈ પોતાના ધણીની સાથે ન હોય, તો તેને ટ્રામ ઉપર બેસવા દેવા નહીં. તેથી તેણે ના પાડી હતી. ત્યાર બાદ મિ. બ્લેને ભાષણ કરતાં જણાવ્યું કે જોહાનિસબર્ગના ટ્રામવેના બાઈ લૉ પ્રમાણે હિંદીને ગમે તે ટ્રામ-ગાડી પર બેસવાનો હક છે. તેથી તહોમતદારે ગુનો કર્યો છે.

મિ. હાઈલે પોતાના ભાષણમાં કબૂલ કર્યું કે ટ્રામના બાઈ લૉમાં હિંદીને બેસવાની બંધી નથી. પણ બોઅરના વખતનો સૅનેટરી કમિટીનો કાયદો છે તે કાયદા પ્રમાણે કોઈ પણ કાળા માણસે ટ્રામ અથવા તો બસ કે કૅબ કે જે ખાસ ગોરાઓને સારુ હોય તેમાં બેસવું તે ગુનો છે. તે કાયદો આજ સુધી રદ નથી થયો. એટલે તેની રૂએ હિંદીને ટ્રામમાં બેસવાની બંધી થઈ

Gandhi Heritage Portal

શકે છે. મિ. બ્લેને જવાબમાં કહ્યું કે એ કાયદો હવે નથી લાગુ પડી શકતો અને જે બાઈ લૉ કાઉન્સિલે પસાર કર્યો છે તેની રૂએ હિંદીને હક છે. મિ. કેરે આ કેસનો ચુકાદો સોમવાર સુધી મુલતવી રાખ્યો છે. જો પરિણામ સોમવારે જણાશે તો હું ખબર આપીશ.

પાછળથી મળેલી ખબર પ્રમાણે આપણે ટ્રામનો કેસ જીત્યા છીએ ને મ્યુનિસિપાલિટીએ અપીલ કરી છે.

ગવર્નમેન્ટની હિલચાલ

રિસ્પોન્સિબલ ગવર્નમેન્ટનો ખળભળાટ હજુ જોહાનિસબર્ગમાં ચાલી રહ્યો છે. બોઅર લોકોની કમિટી તથા રિસ્પોન્સિબલ પાર્ટી અને પ્રોગ્રેસિવ પાર્ટીના મુખીઓ સર જ્યૉર્જ ફેરરના મકાનમાં મળ્યા હતા. તે એવા ઇરાદાથી કે ત્રણે પક્ષની વચ્ચે એકતા થાય તો ઠીક. આ મીટિંગમાં શું થયું તે હજુ બહાર નથી પડયું. પણ એમ મનાય છે કે તેઓની વચ્ચે એકમત ન થયો તેથી કંઈ ચુકાદો કર્યા વિના ઊઠી નીકળ્યા.

દરમિયાન અહીં બીજી ગંજાવર હિલચાલ થઈ રહી છે. ગોરા લોકોનું ડેપ્યુટેશન વિલાયત મોકલવાનો ઠરાવ થયો છે. મહારાજા એડવર્ડને ગંજાવર અરજી મોકલવાનો ઠરાવ થયો છે. તેમાં હજારો સહીઓ લેવાય છે. અરજદારો એવી માંગણી કરે છે કે જે કંઈ બંધારણ બંધાય તેમાં એવી શરત હોવી જોઈએ કે દરેક વોટરને સરખા હક મળવા જોઈએ અને મેમ્બરોની ચૂંટણી વોટરના પ્રમાણમાં હોવી જોઈએ.

આ અરજીનો હેતુ એવો છે કે એથી ઈંગ્રેજી પ્રજાનું જોર વધે. સંખ્યામાં ઈંગ્રેજી પ્રજા કરતાં બોઅર લોકો થોડા છે. બોઅર લોકોની એવી માગણી છે કે મેમ્બરો ગામ દીઠ હોવા જોઈએ. આ થાય તો ઘણાં ગામડાંઓમાં બોઅર વસ્તી ઘણી હોવાથી તેઓની સત્તા વધી શકે. એટલે જે તેઓએ લડાઈમાં ખોયું છે તે પાછું રિસ્પોન્સિબલમાં મળે. આ કસાકસી ઘણી મજ-બૂત છે. એકબીજામાં કોઈ ખંતમાં અને મહેનતમાં એકબીજાથી ઊતરે તેવા નથી. બોઅર લોકોનું જોર લિબરલ પ્રધાનમંડળમાં ઘણું છે. 'પાડાઓની વઢવેડમાં ઝાડનો ખો થાય' એ કહેવત પ્રમાણે બિચારા લોકો ન કચરાઈ જાય તો સારું. નગારાં વાગે છે તેમાં તૂતીનો અવાજ કોણ સાંભળશે?

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १७–३–१९०६

Gandhi Heritage Portal

૨૪૮. "કાયદેસર લૂંટ"[1]

ગયા સોમવારે ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટ સમક્ષ એક મુકદ્દમાની સુનાવણી થઈ હતી, તેનો ખાસ હેવાલ[2] અમે અન્ય કટારમાં છાપીએ છીએ. અમારા ખબરપત્રીએ એને "કાયદેસર લૂંટ"નું નામ આપ્યું છે, અને અમારી નોંધને અમે એ મથાળું વગર સંકોચે આપીએ છીએ. ૧૮૮૫નો કાયદો નં. ૩ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કરેલી ઘણી ફરિયાદોનો વિષય બન્યો છે, પણ આ ખબરપત્રીએ જે મુકદ્દમાનો હેવાલ આપ્યો છે તેના જેટલો નિર્દય અગર કઠોર અને અન્યાયી મુકદ્દમો અમારા ખ્યાલમાં બીજો કોઈ નથી. જે કાયદા મુજબ આટલો સ્પષ્ટ અન્યાય કરી શકાય, તે ઓછામાં ઓછું કહીએ તો, તદ્દન અમાનુષી હોવો જોઈએ. મિ. લિયોનાર્ડે પોતાના છટાભર્યા સંબોધન દરમિયાન ન્યાયાધીશોને કાયદાનો દયાભર્યો અર્થ ઘટાવવા અને શક્ય હોય તો તેના ભોગ બનેલા કમનસીબ આરોપીઓને ન્યાય કરવા વિનંતી કરી ત્યારે સ્પષ્ટપણે તેમના ખ્યાલમાં પ્રસ્તુત કાયદાની નિષ્ઠુરતાનો વિચાર હોવો જોઈએ. મરહૂમ મિ. અબુબકર આમદ દક્ષિણ આફ્રિકામાં આવી વસનાર પહેલા હિંદીઓ પૈકીના એક હતા. તેઓ એક આગળ પડતા હિંદી વેપારી હતા અને નાતાલમાં તથા દક્ષિણ આફ્રિકાના અન્ય ભાગોમાં ઘણી સ્થાવર મિલકત ધરાવતા હતા. તેમના સમયના યુરોપિયનો તથા હિંદીઓ તેમનું માન જાળવતા હતા, અને તે યોગ્ય જ હતું. "સંસ્કારી" શબ્દના દરેક અર્થમાં એ સંસ્કારી હતા. એમની પાસે ટ્રાન્સવાલમાં કેટલીક સ્થાવર મિલકત હતી. પોતાના ભાઈ અને પોતાનો દીકરો જે બંને બહુ વિખ્યાત અને બહુ કેળવાયેલા છે તેમને એ મિલકત મળે એવું વસિયતનામું એમણે કરેલું. વસિયતનામું કરનારે વારસોને માટે મૂકેલી મિલકત તેમની પાસેથી લૂંટી લેવાનું હવે શક્ય બન્યું છે. અને એવું ન બને એવી ઇચ્છા હોવા છતાં ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશો એ અન્યાય નિવારી શક્યા નથી. ટ્રાન્સવાલના લોકોને પોતાની સુપ્રિમ કોર્ટમાં જેવા જજો મળ્યા છે તેનાથી વધારે પ્રામાણિક અને સ્વતંત્ર જજો ભાગ્યે જ મળી શકે. તેઓ જરા પણ પૂર્વગ્રહથી દોરવાઈ ગયા નથી, ને આ પહેલાં એમણે નિર્ભયપણે ચુકાદા આપ્યા છે તે પણ અમે જાણીએ છીએ. આ કેસની રજૂઆત પણ દક્ષિણ આફ્રિકાના ઉત્તમોત્તમ કાયદાશાસ્ત્રીએ કરી હતી અને તેમાં તેમણે પોતાનું સમસ્ત હૃદય રેડયું હતું. તેમ છતાં, ન્યાયાધીશોએ પોતે લગભગ કબૂલ કર્યું છે તેમ, આ પ્રકરણમાં તેઓ ન્યાય કરી શક્યા નહીં. તેનું કારણ શોધવા દૂર જવું પડે એમ નથી. ૧૮૮૫નો કાયદો નં. ૩ એવી ધારાસભાએ પસાર કર્યો હતો કે જેને બ્રિટિશ હિંદીઓની જ નહીં પણ કોઈ પણ બિનગોરા લોકની લાગણીઓ માટે બિલકુલ માન ન હતું. એ કાયદો ખુલ્લેખુલ્લો બ્રિટિશ પરંપરા વિરુદ્ધનો હતો અને સભ્યતાના સૌ જાણીતા નિયમોનો ભંગ કરીને ઘડવામાં આવ્યો હતો. બ્લૂમફૉન્ટીન ખાતે બોઅર યુદ્ધ પહેલાં મળેલા સંમેલન[3] વખતે એ કાયદો ચર્ચાનો એક વિષય હતો, ને જ્યારે પ્રેસિડેન્ટ ક્રૂગર મતાધિકારનો મુદ્દો સ્વીકારવા

૧. આ ૧૩-૪-૧૯૦૬ના ઇન્ડિયન ઓપિનિયનમાં પણ પ્રસિદ્ધ થયું હતું.

૨. અહીં આપ્યો નથી.

૩. ૧૮૯૯માં એ ભરાયું હતું, જ્યારે કેપ સંસ્થાનના ગવર્નર લૉર્ડ મિલ્નર અને ટ્રાન્સવાલ ગણતંત્રના પ્રમુખ પૉલ-ક્રૂગર, બીજી વસ્તુઓ સાથે, ટ્રાન્સવાલના બિનવલંદા ગોરા વસાહતીઓને મતાધિકાર આપવાનો વિવાદાસ્પદ સવાલ ચર્ચવા મળેલા.

Gandhi Heritage Portal

તૈયાર થશે એવું લાગતું હતું ત્યારે લૉર્ડ મિલ્નરે જ મિ. ચેમ્બરલેનને એવી મતલબનો તાર કર્યો હતો કે "બિનગોરા લોકો વિષે શું ?" યુદ્ધ પહેલાં એમને એ લોકની આટલી ચિંતા હતી, પણ સમય બદલાતાંની સાથે નામદાર લાટસાહેબના અભિપ્રાયો પણ બદલાઈ ગયા. કોઈ પણ માણસે એમ જ માન્યું હોત કે એમના અમલનાં પ્રથમ કામોમાં એક કામ આ ધિક્કારપૂર્ણ કાયદો રદ કરવાનું જરૂર હશે, પણ નામદાર લાટસાહેબે એ કામ ટાળ્યા કર્યું; બ્રિટિશ હિંદીઓ તેમને મળ્યા પણ તેમણે એમને એટલે સુધી ટાળ્યા કર્યા કે અંતે ટ્રાન્સવાલના ગોરાઓની ચળવળને કારણે કાયદાપોથીમાંથી ૧૮૮૫નો કાયદો નં. ૩ દૂર કરવાનું એમને માટે અશક્ય થઈ પડયું; અને આજ દિન સુધી એ કાયદો ટ્રાન્સવાલમાં જ્યાં એ નામદાર, સર્વોચ્ચ પદે હતા ત્યાં બ્રિટિશ વહીવટી તંત્રના ન ભૂંસાય એવા કલંક રૂપે અમલમાં છે. બ્રિટિશ હિંદીઓ જે ભયંકર અન્યાય નીચે સબડી રહ્યા છે તેને (ઇંગ્લંડની) લિબરલ સરકાર કાયમ કરશે કે શું ?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७-३-१९०६

૨૪૯. માથાવેરો

લેડીસ્મિથથી એક પત્રલેખક ગુજરાતી કટારોમાં લખે છે :

> તા. ૨૮ ફેબ્રુઆરીના ગવર્નમેન્ટ ગૅઝેટમાં માથાવેરા બાબત જાહેરાત છે, જે જણાવે છે કે આદિવાસી સિવાયના બીજા જે કોઈ તે તારીખ પહેલાં વેરો નહીં ભરે તે શિક્ષાને પાત્ર થશે. આથી હિંદી લોકમાં ભય વ્યાપ્યો છે. લેડીસ્મિથ નગરમાં રહેતા માણસોએ વેરો ક્યારનો ભરી દીધો છે, પણ ગિરમીટમાંથી હજી હમણાં મુક્ત થયેલા અને ખેતરોમાં કે દૂરનાં સ્થળોએ રહેતા ગરીબ હિંદીઓ વસ્તુ સમજી શકતા નથી અને માથાવેરો ભરી શકતા નથી. આ લોકોને ખબર આપવી જોઈએ. સાર્જન્ટ-ઇન-ચાર્જ માથાવેરો લે છે, પહોંચ આપે છે અને પછી માણસોને મૅજિસ્ટ્રેટ પાસે લઈ જાય છે અને તેમને દંડ થાય છે. જો એ દંડ ન ભરે તો તેમણે જેલમાં જવું પડે છે. મારી હાજરીમાં એક દાખલો બન્યો. મોટાઈ નામનો માણસ લેડીસ્મિથથી પાંચ-સાત માઈલ દૂર રહેતો હતો. તેને કોઈ મિત્રે ખબર આપી કે તમારે વેરો ભરી દેવો જોઈએ. આથી એણે પોતાના કાનની વાળીઓ એક પાઉંડ માટે ગીરો મૂકી, દર મહિને અર્ધો ક્રાઉન(અઢી શિલિંગ) વ્યાજ ઠરાવ્યું, અને વેરો ભર્યો. એને રસીદ મળી અને એને મૅજિસ્ટ્રેટ પાસે મોકલવામાં આવ્યો. એનો દસ શિલિંગ દંડ થયો. એણે પૈસા ક્યાંથી લાવવા? એની પાસે પાસ હતો. તે એણે મૅજિસ્ટ્રેટની કોર્ટમાં રહેવા દીધો છે અને દંડ લઈ આવવા વચન આપ્યું છે. . . . અત્યાર સુધીમાં લગભગ બારથી પંદર માણસને દંડ થયો છે.

અમે ઉપરનું લખાણ સરકારના ધ્યાન પર લાવીએ છીએ. જો અમારા પત્રલેખકે આપેલી માહિતી સાચી હોય તો તે માથાવેરાની વસૂલાત સાથે સંબંધ ધરાવતા અધિકારીઓ માટે મોટામાં મોટી બદનામી છે. ગરીબ લોકને વેરો ભરવા ફરજ પાડવી એટલું જ નહીં, પણ જ્યારે તે ભરવા આવે ત્યારે તેમના પર દંડ લાદવો એમાં અમને ભારેમાં ભારે અન્યાય લાગે છે. અમારો ખ્યાલ એવો છે કે દંડની કલમ, પોતે સ્વેચ્છાથી વેરો ભરે તેને નહીં, પણ જે તેમાંથી છટકવા માગે તેમને

Gandhi Heritage Portal

લાગુ પડે. દૈનિકપત્રો જણાવે છે કે હિંદીઓ અતિ ઝડપથી વેરો ભરી રહ્યા છે. અમારો પત્ર-લેખક જણાવે છે તેમ, દૂર આડીતેડી જગ્યાએ વસતા લોક જાહેર કરેલા સમય અગાઉ વેરો ભરવાની જગ્યાએ પહોંચે અને પૈસા ભરે એવી અપેક્ષા રાખવી એમાં નિર્દયતા રહેલી છે. પોતાની જવાબદારી વિષે ઘણાને કાંઈ જ માહિતી નથી એ બાબતમાં અમને શંકા નથી. જો, પત્રલેખક કહે છે તેમ, માણસોને ખબર આપવાનું જરૂરી હોય તો સરકાર પાસે એટલી આશા રાખવી તદ્દન વાજબી ગણાય કે તે પોતાના કર્મચારીઓને સૂચના આપે કે જે વેરો ભરવા આવે તેમની પાસેથી પૈસા લઈ લે, અને તેમની માથાવેરાના કાયદાના કહેવાતા ભંગ માટે અટકાયત કરી તેમની પાસે દંડ ન ભરાવે. અમને સરકારની માનવતામાં પૂરતો વિશ્વાસ છે અને અમે માનીએ છીએ કે તે કાયદાને નામે થતો અત્યાચાર બંધ કરશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७–३–१९०६

૨૫૦. હિંદીઓની સ્વયંસેવક તરીકેની કામગીરીની વકીલાત

નાતાલના આદિવાસીઓનું ધાંધલ[1] હજી ધીમી ગતિએ ચાલી રહ્યું છે. તેનું તાત્કાલિક કારણ માથાવેરો નંખાયો તે જ છે એમાં શંકા ન હોઈ શકે. જોકે સંભવ છે કે એની આગ લાંબા સમયથી ધૂંધવાઈ રહી છે. ભૂલ ગમે તેની હોય, પણ ખબર એવી છે કે એની પાછળ સંસ્થાનને રોજ બે હજાર પાઉંડનો ખર્ચ થાય છે. ગોરા વસાહતીઓ એ ધાંધલને પહોંચી વળવા પ્રયાસ કરે છે, ને ઘણા શહેરીઓએ સૈનિકનાં હથિયાર ધારણ કર્યાં છે. આજને તબક્કે કદાચ કંઈ વધારે મદદની જરૂર નથી, પણ આ આફત પરથી સરકારે, તેમ જ દરેક ચિંતનશીલ વસાહતીએ, વિચાર કરવો જોઈએ. નાતાલમાં એક લાખ ઉપરાંત હિંદીઓની વસ્તી છે. યુદ્ધના સમયમાં તેઓ ખૂબ કુશળતાથી કામ કરી શકે છે એ સાબિત થઈ ચૂક્યું છે.[2] કટોકટીના પ્રસંગોમાં એ લોકો નકામા છે એ વહેમ નાબૂદ થયો છે. આ નિર્વિવાદ હકીકત જોતાં, ઉપયોગ માટે જે હંમેશ પોતાને હસ્તક છે એવા શક્તિસ્રોતને નકામો જવા દેવો એ શું સરકારને માટે ડહાપણની વાત છે? હિંદીઓના પ્રશ્ન વિષે અમારા સમકાલીન વર્તમાનપત્ર ધિ નાતાલ વિટનેસે એક હમણાં જ બહુ વિચારપૂર્ણ અગ્રલેખ લખ્યો હતો, ને તેમાં દર્શાવ્યું હતું કે, મોડો કે વહેલો કોઈક દિવસ તો હિંદીઓના પ્રતિનિધિત્વનો સવાલ વસાહતીઓએ ગંભીરપણે વિચારવો જોઈશે. જોકે હિંદીઓ સંસ્થાનમાં રાજકીય સત્તા મેળવવાની મહેચ્છા રાખતા નથી છતાં અમે એ અભિપ્રાય સાથે સંમત છીએ કે સંસ્થાનના સામાન્ય કાયદાઓ અનુસાર તેમને પૂરેપૂરા નાગરિક હકો મળવા જોઈએ. બ્રિટિશ પ્રદેશમાં વસતા દરેક બ્રિટિશ પ્રજાજનનો એ જન્મસિદ્ધ હક ગણાવો જોઈએ. અમુક સંજોગોમાં કોઈને પ્રવાસી તરીકે સ્વીકારવા ના પાડવી એ ન્યાયી ગણાય, પણ સારી વર્તણૂકવાળા અને શરીરે સશક્ત પ્રવાસીઓ પર કાયદેસર ગેરલાયકાતો લાદવી એ આર્થિક કે રાજકીય કોઈ પણ દૃષ્ટિએ ઉચિત નહીં ઠરાવી શકાય. આથી,

૧. બમ્બાટાના નેતૃત્વ હેઠળ ઝૂલુ લોકનું બંડ; જુઓ "કૉંગ્રેસની સભામાં ભાષણ", પા. ૨૧૯–૨૦.

૨. અત્રે બોઅર યુદ્ધ દરમિયાન ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ કોરે ભજવેલા ભાગનો ઉલ્લેખ છે; જુઓ પુસ્તક ૩, પા. ૧૪૬–૭.

Gandhi Heritage Portal

જોકે હિંદીઓના પ્રતિનિધિત્વનો પ્રશ્ન બેશક બહુ અગત્યનો છે, પણ હિંદીઓને સ્વયંસેવક બનાવવાનો પ્રશ્ન તેથીયે વધારે અગત્યનો છે, કેમ કે એ વધારે અમલ કરી શકાય એવો છે. આજકાલ એ વાત પૂરેપૂરી સ્વીકારવામાં આવે છે કે રણક્ષેત્રમાં એવું કામ પણ હોય છે જેમાં હથિયાર ધારણ કરવાનું જરૂરી નથી, આમ છતાં તે ખભે બંદૂક ચઢાવવા જેટલું જ ઉપયોગી અને આદરપાત્ર હોય છે. હિંદીઓની ઉપેક્ષા કરવાને બદલે જો સરકાર તેમનો ઉપયોગ સ્વયંસેવકો તરીકે કરે તો તેથી નાગરિક સેનાની ઉપયોગિતામાં સારો સરખો વધારો થશે, અને સંકટના સમયમાં હિંદીઓ સારું કામ કરશે, એવો વિશ્વાસ સરકાર રાખી શકશે. હિંદીઓને દેશમાંથી હાંકી કાઢવાનું શક્ય નથી એ સરકાર સમજે છે, એ વિષે અમને શંકા નથી. તો પછી, હાથ પરના સાધનનો સારામાં સારો ઉપયોગ કેમ ન કરવો, અને આજ લગી તરછોડાયેલા સમાજને રાજ્યની સ્થાયી અને અત્યંત મૂલ્યવાન પૂંજી કેમ ન બનાવવી?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७-३-१९०६

૨૫૧. આદિવાસીઓ માટેની આંતર-રાજ્ય કૉલેજ

હાલના લવડેલ ઈન્સ્ટિટ્યૂટને કેન્દ્રમાં રાખીને તેમાંથી આદિવાસીઓ માટે આંતર-રાજ્ય કૉલેજ વિકસાવવાના હેતુથી થોડાક માસ ઉપર इम्वो પત્રના તંત્રી મિ. ટેંગો જબાવુએ આરંભેલી પ્રવૃત્તિને લઈને સારો સરખો ઉત્સાહ પેદા થયો છે. મિ. જબાવુ તથા આ આંદોલનની પ્રવૃત્તિના સંગઠન મંત્રી મિ. કે. એ. હૉબાર્ટ હ્યૂટન બંને જણ દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરી રહ્યા છે. એમનો હેતુ ત્રિવિધ છે. દક્ષિણ આફ્રિકાની જુદી જુદી સરકારોનો સહાનુભૂતિભર્યો સહકાર મેળવવો, સંભાળપૂર્વકના સમજૂતી તથા દૃષ્ટાંત આપીને આદિવાસી લોકમાં આ બાબત વિષે તંદુરસ્ત અભિપ્રાય ઊભો કરવો અને, કદાચ સૌથી વધુ અગત્યનો હેતુ નજીકના ભવિષ્યમાં આ ગંભીર કાર્ય શરૂ કરવા માટે નાણાં ઉઘરાવવાં. અમેરિકામાં ટસ્કેજી ઈન્સ્ટિટ્યૂટ[1] ખાતે મિ. બૂકર ટી. વૉશિંગ્ટને જે ઉત્તમ અને બોધપ્રદ કાર્યક્રમ પાર પાડયો છે, એ બાબતમાં અમે આ કટારોમાં અગાઉ ધ્યાન ખેંચ્યું હતું. એવું વિચારવામાં આવ્યું છે કે અમેરિકન ઈન્સ્ટિટ્યૂટની માફક નવી કૉલેજે કરવાના કાર્યને ઔદ્યોગિક કેળવણીની દિશામાં વિકસાવવામાં આવે. આ બધાનું પરિણામ સારું જ આવી શકે. અને દક્ષિણ આફ્રિકાની મહાન આદિવાસી જાતિઓ જેવી પ્રજામાં, જેને ધાર્મિક જાગૃતિ કહી શકાય એવી જાગૃતિ આવવા લાગી છે, એમાં કશું નવાઈ પામવા જેવું નથી. તેમને મન આ કાર્ય નક્કી ધાર્મિક અને પવિત્ર હોવું જોઈએ, કેમ કે એ બૌદ્ધિક પ્રગતિનો માર્ગ મોકળો કરે છે અને આધ્યાત્મિક વિકાસને વેગ આપે છે. જુદાં જુદાં રાજ્યોની તથા હિત ધરાવતી જુદી જુદી ધાર્મિક સંસ્થાઓની પૂરક મદદ મળવા ઉપરાંત કેવળ આદિવાસીઓમાંથી પાઉંડ ૫૦,૦૦૦ની ભારે રકમ ઉઘરાવી લાવવાની ધારણા છે. આપભોગના આ દૃષ્ટાંતમાંથી દક્ષિણ આફ્રિકાના બ્રિટિશ હિંદીઓએ ઘણું શીખવાનું છે. નાણાંવિષયક અશક્તિ અને સામાજિક અગવડો છતાં, જો દક્ષિણ આફ્રિકાના આદિવાસીઓ આવો સ્થાનિક પ્રયાસ કરી શકે તો શું બ્રિટિશ હિંદી કોમની એ ફરજ નથી કે તેઓ આ બોધપાઠને દિલમાં ઉતારીને

૧. જુઓ પુસ્તક ૩, પા. ૪૯૦-૩.

Gandhi Heritage Portal

આજ લગી જે શક્તિ ને ઉત્સાહથી કેળવણીની સગવડોના સવાલને આગળ ધપાવતા આવ્યા છે તેથી ઘણી વધારે શક્તિ ને ઉત્સાહથી તેને આગળ ધપાવે? કેળવણીવિષયક બાબતોમાં સુધારો અંદરથી ઊગી આવવો જોઈએ; પ્રશ્નનું આ પાસું અમે વાચકોના મન પર ખૂબ જ ગંભીરપણે ઠસાવવા ઇચ્છીએ છીએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७–३–१९०६

૨૫૨. સર વિલિયમ ગૅટેકર

મેજર જનરલ સર વિલિયમ ગૅટેકર લૂ લાગીને તાવ આવવાથી ઈજિપ્તમાં મૃત્યુ પામ્યા, એ જણાવતાં અમને દુઃખ થાય છે. બ્રિટિશ હિંદીઓ સર વિલિયમના ઉપકાર નીચે વિશિષ્ટ રીતે દબાયેલા હતા. મુંબઈમાં સ્થપાયેલી પ્રથમ પ્લેગ સમિતિના એ અધ્યક્ષ હતા, અને અત્યંત મુશ્કેલ બાબતોને કુનેહથી અને સંભાળપૂર્વક હાથ ધરીને એમણે તમામ સંઘર્ષ તથા કડવાશ ટાળ્યાં હતાં. હિંદવાસી અંગ્રેજોનાં ચારિત્ર્યમાં જે કંઈ ઉત્તમ તત્ત્વ છે, અને જે માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન, મનરો, ટૉડ, સ્લીમૅન, ફાર્બસ, લૉરેન્સ અને બીજા ઘણા બ્રિટિશ અમલના બહાદુર તથા વિનયી અફસરોમાં પ્રગટ થતું હતું, તેના સર વિલિયમ સરસ દૃષ્ટાંત હતા. સદ્ગત સર વિલિયમ ગૅટેકરની કોટિના ઉદાત્ત સજ્જનો જ્યાં લગી બ્રિટન પેદા કરી શકે છે ત્યાં સુધી હજી પણ એ આશાને અવકાશ છે કે રાજકર્તાઓને હાથે જે સહાનુભૂતિપૂર્ણ વર્તાવની હિંદને બહુ જરૂર છે તે તેને મળી રહેશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १७–३–१९०६

૨૫૩. ઑસ્ટ્રેલિયામાં વસ્તીખેંચ

ઑસ્ટ્રેલિયાના ગોરાઓ હરકોઈ પણ માણસ તે ટાપુમાં ઊતરે તો તેની અદેખાઈ કરે છે. પોતાના જાતભાઈઓને પણ નથી આવવા દેતા. કાળા માણસોના તો તેઓ રિપુ છે. આનું પરિણામ એ આવ્યું કે ઉત્તર ભાગમાં માત્ર ૮૨૦ ગોરાઓ વસે છે. એટલે કે ૭૦૦ માઈલ દીઠ એક ગોરો પડયો. જમીનનાં માણસ બાચકાં નથી ભરી શકતા. અને જો માણસો પૂરતા ન હોય તો જમીન ઉજ્જડ પડી રહે છે એટલે કે તે નકામી દોલત ગણાય. આ ઉપરથી ઑસ્ટ્રેલિયાના લોકો હવે જાગવા લાગ્યા છે. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે[1] ઑસ્ટ્રેલિયાના લોકોને લખ્યું છે કે પોતાનો દેશ ખાલી રાખવાથી નુકસાન થશે. મિ. રિચર્ડ આર્થર જે પાર્લમેન્ટના મેમ્બર છે તે એમ જણાવે છે કે ઑસ્ટ્રેલિયા ને એશિયા એ નજદીકના ગણાય. અને તેમાં એશિયાના માણસોનો સમાવેશ કરવો

૧. થિયોડોર રૂઝવેલ્ટ (૧૮૫૮થી ૧૯૧૯), યુ. એસ. એ.ના પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ ૧૯૦૧–૯.

Gandhi Heritage Portal

જોઈએ. આ વિચારો ફેલાવા માંડયા છે તે ઉપરથી એમ અનુમાન કાઢી શકાય છે કે ધીમેધીમે આવા મુલકોમાં હિંદી જઈ વસી શકશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १७-३-१९०६

૨૫૪. ટ્રાન્સવાલના હિંદી ઉપર તકલીફ[1]

કૉલોનિયલ સેક્રેટરી પાસે ડેપ્યુટેશન

ગયા શનિવારે દસમી તારીખે આસિસ્ટંટ કૉલોનિયલ સેક્રેટરીને મળવા હિંદી ડેપ્યુટેશન ગયું હતું. મિ. અબદુલ ગની, મિ. હાજી હબીબ તથા મિ. ગાંધી મળ્યા હતા. મિ. ચમની તથા મિ. બરજેસ હાજર હતા. અને ડેપ્યુટેશન ૧૧-૧૫થી ૧ વાગતા સુધી ચાલ્યું. ડેપ્યુટેશને નીચેની માંગણી કરેલી :

૧. પરમિટો મળતાં ઘણો વખત જાય છે. તે નહીં જવો જોઈએ. પણ જલદીથી પરમિટો નીકળવી જોઈએ.

૨. મૅજિસ્ટ્રેટની પાસે તપાસ કરવાને અરજીઓ મોકલવામાં આવે છે તેથી ઘણી તકલીફ પડે છે. તપાસ થતી નથી અને અરજીઓ પડી રહે છે.

૩. ખરું જોતાં જુદે જુદે ગામ જઈ એક જ અમલદારે તપાસ કરવી જોઈએ કે જેથી એક જ જાતની તપાસ થાય અને તુરત નિકાલ થાય. ગામના માણસોને હરકત ઉઠાવવી હોય તો ખુશીથી ઉઠાવે. પણ ચુકાદા તુરત મળવા જોઈએ.

૪. જેઓની પાસે જૂનાં રજિસ્ટર હોય તેઓને સાક્ષીઓની જરૂર ન હોવી જોઈએ, પણ તેઓ રજિસ્ટરની સમજૂતી આપે કે તુરત પરમિટ મળવી જોઈએ.

૫. બૈરાંઓને બિલકુલ પરમિટની જરૂર નહીં હોવી જોઈએ. બૈરાંઓ કંઈ ગોરાઓની સાથે હરીફાઈ નથી કરતાં. અને તેઓની તપાસ કરવી એ ઘણું અપમાન કરવા જેવું છે. હિંદી ઓરતો ઘણી થોડી ટ્રાન્સવાલમાં છે અને તે બધી પોતાના મરદો સાથે છે એટલે તે બાબત શક લાવવો ન જોઈએ.

૬. બૉર્ડર ઉપર પરમિટ તથા રજિસ્ટ્રેશન બન્ને માંગવામાં આવે છે તે જુલમ ગણાય. જેની પાસે પરમિટ હોય તેને તુરત પસાર થવા દેવો જોઈએ. તેવી જ રીતે જેઓ રજિસ્ટ્રેશન બતાવે તેને પણ પસાર થવા દેવો જોઈએ.

૭. બૉર્ડર ઉપર પરમિટવાળાના અંગૂઠા લેવામાં આવે છે એ નકામું અપમાન ગણાય.

૮. બાર વરસની અંદરનાં છોકરાંઓ તથા તે પણ જો તેનાં માબાપ ટ્રાન્સવાલમાં હોય તો જ આવી શકે એવો ધારો થયો છે, તે જુલમી ગણાય. શરૂઆતથી જ ૧૬ વરસની અંદરનાં છોકરાંઓ આવ્યા કરે છે એટલે તેઓને આવવા દેવાં જોઈએ. કદી તેમાં ફેરફાર કરવો હોય તોપણ એ ધારાની રૂએ જે છોકરાંઓ આવી પહોંચ્યાં છે તેને તો અડચણ વિના પરમિટ મળવી જોઈએ. નવા ધારાની પૂરતી નોટિસ આપવાની જરૂર છે. જેનાં માબાપ મરી ગયાં હોય તેનાં સગાં હોય તે ગાર્ડિયનમાં ગણવાં જોઈએ.

૧. આ "ખાસ લખી આપેલા" લેખ રૂપે પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

૯. જેણે પરમિટ ખોઈ નાખી હોય તેને સર્ટિફિકેટ અથવા બીજો દાખલો આપવાની જરૂર છે. તેવા માણસોને હિંદુસ્તાન જવું હોય ત્યારે તો ખસૂસ તેમ હથિયાર મળવું જોઈએ, નહીં તો તેને પાછા આવવામાં હેરાનગતિ થાય છે. સરકારને વહેમ હોય તો માણસોને બંદર ઉપર સર્ટિફિકેટો પહોંચતાં કરે. ટ્રાન્સવાલમાં પરમિટ ખોવાઈ જાય તો લાઇસન્સ વગેરે મળવામાં હાડમારી થાય છે.

૧૦. મુદતની પરમિટો તો માંગી મળવી જોઈએ. માણસોને કામસર આવજા કરવામાં પૂરતી છૂટની જરૂર છે.

૧૧. જોહાનિસબર્ગમાં પરમિટ આપવાને દર અઠવાડિયે એક વખત માણસ આવવો જોઈએ. માણસોને બને તેમ થોડી તકલીફ પડવી જોઈએ. ઘણા માણસોને પરમિટ સિવાય પ્રિટોરિયે જવાની જરાયે જરૂર હોતી નથી.

૧૨. રેલવેમાં સવારના ૮ાા વાગ્યાની ગાડીમાં જોહાનિસબર્ગ કે પ્રિટોરિયાથી ટિકિટ બંધ થઈ છે એ ઘણી અણઘટતી વાત છે. તેમાં દાદ તુરત મળવા આશા છે.

૧૩. રેલવેમાં એક જ ડબામાં ઓરત મરદને રાખે છે અને ઘણા માણસોને બેસાડે છે એ દેખીતું ખરાબ ગણાય.

૧૪. પ્રિટોરિયામાં ટ્રામ બાબત મિ. મૂરે કહ્યું હતું કે ખુલાસો થશે. હવે તેમાં ફેરફાર થવાની જરૂર છે. છેલ્લા એક કે બે બાંકડા ઉપર હિંદી બેસે તેમાં ગોરાઓએ અડચણ નહીં લેવી જોઈએ.

૧૫. જોહાનિસબર્ગમાં ટેસ્ટ કેસ કર્યો છે તેનું પરિણામ ખરાબ[1] આવે તોપણ ટ્રામની ઉપર બેસવાનો હક તો મળવો જ જોઈએ.

૧૬. પ્રિટોરિયામાં બજારમાંથી કાફરોને કાઢે છે એ ખોટું ગણાય. કાયદો ગમે તેવો હોય પણ ઘણાં વરસોથી હિંદીઓને કાફરી ભાડૂતમાંથી પેદાશ થયેલ છે. તેમાં નુકસાન ન જાય તેવી સંભાળ રાખવી સરકારને લાજમ છે.

આ બાબતનો જવાબ આપતાં મિ. કર્ટિસે[2] કહ્યું કે બધી હકીકત હું મિ. ડંકનની પાસે મૂકીશ. હું હમણાંથી જ કંઈ ચુકાદો નથી આપી શકતો. સરકારનો ઈરાદો હિંદીને તકલીફ દેવાનો નથી. જેમ બને તેમ રાહત આપવામાં આવશે. ઘણું કરીને મૅજિસ્ટ્રેટોને ૧૫ દિવસમાં રેફ્યુજી અરજીઓ તપાસવાનું કહેવામાં આવશે. તે દરમિયાન નહીં તપાસે તો પ્રોટેક્ટર ચુકાદો આપી દેશે. ઓરતોને પણ ત્રણ પાઉંડ આપવા જોઈએ એમ માનીએ છીએ.

આના જવાબમાં ડેપ્યુટેશને કહ્યું કે ઓરતો બાબત જો સરકાર એમ ધારે તો અમે કેસ કરવા તૈયાર છીએ.

મિ. કર્ટિસે જણાવ્યું કે જો દસે આંગળી પરમિટ ઉપર પાડવામાં આવે તો બહુ સગવડ પડશે.

ડેપ્યુટેશને તે કબૂલ કરવાની ચોખ્ખી ના પાડી. છેવટે બધી બાબતનો ખુલાસો જેમ બને તેમ જલદી કરવા મિ. કર્ટિસે જણાવ્યું ને ઉપકાર માની ડેપ્યુટેશન વિદાય થયું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १७–३–१९०६

૧. જુઓ પા. ૨૩૨ અને ૨૫૯.

૨. લાયનલ કર્ટિસ, મદદનીશ સંસ્થાન મંત્રી.

Gandhi Heritage Portal

૨૫૫. જોહાનિસબર્ગનો પત્ર

જોહાનિસબર્ગમાં આગ

માર્ચ ૧૭, ૧૯૦૬

જોહાનિસબર્ગમાં આ અઠવાડિયામાં રિસિક સ્ટ્રીટમાં ઘણી મોટી આગ થઈ હતી. તેમાં મોટર-કાર વગેરે બનાવવાનો ઘણો કીમતી સામાન હતો તે બધો બળી ગયો છે. લગભગ ૩૦,૦૦૦નું નુકસાન ગયું છે. આ નુકસાનનો પૂરતો વીમો નહીં હતો, એટલે ઘરધણીને ઘણું જોખમ લાગ્યું છે.

પરમિટો

પરમિટ બાબત તકલીફ વધારે થઈ પડી છે. હવે મુદતની પરમિટ આપવાની પણ પ્રોટેક્ટર ના પાડે છે. આવા બે દાખલા તાજેતરમાં બન્યા છે. હોવિકના એક વેપારીએ થોડી મુદતની પરમિટ માગી છે. તેને પ્રોટેક્ટરે ચોખ્ખી ના પાડી છે. તેવી જ રીતે ડેલાગોઆ બેના જાણીતા મિ. મંગાના ભત્રીજાને[1] સારુ પરમિટની ના પાડી છે. આ બાબત કામ ચાલે છે. પણ જોવામાં આવે છે કે પરમિટની લડત પૂરી લેવી પડશે.

દરમિયાન જોહાનિસબર્ગમાંથી દિવસે દિવસે હિંદીઓની વસ્તી ઓછી થતી જાય છે. લોકોને કમાઈના રસ્તા ઓછા થવાથી જતું રહેવું પડે છે.

ચીના મજૂરો

અહીંના માઈનિંગ મુખીઓને ચીનાઓને આવવાની બંધીના સમાચાર આવવાથી ઘણી ચિંતા થઈ પડી છે. તેઓનાં મન ઊંચક થઈ ગયાં છે. એટલે લોકોમાં વધારે નિરાશા થઈ છે. આ ગામનું ભવિષ્ય શું આવશે તે કહી શકાતું નથી.

આવી સ્થિતિ હોવાથી ભૂખમરો વધ્યો છે. ઘણા માણસો વગર ધંધાના થઈ બેઠા છે અને કેમ પેટ ભરવું તે તેઓને સૂઝતું નથી.

અવેજીમાં નુકસાનીની ભરપાઈ

અહીંની કોર્ટમાં એક જાણવા જેવો કેસ સંભળાયો છે. દાક્તર કિંકેડ સ્મિથની મોટર એક વખતે તેનો માણસ હાંકી લઈ જતો હતો. મિ. કલાર્ક ડાકરટી કરીને એન્જિનિયર પોતાની બાઈસિકલ પર હતો. તેવામાં દાક્તર સ્મિથના હાંકનારે ગાડી જરા પોતાની બાજુ ઉપરથી ખસેડી, મિ. ડાકરટીની બાઈસિકલ સાથે ભટકાઈ ને મિ. ડાકરટી નીચે પડયા. તેને ઈજા થઈ તે એવી કે ઈસ્પિતાલમાં જવું પડયું. જ્યારે મોટર ભટકાઈ ત્યારે દાક્તર પોતે ગાડીમાં ન હતા. મિ. ડાકરટીએ દાક્તર સ્મિથની ઉપર અહીંની હાઈકોર્ટમાં પા. ૨,૦૦૦નો નુકસાનીનો દાવો બાંધ્યો. જસ્ટિસ બ્રિસ્ટોએ ઠરાવ આપ્યો છે ને મિ. ડાકરટીને પા. ૭૫૦ અપાવ્યા છે. ઠરાવ આપતાં નામદાર જજે જણાવ્યું કે દાક્તર સ્મિથનો વાંક નથી પણ તેના માણસે ભૂલ કરી તેને સારુ તેને સોસવું પડશે. માણસોએ ચાકર ઘણી સંભાળથી રાખવાની જરૂર છે. ચાકર ગફલત કરે અને તેથી ત્રાહિત માણસને નુકસાન થાય તો તેનું જોખમ શેઠને ભરવું પડે છે. જો દાક્તર સ્મિથનો નોકર દાક્તરના કામસર ન હોત ને તેણે ગફલત કરી હોત તો દાક્તર સ્મિથને પૈસા નહીં આપવા પડત.

૧. મિ. સુલેમાન મંગા એક યુવાન ભારતીય વકીલ.

Gandhi Heritage Portal

આ કેસ ઉપરથી જેઓ નોકર રાખે છે તેણે સાર લેવાનો છે. તેમાં મુખ્યત્વે કરીને ગાડીની બાબતમાં ગાડીવાળાઓ ઘણી વેળા ઉદ્ધતાઈથી અથવા આવડત ઓછી હોવાથી ભૂલ કરે છે. આથી નુકસાન શેઠને ભોગવવું પડે છે. એ હંમેશાં યાદ રાખવા જેવું છે.

અબદુલ રહેમાન

કેપટાઉનના જાણીતા દાક્તર અબદુલ રહેમાન મંગળવારે અહીં આવનાર છે. અહીં તથા પ્રિટોરિયામાં કાળા માણસોની મીટિંગમાં તે ભાષણ કરશે તે પછી પાછા તુરત કેપટાઉન જશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૩–૧૯૦૬

૨૫૬. દાદાભાઈ નવરોજીને પત્ર[1]

બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન

૨૫–૨૬ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક સ્ટ્રીટ,
જોહાનિસબર્ગ,
માર્ચ ૧૯, ૧૯૦૬

માનનીય દાદાભાઈ નવરોજી
૨૨ કેનિંગ્ટન રોડ,
લંડન, ઇંગ્લંડ

[સાહેબ,]

ઇન્ડિયન ઓપીનિયનના માર્ચ ૧૦ના અંક તરફ આપનું ધ્યાન દોરવાની રજા લઉં છું. પ્રવાસી પ્રતિબંધક કાયદા હેઠળ આપવામાં આવતાં પ્રમાણપત્રો તથા પાસ માટે જે ભારે લવાજમ લાદવામાં આવ્યાં છે, તે સંબંધમાં નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસે, નાતાલ સરકારને સંબોધીને વિરોધ[2] વ્યક્ત કર્યો છે.

આ કર લાદવો એ તદ્દન અન્યાયી રીતે નાણાં કઢાવવા જેવું છે. એનો જરાયે બચાવ થઈ શકે તેમ નથી એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

દક્ષિણ આફ્રિકાની હિંદી કોમને બીજો ગંભીર ફટકો ટ્રાન્સવાલમાં પડયો છે. ઇન્ડિયન ઓપીનિયનના માર્ચની ૧૭મીના અંકમાં આપ જોશો કે ટ્રાન્સવાલ સુપ્રિમ કોર્ટ સમક્ષ ૧૮૮૫ના કાયદા નં. ૩ મુજબ એક મુકદ્દમો ચાલ્યો હતો.[3] એ મુકદ્દમાનો પૂરો હેવાલ તથા તે પરની ટીકા ઓપીનિયનમાં આપેલાં છે.

બંને બાબત તરફ તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

આપનો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી મૂળ નકલ પરથી : જી. એન. ૨૨૭૧

૧. આ પત્રનું લખાણ, હંમેશ મુજબ, દાદાભાઈએ હિંદી વજીર તથા સંસ્થાન ખાતાના પ્રધાનને મોકલ્યું હતું.

૨. જુઓ "સંસ્થાન મંત્રીને પત્ર", પા. ૨૪૬–૭.

૩. જુઓ "કાયદેસર લૂંટ", પા. ૨૫૮–૯.

Gandhi Heritage Portal

૨૫૭. નાતાલમાં દુકાનો વહેલી બંધ કરવાનો કાયદો

નાતાલમાં દુકાન વહેલી બંધ થવાનો જે કાયદો થયો છે તેની ઈજા ગોરા વેપારીઓને થવા લાગી છે. તેઓ જુએ છે કે એથી તેઓની કમાણીમાં ઘટાડો થયો છે. ગરીબ લોકોને નુકસાન થયું છે, કૉર્પોરેશનને વીજળીની બત્તીની આવક ઘટી છે અને ફાયદો માત્ર મોટા રીટેલ વેપારીઓને થયો છે.

નાતાલ મર્ક્યુરીનો લખનાર બતાવે છે કે ઘણા ગોરાઓની આવક અડધી થઈ ગઈ છે. હિંદીઓને સજ્જડ નુકસાન જાય છે. અને તે લખનાર બતાવે છે કે કાયદો અમલમાં આવતો બંધ કરવાની જરૂર છે.

નાતાલ વિટનેસ છાપું કબૂલ કરે છે કે તે કાયદાથી નુકસાન જાય છે. પણ તે માને છે કે તે કાયદાથી હિંદીને નુકસાન જાય છે એટલે તે અમલમાં રાખવો એ ઠીક છે. ગોરાઓને નુકસાન થતાં છતાં હિંદીઓ મરે તો સારું. પણ અમારો ભાઈબંધ ભૂલી જાય છે કે હિંદીને નુકસાન જ થશે. તેવામાં નાના ગોરા વેપારીઓ તદ્દન નાબૂદ થઈ જશે. હિંદીઓ પોતાની સાદાઈ તથા મહેનતથી નભી રહી શકશે, પણ નાના ગોરા વેપારી એક ઘડી પણ અગવડો સહન નહીં કરી શકે. તેઓ કંઈ બચાવતા નથી ને જે આવે તે તુરત ચાવી જાય છે. તેથી તેઓથી, તેઓની કમાણીમાં ૫૦ ટકા ખામી થાય તે લાંબી મુદત નિભાવી શકનાર નથી.

ચિહ્ન એવાં જોવામાં આવે છે કે જે રૂપમાં દાખલ થયો છે તે રૂપમાં એ કાયદો નહીં રાખી શકાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४-३-१९०६

૨૫૮. બિનગોરા લોકોની અરજી

"કેપ ઑફ ગુડહોપ, ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીનાં સંસ્થાનોમાં વસતા" બિનગોરા બ્રિટિશ પ્રજાજનોએ શહેનશાહને મોકલેલી અરજીની નકલ અમને મળી છે.

પ્રસ્તુત અરજી બધેબધ ફેરવવામાં આવતી જણાય છે, અને ઉપરોક્ત ત્રણ સંસ્થાનોમાં વસતા સઘળા બિનગોરા લોકોની તેના ઉપર સહીઓ લેવાતી લાગે છે. બ્રિટિશ હિંદીઓ બિનગોરી પ્રજા હોઈ આ અરજી ઘણે મોટે અંશે તેમને લાગુ પડે છે, છતાં તેનું સ્વરૂપ બિન-હિંદી છે. સમગ્ર દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હિંદીઓ, આ દેશમાં વસતી બીજી બિનગોરી કોમોથી અલગ અને દૂર રહ્યા છે એ અમારા વિચાર મુજબ ડહાપણભરી નીતિ હતી. બ્રિટિશ હિંદીઓને તથા અન્ય બિનગોરા લોકોને પડતી મુસીબતોમાં ઘણું સામ્ય છે એ સાચું, પણ પોતાનો દાવો રજૂ કરવામાં દરેક વર્ગ જે દૃષ્ટિબિંદુ ધરાવે છે તેમાં નહીં જેવું સામ્ય છે. પોતાના દાવાઓના સમર્થનમાં બ્રિટિશ હિંદીઓ ૧૮૫૮ના ઢંઢેરાનો ઉપયોગ કરી શકે અને કરે છે, ત્યારે ઇતર બિનગોરા લોક તે કરી શકે એમ નથી, અને બિનગોરા લોકોના કેટલાક વર્ગ ઑરેન્જ રીવર કૉલોનીમાં મિલકત તથા આવજા બાબત સંપૂર્ણ હકનો દાવો કરી શકે એમ છે, ત્યારે હિંદીઓને ત્યાં કાંઈ જ

Gandhi Heritage Portal

સ્થાન નથી. એ જ પ્રમાણે ટ્રાન્સવાલમાં બીજા બિનગોરા લોકોના ઘણા વર્ગો સ્થાવર મિલકતના માલિક બની શકે છે, ત્યારે ૧૮૮૫નો કાયદો નં. ૩ બ્રિટિશ હિંદીઓને તેમ કરતાં અટકાવે છે. આથી જોકે બિનગોરી કોમો પૈકી હિંદી અને બિન-હિંદી વર્ગોએ અલગ રહેવું જોઈએ, અને તેઓ રહે છે તથા તેઓ પોતપોતાની અલગ સંસ્થાઓ ધરાવે છે; આમ છતાં પોતાના સમાન હકો માગવામાં બંને વર્ગો એકબીજાને બળ આપી શકે એમાં સંદેહ નથી. આથી અમે અમારી પાસે આવેલા દસ્તાવેજને વિના સંકોચે આવકારીએ છીએ. અરજીના ઘડનારાઓએ તેમાં માત્ર જરૂરી હકીકતો જ આપી છે, તે માટે અમારે એમને અભિનંદન આપવાં જોઈએ. અમે હંમેશાં જોયું છે કે દક્ષિણ આફ્રિકામાં બિનગોરા લોકોનો કેસ એટલો તો મજબૂત છે ને ન્યાયપૂર્ણ છે કે એ બાબતમાં બીજી કોઈ દલીલ કરવા કરતાં માત્ર હકીકતો આપવાનું વધારે અસરકારક હોય છે. પ્રસ્તુત અરજીમાં ઘણી વસ્તુઓ કહેવાની છોડી દીધી છે, પણ તેમાં કરેલાં નિવેદનમાંથી નીકળતાં અનુમાન પૂરતાં સ્પષ્ટ છે. અરજદારોએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે દક્ષિણ આફ્રિકાના એક વિભાગમાં, એટલે કે કેપ ઑફ ગુડહોપ સંસ્થાનમાં, તેઓ પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓના મતાધિકાર આરંભકાળથી માંડીને આજ સુધી ભોગવતા આવ્યા છે; તેઓ એ પણ જણાવે છે કે ૧૮૯૨માં, મતાધિકાર કાયદા પર પુનર્વિચારણા કરવામાં આવી ત્યારે પણ, ત્વચાના રંગ અંગે કોઈ ગેરલાયકાત લાદનારો ફેરફાર કરવામાં આવ્યો નહોતો, અને પરિણામે આજે કેપ સંસ્થાનમાં મતદારોની યાદી ઉપર ૧૪,૦૦૦ બિનગોરા લોકોનાં નામ અધિકારી મતદાર તરીકે નોંધાયેલાં છે. આગળ ચાલતાં અરજદારો કહે છે કે અમે

> એ મતાધિકારને તો આવશ્યક મિલકત ધરાવવા માટેના તથા કેળવણીવિષયક કસોટી પસાર કરવા માટેના ઉત્તેજન તરીકે ગણીએ છીએ; અને અમે નમ્રપણે જણાવીએ છીએ કે એ અધિકારનો ઉપયોગ અમે ગૌરવ તથા સભ્યતા જાળવીને અને ધર્મ અથવા રંગને લક્ષમાં લીધા વિના, સમગ્ર સમાજના હિતમાં કર્યો છે.

પરંતુ તેઓ આગળ કહે છે કે જેવા તેઓ ઑરેન્જ રીવર કૉલોની અગર ટ્રાન્સવાલ સંસ્થાનમાં પ્રવેશ કરે છે કે તરત તેમને તથા તેમના વંશજોને રંગને કારણે ઊભી થતી ગેરલાયકાતના પ્રતિબંધ નીચે મૂકવામાં આવે છે. અરજદારોએ પોતાના કાર્યક્રમમાં મતાધિકારને યોગ્ય રીતે જ મહત્ત્વનું સ્થાન આપ્યું છે, કારણ કે, એમના પોતાના શબ્દોમાં,

> આ હક્કો છિનવાઈ જતાં, નેક નામદાર શહેનશાહના બિનગોરા પ્રજાજનો પાસેથી પોતે જે મુસીબતો ભોગવતા હોય તેને જાહેર રીતે પ્રગટ કરવાનાં તથા તેમાં બંધારણીય રીતે રાહત મેળવવાનાં સાધનો, મોટા પ્રમાણમાં, છિનવાઈ જાય છે. અને એ મુસીબતો એવી નથી કે ન્યાયાલયનો આશ્રય લેવાથી એમાં સુધારો થઈ શકે.

આ કથનમાં રહેલી સચ્ચાઈ અનેક દાખલા આપીને સાબિત કરી શકાય એમ છે. લોક-સંસ્થાઓ ધરાવતા દેશમાં જેમને લોકપ્રતિનિધિઓની પસંદગીમાં બિલકુલ અવાજ નથી હોતો એવા લોકોની ભારે અવદશા થાય છે. પોતાના કે પોતાના પ્રતિનિધિઓના કશા પણ દોષ વિના મતાધિકારરહિત લોકો ધીરે ધીરે દબાઈ જાય છે, કેમ કે સ્વસાશન હેઠળ સ્વાર્થી વૃત્તિ પ્રબળ બને છે. પોતાને વિષે કશી ગેરસમજ ન ઊભી થાય તેટલા માટે બ્રિટિશ હિંદીઓએ એ સ્પષ્ટ કરેલું છે કે અમારે કોઈ રાજકીય સત્તાની મહેચ્છા નથી, પરંતુ અમે અનુભવે જોયું છે કે, નાતાલમાં તેમ જ બીજી જગ્યાએ લોકપ્રતિનિધિઓ ચૂંટવામાં અમારો અવાજ ન હોવાથી નાગરિક સ્વાતંત્ર્યની બાબતમાં અમારે ઘણું વેઠવું પડ્યું છે. બિનગોરા લોકની અરજી મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે. એના પર

Gandhi Heritage Portal

સંખ્યાબંધ સહીઓ થઈ રહી છે, અને એટલી આશા રાખવામાં આવે છે કે તેમાં કરવામાં આવેલી વિનંતી તરફ એ નિ:શંક રીતે પાત્ર છે એટલી કાળજી કરવામાં આવશે અને એટલું ધ્યાન આપવામાં આવશે. ઉદારમતવાદી પ્રધાનોએ અનેક વાર સામ્રાજ્યના નિર્બળ સભ્યોને મદદ કરવાની ઇચ્છા પ્રગટ કરી છે. નવાં સંસ્થાનોને બંધારણ આપતી વખતે એ પ્રધાનોને પોતાના સિદ્ધાંતોને અમલમાં મૂકવાની અનિયંત્રિત મુનસફી તથા અસાધારણ તક છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २४–३–१९०६

૨૫૯. "કલર્ડ પીપલ"ની અરજી

"કલર્ડ પીપલ"ની મીટિંગ પ્રિટોરિયામાં થયેલી તેનો અહેવાલ અમે આ અંકમાં આપીએ છીએ. તેઓએ કરેલી અરજીનો તરજુમો પણ આપીએ છીએ. અમે "કલર્ડ પીપલ"[1] શબ્દ વાપરીએ છીએ કેમ કે તેનો તરજુમો "કાળા લોકો" કરવાથી તેમાં કાફરોનો સમાવેશ થાય છે. આ મીટિંગમાં કાફરો નહીં હતા. તેમાં મુખ્યત્વે કરીને "કેપ બૉય" કહેવાતા લોકો હતા તથા જેનાં મા અથવા બાપ ગોરાં હોય તેવા હતા તથા તેમાં કેટલાક મલાઈ દાખલ થયા છે.

આ "કલર્ડ પીપલ"ના ઍસોસિયેશનમાં હિંદીનો સમાસ પણ નથી. હિંદી હમેશાં તે મીટિંગથી અલગ રહેલ છે. અને અમે માનીએ છીએ કે તેમ કરવામાં હિંદી કોમે ડહાપણ વાપર્યું છે. જોકે તે લોકોની તથા હિંદીની ઈજા લગભગ એક જાતની છે. છતાં બન્નેના ઈલાજો એક નથી. એટલે વાસ્તવિક એ છે કે બન્નેયે પોતપોતાને ઘટતી લડત લેવી. આપણે ૧૮૫૭નો[2] ઢંઢેરો આપણા પક્ષમાં વાપરી શકીએ છીએ. "કલર્ડ પીપલ" નથી વાપરી શકતા. તેઓ આ મુલકની પેદાશ છે એ જબરદસ્ત દલીલ વાપરી શકે છે. તેઓની રહેણી તદ્દન યુરોપિયન છે. એ વાત પણ તેઓ વાપરી શકે છે. આપણે ઇન્ડિયન સેક્રેટરીને અરજી કરી શકીએ છીએ. તેઓથી તેમ નથી બનતું. તેઓ ઘણે ભાગે ખ્રિસ્તી કોમના હોવાથી તેઓના પાદરીઓની મદદ લઈ શકે છે. આપણને તેની મદદ નથી મળી શકતી. "કલર્ડ પીપલે" દેખીતી રીતે મોટી લડત શરૂ કરી છે. એટલે આટલી ટીકા અમારે કરવાની જરૂર છે.

તેઓની જે મીટિંગ પ્રિટોરિયામાં થઈ હતી તેમાં તેઓએ કેટલીક વાત વધારે પડતી કરી હતી અને લૉર્ડ મિલ્નર બાબત અપમાનયુક્ત શબ્દ બોલેલા તેની ઉપર ટાઇમ્સ ઑફ નાતાલે સખત ટીકા કરી છે. તેઓના પ્રમુખે કહ્યું કે કાળા માણસોની ઉપર જુલમ કરવાથી બોઅરે રાજ્ય ખોયું અને જો કાળા માણસોની ઉપર જુલમ જારી રહેશે તો ઇંગ્રેજો રાજ્ય ખોશે. એ ધમકી નકામી. આમાં બોલનારનો ભાવાર્થ એવો હતો કે કલર્ડ પીપલ સામે થશે. સામે થવાની તેઓમાં સત્તા પણ નથી રહેલી. હમેશાં માણસે પોતાનું જોર જાણીને કામ કરવાની જરૂર છે.

"કલર્ડ પીપલ"ની જે અરજી છે તે બહુ સરસ છે. તેમાં તેઓએ પૂરતી હકીકત આપી છે ને તે સિવાય કંઈ નથી આપ્યું. હકીકત આપી છે તે એવી સજ્જડ છે કે તે બાબત દલીલ

૧. આ શબ્દ ગાંધીજીએ સીધો ગુજરાતીમાં અપનાવ્યો.
૨. ૧૮૫૮ને બદલે ૧૮૫૭ લખ્યું છે એ ચોખ્ખી ભૂલ છે.

Gandhi Heritage Portal

આપવાની જરૂર ન હોય. તેઓએ બતાવી આપ્યું છે કે આજ સુધી તેઓ પૂરતા હક કેપ કૉલોનીમાં ભોગવતા આવ્યા છે તો પછી ટ્રાન્સવાલમાં તથા ઑરેન્જ રીવર કૉલોનીમાં શા સારુ ન મળે?

આ અરજીને મદદ મળવાને સારુ દાક્તર અબદુલ રહેમાનને[1] એ લોકો વિલાયત મોકલવા માગે છે. આ પગલું ઘણું સારું ને જરૂરનું છે. અત્યારે દરેક કોમે પોતાની દાદ સંભળાવવા જેટલું બને તેટલું પ્રયત્ન કરવાની જરૂર છે. તે પ્રયત્ન કરવાને સારુ એકબે માણસો અહીંથી જવા જોઈએ.

આ "કલર્ડ પીપલ"ની હિલચાલનું પરિણામ શું આવશે તે જોવાનું છે. એમ સંભવ છે કે એટલી મહેનત એ લોકો કરે છે તેનું સારું ફળ કંઈક દરજજે આવવું જોઈએ. અને જો તેઓને દાદ મળશે તો તેમાં ઘણેભાગે હિંદી પણ આવવા સંભવ છે.

જેવું તેઓ કરે છે તેવું આપણે કરવાની ઘણી આવશ્યકતા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४–३–१९०६

૨૬૦. હેડલબર્ગની જમાતને બે બોલ

હેડલબર્ગની જમાત વચ્ચે વાંધો ચાલતો આવે છે. તેની બાબતમાં અમે ઘણા કાગળો છાપી ગયા છીએ. બંને પક્ષને કહેવાનું હતું તે અમે કહેવા દીધું છે. હવે તે બાબત વધારે કાગળો છાપવાથી માત્ર કંકાસ જારી રાખવા જેવું થવાનો સંભવ છે. એટલે અમે આ અઠવાડિયા પછી તેવાં ચર્ચાપત્રો બંધ રાખશું.

જે કાગળો અમે છાપી ગયા છીએ તે બતાવે છે કે બંને પક્ષમાં થોડોઘણો વાંક હોવાનો સંભવ છે. તેનું વિવેચન અમે નથી કરવા માંગતા. ગમે તેનો વાંક હોય પણ અમે એટલું જોઈ શકીએ છીએ કે કજિયો નજીવી બાબત ઉપર છે ને ચાલ્યા કરે છે. એનું મુખ્ય કારણ મમત થઈ ગઈ છે, તે છે. અમે બંને પક્ષને વીનવીએ છીએ કે કંકાસનાં કારણ કાપી એક બીજા હળીમળી રહે એમ આગેવાનોએ કરવાની જરૂર છે. આપણી ઉપર ઘરના કજિયા ઉપરાંતની એટલી બધી ઈજાઓ આ દેશમાં પડે છે કે આપણે ઘરના કજિયા દાખલ કરી ઈજામાં વધારો નહીં કરવો જોઈએ. એકબીજા આપલે કરી સબૂરી પાડશે તો કજિયાનો અંત તુરત આવી જશે. અમે ઉમેદ રાખીએ છીએ કે બંને પક્ષના શેઠો સાથે મળી હેડલબર્ગની જમાતમાં પેસી ગયેલો ફિસાદ દૂર કરશે અને બંને પક્ષને પાછા એકઠા કરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४–३–१९०६

૧. આફ્રિકન પોલિટિકલ ઑર્ગેનિઝેશનના પ્રમુખ અને કેપટાઉન મ્યુનિસિપાલિટીના સભ્ય.

Gandhi Heritage Portal

૨૯૧. કેપમાં શીતળા

કેપથી એવા ખબર છે કે કેપમાં કાળા માણસોમાં શીતળા દાખલ થઈ ગયેલ છે. આ બાબત કેપના આગેવાનોએ તપાસ કરી ચાંપતા ઈલાજો લેવાની જરૂર છે. શીતળાના દરદની જાળવણી થોડા નિયમો યાદ રાખવાથી સહેલાઈથી થઈ શકે છે. તેમાં બીજાને ચેપ ન લાગે તેને સારુ દરદીને એક નોખી કોટડીમાં રાખી તેની સારવાર સાવચેતીથી કરવાથી ચેપનો ભય ઘણે ભાગે દૂર કરી શકાય એવું છે. આવાં દરદો છુપાવવાથી કશોય ફાયદો થતો નથી. પણ અંતે જે કોમમાં તેવા કેસ થાય તેને સોસવું પડે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४–३–१९०६

૨૯૨. સીડનીમાં પ્લેગ

સીડનીમાં પ્લેગના પાંચ કેસ થઈ ચૂકયાના તાર આવ્યા છે. બે કેસ સ્ટીમર ઉપર થવાનો તાર પણ આ જ અઠવાડિયામાં છે. અને તેમાં ઉમેર્યું છે કે આ કેસ કલર્ડ પીપલમાં થયેલ છે. જોકે સીડની આપણાથી ઘણું દૂર છે, છતાં એવો અનુભવ થયેલો છે કે હિંદુસ્તાનની બહાર જ્યારે દૂરમાં પ્લેગના કેસ થયા છે ત્યારે ઘણી જગ્યાએ એકી વેળા કેસ થવા લાગે છે. વળી જ્યાં આપણા લોકોને સારુ આવા કેસનું બહાનું જ શોધવામાં આવતું હોય ત્યાં આપણે બહુ વિચારીને ચાલવાની જરૂર છે. અમે ઘણી વખત કહી ગયા છીએ કે પ્લેગનાં મુખ્ય કારણ ગંદકી અને અસ્વચ્છ હવા એ ઘણે ભાગે હોય છે. એટલે ઘર સાફ રાખવાં, જાજરૂમાં ગંદકી ન થવા દેવી, પાયખાનાં ઉપર દર વખતે રાખ અથવા રેતી છાંટવી, જમીન બધી ડિસિનફેક્ટિંગ પાણીથી ધોવી, ઘરમાં અજવાળું તથા હવા પુષ્કળ આવવા દેવી ને સાદો ખોરાક નિયમસર લેવો. આવી સૂચનાઓ [નિયમો] રાખી તે પ્રમાણે ચાલનારને ભય રાખવાની જરૂર નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४–३–१९०६

Gandhi Heritage Portal

૨૬૩. સાબુ માટે પ્રમાણપત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક તથા ઍન્ડરસન સ્ટ્રીટનો ખૂણો,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
માર્ચ ૨૬, ૧૯૦૬

આથી પ્રમાણપત્ર આપું છું કે હું હાલ કેટલાક સમયથી, મુંબઈની ન્યૂ સોપ મેન્યુફેક્ચરિંગ કં.નો બનાવેલો સાબુ વાપરું છું, ગુણમાં મને તે તદ્દન સંતોષકારક જણાયો છે. આ સાબુ પ્રાણિજ ચરબીથી મુક્ત છે એવું હું સમજું છું, અને તેથી મારે મન તેની કિંમત ઘણી વધી જાય છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળા ટાઇપ કરેલા મૂળ લખાણ પરથી : સી. ડબલ્યુ. ૯૧૫
વેણીલાલ ગાંધીના સૌજન્યથી

૨૬૪. લૉર્ડ એલ્ગિનને અરજી

ડરબન,
માર્ચ ૩૦, ૧૯૦૬

પરમ માનનીય ધિ અર્લ ઑફ એલ્ગિન
નેક નામદાર રાજાધિરાજના સંસ્થાન ખાતાના પ્રધાન
લંડન

નાતાલ સંસ્થાનના વ્રાઇહેડનિવાસી દાદા ઉસ્માનની અરજી

નમ્રતાપૂર્વક દર્શાવે છે કે

૧. આપનો અરજદાર બ્રિટિશ હિંદી પ્રજાજન છે.

૨. આપનો અરજદાર છેલ્લાં ૨૪ વર્ષથી દક્ષિણ આફ્રિકાનો સ્થાયી રહેવાસી છે.

૩. આપના અરજદારે ૧૮૯૬ની સાલમાં વ્રાઇહેડ ખાતે ત્યારે ઇન્ડિયન લોકેશન તરીકે જે સ્થળ ઓળખાતું હતું તે સ્થળે સામાન્ય વસ્તુઓના વેપારી તરીકે ધંધો શરૂ કરેલો.

૪. આપના અરજદારે ત્યાં મકાન બંધાવ્યું છે, જેની કિંમત લગભગ ૩૦૦ પાઉંડ છે.

૫. જૂની બોઅર સરકારે આપના અરજદારને ઉપર કહેલી ઇમારતમાંથી ખસેડીને નવા થનારા લોકેશનમાં મોકલવા ઘણી વાર પ્રયાસ કરેલો, પણ બ્રિટિશ સરકારની દરમ્યાનગીરીને પ્રતાપે આપનો અરજદાર ઉપરવાળી ઇમારતમાં પોતાનો ધંધો ચાલુ રાખી શક્યો હતો.

૬. નિયમ પ્રમાણે મળેલા પરવાના અનુસાર આપના અરજદારે હંમેશાં વ્રાઇહેડમાં વેપાર કર્યો છે.

Gandhi Heritage Portal

૭. આપના અરજદાર પાસે આશરે ૩,૦૦૦ પાઉંડની કિંમતનું કાપડ તથા કરિયાણાનો સ્ટૉક હતો.

૮. જ્યારે વ્રાઇહેડને નાતાલ સાથે જોડી દેવામાં આવ્યું ત્યારે આપના અરજદારની આ સ્થિતિ હતી.

૯. જોડાણની શરતોમાં જોગવાઈ છે કે ટ્રાન્સવાલનો ૧૮૮૬માં સુધારેલો, ૧૮૮૫નો કાયદો નં. ૩ જે એશિયાઈ-વિરોધી કાયદાને નામે ઓળખાય છે તે ચાલુ રહેશે.

૧૦. ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટે[1] કરેલા આ કાયદાના અર્થ અનુસાર, બ્રિટિશ હિંદીઓએ અમુક વિભાગમાં જ વેપાર કરવો એવું નિયંત્રણ નથી, અને તેઓ બીજા બ્રિટિશ પ્રજાજનોની પેઠે જ વેપારી પરવાના કઢાવવા સ્વતંત્ર છે.

૧૧. પરંતુ વ્રાઇહેડ લોકલ બોર્ડે ઉપર જણાવેલા સ્થાન માટે આપના અરજદારનો પરવાનો તાજો કરી આપવા ના પાડી, અને જો આપનો અરજદાર કોઈ લોકેશનમાં બોર્ડ નક્કી કરે તે જગ્યાએ સ્થળાંતર કરે, તો આપના અરજદારને વ્રાઇહેડમાં વેપાર કરવા દેવા કહ્યું.

૧૨. સદરહુ જગ્યા વ્રાઇહેડથી ખૂબ દૂર છે અને વેપાર માટે તદ્દન પ્રતિકૂળ છે.

૧૩. નગરના વેપારધંધાનાં સ્થળોથી દૂર આવેલા સ્થળ પર પોતાનો ધંધો ચલાવવાનું આપના અરજદાર માટે અશક્ય છે.

૧૪. આપના અરજદારે ઉપરોક્ત સ્થાને સરસ શાખ મેળવી છે.

૧૫. આપના અરજદારે એનો પરવાનો તાજો કરાવવા ઘણા પ્રયાસ કર્યા, પણ પોતે નિષ્ફળ ગયો.

૧૬. સદરહુ સ્થળ પર આપના અરજદારને વેપાર કરતાં અટકાવવા માટે લોકલ બોર્ડે નાતાલનો ૧૮૯૭નો કાયદો નં. ૧૮, જે 'વેપારીઓના પરવાનાનો કાયદો' કહેવાય છે તે ઠોકી બેસાડયો.

૧૭. આથી, આપના અરજદાર પર બેવડાં નિયંત્રણો આવે છે—એક ટ્રાન્સવાલનો કાયદો, અને બીજો નાતાલનો કાયદો; આથી વ્રાઇહેડમાં બ્રિટિશ હિંદીઓની પરિસ્થિતિ ટ્રાન્સવાલ કરતાં કે નાતાલના અન્ય ભાગો કરતાં વધારે ખરાબ થઈ ગઈ છે.

૧૮. ૧૮૯૭ના કાયદા નં. ૧૮ મુજબ આપના અરજદારે પરવાના અમલદાર, જે ટાઉન કલાર્ક પણ છે અને તેથી તેને લોકલ બોર્ડ પાસેથી સૂચના મેળવવાની હોય છે તેને પરવાના માટે અરજી કરવી પડી હતી.

૧૯. પરવાના અમલદારે પરવાનો તાજો કરી આપવા ના પાડી.

૨૦. આથી આપના અરજદારે કાયદા પ્રમાણે લોકલ બોર્ડને અપીલ કરી.

૨૧. બોર્ડમાં મુખ્યત્વે અમારા હરીફ વેપારીઓ અને આપના અરજદાર વિરુદ્ધ પૂર્વગ્રહ ધરાવનાર સભ્યો છે. તેણે પરવાના અમલદારના નિર્ણયને કાયમ રાખ્યો.

૨૨. પરવાના અમલદારે પરવાના આપવાની ના પાડવા માટે નીચેનાં કારણો આપ્યાં છે :

 ૧. નગરની હદમાં આવેલાં મકાનો માટે પરવાનો આપવાની પરવાના અધિકારીને સત્તા નથી. અને લોકલ બોર્ડે અગાઉ પટાથી આપી ન હોય તે જમીન પર આવેલ દુકાન માટે વેપારના પરવાના કાઢી આપવાની સત્તા તેને એથીયે ઓછી છે.

 ૨. મેં પરવાનો કાઢવા ના પાડી તેનું બીજું કારણ એ છે કે એ કાઢી આપવાથી માહે ૧૪ માર્ચ, ૧૯૦૫ના ગવર્નમેન્ટ ગૅઝેટમાં આપેલી સરકારી જાહેરાત નં. ૧૯૧થી

૧. જુઓ પુસ્તક ૪, પા. ૨૧૬

Gandhi Heritage Portal

અને તે મુજબ ઉત્તરના જિલ્લાઓમાં અમલમાં મુકાયેલ કાયદાઓથી વિરુદ્ધ વર્તવું પડે, અને તે કાયદા હિંદીઓને લોકેશનો સિવાય અન્યત્ર પરવાના આપવાની સ્પષ્ટ મના કરે છે.

૩. મેં પરવાનો આપવા ઈન્કાર કર્યો કેમ કે એમ કરવામાં હું સમગ્ર કોમનાં ઉત્તમ હિતો અર્થે અને તેણે વ્યક્ત કરેલી લાગણીઓ અનુસાર વર્ત્યો છું, એમાં અરજદારના વકીલ કદાચ અપવાદ હશે.

આ સાથે જોડેલી સરકારી કાગળપત્રોમાંની નકલથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

૨૩. આપના અરજદારને લોકેશનો સિવાય બીજે ક્યાંય વેપાર કરવાની ના પાડવામાં આવી છે, એટલે પરવાના અમલદારે આપેલું પહેલું કારણ ભુલાવામાં નાંખે એવું છે.

૨૪. બીજું કારણ પણ ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટના ઉપર જણાવેલા નિર્ણય અનુસાર ખોટું છે.

૨૫. ત્રીજું કારણ તે જ એક ખરું કારણ છે, મતલબ કે આપનો અરજદાર બ્રિટિશ હિંદી છે.

૨૬. ઉપર જણાવેલા ૧૮૯૭ના કાયદા નં. ૧૮ અનુસાર લોકલ બોર્ડનો નિર્ણય આખરી ગણાય છે, તેથી સંસ્થાનની સુપ્રિમ કોર્ટને અપીલ થઈ શકતી નથી.

૨૭. આપના અરજદારે લોકલ બોર્ડ પાસે તેના નિર્ણય માટેનાં કારણોની માગણી કરી હતી, પણ લોકલ બોર્ડે પોતાના નિર્ણય માટે કારણો આપવાની ના પાડી છે જે આપના અરજદારના સૉલિસિટર અને ટાઉન ક્લાર્ક વચ્ચે ચાલેલા પત્રવ્યવહાર પરથી જણાશે. એ પત્રવ્યવહારની નકલ આ સાથે જોડી છે.

૨૮. ત્યાર બાદ આપના અરજદારે રાહત મેળવવા માટે પોતે આગળ કામ ચલાવે તે દરમિયાન વેપાર કરવા કામચલાઉ રજા આપવા અરજી કરી. તે અરજી લોકલ બોર્ડે નામંજૂર કરી છે.

૨૯. આપના અરજદારને જણાવવામાં આવ્યું છે કે લોકલ બોર્ડની કામગીરી સામે તેને કંઈ પણ કાયદેસર રાહત મળી શકે એમ નથી.

૩૦. આથી આપના અરજદારને પોતાની દુકાન બંધ કરવી પડી છે અને એનો બધો માલ, દેવું અને નોકરો એને માથે પડ્યાં છે.

૩૧. આપનો અરજદાર માનપૂર્વક રજૂઆત કરે છે કે લોકલ બોર્ડે લીધેલું પગલું જોહુકમીભર્યું, અન્યાયી અને મનસ્વી છે, કેમ કે આપના અરજદારના કશા વાંક વિના અને તેને કશું વળતર આપ્યા વિના તેનું ગુજરાનનું સાધન, બોર્ડને લાગેવળગે છે તેટલે અંશે ઝૂંટવી લેવામાં આવ્યું છે.

૩૨. વિશેષમાં આપનો અરજદાર વિનંતી કરે છે કે એને જે સ્પષ્ટ નુકસાન થયું છે તેનો બ્રિટિશ બંધારણ હેઠળ કંઈ ઉપાય ન હોય એ સ્થિતિ ન રહેવી જોઈએ.

૩૩. આથી આપના અરજદારની પ્રાર્થના છે કે એના વતી નેક નામદાર રાજાધિરાજની સરકાર દરમિયાનગીરી કરવા કૃપા કરે, અને એમને યોગ્ય લાગે તે રીતે આપના અરજદારને રાહત અપાવે.

અને ન્યાય તથા દયાના આ કાર્ય માટે આપનો અરજદાર હંમેશ પ્રાર્થના કરશે, ઈત્યાદિ.

ડરબન ખાતે આજ તા. ૩૦ માર્ચ ૧૯૦૬ના રોજ.

દાદા ઉસ્માન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४-४-१९०६

Gandhi Heritage Portal

૨૬૫. દુકાનો વહેલી બંધ કરવાનો કાયદો

દુકાનો વહેલી બંધ કરવાના કાયદા બાબતમાં નાતાલનાં વર્તમાનપત્રોમાં કેટલાક લેખકોએ કાગનો વાઘ કરવા માંડયો છે. તે પૈકી ઘણાક આનંદથી હસે છે કે હવે છેવટે આપણે હિંદી વેપારીને નુકસાન તો કરી શકીએ એમ છીએ. અમારું સમકાલીન વર્તમાનપત્ર નાતાલ એડવર્ટાઇઝર અમારી સાથે સહમત છે કે દુકાનો વહેલી બંધ કરવાના કાયદાથી નાના ગોરા વેપારીઓને વધારે ગંભીર અસર પહોંચ્યા વિના હિંદીને નુકસાન થાય એવો સંભવ નથી. જો એ પત્ર એટલેથી અટકી ગયું હોત તો અમારે કાંઈ કહેવાનું નહોતું, પણ આગળ ચાલતાં એ સૂચવે છે કે

> આ વિષયનો વિચાર કરવા તથા આ એશિયાઈ પ્રવેશ અને હરીફાઈ પર અસરકારક અંકુશ મૂકવાના કોઈ ઉપાય વિચારવા માટે ટાઉન હૉલમાં વેપારીઓ તેમ જ કારીગરોની જાહેર સભા બોલાવવી જોઈએ. જો આમ થાય તો હકીકતો એવી રીતે બહાર આવશે કે કેટલાક લોક તો તેથી આશ્ચર્ય પામશે અને પરિણામે કોઈક ખરેખર અસરકારક અને ઉપયોગી પગલું ભરવામાં આવશે. અમે માનીએ છીએ કે આ કોઈ હસી કાઢવા જેવી વાત નથી; એ આત્મરક્ષણનો, નાતાલમાં વસતા સૌ વર્ગના ગોરા લોકના જીવનમરણનો સવાલ છે.
>
> આ સૂચના વિષે અમે શાંત ચિત્તે વિચાર કરવા ઇચ્છીએ છીએ.

ટાઉન હૉલમાં જાહેર સભા ભરાય તે સામે અમારે કોઈ વાંધો નથી, પણ એથી અમારા સમકાલીને ઇચ્છેલો ઉદ્દેશ પાર પડશે ખરો? જનસમૂહ કદી કોઈ વિષય પર શાંત ચિત્તે ચર્ચા કરી શકયો છે ખરો? હકીકતોના પાયા પર રચાયેલા કોઈ આંદોલનને જાહેર સભાથી માત્ર બળ મળી શકે, પણ એ કદી ઊંડે ઊતરીને સાચી હકીકતો શોધી નહીં કાઢે. એવી સભા ઘણી વાર ગાળાગાળીથી અને લાગણીને ઉશ્કેરનારી વાતોથી દોરવાઈ જાય છે. માટે જે પરિસ્થિતિની ખાતરી કરવામાં નથી આવી તેને વિષે વિચાર કરવા જાહેર સભાઓ બોલાવવી એ જોખમકારક છે. અમે એ કથન સ્વીકારી લઈશું કે "પ્રશ્ન ગોરા લોકોના આત્મરક્ષણનો, એમના જીવનમરણનો છે." આથી હકીકતો શોધી કાઢવાની ને તે પરથી અસરકારક પગલું લેવાની જરૂર છે. હવે, એક હકીકત તો તદ્દન સ્પષ્ટ છે કે હિંદી વેપારી પૂરેપૂરો પરવાના અમલદાર અને લોકલ બોર્ડની દયા પર નિર્ભર છે. બીજી હકીકત પણ તદ્દન સ્પષ્ટ છે કે કેટલાય દાખલામાં પરવાના અમલદારો તથા લોકલ બોર્ડોએ અત્યંત આપખુદ અને મનસ્વી રીતે કામ લીધું છે. ત્રીજી હકીકત એ છે કે મિ. હૅરી સ્મિથ દરેક હિંદી પ્રવાસીના પ્રવેશ પર વધુ ને વધુ જાગૃતિથી નજર રાખી રહ્યા છે. બંદરમાર્ગે કે જમીનમાર્ગે એક પણ હિંદીને દાખલ થવા દેવામાં આવતો નથી. સિવાય કે આવનાર પોતાનો પૂર્વેનો વતનહક સાબિત કરી શકે. આથી વધારે શું જોઈએ? જો આ બે કાયદાના અમલનો આ પ્રશ્ન હોય તો જાહેર સભાથી કાંઈ અર્થ સરશે નહીં એ નક્કી છે. તપાસ કમિશન એ જ એક ઉપાય છે, અને અમે એને ખુલ્લા દિલથી વધાવી લઈશું. જો નાતાલની યુરોપિયન વસ્તીને ખરેખર એમ લાગતું હોય કે હિંદી વેપારી આબાદ થતો જાય છે, એ ગેરવાજબી હરીફાઈમાં ઊતરે છે, અને કડક કાયદાનો અમલ કડકાઈથી થતો નથી, તો નિષ્પક્ષ માણસોની એક નાની સમિતિ થોડા જ સમયમાં સાચી હકીકત બહાર લાવી આપશે, અને જો એથી એમ સાબિત થાય કે અમારા સમકાલીન પત્રને જેનો ભય છે તેવી કોઈ પરિસ્થિતિ

Gandhi Heritage Portal

વિદ્યમાન છે તો ત્યારે આવા તપાસ કમિશને શોધેલી હકીકતો વિષે વિચાર કરવા માટે જાહેર સભા બોલાવી શકાશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ३१–३–१९०६

૨૬૯. ન્યાયનો કિલ્લો

પૉચેફ્સ્ટ્રૂમમાં ફરતી કોર્ટ (સરકિટ કોર્ટ) સમક્ષ હમણાં જ એક બહુ અગત્યનો મુકદ્દમો ચાલી ગયો. પૉચેફ્સ્ટ્રૂમમાં બે યુરોપિયનોએ એક હિંદી વેપારીને ધમકી આપીને પૈસા કઢાવવા પ્રયત્ન કર્યો હતો. એમણે એવી રીત અખત્યાર કરી કે વેપારીને બેમાંથી એક જણની પત્ની પાસે લઈ ગયા અને પછી તેના ઉપર બળાત્કારના પ્રયાસનો આરોપ મૂકયો. કાવતરું લગભગ સફળ થયું. ભયગ્રસ્ત હિંદી પાસેથી પેલા ધમકીથી પૈસા કઢાવનારને ૩૦૦ પાઉંડનો ચેક મળી ગયો, પણ સદ્‌ભાગ્યે હિંદીએ તરત જ વકીલની સલાહ માગી. એના વકીલે ચેકની રકમ વસૂલ થતી અટકાવવા અને આ બાબત પોલીસ ખાતાને ખબર આપવા સલાહ આપી. તેણે તરત જ એ સલાહ અમલમાં મૂકી. પેલા બે જણને પકડવામાં આવ્યા, અને સ્ત્રીને પણ પકડી. પરિણામે જસ્ટિસ વેસેલ્સ સમક્ષ સનસનાટીભર્યો મુકદ્દમો ચાલ્યો, અને હિંદીની આબરૂ જળવાઈ રહી. ધમકીથી નાણાં કઢાવવાનો આરોપ સાબિત થયો, અને બંને પુરુષ આરોપીઓને ત્રણ વર્ષની સખત કેદની સજા થઈ. નાણાં કઢાવવાની હિંદીની ફરિયાદના ટેકામાં કોઈ પુરાવો ન હતો, અને સામી બાજુ બંને ડચ(વલંદા) કેદીઓએ ભારપૂર્વક જણાવ્યું કે પેલી સ્ત્રી પર બળાત્કાર કરવા એ પ્રયાસ કરતો હતો. હિંદીએ એ વાતનો જોરથી ઇન્કાર કર્યો અને કહ્યું કે મને છેતરીને ઘરમાં લઈ ગયા અને પછી ખોટો આરોપ મૂકયો

આવા મુશ્કેલ સંજોગો વચ્ચે, હિંદીને ન્યાય મળી શકયો એ સાર્વત્રિક અભિનંદનની વાત છે, કેમ કે તેથી બ્રિટિશ હિંદીઓને ખૂબ સંતોષ થયો છે. અત્યંત આગળ તરી આવે એવી રીતે ફરી એક વાર સાબિત થયું છે કે બ્રિટિશ ન્યાયનું ઝરણું જ્યારે હાઈકોર્ટ આગળ કામ હોય ત્યારે, બને તેટલું સ્વચ્છમાં સ્વચ્છ હોય છે. નિર્ભય તથા નિષ્પક્ષ ન્યાયાધીશોની લાંબી હારમાળા દ્વારા એવી પ્રણાલિકા ચાલતી આવી છે કે જે બ્રિટિશ બંધારણના અંગરૂપ બની ગઈ છે. સામ્રાજ્યની સફળતાનાં સૌથી મહાન રહસ્યો પૈકીનું એક રહસ્ય, સૌ પક્ષને નિષ્પક્ષ ન્યાય આપવાની એની શક્તિ છે, એમ અમે બિલકુલ અચકાયા વિના કહીએ છીએ. બ્રિટિશ તાબાના વિવિધ મુલકના ન્યાયતંત્રની ઘણી ખામીઓનો બદલો અત્રે જેનો ઉલ્લેખ કર્યો છે તેવા એકાદ મુકદ્દમાથી વળી જાય છે. આ કેસ હિંદીઓને તેમ જ જે કોઈ કામચલાઉ ગેરલાયકાતો અને તેમાંથી પરિણમતા ખિજવાટથી પીડાતા હોય તેમને સંકેત કરે છે કે વચનોના ભંગની ઠંડી સપાટી પર જ્યાં સુધી નિર્મળ ન્યાયનો ઉગ્ર સૂર્ય તપી રહ્યો છે, ત્યાં સુધી તેમણે નિરાશ થવાની જરૂર નથી.

જસ્ટિસ વેસેલ્સે ઉપસંહાર કરતાં મુકદ્દમાની ચર્ચા કરી એટલું જ નહીં, પણ તેમને ક્ષુદ્રમાં ક્ષુદ્ર બ્રિટિશ પ્રજાજનના પૂર્ણ અને નિષ્પક્ષ ન્યાય મેળવવાના હક વિષે સામાન્ય ચર્ચા કરવાનું જરૂરી લાગ્યું. તેમણે કહ્યું કે (અમે पॉचेफस्ट्रूम બજેટના અહેવાલમાંથી ઉતારો આપીએ છીએ)

Gandhi Heritage Portal

જ્યારે ગોરા માણસની અને કાળા માણસની જુબાની વચ્ચે વિરોધ હોય ત્યારે આપણે ગોરા મનુષ્યની જુબાની માનવી જોઈએ, એવું આ દેશમાં સાંભળવા મળે અને મેં આજે આ કોર્ટમાં એ સાંભળ્યું, એ વસ્તુ દુ:ખદ છે. આ ભ્રમ છે, અસત્ય છે. આજે જો કાળા સામે ગોરાની જુબાની જૂરી સ્વીકારે તો તે મોટી ભૂલ કરી બેસશે. કાળા માણસની મિલકત તથા સ્વતંત્રતા પ્રત્યે આપણાથી બની શકે તેટલો આદર આપણે રાખવો જોઈએ. કાળા અને ગોરા માણસના હિતસંબંધોનો વિચાર કરવાનો હોય ત્યારે એક પળ માટે પણ આપણી ન્યાયબુદ્ધિને ચલિત થવા દેવા કરતાં વધુ ઘાતક બીજું કશું નથી. આ દેશમાં ઉચ્ચતમ કોટિના ગોરા માણસને જેવો સાચો ન્યાય મળે છે તેવો જ કાળા માણસને મળવો જોઈએ. એ સૂત્ર આપણે આપણી સમક્ષ રાખવું જોઈએ, અને ફરિયાદી કાળો માણસ છે માટે કેદીઓને છોડી દેવા ન જોઈએ.

બ્રિટિશ ન્યાયનું આવી ઉમદા રીતે પ્રતિપાદન કરવા માટે સામ્રાજ્યના દરેક સાચા પ્રેમીએ જસ્ટિસ વેસેલ્સનો હૃદયથી આભાર માનવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ३१–३–१९०६

૨૬૭. હિંદી સ્વયંસેવકો

નાગરિક-સેના સંબંધમાં તાજેતરમાં ભરાયેલી એક સભામાં સંરક્ષણ પ્રધાન મિ. વૉટ "જાત પરનો કાબૂ ખોઈ બેઠા" લાગે છે. નીચેના પ્રશ્નના જવાબમાં:

> સંસ્થાનના જુદા જુદા ભાગોમાં દુકાન ધરાવતા આરબોની નાગરિક-સેનાની અનામત ટુકડીઓમાં ભરતી કરવા સરકાર વિચારે છે કે કેમ? અને એમ હોય તો તેમને બંદૂકો આપશે કે કેમ?

અમને મળતી માહિતી મુજબ મિ. વૉટે જે જવાબ આપ્યો તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યો હતો. હેવાલના જણાવ્યા મુજબ, એમણે કહ્યું કે

> મને જણાવતાં આનંદ થાય છે કે નાગરિક-સેના માત્ર યુરોપિયનોની જ બનેલી છે. મારા તથા મારા કુટુંબના બચાવ માટે જો મારે આરબો પર આધાર રાખવો પડે તો ખરેખર હું બહુ દિલગીર થાઉં, પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે યુદ્ધકાળમાં તમામ બિનગોરા લોકને એટલે હિંદી, આદિવાસી અને આરબને કોઈ પણ આવશ્યક કામમાં લેવાની સરકારને સત્તા છે.

પછી તેમને બીજો એક પ્રશ્ન પૂછવામાં આવ્યો:

> સરકારને ખ્યાલ છે કે જ્યારે યુરોપિયનોને યુદ્ધસેવા માટે બોલાવવામાં આવશે ત્યારે બધા જિલ્લામાં આરબો વેપાર હાથ કરી લેશે? આ બાબતમાં સરકાર શું કરવા માગે છે?

મિ. વૉટનો ઉત્તર પહેલા ઉત્તરને બંધબેસતો હતો:

> એ વાત એવી છે કે એમાં, હું ધારું છું કે આગેવાનોનો અવાજ હોવો જોઈએ. જો હું આગેવાન હોઉં તો દુકાનો ઉઘાડવા અને બંધ કરવાના સમયનું નિયમન કરવા સરકારને

Gandhi Heritage Portal

સલાહ આપું. આરબો કરતાં યુરોપિયનોની પરિસ્થિતિ ખરાબ ન થાય તેટલી કાળજી હું રાખું, અને એ પણ જોઉં કે આરબો પાસે પણ તેમના ભાગનું કામ લેવામાં આવે, રાઈફલ ધારણ કરવાનું નહીં તો ખાઈઓ ખોદવાનું.

લડાઈમાં ખાઈઓ ખોદવાનું કામ ખભે બંદૂક મૂકવાના કામ જેટલું જ અગત્યનું છે એ વાત સંરક્ષણ પ્રધાન તરીકે મિ. વૉટ જાણે છે એ વિષે અમને શંકા નથી. તો પછી, જો પોતાના અને પોતાના કુટુંબના બચાવ માટે આરબો પર આધાર રાખવાનું ગમતું ન હોય તો શા માટે તેઓ આરબો પાસે ખાઈઓ ખોદાવવા માગે છે? મરહૂમ મિ. હૅરી એસ્કમ્બ, જેઓ પણ સંરક્ષણ પ્રધાન હતા, તેમના કહેવા ઉપરથી આપણે જાણીએ છીએ કે બંને કામ સરખાં માનપાત્ર છે. ફરી વિચાર કરતાં મિ. વૉટ પોતાનું કે સંસ્થાનનું રક્ષણ કરવા આરબો તથા હિંદીઓ પાસે ખાઈઓ ખોદાવવાનું કે બીજું કામ લેવા ઠરાવે કે ન ઠરાવે, પણ જો અગાઉથી કશી તાલીમ ન આપવામાં આવે તો એ તેમની પાસેથી યુદ્ધને લગતું કામ લેવાની કેવી રીતે આશા રાખે છે? લશ્કરમાં ફાલતુ કામ માટે જે નિ:શસ્ત્ર માણસો હોય છે તેમને પણ યોગ્ય શિસ્તની જરૂર હોય છે, નહીં તો તેઓ મદદરૂપ થવાને બદલે ખરેખરા વિઘ્નરૂપ થઈ પડે. પરંતુ જે પ્રધાન એટલે સુધી ભાન ભૂલી જાય છે કે તે નિર્દોષ લોકના આખા વર્ગનું અકારણ અપમાન કરી બેસે છે, તેની પાસેથી સામાન્ય સમજદારીથી કે ન્યાયથી વર્તવાની અમે આશા રાખી શકતા નથી.

વિવિધ પ્રસંગે સંરક્ષણ પ્રધાન કે જેમણે પ્રધાન તરીકે પોતાના અંગત પૂર્વગ્રહો પોતાના ખિસ્સામાં રાખવા જોઈએ, તેમણે બતાવેલા વલણના વિરોધમાં नाताल एडवर्टाइझरમાં થોડા દિવસ પર આવેલા અગ્રલેખને અમે આવકારીએ છીએ. એ અગ્રલેખ અમે આ અંકમાં અન્યત્ર ઉતાર્યો છે. અમારું સમકાલીન પત્ર હિંદીઓને તથા બિનગોરા લોકને ઘટતો યશ આપે છે એ યોગ્ય છે. વળી તે પત્ર નાગરિક-સેના કાયદા(મિલિશિયા ઍક્ટ)ની કલમ ૮૩ તરફ ઈશારો કરીને કહે છે કે તે કલમ મુજબ બિનગોરી ટુકડીના કોઈ પણ સામાન્ય સભ્યને ઝીણવટવાળાં શસ્ત્રો આપી શકાશે नहीं, सिवाय के आवी टुकडीओने युरोपियनो सिवाय बीजाओ सामे लडवा बोलावेली होय. એટલું તો હવે સ્પષ્ટ છે કે દુર્ભાગ્યે કોઈ હિંદી ટુકડીને શસ્ત્રસજ્જ કરવાનું આવશ્યક થઈ પડે તો બિનઅનુભવી લોકના હાથમાં એ શસ્ત્રો નકામાં જ થઈ પડે. અમે થોડા વખત પર કરેલું સૂચન[1] ઉપાડી લઈને સત્તાવાળાઓ શા માટે હિંદીઓમાંથી સ્વયંસેવક ટુકડી ઊભી કરતા નથી? અમને ખાતરી છે કે, ખાસ તો, સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ જેઓ ગોરા લોકની માફક નાતાલનાં પોતાનાં સંતાનો છે તેઓ પોતાનું નામ સાર્થક કરી બતાવશે. પોતાનું પાણી બતાવી આપવાની તક, કોઈ પણ સંજોગોમાં, એમને મળવી જ જોઈએ એવો આગ્રહ શા માટે વસાહતીઓ રાખતા નથી?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૧. જુઓ "હિંદીઓની સ્વયંસેવક તરીકેની કામગીરીની વકીલાત", પા. ૨૯૦–૧.

Gandhi Heritage Portal

૨૯૮. ટ્રાન્સવાલનું બંધારણ

ટ્રાન્સવાલને લગતી બાબતો સંબંધે જે તપાસ સમિતિ નીમવાની ઘણી વાતો ચાલતી હતી તે નીમવામાં બ્રિટિશ સરકારે બિલકુલ મોડું કર્યું નથી. સભ્યો પૈકી બે, સર વેસ્ટ રિજવે[1] અને લૉર્ડ સેન્ડહર્સ્ટને[2] હિંદના સવાલોનો અનુભવ છે. તપાસનું ક્ષેત્ર નવા બંધારણનો આધાર શોધી કાઢવા પૂરતું મર્યાદિત છે. સરકાર માટે "માહિતી મેળવ્યા વિના બંધારણ ઘડવાનું શક્ય નથી, અને તે તમારી પાસેથી મેળવવાની સરકાર આશા રાખે છે." બીજી ચીજો સાથે સમિતિના સભ્યોએ "હિતસંબંધોની એકવાક્યતા કે વિવિધતા"નો તથા રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓનો વિચાર કરવાનો છે. બિનગોરા લોકના મતાધિકારનો પ્રશ્ન તપાસવાનું કાર્ય સમિતિના ક્ષેત્રમા આવે છે કે કેમ, એ કહેવું મુશ્કેલ છે, તેમ છતાં, આશા રાખી શકાય કે એ વિકટ તથા નાજુક સવાલ વિશે સલાહ આપવાની સભ્યોને પૂરી સત્તા હશે. ટ્રાન્સવાલમાં અને બીજી જગ્યાએ બનતા બનાવો બતાવી આપે છે કે હિંદીઓના હકોના રક્ષણ અર્થે બીજા કોઈ ઉપાયને અભાવે, હિંદીઓનું પ્રતિનિધિત્વ આવશ્યક છે એ મતલબના અમે આ કટારોમાં વ્યક્ત કરેલા વિચારમાં કેટલું તથ્ય હતું.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૨૯૯. ટ્રાન્સવાલની ખાણો માટે હિંદી મજૂરો

હિંદથી મજૂરો લાવવા માટે હિંદ સરકાર સાથે વાતચીત ગોઠવવા સંબંધી તારોથી ટ્રાન્સ-વાલનાં પત્રો ભરેલાં છે. ઇંગ્લંડમાં રહેતા ઍંગ્લો-ઇન્ડિયનો બે કારણોસર આ આંદોલનની વિરુદ્ધ છે એ જોઈને અમે ખુશી થયા છીએ. પહેલું એવું કે હિંદી ખાણિયામાં મરણપ્રમાણ વધી જશે; બીજું, સઘળા હિંદી ખાણ-મજૂરો ખાણોના ઉદ્યોગ માટે હિંદમાં જ જરૂરના છે. એ યાદ કરવા જેવું છે કે જ્યારે લૉર્ડ મિલ્નરે લૉર્ડ કર્ઝન પાસે રેલવેના કામકાજ માટે દસ હજાર હિંદીઓની માગણી કરી ત્યારે લૉર્ડ કર્ઝને ઉત્તર આપ્યો હતો કે જ્યાં સુધી ટ્રાન્સવાલમાં વસતા બ્રિટિશ હિંદીઓની ફરિયાદો દૂર ન થાય ત્યાં સુધી એ મદદ મળશે નહીં[3] આ વાતને બે વરસ થયાં. લૉર્ડ કર્ઝને ના પાડી તે વખતે બ્રિટિશ હિંદીઓની ટ્રાન્સવાલમાં જે પરિસ્થિતિ હતી તેથી આજે જરાયે સારી નથી. આથી, ટ્રાન્સવાલની ખાણો માટે હિંદી મજૂરો ન આપવા માટે ત્રણ સારાં કારણ છે. અમને લાગે છે કે, કોઈ પણ સંજોગોમાં, ટ્રાન્સવાલમાં વસેલા બ્રિટિશ હિંદી લોકની ગેર-લાયકાતો દૂર કરવાના બદલામાં હિંદી મજૂરોની સ્વતંત્રતાનો ભોગ આપવો એ શોભારૂપ કાર્ય નથી. એમ કરવાથી બહુ ખોટો દાખલો બેસશે. અમારા અભિપ્રાય મુજબ દરેક પ્રશ્નને એની પોતાની

૧. સિલોનના ભૂતપૂર્વ ગવર્નર.

૨. મુંબઈના ભૂતપૂર્વ ગવર્નર.

૩. જુઓ પુસ્તક ૪, પા. ૧૧૫-૬.

Gandhi Heritage Portal

યોગ્યતાની દૃષ્ટિએ વિચારવો જોઈએ. પોતાને વધારે સ્વતંત્રતા મળે તેને લીધે જો પોતાના વધારે ગરીબ દેશબંધુઓની સ્વતંત્રતા પર અન્યાયી અને અસ્વાભાવિક કાપ આવતો હોય તો અમને અચૂક રીતે લાગે છે કે ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓ એ વાત સ્વીકારવાની ના પાડશે. અમને એવું પણ લાગે છે કે ટ્રાન્સવાલમાં હજારો હિંદી ખાણ-મજૂરો દાખલ કરવાથી પરિસ્થિતિ જે આજે પણ અનેક મુશ્કેલીઓથી ભરેલી છે તે વળી વધારે ગૂંચવાઈ જશે. આથી, અમને વિશ્વાસ છે કે મિ. મોર્લી અને લૉર્ડ મિન્ટો બંને પોતાના રક્ષિત પ્રજાજનોનાં હિતોને ભોગે ટ્રાન્સવાલને મદદ કરવાની કોઈ પણ દરખાસ્તનો સખત વિરોધ કરશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૨૭૦. કેપના હિંદીઓ

કેપ સંસ્થાનના ૧૬મી માર્ચના ગવર્નમેન્ટ ગૅઝેટના અંકમાં ૧૯૦૨નો કેપ પ્રવાસી પ્રતિબંધક કાયદો સુધારવાનું બિલ આવ્યું છે. બ્રિટિશ હિંદીઓને સંબંધ છે તેટલે અંશે આ બિલ નક્કી એક પાછું પગલું છે.

૧૯૦૨નો કાયદો ઘડવાનો વિચાર ગુપ્ત રીતે કરવામાં આવ્યો હતો અને એ કાયદો અણઘટતી ઉતાવળથી જનતા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તે એટલે સુધી કે કેપ સંસ્થાનની ધારાસભાના ઘણા સભ્યોએ એટલી બધી ઉતાવળ કરવા સામે વિરોધ દર્શાવ્યો હતો. છતાં તે પસાર કરવામાં આવ્યો હતો. હવે પ્રસ્તુત બિલ વડે એમાં સુધારા કરવામાં આવનાર છે. જેમણે સરકાર આગળ રજૂઆત કરેલી, તે બ્રિટિશ હિંદીઓને લગભગ ખાતરી આપવામાં આવી હતી કે સરકાર તેમણે સૂચવેલી દિશામાં કાયદો વહેલી તકે સુધારશે, અને ઘણું કરીને કેળવણીવિષયક કસોટી માટે હિંદની મુખ્ય ભાષાઓને સ્વીકારવા ધારાસભાને જણાવશે તથા સંસ્થાનમાં વસેલા હિંદીઓ માટે ઘરનોકરો તથા ઇતર જનોના પ્રવેશ માટે યોગ્ય જોગવાઈ કરશે. પરંતુ કાયદામાં આવો કોઈ સુધારો કરવાને બદલે બિલથી બ્રિટિશ હિંદીઓના સ્વાતંત્ર્ય ઉપર હજી વધારે નિયંત્રણ આવશે એવું દેખાય છે. એ બિલ સૌ કોઈને લાગુ પડે છે, તેથી હિંદીઓ ઉપર પડનારી તેની ઘાતક અસરમાં કશો ઘટાડો થતો નથી, કારણ કે એ મુખ્યત્વે હિંદીઓને ખ્યાલમાં રાખીને ઘડવામાં આવ્યું છે. હાલના કાયદામાં પ્રવાસીની કોઈ વ્યાખ્યા આપેલી નથી. તેથી તેમાં, સામાન્ય કાયદાની એટલે કે દેશમાં વસવાના ઇરાદાથી જે દાખલ થાય તે પ્રવાસી, એવી વ્યાખ્યા લાગુ પડે છે, ને આથી અનુમાન થાય છે કે કાયદામાં પ્રધાનને મુલાકાતી પાસ આપવાની અને હિંદીઓ તથા બીજા, જેઓ કામચલાઉ મુલાકાત પૂરતા સંસ્થાનમાં દાખલ થાય, તેમને વગર કનડગતે દાખલ થવા દેવાની સત્તા છે. પ્રસ્તુત બિલમાં આ બધું બદલી નાખવામાં આવ્યું છે અને પ્રવાસીની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે: "જે કોઈ વ્યક્તિ આ સંસ્થાન બહારથી આવીને જમીનમાર્ગે કે દરિયામાર્ગે દાખલ થાય છે અથવા દાખલ થવાની માગણી કરે છે તે." અમારા ખ્યાલ મુજબ, આવી વ્યાખ્યા, જે તદ્દન અસ્વાભાવિક છે, તેમાં જે મુલાકાતીઓ સંસ્થાનમાંથી પસાર થવા અગર ત્યાં મુકામ કરવા માગતા હોય તેમને માટે કશી જોગવાઈ નહીં રહે. આ બિલમાં બીજો એક અગત્યનો ફેરફાર એ છે કે એક બાજુથી જ્યાં ૧૯૦૨નો કાયદો દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયેલા લોકને

Gandhi Heritage Portal

લાગુ નથી પડતો ત્યારે આ બિલ માત્ર એવા લોકોને જ એમાંથી મુક્ત રાખે છે જેઓ "પ્રધાનને સંતોષ થાય તેવી રીતે સાબિત કરે કે પોતે સંસ્થાનના સ્થાયી નિવાસી છે, અને પુરોગામી કલમની પેટાકલમ સી. ઈ. અને એફ. હેઠળ આવતા નથી." એટલે નિયંત્રણ વધારે સખત બને છે અને સંસ્થાનમાં દાખલ થનાર બ્રિટિશ હિંદીઓના માર્ગમાં તે અસંખ્ય અવરોધો ઊભા કરશે. સ્થાયી વસવાટના હકનો પ્રશ્ન સુપ્રિમ કોર્ટની વ્યાખ્યા પર છોડવાને બદલે હવે માત્ર પ્રધાન હસ્તક રહેશે. થોડા જ દિવસ ઉપર અમે કેપ ખાતે બનેલા એક કેસ બાબતમાં ટીકા કરી હતી. એ કેસમાં એક હિંદી સુપ્રિમ કોર્ટે જઈ શક્યો તેટલા જ કારણસર તે દક્ષિણ આફ્રિકામાંના પોતાના વસવાટનો દાવો સિદ્ધ કરી શક્યો હતો. જો એ ગરીબ માણસને પ્રધાનની દયા ઉપર છોડવામાં આવ્યો હોત તો એ દાવાની અંતિમ વિધિ જ થઈ હોત. વળી આ બિલ નીચે વસવાટનો હક કેપ સંસ્થાન પૂરતો જ મર્યાદિત રાખવામાં આવ્યો છે. એટલે જેઓ હજી ટ્રાન્સવાલ કે નાતાલમાં હશે તેઓ કેપ સંસ્થાનમાં દાખલ નહીં થઈ શકે. અમને વિશ્વાસ છે કે કેપટાઉન ખાતેની બ્રિટિશ ઇન્ડિયન લીગ આ બાબત ઉપાડી લેશે અને યોગ્ય રાહત મળે એવો પ્રયત્ન કરશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૨૭૧. મિસ બિસિકસનું[1] અવસાન

ગયા સોમવારે જોહાનિસબર્ગવાસી મિસ એ. એમ. બિસિકસ એક ઑપરેશન બાદ અવસાન પામ્યાં એની જાણ કરવાની અમારી દુ:ખદ ફરજ છે. મિસ. બિસિકસ સંસ્કારી અંગ્રેજ બાનુ હતાં. જોહાનિસબર્ગમાં નિરામિષાહારી આંદોલનમાં એમણે અગ્રગણ્ય ભાગ લીધો હતો, અને થિયૉસૉફિકલ સોસાયટીનાં તેઓ આગળ પડતાં સભ્ય હતાં. હિંદીઓ સાથે તેઓ અનેક પ્રકારે ઘણો સમભાવ ધરાવતાં હતાં, અને એમના અવસાનથી અનેક જણને દુ:ખ થશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૧. જુઓ પા. ૩૫, પાદટીપ.

Gandhi Heritage Portal

૨૭૨. ટ્રાન્સવાલમાં પડતો પરમિટ સંબંધી જુલમ

અમારા સાંભળવામાં આવ્યું છે કે ટ્રાન્સવાલમાં પરમિટનો જુલમ દિવસે દિવસે વધતો જાય છે. હવે ટેમ્પરરી પરમિટ કાઢતા તદ્દન બંધ થઈ ગયા જણાય છે. મિ. ઇસ્માઈલ મંગાના ભત્રીજા મિ. સુલેમાન મંગા જે હાલ તુરત જ વિલાયતથી ડરબન આવેલા તેમણે ટેમ્પરરી પરમિટ ડેલાગોઆ બે જવા મંગાવેલી. પણ કૉલોનિયલ સેક્રેટરીએ તેમની અરજી સ્વીકારવા ના પાડી અને મિ. સુલેમાન મંગાને દરિયારસ્તે જવું પડયું છે. આ કંઈ થોડો જુલમ નહીં ગણાય.

જાપાનના મિ. નોમુરાને ટેમ્પરરી પરમિટ મળતાં હરકત આવેલી, તે બાબત તેણે આખા ટ્રાન્સવાલને ધ્રુજાવેલું. મિ. નોમુરા કરતાં મિ. સુલેમાન મંગાને વધારે હક હતો. કેમ કે તે બ્રિટિશ રૈયત છે. તેના ભણતર પ્રમાણે પણ તેનો હક મિ. નોમુરા કરતાં વધારે, છતાં તેને ટ્રાન્સવાલમાંથી પસાર થવાની પરવાનગી ન મળી.

આ તો એક હાલની તકલીફનું ચિહ્ન છે. અમારે કાને જે હકીકતો આવે છે તે બધી ખરી હોય તો લૉર્ડ સેલબૉર્ને જે વચન આપ્યું છે તે પાળવાને બદલે તેનો ભંગ થાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३१-३-१९०६

૨૭૩. લડાઈના કલેમો

લડાઈથી નુકસાન થયેલા જે માણસોએ સરકાર સામે દાવો બાંધ્યો હતો તે તપાસવાને સારુ જે કમિશન નિમાયું હતું તેના મેમ્બરોએ તેઓની તપાસ પૂરી કરી છે. તેઓના રિપોર્ટ ઉપરથી જણાય છે કે લગભગ ૯૦,૦૦૦ દાવા બાંધવામાં આવ્યા હતા. અને એ દાવાદારોએ પા. ૨૦,૦૦,૦૦૦નો[૧] દાવો કરેલો. તેઓને પા. ૯૫,૦૦,૦૦૦[૧] આપવામાં આવ્યા છે. તેમાંથી પા. ૫૦,૦૦,૦૦૦ ઑરેન્જ રીવર કૉલોનીના બરગરને અપાયા તથા પા. ૨૦,૦૦,૦૦૦ બ્રિટિશ રૈયત તથા બીજાઓને અપાયા છે ને બાકીના ટ્રાન્સવાલના બરગરોને તથા વ્રાઇહેડના બરગરોને મળ્યા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३१-३-१९०६

૧. દાવા કરતાં ચુકવણીની રકમ મોટી હોઈ શકે નહીં, તેથી આ રકમમાં ભૂલ હોય એવું લાગે છે.

Gandhi Heritage Portal

૨૭૪. ઈંગ્લંડમાં હિંદને સારુ નવી પાર્લમેન્ટરી કમિટી

સર વિલિયમ વેડરબર્ન હિંદુસ્તાનનું ભલું કરવાની એક પણ તક ચૂકતા નથી. इन्डिया વર્તમાનપત્રના છેલ્લા અંક ઉપરથી જણાય છે કે તેમણે એક મીટિંગ ભરીને પાછી ઇન્ડિયન પાર્લમેન્ટરી કમિટી ઊભી કરી છે. આવી કમિટી કેટલાંક વરસો પહેલાં હતી તે ગઈ પાર્લમેન્ટમાં લગભગ પડી ભાગી હતી. આ કમિટીમાં જેઓ હિંદુસ્તાનનું ભલું ઇચ્છનારા મેમ્બરો હોય તે દાખલ થાય છે. આ વખતે જે કમિટી થઈ છે તે ઘણી મજબૂત થઈ છે. એમાં ઘણા પ્રખ્યાત મેમ્બરો દાખલ થયા છે. સર હેનરી કૉટન, મિ. હરબર્ટ રૉબર્ટ્સ, મિ. પિકર્સ ગિલ, મિ. ઓડોનેલ વગેરે નામાંકિત મેમ્બરો આ કમિટીમાં દાખલ થયા છે, અને તેઓ એમ ધારે છે કે નવી પાર્લમેન્ટમાં હિંદુસ્તાનને દાદ મળશે. આ બધાને સારુ આપણે સર વિલિયમ વેડરબર્નનો પાડ માનવાનો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૨૭૫. સર જ્યૉર્જ બર્ડવુડની બહાદુરી ને એક ક્લબની હલકાઈ

લંડનમાં સેન્ટ સ્ટીવન્સ ક્લબ તે ઘણી પુરાણી તથા નામીચી છે. તેમાં સર જ્યૉર્જ બર્ડવુડ એ પ્રખ્યાત મેમ્બર હતા. સર જ્યૉર્જ બર્ડવુડે હિંદુસ્તાનમાં ઘણાં વરસ નોકરી કરી છે અને તેઓ સાહેબે હમેશાં હિંદી ઉપર પ્રીતિ રાખેલી છે. એ ઘણા જ પ્રખ્યાત હિંદીનું નામ સેન્ટ સ્ટીવન ક્લબમાં મેમ્બર થવાને સર જ્યૉર્જ બર્ડવુડે આપ્યું પણ બીજા મેમ્બરોએ તે બાબત વાંધો ઉઠાવ્યો. તે ઉપરથી સર જ્યૉર્જ બર્ડવુડે સેન્ટ સ્ટીવન ક્લબના મેમ્બર તરીકેનું રાજીનામું આપ્યું છે. ધન્ય છે સર જ્યૉર્જ બર્ડવુડને. આવા ઍંગ્લો-ઇન્ડિયનોથી હિંદી પ્રજા ઇંગ્રેજી રાજ્ય સહન કરી રહી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

Gandhi Heritage Portal

૨૭૬. કેડબરી બ્રધર્સની સખાવત

નોકરોને કેમ રાખવા

કેડબરી કોકોવાલા કેડબરી બ્રધર્સની દુકાન જગતપ્રખ્યાત છે. તેઓએ નાના સરખા કામમાંથી મહાન કામ ઊભું કર્યું છે. તેઓ હાલ લંડનમાં ડેલી ન્યૂસ પેપરના માલિક છે. તેઓ ક્વેકર પંથના છે. તેઓ જે નફો કરે છે, તેમાંથી પોતાના નોકરોની સ્થિતિ હંમેશાં સુધારતા આવે છે. તેઓએ પાઉન્ડ ૬૦,૦૦૦ની રકમ કાઢી પોતાના નોકરોને પેન્શન આપવાને સારુ મોટું ફંડ કાઢ્યું છે. તેઓને ઘણા નોકરો છે ને તે નોકરોમાં ઘણા બહુ જૂના ને વફાદાર છે. નોકરોની બૂજ જ્યારે આ પ્રમાણે જણાવવામાં આવે ત્યારે નોકરો ઘણી ખંતથી પોતાનું જાણી પોતાના શેઠનું કામ કરે તેમાં શી નવાઈ!

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩૧–૩–૧૯૦૬

૨૭૭. જોહાનિસબર્ગનો પત્ર

ગઈ તા ૨૧મી માર્ચને દિવસે કલર્ડ પીપલની મોટી મીટિંગ તેઓના મિલ્નર હૉલમાં થઈ હતી. દાક્તર અબદુલ રહેમાન ખાસ મીટિંગને સારુ હાજર થયા હતા. દાક્તર અબદુલ રહેમાન આફ્રિકન પોલિટિકલ ઑર્ગનાઇઝેશનના પ્રમુખ છે. તે કેપટાઉનની મ્યુનિસિપાલિટીના મેમ્બર છે. આ મીટિંગમાં મિ. ડાનિયેલે ચૅર લીધી હતી. હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. આશરે ૫૦૦ માણસો હાજર હતા. તેમાં કેટલાક હિંદી પણ હતા. મિ. અબદુલ ગની, મિ. ઉમર હાજી આમદ ઝવેરી, શ્રી હાજી વજીરઅલી, શ્રી ગાંધી વગેરે પણ હાજર હતા.

તેમના ભાષણમાંથી મુખ્ય બાબતો નીચે આપું છું.

મીટિંગનો હેતુ

આપણે આજે ભેળા થયા છીએ તેનો એ સબબ છે કે આપણે બાદશાહને આપણા હકો બાબત અરજી કરવી. તેટલા સારુ એક અરજી ઘડેલી છે તેમાં બધા કલર્ડ પીપલની સહી લેવાય છે. જ્યારે ટ્રાન્સવાલમાં તથા ઑરેન્જ રીવર કૉલોનીમાં પડતી ઈજાનો કેપમાં અમને ખ્યાલ આવ્યો ત્યારે અમે વિચાર્યું કે અમારે તમારે સારુ બનતી મહેનત કરવી જોઈએ. તેમાં અમારો પણ સ્વાર્થ રહેલો છે કેમ કે જો તમારા હક કાપી લેવામાં આવે તો છેવટે કેપમાં પણ તેમ જ થવાનો સંભવ છે.

દુ:ખોની કથા

કલર્ડ પીપલ ઉપર ટ્રાન્સવાલમાં તથા ઑરેન્જ રીવર કૉલોનીમાં ઘણાં દુ:ખો પડે છે. પણ તેમાંનું મુખ્ય તો એ છે કે કલર્ડ પીપલને ફ્રૅંચાઇઝનો હક નથી અને દીવાની હકો ઘણા છીનવી લીધા છે. આપણે હમેશાં ગુલામી સ્થિતિમાં રહીશું તો આપણી હાલત દિવસે દિવસે ખરાબ થતી જશે. માણસની ઉપર તેની મરજી વિરુદ્ધ કર નાંખવો તેમાં તથા તેના ખીસામાંથી હાથ

Gandhi Heritage Portal

નાંખીને પૈસા કાઢી લઈ ચોરી કરવી તેમાં તફાવત નથી. એટલે ફ્રૅંચાઇઝના હક કલર્ડ પીપલને ન હોય તો તો તેની પાસેથી કર બિલકુલ નહીં લેવા જોઈએ.

દુ:ખનો ઈલાજ

આવી ઈજાઓ તોડવાનો સારામાં સારો રસ્તો હવે બાદશાહને અરજી કરવાનો છે. આપણે અહીં ઘણું કરી ચૂકયા. ઈંગ્લંડમાં અત્યારે નવું પ્રધાનમંડળ છે. સૌને પોતાની ઈજા દૂર થવાની આશા બંધાઈ રહી છે. આજથી આપણે મહાન પ્રયત્ન કરીશું તો ધીમે ધીમે આપણને હકો મળશે તેમાં કંઈ શક નથી.

હક મળવાનાં કારણ

આપણે તેવા હકોને લાયક છીએ. સાઉથ આફ્રિકામાં લડાઈમાં મોટામાં મોટો માણસ ઈસો થઈ ગયો કે જેણે બ્રિટિશ સરકારની વફાદારીને ખાતર પોતાની જાન ગુમાવી. જ્યારે ઘણા બોઅરો બ્રિટિશ સરકારની સામે થયા ત્યારે કાળા માણસો એકરંગી જ રહ્યા. કાળા માણસો કેપમાં ગોરાની માફક જ ફ્રૅંચાઇઝ ભોગવે છે પણ તેઓએ તેનો ગેરઉપયોગ નથી કર્યો. લડાઈ કરી તે પણ આપણે ખાતર કરી એમ બ્રિટિશ અમલદારો કહી ગયા છે. તો પછી આપણી ઉપર જુલમ નહીં રહેવો જોઈએ.

એક હરકત

આપણી સ્થિતિ એવી મજબૂત છે એટલે બનતાં સુધી તો આપણને તે હકો મળવા જોઈએ. છતાં તેમાં એક હરકત જણાય છે. ડચની સાથે જ્યારે સુલેહ થઈ ત્યારે એમ શરત થઈ છે કે "નેટિવ"ને વોટનો હક રિસ્પોન્સિબલ સત્તા મળ્યા પહેલાં નહીં આપવા જોઈએ. "નેટિવ"નો શું અર્થ છે તેની ઉપર આધાર રહ્યો. જેટલા માણસ દક્ષિણ આફ્રિકામાં જન્મે તે બધા નેટિવ કહેવાતા હોય તો જે ગોરાઓ અહીં જન્મે છે તે પણ નેટિવ કહેવાય. પણ એવો અર્થ તો કોઈ નહીં કરે. "નેટિવ" શબ્દનો અર્થ બધી જગ્યાએ એક જ થાય છે. તે એ કે જેનાં મા તથા બાપ કાફરા હોય તે "નેટિવ". જો આ અર્થ ખરો હોય તો ડચની સાથેની સુલેહમાં આપણે બિલકુલ નથી આવતા. ડચની સાથે જે સુલેહ થઈ તેમાં એટલું પણ રહી ગયું તે લૉર્ડ મિલ્નરનું કામ છે. છતાં લૉર્ડ મિલ્નરે જ્યારે બ્લૂમફોન્ટીનમાં મીટિંગ થયેલી ત્યારે કહ્યું હતું: "જો બધાનું ચોખ્ખું થાય તોપણ કાળા માણસોનું શું?" એ જ સવાલ આપણે હજુ પૂછવો રહ્યો છે.

મીટિંગના ઠરાવ

આ પ્રમાણે ભાષણ થઈ રહ્યા પછી બે ઠરાવો પસાર થયા : એક કલર્ડ પીપલની પિટિશન મંજૂર કરવાનો તથા બીજો દાક્તર અબદુલ રહેમાનને લૉર્ડ સેલબૉર્ન પાસે તેમને એલચી તરીકે મોકલવાનો.

આ બન્ને ઠરાવ પસાર થયા બાદ "ગૉડ સેવ ધિ કિંગ"નું ગીત ગાઈ મીટિંગ બરખાસ્ત થઈ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ३१–३–१९०६

Gandhi Heritage Portal

૨૭૮. જોહાનિસબર્ગનો પત્ર

માર્ચ ૩૧, ૧૯૦૬

દાક્તર અબદુલ રહેમાન અગિયાર દિવસ રહી કેપ તરફ વિદાય થયા છે. તેમણે પ્રિટોરિયામાં સર રિચર્ડ સૉલોમન તથા જનરલ સ્મટ્સની મુલાકાત લીધી હતી. અને તા. ૩૦મી માર્ચને દહાડે જોહાનિસબર્ગમાં લૉર્ડ સેલબૉર્નની મુલાકાત લીધી. તેઓ સાહેબની પાસે દાક્તર ટ્રાન્સવાલ તથા ઑરેન્જ રીવર કૉલોનીમાં વસતા કેપ કલર લોકોનાં દુઃખો રજૂ કર્યાં. લૉર્ડ સેલબૉર્નના જવાબનું તાત્પર્ય એ હતું કે તેઓ સાહેબ હાલ તુરત કંઈ પણ કરવાને અશક્ત છે. જ્યારે નવું બંધારણ બંધાશે ત્યારે તેઓ સાહેબ બનતી મદદ કરશે. તેઓ સાહેબ બહુ વિનયી છે ને તેની લાગણીઓ સારી છે. પણ નવું બંધારણ થતી વખતે તેઓ સાહેબ અહીં હશે કે નહીં એ સવાલની વાત છે.

દાક્તર અબદુલ રહેમાનને મળવાને બ્લૂમફૉન્ટીન સ્ટેશન ઉપર ઘણા કેપના કલર્ડ માણસો હાજર થયા હતા.

ટ્રામવેનો કેસ જે મૅજિસ્ટ્રેટની પાસે જીત્યા તેની ઉપર અપીલ કરવાની નોટિસ ટાઉન કાઉન્સિલે આપી હતી.[1] હવે તેના વકીલે જણાવ્યું છે કે ટાઉન કાઉન્સિલ અપીલ કરવા માંગતી નથી. પણ એમ જણાય છે કે હજુ બીજો કેસ કર્યા પછી ટ્રામમાં હિંદીઓને જવાની છૂટ મળશે. કેમ કે ટાઉન કાઉન્સિલ માને છે કે આગલા કેસમાં તેણે પૂરી લડત લીધી નથી. એટલે મને ધાસ્તી છે કે આપણા માણસોએ હજુ રાહ જોવી જોઈશે.

દાક્તર પોર્ટરે ઘરોની તપાસ સખત ચલાવી છે. ડોરનફૉન્ટીન જેવા લત્તામાં એક ગોરાનું મકાન આખું બંધ કરાવ્યું છે ને તેનું મકાન પાડી નાખવાની ફરજ પાડી છે. આ ઉપરથી જ્યાં જ્યાં હિંદી ઘરો ખરાબ હોય ત્યાં ઘરધણીઓને ચેતીને ચાલવાનું છે.

ચીનાઓ બાબતનો ખળભળાટ હજુ ચાલુ છે. ખાણવાળાઓનાં મન અસ્થિર છે. તેથી વેપાર દહાડે દહાડે નબળો થતો જાય છે અને સંભવ છે કે હજુ ઓછામાં ઓછા એક વરસ સુધી વેપાર એવો જ ચાલશે.

સેંકડો કામદારો (ગોરા), કડિયા, ચિતારા વગેરે કામ વિના બેસી રહ્યા છે. બ્લૂમફૉન્ટીનમાં રેલવે ખાતામાં ૫૦૦ કામદારો હતા. તેમાંથી હવે ૩૦૦ બાકી છે. તેઓમાંના ૧૫૦ને સરકારે જવાની નોટિસ આપી છે.

ખોટી પરમિટથી અથવા પરમિટો વિના દાખલ થવા બાબત બે હિંદી પકડાયા છે. તેના કેસ તા. ૯મી એપ્રિલે ચાલવાના છે. બન્ને જામીન ઉપર છૂટયા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ७-४-१९०६

૧. જુઓ પા. ૨૫૬–૭.

Gandhi Heritage Portal

૨૭૯. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૬, ૧૯૦૬

પ્રિય છગનલાલ,

તમારો પત્ર મળ્યો. તમારા પત્ર ઉપરથી શું મારે એમ સમજવું કે મારા તરફથી તમને ગુજરાતી મૅટર છેક બુધવારે પહોંચ્યું? જો એમ હોય તો, કંઈક ભયંકર ગલતી થઈ હોવી જોઈએ, કેમ કે રવિવારે લખેલું મૅટર ચાર વાગ્યા પહેલાં પોસ્ટ થાય એની મેં ખાસ કાળજી રાખી હતી. શનિવારે લખાયેલું મૅટર વખતસર પોસ્ટ થયું હતું. તારીખની છાપવાળાં પરબીડિયાં મને મોકલશો જેથી હું આ બાબતની અહીં તપાસ કરાવી શકું.

આખા પાનાની, અર્ધા પાનાની, અને પા પાનાની જાહેરાતો માટે ભાવ આપવામાં શા માટે કાંઈ પણ મુશ્કેલી હોવી જોઈએ? હું નથી ધારતો કે ભાવનો આધાર ટાઈપ કેટલા વપરાય છે તેના પર હોય. જ્યારે કોઈ માણસ અમુક જગા ભાડે રાખે ત્યારે તેટલી જગામાં તેને જોઈએ તેટલું બધું કરી આપવામાં આપણે બંધાઈએ છીએ, શરત એટલી કે તે બધું યોગ્ય રીતે સમાવી શકાય એવું હોય. એટલે મુદ્રણની જગા અનુસાર ભાવ આપવામાં મુશ્કેલી ન હોવી જોઈએ. તમે ભાવ લખી મોકલો કે તરત કેપટાઉનથી એક ઘણી સારી જાહેરાત મળે એમ છે. માટે વિલંબ કરશો નહીં.

મિસિસ મૅક્ડૉનાલ્ડ બાબતના તમારા નિર્ણયની રાહ હું ઉત્સુકતાથી જોઉં છું.

મગનલાલની તબિયત સુધરતી જાય છે એ જાણી આનંદ થયો. એણે ગજા ઉપરાંત કામ ન કરવું જોઈએ. એટલે, જો એને બહુ નબળાઈ લાગતી હોય તો એણે હજી એક કે બે દિવસ કામ પર ન આવવું, કેમ કે જો દરદ ઊથલો ખાશે તો તબિયત પહેલાં કરતાં વધારે બગડશે અને નબળાઈ વધુ લાગશે.

શ્રી ભાયાતનો પત્ર ન છાપવાનું હું તમને અગાઉ કહી ચૂક્યો છું. એ પત્ર મેં ગયે અઠવાડિયે, તેના પર ન છાપવાની સૂચના લખીને, પાછો મોકલ્યો હતો. તમે મને મોકલેલો શ્રી ભાયાતનો પત્ર હવે હું ફાડી નાખું છું.

આર. કે. નાયડુ કોણ છે તે ખ્યાલમાં આવતું નથી. પૈસા લૉરેન્સ મારફતે મેળવવા પ્રયાસ કરો. મેં તમને ક્યારનું કહી દીધું છે કે જે લોક નાણાં ચૂકવવા હંમેશાં બેદરકારી બતાવતા હોય તેમને તમે મરજી મુજબ પત્ર લખીને તાકીદ કરશો.

શુભચિંતક,
મો. ક. ગાંધી

૧ બિડાણ
શ્રી. સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन
फ़िनिक्स

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ એન. ૪૩૪૫

Gandhi Heritage Portal

૨૮૦. સંસ્થાન મંત્રીને પત્ર

ડરબન,
[એપ્રિલ ૭, ૧૯૦૬ પહેલાં]

માનનીય સંસ્થાન મંત્રી
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

ગયા માસની તા. ૨૪નો આપનો પત્ર મળ્યો. તેમાં આપે અમારા ગયા માસની તા. ૧૦ના પત્રમાં[1] ચર્ચેલા વિષયની વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે તે માટે અમારી કૉંગ્રેસની સમિતિ આપની આભારી છે.

અમારી સમિતિ વગર સંકોચે એ વાત સ્વીકારે છે કે અમારા પત્રમાં જેનો ઉલ્લેખ છે તે પાસ તથા સર્ટિફિકેટનો ઉદ્દેશ આવા પાસ ધારણ કરનારની અવરજવરને સગવડભરી કરવાનો છે.

અમારી સમિતિની રજૂઆત એ છે કે જે લોકો પ્રસ્તુત કાયદાનો અમલ કરાવવા ઇચ્છે છે તેમના સંતોષ ખાતર આવા પાસ આપવામાં આવે છે.

અમારી સમિતિની દલીલ એ છે કે જોકે પ્રસ્તુત કાયદો જેમને લાગુ પડે છે એવી અમુક વ્યક્તિઓ સંસ્થાનમાં દાખલ ન થઈ શકે, પણ તેમની બાબતમાં સંસ્થાનમાંથી પસાર થવા કે કામચલાઉ મુકામ કરવાનો નિષેધ નથી. સંસ્થાનમાં રહેવાનો જેમને અધિકાર છે તેઓ વતનહકનો દાખલો ઇત્યાદિ કઢાવવા બંધાયેલા નથી, પણ જે સખતાઈથી કાયદાનો અમલ થઈ રહ્યો છે તે જોતાં બ્રિટિશ હિંદીઓ માટે એવા દાખલા રાખવાનું તદ્દન આવશ્યક બની ગયું છે.

અમારી સમિતિ જાણે છે કે મોટા ભાગના ટ્રાન્સવાલના હિંદીઓ જ મુલાકાતી પાસ કઢાવે છે. આ સ્વાભાવિક છે, કેમ કે બે સંસ્થાનો વચ્ચે ઘણો વેપાર ચાલે છે.

અમારી સમિતિનો નમ્ર અભિપ્રાય છે કે ટ્રાન્સવાલના હિંદીઓને મુલાકાતી પાસ કાઢી આપીને દરેક સગવડ આપવી જોઈએ. મુલાકાતી તથા નૌકારોહણ બંને પ્રકારના પાસ જેમના પર આટલી ભારે ફી લાદવામાં આવેલી છે, તે રેલવે ખાતાને સારી આવકનું સાધન છે. મરહૂમ મિ. એસ્કમ્બના વહીવટ દરમિયાન, જ્યારે આવી જ ફી લાદવામાં આવી હતી ત્યારે આ આખો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો અને પછી, અમારી સમિતિએ નિવેદન કરતાં તે પાછી ખેંચી લેવામાં આવી હતી.

અમારી સમિતિને લાગે છે કે પત્નીઓ માટેના પાસ તથા નૌકારોહણ અને મુલાકાતી પાસ સારુ લેવાતી રકમ બહુ ગંભીર બાબત છે, અને તેથી તે એને વિષે ફરી વિચાર કરવા વિનંતી કરે છે.

આપના આજ્ઞાંકિત સેવકો,
ઓ. એચ. આમદ જોહરી
એમ. સી. આંગળિયા
માનદ સંયુક્ત મંત્રીઓ,
નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ७-४-१९०६

૧. જુઓ "સંસ્થાન મંત્રીને પત્ર", પા. ૨૪૬-૭.

Gandhi Heritage Portal

૨૮૧. લીડરને પત્ર[1]

હિંદી ક્યારે હિંદી નથી?

[જોહાનિસબર્ગ,
એપ્રિલ ૭, ૧૯૦૬ પહેલાં]

[તંત્રી
ધિ લીડર
જોહાનિસબર્ગ
સાહેબ,]

થોડા વખત પર આપે એક જાપાની પ્રજાજન મિ. નોમુરાની જાહેર માફી માગી હતી, કેમ કે પરવાના ખાતાના મુખ્ય મંત્રીએ એ સદ્‌ગૃહસ્થને કામચલાઉ પરવાનો આપવા ના પાડી હતી. એક બ્રિટિશ પ્રજાજનની તરફેણમાં હું આપની સહાનુભૂતિ મેળવવાની વિનંતી કરી શકું? શ્રી સુલેમાન મંગા[2] મારી જાણ પ્રમાણે એક બ્રિટિશ હિંદી હતા. તેઓ બૅરિસ્ટરીનો અભ્યાસ કરે છે. તેઓ પોતાનાં સગાંસંબંધીઓને મળવા ઇંગ્લંડથી ડેલાગોઆ બે આવ્યા છે. ડરબનથી ડેલાગોઆ બે જતાં તેઓ ટ્રાન્સવાલમાંથી પસાર થઈ શકે તે માટેનો પરવાનો કાઢી આપવા સરકારે ના પાડી અને એ નિર્ણય માટેનાં કારણો આપવાની પણ તે આજ સુધી ના પાડતી આવી છે. મિ. નોમુરાના પ્રતિનિધિ તરીકે કામ કરવાનું માન મને મળ્યું હતું. બેશક એમનો દરજ્જો ઊંચો હતો; શ્રી મંગાનો દરજ્જો, જો શક્ય હોય તો, એથી પણ વધારે ઊંચો છે. ડેલાગોઆના એક સુપ્રસિદ્ધ હિંદી વેપારીના એ પુત્ર છે, અને પોતે 'મિડલ ટેમ્પલ'ના સભ્ય છે. છતાં, બ્રિટિશ હિંદી તરીકે તેઓ ટ્રાન્સવાલમાં થઈને ન જઈ શક્યા.

હવે મને ખબર પડી છે કે શ્રી મંગાને બ્રિટિશ હિંદી માનવામાં મેં ભૂલ કરી હતી. દરિયામાર્ગે ડેલાગોઆ બે પહોંચ્યા પછી તેમણે સરકાર મારફત પરવાનો મેળવવાનો બીજો નિષ્ફળ પ્રયત્ન કર્યો; પણ સરકાર પોતાનો નિર્ણય ફેરવવા માગતી નહોતી. એમનો જન્મ ફિરંગી હિંદમાં થયો હતો, આથી એમણે ફિરંગી પ્રજાજન તરીકેના હકનો દાવો કર્યો. તેમણે ફિરંગી પ્રજાજન તરીકે ડેલાગોઆ બેમાં સરકારના મંત્રીને લખ્યું અને તેની દરમિયાનગીરીથી એમને ટ્રાન્સવાલમાં દાખલ થવાનો કામચલાઉ પરવાનો મળ્યો છે. ફિરંગી પ્રજાજન મિ. મંગાનો વિજય થયો છે; બ્રિટિશ પ્રજાજન મિ. મંગાની માનહાનિ થઈ છે. બ્રિટિશ હિંદી કોમને પોતાનાં અસાધારણ ધીરજ અને ત્યાગને માટે સરકારને હાથે આવો પુરસ્કાર મળે છે.

[આપનો, ઇત્યાદિ
મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४-४-१९०६

૧. આ તારીખ વિનાનો પત્ર એપ્રિલ ૭ના લીડરમાં "ફરક નહીં છતાં ભેદભાવ" એ મથાળા નીચે પ્રસિદ્ધ થયો હતો.

૨. જુઓ "ટ્રાન્સવાલનો પરવાના ઑર્ડિનન્સ", પા. ૩૦૫-૭, તથા "વિલિયમ વેડરબર્નને પત્ર", પા. ૩૦૦-૩.

Gandhi Heritage Portal

૨૮૨. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૭, ૧૯૦૯

ચિ. છગનલાલ,

મને મિ. બીન મારફતે પારસલ મળ્યું છે. હું ઇચ્છું છું કે તમે હેમચંદ પાસે કામ લો, અને તેને કહો કે ઑફિસનાં કામો વિષે મને લખી જણાવે. મને માહિતી મળતી રહે એ બહુ અગત્યનું છે. તમારા પર કામનો કેટલો બોજો છે તે હું બરાબર જાણું છું, પણ તમને મળી શકે તેમ હોય તેવી મદદ લઈને એ બોજો ઓછું કરવાનું કામ તમારું છે. ગોકુળદાસને પણ મને બે અક્ષર લખવાનું જરૂર કહી શકો. હું જે મૅટર મોકલું તેની પહોંચ લખવી જોઈએ, જેથી કંઈ આડુંઅવળું થાય અને સમય હોય તો હું વધારે મોકલી શકું. મિસિસ મૅકડોનાલ્ડ બાબત તમારા વિચારો જાણવા હું અત્યંત આતુર છું. હેમચંદ અથવા ગોકુળદાસ અથવા આણંદલાલ મારફતે પણ તે વ્યક્ત કરી શકાય. મારે ઘણી વિગતો પર ધ્યાન દેવાનું હોય છે, જે તમારા તરફથી માહિતી મળ્યા સિવાય હું ન કરી શકું. મોતીલાલ લખે છે કે મુંબઈથી એક નવા ભાઈ આવ્યા છે. તેનું નામ ધોરીભાઈ છે અને તે મુદ્રણાલયનું કામ સારું જાણે છે. એ રહેવાની સગવડ અને માસિક ચાર પાઉંડના વેતનથી કામ કરવા તૈયાર છે. જો તમને કામનું દબાણ લાગતું હોય તો તેમને વિષે જાણી લેવું ઠીક થશે. ગમે તે થાય, ત્રણ વસ્તુ તદ્દન આવશ્યક છે:

(૧) હિસાબ રોજના રોજ લખાવા જોઈએ.

(૨) પત્રને લખાણની ખોટ ન પડવી જોઈએ.

(૩) તમારા પર કામનો વધારે પડતો બોજો ન હોવો જોઈએ.

આમાંથી એક પણ વસ્તુ પ્રત્યે બેદરકાર રહ્યા તો બધું ઊંધું-ચત્તું થઈ જવાનું. તમે જાતે વધારે પડતું કામ કરો તેનું એક પરિણામ એ આવે છે કે કાર્યાલયના પત્રવ્યવહાર પર ધ્યાન રહેતું નથી. દા.ત. તમારે ભાવ તરત જ લખી જણાવવા જોઈતા હતા. આથી હું ઇચ્છું છું કે તમે આના પર કાળજીપૂર્વક વિચાર કરો અને બધું બરાબર ગોઠવો. આ કારણથી મેં મિસિસ મૅકડોનાલ્ડનું નામ સૂચવેલું છે. એ સરસ કાર્યકર છે, વ્યવસ્થિત કામ કરનારી છે અને ઉદ્યમશીલતામાં તમે અથવા મિ. વેસ્ટની પૂરી બરાબરી કરે એવી છે. એ હિસાબના ચોપડા લખી શકશે એ વિષે મને જરાયે શંકા નથી. સંભવ છે કે આવતે અઠવાડિયે હું ત્યાં આવીશ. ઈસ્ટરના તહેવાર પૂરા થતાં પહેલાં હું મારી ટિકિટ કઢાવવા માગું છું, પણ હું ત્યાં આવું તે પહેલાં મિસિસ મૅકડોનાલ્ડ બાબત નિર્ણય કરી લેવા માગું છું, જેથી જો જરૂર પડે તો હું તેને મારી સાથે લાવી શકું. આજે કેટલુંક ગુજરાતી મૅટર મોકલું છું, આશા છે કે તે તમને સોમવારે મળી જશે. જો તમે અને મિ. વેસ્ટ બંને તથા અન્ય ભાઈઓ કોઈ નિર્ણય પર આવી શકો તો આ બાબત મને તાર કરજો. આણંદલાલ, મગનલાલ અને સૅમને પણ તમારે પૂછી જોવું જોઈએ. જો આપણા પત્રના બદલામાં

Gandhi Heritage Portal

તમને વીકલી સ્ટાર અગર વીકલી લીડર અગર વીકલી રૅન્ડ ડેલી મેલ મળતું હોય તો તે મિ. આઇઝેકને મોકલી આપજો.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

શ્રી સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૩૪૭

૨૮૩. સહીસલામત આશ્રયસ્થાન

જે અશાંત પરિસ્થિતિમાંથી દક્ષિણ આફ્રિકા પસાર થઈ રહ્યું છે તેમાં સંસ્થાનોનાં ન્યાયાલયો સલામતીનાં સ્થાનો તરીકે અડીખમ ઊભાં છે. એક હિંદીના મુકદ્દમાના,[૧] મિ. ન્યાયમૂર્તિ વેસેલ્સના ઉપસંહારનો ઉતારો કરવાનું આનંદજનક કાર્ય અમને પ્રાપ્ત થયું હતું. આ અંકમાં અમે એક ચીનાના મુકદ્દમાનો મિ. ન્યાયમૂર્તિ મેસનનો ચુકાદો ટ્રાન્સવાલ લીડરમાંથી ઉતારીએ છીએ. આમ જોઈએ તો હાલ ટ્રાન્સવાલ બહુ જુલ્મી કાયદાઓનો ભોગ બનેલું છે, તેથી આ સંસ્થાનમાં ન્યાયાધીશો ઉપર પોતાની પરંપરાગત સ્વતંત્રતાનો ઉપયોગ કરવાની તથા પ્રજાની સ્વતંત્રતાનું રક્ષણ કરવાની ફરજ આવી પડે છે.

એવું જણાય છે કે વિદેશી મજૂર ખાતાની નોકરીમાંનો એક ચીની પોલીસવાળો કંઈક પજવણી કરતો હોવાથી એને, વગર વૉરંટે, વિદેશી મજૂર ખાતાના સુપરિન્ટેન્ડેન્ટના હુકમથી પકડીને બેડી પહેરાવવામાં આવી અને કોટડીમાં પૂરવામાં આવ્યો, તથા ચીની મજૂરો બાબતના કાનૂનની એક કલમ મુજબ તેને વતન પાછો મોકલવા હુકમ કરવામાં આવ્યો. કમનસીબ પોલીસવાળાને ડરબન મોકલી દેતાં પહેલાં, કાયદાની મદદ મેળવતાં અથવા મિત્રોને મળતાં અટકાવવામાં આવ્યો. અને જો તેનાથી છાની રીતે અને સુપરિન્ટેન્ડેન્ટની પીઠ પાછળ, સૉલિસિટરોની નિમણૂક કરવા માટેના મુખતિયારનામા પર સહી કરવાનું ન બની શક્યું હોત તો સંભવ છે કે એને કશી રાહત આપ્યા વિના અને એની દાદ સાંભળ્યા વિના ચીન મોકલી દેવામાં આવ્યો હોત. પોલીસવાળો જોખમકારક માણસ હતો કે નહીં એ વાત અહીં અપ્રસ્તુત છે. અમે મુકદ્દમાના ગુણદોષ તપાસવા બેઠા નથી. અમે ઉપર જણાવી છે તે હકીકતો સ્વીકારવામાં આવી છે.

વિદેશી મજૂર ખાતાના સુપરિન્ટેન્ડેન્ટને ખબર આપવામાં આવી હતી કે એ માણસે રોકેલા સૉલિસિટરો, હેબિયેસ કોર્પસનો હુકમ મેળવવા સુપ્રિમ કોર્ટને અરજ કરવાના છે; અને તેમ છતાં, મનાઈ હુકમ કાઢવામાં આવે તે પહેલાં, માણસને સહીસલામત ડરબન ખાતે વિદાય કરી દેવામાં આવ્યો. પરંતુ સુપરિન્ટેન્ડેન્ટને સુપ્રિમ કોર્ટ સમક્ષ હાજર થવા અને પેલા પોલીસવાળાને રજૂ કરવાનો હુકમ કરવામાં આવ્યો. પ્રિટોરિયામાં મિ. ન્યાયમૂર્તિ મેસન સમક્ષ તા. ૩૦ માર્ચના

૧. જુઓ "ન્યાયનો કિલ્લો", પા. ૨૭૬–૭.

Gandhi Heritage Portal

રોજ નીકળેલી સુનાવણીમાં હેબિયેસ કોર્પસની અરજીને નિષ્ફળ કરવા સુપરિન્ટેન્ડેન્ટ તરફથી જણાવવામાં આવ્યું કે પોલીસવાળાને રજૂ કરવાનું તદ્દન અશક્ય છે, કેમ કે ચીની મજૂરો બાબતનો કાનૂન કોઈ ચીનાને પરવાના વિના દેશમાં પ્રવેશ કરતાં રોકે છે અને આવા પરવાના આપવાનું બંધ કરવામાં આવેલું છે.

ચીના પોલીસ તરફથી મિ. સ્મટ્સે વકીલાત કરી, અને ચુકાદો આપતાં મિ. ન્યાયમૂર્તિ મેસને સુપરિન્ટેન્ડેન્ટના કૃત્યને સખત રીતે વખોડી કાઢ્યું :

> આ મુકદ્દમાની તાત્ત્વિક દૃષ્ટિએ અને હકીકતમાં એક અત્યંત ગંભીર બાબત એ છે કે વિદેશી મજૂર ખાતાના સુપરિન્ટેન્ડેન્ટે ચિનાઈ સાર્જન્ટને કોઈને પણ મળવા ન દઈને પોતાની સત્તાનો ત્રાસદાયક ઉપયોગ કર્યો. હું આને બહુ ગંભીર બાબત ગણું છું. કોઈ માણસનો ગેરકાયદે નિકાલ થતો હોય તથા તેની સાથે ગેરકાયદે વર્તાવ થતો હોય તે અટકાવવાનો એક માત્ર ઉપાય મારા મત મુજબ એ છે કે તેના જે કોઈ મિત્રો તેને મળવા ઇચ્છે તેમને મળવાનો તેનો હક પૂરેપૂરો માન્ય રાખવામાં આવે. . . . સુપરિન્ટેન્ડેન્ટે ભરેલાં પગલાંને પરિણામે આવું કંઈ ન થઈ શક્યું, અને કુલીના સૉલિસિટરોએ આપેલી નોટિસ એ સુપરિન્ટેન્ડેટના માથા પર લટકતી હતી છતાં તેમણે કુલીને સંસ્થાન બહાર મોકલી દેવાનું અનુચિત કામ કર્યું.

વિદ્વાન ન્યાયાધીશે એ માણસને રજૂ કરવાનો સુપરિન્ટેન્ડેન્ટને હુકમ કર્યો છે, અને હુકમ કાઢીને પૂછ્યું છે કે, ચીનાના બચાવ માટે અદાલતમાં અરજી કરવાની વાત તે જાણતા હતા છતાં તેને સંસ્થાનમાંથી કાઢી મૂકીને અદાલતનો તિરસ્કાર કર્યો છે તેને માટે તેને શિક્ષા કેમ ન કરવી? એમણે એ હુકમ પણ કર્યો છે કે અસીલને પ્રસ્તુત અરજી બાબત થયેલો સૉલિસિટરનો બધો ખર્ચ મિ. જેમિસને[1] આપવો. તેમણે એ પણ કહ્યું કે "આ હુકમ હું મુખ્યત્વે, જેને મેં પહેલાં અરજદારને મળતાં કોઈને પણ અટકાવવામાં રહેલો સત્તાનો જુલમગાર ઉપયોગ કહ્યો છે, તેને કારણે કરું છું."

અહીં એક તરફ બહુ લાગવગ ધરાવનાર અમલદાર છે, ને બીજી તરફ ગરીબ પોલીસવાળો; તેમ છતાં ટ્રાન્સવાલમાં ન્યાયની ઊંચામાં ઊંચી ટ્રીબ્યુનલ સમક્ષ પોલીસવાળો પોતાની ફરિયાદ સંભળાવવાનો હક સ્થાપિત કરી શકયો છે. જે સંસ્થા તાજના અમલ હેઠળ ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રજાજનની સ્વતંત્રતાનું રક્ષણ કરે છે તેને માટે સુપરિન્ટેન્ડેન્ટે પોતે મગરૂર થવું જોઈએ; કેમ કે તેને હાથે પેલા ચીનાને જે સહન કરવું પડયું તેવું જ તેના ઉપરી અમલદારને હાથે તેને પોતાને પણ સહન કરવું પડે એ તદ્દન કલ્પી શકાય તેવું છે. મિ. જેમિસનની આમાં માત્ર સમજફેર થઈ હોય એમ બને, પણ કોઈ પ્રજાજનની સ્વતંત્રતાનું રક્ષણ ન થાય તેના કરતાં મિ. જેમિસનને સહન કરવું પડે એ વધારે સારું છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ७-४-१९०६

૧. સુપરિન્ટેન્ડેન્ટ, વિદેશી મજૂર ખાતું.

Gandhi Heritage Portal

૨૮૪. ગિરમીટવેરો

ગયે અઠવાડિયે અમે ટાઇમ્સ ઑફ નાતાલમાંથી એક મુકદ્દમાનો હેવાલ ઉતાર્યો હતો. સંસ્થાનના પ્રવાસી કાયદા હેઠળ એ મુકદ્દમો ત્રણ પાઉંડનો વાર્ષિક વેરો વસૂલ કરવા માટે ચલાવવામાં આવ્યો હતો. નાતાલ વિટનેસ વાંચતાં અમને જાણવા મળે છે કે મુકદ્દમો એ માણસ સામે જ નહીં પરંતુ એની પત્ની સામે પણ હતો. આ વેરો વસૂલ કરવાની એક જ રીત કાયદામાં જણાવેલી છે: "કોઈ શાંતિ અમલદાર(મૅજિસ્ટ્રેટ) અગર આવી પરવાના ફી ઉઘરાવવા નિમાયેલા અમલદાર દ્વારા ઝડપી નિકાલ કરવાની." એવું જણાય છે કે આ કામમાં કામ ચલાવનાર સાર્જન્ટે, તે સ્ત્રીનાં અંગત દાગીના, કોર્ટના હુકમ અનુસાર, જામીનગીરી તરીકે કબજે લીધાં છે. વેરો ભરી દેવાને એને પણ ત્રણ માસની મુદત આપવામાં આવી છે, અને એ મુદતમાં વેરો નહીં ભરાય તો તેનાં ઘરેણાં વેચી દેવામાં આવશે. મૅજિસ્ટ્રેટ તથા કામ ચલાવનાર સાર્જન્ટ બંનેએ સહાનુભૂતિ બતાવી છે છતાં પણ ગિરમીટિયા હિંદીઓને મુક્ત થયા પછી આ વેરાને લીધે જે ગંભીર મુસીબત વેઠવી પડે છે તે આ મુકદ્દમાથી સ્પષ્ટપણે બહાર આવી છે. ગરીબ સ્ત્રી પાસે થોડાક દાગીના કે અંગત માલમતા છે ત્યાં સુધી તેને વેરો ભરવો પડશે; પછી ભલે તે કંઈ કમાતી હોય કે ન કમાતી હોય, બીજી રીતે વેરો ભરી શકે એમ હોય કે ન હોય. નાતાલમાં પાંચ વરસ સેવા આપ્યા પછી, ગિરમીટિયા હિંદીને તેના બદલામાં ઇનામ મળે છે, તે આ છે!

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ७-४-१९०६

૨૮૫. નાતાલમાં રાજ-તોફાન

ગયા અઠવાડિયામાં નાતાલમાં ભારે બનાવો બન્યા છે. તેની અસર ઘણાં વરસો સુધી જાય તેમ નથી. પરિણામમાં નાતાલ ચડી ગયું છે. સ્વરાજ્યની ફતેહ થઈ છે. પણ અંગ્રેજી રાજ્યને ધક્કો પહોંચ્યો છે.

નાતાલમાં પોલ ટૅક્સને લીધે કાફરાઓએ બંડ કર્યું. સારજન્ટ હંટ તથા આર્મસ્ટ્રૉંગ[1] તે બંડમાં માર્યા ગયા. નાતાલમાં મારશલ લૉ પોકાર્યો ને કાફરો ઉપર સખતી ચાલી. મારશલ લૉની રૂએ કેટલાક કાફરોની તપાસ ચાલી અને તેમાંથી બાર કાફરોને તોપે ઉડાવવાની સજા થઈ. આસપાસના કાફરોને તથા તેઓના રાજાને તોપે ઉડાવવાની વખતે જોવાને સારુ નોતરવામાં આવ્યા. આ બનાવ તા. ૨૯મીએ બનવાનો હતો.

દરમિયાન વિલાયતથી લૉર્ડ એલ્ગિને નાતાલના ગવર્નરને તાર કર્યો કે હાલ તુરતને સારુ કાફરોને તોપે ઉડાવવાનું બંધ રાખવું. આ વાત નાતાલના રાજ્યકારભારીઓને ન ગમી. તેઓએ

૧. નાતાલ પોલીસના સબ ઇન્સ્પેક્ટર હંટ અને ટ્રૂપર આર્મસ્ટ્રૉંગ.

Gandhi Heritage Portal

ગવર્નરને રાજીનામું આપ્યું. ગવર્નરે તેઓને કહ્યું કે જ્યાં સુધી લૉર્ડ એલ્ગિનનો બીજો જવાબ ન આવે ત્યાં સુધી તેઓએ થોભવું. આ તેણે કબૂલ રાખ્યું.

આ બધી વાત જાહેર થતાં વાર આખા દક્ષિણ આફ્રિકામાં કોલાહલ થઈ રહ્યો. છાપાં-ઓએ સખત લખાણ કર્યાં કે સ્વરાજ્યના બંધારણને લૉર્ડ એલ્ગિનના વચ્ચે પડવાથી ધક્કો પહોંચ્યો છે. જો નાતાલને સ્વતંત્ર સત્તા છે, તો પછી નાતાલના રાજ્યકારભારમાં વડી સરકારથી વચ્ચે અવાય નહીં. નાતાલના રાજ્યકારભારીએ રાજીનામું આપ્યું તેથી તેઓને બધેથી શાબાશી મળી. ચોફેર મીટિંગો થઈ અને વડી સરકારની સામે ભાષણો ચાલ્યાં.

વડી સરકારની એવી માન્યતા હતી કે નાતાલને બંડ મટાડવામાં મદદ કરવામાં વડી સરકાર હતી. એટલે કાફરોને ન્યાય મળે છે કે નહીં તે જોવાનું કામ તેનું હતું. અને તેથી સજા મુલતવી રાખવાનું લખ્યું તેમાં કંઈ ખોટું નથી થયું. પણ દક્ષિણ આફ્રિકા ઉશ્કેરાઈ ગયું તેથી વડી સરકારની બધી દલીલો સૂઈ ગઈ અને લૉર્ડ એલ્ગિન દબાઈ ગયા.

તેણે ગવર્નરને લખ્યું છે કે તપાસ કરતાં માલૂમ પડે છે કે કાફરોને બરોબર ન્યાય મળ્યો છે. હવે સરકાર નાતાલના રાજ્યકારભારીઓના કામમાં વચમાં આવવા નથી માંગતી અને તેઓની મરજીમાં આવે તેમ કરે. લૉર્ડ એલ્ગિને ગવર્નરની ઉપર વાંક ઢોળ્યો છે. તે જણાવે છે કે જો ગવર્નરે બધી હકીકત પહેલેથી આપી હોત તો આમ વચમાં આવવાનું નહીં બનત. બે પ્રાણની પાછળ બાર પ્રાણ ગયા છે. બાર કાફરોને સોમવારે તોપે ઉડાવી દેવામાં આવ્યા છે.

આ રમખાણમાં માત્ર એક જ માણસે પોતાનો મિજાજ શાંત રાખ્યો છે અને તે મિ. મોરકમ. મિ. મોરકમે મેરિત્સબર્ગની મીટિંગમાં જણાવ્યું કે લૉર્ડ એલ્ગિને પગલું બરોબર ભર્યું હતું. જીવ બચાવવાની વાત હતી તેમાં રાજ્યકારભારીઓએ રાજીનામું આપવાની કશી જરૂર ન હતી. મારશલ લૉ શરૂ થયો તેના પહેલાં હંટ અને આર્મસ્ટ્રૉંગ મૂઆ હતા. તેથી કાફરોની તપાસ સુપ્રિમ કોર્ટની આગળ ચાલવી જોઈતી હતી. મિ. મોરકમની સામે આખી મીટિંગ હતી. તેઓ ચીસકારી પાડતા હતા, પણ બહાદુર મિ. મોરકમે પોતાને જે કહેવાનું હતું તે કહ્યું.

આ બધાનો અંત શો? કાફરો માર્યા ગયા તે વાત ભુલાઈ જશે. તેઓને ન્યાય મળ્યો છે કે નહીં એ કહી શકાતું નથી. પણ સ્વરાજ્ય જ્યાં જ્યાં અપાયેલું છે ત્યાં ત્યાં લોકો વધારે ચડી જશે. તેઓ વધારે છૂટ લેશે અને વડી સરકાર હવે વચમાં પડતાં ડરશે. સર્પનો કરડયો સીંદરીથી બીએ એ કહેવત મુજબ હવે વડી સરકાર વચમાં ભાગ્યે જ પડશે. આમાં નુકસાન કાળા લોકોને જ છે. તેઓને વોટ નથી. જ્યાં વોટ છે ત્યાં પૂરા વાપરી નથી શકતા. એટલે કૉલોનીનાં લોકો તેઓની ઉપર દાબ વધારે મૂકશે અને જેઓ કૉલોનીના લોકોને રાજી કરીને ન્યાય લેવા ધારશે તે જ લઈ શકશે. આવતાં વરસોમાં દક્ષિણ આફ્રિકામાં ઘણી ઊથલપાથલ થવાની છે. હિંદી અને બીજા કાળા માણસોએ બહુ વિચારવાનું ને વિચારી ચાલવાનું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ७-४-१९०६

૨૮૬. ટ્રાન્સવાલમાં જમીનનો કાયદો

અગત્યનો કેસ

ટ્રાન્સવાલમાં હિંદીના નામ ઉપર રજિસ્ટર થયેલી એવી એક જ જમીન લોકેશનની બહાર હતી. તે મરહૂમ પ્રખ્યાત શેઠ અબુબકર આમદના નામ ઉપર હતી. અને તે પ્રિટોરિયામાં ચર્ચ સ્ટ્રીટમાં હતી. મરહૂમ મિ. અબુબકરે તે જમીન ૧૮૮૫ના જૂન મહિનામાં ખરીદ કરેલી. તેના દસ્તાવેજ રજિસ્ટરની ઑફિસમાં ૧૮૮૫ના જૂન મહિનાની ૧૨મી તારીખે દાખલ થયેલા. હિંદીઓ વિરુદ્ધ કાયદો જૂનની ૧૭મી તારીખે અમલમાં આવ્યો. ઉપલો દસ્તાવેજ રજિસ્ટર થવામાં કેટલીક હરકત આવેલી. બ્રિટિશ એજંટ વચમાં પડેલ અને તે વખતના સ્ટેટ ઍટર્નીએ ખસૂસ કાગળ લખેલ તે ઉપરથી રજિસ્ટ્રારે તા. ૨૬મી જૂને દસ્તાવેજ રજિસ્ટર કર્યા. ૧૮૮૮ની સાલમાં મિ. અબુબકર ગુજરી ગયા. ત્યારથી તે આજ સુધી તે જમીનનો કબજો અને ભોગવટો મરહૂમ મિ. અબુબકરના વારસ અથવા તો તેના ટ્રસ્ટીના હાથમાં હતો. કાયદા પ્રમાણે માણસ ગુજરી જાય ત્યારે તેની મિલકતનો વહીવટ સરકાર મારફતે થવો જોઈએ. પણ આ મિલકતનું એમ નહીં થયેલું તથા જમીન વારસના નામ ઉપર ચઢ્યા વિના એમની એમ પડી હતી. ૧૯૦૫-ની સાલમાં જમીન ખાલી પડતાં તેનું ઘર બાંધવાને સારુ લાંબું લીસ આપવાનો ઠરાવ થયો. દરેક લાંબાં લીસ ટ્રાન્સવાલના કાયદા પ્રમાણે રજિસ્ટરની ઑફિસમાં રજિસ્ટર થવાં જોઈએ. એટલે જમીન વારસોના નામ ઉપર ચઢાવવાનું શરૂ કરવું પડ્યું. કેમ કે મૂએલા માણસોનાં નામ ઉપર જમીન કાયદા પ્રમાણે રહી શકતી નથી. વારસો હિંદી હોવાથી રજિસ્ટ્રારે જમીન તેઓને નામ ઉપર ચડાવવાની ના પાડી. આ ઉપરથી એક જજની પાસે રજિસ્ટ્રારની સામે અપીલ થઈ. રજિસ્ટ્રારે વારસોના નામ ઉપર જમીન નહીં ચઢાવવાનાં બે કારણ બતાવ્યાં. પહેલું એ કે જમીન ૧૮૮૫નો નંબર ૩નો કાયદો પસાર થયા પછી રજિસ્ટર થયેલી અને તે કાયદાની રૂએ હિંદીને પોતાના નામ ઉપર જમીન રાખવાની બંધી હોવાથી મરહૂમ મિ. અબુબકરના નામ ઉપર જે દસ્તાવેજ થયેલ તે ગેરકાયદેસર હતો. તેથી રદ થવો જોઈએ. અને બીજું કારણ એ હતું કે કદી મરહૂમ મિ. અબુબકરના નામનો દસ્તાવેજ કાયદેસર ગણાય તોપણ વારસો હિંદી હોઈને ૧૮૮૫ના કાયદા પ્રમાણે પોતાના નામ ઉપર જમીન નથી લઈ શકતા. જસ્ટિસ ફૉકસ કે જેની પાસે આ અરજી ગયેલી તેણે રજિસ્ટ્રારની બીજી દલીલ કબૂલ રાખીને કેસ કાઢી નાખ્યો. આની ઉપર વારસોની વતી સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવામાં આવી. મિ. લેનર્ડ તથા મિ. ગ્રેગોરસકીને વારસોની વતી બૅરિસ્ટર રાખવામાં આવ્યા હતા. વારસોની વતી એવી માંગણી કરવામાં આવી હતી કે અગર સુપ્રિમ કોર્ટ વારસોનાં નામ ઉપર જમીન ચડાવવાનો હુકમ ન કરે તોપણ ૨૧ વર્ષનું લીસ રજિસ્ટર કરવાનો અને દરમ્યાન દસ્તાવેજ મરહૂમ શ્રી અબુબકરના નામે રહેવા દેવાનો હુકમ કરવો. મિ. લેનર્ડે ઘણી જબરદસ્ત દલીલ કરી અને જજોએ બહુ લાગણી બતાવી પણ લાચારીથી કહ્યું કે વારસોને તેઓ ન્યાય નથી આપી શકતા. જડજોએ જણાવ્યું કે ૧૮૮૫નો કાયદો એ જ ઘણો ખરાબ છે. અને તે કાયદાની સામે થઈને ન્યાય લેવો એ તો માત્ર પાર્લમેન્ટની પાસેથી જ લઈ શકાય. આવો ઠરાવ થવાથી તુરતને સારુ જમીન બચાવવાનો વારસોની પાસે એક જ ઉપાય રહેલો અને તે એ કે જમીન કોઈ પણ ગોરાના નામ ઉપર ચડાવી કબજો પોતાને હાથ રાખવો. આ પગલું તેઓએ ભર્યું છે તેથી તેઓના ભોગવટાને કશી અડચણ

Gandhi Heritage Portal

નહીં આવે. છતાં સુપ્રિમ કોર્ટના ઠરાવથી એ પોતાના નામ ઉપર ન ચડી શકે તેથી થયેલા જુલમની લાગણી થયા વિના ન રહે. હવે માત્ર પાર્લમેન્ટની મારફતે રાજ્યદ્વારી લડાઈ લેવી રહી. તે તેઓ લેશે તેમ અમે જાણીએ છીએ. ઉપરના ઠરાવથી ચોક્કસ થયેલું છે કે ૧૮૮૫નો કાયદો મહા જુલમાત છે એમ જડજો પણ કબૂલ કરે છે. સર હેનરી કોટને એ બાબત સવાલ મોટી પાર્લમેન્ટમાં પૂછેલો છે. હવે પરિણામ શું આવે છે તે જોઈશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ७-४-१९०६

૨૮૭. જોહાનિસબર્ગનો પત્ર

પરમિટ

એપ્રિલ ૭, ૧૯૦૬

પરમિટની તકલીફ હજુ વધતી ચાલી છે. માણસોને કશી દાદ મળતી નથી. રેફયુજીની અરજીઓ તેમની તેમ ધા ખાય છે. ફેરફારો થયા જ કરે છે. આમ આગ બળે છે તેમાં ઘી હોમાયું છે. શ્રી સુલેમાન મંગા તે ડેલાગોઆ બેના જાણીતા વેપારી શ્રી ઈસમાઈલ મંગાના સગા છે. તેવણ ઇંગ્લંડમાં બૅરિસ્ટરની પરીક્ષાને સારુ અભ્યાસ કરે છે, પોતે પોતાના સગાને મળવા વિલાયતથી થોડા દિવસથી આવ્યા છે. ડરબનમાં પોતે ઊતરી ટ્રાન્સવાલ રસ્તે ડેલાગોઆ બે જવાનો ઇરાદો રાખ્યો. તેમની વતી મિ. ગાંધીએ મુદતની પરમિટની અરજી કરી. પણ કૉલોનિયલ સેક્રેટરીએ પરમિટ આપવાની ના પાડી. શ્રી મંગા ડરબનમાં થોડા દિવસ રાહ જોઈ દરિયારસ્તે ડેલાગોઆ બે ગયા. ત્યાંથી વળી પોતે જાતે અરજી કરી પણ નાનો જવાબ આપ્યો. આટલે સુધી શ્રી મંગા બ્રિટિશ રૈયત હશે એમ સમજી કામ ચાલેલું. શ્રી મંગા વિલાયતનો જુસ્સો લઈ આવેલા. તે બેસી રહે તેમ નહીં હતું. તેમનો જન્મ દમણમાં[1] હોવાથી પોતે પોર્ટુગીઝ રૈયત છે તેનો લાભ લઈ ડેલાગોઆ બેમાં ગવર્નમેન્ટના સેક્રેટરી પાસે જઈ પોતાને સારુ પરમિટની માંગણી કરી. આ ઉપરથી સેક્રેટરીએ તાબડતોબ બ્રિટિશ કોનસલ ઉપર કાગળ લખ્યો. આ કાગળ ઉપરથી કોનસલે તુરત પરમિટ કાઢી આપી. એટલે મિ. મંગા જો બ્રિટિશ રૈયત હોત તો ટ્રાન્સવાલની સુવર્ણ ભૂમિ ઉપર પગ નહીં મૂકી શકત, પણ પોર્ટુગીઝ રૈયત હોવાથી તુરત આવી શક્યા! શ્રી મંગા એક દિવસ જોહાનિસબર્ગમાં રહીને પાછા ડેલાગોઆ બે વિદાય થયા છે. આવી ગવર્નમેન્ટની બેહૂદી વર્તણૂક બાબત ઍસોસિયેશને[2] સરકારને લખાણ કર્યું છે ને લૉર્ડ સેલબૉર્નને પણ લખ્યું છે. લૉર્ડ સેલબૉર્ને પહોંચ આપતાં લખ્યું છે કે પોતે તે બાબત તપાસ કરે છે. ટ્રાન્સવાલ લીડરમાં[3] શ્રી ગાંધીએ પણ કાગળ લખ્યો છે. શ્રી સુલેમાન મંગાના કેસમાં એવો અન્યાય થયો છે કે તે ઉપરથી કંઈક પણ આંખ ઊંઘતી ઇંગ્રેજી સરકારની ઊઘડવાનો સંભવ છે. મિ. નોમુરા જાપનીઝ રૈયત તેને પરમિટની ના પાડી હતી તે ઉપરથી આખું

૧. તે સમયે ભારતમાંનું "પોર્ટુગીઝ" સંસ્થાન.

૨. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન.

૩. જુઓ પા. ૨૮૯.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલ[1] ધ્રૂજ્યું હતું. પણ તેવી જ સ્થિતિનો માણસ ઇંગ્રેજી રૈયત હોય તો તેનો ભાવ પૂછનાર કોઈ નહીં?

રેલવેની અડચણ

અલીવોલ નૉર્થના[2] જાણીતા વેપારી મિ. મહમદ સુરતી જોહાનિસબર્ગમાં બે દિવસ રહી ગયા છે. તેમને જરમિસ્ટનથી ગાડીમાં તકલીફ પડેલી. એક પહેલા વર્ગના ડબામાં બેઠેલા ત્યાંથી તેમનું અપમાન કરી તેમને બીજા ડબામાં બેસાડયા. મિ. મહમદ સુરતીને તે ખબર ન હતી કે ટ્રાન્સવાલમાં કાળા માણસને સારુ નોખા ડબા હોય છે. વળી પોતે જે ડબામાં હતા તેમાં કોઈ ગોરો ન હતો, છતાં ગાર્ડે હલાકી કરી. આ ઉપરથી તેમણે રેલવેમાં દાદ માગી છે.

પ્રિટોરિયાથી જોહાનિસબર્ગ ને જોહાનિસબર્ગથી પ્રિટોરિયા જતી ૮-૩૦ વાગ્યાની ગાડીમાં હિંદી ઉતારુને નથી જવા દેતા. તે બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનું ડેપ્યુટેશન જનરલ મૅનેજર આગળ ગયેલું. જનરલ મૅનેજરે માંગ્યું કે આ ગાડી માત્ર ગોરાને સારુ રાખી છે. એટલે જો હિંદી કોમ આગ્રહ ન કરે તો સારુ. તેમાં કાયદેસર બચાવ જનરલ મૅનેજર જરાયે કરી શકે તેમ નથી. ડેપ્યુટેશને જવાબ આપ્યો કે તે બાબતમાં હિંદી કોમ પાછી હઠી નથી શકતી. જેવી ગોરાને સગવડની જરૂર છે તેવી જ હિંદીને છે. આ બાબતનો ખુલાસો વધારે દશેક દિવસમાં થવાનો સંભવ છે.

ટ્રામનો કેસ

જોહાનિસબર્ગના ટ્રામના કેસનો હજુ અંત નથી થયો. આપણા લોકોને ટ્રામમાં લેતા નથી તેથી વળી પાછો કેસ કર્યો છે. મિ. કુવાડિયા ટ્રામમાં બેસવા જતાં તેને બેસવાની ના પાડી છે, તેથી ફરી તેમણે એફિડેવિટ કરેલ છે. કેસની તારીખ એકબે દિવસમાં મુકરર થશે.

લોકેશનમાં ગંદકી

મલાઈ લોકેશનમાં વસતા હિંદીની ઉપર દાક્તર મોર્ટરની ધાડ આ અઠવાડિયે આવી હતી. માણસો ગીચોગીચ રહેવાથી તેઓમાંના ઘણાને પકડી ગયેલા. આ બાબતમાં અને ઘરઆંગણું તથા પાયખાનાં સાફ રાખવા બાબતમાં આપણા લોકો ઘણા બેદરકાર રહે છે. તેનું પરિણામ બધાને સોસવું પડે છે. તેમાં જ્યાં સુધી પાકો સુધારો આપણે નહીં કરીએ ત્યાં સુધી આપણી ઈજાઓ દૂર થનાર નથી. અને જો દરમિયાન મરકી કે બીજા ચેપી અથવા ઊડતા રોગ ફાટી નીકળશે તો બહુ જ વધારે દુઃખ ભોગવવાં પડશે. ૧૯૦૪માં[3] મરકી થઈ ત્યારે જે અનુભવ થયેલો તે આપણા લોકો ભૂલી ગયા જણાય છે.

ગોરાઓનો ઉત્સાહ

બાદશાહને ગોરાઓએ જે અરજી નવા બંધારણ ઉપર કરી છે તેમાં ઘણી જ થોડી મુદતમાં ૩૫,૦૦૦ સહીઓ થઈ ચૂકી છે ને હજુ થયા કરે છે. આવા ઉત્સાહનો ચેપ આપણને લાગવાની જરૂર જણાય છે. કુસંપના ચેપ કરતાં આ ચેપ લાગે તો આપણે જુદી જ સ્થિતિ ભોગવીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–४–१९०६

૧. જુઓ "ટ્રાન્સવાલમાં પડતો પરમિટ સંબંધી જુલમ", પા. ૨૮૨.

૨. ઑરેન્જ નદી ઉપર વસેલું એક શહેર.

૩. જુઓ પુસ્તક ૪, પા. ૧૬૮-૯, ૧૯૭-૯૯ અને ૪૧૦-૩.

Gandhi Heritage Portal

૨૮૮. દાદાભાઈ નવરોજી પરના પત્રમાંથી ઉતારા[1]

[જોહાનિસબર્ગ,
એપ્રિલ ૧૦, ૧૯૦૬]

[પ્રવાસી પ્રતિબંધક કાયદા હેઠળ આપવામાં આવતા દાખલા અને પાસ સારુ લેવાતી ભારે ફી] સદંતર અન્યાયીપણે લાદવામાં આવેલી છે, જે જરાયે વાજબી નથી. . . . દક્ષિણ આફ્રિકામાં વસતી હિંદી કોમને ટ્રાન્સવાલમાં બીજો ગંભીર ફટકો પડયો છે.

[મૂળ અંગ્રેજી]

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : સી. ઓ. ૪૧૭, ગ્રંથ ૪૩૪ ઇન્ડિયા.

૨૮૯. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૧૦, ૧૯૦૬

ચિ. છગનલાલ,

હું હુસેનખાનનો પત્ર પરત કરું છું. અંગ્રેજી કટારોમાં એની ચર્ચા થશે. તમે ગુજરાતી કટારોમાં લખશો કે એ બાબત અંગ્રેજી કટારોમાં ચર્ચા ચાલે છે.

આવતી કાલે તમારો પત્ર આવશે એવી કંઈક અપેક્ષા છે. હું શુક્રવારે સવારની ગાડીએ નીકળું એવો સંભવ છે.

હજી હું મિ. કિચિન સાથે પરિસ્થિતિની ચર્ચા કરું છું. એ કદાચ જોડાય.

હું આશા રાખું છું કે હવે મગનલાલની તબિયત ઘણી સારી છે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

૧ બિડાણ

શ્રી સી. કે. ગાંધી
C/o ઇન્ડિયન ઓપીનિયન
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળ છબી પરથી : એસ. એન. ૪૩૪૯

૧. દાદાભાઈ ઉપરનો ગાંધીજીનો પોતાનો પત્ર પ્રાપ્ય નથી. સંસ્થાન મંત્રી પરના પત્રમાં દાદાભાઈ ("મારા પત્રલેખક") ગાંધીજીનું અવતરણ આપે છે તેમાંથી આ ઉતારો કર્યો છે. એ પત્રમાં ૧૦-૩-૧૯૦૬ના ઇન્ડિયન ઓપીનિયનના અંકનો ઉલ્લેખ કરેલો છે, અને તે ૧૭-૩-૧૯૦૬ના અંક સાથે મોકલવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

૨૯૦. છગનલાલ ગાંધીને પત્ર

૨૧-૨૪ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક ઍન્ડ એન્ડરસન સ્ટ્રીટ્સ કૉર્નર,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
એપ્રિલ ૧૧, ૧૯૦૬

ચિ. છગનલાલ,

મને તમારો પત્ર મળ્યો. હું હમણાં કાંઈ બહુ લખતો નથી. હું શુક્રવારે સવારની ગાડીએ નીકળીશ, જે મને શનિવારે બપોર પછી ત્યાં[1] પહોંચાડશે. અને જોહાનિસબર્ગની ગાડી આવ્યા પછી તરત ફિનિક્સની જે ગાડી નીકળે છે તે પકડીશ.

જાહેરાતોના ભાવ બાબતમાં તમને જે કાંઈ પૂછયું હતું તે તમે હજી પણ સમજ્યા નથી લાગતા. હું ત્યાં આવું ત્યારે મને યાદ દેવરાવજો એટલે હું તમને પરિસ્થિતિ સમજાવીશ. દરમિયાન, તમારે જે કાંઈ કહેવાનું હોય, અને જે કાંઈ સૂચવવાનું હોય તે બાબતના તમારા વિચાર લખી રાખવા. કંઈ ગેરસમજ થવાનો ભય રાખશો નહીં, કેમ કે તમે લખશો તે બધી બાબત વિષે હું પ્રશ્નો પૂછી શકીશ અને તમે તે સમજાવી શકશો. બીજા કોઈ સાથે સલાહ-મસલત કર્યા વિના સ્વતંત્ર રીતે તમારા વિચારો લખજો. અને હું ઇચ્છું કે દરેક જણ એમ કરે. આ પત્ર મગનલાલને આપશો જેથી, જો એમનામાં જોઈતી શક્તિ હોય તો, એમને પણ જે જે વિચાર આવે તે પૂરેપૂરા લખી કાઢે. કોઈ પણ સંજોગમાં, તમારે મને પૂછવા હોય તે પ્રશ્નો પણ લખી કાઢવા.

મારી યોજનામાં ફેરફાર નહીં હોય તો હું તાર નહીં કરું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

શ્રી સી. કે. ગાંધી
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : એસ. એન. ૪૩૪૮

૧. ડરબન.

Gandhi Heritage Portal

૨૯૧. વિલિયમ વેડરબર્નને પત્ર[1]

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

૨૫ તથા ૨૬ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક સ્ટ્રીટ,
જોહાનિસબર્ગ,
એપ્રિલ ૧૨, ૧૯૦૬

સર વિલિયમ વેડરબર્ન
પૅલેસ ચેમ્બર્સ
લંડન

સાહેબ,

ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓની પરિસ્થિતિ રોજબરોજ વધારે ને વધારે જોખમભરેલી અને દુઃખદાયક થતી જાય છે. જે બને છે તે ટૂંકમાં કહી જાઉં અને સક્રિય કાર્ય વાસ્તે અપીલ કરું તેટલું જ મારે માટે બસ છે.

તાજના સંસ્થાન ટ્રાન્સવાલમાં ઇંગ્લંડની સરકાર જલદી દરમ્યાનગીરી નહીં કરે એ વાત એક બાજુથી સાચી છે, છતાં હું માનું છું કે આ બિનદરમિયાનગીરીની નીતિને હદ હોવી જોઈએ. ટ્રાન્સવાલમાં એક શાંતિ-રક્ષા વટહુકમ અસ્તિત્વમાં છે, જે અનુસાર બ્રિટિશ હિંદીઓના પ્રવેશ પર અત્યંત જોહુકમીભર્યો અંકુશ મૂકવામાં આવે છે.

(ક) વટહુકમનો હેતુ શાંતિ જાળવવાનો [અને], તેથી બંડખોરો અને બીજાઓ જે બ્રિટિશ સરકાર પર દ્વેષ રાખતા હોય તેમને બહાર રાખવાનો હતો; પરંતુ આજે હકીકતમાં એનો ઉપયોગ માત્ર બ્રિટિશ હિંદીઓના પ્રવેશ પર અંકુશ મૂકવા માટે થાય છે.

(ખ) જે બ્રિટિશ હિંદીઓ શરણાર્થી ન હોય અને કેળવણીવિષયક યોગ્યતા ધરાવતા ન હોય તેમને બહાર રાખવામાં આવે એ સ્થિતિ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને સ્વીકારેલી છે.

(ગ) હકીકત તો એ છે કે, જે શરણાર્થીઓ યુદ્ધપૂર્વે સંસ્થાનમાં રહેતા હતા અને જેમણે ત્યાં રહેવાની પરવાનગી માટે ૩ પાઉંડ કિંમત ચૂકવી હતી, તેમને હવે પ્રવેશ કરતા અટકાવવામાં આવે છે. કેવળ અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં જ તેમને આવવા દેવાય છે.

(ઘ) આવા માણસોને પરવાના અમલદાર તરફથી પરવાનો કાઢી આપવામાં આવે તે દરમિયાન મહિનાના મહિના સુધી કાંઠાનાં નગરોમાં થોભવું પડે છે.

(ચ) અત્યંત ચીડ ચઢે તેવી તપાસ ચલાવવામાં આવે છે તે પછી તેમને અંગૂઠા-નિશાન આપવાની તથા બીજી અનાવશ્યક સખતાઈઓ વેઠવી પડે છે, અને તે પછી જ પ્રવેશ માટે પરવાનો કાઢી આપવામાં આવે છે.

૧. આ એક પરિપત્ર હોય એવું જણાય છે. એની નકલ દાદાભાઈ નવરોજીને મોકલવામાં આવી હતી, જેમણે છેલ્લી કંડિકા કાઢી નાખીને નિવેદનરૂપે એ તા. ૮ મે, ૧૯૦૬ના રોજ સંસ્થાન ખાતાના પ્રધાનને મોકલી હતી.

Gandhi Heritage Portal

(છ) તેમની પત્નીઓને પણ ટ્રાન્સવાલમાં પ્રવેશ કરવા માટે ઘણી વાર દસ્તાવેજો રજૂ કરવા પડે છે.

(જ) અગિયાર વરસ ઉપરની ઉંમરનાં તેમનાં બાળકોને સાથે લાવવા દેવામાં આવતાં નથી.

(ઝ) આવા શરણાર્થીઓનાં બાર વર્ષથી નીચેનાં બાળકોને પ્રવેશ કરવા પરવાના કઢાવવા પડે છે. હમણાં તાજેતરમાં જ છ વરસથી નીચેના એક છોકરાને તેના પિતાથી વિખૂટો પાડીને વૉક્સરસ્ટ ખાતે રોકી રાખ્યો હતો, કારણ કે, જોકે એના પિતાના નોંધણીના દાખલામાં દર્શાવેલું હતું કે એને બે પુત્રો છે, પણ તે છોકરા પાસે અલગ પરવાનો ન હતો.

(ટ) ત્રણ જ માસ પહેલાં સોળ વરસ નીચેના છોકરાઓને ટ્રાન્સવાલમાં પ્રવેશની છૂટ હતી, શરત એટલી જ હતી કે તે તેમનાં માબાપ સાથે હોવાં જોઈએ, અગર, જો માબાપ ગુજરી ગયાં હોય તો ટ્રાન્સવાલમાં વતનહક ધરાવનાર વાલી સાથે એ હોવા જોઈએ. હવે, ઉપર કહ્યું તે પ્રમાણે હિંદી કોમ ઉપર એક નવો નિયમ ઓચિંતો ઠોકી બેસાડયો છે અને બાર વરસની નીચેના છોકરાઓને જ દાખલ થવા દે છે. પરિણામે સોળ વરસ નીચેના જે ઘણાય છોકરાઓ ઠીક ઠીક ખર્ચ બાદ દક્ષિણ આફ્રિકા આવેલા છે તેમને ટ્રાન્સવાલમાં વતનહક ધરાવનારાં તેમનાં માબાપ સાથે જોડાવાને બદલે હિંદ પાછા ફરવું પડે છે.

(ઠ) આશરે ત્રણ માસ પૂર્વે, જે હિંદીઓ ટ્રાન્સવાલમાંથી પસાર થઈને દક્ષિણ આફ્રિકાના અન્ય ભાગોમાં જવા ઇચ્છતા હોય અથવા કાંઈ કામ કરવા ઇચ્છતા હોય તેમને ઠીકઠીક છૂટથી કામચલાઉ પરવાના કાઢી આપવામાં આવતા હતા. હવે એવા પરવાના ખૂબ બારીક તપાસ બાદ આપવામાં આવે છે. ડેલાગોઆ બેના એક પ્રસિદ્ધ વેપારીના પુત્ર શ્રી સુલેમાન મંગા[1] હાલ ઇંગ્લંડમાં બૅરિસ્ટરનો અભ્યાસ કરે છે અને ડેલાગોઆ બે ખાતે પોતાના સગાને મળવા તાજેતરમાં ઇંગ્લંડથી આવ્યા છે. એ ડરબન બંદરે ઊતર્યા ને ડેલાગોઆ બે જવા સારુ ટ્રાન્સ-વાલમાંથી પસાર થવા માટે પરવાનો મેળવવા એમણે અરજી કરી. એમને પરવાનો આપવાની ના પાડવામાં આવી. એમનો કેસ જાણે એ બ્રિટિશ હિંદી હોય એ રીતે વિચારવામાં આવ્યો આથી એ દરિયાઈ માર્ગે ડેલાગોઆ બે ગયા. ત્યાંથી એમણે ટ્રાન્સવાલ સરકાર મારફતે, પોતાને પ્રિટોરિયા અને જોહાનિસબર્ગ જોવા જવાની ઇચ્છા હોવાથી, કામચલાઉ પરવાનો મેળવવા ફરી પ્રયાસ કર્યો, પણ તેમની અરજી નામંજૂર થઈ. આથી એમણે વિચાર કર્યો કે પોતે પોર્ટુગીઝ હિંદમાં જન્મેલા હોવાથી પોર્ટુગીઝ સરકાર આગળ રજૂઆત કરવી. તેમણે એમ કર્યું અને તેમને તરત પરવાનો કાઢી આપવામાં આવ્યો. એટલે આનો અર્થ એ થયો કે કોઈ બ્રિટિશ હિંદી, ભલે પોતે ગમે તેવો દરજ્જો ધરાવતો હોય, પણ ટ્રાન્સવાલમાંથી સહીસલામત પસાર થઈ શકે નહીં, પરંતુ કોઈ હિંદી પરદેશી રાજસત્તા હેઠળ રહેતો હોય તો તેને માગતાની સાથે પરવાનો મળી જાય.

(ડ) ઉપર આપેલી હકીકતથી એ ફલિત થાય છે કે શિક્ષિત હિંદીઓને ટ્રાન્સવાલમાં વસવાટ કરવા પરવાનો મળી શકતો નથી. બીજી રીતે કહીએ તો, શાંતિ-રક્ષા વટહુકમનો અમલ એવી રીતે થાય છે કે યુદ્ધપૂર્વે, જ્યારે હરકોઈ હિંદીને ટ્રાન્સવાલમાં પ્રવેશ કરવાની છૂટ હતી, ત્યારે હાલમાં જે હિંદી કેળવણીવિષયક કસોટી પસાર કરીને કેપ અથવા નાતાલના સ્વાયત્ત સંસ્થાનમાં પ્રવેશ મેળવી શકે તેને ટ્રાન્સવાલના તાજ હસ્તકના સંસ્થાનમાં પ્રવેશ કરવા સામે પ્રતિબંધ છે. અહીં યુદ્ધપૂર્વેનો ધારો બ્રિટિશ સરકારને વારસામાં મળ્યો હોય એવો કોઈ પ્રશ્ન નથી. પણ પ્રશ્ન એવો છે કે લશ્કરી કાયદો આવ્યા પછી તરત પસાર થયેલો એક વટહુકમ,

૧. જુઓ "ટ્રાન્સવાલનો પરવાના ઑર્ડિનન્સ", પા. ૩૦૫-૭.

Gandhi Heritage Portal

જેને બ્રિટિશ હિંદી પ્રજાજનો સાથે કશી નિસ્બત નથી તેનો, જાણીબૂજીને આગ્રહપૂર્વક અમલ કરવામાં આવે છે.

૧૮૮૫ના કાયદા નં. ૩ અનુસાર, એવું બનવા પામ્યું છે કે દક્ષિણ આફ્રિકાના પ્રાથમિક હિંદી વસાહતીઓ પૈકીના એક મરહૂમ અબુબકર આમદના બ્રિટિશ હિંદી વારસોને વસિયતનામાથી તેમને મળેલી મિલકત પોતાના નામ પર દફતરે ચઢાવતાં અટકાવવામાં આવ્યા છે.[૧] હિંદીઓની માલિકી સંબંધમાં કાયદાનો આવો અમલ કરવામાં આવે છે. એ ધ્યાનમાં રહેવું જોઈએ કે ટ્રાન્સવાલના આદિવાસીઓને ગમે તે જગ્યાએ સ્થાવર મિલકતની માલિકી મેળવવાની છૂટ છે અને તે તદ્દન યોગ્ય છે. કેપ સંસ્થાનની બિનગોરી વસ્તીને પણ ટ્રાન્સવાલમાં સ્થાવર મિલકત ધારણ કરવાની છૂટ છે. પ્રતિબંધ કેવળ એશિયાઈઓ ઉપર મૂકવામાં આવ્યો છે.

યુદ્ધ પહેલાં, હિંદીઓને ટ્રાન્સવાલમાં કોઈ પણ રેલગાડીનો ઉપયોગ કરવા સામે પ્રતિબંધ ન હતો. હવે રેલવે બોર્ડે સ્ટેશન માસ્તરોને સૂચના આપી છે કે પ્રિટોરિયા અને જોહાનિસબર્ગ વચ્ચે દોડતી અમુક એક્સપ્રેસ રેલગાડી માટે બ્રિટિશ હિંદીઓને તથા બિનગોરા લોકને ટિકિટો ન આપવી.[૨] આથી હિંદી વેપારધંધાવાળાઓને ગંભીર અગવડ ઊભી થઈ છે. એ ખૂબ સંભવિત છે કે છેવટે રાહત મળશે, પણ સરકારનું વલણ કઈ દિશામાં છે તે સ્ટેશન માસ્તરોને આપેલી આ સૂચના પરથી જણાય છે.

પ્રિટોરિયાની પેઠે જ જોહાનિસબર્ગમાં પણ બ્રિટિશ હિંદીઓ તથા બિનગોરા લોકો મ્યુનિસિપલ ટ્રામગાડીઓનો ઉપયોગ કરી શકતા નથી.[૩]

નાતાલમાં પરિસ્થિતિ ટૂંકાણમાં નીચે મુજબ છે: દુકાનદારો માટે પરવાનાનો કાયદો વધારેમાં વધારે મુશ્કેલી ઊભી કરે છે. લાંબા વખતથી અહીં સ્થિર થયેલા શ્રી દાદા ઉસ્માન નામના બ્રિટિશ હિંદી વેપારીની યુદ્ધપૂર્વે, જ્યારે વ્રાઈહેડ ટ્રાન્સવાલનો ભાગ હતું ત્યારે, વ્રાઈહેડમાં દુકાન હતી. ત્યાં તેઓ કોઈ પણ જાતની રોકટોક વગર વેપાર કરતા હતા. જ્યારે વ્રાઈહેડને નાતાલમાં ભેળવી દેવામાં આવ્યું ત્યારે ત્યાંના એશિયાઈ-વિરોધી કાયદાઓ પણ ચાલુ રહ્યા, જેને પરિણામે વ્રાઈહેડમાં નાતાલનો દુકાનદારોના પરવાનાનો કાયદો તેમ જ ૧૮૮૫નો કાયદો નં. ૩ પણ અમલમાં છે. એ કાયદા હેઠળ શ્રી દાદા ઉસ્માન પાસેથી તેનો પરવાનો લઈ લેવામાં આવ્યો છે, અને તેનો વ્રાઈહેડ ખાતેનો ધંધો બિલકુલ બંધ થઈ ગયો છે.[૪] તેટલી જ સખતાઈનો બીજો દાખલો લેડી-સ્મિથ જિલ્લામાં બન્યો છે. ત્યાં કેટલાક સમયથી કાસિમ મહમદ નામે માણસ એક ખેતરમાં દુકાન કરે છે. ગયે વરસે તેના નોકરે રવિવારના વેપારી કાયદાનો ભંગ કર્યો હતો. બાજુના દુકાનદારે તેને ફસાવવાને ઈરાદે મોકલેલા માણસોને એણે સાબુની ગોટી અને ખાંડ વેચેલાં. એ સાબિત થયું હતું કે માલિક પોતે ગેરહાજર હતો. આ ગુનાને કારણે આ વરસે એનો પરવાનો તાજો કરી આપવામાં આવ્યો નથી.[૫] અપીલની બોર્ડે પરવાના અમલદારના નિર્ણયને બહાલ રાખ્યો છે, અને કહ્યું છે કે એક ગોરા માણસના દાખલામાં અમે જે સિદ્ધાંત નક્કી કરી આપ્યો છે તે અનુસાર પરવાના અમલદાર વર્ત્યો છે. પરંતુ આ વાત સાચી નથી. પ્રસ્તુત ગોરાની બાબતમાં એવું

૧. જુઓ "કાયદેસર લૂંટ", પા. ૨૫૮-૯.

૨. જુઓ "ઍક્ટિંગ ચીફ ટ્રાફિક મૅનેજરને પત્ર", પા. ૨૧૪-૫.

૩. જુઓ "ટાઉન ક્લાર્કને પત્ર", પા. ૨૦૮-૯.

૪. જુઓ "લૉર્ડ એલ્ગિનને અરજી", પા. ૨૭૨-૪.

૫. જુઓ "મુશ્કેલ કેસ", પા. ૩૦૪-૫.

Gandhi Heritage Portal

જાણવામાં આવ્યું છે કે તેણે પોતાના પેટાભાડૂતોને દારૂ વેચવાની છૂટ આપી હતી, જે આદિવાસીઓને વેચવામાં આવ્યો હતો અને પોતાની હદમાં અફીણ વેચવાનો તેનો ગુનો સાબિત થયો હતો. ગોરાએ ઈરાદાપૂર્વક ઉપર્યુક્ત કાયદાનો જે ભંગ કર્યો હતો તેની સરખામણીમાં રવિવારના વેપારના કાયદાનો ઔપચારિક ભંગ એ કાયદાનો ભંગ જ નહોતો.

ત્રીજો દાખલો મિ. હૂંડામલનો છે, જેને ડરબન ખાતે પોતાનો પરવાનો એક સ્થળેથી બીજે સ્થળે ફેરવી આપવાની ના પાડવામાં આવી હતી.[1] દુકાનદારોના પરવાનાના કાયદા હેઠળ જે વસ્તુ કેટલાયે દાખલામાં બની છે તેનાં આ ત્રણ માત્ર દૃષ્ટાંતો છે. કાયદા હેઠળ પડતી મુસીબતો બાબત મિ. ચેમ્બરલેને નાતાલ સરકાર આગળ રજૂઆત કરી હતી, જેને પરિણામે નાતાલ સરકારે સૂચનાઓ કાઢી કે કાયદાનો અમલ સખતાઈથી નહીં કરવો, નહીં તો કાયદો બદલવામાં આવશે. ઉપર દાખલા આપવામાં આવ્યા છે તેના કરતાં વધારે મુસીબતભર્યા દાખલા આપવાનું શક્ય નથી. બ્રિટિશ હિંદીઓની માગણી કેવળ એટલી જ છે કે પરવાના અમલદારો અને પરવાના આપનાર બોર્ડ, જેમાં મુખ્યત્વે વેપારીઓ હોય છે, તેમના નિર્ણયો પર પુનર્વિચારણા કરવાની સુપ્રિમ કોર્ટને સત્તા આપવામાં આવે.

પ્રવાસી પ્રતિબંધક કાયદા હેઠળ, હવે જે નિયમો ઘડવામાં આવ્યા છે તે મુજબ, વતનહકવાળા હિંદીને પોતાના તે અધિકારનો દાખલો મેળવવા એક પાઉંડ ફી આપવી પડશે. મુલાકાતી પાસ[2] માટે પણ એટલી જ ફી લાગુ કરવામાં આવી છે; એટલે કે જે હિંદીઓ નાતાલની મુલાકાત લેવા માગે તેમના પર તથા જે હિંદીઓ હિંદ જવા માટે સ્ટીમર પકડવા નાતાલમાંથી પસાર થવાનો અધિકાર મેળવવા માગતા હોય તેમના પર આ ફી નાખવામાં આવી છે. વેરો લેવાની આ એક આડકતરી રીત છે, અને તેથી ગરીબ હિંદીઓને બહુ અગવડ તથા હાનિ થાય છે.

હું માનું છું કે ઇન્ડિયન પાર્લમેન્ટરી કમિટીએ આ બાબતો વારંવાર સંસ્થાનો ખાતાના તથા હિંદ ખાતાના પ્રધાનો સમક્ષ મૂક્યા કરવી જોઈએ.

આપનો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળી મૂળ ટાઈપ નકલ પરથી: સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સૌજન્યથી

૧. જુઓ પુસ્તક ૪, પા. ૪૦૬–૭.
૨. જુઓ "સંસ્થાન મંત્રીને પત્ર", પા. ૨૪૬–૭.

Gandhi Heritage Portal

૨૯૨. છગનલાલ ગાંધીને પત્ર

[જોહાનિસબર્ગ,
એપ્રિલ ૧૩, ૧૯૦૬][1]

ચિ. છગનલાલ,

તમને થોડું ગુજરાતી મૅટર તથા જાહેરખબર વ. મોકલું છું. બને ત્યાં સુધી જાહેરખબર બધું આજ વખત આવે તેમ કરવા મિ. વેસ્ટને કહેશો.

કારમેનનું અગાડી હતું તેટલું જ ગાર્લિક હેન્ટ્ઝનું છાપજો. મેં તેની જાહેરખબર ઉપર લખ્યું છે તે યાદ રાખજો. જીવણજીને ૬ ઇંચ આપજો. બીજાંની બાબત કહેવાપણું નથી.

મિ. હરિલાલ ઠાકરને મારી સાથે લાવીશ. સાંજની છેલ્લી ટ્રેનમાં ચાલીશ. ભાઈ સુલેમાનની બરદાશ બરોબર કરજો. ગુજરાતી બાકીનું મારે ત્યાં જ આપવું પડશે. બીજો ઉપાય નથી.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૫૩

૨૯૩. મુશ્કેલ કેસ

ગઈ તા. ૩૦ માર્ચના રોજ લેડીસ્મિથમાં એક પરવાના અપીલના મુકદ્દમાની સુનાવણી નીકળી હતી. તેનો સાર અમે ગયે અઠવાડિયે આપ્યો હતો. છેલ્લાં ત્રણ વરસથી વિટ્રેકલેઈ-ફૉન્ટીન નામે ફાર્મ પર ક્લિપ રીવર ડિવિઝનમાં એક હિંદી વેપારી દુકાન ચલાવતો આવ્યો છે. તેની નજીકમાં થોડા વખત પહેલાં બુર્ડેટ ઍન્ડ કું. નામે યુરોપિયન પેઢીએ દુકાન ખોલી છે. નાતાલ વિટનેસ પત્રમાં આવેલા એક હેવાલ પરથી જણાય છે કે એ પેઢીના ભાગીદારો પૈકી એક સાર્જન્ટ બૅટરબર્ગ છે, જે આ ડિવિઝનના સરકારી વકીલ છે. હિંદી વેપારીની ગેરહાજરી દરમિયાન તેના ગુમાસ્તાને પોલીસે જાળમાં ફસાવ્યો અને રવિવારે વેપાર કરવા માટે એને ગુનેગાર ઠરાવવામાં આવ્યો. સાબુની ગોટી ને થોડીક ખાંડ એણે વેચી હતી. પાછા ફરતાં દુકાનદારે જાણ્યું કે એના ગુમાસ્તાએ રવિવારે ધંધો કરવાનો ગુનો કર્યો છે, એટલે તેણે એને નોકરીમાંથી કાઢી મૂકયો. આ દુકાનદારનો પરવાનો બદલાવવાનો વખત આવ્યો ત્યારે મેસર્સ બુર્ડેટ ઍન્ડ કં.એ, દુકાનદારે રવિવારે પાળવાના કાયદાનો ભંગ કર્યો છે એ કારણ આપીને પરવાના અમલદાર સમક્ષ તેનો પરવાનો તાજો કરી આપવા સામે વાંધો નોંધાવ્યો. આ વાંધો સ્વીકારીને પરવાના અમલદારે પરવાનો આપવાની ના પાડી. આ નિર્ણય સામે ગરીબ હિંદી દુકાનદારે પરવાના બોર્ડને અપીલ કરી, પરંતુ

૧. મૂળ પત્રમાં અહીં ૨૩ એપ્રિલ ૧૯૦૬ આપ્યું છે તે ભૂલ જણાય છે. ગાર્લિક હેન્ટ્ઝે આપેલી જાહેરખબર ૨૧-૪-૧૯૦૬ના ઇન્ડિયન ઓપીનિયનમાં આવી છે. આ પત્ર અઠવાડિયાં પહેલાં સંભવતઃ શુક્રવાર ૧૩મી એપ્રિલે લખાયેલો હોવો જોઈએ, જે દિવસે ગાંધીજી ફિનિક્સ છોડવાના હતા. જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૨૯૮.

Gandhi Heritage Portal

તેના વકીલના જોરદાર બચાવ છતાં અપીલ કાઢી નાખવામાં આવી, ને પોતાના ચુકાદામાં બોર્ડે જણાવ્યું કે રવિવાર પાળવાનાં નિયમનોનો દુકાનદારના ગુમાસ્તાએ ભંગ કર્યો હતો, એ કારણે અપીલ કાઢી નાખવામાં આવે છે. અને એ નિર્ણયના ટેકામાં ઉમેર્યું કે એક યુરોપિયને કરેલી પરવાના અરજી પણ એવા જ કારણસર અમે કાઢી નાખી છે. પરંતુ અમારા મત મુજબ બોર્ડે ટાંકેલા યુરોપિયન કેસને વર્તમાન કેસ સાથે કશો સંબંધ નથી, કારણ કે આ કેસમાં કેટલીક મૂળભૂત બાબતોની ઊણપ હતી. અહીં તો હિંદી વેપારીએ પોતે ગુનો નથી કર્યો, અને થયેલી ભૂલ સુધારી લેવાનો જે એક માત્ર માર્ગ હતો તે તેણે લીધો છે. અને આખરે એક વાત તો કોઈ સામાન્ય માણસ પણ સ્પષ્ટ રીતે જોઈ શકે એમ છે કે આ આખો વાંધો એક હરીફ વેપારી પેઢીએ ઉઠાવ્યો છે, જેનો સ્વાર્થ હિંદી દુકાનદારને દૂર કરવામાં રહ્યો છે. આ હિંદી દુકાનદાર સામે મુકદ્દમો ચલાવનાર લેડીસ્મિથ જિલ્લાના પબ્લિક પ્રોસીક્યુટર પોતે આ પેઢીના ભાગીદાર છે એ હકીકત ઓછા મહત્ત્વની નથી. અરજદારના વકીલે જે વાંધો ઉઠાવ્યો હતો કે બુર્ડેટ ઍન્ડ કં.ને બોર્ડ સમક્ષ આવવાનો કોઈ હક નથી તે બોર્ડે સ્વીકાર્યો નહીં એ ખરેખર દુ:ખની વાત છે. બોર્ડે પોતાના નિર્ણય દ્વારાં પ્રસ્તુત મુકદ્દમામાં જે જાતનો વાંધો ઉઠાવવામાં આવ્યો છે તેને ઉત્તેજન આપ્યું છે એમ અમને લાગ્યા વિના રહેતું નથી. કાયદાની કોઈ જોગવાઈનો એક નોકર ભંગ કરે અને તેને શિક્ષા કરવામાં આવે ત્યાર પછી પણ, તે જ ગુના માટે તેના માલિકનો પરવાનો લઈ લેવામાં આવે એ શિક્ષા પ્રમાણમાં ઘણી ભારે છે. પણ આ કેસ તો નાતાલનો વેપારી પરવાનાનો કાયદો કેટલો અન્યાયી અને દમનકારી છે તેનું માત્ર ઉદાહરણ પૂરું પાડે છે. દાદા ઉસ્માનની અરજીમાં[1] આગળ કરવામાં આવેલી દલીલનું આ લેડીસ્મિથનો મુકદ્દમો સમર્થન કરે છે. સુપ્રિમ કોર્ટને અપીલ કરવાનો હક પુન:સ્થાપિત ન થાય ત્યાં સુધી વેપારી પરવાનાના કાયદા હેઠળ કશો પણ ન્યાય મળવાની શકયતા નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४-४-१९०६

૨૯૪. ટ્રાન્સવાલનો પરવાના ઑર્ડિનન્સ

શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ એવે વખતે પસાર થયો હતો કે જ્યારે એનું નામ સૂચવે છે તે મુજબ, ટ્રાન્સવાલ રાજ્યની હદમાં શાંતિ ભયમાં આવી પડી હતી. પરંતુ ત્યારથી એ ઑર્ડિનન્સ બ્રિટિશ હિંદીઓના માથા પર લટકતી તલવાર પેઠે ઝઝૂમે છે, જે ગમે ત્યારે તૂટી પડે તેમ છે. અમારા ટ્રાન્સવાલના પત્રલેખકે વાચકોના ધ્યાન પર તેનો છેલ્લામાં છેલ્લો દાખલો આણેલો છે.[2] ડેલાગોઆ બેના એક ખૂબ વિખ્યાત હિંદીના પુત્ર શ્રી સુલેમાન મંગા કેટલાંક વરસથી ઇંગ્લંડ ખાતે બૅરિસ્ટરનો અભ્યાસ કરે છે અને 'મિડલ ટેમ્પલ'ના સભ્ય તરીકે તેમનું નામ નોંધાયેલું છે. એવું જણાય છે કે ડેલાગોઆ બે ખાતે પોતાનાં સગાંસંબંધીને મળવા માટે એ હમણાં જ ઇંગ્લંડથી આવ્યા છે. ડરબન બંદરે ઊતરીને એમણે ટ્રાન્સવાલમાં થઈને ડેલાગોઆ બે જવાનો વિચાર કર્યો. પરવાના વાસ્તે અરજી કરવા એમણે જોહાનિસબર્ગમાં એક સૉલિસિટરને સૂચના

૧. જુઓ "લૉર્ડ એલ્ગિનને અરજી", પા. ૨૭૨-૪.

૨. જુઓ પા. ૨૮૯.

Gandhi Heritage Portal

આપી. સૉલિસિટર મિ. ગાંધીએ એમ માની લીધું લાગે છે કે શ્રી મંગા એક બ્રિટિશ હિંદી છે, ને એ રીતે એમણે અરજી કરી. થોડા દિવસના વિલંબ બાદ એમને જવાબ મળ્યો કે તમારા અસીલને કામચલાઉ પરવાનો મળી શકશે નહીં. પછી એમણે સંસ્થાન મંત્રીને અરજી કરી અને ત્યાંથી પણ એ જ જવાબ મળ્યો. પરવાનો આપવાની ના પાડવા માટે કોઈ કારણ આપવામાં આવ્યાં ન હતાં. ત્યાર પછી શ્રી મંગા સ્ટીમરમાર્ગે ડેલાગોઆ બે ગયા. શ્રી સુલેમાન યુવાન અને ઉત્સાહી છે તથા ઇંગ્લંડથી તાજા આવેલા છે એટલે તેઓ પોતાની અરજી રદ થઈ તે સહન કરી શક્યા નહીં. પોતાની ટૂંકી મુલાકાત દરમિયાન એમને ટ્રાન્સવાલની રાજધાની તથા સોનાની ખાણોના ઉદ્યોગનું કેન્દ્ર જોવાની ઇચ્છા હતી. તેથી તેમણે બંદર ખાતે એશિયાઈઓના સંરક્ષક અમલદારને ફરી અરજી કરી. એ અમલદારે એમના સૉલિસિટરને પહેલાં મળેલા જવાબનું સમર્થન માત્ર કર્યું. હકીકતમાં શ્રી મંગા ફિરંગી પ્રજાજન હોવાથી તેમણે પોતાની સરકારને અપીલ કરી, એ સરકારે પોતાની રૈયતને તરત મદદ કરી, અને શ્રી મંગા નેક નામદાર શહેનશાહના બ્રિટિશ કોનસલ જનરલનો કામચલાઉ પરવાનો લઈને ટ્રાન્સવાલમાં દાખલ થયા.

આ સરકારના હાથમાં મૂકવામાં આવેલી એકહથ્થુ સત્તાના બહુ સ્પષ્ટ દુરુપયોગનો દાખલો છે. અહીં અમને જાપાની પ્રજાજન મિ. નોમુરાનો આવો જ દાખલો યાદ આવે છે. આ ગૃહસ્થે પોતાનો માલ ટ્રાન્સવાલમાં વેચી કાઢવા માટે કામચલાઉ પરવાના માટે અરજી કરી. પરવાના ખાતાના મુખ્ય મંત્રીએ પરવાના આપવાની ના પાડી. સ્પષ્ટપણે જણાય છે કે એ અમલદારે વિચાર કર્યો હશે કે જો આવી સગવડો બ્રિટિશ રૈયતને મળતી નથી, તો પછી મિ. નોમુરાને પણ ન જ આપી શકાય.[1] આ કિસ્સાની જાહેર ચર્ચા થઈ, અને ટ્રાન્સવાલ લીડર પત્રે મિ. નોમુરાની જાહેર માફી માગી. હાઈ કમિશનરે તરત જ પરવાના ખાતાના મુખ્ય મંત્રીને મિ. નોમુરાને પરવાનો કાઢી આપવા હુકમ કર્યો અને પરવાનો મિ. નોમુરાને ડરબનમાં એમના નિવાસસ્થાને હાથોહાથ પહોંચાડવામાં આવ્યો.

શ્રી મંગાનો કેસ મિ. નોમુરા કરતાં વધારે મજબૂત છે. સંસ્થાન મંત્રીને પ્રથમ જણાવવામાં આવેલું તેમ, એ કેસ એક બ્રિટિશ પ્રજાજનનો હતો અને એક વિદ્યાર્થી ટ્રાન્સવાલમાં થઈને માત્ર પસાર થવાની રજા માગતો હતો. એમને સંસ્થાનમાં કોઈ વેપારધંધો કરવો ન હતો, અને તેથી એ કોઈ સાથે હરીફાઈ કરવાના નહોતા. અમે પૂછીએ છીએ કે શું એશિયાઈ-વિરોધી મંડળ(ઍન્ટી-એશિયાટિક કન્વેન્શન)નો કટ્ટરમાં કટ્ટર સભ્ય પણ કદી શ્રી મંગાની અરજી રદ કરવાનો વિચાર કરત ખરો? છતાં પણ જ્યાં સુધી મિ. મંગાને બ્રિટિશ પ્રજાજન ગણવામાં આવ્યા અને જ્યાં સુધી કોઈ પરદેશી સરકારે દરમિયાનગીરી ન કરી ત્યાં સુધી ટ્રાન્સવાલ સરકારને એમનો કેસ ધ્યાન આપવા જેવો ન લાગ્યો.

પરંતુ શ્રી મંગા તો ફિરંગી પ્રજાજન છે એવી ખબર પડતાંની સાથે એમને પરવાનો મળે છે. આ કેસનો ચોખ્ખો સાર એટલો જ છે કે વર્તમાન ટ્રાન્સવાલ સરકારને હાથે બ્રિટિશ હિંદીઓને ન્યાય મળવાનો નથી. એમને અપમાનિત કરી શકાય, એમને દરેક જાતની અગવડમાં મૂકી શકાય, એમની અરજીઓ પૂરી સુનાવણી વગર રદ કરી શકાય, સરકારના નિર્ણયો માટે તેમને કારણો ન આપી શકાય, ખરેખરા શરણાર્થીઓ હોવા છતાં ટ્રાન્સવાલમાં પુનઃપ્રવેશની તેમની માગણી પર વિચાર કરવામાં મહિનાના મહિના નીકળી જાય, તેમના ગુજરાનનું સાધન સુધ્ધાં સરકારની મુનસફી પર નિર્ભર રહેવા દઈ શકાય. આમ છતાં લૉર્ડ સેલબૉર્ન આપણને

૧. જુઓ પા. ૨૫૦.

Gandhi Heritage Portal

ખાતરી આપે છે કે તેમની ઇચ્છા હિંદીઓ સાથે કઠોર રીતે વર્તવાની અથવા શાંતિ રક્ષા કાનૂનનો અનુચિત ઉપયોગ કરવાની નથી.[1] આથી હિંદી સમાજને કંઈક ન્યાય મળે તે માટે લૉર્ડ સેલબૉર્નને અપીલ કરવાનો પૂરેપૂરો અધિકાર છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४–४–१९०६

૨૯૫. વેપારી પરવાના બાબત અરજી

વ્રાઈહેડ ખાતે એક બ્રિટિશ હિંદીના પરવાનાને લગતી હકીકતો અમારા વાચકોને યાદ હશે. પ્રસ્તુત હિંદી વેપારી શ્રી દાદા ઉસ્માન, વેપારી પરવાનાના કાયદાને કારણે, જેના પોતે હકદાર હતા તે ન્યાય મેળવવામાં નિષ્ફળ નીવડ્યા તેથી હવે તેમણે નેક નામદાર શહેનશાહના સંસ્થાન ખાતાના મુખ્ય મંત્રી સમક્ષ ધા નાખી છે,[2] અને એમની અરજીની નકલ અમને સમાલોચનાર્થે મોકલી છે. એ અરજી હકીકતોનું સીધુંસાદું નિવેદન છે, પણ તે અત્યંત સ્પષ્ટતાપૂર્વક બતાવે છે કે એના પાયામાં વેપારી પરવાના કાયદાના અમલનો સામાન્ય પ્રશ્ન સમાયેલો છે. સંસ્થાનની કાયદાપોથીમાંથી જ્યાં સુધી એ ભૂંસી નહીં કઢાય ત્યાં સુધી બ્રિટિશ હિંદી વેપારીઓને નિરાંત થવાની નથી. પરવાના અમલદારોને નિરકુંશ સત્તા આપવામાં આવે એ વેપારીઓ માટે ન્યાયી નથી, પણ એ અમલદારોને માટે તો તે તેથીયે ઓછું ન્યાયી છે. અમે વેપારના અબાધિત હક માગતા નથી, પણ અમે એટલું જરૂર માગીએ છીએ કે વેપાર માટેની દરેક અરજી પર તેના ગુણદોષની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, અને જ્યાં અરજી સામે પૂર્વગ્રહ સિવાય બીજાં કોઈ કારણો ન હોય ત્યાં અરજી મંજૂર કરવામાં આવે. અમારી સમક્ષ આવેલો કેસ વધારે મુશ્કેલ બની ગયો છે, કારણ કે અરજદારને બેવડી ગેરલાયકાત સામે લડવાનું છે. વ્રાઈહેડમાં બ્રિટિશ હિંદી તરીકે તેને નાતાલના કાયદાઓ મુજબ બધી ગેરલાયકાતો ભોગવવી પડે છે, અને એક પણ લાભ મળતો નથી, કેમ કે વ્રાઈહેડને નાતાલમાં ભેળવી દીધા પછી પણ ટ્રાન્સવાલનો ૧૮૮૫નો કાયદો નં. ૩ પણ ચાલુ રહ્યો છે. પરિસ્થિતિ એટલી વિસંગત છે કે તે આનાથી વધારે વિસંગત હોઈ નહીં શકે. અમે આશા રાખીએ છીએ કે લૉર્ડ એલ્ગિન પોતાના અરજદારને ન્યાય અપાવશે.

સંસ્થાનની ઘરગથ્થુ બાબતોમાં દરમિયાનગીરી કરવાનો પ્રશ્ન સ્વાભાવિક રીતે ઊભો કરવામાં આવશે. પરંતુ પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓ દ્વારા પોતાનો વહીવટ ચલાવનાર સંસ્થાનમાં, જે લોક સદંતર પ્રતિનિધિત્વરહિત હોય તેમની બાબતમાં, બિનદરમિયાનગીરીનો સિદ્ધાંત ભાગ્યે જ ટકી શકે. પોતે પોતાનું રાજ્ય કરવા શક્તિ ધરાવે છે એ વણકહી માન્યતાને આધારે નાતાલને સ્વરાજ મળેલું છે. જ્યારે સંસ્થાનમાં વસનાર પ્રજાના એક વર્ગને જૂજ ન્યાય મળતો હોય ત્યારે ત્યાં સ્વરાજનો નામનો જ અમલ થતો હોવો જોઈએ. સ્વરાજનો અર્થ છે આત્મ-નિયંત્રણ; જો અધિકારો મળ્યા હોય તો સાથેસાથે જવાબદારીઓ પણ ઉઠાવવી જોઈએ; અને જો જવાબદારીઓ અદા કર્યા વિના, આ અધિકારોનો પૂરેપૂરો ઉપભોગ કરવામાં આવતો

૧. જુઓ "ટ્રાન્સવાલવાસી હિંદીઓ અને પરવાના", પા. ૨૧૭.
૨. જુઓ "લૉર્ડ એલ્ગિનને અરજી", પા. ૨૭૨–૪.

Gandhi Heritage Portal

હોય તો એ અધિકારો આપનાર સત્તાને, એ જવાબદારીઓ યોગ્ય રીતે અદા થાય એવો પ્રબંધ કરવાનો અવશ્ય હક છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४–४–१९०६

૨૯૬. વેપારી પરવાના બાબત પરિપત્ર

વેપારી પરવાના કાઢી આપનાર અમલદારોને માર્ગદર્શન અર્થે સરકારે કેટલાક નિયમો ઘડેલા કહેવાય છે, તે પ્રત્યે એક ગુજરાતી ખબરપત્રીએ અમારું ધ્યાન ખેંચ્યું છે. અમારો ખબરપત્રી જણાવે છે કે એ અમલદારોને સૂચના આપવામાં આવી છે કે હિંદીઓને પરવાનો આપતી વખતે પરવાનાના દફતરે રહેનાર અડધિયા પર તેમનાં આંગળાંની છાપ તથા સહી લેવી. અમે માનીએ છીએ કે માણસને ઓળખી શકાય તે માટે આમ કરવામાં આવે છે. જો અમને મળેલી માહિતી સાચી હોય તો પહેલો પ્રશ્ન અમને એ થાય છે કે શા માટે આ વધારાની ગેરલાયકાત માટે એકલા હિંદીઓને જ પસંદ કરવામાં આવ્યા છે? પરવાનાદાર વેપારીની ઓળખાણ આપવાની જરૂર ક્યાં છે? શું એનો અર્થ એવો છે કે નાતાલ સરકાર હાલના માલિકો ખસી ગયા બાદ હિંદીઓના વેપારધંધા ચાલુ રાખવા દેવા માગતી નથી? શું તે પરવાના અમલદારોને એમ જણાવવા ઇચ્છે છે કે હિંદી વેપાર તેમના હાલના માલિકોની સાથે ખતમ થઈ જશે? એવું હોય તો, એનો અર્થ એ થયો કે વહેલા કે મોડા દરેક હિંદી વેપારીને પોતાનો ચાલતો ધંધો વેચવાને બદલે લાચારીથી પોતાનો માલ વેચી કાઢવાની ફરજ પડશે. અને સરકારે આવી પક્ષપાતભરી રીતે કાયદાના વહીવટમાં માથું શા માટે મારવું જોઈએ? જો પરવાના અમલદારોએ, બીજી કોઈ ગણતરીથી મુક્ત રહીને કેવળ ન્યાયની દૃષ્ટિએ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનો હોય તો, જેનો વિચાર કરીએ છીએ તે પ્રસ્તુત પરિપત્ર જેવા પરિપત્રો કાઢીને સરકાર તેમની વિવેકબુદ્ધિ પર પ્રતિબંધ કેવી રીતે મૂકી શકે? વેપારી પરવાનાના કાયદા હેઠળ પરિસ્થિતિ વધુ ને વધુ અસહ્ય થતી જાય છે, અને જો ઇંગ્લંડની સરકાર કાંઈ રાહત નહીં આપે તો બ્રિટિશ હિંદી વેપારીઓએ નાતાલમાં પોતાના વેપારધંધા વહેલામોડા સદંતર ક્યારે બંધ કરવા પડશે એ માત્ર સમયનો જ પ્રશ્ન છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १४–४–१९०६

Gandhi Heritage Portal

૨૯૭: નાતાલનો બળવો

બાર કાફરા જેને દેહાંત દંડની સજા થઈ હતી તેઓને ગોળીથી ઉડાવી દીધા.[1] નાતાલની પ્રજા રાજી થઈ. મિ. સ્માઈથનું નામ રહ્યું. વડી સરકારને નીચાજોણું થયું.

આ સંબંધમાં મિ. ચર્ચિલે જે ભાષણ કર્યું છે તે ઘણું સરસ હતું. તેણે બતાવી આપ્યું છે કે વડી સરકારને નાતાલની પાસેથી ખુલાસો માંગવાનો હક છે. કેમ કે જો કાફરો બરોબર તાબે ન રહે તો વડી સરકારને લશ્કર આપવાની ફરજ છે. મિ. સ્માઈથે રાજીનામું આપ્યું વગેરે જે પરિણામ આવ્યું છે તે માત્ર મિ. ચેમ્બરલેનના પક્ષકારોનાં ભાષણોને લીધે, અને દક્ષિણ આફ્રિકાનાં છાપાંઓ બધાં તે પક્ષના માણસોના તાબામાં છે તેથી. મિ. ચર્ચિલે બતાવ્યું કે જેમ સ્માઈથે કર્યું તેમ કરવાનો રિવાજ ચાલે તો ઈંગ્લંડ અને કૉલોની વચ્ચે સ્નેહ કદી નભી ન શકે.

આમ મિ. ચર્ચિલ ભાષણ કરતા હતા ત્યારે નાતાલમાં આ ખેદકારક કથાનું ત્રીજું પ્રકરણ રચાતું હતું. બાર કાફરોને માર્યા, પણ બળવો શાંત થવાને બદલે વધારે જાગ્યો. બંબાટા નામના કાફર રાજાને પદભ્રષ્ટ કરી તેની જગ્યાએ બીજાને બેસાડયો. કેમ કે બંબાટાની વર્તણૂક સારી ન હતી. બંબાટાએ લાગ જોઈ નવા રાજાને ઉપાડી લીધો અને તેણે બંડ શરૂ કર્યું. આ હંગામ ગ્રે ટાઉનમાં ચાલે છે. જે દેશમાં બંબાટા બહારવટે નીકળ્યો છે તે દેશ ઘણો ઝાડીવાળો તથા કઠણ છે. તેમાં કાફરો ઘણા દહાડા સુધી સંતાઈ શકે છે. તેઓને શોધી કાઢવા અને લડાઈ ચલાવવી તે મુશ્કેલ છે.

એક ટુકડી બંબાટાની પાછળ ગઈ તેમાં બાર કાફરોને ગોળીથી ઉડાવનારા ઈંગ્રેજો પણ હતા. આ ટુકડીને બંબાટાએ ઘેરી લીધી. ટુકડીવાળા ઘણી બહાદુરીથી લડયા પણ તેઓ અંતે હાર્યા ને બહુ મુશ્કેલીથી નીકળી આવ્યા. તેમાં કેટલાક માર્યા ગયા. મરનારમાં બાર કાફરોને ગોળી મારનાર હતા. એવી ઈશ્વરી કુદરત છે. જેઓ મારનાર હતા તેઓને બે દિવસમાં મોત મળ્યું.

આ લખતી વખતે બંબાટા છૂટે છે. તેના પાગિયા વધતા જાય છે. આનું છેવટ શું આવશે તે કાંઈ સમજી શકાતું નથી.

કૉલોનીની આવી આફત વખતે આપણું કર્તવ્ય શું છે? કાફરોનો બળવો વાસ્તવિક છે કે નહીં તેનો આપણે વિચાર કરવાનો નથી. આપણે ઈંગ્રેજના પ્રબળને લઈને નાતાલમાં વસીએ છીએ. તેની સત્તાની સાથે આપણો નિભાવ રહ્યો છે. એટલે જેટલી બને તેટલી મદદ કરી છૂટવું એ આપણું કર્તવ્ય છે. છાપાંઓમાં ચર્ચા ચાલેલી કે જો બરોબર લડાઈ થાય તો હિંદી કોમ ભાગ લેશે. અમે ઈંગ્રેજી લખાણમાં જણાવી ચૂકયા છીએ કે હિંદી પ્રજા ભાગ લેવાને તૈયાર છે. ને અમે માનીએ છીએ કે જેમ બોઅર લડાઈમાં આપણે કર્યું તેમ હાલ પણ કરવાની જરૂર છે. એટલે કે જો સરકાર માંગે તો આપણે ઍમ્બ્યુલન્સ ટુકડી ઊભી કરવી જોઈએ. જો હંમેશને માટે સરકાર "વૉલંટિયરિંગ"ની તાલીમ આપે તો તે પણ આપણે કબૂલ કરવાની જરૂર છે.

સ્વાર્થની નજરે જોતાં પણ આ પગલું બરોબર ગણાશે. બાર કાફરોનો કિસ્સો બતાવે છે કે જે કંઈ ન્યાય આપણે મેળવવો હશે તે છેવટે સ્થાનિક સરકાર પાસેથી જ લેવો રહ્યો છે. તે

૧. જુઓ "નાતાલમાં રાજ-તોફાન", પા. ૨૯૩-૪.

Gandhi Heritage Portal

મેળવતાં આપણે આપણી ફરજ બજાવવી એ આપણું પહેલું કામ છે. આ દેશમાં સાધારણ પ્રજા તે લડાઈની તૈયારી રાખે છે. તો તેમાં આપણે પણ ભાગ લેવો જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–४–१९०६

૨૯૮. ફેરીવાળા ઉપર ધાડ

ડરબનથી ટાઉન કાઉન્સિલે એવો ઠરાવ કર્યો છે કે લાઈસન્સિંગ અમલદારે ફેરીવાળાને નવું લાઇસન્સ નહીં આપવું અને જેનું લાઈસન્સ કાયમ છે તે પણ બને તેમ ઓછું કરવું, કેમ કે દુકાનદારોને ફેરીવાળાના વેપારથી ધક્કો પહોંચે છે. આટલા દિવસ સુધી ટાઉન કાઉન્સિલ છૂપી ભલામણ કરતી. હવે ઉઘાડે દહાડે અમલદારે શું કરવું તે હુકમ કરે છે. એટલે ઉપલી નેં નીચલી કોર્ટના ઠરાવ આપનારી ટાઉન કાઉન્સિલ જ થઈ.

વળી આવો હુકમ કાઢવાનો અર્થ એ થાય છે કે પ્રજાને ઈજા ઉઠાવવી પડે તેનું કંઈ નહીં પણ દુકાનદારોનો લાભ સચવાવો જોઈએ. આવા કાયદાની સામે લડત ઘણી સખત લેવાશે તો જ કંઈક રાહત મળશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–४–१९०६

૨૯૯. લેડીસ્મિથની વેપારી-પરવાના-બોર્ડ

અમે એક કેસ[1] વિષે લખી ચૂક્યા છીએ. જેમાં અમને એક નિર્દોષ હિંદી વેપારીને ભારે અન્યાય થયેલો લાગ્યો હતો. અપીલ અદાલતે પોતાના ચુકાદાના સમર્થનમાં મૅક્કિલ્લિકનના કેસનો હવાલો આપ્યો હતો. હવે અમને એ કેસ વિષે વધારે વિગતવાર માહિતી મળી છે. અમારી સમક્ષ એ મુકદ્દમાના મૂળ કાગળોની સાચી નકલ મોજૂદ છે. તેમાંથી અમને જણાય છે કે મૅક્કિલ્લિકનનો પરવાનો તાજો કરી આપવા ના પાડવાનાં કારણો અત્યંત જોરદાર હતાં. એ કારણો નીચે પ્રમાણે છે:

૧. કારણ કે અરજદારની જગ્યા, કે જેનો એક ફુટકળ દુકાન તરીકે જ પરવાનો આપેલો હતો, તેના ઉપરના એક મકાન કે ઢાળિયામાંથી પરવાના વિના દારૂ વેચવા માટે એક આદિવાસી પુરુષ અને સ્ત્રી ગુનેગાર પકડાયાં હતાં અને તેમને ૧૯ ઑક્ટોબર, ૧૯૦૩ના રોજ સજા થઈ હતી. તે સ્થળમાંથી બીર ભરેલી ઓછામાં ઓછી ત્રણ મોટી લાકડાની કોઠીઓ હાથ લાગી હતી. આ ગેરકાયદે ચાલતા ધંધાની જાણ અરજદારને હોવી જ જોઈએ.

૨. કારણ કે એ જ સ્થળ પર નવેમ્બર ૭, ૧૯૦૩ના રોજ અફીણ વેચવા માટે અરજદારને જાન્યુઆરી ૧૫, ૧૯૦૪ના રોજ ગુનેગાર ઠરાવવામાં આવ્યો હતો. કેટલાક

૧. જુઓ "એક મુશ્કેલ કેસ", પા. ૩૦૪–૫.

Gandhi Heritage Portal

સમયથી આ ધંધો એ સ્થળે ચાલતો હતો, અને એથી ઈલૅન્ડસ્લાગ્ટે ખાણ પરના હિંદીઓની માનસિક શક્તિનો ભયંકર હ્રાસ થયો હતો તથા તેમને બીજું નુકસાન થયું હતું. વળી ખાણના મૅનેજર પોતાના કામદારો પર થતી માઠી અસરનું મૂળ શોધી શક્યા ત્યાં સુધી તેમને તે અવિરત ચિંતાનું કારણ થઈ પડ્યો હતો.

આમ, અરજદાર કાયદાનો ભંગ કરીને આદિવાસીઓને ગેરકાયદે દારૂ વેચીને બગાડવા માટે, તથા હિંદી ખાણિયાઓને અફીણ વેચી મૂઢ બનાવવા માટે આડકતરી રીતે ગુનેગાર હતો. આમાંની દરેક બાબતમાં દોષ અરજદારનો પોતાનો હતો. આ કેસ સાથે હિંદીના કેસની સરખામણી કરવી, અને હિંદી વેપારીનો પરવાનો ખૂંચવી લેવા માટે આ કેસનો દાખલો આપવો એ વાણીનો વ્યભિચાર છે. બોર્ડે અરજદારની અપીલ કાઢી નાખવા માટે સાચા કારણનો એટલે કે રંગદ્વેષનો આધાર લીધો હોત તો તે વાત વધારે ગૌરવપૂર્ણ તથા વધારે પ્રામાણિક થઈ હોત.

પોતાની અરજીના સમર્થનમાં અરજદારે રજૂ કરેલાં પ્રમાણપત્રો પૈકી કેટલાંક અમને પણ મોકલવામાં આવ્યાં છે. ડરબનના અગ્રગણ્ય વેપારીઓ પૈકી એક, પરવાના અમલદારને લખતાં, જણાવે છે: "અમે એને બહુ પ્રતિષ્ઠિત, વિશ્વાસુ અને સરળ હિંદી તરીકે પિછાણીએ છીએ, અને તમારા જિલ્લામાં વેપારી પરવાનો ધરાવવાને તદ્દન યોગ્ય ગણીએ છીએ." આમ, જ્યારે મૅક્કિલ્લિકનને પોતાના અંગત ચારિત્ર્યે વેપારી પરવાનો ધરાવવા માટે નિ:શંક નાલાયક ઠરાવ્યો હતો, ત્યારે પેલા હિંદીનું ચારિત્ર્ય બિલકુલ નિષ્કલંક છે. લેડીસ્મિથમાં આ ગરીબ હિંદીને જે વેઠવું પડ્યું છે તે સંભવ છે કે નાતાલમાં હિંદી લોક માટે અસાધારણ અનુભવ નથી. આથી, અમને વિશ્વાસ છે કે હિંદી કોમના હિતસંબંધો માટે સદા જાગ્રત રહેનાર નાતાલ ઇન્ડિયન કૉન્ગ્રેસ આ બાબત સરકારના ધ્યાન પર લાવવામાં અને ન્યાય હાંસલ કરવામાં નિષ્ફળ જશે નહીં.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २१–४–१९०६

૩૦૦. ટ્રાન્સવાલ-પ્રવેશના પરવાના

આ કટારોમાં અમે શ્રી મંગાના જે કેસ[1] સંબંધે ધ્યાન દોર્યું હતું તે વિષે અમારા સમકાલીન વર્તમાનપત્ર રૅન્ડ ડેલી મેલે લખેલી નોંધ અમે અન્યત્ર ઉતારી છે. અમારા સમકાલીનનું લખાણ કડક છે, પણ સંપૂર્ણ રીતે યોગ્ય છે. પોતાનાં મંતવ્યો દર્શાવવાની હિંમત માટે અમે લેખકને ધન્યવાદ આપીએ છીએ.

જોહાનિસબર્ગ ખાતેના અમારા ખબરપત્રીએ પોતાનાં "ટાંચણો"માં એક બીજો મુકદ્દમો ટાંક્યો છે, જે દર્શાવે છે કે જો વસ્તુસ્થિતિ આમ ચાલુ રહેવા પામશે તો, બ્રિટિશ હિંદી શરણાર્થીઓને પણ રાહત મેળવવાનું અશક્ય થઈ પડશે. અમારા ખબરપત્રીએ એક પ્રતિષ્ઠિત બ્રિટિશ હિંદી નિર્વાસિતનો દાખલો ટાંક્યો છે, જેને, પોતાનો આગલો વસવાટ હક સાબિત કરવા આબરૂદાર યુરોપિયનોની સાક્ષી રજૂ કરવા છતાં, પરવાનાની ના પાડવામાં આવી છે. અમને માહિતી છે તે અનુસાર, આ પહેલો જ દાખલો છે જેમાં એક નિર્વાસિતને ફરીથી પ્રવેશ કરવાની ના પાડવામાં આવી છે. એનાથી પણ વધારે ગંભીર વાત તો એ છે કે, હિંદીઓને લાગેવળગે છે ત્યાં સુધી,

૧. જુઓ "ટ્રાન્સવાલનો પરવાના ઑર્ડિનન્સ", પા. ૩૦૫–૭.

Gandhi Heritage Portal

પરવાના કાનૂનના અમલ સંબંધે રશિયાની ગુપ્તતાની નીતિરીતિ હમણાં હમણાં અખતિયાર કરવામાં આવી છે. અમારા પત્રલેખક જણાવે છે કે, જેમ શ્રી મંગાના કિસ્સામાં તેમ આમાં પણ પરવાના અમલદારે ના પાડવાનાં કારણો આપવાની ના પાડી છે. અર્થાત્ હવેથી બ્રિટિશ હિંદીઓને કારણો આપ્યા વિના જ ટ્રાન્સવાલની બહાર રાખવામાં આવશે.

અને વાત આટલેથી પતતી નથી. ગુજરાતી કટારોમાં એક ખબરપત્રી છ વરસના બાળકના દાખલા તરફ અમારું ધ્યાન ખેંચે છે. વૉક્સરસ્ટ ખાતે એ બાળકને તેના પિતાથી છૂટો પાડવામાં આવ્યો હતો કેમ કે બાળક પાસે પરમિટ ન હતી! અમારા જાણવામાં આવ્યું કે બાળકના આ અભાગી પિતાના નોંધણીપત્રમાં તેને બે પુત્ર હોવાનો ઉલ્લેખ છે.

અમે હિંદીઓની ગંભીર પરિસ્થિતિ તરફ લૉર્ડ સેલબૉર્નનું ધ્યાન દોરીએ છીએ. નામદારના શબ્દોનો અમલ કરવાનો વખત પાકી ગયો છે. વાજબી પૂર્વગ્રહોને અમે આદરથી જોવા ઇચ્છીએ છીએ, અને તેમાં અમે કોઈથી ઊતરીએ એવા નથી. આથી જે એશિયાઈઓ પહેલાં ટ્રાન્સવાલમાં વસતા ન હતા તેમના પ્રવેશ પર નિયંત્રણ ઇચ્છનીય છે, એ વાત અમે સ્વીકારી છે. પરંતુ એશિયાઈ-વિરોધી પક્ષને ખુશ કરવા પ્રિટોરિયામાં સત્તાવાળાઓ જે રીતે વર્તી રહ્યા છે તે તદ્દન જુદી જ વસ્તુ છે. તેઓ એમ માનતા હોય કે હિંદીઓ પોતાના સ્થાપિત હકોને, રાહત મેળવવાનો ગંભીર યત્ન કર્યા વિના જ પગ નીચે કચડાવા દેશે તો, તેઓ મોટી ભૂલ કરે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૨૧–૪–૧૯૦૬

૩૦૧. ડરબન ટાઉન કાઉન્સિલ અને હિંદીઓ

*ધિ नाताल मर्क्युरी*ના અહેવાલ મુજબ, ડરબન ટાઉન કાઉન્સિલની પરવાના કમિટીએ "ઇચ્છા જાહેર કરી છે કે પરવાના અમલદારોએ ફેરિયાઓના કોઈ નવા પરવાના મંજૂર કરવા નહીં, અને ચાલુ પરવાના બને તેટલા કમી કરવા, કારણ કે દુકાનદારોના રીતસરના વેપારમાં આ વર્ગના વેપારી દખલ કરે છે." પરવાના સમિતિની આ ભલામણ વેપારી પરવાનાના કાયદા સંબંધી ન્યાયાલયોએ આપેલા ચુકાદાઓનું ખરાબ પરિણામ છે. દાદા ઉસ્માનના દાવાના ચુકાદાથી[1] તેમ જ પ્રસ્તુત કાયદામાંથી ઉદ્‌ભવતા બીજા ચુકાદાઓથી ટાઉન કાઉન્સિલોને દમનનીતિ ચલાવવાની હિંમત આવી છે. પરવાના અમલદારોને ગોળ ગોળ સૂચનો કરવા પરથી હવે તેઓ તેમને ખુલ્લી સૂચનાઓ આપવા સુધી પહોંચી છે. એટલે હવે બનવાનું એવું કે ટાઉન કાઉન્સિલો પરવાના અરજીઓ પર ચુકાદો આપવા સંબંધે પોતાના અમલદારોને હુકમ આપશે, અને પછી તે ચુકાદા જે ખરું જોતાં તેમના પોતાના ચુકાદા ગણાય તેના પર પોતે અપીલ સાંભળવા બેસશે. આમ તેઓ પરવાનાના કાયદાને માત્ર ફારસરૂપ બનાવી દેશે. વિશેષમાં, ઉપર અમે જેનો ઉલ્લેખ કર્યો છે તે હુકમો પરથી સ્પષ્ટ જણાય છે કે વેપારી પરવાનાના કાયદાનો અમલ કરવામાં આખા સમાજનો નહીં પણ માત્ર દુકાનદારોનો ખ્યાલ રાખવામાં આવે છે. એમના વેપારમાં દખલગીરી થાય છે માટે ફેરિયાના પરવાના નથી આપવા અને તેમના વર્તમાન પરવાના

૧. જુઓ "લૉર્ડ એલ્ગિનને અરજી", પા. ૨૭૨–૪.

Gandhi Heritage Portal

ઓછા કરવા છે. ફેરિયાઓ એક જરૂરિયાત પૂરી પાડે છે અને જોઈતી વસ્તુઓ જેમને ઘેર બેઠાં મળી રહે છે, તે લોકોને માટે તેઓ વરદાન રૂપ છે એ વાતની, વિશિષ્ટ અધિકાર ભોગવતા વર્ગને વધારે ઊંચે લઈ જઈ શકાય ત્યાં સુધી, ટાઉન કાઉન્સિલોને મન કશી અગત્ય નથી. અમારી દલીલ સામે વાંધો લેવામાં આવે કે પરવાના સમિતિના હુકમો સૌ કોઈને લાગુ પડનારા છે, તો પછી અમારી દલીલ પણ સૌ કોઈને લાગુ પડે છે. હિંદી ફેરિયા તેમ જ યુરોપિયન ફેરિયા બંનેને આ દલીલ એકસરખી રીતે લાગુ પડે છે, પરંતુ હકીકત તરીકે આ નીતિનું પરિણામ મુખ્યત્વે હિંદીઓને ભોગવવું પડશે, કેમ કે ફેરિયાનું કામ હિંદીઓનો ખાસ ધંધો છે અને ડરબનના ઘણાખરા ફેરિયા હિંદી છે. છતાં, પ્રસ્તુત કાયદાના અમલ અંગેના, આવા અત્યાચારોને અમે આવકારીએ છીએ કારણ કે તે અત્યાચારો પોતે જ પોતાના અંતને નોતરશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २१–४–१९०६

૩૦૨. સી. એસ. એ. રેલવે[1] પર મુસાફરોની મુસીબતો

ક્લાર્ક્સડૉર્પના એક ખબરપત્રીએ અમારી ગુજરાતી કટારોમાં ક્લાર્ક્સડૉર્પ અને જોહાનિસબર્ગ વચ્ચેની ગાડીઓમાં હિંદી મુસાફરોને પડતી મુશ્કેલીઓનું વર્ણન કર્યું છે. અમારા ખબરપત્રીની ફરિયાદ છે કે ગમે તે વર્ગના હિંદી મુસાફરોને, જે ગાડીઓમાં "બિનગોરા" અથવા "સુરક્ષિત" એવી ચિઠ્ઠીઓ ચોઢેલા ડબ્બા ન હોય તેમાં, બેસવા દેવામાં આવતા નથી. સત્તાવાળાઓના આ પગલાને કારણે બહુ ઓછા હિંદી મુસાફરો કંઈક નિરાંતે મુસાફરી કરે છે. બધી ગાડીઓમાં એવી ચિઠ્ઠીઓ ચોઢેલી નથી હોતી અને તેથી જો કોઈ હિંદી મુસાફર કોઈ ખાસ ગાડી ચૂકી જાય અને બીજી ગાડી જેમાં, સુરક્ષિત જગ્યાઓ ન હોય તેમાં જવા ઇચ્છે, તો ઘણી વાર નથી જઈ શકતો. આવી ગાડીમાં મુસાફરી કરવા માટે અમારા ખબરપત્રીના જણાવ્યા મુજબ, એક માત્ર શરત એ છે કે, મુસાફર બધો વખત ચાલવાની જગામાં ઊભો રહે. આ કાંઈ નાનીસૂની વાત નથી. કેમ કે મુસાફરીમાં આઠ કલાકથી વધારે વખત લાગે છે. અમારા ખબરપત્રી જે બાબતની ફરિયાદ કરે છે તે જો સાચી હોય તો એ સ્પષ્ટ છે કે બિનગોરા મુસાફરોની સગવડ માટે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २१–४–१९०६

૧. સેન્ટ્રલ સાઉથ આફ્રિકન રેલવે.

Gandhi Heritage Portal

૩૦૩. વિસુવિયસનો જ્વાળામુખી

વિસુવિયસનો જ્વાળામુખી ઈટાલીમાં સળગી રહ્યો છે. તે આપણને કુદરતી જોરનું ભાન કરાવે છે અને આપણી જિંદગીનો આપણને ઘડીભર પણ ભરોસો રાખવાનો નથી એમ સૂચવે છે. ફ્રાન્સમાં કુરિયર ખાણમાં માણસો દટાઈ મૂઆ તે પણ તેવી જ જાતનું ભાન કરાવે છે. પણ એ ખાણની બાબતમાં માણસો એંજિનિયરોનો દોષ કાઢી શકે છે. અને મન મનાવે છે કે જો અમુક સાવચેતીઓ લેવામાં આવત તો માણસો દટાઈ મૂઆ તે નહીં મરત. તેવું કાંઈ જ્વાળામુખીના સંબંધમાં કોઈથી કહેવાય તેવું નથી. આ વખતે અમે એ સંબંધ વધારે કહેવા માંગતા નથી. હિંદુસ્તાનથી દૂર આવેલા માણસો આવા વિચારનો ખ્યાલ પૂરો કરી શકે એ માનવું તે નકામું છે. પણ આ જ્વાળામુખી સળગવા માંડયો તે દરમિયાન એક શાસ્ત્રકારે જે બહાદુરી બતાવી છે તે તરફ અમે વાંચનારનું ધ્યાન ખેંચવા માંગીએ છીએ. જ્વાળામુખીની જ પાસે એક હવાના ફેરફારો માપવાનું સ્થાનક છે. ત્યાં પ્રોફેસર મેટ્યુસી વસે છે. એ જગ્યા ઘણા જોખમમાં છે. પર્વતમાંથી નીકળતો રસ તે સ્થાનકને કોઈ પણ વખતે જમીનદોસ્ત કરી શકે તેવું છે. છતાં પ્રોફેસર મેટ્યુસીએ સ્થાનક છોડયું નથી અને તે પોતાને સ્થાનકે બેઠાબેઠા નેપલ્સમાં જ્વાળામુખીની ખબર આપ્યા કરે છે. આમ જોખમમાં બેસી રહેવું એ જેવી તેવી બહાદુરીની વાત નથી. ત્યાં રહેવાની તેમને કોઈ ફરજ પાડતું નથી. અને જો સ્થાનક છોડીને પોતે પોતાની જિંદગીનું રક્ષણ કરવાને સારુ હજારો માણસોની માફક નાસી છૂટે તો તેમાં કાંઈ કહેવાય તેમ નથી. છતાં તેણે ત્યાંથી નીકળવાની ના પાડી છે. આવું કરનારા હિંદીઓ જ્યારે દક્ષિણ આફ્રિકામાં અથવા તો હિંદુસ્તાનમાં ઘણા પેદા થશે ત્યારે આપણે લાંબા વખત સુધી ઈજા નહીં ભોગવીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २१–४–१९०६

૩૦૪. વિલાયત જનારું હિંદી ડેપ્યુટેશન

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે કરેલો ઠરાવ અમે ગયે અઠવાડિયે બહાર પાડી ગયા છીએ. કૉંગ્રેસ હૉલ ચિકાર ભરાયો હતો અને માણસો બહુ ઉમંગ દેખાડતા હતા એ કૉંગ્રેસના કારભારીઓને માન પામવા જેવી વાત છે. નવું લિબરલ પ્રધાનમંડળ હાલ રાજ્ય કરે છે. તેઓની પાસે આપણે આપણા દુ:ખની કહાણી રજૂ કરવા જવું એ બહુ સારી વાત છે. પણ અમને લાગે છે કે એ ડેપ્યુટેશન જે કમિશન અહીં આવવાનું છે તે આવી રહ્યા બાદ જઈ શકે છે. વળી જો ડેપ્યુટેશન જાય તો અમને ખાતરી છે કે ઓછામાં ઓછા ત્રણ માણસો જવાની જરૂર છે. તેથી વજન પડશે અને પ્રધાનમંડળ વાત બરાબર સાંભળશે. આવાં કામ વગરપૈસે થઈ નથી શકતાં. ઘણા માણસોની મદદની જરૂર છે અને પૈસો સારી પેઠે ખરચવાની જરૂર છે. આ બધું કરવામાં આખા દક્ષિણ આફ્રિકાના હિંદીઓ મદદ કરે તો જ કાંઈ થઈ શકે એવું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २१–४–१९०६

Gandhi Heritage Portal

૩૦૫. નાતાલમાં સ્ટીમર ઉપરથી આવતા હિંદીઓને સૂચના

અમે ઘણી વખત જોઈએ છીએ કે હકદાર હિંદીઓને સ્ટીમર ઉપરથી ડરબન બંદર ઉપર ઊતરતાં બહુ મુશ્કેલી પડે છે. તે બાબત કેટલીક મુશ્કેલીઓ માણસો સહેલાઈથી દૂર કરી શકે તેટલા સારુ અમે નીચે પ્રમાણે ભલામણ કરીએ છીએ :

કાયદા પ્રમાણે જે માણસ નાતાલનો રહીશ છે તેની ઓરતને આવવામાં જરાયે અડચણ ન હોવી જોઈએ. પણ અમુક ઓરત તે રહેનાર ધણીને પરણેલી છે એવો પુરાવો મળ્યા પછી ઈમિગ્રેશનનો અમલદાર ઊતરવા [રજા] આપે છે. એટલે જે માણસની ઓરત આવવાની હોય તેણે પહેલેથી ઍફિડેવિટ કરી ઈમિગ્રેશન અમલદારની તેમાં સહી લઈ તૈયાર રાખવી જોઈએ. આમ કરવાથી ઓરતને સ્ટીમર આવતાં જ ઉતારી શકાશે.

એ જ પ્રમાણે બચ્ચાંઓને સારુ કરવાની જરૂર છે. ઍફિડેવિટ કરનાર બાપે યાદ રાખવું જોઈએ કે સોળ વરસની અંદરની ઉંમરનાં છોકરો કે છોકરી હોવાં જોઈએ. છોકરાની અથવા તો છોકરીની ઉંમર તેટલી છે એમ માબાપે ઍફિડેવિટ કર્યું હશે તેટલું જ બસ નથી ગણાતું, કેમ કે તે ઉંમર કબૂલ રાખવી કે નહીં તેનો આધાર માત્ર ઈમિગ્રેશન અમલદારની ઉપર છે. એટલે જો દેખીતી રીતે છોકરો કે છોકરી ૧૬ વરસની ઉપર હોય તો ઍફિડેવિટ કર્યા છતાં મુશ્કેલી પડવાનો સંભવ છે. વળી જો બેમાંથી એકે પરણેલો હોય તો ૧૬ વરસની અંદર હોવા છતાં માબાપના હકની રૂએ આવવાને હકદાર થતો નથી.

નાતાલનો રહીશ પોતે આવવાને માંગે અને તેની પાસે ડોમિસાઈલ પાસ ન હોય તો તેને પણ તકલીફ ભોગવવી પડે છે. તેને સારુ પહેલેથી પુરાવા અમલદારની પાસે સજ્જડ રજૂ કરવા પડે છે. તે છતાં પણ તુરત તેવો માણસ ઊતરી શકે એવો તો એક જ ઈલાજ છે અને તે એ કે તેણે ૧૦૦ પાઉંડ જામીનગીરીના છોડી ઊતરીને પછી પુરાવો આપવો અથવા તો પાઉંડ ૧૦નો વિઝિટીંગ પાસ લઈને પછી એમ કરવું. પાઉંડ ૧૦૦ મૂકતાં એક પાઉંડની ફી સરકારને આપવી નથી પડતી. પણ દસ પાઉંડનો પાસ લેવા નવા ધારા મુજબ એક પાઉંડની ફી આપવી જ જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन २१–४–१९०६

Gandhi Heritage Portal

૩૦૬. જોહાનિસબર્ગનો પત્ર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૨૧, ૧૯૦૬

મલાઈ લોકેશન બાબત ડેપ્યુટેશન

હું ગયે અઠવાડિયે કહી ગયો છું કે મલાઈ લોકેશન બાબત સર રિચર્ડ સૉલોમન[1] પાસે ડેપ્યુટેશન ગયેલું તેની હકીકત આપીશ, તે હવે આપું છું.

મિ. હાજી વજીર અલી સર રિચર્ડને મળ્યા ને નીચેની હકીકત રજૂ કરી.

જ્યારે બોઅર સરકારે મલાઈ લોકોને જગ્યા આપી ત્યારે તેઓએ તેમાં સુધારા કર્યા. જ્યારે ઘરબાંધકામને સારુ અરજી કરી ત્યારે બોઅર સરકારે કંઈ પણ શરત કર્યા વગર ઘર બાંધવા આપ્યાં. પરિણામે ઘણાં ઘરો પાકાં ને સરસ મલાઈ લોકેશનમાં બંધાયાં છે. વળી તેમાંના રહીશોએ જમીન સુધારી છે ને આસપાસ વસ્તી વધી છે. જ્યારે મલાઈ લોકેશનની જગ્યા મુકરર થઈ ત્યારે ગોરા લોકો આસપાસ વધતા હતા. તેઓએ તે વખતે વાંધો નહીં લીધેલો. જોકે ઘણાં વર્ષોથી લોકેશનના રહેવાસીઓએ તેઓની જગ્યા સુધારી છે. તોપણ તેઓને કંઈ બંદોબસ્ત નથી કરી આપ્યો. ગયા સપ્ટેમ્બર મહિનામાં એવો કાયદો પસાર થયો છે કે જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીને લોકેશનનું ધણીપણું મળે. બીજી તરફથી સરકાર વ્રીડીડૉર્પમાં રહેનારા ડચને ચોક્કસ હકો આપવા માગે છે. મ્યુનિસિપાલિટીને મલાઈ લોકેશન સોંપવાનું પરિણામ લોકેશનના રહીશને સારુ બહુ માઠું થવા સંભવ છે.

જ્યારે ડચ લોકોને હકો આપવામાં આવે તો મલાઈ લોકેશનની સ્ટાંડવાળા જેઓ હમેશાં વફાદાર રહ્યા છે તેને તો મળવા જ જોઈએ.

જો મલાઈ લોકેશનના લોકોને જાથુની લીસ આપવામાં આવે તો એમ અનુમાન બાંધી શકાય છે કે તેઓ જમીનને બહુ સુધારશે ને હજી વધારે સુંદર મકાનો બાંધશે.

આ પ્રમાણે હકીકતના જવાબમાં સર રિચર્ડે આખી બાબતને બરાબર તપાસવા વચન આપ્યું છે અને પાછળથી જવાબ આપવા કહ્યું છે. તેઓ સાહેબે લાગણી સારી બતાવી છે, પણ આજકાલ સરકારની પાસે લાગણી બહુ બહોળી થઈ પડી જણાય છે. કેમ કે મિ. વિન્સ્ટન ચર્ચિલે પણ લાગણી તો સારી જ બતાવી છે. સાહેબ કરશે શું તે તો તે જ જાણે.

પરમિટોની સ્થિતિ તેની તે જ છે. અહીંના છાપા રૅન્ડ ડેલી મેલમાં શ્રી મંગાના કેસ બાબત ઘણી સખત ટીકા થયેલ છે. તેણે બે લીડિંગ આર્ટિકલ આપ્યા છે. તેની અસર પરમિટ ઑફિસ ઉપર ધીમે ધીમે થશે એમ માની શકાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૧. ટ્રાન્સવાલના કામચલાઉ લેફ્ટનન્ટ ગવર્નર.

Gandhi Heritage Portal

૩૦૭. ઇન્ડિયન ઓપીનિયન

[ડરબનમાંના હિંદીઓની એક સભા એપ્રિલ ૨૩, ૧૯૦૬ને દિવસે શ્રી ઉમર હાજી આમદ ઝવેરીના રહેઠાણે ઇન્ડિયન ઓપીનિયનના ભાવિ વિષે વિચાર કરવા મળી હતી. શ્રી અબદુલ્લા હાજી આમદ ઝવેરી પ્રમુખસ્થાને હતા. ઇન્ડિયન ઓપીનિયનની વર્તમાન સ્થિતિ જણાવવાની વિનંતી થતાં ગાંધીજીએ નીચે મુજબ જણાવ્યું:

6304

ડરબન,
એપ્રિલ ૨૩, ૧૯૦૬

ઓપીનિયન કેટલાંક વરસ થયાં નીકળે છે. સ્થાપનકર્તા મિ. મદનજિત છે. તેણે એ છાપાને સારુ ઘણી મહેનત કરેલી અને પોતાનું બધું તેની પાછળ નાંખ્યું. જ્યારે છાપું શરૂ કર્યું ત્યારે તેમાં પૈસા સંબંધી કેટલીક જવાબદારી હતી તેનો ખ્યાલ નહીં આવી શકયો. આગળ જતાં એમ જણાયું કે એ છાપું ચલાવવા બહુ પૈસાની જરૂર છે. મારી પાસે જોહાનિસબર્ગ કૉર્પોરેશનની[1] સામેના કેસમાં પા. ૧,૬૦૦ આવેલા તે તેમાં આપવા છતાં ખોટ પૂરી નહીં પડી. દર માસે પા. ૭૫ની ખોટ જવા લાગી, તે પૂરી પાડવા મારી તાકાત નહોતી; તેથી છાપાને જુદી રીતે ચલાવવાનો વિચાર કરવો પડયો. એમ ઠરાવ થયો કે છાપખાનું બહાર લઈ જવું. ત્યાં કામ કરનારાઓએ અત્યંત ગરીબાઈથી રહેવું.[2] આમાં મિ. મદનજિતની જવાબદારી કશી નથી. તેમના મનને ધાસ્તી હતી કે તે પ્રમાણે કરવાથી છાપું નહીં ચાલી શકે, તેથી તેણે તેની ઉપરથી હાથ ઉઠાવી લીધો. જવાબદારી માત્ર મારી રહી. મિ. મદનજિતનું નામ જારી રાખેલ છે, તેનો હેતુ એટલો જ છે કે તેણે નિઃસ્વાર્થી બુદ્ધિથી છાપું શરૂ કર્યું અને પોતે સ્વદેશાભિમાની છે. હજુ દેશમાં દેશની સેવાનાં કામ કર્યા કરે છે.

ઉપર પ્રમાણે છાપું હાલ કેટલીક મુદતથી ચાલ્યા કરે છે. પણ હું જોઉં છું કે તેમ કરતાં પણ તેમાં એવી સ્થિતિ આવી પડી છે કે જો પ્રયત્ન ન થાય તો તેમાં ખોટ જાય અને જેઓ ૩ પાઉંડથી રહ્યા છે તેમને તેટલા પૈસા આપવાનું પણ વખતે સાધન ન રહે. ઘરાકો હું આવ્યો ત્યારે ૮૮૭ હતા અને જાહેરખબર ઘટી ગઈ હતી. મારી ધારણા છે કે ગમે તે પ્રકારે પણ જ્યાં સુધી કેટલાક પ્રેસના માણસો ટકી રહે ત્યાં સુધી છેવટે અંગ્રેજી ભાગ તો હું બહાર પાડયા જ કરીશ. પણ હિંદી કોમ તરફથી જરાયે ઉત્તેજન ન મળે એવું મેં માન્યું નથી. એટલે હું હજુ પણ ઉમેદ રાખું છું કે છાપામાં પૂરતી મદદ મળશે.

છાપાના મુખ્ય ત્રણ હેતુ છે. એક તો આપણાં દુઃખો રાજ્યકર્તાઓની આગળ, ગોરાની આગળ, ઇંગ્લંડમાં, દક્ષિણ આફ્રિકામાં અને હિંદુસ્તાનમાં જાહેર કરવાં. બીજો ઉદ્દેશ એ છે કે આપણામાં જે કાંઈ ખોડ છે તે બતાવવી અને દૂર કરવા લોકોને ભલામણ કરવી. ત્રીજો, અને કહીએ તો મોટામાં મોટો ઉદ્દેશ એ છે કે હિંદુ-મુસલમાન વચ્ચેનો ભેદ તોડવો તેમ જ ગુજરાતી, તામિલ, કલકત્તાવાળા એવો જે તફાવત રહી જાય છે તે પણ દૂર કરવો. હિંદુસ્તાનમાં રાજ્યકર્તા-ઓની પદ્ધતિ જુદા પ્રકારની છે, એમ જણાય છે. તેઓ આપણે એકઠા થઈએ એમ માગતા

૧. જુઓ આત્મકથા ભા–૪, પ્રકરણ–૧૩.
૨. ડિસેમ્બર ૧૯૦૪માં છાપખાનું ફિનિક્સ ખાતે ખસેડવામાં આવ્યું હતું.

ગાંધી સ્મા... સંગ્રહ

Gandhi Heritage Portal

હોય તેવું નથી દેખાતું. દક્ષિણ આફ્રિકામાં આપણે બધા થોડા થોડા છીએ; આપણી ઉપર સરખી ઈજાઓ છે; કેટલાંક બંધનો અહીં નડતાં નથી; એટલે આપણે એક ગાંઠ બાંધવાનો પ્રયોગ ઘણી સહેલાઈથી કરી શકીએ છીએ. આવા વિચારોથી કોમ દૃઢ કરવી, એવો આ પત્રનો હેતુ છે. એ હેતુ પાર પાડવામાં બધા સમજુ હિંદીની મદદની જરૂર છે, એટલે આ છાપાને પૂરતું ઉત્તેજન મળે તો તેથી ઘણાં કામો થઈ શકે એ હું જોઉં છું. મને લાગે છે કે જેઓ ભણેલા છે અને જેઓમાં તાકાત છે તેવાએ ઘરાક થવું જોઈએ. ગુજરાતીની વસ્તી દક્ષિણ આફ્રિકામાં ઓછામાં ઓછી ૨૦,૦૦૦ની છે. તેમાંથી ૨૫ ટકા જો ઘરાક હોય તો નવાઈની વાત નથી. ભણેલાઓએ તો ઘરાક થવું એટલું બસ નથી, તેઓએ છાપાના હેતુ પાર પાડવામાં પૂરી બાથ ભીડવી જોઈએ. તે બીજાઓને સમજાવી શકે છે, દુ:ખનું ભાન કરાવી શકે છે, દાખલાથી આપણી ખોડો દૂર કરાવી શકે છે. છાપું એ કેળવણીનું મોટું સાધન છે. આ છાપું મારું નથી પણ દરેક હિંદી ભાઈઓનું છે એમ સમજવાની જરૂર છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૦૮. યંગમૅન્સ મહોમેડન ઍસોસિયેશન

[યંગમૅન્સ મહોમેડન ઍસોસિયેશનની સભા નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ હૉલ, ડરબનમાં મળી હતી, જેનું પ્રમુખસ્થાન મિ. પીરમહમદે લીધું હતું. મિ. એમ. સી. આંગળિયાએ ઍસોસિયેશનના નામ વગેરે બાબત કેટલીક સૂચનાઓ કરી અને આ વિષે ગાંધીજીની સલાહ માગી, અને ઍસોસિયેશનને સારુ બંધારણ ઘડવાનું કામ ગાંધીજીને સોંપવા પણ સૂચવ્યું. આ પ્રસંગે]

ડરબન,

એપ્રિલ ૨૪, ૧૯૦૬

મિ. ગાંધીએ કહ્યું કે જો આ ઍસોસિયેશનનો હેતુ કેળવણી વધારવાનો, નીતિ વધારવાનો તથા બીજા અંદરના સુધારા કરવાનો હોય તો યંગમૅન્સ મહોમેડન ઍસોસિયેશન એ નામ બરાબર ગણાય. યંગમૅન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશન તે જગતપ્રસિદ્ધ છે. તેને ઉત્તેજન આપનાર ઘણા પીઢ માણસો હોય છે. આ ઍસોસિયેશન પણ એ જ પ્રમાણે કામ કરી શકે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

Gandhi Heritage Portal

૩૦૯. કૉંગ્રેસની સભામાં ભાષણ

[ઝૂલુ બળવા દરમ્યાન સરકારને મદદ કરવા માટે એક હિંદી ઍમ્બ્યુલન્સ કોર ઊભી કરવાનું સલાહભરેલું છે કે કેમ તે વિષે વિચાર કરવા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની એક સભા કૉંગ્રેસ ભવન, ડરબનમાં ભરવામાં આવી હતી. કૉંગ્રેસ અધ્યક્ષ દાઉદ મહમ્મદ પ્રમુખ હતા. નીચે આપેલું ગાંધીજીનું પ્રવચન સભામાં થયેલાં વ્યાખ્યાનોના છાપાના એક અહેવાલમાંથી લેવામાં આવ્યું છે:]

ડરબન,

એપ્રિલ ૨૪, ૧૯૦૬

શ્રી ગાંધીએ, હિંદીઓએ બોઅર યુદ્ધ દરમિયાન ભજવેલા ભાગનો, ઉલ્લેખ કર્યો. એમણે જણાવ્યું કે હિંદીઓને સ્વયંસેવક તરીકે ભરતી કરવાના સામાન્ય પ્રશ્ન સાથે આ સભાને નિસબત નથી. હિંદી કોમ રૂપે જે સંરક્ષણાત્મક બળ સરકાર પાસે છે તેનો ઉપયોગ ન કરીને સરકાર સંસ્થાન પ્રત્યે પોતાની ચોખ્ખી ફરજની અવગણના કરે છે. અગાઉ મિ. વૉટે કહ્યું છે કે હિંદીઓ પોતાનું રક્ષણ કરે એ તેઓ ઇચ્છતા નથી, અને તેની સાથે જ તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ હિંદીઓને ખાઈઓ ખોદવા કામે લગાડશે. પણ મરહૂમ મિ. એસ્કમ્બે કહ્યું હતું કે ખાઈઓ ખોદવી અને ઈજા પામેલાની સારવાર કરવી એ બંને કામ ખભે બંદૂક ઉઠાવવા જેટલાં જ માનપ્રદ તથા આવશ્યક છે. પરંતુ સભાને અત્યારે મિ. વૉટના અભિપ્રાયો સાથે બિલકુલ લેવાદેવા નથી. સભાએ તો એ વિચારવાનું છે કે વર્તમાન કટોકટી દરમિયાન આપણે સરકારને મદદ કરવાની દરખાસ્ત કરવી કે નહીં, પછી ભલે તે મદદ ગમે તેટલી ક્ષુદ્ર હોય. એ વાત સાચી છે કે આપણે ગેરલાયકાતોના બોજા નીચે કચડાયેલા છીએ ને તે કારણે આપણા મનમાં ખિજવાટ છે. આદિવાસીઓના બંડનાં કારણો બાબત પણ જુદા જુદા અભિપ્રાય સંભવે. છતાં આપણે આવા કોઈ વિચારોની આપણા પર અસર ન થવા દેવી જોઈએ. જો આપણે નાગરિક હકોનો દાવો કરીએ, તો એ હકો સાથે જે જવાબદારીઓ સંકળાયેલી છે તેમાં સ્વાભાવિક હિસ્સો લેવા આપણે બંધાયેલા છીએ. આથી આપણી ફરજ છે કે સંસ્થાન પર જે ભય ઝઝૂમે છે તે દૂર કરવામાં સહાય કરવી. બોઅર યુદ્ધ દરમિયાન હિંદીઓએ સારું કાર્ય કર્યું હતું. જનરલ બુલરે તેની કદર કરી હતી. આ વખતે પણ એવી જ દરખાસ્ત કરવી જોઈએ.

તે બાદ ઍડવોકેટ ગેબ્રિયલે નીચેની દરખાસ્ત મૂકી:

> નાતાલ હિંદી કૉંગ્રેસના ઉપક્રમે મળેલી બ્રિટિશ હિંદીઓની આ સભા અધ્યક્ષને, આદિવાસી બળવા સંબંધમાં, બોઅર યુદ્ધ દરમિયાન કરવામાં આવી હતી તે પ્રકારની દરખાસ્ત સરકારને મોકલવા સત્તા આપે છે.

મિ. લેઝારસ ગેબ્રિયલે એવો પ્રશ્ન કર્યો હતો કે ઠરાવની તરફેણમાં મત આપે તેઓ પોતાની સેવાઓ આપવા બંધાયેલા છે ખરા? મિ. ગાંધીએ કહ્યું કે ઠરાવનો એવો અર્થ થતો નથી. પરંતુ ઠરાવની તરફેણમાં મત આપનાર દરેક સભ્ય આપણી આ હિલચાલને સફળ કરવામાં મદદ

Gandhi Heritage Portal

કરવા બંધાયેલા છે. જો સરકાર આ દરખાસ્તનો સ્વીકાર કરે તો હાજર રહેલા સભ્યોએ ટુકડી ઊભી કરવાની રહેશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૧૦. સંસ્થાન મંત્રીને પત્ર

ડરબન,
એપ્રિલ ૨૫, ૧૯૦૬

શ્રી માનનીય સંસ્થાન મંત્રી,
પિટરમૅરિત્સબર્ગ

સાહેબ,

આ મહિનાની ૨૪મી તારીખે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના આશરા હેઠળ ગ્રે સ્ટ્રીટના કૉંગ્રેસ હૉલમાં બ્રિટિશ હિંદીઓની એક સભા થઈ હતી. તેમાં અઢીસો ઉપરાંત હિંદીઓની હાજરી હતી. તે સભામાં મિ. બર્નાર્ડ ગેબ્રિયલ, બૅરિસ્ટર-ઍટ-લૉએ આ સાથેનો ઠરાવ મૂકયો હતો અને મેસર્સ બી. ઇબ્રાહીમ ઇસ્માઈલ ઍન્ડ કંપનીવાળા મિ. ઇસ્માઈલ કોરાએ તેને ટેકો આપ્યો હતો. ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

હું સરકારનું આદરપૂર્વક ધ્યાન દોરવા માગું છું કે, ઠરાવમાં ઉલ્લેખેલા પ્રસંગે ઘણા બ્રિટિશ હિંદીઓએ પોતાની સેવાઓ આપવાની દરખાસ્ત કરી હતી અને તેમને ઍમ્બ્યુલન્સ ટુકડીઓના નેતા તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના અભિપ્રાય મુજબ, વર્તમાન કટોકટી માટે પણ આવશ્યક હોય તો, એ જ પ્રકારની ટુકડી ઊભી કરવાનું શકય છે. કૉંગ્રેસ વિશ્વાસ રાખે છે કે સરકાર પ્રસ્તુત દરખાસ્ત સ્વીકારવાની મહેરબાની કરશે. હું અત્રે જણાવું કે સભાને અંતે સુમારે ચાળીસ બ્રિટિશ હિંદીઓએ ઍમ્બ્યુલન્સ કાર્ય માટે, અથવા બીજા જે કોઈ કાર્યને માટે પોતાને લાયક ગણવામાં આવે તે કાર્ય માટે પોતાનાં નામ આપ્યાં છે.

આપનો અત્યંત આજ્ઞાંકિત,
સેવક
દાઉદ મહમદ

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

Gandhi Heritage Portal

૩૧૧. નાતાલ મર્ક્યુરીને મુલાકાત

[નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે નીમેલી સમિતિએ બ્રિટિશ હિંદીઓની ફરિયાદો સામ્રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવા એક પ્રતિનિધિમંડળ મોકલવાનો ઠરાવ કર્યો હતો. એ મંડળ ગાંધીજી, ઇસ્માઈલ કોરા અને ટ્રાન્સવાલ તથા કેપ સંસ્થાનના પ્રતિનિધિઓ મળીને બનશે. નીચેનો ઉતારો ગાંધીજીની મુલાકાત લઈ નાતાલ મર્ક્યુરીના પ્રતિનિધિએ આપેલા હેવાલમાંથી છે:]

[એપ્રિલ ૨૬, ૧૯૦૬ પહેલાં]

આ બાબત વિષેની મુલાકાતમાં શ્રી ગાંધીએ જણાવ્યું કે પ્રતિનિધિમંડળ ઘણું કરીને આવતા બે માસમાં રવાના થશે. ટ્રાન્સવાલ અને કેપ સંસ્થાને હજી જવાબ આપ્યો નથી. તેમનો ઇરાદો સમગ્ર દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હિંદીઓને પડતી મુસીબતો ઇંગ્લંડની સરકાર સમક્ષ મૂકવાનો અને વાજબી રાહત પ્રાપ્ત કરવાનો છે. બ્રિટિશ હિંદીઓને જે ગેરલાયકાતો વેઠવી પડે છે તે પણ તેઓ રજૂ કરશે. હજી વિધિપૂર્વકનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો નથી, પણ ચાલુ માસની સાતમી તારીખે જે કમિશન[1] વિદાય થયું છે તેની હિલચાલ જાણવામાં આવે ત્યાં સુધી તેઓ અહીં રહેશે. જો જરૂર જણાશે તો શ્રી ગાંધી એ કમિશન આગળ જુબાની આપવા હાજર થશે.

[મૂળ અંગ્રેજી]

ધિ નાતાલ મર્ક્યુરી, ૨૬–૪–૧૯૦૬

૩૧૨. હિંદીઓની દરખાસ્ત

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના આશરા હેઠળ તાજેતરમાં મળેલી સભાને, આદિવાસી બળવા સંબંધમાં સરકારને હિંદીઓની સેવા આપવા માગણી કરતો ઠરાવ કરવા બદલ અભિનંદન આપવાં ઘટે છે.[2] સ્થાનિક વર્તમાનપત્રોમાં જે અનેક પત્રલેખકો એવી ચિંતા વ્યક્ત કરે છે કે જો બળવો વધારે ફેલાયો તો પોતાનું જ નહીં પણ સંસ્થાનવાસી હિંદીઓનું પણ તેમણે રક્ષણ કરવું પડશે, તેમને આ દરખાસ્તથી પૂરેપૂરો જવાબ મળી રહે છે. ગયા મંગળવારે સાંજે ખીચોખીચ ભરાયેલા કૉંગ્રેસ હૉલમાં હિંદીઓએ દર્શાવી આપ્યું છે કે તેઓ ઉચ્ચ પ્રકારની વિવેકબુદ્ધિ ધરાવે છે તથા જ્યારે પોતે જે રાજકીય સમાજના અંગરૂપ છે તે સમાજના સર્વસામાન્ય હિતનો સવાલ આવે છે ત્યારે, પોતાની અંગત ફરિયાદો અથવા મુસીબતો તેઓ ભૂલી જાય

૧. આ ઉલ્લેખ ઘણું કરીને સર વેસ્ટ રિજવેના પ્રમુખપદે બ્રિટિશ સરકારે નીમેલી 'બંધારણ સમિતિ' (કૉન્સ્ટિટ્યૂશન કમિટી) વિષે છે. એ સમિતિનું કામ બીજાં કેટલાંક કામ સાથે, ટ્રાન્સવાલને જવાબદાર સરકાર આપવાનો પ્રશ્ન તપાસવાનું હતું. સમિતિને પ્રસ્તુત પ્રતિનિધિમંડળ મે, ૨૯ના રોજ મળ્યું હતું; જુઓ "કૉન્સ્ટિટ્યૂશન કમિટીને આપેલું નિવેદન", પા. ૩૬૫–૭૧.

૨. જુઓ પા. ૩૧૯–૨૦.

Gandhi Heritage Portal

છે. અમને વિશ્વાસ છે કે પ્રસ્તુત દરખાસ્ત સરકાર સ્વીકારશે અને ફરીથી એક વાર હિંદી કોમને પોતાની લાયકાત સિદ્ધ કરવાની તક આપશે.

આ દરખાસ્તનો સ્વીકાર થાય કે ન થાય, પણ એ બહુ સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે સરકાર હિંદીઓને પહેલેથી યોગ્ય તાલીમ આપીને, સંસ્થાનના સંરક્ષણમાં પોતાનો હિસ્સો આપવાની તેમની ઇચ્છાનો સદુપયોગ કરે એ કેટલું અગત્યનું છે. અમે અનેક વાર કહી ચૂકયા છીએ કે સંરક્ષણકાર્યમાં હિંદી કોમ જે અમૂલ્ય ફાળો આપી શકે તેમ છે, તેનો ઉપયોગ ન કરવામાં ગુનાભરી મૂર્ખાઈ રહેલી છે. હાલની હિંદી વસ્તીને સંસ્થાન બહાર કાઢી મૂકવાનું શકય ન હોય તો, તેને પૂરતી લશ્કરી તાલીમ આપવી એમાં ખરેખર પાયાનું ડહાપણ રહેલું છે. એક સૂચક હિંદી કહેવત છે કે, 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય.' હિંદીઓ ભલે ગમે તેટલા તત્પર તથા આવડતવાળા હોય, પરંતુ કોઈ તેમનામાંથી એકદમ "ખાઈ ખોદનાર" કુશળ ટુકડી બનાવી નહીં શકે. તો શું મિ. વૉટ અને તેમના સાથી પ્રધાનો આ બાબતમાં પોતાની ફરજ પ્રત્યે જાગ્રત થશે?[1]

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८-४-१९०६

૩૧૩. નાતાલનો દુકાનધારો

"ધિ નાતાલ સ્ટોર્સ ઍમ્પ્લૉઈઝ ઍસોસિયેશન" (નાતાલના દુકાન-કર્મચારીઓનો સંઘ)ના મંત્રીઓએ દુકાનધારા બાબત લખેલા લેખને અમારા સમકાલીન અખબાર *ધિ નાતાલ એડવર્ટાઈઝરે* ઘણું મહત્ત્વ આપ્યું છે. એમાં એશિયાઈ વેપારને આ ધારાથી નુકસાન થયું છે એમ દર્શાવવાનો યત્ન કરીને મંત્રીઓએ ધારાને ન્યાયી ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે. આ કાયદાથી એ વેપારને નુકસાન પહોંચ્યું છે કે નહીં, એ બાબત અમે ચર્ચવા માગતા નથી. કાયદાની પાછળ રહેલો સિદ્ધાંત અમે સ્વીકાર્યો છે. અમે માનીએ છીએ કે દુકાનો ખોલવા તથા બંધ કરવાના સમય પર સરકારનું નિયંત્રણ હોય એ યોગ્ય છે. પણ ધારામાં ખરેખર નક્કી કરવામાં આવેલા કલાક દરેક રીતે અગવડકર્તા છે એ વિચાર આવ્યા વગર રહેતો નથી. એ નક્કી કરવામાં વેપારીઓને પોષનારી જાહેર જનતાનો વિચાર બિલકુલ કરવામાં આવ્યો નથી. શનિવારે બપોર પછી દુકાનો બંધ રખાવવી એ મૂર્ખાઈની હદ છે, પણ આ બધું તો પ્રસંગવશાત્ છે. અમારું માનવું છે કે દુકાનધારો અમલ યોગ્ય બને તે માટે તેમાં વહેલી તકે સુધારા કરવાની જરૂર છે.

પરંતુ ઍસોસિયેશનના જવાબદાર હોદ્દેદારોએ જે બેજવાબદાર રીતે હિંદી વેપારીઓ બાબત ચર્ચા કરી છે તે વિષે કેટલીક ટીકા કરવી જરૂરી છે એવું અમને લાગે છે. મંત્રીઓ જણાવે છે કે કાયદો આવતાં પહેલાં હિંદી વેપારીઓ અઠવાડિયે ૧૦૩ કલાક દુકાન ખુલ્લી રાખતા હતા, તેને ઠેકાણે હવે કાયદો પસાર થયા બાદ તે ૫૩ કલાક ખુલ્લી રહેશે. આ તળિયાઝાટક કથન માટે કોઈ આધાર રજૂ કરવામાં આવ્યો નથી. એ કથન મૂળમાં જ ખોટું છે. અઠવાડિયે ૧૦૩ કલાક એટલે દરરોજના ૧૭ કલાક ૧૦ મિનિટ થાય. હવે માની લઈએ કે હિંદી

૧. જુઓ "હિંદીઓની સ્વયંસેવા", પા. ૨૭૭-૮.

Gandhi Heritage Portal

દુકાનદાર (અલબત્ત, એને નાહવા-ધોવાની કે ખાવાની જરૂર નહીં પડતી હોય) સવારે ૬ વાગ્યે દુકાન ઉઘાડે, તો સત્તર કલાક ઉપરાંત ખુલ્લી રાખવા માટે એ રાત્રે ૧૧-૧૦ પછી જ તેને બંધ કરી શકે. કાયદો આવતાં પહેલાં સવારે ૬-૦૦થી રાતે ૧૧-૧૦ સુધી દુકાન ખુલ્લી રાખનાર હિંદી વેપારીઓનાં નામ અમને આપવામાં આવશે તો અમને આનંદ થશે. અમે સાંભળ્યું છે કે પાર્લમેન્ટની આમસભાના આયરિશ સભ્યો કોલા-નટનો[1] ટુકડો ખાઈને ભૂખ સંતોષી આખી રાતની રાત થાક્યા વિના સભાગૃહમાં બેસી શકે છે. પણ અમે કોઈ હિંદી વેપારીઓ વિષે સાંભળ્યું નથી કે તેઓ, તેમના નોકર-ગુમાસ્તા સાથે પથારીમાંથી ઊઠીને તરત (જો એમની પાસે પથારી હોવાનું શ્રેય તેમને આપી શકાય તો) સવારે છ વાગ્યે પોતાની દુકાન તરફ દોડી જાય છે ને રાતના ૧૧-૧૦ સુધી ખડે પગે ઊભા રહે છે. હિંદીઓ વિષે અમે અતિશયોક્તિભરી ઘણી ઘણી વાતો સાંભળી છે, પણ "નાતાલ સ્ટોર્સ ઍમ્પ્લોઈઝ ઍસોસિયેશન" તરફથી આવતી આ વાત ખરેખર એ બધીને ટપી જાય છે. જોકે અમે એટલું કબૂલ કરવા તૈયાર છીએ કે કેટલાક હિંદી વેપારીઓ દુકાનો હાલ કરતાં વધારે વખત ઉઘાડી રાખતા હતા, પરંતુ સાથે સાથે, પુરવાર કરવાની જરૂર હોય તો, અમે એ પણ પુરવાર કરવા તૈયાર છીએ કે એમની કક્ષાના યુરોપિયન વેપારીઓ પણ, બહુ વધારે નહીં તો, એમના જેટલા જ ગુનેગાર હતા.

મંત્રીઓએ કરેલાં બીજાં કથનો પણ લગભગ આટલાં જ અતિશયોક્તિભર્યાં છે. પોતે રજૂ કરેલી હકીકતો છપાવવા દોડી જતાં પહેલાં તેમની હકીકતોનું અધ્યયન કરવા અમે તેમને કહીએ છીએ, અને ખાતરી આપીએ છીએ કે હિંદી વેપારી, અંતે તેઓ ચીતરે છે તેવા અધમ નથી એવું તેમને જણાશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૧૪. આ પત્રની સ્થિતિ

આ છાપું જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ વધતું જાય છે એ જાણી અમારા વાંચનાર સંતોષ પામતા હશે. શરૂઆતમાં અમે ગુજરાતીનાં ચાર પાનાં જ આપતા, ત્યાર બાદ પાંચ પાનાં ઉપર આવ્યા. તામિલ તથા હિંદી કાઢ્યા બાદ આઠ પાનાં ઉપર આવ્યા અને આ અઠવાડિયે અમે બાર પાનાં આપીએ છીએ. આમ વધારો કરવામાં વધારે ખરચ થાય એ સહેજે સમજી શકાશે. પણ અમે ઉત્તેજન વિના બહુ આગળ નથી વધી શકતા. મિ. હાજી ઉમર હાજી આમદ ઝવેરીને ત્યાં ભરાયેલી મીટિંગ[2] ઉપરથી કંઈક ખ્યાલ આવી શકશે કે આ છાપાની શી સ્થિતિ છે. તેને મદદ કરવાની દરેક હિંદીની ફરજ છે એમ અમે સમજીએ છીએ. છાપાની સાથે સંબંધ ધરાવતા માણસો બધા પોતાનું ગુજરાન બીજી રીતે ચલાવી શકે તેવી સ્થિતિના છે. છતાં એમ માનીએ છીએ કે તેઓનામાં થોડોઘણો પણ સ્વદેશાભિમાનનો અંકુર છે, તેથી જ તેઓ છાપાને વળગી રહ્યા છે. પણ જો કોમ તરફથી પૂરતું જોર હોય તો હજુ વધારે કામ છાપું કરી શકશે. અમે અમારા ગ્રાહકોને એટલી જ સૂચના કરવા માંગીએ છીએ કે દરેક

૧. આફ્રિકામાં થતાં એક વૃક્ષનાં બી, જે ઉત્તેજક મનાય છે.

૨. જુઓ પા. ૩૧૭.

Gandhi Heritage Portal

ગ્રાહક જો એકેક ઘરાક વધારે કરશે તો ગ્રાહકોનું લિસ્ટ બેવડાતાં વાર નહીં લાગે. અમે એટલો ભરોસો અમારા વાંચનારને આપવા માંગીએ છીએ કે જે કંઈ પણ વધારો ઊપજમાં થશે તેનો સારો લાભ છાપાના સુધારામાં વપરાવાનો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૧૫. દક્ષિણ આફ્રિકાના જુવાન હિંદીને વિનંતી

આજકાલ દક્ષિણ આફ્રિકામાં હિંદી જુવાનોની મંડળીઓ થઈ રહી છે. આ આપણી સ્થિતિ સારી થવાનાં ચિહ્નો ગણી શકાય છે. એક તરફથી મહોમેડન યંગમૅન્સ સોસાયટી ડરબનમાં થઈ છે. બીજી તરફથી સનાતન ધર્મ સભા જોહાનિસબર્ગ વગેરે ગામમાં થઈ છે. આ સંતોષ-કારક વાત છે. પણ અમારે બન્ને સભાને ચેતવણી આપવાની જરૂર છે.

હંમેશને સારુ એવો કુદરતી નિયમ રહેલો છે કે જે સભા સ્થપાય તેના માણસોનાં મન નિર્મળ હોય ને બધા સભાના જ ભલામાં પોતાનું ભલું માને તો જ તે સભા ખીલી નીકળે છે ને ટકી શકે છે.

હરકોઈ દેશનો આધાર તેની જુવાન પ્રજાની ઉપર છે. ઘડાયેલા વિચારના બુજર્ગ આદમી-ઓ પોતાના વિચારમાં ફેરફાર નથી કરતા. તેઓ જૂના વિચારોને વળગી રહે છે. તેવાઓની દરેક કોમમાં જરૂર છે. કેમ કે તેવા ગૃહસ્થો જુવાનીના ઊછળતા લોહીને શાંત પાડી શકે છે. પણ જો તેઓથી તેટલો લાભ થાય છે તો તેઓથી નુકસાન પણ કેટલીક વખત થાય છે. એટલે કે જરૂર પડતાં કેટલાંક કામો કરવામાં તેઓ તરફથી આનાકાની હોય છે. તેઓને તેમ જ કરવું ઘટે છે. પણ આવે વખતે જુવાનિયાઓ જે સારા હોય તેઓ મદદગાર થઈ પડે છે ને આગળ પડે છે. અખતરાઓ કરવા તે તેઓનાથી જ થઈ શકે છે. એટલે અમારે જુવાન મંડળીઓને ઉત્તેજન આપવાની જરૂર છે તેમ તેઓને ચેતવણી આપવાની પણ જરૂર છે.

જો આ જુવાન મંડળીઓના મેમ્બરો ખરા દિલથી, દેશનું સારું કરવાના ઇરાદાથી જ કામો કરશે તો ઘણાં મોટાં કામો કરી શકશે. આપણામાં ગંદકી વધારે છે. તે બાબત શ્રી પીરન મહમદ કૉંગ્રેસની મીટિંગમાં વિવેચન પણ કરી ગયા છે. આ સડો કાઢવામાં જુવાન માણસો ઘેર ઘેર જઈ વિનયપૂર્વક લોકોને સમજાવી ઘણો સુધારો કરાવી શકે છે. કેટલાક ગરીબ હિંદીઓ દારૂ પીએ છે. તેઓની બૈરીઓને પણ તેવી લત પડે છે. જો આપણા જુવાનવર્ગના માણસો, આ ઘણું જરૂરનું કામ માથે લે તો ઘણું કરી શકે છે. આ અરસામાં અમારે એમ પણ કહેવું જોઈએ કે આ વાંચનાર જેઓ ગુજરાતી હોય તેઓએ એમ નથી ધારવાનું કે તેઓથી મદ્રાસી વર્ગના પીનારાઓમાં તેવું કામ ન થઈ શકે. જોકે એમ પણ અમારે ઉમેરવું જોઈએ કે કેટલાક ગુજરાતી હિંદુઓમાં દારૂની લત લાગી રહી છે. તેઓને સમજાવવામાં હિંદુ ને મુસલમાન બધા મદદ કરી શકે છે.

વળી આવી જુવાન મંડળીએ કેળવણી ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર છે. આપણા જુવાનિયામાં પણ કેળવણી ઘણી થોડી છે. અક્ષરજ્ઞાનને અમે કેળવણી માનતા નથી. દુનિયાની તવારીખનું, જુદા જુદા બંધારણનું વગેરે જ્ઞાન આપણને હોવાની જરૂર છે. બીજી પ્રજાઓ કેમ

Gandhi Heritage Portal

ચડી છે તે આપણે ઇતિહાસ વાપરવાથી જાણી શકીએ છીએ. બીજી પ્રજાઓમાં સ્વદેશાભિમાનનો જુસ્સો કેવો છે તેની આપણે નકલ કરી શકીએ છીએ. આવાં અનેક કામો જુવાન મંડળીઓ કરી શકે છે. એવું કરવાની તેઓની ફરજ છે એમ અમે માનીએ છીએ. ને અમને ઉમેદ છે કે એ મંડળીઓ સારાં કામ કરી પોતાની ફરજ બજાવશે, લોકોનો ઉપકાર લેશે ને આપણી ઉપર પડતાં સંકટોમાં પૂરતો ભાગ લેશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૧૯. મોમ્બાસાની મીટિંગ

હિંદના દુ:ખનો છેડો જ નથી. જ્યાં હિંદી માણસ જાય છે ત્યાં તેની સામે ગોરાઓ આવ્યા જ કરે છે. જો ગોરાઓનું દુ:ખ ન હોય તો માંહોમાંહે લડાઈ ચાલે છે તેમાંથી બચીએ તો મરકીમાં તણાઈ જઈએ છીએ ને કદી એ ત્રણે તકલીફમાંથી છૂટા હોઈએ તો દુકાળ આપણી પૂંઠે લાગેલો જ છે.

આ વિચારો મોમ્બાસામાં આપણા ભાઈઓની મીટિંગના અમે જે સમાચાર આ અંકમાં આપીએ છીએ તે ઉપરથી થાય છે. જે મોમ્બાસાની આગળ નૈરોબીનો ફળદ્રૂપ મુલક છે તેની ઉપર ગોરાઓની નજર પડી. તેથી તેઓએ ત્યાંથી હિંદીને નસાડવાનો અથવા તો ત્યાં પગ-પેસારો નહીં કરવા દેવાનો પ્રયત્ન કર્યો. તેમાં તેઓ ફતેહમંદ થયા જણાય છે. તે ઉપરથી આપણા લોકોએ ત્યાં મોટી મીટિંગ ભરી છે ને આવા ઠરાવની સામે પગલાં ભરવા તૈયાર થયા છે. તેઓમાં જુસ્સો એટલો બધો હતો કે તેઓએ અરધા કલાકમાં રૂ. ૨૦,૦૦૦ એકઠા કર્યા ને વકીલ બોલાવવાને સારુ દર માસે રૂ. ૪૦૦ની ગૅરંટી આપી.

એક તરફથી આપણે દુ:ખ જોઈએ છીએ તો બીજી તરફથી આપણે એકઠા થઈએ છીએ. જો આપણા દુ:ખનું પરિણામ આપણને આમ એકઠા બનાવવાનું આવે તો દુ:ખો ભલે આવ્યાં એમ આપણે ઘડીભર કહી શકીએ છીએ. એકઠા થઈ હિંમતથી દુનિયાના દરેક ભાગમાં લડશું તો દુ:ખો દૂર થશે, તે ભૂલી જઈશું અને આપણે એક પ્રજા બનશું.

આ સભાના પ્રમુખે પોતાના ભાષણમાં એવું બતાવ્યું છે કે આપણે દક્ષિણ આફ્રિકામાં ગોરાના જેટલા હક ભોગવીએ છીએ. જો શ્રી જીવણજીને આ છાપાનો અનુભવ હોય તો તેમને આપણા દુ:ખની ખબર હોવી જોઈએ. અમારે દિલગીરીની સાથે તેઓ સાહેબને જણાવવું પડે છે કે આપણી રાજ્યપ્રકરણી સ્થિતિ આપણા મોમ્બાસાના ભાઈબંધો કરતાં ખરાબ છે. નાતાલમાં હિંદીને જમીન મળી શકે છે તો બીજાં દુ:ખ છે. ને હિંદીની પાસેથી જમીનના હક લઈ લેવાની પણ તૈયારી ચાલી રહી છે. ટ્રાન્સવાલમાં કે ઑરેન્જ રીવર કૉલોનીમાં હાલ પણ [જમીન] નથી મળતી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

Gandhi Heritage Portal

૩૧૭. નાતાલનું બંડ ને નાતાલને મદદ

બંબાટા હજુ છૂટો છે. તેની સાથે ૩૦૦ માણસો છે એમ કહેવાય છે. તેની સાથેની લડાઈના સંબંધમાં ઘણાં ભાષણો થઈ ચૂક્યાં છે. નાતાલના વજીરોએ જણાવ્યું છે કે તેઓ વિલાયતથી મદદ મંગાવવાના નથી. જોહાનિસબર્ગમાં બહુ મોટી મીટિંગ થયાના તાર છે. તેમાં ખબર મળ્યા છે કે ત્યાંના લોકો પૂરતી મદદ નાતાલને આપવાને તૈયાર છે. આ બધાનો અર્થ એમ થાય છે કે નાતાલનું જોર તથા તેની સ્વતંત્રતા વધશે. આવે સમયે હિંદી કોમે સરકારને જે મદદ મોકલી છે તે બરોબર છે અને મદદનું કહેણ નહીં મોકલ્યું હોત તો નામોશી રહી જાત. જેઓએ લડાઈમાં જવાનાં નામ લખાવ્યાં છે તેઓએ બહુ જુસ્સો બતાવ્યો છે. તેમાંના ઘણાખરા કૉલોનીમાં જન્મેલા છે. એઓ બીજા હિંદીઓની સાથે સામેલ થાય છે એ આપણે સંતોષ પામવા જેવું છે ને તેઓને આગળ વધવામાં ઉત્તેજન આપવાની આગેવાનોની ફરજ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૧૮. ચીનમાં ચંચળતા

ટાઇમ્સનો ખબરપત્રી લખે છે કે ચીના દહાડે દહાડે બહુ છૂટ લેતા જાય છે. તેઓ ગોરાઓની સામે થાય છે. ચીનનાં છાપાં બહુ તીખાં લખાણ લખે છે ને જાપાનના લખનારાઓ તેમાં સહાય કરે છે. લિબરલ પક્ષના માણસોએ ટ્રાન્સવાલની ખાણના ચીના બાબત જે ભાષણો કર્યાં છે તેની અસર વળી ચીનાઓની ઉપર ખરાબ થઈ છે ને તેઓ ગોરાઓની સામે વધારે ઉશ્કેરાયા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૧૯. તમાકુના ગેરફાયદા

ઇન્ડિયન રિવ્યૂના અંકમાં પારીસના પ્રખ્યાત ડૉ. કારટેઝનો તમાકુ બાબતનો એક લેખ જોવામાં આવે છે. તે જણાવે છે કે તમાકુથી ઘણા ગેરફાયદા છે. તેમાંના મુખ્યત્વે કરીને એ છે કે તમાકુથી પાચનશક્તિ કમી થાય છે ને આંખ ઉપર મોટી અસર થાય છે. યાદદાસ્ત ગુમ થાય છે અને કેટલાક ઊંચા ખવાસો નથી આવી શકતા. આ ઉપરાંત હાલ એવું માલૂમ પડ્યું છે કે સાંભળવામાં પણ ખામી આવે છે. સાંભળવાની ઇંદ્રિયના તંતુઓમાં જે અનિયમિતપણું જણાયું છે તે તમાકુને લઈને થયેલું છે એવું તે દાક્તરે પુરાવા સાથે બતાવી આપ્યું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

Gandhi Heritage Portal

૩૨૦. સાનફ્રાન્સિસ્કોની હાલત

ધરતીકંપથી આ શહેર ઘણે ભાગે તૂટી પડયું છે. એક દિવસ જેઓ રાજા હતા તે રંક થઈ પડયા છે. બહુ શાહુકાર માણસો ઘરબાર તથા લૂગડાંલત્તાં વિનાના થઈ બેઠા છે. આ કુદરતી કોપની વેળાએ લક્ષાધિપતિ તથા ગરીબો બન્ને સાથે વસે છે. કાળાધોળાનો ભેદ પણ નથી રહ્યો. ગામમાં ખોરાક ઘણો જ થોડો છે. રોટી સરખું મેળવતાં મુશ્કેલી આવે છે. સારંગી બજાવનાર પોતાના મહેલમાંથી હવે શેરીમાં રખડે છે. પોતાના અંગ ઉપર કપડાં નથી. પણ પોતાની સારંગીને પકડી શેરીમાં ભટકયા કરે છે.

આવી આફત છતાં છેલ્લા તાર ઉપરથી એમ પણ જણાય છે કે શહેરના લોકો પાછા જેવું રળિયામણું શહેર હતું તેવું બનાવવા મંડી પડયા છે, ને પરિણામે સ્ટીલની ખપતી અત્યંત વધી પડી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–४–१९०६

૩૨૧. યંગમૅન્સ મહોમેડન સોસાયટીને જવાબ

આ રિપોર્ટ[1] હું ફિનિકસમાં હતો તે દરમિયાન મળેલો. અક્ષરે અક્ષર છાપવાની માગણી સેક્રેટરીએ કરવાથી મેં તે આખો છાપવાની પરવાનગી આપી છે. પણ મારે મારા જુવાનિયા ભાઈબંધોને બે બોલ કહેવાની જરૂર છે. હમેશાં રિપોર્ટ એવા જોઈએ કે જેમાંથી બીજાને શીખવાનું મળે. તેવું ઉપરના રિપોર્ટમાં નથી જોતો.

મારે વિષે જે ટીકા છે તે હું માથે ચડાવું છું ને તે છાપતાં જરાયે અચકાતો નથી. મેં ભંગી વ.માંથી મુસલમાનો થયા એવું કયાંયે નથી કહ્યું, મારાથી એવું કહેવાય પણ નહીં. ગોરાઓની લાગણીની સામે થવાને બદલે મેં તરફેણ ખેંચેલી. છતાં હું જે બોલ્યો તેમાં દોષ થયો હોય તો મેં મારા ભાઈઓને દરગુજર કરવા માંગી લીધું છે.[2]

મારી કે આ છાપાની સામે જે કંઈ કાગળો આવ્યા હતા તે મેં છાપવા રજા આપી છે. જે કાગળો મારા બચાવમાં આવેલા તે છાપવાની મેં મનાઈ કરી હતી. તોપણ મારે કહેવું જોઈએ કે જો હજુ પણ કોમમાં કુસંપ વધે તેવું લખાણ આવશે તો તે નહીં છપાય. જો બીજું ગુજરાતી છાપું અથવા છાપખાનાં નીકળે તો તેમાં હું હમેશાં રાજી રહીશ. આ પ્રેસનો હેતુ

૧. ઇન્ડિયન ઓપીનિયનમાં ડરબનની યંગમૅન્સ મહોમેડન સોસાયટીની બે મીટિંગો જે ૧૬મી અને ૨૪મી એપ્રિલે થઈ હતી તેની કાર્યવાહીને આવરી લેતો આ એક રિપોર્ટ છે. બીજી બાબતો સાથે કેટલાક વક્તાઓએ ફરિયાદ કરી કે મુસલમાનોને લગતા લેખો, તેમની સોસાયટીની પ્રવૃત્તિઓનો રિપોર્ટ, તેમના ફાળાની યાદીઓ અને પ્રેસને લગતા પત્રો વગેરે ઇન્ડિયન ઓપીનિયનમાં પૂરેપૂરાં કે તેનો અમુક ભાગ પ્રસિદ્ધ થતો નથી. તેમણે દર્શાવ્યું કે જો તેમનું અલગ છાપું હોત તો આવું ન બનત. ગાંધીજીનું નિવેદન આ વિવેચનના ઉત્તરરૂપે છે.

૨. જુઓ પુસ્તક ૪, પા. ૫૧૭.

Gandhi Heritage Portal

માત્ર લોકસેવા કરવાનો છે. તેવી સેવા બજાવનાર બીજા હરીફો તૈયાર થાય તેમાં પ્રેસના માણસોને મગરૂર થવા જેવું રહેશે.

હિંદુ સ્મશાનફંડનાં નાણાંની પહોંચ જે છપાઈ છે તેના પૈસા આપેલા છે ને તેમ જ ડાભેલ મદરેસાના લિસ્ટનું થયેલું છે. આ છાપું એવી મુસીબત નીચે નીકળે છે કે તેને સારુ બધા હિંદીએ પૂરી મદદ દેવાની જરૂર છે. તેની જગ્યા એવી અમૂલ્ય છે કે તેમાં જે ભાગ મફત છાપવામાં આવે તે લોકોને કેળવણી તથા જ્ઞાન આપનારો હોવો જોઈએ.

ટૂંકામાં મારા જુવાન ભાઈબંધોને મારે એટલી જ વિનંતી કરવાની કે તેઓએ સાર્વજનિક કામમાં ઉત્સાહ બતાવવો જોઈએ. આ છાપું આખી કોમની સેવા કરનારું છે. તેને તેઓ મદદ કરશે તો તેમાં તેઓની ફરજ અદા થઈ ગણાશે ને તેથી તેને જોર મળશે, જે જોર પાછું કોમને જ કામ આવશે.

મારા ભાઈબંધો મારા લખવાથી દુઃખ નહીં લગાડે પણ તેનો ખરો અર્થ કરશે એવી ઉમેદ રાખું છું. લખવામાં પણ મારો હેતુ સેવા બજાવવાનો છે.

૨૯-૪-૧૯૦૬[૧]

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८-४-१९०६

૩૨૨. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૩૦, ૧૯૦૬

ચિ. છગનલાલ,

આજે વધારે ગુજરાતી મૅટર મોકલું છું. આજ સવારે થોડુંક મોકલવાનો ઈરાદો હતો, પણ કલ્યાણદાસ ઑફિસે મોડા આવ્યા અને મારે ઑફિસના કામે વળગવું હતું એટલે તે પોસ્ટ કરી નહીં શકયો. છતાં, આશા રાખું છું કે સઘળું મૅટર વખતસર મળી જશે.

૧૧-૩૦ વાગ્યે હું પ્રિટોરિયા જવા નીકળું છું, એટલે બહુ લખી શકતો નથી.

કલ્યાણદાસ મંગળવારે નહીં, પણ બુધવારે સવારે નીકળશે. એક દિવસ અહીં ગાળવા એ આતુર છે. આથી એ ગુરુવારે ત્યાં પહોંચશે. કાફર છોકરાને બપોર પછીની ગાડીએ એમને લેવા તથા એમનો સામાન ઊંચકવા માટે મોકલજો. હું જાણું છું કે ગુરુવારે તમે બધા છાપાના કામમાં રોકાયેલા હશો.

શકય હોય તો, ગોકુળદાસને શુક્રવારે નીકળવા દેજો, જો એમને છૂટા કરી શકો અને એ મેલગાડી પકડે તો ૪-૩૦ની ગાડીમાં નીકળી શકે. અલબત્ત, એમણે માત્ર જતી વખતની જ ટિકિટ લેવી જોઈશે. જો શુક્રવારે ન નીકળી શકે તો અચૂક એમણે શનિવારે નીકળવું પડશે, જેથી રવિવારે અહીં હાજર થઈ શકે. પણ કૃપા કરીને એમને શુક્રવારે મોકલવા પ્રયત્ન કરજો, કારણ કે મારે ઘણું કામ હશે.

૧. આ તારીખ ખોટી છે. કારણ કે આ પત્ર ૨૮-૪-૧૯૦૬ના અંકમાં પ્રગટ થયો હતો.

Gandhi Heritage Portal

શહેર ખાતેનું કામ કલ્યાણદાસે તરત ઉપાડી લેવું જોઈએ. તમારે તેને માટે બીજા વર્ગનો વાર્ષિક પાસ કઢાવી આપવો જોઈએ. તમે કહેતા હતા તે પ્રમાણે જો એમને અધવચ જવાનું થશે તો આપણે 'રિફંડ'ના પૈસા મેળવી શકીશું. હાલ તરત તો, તમારે હિસાબના ચોપડા પર પૂરેપૂરું ધ્યાન આપવું જોઈએ.

આજે ગાડીમાં અગર આજ રાત્રે ઘરે હું વધારે વિસ્તારથી લખવાની આશા રાખું છું.

તમે તાવને કાઢી નાખ્યો છે એ જાણી હું ખુશ થયો છું.

મોહનદાસના આશીર્વાદ

શ્રી સી. કે. ગાંધી
C/o इन्डियन ओपीनियन,
ફિનિક્સ

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૫૪

૩૨૩. નાતાલનું જમીન બાબત બિલ

નાતાલની પાર્લમેન્ટમાં લૅન્ડ કલૉઝીઝ બિલ(જમીન અંગેની કલમોનું બિલ)ના રૂપમાં વ્યાપક મહત્ત્વ ધરાવતું એક બિલ વિચારણાર્થે આવશે. પ્રસ્તુત બિલ પાર્લમેન્ટમાં પસાર કરવાનો નાતાલ સરકારનો આ બીજો પ્રયત્ન છે. હિંદી કોમને માટે સૌથી ભારે મહત્ત્વની કલમ એ છે કે જેનાથી ભાડૂતોના કબજાને લાગેવળગે છે ત્યાં સુધી, લાભદાયક કબજાનો અર્થ યુરોપિયનના કબજા પૂરતો જ મર્યાદિત રાખવામાં આવશે. આમ, હિંદી ભાડૂતોના કબજાવાળી જમીન લાભદાયક કબજાની વ્યાખ્યામાં આવશે નહીં અને તેથી ભારે વેરાને પાત્ર થશે. હિંદીઓના ગમે તે દોષ હશે, પણ એટલું તો સૌ સ્વીકારે છે કે એ આળસુ નથી; જન્મથી એ જમીન ખેડનાર ખેડૂત છે. સૌ કહે છે કે સંસ્થાનમાં કેટલીક ખરાબમાં ખરાબ જમીન સુધારીને એણે ખેતીને લાયક બનાવી છે. ગાઢાં જંગલોને ઠેકાણે તેણે બાગબગીચા બનાવ્યા છે, અને તેની ઉત્પાદનશક્તિ વડે નાતાલમાં ગરીબ લોકોને ઘરે ફળફળાદિ સહેલાઈથી પહોંચાડવાનું શક્ય બન્યું છે. શું એના આ સદ્‌ગુણને એકલો પાડી એના પર કર નાખવાનો છે? શું આમ કરવાથી યુરોપિયનના કબજાની જમીનમાં વધારો થશે? અમને એ વિષે શંકા છે. જો અમારી શંકા વાજબી હોય તો, અમે કહી શકીએ કે "લાભદાયક કબજા"ની ઉપર જણાવેલી વ્યાખ્યા ચાલુ રાખવાનો આગ્રહ કરવામાં સરકાર "ગંજીના કૂતરા"ની નીતિનું અનુસરણ કરી રહી છે. સરકાર કાંઈ આવા કાયદા કરીને નાતાલમાં હિંદીઓના પ્રશ્નનો ઉકેલ કરી શકશે નહીં. પ્રધાનો અને લોકનેતાઓ સમગ્ર પ્રશ્નનો ગંભીરતાથી અને શાંતિપૂર્વક વિચાર કરે અને તેને હાલના આવેશપૂર્ણ હિંદી વિરોધી કાયદાઓથી હલ કરવાને બદલે દીર્ઘદૃષ્ટિથી હલ કરે એ તેમને માટે શોભારૂપ છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૫–૫–૧૯૦૬

Gandhi Heritage Portal

૩૨૪. કેપ સંસ્થામાં વેપારી પરવાના

તા. ૨૦ એપ્રિલના કેપ સંસ્થાનના ગવર્નમેન્ટ ગૅઝેટમાં સામાન્ય માલ-સામાનના વેપારીના ધંધાનું નિયમન કરનારાં બિલનો મુસદ્દો પ્રસિદ્ધ થયો છે. અમે એ પગલાને જરાયે અચકાયા વગર આવકારીએ છીએ. કંઈ પણ વિચાર વિના ગમે તેમ વેપારી પરવાના કાઢી આપવા પર અમુક નિયંત્રણ આવશ્યક છે એ જોતાં પ્રસ્તુત બિલ નિર્દોષ છે. એ સ્થાપિત હકોનું રક્ષણ કરે છે, અને તેમાં નવા પરવાના માગનારાઓને કોઈ અન્યાય ન થાય તેની ઘટતી સાવચેતી રાખવામાં આવી છે. પોતાની વચ્ચે કોઈ નવો વેપારી આવી ધંધો કરે એ લોકોને જોઈએ છે કે કેમ એ કહેવાની છેવટની સત્તા આ બિલથી લોકોને પોતાને મળે છે. વર્તમાન વેપારીઓને એ ગેરવાજબી હરીફાઈ સામે રક્ષણ આપે છે, અને તે સાથે તેમને નવા સાહસ માટે યોગ્ય સગવડો પણ આપે છે. નાતાલના વેપારી પરવાનાના કાયદાના સઘળા દોષ આ બિલે ટાળ્યા છે, અને સ્થાપિત હકોનો પૂરો ખ્યાલ રાખીને નાતાલના કાયદાથી જે કાંઈ કદી પ્રાપ્ત થઈ શકે તે બધું એનાથી મળી જાય છે. અમે આશા રાખીએ છીએ કે નાતાલ સરકાર આ કાયદાનું અનુકરણ કરશે, અને જે કાયદાને બધા વિચારવંત માણસોએ વખોડી કાઢ્યો છે તથા જેણે નેક નામદાર સમ્રાટની પ્રજાના એક ભાગમાં અત્યંત ખિજવાટ પેદા કર્યો છે તે કાયદાથી સંસ્થાનની કાયદાપોથીને તે મુક્ત કરશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૫–૫–૧૯૦૬

૩૨૫. બ્રિટન, તુર્કી અને ઇજિપ્ત

બ્રિટિશ સરકાર અને તુર્ક સરકાર વચ્ચે વળી ખટાશ વધી છે, એમ છેલ્લા તારોથી જણાય છે. ઇજિપ્તની સરહદનું ચોક્કસ નથી થયું તેમાં આ બધી ભાંજગડ ચાલે છે. પ્રથમ તકરાર અકાબાની પાસે શરૂ થઈ. પછી સીનાઈ તાલુકામાં ટાબાયામનો કબજો લેવા તુર્કી લશ્કર ગયું. તે ઉપરથી બ્રિટિશ એલચી સર નિકોલસ ઓ'કોનર ઉપર બ્રિટિશ સરકારે લખાણ મોકલ્યું કે, તેણે તુર્કી સરકારને સખત ભલામણ કરવી કે તે ટાબાથી લશ્કર ઉઠાવી લે. આ માગણી ઉપર તુર્કી સરકારે કંઈ ધ્યાન ન આપ્યું, અને તેને સામે થવામાં જર્મન શહેનશાહની તરફથી ઉત્તેજન મળ્યું. હવે તુર્કી સિપાઈઓ અકાબામાં કિલ્લો બાંધે છે ને લડાઈની તૈયારીઓ કરતા હોય એવું જણાય છે.[૧] આ ઉપરથી બ્રિટિશ સરકારે ઇજિપ્તમાં છાવણી વધારવાની હિલચાલ કરી છે. બ્રિટિશ સરકારને એવી પણ ધાસ્તી લાગી રહી છે કે ઇજિપ્તના માણસો પણ તુર્કી સરકારના પક્ષમાં છે. જો બ્રિટિશ તથા તુર્કી સરકાર વચ્ચે તકરાર થઈ લડાઈનો વખત આવે તો પહેલો જ આવશે.

૧. દમાસ્કસ અને મક્કા વચ્ચેની તુર્કી રેલવેનું રક્ષણ કરવા માટે તુર્કી લશ્કરે ખુલ્લી રીતે તાબાને કબજે કર્યું હતું. આખરે રાફા અને અકાબા વચ્ચે નવી સરહદ મર્યાદા કરવાનું મંજૂર થયું.

Gandhi Heritage Portal

તુર્કી સરકારે પણ પાછા હઠવા જેવું જણાતું નથી. વિટનેસને આવેલા તાર ઉપરથી એમ જણાય છે કે રાફાની પાસે જે સરહદના થાંભલા ચણેલા હતા તે તુર્કી લશ્કરે ઉખેડી કાઢ્યા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५–५–१९०६

૩૨૬. આપણી ફરજ

"એજેક્સ" નામના લખનારે એક પત્ર एडवर्टाइझरને લખ્યો છે. તેનો તરજુમો નીચે આ અંકમાં બીજી જગ્યાએ આપ્યો છે. તે સૌ હિંદીએ વિચારવા જેવો છે. "એજેક્સ"નો કાગળ આપણી વિરુદ્ધ શૂર ચઢાવવાનો છે. તેણે બધું મશ્કરી રૂપે લખ્યું છે ને તેના કહેવાનો ભાવાર્થ એ છે કે લડાઈને વખતે હિંદી કંઈ કામના નથી.

આ તહોમતનો આપણે પૂરતો વિચાર કરવાની જરૂર છે. નાતાલની સરકારને આપણે કહેણ મોકલ્યું છે તે બરોબર પગલું ભરાયું છે. તેથી આપણે કંઈક પણ મોં ઊંચું રાખી શકીએ છીએ. પણ તેથી બસ નથી. આપણે હજુ પણ વધારે મહેનત કરી લડાઈને વખતે ભાગ લઈ શકવા જેવી સ્થિતિમાં આવવાની જરૂર અમે જોઈએ છીએ. મિલિશિયાના કાયદાની રૂએ ગોરાઓને લડાઈમાં ફરજિયાત જવું પડે છે. આપણે પણ આપણી તાકાત તથા મરજી બતાવી શકીએ તો સહેજે આપણાં દુઃખો જવાનો સંભવ છે. દુઃખો જાય યા ન જાય, પણ નાતાલની ઉપર કે દક્ષિણ આફ્રિકાના બીજા ભાગ ઉપર આફત આવે તો તેમાં ભાગ લેવાને દક્ષિણ આફ્રિકાના હિંદી તૈયાર હોવા જ જોઈએ. તેમ નહીં થાય તો આપણામાં તેટલી ખોડ ગણાશે એમાં કંઈ જ શક નથી.

સ્વાઝીલાંડમાં બળવો ઊઠવાનું સંભળાય છે. નાતાલની સરકારે જથ્થાબંધ દારૂગોળો મંગાવ્યો છે. એ બધું બતાવે છે કે નાતાલનું બંડ હજુ લાંબા દિવસ ચાલશે. અને તે વધારે ફેલાય તો આખા દક્ષિણ આફ્રિકામાં તેની અસર જણાય. આ વખતે ટ્રાન્સવાલ તરફની મદદ નાતાલને[1] જઈ ચૂકી છે. કેપે મદદ આપવા કહ્યું છે, ને વિલાયતથી પણ કહેણ આવ્યું છે. આવે વખતે આપણે જો અળગા રહી જઈએ તો, બહુ જ માઠી અસર થશે એમાં શક નથી. આ વિષે વિચાર ઘણા ગંભીરપણાથી દરેક હિંદીએ કરવાની જરૂર અમે માનીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५–५–१९०६

૧. જુઓ "નાતાલનો બળવો", પા. ૩૦૯–૧૦.

Gandhi Heritage Portal

૩૨૭. મોમ્બાસાનો દાખલો

મોમ્બાસાથી બે બીજા અંક ત્યાંના છાપાના આવ્યા છે તે ઉપરથી જણાય છે કે મોમ્બાસાના હિંદીઓ પૂરતી કોશિશ પોતાના હકોને સારુ કરવા માગે છે. તેઓએ જે કામ ઉઠાવ્યું છે, તે આપણે બધાએ નકલ કરવા લાયક છે, અને અમે મોમ્બાસાના હિંદીઓની ફતેહ ઇચ્છીએ છીએ.

પાછળના અંકો ઉપરથી જણાય છે કે ત્યાંની મીટિંગમાં દક્ષિણ આફ્રિકા વિષે જે ગેરસમજ થયેલી લાગતી હતી તેમાં છાપાવાળાની કસૂર જણાય છે.[1] ત્યાંના હિંદી એ જાણે છે કે દક્ષિણ આફ્રિકામાં આપણને ગોરાઓના જેટલા હક નથી. પણ વધારે અગત્યનું તો તે છાપાંઓમાં તે છાપાના અધિપતિએ લખેલું છે તે જોવામાં આવે છે. અધિપતિ જણાવે છે કે હિંદીઓમાં સંપ નથી અને જ્યાં સુધી સંપ નહીં હોય ત્યાં સુધી તેઓ હકો મેળવવા કાબેલ નહીં થાય. તેઓમાં ફાંટાઓ ઘણા છે. જો કમિશનરને ગોરાઓ વિષે કંઈ જાણવું હોય તો, તે તુરત જાણી શકે છે કે કયો ગોરો બધા ગોરાઓની વતી બોલી શકે તેમ છે. પણ જ્યારે કમિશનરને હિંદીઓની વતી કંઈ જાણવું હોય ત્યારે જુદી જુદી કોમના પાંચસાત માણસો બોલાવવા પડે છે. આમ હોય તો એ દુ:ખદાયક વાત ગણાય. આપણે બધા એક જ દેશના હોઈ જુદી જુદી કોમના છીએ એ ભૂલી જવાની જરૂર છે. આટલી વાત જ્યાં સુધી આપણી યાદીમાં નહીં રહે ત્યાં સુધી આપણી ઉપર પડતી તકલીફો દૂર નહીં થાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५–५–१९०६

૩૨૮. કામદારોની રહેણી

આજકાલ ખુલ્લી હવાની કિંમત જે માણસો સમજુ છે તેઓમાં વધતી જાય છે. જ્યાં મોટાં શહેરો વસ્યાં છે, ત્યાં મજૂરોને આખો દહાડો ફૅક્ટરીમાં ગોંધાઈ રહી કામ કરવું પડે છે. શહેરની જમીનની કિંમત વધારે હોવાથી ફૅક્ટરીનાં મકાન નાનાં હોય છે. અને મજૂરોને રહેવાનાં ઘર પણ સાંકડાં હોય છે. આથી મજૂરોના શરીરના બાંધા હંમેશાં બગડતા જાય છે. લંડનમાં ફિન્સબરીના દાક્તર ન્યૂમૅને બતાવી આપ્યું છે કે જ્યાં એક કોટડીમાં ઘણા માણસો રહે છે ત્યાં એક હજારમાં ૩૮ માણસો મરે છે. તેટલા જ માણસ બે કોટડીમાં રહે તો ૨૨ માણસો મરે છે, તેટલા જ માણસોને સારુ ત્રણ કોટડી હોય ત્યાં ૧૧ માણસ મરે છે, ને ચાર કોટડી હોય ત્યાં માત્ર પાંચ માણસ મરે છે. આમાં કંઈ નવાઈ જેવું નથી. માણસ અનાજ વિના કેટલાક દિવસ કાઢી શકે છે. પાણી વિના દહાડો કાઢી શકે છે, પણ હવા વિના એક મિનિટ પણ કાઢવી અશક્ય છે. એટલો બધો જે વસ્તુનો ઉપયોગ હોય તે વસ્તુ ચોખ્ખી ન હોય તો તેનું પરિણામ માઠું આવ્યા વિના ન રહે. આવા વિચારથી કાડબરી બ્રધર્સ, લીવર બ્રધર્સ, વગેરે મોટાં

૧. જુઓ "મોમ્બાસાની મીટિંગ", પા. ૩૨૫.

Gandhi Heritage Portal

કારખાનાંવાળાઓ, જેઓ પોતાના મજૂરોને સારુ હંમેશાં બહુ કાળજી રાખવાવાળા છે, તેઓએ પોતાનાં કારખાનાં શહેરમાંથી લઈ જઈ ખુલ્લી જગ્યામાં વસાવ્યાં છે. મજૂરોને રહેવાને સારુ ઘણાં સરસ ઘરો રાખ્યાં છે, ને ત્યાં બાગબગીચા, લાઈબ્રેરી વગેરે તમામ સગવડ છે. આ પ્રમાણે કરવા છતાં તે લોકો પોતાના વેપારમાં ફાવ્યા છે, તે ઉપરથી તેઓનો દાખલો લઈ હવે ઇંગ્લંડમાં ચોતરફ એવી હિલચાલ ફેલાઈ રહી છે.

આ બાબત હિંદી આગેવાનોએ વિચારવા જેવી છે. આપણે ચોખ્ખી હવાની કિંમત સમજતા નથી, તેથી ઘણું નુકસાન સહન કરીએ છીએ, ને આપણામાં મરકી વગેરે રોગો ફેલાઈ શકે છે તેનું પણ આ એક સબળ કારણ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५–५–१९०६

૩૨૯. હિંદી વેપાર મંડળ

શ્રી ઉમર હાજી આમદ ઝવેરીનો કાગળ અમે આ વિષય ઉપર ગયા અંકમાં આપી ગયા છીએ. એ કાગળ વિચારવા જેવો છે. ઇંગ્રેજી ચેમ્બર ઑફ કૉમર્સની કેટલી વગ પહોંચે છે તે દક્ષિણ આફ્રિકાની સ્થિતિ જાણનાર સહુ કોઈ હિંદી સમજી શકે છે. ઇંગ્રેજી મંડળોમાં તો, અસલથી હિંદીઓએ ભાગ લીધો હોત તો, અત્યારે હિંદી વેપારીની સ્થિતિ જુદી જ હોત. તેની રૂએ ઘણા સુધારા થઈ શકત. અમારી જાણમાં છે કે જ્યારે હિંદી વેપારી દક્ષિણ આફ્રિકામાં પહેલાં દાખલ થયા ત્યારે તેઓને અંગ્રેજો ચેમ્બરમાં દાખલ થવાનું આમંત્રણ કરતા. હવે આપણે પેસવા માગીએ તો કાઢી મૂકે એવી સ્થિતિ છે.

શ્રી ઉમર ઝવેરી હવે એવો વિચાર બતાવે છે કે જો અંગ્રેજી મંડળમાં આપણે દાખલ ન થઈ શકીએ તોપણ આપણે આપણું પોતાનું વેપાર મંડળ કાઢી તેમાં વેપારીઓ ખંતથી કામ કરે ને જોઈતા સુધારા કરે તથા તેવું મંડળ કહે તે પ્રમાણે બીજા હિંદી વેપારીઓ ચાલે તો તેવું મંડળ બહુ કામ કરનાર થઈ પડશે. અંગ્રેજી મંડળોની વગ બહુ હોય છે. તેનું કારણ એ કે તેની સત્તા બીજા વેપારીઓ કબૂલ કરે છે. એવી સ્થિતિ આપણે ન આણી શકીએ તો મંડળ કાઢ્યું ન કાઢ્યા બરાબર ગણાય. એટલે દૃઢ વિચાર કરી, અનુભવી તથા પરમાર્થી હિંદી વેપારીઓ ભેળા મળી હિંદી વેપાર મંડળ સ્થાપે તો લાભ થવાનો સંભવ છે, ને હિંદી વેપારીની સ્થિતિ સુધારવાનો આ એક સરસ રસ્તો લેવાયો ગણાશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ५–५–१९०६

Gandhi Heritage Portal

૩૩૦. જોહાનિસબર્ગનો પત્ર

મે ૫, ૧૯૦૬

મલાઈ લોકેશન

મલાઈ લોકેશન બાબત ડેપ્યુટેશન જઈ આવ્યાના ખબર હું આપી ચૂક્યો છું. તેનો જવાબ લેફ્ટનન્ટ ગવર્નરને[1] મોકલ્યો છે. તેમાં જણાવે છે કે મલાઈ લોકેશનનો કેટલોક ભાગ રેલવેવાળા લઈ લેશે ને બાકીનો જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટી લેશે. બંને ખાતા તરફથી લોકેશનમાં જેઓનાં મકાન છે તેઓને નુકસાની મળશે, અને કૉલોનિયલ સેક્રેટરી લોકેશનમાં રહેનારાઓને માટે બીજું લોકેશન બનાવશે. આ જવાબનો અર્થ કંઈ નહીં થયો. આટલું તો ડેપ્યુટેશન ગયું તેના પહેલાં પણ સૌ જાણતા હતા. કોઈ જાતનો ઈન્સાફ હાલ તરત સ્થાનિક સરકાર તરફથી મળે તેવું જણાતું નથી.

રેલવેની હાડમારી

જોહાનિસબર્ગથી પ્રિટોરિયા જતી ૮–૩૦ની તથા ૪–૪૦ની ગાડીમાં ને પ્રિટોરિયાથી આવતી સવારના ૮–૩૦ની ગાડીમાં હિંદી તથા બીજા કાળા માણસોને ફરવાની મનાઈ બાબત બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન તરફથી ચૅરમૅન તથા સેક્રેટરી, જનરલ મૅનેજર મિ. પ્રાઈસને મળી આવ્યા છે. લગભગ એક કલાક સુધી વાતચીત ચાલી. મિ. પ્રાઈસના કહેવા પ્રમાણે હાલ તુરત ગોરાઓની ઉશ્કેરણી એવી સખત છે કે આ બાબતમાં હિંદીઓએ બહુ દાબ નહીં ચલાવવો જોઈએ. છેવટે એવી સમજૂતી આપી છે કે કોઈ હિંદીને ખાસ કામસર આ ગાડીમાં જવું ઘટે તો તેણે સ્ટેશન માસ્તરને કહેવું, એટલે તે ગાર્ડની સાથે બેસવાનો બંદોબસ્ત કરી આપશે, પણ હાલ તુરત જેમ બને તેમ થોડા હિંદીઓ એ ત્રણ ટ્રેનથી જાય એમ થવું જોઈએ એમ મિ. પ્રાઈસની ભલામણ છે. તેણે એવું કબૂલ કર્યું છે કે આવી જાતની બંધી વધારે નહીં કરવામાં આવે. આ બાબતમાં એક કેસ બન્યો છે તે જાણવા જેવો છે. એક કાળો માણસ એક બીજા વર્ગની ગાડીમાં જતો હતો. તેની પડખે એક ગોરી બાઈ બેઠી હતી. આ જોઈ મિ. બાઉકર નામનો ગોરો છે તેનું ખૂન તપી આવ્યું. તેણે તે કાળા માણસને ત્યાંથી ઊઠી જવા કહ્યું. પેલા કાળા માણસે ટિકિટ બતાવી. આથી મિ. બાઉકરને સંતોષ નહીં થયો. તેણે ગાર્ડને કહ્યું. ગાર્ડે વચમાં પડવા ના પાડી. તેથી મિ. બાઉકરે બીજા ગોરા ઉતારુને ભેળા કર્યા, અને કાળા માણસને જબરદસ્તીથી હાંકી કાઢવાની ધમકી આપી. આથી ગાર્ડે લાચારીથી બિચારા કાળા માણસને પોતાની જગ્યાએથી ખસેડ્યો. આમાં કોઈ અમલદારનો વાંક કાઢી શકાય એવું નથી. જ્યાં સુધી ગોરાઓ બહુ ઉશ્કેરાયેલા રહેશે ત્યાં સુધી આવી અડચણો આવ્યા જ કરશે. એક બીજો ગોરો “કુલી ટ્રાવેલર” એવા મથાળાથી ટ્રાન્સવાલ લીડરમાં લખે છે તેનો તરજુમો નીચે આપું છું:

> મિ. બાઉકરે કાળા માણસ બાબત લખ્યું છે તેને સારુ તેનો ગોરાઓએ ઉપકાર માનવો ઘટે છે. થોડા વખત પહેલાં હું પૉચેફસ્ટ્રૂમથી પાર્ક લગી જતો હતો. તે ગાડીમાં બે ‘કુલી’ પણ હતા. એટલું ખરું કે એ લોકો બીજા ડબામાં હતા. પણ તેથી કાંઈ ઈજા

૧. જુઓ પા. ૩૧૬.

Gandhi Heritage Portal

દૂર થતી નથી. કેમ કે તે જ ડબામાં તે લોકોના જવા પછી ગોરાઓને બેસવું પડશે. વળી તે બે કુલીઓએ પોતાના હાથ ગાડીના રૂમાલો વતી લૂછયા. આ જ રૂમાલે પાછા ગોરાઓએ હાથ લૂછવા રહ્યા. અને મને ખાતરી છે કે કોઈ સારો ગોરો તો કુલીએ વાપરેલો પ્યાલો કે ટુવાલ વાપરવા ન માગે. ખરેખર રેલવેવાળાને લાજમ છે કે "પબ્લિક"ની તરફ કંઈ સંભાળ રાખે."

આમ લખનારા ઘણાં છાપાંમાં જોવામાં આવે છે. આવે વખતે હિંદીઓએ ધીરજ રાખવી એ જ રસ્તો છે.

મિ. રિચ તથા મિ. જ્યૉર્જ ને જેમ્સ ગૉડફ્રે

અહીંના છાપામાં તાર આવ્યા છે કે મિ. રિચ પોતાની પરીક્ષામાં વિલાયતમાં પસાર થયા છે તેમ જ મિ. જ્યૉર્જ અને મિ. જેમ્સ ગૉડફ્રે પણ પોતાની છેલ્લી પરીક્ષામાં પસાર થયા છે. થોડી મુદતમાં બંને ભાઈઓ બારિસ્ટર થઈ હવે પાછા ફરશે.

ચીનાઓની સ્થિતિ

ચીનાઓ જે ખાણમાં કામ કરે છે તેઓને પસંદ ન પડે તો તેને સરકારી ખરચે પાછા મોકલવા બાબતની નોટિસ બહાર પાડવા વડી સરકાર ઉતાવળ કરી રહી છે. બીજી બાજુથી ખાણના માલિકો કહે છે કે તેઓ તે નોટિસ પોતાના વાડાઓમાં ચોડશે નહીં. જો માઈનવાળા આમ સામે થશે તો મોટી તકરાર જાગવાનો સંભવ છે.

ટ્રામ બાબતનો કેસ

ટ્રામનો ટેસ્ટ કેસ હજુ પૂરો નથી થયો. મૅજિસ્ટ્રેટ આગળ મિ. કુવાડિયાનો કેસ ફરી પાછો ચાલવાનો છે. મુદત તા. ૧૨મી શનિવારની ધર્મના વકીલે ઠરાવી છે.

કૉન્સ્ટિટ્યૂશન કમિટી

સર જોસેફ વેસ્ટ રીજવેનું કમિશન ટ્રાન્સવાલમાં આવી પહોંચ્યું છે. તેઓ હાલ પ્રિટોરિયામાં બિરાજે છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને પૂછ્યું છે કે હિંદીની સ્થિતિ બાબત, કમિશન ઍસોસિયેશન આપવા માગે તે પુરાવો લેશે કે નહીં. જો કમિશન પુરાવો લેવાની હા લખશે તો તેમની પાસે બધી હકીકત રજૂ થઈ શકશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

Gandhi Heritage Portal

૩૩૧. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ
મે ૫, ૧૯૦૬

ચિ. છગનલાલ,

તમારો પત્ર મળ્યો. આ અઠવાડિયે તમને "જોહાનિસબર્ગનો પત્ર" મળ્યો નથી એ જાણી મને અચંબો થાય છે. ચોક્કસ મેં એ મોકલ્યો છે. મેં મોકલેલા બધા લેખોની યાદી મારી પાસે છે. इन्डियन ओपीनियन મને મળે કે તરત હું તે મેળવી જોઈશ અને તમને જણાવીશ. અંગ્રેજી તેમ જ ગુજરાતી આવૃત્તિ મને દર શુક્રવારે અગાઉથી મોકલી શકો તો ઘણું સારું, કેમ કે એ નકલો મને અહીં રવિવારે સવારે મળી જાય અને હું તેમનો ઉપયોગ કરી શકું. તમે મને છાપાંની ઘણી કાપલીઓ મોકલી છે. હું તેમની ગુજરાતી વિભાગમાં ચર્ચા કરું છું, પણ તેમાંની કેટલીક એવી છે કે તેમની ચર્ચા આ અઠવાડિયે થવી જોઈતી હતી. જો તેમની ચર્ચા કરવામાં આવી હોય તો મારે તેમને વિષે કંઈ લખવાનું ન રહે. જો મને અગાઉથી નકલ પહોંચે તો હું એ રવિવારે કરી શકું. નકલો મોકલતી વેળા તમારે પણ તેમાં નિશાની કરી દર્શાવવું કે તેની ચર્ચા તમે ચાલુ અંકમાં કરી છે કે કેમ. આશા રાખું છું કે ગોકુલદાસ કાલે નીકળી ચૂકયા હશે. તો જ હું તેને સોમવારના કામ માટે તૈયાર કરી શકું, પણ કાંઈ તાર નથી એટલે મને ભય રહે છે કે એ નીકળ્યા નથી. મિ. આઈઝેકને તમે સોંપેલાં કામ એણે પતાવ્યાં છે કે કેમ એ મને જણાવશો. શ્રી નાઝરની મિલકતની યાદી બાબત આવતે અઠવાડિયે મને યાદ કરાવજો. હું તમારો કાગળ ફાડી નાખું છું, એટલે કદાચ એ વિષે બધું ભૂલી જાઉં. બીજી બાબતો સંબંધે તમારે સામાન્ય દેખરેખ રાખવી જોઈએ, અને બાકીનો સમય પૂરેપૂરો હિસાબી કામને આપવો જોઈએ. સરવૈયું અમુક સમયમાં તૈયાર કરવા તમે તમારી જાતને વચન આપો એવું હું ઇચ્છું છું.

કલ્યાણદાસ તમને ભારે ટેકારૂપ બની રહેવો જોઈએ. જો એ તમારી સાથે રહેવા રાજી હોય તો તે તેમ કરે, પણ હું ધારું છું કે જો એ હેમચંદ સાથે રહે તો એના પર તે વધારે સારી અસર પાડશે. ઘણી વાર એ ફિનિક્સમાં બપોરે જમશે નહીં. આથી ત્યાં તો એ માત્ર સાંજે વાળુ કરશે. એટલે જમવાનું એ અલગ પણ કરી શકે. પણ, તમે ઇચ્છો તો, તમે સૌ મળીને જુદો નિર્ણય કરી શકશો. તમારી જમીન સુધારવામાં તમે ધ્યાન આપો છો તે જાણીને રાજી થયો. એ બહુ જરૂરી કામ છે, અને હવે તમે વધારે છૂટા રહી શકશો એટલે તમે તમારો સમય વ્યવસ્થિત રીતે એ કામને આપો એવું હું ઇચ્છું છું. તમારી બે એકર ભોંયમાં એકે નકામો છોડવો ન જોઈએ. હું સેમને બાગ બાબત લખીશ.[1] બાગકામ વિષે તમે મોકલેલી કાપલી હું પરત કરું છું. એ રાખજો અને બીજાઓને વંચાવજો. બાગકામ બાબત બીજાં પુસ્તક પણ તમારે વાંચવાં જોઈએ. હું ધારું છું કે મિ. વેસ્ટ પાસે એક નાનું પુસ્તક[2] છે. આવી બાબતોમાં તમારે આગેવાની લેતાં

૧. આ પત્ર લખાયો હોય તો તે પ્રાપ્ય નથી.

૨. આ બાબત મિ. વેસ્ટ લખે છે: "હું ધારું છું જેનો આ ઉલ્લેખ છે તે પુસ્તક દુ કાસ્સનું લખેલું હતું. આ માણસને નાતાલનો વ્યવહારુ અનુભવ હતો. ડરબનથી થોડે દૂર હિલેરી ખાતે એનો સુંદર બગીચો હતો. ફિનિક્સમાં ઘણાં ફળઝાડ તથા શોભાના છોડ ત્યાંથી જ મંગાવ્યાં હતાં. પુસ્તકનું નામ મને યાદ આવતું નથી. હું ધારું છું, પી. ડેવિસ ઍન્ડ સન, પિટરમૅરિત્સબર્ગ એના પ્રકાશક હતા..."

Gandhi Heritage Portal

શીખવું જોઈએ. હું મોહનલાલને અઠવાડિક પત્ર બાબત લખીશ. મેં વ્યાસને પણ વાત કરી હતી. એમને વગર લવાજમે ઓપીનિયન મોકલવાની દરખાસ્ત અત્યારે કરવાની જરૂર નથી. આ પત્રો લખવાની એમની ફરજ છે એમ એમને લાગવા દો.

થિયેટરવાળાઓ પાસેથી હજી મને પૈસા મળ્યા નથી. એટલે જ્યાં સુધી મને એ મળે નહીં ત્યાં સુધી તમે એ કામ કરશો નહીં.

"જોહાનિસબર્ગનો પત્ર" બાબતમાં, એ સીધો આણંદલાલને તો નહીં મળ્યો હોય? હું માનું છું કે મારા ગુજરાતી લખાણની પહેલી થોકડી પર મેં આણંદલાલનું સરનામું કર્યું હતું. . . .[1]

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી: એસ. એન. ૪૩૫૬

૩૩૨. છગનલાલ ગાંધીને પત્ર

રવિવાર, [મે ૬, ૧૯૦૬]

ચિ. છગનલાલ,

તમને મારે કેટલુંક લખવાનું છે પણ આજે વખત નથી. તમારે હાલ તદ્દન ચોપડામાં ગૂંથાઈ જવાનું છે. આ સાથે ગુજરાતી મોકલું છું. તે તપાસીને મિ. હરિલાલ ઠાકરને દેખાડી ચિ. આણંદલાલને આપજો. તેને પરબારો કાગળ લખવાનો અબઘડી વખત નથી. બીજું આજે રાત્રે લખીશ તે તેને પરબારું મોકલીશ. ગુજરાતીમાં ખોટું ન છપાય તે ધ્યાનમાં રાખજો. તમારી નજર રાખજો તોપણ બધો બોજો મિ. ઠાકર ઉપર મૂકજો. ગુજરાતીમાં બધું મિ. ઠાકરે તમને દેખાડવું એમ હું તેને લખવાનો છું. પણ તમારે તેની ઉપર હાલ તુરત બહુ વખત નથી ગાળવાનો. મારી પાસે બીજાં વીસ નામ શુક્રવારે થયાં છે. તે આવતી કાલે મોકલીશ. તેમાંથી છ જણાના પૈસા પણ આવી ગયા છે. ચિ. કલ્યાણદાસ મંગળવારે સવારે આવશે. ત્યાં બુધવારે સાંજના પહોંચશે. બુધવારે સાંજે તેને ફિનિક્સમાં તમે અથવા કોઈ મળશો તો બસ છે. ચિ. કલ્યાણદાસને ડરબનનું બધું કામ સોંપજો. તમે પખવાડિયે એક વખત એડિટર ટિકિટમાં જશો તો બસ છે. ચોપડાની ઉપર મુખ્ય ધ્યાન તમારે આપવાની જરૂર છે. ચિ. ગોકળદાસને બને તેમ જલદી મોકલજો અથવા તો શનિવારે મોકલજો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૩૫૭

૧. પત્ર અપૂર્ણ છે.

Gandhi Heritage Portal

૩૩૩. લૉર્ડ સેલબૉર્નને પત્ર

[જોહાનિસબર્ગ,
મે ૧૨, ૧૯૦૬ પહેલાં]

સાહેબ,

મારું ઍસોસિયેશન નમ્રતાપૂર્વક કહેવાને માંગે છે કે અમારી અરજીની દાદ[૧] પૂરી સંભળાઈ નથી. ઢીલ થાય છે કે નહીં તે બાબતમાં નવી ઑફિસ કેવું કામ કરે છે તે મારું ઍસોસિયેશન જોશે. દરમ્યાન એટલું તો કહેવું જોઈએ કે કેટલીક અરજીઓ મહિનાઓ થયાં પડી છે, અને જો અરજદારોની સગવડ તરફ ધ્યાન આપવામાં આવતું હોય તો આટલો વખત જવો નહીં જોઈએ.

શ્રી મંગાનો કેસ

શ્રી મંગાના કેસ બાબત મારું ઍસોસિયેશન બધી હકીકતથી વાકેફગાર થયેલું છે. અને એમ જણાય છે કે જે હકીકત લૉર્ડ સેલબૉર્નની પાસે રજૂ થઈ છે તે પૂરી નથી. એ અરજીના સંબંધમાં જરૂરની એક પણ હકીકતમાં ફેરફાર નથી થયો. એ અરજી શ્રી ગાંધી મારફત થયેલી. તે એમ જણાવે છે કે તેને શ્રી મંગાના કોઈ મિત્રે કામ સોંપેલું. તેમાં પરમિટ માંગવાનું એવું કારણ નહીં બતાવેલું કે શ્રી મંગાને તેના કાકાને મળવા જવું હતું. પણ શ્રી મંગાને ટ્રાન્સવાલ થઈને ડેલાગોઆ બે જવાનું હતું, એ કારણ બતાવ્યું હતું. એ અરજીનો જવાબ ૧૪મી માર્ચના રોજ મળ્યો હતો. સગાઈનો ફેરફાર થયો તે અરજી રદ થયા પછી, અરજી રદ થયાના સમાચારના જવાબમાં મિ. ગાંધીએ પરમિટના અમલદારને લખી અચંબો બતાવ્યો અને તેમાં કાકાને બદલે તેનાથી બાપ લખાયું. આમ થવાનું કારણ તેના કહેવા પ્રમાણે એ હતું કે, કાગળ લખતી વખતે પોતે આગલો કાગળ જોયો ન હતો. ગમે તેમ હોય પણ આમાં છેતરવાનો સવાલ ઊઠતો નથી, કેમ કે જે ફેરફાર થયો તે એવો દેખીતી રીતે હતો કે તે માત્ર ભૂલ જ મનાય. હકીકતમાં હવે માલૂમ પડે છે તે પ્રમાણે શ્રી મંગાને ડેલાગોઆ બેમાં બાપ કે કાકો બેમાંથી એકે નહોતા, પણ તેનો પિતરાઈ ભાઈ હતો. અને જો વળી એમ જ જોવું હોય તો કાગળમાં બીજી એક ભૂલ હતી. તે એ કે તેમાં શ્રી મંગાને બ્રિટિશ રૈયત ગણવામાં આવેલ. પણ શ્રી મંગા તો પોર્ટુગીઝ રૈયત હતા. આ પ્રમાણે બનવાનું કારણ એ જ હતું કે શ્રી મંગાના જે મિત્રે અરજી કરવાનો હુકમ કર્યો તેમને શ્રી મંગાની સાથે બહુ જ મહોબ્બત ન હતી. પણ આમાંની એકે હકીકતને અરજીની સાથે ખરો સંબંધ નથી. બીજા કાગળની અંદર એમ ખબર આપવામાં આવ્યા હતા કે શ્રી મંગા વિલાયતના વિદ્યાર્થી છે. પાછળથી જે બનાવ બન્યો તે ઉપરથી અમે દિલગીરીની સાથે જોયું કે, બ્રિટિશ રૈયત તરીકે જે શ્રી મંગાને નહીં મળી શકયું તે પોર્ટુગીઝ રૈયત તરીકે લઈ શકયા. આ કેસ ઘણો અગત્યનો છે, કેમ કે તે બતાવી આપે છે કે બ્રિટિશ હિંદીની સ્થિતિ ટ્રાન્સવાલમાં ઘણી કફોડી છે. વળી એ પરમિટ નહીં આપવાનું કારણ પણ મારા ઍસોસિયેશનને બતાવવામાં નહોતું આવ્યું. તમારો કાગળ આવ્યાથી જ અમે જાણી શકયા છીએ.

૧. જુઓ પા. ૩૦૦-૩.

Gandhi Heritage Portal

ઉપરની હકીકત ઉપરથી જણાશે કે શ્રી· મંગાની પરમિટની ના પાડવાનું કારણ·સગાઈના ફેરફારને લઈને ન હતું કેમ કે તે ભૂલ પરમિટની ના પાડ્યા પછી જ થયેલી. મારું ઍસોસિયેશન અરજી કરે છે કે મુદતની પરમિટને સારુ પૂરી છૂટ હોવી જોઈએ, અને જ્યારે અરજી બાતલ કરવામાં આવે ત્યારે તેનાં કારણ પણ આપવાં જોઈએ.

છોકરાંઓની ઉંમરમાં ઘટાડો

છોકરાંની ઉંમરમાં ઘટાડો કર્યો છે તેથી જે હકીકત આપ નામદાર જણાવો છો તેનો ઉપાય નથી થઈ શકતો. જેને ઠગબાજી કરવી હશે તે ઉંમર ૧૬ વર્ષને બદલે ૧૨ વર્ષની કરવી હશે તોપણ કરશે. જ્યારે જ્યારે માણસજાતની છૂટની ઉપર દાબ મૂકવામાં આવે છે ત્યારે ત્યારે દાબ દૂર કરવાને માણસો અણઘટતા ઉપાય લેશે, પણ હિંદી કોમમાં એવી જાતનો સડો બહુ છે એમ મારું ઍસોસિયેશન કબૂલ કરી શકતું નથી અને જેમણે કર્યો હોય તે અટકાવી શકાય તેવો હતો. વળી ૧૬ વર્ષને બદલે ૧૨ વર્ષ કરવાનો અર્થ એ થાય છે કે તેથી ગુનેગારના ગુનાને સારુ બિનગુનેગારને સજા મળે છે.

ઓરતોની પરમિટ

બધાઓએ જાતિ અને ઉંમરના ભેદ વિના પરમિટ લેવી જોઈએ એવું આપ નામદાર કહો છો તે તો માત્ર હિંદીને લાગુ પડતું હશે. કેમ કે મારા ઍસોસિયેશનની જાણવામાં વાત છે કે ઘણી યુરોપિયન ઓરતો અને છોકરાઓ વગર પરમિટે ટ્રાન્સવાલમાં દાખલ થયા છે. મારા ઍસોસિયેશનને નમ્રતાપૂર્વક કહેવું પડે છે કે ઓરતોને અને ખોળામાં રહેતાં છોકરાંઓને પરમિટ લેવી જોઈએ એવા ધારાની કશીયે જરૂર નથી અને તેથી હિંદી કોમને બહુ દરદ લાગશે. વાસ્તે મારા ઍસોસિયેશનની ફરી અરજી એવી છે કે આપ વધારે તપાસ કરી દાદ આપશો.

સેવક,
(સહી) અબદુલ ગની
ચૅરમૅન

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

Gandhi Heritage Portal

૩૩૪. હિંદીઓની સ્વયંસેવા

આદિવાસી બંડ સંબંધમાં હિંદી કોમે સેવા અર્થે કરેલી દરખાસ્ત બાબતમાં ધિ નાતાલ એડવર્ટાઇઝરમાં જે પત્રવ્યવહાર પ્રગટ થયો છે, તેની નોંધ લેવાનું સામાન્ય રીતે અમને યોગ્ય ન લાગ્યું હોત. પરંતુ અમારા સમકાલીન વર્તમાનપત્રના પત્રલેખકોએ ચર્ચેલો વિષય હિંદી કોમને તથા સંસ્થાનને માટે અત્યંત મહત્ત્વનો છે, તેથી લેખકોએ ઉઠાવેલા મુદ્દાઓની ચર્ચા કરવા માટે અમે કશી ક્ષમાયાચના કરતા નથી. કેટલાક પત્રલેખકો બેફામ ગાળાગાળીમાં ઊતરી પડ્યા છે તે સાથે અમને નિસબત નથી.

તે પૈકીના એકે કટાક્ષમાં સૂચન કર્યું છે કે હિંદીઓ નાસી ન જાય તે માટે એમને આગલી હરોળમાં રાખવા જોઈએ; પછી તેમની અને આદિવાસીઓ વચ્ચેની લડાઈ એ દેવો માટે જોવાલાયક દૃશ્ય થશે. અમે લેખકની સૂચના પર ગંભીરતાથી વિચાર કરવા માગીએ છીએ કે જો એ પ્રમાણે કરવામાં આવે તો નિ:શંક હિંદીઓ માટે એથી રૂડું બીજું કાંઈ નહીં હોય. તેઓ કાયર હશે તો એમની જે દશા થશે તેને તેઓ લાયક છે; અને વીર હશે તો તો વીરપુરુષને માટે પહેલી હરોળમાં હોવા કરતાં રૂડું બીજું શું હોય? પણ દુ:ખની વાત એ છે કે સરકારે, અને સરકારને માથે ચાલુ રાજનીતિ ઠોકી બેસાડનાર યુરોપિયન વસાહતીઓએ, હિંદીઓને આવશ્યક શિસ્ત તથા તાલીમ આપવાની પ્રાથમિક સાવચેતી રાખી નથી. આથી, હિંદીઓ પાસે બંદૂક ચલાવવાની કે લડાઈને લગતું બીજું કોઈ કામ કુશળતાપૂર્વક કરવાની આશા રાખવી એ તદ્દન અશક્ય છે. ગયા યુદ્ધમાં આવશ્યક તાલીમ તથા શિસ્ત વિના ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ કોરે ઉત્તમ કાર્ય કર્યું, તેનું કારણ એ જ કે 'કોર'માં જોડાયેલા હિંદી નેતાઓ પહેલેથી ડૉ. બૂથના હાથ તળે કેળવાઈને તૈયાર થયેલા હતા.

બીજા પત્રલેખકનું સૂચન છે કે હિંદીઓને હથિયાર આપવાં નહીં, કારણ કે જો એમ કરવામાં આવશે તો તેઓ આદિવાસીઓને પોતાનાં હથિયાર વેચી ખાશે. આ સૂચન દુર્બુદ્ધિથી કરવામાં આવ્યું છે અને હકીકતમાં તેને માટે કશો પાયો નથી. હિંદીઓને કદી હથિયાર આપવામાં આવ્યાં નથી; આથી, જો એમને હથિયાર આપીશું તો તેઓ અમુક રીતે વર્તશે એમ કહેવામાં નરી મૂર્ખતા છે. એવું પણ સૂચવવામાં આવ્યું છે કે, આ દરખાસ્ત સસ્તી પ્રશંસા મેળવવા, તથા કૉંગ્રેસની સભાની કાર્યવાહીમાં પ્રગટ કરવામાં નથી આવ્યો એવો કોઈ લાભ મેળવવા માટે કરવામાં આવી છે. પહેલું કથન નિંદાત્મક છે. એ ખોટું પુરવાર કરવાનો ઉત્તમ માર્ગ એ છે કે પત્રલેખકોએ સરકાર પાસે આ દરખાસ્ત સ્વીકારાવવી અને જોવું કે હિંદીઓ તરફથી પૂરતો જવાબ મળે છે કે નહીં. બીજું કથન સમજમાં ઊતરે એવું નથી. જો એથી એવી છાપ પાડવાનો ઇરાદો હોય કે યુદ્ધસમયમાં સેવા આપીને હિંદીઓ પોતાની મુસીબતોમાં રાહત મેળવવા માગે છે, તો એ કથન સાચું છે અને એ હેતુ માટે કોઈ હિંદીએ શરમાવા જેવું નથી. હિંદીઓ આ સંકટને સમયે પોતાના વસાહતી બંધુઓ સાથે ખભેખભા મિલાવી ઊભા રહીને બતાવી આપે કે આ બધાં વરસ દરમિયાન હિંદીઓ જે સામાન્ય નાગરિક હકોનો દાવો કરતા આવ્યા છે તે માટે પોતે નાલાયક નથી, તેથી વધારે રૂડું અને વખાણવા લાયક બીજું શું હોય? પરંતુ એ પણ એટલું જ સાચું છે કે આ દરખાસ્ત કોઈ પણ શરત વગર માત્ર ફરજ તરીકે અને

Gandhi Heritage Portal

અમારી ફરિયાદો દૂર કરવામાં આવશે કે નહીં તેનો જરાયે વિચાર કર્યા વગર કરવામાં આવી છે. અમારા ખ્યાલ મુજબ, દરેક વસાહતીએ હિંદી કોમે કરેલી દરખાસ્ત બાબતમાં એને ટેકો આપવો જોઈએ. એક લાખ હિંદીઓ, જેઓ પૂરેપૂરા વફાદાર છે અને સારી તાલીમ લઈને તૈયાર થઈ શકે એમ છે, તેમનો યુદ્ધના હેતુસર, ઉપયોગ કરવાની આંખો મીચીને ના પાડવામાં કંઈ ડહાપણ કે દીર્ઘદૃષ્ટિ છે એવી દલીલ તો કોઈ પણ ગંભીરપણે નહીં કરી શકે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

૩૩૫. હિંદીઓના પરવાના

પરવાના કાનૂનના અમલ બાબત બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશને મોકલેલાં વિનંતીપત્રોનો હવે લૉર્ડ સેલબૉર્ને જવાબ આપ્યો છે. નામદારના જવાબમાં આવતી કેટલીક હકીકતો તથા દલીલોનો ઈનકાર કરતું વળી એક વિનંતીપત્ર ઍસોસિયેશને મોકલી આપ્યું છે. લૉર્ડ સેલબૉર્નનો જવાબ અત્યંત નિરાશાજનક છે એમ કહ્યા વગર અમે રહી શકતા નથી. મંગાવાળા કિસ્સાની ઍસોસિયેશને પોતાના પ્રત્યુત્તરમાં પૂરેપૂરી ચર્ચા કરી છે,[1] તથા શ્રી મંગાની પરવાના અરજી નામંજૂર કરવા માટે આપવામાં આવેલા વિચિત્ર કારણ વિષે અમે કોઈ વિશેષ ટીકા કરવાની જરૂર જોતા નથી.

લૉર્ડ સેલબૉર્નના પત્રથી એ વાત સ્પષ્ટ થાય છે કે વયમર્યાદા મનસ્વી રીતે સોળથી ઘટાડીને બાર વર્ષની કરવામાં આવી છે; કેમ કે ઍસોસિયેશને દર્શાવ્યું છે તેમ, કેટલાક લોકો નિયમોમાંથી છટકી જાય તે કાંઈ વયમર્યાદા ઘટાડવાનું કારણ ન ગણાય. પરંતુ હિંદીઓની લાગણીઓની સંપૂર્ણ ઉપેક્ષા તો પતિ સાથે આવતી પત્ની માટે જુદી પરમિટ માગવામાં રહેલી છે. આ એક નવી વાત છે, જેને માટે કોઈ વાજબી કારણ નથી. હિંદી સ્ત્રીઓ દેશમાં ધસી આવવા સંબંધમાં એશિયાઈ-વિરોધી પક્ષે કદી એક હરફ પણ ઉચ્ચાર્યો નથી. ટ્રાન્સવાલમાં હિંદી સ્ત્રીઓની સંખ્યા બહુ જૂજ છે ને તેઓ કોઈ રીતે વેપારમાં હરીફાઈ કરતી નથી, એ વાત જાણીતી છે. તેમનું કામ પોતાનું ઘર સાચવવા પૂરતું મર્યાદિત છે. આથી, અમારે ખુલ્લા દિલે કબૂલ કરવું જોઈએ કે સ્ત્રીઓ વાસ્તે જુદા પરવાના બાબત લૉર્ડ સેલબૉર્ને આપેલા જવાબ માટે અમે તૈયાર નહોતા. "'શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ' હેઠળ ટ્રાન્સવાલમાં સૌએ વય કે જાતિનો વિચાર કર્યા વિના પરવાના લેવા જોઈએ," એ શું કોઈ નવી શોધ છે? જો નવી શોધ ન હોય તો, શા માટે આજ સુધી હિંદી સ્ત્રીઓ પાસે જુદા પરવાના નહોતા માગવામાં આવતા? શા માટે હિંદી બાળકોને આજ સુધી પરવાના બાબતમાં મુક્તિ આપવામાં આવી હતી?

અને, ઍસોસિયેશન દર્શાવે છે તેમ, 'શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ' તો સૌને લાગુ પડતો નથી. યુરોપિયન સ્ત્રીઓ તથા સોળ વર્ષ નીચેનાં બાળકો પોતાના પતિ વા માબાપ સાથે મુસાફરી કરતાં હોય ત્યારે તેમને પરમિટ કઢાવવામાંથી કે સાથે રાખવામાંથી મુક્ત રાખેલાં છે. વળી, હિંદી સ્ત્રીત્વ બાબતની હિંદીઓની વિશિષ્ટ લાગણીશીલતા નામદારે બિલકુલ લક્ષમાં લીધી નથી. પ્રસ્તુત

૧. જુઓ પા. ૩૩૮–૯.

Gandhi Heritage Portal

નિયમ ગેરવાજબી, અપમાનકારક અને સદંતર બિનજરૂરી છે એમ કહેતાં અમે જરા પણ અચકાતા નથી. જો એ ઠોકી બેસાડવામાં આવશે તો એથી એવો ખળભળાટ થશે કે એને ઠંડો પાડવો મુશ્કેલ થઈ પડશે. એ પણ, ખરેખર વિચિત્ર છે કે આ નવા સુધારા દાખલ કર્યા પછી પણ નામદાર પોતાના પત્રનું સમાપન કરતાં કહી શકે છે કે પરમિટ આપવાનું કામ "હરેક સંજોગોમાં અરજદારોની સગવડનો બને તેટલો ખ્યાલ રાખીને" કરવામાં આવે છે. જ્યાં સુધી મૂળ વયમર્યાદા પાછી ઉતારવામાં ન આવે, હિંદી સ્ત્રીઓને અનાવશ્યક અપમાનમાંથી મુક્ત કરવામાં ન આવે, અને હિંદી નિર્વાસિતોની અરજીઓ મળતાંની સાથે તેમના પર વિચાર કરવામાં ન આવે ત્યાં સુધી, અમારા નમ્ર મત મુજબ, નામદાર, ન્યાયનો જરા પણ દેખાવ કરીને એમ ન કહી શકે કે પરવાના બાબત નિયમો લાગુ કરવામાં જરાયે વાજબીપણું છે. જે અમલદારોને કાયદાનો વહીવટ કરવાનો છે તેમના માર્ગમાં રહેલી મુશ્કેલીઓ અમે પૂરેપૂરી સમજી શકીએ છીએ, પણ જો કર્મચારીઓની તંગી હોય તો અરજીઓના નિકાલમાં વિલંબ ન થાય તેટલા પ્રમાણમાં કર્મચારીસંખ્યા વધારી આપવાની સરકારની ફરજ છે. સંખ્યાનો એ વધારો માત્ર કામચલાઉ હશે, કેમ કે, મોડોવહેલો, નિર્વાસિતોની અરજીઓનો અંત આવશે જ. કાર્યાલયમાં થઈ ગયેલા કામના ભરાવાનો જ માત્ર વિચાર કરવાનો છે. વધારાના માણસો રોકીને એ ભરાવો દૂર કેમ નથી કરવામાં આવતો?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

૩૩૯. બિનગોરા લોકોની અરજી

ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોની માટે મંજૂર કરવાના નવા બંધારણ સંબંધમાં બિનગોરા લોકોની નિરીક્ષક સમિતિએ પાર્લમેન્ટની આમસભા આગળ રજૂ કરવા એક અરજી તૈયાર કરી છે. સમ્રાટ એડવર્ડ સાતમાને સંબોધીને આફ્રિકન પોલિટિકલ ઑર્ગનાઈઝેશને (આફ્રિકીય રાજકીય સંઘે) મોકલેલી અરજીના[1] અનુસંધાનમાં આ અરજી છે કે કોઈ ભિન્ન અને અલગ પ્રવૃત્તિ છે તે જનતાને જણાવવામાં આવ્યું નથી. ગમે તેમ હોય, બંને અરજીઓ લગભગ સમાન હિતોની વાત રજૂ કરે છે. માત્ર ભેદ એ છે કે સમ્રાટને સંબોધેલી અરજી આદિવાસી સિવાયના બિનગોરા લોકને સ્પર્શે છે, ત્યારે પ્રસ્તુત અરજી આદિવાસીઓને સમાવી લેતી હોય એવું દેખાય છે. જો અહીં સમવાયતંત્ર રચાવાનું હોય, અને તે બ્રિટિશ ધ્વજ તળે રહેવાનું હોય તો અંતે મરહૂમ મિ. રોડ્સે[2] જાહેર કરેલી રાજનીતિનો સ્વીકાર કરવો પડશે એ વિષે શંકા નથી. પરંતુ મિ. ચર્ચિલે જે વાત ઘણી વાર કહી છે તે જોતાં, અરજદારોની વિનંતી સ્વીકારવાનું શક્ય થશે કે કેમ એ વિષે અમને શંકા છે. છતાં બંને અરજીથી લાભ જ થશે; કેમ કે એથી જવાબદાર

૧. જુઓ "બિનગોરા લોકોની અરજી", પા. ૨૯૭–૯.

૨. સેસિલ રોડ્સ, કેપ સંસ્થાનના વડા પ્રધાન ૧૮૯૦–૯૬. તેમની નીતિ ડચ અને બ્રિટિશ લોકને એકત્ર કરીને, સ્વાયત્ત દક્ષિણ આફ્રિકીય સમવાયતંત્ર રચવાની અને તેમાં ક્રમશઃ આદિવાસી પ્રદેશોને સમાવી લેવાની હતી. વળી તેઓ સામ્રાજ્યના નેત્ત્વ નીચેના સ્વરાજમાં માનતા હતા.

Gandhi Heritage Portal

સરકાર હેઠળ બંને સંસ્થાનોની પાર્લમેન્ટો મળશે કે તરત એ પ્રશ્નની ચર્ચા કરવાનો માર્ગ મોકળો થશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

૩૩૭. હિંદુસ્તાનને સ્વરાજ

ઈન્ડિયન હોમ રૂલ સોસાયટીના ઉપપ્રમુખ શ્રી પારેખે હિંદુસ્તાનને સ્વરાજ્ય આપવું જોઈએ એવી મતલબનું એક ભાષણ વિલાયતના ન્યૂકેસલ શહેરમાં કર્યું છે. તેમાં તેઓ કહે છે કે હિંદુસ્તાનને પૂર્ણ સ્વતંત્રતા આપવી જોઈએ ને ગોરાઓએ હિંદુસ્તાન છોડી દેવું જોઈએ. હાલની રાજ્યનીતિ રાજ્યકર્તાના લાભની નથી તેમ જ પ્રજાના લાભની નથી. નોકરી માટે જનારાઓની નીતિ વિચારંને કોઈ વખત એ ચાલચલણથી મોટો બગાડ થાય છે. એમ કહેવામાં આવે છે કે—હિંદુસ્તાનનો વહીવટ પાર્લમેન્ટની સત્તા હેઠે છે. પણ ખરું જોતાં તે સત્તા બહુ જ થોડી છે અથવા તો નજીવી છે. હિંદુસ્તાનના લાખો માણસોની ફરિયાદ સાંભળવા પાર્લમેન્ટને બિલકુલ વખત ન હોવાથી અમલદારવર્ગ પોતાની સત્તા મરજી માફક વાપરે છે. જો સ્વરાજ્ય અપાય તો ખચીત હિંદુસ્તાનના લોકોની સ્થિતિ સુધરે.

હિંદુસ્તાનમાં વારંવાર દુકાળ પડે છે. તેનું કારણ એ નથી કે અનાજ નથી. અનાજ ન હોય તો એક ભાગમાં ન હોય. આખા દેશમાં દુકાળ હોવાનું કારણ જુદું જ છે. અનાજ છે પણ તે ખરીદવા લોકોની પાસે પૈસા નથી. હિંદ ભૂખમરાથી પીડાય છે તેનું કારણ પૈસાનો દુકાળ છે, નહીં કે અનાજનો. ત્યાંની સરકાર પોતાની પ્રજા તરફની ફરજ બજાવતી નથી. અને અંગ્રેજી રાજ્ય હિંદના લોકોના ભલા વાસ્તે છે એ ઢોંગ અને ફારસ છે. ન્યાયની ખાતર, મનુષ્ય જાતના ભલાની ખાતર હિંદને સ્વરાજ્ય આપવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

૩૩૮. ચીનાઓ પાછા જઈ શકશે

ચીનાઓને તેમને દેશ પાછા જવા દેવા બાબત જે નોટિસ સરકાર ચોડવા માગતી હતી તે બાબત ટ્રાન્સવાલમાં ખાણોવાળા તરફથી મોટો બુમાટ કરવામાં આવ્યો હતો. બૉક્સબર્ગમાં તા. ૮ના રોજ જાહેરસભા બોલાવવામાં આવી હતી. અને સરકારે ચીનાઓને દેશ જવાના પૈસા નહીં આપવા જોઈએ એવું જણાવવામાં આવ્યું હતું. માર્કેટ સ્ક્વેરમાં મળેલી સભાએ રૅન્ડ પાયોનિયરોની સભા તેમ જ ક્રૂગર્સડૉર્પ ચેમ્બર ઑફ કૉમર્સે પણ તેવા જ ઠરાવો પસાર કર્યા હતા.

એક ખાણવાળાએ સરકારી અમલદારને આવી નોટિસ પોતાના ભાગમાં ચોંટાડતાં અટકાવેલ અને ટ્રાન્સવાલની હાઈકોર્ટમાં ટેસ્ટ કેસ કરેલો તેનો ચુકાદો આપતાં ચીફ જસ્ટિસે જણાવ્યું છે કે સરકારને તેવી નોટિસ ચોડવાનો પૂરતો હક છે. અરજદારની અરજી ખરચ સાથે કાઢી

Gandhi Heritage Portal

નાખી છે. સરકારી અમલદારોને ચીનાઓના દરેક વંડામાં નોટિસ ચોડવામાં ખાણના મૅનેજરોએ મદદ કરવાના સરક્યુલરો બહાર પાડયા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२-५-१९०६

૩૩૯. જોહાનિસબર્ગનો પત્ર

મે ૧૪, ૧૯૦૬

ટ્રામનો ટેસ્ટ કેસ

ટ્રામનો કેસ આજરોજ ચાલવાનો હતો પણ મ્યુનિસિપાલિટીએ મૅજિસ્ટ્રેટ પાસે પણ બારિસ્ટરને રાખવાનો ઠરાવ કર્યો છે, તેથી આવતી જુમા સુધી મુલતવી રહ્યો છે. આ કેસ ઉપર સર રિચર્ડ સૉલોમન તથા લૉર્ડ સેલબૉર્ન બહુ ધ્યાન આપી રહ્યા છે.

રેલવેની તકલીફ

ટ્રાન્સવાલની રેલવે ઉપર ગાર્ડને ઉતારુઓને ફેરવવાની સત્તા મળી છે તે બાબત અહીંની ચેમ્બર ઑફ કૉમર્સ સામે થયેલી છે, આ કાયદો બધાને લાગુ પડે છે, એટલે તેમાંથી સહેજે હિંદીને ફાયદો થવાનો સંભવ છે. એક ગોરાને જરા તકલીફ પડેલી તેથી આ બધું થયું છે. ચેમ્બરની મીટિંગમાં પણ સખત ભાષણો થયાં છે.

અલીવોલ નૉર્થના મિ. મહમદ સુરતી થોડા દિવસ પહેલાં જર્મિસ્ટનથી પાર્ક સ્ટેશને જતા હતા, તે વખતે તેને ગાર્ડે તકલીફ આપેલી. તે બાબત તેણે ફરિયાદ કરી. રેલવે સત્તાવાળાઓએ કાગળ લખ્યો છે કે ગાર્ડને ઠપકો આપવામાં આવ્યો છે. જનરલ મૅનેજરને[1] બી. ઈ. એ.ના પ્રમુખ તથા સેક્રેટરી મળી આવ્યાનું હું લખી ગયો છું. આંગળું આપતાં પોંચો માગે તે કહેવત પ્રમાણે જનરલ મૅનેજર જણાવે છે કે પ્રિટોરિયાથી નીકળતી સાંજના ૫ વાગ્યાની ગાડીમાં પણ હિંદી કે બીજા કાળા ઉતારુએ નહીં જવું. ઍસોસિયેશને લખ્યું છે કે આ હરકત કબૂલ થઈ શકે તેવી નથી. કેમ કે ૫ વાગ્યાની ગાડી તે સગવડવાળી છે ને તેની ઉપરથી હિંદી હક ઉઠાવે તેમ નથી.

કમિશનની મીટિંગ

સર જોસેફ વેસ્ટ રિજવેના કમિશનની ત્રણ મીટિંગ જોહાનિસબર્ગમાં થઈ છે. તેમાં પ્રોગ્રેસિવ પાર્ટીએ તથા રૅન્ડ પાયોનિયરે પુરાવો આપ્યો છે. મેજર બારનેટે બી. ઈ. એ.ને લખ્યું છે કે જ્યારે કમિશન બીજી વેળા જોહાનિસબર્ગ આવશે ત્યારે ઍસોસિયેશન વતી પુરાવો લેશે, કલર્ડ પીપલના ઍસોસિયેશન વતી મિ. ડાનિયલ પણ પુરાવો આપવાની તજવીજ કરી રહ્યા છે.

હિંદી ગંદકી

પાયોનિયર અને પાર્કરોડના ખૂણા ઉપર ફૉર્ડ્સબર્ગમાં એક હિંદી વેજિટેબલ તથા ફ્રૂટની દુકાન છે. તેની ઉપર ખાવાની વસ્તુઓ રાખેલી તે જ કોટડીમાં સૂવાનું તહોમત હતું. જુબાની આપતાં કોન્સ્ટેબલે કહ્યું કે જે રૂમમાં તહોમતદાર તથા એક બીજો માણસ સૂતા હતા તે રૂમમાં તેણે ફ્રૂટ, રોટી તથા શાકભાજી જોયાં. વળી તે જ રૂમમાં એક પડદાની પાછળ એક કૂતરી અને

૧. જુઓ જોહાનિસબર્ગનો પત્ર, પા. ૩૩૪-૫.

Gandhi Heritage Portal

તેનાં આઠ બચ્ચાં હતાં. દુકાનમાં બહુ ગંધ છૂટતી હતી. આ માણસને પાંચ પાઉંડ દંડ અથવા ત્રણ અઠવાડિયાંની કેદ એમ કોર્ટે સજા કરી. એ એક ગોરાએ મને આ કેસનો રિપોર્ટ સ્ટારમાં હતો તેમાંથી આપ્યો ને તે બોલ્યો, "આવા માણસો તારા દેશના માણસોને ઈજા પહોંચાડે છે. આવા માણસનો તું શું બચાવ કરે છે?" મારી પાસે કંઈ બચાવ ન હતો. મારે તે છાપું લેતાં શરમમાં માથું ઢાંકવું પડયું હતું.

ટ્રાન્સવાલની લેજિસ્લેટિવ કાઉન્સિલ

ટ્રાન્સવાલની ધારાસભાની મીટિંગ તા. ૨૫મીએ ભરાશે. તેમાં શું કામ કરવાનાં છે તે જાણવા જેવું હોવું જોઈએ. કેમ કે આ ધારાસભાની આ છેલ્લી મીટિંગ હોવાનો સંભવ છે, આવતે વરસે નવી ધારાસભા મળવાની વકી છે.

ચિનાઈ પોસ્ટર

ગિરમીટિયા ચીનાઓને મુલકમાં જવા સારુ પૈસા આપવા બાબત જે પોસ્ટર દરેક માઈન-ના કંપાઉન્ડમાં મૂકવાનો હુકમ થયો હતો તે બાબત માઈનવાળા સુપ્રિમ કોર્ટમાં જઈ ચૂકયા. મિ. લિયોનાર્ડે તેઓની વતી બહુ મહેનત કરી પણ સુપ્રિમ કોર્ટે વળી પાછી પોતાની સ્વતંત્રતા અને ન્યાયબુદ્ધિ બતાવ્યાં છે. ચીફ જસ્ટિસ સર જૉઈસ રોસઈનીસે ઠરાવ આપતાં જણાવ્યું કે એવી નોટિસ ખાણોમાં ચોટાડવાનો સરકારને સંપૂર્ણ અખત્યાર છે. માઈનની અરજી ખર્ચા સહિત કોર્ટે કાઢી નાંખી છે. અને દરેક માઈનમાં ચિનાઈ ભાષામાં નોટિસ ચોડી છે. હવે તેની અસર શી થાય છે તે જોવાનું રહ્યું. કેટલાક એમ માને છે કે આ નોટિસનો લાભ લઈને ઘણા ચીનાઓ પાછા પોતાને દેશ જશે. બીજા કેટલાક એમ મત આપે છે કે એ નોટિસની અસર ચીનાઓ-નાં મન ઉપર બિલકુલ થવાની નથી. જો ઘણા ચીનાઓ જશે તો ખાણવાળાઓને બહુ મોટો ધક્કો લાગશે, કેટલાક ખાણવાળાઓ ખાણ બંધ કરવાની ધમકી આપી રહ્યા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

૩૪૦. દાદાભાઈ નવરોજીને પત્ર

૨૧-૨૪, કોર્ટ ચેમ્બર્સ,
રિસિક ઍન્ડ એન્ડરસન સ્ટ્રીટ્સ કૉર્નર,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
મે ૧૬, ૧૯૦૬

માનનીય શ્રી દાદાભાઈ નવરોજી

[લંડન]

વહાલા સાહેબ,

આ પત્ર મિ. એ. એચ. વેસ્ટનું ઓળખાણ આપવા લખું છું. ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસના એ વ્યવસ્થાપક છે અને इन्डियन ओपीनियनમાં ઉપતંત્રીનું કામ સંભાળે છે. એ છાપું જે યોજના હેઠળ પ્રસિદ્ધ થઈ રહ્યું છે તે યોજનાના સ્થાપકો પૈકી મિ. વેસ્ટ એક છે.

Gandhi Heritage Portal

મિ. વેસ્ટ ત્યાં પોતાનાં સગાંવહાલાંની ટૂંકી મુલાકાતે આવે છે ને તે સમય દરમિયાન યથાશક્તિ જાહેર કાર્ય પણ કરશે.

આપનો, સાચો
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : જી. એન. ૨૨૭૨

૩૪૧. એશિયાઈ રાજનીતિ

સંસ્થાનોમાં વસતા એશિયાઈ લોક વિષે સુપ્રસિદ્ધ લેખક એલ. ઈ. એન. રૅન્ડ ડેલી મેલમાં જે અસરકારક લેખો લખતા હતા તે તેમણે પૂરા કર્યા છે. એ પ્રશ્ન હલ કરવા માટે એમણે નીચેનાં ઉપાયો સૂચવ્યા છે :

(૧) બનતાં સુધી કોઈ પણ ભોગે, એશિયાઈ લોકોને કાયમના રહેવાસી તરીકે આવતા અટકાવવા. (૨) જો ગિરમીટિયા મજૂરોની જરૂર હોય તો, કરાર પૂરો થયે એમને સ્વદેશ પાછા મોકલવા બાબત આગ્રહ રાખવો. (૩) જે એશિયાઈઓ પહેલાંના વખતની પરિસ્થિતિમાં, દેશની વસ્તી સાથે એકરૂપ થઈ ચૂકયા હોય તેમની સાથે ન્યાયપૂર્વક જ નહીં, પણ ઉદારતાથી વર્તવું. (૪) કામચલાઉ મુલાકાતી કે મુસાફરના હલનચલન પર ચીડ ચઢે એવાં નિયંત્રણ ન મૂકવાં. વાત આટોપતાં એલ. ઈ. એન. લખે છે :

> આવી નીતિ સાથે, કેળવાયેલા મનુષ્યને અપમાન લાગે એવાં માનસિક ત્રાસ આપનારાં નિયંત્રણો ન હોવાં જોઈએ. એવાં નિયંત્રણો પ્રમાણમાં વધારે ગરીબ વર્ગના હજારો લોકને શાંતિથી દેશની બહાર રાખનારા કાયદા કરતાં વધારે ત્રાસદાયક અને હાનિકારક હોય છે. પૂર્વની દુનિયામાંથી આવતા સંસ્કારી મુસાફર સાથે અહીં એવું ખરાબ વર્તન ન થવું જોઈએ, જેવું ન્યૂયૉર્ક બંદરના કોઈ ફુરજા પર અકિંચન પ્રવાસી સાથે પણ નથી કરવામાં આવતું. ગુનેગારની પેઠે તેને પોતાનો અંગૂઠો પાડવાની ફરજ ન પાડવી જોઈએ; અથવા તો, તેને ટ્રાન્સવાલના અંતિમવાદી લોક ધમકી આપે છે તેમ, લોકેશનમાં ખસેડવાની ધમકી ન આપવી જોઈએ.

જે બાબતો રજૂ કરવામાં આવે છે તેમાંની એક સિવાય, બધી બાબતો સાથે અમે હૃદયપૂર્વક સંમત છીએ. ખરું જોતાં, એલ. ઈ. એન. ની તરફથી જે નીતિની રૂપરેખા આપવામાં આવી છે તે હિંદી કોમે સ્વીકારેલી જ છે. પરંતુ જે અપવાદરૂપ બાબત અમારા મનમાં છે તે બહુ ગંભીર છે. જો હિંદમાંથી ગિરમીટિયા મજૂરો લાવવામાં આવે, પછી તે રૅન્ડ પ્રદેશની ખાણો માટે હોય, કે નાતાલના બગીચા માટે હોય, તો તેમને સ્વદેશ પાછા ફરવાની ફરજ પાડતી કલમ હેઠળ ન લાવવા જોઈએ. જો આવા મજૂરો દેશમાં દાખલ જ ન કર્યા હોત તો સંભવિત છે કે દક્ષિણ આફ્રિકામાં આજનો હિંદી પ્રશ્ન ઊભો જ નહીં થયો હોત. જો દક્ષિણ આફ્રિકાના કોઈ પણ ભાગની આબાદી માટે ગિરમીટિયા હિંદી મજૂરોને દેશમાં લાવવાનું તદ્દન આવશ્યક જણાતું હોય, તો ન્યાયની વાત એ છે કે તેમને એક વાર લાવ્યા પછી અને મરહૂમ મિ. એસ્કમ્બના શબ્દોમાં, તેમના જીવનનાં સર્વોત્તમ પાંચ વર્ષ અહીં આપ્યા પછી, તેમને દેશમાં વસવાની તથા પોતાને મનપસંદ પ્રામાણિક ધંધો કરીને

Gandhi Heritage Portal

પોતે આપેલી સેવાનું ઈનામ ભોગવવાની છૂટ હોવી જોઈએ. મરહૂમ સર વિલિયમ વિલ્સન હંટર જે અત્યંત નરમ વિચારના માણસ તરીકે પ્રખ્યાત હતા તથા પરિસ્થિતિનો ડહાપણભર્યો વિચાર કરનાર તરીકે જેમની ખ્યાતિ હતી, તેઓ ગિરમીટિયા મજૂરોની સ્થિતિને "જોખમકારક રીતે ગુલામીની નજીક"ની સ્થિતિ તરીકે ગણતાં અચકાતા નથી. આથી, જે દેશને ગિરમીટિયા લોકે આટલી સારી સેવા આપી છે તેમાં વસવાની સ્વતંત્રતા તેમને મળે એટલો તેમનો ઓછામાં ઓછો અધિકાર છે. જો હિંદીઓના મુક્ત પ્રવેશના સવાલની ચર્ચા એલ. ઈ. એન. એ સવાલના પોતાના ગુણની દૃષ્ટિએ કરી હોત, તો તેમના લેખોના મહત્ત્વમાં વધારો થયો હોત. કારણ કે આ રીતનો પ્રવેશ સામ્રાજ્યની નીતિનો સવાલ છે, જ્યારે ગિરમીટિયા મજૂરોનો સવાલ કૉલ-કરારનો અને સોદાનો સવાલ છે.

એક સવાલનો વિચાર કરવામાં જે વસ્તુઓનો ખ્યાલ રાખવાનો હોય છે તે બીજા સવાલને પણ લાગુ પડે જ એવું નથી. દક્ષિણ આફ્રિકામાં, જ્યાં ટ્રાન્સવાલ અને નાતાલ બંને, મોટે ભાગે હિંદમાંથી આવતા કે એશિયાના બીજા ભાગોમાંથી આવતા ગિરમીટિયા મજૂરો પર આધાર રાખે છે, ત્યાં આ ભેદ ખ્યાલમાં રાખવો અત્યંત આવશ્યક છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

૩૪૨. દક્ષિણ આફ્રિકામાં દુકાનો બંધ કરવાની હિલચાલ

નાતાલમાં અમુક વખતે દુકાનો બંધ કરવાનો કાયદો થઈ ચૂક્યો છે, એ સૌ કોઈ જાણે છે. કેપની ધારાસભામાં એવી જાતનું બિલ દાખલ થવાનું છે એ અમે જણાવી ગયા છીએ. હવે જોહાનિસબર્ગથી ખબર આવે છે કે ટ્રાન્સવાલમાં પણ એવી હિલચાલ થઈ રહી છે. મેસોનિક ટૅમ્પલમાં મોટા યુરોપિયન ગૃહસ્થોની મીટિંગ થઈ હતી. તેમાં સર જ્યૉર્જ ફેરર પ્રમુખ હતા. જોહાનિસબર્ગના મેયર હાજર હતા. ને મીટિંગે અમુક વખતે દુકાનો બંધ કરવા બાબતનો કાયદો દાખલ કરવાનું ઠરાવેલું છે. હિંદી વેપારીઓએ આ બાબત ચેતી ચાલવાની જરૂર છે. કાયદો થાય અને આપણને ફરજ પડે તેના પહેલાં આપણે પગલું ભરીએ તેમાં આપણી શોભા ગણાય. નાતાલની દુકાનના કારભારીઓ એવું બતાવે છે કે આપણે ફરજ પડ્યા પછી દુકાનો બંધ કરીએ છીએ તેમાં કંઈ વધારે પડતું કરતા નથી. આ વાત કેટલેક ભાગે બરોબર છે. પૉચેફસ્ટ્રૂમમાં હિંદી વેપારીઓએ નિયમસર દુકાનો બંધ કરવાનો ઠરાવ કર્યો હતો. તે બાબત અમે તેઓને મુબારકબાદી આપી ચૂક્યા હતા. અમારો કમિશનર જણાવે છે કે હિંદી વેપારીઓએ નિયમસર દુકાનો બંધ કરવાનું માંડી વાળ્યું છે. આમ હોય તો અમે દિલગીર છીએ. પૉચેફસ્ટ્રૂમના હિંદી વેપારીઓને તેમ જ બીજી જગ્યાના વેપારીઓને અમારી ખાસ ભલામણ છે કે કાયદા બંધાયા તે પહેલાં જો તેઓ ચેતે અને દુકાન બંધ કરવા વિષે ગોરા વેપારીઓ સાથે સમજૂતી કરે તો બહુ સારું ગણાશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

Gandhi Heritage Portal

૩૪૩. પૉચેફસ્ટ્રૂમ અને ક્લાર્ક્સડૉર્પ[1]

પૉચેફસ્ટ્રૂમમાં વેપારની હાલ મઠાર જોવામાં આવી છે. ત્યાંના હિંદીઓને ખસૂસ અગવડ કૅબની તથા જાહેર બગીચામાં નહીં જઈ શકવા વિષેની છે. કૅબ હિંદીને તુરત મળવી મુશ્કેલ થઈ પડે છે, આ બાબતમાં કાયદેસર ઇલાજ થવાનો સંભવ થોડો છે, કેમ કે અગાઉ જ્યારે આ કિસ્સો બન્યો હતો ત્યારે પૉચેફસ્ટ્રૂમની મ્યુનિસિપાલિટીએ બાય-લૉ ઘડયો હતો તે હાલ અમલમાં છે. બગીચા બાબત ઇલાજ હિંદીઓના હાથમાં જ છે. બગીચામાં જવાની મનાઈ આપણને થઈ શકતી નથી, અને જો તે બાબત મૅજિસ્ટ્રેટની કોર્ટમાં જ કેસ કર્યો હોય તો થઈ શકે છે.

પૉચેફસ્ટ્રૂમના હિંદીઓએ ઇંગ્રેજી વેપારીઓની સાથે ગોઠવણ કરીને દુકાનો બાબત ગોરાઓની જેમ બંદોબસ્ત કર્યો હતો તે પાછો તોડી નાખ્યો જણાય છે. આ ઠીક નથી થયું. જેમ શરૂ કર્યું તેમ પાર ઉતારવું જોઈતું હતું. ગોરાઓ આપણાથી સીધા ન ચાલે તેથી આપણે સારાં પગલાં નહીં ભરવાં, એમ ન થવું જોઈએ.

ક્લાર્ક્સડૉર્પ અને પૉચેફસ્ટ્રૂમની સરખામણી કરતાં ક્લાર્ક્સડૉર્પના હિંદી સ્ટોર ચડી જાય છે. ક્લાર્ક્સડૉર્પના સ્ટોરની બાંધણી સરસ જોવામાં આવે છે, અને બહારનો દેખાવ પણ રળિયામણો છે. આ પ્રમાણે પૉચેફસ્ટ્રૂમમાં શું કામ ન થઈ શકે તેનું કંઈ કારણ નથી. ક્લાર્ક્સડૉર્પ અને પૉચેફસ્ટ્રૂમ બંને જગ્યાએ હિંદી સ્ટોર એ સુઘડતામાં અને બીજી રીતે યુરોપિયનના સ્ટોરના જ જેવા ઘણે ભાગે જોવામાં આવ્યા, પણ સ્ટોરની પછવાડે યાર્ડ અને રહેવાની સ્થિતિમાં ફેરફાર કરવાની જરૂર છે. યાર્ડમાં રહેવાની કોટડીઓમાં વધારે સફાઈ અને વધારે જગ્યા હોવી જોઈએ. તેમ જ ગુસલખાના વગેરે ભાગ તદ્દન સાફ રહેવા જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

૩૪૪. આપણી એબ

અમારો જોહાનિસબર્ગનો ખબરપત્રી જે હિંદી ગંદવાડની ખબર આપે છે તે સૌ કોઈએ વિચારવાની છે. આજે વીસ વર્ષનાં છાપાંઓ કોઈ જોશે તો માલૂમ પડશે કે હિંદીઓની સામે મોટામાં મોટું તહોમત ગંદકીનું છે. એમાં જેટલે દરજજે ગોરાઓ વધારે પડતું બોલી ગયા છે તે બધાનો જવાબ આપણે આપી ચૂક્યા છીએ. પણ જે કેસ અમારા વાંચનારાના ધ્યાન તળે અમારો જોહાનિસબર્ગનો ખબરપત્રી લાવેલ છે તે કેસ આપણને ખરેખર નીચું જોવરાવનારો છે. એક કોટડીની અંદર સૂવું તેમ જ ભાજીપાલો રાખવો, તેમાં જ રોટી રાખવી આ બહુ ભયંકર વાત છે. કોર્ટે દંડ કર્યો તેની સામે કંઈ જ કહેવાપણું રહેતું નથી. જે માણસે આ ગુનો કર્યો છે તે અજાણપણે એમ પણ ન કહી શકાય. અમે આવી બાબતો ઉપર વખતોવખત દક્ષિણ આફ્રિકાના હિંદીનું ધ્યાન ખેંચવા માંગીએ છીએ. આવા સડાનો ઉપાય ખરું જોતાં આપણા જ

૧. આ લખાણ "અમારા ખાસ પ્રતિનિધિના પ્રવાસ વિષે" એ લેખ ઉપર આધારિત હતું.

Gandhi Heritage Portal

હાથમાં હોવો જોઈએ. આપણે પોતે આવા ગુનાથી અલગ રહેવું એટલું જ બસ નથી. પણ આપણે આડોસીપાડોસી, આપણા ઓળખીતા તથા જેઓની ઉપર આપણા શબ્દોની અસર થઈ શકે તેવાં બધાંને એવી ભૂલથી દૂર રહેવા સમજાવવાની આપણી ફરજ છે. આવી જાતનો સુધારો કરવાને સારુ આપણે કમિટીઓ કાઢીએ તોપણ ખોટું નહીં ગણાય. જે સોસાયટીઓ હાલ સ્થપાયેલ છે તેઓનું પણ આવું કામ મુખ્ય છે એમ અમે માનીએ છીએ. ધિ મહોમેડન ઍસોસિયેશન તથા હિંદુ સનાતન ધર્મસભાનું અમે આવી બાબતો ઉપર ખસૂસ ધ્યાન ખેંચીએ છીએ. આપણા મોટા વેપારીઓ કે જેઓ ખરેખરા આગેવાન છે તેઓ આ બાબતમાં બહુ સુધારા કરી શકે છે. પ્રથમ તો પોતે પોતાના સ્ટોરનો પછવાડેનો ભાગ સુધારી શકે છે. અને પોતાની છાપ નાના વેપારીઓ અને ફેરીવાળાઓની ઉપર પાડી શકે છે.

કેટલાક કાયદાઓ આપણે હાથે આપણે વહોરી લીધા છે એમ કહેવું ભૂલભરેલું નથી, અને હજુ પણ જો આપણે ચેતશું નહીં તો, વધારે સખતાઈ ભોગવશું. આપણે માંહોમાંહે વાતો કરતાં યહૂદીઓ વચ્ચે અને આપણી વચ્ચે સરખામણી કરીએ છીએ. સરખામણી કરતાં એમ બતાવીએ છીએ કે યહૂદીઓની રહેણી આપણા કરતાં વધારે ગંદી છે. છતાં તેઓને કંઈ ઈજા નથી, આ વાત માત્ર અરધી સાચી છે. અને અરધું સાચું તે હંમેશાં માણસને ભુલાવામાં નાખે છે. યહૂદીઓની રહેણી તેઓની ગરીબાઈમાં આપણા કરતાં ખરાબ છે એમાં કંઈ જ શક નથી, પણ તેઓના હાથમાં પૈસો આવ્યા પછી તેઓ તેનો ઉપયોગ સરસ રીતે કરી શકે છે. પૈસાનો ખોટો સંગ્રહ કરવાને બદલે તેઓ જોઈતી જગ્યાએ વાપરે છે. ડરબનનમાં, જોહાનિસબર્ગમાં અથવા તો કેપટાઉનમાં જ્યાં જોઈશું ત્યાં આપણામાં દેખીતી રીતે માલૂમ પડે છે કે જે યહૂદીઓ કમાયા છે તેઓ પૈસા વાપરી જાણે છે. તેઓનાં મકાન ઘણાં સાફ અને સુંદર છે. તેઓની રહેણી ઊંચા પ્રકારની છે, તેઓ બીજા યુરોપિયનોની સાથે સહેજે ભળી શકે છે. આમ કરવાથી તેઓ વધારે પૈસા કમાઈ શક્યા છે, તે એટલે સુધી કે જોહાનિસબર્ગમાં અત્યારે તેઓ રાજ્યકર્તાના જેટલી વગ ધરાવે છે. દુનિયામાં વધારેમાં વધારે પૈસાદાર તેઓમાંથી મળી શકે છે.

માણસ જાતમાં એવી ખાસિયત રહેલી છે કે પોતાનામાં ખોડ હોય એવી બીજાનામાં શોધી કાઢવી અને પછી બીજાઓમાં પણ તેવી ખોડ છે એમ જાણીને સંતોષ માની લેવો. જેઓ સમજી શકે છે, જેઓના મનમાં દેશદાઝ છે, જેઓ બીજા માણસની બહાદુરીથી આવેશમાં આવી જાય છે, તેવા ગુણોવાળા માણસોએ સારા વિચારો બાંધી બીજાઓના અવગુણોનો ખ્યાલ ન કરતાં તેઓના ગુણોનું ધ્યાન કરી તે પ્રમાણે ચાલવા અને બીજાઓને તેમ ચલાવવા પ્રયત્ન કરવો જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

Gandhi Heritage Portal

૩૪૫. હિંદીની સ્થિતિ વિષે રૅન્ડ ડેલી મેલના વિચાર

કેટલાંક અઠવાડિયાં થયાં જોહાનિસબર્ગના ડેલી મેલમાં એલ. ઈ. એન. એ નામથી લખનાર માણસ દક્ષિણ આફ્રિકામાં હિંદીની સ્થિતિ ઉપર લખ્યા કરતો હતો. ગયે અઠવાડિયે તેનું છેલ્લું લખાણ આવી ગયું. તેમાં હિંદીઓ વિષે નીચે પ્રમાણે વિચાર બતાવે છે:

૧. ઘણે ભાગે એશિયાના માણસોને હવે પછી દક્ષિણ આફ્રિકામાં આવતા અટકાવવા.

૨. જો એશિયાના મજૂરોની જરૂર પડે તો તેઓના કરારની અંદર તેઓએ હિંદુસ્તાન અથવા પોતાનો દેશ હોય ત્યાં કરાર પૂરો થયે ફરજિયાત પાછા જવું.

૩. જે એશિયાના માણસો આ મુલકમાં આવીને વસ્યા છે તેઓની તરફ ઉદારતાથી વર્તવું.

૪. થોડી મુદતને સારુ આવવા માંગનાર હિંદીની ઉપર કોઈ જાતની સખતી નહીં રાખવી.

આ પ્રમાણે વિચારો બતાવનાર માણસ વગવાળો છે અને તેણે જુદાં જુદાં બીજાં છાપાંઓમાં પણ લખેલું છે. ગિરમીટિયાઓને ફરજિયાત પાછા કાઢવા સિવાય જેટલી હકીકત આ લખનાર લખે છે તે બધી ઘણે ભાગે માન્ય કરવા જેવી છે અને તેવી જાતની માગણી આપણે કેટલાક વખતથી કરતા આવ્યા છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

૩૪૬. બાળકોની પરમિટ વિષે સૂચના

સોળ વર્ષની અંદરના છોકરાઓને પરમિટ હાલ નથી આપતા પણ તે બાબત બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન લડત ચલાવે છે. એવો સંભવ છે કે જે છોકરાઓ ૧૬ વર્ષની અંદરના પણ ૧૨ વર્ષની ઉપરના હાલ દક્ષિણ આફ્રિકામાં આવી ગયા છે તેમને અડચણ નહીં આવે. એટલે જે માણસોના છોકરા ૧૨ વર્ષની ઉપરના દક્ષિણ આફ્રિકાના કોઈ પણ બંદર ઉપર હોય તેમણે અમને નામઠેકાણું વગેરે મોકલવાં એટલે અમે તે નામઠેકાણાસર પહોંચતા કરશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

Gandhi Heritage Portal

૩૪૭. ચીનાઓને પાછા મોકલવાનો સવાલ

અમારા વાંચનારને જણાવવામાં આવેલું છે કે બ્રિટિશ સરકારે ચીનાઓને દેશ પાછા મોકલવાનો સવાલ ઉપાડી લીધો છે, અને તે વાસ્તે ખર્ચ પણ બ્રિટનની સરકાર આપવા તૈયાર થઈ છે.[૧] આને લીધે ટ્રાન્સવાલમાં બહુ ઉશ્કેરણી ચાલી રહી છે. અને ચીનાઓને પાછા મોકલવાનું બંધ કરવા માટે ડેપ્યુટેશન વિલાયત મોકલવું વગેરે જાતની ગોઠવણ ગોરા ખાણવાળાઓ કરવા લાગ્યા છે. જનરલ બોથાએ ચીનાઓના જુલમ ઉપરથી સરકારમાં એવું લખાણ કર્યું છે કે ચીનાઓ ખેડૂતો ઉપર જુલમ કરવામાં અટકતા નથી, અને વધારે ઘાતકી બનતા જાય છે. આવી રીતે તે લોકો કેટલો વખત જુલમ કર્યા કરશે એ સવાલ ઊભો થાય છે, જો સરકાર (ટ્રાન્સવાલની) અને ખાણવાળાઓએ એ લોકોને આ જુલમ ભરેલી વર્તણૂકમાંથી અટકાવશે નહીં તો બ્રિટિશ રાજ્યને આ બાબતની તેઓ (બોઅર લોકો) ખબર કરશે. વળી તે કહે છે કે જો સરકાર આ બાબતમાં સંતોષકારક જવાબ નહીં આપે તો તેઓ બ્રિટનની સરકારને ચીનાઓને પાછા મોકલવાનું કહેવા ડેપ્યુટેશન મોકલશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १९–५–१९०६

૩૪૮. જોહાનિસબર્ગનો પત્ર

[૧૮ મે, ૧૯૦૬ પછી][૨]

ટ્રામનો ટેસ્ટ કેસ

ગઈ જુમાને દિવસે તા. ૧૮મીએ શ્રી ઈબ્રાહીમ સાલેજી કુવાડિયાનો જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીની સામેનો કેસ મિ. ક્રૉસ મૅજિસ્ટ્રેટ પાસે ચાલ્યો હતો. શ્રી કુવાડિયાએ જુબાની આપતાં જણાવ્યું કે પોતે બ્રિટિશ ઇંન્ડિયન ઍસોસિયેશનના ટ્રેઝરર હતા અને તા. ૭મી એપ્રિલે વીજળીની ટ્રામ ઉપર ચઢવા જતાં તેને કંડકટરે જવાની ના પાડી. મ્યુનિસિપાલિટી તરફથી કંડકટરે જુબાની આપી અને મ્યુનિસિપાલિટીનો કેસ પૂરો થયો. મ્યુનિસિપાલિટી તરફથી આ વખતે મિ. ફીથમ બૅરિસ્ટર ઊભા રહ્યા હતા. શ્રી કુવાડિયા તરફથી ધર્મના વકીલ—મિ. બ્લેનને સમજાવવા શ્રી ગાંધી હાજર હતા. મિ. ફીથમે દલીલ કરતાં જણાવ્યું કે ૧૮૯૭ની સાલમાં બોઅર સરકારે કેટલાક ધારા શીતળાના રોગને વખતે બહાર પાડયા હતા. તે ધારાની રૂએ કાળા લોકો ગોરા લોકોની સાથે જો તે નોકર ન હોય તો ટ્રામમાં બેસી શકતા નથી. આ ધારા હજુ કાયમ છે એટલે હિંદી માણસ ટ્રામમાં બેસી શકે નહીં. મૅજિસ્ટ્રેટ મિ. ક્રૉસે તે દલીલ કબૂલ

૧. જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૩૩૪–૫.

૨. અહીં ૧૪મી મે છે તે ખોટી છે. શુક્રવારે તા. ૧૮મીએ મ્યુનિસિપાલિટીની વિરુદ્ધ સુનાવણીમાં કુવાડિયાના પ્રયત્નના ઉલ્લેખથી, તે સ્પષ્ટ છે કે આ સંદેશો તે તારીખે અથવા તે પછી લખાયો હતો. છેલ્લા કેટલાક ફકરાઓ ઉપર તા. ૨૨મી મે, ૧૯૦૬ નાખવામાં આવી છે.

Gandhi Heritage Portal

નહીં રાખી અને જે ગાડીઓ વિષેના ધારા જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીએ ઘડેલા છે તે ધારા મુજબ શ્રી કુવાડિયાને ટ્રામગાડી વાપરવાનો હક છે એમ ઠરાવી કંડકટરને પાંચ શિ. દંડ કર્યો, અને તે ન આપે તો એક દિવસની જેલ ઠરાવી. કંડકટરે પાંચ શિ. તુરત જ આપી [દીધા.]

આ કેસમાં એમ પણ માલૂમ પડયું કે હિંદીને હરાવવાને ખાતર ટાઉન કાઉન્સિલે ટ્રામની ગાડીને સારુ છે એવું લાઇસન્સ કાઢયું હતું અને તે મિ. ફીથમે બહુ આવેશમાં આવી રજૂ કર્યું હતું. પણ ખાડો ખોદનાર પોતે જ તેમાં પડે છે, એ કહેવત પ્રમાણે ટાઉન કાઉન્સિલ આ બાબત ભૂલી ગઈ હતી. જે લાઇસન્સ કાઢયું તે શ્રી કુવાડિયાએ ટ્રામમાં ચડવા ગયા હતા તે બાદ ચાર દહાડા પછી કાઢયું હતું. એટલે જ્યારે મિ. ફીથમને આ ભૂલનું ભાન થયું ત્યારે શરમાવું પડયું.

આ વખતે છાપાંના રિપોર્ટરો હાજર હતા. તેથી અહીંનાં બધાં છાપાંમાં લગભગ પૂરો રિપોર્ટ બહાર પડયો છે.

આ પ્રમાણે હિંદીની જીત તો પૂરી થઈ પણ તેનું ફળ ટાઉન કાઉન્સિલે આપણા હાથમાંથી ઝૂંટવી લીધું જણાય છે. જુમાને દિવસે જેટલી ખુશાલી થઈ તેટલી જ દિલગીરી શનિવારે સવારે સરકારી ગૅઝેટ જોતાં થઈ છે. તે ગૅઝેટમાં જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટી તરફથી એક ધારો બહાર પડયો છે. તેમાં માત્ર એટલું જ જણાવ્યું છે કે મ્યુનિસિપાલિટીએ ટ્રામની બાબત જે ધારા ઘડયા હતા તે રદ કર્યા છે. આવા ધારામાં સાધારણ રીતે કંઈ પણ દોષ નજરે આવે એવું નથી. પણ તેનો કાયદેસર અર્થ નીચે પ્રમાણે થાય છે.

આપણી દલીલ એમ હતી કે શીતળા બાબતના ધારા પછી જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીના ધારા ઘડાયેલા તેથી શીતળાના ધારા ફરી જીવતા થાય એમ મ્યુનિસિપાલિટી માનતી હશે એવી દલીલ થઈ શકે છે.

આ દેખીતો દગો ગણાય. એનું પરિણામ એમ થયું કે આપણે ફરીથી આખી લડત લેવી પડશે અને તે બહુ અઘરી અને ખરચમાં ઉતારનારી થશે. છતાં જો હિંદી કોમને આવી હાર કબૂલ નહીં રાખવી હોય તો લડત લીધે જ છૂટકો છે.

અહીંની ટાઉન કાઉન્સિલમાં મિ. લેન કરીને એક મેમ્બર છે. તેણે ગઈ કાલે ટાઉન કાઉન્સિલના ટ્રામવે કમિટીના પ્રમુખને કેટલાક સવાલ પૂછયા હતા. તેમાં તેણે ટાઉન કાઉન્સિલે આવા કેસ લડીને શહેરીઓને કેટલાક ખર્ચામાં ઉતાર્યા છે તેનો આંકડો માગ્યો છે. અને જો ટાઉન કાઉન્સિલને જરાયે આબરૂની દરકાર હોય તો હવે હિંદીને વધારે ન પજવવા જોઈએ એમ સૂચના કરી છે.

પરમિટ બાબત લૉર્ડ સેલબૉર્નનો જવાબ

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનાં બીજાં લખાણનો લૉર્ડ સેલબૉર્ને જવાબ આપ્યો છે તે ટૂંકો અને તોછડો છે એમ કહીએ તો ચાલે. તેમાં એમ જણાવ્યું છે કે હાલ તુરત તેઓ સાહેબ કંઈ વધારે પરમિટ બાબત કરી શકતા નથી. એટલે તેનો અર્થ એમ થયો કે ઓરતોએ પણ પરમિટ લેવી રહી. તોપણ એવો કાયદો હું માનું છું કે હિંદી કોમ કબૂલ નહીં કરે અને તેઓ સાહેબના આવા વિચાર અમલમાં નહીં આવી શકે.

Gandhi Heritage Portal

મલાઈ લોકેશન

મલાઈ લોકેશન લઈ લેવા બાબતની જે સત્તા ટાઉન કાઉન્સિલને આપવામાં આવી છે તે બાબત લોકેશનની સ્ટૅન્ડના ધણીઓએ લૉર્ડ સેલબૉર્નની પાસે ડેપ્યુટેશન લઈ જવા વિચાર રાખ્યો છે.

વિલાયતથી આવેલું કમિશન

આ કમિશનની પાસે હિંદી ડેપ્યુટેશન મંગળવારે ૨૨મી તારીખે ૩-૧૫ વાગ્યે જનારું છે. તે વખતે જે બનશે તેનો અહેવાલ જો વખત હશે તો આ અંકને સારુ આપીશ.

કૉન્સ્ટિટટ્યૂશન કમિટી પાસે હિંદી ડેપ્યુટેશન

મંગળવાર, મે ૨૨, ૧૯૦૬

કૉન્સ્ટિટટ્યૂશન કમિટી પાસે હિંદી ડેપ્યુટેશન આજ જઈ આવ્યું. ડેપ્યુટેશનમાં શ્રી અબદુલ ગની (પ્રમુખ), શ્રી હાજી વજીર અલી, શ્રી ઈબ્રાહીમ સાલેજી કુવાડિયા (જોહાનિસબર્ગ તરફથી), શ્રી ઈસ્માઈલ પટેલ (ક્લાર્કર્સડૉર્પ), શ્રી ઈબ્રાહીમ ખોટ (હિડલબર્ગ), શ્રી ઈબ્રાહીમ જસાત (સ્ટૅન્ડરટન), મિ. ઈ. એમ. પટેલ (પૉચેફસ્ટ્રૂમ) તથા શ્રી એમ. કે. ગાંધી એમ ડેલિગેટ હાજર હતા. શ્રી હાજી હબીબ ઘણા કામથી છેલ્લી ઘડીએ નહીં આવી શકે એવો એમનો તાર હતો.

ડેપ્યુટેશન તરફથી એક લખાણ ઘડાયેલું હતું તે કમિશનના સભાસદો આગળ રજૂ કરવામાં આવ્યું તે ઉપર કમિશનના પ્રમુખ વાંચી ગયા. પછી કેટલાક સવાલ પૂછ્યા ને પૂછ્યું કે કોઈને કંઈ વધારે સવાલ ઉઠાવવાના હોય તો ઉઠાવે. તે ઉપરથી શ્રી હાજી વજીર અલી બોલ્યા કે ફ્રેન્ચાઈઝના હક કરતાં હિંદીને પોતાના સાધારણ હકની વધારે જરૂર છે. તેઓને ટ્રામમાં પણ બેસવા નથી દેતા ને તેઓનું બહુ અપમાન થાય છે.

પ્રમુખે આ બાબત વધારે સમજાવવાનું જણાવ્યાથી શ્રી ગાંધીએ ટ્રામનો ઈતિહાસ સંભળાવ્યો અને જણાવ્યું કે ટ્રામના કરતાં જે વધારે હરકત કરનારી વાત છે તે એ છે કે હિંદીને જમીન ખરીદવાના હક બિલકુલ નથી. એટલું જ નહીં પણ ધર્મને સારુ જમીન જોઈએ તે પણ નામ ઉપર નથી ચડતી. પ્રિટોરિયા, જોહાનિસબર્ગ, હિડલબર્ગ વ. જગ્યાએ જમીન છે તે ચડવામાં વાંધા આવ્યા કરે છે. હિંદીઓને કાફરની પંક્તિમાં ગણવા માગે છે તે બહુ અન્યાય છે. ટ્રાન્સવાલના ઘણા કાયદા છે. તેમાં કયાંયે 'નેટિવ' એ શબ્દમાં હિંદીનો સમાસ નથી થયો.

પછી કમિશનના પ્રમુખે માગણી કરી કે ટ્રામનો ઈતિહાસ તથા બીજી વધારે હકીકત હોય તે લેખિતવાર સેક્રેટરીને મોકલવી એટલે તેની ઉપર કમિશન ધ્યાન આપશે. પછી ડેપ્યુટેશન વિદાય થયું.

ત્યાર બાદ લૉર્ડ સૅન્ડહર્સ્ટ જે મુંબઈના ગવર્નર હતા તે બહાર નીકળ્યા ને તેણે મુંબઈ વ. ની ખબર પૂછીને કહ્યું કે તેને મુંબઈ બહુ પસંદ છે ને ફરી વાર જવાનું મન થાય છે.

કમિશન પાસે રજૂ થયેલા સ્ટેટમેન્ટનો અહેવાલ આવતે અઠવાડિયે આપીશ.

[મૂળ ગુજરાતી]

इन्डियन औपीनियन, २६-५-१९०६

Gandhi Heritage Portal

૩૪૯. ટ્રાન્સવાલ લીડરને પત્ર[1]

જોહાનિસબર્ગ,
મે ૨૧, ૧૯૦૬

શ્રી તંત્રી,
ટ્રાન્સવાલ લીડર,
[જોહાનિસબર્ગ]

સાહેબ,

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની સૂચનાથી કોર્ટ સમક્ષ આણેલા ટ્રામગાડી બાબતના મુકદ્દમા અંગેના આપના અગ્રલેખ સંબંધમાં હું કહેવાની રજા માગું છું કે મૅજિસ્ટ્રેટના ચુકાદાથી "દરેક કક્ષાના બિનગોરા મનુષ્યો માટે ટ્રામગાડીઓ ખુલ્લી મૂકવામાં" આવી નથી. દાખલા તરીકે, એથી આદિવાસી લોક માટે ગાડીઓ ખુલ્લી મુકાઈ નથી; તથા જે નિયમ અનુસાર પીધેલા, ખરાબ પહેરવેશવાળા અગર બીજી રીતે વાંધાપાત્ર મુસાફરોને બેસાડવાની કંડકટરો ના પાડી શકે છે તે નિયમને એ ચુકાદો લાગુ પડતો નથી. અર્થાત્ જ્યારે આપ એવું કહો છો કે આપની "નોંધ પ્રસ્તુત બાબતના અત્યંત વ્યાપક પાસાને અનુલક્ષીને લખાયેલી છે," ત્યારે ટાઉન કાઉન્સિલનો દાવો નબળો પાડો છો. કારણ કે કોઈએ કદી એવી દલીલ નથી કરી કે ભેદભાવ વિના સૌ કોઈને ટ્રામગાડીઓ વાપરવા દેવી જોઈએ.

પરંતુ, સાહેબ, ઈમાનદાર રીતથી ઊલટી રીત અખતિયાર કરીને ટાઉન કાઉન્સિલે હિંદીઓને મળેલી જીતનું ફળ ઝૂંટવી લીધું છે. કારણ કે ગવર્નમેન્ટ ગૅઝેટના ચાલુ અંકમાં ટ્રામગાડીઓને લગતા વાહનવ્યવહારના પેટાકાયદાને રદ કરતો પેટાકાયદો પ્રગટ થયો છે. અર્થાત્ ટ્રામગાડીઓ હવે વાહનવ્યવહારનું નિયમન કરનારાં કોઈ પણ નિયમનો વિના દોડશે. એનો અર્થ એ પણ થાય છે કે હવે બ્રિટિશ હિંદીઓ સર્વસાધારણ પેટાકાયદાઓ હેઠળ મ્યુનિસિપલ ગાડીઓમાં બેસવાનો દાવો કરી શકશે નહીં. અને મારી ધારણા છે કે મ્યુનિસિપાલિટી એવી દલીલ કરશે કે આ પેટાકાયદા રદ થવાને કારણે જૂની સરકારના શીતળા સંબંધી કાયદા પાછા અસ્તિત્વમાં આવે છે, જે મૅજિસ્ટ્રેટના ચુકાદા અનુસાર હવે રદ કરેલા પેટાકાયદાની હાજરીમાં લાગુ નહોતા પડતા. બ્રિટિશ લોક સાચો ગર્વ કરે છે કે અમે કદી દગાબાજી કરતા નથી. પણ ઉપર જણાવેલી રીત અખતિયાર કરવામાં ટાઉન કાઉન્સિલે એ ગૌરવભરી પ્રણાલિકા તજી દીધી છે એવું અત્યંત આદરપૂર્વક મને દેખાય છે ને, હું આશા રાખું છું કે બીજા દરેક કર ભરનારાને પણ દેખાશે.

આથી ટાઉન કાઉન્સિલે લીધેલા પગલાને પરિણામે, મેં રજૂ કરેલી હકીકતો બાજુએ રાખતાં પણ "દરેક કક્ષાના બિનગોરા લોકો" ટ્રામગાડીઓનો ઉપયોગ કરશે, એ આપનો ભય

૧. "ટ્રામનો મુકદ્દમો" એ મથાળા નીચે આ પત્ર છપાયો હતો.

Gandhi Heritage Portal

અત્યાર પૂરતો તો પાયા વિનાનો છે. પરંતુ હું આપને પૂછું છું કે ટાઉન કાઉન્સિલે પોતાનો હેતુ સિદ્ધ કરવા જે સાધનનો ઉપયોગ કર્યો છે તેને શું આપ ટેકો આપો છો?

આપનો ઇત્યાદિ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ट्रान्सवाल लीडर, २५-५-१९०६

૩૫૦. સામ્રાજ્ય દિન

ગયે ગુરુવારે સામ્રાજ્યમાં બધી જગ્યાએ મરહૂમ મહારાણીનો જન્મદિવસ ઊજવાયો હતો. વરસ પર વરસ વીતતાં જાય છે છતાં એ ઉમદા નારીની સ્મૃતિ હંમેશ જેવી ને તેવી તાજી રહે છે. હિંદ અને હિંદના લોક વિષે એમને ઊંડો રસ હતો, ને બદલામાં હિંદના કરોડોનો પૂરેપૂરો હાર્દિક પ્રેમ એમને મળતો. ૧૮૫૮ના ઢંઢેરામાં એક એવો અનુચિત ઉલ્લેખ હતો કે સરકારને દેશના સ્થાનિક ધર્મો તથા રીતરિવાજોમાં હસ્તક્ષેપ કરવાની સત્તા છે; તેથી મરહૂમ મહારાણીએ એ આખો ઢંઢેરો ફરી લખાવ્યો હતો ને એ રીતે તેઓએ હિંદના ધર્મો વિષેનો રસ તથા તેમને માટેની સહિષ્ણુતા પ્રગટ કર્યાં હતાં. લૉર્ડ ડર્બી[1] પર પત્ર લખતાં રાણીએ જણાવેલું કે:

> આવા દસ્તાવેજમાંથી ઉદારતા, ભલમનસાઈ અને ધાર્મિક સહિષ્ણુતાની ભાવનાઓનો સૂર નીકળવો જોઈએ, અને બ્રિટિશ તાજની પ્રજાઓ સાથે સમાનતાને દરજ્જે મુકાતાં હિંદીઓને શા શા અધિકાર પ્રાપ્ત થશે તથા સંસ્કૃતિની પાછળ પાછળ કેવી આબાદી આવશે તે આવા દસ્તાવેજે દર્શાવવું જોઈએ.

આ સિદ્ધાંતો ઉપર સામ્રાજ્યની ઇમારતનો પાયો રચવામાં આવ્યો હતો. સાચા સામ્રાજ્યવાદીઓનું ધ્યેય વેપારનો ફેલાવો અને મુલકની પ્રાપ્તિ એટલું જ નથી. કામ કરવા માટે તેમની સમક્ષ એનાથી વધારે મહાન ને વધારે ઉન્નત આદર્શ મોજૂદ છે. એ આદર્શ, રસ્કિન કહે છે તે પ્રમાણે, "ભરાવદાર છાતીવાળા, તેજસ્વી નયનવાળા, અને સુખી દિલના બને તેટલા વધારેમાં વધારે માનવીઓ" ઉત્પન્ન કરવાનો છે. દક્ષિણ આફ્રિકાના આપણા જાહેર પુરુષો સમક્ષ અમે એ આદર્શ મૂકીશું, અને તેમને જાતિદ્વેષ અને રંગભેદની ભાવનાઓ છોડી દેવા અનુરોધ કરીશું. મહાન બ્રિટિશ સામ્રાજ્ય તેની વર્તમાન ગૌરવપૂર્ણ સ્થિતિએ પહોંચ્યું છે તે કાંઈ દમનની નીતિથી નથી પહોંચ્યું અને એ સ્થિતિ પોતાના વફાદાર પ્રજાજનો તરફ અન્યાયી વર્તાવ રાખીને તે ટકાવી પણ નહીં શકે. પોતાના સમ્રાટ પ્રતિ બ્રિટિશ હિંદીઓ હંમેશ અત્યંત ભક્તિભાવ દાખવતા આવ્યા છે, ને એમને પોતાની પ્રજામાં સામેલ કરીને સામ્રાજ્યે કશું ખોયું નથી. ગ્રેટ બ્રિટન માટે હિંદ સંપત્તિનો વિશાળ ભંડાર છે, જ્યારે તેના હજારો લોક ભાગ્યે જ એક હરફ પણ ઉચ્ચાર્યા વિના ભૂખમરાથી મરી રહ્યા છે. અમે સૂચવવાની ધૃષ્ટતા કરીએ છીએ કે જો સામ્રાજ્યકીય કામકાજમાં મહારાણી વિક્ટોરિયાની પ્રબુદ્ધ ભાવના વધારે પ્રમાણમાં રેડવામાં આવે તો આપણે આવાં મહાન સામ્રાજ્ય રચયિતાના વધારે લાયક અનુયાયીઓ બનીશું.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २६-५-१९०६

1. એડવર્ડ સ્ટૅન્લી ડર્બી (૧૭૯૯–૧૮૬૯), ઇંગ્લંડના વડા પ્રધાન, ૧૮૫૨, ૧૮૫૮ અને ૧૮૬૬.

Gandhi Heritage Portal

૩૫૧. નાતાલ ગવર્નમેન્ટ રેલવે — એક ફરિયાદ

એક પત્રલેખક અમને ગુજરાતીમાં લખે છે, જેનો અનુવાદ નીચે મુજબ છે:

> તા. ૧લી મે ૧૯૦૬ના રોજ સાંજે છ વાગ્યે ડરબનથી નીકળેલી ગાડી માટે શ્રી કુંદનલાલ શિવલાલ મહારાજ નામે હિંદી સદ્‌ગૃહસ્થે એસ્ટકોર્ટથી એન્નર્સડેલની બીજા વર્ગની ટિકિટ લીધી હતી. તેઓ એક રિઝર્વ્ડ ડબ્બામાં બેઠા. પણ બીજા વર્ગના ગોરા મુસાફરો ઘણા હોવાથી સ્ટેશન માસ્તરે શ્રી કુંદનલાલને પોતાનો ડબ્બો છોડી ત્રીજા વર્ગના ડબ્બામાં જવાની ફરજ પાડી.

અમારા પત્રલેખક ઉમેરે છે કે ત્રાસ વેઠનાર પ્રવાસીએ જનરલ મૅનેજરના ધ્યાન પર આ વાત ક્યારની આણેલી છે. ફરિયાદની પૂરેપૂરી તપાસ થશે એવી અમને આશા છે. એસ્ટકોર્ટના સ્ટેશન માસ્તરે લીધેલા કહેવાતા પગલા માટે અમને કોઈ વાજબી કારણ દેખાતું નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૨૬–૫–૧૯૦૬

૩૫૨. નાતાલનો જમીનનો કાયદો

જેમ ગયે વરસે થયું તેમ જ આ વરસે પણ આપણે ગોરાઓની પછવાડે બચી જવાનો સંભવ છે. નાતાલમાં નવા કાયદાઓમાં જમીન પર કર નાખવા બાબતનો કાયદો રજૂ થવા વિષે અમે અગાઉ ખબર આપી ગયા છીએ. આ કાયદો નાતાલની પાર્લમેન્ટમાં રજૂ થઈ ચૂક્યો છે. પણ જ્યારે તે કમિટીમાં તપાસવામાં આવ્યો ત્યારે તે રદ થયો. મિ. રેથમેન જે પાર્લમેન્ટના મેમ્બર છે તેમણે એવી દરખાસ્ત રજૂ કરી કે એ કાયદાથી રેલવે લાઈનની બહાર રહેનારા માણસોને બહુ નુકસાન થશે. તેથી તે રદ થવો જોઈએ. આ દરખાસ્ત પસાર થઈ તેથી નાતાલની સરકારે હાર ખાધી. વખત એવો આવ્યો કે હોદ્દેદારોએ ખરું જોતાં રાજીનામું આપવું જોઈએ. તેઓએ એમ તો નહીં કર્યું. હોદ્દો રાખ્યો છે પણ જમીનના કર બાબતનું બિલ હાલ તુરતને સારુ ટીંગાઈ રહેશે. હવે શું થશે તે જોવું રહ્યું. જોકે એમ ઉમેદ રાખવાને કારણ છે કે તે બિલ આ સેસનમાં પસાર નહીં થાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૨૬–૫–૧૯૦૬

Gandhi Heritage Portal

૩૫૩. ચીનની જાગૃતિની એક નિશાની

વીહાઈવી નામનો એક બેટ ચીનની પૂર્વે આવેલો છે. આ બેટ ચિનાઈ સરકારે ઇંગ્રેજ સરકારને અમુક શરતોએ આપેલો. તેમાં એવી શરત હતી કે જ્યાં સુધી પોર્ટ આર્થર રશિયાના કબજામાં હોય ત્યાં સુધી ગોરા તે ટાપુમાં રહી શકે વગેરે. હવે રૂસો જાપાનની લડાઈથી પોર્ટ આર્થર રશિયાને છોડવું પડયું છે. તેથી બ્રિટનને તે ટાપુ છોડી દેવાનું જણાવ્યું છે. બ્રિટને તે ટાપુમાં જે પૈસાનો મોટો ખર્ચ કરેલો છે તે પૈસા ચીન પાછા આપવા ના પાડે છે. આ બાબતમાં ચીન, જર્મની[1] તથા અંગ્રેજ સરકાર વચ્ચે મોટી રાજ્યખટપટ ઊભી થાય તેવો સંભવ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૩૫૪. પીળો ભય

અમે જણાવ્યું છે કે કેટલાક જાપાનીઝ લોક ઑસ્ટ્રેલિયાની મુલાકાત લેવા ગયા છે. આ લોકના તરફ જોકે માનની લાગણી બતાવવામાં આવે છે તોપણ અંદરથી જાપાનની વિરુદ્ધ લાગણી હોય એમ જોવામાં આવે છે. એક મેલબોર્નના તારના ખબર ઉપરથી એમ કહેવામાં આવે છે કે ત્યાં ગયેલા જાપાનીઝ કાફલાના અમલદારનું એક લડાયક વહાણ જોવાનું આમંત્રણ નાકબૂલ કરવામાં આવ્યું છે. કારણ કે ઑસ્ટ્રેલિયાના રક્ષણખાતાના માજીપ્રધાનના કહેવા પ્રમાણે જાપાનીઝ ઉપર તેઓ વિશ્વાસ મૂકી શકતા નથી. જાપાનીઝ કોઈક દિવસ ઑસ્ટ્રેલિયા લઈ લેવા પ્રયત્ન કરે એમ તેને લાગે છે. આવો મત ઘણા ઑસ્ટ્રેલિયનો ધરાવે છે એમ ત્યાંનાં કેટલાંક આગેવાન પત્રો ઉપરથી જણાય છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૧. ૧૮૯૭માં કિયાઓચોવનો કબજો લીધા પછી જર્મનીએ કૉલોનિયલ સત્તાના રૂપમાં ચીનના કિનારાના ટાપુઓમાં રસ લેવા માંડયો.

Gandhi Heritage Portal

૩૫૫. અમેરિકાના ધનાઢ્ય લોકો

અમેરિકાની અંદર ધનાઢ્ય લોકો મોટી સંખ્યામાં છે એ જાણીતી બિના છે. સાધારણ રીતે જોતાં પૈસો પ્રાપ્ત કરવામાં યુરોપિયન પ્રજા આગળ પડતી જોવામાં આવે છે. યુરોપના લોકો નવી શોધ તથા કળાની મદદ વડે આખી દુનિયાની બજારને પોતાના પંજાથી દૂર જવા દેતી નથી. તોપણ અમેરિકાની પૈસા મેળવવાની શરતમાં યુરોપની પ્રજા બહુ પાછળ છે એમ કહેવું ભૂલભરેલું નથી. આમ થવાનાં કેટલાંક કારણ પણ છે. ત્યાંના લોક યુરોપની પ્રજાના કરતાં પૈસાની જાળની અંદર વધારે ગૂંથાયેલા છે અને એક વખત મોટા પ્રમાણમાં પૈસો ભેગો થયો તો વધતો જાય એમ જોવામાં આવ્યું છે અને દીર્ઘદૃષ્ટિથી નજર કરીએ તો સમજાય તેવું પણ છે. હવે આ અમેરિકનો માંહેના કેટલાક એટલા બધા ધનાઢ્ય થઈ ગયેલા છે કે અમેરિકન રાજ્યને એ સંપત્તિને હદમાં લાવવા કાયદો બાંધવો એ ગેરવાજબી નથી એમ અમેરિકાના વડા પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટના એક ભાષણ પરથી જણાય છે. તેમણે એવું કહ્યું છે કે દશ લાખ કે વીસ લાખ પાઉંડ એક માણસની પાસે હોય એ અણઘટતું ન ગણીએ પણ જ્યારે આ હદ એટલે દરજ્જે ગયેલી છે કે આવા સેંકડો દશ લાખ પાઉંડના ધણા આસામીઓ અમેરિકાની અંદર માલૂમ પડશે. આવા અબજપતિઓ રાજ્યસત્તાને પણ એક વખત વધારે અસર કરી શકે એમ તેમને જણાયું છે. દેશના બંધારણો જેવાં કે ન્યાયની કોરટો, મ્યુનિસિપાલિટી અથવા પાર્લમેન્ટની ચૂંટણી વગેરેને તેઓ પૈસાના વેગને લીધે પોતાને યોગ્ય લાગતી રીતે ચાહે તો અસર કરી શકે છે. આ બિના દહેશત લાગવા જેવી જણાઈ છે ને તેથી એવું વિચારવામાં આવ્યું છે કે એ કાયદા વડે પૈસાની હદ બાંધવી. એક માણસ દસ લાખ પાઉંડ કરતાં વધારે ધરાવી શકે નહીં, ને વધારે હોય તો તેવો માણસ પોતાને મરજીમાં આવે તેવા સગા વગેરેમાં અમુક રીતે ભાગ કરી વહેંચી નાખે. આવા પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટના વિચારોએ અમેરિકન કોટયાધિપતિઓમાં ખળભળાટ કરી મૂકયો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૩૫૬. ચીનની સ્થિતિમાં ફેરફાર

દિવસે દિવસે સુધારો આગળ જતો જાય છે. તે બાબત નિર્વિવાદ છે. યુરોપના સુધારાએ હિંદુસ્તાન પર કેટલી અસર કરી છે એ થોડાથી જ અજાણ્યું હશે. આ સુધારાના વેગને જાપાન-ની પૃથ્વી પર સર્વનું ધ્યાન ખેંચનારી ઉન્નતિથી ટેકો મળ્યો છે. જોઈએ ત્યાં જાપાનની વાતો ચર્ચાતી માલૂમ પડે છે. આ સ્થિતિમાં જાપાનના પાડોશી ચીન ઉપર સુધારાની અસર થાય એ દેખીતું છે. ચીનની અંદર સુધારાના ફણગા જગેજગ ફૂટવા લાગ્યા છે. એક તરફથી ચીનમાં રહેતા જાપાનીઝ લોકને લીધે કેળવણી તરફ એ લોકોનું લક્ષ દોરાયું છે, બીજી તરફથી સેંકડો ચિનાઈ જુવાનો વિદ્યા તથા કળા શીખવા માટે દેશાવર જાય છે. જાપાનની અંદર કેટલાક ચીના વિદ્યાર્થીઓ દરેક જાતની કેળવણી લેવાને અમેરિકા સુધી પણ થોડાઘણા કળાકૌશલ્ય શીખવા વાસ્તે પહોંચેલા છે. આ વિદ્યાર્થીઓ ત્યાંથી કળાકૌશલ્ય શીખીને લાવે છે એટલું જ બસ નથી.

Gandhi Heritage Portal

જાણવા જેવું તો એ છે કે તેઓ કળાકૌશલ્યની સાથે અમેરિકા, જાપાન તથા યુરોપના સુધરેલા વિચારો પોતાની સાથે લાવે છે. અને તે દેશોમાંથી ઉત્પન્ન થયેલો સ્વતંત્રતાનો જુસ્સો તેઓના ઊછળતા લોહી ઉપર પૂરેપૂરી અસર કરી શકયો છે. આને લીધે આવા વિદ્યાર્થીઓ ચીનની ઉન્નતિ વાસ્તે મહાન પ્રયત્નો કરવા લાગ્યા છે. ઠેકાણે ઠેકાણે સભાઓ ભરી તથા ભાષણો કરીને લોકોના મનની અંદર પોતાના વિચારોની છાપ પાડવા લાગ્યા છે. નવાં નવાં પત્રો કાઢી ચોતરફ ઉપદેશ કરનારાઓને પણ મોકલે છે, અને આવી અનેક રીતે લોકોના મનને કેળવે છે તથા સ્વતંત્રતા અને સુધરેલા વિચારોનાં બીજ વાવે છે. આ ઉપરાંત તેઓ રાજકીય ફેરફારોની ઉમેદો બાંધવામાં પણ ચૂકયા હોય તેવું જણાતું નથી. પરદેશીને પોતાના દેશમાંથી અળગા રાખવા ઝુંબેશ ચલાવવા લાગ્યા છે જે બિનાએ હાલ ગોરી પ્રજાઓને વિચારમાં નાખી છે. કેટલાક ભાગમાં અમેરિકન માલનો બૉયકોટ થોડી ફતેહમંદ રીતે આગળ વધે છે તે પણ આ નવા પવનનું પરિણામ છે. આ નવી ઉશ્કેરણીની અંદર કેટલાક જાપાનીઝો પણ આગળપડતો ભાગ લે છે.

આ ઉન્નતિનાં કિરણો દરેક સુધારાનો વધારો ઇચ્છનારાઓને રુચતાં થાય એ સ્વાભાવિક છે. તોપણ કોઈ યુરોપિયન એવું કહે છે કે આ જુસ્સો હદ બહાર હોઈ આડે રસ્તે દોરી જાય તેવો છે. માટે તેના ઉપર અંકુશ મૂકવો અને આ હેતુથી એકાદ લેખકે એવી સૂચના કરી છે કે ચિનાઈ સરકારને કહી કેટલાંક પેપરો, જે પસંદ નહીં કરવા જોગ વિચારો ફેલાવી ખોટી અને નુકસાનકારક ઉશ્કેરણી કરે છે. તેવાં પેપરોને, અંકુશમાં લાવવાં અને બને તો ઓછાં પણ કરવાં.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૩૫૭. શાહજાદાની હિંદમાં મુસાફરી

નામદાર શાહજાદા તથા શાહજાદી તે હિંદમાંથી ફરીને વિલાયત જઈ પહોંચ્યાં છે. તેમને આવકાર આપવાને સારુ બહુ મોટો મેળાવડો લંડનમાં થયો હતો. નામદાર શાહજાદાએ તે વખતે જે ભાષણ કર્યું તે સમજવા જેવું છે. તે નામદારે હિંદુસ્તાનના લોકોનો ઉપકાર માન્યો અને તેઓની વફાદારીનાં વખાણ કર્યાં. છેવટે તેણે નીચે પ્રમાણે કહ્યું:

> 'હું ધારું છું કે જો આપણે હિંદુસ્તાનનું રાજ્ય કરવામાં લોકોની તરફ વધારે લાગણી બતાવશું તો રાજ્ય કરવું એ સહેલું થઈ પડશે, અને ખાતરી છે કે એવી લાગણી બતાવશું તો તેનો બદલો આપણને પુષ્કળ મળશે. હિંદુસ્તાન જનાર દરેક બ્રિટન તે દેશ તથા ઇંગ્લંડ વચ્ચે વધારે સારી સમજૂતી કરવામાં મદદ કરી શકે છે ને લાગણી અને ભાઈ-ચારો ફેલાવી શકે છે.

આ ભાષણનો ખરો ભેદ જાણવાની જરૂર છે. આ ભાષણ બતાવે છે કે શાહજાદાનું દિલ દયાળુ છે. તેના મનમાં હિંદીની ઉપર લાગણી છે. તેણે આપણી ઉપર પડતી ઈજાઓ ધ્યાનમાં લીધી છે, અને રાજકારભાર બાબતમાં પોતાથી બહુ વચ્ચે આવી ન શકાય તેથી પોતે ઉપર પ્રમાણે ઇશારો કરી હિંદના અમલદારોને સમજાવ્યા છે કે તેઓએ સખતાઈ વાપરતાં વિચાર

Gandhi Heritage Portal

કરવાનો છે. આ પ્રમાણે શાહજાદાના ભાષણને[1] હિંદી પ્રધાન મિ. જૉન મોર્લીએ ટેકો આપ્યો હતો. એટલે આપણે ટૂંકી મુદતમાં કાંઈક પણ હિંદુસ્તાનમાં રાહત જોશું એવી આશા રાખવાનું કારણ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૩૫૮. બાસુટોલૅન્ડમાં હિંદનો બૉયકોટ

બ્લૂમફૉન્ટીનથી રૅન્ડ ડેલી મેલ નો ખબરપત્રી જણાવે છે કે બાસુટોલૅન્ડમાં હિંદીઓને વેપારનું લાઈસન્સ આપવામાં નહીં આવે. એક વખતે બારેક લાઈસન્સ આપવાનો સરકારે વિચાર કર્યો હતો. પણ તે હવે માંડી વળાયો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૩૫૯. ચીનના મજૂરો

ચીના મજૂરોની બોર ખેડૂત[2] તરફની ઘાતકી વર્તણૂક સંબંધે જનરલ બોથાએ ટ્રાન્સવાલ સરકારને કાગળ લખ્યો હતો તે અમે કહી ગયા છીએ. તેના જવાબમાં સર રિચર્ડ સૉલોમન કહે છે કે તમારા પત્ર વાસ્તે ઉપકાર માનું છું. ચીનાઓના નિર્દય કામ વાસ્તે દિલગીર છું. ચીનાઓને સળગી ઊઠે એવા પદાર્થ ન મળી શકે એવી ખાણના ઉપરીઓને ભલામણ કરીશ. ચીનાઓની વર્તણૂક સુધારવા બનશે તેટલો પ્રયત્ન કરવામાં આવશે. ચીનાઓ સાથે કામ કરતા હોય ત્યાં તેઓને જાપતામાં રાખવા બાબત કરેલી ભલામણનો અમલ થશે. ત્યારે આવો જુલમ બંધ થશે એવું અંત:કરણપૂર્વક ધારું છું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૧. પ્રિન્સ ઑફ વેલ્સના માનમાં ૧૭મી મે, ૧૯૦૬ને રોજ ગિલ્ડ હૉલ, લંડનમાં એક ભોજનસમારંભ યોજવામાં આવ્યો હતો. તેમાં મિ. મોર્લીએ "ભારતનું રાજ્ય ચલાવવાના કામમાં સહાનુભૂતિનું વ્યાપક તત્ત્વ રાખવા માટે"ની પ્રિન્સની દલીલનું સમર્થન કર્યું. જુઓ ઇન્ડિયા, ૨૫–૫–૧૯૦૬.

૨. જુઓ "ચીનાઓને પાછા મોકલવાનો સવાલ", પા. ૩૫૧.

Gandhi Heritage Portal

૩૬૦. દુકાનો બંધ રાખવા બાબત કાયદો

મિ. રેથમાને નાતાલની પાર્લમેન્ટમાં આ કાયદામાં ફેરફાર કરવાનું અને ગામડાંઓને પોતાનો અરધો દહાડો પાળવાનું મુકરર કરવાની સત્તા આપવાનું માગ્યું. તેના જવાબમાં નાતાલની સરકારે જવાબ આપ્યો કે એક વરસ સુધી આ કાયદો જેમ છે તેમ રહેવા દેવાનો છે. આ ઉપરથી જણાય છે કે અંતે આ કાયદામાં કંઈક તફાવત થશે ખરો.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

૩૬૧. નાતાલનો શીતળાનો કાયદો

આ ઉપરના કાયદાની કલમો અમે આગળ આપી ગયા છીએ. આ કાયદાની સખતાઈને લીધે ગોરાઓએ વાંધો ઉઠાવ્યો છે તે બાબત પણ અમે ઈશારો કર્યો હતો. આ બાબત ઘણે દરજ્જે આગળ વધી છે, તથા ચર્ચાઈ રહી છે.

વિરુદ્ધ પક્ષવાળાઓ કહે છે કે શીતળા કઢાવ્યાથી માણસ શીતળાનો ભોગ ન જ થાય એમ ચોક્કસ કહી શકાતું નથી, એટલું જ નહીં પરંતુ શીતળાએ ઘણી વખત નુકસાન પણ કરેલું છે. એવા દાખલાઓ બતાવવામાં આવ્યા છે કે જેમાં શીતળાના ચેપથી નાની ઉંમરનાં બાળકોને ચાંદીનો રોગ લાગુ પડયો હોય. વળી એક એવો વિચિત્ર દાખલો આપવામાં આવ્યો હતો જેમાં શીતળા કઢાવ્યા પછી એક બાળક કેટલાંક વરસની ઉંમરનું થયા છતાં કદમાં બિલકુલ વધી શકયું ન હતું. આવી રીતના કેટલાક દાખલાઓ વડે કાયદો વખોડી કાઢનારાઓ કહે છે કે શીતળા કાઢવાથી કોઈ જાતનો લાભ થાય છે એમ અમે માની શકતા નથી. માટે કાયદાઓની કલમની અંદર એક 'કૉન્સ્યન્સ ક્લૉઝ' નાખવો એટલે કે જેઓ મૅજિસ્ટ્રેટ પાસે જઈ અંતઃકરણપૂર્વક કબૂલ કરે છે કે શીતળા લાભ કરતા નથી એમ તેનું માનવું છે તો તેવા માણસને શીતળાનો કાયદો લાગુ પડી શકે નહીં. આ કલમ ઇંગ્લંડના કાયદામાં પણ છે ને અહીં પણ નાખવા માટે કેટલીક મીટિંગો ભરી ગોરાઓ સખત ચર્ચા ચલાવે છે. પરિણામમાં એ કલમ દાખલ કરશે એ બનવા જોગ છે.

હિંદીની નજરે જોતાં શીતળા કાઢવાથી નુકસાન થાય છે અથવા તો લાભ થાય છે એ સવાલ બાજુએ રાખીએ પણ એટલું તો ખરું કે એ વધારાની કલમ ન હોય તો કેટલાક હિંદીઓ-ને કેટલોક જુલમ સહન કરવો પડે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २६–५–१९०६

Gandhi Heritage Portal

૩૬૨. જોહાનિસબર્ગનો પત્ર

મે ૨૬, ૧૯૦૬

પરમિટ વિષે લૉર્ડ સેલબૉર્નનો જવાબ

લૉર્ડ સેલબૉર્નને બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને ફરી લખાણ કર્યું હતું તેનો તેઓ સાહેબે જવાબ મોકલ્યો છે કે હાલ તુરત તેઓ સાહેબ વધારે જવાબ નથી આપી શકતા. આનો જવાબ એમ થયો કે ઓરતોને પરમિટ લેવી પડશે તથા છોકરાઓ માત્ર ૧૨ વર્ષની અંદરના જ આવી શકશે.

ઈલાજ

આ જવાબ ઘણો દિલગીરી ઉપજાવનારો છે. છતાં કોઈ ઓરતોએ પરમિટ નોખી કઢાવવાની જરૂર નથી અને બચ્ચાંઓ બાબતની લડત જારી રહેવી જોઈએ.

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની માગણી

ઍસોસિયેશને રજિસ્ટ્રાર મિ. ચમનીને કાગળ લખ્યો છે કે છેવટે જે છોકરાઓ ૧૨ વરસની ઉંમરના હાલ આવવાની રાહ જોઈ જુદાં જુદાં બંદરોમાં બેઠા છે તેઓને તો રજા જરૂર મળવી જોઈએ. આવા છોકરા ૧૦૦થી વધારે નહીં હોય એવું ઍસોસિયેશને સૂચવ્યું છે.

પરમિટ બાબત અગત્યનો કેસ

આમ એક તરફથી દબાણ ચાલે છે તો બીજી તરફથી કાયદો મદદ કરે છે. આદમ ઇબ્રાહીમ કરીને એક બાર વરસની અંદરનો છોકરો છે. તેના બાપ જોહાનિસબર્ગમાં છે. તે છોકરો 'લેટર ઑફ નોટિફિકેશન' લઈ આવેલ છે. તેને હજુ પરમિટ નથી મળી. તે પ્રિટોરિયે જઈ આવેલ નથી. દરમિયાન તેની ઉપર ત્રણ પાઉંડનું રજિસ્ટર નહીં લેવાનો કેસ મિ. ક્રૉસ પાસે ગઈકાલે ચાલ્યો. તેમાં વકીલ શ્રી ગાંધીએ એવો વાંધો ઉઠાવ્યો કે બાળકોને ત્રણ પાઉંડનું રજિસ્ટર લેવાની જરૂર નથી, અને ગમે તેમ હોય તોપણ જે માણસ પોતે વેપાર નહીં કરતો હોય તેને રજિસ્ટર ન જ જોઈએ. મૅજિસ્ટ્રેટે આ વાંધો કબૂલ રાખી કેસ કાઢી નાખ્યો છે.

કેસનું પરિણામ

આ કેસ ઉપરથી જો અપીલ ન થાય તો એમ ઠર્યું કે જે છોકરાઓ ટ્રાન્સવાલમાં હાલ છે તેઓને પરમિટ અથવા રજિસ્ટર નહીં હોય તોપણ રહેવામાં અડચણ નહીં આવે. ખરું જોતાં આ કેસમાં પરમિટનો ચુકાદો નથી આવી જતો. પણ તે કેસનો અર્થ એવો નીકળી શકે છે. સંભવ એવો છે કે છોકરાઓની પરમિટ બાબતનો કેસ વખતે લડવો પડે.

ટ્રામનો કેસ

આ બાબત ચર્ચા હજુ ચાલ્યા કરે છે. મિ. લેને કાઉન્સિલમાં સવાલ પૂછ્યો છે તેનો જવાબ હજુ કાઉન્સિલે નથી આપ્યો. લીડરમાં શ્રી ગાંધીએ કાગળ તે બાબત લખ્યો છે તેનો ભાવાર્થ[1] નીચે પ્રમાણે છે.

૧. જુઓ "ટ્રાન્સવાલ લીડરને પત્ર", પા. ૩૫૪–૫.

Gandhi Heritage Portal

"તમે લખો છો કે મૅજિસ્ટ્રેટે જે ઠરાવ આપ્યો છે તે અસંતોષકારક છે. કેમ કે તેથી કરીને હવે ગમે તેવો માણસ (ગંદો) હોય તોપણ બેસી શકશે. કાફરો પણ બેસી શકશે. પણ કોર્ટનો ઠરાવ આવો નથી. કાફરોને ટ્રામમાં બેસવાનો કાયદેસર હક નથી એમ કોર્ટે જણાવ્યું છે. ને ટ્રામમાં કાયદા મુજબ ગંદાં કપડાં પહેરેલ અથવા છાકટા બનેલ માણસ હોય તેવાને બેસવાની મનાઈ છે. એટલે કોર્ટના ઠરાવથી માત્ર સાફસૂફ રહેનાર હિંદી હશે તે અથવા કાફર સિવાયના બીજા કાળા માણસો જ બેસી શકે.

પણ આવી જીત જે મળી છે તે પણ કાઉન્સિલે ગેરવાજબી રીતે છીનવી લીધી છે. શુક્રવારે મૅજિસ્ટ્રેટનો ઠરાવ બહાર પડયો ને શનિવારે સરકારી ગૅઝેટમાં ખબર મળ્યા કે કાઉન્સિલે ટ્રામના કાયદા ખેંચી લીધા છે. આનો અર્થ એમ થયો કે હવે બાય-લૉની રૂએ હિંદી કેસ નહીં કરી શકે. અને વખતે કાઉન્સિલ એમ પણ ધારતી હોય કે હવે ૧૮૯૭નો શીતળાનો કાયદો હિંદીને લાગુ પડશે.

હંમેશાં એમ મનાતું આવ્યું છે કે ઇંગ્રેજ પ્રજા કોઈને પૂઠે ઘા મારતી નથી. પણ જેમ મને લાગે છે તેમ બીજા કર ભરનારાઓને પણ લાગવું જોઈએ કે ટાઉન કાઉન્સિલે પૂઠેથી ઘા હિંદી કોમને માર્યો છે. તમે કેસના પરિણામની દિલગીરી બતાવો છો, પણ મેં જે દાખલા આપ્યા છે તે વિના પણ હાલ તુરત સારુ તમારે દિલગીરી કરવા જેવું નથી રહ્યું. પણ જે અનીતિ ભરેલી રીતે કાઉન્સિલ એવું પરિણામ લાવી શકી છે એ શું તમે પસંદ કરો છો?

હવે ટ્રામના કેસની ત્રીજી પગથી શરૂ થઈ છે.

રેલવેની તકલીફ

આ તકલીફ તો આપણને હંમેશાં રહેલી જ છે. હું લખી ગયો છું કે જનરલ મૅનેજરે પ્રિટોરિયાથી જોહાનિસબર્ગ જતી સાંજની ૫–૫ની ગાડીમાં પણ કાળા માણસો ન જાય એવું લખ્યું હતું. આ લખાણની સામે ઍસોસિયેશને લખ્યું અને જનરલ મૅનેજરે જવાબ આપ્યો કે તે ગાડીમાં કાળા માણસોને સારુ છૂટ મૂકવામાં આવશે. આ જ પ્રમાણે જોહાનિસબર્ગથી જતી સાંજના ૪–૪૦ની ગાડી સારુ છૂટ માંગી છે. એટલે જો આ બાબત જવાબ સરખો આવશે તો પણ પ્રિટોરિયા જોહાનિસબર્ગ વચ્ચેની સવારની ગાડીની બંધી તો હાલ રહેશે.

વિલાયત જનારું ડેપ્યુટેશન

સર વિલિયમ વેડરબર્ન તથા બીજા આપણા હિતેચ્છુઓને કાગળ લખવામાં આવ્યા હતા કે આપણે વિલાયત ડેપ્યુટેશન મોકલવું કે નહીં. તેના જવાબમાં તેઓ સાહેબે તાર કર્યો છે કે તેઓનો કાગળ આવે ત્યાં સુધી થોભવું. તેઓનો કાગળ તા. ૧૫મી જૂન સુધીમાં આવી જવાનો સંભવ છે.

તા. ૨૯–૫–૧૯૦૬

હિંદીનું ખૂન

આજના છાપામાં એવા ખબર છે કે હૈદર નામના કોઈ એશિયાટિકને કોઈએ કલીવલૅન્ડ સ્ટેશન નજીક જઈ રાતના મારી નાખ્યો. મરહૂમ માણસને કોઈએ ખંજર મારેલું જણાય છે. ખૂની કોણ છે અથવા કેમ મરણ થયું તે જણાતું નથી. છાપામાં એમ પણ જણાવ્યું છે કે હૈદર કંગાળ સ્થિતિમાં હતો અને કામ શોધતો હતો.

Gandhi Heritage Portal

કાફરોને નવું લોકેશન

કાફર લોકોને કિલપસ્પ્રૂટ ઝપાટાબંધ લઈ જવાની હિલચાલ થઈ રહી છે. મ્યુનિસિપાલિટીએ ધારા પણ ઘડયા છે. પણ અફવા એવી છે કે કાફરો પોતે લોકેશનમાં જવાને બદલે હજુ તો ગામમાં પોતાના શેઠોને ત્યાં વસે છે. જોકે કેટલાક કાફરોએ ત્યાં જમીન પણ લીધી છે.

મ્યુનિસિપાલિટીના નવા કાયદા

જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટી ચાલુ ધારાસભાની મીટિંગમાં નવો કાયદો પસાર કરાવવા માગે છે. તેમાં તેણે એશિયાટિક બજારની સત્તા પણ માગી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

૩૬૩. લક્ષ્મીદાસ ગાંધીને પત્ર[1]

જોહાનિસબર્ગ,
મે ૨૭, ૧૯૦૬

મુ. ભાઈની સેવામાં,[2]

આપનો પત્ર તા. ૧૭મી એપ્રિલનો મળ્યો. આપને શું લખવું તે સૂઝતું નથી. આપને મારે વિષે શક છે. શકનું ઓસડ નથી. છતાં મારાથી બીજું કાંઈ લખાય તેમ નથી. આપના માગેલા એકે જવાબ હું પાછળ રાખવા માગતો નથી.

૧. મારો વિચાર નોખા થવાનો નથી.

૨. દેશમાં મારું કંઈ છે તેમ હું સમજતો નથી.

૩. કંઈ પણ મારું નથી સમજતો.

૪. જે છે તે બધું સાર્વજનિક કામ સારુ વપરાય છે.

૫. સાર્વજનિક કામમાં જે સગાંઓ રહે છે તે તેનો ઉપભોગ લઈ શકે છે.

૬. જો મેં આ કામ ન આદર્યું હોત તો આપની પૈસાની હોંશ પૂરી પાડત.

મેં ભાઈઓને કે બીજાને સારુ બહુ કર્યું એમ કયાંયે નથી કહ્યું — પણ મારી પાસે જે કંઈ પણ બચ્યું તે ભાઈઓને આપ્યું એમ કહ્યું છે તે સાચું છે. ને કહ્યું તે હુંપદ ખાટવા નહીં — તે પણ માત્ર[2] મિત્રોને જ કહ્યું છે.

એટલી ખાતરી રાખજો કે જો આપ મારા પહેલાં મૃત્યુ પામો તો કુટુંબના ભરણપોષણનો ભાર હું ખુશીથી માથે લઈશ. એ બાબતમાં આપે ચિંતા રાખવાની નથી.

આપ ઇચ્છો છો એ રીતે હાલમાં પૈસા મોકલવાની સ્થિતિમાં હું નથી.

હરિલાલનાં લગ્ન ભલે થાય; લગ્ન ન થાય તોપણ ભલે; કારણ કે આજકાલ કાંઈ નહીં તો એને વિષે એક પુત્ર તરીકે વિચારવાનું મેં બંધ કર્યું છે.

૧. આ પત્ર મૂળમાં ગુજરાતીમાં હતો. એનું શ્રી વાલજી ગોવિંદજી દેસાઈએ અંગ્રેજીમાં ભાષાંતર કરેલું જે તેમના કહેવા મુજબ ગાંધીજીએ સુધાર્યું હતું. ૨–૨ સિવાયનો ભાગ એ અંગ્રેજીનું ભાષાંતર છે.

૨–૨. સુધીનો ભાગ મૂળ ગુજરાતી છે. એ કર્ણાટક પબ્લિશિંગ હાઉસ, મુંબઈ તરફથી બહાર પડેલા गांधीजी, हिज़ लाइफ़ ॲन्ड वर्क.ના પા. ૪૦૩ સામેની છબી પરથી લીધો છે. આ પુસ્તક ગાંધીજીને ૭૫મા જન્મદિને, ૨૭ ઑકટોબર ૧૯૪૪ને રોજ અર્પણ થયું હતું. સંપાદક, ડી. જી. તેંદુલકર વગેરે.

Gandhi Heritage Portal

જો એ ખરેખર શક્ય હોય તો મણિનાં લગ્નમાં હાજરી આપવા માટે હિંદ જવાને હું ખુશી છું. પણ મારી આજની પરિસ્થિતિનો કાંઈ પણ ચિતાર હું આપને આપી શકું એમ નથી. સમયની મને એટલી તંગી રહે છે કે એનું શું કરવું તેની મને સમજ પડતી નથી. કૃપા કરી આપ મને લગ્નની તારીખ તારથી જણાવશો, જેથી શક્ય હોય તો હું જવાને માટે તૈયાર રહી શકું.

કદાચ મારે આપને એ વાત જણાવી દેવી જોઈએ કે હું રેવાશંકરભાઈનો ઋણી છું.

આપ મને ભલે તરછોડો, તેમ છતાં હું તો આપના પ્રત્યે હંમેશ જે ભાવ રાખતો આવ્યો છું તે જ ભાવ રાખીશ.

હું ત્યાં હતો ત્યારે મેં આપનાથી જુદા થઈ જવાની ઇચ્છા વ્યક્ત કરી હતી એવું મને યાદ નથી. પણ મેં એવું કર્યું હોય તોપણ અત્યારે મારું મન તદ્દન સાફ છે, મારી ઉમેદો વધારે ઊંચી છે અને કોઈ પણ પ્રકારના દુન્યવી ભોગોની મને ઇચ્છા નથી.

મારી હાલની પ્રવૃત્તિઓમાં હું એટલા ખાતર જોડાયેલો છું કે તેમને હું જીવનને માટે મહત્ત્વની ગણું છું. આ રીતે પ્રવૃત્તિ કરતાં કરતાં જો મારે મૃત્યુને ભેટવાનું હશે તો હું સ્વસ્થપણે તેને ભેટીશ. હવે ભયને હું ઓળખતો પણ નથી.

જેઓ દિલના સાચા હોય છે તેઓ મને ગમે છે. જગમોહનદાસના દીકરા જુવાન કલ્યાણ-દાસનો આત્મા પ્રહ્‌લાદના જેવો છે. એટલા ખાતર તો તેમને, જે જન્મને કારણે મારો દીકરો છે તેના કરતાં વધારે પ્રિય છે.

[મૂળ ગુજરાતી-અંગ્રેજી]

મો. ક. ગાંધી: સિલેક્ટેડ લેટર્સ (ફર્સ્ટ સીરીઝ), નવજીવન, ૧૯૪૯

૩૬૪. વિલાયતથી આવેલ કમિશનની પાસે રજૂ કરેલી અરજી[૧]

[જોહાનિસબર્ગ,
મે ૨૯, ૧૯૦૬]

(આ અરજીનો મુખતેસર હેવાલ અમો ગયે અઠવાડિયે આપવાનો કહી ગયા છીએ તે નીચે પ્રમાણે છે.)

(૧) ગોરાઓનું પ્રબળ દક્ષિણ આફ્રિકામાં રહે એમ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને હંમેશ કબૂલ કરેલું છે, એટલે અમે ફ્રૅંચાઇઝના હક રાજ્યસત્તા ભોગવવાને સારુ માગતા નથી. પણ અનુભવે એમ જોવામાં આવ્યું છે કે જ્યાં જ્યાં પ્રજાસત્તાક રાજ્ય હોય છે ત્યાં ત્યાં જે પ્રજાને ફ્રૅંચાઇઝનો હક નથી હોતો તે પ્રજાને ઘણે ભાગે બિલકુલ દાદ મળતી નથી.

(૨) ટ્રાન્સવાલમાં હાલ ૧૨,૦૦૦ હિંદીની વસ્તી છે. લડાઈ પહેલાં પુખ્ત ઉંમરના ૧૫,૦૦૦ માણસોની વસ્તી હતી.

(૩) પહેલા હિંદી વસનારા ટ્રાન્સવાલમાં લગભગ ૧૮૮૦માં આવ્યા.

(૪) એ વખતે તેઓની ઉપર કંઈ હરકતો નહોતી.

૧. આ અરજી પુરવણી સાથે કૉન્સ્ટિટ્યૂશન કમિટી આગળ રજૂ કરવામાં આવી હતી. જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૩૫૧–૩. અરજી ઉપર સહી કરનારાઓ, નીચે મુજબ હતા.

અબ્દુલ ગની, પ્રમુખ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન, ઈ. ઍસ. કુવાડિયા, એચ. ઓ. અલી. ઇબ્રાહીમ એચ. ખોટા, ઈ. ઍમ. પટેલ, ઈ. ઍમ. જોસફ, જે. એ. પટેલ અને ઍમ. કે. ગાંધી.

Gandhi Heritage Portal

(૫) પણ તેઓની મહેનતથી તેઓ આગળ ચડયા તેથી ગોરાઓને અદેખાઈ શરૂ થઈ અને મુખ્યત્વે કરીને વેપારી મંડળોએ અને તેમાં પણ બ્રિટિશ રૈયતે હિંદીની સામે હિલચાલ શરૂ કરી.

(૬) પરિણામ એ આવ્યું કે મરહૂમ પ્રેસિડેન્ટ ક્રૂગરે હિંદીઓની ઉપર દાબ મૂકવાના કાયદા બાંધવાની બ્રિટિશ સરકાર પાસે રજા માંગી. પ્રેસિડેન્ટ ક્રૂગરે લંડનની કન્વેન્શનમાં નેટિવ શબ્દ વપરાયેલો છે તેમાં હિંદીને પણ ગણવાનો પ્રયત્ન કર્યો.

(૭) આ દલીલ બ્રિટિશ સરકારે કબૂલ નહીં કરી, પણ આરોગ્યતા જાળવવાને ખાતર હિંદીઓને બજાર અથવા લોકેશનમાં રહેવા જવાની ફરજ પાડવા વિષે કાયદો કરવાની પરવાનગી આપવા રાજી છે એમ જણાવ્યું. તેની સાથે એમ શરત કરી કે આવો કાયદો વેપારી વર્ગના હિંદીને લાગુ પડવો નહીં જોઈએ.

(૮) આ ઉપરથી ૧૮૮૫નો કાયદો પાસ થયો.

(૯) તુરત હિંદીઓએ તેની સામે અરજીઓ મોકલી.

(૧૦) ત્યારે બ્રિટિશ સરકારની આંખ ઊઘડી કે આ કાયદો તો સખત છે અને બધા હિંદીઓને લાગુ પાડવામાં આવે છે.

(૧૧) તેથી બ્રિટિશ સરકારે તેની સામે લખાણ કર્યું અને છેવટે પંચ નિમાયું.[૧]

(૧૨) આમ લખાણો વગેરે ચાલવાથી ૧૮૮૫થી તે ૧૮૯૫ની સાલ સુધી જોકે બોઅર સરકારે ઉપલો કાયદો અમલમાં મૂકવાની ધમકી ઘણી વાર આપી હતી તોપણ ઘણે ભાગે તે કાયદો અમલમાં નહીં આવ્યો.

(૧૩) પંચે જે ઠરાવ આપ્યો તેથી છુટકારો નહીં થયો અને તે કાયદાનો અર્થ કરવાનું કામ ડચ સરકારની અદાલતોને છે એમ ઠરાવવામાં આવ્યું.[૨]

(૧૪) હિંદીઓએ વળી એવણને ખર્ચે બ્રિટિશ સરકારને અરજીઓ મોકલી.

(૧૫) મિ. ચેમ્બરલેને પંચનો ઠરાવ રદ કરવાનું પગલું ભરવાની ના પાડી, પણ બોઅર સરકારને હિંદીઓ બાબત બીજી દલીલો વાપરી તેઓનું રક્ષણ કરવાને સારુ લખાણ કરવાનો હક કાયમ રાખ્યો.

(૧૬) આમ મિ. ચેમ્બરલેને લખાણો કર્યાં તેથી લડાઈ શરૂ થઈ ત્યાં સુધી ઉપલો કાયદો હતો છતાં હિંદીઓ જ્યાં ફાવે ત્યાં રહેતા હતા અને વેપાર કરતા હતા.

(૧૭) પણ ૧૮૯૯ની સાલમાં એ કાયદો અમલમાં આવશે એવી પૂરી ધાસ્તી હતી, તેથી બ્લૂમફૉન્ટીનમાં જે મસલત થઈ હતી તેમાં હિંદીઓની સ્થિતિનો પણ સવાલ રાખવામાં આવ્યો હતો. જ્યારે ફ્રૅંચાઇઝની બાબત ફેંસલો થશે અમ લૉર્ડ મિલ્નરને જણાયું ત્યારે તેણે વિલાયત તાર મૂકયો કે કાળા માણસોનું શું?

(૧૮) લૉર્ડ લૅન્સડાઉને એમ જાહેર કર્યું કે હિંદીઓનાં દુ:ખ એ લડાઈનું એક સબળ કારણ હતું.

(૧૯) લડાઈ પૂરી થઈ ત્યારે અને ફ્રિનિખનમાં સલાહ થઈ ત્યારે બ્રિટિશ સરકારે બોઅર હોદ્દેદારોને જણાવ્યું કે કાળા લોકોની સ્થિતિ જેવી કેપ કૉલોનીમાં છે તેવી ટ્રાન્સવાલમાં અને ઑરેન્જ રીવર કૉલોનીમાં થશે.

૧. ૧૮૮૮, જુઓ પુસ્તક ૧, પા. ૨૮૬.
૨. એજન.

Gandhi Heritage Portal

(૨૦) પણ આજે લડાઈના પહેલાં હતી તેના કરતાં હિંદીઓની સ્થિતિ વધારે ખરાબ થઈ પડી છે.

(૨૧) પ્રોગ્રેસિવ પાર્ટી એ બ્રિટિશની વફાદાર રૈયત ગણાય છે અને લડાઈના પહેલાં તેનાં અને અમારાં દુઃખો સાથે હતાં એટલે તેઓની પાસેથી કાંઈક ન્યાય મળવાની અમે આશા રાખીએ, છતાં તે પાર્ટીએ એમ જણાવ્યું છે કે હિંદીઓને કશા હક હોવા નહીં જોઈએ. તેની મુરાદો બધી જો હાંસલ થાય તો આજે સ્થિતિ ખરાબ છે તેના કરતાં પણ બહુ વધારે ખરાબ થાય.

(૨૨) ડચ પાર્ટીની પાસેથી ન્યાય મળવો એ આશા રાખવા જેવું નથી.

(૨૩) એટલે સ્વરાજ્ય મળ્યા પછી બ્રિટિશ હિંદી અને તેના જેવા બીજા માણસોનું જો વડી સરકાર આજથી રક્ષણ નહીં કરે તો તેઓને જરાયે ન્યાય મળવાનો સંભવ નથી.

(૨૪) તેથી દેખીતો અને સીધો રસ્તો એ છે કે હિંદીઓના રક્ષણ ખાતર હિંદીઓને ફ્રૅંચાઇઝના હક આપવા.

(૨૫) આની સામે એમ દલીલ કરવામાં આવી છે કે ફ્રિનિખનની સુલેહને લીધે આવી જાતના હક હિંદીને આપી શકાય નહીં.

(૨૬) પણ અમારે માનપૂર્વક કહેવું જોઈએ કે નેટિવ શબ્દના અર્થમાં હિંદીનો સમાવેશ નથી થતો.

(૨૭) નેટિવને લગતા કાયદાથી ટ્રાન્સવાલના કાયદાની ચોપડીઓ ભરપૂર છે. છતાં સૌ કબૂલ કરે છે કે તે કાયદા હિંદીને લાગુ પડતા નથી.

(૨૮) ૧૮૮૫નો કાયદો માત્ર એશિયાના રહીશને લાગુ પડે છે અને નેટિવને લાગુ નથી પડતો. એ વાત પણ બતાવે છે કે ટ્રાન્સવાલમાં નેટિવ અને હિંદી વચ્ચે હંમેશાં તફાવત રાખવામાં આવ્યો છે.

(૨૯) વળી જ્યારે નેટિવ લોકો ટ્રાન્સવાલમાં ગમે ત્યાં જમીન ખરીદી શકે છે ત્યારે હિંદીને તેવા હક નથી.

(૩૦) એટલે દેખીતી રીતે સિદ્ધ થાય છે કે ફ્રિનિખનની સુલેહથી હિંદીને ફ્રૅંચાઇઝનો હક મળવામાં બાધ આવવો ન જોઈએ.

(૩૧) છતાં અમારી જાણમાં છે કે આવો હક આપવાની સામે ડચ અને બ્રિટિશ બંને સામે થશે.

(૩૨) એટલે કદાચ એવો હક ન આપી શકાય તો સ્વરાજ્યનું બંધારણ આપતી વખતે કાળા માણસોને સારુ સાધારણ રીતે જે કલમ રાખવામાં આવે છે તે કલમ ઉપરાંત એવી ખસૂસ કલમ હોવી જોઈએ કે જેથી કરીને હિંદીનું રક્ષણ પૂરેપૂરું થાય. તેઓની સ્વતંત્રતા જળવાય; તેઓને જમીન, વેપાર, હરવાફરવા વગેરેના બધા દીવાની હક મળે અને એમ ન કહી શકાય કે હવે તો સ્વરાજ્ય અપાયું છે એટલે બ્રિટિશ સરકાર વચમાં નથી આવી શકતી. જે કાયદાઓ બાંધવા ઘટે તે કાયદા કાળાગોરાનો ભેદ રાખ્યા સિવાય બધાને લાગુ પડે તેવા હોવા જોઈએ.

(૩૩) આમ થશે તો જ દરેક બ્રિટિશ રૈયતને જે હક હોવો જોઈએ તે હિંદીઓને મળશે અને વખતોવખત જે વચનો ઉપર બતાવ્યા પ્રમાણે બ્રિટિશ સરકારે આપ્યાં છે તે મળશે.

(૩૪) ઉપર લખ્યું છે તેમાંનું ઘણું ઑરેન્જ રીવર કૉલોનીમાં પણ હિંદીને લાગુ પડે છે.

(૩૫) ત્યાં હિંદીને કશા હક નથી અને નોકરવર્ગ સિવાયના બધા હિંદીને અટકાવવાનો સખત કાયદો ચાલુ છે.

Gandhi Heritage Portal

પુરવણી

ટ્રાન્સવાલમાં હાલની અને લડાઈ પહેલાંની સ્થિતિનો નીચે પ્રમાણે મુકાબલો છે :

(૧) લડાઈ પહેલાં વગર હરકતે હિંદી ટ્રાન્સવાલમાં દાખલ થઈ શકતા હતા. હાલ માત્ર જેઓ લડાઈને વખતે ભાગી છૂટયા એવા હિંદીને જ દાખલ કરવામાં આવે છે અને તેમાંથી ઘણી તકલીફ અને ઘણો વખત ગયા બાદ રજા મળે છે. બચ્ચાંઓને સારુ પણ પરમિટોની જરૂર ગણાય છે. અને દરેક હિંદીના અંગૂઠા કાગળિયાં ઉપર લેવામાં આવે છે.

(૨) લડાઈ પહેલાં ત્રણ પાઉંડના કરની સખતી નહોતી. હાલ બધા હિંદીની પાસેથી ત્રણ પાઉંડ લેવામાં આવે છે અને ઓરતોની પાસેથી પણ ત્રણ પાઉંડ લેવાની સરકારે નોટિસ આપી છે.

(૩) લડાઈ પહેલાં ઘણા હિંદી યુરોપિયનના નામે જમીન છૂટથી રાખી શકતા; હાલ ધર્મના અર્થે જોઈતી જમીન પણ હિંદીના નામ ઉપર નથી ચઢતી.

(૪) જોહાનિસબર્ગમાં લડાઈ પહેલાં લોકેશનમાં હિંદીને ૯૯ વર્ષના પટાથી જમીન મળી હતી. હાલ તે જમીન તેઓની પાસેથી લઈ લીધી છે. અને તેને બદલે બીજી જમીન હજુ સુધી નથી મળી.

(૫) લડાઈ પહેલાં નોખું એશિયાટિક ખાતું નહોતું. હાલ રજિસ્ટ્રાર ઑફ એશિયાટિકસ એવું ખાતું નીકળેલું છે અને તે જેમ ફાવે તેમ ચાલે છે.

(૬) બીજા કેટલાક કાયદાઓ લડાઈ પહેલાં બ્રિટિશ સરકાર વચમાં આવતી હતી તેથી અમલમાં નહોતા આવતા. હાલ તે બધા કાયદા પુરજોરથી ચાલે છે.

કૉન્સ્ટિટયૂશન કમિટીએ જે વધારાની હકીકત માંગી હતી તેનો તરજુમો અમે નીચે આપી જઈએ છીએ.

કમિશનરને એમ જણાય છે કે હિંદીને ટ્રાન્સવાલમાં પૂરા દીવાની હકો છે.

કમનસીબે દીવાની હકો ઘણા લઈ લેવામાં આવ્યા છે. હિંદીને જમીનની માલિકીનો હક નથી તે એટલે સુધી કે લાંબા લીસ જોઈએ તે પણ નથી મળી શકતા. માત્ર લોકેશનમાં જ જમીન મળવાના હક છે.

જમીનના હક નથી

જમીનના હક લોકેશનમાંથી પણ લઈ લીધા બરાબર છે. કેમ કે લોકેશનમાં માત્ર પ્રિટોરિયા તથા પૉચેફસ્ટ્રૂમમાં લીસો આપી છે. લોકેશનો પણ બહુ દૂરદૂર ને અગવડભરેલી જગ્યાએ રાખવામાં આવ્યા છે. જર્મિસ્ટનમાં તો હિંદીને પોતાની સ્ટૅન્ડમાં ભાડૂતો રાખવાની પણ મનાઈ કરી છે એટલે બહુ જ અગવડભરેલી સ્થિતિ થઈ ગઈ છે.

આ કાયદો એવી સખતીથી વાપરવામાં આવે છે કે મસ્જિદની જમીન પણ ટ્રસ્ટીના નામ ઉપર ચડતી નથી.

ત્રણ પાઉંડની ફી

હિંદીને ત્રણ પાઉંડની ફી ટ્રાન્સવાલમાં પેસતાં આપવી પડે છે ને ઇંગ્રેજ સરકારે એમ ઠરાવ્યું છે કે ઓરતો તથા છોકરાઓ પાસેથી પણ તે ફી લેવી.

ફૂટપાથ અને ટ્રામવે

હિંદીને જોહાનિસબર્ગમાં તથા પ્રિટોરિયામાં ફૂટપાથ પર ચાલવાની બંધી છે. છતાં ચાલવા દે છે તે મહેરબાની દાખલ. એક વખતે બધા હિંદીને પગથી ઉપર ચાલવાની મનાઈ પણ થઈ હતી.

Gandhi Heritage Portal

હિંદીને પ્રિટોરિયામાં ટ્રામગાડી વાપરવા આપતા નથી.

જોહાનિસબર્ગમાં સાધારણ ગાડીમાં અને ટ્રામમાં પણ બિલકુલ જવા દેતા નથી. ગાડીની પાછળ બીજી ગાડી હોય છે તેમાં કેટલીક વખતે જવાની રજા મળે છે.

હિંદી કોમ એમ ધારે છે કે કાયદેસર ટાઉન કાઉન્સિલ અટકાયત કરી શકતી નથી. ટાઉન કાઉન્સિલ એમ કહે છે કે બોઅર સરકારે કરેલા પુરાણા શીતળાના કાયદાની રૂએ હિંદી કોમને સફેદ લોકોની ટ્રામ વાપરવાની સત્તા નથી. આ બાબત બે વખત કેસ થઈ ગયા ને બન્ને વખત હિંદી કોમ જીતેલી છે. એટલે હવે જે ધારાઓની રૂએ જીતેલ છે તે ધારા ટાઉન કાઉન્સિલે રદ કર્યા છે. (આ બાબત કેમ બની છે તે બધું અમે આગળ આપી ગયા છીએ એટલે ફરી તરજુમો નથી કરતા).

પરમિટનો કાયદો

અગાઉ ગમે તે હિંદીને ટ્રાન્સવાલમાં દાખલ થવાની છૂટ હતી. પણ હવે સુલેહ જાળવવા વિષેનો કાયદો કે જેની સાથે હિંદીનો કશો સંબંધ નથી ને જે માત્ર બંડખોરોને બહાર રાખવાને સારુ ઘડવામાં આવ્યો છે તે હિંદીની સામે અમલમાં લેવામાં આવે છે. નવા હિંદીઓને આવવાની મનાઈ કરવામાં આવે છે એટલું જ નહીં પણ ટ્રાન્સવાલના જૂના રહેવાસી ઉપર નીચેના દાબ છે:

(૧) કાયદો અમલમાં લાવવા બાબત બિલકુલ ધારાઓ ઘડાયેલા નથી.

(૨) જે ધારાઓ છે તે અમલદારની મરજી પ્રમાણે ફર્યા કરે છે. તેથી નીચે પ્રમાણે સ્થિતિ હાલ છે:

(૧) જે હિંદી લડાઈને વખતે જ ટ્રાન્સવાલમાંથી ગયેલો એમ અને અગાડી પાઉંડ ૩ આપ્યા છે એમ જે બતાવી ન શકે તેને ટ્રાન્સવાલમાં દાખલ થવાની રજા નથી મળતી.

(૨) જેઓને દાખલ થવાની રજા મળે છે તેને એક કરતાં વધારે વખત પોતાના અંગૂઠા પાડવાની ફરજ પાડવામાં આવે છે. આ પ્રમાણે ગમે તે સ્થિતિના હિંદી હોય તેની ઉપર લાગુ પાડવામાં આવે છે. જેઓ પોતાની સહી કરે તેને પણ અંગૂઠા પાડવા પડે છે. એક હિંદી ગૃહસ્થ જે વિલાયત જઈ આવેલ છે અને જેને ઈંગ્રેજી ભાષાનું જ્ઞાન છે અને જે જાણીતા વેપારી છે તેને બે વખત અંગૂઠા પાડવા પડ્યા છે.

(૩) આમ જે હિંદીને દાખલ થવાનો હક છે તેની બૈરીને તથા તેના ૧૨ વર્ષની અંદરના છોકરાને પણ પરમિટ લેવી પડે છે.

(૪) ૧૨ વર્ષની કે તેથી વધારેની ઉંમરના છોકરાઓને તેઓનાં માબાપની સાથે જવાની રજા મળતી નથી.

(૫) હિંદી વેપારીને ભરુસાદાર મહેતા વગેરે જોઈએ તેને આવવાની પરવાનગી નથી મળતી.

(૬) જેઓને દાખલ થવાની રજા મળે છે તેઓને ઘણા મહિના સુધી રાહ જોવી પડે છે.

(૭) આબરૂદાર હિંદી ગૃહસ્થને મુદતની પરવાનગી મળતાં પણ મુશ્કેલીઓ આવે છે. શ્રી સુલેમાન મંગાને કે જે વિલાયતમાં બારિસ્ટરનો અભ્યાસ કરે છે તેને ટ્રાન્સવાલમાંથી પસાર થવાની રજા નહીં આપવામાં આવી હતી. જ્યારે એમ માલૂમ પડ્યું કે તે પોર્ટુગીઝ રૈયત છે ત્યારે ધાસ્તીને લઈને તુરત પરવાનગી આપવામાં આવી હતી.

આવી કફોડી હાલત હિંદીની આજ છે અને દિવસે દિવસે બગડતી જાય છે. તેમાં જો વડી સરકાર વચમાં નહીં પડે તો બહુ વધારે ઈજા થવાનો સંભવ છે.

Gandhi Heritage Portal

ગોરાઓ શું કરશે

જો હિંદી ઉપરની સત્તા અહીંના ગોરાઓને આપવામાં આવે તો તેનું પરિણામ શું આવે તે નીચેની હકીકત ઉપરથી જણાઈ રહેશે.

(૧) નેશનલ કન્વેન્શને એવા ઠરાવ પસાર કર્યા કે નવા હિંદીને બિલકુલ નહીં આવવા દેવા, પુરાણા રહીશને લોકેશનમાં હાંકી કાઢવા ને હિંદી વેપારી માત્રને લોકેશનમાં જ વેપારની રજા આપવી. જેઓનો વેપાર લડાઈ વખતે લાઇસન્સથી હતો તેઓને નુકસાનીનો બદલો આપવો.

(૨) પ્રોગ્રેસિવ પાર્ટી એમ માંગે છે કે ગિરમીટિયા સિવાયના બીજા હિંદીને આવવાની મનાઈ કરવી.

(૩) પૉચેફ્સ્ટ્રૂમના લોકોએ તોફાન કરી બારીઓ તોડી હતી.

(૪) બૉક્સબર્ગના ગોરાઓ હિંદીઓને ગામમાં જબરાઈથી વેપાર કરવા નથી આપતા અને હાલના લોકેશનમાંથી બહુ છેટે મોકલવા માંગે છે.

આગલા અનુભવનો મુકાબલો

અગાઉના સ્ટેટમેન્ટમાં ડેપ્યુટેશને બતાવ્યું છે કે ફ્રેંચાઇઝ છીનવી લેવાથી અને સાધારણ સત્તા જે વડી સરકાર રાખે છે તેટલી જ રાખવાથી હિંદીનું રક્ષણ પૂરું નહીં થાય.

ઉપરની અમારી ધાસ્તી વાજબી છે એમ બતાવવા અમે દાખલા આપીએ છીએ.

નાતાલમાં સ્વરાજ્ય સોંપવામાં આવ્યું કે તુરત હિંદી પાસેથી ફ્રેંચાઇઝના હક છીનવી લીધા.

મરહૂમ સર રૉબિન્સને તે વખતે કહેલું કે હિંદીના વોટ લઈ લેવાથી દરેક મેમ્બર હિંદીનો ટ્રસ્ટી બન્યો.[૧] એ ટ્રસ્ટ કેવી રીતે અદા કર્યો એ નીચેની બીનાથી માલૂમ પડશે.

(૧) બધા ગિરમીટિયા ઉપર દર વર્ષે ત્રણ પાઉંડનો કર રાખેલો છે એટલે કે તેઓએ ગિરમિટ પૂરી થયા બાદ યા તો હિંદુસ્તાન જવું અથવા તો કર ભરવો.

(૨) ઇમિગ્રેશનનો કાયદો બનાવ્યો છે જેથી ઇંગ્રેજી નહીં જાણતા હોય તેવા નવા હિંદીને બિલકુલ નાતાલમાં દાખલ થવા નથી દેતા.

(૩) વેપારીને લગતા કાયદામાં એવો ફેરફાર કર્યો છે જેથી લાઇસન્સિંગ અમલદારને લાઇસન્સ દેવું યા ન દેવું તેની સત્તા અપાયેલી છે. એ કાયદાથી મોટામાં મોટા હિંદી વેપારીની સ્થિતિ પણ ભયાનક થઈ પડી છે.

આવા કાયદાઓની સામે વડી સરકાર નથી થઈ શકી.

ટ્રાન્સવાલ તથા ઑરેન્જ રીવર કૉલોનીની વિચિત્ર સ્થિતિ

હિંદીને ફ્રેંચાઇઝ મળે કે નહીં છતાં બંધારણમાં હિંદીના હક જાળવવાને સારુ ખસૂસ શરત આપવી જોઈએ.

જે હકીકત ટ્રાન્સવાલમાં તથા ઑરેન્જ રીવર કૉલોનીમાં જોવામાં આવે છે તેવી હકીકત બીજી કોઈ કૉલોનીમાં નહીં હતી.

જે કારણોને સારુ લડાઈ થઈ તે બધાં હજુ દૂર નથી થયાં. હિંદીની વિરુદ્ધના કાયદા તે લડાઈનું એક કારણ હતું.

૧. જુઓ પુસ્તક ૩, પા. ૪૦૬.

Gandhi Heritage Portal

વડી સરકારે વચન આપેલું કે લડાઈ બાદ કાળા લોકોના બંધ છૂટશે. તે વચન હજુ અદા નથી થયેલું.

જ્યારે વડી સરકારે બંને કૉલોનીને સ્વરાજ્ય આપવાનો ઠરાવ કર્યો ત્યારે હિંદીની સ્થિતિ વિષે વાતચીત તેની ને સ્થાનિક સરકાર વચ્ચે ચાલતી હતી. હવે તે વાતચીત બંધ રહેલી છે.

કેપના કાળા લોકોની બરોબર સ્થિતિ ટ્રાન્સવાલમાં આવવી જોઈએ એમ વડી સરકારે કહ્યું છે તો ત્યાંની સ્થિતિ નીચે પ્રમાણે છે.

(૧) હિંદીને ગોરાના જેટલા જ ફ્રૅંચાઇઝ હકો છે.

(૨) એક જ ઇમિગ્રેશન કાયદો ગોરા ને કાળા બંનેને લાગુ પડે છે.

(૩) ગોરાની જેમ હિંદીને પણ જમીનમાલિકીનો હક છે

(૪) અને જ્યાં જવું હોય ત્યાં જવાની ને વાહનો વાપરવાની છૂટ છે.

જોહાનિસબર્ગ, તા. ૨૯મે ૧૯૦૬

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–६–१९०६ અને ૯–૬–૧૯૦૬

૩૯૫. હિંદી મુસાફરો

હમણાં હમણાં અમારી ગુજરાતી પત્રવ્યવહારની કટારો 'ડેક' વર્ગના હિંદી ઉતારુઓ જેઓ જર્મન ઈસ્ટ આફ્રિકા કં.ની સ્ટીમરોને મોટા પ્રમાણમાં ઘરાકી પૂરી પાડે છે, તેમની ફરિયાદોથી ભરેલી રહે છે. અમારા પત્ર લખનારાઓએ અતિશય ગિરદી, સ્વચ્છતા જાળવવા અંગે અપૂરતી વ્યવસ્થા અને ડેકના ઉતારુઓ પ્રત્યેની સામાન્ય બેપરવાઈની ફરિયાદ કરી છે. તેઓ પૈકી કેટલાક લખે છે કે જ્યારે જ્યારે સ્ટીમરો બંદર કરે છે ત્યારે ત્યારે પ્રવાસીઓને અતિશય અગવડ પડે છે. તે વખતે તેઓ તદ્દન ખુલ્લામાં હોય છે, અને તેમને પોતાના સરસામાનની જગ્યા બદલવાનું જણાવવામાં આવે છે. અમે કંપનીના સ્થાનિક એજન્ટોનું ધ્યાન આ ફરિયાદો તરફ દોરીએ છીએ. અમે જાણીએ છીએ કે, ગરીબ હિંદી પ્રવાસીઓને મુસાફરીની જે રીત પસંદ કરવાની ફરજ પડે છે તેની સાથે ઘણી બાબતમાં કેટલીક અગવડો જડાયેલી છે. ડેક પરની મુસાફરીમાં બહુ સગવડની આશા રાખી નહીં શકાય. છતાં તેની સાથે એ પણ જાણીતી હકીકત છે કે ડેક પરની મુસાફરીમાંથી કંપનીને વધારેમાં વધારે લાભ થાય છે અને ઓછામાં ઓછી તકલીફ પડે છે. એટલે કંપનીના વ્યવસ્થાપકોને લાજમ છે કે, કાંઈ નહીં તો ધનપ્રાપ્તિના કારણે પણ તેઓ ડેકના પ્રવાસીઓ માટે સંજોગો અનુસાર શક્ય તેટલાં સગવડ અને આરામ પૂરાં પાડે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

Gandhi Heritage Portal

૩૬૬. પરવાના બાબત મુકદ્દમો

અમારા જોહાનિસબર્ગના ખબરપત્રીએ જોહાનિસબર્ગની અદાલતમાં મિ. ક્રૉસ સમક્ષ થોડા દિવસ પર ચાલેલા મુકદ્દમાનો હેવાલ મોકલ્યો છે. આદમ ઈબ્રાહીમ નામના બાર વરસની નીચેના એક છોકરાને, તે નોંધણીના દાખલા વિના ટ્રાન્સવાલમાં હતો તેટલા માટે મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

કામ ચલાવવાની આ રીત કંઈક નવીન હતી, કેમ કે અત્યાર લગી આવા મુકદ્દમા શાંતિ રક્ષા ઑર્ડિનન્સ હેઠળ ચાલતા હતા. એ ઑર્ડિનન્સ હેઠળ છટકવાનું બહુ સહેલું ન હતું, પણ દંડ કે કેદના રૂપમાં કંઈ સજા થઈ શકતી નહોતી, જ્યારે ૧૮૮૫ના કાયદા નં. ૩ હેઠળ ગુનેગાર ૧૦૦ પાઉંડ સુધીના દંડને અગર છ માસ સુધીની સાદી અથવા સખત કેદને પાત્ર છે. એ સુખદ વાત છે કે આરોપીના વકીલને એ છોકરો ટ્રાન્સવાલમાં દાખલ થતાં નોંધણી ફી ભરવાને પાત્ર નથી થતો એ દર્શાવવામાં કશી મુશ્કેલી નહોતી નડી.

આમ એવું જણાય છે કે, સરકારે હિંદીઓ પર નાખેલાં બંધન જેટલાં વધારે કષ્ટદાયક હતાં તેટલો જ તેને તોડવા માટેનો કોર્ટના હથોડાનો ઘા વધારે સખત હતો. વહીવટકર્તાઓ જેનો ખુશીથી નાશ કરે, તેની ન્યાયખાતું રક્ષા કરે છે. શું લૉર્ડ સેલબૉર્ન હજી પણ એવું કહેશે ખરા કે જે કાયદો ગેરકાયદે છે એવું પુરવાર થયું છે, તેનો અમલ, યોગ્ય રીતે, અને તે જેને લાગુ પડે છે તેનો પૂરતો ખ્યાલ રાખીને કરવામાં આવે છે?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

૩૬૭. મરહૂમ પ્રોફેસર સત્યનાથન

મદ્રાસનાં છાપાંઓ ઉપરથી માલૂમ પડે છે કે પ્રોફેસર સત્યનાથન ૪૦ વરસની જુવાન ઉંમરે ગુજરી ગયા છે. મરહૂમ ગૃહસ્થ તે ખ્રિસ્તી થયેલા હતા પણ તેમણે હમેશાં હિંદીને સારુ જુસ્સો રાખેલો અને પોતે સાધારણ ખ્રિસ્તીઓની માફક પોતાની જન્મભૂમિ ભૂલી ગયા ન હતા. તેઓ બહુ વિદ્વાન હતા અને તેમને કેળવણીખાતામાં ડેપ્યુટી ડિરેક્ટરનો ઓદ્ધો આપ્યો હતો. પોતે જાપાનમાં ભાષણો કરવા ગયેલા ત્યાં ઘણી મહેનત કરતાં રોગ ગ્રહણ કર્યો અને જાપાનમાં જ મરણ પામ્યા. તેમની યાદગીરીને સારુ વિક્ટોરિયા હૉલમાં મદ્રાસમાં મોટી મીટિંગ થઈ હતી. તેઓ સ્વભાવે સરલ, માયાળુ અને શાંત હતા. તેમની નીતિરીતિ ઘણી જ ઊંચા પ્રકારની હતી અને તેથી તેમને બધા લોકો બહુ જ માન આપતા.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९–६–१९०६

Gandhi Heritage Portal

૩૬૮. કેપમાં કાયદો

અમારો કેપનો ખબરપત્રી લખી જણાવે છે તે ઉપરથી એમ અનુમાન થાય છે કે કેપમાં થોડી મુદતને સારુ જનાર હિંદીને હવે જવામાં અડચણ નહીં આવે. આજ સુધી થોડી મુદત સારુ જવું હોય તો, જેમ નાતાલમાં સાધન છે તેમ કેપમાં જોવામાં નહોતું આવતું.

પણ બીજી તરફથી અમારો ખબરપત્રી જણાવે છે તે પ્રમાણે ઈમિગ્રેશન કાયદામાં જે ફેરફાર આ વખતની પાર્લમેન્ટમાં થવાના છે તે બહુ હરકત કરનાર છે. અમે આગળ લખી ગયા છીએ કે નવો કાયદો પસાર થશે તો ડોમિસાઈલ કોણ થયેલ છે તે ઠરાવવાનો અખતિયાર કોર્ટને બદલે અમલદારના હાથમાં જશે. આમ થશે તો બહુ ભારે પડતી વાત થઈ પડશે. વળી હાલ તો જે માણસ દક્ષિણ આફ્રિકામાં રહીશ હોય તે કેપમાં દાખલ થઈ શકે છે. પણ નવા કાયદા પ્રમાણે નાતાલની જેમ જે માણસ કેપનો વતની હોય તે જ જઈ શકે. આ બંને ફેરફારની સામે બ્રિટિશ ઈન્ડિયન લીગે લડત લેવાની જરૂર છે. અમે ઉમેદ રાખીએ કે લીગના મેમ્બરો તુરત હિલચાલ કરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

૩૬૯. સર હેનરી કૉટન અને હિંદી

ઇન્ડિયામાંથી અમે તારણ કર્યું છે તે ઉપરથી અમારા વાંચનાર જોશે કે સર હેનરી કૉટન જે એક વખતે આસામમાં કમિશનર હતા તે આપણે સારુ પાર્લમેન્ટમાં ખૂબ લડત ચલાવી રહ્યા છે. તેઓનો એ બાબત આપણે ઉપકાર માનીએ છીએ. અમારે આ પ્રસંગે જણાવવું જોઈએ કે સર હેનરી કૉટનની પછાડી કામ કરનાર તે કૉંગ્રેસની બ્રિટિશ કમિટી છે. તે કમિટી જે સવાલો તૈયાર કરે તે સર હેનરી કૉટન મૂકે છે અને બ્રિટિશ કમિટીમાં અગ્રેસર તે સર વિલિયમ વેડરબર્ન તથા હિંદના દાદા દાદાભાઈ નવરોજી છે. એટલે આપણે તે કમિટીના આભાર તળે પણ બહુ રહ્યા છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

Gandhi Heritage Portal

૩૭૦. નાતાલનું ફંડ

ટાઇમ્સ ઑફ નાતાલમાં એક જૂનો કૉલોનિસ્ટ લખી જણાવે છે તેનો તરજુમો અમે બીજી જગ્યાએ આપ્યો છે. એનો ભાવાર્થ એ છે કે હિંદી લોકો લડાઈમાં નથી જઈ શકતા પણ ગયેલાને મદદ તેઓને જોઈતા સામાનની કરી શકે છે. જેમ બોઅર લડાઈ વખતે હિંદીઓએ જે ફંડ નીકળ્યું હતું તેમાં મદદ કરી હતી, તેમ આ વખતે પણ કરવાની જરૂર છે. થોડા પૈસા એકઠા કરી સરકારને અથવા જે ફંડ ચાલુ હોય તેમાં મોકલવાથી સારુ ગણાશે. અને એટલી ફરજ અદા થઈ એમ સમજાશે. અમે ઉમેદ રાખીએ છીએ કે આગેવાનો આ બાબત ઊંચકી લેશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

૩૭૧. નવું સાનફ્રાન્સિસ્કો

ખુદા પલમાં ચાહે સો કરે એ કહેવત અમારા હિંદી વાંચનારાઓની પાસે પહેલી વાર આવે છે એવું છે જ નહીં. એક ઘડીમાં રંક રાય અને રાય રંક બની જાય. એવા દાખલાઓ ઈતિહાસમાંથી ઘણા મળી આવે છે. વળી આ એક માણસની વાત કરી પણ એક આખા શહેર કે દેશને પણ આ મહેલ માળિયાનો નિયમ લાગુ પડે છે ખરો. એ હાલનો સાનફ્રાન્સિસ્કોનો બનાવ સાક્ષી પૂરે છે. ત્રણ લાખ બલકે તેથી પણ વધારે માનવીઓ એક ક્ષણની અંદર ઘરબાર વિનાના થઈ ગયા. મહેલ મંદિરની અંદર સુખચેન માણતાં રાત્રિદિવસની ખબર ન હોય તેવાં હજારોને વાસ્તે ભાંગી-તૂટી ઝૂંપડી પણ મળે નહીં. મોટી વિશાળ સુશોભિત હવેલીઓ તથા સુંદર મોહલ્લાઓ એક ક્ષણની અંદર જમીનદોસ્ત થઈ એક ધૂળનો ઢગલો બની સમયને સલામ કરે છે. બાગ બગીચા ને બંગલાઓને ઠેકાણે ઉજ્જડ વેરાન પથરાઈ ગયું છે. અસંખ્ય માણસો, ઘરબાર ને રોટી વિનાના એક આંખના મિચકારા જેટલા વખતમાં થઈ પડયા છે. એથી કરીને ઈશ્વરની અકળ ગતિથી કોણ વિસ્મિત નહીં થાય? પણ આ કરતાં વધારે છક કરી નાખનારી બિના જુદી છે. આવી ભયંકર હોનારતનો ફટકો લાગ્યા છતાં હિંમત ધરી કમ્મર કસી ખડા થવું એ ખરી બહાદુરી છે. આવું દુર્ઘટ કામ સાનફ્રાન્સિસ્કોની પ્રજાએ માથે લીધું છે. ખંત અને ઉદ્યમ વાસ્તે પ્રખ્યાતિ પામેલી અમેરિકન પ્રજા પોતાની દઢતા બતાવવા લાગી છે. આવા કોપમાં દુનિયાની મદદ લીધા વગર સાનફ્રાન્સિસ્કોને નવા તેજથી ખડું કરવા માટે પ્રયત્ન આદરી દેવાયા છે. એક સુંદર અને રમણીય સાનફ્રાન્સિસ્કો વડે દુનિયાની શોભામાં વધારો કરવાના નકશા ઘડાવા લાગ્યા છે. એક નવું અને દિવ્ય નગર બનાવવા માટે જબરદસ્ત બંધારણો થવા માંડયાં છે. હજારો માણસોને આ નવું શહેર બંધાવવાને દૂર દેશાવરથી બોલાવ્યા છે. એટલું બધું લોઢું મંગાવવામાં આવ્યું છે કે આખા દેશની લોઢાની બજાર સતેજ કરે તેવી અસર થઈ છે. મોટો નવી રૂઢિનો દુનિયાના થોડા ભાગમાં હોય તેવો ફુરજો બનાવવાની ગોઠવણ કરવામાં આવે છે. મોહલ્લાઓ એવા બનાવવાના છે કે જે નવા શહેરને દીપાવે તેવા થઈ પડશે. આવી અનેક રીતે કુદરતના કામની સામે ત્યાંની પ્રજાએ બાથ ભીડવા હિંમત ધરી છે. મનુષ્યની જે બુદ્ધિ વહેતા પાણીના ધોધમાંથી યાંત્રિક બળ ઉત્પન્ન

Gandhi Heritage Portal

કરી હજારો માઈલને છેટે રેલવે ને સંચાઓ ચલાવવા સમર્થ થઈ છે તે મોટા મહાસાગરોને ખેડનારાં ને આકાશની ઊંચાઈને અડનારાં હવા વહાણો (બલૂનો) ઉત્પન્ન કરી શકે છે અને વિશ્વમંડળના બીજા ગોળા ઉપરનાં માણસો સાથે વાત કરવાના અખતરાઓ અજમાવી રહી છે, તે મનુષ્ય બુદ્ધિ પૃથ્વીના પેટની અંદરના હલનચલનની નાડી તપાસી આવા ધરતીકંપના ધ્રુજારાને અટકાવી શકતી નથી તે અફસોસ જેવું છે, તોપણ એ ધ્રુજારા સાથે પણ મનુષ્ય હિંમત સાથે બાથ ભીડે છે એ ખરેખર ખુશી થવા જેવું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २–६–१९०६

૩૭૨. કૉલોનિયલ સેક્રેટરીને પત્ર

ડરબન,
જૂન ૨, ૧૯૦૬

માનનીય કૉલોનિયલ સેક્રેટરી
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની ઍમ્બ્યુલન્સ કોર[૧] ઊભી કરવાની માગણી સંબંધી આપ સાહેબનો ગઈ તા. ૩૦ મીનો પત્ર અમને મળ્યો છે.

અમારી ઑફર કબૂલ રાખવા માટે કમિટી, સરકારનો આભાર માને છે, તથા સરકારની ઇચ્છાને અનુસરીને નાતાલ મિલિશિયાના મુખ્ય મેડિકલ ઑફિસર સાથે લખાણ ચલાવે છે, જે લખાણની નકલ આ સાથે બીડવામાં આવી છે.[૨]

અમે છીએ
સાહેબ,
તમારા આજ્ઞાંકિત સેવકો,
ઓ. એચ. એ. જોહરી
એમ. સી. આંગળિયા
સંયુક્ત માનદ મંત્રીઓ
ના. ઇ. કૉંગ્રેસ

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९–६–१९०६

૧. જુઓ “સંસ્થાન મંત્રીને પત્ર”, પા. ૩૨૦.
૨. જુઓ આના પછીનું પ્રકરણ.

Gandhi Heritage Portal

૩૭૩. પ્રિન્સિપાલ મેડિકલ ઑફિસરને પત્ર

ડરબન,
જૂન ૨, ૧૯૦૬

પ્રિન્સિપાલ મેડિકલ ઑફિસર
નાતાલ મિલિશિયા
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ કોર ઊભી કરવાની માગણી સ્વીકાર કરનારું લખાણ સરકાર તરફથી નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસને મળ્યું છે.

અખતરાને ખાતર ટુકડીની સંખ્યા ૨૦ સ્ટ્રેચર બેરરની રાખવી એવું સરકાર જણાવે છે. માટે અમારી કમિટી ૨૦ માણસોને તમો સલાહ આપો તે સ્થળે અને તે ઉપયોગમાં લેવા રજૂ કરશે. તેમને વાસ્તે ડ્રેસ, તથા વાહનનો યોગ્ય બંદોબસ્ત તમો કરશો એમ અમે માનીએ છીએ.

સરકાર એવું કહે છે કે દર માણસનો એક દિવસનો પગાર ૧ શિ. ૬ પે. પ્રમાણે આપવામાં આવશે. જ્યારે ઑફર કરવામાં આવી ત્યારે હિંદી કોમનો ઇરાદો એવો હતો કે કોરમાં દાખલ થનારનો ખર્ચ હિંદી કોમ પૂરો પાડશે. તેથી અમારા માણસનો ખર્ચ ઉપાડી લેવા હિંદી કોમને રજા આપશે એમ અમારી કમિટી આશા રાખે છે. સાથે એ પણ કહેવાની રજા લઈએ છીએ કે અઠવાડિયાના એક પાઉંડથી ઓછા પગારે કોર ઊભી કરવી એ સંભવિત નથી. જેટલા વખત સુધી કોરની સહાયની જરૂર જણાય તેટલા વખત સુધી આ રકમ આપવા માટે હિંદી કોમ ખુશી છે એમ જણાવવા અમોને સૂચવેલું છે.

વળી અમે એ ઉમેરવાની રજા લઈએ છીએ કે ઘણાખરા માણસો મહેનત કરવા તૈયાર હોવા છતાં ઍમ્બ્યુલન્સ કોરના કામ વાસ્તે પોતાને તક નહીં મળેલી હોવાથી વગર કેળવાયેલા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९-६-१९०६

Gandhi Heritage Portal

૩૭૪. જોહાનિસબર્ગનો પત્ર

ટ્રામ કેસની કહાણી

ટ્રામના કેસે બીજું રૂપ પકડયું છે. ટાઉન કાઉન્સિલે તથા હિંદી વચ્ચે કસાકસી ચાલી રહી છે. બેમાંથી એકે બાજુ મીણ કહેવા માંગતી નથી. ટાઉન કાઉન્સિલે ટ્રામવેને સારુ ધારાની જરૂર નથી, એવું બહાનું કાઢીને ધારાઓ રદ કર્યા. બીજી બાજુએ તેની કમિટીએ મળીને નવા ધારા ઘડી કાઢયા છે. મને ખાનગી ખબર મળ્યા છે તે ઉપરથી હું જાણું છું કે કાઉન્સિલની કમિટીમાં મિ. ડંકન[1] પણ ગયેલા. કમિટીએ એવો વિચાર બતાવ્યો કે ધારાઓમાં એવી કલમ નાખવી કે હિંદીને ટ્રામમાં જવા દેવાની મનાઈ કરવી. તેઓની મરજી હોય તો નોખી ટ્રામમાં બેસે પણ જેને ખાસ છૂટનો પરવાનો આપ્યો હોય તેવા હિંદી બધી ટ્રામ ગાડીમાં બેસી શકે. કમિટીના આવા વિચારની સામે મિ. ડંકન થયા એમ કહેવાય છે. તેણે જણાવ્યું કે હિંદી કોમે રેલવે બાબતમાં સબૂરી પકડી છે તે પ્રમાણે ટ્રામમાં પણ છૂટ મુકાશે તો સબૂરી પકડશે. વધારે હાલાકી થશે તો હિંદી કોમ ઉશ્કેરાશે ને તેનું પરિણામ ઠીક નહીં આવે. હજુ કમિટી ધારાઓ ઘડયા કરે છે. થોડા દિવસમાં ધારા જાહેર થશે એટલે વધારે ખબર પડી શકશે.

આમ ટાઉન કાઉન્સિલ હિલચાલ કર્યા કરે છે. દરમિયાન હિંદી કોમે એક પગલું આગળ ભર્યું છે. ઍસોસિયેશનના પ્રમુખ શ્રી અબદુલ ગની તથા આ છાપાના હાલના ઇંગ્રેજી અધિપતિ મિ. પોલાક તે ટ્રામમાં બેસવા ગયા. શ્રી અબદુલ ગનીને કંડકટરે ના પાડી ત્યારે શ્રી અબદુલ ગનીએ કહ્યું કે જ્યાં સુધી જોર નહીં વાપરવામાં આવે ત્યાં સુધી પોતે ઊતરવાના નથી, તેથી કંડકટરે પોલીસને બોલાવી, પણ તે જ જવાબ મળ્યો. છેવટે ટ્રામનો ઇન્સ્પેકટર આવ્યો ને તેણે વિનયપૂર્વક વાત કરી. તેથી છેવટે એવો ઠરાવ થયો કે શ્રી અબદુલ ગની ઉપર ટ્રામ અટકાવવાનું તહોમત મૂકી તેમની ઉપર કામ ચલાવવું. આ વાત કબૂલ કરી શ્રી અબદુલ ગની તથા મિ. પોલાક ગાડીમાંથી ઊતર્યા. આ ખબર ઇન્સ્પેકટરે ટાઉન કાઉન્સિલને આપતાં ટાઉન કલાર્કે તુરત મળવાની ચિટ્ઠી મોકલી. ટાઉન કલાર્કે કહ્યું કે હવે હિંદીએ બહુ કર્યું છે. તેમણે ટાઉન કાઉન્સિલને વધારે હેરાન નહીં કરવી જોઈએ. થોડા દિવસમાં તે બાબત ધારા બહાર પડશે. ને જો તે ઠીક ન લાગે તો તેની સામે થવું. ટાઉન કલાર્કે માગી લીધું છે કે હમણાં ટાઉન કાઉન્સિલને તકલીફ ન આપીએ તો સારું.

વિલાયતનું ડેપ્યુટેશન

વિલાયત ડેપ્યુટેશન મોકલવા બાબત સર વિલિયમ વેડરબર્નનો બીજો તાર આવ્યો છે. તેમાં જણાવે છે કે જોકે આપણા તરફથી કામ કરનારી કમિટી આપણને ફત્તેહ મળવાની બહુ આશા નથી રાખતી, તોપણ શ્રી ગાંધીને એકને કૉન્સ્ટિટયૂશન કમિટી અહીંથી રવાના થાય તે જ સ્ટીમરમાં મોકલવાની ભલામણ કરે છે. કૉન્સ્ટિટયૂશન કમિટી જુલાઈ માસની શરૂઆતમાં વિલાયત જવાનો સંભવ છે. આ ડેપ્યુટેશનમાં માણસો મોકલવાનો વિચાર કરવા બાબત ઍસોસિયેશનની કમિટીની મીટિંગ ગયા બુધવારની રાતે મળી હતી. તે કમિટીએ એવો ઠરાવ કર્યો છે કે

૧. સંસ્થાન મંત્રી.

Gandhi Heritage Portal

જોહાનિસબર્ગમાં બધા હિંદીઓની મીટિંગ કરી ઉઘરાણાની તજવીજ કરવી. અને જો ઉઘરાણું થાય તો શ્રી ગાંધી ઉપરાંત શ્રી હાજી હબીબ પ્રિટોરિયા કમિટીના સેક્રેટરી તથા શ્રી હાજી વજીર અલીને પણ મોકલવા. આ મીટિંગ વેસ્ટ એન્ડ હૉલમાં બે વાગે મળવાની છે, એવા ખબર આપી ચૂકયો છું.

માઈનર લોકોની માગણી

માઈનર ડેપ્યુટેશન કમિટીની આગળ ગયેલું. તેણે હિંદીને હવે બિલકુલ ન આવવા દેવા તથા તેઓને વેપાર વગેરેનું બીજું લાઈસન્સ નહીં આપવા બાબત ભલામણ કરી છે.

પરમિટની ઈજા

આ ઈજાથી કાયર થઈ હવે ઍસોસિયેશને છેલ્લું પગલું ભર્યું છે. સરકારને લખ્યું છે કે જો હવે પરમિટની ઈજા નહીં છૂટે તો ચાર જાતના ટેસ્ટ કેસ ઍસોસિયેશન માગે છે. તે નીચે પ્રમાણે.

(૧) જેઓ બોઅર સરકારને પાઉંડ ૩ આપ્યા છે એમ સાબિત કરી શકે તેઓને વગર પરમિટે આવવાની છૂટ હોવી જોઈએ.

(૨) જેઓને આવવાની છૂટ છે તેવા માણસોના સોળ વરસની અંદરના છોકરાને છૂટ હોવી જોઈએ અને તે પરમિટ વિના આવી શકવો જોઈએ.

(૩) જેઓને આવવાની છૂટ છે તેવા માણસોની ઓરતને વગર પરમિટે આવવા દેવાની છૂટ હોવી જોઈએ.

(૪) અને સરકાર આપમુખત્યારીથી જેને મરજી પડે તેને જ પરમિટો આપે છે. તેમ ન થતાં કોને પરમિટ આપવા માંગે છે તે વિષે ચોખ્ખા ને કાયદેસર ધારા હોવા જોઈએ.

જો સરકાર આ બાબત સંતોષકારક જવાબ ન આપે તો તે બધી બાબત ટેસ્ટ કેસ કરવાની સૂચના ઍસોસિયેશને આપી છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९-६-१९०६

Gandhi Heritage Portal

૩૭૫. શ્રી દાદાભાઈ નવરોજીને પત્ર

ડરબન,
નાતાલ,
જૂન ૮, ૧૯૦૬

માનનીય શ્રી દાદાભાઈ નવરોજી
કેનિંગ્ટન રોડ,
લંડન

વહાલા સાહેબ,

આપનો છેલ્લો તાર મને મળ્યો હતો, જેમાં સૂચવ્યું હતું કે મારે કમિશનરો સાથે એ જ સ્ટીમરમાં એકલા ઇંગ્લંડ આવવું.

હું તે અનુસાર તૈયારી કરતો હતો તેવામાં નાતાલ સરકાર તરફથી પત્ર આવ્યો કે "હિંદી સ્ટ્રેચર ઉપાડનારી ટુકડી" ઊભી કરવા માટે હિંદી કોમે કરેલી માગણી સ્વીકારી છે. આથી મારે કોઈ પણ દિવસે રણક્ષેત્ર પર જવાનું થાય એવો સંભવ છે.

આ સંજોગોમાં, અમે નક્કી કર્યું છે કે ઇંગ્લંડની મુલાકાત કરતાં પ્રસ્તુત ટુકડીની રચના કરવી એ વધારે અગત્યનું છે. કાંઈ નહીં તો શરૂઆતમાં મારે ટુકડી સાથે રહેવું જોઈએ એવું સૌનું માનવું છે. એ સ્પષ્ટ છે કે નાતાલ સરકારનો ઇરાદો ઍમ્બ્યુલન્સના કામકાજ માટે હિંદીઓની શક્તિની કસોટી કરવાનો છે.

આથી મને ભય રહે છે કે મારે, હાલ પૂરતો, ઇંગ્લંડ આવવાનો કોઈ પણ વિચાર છોડી દેવો જોઈએ.

તેથી અમે સૌ આશા રાખીએ છીએ કે દક્ષિણ આફ્રિકાનાં હિતોની ત્યાં જે સમિતિ સંભાળ રાખે છે તે અહીંની પરિસ્થિતિ સરકાર સમક્ષ મૂકવા માટે જરૂરી પગલાં લેશે.

ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓ વતી બંધારણ સમિતિ આગળ જે નિવેદન[૧] રજૂ થયું છે તે આપે જોયું હશે. પ્રસ્તુત બાબતમાં કહી શકાય તે બધું એમાં આવી જાય છે. એ નિવેદન ચાલુ માસના તા. ૨ના *ઇન્ડિયન ઓપીનિયન*ના અંકમાં પ્રગટ થયું છે.

આપનો વિશ્વાસુ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળની છબી પરથી: જી. એન. ૨૨૭૩

૧. જુઓ "વિલાયતથી આવેલ કમિશનની પાસે રજૂ કરેલી અરજી", પા. ૩૬૫-૭૧.

Gandhi Heritage Portal

૩૭૬. કાફરી બળવો ને હિંદીની ફરજ

નાતાલ સરકારે છેવટે કૉંગ્રેસની ઑફર કબૂલ રાખી છે. આ વાત બહુ સંતોષકારક છે. અને તેથી હિંદી કોમને પોતાની કસોટી કાઢી બતાવવાની મોટી તક મળી છે. નાતાલ સરકારને વીસ માણસો ડોળીનું કામ કરવાને આપવા એ મુશ્કેલીની વાત જરાયે નથી.[1]

સરકારે પગાર આપવા કહ્યું છે. પણ પગાર નહીં લેવાનો વિચાર કર્યો છે તે બરાબર જણાય છે. એક તો જે પગાર આપવાનું કહ્યું છે તે ઓછો છે. અને બીજું એ કે આપણે એટલો બધો ઓછો ભાગ લેવાનો છે કે પગારનો બોજો કોમે ઉઠાવવામાં કોમનું ભૂષણ છે. સરકાર વીસ આદમીની અજમાયેશ કર્યા બાદ વધારે માણસ લેવા કહે છે. એટલે વીસ માણસનો બોજો બરોબર ઉઠાવી હિંદી કોમ પોતાનું નામ વધારશે.

અમે એમ માનીએ છીએ કે જો બસેં માણસોને છેવટે સરકાર માગે તો તેટલા માણસો પણ આપણે ખરચે સરકારને આપવા તે આપણી ફરજ છે. આ અવસર બદલો મેળવવાનો નથી. "હિંદી કોમ લડાઈના કામમાં કાયર" એવું તહોમત આપણી ઉપર છે કે હિંદી કોમના જે માણસો નાતાલમાં વસે છે તે લડાઈનો બોજો ઉઠાવી શકે તેવા નથી. આવું તહોમત આપણે નાસાબિત કરવાનો અવસર આ છે. એ અવસરનો પૂરો લાભ આપણે નહીં લઈશું તો આપણને આગળ ઉપર પસ્તાવું પડશે.

ગોરાઓનો દાખલો આપણે બરોબર યાદ કરવા જેવો છે. લડાઈની વાત થઈ ત્યારથી જ તેઓ લડાઈમાં જવાને તૈયાર થઈ રહ્યા છે. લડાઈમાં જિંદગી ખોવી એ તેઓના મનમાં કંઈ જ નથી. તેઓનો સ્વદેશાભિમાનનો જુસ્સો એવો છે કે તેને ખાતર તેઓ દુઃખ સહન કરવામાં પછાત રહેતા નથી. મોટા માણસોના છોકરા પણ તેમાં દાખલ થાય છે ને ભાગ લે છે. માબાપો તેઓને ખુશીથી મોકલે છે તેવો જ કાંટો આપણામાં આવશે ત્યારે આપણે હિંદુસ્તાનની બહાર નીકળી કંઈ કરી શકશું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९–६–१९०६

[1] જુઓ "કૉલોનિયલ સેક્રેટરીને પત્ર", પા. ૩૭૫.

Gandhi Heritage Portal

૩૭૭. સોલ્જરોને મદદ

કાફર લડાઈમાં ગયેલા સોલ્જરોને મદદ કરવાને સારુ ડરબનની ઓરતોની મંડળીએ ખાસ ફાળો કાઢયો છે. તે ફાળામાં બધા મુખી માણસોએ પૈસા ભર્યા છે. તેમાં કેટલાંક હિંદી નામો જોવામાં આવે છે. અમારી સલાહ છે કે હજુ વધારે હિંદી વેપારીએ તથા બીજાઓએ તેમાં પૈસા ભરવા. અમે ગયે અઠવાડિયે બતાવી ગયા છીએ કે એક માણસે મેરિત્સબર્ગમાં એવું ફંડ કરવાની આપણને સલાહ આપી છે. તે કહે છે કે આપણે લડાઈમાં બીજી રીતે પૂરો ભાગ નથી લઈ શકતા તો આમ મદદ કરી લેવી. સોલ્જરોની જિંદગી કઠણ છે. તેઓને સરકાર જે પગાર ભથ્થું વગેરે આપે છે તે હંમેશાં પૂરતાં નથી હોતાં. એટલે હંમેશાં લડાઈમાં નહીં જનારા પોતાની લાગણી બતાવવા સારુ અને તેઓને જોઈતી ચીજો પહોંચાડવા સારુ ફંડ કરે છે, ને તેમાંથી મેવો, તમાકુ, ગરમ કપડાં વગેરે લઈ મોકલે છે. આવા ફંડમાં આપણે મદદ કરવાની ફરજ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ९–६–१९०६

૩૭૮. નાતાલના હિંદીની મુશ્કેલીઓ

[જૂન ૧૩, ૧૯૦૬ પહેલાં]

નાતાલ મર્ક્યુરીમાં ઉપરની બાબત લખાણ ચાલેલું. તે અમોએ ગયે વખતે અંગ્રેજીમાં આપેલ હતું. તેનો ગુજરાતીમાં સાર નીચે પ્રમાણે છે.

કેટલાક હિંદી આગેવાનો સાથે વાતચીત ઉપરથી અમો (મર્ક્યુરી)એ એવી સૂચના કરી કે હિંદીઓએ પોતાની મુસીબતો ટૂંકામાં લખીને લોકની જાણ વાસ્તે તૈયાર કરવી જેથી કરી લોક મત બાંધવા શક્તિમાન થઈ શકશે. તેઓની સ્થિતિનું નીચે જણાવેલ ટૂંક લખાણ અમોને મોકલવામાં આવ્યું છે.

બે બાબતોથી નાતાલની હિંદી કોમને બહુ સંકટ નડે છે. પહેલી બાબત ડીલર્સ લાઈસન્સિગ ઍકટ વિષે છે. જ્યારે એ કાયદો પસાર થયો ત્યારે મરહૂમ સર હેનરી બીને તેની સામે સખત રીતે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે એ ધારો બ્રિટિશ રાજ્યને છાજે નહીં તેવો છે. અને સુપ્રિમ કોર્ટના સામાન્ય અમલને કારણે મૂકવો એ હાનિકારક બીજ રોપવા જેવું છે. આ દૂર-દેશી શબ્દો સાવ ખરા ઠર્યા છે એમ અનુભવ ઉપરથી સાબિત થાય છે. આ ધારાને અમલમાં લાવતાં શરૂઆતથી અત્યંત ખંત જોવામાં આવી હતી, અને બ્રિટિશ ઈન્ડિયન વેપાર અટકાવવા માટે બેહદ કાળજી બતાવવામાં આવતી હતી. ન્યૂકેસલના લાઇસન્સ આપનાર અમલદારે બધાં હિંદી લાઇસન્સો નવાં કરી આપવા ના પાડી, જોકે કુલ મળીને ફક્ત નવ લાઇસન્સ હતાં. તેમાંથી ફક્ત છ જ નવાં કરી આપવામાં આવ્યાં. ને તે પણ ઘણી મહેનત અને ખરચ કર્યા પછી. આના પરિણામને લીધે અને કૉલોનિયલ ઑફિસના દબાણને લીધે નાતાલ સરકારે લાઇસન્સ અમલદારોને ચેતવણી આપી કે જો તેઓ નરમાશ અને ડહાપણથી એ ધારાનો ઉપયોગ નહીં

Gandhi Heritage Portal

કરે, અને ચાલુ લાઈસન્સોને લાયક રીતે ન્યાય નહીં આપે તો સરકારને ધારામાં સુધારો કરવાની જરૂર પડશે. અને સુપ્રિમ કોર્ટના અગાઉના જ્યુરિસ્ડિક્શનને ફરીથી શરૂ કરવું જોઈશે. થોડા વખત સુધી તો આ સરક્યુલરથી કામ સર્યું, પણ તેથી કાંઈ ઝાઝો ફાયદો થયો નહીં. આ કાયદાનો અમલ કેટલી જુલમભરી રીતે ચાલે છે તેને માટે ત્રણ નમૂનેદાર કેસ પૂરતા છે.

(૧) શ્રી હૂંડામલ આ કૉલોનીમાં થોડા વખત થયાં વેપાર ચલાવે છે, તેમણે ગ્રે સ્ટ્રીટમાંથી વેસ્ટ સ્ટ્રીટમાં દુકાન નાખવાનો વિચાર કર્યો હતો.[1] આરોગ્યતા બગાડે તેવો કંઈ વાંધો તે દુકાન પરથી ઊઠે તેમ ન હતું. તે દુકાન એક હિંદી જમીનદારના કબજામાં હતી, અને કેટલાંક વરસ થયાં હિંદી વેપારીઓથી વપરાતાં મકાનોની હારમાં આવેલી હતી. શ્રી હૂંડામલ ફેન્સી માલ અને હિંદુસ્તાન, જાપાન, ચીન વગેરે દેશોના રેશમ અને બીજી કેટલીક ફેન્સી ચીજોનો વેપાર કરે છે. કોઈ ગોરાની હરીફાઈમાં તે ઊતરતો ન હતો. તેની દુકાન બહુ સ્વચ્છ રાખવામાં આવતી, છતાં પણ ટાઉન કાઉન્સિલે તેને વેસ્ટ સ્ટ્રીટમાં વેપાર કરવાનું લાઈસન્સ ન આપ્યું.

(૨) શ્રી દાદા ઉસ્માન બોર લડાઈ પહેલાં કેટલાંક વરસ થયાં વ્રાઈહેડમાં વેપાર ચલાવતા હતા.[2] જે ઠેકાણે તેનો વેપાર ચાલતો હતો તે જગ્યા બોર અમલ વખતે લોકેશન અથવા બજાર તરીકે ગણવામાં આવતી. જ્યારે વ્રાઈહેડ નાતાલ સાથે જોડી દેવામાં આવ્યું ત્યારે લાઈસન્સ આપનારી બોર્ડે લાઈસન્સ નવું કરી આપવા ના પાડી, અને કહ્યું કે ટાઉનથી કેટલેક દૂર બીજા લોકેશનમાં જાય તો જ લાઈસન્સ આપે; પણ બીજા લોકેશનમાં બિલકુલ વેપાર ચલાવાય એવું ન હતું. આથી શ્રી દાદા ઉસ્માનને વ્રાઈહેડના વેપારમાં સખત ખોટ ખમવી પડી છે. આ કેસમાં તેમ જ શ્રી હૂંડામલના કેસમાં મોભાદાર ગોરાઓનાં સર્ટિફિકેટો મેળવવામાં આવ્યાં હતાં કે અરજદારો આબરૂદાર વેપારી છે. વળી એ યાદ રાખવાનું છે કે વ્રાઈહેડમાં શ્રી દાદા ઉસ્માનની દુકાન એ એક જ હિંદી સ્ટોર હતો. નાતાલના એ ડિસ્ટ્રિક્ટમાં ટ્રાન્સવાલના એશિયાટિક વિરુદ્ધના કાયદાઓ દાખલ કર્યાથી આ સંકટમાં ઉમેરો થાય છે. આનું પરિણામ એ આવ્યું છે કે વ્રાઈહેડના બ્રિટિશ ઇન્ડિયનને નાતાલના કાયદાનો ભાર સહન કરવાનો એટલું જ નહીં પણ ટ્રાન્સવાલના કાયદાથી નીપજતો ભાર પણ સાથે જ ઉઠાવવો પડે છે.

(૩) શ્રી કાસમ મહમદ લેડીસ્મિથ પાસે એક ખેતર ઉપર ત્રણ વરસ થયાં વેપાર ચલાવે છે. કેટલાક વખત ત્યાં ફક્ત તેનો જ સ્ટોર હતો. હાલમાં તેની પાસે એક બરડેટ ઍન્ડ કં., નામની કોઈ યુરોપિયન પેઢીએ સ્ટોર નાખ્યો છે. મિ. કાસમ મહમદની ગેરહાજરીમાં તેના નોકરને સપડાવીને રવિવારે વેપાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો. તે નોકરે આ સપડાવનારાઓને એક સાબુનો કટકો તથા થોડી સુગર આપી હતી. આ જવાબદારીનો લાભ લઈ મેસર્સ બરડેટ ઍન્ડ કં.એ શ્રી કાસમના નવા લાઈસન્સની અરજી સામે વાંધો ઉઠાવ્યો. લાઈસન્સ અમલદારે આવા વાંધાને કાન દીધો અને લાઈસન્સ આપવા ના પાડી. બોર્ડને અપીલ કરવામાં આવી હતી. પણ બોર્ડ કહે કે અમલદારનો ચુકાદો બરાબર છે. અરજ કરતાં કોર્ટે કહ્યું કે તેને કોઈ પણ જાતનો પક્ષપાત નથી, જેવી રીતે એક યુરોપિયનને ચુકાદો મળ્યો હતો તેવો જ ચુકાદો શ્રી કાસમને આપવાનું કહ્યું. પણ તે ભૂલભરેલું છે. ગોરા ઉપર તો કાયદાવિરુદ્ધ ખાણમાં કામ કરનાર હિંદીને અફીણ વેચવાનો આરોપ હતો. વળી તેના ઉપર બીજાં કેટલાંક તહોમત પણ

૧. જુઓ પુસ્તક ૪, પા. ૪૦૬-૭.
૨. જુઓ પુસ્તક ૩, પા. ૧૯-૨૪.

Gandhi Heritage Portal

હતાં. શ્રી કાસમના નોકરે રવિવારે વેચાણ કર્યું તે કાયદાના ભંગમાં કોઈ ફેરફાર નથી. શ્રી કાસમ મહમદે આબરૂદાર યુરોપિયન પેઢીવાળાઓ પાસેથી સર્ટિફિકેટો મેળવેલ હતાં.

ઉપરના ત્રણે કેસમાં અરજદારોના ઘણેભાગે કમાઈ અને ગુજરાનનું સાધન જે લાઇસન્સ તે છીનવી લેવાનું જરા પણ વાજબી કારણ હતું નહીં. તે બધા સ્થાવર મિલકતની ગણતરીમાં હતા. છતાં પણ પ્રજાની બોર્ડે ન્યાય અને ઇન્સાફની લાગણીને પગ તળે છૂંદી નાખતાં જરા પણ આંચકો ખાધો નથી. સુપ્રિમ કોર્ટને જ્યુરિસ્ડિક્શનની સત્તા રાખવા દીધી હોત તો આવો હડહડતો અન્યાય કદી પણ ન થઈ શકયો હોત. જેમનાં મકાન ગંદકીવાળાં કે બેડોળ હોય તેવા વેપારી તરફ વાંધો ઉઠાવવામાં આવે તે પણ સમજી શકાય. વળી (ગોરી) પ્રજાની લાગણી અને દુરાગ્રહ જોઈ હિંદીઓને સાવ નવાં જ લાઇસન્સ કાઢી આપવામાં કદાચ અચકાવું પડે એ પણ કદાચ સમજી શકાય તેમ છે. પણ ઉપરના કેસોમાં અને તેવા જ બીજાઓને જે ચુકાદો આપવામાં આવ્યો છે તે ન્યાય છે એમ ભાગ્યે જ કહી શકાય. આ બાબતમાં હાલમાં જ તાજું છપાયેલ કેપ બિલ બારીકીથી જોવામાં આવે તો બહુ ફાયદો થાય અને આ સવાલ પર કેટલુંક અજવાળું પાડી શકાય. તે કાયદામાં કાંઈ પણ વાંધો લેવા જેવું છે જ નહીં, તોપણ નાતાલનો કાયદો જે કંઈ કરવા માગે છે તે બધું તે કાયદાથી બજાવી શકાય. બ્રિટિશ લાગણીઓ દુઃખાય નહીં, અને ઇન્સાફ અને ગેરઇન્સાફના સાદામાં સાદા વિચારોમાં પણ ભંગ ન થાય.

વળી લાઈસન્સિંગ અમલદારોને જે સરક્યુલર સરકારે મોકલ્યા છે તેથી બીજી મૂંઝવણો પેદા થાય છે. તે સરકાર એમ જણાવે છે કે હિંદી અરજીઓમાં એક માણસ બીજાનું લાઇસન્સ વાપરે નહીં તેટલા માટે લાઇસન્સના પાનાની સામેની બાજુએ અંગૂઠાની છાપ લગાડવી. ખાસ હિંદીઓને આમ શા માટે કનડવા જોઈએ તે સમજી શકાતું નથી. કોણ જાણે કદાચ સરકારનો એવો હેતુ હોય કે હાલના વેપારીઓ ધંધામાંથી પરવારે અથવા તો દુકાનો વેચવા માગે તો તરત જ તે દુકાનનું લાઇસન્સ હંમેશને માટે બંધ કરવું. વેપારીઓના મનમાં આવા કાયદાથી શું અસર થાય તેનું વર્ણન કરવા કરતાં કલ્પના કરવી એ જ વધારે સારું છે.

ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન ઍક્ટ

આ કાયદા મુજબ પાછળથી સરકારે કેટલાક ધારા બાંધ્યા છે. આ ધારાઓથી જુલમ ભરેલી ફી હિંદીઓ પર નાખવામાં આવી છે. નાતાલમાં વસવાટ કરી રહેલો કોઈ પણ હિંદી ફરીથી નાતાલમાં દાખલ થવા માગતો હોય તો હંમેશાં પોતાની પાસે દસ્તાવેજી પુરાવો રાખે છે અને સરકાર જોઈતી સાબિતી મળ્યા પછી વસવાટનું સર્ટિફિકેટ આપે છે તે માટે હજુ સુધી ૨/દનો નામનો ચાર્જ લેવામાં આવતો, પણ હવે તેને બદલે ૧ પાઉન્ડ ભરવો પડે છે. તેવી જ રીતે થોડા વખતની મુલાકાત વાસ્તે કૉલોનીમાં આવનાર અથવા તો એક બીજી કૉલોનીમાં જવા-આવવા નાતાલમાંથી પસાર થનારાઓને માટે પાસ આપવામાં આવે છે. આવા પાસને વિઝિટર્સ અથવા એમ્બારકેશન પાસ કહેવામાં આવે છે. આજ સુધી તેને વાસ્તે કાંઈ ફી લેવામાં આવતી નહીં. ફક્ત દશ પાઉંડ ડિપૉઝિટ લેવામાં આવતા, જે કૉલોની છોડતી વખતે પાછા મળતા. આ વિઝિટર્સ અને એમ્બારકેશન પાસ ઉપર એક પાઉંડ ફી લેવાનું શરૂ થયું છે. નાતાલની કૉલોનીમાં પસાર થવાથી બ્રિટિશ ઇન્ડિયનો રેલવે રેવન્યુમાં વધારો કરે છે. એટલું જ નહીં પણ તે રેલવે રેવન્યુ ભરવાના હક માટે ૧ પાઉંડ દંડ આપવો એ જુલમ ગણાય.

વિઝિટરોની બાબતમાં પણ આ દલીલ લાગુ પડે છે. કાયદો જાથુ વસવાટ કરનારાઓને અટકાયત કરે છે. પણ થોડો વખત રહીને ચાલ્યા જનારાઓને નહીં. થોડો વખત રહેનારાઓએ

Gandhi Heritage Portal

કાયદા મુજબ પાછા જવું જ જોઈએ. આવી દેખરેખનું ખર્ચ સરકાર માથે જ હોવું જોઈએ. થોડો વખત રહીને પાછા જનાર ઉપર ઈમિગ્રેશન રિસ્ટ્રિક્શનનો કાયદો લાગુ પડે છે. અને તેને કૉલોનીની વિઝિટ લેવાને રજા આપે તેમાં પણ તેને જાણે હક કેમ આપી દીધો હોય એમ ગણે છે. આમ લેખવા વાસ્તે કાયદામાં કંઈ આધાર મળતો નથી. એવા કેસો બન્યા છે કે જોહાનિસબર્ગના બ્રિટિશ ઇન્ડિયનોએ એમ્બારકેશન પાસ સારુ એક એક પાઉંડ ખરચ્યા પછી ઇન્ડિયા જવાનું મુલતવી રાખવાની જરૂર પડી હતી છતાં પણ તેઓને ફીનો એક પાઉંડ પાછો આપવામાં આવ્યો ન હતો, ફરીથી જવું હોય તો આગલો એમ્બારકેશન પાસ નકામો થાય છે, ને બીજો પાઉંડ ખરચીને નવો પાસ કઢાવવો પડે છે. આવી ફીનો અર્થ એટલો જ થાય છે કે, સરકાર આડકતરી રીતે બ્રિટિશ ઇન્ડિયનો પર વેરો નાખે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३-६-१९०६

૩૭૯. વફાદારીના શપથ

અમે નીચે સહી કરનારાઓ અંતઃકરણપૂર્વક અને સત્યતાથી વચન આપીએ છીએ કે અમે નિમકહલાલ થઈશું અને નામદાર શહેનશાહ સાતમા એડવર્ડ, તેના વારસો અને તેની પછી ગાદીએ આવનારા પ્રત્યે વફાદારી બતાવીશું અને કાયદાની રૂએ સ્ટ્રેચર બેરર ટુકડીના મેમ્બરો મટી ન જઈએ ત્યાં સુધી નાતાલ કૉલોનીના ઍક્ટિવ મિલિશિયા ફોર્સના વધારાના લિસ્ટમાં નિમકહલાલીથી નોકરી બજાવીશું. આ નોકરીના બદલામાં અમોને ભત્તું, ડ્રેસ, સરંજામ તથા દરરોજ ૧/૬ [૧ શિ. ૬ પે.] મળવું જોઈશે.

એમ. કે. ગાંધી, યુ. એમ. શેલત, એચ. આઈ. જોષી, એસ. બી. મેઢ, ખાન મહમદ, મહમદ શેખ, દાદા મિયાં, પૂતી નાઈકન, આપાલસામી, કુંજી, શેખ માદર, મહમદ, અલવાર, મુથુસામી, કુપુસામી, અજોધ્યાસિંગ, કીસામા, અલી, ભાઈલાલ, જલાલુદ્દીન[1]

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६-६-१९०६

૧. જુઓ "ઇન્ડિયન સ્ટ્રેચર બેરર કોર", પા. ૩૬૬-૭.

Gandhi Heritage Portal

૩૮૦. લૉર્ડ સેલબૉર્ન

જર્મિસ્ટનમાં નવા ટાઉનહૉલનો પાયો નાખતી વખતે લૉર્ડ સેલબૉર્ને અર્થસૂચક ભાષણ કર્યું છે. તે ભાષણમાં નીતિને લગતી તેમ જ રાજ્યપ્રકરણી શિખામણોનો સમાવેશ થાય છે. રાજ્યદ્વારી દૃષ્ટિથી જોતાં તે ભાષણ ગોરાઓને ઉદ્દેશીને કરેલ હોવાથી આપણને ઓછું વિચારવા જેવું હોય, પણ નૈતિક રીતે લૉર્ડ સેલબૉર્નના શબ્દો મનન કરવા જેવા છે. તેથી તેનો સાર નીચે આપીએ છીએ:

રાજ્યદ્વારી બાબતોમાં મથન કરનારા આપણી (ગોરી) પ્રજાના જીવનને વાસ્તે મ્યુનિસિપાલિટીઓની અસર ઘણી જરૂરી છે. મ્યુનિસિપાલિટીઓ એ રાજ્યના કારભાર વાસ્તે માણસોને તૈયાર કરનાર નિશાળો છે. ત્યાં આપણી સમગ્ર પ્રજાની જાતિના સ્વતંત્રતારૂપી બીજને પોષણ મળે છે. અંગ્રેજ લોક સરળ પણ પરાધીન રાજ્ય કરતાં, નિષ્ઠુર પણ સ્વાધીન રાજ્યચલણને વધારે પસંદ કરે છે. મ્યુનિસિપાલિટીઓ દરેક વખતે અને દરેક સ્થળે લોકમતનું મુખ્ય સ્થાન છે. જેઓ મેમ્બર તરીકે ચૂંટાય છે તેઓ એકલાને નહીં પણ ચૂંટાનારા તથા તે બાબતમાં ચર્ચા કરનારાઓને પણ મ્યુનિસિપાલિટી એક જાતની કેળવણી આપે છે. ચૂંટાનારાઓએ યોગ્ય ટીકા કેવી રીતે કરવી તે ભૂલવું ન જોઈએ. આ પ્રદેશ એવો છે કે જ્યાં વાવાઝોડાં ખૂબીવાળાં થાય છે. વાવાઝોડાં કુદરતી તેમ જ રાજદ્વારી બે રીતનાં થાય છે. કુદરતી વાવાઝોડાં વખતે સ્થિરતા જાળવી રાખનાર ઠરેલ સ્વભાવનો કહેવાય તેવી રીતે રાજદ્વારી વાવાઝોડાં વખતે સ્થિર વૃત્તિ રાખનાર ઠરેલ નીતિનો ગણાય. સારા અને માઠા બંને અવસર વખતે જે માણસ પોતાની રહેણીકરણીને વળગી રહે તે જ માણસને હું વિશ્વાસપાત્ર ગણું છું. પોતાના શબ્દોનો યા તો કામોનો લોક સવળો અર્થ કરે કે અવળો અર્થ કરે તોપણ માણસ પોતે પોતાના સિદ્ધાંતો તરફ અડગ છે એમ બતાવી આપવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६–६–१९०६

૩૮૧. મિ. સીડન

ન્યૂઝીલૅન્ડનો પ્રાઈમ મિનિસ્ટર મિ. સીડન[1] ૬૧ વરસની ઉંમરે કોઈ પણ જાતની માંદગી ભોગવ્યા વગર મરણ પામ્યો છે. તે એક બાહોશ રાજદ્વારી અંગ્રેજ હતો. તેણે લાંબા વખત સુધી ન્યૂઝીલૅન્ડના ચૂંટાયેલા પ્રમુખનો હોદ્દો ભોગવી નામના મેળવી હતી, અને પોતાની દેખરેખ તળેના મુલકને આબાદ બનાવવા શક્તિમાન થયો હતો. કૉલોનિયલ રાજ્યતંત્રીઓમાં મોખરે મૂકી શકાય તેવો હતો. જોકે વડી સરકારથી ઉપરવટ જઈને પણ કૉલોનીની સત્તા વધારવા તે પ્રયત્ન કરતો રહ્યો હતો છતાં પણ બ્રિટિશ સામ્રાજ્યના લાભોને નુકસાન પહોંચે તેવું વલણ તે નહીં

૧. રિચાર્ડ સીડનનું મૃત્યુ ૧૦મી જૂન ૧૯૦૬ના રોજ ઑસ્ટ્રેલિયાના પ્રવાસેથી ઑસ્વેસ્ટ્રી ગ્રૅંજ દ્વારા ન્યૂઝીલૅન્ડ પાછા ફરતાં રસ્તામાં થયું હતું.

Gandhi Heritage Portal

ધરાવતો હોવાથી બ્રિટિશ રાજ્યકારોબારીઓમાં તે હમેશાં આગળપડતો ભાગ લેવાને લાયક ગણાયો હતો.

જ્યુબિલી કૉલોનિયલ કૉન્ફરન્સ અને કૉરોનેશન કૉન્ફરન્સ વખતે તે કૉલોનિયલ પ્રાઈમ મિનિસ્ટરોમાં પહેલો નજરે ચડતો. આવા રાજ્યકારોબારીના મરણના ખબર બ્રિટિશ રાજ્યના દરેક ભાગમાં દિલગીરી ઉપજાવશે. મિ. સીડનના મરણની દિલગીરીના વખતે પ્રજા ઉપર નામદાર એડવર્ડે દિલસોજીનો સંદેશો મોકલ્યો છે. નાતાલની સરકારે પણ દિલસોજી મોકલેલ છે. એ તે માણસનું નામ વખણાયેલું હતું તે બતાવનારી બિના છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १६-६-१९०६

૩૮૨. પેટ્રોલ લીડરને પત્ર

ડરબન,

જૂન ૧૮, ૧૯૦૬

ચીફ લીડર એન. શિયાસ્સારી
પૉઈન્ટ (ફુરજો)
[ડરબન]

વહાલા સાહેબ,

ચોથા વૉર્ડના લીડર કૅપ્ટન ડ્રેએ[૧] એ વૉર્ડના પેટ્રોલના જે સભ્યો પોતે ગણવેશનો ખર્ચ ઉપાડી ન શકે એમ હોય તેમને ગણવેશ પૂરા પાડવા માટે સદરહુ વૉર્ડના રહેવાસી હિંદી વેપારીઓમાં ઉઘરાણું કરવા પ્રયાસ કર્યો છે. અમને જણાવતાં ઘણો આનંદ થાય છે કે કૅપ્ટન ડ્રેની આંકેલી રકમ કરતાં વધારે રકમ અમે હવે એકઠી કરી છે. આ સાથે જોડેલી યાદી પરથી આપ તે જોઈ શકશો. ૭૦ પાઉંડ ૧૫ શિલિંગની જરૂર હતી, અને ૮૬ પાઉંડ ૭ શિલિંગ ભરાયા છે.

આ સાથે અમે આપને ૫૦ પાઉંડની રકમ મોકલીએ છીએ અને તે ઉપર કહ્યા મુજબ વાપરવાની છે. જો આપને વધારે જરૂર પડશે તો અમે આપને બાકીની રકમ મોકલીશું.

નાણાં ભરનારની જાણ માટે, જેને જેને ગણવેશ લાવી આપવામાં આવ્યા તેની યાદી આપ કૃપા કરીને અમને મોકલશો તો અમે ઉપકૃત થઈશું.

બંડ તદ્દન નિષ્ફળ ગયું છે તે જોતાં હવે એ રકમની જરૂર ન હોય તો, અમે માનીએ છીએ કે તે અમને પરત કરવામાં આવશે.

અમે એટલું કહેવા માગીએ છીએ કે જો ગણવેશ ખરીદવામાં આવે તો તે ચોથા વૉર્ડની મિલકત તરીકે રહેવા જોઈએ.

૧. એમણે કૉંગ્રેસ હૉલમાં જૂન ૨ને દિવસે પ્રસ્તુત વૉર્ડના હિંદી રહેવાસીઓની સભાને સંબોધી પ્રવચન કર્યું હતું. કોમના બીજા નેતાઓ સહિત ગાંધીજીએ પણ સભાને ઉદ્‌બોધન કરેલું. ગણવેશ માટે ૭૦ પાઉંડનું ઉઘરાણું અને ઍમ્બ્યુલન્સ કામ માટે ૧૬ માણસ પૂરા પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

અંતે, ચોથા વૉર્ડના પોતાના સાથી રહેવાસીઓના જાનમાલની રક્ષા માટે જે નાગરિકો આગળ આવ્યા છે તેમના કાર્યની આટલા નાના પ્રમાણમાં પણ કદર કરવાની તક આપવા માટે અમે કૅપ્ટન ડ્રૂનો આભાર માનીએ છીએ.

આપના વિશ્વાસુ,
એસ. પી. મહંમદ ઍન્ડ કં.

[બિડાણ]

નાણાં ભરનારની યાદી	પા. શિ. પે.
અબુબકર આમદ ઍન્ડ કં.	૧૦–૧૦–૦
એમ. સી. કમરૂદ્દીન ઍન્ડ કં.	૧૦–૧૦–૦
દાઉદ મહમદ	૧૦–૧૦–૦
બી. ઇબ્રાહીમ ઇસ્માઈલ	૮–૮–૦
પી. દાવજી મહમદ	૭-૧૦-૦
જી. એચ. મિયાંખાન	૬–૬–૦
પારસી રુસ્તમજી	૬–૬–૦
એસ. પી. મહમદ	૪–૪–૦
એમ. સી. આંગળિયા	૨–૨–૦
હુસેન કાસિમ	૨–૨–૦
અબદુલ હક ઍન્ડ આમદ	૨-૧૦-૦
એ. હક મહમદ ઇસ્માઈલ	૨–૨–૦
એ. એમ. પારુક	૨–૨–૦
એમ. એસ. રાંદેરી	૧–૧–૦
જી. એચ. રાંદેરી	૧–૧–૦
ઈ. એ. તૈયબ	૧–૧–૦
એન. કોટવાલ	૨–૨–૦
ઈસ્ટ ઇન્ડિયન ટ્રેડિંગ કં.	૨–૨–૦
દાદા અબદુલા ઍન્ડ કં.	૧–૧–૦
અબદુલ હક કાજી સાહેબ	૧–૧–૦
આઈ. બી. તિમોલ	૧–૧–૦
એક મિત્ર	૦-૧૫-૦
કુલ	૮૬–૭–૦

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

Gandhi Heritage Portal

૩૮૩. જી. કે. ગોખલેને પત્ર

સ્ટૅંગર છાવણી,
જૂન ૨૨, ૧૯૦૬

સ્નેહી પ્રોફેસર ગોખલે,

આ પત્ર હું સ્ટૅંગર[૧] ખાતેની લશ્કરી છાવણીમાંથી લખું છું. ડોળીવાહક હિંદી ટુકડીને કૂચ કરવાનો હુકમ ગઈ કાલે મળ્યો. આ વખતે ટુકડીનું કામ વધારે મુશ્કેલ છે. કોઈ પણ સંજોગોમાં, જો ટુકડી બનાવવી જ હોય તો, મારે ટુકડી સાથે રહેવું આવશ્યક હતું. આથી, મારે ઇંગ્લંડ આવવાનો પ્રશ્ન હાલ મુલતવી રાખવો જોઈશે.

આપના લાંબા પત્ર માટે, તથા તેમાં આપે કરેલાં સૂચન માટે હું આપનો ખૂબ આભરી છું.

હું માનું છું કે મિ. મોર્લી સાથેની આપની મુલાકાતોનું[૨] પરિણામ અમને વખતસર જાણવા મળશે. આપ દક્ષિણ આફ્રિકામાં થઈને જઈ શકો તો આપનું સુંદર કાર્ય વધારે શોભી ઊઠશે. એ વિચાર સ્વાર્થભર્યો છે તે હું જાણું છું, પણ અત્યારે મારું સમગ્ર કાર્ય માત્ર દક્ષિણ આફ્રિકા સાથે સંકળાયેલું છે, એ જોતાં એ વિચાર માટે ક્ષમા આપશો.

આપનો સાચો,
મો. ક. ગાંધી

[પ્રોફેસર ગોખલે
લંડન]

[મૂળ અંગ્રેજી]

મૂળ હસ્તલિખિત પ્રત પરથી : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સૌજન્યથી

૩૮૪. પરમિટ સંબંધી એક મહત્ત્વનો કેસ

ન્યાયનો ફરી એક વાર વિજય થયો છે, અને ટ્રાન્સવાલના એશિયાઈ પરવાના ખાતાના અત્યાચારો પર વૉક્સરસ્ટના મુખ્ય મૅજિસ્ટ્રેટને હાથે લાભદાયી અંકુશ મુકાયો છે. પ્રસ્તુત મુકદ્દમાના, અમારા જોહાનિસબર્ગના ખબરપત્રીએ મોકલેલા હેવાલ પરથી જણાય છે કે હેડલબર્ગવાળા જાણીતા વેપારી શ્રી એ. એમ. ભાયાતના ભાઈ શ્રી ઈ. એમ. ભાયાતને, પોતે સંસ્થાનના જૂના રહેવાસી છે અને ટ્રાન્સવાલમાં વસવા માટે વલંદા સરકારને ત્રણ પાઉંડની ફી ભરી ચૂકયા છે એવું સાબિત કરવા છતાં, ટ્રાન્સવાલમાં ફરી પ્રવેશ કરવા માટેનો પરવાનો આપવાનો ઇન્કાર કરવામાં આવ્યો

૧. ડરબનથી ઈશાન ખૂણે ૪૫ માઈલ દૂર આવેલું નગર.

૨. બનારસ ખાતે ડિસેમ્બર ૧૯૦૫માં કૉંગ્રેસ બેઠકનું પ્રમુખસ્થાન ગોખલેએ લીધું હતું. એ હાલ ઇંગ્લંડમાં હતા, અને મિ. મોર્લીને બંગભંગ, (રાજકીય) સુધારાની દરખાસ્તો તથા હિંદના સામાન્ય હિતના પ્રશ્નો સંબંધમાં કેટલીક વાર મળ્યા હતા.

Gandhi Heritage Portal

હતો. શ્રી ભાયાતની અરજીને ખૂબ જ લાગવગ ધરાવતા યુરોપિયનોનો ટેકો હતો. તેમને ટ્રાન્સવાલ જઈને પોતાના ભાઈનું કામ સંભાળવાનું હતું. કારણ કે તેમના ભાઈને તબિયતને કારણે હિંદ જવાની જરૂર હતી. આવી સાબિતી છતાં શ્રી ભાયાતને પરમિટ મળી શકી નહીં. અને તે ન આપવા માટે બહાનું એવું કાઢવામાં આવ્યું કે યુદ્ધ શરૂ થયું તેનાથી કેટલોક સમય પહેલાં તેમણે ટ્રાન્સવાલ છોડેલું હોવાથી તેમને નિર્વાસિત ગણી શકાય નહીં. એમનો કેસ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન દ્વારા લૉર્ડ સેલબૉર્ન આગળ રજૂ કરવામાં આવ્યો, પણ નામદારે રાહત આપવા ના પાડી. આવા અગત્યના કેસમાં હાઈ કમિશનરે ન્યાય આપવાનો ઇન્કાર કર્યો એ એક ખેદ-ભર્યા આશ્ચર્યની વાત છે. થોડા વખત પર નામદારે કહેલું કે હિંદી કોમ વાજબી આદરમાનને પાત્ર છે; તે આદરમાન એમણે બતાવ્યું નથી એવી ફરિયાદ કરવાનો હિંદીઓનો અધિકાર છે.

એ ઇન્કારથી ચિડાઈને શ્રી ભાયાતે સંસ્થાનનાં ન્યાયાલયોમાં અપીલ કરી, અને તેનો ચુકાદો પૂરેપૂરો તેમની તરફેણમાં આવ્યો. શાંતિરક્ષા વટહુકમનો મૅજિસ્ટ્રેટે ઘટાવેલો અર્થ એ છે કે જે હિંદીઓએ જૂની સરકારને ત્રણ પાઉંડ ભર્યા હોય તેઓ, એ ભરણાની સાબિતી આપીને, પરમિટ સિવાય ટ્રાન્સવાલમાં દાખલ થઈ શકે છે.

આ મુકદ્દમાએ ફરી એક વાર બતાવી આપ્યું છે કે ટ્રાન્સવાલમાં કોઈ હિંદીને માટે સરકારને હાથે ન્યાય મેળવવાનું કેટલું મુશ્કેલ છે. આ સંસ્થાનમાં બ્રિટિશ આધિપત્ય સ્થપાયું છે ત્યારથી હરહંમેશ હિંદીઓને સામ્રાજ્યના એ ભાગમાં પોતાના અસ્તિત્વ માટે તે આધિપત્ય સામે લડત કરવી પડી છે. અનેક વાર સંસ્થાનના ન્યાયખાતાની મદદ લઈને હિંદીઓને કાંઈ પણ કરવાની વૃત્તિ વિનાના વહીવટી તંત્ર પાસેથી થોડોઘણો ન્યાય કઢાવવાની ફરજ પડી છે. પરવાના બાબતના કસોટીના કેસમાં સરકારે હિંદી કોમનો વિરોધ કર્યો એવી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કરેલી ફરિયાદને લૉર્ડ સેલબૉર્ને પોતાના અપમાન તરીકે માન્યું હતું. આમ માનવામાં કદાચ કંઈ કારણ હતું, કેમ કે પ્રજાસત્તાકની હાઈકોર્ટે આપેલો એક ચુકાદો મોજૂદ હતો, જેનો અમલ કરવાને હાલની સરકાર પોતાને બંધાયેલી માનતી હતી. હાલના કિસ્સામાં તો પહેલાંનો એવો કોઈ દાખલારૂપ ચુકાદો ન હતો. શાંતિરક્ષા વટહુકમ તો બ્રિટિશ સરકારનું ફરજંદ છે. હિંદીઓને આવતા અટકાવવા માટે એ વટહુકમને એના પોતાના યોગ્ય કાર્યક્ષેત્રની મર્યાદાની બહાર ખેંચી લાવવામાં આવ્યો છે. પહેલાંના કોઈ દાખલાનો વિચાર કર્યા વિના, ખૂદ પોતાના હુકમથી રાહત આપવાનું સરકારના પોતાના હાથમાં જ હતું. છતાં પણ, એક હિંદી વેપારીને તેની સાથે થોડો સરખો પાયાની બાબતનો ન્યાયપૂર્ણ વર્તાવ કરવામાં આવે તે માટે ખુબ જ ખર્ચ તથા ચિંતા વહોરી લેવાં પડયાં છે અને સંસ્થાનની કોરટોનો આશ્રય શોધવો પડયો છે. ટ્રાન્સવાલના વહીવટી સત્તાવાળાઓના આ છેલ્લામાં છેલ્લા પગલાને લૉર્ડ સેલબૉર્ન કેવી રીતે ન્યાયી ઠરાવશે તે કુતૂહલનો વિષય છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

Gandhi Heritage Portal

૩૮૫. હિંદી વૉલંટિયર

લડાઈમાં હિંદીએ ભાગ લેવો કે નહીં તેની ચર્ચા આ પત્રમાં ખૂબ થઈ ચૂકી છે. વીસ માણસોની ટુકડી સરકારે કબૂલ રાખી છે ને કૉંગ્રેસે તેટલા માણસ તૈયાર કર્યા છે, તેની અસર નામાંકિત ગોરાઓના મન પર બહુ સારી થઈ છે. આટલું આપણે કર્યું તેથી આપણી શક્તિ આવા કામમાં હોવી જોઈએ એવો ખ્યાલ કેટલાક આગેવાન ગોરાઓને આવ્યો છે. ને તે ઉપરથી તેમની સલાહ એવી પડે છે કે આપણે જાથુને સારુ વૉલંટિયરમાં દાખલ થવાની માગણી કરવી.

આ દરખાસ્તમાં તથા જે સ્ટ્રેચર બેરર કોર ઊભી થઈ છે તેમાં ઘણો તફાવત છે. ડોળી ઉપાડનારની ટુકડી તે થોડા જ દિવસને સારુ છે. તે ટુકડીને માત્ર ડોળી ઉપાડવાનું કામ આપવાનું છે. અને તે કામની જરૂર નહીં પડે એટલે તેઓને રજા મળશે. આ લોકોને હથિયાર બાંધવાની છૂટ નથી.

વૉલંટિયરની હિલચાલ તે તદ્દન જુદી અને પ્રમાણમાં વધારે અગત્યની છે. તે કોર જાથુને સારુ થવાની તેમાં ભાગ લેનારને હથિયાર મળશે. ને દર વરસે અમુક અમુક વખતે લશ્કરી કામ શીખવા નીકળવું પડશે.

તેઓને હાલ તો લડાઈનું કામ નહીં કરવું પડે. લડાઈ હમેશાં આવતી નથી. અંદાજે વીસ વરસે એક લડાઈ આવે છે એમ કહેવાય. નાતાલમાં કાફરી બળવો ઊઠવાને આજ વીસ વરસથી વધારે વખત થઈ ગયો. એટલે વૉલંટિયરમાં દાખલ થવામાં કોઈ જાતનું જોખમ નથી રહ્યું. દર વરસે તેને એક જાતની પિકનિક ગણી શકાય. તેમાં દાખલ થનારને પૂરતી કસરત મળે છે. તેથી તેનું શરીર સરસ રહે છે, અને તંદુરસ્તીમાં વધારો થાય છે. વૉલંટિયરમાં દાખલ થનારું હંમેશાં બહુમાન ભોગવે છે. તેની ઉપર લોકોની ચાહ રહે છે ને તેને શેહરી લડવૈયો કહી લોકો તેનાં વખાણ કરે છે.

આવી સ્થિતિમાં જો હિંદીઓ મુકાય તો અમે માનીએ છીએ કે તે વાત ઘણી સારી. રાજકીય લાભ સહેજે થવાનો સંભવ છે, તેવો લાભ થાય યા ન થાય, પણ તેમ કરવાની આપણી ફરજ છે એમાં કોઈ શક નથી. સેંકડો આગેવાન ગોરાઓ તે કામમાં ભાગ લે છે ને તેમાં મગરૂરી માને છે. કાયદા પ્રમાણે સરકાર ગમે તે માણસને ફરજ પાડી શકે છે. જે દેશમાં આપણે રહેતા હોઈએ તે દેશના બચાવના કાયદાઓ થાય તે આપણે પાળવા જોઈએ. એટલે જે પ્રકારે તપાસીએ તે પ્રકારે ચોખ્ખું માલૂમ પડે છે કે વૉલંટિયરમાં જો આપણે દાખલ થઈ શકીએ તો તેથી આપણને જે બટ્ટો લગાડવામાં આવે છે તે હંમેશને સારુ દૂર થાય.

આજ પંદર વરસથી હિંદીની ઉપર ગોરાઓ તહોમત મૂકતા આવ્યા છે કે જો નાતાલનો બચાવ કરવો હોય, ને પોતાનો જાન આપવો હોય તો હિંદી લોક પાછા નાસશે અને પોતાની ફરજ નહીં બજાવે. આનો જવાબ આપણે લખાણથી નથી આપી શકતા. આપણે એક જ રીતે તેનો ખુલાસો કરી શકીએ છીએ, ને તે માત્ર કરી દેખાડીને. તેવું કરવાનો હવે વખત આવ્યો જણાય છે. પણ તે કેમ કરવું? નહીં કે ગરીબ ગિરમીટમાંથી છૂટેલા માણસોને વૉલંટિયર બનાવવા. વેપારી વર્ગની ફરજ છે કે તેઓએ જાતે આ હિલચાલમાં ભાગ લેવો. દરેક દુકાન પાછળ એક માણસ આપવામાં આવે તો પણ ઘણા માણસો તૈયાર કરી શકાય છે. તેમ કરવાથી વેપારને

Gandhi Heritage Portal

ધક્કો નથી લાગવાનો. જે માણસો દાખલ થશે તેઓની સ્થિતિ સુધરશે. તેઓનો જુસ્સો વધશે અને તેઓએ પોતાની ફરજ શહેરી તરીકેની બજાવી ગણાશે.

લડાઈમાં જવાથી અથવા તેને સારુ તૈયારી કરવાથી જિંદગીને વધારે જોખમ છે; એમ કેટલાક માને છે એ તદ્દન વહેમ છે તેના દાખલા અમે આવતે અઠવાડિયે આપવા માગીએ છીએ.[૧]

દરમિયાન અમે આગેવાનોની પાસે ઉપરના વિચારો મૂકીએ છીએ ને અમને ઉમેદ છે કે તેઓ બરાબર ખ્યાલમાં લાવશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

૩૮૬. શ્રી સુલેમાન મંગાનો કેસ

શ્રી સુલેમાન મંગાનો[૨] જે પરમિટ બાબત કેસ થયો હતો તેનું સંપૂર્ણ વર્ણન અમે ઇંગ્રેજીમાં આપી ગયા હતા. તે ઉપરથી સર હેનરી કૉટને આમની ધારાસભામાં સવાલ પૂછેલો તેનો જવાબ મિ. ચર્ચિલે[૩] આપ્યો કે તે બાબત તજવીજ એકદમ ચાલશે. આ સવાલ તથા જવાબ બહુ અગત્યના છે. લૉર્ડ સેલબૉર્ન શું જવાબ દે છે તે જોવું રહ્યું. તેઓ સાહેબના જવાબ ઉપર પરમિટ રાહતનો ઘણો આધાર રહેવાનો સંભવ છે.

મિ. ચર્ચિલે તપાસ કરવાના છે એવો જવાબ આપ્યો એ ઉપરથી એમ માનવાને કારણ રહે છે કે હોમ ગવર્નમેન્ટ પોતાની જવાબદારી તદ્દન નાકબૂલ નથી કરવાની.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

૩૮૭. લેડીસ્મિથના હિંદી ગિરમીટિયા

લેડીસ્મિથના હિંદી ગિરમીટિયા ઉપર પડેલા જુલમનો અહેવાલ અમારો લેડીસ્મિથનો ખબરપત્રી આપી ચૂકયો છે, તે હકીકત અમે ઇંગ્રેજીમાં પણ આપી હતી,[૪] તે પ્રોટેક્ટર મિ. પોલિકંગહોર્નના વાંચવામાં આવવાથી તેણે અમને એમ જણાવ્યું છે કે તે બાબતની પૂરતી તપાસ ચાલે છે. આ ખબર રાજી થવા જેવી છે, ને ઉમેદ રાખી શકાય છે કે ગરીબ હિંદીને સારુ કંઈક પણ દાદ મળશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

૧. જુઓ "હિંદીએ લડાઈમાં જવું કે નહીં" પા. ૩૯૪–૫.
૨. જુઓ "પરવાના બાબત મુકદ્દમો", પા. ૩૭૨.
૩. વિન્સ્ટન ચર્ચિલ; જે સંસ્થાન ખાતાના ઉપપ્રધાન હતા.
૪. જુઓ इन्डियन ओपीनियन, ૯–૬–૧૯૦૬.

Gandhi Heritage Portal

૩૮૮. ઇન્ડિયન સ્ટ્રેચર બેરર કોર

આ ટુકડીના પગારની બાબત કૉંગ્રેસે કાગળ લખેલો તેનો ઑનરરી સેક્રેટરી શ્રી ઉમર હાજી આમદ ઝવેરી તથા શ્રી મહમદ કાસમ આંગળિયાને જવાબ મળ્યો છે કે સરકાર કૉંગ્રેસની પગાર ચૂકવવાની માગણી કબૂલ રાખે છે.

શ્રીમતી નાનજી તથા મિસિસ ગેબ્રિયલે મળીને ટુકડીના મેમ્બરોને સારુ "રેડક્રૉસ" પટા બનાવ્યા છે. આ પટા ડાબા હાથ ઉપર પહેરવામાં આવે છે. અને તે પહેરનાર જખમીઓને મદદ કરવાને સારુ જ કામ કરનારા છે એમ તે પહેરવાથી ઓળખાય છે. કાફરોના બળવામાં તે પટાની બહુ ગણતરી નથી, પણ યુરોપની પ્રજાઓ વચ્ચે તો સમજૂતી છે કે એ પટા પહેરેલા માણસોની ઉપર હથિયાર નહીં ઉગામી શકાય.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

૩૮૯. ભાડાનો અગત્યનો કેસ

નાતાલની સુપ્રિમ કોર્ટમાં મહિનાના ભાડૂતને નોટિસ આપવા બાબત અગત્યના કેસનો ચુકાદો થયો છે. સાધારણ સમજ એવી હોય છે કે ભાડૂતને ગમે તે તારીખથી એક મહિનાની નોટિસ આપી હોય તો બસ છે. અને ભાડૂત પણ એમ નોટિસ આપી નીકળી જઈ શકે છે. આવી સમજ કેટલાક વકીલોએ પણ રાખી જણાય છે. પણ સુપ્રિમ કોર્ટે એવો ચુકાદો કર્યો છે કે નોટિસ જે તારીખે ભાડૂત આવ્યો હોય તે જ તારીખે આપવી જોઈએ. એટલે કે જો ભાડૂત અમુક મહિનાની છઠ્ઠી તારીખે આવ્યો હોય તો તે નીકળી જવાની નોટિસ છઠ્ઠી તારીખે એક મહિનાની આપી શકે છે, અથવા છઠ્ઠી તારીખેથી શરૂ થાય એવી તે અગાઉ નોટિસ આપી શકે છે. એ જ પ્રમાણે નોટિસ આપવા ઘરધણી બંધાયેલ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

Gandhi Heritage Portal

૩૯૦. જોહાનિસબર્ગનો પત્ર

શ્રી ભાયાતનો પરમિટ કેસ

જેમ શ્રી સુલેમાન મંગાનો કેસ હતો, તેમ શ્રી ઈબ્રાહીમ ભાયાતનો કેસ થઈ ગયો છે. શ્રી મંગાને મુદતની પરમિટ મળવાનો સંપૂર્ણ હક હતો છતાં પરમિટ ઑફિસરે નહીં આપી. પણ તેમણે છેવટે ડેલાગોઆ બેથી પરમિટ મેળવી. શ્રી ઈબ્રાહીમ ભાયાત ટ્રાન્સવાલના જૂના રહેવાસી. ઘણા જાણીતા ગોરાઓથી વાકેફ, તેની અરજીને ઘણા માણસોએ ટેકો આપ્યો. છતાં તે લડાઈને જ વખતે ટ્રાન્સવાલ છોડી નહીં ગયા પણ એક વરસ અગાઉથી ગયેલા તેથી તેને પરમિટની ના પાડી આ જુલમની હદ આવી. શ્રી ભાયાતને પોતાના ભાઈના વેપારને સારુ જવાની પૂરી જરૂર હતી, તેથી તેણે કેસ કરવાનો નિશ્ચય કર્યો. મિ. બેનસનનો મત લીધો હતો. અને વૉક્સરસ્ટમાં મિ. લિક્ટનસ્ટાઈન હાજર થયા હતા. શ્રી ભાયાતના કેસનો બચાવ નીચે પ્રમાણે હતો :

૧. શ્રી ઈબ્રાહીમ ભાયાત તે ટ્રાન્સવાલના જૂના રહીશ છે.

૨. તેણે ડચ સરકારને ત્રણ પાઉંડ ભર્યા હતા, અને ત્રણ પાઉંડ ભરી ટ્રાન્સવાલમાં સદાને સારુ રહેવાનો હક ખરીદ કર્યો.

૩. લંડન કન્વેન્શનથી આવા માણસોને હંમેશને સારુ રહેવાનો હક છે.[૧]

૪. શ્રી ભાયાતની શાદી ટ્રાન્સવાલમાં થઈ હોવાથી તે ટ્રાન્સવાલના જાથુક રહીશ ગણાય.

આ દલીલની સામે પરમિટનો કાયદો ચાલી નહીં શક્યો અને મૅજિસ્ટ્રેટે એમ ઠરાવ્યું કે આવા માણસોને પરમિટની જરૂર નથી.

આ પરિણામ બહુ સારું આવ્યું છે ને પરમિટ ઑફિસની સજ્જડ હાર થઈ છે. આના જવાબમાં લૉર્ડ સેલબૉર્ન શું બચાવ કરી શકે છે તે આપણે જોઈશું.

આ કેસનું પરિણામ એ થયું કે જે હિંદીઓ અગાઉના ટ્રાન્સવાલના રહીશ છે, ને જેઓની પાસે ડચ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ હોય તે ટ્રાન્સવાલમાં વગર પરમિટે દાખલ થઈ શકે છે. આથી ઘણા માણસોની તકલીફ દૂર થશે.

છતાં મારે જણાવવું જોઈએ કે ઉપરના કેસમાં ગૂંચવાડો છે. વૉક્સરસ્ટનો મૅજિસ્ટ્રેટ ભલો છે ને તેણે રહેમ લાવી કાયદાનો અર્થ આપણા લાભમાં કર્યો છે. રજિસ્ટરવાળાને પણ પરમિટ લેવી જોઈએ એવું કહેનાર ઘણા મોટા બારિસ્ટરો છે અને તે વાતમાં મુશ્કેલીઓ ઘણી રહેલી છે એ બિનશક વાત છે. છતાં મૅજિસ્ટ્રેટના ઠરાવની સામે સરકાર અપીલ કરી શકે તેમ નથી. એટલે જ્યાં સુધી હિંદીઓ સંભાળીને મજબૂત કેસ લઈ જશે ત્યાં સુધી તેઓને બિલકુલ હરકત આવવાની નથી. લોકોએ કોમાટી પોર્ટને બદલે વૉક્સરસ્ટથી આવવું વધારે સહેલું પડશે એવો સંભવ છે. કેમ કે બધા મૅજિસ્ટ્રેટ એક જ જાતનો ઠરાવ આપશે એમ ધારવાનું કારણ નથી. જ્યાં સુધી આ કેસનો નિકાલ સુપ્રિમ કોર્ટમાં નથી થયો ત્યાં સુધી આ બાબતનું છેવટ

૧. લંડન સમજૂતીમાં બધી બ્રિટિશ રૈયતને પહેલાંના પ્રજાસત્તાકમાં મુક્તપણે કોઈ જાતના નિયંત્રણ વિના દાખલ થવાની છૂટ હતી. તેની શરતો અનુસાર કોઈ પણ માણસ ગવર્નરના નિર્ણયને આધીન ન હતો સિવાય કે તે રાજ્યને માટે જોખમકારક અથવા તો રાજદ્રોહી મનાતો હોય.

Gandhi Heritage Portal

નિરાકરણ થયું નથી ગણવાનું. સુપ્રિમ કોર્ટમાં આ કેસ લઈ જવાય તેવો નથી. એ પણ ખ્યાલમાં રાખવા જેવું છે.

જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીનો નવો કાયદો

જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટી નવો કાયદો પોતાને સારુ ચાલતી ધારાસભામાં પસાર કરાવવા માગે છે; તેની રૂએ એશિયાટિક લોકેશન અથવા બજાર મુકરર કરવાની સત્તા માગે છે અને જેને લાઈસન્સ આપવાનો હક છે તેને મકાન ખરાબ હોય અથવા અરજદારે ગુનો કર્યો હોય તેવા કારણસર લાઈસન્સ નહીં આપવાનો અખતિયાર માંગે છે. મ્યુનિસિપાલિટીના ઠરાવથી જે માણસ નારાજ થાય તે મૅજિસ્ટ્રેટ પાસે અપીલ કરી શકે છે. આ બન્ને બાબતની સામે થઈ શકાય એવું જણાતું નથી. બજાર મુકરર કરવાનો અખતિયાર મળવાથી તેમાં મોકલવાની અખતિયારી મ્યુનિસિપાલિટીને મળતી નથી.

લૉર્ડ સેલબૉર્ન

અહીંનાં છાપાંઓમાં જણાય છે કે લૉર્ડ સેલબૉર્નને દક્ષિણ આફ્રિકા છોડવાની તજવીજ ચાલે છે. રેડિકલ પક્ષના મેમ્બરો માને છે કે લૉર્ડ સેલબૉર્ન લિબરલ પક્ષના વિચારોને પૂરતી રીતે અમલમાં નથી લાવતા.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २३–६–१९०६

૩૯૧. હિંદીએ લડાઈમાં જવું કે નહીં

આ બાબત અમો ગયા અંકમાં વિવેચન કરી ગયા છીએ.[1] તેમાં છેવટના ભાગમાં જણાવ્યું હતું કે આપણે ઘણા માત્ર બીકથી જ પછાડી રહીએ છીએ. જે લોકો એમ ધારતા હોય કે આપણે નાતાલમાં, દક્ષિણ આફ્રિકામાં અથવા તો બ્રિટિશ રાજ્યના કોઈ પણ ભાગમાં સુખથી અને માનથી રહેવું હોય તો લડાઈના કામમાં ભાગ લેવાને તૈયાર રહેવું જોઈએ, તેઓને સમજાવવાને ખાતર અમે કેટલાક દાખલા આપવા માગીએ છીએ કે જે ઉપરથી ચોક્કસ જણાશે કે ધાસ્તી રાખવાનું કાંઈ જ કારણ નથી. ક્રિમિયાની લડાઈ ઘણી જ ખૂનામરકીની હતી છતાં એવો અડસટ્ટો કાઢવામાં આવ્યો છે કે જેટલા માણસો પોતાની બેદરકારીથી અથવા તો કઢંગી રીતે રહી મરણ પામે છે તેના કરતાં ઓછા માણસો ક્રિમિયાની લડાઈમાં ભાલાથી કે ગોળીથી મર્યા હતા. લેડીસ્મિથના હલ્લાની વખત એવી પણ ગણતરી કરવામાં આવી હતી કે સરેરાશ કાઢતાં તાવથી અને બીજાં દરદોથી બોઅર લોકોની બંદૂકના કરતાં વધારે માણસો મરેલાં એવો અનુભવ દરેક લડાઈમાં થયેલો છે.

વળી જેઓ લડાઈમાં જઈ પોતાના શરીરની સંભાળ રાખે છે અને નિયમથી રહે છે તેઓ તેથી ભારે સુખાકારીથી રહી શકે છે. અને જેઓ લડાઈમાં બહાદુરી બતાવવા ખાતર અથવા ખૂનની પ્યાસથી જ નથી જતા તેવા માણસોને જે તાલીમ એ વખતે મળે છે એ તાલીમ

૧. જુઓ "હિંદી વૉલંટિયર", પા. ૩૯૦–૧.

Gandhi Heritage Portal

બીજી જગાએ કદી મળતી નથી. લડાઈમાં જનાર માણસને કઠણ દુ:ખ સહન કરતાં શીખવું પડે છે. ઘણા માણસોની સાથે હળીમળીને રહેવાની ટેવ પરાણે પાડવી પડે છે. સાદો ખોરાક ખાઈને સુખ માનવું એ સહેજે શીખે છે. નિયમસર સૂવું, બેસવું તે પણ ફરજિયાત શીખવું પડે છે. પોતાના ઉપરીનો હુકમ એકદમ વગર દલીલે ઉપાડવાની ટેવ પડે છે, નિયમસર હાલવું-ચાલવું એ પણ તેમાં શીખી જવાય છે. અને બહુ જ સાંકડવાળી જગામાં સુખાકારીના નિયમો સાચવી કેમ રહેવું તે પણ તેમાં જાણવું પડે છે. એવા દાખલાઓ જોવામાં આવ્યા છે કે બહુ બેદરકાર થયેલા ઉદ્ધત માણસો લડાઈમાં ગયા પછી સુધરીને પોતાના મનની ઉપર તથા શરીરની ઉપર દાબ રાખતાં શીખીને પાછા ફરેલા છે.

હિંદી કોમને તો લડાઈમાં જવું એ સહજ વાત હોવી જોઈએ. કેમ કે આપણે મુસલમાન હોઈએ અથવા હિંદુ હોઈએ પણ ઈશ્વર ઉપર વધારે આસ્થા રાખનારા માણસ છીએ. આપણી ફરજ શું છે તેનું ભાન આપણને વધારે છે. તેથી લડાઈમાં જવું તે સહેજે સમજી શકીએ એવું છે. મુલકમાં દુકાળની સ્થિતિમાં અને મરકીથી લાખો માણસો મરણ પામે છે. તેથી આપણે ડરતા નથી એટલું જ નહીં પણ જ્યારે તે બાબતમાં આપણું કર્તવ્ય શું છે તે આપણને કહેવામાં આવે છે ત્યારે આપણે અત્યંત બેદરકારી રાખી ઘરબાર ગંદાં રાખી પૈસાને વળગી પડયા રહીએ છીએ. એવી અધમ જિંદગી ભોગવીને રિબાતાં રિબાતાં મરવું એ કબૂલ રાખીએ છીએ. એવા જે આપણે તેને લડાઈમાં જઈ કદાચ મરણ ભોગવવું પડે તો શાને બીવું જોઈએ. નાતાલમાં ગોરાઓ જે કરે છે તે જોઈને આપણે બહુ ધડો લેવાનો છે, એવાં કુટુંબો ભાગ્યે જ છે કે જેમાંથી કાફરી લડાઈમાં માણસો નથી ગયાં. તેઓનો ધડો લઈ આપણે આપણા મનને શૂર ચઢાવવાની પૂરતી જરૂર છે. આ તક એવી મળી છે કે આગેવાન ગોરાઓ આપણે ઉપરનું પગલું ભરીએ એમ ઇચ્છે છે અને છોડી દઈશું તો પાછળથી પસ્તાવું પડશે. એટલે અમો બધા હિંદી આગેવાનોને ભલામણ કરીએ છીએ કે તેઓએ આ વિષયમાં પોતાની ફરજ બરોબર બજાવવી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૩૦–૬–૧૯૦૬

૩૯૨. દાદાભાઈ નવરોજી પરના પત્રમાંથી ઉતારો[1]

જૂન ૩૦, ૧૯૦૬[2]

જુદી ટપાલથી હું આપને इन्डियन ओपीनियनની એક પ્રત નિશાની કરીને મોકલું છું. તેમાં 'મ્યુનિસિપલ કૉર્પોરેશનોના એકીકરણ બાબત બિલ' સંબંધી નાતાલ સંસ્થાનના ગવર્નર પર લૉર્ડ એલ્ગિને લખેલા પત્રની નકલ છે. લૉર્ડ એલ્ગિનના ખરીતા પર વિચારણા અર્થે તાજેતરમાં મળેલી, મ્યુનિસિપાલિટીઓના ઍસોસિયેશનની સભામાં થયેલો નિર્ણય હું આપના ધ્યાન પર લાવવા ઇચ્છું છું. એ નિર્ણયની મતલબ એ છે કે "બિનગોરા લોક"ની વ્યાખ્યામાં કોઈ

૧ અને ૨. મૂળ પ્રાપ્ય નથી. "જોહાનિસબર્ગના ખબરપત્રી તરફથી મળેલા પત્રમાંથી" એમ જણાવી દાદાભાઈ નવરોજીએ પોતાના જુલાઈ ૨૪ના હિંદી વજીર પરના પત્રમાં આ ઉતારો કર્યો હતો. "જોહાનિસ-બર્ગના ખબરપત્રી" એટલે ગાંધીજી. પ્રસ્તુત તારીખે ગાંધીજી મોરચા પર હતા, પણ આ તારીખ પહેલાં પત્ર લખી રાખ્યો હોય એવો સંભવ છે.

Gandhi Heritage Portal

ફેરફાર નહીં કરવો જોઈએ. આ નિર્ણયથી હિંદી કોમ પહેલાં જે અપમાન અને નામોશી વહોરવાના ભયમાં હતી તે જ ભયમાં જેમની તેમ કાયમ રહે છે, એટલે આશા રાખવામાં આવે છે કે હિંદી વજીર તથા હિંદી સરકાર, સંસ્થાન ખાતાના પ્રધાને કરેલા સૂચનનો અમલ કરવામાં આવે એવો આગ્રહ રાખશે. એ ઉપરાંત, આપના ધ્યાન પર હું એ વાત લાવવા માગું છું કે જે લોકોને પાર્લમેન્ટરી મતાધિકાર ન પ્રાપ્ત થયો હોય તે સૌનો મતાધિકાર છીનવી લેતી, આ બિલની કલમનો લૉર્ડ એલ્ગિન કશો ઉલ્લેખ કરતા નથી. નિ:શંક રીતે આપને એ વાત નક્કી યાદ હશે કે મરહૂમ મિ. હૅરી એસ્કમ્બની તીવ્ર ઇચ્છાને અનુસરીને પાર્લમેન્ટરી મતદારમંડળની યાદી પર ન હોય તેવા સૌ હિંદીઓને મતાધિકારથી વંચિત રાખવામાં નાતાલની હિંદી કોમે સંમતિ આપી હતી, તેમાં એવી સ્પષ્ટ સમજ હતી કે આથી મતાધિકારથી વંચિત રાખવાની સીમા વધારવામાં નહીં આવે. આપને ફરીથી એક વાર યાદ દેવડાવવું પૂરતું થશે કે જો મ્યુનિસિપલ મતાધિકારથી હિંદીઓને આમ વંચિત રાખવામાં આવશે તો તેમની સ્થિતિ હિંદ કરતાં અહીં વધારે કફોડી થશે, કેમ કે ત્યાં તેમને, આવી પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓનો લાભ મળેલો છે. इन्डियन ओपीनियननी કટારોમાં જુદા જુદા પ્રસંગોએ જણાવ્યા મુજબ, કેટલીક મ્યુનિસિપાલિટીઓ બ્રિટિશ હિંદીઓ અને યુરોપિયનો વચ્ચે ઈર્ષ્યાજનક અને મનસ્વી ભેદ પાડે છે, તે જોતાં એટલું સ્પષ્ટ જણાય છે કે જો નાગરિક હકો પર પડતો આ કાપ અટકાવવા માટે તાત્કાલિક પગલાં નહીં લેવામાં આવે તો બ્રિટિશ હિંદી કોમને ગંભીર અન્યાય થશે.

[મૂળ અંગ્રેજી]

દાદાભાઈ નવરોજીના પત્રની છબી પરથી : જી. એન. ૨૩૧૬

૩૯૩. ઇન્ડિયન સ્ટ્રેચર બેરર કોર

કોરના મેમ્બર

મેપુમુલુ,
જુલાઈ ૨, ૧૯૦૬

આ કોરમાં ૨૦ માણસ છે. તેમાં ૧૪ હિંદુ છતાં ૬ મુસલમાન છે. પ્રાંતની ગણતરી કરતાં ૧૨ મદ્રાસી, ૫ ગુજરાતી, ૨ પંજાબી તથા એક કલકત્તિયો છે. ધંધો ગણતાં એક બારિસ્ટર, ત્રણ મહેતા, એક સોની, બે ફિટર અને બાકીના અસલ ગિરમીટમાં રહેલા એવા હિંદી છે.

કોરની કૂચ

આ કોર જૂન માસના શુક્રવાર તા. ૨૨મીએ સ્ટૅંગર રવાના થઈ, તેમાં શ્રી ગાંધી તે સારજન્ટ મેજર નિમાયા છે, શ્રી શેલત, શ્રી જોષી તથા શ્રી મેઢ એ સારજન્ટ છે ને શ્રી પરભુ કૉર્પોરલ છે; બાકીના પ્રાયવેટ ગણાય. સ્ટૅંગરમાં શ્રી દાત વગેરે વેપારીઓએ સારી બરદાસ કરી. શ્રી ગોકળભાઈ તથા શ્રી મણિભાઈએ બધાને દૂધપાક-પૂરી જમાડયાં. પહેલી જ રાત્રે મેમ્બરોને બહાર તંબુ વિના ભોંય પર સૂવાનો અનુભવ મળ્યો.

લાગર તે શું?

કાફરો કયાંથી આવશે એમ અનિશ્ચિત હોવાથી સ્ટૅંગરની ઉપર કોઈ લશ્કર આગળ નથી વધી શકતું. તેથી ઇન્ડિયન કોરને કર્નલ આરનટના કૉલમની સાથે જોડાવું પડયું. આવી લશ્કરી

Gandhi Heritage Portal

ટુકડીઓ જ્યાં જ્યાં છાવણી નાંખે છે ત્યાં ત્યાં લાગર કરે છે, એટલે બચાવને સારુ કિલ્લાની માફક ગોઠવણી કરે છે. તેમાં એક બાજુ ગાડાં રહે છે, એક બાજુ ઘોડાવાળા, એક બાજુ તોપવાળા અને ચોથી બાજુ પાયદળ રહે છે. વચમાં અમલદારોના તંબુ તથા બિનહથિયાર માણસ સૂએ છે. આમ હોવાથી ઇન્ડિયન કોરને લાગરની વચમાં સૂવાની જગ્યા મળેલી હતી.

ખાવાની ગોઠવણ

પહેલેથી જ જરા રૅશનની ભાંજગડ થઈ. અમલદારોને ખબર નહીં હોવાથી યુરોપિયન જેટલાં રૅશન આપવા મન નહીં થયું, વળી યુરોપિયન રૅશન આપે તો ચોખાદાળ ન અપાય એમ વાંધા ઊઠયા. પણ છેવટે એમ ઠર્યું કે કોર વોલંટિયરની છે એટલે રૅશન યુરોપિયનની માફક જ આપવાં અને ગોસ ન લે તો ચોખાદાળ આપવાં. મુસલમાન બીજાના હાથનું કપાયેલ ગોસ ખાય નહીં અને મદ્રાસી હિંદુ બીફ નહીં ખાય એથી ઘણેભાગે બધા ગોસ વિના નભે છે. જેઓને મળે છે તેઓ કોઈ વેળા ખપી શકે તેવું માંસ મળે તો લઈને ખાય છે. એટલે સાધારણ રીતે નીચે પ્રમાણે રૅશન મળે છે:

માણસ	દીઠ	ચાવલ	રતલ	૧
,,	,,	દાળ	,,	૦।
,,	,,	રોટી	,,	૧
,,	,,	ચીની	ઑંસ	૫
,,	,,	ચાહ	,,	૦।
,,	,,	કૉફી	,,	૦॥
,,	,,	બટર	,,	૧
,,	,,	નિમક	,,	૦॥
,,	,,	જામ	,,	૨
,,	,,	પનીર	,,	૨
,,	,,	પટાટા	,,	૪
,,	,,	પિયાજ	,,	૨
,,	,,	પુપુ	રતલ	૦।

આ પ્રમાણે ખાવાનું મળે છે તેમાં કશો દોષ કઢાય તેવું નથી.

સ્ટૅંગરથી પહેલી કૂચનો શો અનુભવ થયો તેનો અનુભવ બીજી વેળા આપીશું.

(આ કાગળ પાછળથી મળ્યો જણાય છે. ગયે અઠવાડિયે જે કાગળ દાખલ થયો છે તે આ કાગળ પછી લખાયો હોય એમ સમજાય છે.

ગયા અઠવાડિયાના કાગળનો બાકીનો ભાગ નીચે છે.)

મેપુમુલુમાં પહોંચવું

મેપુમુલુમાં અમે સાડા ત્રણ કલાકે પહોંચ્યા. ત્યાં મોટા ટેકરા ઊતરવા તથા ચડવા પડે છે. મેપુમુલુ અમે પાંચેક વાગ્યે પહોંચ્યા. કૅપ્ટન હાઉડન, જે ડરબનમાં દાક્તરનો ધંધો કરે છે, તે દવાખાનાના ઉપરી છે. તેમને (સારજન્ટ મેજર) શ્રી ગાંધી મળ્યા. દાક્તરે આવકાર સારો આપ્યો. કર્નલ સ્પાકર્સ, જે ડરબનના બુચર છે, તે આ કૅમ્પના કમાન્ડર છે. તેમની મુલાકાત પણ લીધી.

Gandhi Heritage Portal

તેમણે યાદ આપ્યું કે તેઓ સાહેબ ૧૮૯૯ની સાલમાં ડેમોનસ્ટ્રેશન કમિટીના પ્રમુખ હતા. પણ તેમણે કહ્યું કે તેમને શ્રી ગાંધીની સામે કશુંય હતું નહીં. તેમણે પણ આવકાર આપ્યો અને હિંદીઓએ કોર બનાવી એ સારું પગલું ભર્યું છે એમ જણાવ્યું.

દાળમાં કાંકરી

આમ અમલદારોએ અમને આવકાર આપ્યો. દાક્તર હાઉડનની નીચેનો કૉર્પોરલ લિટલ કરીને અમલદાર છે તેણે લાગણી ખૂબ બતાવી. પણ કહેવત મુજબ દાળમાં કાંકરો નીકળી પડયો. અહીં ટાઢ સખત પડે છે અને તંબુ અમને મળવા જોઈએ એમ ઠરાવ થયો. કેટલાક ગોરાઓ મેડિકલ કોરનો એક તંબુ વાપરતા હતા તે ખાલી કરાવવો એમ હુકમ થયો. પણ ગોરાઓએ કાળાઓને સારુ તંબુ ખાલી કરવાની આનાકાની કરી. પોતાના અમલદારના હુકમને પણ માન ન આપવું એવો નિશ્ચય કર્યો. પણ કૉર્પોરલ લિટલ સામે ઠરાવ કર્યો કે અમને તંબુ આપવો જ જોઈએ. છેવટે રાતના દસ વાગ્યે તેની મહેનતથી તંબુ ખાલી થયો અને અમે બધા તંબુમાં સ્ટૅંગર છોડયા પછી પહેલવહેલા સૂતા. હવે મિ. ગાંધી સિવાયના બધા મેમ્બરો મેપુ-મુલુમાં હોય ત્યાં સુધી તંબુમાં સૂએ છે. શ્રી ગાંધી જાણીજોઈને વરસાદ વગેરે ન હોય ત્યારે બહાર સૂએ છે.

કામે ચડયા

મેપુમુલુમાં પહેલે દહાડે અમને એમ જણાયું કે કંઈ કામ નહીં રહે પણ ગુરુવારે સવારે જ અમને ખબર પડી કે અમારે સારુ કામ તો હાજર જ છે. આ જાણી અમારામાંના જેઓ મુખી છે તે ખુશી થયા. કૅમ્પમાં પાણી ભરવા દૂર જવું પડે છે. ત્યાંથી ટાંકી ભરવી પડે છે. તે ભરવા અમારામાંથી નવ માણસને હુકમ થયો. વળી કૅમ્પ બહુ નાનો છે. માણસો ઘણા રહે છે તેથી સ્વચ્છતાના નિયમો બહુ જાળવવા પડે છે. એટલે જ્યાં જ્યાં ખરાબો થયો હોય ત્યાં ત્યાં જંતુનાશક પાણી છાંટવું પડે છે. આ કામ પણ અમને સોંપવામાં આવ્યું. વળી જે કાફરા-ઓને ફટકાની સજા થયેલી છે તેઓના વાંસા સડી ગયા છે. તેઓનાં જખમ સાફ કરી તેઓને પાટા બાંધવાનું કામ પણ અમને મળ્યું. તેમાં બેથી ત્રણ જણ રોકાય છે. દાક્તરનું, દરદીનું પત્રક બનાવવાનું કામ પણ અમારા હાથમાં છે. એટલે બધાંને થોડુંઘણું કામ રહ્યા જ કરે છે. આ બધું કામ અમે હુબથી અને સારું કરીએ છીએ એમ અમલદારો માને છે અને તેથી કોરની અફવા કૅમ્પમાં બહુ સારી ઊડી છે. આટલું જ કામ હોય તોપણ અમે તદ્દન આળસુ બેસીએ છીએ એમ નહીં ગણાય. શુક્રવારે તા. ૨૮મીએ સવારના દશ માણસે ઓટોમાટી બે સ્ટ્રેચર લઈને જવાનો હુકમ થયો. ત્યાં શ્રી ગાંધી, શ્રી જોષી તથા આઠ બેરર ગયા અને શ્રી શેલત, શ્રી મેઢ અને બીજા આઠ અહીં રહ્યા. એટલે અડધી કોરની કૂચ પાછી શરૂ થઈ. આ હુકમ બુધવારની રાત્રે દશ વાગ્યે આપવામાં આવ્યો હતો. અડધી કોર ઓટોમાટી પહોંચી, ખાઈને તૈયાર થઈ તેવામાં હુકમ મળ્યો કે થરીંગ પોસ્ટ ત્રણ માણસોએ એક દરદીને લાવવા જવું એટલે ત્રીજો ફાંટો પડયો. પણ થરીંગ પોસ્ટ પહોંચતાં ખબર મળ્યા કે દરદીને કંઈ જરૂર નથી અને ત્રણ જણ ગયા હતા તે પાછા ફર્યા. ઓટોમાટીમાં દરદીની સારવાર અમારે કરવી પડતી હતી કેમ કે ત્યાં મેડિકલ કોર હતી જ નહીં. તેવા કામમાં અમે ઘણાક રાતના દશ વાગતા સુધી રોકાયેલા.

Gandhi Heritage Portal

મેપુમુલુ પાછા ગયા

બીજે દહાડે મેપુમુલુ પાછા જવાનો અને બે દરદીને લઈ જવાનો હુકમ મળ્યો. તેમાંથી એક દરદીને સ્ટ્રેચર પર લઈ જવાનો હતો. અમારી કૂચ શરૂ થઈ કે તરત જણાયું કે, દરદીને મેપુમુલુ સ્ટ્રેચરમાં પહોંચાડવાનું કામ સહેલું ન હતું. ટેકરા ચડતા માણસો તુરત થાકી જતા હતા અને દસ માણસ બહુ મહેનતે જ દરદીને પહોંચાડતા. અરધાથી ઉપરાંત રસ્તો આમ કાપ્યા બાદ અમારી સાથેના સવારના કપ્તાને કહ્યું કે દરદીને ડોળીમાં લઈ જવાથી આસપાસના કાફરોમાં ખોટો દેખાવ થાય તેથી તેને ગાડામાં મૂકવો ઠીક ગણાશે. તેથી અમે તેને ગાડામાં મૂક્યો. અમે શુક્રવારે સાંજના મેપુમુલુ પહોંચ્યા. ત્યારથી આજ સુધી અહીં છીએ અને ઉપર પ્રમાણે કામ કરીએ છીએ. અમારા કામથી દરેક અમલદારને સંતોષ થયો જોવામાં આવે છે. બધા ગોરાઓ સૌ હળીમળીને રહે છે ને કોઈ જાતનો તફાવત હોય એમ જોવામાં નથી આવતું. નવું કામ કરવાનો કે કૂચ કરવાનો હુકમ હમણાં મળશે એમ જાણી અમારે તૈયાર રહેવું પડે છે. અને એમ સંભવ છે કે અમારે આવતી કાલે એટલે મંગળવારે થરીંગ પોસ્ટ જવું પડશે. કર્નલ સ્પાર્ક્સે અમારે સારુ રિવૉલ્વરની સરકાર પાસે માગણી કરી છે. મેપુમુલુની કૅમ્પના નિયમો અને રહેવાનો હેવાલ હવે પછી આપીશ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १४–७–१९०६

૩૯૪. ઇન્ડિયન સ્ટ્રેચર બેરર કોર

જુલાઈની બીજી તારીખે અમારી કોરને અમવોટી વેલી જતાં લશ્કર સાથે ઊપડવાનો હુકમ થયો હતો. આ લશ્કર સવારના ૨-૩૦ વાગ્યે ઊપડવાનું હતું. અમારે બે દિવસનું ખાવાનું તથા બ્લૅંકેટો અમારી સાથે લેવાના હતા. તે ઉપરાંત અમારી સાથે પાંચ ડોળીઓ લેવાની હતી. ઉપર મુજબ સામાન લઈ અમે ૩જી જુલાઈના સવારના ત્રણ વાગ્યે ઊપડ્યા. અમારી સાથે વેગનો હતી નહીં, અને જે થોડું પાયદળ લશ્કર હતું તે અગાડી ગયેલું હતું. એટલે અમારે ઘોડેસવારોની પછવાડે ચાલીને જવાનું હતું. અમારી પછવાડે કેટલુંક લશ્કર હતું તે અમારું રક્ષણ કરતું હતું. અમે બધા હથિયાર વિનાના હતા. અમારી આગળનું લશ્કર ઝપાટાબંધ ચાલતું હોવાથી અમારી અને તેની વચ્ચે ઘણું અંતર પડી ગયું હતું. છતાં અમે ઘણા જ ઉતાવળથી ચાલી લશ્કરની સાથે જ રહેવાને પ્રયત્ન કરતા હતા એટલે પછવાડી લશ્કરની ટુકડીથી પણ અમે બહુ દૂર પડી ગયા. પરોઢિયું થતાં તો લશ્કર વધારે ઝડપથી ચાલવા માંડયું અને તેની અને અમારી વચ્ચેનું અંતર વધવા લાગ્યું. આવી સ્થિતિમાં અમારે કાં તો ઝપાટાબંધ દોડવું અથવા તો બળવાખોરની એસે-ગાઈના ભોગ થઈ પડવાનું જ રહ્યું. એક વખત અમે ખરેખરી મુશ્કેલીમાં આવી પડ્યા હતા. સવારે સાત વાગ્યાના આશરે લશ્કર અમારી આગળ ચાલ્યું જતું હતું અને અમે તેની પછવાડે દોડયા જતા હતા તેવામાં બળવાખોરોના જેવો એક કાફરો એસેગાઈ વગેરે હથિયારબંધ અમારા જોવામાં આવ્યો. તે સંતાતો સંતાતો ચાલતો હતો, પરંતુ અમારી આગળનું લશ્કર જવાના રસ્તા-માંથી ઝાડી સાફ કરતું હતું. તેટલામાં અમે તેની સાથે થઈ ગયા. અમારે આખો દિવસ ચાલ

Gandhi Heritage Portal

ચાલ કરવાનું જ હતું. વખતોવખત અમવોટી નદી ઓળંગવી પડતી. દર વખતે અમારે અમારાં બૂટ તથા પટી ઉતારવાં પડતાં. અમારી ટુકડીમાંથી એક જણને એક વખત સખત ઈજા થઈ હતી. તેના અંગૂઠામાંથી લોહી નીકળતું હતું. આવી સ્થિતિમાં પણ તે બહાદુરીથી અમારી સાથે જ ચાલ્યો આવતો હતો. સાંજ પડી ત્યારે લશ્કરે કૂચ કરવી બંધ કરી અને એક ખીણ પાસે મુકામ કર્યો. અમે બધા થાકથી અધમૂઆ થઈ ગયા હતા. અત્યાર સુધી સારે નસીબે કોઈ જાતનો અકસ્માત થયો નહીં હતો. જો કાંઈ અણધારી વિપત્તિ આવી પડી હોત તો આવી સ્થિતિમાં ઘવાયેલાને અમે કેમ ઉપાડી શકત એ સમજી શકાતું નથી, છતાં પણ મને એટલે સુધી વિશ્વાસ છે કે જે ટુકડી ગમે તેવી સ્થિતિમાં પોતાની ફરજ બજાવવા ખાતર જ ઊભી થયેલી તેને મહા શક્તિવાન પરમેશ્વર પોતાની ફરજ બજાવવા શક્તિમાન કરત જ. અમારી સાથેના લશ્કરમાંથી કેટલાકે દયા અને મશ્કરીની ખાતર કેટલીક વખતે પૂછેલું કે જો અમારે આવી સ્થિતિમાં ઘવાયેલાને ઉપાડવાનો વખત આવે તો અમે ઉપાડી શકત કે કેમ? તેના જવાબમાં અમે ઉપર પ્રમાણે જ કહેતા.

તા. ૪થી જુલાઈની સવારે બે જુદાં જુદાં લશ્કર સાથે જવા સારુ અમારી ટુકડીના બે વિભાગ પડી ગયા. કૂચ કરતી વખતે અમારું રક્ષણ થઈ શકે તેવી સ્થિતિ નહોતી. તા. ૩જીના રોજ તો અમારે બધાને લગભગ ૨૫ માઈલની મજલ થઈ હશે જ્યારે તા. ૪થીને રોજ એક ટુકડીને લગભગ બાર માઈલની મજલ થઈ હતી; અને સારજન્ટ શેલત નીચેની બીજી ટુકડીને પંદર માઈલ કરતાં વધારે મજલ કરવી પડી હતી. આનું પરિણામ એ આવ્યું કે તા. ૫મીને સવારે અમારા બધાના પગ સૂજી ગયા હતા અને તે રોજ અમારે મેપુમુલુ ૧૫ માઈલ છેટે જવાનું હતું. બધાએ બે દિવસનો જ ખોરાક લીધેલ હોવાથી આખા લશ્કરને ભૂખે રહેવું પડયું હતું. આ કોરનું કામ સમાપ્ત થયું છે; સરકારે ઉપકાર માની ડોળીવાળાઓને રજા આપી છે અને તેઓ બધા સહીસલામત ગયા શુક્રવારે ડરબન પહોંચ્યા. તેને સારુ આપણે બધાએ બહુ ખુશી થવા જેવું છે. કોરને બરાબર એક મહિના સુધી કામમાં રોકાવું પડયું છે. તેણે શું કર્યું તેનો ટૂંક અહેવાલ અમે આપીએ છીએ. કોરની સંખ્યા અથવા તો એણે કરેલું કામ બેમાંથી એકે મહાન ગણાય તેવાં નથી. સંખ્યા જોવા બેસીએ તો ગોરાઓની સાથે સરખામણી કરતાં બહુ નજીવી છે, અને કામ જોવા બેસીએ તો જોકે ગયેલા માણસોએ પોતાની મહેનત કરવામાં જરાકે કચાશ નથી રાખી તોપણ તે કામની કિંમત સરખામણી કરતાં નજીવી ગણાય. તેમ છતાં આ કોર બની અને તેણે કામ કર્યું એ બન્ને વાત હિંદી કોમને લાભકારક અને બહુ દીપાવનારી છે. તેની અસર ગોરાઓના મનની ઉપર બહુ સારી થઈ છે અને અંગ્રેજી છાપાંઓ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે કોર ઘણે ઠેકાણે ગવાઈ રહી છે. આમની સભામાં પણ આ કામની તારીફ થઈ ચૂકી છે. જેઓ લડાઈમાં ગયા તે હિંદીઓને શાબાશી ઘટે છે અને કૉંગ્રેસે કરેલા ઠરાવો તથા હિંદી કોમે આપેલું માન એ ઘટિત વાત છે. પણ તે બધા કરતાં આ કોરમાંથી જે ખરો ધડો લેવાનો છે તે તદ્દન જુદી વાત છે અને તે બહુ મહાન છે. તે એ કે જો વીસ માણસની ટુકડીએ એક મહિનો કામ કરીને હિંદી કોમને પ્રખ્યાત કરી મૂકી છે તો જાથુને સારુ વધારે માણસની તેવી ટુકડી થાય તો હિંદી કોમને કેટલું સારું થાય તેનું માપ ન થઈ શકે એમ છે. અંગ્રેજી કોમ જાતે લડવૈયા વગરની છે એમ કહીએ તો ચાલે. તેવા વર્ગની અંદર લડવૈયા માણસો અથવા તો લડાઈને લગતાં કામ કરવાવાળા માણસોની

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal



સારજંટ મેજર ગાંધી

પાછળનું ચિત્ર: હિંદી ડોળીવાહકોની ટુકડી

Gandhi Heritage Portal

બૂજ સહેજે જણાવી જોઈએ. જ્યાં જ્યાં ઘેર ઘેરથી ગોરાઓ લડાઈમાં ચડે ત્યાં લડાઈમાં ન જાય એવી કોમ પોતાનું માન જાળવીને કદી ન જ રહી શકે. એવા માણસોને હમેશાં તુચ્છકારી કાઢે છે તે જ કારણથી ઘણે ભાગે હિંદી કોમને હિંદુસ્તાન ખાતે કંઈ માન નથી મળતું. જાપાન-યુરોપની પ્રજાઓમાં એકદમ ચડી ગયું તેનું કારણ પણ એ જ કે તેણે લડાઈમાં બહાદુરી બતાવી. વળી માત્ર વીસ માણસના કામથી શોરબકોર થઈ રહ્યો છે તેનું કારણ પણ એવી જ જાતનું. હિંદી કોમ લડાઈનું કંઈ પણ કામ ન કરી શકે એવો સાધારણ રીતે ગોરાઓનો મત હોય છે. તેથી જ્યારે આપણે થોડું કામ કર્યું છે ત્યારે પણ તેઓમાં આશ્ચર્ય અને ખુશાલી થાય છે. આવા વિચાર કરતાં આપણે ચોક્કસ રીતે સમજવા જેવું છે કે જેમ બને તેમ મહેનત કરીને સરકારની મારફતે જાથુકને સારુ એક મોટી ટુકડી બનાવવાને પ્રયત્ન કરવો. તેમ કરવું એ જ શહેરી તરીકે આપણી ફરજ છે. અને એટલું જ નહીં પણ આપણી ઈજાઓ દૂર કરવા આ સીધો, સરસ અને તાત્કાલિક ઈલાજ છે. એથી ઝપાટાબંધ એકી વખતે આપણી બધી ઈજા દૂર થાય એવું અમે કહેવા નથી માંગતા, પણ એવાં કાર્યોથી આપણી તરફ ગોરાઓ માનની નજરે જુએ. તેનું પરિણામ છેવટે સરસ જ આવે એ દેખીતી વાત છે, એટલે અમે ઉમેદ રાખીએ છીએ કે હિંદી કોમના અગ્રેસરો આ કામમાં પછાત નહીં રહેતાં જે કાંઈ કરવું ઘટે છે તે તરત જ કરશે.

સરકાર ટુકડી કબૂલ રાખે યા ન રાખે તોપણ કોરના વૃત્તાંત પરથી એટલું તો દરેક કેળવાયેલ હિંદીને જોવામાં આવ્યું હશે કે જેમ આપણે મનને કેળવીએ છીએ તેમ જ શરીરને કેળવવાની જરૂર છે. સાધારણ રીતે હિંદુસ્તાનમાં કેળવણી પામેલા માણસો શરીરે નબળા જોવામાં આવે છે. બાળલગ્નો વગેરે કારણોથી આમ બને છે એ બરાબર છે, તોપણ આપણે કબૂલ કરવું પડે છે કે કસરત કરવા તરફ બહુ ઓછું લક્ષ આપવામાં આવે છે. જે કસરત કરાય છે તે પણ શરીરના બધા અવયવો જોર પામે તેવી નથી થતી. ક્રિકેટ તથા ફૂટબૉલ એથી મળતી કસરત પૂરતી નથી. આપણામાં વજન ઉપાડવાની શક્તિ ઘણી ઓછી હોય છે અને તેથી તેવું કામ આવી પડે તો કાયર થઈ જઈએ છીએ. દક્ષિણ આફ્રિકામાં દેશના કરતાં આવી બાબતની તાલીમ લેવાના આપણને વધારે અવકાશો છે અને આ દેશની અંદર તેવી ચાનક પણ ચડે તેવાં વધારે સાધન છે. આવા સંજોગોનો લાભ લઈને જો હિંદી કોમ અંગને ખીલવશે તો તેનું પરિણામ બહુ સરસ આવવાનો સંભવ છે. અમે ઉમેદ રાખીએ છીએ કે હાલમાં જાગ્રત થયેલી સભાઓ આ હકીકતની નોંધ લઈ તેનો પૂરેપૂરો લાભ લેશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–७–१९०६

Gandhi Heritage Portal

૩૯૫. ઍમ્બ્યુલન્સ કોરના સત્કાર-સમારંભનું પ્રવચન

[છ અઠવાડિયાં સુધી મોરચા ઉપર કામગીરી બજાવ્યા પછી ૧૯મી જુલાઈએ હિંદીઓની સ્ટ્રેચર ટુકડી વિખેરી નાખવામાં આવી ત્યારે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે તેના માનમાં સત્કાર-સમારંભ યોજ્યો હતો. તેમાં ટુકડીના કાર્યને અંજલિ આપવામાં આવી હતી. ગાંધીજીએ તેનો જવાબ આપ્યો હતો. સભાની કાર્યવાહીના અહેવાલમાંથી નીચેનું લખાણ ઉતારવામાં આવ્યું છે.]

ડરબન,
જુલાઈ ૨૦, ૧૯૦૬

શ્રી ગાંધીએ જવાબમાં કૉંગ્રેસનો કોરની વતી ઉપકાર માનતાં જણાવ્યું કે કોરે કરેલું કામ તેની ફરજ હતી. અને ઉમેદ બતાવી કે જો હિંદીઓ કોરની ખરેખરી બૂજ જાણવા માગતા હોય તો તેઓએ એવી કોર હંમેશાંને સારુ સ્થપાય એમ સરકારની મારફત પ્રયત્ન કરવો જોઈએ. અને એવી કોરમાં દાખલ થવાને લાયક થવા સારુ શરીરને બરોબર કસવા મહેનત કરવી. જો કદી વેપારીવર્ગ તેમાં ભાગ ન લઈ શકે તો કેળવાયેલા બીજા હિંદીઓ તથા વેપારીઓના નોકરો, મહેતાઓ વગેરે સહેજે ભાગ લઈ શકે છે. લડાઈને વખતે તેમનો એવો અનુભવ થયો કે ગોરાઓ હિંદી મેમ્બરોની સાથે બહુ પ્રેમથી વર્તતા હતા. અને કાળા-ધોળા વચ્ચેનો તફાવત નહોતો રહ્યો. જો જાથુને સારુ વધારે હિંદીઓની કોર બને તો તેવી જાતનો ભાઈચારો વધી શકે. અને તેમ કરતાં હિંદી તરફનો ગોરાઓનો અણગમો દૂર થવા સંભવ છે. તેથી તેમણે બહુ આગ્રહપૂર્વક તેવી કોર બનાવવા ભલામણ કરી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–७–१९०६

૩૯૬. જ્યુબિલી પુસ્તકાલય પર નિવેદન

[કૉંગ્રેસ હૉલમાં મળેલી નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સભામાં બીજી બાબતો સાથે સ્ટ્રેચર બેરર કોરના સભ્યોને ચાંદીનાં ચંદ્રકો એનાયત કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. ડાયમંડ જ્યુબિલી પુસ્તકાલયની વ્યવસ્થાનો પ્રશ્ન પણ ચર્ચાયો હતો. ગાંધીજીએ નીચેનું નિવેદન કર્યું હતું. સભાની કાર્યવાહીના અહેવાલમાંથી તે લીધું છે.]

શ્રી ગાંધીએ ખુલાસો કરતાં જણાવ્યું જે ડાયમંડ જ્યુબિલી વખતે હિંદી કોમ તરફથી ડાયમંડ જ્યુબિલી લાઈબ્રેરી સ્થાપવામાં આવી હતી તેની માલિકી તથા તેને ચલાવવાનો કારભાર એક ખાસ કમિટીને સોંપવામાં આવેલ હતો, અને તે પુસ્તકો કૉંગ્રેસ હૉલમાં[1] રાખવામાં આવ્યાં હતાં. લલ્લુભાઈ લાઈબ્રેરીની વ્યવસ્થા હાલ નહીં થતી હોવાથી તે પુસ્તકો પાછાં કૉંગ્રેસ હૉલમાં મૂકવા શ્રી રવિશંકર ભટ્ટ, લલ્લુ લાઈબ્રેરીના પ્રમુખને હું મળેલો છું અને તેમણે તે પુસ્તકો સોંપવાની હા પાડી છે. આ બાબત હજુ એકબે ગૃહસ્થોને મારે મળવાનું છે જેમના તરફથી

૧. જુઓ પુસ્તક ૨, પા. ૨૪૫ અને પુસ્તક ૪, પા. ૩૭૭.

Gandhi Heritage Portal

ખુલાસો થતાં ગાડી મોકલી મંગાવી લેવામાં આવશે. શ્રી પીરન મહમદે જણાવ્યું જે શ્રી ગાંધી તરફથી છેવટનો ખુલાસો થશે કે તુરત મેસર્સ બી. ઈબ્રાહીમ ઈસ્માઈલની ગાડી મારફત આ પુસ્તકો લાવવાની ગોઠવણ થઈ શકશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८-७-१९०६

૩૯૭. ટ્રાન્સવાલમાં પરમિટ કાયદાની સ્થિતિ

ટ્રાન્સવાલમાં હાલ તુરતમાં કેટલાક પરમિટ બાબત જાણવાજોગ કેસ[1] થાય છે તેનો હેવાલ અમે આપી ગયા છીએ. તેમાંથી આપણે શું જાણવાનું છે અને આપણી કાયદેસર સ્થિતિ શું થઈ છે એ સમજવા જેવું છે. એ બધા કેસોમાં મિ. ભાયાતનો કેસ છે તે સહુથી વધારે અગત્યનો છે, અને તેમાં થયેલો ઠરાવ જો નભી શકે એવો હોય તો તેથી અનેક હિંદીને લાભ થવાનો સંભવ છે. પણ એ કેસ અમે આગળ જણાવી ગયા છીએ તે પ્રમાણે અટપટો છે, અને તેમાં થયેલ ચુકાદાથી જેટલો લાભ આપણને મળવો જોઈએ તેટલો લાભ મળવાની ઠંડી આશા રાખવાની છે. એ કેસમાં થયેલ ઠરાવ મુજબ જે હિંદીની પાસે પુરાણું ડચ સરકારનું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ હોય તેને પરમિટની જરૂર નથી. આવો ઠરાવ માજિસ્ટ્રેટે આપ્યો છે તેની ઉપર ઍટર્ની જનરલે સુપ્રિમ કોર્ટને ફરી તપાસની અરજ કરી. તે અરજ કાઢી નાખી તે ઉપરથી કેટલાક હિંદીઓ એમ માને છે કે માજિસ્ટ્રેટનો ઠરાવ વાજબી ગણી બહાલ રાખ્યો. હકીકતમાં આવું કાંઈ જ નથી. કોરટે ફરી તપાસની અરજી કાઢી તેનું કારણ માત્ર એ હતું કે માજિસ્ટ્રેટે આપેલ ઠરાવ ઉપર સુપ્રિમ કોર્ટને કાંઈ પણ મત આપવાનો હક નહીં હતો. કાયદો એવો છે કે નીચલી કોર્ટમાં ગુનેગાર છૂટી જાય તેની સામે ઉપલી કોર્ટમાં અપીલ થઈ શકતી નથી. પણ કેટલાંક કારણસર તેવા ઠરાવ વિષે ઍટર્ની જનરલ ફરી તપાસ કરવાની અરજી સુપ્રિમ કોર્ટમાં કરી શકે છે. તેવી અરજી એટર્ની જનરલે મિ. ભાયાતના કેસમાં કરી, પણ જે શરતે કોર્ટ વચમાં પડી શકે છે તે બધી શરતો ઍટર્ની જનરલ આ કેસમાં પૂરી પાડી શક્યા નહોતા તેથી સુપ્રિમ કોર્ટે અરજી કાઢી નાખી; પણ માજિસ્ટ્રેટે જે ઠરાવ મિ. ભાયાતના કેસમાં આપ્યો છે તે ઠરાવ કાયદેસર છે કે નહીં એ વિશે તો હજી બારી ઉઘાડી રહેલી છે એટલે જોકે મિ. ભાયાતને પોતાને કોઈ હરકત કરી શકે એમ નથી. તોપણ એવો ઠરાવ બીજા માણસના પણ લાભમાં થાય કે નહીં, તે વિષે પૂરેપૂરી શંકા છે. વળી જે ઠરાવ વૉકસ-રસ્ટના માજિસ્ટ્રેટે આપ્યો છે તે ઠરાવ બીજા માજિસ્ટ્રેટોને કબૂલ રાખવો ન જોઈએ, એવો કાયદાનો નિયમ નથી. એટલે બીજા કોઈ પણ માજિસ્ટ્રેટના હાથમાં તેવી જાતના કેસ આવે તો તેનો ઠરાવ આપણા લાભમાં જ મળે એમ ચોક્કસ માનવાનું નથી. જે ઠરાવ વૉકસરસ્ટના માજિસ્ટ્રેટે આપ્યો છે એવો જ કાયદાનો અર્થ છે એમ છાતી ઠોકીને કહી શકાતું નથી. ઘણા મોટા બારિસ્ટરોએ તેથી વિરુદ્ધ મત આપેલો છે તેથી સંભવ એવો છે કે જો કાયદાનો અર્થ કરાવવાને સારુ સુપ્રિમ કોર્ટમાં આપણને જવું પડે તો વખતે આપણે હારી જઈએ.

આવાં કારણોને લઈને મિ. ભાભાનો કેસ જે હાલમાં વૉકસરસ્ટમાં બન્યો છે તે કેસ બહુ વિચારવા જેવો છે. અમને લાગે છે કે એ કેસમાં પહેલો ચુકાદો માજિસ્ટ્રેટે જે આપ્યો છે

૧. જુઓ "પરમિટ સંબંધી એક મહત્ત્વનો કેસ", પા. ૩૯૮-૯૯.

Gandhi Heritage Portal

તે સુપ્રિમ કોર્ટમાં અમે કહી ગયા તે અપીલની વખતે થયેલી દલીલના ડરથી તેમ થયું છે. માજિસ્ટ્રેટે પોતાનો અગાઉનો ઠરાવ ખોટો છે એમ કહેવું ઠીક નહીં માની રજૂ થયેલ રજિસ્ટરના ધણી મિ. ભાભા છે અમ તેને સંતોષ નથી થયો એવી દલીલ આપી તેને પાછા જવાનો હુકમ કર્યો. જ્યારે મિ. ભાભા રજિસ્ટર પોતાનું જ છે એવો સજ્જડ પુરાવો લાવ્યા ત્યારે તેની સામું બીજું કારણ આપી માજિસ્ટ્રેટે તેને ટ્રાન્સવાલમાં દાખલ થતાં અટકાવેલ છે. તેની ઉપર મિ. ભાભાએ અપીલ કરી કહેવાય છે. અમને ધાસ્તી છે કે તે અપીલની અંદર મિ. ભાભા હારશે; કેમ કે તેમાં રજિસ્ટર પરમિટની ગરજ સારે છે કે નહીં તેનો અર્થ કરવા સિવાય તો બીજા ગૂંચવાડા રહેલા છે. તેથી મિ. ભાભાને અમારી ખાસ સલાહ છે કે હાલ તુરત તેમણે પોતાની અપીલ ખેંચી લેવી અને જો તેમ ન કરે તો ઘણા માણસોને ઈજા પહોંચવાનો સંભવ છે. જ્યાં સુધી રજિસ્ટર એ પરમિટની ગરજ સારે છે કે નહીં એ વિષે અચોક્કસ છે ત્યાં સુધી માણસો દાખલ થઈ શકવાનો સંભવ છે. પણ જો સુપ્રિમ કોર્ટે એ કરવાથી આપણી વિરુદ્ધ ચુકાદો આપ્યો તો જરા પણ ઉઘાડું રહેલું બારું બંધ થઈ જશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २८–७–१९०६

૩૯૮. વિલિયમ વેડરબર્નને પત્ર

[જોહાનિસબર્ગ,]
જુલાઈ ૩૦, ૧૯૦૬

સર વિલિયમ વેડરબર્ન, બૅરોનેટ
૮૪-૮૫, પેલેસ ચેમ્બર્સ,
લંડન, ઇંગ્લંડ

વહાલા સાહેબ,

હું રણમોરચેથી હમણાં જ પાછો ફર્યો છું. 'બંધારણ સમિતિ'ના રિપોર્ટ સંબંધે હવે હું કશા ઉપયોગમાં આવી શકુ એમ નથી; છતાં બ્રિટિશ ઇન્ડિયન એસોસિયેશનનો અભિપ્રાય છે કે મારે એક કે બે વેપારીઓને સાથે લઈને ઇંગ્લંડ જવું જોઈએ. એ રીતે જવાનો હેતુ જે શાહી ફરમાન કાઢવામાં આવે તેના પર અવશ્ય રીતે અસર પાડવાનો નથી, પણ સત્તાવાળાઓ સમક્ષ બ્રિટિશ હિંદીઓની સ્થિતિની રૂબરૂમાં રજૂઆત કરવાનો છે. તેથી આવું પ્રતિનિધિમંડળ કોઈ પણ પ્રકારે ઉપયોગી થઈ શકે કે કેમ, એ જો આપ કૃપા કરીને મને તારથી જણાવશો તો હું ઉપકૃત થઈશ. જો એ અનાવશ્યક લાગે તો 'બિનજરૂરી' એ શબ્દથી અર્થ સમજાઈ જશે. જો આપ માનતા હો કે ઉપર કહ્યું તેવું પ્રતિનિધિમંડળ આવવું જોઈએ તો કૃપા કરી "હા"નો તાર કરશો. ત્યાં સપ્ટેમ્બરના અંતમાં આવવું ઠીક થઈ પડશે કે ઑક્ટોબરના અંતમાં એનો મને બહુ ખ્યાલ નથી.

હું છું
આપનો સાચો,

[મૂળ અંગ્રેજી]

ઑફિસ પ્રતની છબી પરથી: જી. એન. ૨૨૮૪

Gandhi Heritage Portal

૩૯૯. દાદાભાઈ નવરોજીને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક ઍન્ડ ઍન્ડર્સન સ્ટ્રીટ્સ કૉર્નર,
જોહાનિસબર્ગ,
જુલાઈ ૩૦, ૧૯૦૬

પ્રિય શ્રી નવરોજી,

હું રણમોરચેથી હમણાં જ પાછો ફર્યો છું. 'બંધારણ સમિતિ'ને અમે પેશ કરેલું નિવેદન[૧] આપે સંસ્થાન ખાતાના તથા હિંદ ખાતાના વજીરોને રવાના કર્યું છે એ જણાવતો આપનો પત્ર મને મળ્યો છે. સર વિલિયમ વેડરબર્નને મેં લખેલા પત્રની નકલ[૨] આપની જાણ માટે હું આ સાથે બીડું છું.

આપની પૌત્રી એડિનબરો યુનિવર્સિટીની એમ. એ. ડિગ્રી માટેની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ તે બદલ હું આપને અભિનંદન મોકલું છું.

આપનો સાચો,
મો. ક. ગાંધી

માનનીય શ્રી દાદાભાઈ નવરોજી
લંડન, ઇંગ્લંડ

[તા. ક.]

આ પત્ર ગયે અઠવાડિયે એટલો મોડો થયો હતો કે તે મોડામાં મોડી પોસ્ટથી પણ મોકલી શકાયો નહોતો.[૩]

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : જી. એન. ૨૨૭૪

૧. જુઓ "વિલાયતથી આવેલ કમિશનની પાસે રજૂ કરેલી અરજી", પા. ૩૬૫–૭૬.

૨. જુઓ આની પહેલાંનો લેખ.

૩. આ ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.

Gandhi Heritage Portal

૪૦૦. પ્રિન્સિપાલ મેડિકલ ઑફિસરને[1] પત્ર

[જોહાનિસબર્ગ,
જુલાઈ ૩૧, ૧૯૦૬][1]

પ્રિન્સિપાલ મેડિકલ ઑફિસર જોગ
નાતાલ

સાહેબ,

ઈન્ડિયન સ્ટ્રેચર બેરર કોરને તા. ૧૯મી જુલાઈએ રજા મળી અને તે તા. ૨૦મીએ ડરબન પહોંચી.

મેપુમુલુના કૅંપને જંતુનાશક પાણીથી સાફ રાખવાનું, જખમી દર્દીઓના જખમને સાફ કરવા તથા પાટા બાંધવાનું અને લશ્કરની સાથે કૂચ કરવાનું તથા ડોળી ઉપાડવાનું કામ પડયું હતું. ઘણાખરા મેમ્બરો ટુગેલા, ઓટોમાટી તથા અમવોટીની ખીણમાં જ્યારે લશ્કર ગયું ત્યારે સામેલ હતા. મને લાગે છે મેમ્બરોએ પોતાનું કામ ખુશીથી અને ચતુરાઈથી કરેલું છે.

નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસે આ ટુકડી બનાવવાનું કહ્યું તેનું કારણ એ બતાવવાનું હતું કે હિંદી કોમ શહેરી તરીકેની પોતાની જવાબદારી સમજે છે અને જાથુને સારુ નાતાલ મિલિશિયાનાં હિંદીને દાખલ થવા રજા આપે એવું સરકારને સમજાવવાનું પણ હતું. હું માનું છું કે મારા સ્વદેશી ભાઈઓ ઇસ્પિતાલ વગેરેનું કામ કરવામાં કુશળ નીવડે છે. ટ્રૂપર ફોર્ડર જેને અમે ઓટોમાટીથી ઊંચકી ગયા તેની અમારે સંભાળ પણ રાખવી પડતી હતી. તેને એવો સંતોષ થયેલો કે જ્યારે તે સાજો થયો ત્યારે તે માણસોએ કરેલ ચાકરી સારુ ખાસ ઉપકાર માનવા આવ્યો હતો.

કોરની અંદર કેટલાક અંગ્રેજી કેળવણી પામેલા હિંદી હતા, તેમ જ મજૂર વર્ગના માણસો હતા. તે બધા અકલી કામ કરનારા અને શહેરી ધંધાના કોમ તરફથી જે દરમાયો મળવાનો છે તેના કરતાં વધારે કમાવાને લાયક હતા. હિંદી કોમનો ઈરાદો હતો કે સરકાર તેમની માગણી કબૂલ કરે તો જ ઠીક. તેથી અડચણો દૂર કરવાને ખાતર કોમે માણસોને દહાડાનો ૧/૬ [૧ શિ. ૬ પે.] લેવાનું સમજાવતાં ખુશીથી તેઓ સમજ્યા. પણ મારો મત એવો છે કે હોશિયાર માણસો હફતાના એક પાઉંડથી ઓછે ન મળી શકે. મને એમ પણ જણાય છે કે જેઓ ડોળીવાળાઓના મુખીનું કામ કરે તેઓને દહાડાના શિલિંગ ૫ મળવા જોઈએ.

ટુકડીના બધા માણસો બિનમાહિતગાર અને તાલીમ વિનાના હતા. તેઓને જવાબદાર કામ સ્વતંત્રપણે કરવું પડતું હતું. વળી તેઓને વગર હથિયારે જોખમમાં પણ ઊતરવું પડતું.

જો સરકાર જાથુ ટુકડી બનાવે તો ખાસ તાલીમ આપવાની જરૂર છે, અને બચાવ ખાતર તેઓને હથિયાર મળવાં જોઈએ.

૧. આ તારીખના પત્ર તરીકે ગાંધીજીના પત્રની પહોંચ સ્વીકારતાં કર્નલ હિસ્લોપે પોતાના જવાબમાં ઍમ્બ્યુલન્સ કોરના સભ્યોને લશ્કરના કમાન્ડરનાં અભિનંદન પહોંચાડયાં અને "માત્ર ડોળી ઊંચકનારા તરીકે જ નહીં પણ સ્વચ્છતાના વધારે મહત્ત્વના કાર્ય સંબંધમાં લશ્કરના મેડિકલ ખાતાને આપેલી ખૂબ જ કીમતી સેવાઓની" તેમની પોતાની પ્રશંસા તેમણે પ્રદર્શિત કરી.

Gandhi Heritage Portal

હું આજ તેર વર્ષથી હિંદી કોમની સાથે ઘાડા પ્રસંગથી રહ્યો છું. તેથી મેં આપની પાસે ઉપરનો વિચાર રજૂ કર્યો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ११–८–१९०६

૪૦૧. જોહાનિસબર્ગનો પત્ર

વિલાયતનું ડેપ્યુટેશન

[ઑગસ્ટ ૪, ૧૯૦૬ પહેલાં]

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની કમિટીની મીટિંગ તા. ૨૭મીએ, ગયે શુક્રવારે, ભરાયેલી હતી. તેમાં શ્રી અબદુલ ગની, શ્રી ઈસપ મિયાં, શ્રી કુવાડિયા, શ્રી મહમદ શાહબુદ્દીન, શ્રી ગુલામ સાહેબ, શ્રી મહમદ હુસેન, શ્રી ભીખુભાઈ તથા પ્રિટોરિયાવાળા શ્રી હાજી હબીબ અને શ્રી આદમ તૈયબ તથા હેડલબર્ગવાળા શ્રી આમદ ભાયાત અને ડરબનના શ્રી ઉમર હાજી આમદ ઝવેરી પણ હાજર હતા.

કેટલીક ચર્ચા થયા પછી એવો ઠરાવ થયો કે ડેપ્યુટેશન હજુ પણ મોકલવાની જરૂર છે. કૉન્સ્ટિટ્યૂશન કમિટીના રિપોર્ટની સાથે આપણે સંબંધ છે તેના કરતાં ટ્રાન્સવાલમાં બંધારણ બંધાયા પછી શું કાયદા થવાના છે તેની સાથે આપણને વધારે સંબંધ છે. શ્રી હાજી હબીબની સૂચનાથી એવો ઠરાવ થયો કે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે પા. ૧૦૦૦ સુધીનો ખર્ચ ડેપ્યુટેશન બાબત કરવા ઠરાવ્યું છે, તેમાંથી પા. ૨૫૦ની તેની પાસેથી મદદ માગવી. તેમાંથી તેઓ એક માણસનું પા. ૧૨૦ સુધીનું ખર્ચ લઈ શકે ને બાકીના પૈસા આખા ડેપ્યુટેશનના ખર્ચમાં વપરાય. કેપ તરફથી મદદ મળે તેનો ઉપયોગ કૉંગ્રેસ કરે. આવી રીતનો કાગળ લખવાનું સેક્રેટરીને સોંપવામાં આવ્યું છે. ડેપ્યુટેશનમાં બે માણસ જાય તો લગભગ પા. ૫૦૦ જેટલું ખર્ચ થવામાં આવે છે. ટ્રાન્સવાલ તરફથી શ્રી ગાંધી તથા એક વેપારી હોવા જોઈએ, એમ કમિટીનો વિચાર છે. ગામોગામ ઉઘરાણાં કરવાં એવો ઠરાવ થયો છે, અને ઠેકાણે ઠેકાણે જવાને સારુ મેમ્બરોનાં નામ પણ અપાઈ ગયાં છે. સેક્રેટરીની જગ્યાએ જગ્યાએ કાગળ લખવાનો હુકમ થયો છે ને ટ્રાન્સવાલનાં બધાં મુખ્ય શહેરમાં કાગળો જઈ પહોંચ્યા છે. એટલે જો ઉઘરાણું બરોબર થશે, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ ઉઘરાણું કરી પા. ૨૫૦ સુધી વાપરવા ઠરાવ કરશે. અને જો વિલાયતથી નહીં જવા બાબત કાગળ નહીં આવે તો ડેપ્યુટેશન સપ્ટેમ્બર[૧] માસમાં જવા સંભવ જણાય છે.

લડાઈના દાવા

ટ્રાન્સવાલ ગૅઝેટમાં લડાઈના દાવાદારોનું[૨] લિસ્ટ બહાર પડ્યું છે તે આ સાથે રાખું છું. તેની ઉપર બધા વાંચનારનું ધ્યાન ખેંચવાની જરૂર છે. નહીં તો તેમાં જણાવેલા પૈસા આ વર્ષની આખરીમાં ખોટા થશે.

૧. તે ખરેખર ઑક્ટોબરમાં ગયું હતું.
૨. બોઅર લડાઈ દરમિયાન ભોગવેલી નુકસાનીનો બદલો.

Gandhi Heritage Portal

ટી. એમ. આર.નું પાછા ફરવું

કાફરી બળવા સારુ મદદને સારુ અહીંથી ટ્રાન્સવાલ માઉન્ટેડ રાઈફલ નામની ટુકડી નાતાલ ગયેલી હતી તે પાછી ફરી છે. તેને ઘણી ધામધૂમથી ટ્રાન્સવાલના લોકોએ વધાવી લીધી છે. મોટી મીટિંગો ભરાઈ હતી અને તેઓને સારુ મોટાં ખાણાં થયાં છે. હજુ સુધી ધામધૂમ ચાલ્યા કરે છે. ઇન્ડિયન સ્ટ્રેચર બેરર કોરને રજા મળ્યા બાબત તથા તેણે સારું કામ કર્યા બાબતના રૂટરના તાર અહીંનાં બધાં છાપાંઓમાં છપાયા છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ४–८–१९०६

૪૦૨. છૂપો ન્યાય

ગયે અઠવાડિયે અમારા જોહાનિસબર્ગના ખબરપત્રીએ એ વાત પર ખાસ ધ્યાન દોર્યું હતું[૧] કે મિ. લવડેએ એશિયાઈઓની બાબતમાં પરવાના ખાતાની કામગીરીને મંજૂરી આપી છે તથા દરિયાકાંઠે એક નિરીક્ષક અમલદારની નિમણૂકને અનુમોદન આપ્યું છે. ઉપરઉપરથી જણાય છે તે કરતાં આ ઘટના પાછળ ઘણું વધારે રહસ્ય છુપાયેલું પડયું છે. જનતાને એ હકીકતની ખબર નથી કે લગભગ છૂપી એવી સલાહકાર સમિતિઓ અસ્તિત્વમાં છે, જે પરવાના કાઢી આપવાનો હોદ્દો ધરાવનાર એશિયાઈ લોકના નોંધણી અમલદારના કામ પર નિયંત્રણ રાખે છે. આથી જોકે પરવાના કાઢી આપનાર રજિસ્ટ્રાર નામ પૂરતો જવાબદાર અમલદાર છે છતાં હકીકતમાં તે આ સમિતિઓનો આડતિયો જ છે અને તેમની સૂચનાઓનું યંત્રવત્ પાલન કરે છે. એટલે તો, સરકારે તેમની જાહેર રીતે નિમણૂક કરી નથી છતાં મિ. લવડે દેખીતી રીતે જ આ સલાહકાર સમિતિઓના વડા છે. એટલે જ ફરીથી ટ્રાન્સવાલમાં પ્રવેશવા માટે જેમને ખરેખર હક છે તેવા બ્રિટિશ હિંદીઓના માર્ગમાં અસંખ્ય મુશ્કેલીઓ મુકાઈ છે.

નિર્વાસિતોની અરજીઓ બાબતમાં વધુમાં વધુ સખતાઈ રાખવામાં આવે તે સંબંધમાં અમને વાંધો નથી, પણ અમારો સખત વાંધો છે આ ગુપ્તતા સામે, જે આ સલાહકારક સમિતિઓના કામને છુપાવી રાખે છે. જે પક્ષકારોને સીધો હિતસંબંધ હોય તેમના કામની સમિતિઓ સમક્ષ સુનાવણી થતી હોય અગર પ્રતિનિધિ દ્વારા તેની રજૂઆત કરવા દેવામાં આવતી હોય એવું અમારી જાણમાં નથી. સમિતિઓ શો પુરાવો ભેગો કરે છે અથવા કયો પુરાવો સંસ્થામાં ફરી પ્રવેશ કરવા માટેના બ્રિટિશ હિંદીઓના હકને સિદ્ધ કરવાને પૂરતો ગણે છે તે માત્ર સમિતિઓ જ જાણે છે. આ જાતની પદ્ધતિ નીચે પક્ષપાત થયા વિના ન રહે, પછી ભલે તે બિલકુલ અજાણપણે થતો હોય. સહેલાઈથી સાબિત થઈ શકે તેવા દાવાના અસ્વીકાર બાબતની કડવી ફરિયાદો અમને ચારે બાજુથી મળ્યા કરે છે. જેમને બ્રિટિશ હિંદી નિર્વાસિતોની અરજી બાબતમાં મનસ્વીપણે નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી છે એવી આ સમિતિઓ કુમળી વયનાં બાળકોને સંસ્થાન બહાર રાખે છે.

૧. इन्डियन ओपीनियन, ૨૮–૭–૧૯૦૬ના "જોહાનિસબર્ગ જોટિંગ્ઝ", લેખમાં.

Gandhi Heritage Portal

ખુલ્લા પક્ષકારોને તેમના વિરોધીઓનો, અથવા જેમની તેઓ આજ સુધી અપાર નિંદા કરતા આવ્યા છે તેમનો ન્યાય કરવાનું કામ સોંપવું એ ન્યાય આપવાની એક વિચિત્ર રીત છે. બ્રિટિશ હિંદીઓ પ્રત્યે ટ્રાન્સવાલ વહીવટી તંત્રની ઓછામાં ઓછી એટલી ફરજ તો છે જ કે તે તેમને તેમની સ્થિતિ ચોક્કસપણે જણાવી દે. બ્રિટિશ હિંદીઓના પરવાના બાબતમાં છૂપી તપાસ કરવામાં આવે છે તેના કરતાં નિશ્ચિત અર્થવાળા, સારી રીતે સમજાય એવા, કાર્યવાહીના સખતમાં સખત નિયમો વધારે સારા. પોતાના પહેલાંના વસવાટ બાબત પુરાવો રજૂ કરવાથી, ટ્રાન્સવાલમાં વગર મુશ્કેલીએ પુન:પ્રવેશ મળી શકશે એવી સહીસલામતી આજે કોઈ હિંદીને લાગતી નથી. કમનસીબ બ્રિટિશ હિંદી નિર્વાસિતો માટે ટ્રાન્સવાલના વહીવટી તંત્રે જે પરિસ્થિતિ સર્જી છે તે ખૂબ જ અસંતોષકારક છે અને અત્યંત બદનામી કરનારી છે. નાતાલ કે કેપ સંસ્થાન કરતાં અહીં એ સ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ છે, કેમ કે ત્યાં પ્રવેશ પર ગમે તેવાં નિયંત્રણો હોય પણ પોતાની કાયદેસર સ્થિતિ શી છે, તે દરેક જણ જાણે છે અને દરેક જણ ન્યાયાલયમાં જઈ એ બાબતમાં દાદ માગી શકે છે. આ એવી પરિસ્થિતિ છે કે જે દૂર કરવાની ન્યાય અને વાજબીપણાને ચાહનારા દરેક માણસની ફરજ છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ૪–૮–૧૯૦૬

૪૦૩. મિ. બાઈટનું વસિયતનામું

મરહૂમ મિ. બાઈટના વસિયતનામાનો[1] ટૂંક હેવાલ અમે ગયા અંકમાં આપી ગયા છીએ. તે આપણા તવંગર હિંદીઓએ સમજવા જેવો છે. મિ. બાઈટે પોતાના કરોડો પૈસા દક્ષિણ આફ્રિકામાં જમાવ્યા અને તેથી તેનો મોટો લાભ દક્ષિણ આફ્રિકાને આપ્યો છે. પોતે પરમુલકમાં હોઈ બ્રિટિશ વાવટા નીચે પૈસો તથા નામ મેળવ્યાં. તેથી તેણે વિલાયતમાં પણ પોતાના પૈસાનો બહોળો ઉપયોગ કરવાની જોગવાઈ પોતાના વસિયતનામામાં કરી છે. આમ સારાં કામોમાં પોતે લાખો પાઉંડ વાપરવાનું લખી ગયા છે. તેમાંનો મુખ્ય ભાગ કેળવણી તરફ વપરાવાનો છે. જોહાનિસબર્ગમાં હજારો એકર જમીન આપી છે ત્યાં જબરદસ્ત કેળવણીનું સ્થાનક થશે અને તેમની જ સખાવતથી ટ્રાન્સવાલમાં યુનિવર્સિટી થઈ છે. આવી ઉદારતા એ ગોરા લોકોની ચડતીનું એક સબળ કારણ છે. તે લોકો જેમ પૈસા કમાઈ જાણે છે તેમ જ વાપરી જાણે છે. આપણે બંનેમાં પછાત છીએ અને મુખ્યત્વે કરીને ઠેકાણાસર વાપરવામાં જ્યારે આપણે વાપરીએ છીએ ત્યારે પણ તે અણઘટતી રીતે અને ઘણે ભાગે આપણો સ્વાર્થ સાધવામાં અથવા તો આપણા મોજશોખમાં.

દક્ષિણ આફ્રિકાનો દાખલો લઈએ તો આપણી નજરે એવા થોડા હિંદી આવે છે કે જેઓએ આપણાં બચ્ચાંઓને ખરી કેળવણી આપવા તરફ પોતાનો પૈસો વાપર્યો હોય. એટલે

૧. ૨૮ જુલાઈ, ૧૯૦૬ના इन्डियन ओपीनियनમાં એક ગુજરાતી સમાચારમાં જણાવ્યા મુજબ મિ. બાઈટના વસિયતનામામાં ૧૨,૦૦,૦૦૦ પાઉંડ દક્ષિણ આફ્રિકામાં વાહન અને સંદેશવ્યવહાર સુધારવાના કામ માટે, પાઉંડ ૨,૦૦,૦૦૦ જોહાનિસબર્ગમાં પાઠશાળા સ્થાપવા માટે, પાઉંડ ૨૦,૦૦૦ ટ્રાન્સવાલમાં કેળવણી માટે, પાઉંડ ૧૫,૦૦૦ કિમ્બર્લી અને તેની આસપાસના ભાગમાં કેળવણી માટે તથા પાઉંડ ૧૫,૦૦૦ કેપ કોલોનીમાં કેળવણી માટે દાનમાં આપવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal

આપણે લાજમ છે કે મિ. બાઈટ જેવાના દાખલા આપણે ધ્યાનમાં રાખવા. દક્ષિણ આફ્રિકામાં હિંદી છોકરાઓને કેળવણીનાં પૂરાં સાધન આપવાં એ આપણી પહેલી ફરજ છે. બીજી તરફ બૈરાંઓની કેળવણી તરફ ધ્યાન ખેંચવાની છે. જ્યાં સુધી બૈરાંઓ મા તરીકે પોતાનો ધર્મ નહીં સમજી શકે ત્યાં સુધી હિંદી પ્રજા પછાત જ રહેશે; અને આપણી ત્રીજી ફરજ એ છે કે પુખ્ત ઉંમરે પહોંચેલા ધંધાદારી હિંદીઓએ પણ થોડોઘણો વખત બચાવી રાતના કેળવણી લેવાની ફરજ છે. આમ કરવામાં પૈસાની જરૂર છે. અને જો મિ. બાઈટની નકલ કરનારા હિંદીઓ નીકળી પડે તો ઉપરનાં કામ સહેજે થઈ શકે તેવાં છે. આપણે દક્ષિણ આફ્રિકામાં હક્કો માંગીએ છીએ તે બરોબર છે. નથી મળતા તે અન્યાય છે. છતાં આપણે એટલું કબૂલ કરવું જોઈએ કે હક્કો મેળવવાને આપણામાં પૂરેપૂરી લાયકી નથી. બે હાથ વિના તાળી પડતી નથી. તેમ આપણામાં કંઈ વાંક જ ન હોત તો આપણે આ મુલકમાં ભોગવીએ છીએ તેટલી ઈજા ન ભોગવત.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ४–८–१९०६

૪૦૪. ઇજિપ્ત અને નાતાલનો મુકાબલો

કેવો સુધારો?

કાફરી બળવામાં જે નાતાલના લશ્કરે કર્યું છે તે બાબત વિલાયતમાં ચર્ચા ચાલી રહી છે. ત્યાંના માણસો એમ માને છે કે નાતાલના ગોરાઓએ બહુ જુલમ કર્યો છે. તેની સામે સ્ટાર ન્યૂસપેપરે ઇજિપ્તમાં વડી સરકારના લશ્કરે કરેલાં કામ બતાવી આપ્યાં છે. ઇજિપ્તમાં જે દેશીઓ સામે થયેલા તેમાંના જે પકડાયા હતા તેઓને ફટકા મારવાનો હુકમ થયેલો. માણસો સહન કરી શકે ત્યાં સુધી ફટકા મારેલા અને તે પણ જાહેર મેદાનમાં હજારો માણસની સમક્ષ. તે જ વખતે જેઓને ફાંસીની સજા હતી તેઓને ફાંસી દીધેલી અને ફાંસીએ દીધેલો માણસ લટકતો હોય તે વખતે બીજાઓને ફટકા શરૂ હતા! એમ કહેવાય છે કે આવા બનાવો બનતી વેળા સજા પામેલા માણસોનાં સગાંઓ મૂર્છા ખાઈ રોતાં હતાં. જો આ અહેવાલ ખરો હોય તો નાતાલ વિષે વિલાયતમાં ચર્ચા થવાનું કંઈ જ કારણ રહેતું નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ४–८–१९०६

Gandhi Heritage Portal

૪૦૫. જોહાનિસબર્ગનો પત્ર

ઑગસ્ટ ૪, ૧૯૦૬

એલ્ગિન કૉન્સ્ટિટ્યૂશન

ટ્રાન્સવાલને નવું બંધારણ આપવાનો જે ઠરાવ થયો છે ને તેની હકીકત બહાર આવી છે તે હાલ દરેક જણના મોઢામાં રમી રહી છે. ગયે વરસે મિ. લિટલટને જે બંધારણ આપ્યું હતું તેમાં અને લૉર્ડ એલ્ગિને જે હવે આપ્યું તેમાં ઘણો તફાવત રહ્યો છે.

મિ. લિટલટનના બંધારણથી રાજ્યકારભાર તો હજુ બ્રિટિશ અમલદારોના હાથમાં જ રહેવાનો હતો. લૉર્ડ એલ્ગિનના બંધારણથી રાજ્યકારભાર, જે મેમ્બરો ચૂંટણીમાં નિમાશે તેમાંથી જે પક્ષ વધારે હશે તે, અમલ કરશે. આ ભેદ તે મુખ્ય ભેદ છે ને એથી જ મિ. લિટલટનનું બંધારણ તે "રિપ્રેઝેન્ટેટિવ ગવર્નમેન્ટ" એટલે જેમાં લોકોની ઇચ્છા શું છે તે બતાવનારા માણસો દાખલ હોય તેવું અને લૉર્ડ એલ્ગિનનું બંધારણ તે "રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટ" એટલે જેમાં સત્તાધિકારીઓ તેવા ચૂંટાયેલા મેમ્બરોને જવાબદાર છે એટલે કે જેમાં અધિકારીઓને લોકોના પ્રતિનિધિ ખસેડી શકે છે. સિલોન તથા મોરિશિયસમાં રિપ્રેઝેન્ટેટિવ ગવર્નમેન્ટ છે. નાતાલ તથા કેપ કૉલોનીમાં રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટ છે.

બીજો મોટો તફાવત એ છે કે લૉર્ડ એલ્ગિનના બંધારણ મુજબ બોઅર લોકો રાજ્યસત્તા ભોગવી શકે એવી સ્થિતિમાં લગભગ મુકાયા છે. એટલે જેમ કેપમાં બૉંડ અથવા બ્રિટિશ સત્તા આવી શકે છે તેમ ટ્રાન્સવાલમાં થશે.

આ બંધારણ હજુ ઘડાયું નથી પણ ઘડાશે એમ મિ. ચર્ચિલે સૂચવ્યું છે. ઘડાતાં હજુ ત્રણેક હપતા જવાનો સંભવ છે. અને તે બંધારણવાળી પાર્લમેન્ટ જાન્યુઆરી પહેલાં બેસે એવો સંભવ નથી.

હિંદી સ્થિતિ

આવા ફેરફારમાં આપણે ક્યાં આવ્યા? આનો જવાબ આપવો બહુ મુશ્કેલ છે. મિ. ચર્ચિલના ભાષણનો જે તાર આવ્યો છે તે ઉપરથી કંઈ કળી શકાતું નથી. હાલ સ્થિતિ એવી ખરાબ છે કે તેથી વધારે ખરાબ થવાનો સંભવ નથી. પણ એટલું તો ચોક્કસ કે જે નવા કાયદા થવાના હશે તે જાન્યુઆરી પહેલાં તો નહીં જ થાય.

નાતાલ–ટ્રાન્સવાલ

નાતાલ તથા ટ્રાન્સવાલ બંને એકઠાં થાય એવી વાતચીત ચાલી રહી છે. કેટલાક અનુભવી ને વગ ધરાવતા માણસો તેવો મત ધરાવે છે. મિ. સુટર કરીને એક ગૃહસ્થ છે. તેણે ડેલી મેલના માણસને તે બાબત પોતાના વિચાર બતાવ્યા છે. તે અરસામાં પોતે જણાવ્યું છે કે જો બંને ભેળા થાય તો નાતાલની હિંદી 'પૉલિસી' બદલવી પડશે. ડેલી મેલનો અધિપતિ જણાવે છે કે ગિરમીટિયાને દાખલ કરે છે ત્યાં સુધી નાતાલ બીજા રાજ્ય સાથે ભળે એ બહુ કઠણ કામ છે.

Gandhi Heritage Portal

દક્ષિણ આફ્રિકાની અવસ્થા

આ બધા વિચારોની તળે લોકોના મનમાં દક્ષિણ આફ્રિકાની ગરીબાઈ રહેલી છે. અત્યારે વેપારની મંદાઈ ને જમીનના દામ કોડી થઈ ગયા છે તે કેમ સુધરે તેનો વિચાર કરતાં હજારો જાતનાં ફાંફાં મારે છે. પણ એ બધાનું તાત્પર્ય એ આવે છે કે જે સ્થિતિ હાલ છે તેમાં બે વરસ સુધી વધારે ફેરફાર થવાનો નથી. અર્થશાસ્ત્રીઓ જેને કુદરતી ધારાઓ કહે છે ને આસ્તિક માણસો જેને ઈશ્વરી હુકમ કહે છે તે પ્રમાણે એમ જણાય છે કે દરેક સ્થિતિમાં હરઘડી ફેરફાર થયા જ કરે છે. ચડે છે તે પડવું જ જોઈએ. તેવી જ સ્થિતિ દેશોની છે. દક્ષિણ આફ્રિકાએ પોતાના કાળચક્રમાં સારાં વરસો જોયાં છે. હવે તેની વારી ખરાબ વરસો જોવાની આવી છે.

ખરાબ વરસો હજુ તો બે નથી ગયાં. કેટલીક વેળા ત્રણ, કેટલીક વેળા પાંચ ને કેટલીક વેળા સાત વરસે સ્થિતિ બદલાય છે. એ પ્રમાણે ખરું હોય તો હજુ ઓછામાં ઓછું દોઢ વરસ સ્થિતિ બદલાતાં જવું જોઈએ. તે અરસામાં જેઓ ધીરજ પકડી પોતાની પછેડી પ્રમાણે સોડ તાણી સૂતાબેસતા હશે તે જીતી જશે. બીજાઓ આ ભયંકર રેલમાં તણાઈ મરશે.

ધારાસભામાં એશિયાટિક વિષે ચર્ચા

આજે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં મિ. ડંકને નીચે પ્રમાણે હકીકત[1] જણાવી :

> જ્યારે કાઉન્સિલ ફરી મળશે ત્યારે સરકારનો વિચાર એશિયાના માણસોને રજિસ્ટર કરવા વિષે કાયદો દાખલ કરવાનો છે. એ કાયદાની રૂએ આ કૉલોનીમાં એશિયાના માણસો વિષેના વડી સરકારના વિચાર પાર પડશે. પ્રથમ તો એ કે જેઓ આ દેશની અંદર હાલ વસેલા છે તેઓને બરોબર ઇન્સાફ આપવો, અને બીજો વડી સરકારનો વિચાર એ છે કે નવા એશિયાટિકને દાખલ કરવા દેવા કે નહીં અને જો કરવા દેવા તો તેઓની ઉપર શું દાબ રાખવો તે સવાલ રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટને સોંપવો. આ પ્રમાણે વડી સરકારની મંજૂરીથી આ સરકાર ચાલતી આવેલી છે. અને તેમ કરવામાં ડચની સરકારે ઘડેલ કાયદા ઉપર તેમ જ પરમિટના કાયદા[2] ઉપર આધાર રાખવો પડયો છે. અનુભવે એમ જોવામાં આવ્યું છે કે એ બંને કાયદા એશિયાટિકને બહાર રાખવામાં બરોબર મજબૂત નથી. કેમ કે એટલું તો બિનશક છે કે જેઓને આ મુલકમાં આવવાનો હક નહીં હતો તેવા એશિયાટિક ખોટો પુરાવો આપીને દાખલ થયા છે. જેઓ ટ્રાન્સવાલમાં પહેલાં નહીં આવેલા તેવા એશિયાટિક ટ્રાન્સવાલમાં આવેલા છે એમ જૂઠું બોલીને દાખલ થયા છે. રજિસ્ટરની બાબત કાયદો ઘડાયા વિનાનો છે. અને જ્યારે જ્યારે તે કાયદો પૂરી રીતે લાગુ પાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે ત્યારે ત્યારે કોર્ટમાં કેસો થયા છે. એટલે આપણે બે હેતુ પાર પાડવાના રહ્યા છે. તે એ કે જેઓ આ દેશમાં લડાઈ પહેલાં હતા તેઓને ન્યાય આપવો, અને રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટ દાખલ થતાં પહેલાં નવા એશિયાટિક ન આવી શકે તેમ કરવું. એટલે જેઓ હાલ ટ્રાન્સવાલમાં છે તે બધાને ફરી રજિસ્ટર કરવા તેઓએ રજિસ્ટ્રેશન ચિઠ્ઠી લેવી કે જેથી તેઓને કોઈ હરકત નહીં કરી શકે. એ જ વખતે તેવા એશિયાટિકની ઉપરથી કેટલાક દાબ ઉઠાવી લેવામાં આવશે. જમીન બાબત કાંઈ મોટા ફેરફાર નહીં થાય પણ જેઓ ધર્મનાં મકાન બાંધે તે મકાનવાળી જમીન

૧. સંસ્થાન મંત્રીના ભાષણનો આ ભાગ ઇન્ડિયાના અંગ્રેજી રિપોર્ટની સાથે સંકળાયેલ છે.
૨. શાંતિ-રક્ષા કાનૂન.

Gandhi Heritage Portal

તેઓના નામ ઉપર થઈ શકે તેવી છૂટ આપવાનો કાયદો થશે. અને જેઓ ૧૮૮૫ના કાયદા પહેલાં જમીનના માલિક થયા હોય તેઓના વારસને પણ તે જમીનની માલિકી ભોગવવાનો હક મળશે. વળી પરમિટના કાયદામાં કેટલોક ફેરફાર કરવાનો ઇરાદો છે કે જેથી કરીને થોડી મુદતને સારુ આવવા માગનાર એશિયાટિકને અડચણ નહીં આવે.

ઉપરની હકીકત એવી જોરાવર અને ભયંકર છે કે તે બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની કમિટીની મીટિંગ તુરત પગલાં ભરનારી છે. હવે વિલાયત ડેપ્યુટેશન હાલ તુરત જઈ શકે એ મોટા શકવાળી વાત છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ११–८–१९०६

૪૦૬. જોહાનિસબર્ગનો પત્ર

ઑગસ્ટ ૪, ૧૯૦૬[1] [પછી]

ડેપ્યુટેશન

મિ. ડંકનનું સ્ટેટમેન્ટ જે હું ગયે અઠવાડિયે આપી ગયો છું[2] તેને લીધે હાલ તે વિલાયત ડેપ્યુટેશન બંધ રહ્યું છે. ડેપ્યુટેશન બાબત કેટલાકના મનમાં શંકા રહી ગયેલી છે કે ડેપ્યુટેશન વિલાયત માત્ર કૉન્સ્ટિટ્યૂશન કમિટીના રિપોર્ટ બાબત જવાવાળું હતું. અને હવે ટ્રાન્સવાલને કઈ જાતનું કૉન્સ્ટિટ્યૂશન આપવું તે નક્કી થઈ ગયું છે. તેથી ડેપ્યુટેશન મોકલવાનું કંઈ જ કારણ ન રહ્યું. આ ખ્યાલ ભૂલભરેલો છે. કેમ કે ડેપ્યુટેશન બંધારણની બાબતમાં બહુ થોડું કરી શકત. જે કંઈ કાયદા થવાના છે તે હવે પછી થશે. તે કાયદા બાબત વડી સરકાર પાસે સન્મુખ જઈને આપણે જે કહેવું હોય તે હજુ પણ કહી શકીએ છીએ. એટલે જ્યાં સુધી ટ્રાન્સવાલની પાર્લમેન્ટ મળી નથી અને જ્યાં સુધી નવા કાયદા શું બાંધવાના છે તે જણાયું નથી ત્યાં સુધી ડેપ્યુટેશન વિલાયત જાય તો જઈ શકે છે, અને કેટલોક લાભ લઈ શકે છે. આ તો માત્ર ટ્રાન્સવાલ બાબત જ હું કહી ગયો, પણ ડેપ્યુટેશન જાય ત્યારે આખા દક્ષિણ આફ્રિકાનો સવાલ ઉઠાવવાની તેની ફરજ રહી. તે સવાલ જ્યારે જવાય ત્યારે ઊઠી શકે છે. વળી ઘણે ભાગે આપણા હિમાયતીઓ જે આપણે સારુ કામ કર્યા કરે છે તેઓની પાસે પણ રજૂઆત થાય તો વધારે સમજી શકે અને તેથી વધારે કામ કરી શકે. વળી આપણને મદદ બધા પક્ષ તરફથી મળે. કૉંગ્રેસની કમિટી[3], ઈસ્ટ ઇન્ડિયા ઍસોસિયેશન તથા બીજાં મંડળો આપણે સારુ લડત લે છે. તેઓ બધાને એકઠા કરી એક કમિટી સ્થાપી હોય તો તેથી પણ લાભ મળવાનો પૂરો સંભવ છે. એટલે સમજી શકાશે કે ડેપ્યુટેશન જાય તો તેની કંઈક પણ અસર થયા વગર રહે જ નહીં.

૧. આ તારીખ ભૂલથી આગલા અંકની રહી ગઈ હોય એમ લાગે છે. આ પત્ર તે તારીખ પછી જ લખાયેલો હોવો જોઈએ.

૨. જુઓ, "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૪૧૧–૩.

૩. ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસની બ્રિટિશ સમિતિ.

Gandhi Heritage Portal

મિ. ડંકનનું સ્ટેટમેન્ટ હું કહી ગયો તે પ્રમાણે ડેપ્યુટેશનમાં હાલ તરત અટકાયત કરનારું છે તે બાબત ગયે અઠવાડિયે વિલાયત લખાણ જઈ પૂગ્યું છે. શ્રી ગાંધીએ[1] રૅન્ડ ડેલી મેલ ઉપર તે વિષે કાગળ લખ્યો છે તે પણ બહાર પડયો છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને મિ. ડંકન જણાવી ગયા તે બિલની નકલ માગી છે અને તે આવી ગયે તુરત જ એ બાબત અરજીઓ જશે. મામલો અત્યંત કઠણ છે અને પૂરી લડત લેવાય તો આ નવા ઘામાંથી બચી શકાય. પરમિટ વિષે એક તરફથી આમ હિંદી વિરુદ્ધ નવા કાયદાની વાત થાય છે, અને બીજી તરફથી સખતાઈ વધતી જાય છે.

મિ. બરજેસ બંદરોમાં તપાસ કરી રહ્યા છે, અને ઘણા માણસોને પાછું જવું પડયું છે એમ અફવા ચાલી રહી છે. ઘણી મુસીબતો વેઠતાં પણ પરમિટ નથી મળતી. મિ. લવડે જેને લેવા દે તેને જ પરમિટ મળી શકે છે એવી સ્થિતિ જણાય છે. છોકરાઓને રજિસ્ટર આપવાનું બંધ થયું છે. એ હિસાબે ખરું જોતાં તેઓને આપવાની પણ છૂટ હોવી જોઈએ. તે વિષે સવાલ પૂછવામાં આવ્યો છે. મિ. લિકટનસ્ટાઈને કૉલોનિયલ સેક્રેટરી ઉપર સખત લખાણ કર્યું છે. અને તેમાં કેટલાક દાખલા એવા બતાવ્યા છે કે તે ઉપરથી પરમિટ ઑફિસ તરફથી તકલીફનો સારો ચિતાર આવી શકે છે. તેમાંના કેટલાક દાખલા હું નીચે ટાંકું છું:

(૧) ૨૧મી જૂને શેખ દાઉદ બાબત રજિસ્ટ્રાર ઉપર લખતાં તેને જણાવ્યું કે જ્યારે એડવાઈઝરી બોર્ડ મળશે ત્યારે ચુકાદો થશે. એડવાઈઝરી બોર્ડ મળવાનું મુકરર નથી. ૧૦મી જુલાઈએ તે જ બાબત જવાબ મળ્યો કે અરજી એડવાઈઝરી બોર્ડને મોકલવામાં આવી છે.

(૨) હાફેજી મુસાના બાળક છોકરા બાબત અરજી કરતાં તેની ઉંમર વગેરે વિષે પુરાવો માગ્યો. ૨૧મી જૂને પુરાવો રજૂ કર્યો. ૨૬મી જૂને જવાબ મળ્યો કે એ બાબત નાતાલમાં તજવીજ ચાલશે.

(૩) સકુર નાનજીની ઉંમર ૧૬ વર્ષની છે એવો પુરાવો ત્રાહિત દાક્તરે તથા પ્રિટોરિયાના ડિસ્ટ્રિક્ટ સર્જને આપ્યા છતાં તેને પરમિટ આપવાની ના પાડી.

(૪) ઇબ્રાહીમ આમદ વિષે તેની ઉંમર ૧૨ વરસની છે એવો દાક્તરી પુરાવો આપ્યા છતાં પરમિટ ઑફિસ કહ્યા કરે છે કે તેની ઉંમર ૧૬ વરસની છે.

આ પ્રમાણે ૧૪ દાખલા ટાંકેલા છે. તેનો જવાબ મિ. લિકટનસ્ટાઈનને શું મળે છે તે જોવાનું રહ્યું.

રેલવેની તકલીફ

પ્રિટોરિયા જોહાનિસબર્ગ વચ્ચે ચાલતી કેટલીક ટ્રેનમાં હિંદીઓને બિલકુલ જગ્યા નથી આપતા અથવા તો તેઓને ગાર્ડના ડબ્બામાં બેસાડે છે એ બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિ-યેશન હજુ લખાણ ચલાવ્યા કરે છે. ઍસોસિયેશને જનરલ મૅનેજરના માનની ખાતર થોડી મુદતને સારુ સવારના ૮ા વાગ્યે જતીઆવતી ટ્રેનમાં ઉપરનો દાબ થોડી મુદત સુધી કબૂલ રાખ્યો છે. જનરલ મૅનેજરે એવી જાતનો દાબ સાંજની સાડાપાંચ વાગ્યાની ગાડી ઉપર રાખવા

૧. જુઓ ધિ રૅન્ડ ડેલી મેલને પત્ર, પા. ૪૧૭-૧૯.

Gandhi Heritage Portal

લખ્યું છે. બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશને એ દાબ કબૂલ કરવાની ના પાડી છે તેથી હજુ લખાણ ચાલુ છે.

[મૂળ ગૂજરાતી]

इन्डियन ओपीनियन, १८-८-१९०६

૪૦૭. દાદાભાઈ નવરોજીને પત્ર[1]

જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૬, ૧૯૦૬

માનનીય દાદાભાઈ નવરોજી

વહાલા સાહેબ,

સંસ્થાન મંત્રી મિ. ડંકને લેજિસ્લેટિવ કાઉન્સિલમાં જે નિવેદન કર્યું છે તેની નકલ હું આપને આ સાથે મોકલું છું.

પ્રસ્તુત નિવેદન અત્યંત સામાન્ય છે, ને જો તેના પાયા પર ધારા ઘડવાનું હાથ ધરવામાં આવશે તો હિંદી કોમને ભયંકર અન્યાય થશે. રજૂ થનાર ધારામાં ન્યાયનો તથા વાજબી વર્તાવનો છાંટો પણ નથી. જે મીઠા શબ્દોમાં નિવેદનને સજ્જ કરેલું છે તે દૂર કરીએ તો, એનો અર્થ એટલો જ છે કે, જરાયે કારણ વિના, સંસ્થાનમાં દરેક હિંદીને ત્રીજી વાર નોંધણી કરાવવાની હવે ફરજ પડશે. ધાર્મિક કામકાજ માટે નીમેલા હિંદી ટ્રસ્ટીઓનાં નામ પર જમીન નોંધી શકાશે, પણ આમાં કશો ફાયદો નથી થયો, કેમ કે સુપ્રિમ કોર્ટે નિર્ણય આપેલો છે કે આવી જમીન ૧૮૮૫નો કાયદો નં. ૩ હોવા છતાં પણ હિંદીઓને નામે નોંધી શકાશે. જે એક માત્ર રાહત મળનાર છે, જેને વિષે મેં આપને અગાઉ લખી જણાવ્યું છે[2] તે મરહૂમ અબુબકર આમદની મિલકતના વ્યક્તિગત કેસમાં છે. અને એ રાહત આપવામાં આવે તોપણ એમાં સવાલ ન્યાયી અને વાજબી વર્તાવનો નથી, પણ બ્રિટિશ પ્રજાજનની એક વ્યક્તિ પ્રત્યેની બ્રિટિશ સરકારે અદા કરવાની સાદી ફરજનો છે.

જો દરખાસ્ત નીચેના ધારા પસાર થાય તો બ્રિટિશ હિંદીઓની સ્થિતિ હકીકતમા હાલના કરતાં વધારે ખરાબ થશે. ત્રણ પાઉંડની નોંધણી ફી કાંઈ વાર્ષિક કર નથી એ વાત ભૂલવી નહીં જોઈએ. જે લોક સંસ્થાનમાં છે તે ૩ પાઉંડ ભરી ચૂક્યા છે, ને ૧૮૮૫ના કાયદા નં. ૩

૧. આ પત્ર તથા તા. ૧૩ ઑગસ્ટનો પત્ર (પા. ૪૨૩) દાદાભાઈ નવરોજીને તથા इन्डिया ના તંત્રી સહિત બીજા કેટલાકને મોકલવામાં આવ્યો લાગે છે. બંને પત્રો પર, ધારવા પ્રમાણે દાદાભાઈ નવરોજીએ કરેલી નોંધો પરથી જણાય છે કે સપ્ટેમ્બર ૬, ૧૯૦૬ના રોજ તેમણે બંનેનો ઉત્તર આપ્યો હતો અને એમણે પહેલા પત્રના પ્રથમ પૅરાના છેલ્લા સાત શબ્દ તથા તેના છેલ્લા બે પૅરા કાઢી નાખીને, અને તેમાં બીજા પત્રના છેવટના ભાગ ઉમેરીને બે પૅરાને મિ. મોર્લી તથા લૉર્ડ એલ્ગિન પર રવાના કર્યો હતો. આ માહિતી इन्डिया વૃત્તપત્રે તેની "એક જાણકાર ખબરપત્રી તરફથી" પ્રસિદ્ધ કરેલા નિવેદનની પ્રાસ્તાવિક નોંધમાં આપી છે. થોડાક શાબ્દિક ફેરફાર બાદ કરતાં, એ નિવેદન દાદાભાઈ નવરોજીએ બંને રાજ્યમંત્રીઓને મોકલેલું તે જ છે.

૨. જુઓ "દાદાભાઈ નવરોજીને પત્ર", પા. ૨૯૬.

Gandhi Heritage Portal

અનુસાર તેમની પાસે તે ફરીથી ઉઘરાવી નહીં શકાય. આથી સૂચવાયેલી છૂટછાટ તદ્દન નિરર્થક છે, કેમ કે નવીન આગંતુકોને એ લાગુ નથી પડતી. તેમને માટે તો, જવાબદાર સરકારની સ્થાપના થાય અને તે બહુ સખત નિયંત્રણો લાદે એવો ઇમિગ્રેશન કાયદો પસાર કરે, ત્યાં સુધી પ્રવેશનો સંપૂર્ણ પ્રતિબંધ છે. મુલાકાતી પરવાના આપવાનો પ્રશ્ન પણ, હું વગર અચકાયે કહી શકું છું કે એક ઢાંકપિછોડો છે, કેમ કે એવા પરવાના તો આજે પણ વર્તમાન કાયદા હેઠળ આપી શકાય છે. અને જ્યાં એ આપી શકાય એમ છે ત્યાં નથી આપવામાં આવતા, એ સરકારને માથે ચોંટેલી એક નામોશી છે, જેમાંથી તે નવો કાયદો કરીને મુક્ત નહીં થઈ શકે. મને લાગે છે કે સમ્રાટ સરકાર સાચી પરિસ્થિતિ સમજતી નથી, અને અહીંની સ્થાનિક સરકારે સમ્રાટ સરકારને સ્પષ્ટ રીતે એવું દસાવી દીધું છે કે મિ. ડંકને દર્શાવેલી દિશામાં કાયદો કરીને તે હિંદીઓને ખરેખર રાહત આપવાની છે.

હું આગળ કહી ગયો છું કે દરખાસ્ત નીચેના કાયદા હેઠળ પરિસ્થિતિ વધુ ખરાબ થશે. હું એવું કહું છું કારણ કે હું જાણું છું કે નવા કાયદાથી છેડા વિનાની આફત ઊતરવાનો સંભવ છે. વલંદા સરકારના રાજ્યમાં પણ હિંદીઓ નોંધાયા હતા; પણ ત્યારે નોંધણી સીધીસાદી હતી. બ્રિટિશ વહીવટ આવ્યા પછી ફરી નોંધણી થઈ, ત્યારે નોંધણીનું કામ પહેલાં કરતાં બહુ ગૂંચવાડાવાળું હતું અને પ્રતિષ્ઠિત હિંદીઓને અંગૂઠાનાં નિશાન કરવાં પડયાં હતાં. કહેવાની જરૂર નથી કે ત્રીજી વાર નોંધણી કરવામાં આવશે, તો તે વળી વધારે સખત હશે. આ બધું એટલા માટે છે કે યુદ્ધ પહેલાં અહીં રહેતા નહોતા તેવા થોડાક હિંદીઓ ચોરીછૂપીથી સંસ્થાનમાં પેસી ગયા છે; અને જો તેઓ એ રીતે ઘૂસી ગયા હોય, તો તે ખાતાના રુશવતખોર અમલદારો જેઓ એક વખતે પરવાના ખાતાના ઉપરી હતા, તેમને કારણે છે. એ બાબત એટલી બધી ગંભીર બની ગઈ હતી કે બ્રિટિશ હિંદી ઍસોસિયેશને એ પ્રશ્ન ઉઠાવ્યો અને તેથી એ કર્મચારીઓને પકડીને તેમના પર ફોજદારી ગુના માટે કામ ચલાવવામાં આવ્યું. મનમોજી જૂરીએ એમને છોડી મૂકયા, પણ સરકારને એમના ગુનાની એવી ખાતરી થઈ હતી કે તે બંને કર્મચારીઓને કમી કરવામાં આવ્યા.

આથી, હું આશા રાખું છું કે, જો જવાબદાર સરકાર આપતાં પહેલાં, બ્રિટિશ હિંદીઓને કાંઈ નક્કર ન્યાય ન આપી શકાય, તથા યુદ્ધ પૂર્વેનાં પોતાનાં વચન અનુસાર બ્રિટિશ સરકાર, એમના પોતાના શબ્દોમાં કહીએ તો, એમને કેપવાસી બ્રિટિશ હિંદીઓના દરજ્જા પર ન મૂકી શકે, તો ૧૮૮૫ના કાયદા નં. ૩ને જેમનો તેમ રાખવામાં આવે અને સમગ્ર પ્રશ્ન વિષે જવાબદાર સરકાર જ વિચાર કરે, એ સંપૂર્ણ રીતે વધારે ઠીક થઈ પડશે.

અલબત્ત, આ બધી ટીકા છતાં, મરહૂમ અબુબકર આમદના કિસ્સામાં સરકાર ન્યાય આપવાને છૂટી છે. આખરે એમાં સમગ્ર બ્રિટિશ હિંદી કોમને કશી લેવાદેવા નથી.

અહીં અણધારી પરિસ્થિતિ ઊભી થઈ હોવાથી પ્રતિનિધિમંડળને દક્ષિણ આફ્રિકાથી ત્યાં મોકલવાનો પ્રશ્ન હાલ મુલતવી રાખવો પડશે, કેમ કે સમગ્ર શક્તિને ટ્રાન્સવાલમાંના બ્રિટિશ હિંદીઓને અન્યાય કરનારી આ છેલ્લી દરખાસ્તને રોકવા માટે કેન્દ્રિત કરવી પડશે.

મારા નમ્ર વિચાર મુજબ હિંદી વજીરની તથા સંસ્થાન ખાતાના પ્રધાનની પણ, અંગત મુલાકાત લેવાનું આવશ્યક છે.

આપનો સાચો,

મો. ક. ગાંધી

Gandhi Heritage Portal

[તા. ક.] મારી પાસે છાપાંનાં કટિંગ ખૂટી ગયાં છે ને આજે બૅંક તહેવાર હોવાથી હું તે મેળવી શકતો નથી.[1] મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૨૨૭૫

૪૦૮. ધિ રૅન્ડ ડેલી મેલને પત્ર[2]

[જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૯, ૧૯૦૬ પહેલાં]

6304

તંત્રી શ્રી,
ધિ રૅન્ડ ડેલી મેલ]

સાહેબ,

હું જેને અસાધારણ નિવેદન કહેવાની ધૃષ્ટતા કરું છું એવા પોતાના અસાધારણ નિવેદનમાં મિ. ડંકને એશિયાઈ ધારા બાબત જે આગાહી કરી છે તેને વિષે આપે લખેલા અગ્રલેખ સંબંધી થોડુંક કહેવાની મને રજા આપશો એવો હું વિશ્વાસ રાખું છું. પોતાના ટૂંકા પ્રવચન દરમિયાન શ્રોતાઓને એમણે ત્રણ વાર જણાવ્યું કે સરકારની ઇચ્છા અહીં સ્થાયી થયેલી એશિયાઈ વસ્તી પ્રત્યે "ન્યાયી અને વાજબી વર્તાવ" રાખવાની છે અને, તે કારણથી, જ્યારે લેજિસ્લેટિવ કાઉન્સિલ ફરીથી મળશે ત્યારે પોતે વર્ણવ્યા મુજબનું વિધેયક રજૂ કરવામાં આવશે.

આપનો ખ્યાલ એવો છે કે જે ઑર્ડિનન્સ પસાર થવાનો છે એનાથી સ્થાયી એશિયાઈ વસ્તી પ્રત્યે ઉદાર વર્તાવ રખાશે.

મને ભય છે કે દરખાસ્ત નીચેના ઑર્ડિનન્સમાં ઉદારતાનો સદંતર અભાવ છે એટલું જ નહીં પણ "ન્યાયી અને ઉચિત વર્તાવ" સુધી પણ એ નથી પહોંચતો. ફરી નોંધણી કરાવવી એ નિશ્ચિત રીતે કાંઈ આવા વર્તાવનું અંગ નથી અને એ સંપૂર્ણ રીતે અર્થ વગરનું છે. જે હિંદીઓ સંસ્થાનમાં દાખલ થયેલા છે તે દરેક મોટે ભાગે બીજી વાર નોંધાઈ ચૂક્યા છે. હકીકતમાં બીજી નોંધણી તો પરવાના ખાતાને એક રાહત રૂપ હતી, અને તેની તે વખતે તો કદર પણ સારી રીતે થઈ હતી. એશિયાઈની છેતરપિંડીથી પરવાના મેળવીને સંસ્થાનમાં પ્રવેશ કરવાની વાત છે તેનો ઉપાય ત્રીજી નોંધણી નથી. સ્થાયી એશિયાઈ વસ્તીના વર્તમાન નોંધણી-દાખલા તપાસી જોવાનું અને દાખલા વગરના માણસ સામે મુકદ્દમો ચલાવવાનું કામ પૂરતું સહેલું છે. છેતરપિંડીથી જથાબંધ પ્રવેશ થયાના આરોપનો બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને ઇન્કાર કર્યો છે. કાયદા ગમે તેટલા સખત કર્યા હોય અને ગમે તેટલી સારી રીતે તેનો અમલ થતો હોય, પણ હંમેશ કેટલાક તો એવા હશે જ કે જેઓ તે કાયદા તોડવાના. તેથી એક આખી કોમને ગુનેગાર ઠરાવવી—કારણ કે ફરી નોંધણી કરાવવાનો એ જ અર્થ નીકળે છે—તે ભાગ્યે જ "ન્યાયી" કે "વાજબી" ગણાય.

૧. આટલું ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.
૨. તા. ૧૧-૮-૧૯૦૬ના ઇન્ડિયન ઓપીનિયનમાં આ ઉતારવામાં આવ્યો હતો.

ગાંધી સ્મારક ગ્રંથાલય
Gandhi Heritage Portal

પણ મિ. ડંકન કહે છે કે, નવી નોંધણીના બદલામાં, પોતે એશિયાઈઓને ચાર વસ્તુ ભેટ કરશે: (૧) ૩ પાઉંડ કરની નાબૂદી; (૨) ધાર્મિક હેતુઓસર જમીન ધારણ કરવાની એશિયાઈ લોકને છૂટ; (૩) ૧૮૮૫નો કાયદો નં. ૩ અમલમાં આવતાં પહેલાં જે એશિયાઈ લોક જમીન ધારણ કરતા હતા તેમના વારસોને તે આપવાની છૂટ; (૪) એશિયાઈ મુલાકાતીઓને કામચલાઉ પરવાનો કાઢી આપવાની સત્તા.

હવે મને કહેવા દો કે પહેલી રાહતને હું માત્ર ઢાંકપિછોડો કહીશ. સંસ્થાનમાં અત્યારે વસતા હોય તેમને જ અથવા તો, કદાચ, યુદ્ધપૂર્વે ટ્રાન્સવાલના રહેવાસી હોવાથી જેમને પુનઃપ્રવેશનો હક છે તેમને એ રાહત લાગુ પડે છે. અહીંના રહેવાસી લોકોએ તો ત્રણ પાઉંડ ક્યારના ભરેલા છે, ને હાલ સંસ્થાન બહાર હોય તેમાંના ઘણાખરાએ પણ ભરેલા છે. વર્તમાન કાયદો ૩ પાઉંડની ફી બે વાર લેવાની સત્તા નથી આપતો. એ કોઈ વાર્ષિક કર નથી પણ ૧૮૮૫ના કાયદા નં. ૩ અનુસાર સંસ્થાનમાં વસવાટ કરવા ઇચ્છનારે એક વાર ભરવાની ફી છે.

ધાર્મિક હેતુઓસર જમીન ધારણ કરવાના દરખાસ્ત નીચેના અધિકારમાં પણ કશો સાર નથી. કારણ કે અત્યારના કાયદા મુજબ પણ તેમ થઈ શકે છે. વરિષ્ઠ ન્યાયાલયોએ નિર્ણય આપેલો છે કે બિનગોરી વ્યક્તિઓ એક મંડળી તરીકે ધાર્મિક હેતુઓસર જમીન ધારણ કરી શકે છે.

ત્રીજી ભેટ જો એશિયાઈઓના કોઈ મોટા સમૂહને લાગુ પડતી હોત તો એ રાહત ગણાત. મિ. ડંકન સારી પેઠે જાણે છે કે આવો એક જ જમીનનો ટુકડો છે. ટ્રાન્સવાલમાં તેના વારસોને માટે બાગની જમીનના બે પંચમાંશ ધારણ કરવાનો અધિકાર આપવો એ તો એક સાદી ફરજનું પાલન માત્ર છે, ને કોઈ પણ સંજોગોમાં તેમ કરવાથી આખી કોમને નહીં પણ વ્યક્તિને ન્યાય મળે છે.

ચોથી વાત પણ અલબત્ત, રાહત નથી. મિ. નોમુરાને અને શ્રી મંગાને સહન કરવું પડેલું તે એટલા માટે નહીં કે કામચલાઉ પરવાના આપવાની સત્તા જ નહોતી, પણ એટલા માટે કે એ સત્તા વાપરવાની અનિચ્છા હતી. આથી, મુશ્કેલી કાયદામાં નહીં પણ તેના અમલમાં રહેલી છે.

હું આશા રાખું છું કે આ રીતે મેં સ્પષ્ટપણે બતાવી દીધું છે કે ગયે શનિવારે સંસ્થાન મંત્રીએ આપેલી આગાહી પાછળ, અહીંના રહેવાસી એશિયાઈ લોકો સાથે "ન્યાયી અને વાજબી વર્તાવ" રાખવાનો કોઈ સવાલ જ નથી. એથી ઊલટું, જેમણે બ્રિટિશ પ્રજાજન તરીકે સમાન હકના વચનમાં શ્રદ્ધા રાખીને ટ્રાન્સવાલ આવવાની હિંમત કરી છે, તે ગરીબ એશિયાઈઓના માથા પર શાસકોએ ફરીથી તલવાર લટકાવી છે. લૉર્ડ મિલ્નર અને તાજના અન્ય પ્રતિનિધિઓએ યુદ્ધ પૂર્વે, અને પછી પણ, આપેલાં વચનો પાળવા બાબત મિ. ડંકનના નિવેદનમાં એક ઇશારો પણ નથી.

અને જો મેં પહેલાં કહ્યું જ છે તે ફરી કહું તો, બ્રિટિશ હિંદીને (બીજા એશિયાઈઓથી તેમને ભિન્ન ગણાવીને) એવું શું જોઈએ છે? ટ્રાન્સવાલને પ્રવાસીના પ્રવેશનું નિયમન કરવાનો હક છે એ સિદ્ધાંત તેઓ સ્વીકારે છે, અને, જોકે ડચ સરકારના વખતમાં આમ નહોતું છતાં બ્રિટિશ પ્રજાજનોને લાગુ પડતા કેપ સંસ્થાનના કે ઑસ્ટ્રેલિયાના પ્રવાસી કાયદા મુજબનાં નિયંત્રણો તેમના પર મૂકવામાં આવે તેને માટે તેઓ તૈયાર છે. પરંતુ તેની સામે એ એવો દાવો કરે છે કે જે

Gandhi Heritage Portal

બ્રિટિશ હિંદીઓ દેશમાં વસી ચૂકેલા છે તેમને સંપૂર્ણ નાગરિક સ્વાતંત્ર્ય હોવું જોઈએ: એટલે કે છૂટથી એક સ્થળેથી બીજે સ્થળે જવાનો હક; જમીનોનો સટ્ટો અટકાવવા જે સર્વસામાન્ય નિયંત્રણો હોય તેને આધીન રહીને સ્થાવર મિલકતની માલિકીનો હક; અને આરોગ્ય તથા ન્યાયી વેપારના હિતમાં જે મ્યુનિસિપલ નિયંત્રણો નાખવાં સલાહભરેલાં હોય તેને આધીન રહી વેપાર કરવાનો હક હોવો જોઈએ. જ્યારે બ્રિટિશ હિંદીનો આ મૂળભૂત પ્રાથમિક હક સ્વીકારાશે ત્યારે જ, ને તે પહેલાં નહીં, તાજનો કોઈ પ્રતિનિધિ એમ કહી શકશે કે બ્રિટિશ હિંદીઓ સાથે "ન્યાયી અને વાજબી વર્તાવ" રાખવામાં આવે છે.

એટલું યાદ રાખશો કે ઉપરના નિવેદનમાં કોઈ રાજકીય હકોનો દાવો કરવાનો પ્રયાસ નથી. બ્રિટિશ હિંદીઓ એટલું જ માગે છે, જે "ગોરાઓના દક્ષિણ આફ્રિકા"ના સિદ્ધાંતમાં માનતા હોય, તેઓ પણ સહેલાઈથી આપી શકે છે. એટલે કે, લૉર્ડ સેલબૉર્નના શબ્દો જુદી રીતે મૂકીએ તો દક્ષિણ આફ્રિકાએ માત્ર બહારથી નહીં પરંતુ અંદરખાનેથી પણ શ્વેત બનવાનું છે.

તમારો ઈત્યાદિ,

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ધિ રૅન્ડ ડેલી મેલ, ૯–૮–૧૯૦૬

૪૦૯. "વાજબી અને ન્યાયી વર્તાવ"

ગયા શનિવારે ટ્રાન્સવાલની લેજિસ્લેટિવ કાઉન્સિલ મોકૂફ રાખતી વખતે સંસ્થાન મંત્રી મિ. ડંકને દરખાસ્ત નીચેના એશિયાઈ ધારા બાબત અગત્યનું નિવેદન કર્યું. પોતાનું નિવેદન, જે ટ્રાન્સવાલ લીડરની માત્ર અડધી કટાર રોકે છે, તેમાં તેમણે વળી વળીને ત્રણ વાર કહ્યું છે કે ટ્રાન્સવાલવાસી એશિયાઈઓને "વાજબી અને ન્યાયી વર્તાવ" મેળવવાનો હક છે. પછી, આવો વર્તાવ એટલે શું તે એ માનનીય સજ્જન સમજાવે છે. મિ. ડંકનના પ્રવચન જેવું ગેરરસ્તે દોરવનારું બીજું પ્રવચન અમારા જોવામાં કદી આવ્યું નથી અને અમે એટલી જ આશા રાખી શકીએ કે ૧૮૮૫ના કાયદા નં. ૩ બાબત તેમનો પોતાનો ખ્યાલ ભૂલભરેલો છે, ને તેથી પોતે એ નિર્ણય પર આવ્યા છે કે ગયે શનિવારે એમણે જે કાયદાની આગાહી કરી હતી તેની મારફત પોતે ખરેખર નક્કર રાહત આપે છે. હવે અમે અહીં એ બતાવવાની કોશિશ કરીશું કે પ્રસ્તુત કાયદો ટ્રાન્સવાલમાં વસેલી એશિયાઈ કોમને કશી રાહત આપવાને બદલે ઊલટી તેને ખૂબ જ ગુસ્સે કરશે અને આજે કોમને જે સગવડો મળેલી છે તે પણ કદાચ લઈ લેશે.

મિ. ડંકને ચાર બાબત કરવાનું વચન આપ્યું છે:

(૧) સંસ્થાનમાં રહેતા સર્વ એશિયાઈ લોકની નવી નોંધણી.

(૨) ત્રણ પાઉંડ નોંધણી ફીની નાબૂદી.

(૩) એશિયાઈ લોકના ધાર્મિક સમાજોને ધાર્મિક હેતુસર જમીન ધારણ કરવાની રજા.

(૪) ૧૮૮૫નો કાયદો નં. ૩ પસાર થતાં અગાઉ જે એશિયાઈઓ જમીન ધરાવતા હતા તેમના વારસોને મિલકત પોતાને નામે ફેરવવાની રજા.

Gandhi Heritage Portal

આમાંની પહેલી દરખાસ્ત અત્યંત હાનિકારક અને ભયંકર છે, ને સરકાર એ જેમતેમ કરીને પાસ કરાવી લેવા માગે છે તેથી બીજી ત્રણ, લોકોને શાંત કરવા માટેની લાલચ રૂપે અપાઈ છે. જોકે પહેલી દરખાસ્ત પણ મિ. ડંકને એવી સિફતથી રજૂ કરી છે કે એ વસ્તુ એશિયાઈ લોકના હિતમાં થવાની હોય એવી છાપ પડે છે.

ભૂતકાળ તરફ નજર કરીએ. જે હિંદીઓ પાસે વલંદા સરકારનાં આપેલાં નોંધણીનાં પ્રમાણપત્રો હતાં તેમને કાયદા મુજબ નવાં પ્રમાણપત્ર લેવાનાં નહોતાં. પરંતુ એ જ પદ્ધતિ સૌને માટે લાગુ કરવા લૉર્ડ મિલ્નરે, પરવાના ખાતાના ત્યારના મુખ્ય મંત્રીની સૂચના મુજબ ૩ પાઉંડ વસૂલ કરવા ૧૮૮૫નો કાયદો નં. ૩ અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો ત્યારે બ્રિટિશ હિંદીઓએ નવાં પ્રમાણપત્રો કઢાવવાનું સ્વીકાર્યું, જેની ઉપર અંગૂઠાની છાપ આપવાની હતી. ત્યારથી આ પ્રથાને એકસરખી રીતે અનુસરવામાં આવે છે. અત્રે એ યાદ રાખવું જોઈએ કે કાયદા બાબત સલાહ મેળવ્યા બાદ પરવાના ખાતાના મુખ્ય મંત્રીએ કબૂલ કર્યું હતું કે હિંદી કોમને નવા નોંધણી-દાખલા કઢાવવાની કશી કાયદેસર ફરજ નથી. આથી જ્યારે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને ઉપરની દરખાસ્તને સંમતિ આપી ત્યારે સ્વાભાવિક રીતે જ આભાર સાથે એ સંસ્થાની કદર કરવામાં આવી હતી.

જ્યારે નવી નોંધણી થઈ ત્યારે કોમને જે મુસીબતો વેઠવી પડી તેનો ચિતાર ઘણા હિંદીઓના મનમાં હજી સ્પષ્ટ છે. એક દિવસ વહેલી સવારે એમને પોતાનાં ઘરમાંથી લગભગ ખેંચી કાઢ્યા હતા તે તેઓ ભૂલ્યા નથી. હવે મિ. ડંકન કહે છે કે એ નોંધણી નિરુપયોગી છે. શા માટે, તે અમે જાણતા નથી. તેથી હવે જાણે એ ગુનેગાર જાતિના લોકો હોય તેમ સૌ એશિયાઈઓને ફરીથી નોંધવાનું વિચારવામાં આવ્યું છે. મિ. ડંકન કહે છે કે ઘણા એશિયાઈઓ જે પહેલાં ટ્રાન્સવાલમાં રહેતા ન હતા તે ખોટી કેફિયત રજૂ કરીને સંસ્થાનમાં પેસી ગયા છે. એમણે એશિયાઈ એશિયાઈ વચ્ચે ભેદ પાડીને સ્પષ્ટ કર્યું હોત તો સારું થાત કે તેઓ બ્રિટિશ હિંદીઓને, ચિનાઈ લોકને કે અન્ય એશિયાઈઓને કોને વિષે કહે છે. દલીલ ખાતર માની લઈએ કે એમ બન્યું છે. પણ એ અનિષ્ટ નવી નોંધણીથી કેવી રીતે દૂર થશે? અને થોડાક ગુનેગારોને કારણે બધા નિર્દોષ લોકોને શા માટે સહન કરવું જોઈએ?

અમે અત્રે મિ. ડંકનને એ પણ યાદ કરાવવાની રજા લઈએ કે જો કેટલાક એશિયાઈઓ એ રીતે સંસ્થાનમાં દાખલ થઈ ગયા હોય તો તેનું કારણ એક વખતે મુખ્ય એશિયાઈ કચેરીઓમાંની એકમાં ખૂબ રુશવતખોરી ચાલતી હતી, પરંતુ હકીકતમાં, ખોટી કેફિયતો રજૂ કરીને ઘણા એશિયાઈઓ સંસ્થાનમાં ઘૂસી ગયા છે, એ આરોપનો બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને ભારપૂર્વક ઇન્કાર કર્યો છે. કોઈ પણ સંજોગમાં, એ અદાલતી તપાસની બાબત છે, અને આવા કેસોને પહોંચી વળવા શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ જોઈએ તેટલો સ્પષ્ટ છે.

બીજી રાહત બિલકુલ રાહત જ નથી. આશા રાખીએ કે મિ. ડંકન નોંધણી ફીને વાર્ષિક કર નહીં માનતા હોય. એ એક જ વેળા ભરવાની ફી છે. જે હિંદીઓ સંસ્થાનના રહેવાસી છે ને જેમને કાયદેસર નોંધણી ફી ભરવાની છે તેમણે તે ક્યારની ભરેલી છે. તો પછી ફીની માફીની વાત જ ક્યાં આવી? ભવિષ્યમાં નવા આવનારાઓને તો એ લાગુ નથી પડતી એ વાત ચોક્કસ છે, કારણ કે એમની સામે બારણાં પૂરેપૂરાં બંધ કરી દેવાનાં છે; સિવાય કે જવાબદાર સરકાર, પોતાને ઠીક લાગે તે શરતોએ, એ બારણાં ઉઘાડવાનું પસંદ કરે. આથી ત્રણ પાઉંડની નોંધણી ફી નાબૂદ કરવાની વાત નિરર્થક છે.

Gandhi Heritage Portal

આ વિષયની ચર્ચા કરતાં મિ. ડંકને ખુશીથી કહ્યું કે નોંધણીનો કાયદો જ્યારે જ્યારે ગંભીરતાથી અમલમાં મૂકવા પ્રયાસ કરવામાં આવ્યો છે ત્યારે એ નિષ્ફળ નીવડયો છે. આ ભાગ્યે જ સાચું છે. બેશક એ નિષ્ફળ નીવડયો છે, પણ માત્ર ત્યારે જ કે જ્યારે જૂની વલંદા સરકારે જે અર્થ કરવા ઈરાદો રાખ્યો નહોતો તે અર્થ પ્રસ્તુત કાયદામાં ઘટાવવાનો સરકારે પ્રયત્ન કર્યો. જે એશિયાઈઓ વેપાર કરવાના હેતુથી અથવા બીજા હેતુથી ટ્રાન્સવાલમાં વસવા ઈચ્છતા હોય તેમની નોંધણી કાયદામાં ફરજિયાત છે. સ્થાનિક સરકારને એથી આગળ જવું હતું, ને તે હિંદી માત્રની નોંધણી કરવા માગતી હતી, પછી એ બાળકો હોય કે સ્ત્રીઓ હોય, તે વેપાર કરવા માગતા હોય કે ન હોય. સુપ્રિમ કોર્ટે સરકારને આ પ્રયાસમાં સફળ ન થવા દીધી. શું તેથી કાયદો અસ્પષ્ટ અને અચોક્કસ બની ગયો? કોઈ પણ નિષ્પક્ષ માણસ ભારપૂર્વક જવાબ આપશે કે "નહીં". પ્રેસિડેન્ટ ક્રૂગર અને તેમની સરકારને જેનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો તેવી ગેરલાયકાતો, જેઓ હિંદીઓ પર લાદવા માગતા હતા, માત્ર તેવા પક્ષપાતી લોકોને જ એ અચોક્કસ લાગે છે.

ત્રીજી રાહત ધાર્મિક હેતુસર જમીન ધારણ કરવાને લગતી છે. વિટવૉટર્સરૅન્ડની હાઈકોર્ટે નિર્ણય આપ્યો છે કે બિનગોરા લોક આવી જમીન ધારણ કરી શકે. અને હકીકતમાં બ્રિટિશ હિંદીઓ હવે આવી રજા માટે સરકારને તસ્દી આપતા નથી. ટ્રાન્સવાલમાં આવેલી મસ્જિદની મિલકતો તેઓ હિંદી ટ્રસ્ટીઓનાં નામ પર ફેરવવાની તજવીજ કરી રહ્યા છે. આથી એમને સરકાર તરફથી કોઈ અધિકાર કે રક્ષણની જરૂર નથી. આમ, આમાં પણ એશિયાઈઓને કોઈ પ્રકારની રાહત આપવામાં નથી આવી.

ચોથી ચીજ નિ:શંક રીતે રાહત છે, પણ તે એશિયાઈ કોમને કોમ તરીકે અસર કરતી નથી. એનો હેતુ એક જ વ્યક્તિગત કિસ્સામાં રાહત આપવા માટે છે. ટ્રાન્સવાલમાં એક જ એવી મિલકત છે જે ૧૮૮૫નો કાયદો નં. ૩ અમલમાં આવ્યો તે પહેલાંથી હિંદી કબજામાં છે. એનું ક્ષેત્રફળ એક 'અર્ફ'નો બે તૃતીયાંશ[1] છે. એ બાબતમાં રાહત આપવામાં આવે અને મિલકત વારસોના કબજામાં રાખવા દેવામાં આવે તો એ તો બ્રિટિશ સરકારે એક બ્રિટિશ પ્રજાજન પ્રત્યે પોતાની સીધીસાદી ફરજ અદા કરી ગણાય. આવી દરખાસ્તને, એશિયાઈ કોમને આપેલી રાહતનું મોટું નામ આપીને તેનું ગૌરવ કરવું એ તેની બુદ્ધિનું અપમાન કરવા બરાબર છે.

આથી, ૧૮૮૫ના કાયદા નં. ૩ને લાગેવળગે છે ત્યાં સુધી, મિ. ડંકને આગાહી કરી છે તે રીતે તેને નાબૂદ કરવાનું બિલકુલ બિનજરૂરી છે, અને તેનાથી છેડા વિનાની મુશ્કેલીઓ ઊભી થશે, જેમાંથી કદાચ બ્રિટિશ હિંદીઓ અત્યારે મુક્ત છે.

શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ બાબતમાં, મિ. ડંકને જણાવ્યું છે કે મુલાકાતીઓને પરવાના આપવા જોગવાઈ થશે. આ પણ, અમે આદરપૂર્વક કહીશું કે માત્ર ઢાંકપિછોડો છે. અત્યાર લગી, આવા પરવાના આપવા માટે કોઈ જોગવાઈની જરૂર પડી નથી. એ સાચું છે કે પરવાના આપવામાં સરકારે મુશ્કેલીઓ ઊભી કરી હતી, પણ તેથી તો તેને તેટલી વધારે બદનામી મળી છે. હવે જે કામચલાઉ પરવાના આપવાનો સરકારને અધિકાર છે, પણ હિંદી વિરોધી ચળવળખોરોના

૧. પા. ૪૧૮ ઉપર 'અર્ફ'ના બે પંચમાંશ જણાવ્યા છે. અર્ફ એટલે બાગ માટેના પ્લૉટની જમીન, જેનું ક્ષેત્રફળ લગભગ ૧/૨ એકર હોય છે.

Gandhi Heritage Portal

ડરથી આજ સુધી આપવાની તે ના પાડતી આવી છે, તે આપવાની મીઠી મીઠી વાત કરીને તે એ બદનામીમાંથી મુક્ત નહીં થઈ શકે.

વળી મિ. ડંકન કહે છે કે તેમના નિવેદનમાં જે રાજનીતિની રૂપરેખા આપવામાં આવી છે તે નીતિ સામ્રાજ્ય સરકારની છે અને સ્થાનિક સરકારની પણ તે જ નીતિ છે. આ વાતનો હકીકતો સાથે ભાગ્યે જ મેળ બેસે છે, કારણ કે લૉર્ડ મિલ્નરની નીતિ તો એવી હતી કે જવાબદાર સરકાર આપતાં પહેલાં જ એશિયાઈ કાયદાઓને બ્રિટિશ પ્રણાલિકાઓ સાથે બંધબેસતા કરવામાં આવે, અને કેળવણી યા બીજી કુશળતાને કારણે લાયકાત ધરાવતા હિંદીઓને, ટ્રાન્સવાલમાં તાજના અન્ય પ્રજાજનોની સાથે સમાન દરજ્જે મૂકવામાં આવે. મિ. લિટલટનના ખરીતામાં પણ આ જ નીતિની રૂપરેખા હતી. આથી, લૉર્ડ મિલ્નરે અગર, પાછળથી, મિ. લિટલટને સેવેલા ઈરાદામાંથી મિ. ડંકનનું નિવેદન ચોખી પીછેહઠ છે.

અમે પૂછીએ છીએ કે "વાજબી અને ન્યાયી વર્તાવ"ની ત્રણ વાર વળી વળીને કરેલી ઘોષણાને હકીકતમાં કાંઈ આધાર છે ખરો? કે પછી લૉર્ડ લિટનના શબ્દોમાં, "કાનને સંભળાવેલાં વચનને કાર્યમાં તોડવાનાં" છે અને મિ. ડંકનની ઘોષણાની અસર માત્ર શબ્દોમાં ખલાસ થઈ જવાની છે?

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ११-८-१९०६

૪૧૦. હમીદિયા ઈસ્લામિક સોસાયટીમાં વ્યાખ્યાન

[મલાઈ લોકેશનની સત્તરમી ગલીના સભાગૃહમાં જોહાનિસબર્ગની હાલમાં જ સ્થપાયેલી હમીદિયા ઈસ્લામિક સોસાયટીના ઉપક્રમે હિંદીઓની સભા યોજાઈ હતી. આમંત્રિત વ્યક્તિઓમાં બ્રિટિશ ભારતીય ઍસોસિયેશનના પ્રમુખ, શ્રી અબદુલ ગની અને સેક્રેટરી શ્રી ગાંધી હતા. ટ્રાન્સવાલવાસી ભારતીયોની વર્તમાન રાજકીય સ્થિતિ સમજાવવાને માટે સોસાયટીના પ્રમુખની વિનંતીથી, ગાંધીજીએ એક વ્યાખ્યાન આપ્યું હતું, જેનો સંક્ષિપ્ત અહેવાલ નીચે મુજબ છે.]

જેથી મિ. ગાંધીએ શરૂમાં હમીદિયા ઈસ્લામિક સોસાયટીનો અહેસાન માનતાં સોસાયટી સ્થાપન થવા બાબત પોતાની ખુશી જાહેર કરી હતી. હમીદિયા ઈસ્લામિક સોસાયટી બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનની વિરુદ્ધમાં ઊભી થયા બાબત લોકોમાં ખોટી ચર્ચા ચાલતી હતી. તે બાબત પોતે દિલગીરી સાથે જણાવ્યું હતું કે એ વાત તદ્દન ખોટી છે. પણ એવી સોસાયટી સ્થાપન થવાથી બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન વધારે મજબૂતી પકડશે અને ભવિષ્યમાં એક-બીજાને મદદગાર થઈ પડશે એમ જણાવ્યું હતું.

ટ્રાન્સવાલના હિંદીઓની હાલની પોલિટિકલ બાબતની સ્થિતિની વાત ઉપર આવતાં મામલો ઘણો જ ભયંકર છે તે મિ. ડંકનના સ્ટેટમેન્ટ ઉપરથી લંબાણથી સમજાવ્યું હતું, અને મિ. ડંકનના સ્ટેટમેન્ટ સામે મજબૂત વાંધો લેવાની જરૂર જણાવી. ઈંગ્લંડ ડેપ્યુટેશન મોકલવાનું મુલતવી રાખવા જણાવ્યું હતું. બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનની પૈસા સંબંધી નબળી સ્થિતિ જાહેર

Gandhi Heritage Portal

કરી, પૈસા સંબંધી મદદ કરવા હાજર રહેલા ગૃહસ્થોને ફરમાસ કરી હતી. વળી મુસલમાનો કેળવણીમાં પાછળ છે, તેમને એવી સોસાયટીઓ થવાથી ઘણો ફાયદો થશે અને કેળવણી બાબત આગળ પડવા કોશિશ કરશો એમ જણાવ્યું હતું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५-८-१९०६

૪૧૧. દાદાભાઈ નવરોજીને પત્ર[1]

પો. ઑ. બૉક્સ ૬૯૮,
જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૧૩, ૧૯૦૬

વહાલા સાહેબ,

૧૮૮૫ના કાયદા નં. ૩માં મિ. ડંકન જે ફેરફારો કરવા માગે છે તેની સંપૂર્ણ માહિતી इन्डियन ओपीनियनના[2] ચાલુ અંકમાં આપવામાં આવી છે. મિ. લિટલટન તથા લૉર્ડ મિલ્નરના ખરીતાઓમાંથી ઉતારા તથા ૧૮૮૫ના કાયદા નં. ૩નો પૂરો મૂળ પાઠ પણ આપવામાં આવ્યો છે.

એક નજર નાખતાં જણાઈ આવશે કે મિ. ડંકન દરખાસ્ત નીચેના પોતાના ધારામાં ખરીતાઓના ક્ષેત્ર ઉપર મોટી મર્યાદા મૂકી દે છે. મિ. લિટલટને કે લૉર્ડ મિલ્નરે ફરી નોંધણી કરવાનું નામ સુધ્ધાં દીધું નથી. એ બંનેએ કહ્યું છે કે, ઓછામાં ઓછું, ઉપલા વર્ગના હિંદીઓને પૂરેપૂરા હક હોવા જોઈએ, એટલે મિ. ડંકને જે એમ કહ્યું છે કે પોતે સમ્રાટ સરકારના ઇરાદાને અમલમાં મૂકે છે, એ વાત હકીકતથી વેગળી છે, સિવાય કે ઉદારમતવાદી (લિબરલ) પ્રધાનો સદંતર ફરી બેઠા હોય અને રૂઢિચુસ્ત (કૉન્ઝર્વેટિવ) પ્રધાનમંડળ બ્રિટિશ હિંદીઓના સ્વાતંત્ર્ય પર જેટલો કાપ મૂકવા માગતું હતું તેથી પણ વધારે કાપ મૂકવા માગતું હોય.

હું ચોક્કસ માનું છું કે ટ્રાન્સવાલ તાજ સંસ્થાનના શાસનમાં હોય તે દરમિયાન, સમ્રાટ સરકારે ન્યાયયુક્ત ધારા પસાર કરવા જોઈએ, પછી ભલે, લૉર્ડ મિલ્નર કહે છે તેમ, એ "સરકારી બહુમતીનો ઉપયોગ કરીને કરવામાં આવે, અને જવાબદાર પ્રધાનમંડળમાં એ ધારા બદલવાની હિંમત હોય તો, એ ભાર એના પર મૂકવામાં આવે."

આપનો સાચો,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : જી. એન. ૨૨૭૬

1. પત્ર કોને સંબોધ્યો છે તેના નામનો ઉલ્લેખ મૂળમાં નથી, પણ આ પત્ર દાદાભાઈ નવરોજીના સંગ્રહમાંથી મળ્યો હતો. વળી જુઓ "દાદાભાઈ નવરોજીને પત્ર", પા. ૪૧૫-૧૭.
2. તા. ૧૧-૮-૧૯૦૬.

Gandhi Heritage Portal

૪૧૨. લૉર્ડ એલ્ગિનને અરજી

ડરબન,
ઑગસ્ટ ૧૩, ૧૯૦૬[1]

નામદાર પરમ માનનીય અર્લ ઑફ એલ્ગિન, પી. સી. ઇત્યાદિ. નેક નામદાર સમ્રાટના સંસ્થાન ખાતાના મુખ્ય મંત્રી
લંડન, ઇંગ્લંડ

નમ્રતાપૂર્વક અરજ છે કે,

આપના અરજદારો, આપ નામદારનું ધ્યાન, નાતાલની પાર્લમેન્ટે તાજેતરમાં પસાર કરેલા મ્યુનિસિપલ કૉર્પોરેશનોના એકીકરણ બિલ તરફ દોરે છે.

પ્રસ્તુત બિલ સામે હિંદી કોમે ઉઠાવેલા વાંધા પૈકી કેટલાકને આપ નામદારે આપના ખરીતામાં અનુમોદન આપ્યું છે તે આપના અરજદારોએ આભારની લાગણી સાથે જોયું છે.

પરંતુ આપના અરજદારોને દુ:ખ થાય છે કે આપ નામદારે પ્રસ્તુત બિલ સામે આપના અરજદારોએ ઉઠાવેલા એક વાંધાનો અર્થાત્ મ્યુનિસિપલ ચૂંટણીમાં મતદાર તરીકે બ્રિટિશ હિંદીઓનો મતાધિકાર છીનવી લેવાની બાબતનો વિચાર કર્યો નથી.

જ્યારે બિલ નાતાલ પાર્લમેન્ટની વિચારણા હેઠળ હતું ત્યારે હિંદી કોમે બિલ સામેના પોતાના વાંધાઓ રજૂ કરતી એક અરજી[2] પેશ કરી હતી. તેની નકલ આપ નામદારની જાણ માટે આ સાથે જોડી છે.

નાતાલવાસી બ્રિટિશ હિંદીઓને લાગે છે કે જો તેમને મ્યુનિસિપલ મતાધિકારથી વંચિત કરવામાં આવશે તો બહુ ગંભીર મુસીબત ઊભી થશે, અને હિંદીઓને પાર્લમેન્ટરી મતાધિકારથી વંચિત કરવાનો કાયદો પસાર થયો તે વખતે નાતાલના જવાબદાર રાજપુરુષોએ કરેલી જાહેરાતમાંથી ખસી જવા જેવું થશે. ત્યારે એટલું સ્વીકારવામાં આવેલું કે, જોકે હિંદમાં પાર્લમેન્ટરી સંસ્થાઓ નથી, પણ મ્યુનિસિપલ સંસ્થાઓ તો છે જ અને હિંદમાં હજારો લોકો મ્યુનિસિપલ મતાધિકાર ધરાવે છે.

મતાધિકાર લઈ લેવાનો વિચાર કરવામાં આવે છે તેને માટે કોઈ યોગ્ય કારણ આપવામાં આવ્યું નથી. નાતાલ સંસ્થાનમાં હિંદીઓ કોઈ રાજકીય સત્તા મેળવવાની આકાંક્ષા નથી રાખતા, પણ પોતે અન્ય કર ભરનારા જેટલો જ કર ભરે છે છતાં એના શહેરી તરીકેના સ્વાતંત્ર્યમાં દખલગીરી કરવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે તેઓ તેનો વિરોધ કરે છે.

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે, વ્યાવહારિક હેતુઓ પૂરતી, નાતાલની હિંદી વસ્તી માત્ર ગિરમીટિયા વર્ગના હિંદીઓની છે. અમે આદર સાથે કહીશું કે આમ કહેવું ભાગ્યે જ વાજબી ગણાય, કેમ કે હાલ નાતાલમાં મુક્ત હિંદીઓની વસ્તી સુમારે પંદર હજારની છે, જે

૧. મુદ્રિત અરજી પર આ તારીખ છે, ને તેમાં સહી કરનારનાં નામ નથી. પરંતુ ૧૮-૮-૧૯૦૬ના *ઇન્ડિયન ઓપીનિયન*માં એનો ઉતારો કર્યો છે તેમાં તારીખ ઑગસ્ટ ૧૫ છે.

૨. આ અત્રે ફરી ઉતારી નથી. જુઓ ગ્રંથ ૪, પા. ૪૫૧-૩.

Gandhi Heritage Portal

પોતાને ખર્ચે પ્રવાસ કરીને આવેલી છે; અને આ વસ્તીના મોટા ભાગના લોકો ડરબનમાં જોવામાં આવે છે. આ લોકો પ્રતિષ્ઠિત વર્ગના છે, અને મોટે ભાગે વેપારીઓ તથા વેપારી કામકાજ સાથે સંબંધ ધરાવે છે. એ પૈકીના કેટલાક તો અંગ્રેજી ભાષામાં ઘણી ઊંચી કેળવણી પામેલા છે.

આપના અરજદારો નમ્રતાપૂર્વક અરજ કરે છે કે આવા વર્ગના લોકને મતાધિકારથી વંચિત કરવા એ વગર કારણે એમને સામાજિક દરજ્જામાં ઉતારી પાડવા બરાબર છે.

આથી, આપના અરજદારો આપ નામદારને આદરપૂર્વક પ્રાર્થના કરે છે કે પ્રસ્તુત અરજીના વિષય પર આપ નામદાર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા તથા યોગ્ય અને વાજબી લાગે તે રાહત આપવા મહેરબાની કરશો.

અને ન્યાય તથા દયાના આ કાર્ય માટે આપના અરજદારો પોતાને ફરજથી બંધાયેલા સમજીને હંમેશાં પ્રાર્થના કરશે, ઈત્યાદિ, ઈત્યાદિ.

ડરબન, આજ તા. ૧૩મી ઑગસ્ટ ઓગણીસસો ને છ.

[દાઉદ મહમદ
પ્રમુખ,
ઓ. એચ. એ. જોહરી
એમ. સી. આંગળિયા
સંયુક્ત માનદ મંત્રીઓ
નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ]

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : સી. ડી. ૧૭૯, ગ્રંથ ૨૪૩

૪૧૩. હાજી ઇસ્માઇલ હાજી અબુબકર ઝવેરીને પત્ર

પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૧૪, ૧૯૦૬

શેઠ શ્રી હાજી ઈસ્માઈલ હાજી અબુબકર,

આપના બંનેના નામ ઉપર થોડા વખતમાં પ્રિટોરિયાની જમીન ચડશે એવી ઉમેદ રાખવાનું સખત કારણ છે. ઉમર શેઠે આપને તે બાબત લખ્યું છે. એટલે વધારે ખુલાસો હું નથી કરતો.

ઉમર શેઠની પાસે હું ત્યાંના ખર્ચની રાડ હંમેશાં પાડયા કરું છું. અત્યારે દક્ષિણ આફ્રિકામાં વખત ઘણો કઠણ છે. હજુ વધારે કઠણ આવશે. જમીનોના દામ ૬૬ પ્રતિશત ઊતરી ગયા છે અને હજુ ઊતરે તો નવાઈ નહીં. આપનું ભાડું મળતું તે સાથે ૫૦ ટકા ઉપરાંત ઘટયું, હજુ ઘટશે. વેસ્ટ સ્ટ્રીટ જેવી પ્રૉપર્ટીમાં બહુ જ સારી સગવડવાળી ઉપરના માળાની દુકાન છે. તે હજુ ખાલી પડી છે. આવે વખતે આપ જો ઘરખર્ચ તથા બીજું ખર્ચ ઓછું નહીં કરો તો જે છે તે ઘસાઈ જશે. હાલ પણ મૂડી ઉપર રહેવા જેવું છે. વેપારમાં લાભ થાય છે એટલે સંતોષ છે. પણ તે લાભ હોય તો માત્ર ત્યાં ઉઘરાણીમાં છે. વેપારનો નફો જ્યાં સુધી છેલ્લો નફો ન લીધો હોય ને રોકડ ન થયા હોય ત્યાં સુધી અનિશ્ચિત ગણાય. મારે કહેવું જોઈએ કે ઉમર શેઠ

Gandhi Heritage Portal

પોતે અત્યંત ગરીબ સ્થિતિમાં રહે છે. આપના નામને છાજે તેવું ઘર નથી; તેવો ખોરાક નથી. હાલ વળી મારી સાથે રહીને તેથી પણ વધારે કષ્ટ સહન કરાવે એવી જિંદગી ભોગવે છે. કેટલીક વખતે મારા મનમાં તેથી ઓછું આવે છે, પણ તેથી ફાયદો છે એમ હું સમજી થવા દઉં છું. જેમ કે કાલે રાત્રે માત્ર રોટી, મસકો, પાપડ તથા કોકો એટલા ઉપર ઉમર શેઠ નીભ્યા હતા ને મારી સાથે સાડા ત્રણ માઈલ દૂર સૂવા તે પગે ચાલતા આવ્યા. આટલે દરજ્જે આપે જવું તેમ હું નથી કહેતો, પણ એટલું હું તો ખાસ કહું છું કે આપનું ખર્ચ ત્યાં પા. ૨૫થી વધારે દરમાસે નહીં રહેવું જોઈએ. કેટલુંક ખર્ચ ઓછું કરવાથી લોકો બોલશે. જે બોલે તેને દુશ્મન સમજવા. બોલનારા ઘરસંસાર ચલાવી નહીં દે. એટલે આપણે જે પોતાની સ્થિતિ સમજી શકીએ છીએ તેને વખત વિચારવાની ફરજ છે. વધારે શું લખું? હું આપનું હિત અત્યંત ચાહું છું તેથી જ આમ લખું છું.

તબિયત સારી રહેતી હશે.

આપે જે પ્રૉપર્ટી વેચવા બાબત કાગળમાં સહી કરી મોકલ્યા તેમાં સાક્ષી ન હતા તેથી ફરીથી સહી માગે છે. હવે મોકલું છું તેમાં સાક્ષી નંખાવજો તથા પ્રાંતના સાહેબનું સીલ પડાવી મોકલશો.

મો. ક. ગાંધીના
સલામ

શ્રી હાજી ઈસ્માઈલ હાજી અબુબકર ઝવેરી
[પોરબંદર]

તા. ક. સાથેના કાગળ જો આપ પ્રાંતના વકીલને પ્રાંતના સાહેબની સહી લેવા મોકલશો તો ચાલશે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

ઝવેરી બ્રધર્સ, ડરબન પાસેથી મળેલા, ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી.

Gandhi Heritage Portal

૪૧૪. હિંદીને સારુ હિંદ

આ અવાજ હિંદુસ્તાનમાં આજ હજારો મુખેથી નીકળે છે. હિંદુસ્તાનમાં આજે એક જ પ્રજા છે એમ કોઈ કહી શકતું નથી. પણ આપણે બધા એવું ઈચ્છીએ છીએ કે હિંદુસ્તાન એ એક જ પ્રજાનો મુલક કહેવાય. આમ કરવાને સારુ સ્વદેશાભિમાની હિંદીઓ પોતાને સૂઝે છે તેવા ઈલાજો બતાવી રહ્યા છે. તેમાંના એક ઇન્ડિયન વર્લ્ડ નામના કલકત્તામાં નીકળતા પ્રખ્યાત માસિક ચોપાનિયાના અધિપતિ છે; તે એમ જણાવે છે કે જ્યાં સુધી હિંદુસ્તાનમાં જુદા જુદા ભાગના હિંદીઓમાંનો ઘણો ભાગ એક જ ભાષા બોલતો નહીં થાય ત્યાં સુધી હિંદુસ્તાનમાં એક પ્રજા ખરી રીતે નહીં થઈ શકે. ઈંગ્રેજી બોલનારા જુદા જુદા ભાગમાં ઠીક માણસો નીકળી આવે છે, પણ તેવાની સંખ્યા ઘણી જ થોડી છે, અને હમેશાં થોડી જ રહેશે. એનું કારણ મુખ્ય એ જ છે કે તે ભાષા અઘરી છે અને પરદેશી છે. સાધારણ માણસથી તે ગ્રહણ નહીં થઈ શકે, એટલે તે ભાષા વડે હિંદુસ્તાન એક પ્રજા થાય એ બનવાનો સંભવ નથી. એટલે હિંદુસ્તાનમાંની જ કોઈ ભાષા હિંદી લોકોએ પસંદ કરવી પડશે. ગુજરાતી, બંગાળી, તામિલ વગેરે બોલનારા ઘણા હિંદી છે તોપણ તે ભાષામાંની એકે ભાષા હિંદુસ્તાનમાં પ્રસરી શકે એવો સંભવ ઘણો થોડો રહ્યો. બાકીની ભાષા તો હિંદુસ્તાની રહી.

આ ભાષા ઉત્તર હિંદુસ્તાનમાં બધા બોલે છે. તેનાં માવતર સંસ્કૃત અને ફારસી ભાષા હોવાથી હિંદુ-મુસલમાન બંનેને માફક આવી શકે છે. વળી ફકીરો અને સંન્યાસી લોકો એ જ ભાષા બોલવાથી તેઓ બધી જગ્યાએ તે ભાષાનો પ્રચાર કરે છે. ઘણા ઈંગ્રેજો પણ અભ્યાસ કરે છે, એ ભાષાનો વિસ્તાર બહુ છે. ભાષા પોતે બહુ મીઠી છે, વિનયવાળી છે અને શૌર્ય-ભરેલી છે, તેમાં ઘણાં પુસ્તકો લખાયાં છે અને હજુ લખાય છે. એટલે ઇન્ડિયન વર્લ્ડના અધિપતિ એવી સૂચના કરે છે કે દરેક નિશાળમાં સ્વભાષા ઉપરાંત આ ભાષાની કેળવણી આપવી જોઈએ. માબાપોએ પણ પોતાનાં છોકરાંઓને બાળપણથી હિંદુસ્તાની ભાષા બોલતાં ટેવ પાડવી જોઈએ. તો જ હિંદુસ્તાનમાં ખરેખરી પ્રજા થઈ શકે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १८-८-१९०६

Gandhi Heritage Portal

૪૧૫. જોહાનિસબર્ગનો પત્ર

ઑગસ્ટ ૧૮, ૧૯૦૬

મિ. ભાભાનો કેસ

મિ. મહમદ સુલેમાન ભાભાનો કેસ પરમિટ બાબતનો જે વૉકસરસ્ટમાં ચાલ્યો હતો ને જેની બાબતમાં અપીલ કરવામાં આવી હતી તે કેસની અપીલ બારિસ્ટરની સલાહ વિરુદ્ધ પડવાથી પાછી ખેંચવામાં આવી છે. વકીલની સલાહ પડવાથી મિ. ભાભાએ મુદતસર ટ્રાન્સવાલની હદ છોડવાની ના પાડી તેથી તેની ઉપર મૅજિસ્ટ્રેટની કોર્ટમાં ફરી કામ ચાલ્યું. મૅજિસ્ટ્રેટ આગળ દલીલ થઈ કે તેણે કરેલા હુકમથી મિ. ભાભાને ટ્રાન્સવાલમાં રહેવામાં જરાયે બાધ ન આવવો જોઈએ. કેમ કે તેમને દેશમાં દાખલ થવાનો હક હતો. મૅજિસ્ટ્રેટે આ દલીલ કબૂલ નહીં કરી અને મિ. ભાભાને ઓછામાં ઓછી એટલે એક મહિનાની આસન કેદની સજા કરી. હવે મિ. ભાભાએ ફરી અપીલ કરી છે અને એમ મનાય છે કે એ આ અપીલમાં જીતશે.

જમીનનો અગત્યનો ચુકાદો

આ અઠવાડિયે સર વિલિયમ સ્મિથ પાસે એક અરજી આવેલી, તેમાં અગત્યનો ઠરાવ તેઓ સાહેબે આપેલો છે. અહીંના જાણીતા શેઠ મહમદ કાસમ કમરુદ્દીનની બધી જમીન મરહૂમ મિ. ચેમ્બરલેનના નામ ઉપર હતી. મિ. ચેમ્બરલેનના મરી જવાથી કમરુદ્દીન શેઠે બીજા યુરોપિયનના નામ ઉપર તે જમીન ચડાવવા ઈરાદો કર્યો. રજિસ્ટ્રારે તેમ કરવા ના પાડી તે ઉપરથી તેમણે કોર્ટનો હુકમ માગ્યો. પ્રથમ તો જસ્ટિસ સ્મિથે પોતે જ વાંધો ઉઠાવ્યો કે તેમ કરવામાં વારસની સંમતિ જોઈએ. જસ્ટિસ સ્મિથની પાસે એવી દલીલ કરવામાં આવી કે તે જમીનમાં વારસનો કંઈ જ હક ન હતો. આ દલીલ તેઓ સાહેબે કબૂલ રાખી અને બીજા યુરોપિયનના નામ ઉપર જમીન ચડાવવાનો હુકમ કર્યો છે. આ ઉપરથી જોઈ શકાય છે કે જો પૂરતો બંદોબસ્ત કરી ગોરાના નામ ઉપર જમીન રાખી હોય તો ખરા ધણીને કંઈ હરકત નથી આવી શકતી.

મલાઈ લોકેશન

મલાઈ લોકેશન બાબત ટાઉન કાઉન્સિલમાં લોકેશન કમિટી વતી અરજી કરવામાં આવી હતી. તેના જવાબમાં ટાઉન કાઉન્સિલે જવાબ વાળ્યો છે કે, મલાઈ લોકેશન જ્યાં છે ત્યાં નહીં રાખવામાં આવે. ત્યાં રહેનારાને લાંબી મુદતના લીસ નહીં અપાય પણ ત્યાંના રહેનારાને કિલપસ્પ્રૂટમાં લીસ આપવામાં આવશે. આ જવાબની સામે થવાનો કમિટીએ ઠરાવ કર્યો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५-८-१९०६

Gandhi Heritage Portal

૪૧૬. મરહૂમ મિ. બૉનરજી

મિ. વુમેશચંદ્ર બૉનરજીના મૃત્યુના સમાચાર આવી ગયા છે. તેથી હિંદુસ્તાનમાં મોટી ખોટ થઈ પડી છે. મિ. બૉનરજી તે બહુ પ્રખ્યાત હિંદી હતા. તેમનું સ્વદેશાભિમાન ઊંચા પ્રકારનું હતું. તેમની નાની વયથી જે તેમને હિંદની સેવા કરવાનો રસ લાગેલો તે તેમને મરણ સુધી રહ્યો હતો. તેમની કેળવણી ઘણી જ ઊંચા પ્રકારની હતી અને બંગાળમાં પોતે મહાન બારિસ્ટર ગણાતા હતા. તેમની હોશિયારી તથા પૈસાનો ભોગ હિંદની સેવા કરવામાં તેઓ સાહેબે વાપર્યો હતો. કૉંગ્રેસના પોતે એક સ્થાપક હતા અને તેના પહેલા પ્રમુખ હતા. તેમના છોકરાઓને પણ પોતે ઊંચા પ્રકારની કેળવણી આપીને જાહેર કામ કરવામાં પ્રવીણ બનાવ્યા છે. મિ. બૉનરજીના મૃત્યુથી તેમની બરોબરી કરે એવું બંગાળમાં કોઈ રહ્યું નથી. એમની જિંદગીની ખરી નકલ કરનારા હિંદી જુવાનો દક્ષિણ આફ્રિકામાં નીકળી પડે એવું અમે ઇચ્છીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५–८–१९०६

૪૧૭. ભિન્ન વર્ગીકરણ માટે વિનંતી

જોહાનિસબર્ગના સ્ટાર પત્રે "બિનગોરા લોકની ગુંડાગીરી" વિષે બહુ સખત અગ્રલેખ તાજેતરમાં લખ્યો હતો. એના લેખકના વિચારો કેપટાઉનમાં હમણાં થયેલાં રમખાણમાંથી ઉદ્ભવ્યા હતા. અમારા એ સમકાલીન પત્રે ધ્યાન રાખીને પ્રસ્તુત "બિનગોરા લોક"ને મલાઈ તથા ઇતર લોક જેઓ પણ સાર્વત્રિક રીતે "બિનગોરા" તરીકે ઓળખાય છે તે બે વચ્ચે ભેદ પાડવાનું ધ્યાન રાખ્યું છે. પણ એ વાતમાં કોઈ શક નથી કે સામાન્ય છાપાં વાંચનારને મન "બિનગોરા લોક" શબ્દ પ્રયોગથી મલાઈ, બ્રિટિશ હિંદી અને બીજા સૌ એશિયાઈ લોક એવો બોધ થાય છે. સ્ટાર પત્રે જે ભેદ પાડયો છે, તેમાં જ એ માની લેવામાં આવ્યું છે કે જાહેર માનસમાં આ ગૂંચવાડો પ્રવર્તે છે.

એશિયાઈઓ તથા બીજાઓને "બિનગોરા લોકો"ના વર્ગમાં મૂકવાથી દક્ષિણ આફ્રિકામાંના બ્રિટિશ હિંદીઓને ઘણો અણઘટતો અન્યાય થયો છે. આ અન્યાયનો તદ્દન ખુલ્લો દાખલો તો મિ. વિન્સ્ટન ચર્ચિલે આપેલો છે. બ્રિટિશ હિંદીઓનો મતાધિકાર ઝૂંટવી લેવાના કૃત્યનો સંસ્થાન ખાતાના ઉપમંત્રીએ બચાવ કરતાં દલીલ કરી હતી કે "આદિવાસી" શબ્દનો, એટલે કે, આ દાખલામાં "બિનગોરા લોક" શબ્દોનો અર્થ ડચ લોકો કોઈ પણ બિનયુરોપી દેશના આદિવાસી એવો કરતા હતા. એ શબ્દના આવા કોઈ ઉપયોગ કે દુરુપયોગ સામે લૉર્ડ મિલ્નરે વાંધો ઉઠાવ્યો હતો. પણ તેમનો વિરોધ બ્રિટિશ હિંદીઓને ઉપરોક્ત અન્યાયથી મુક્તિ અપાવી શક્યો નથી.

ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીની કાયદાપોથીઓમાં અત્યારે એવા કાયદા છે કે જે બ્રિટિશ હિંદીઓને લાગુ પડે છે, કેમ કે ચાલુ વપરાશની દૃષ્ટિએ "બિનગોરા લોક" શબ્દપ્રયોગ બ્રિટિશ હિંદીઓને લાગુ પડે છે; જોકે કાયદાનું સ્વરૂપ જોતાં એ બ્રિટિશ હિંદીઓને લાગુ

Gandhi Heritage Portal

પાડવાનું કોઈને પણ તદ્દન બિનજરૂરી લાગે. બ્રિટિશ હિંદીઓને બે બાજુથી સહન કરવું પડે છે. "બિનગોરા લોક" પર લદાયેલી ગેરલાયકાતોને કારણે તેમ જ પોતે એશિયાઈઓ હોવાને કારણે પણ તેમને સહન કરવું પડે છે. આમ, ટ્રાન્સવાલના ગેરકાનૂની સોનાના કાયદા તથા ફૂટપાથને લગતાં નિયમનો એમને લાગુ પડે છે, કેમ કે તેઓ "બિનગોરા લોક" છે, અને ૧૮૮૫નો કાયદો નં. ૩ તેમને એશયાઈઓ તરીકે લાગુ પડે છે. આથી હકીકતમાં એમની સ્થિતિ બિન-એશિયાઈ "બિનગોરા લોક"થી વધારે ખરાબ છે.

અમે માનીએ છીએ કે ઉપર આપેલાં દૃષ્ટાંતોથી અમે પૂરતી સ્પષ્ટતાથી બતાવી આપ્યું છે કે બ્રિટિશ હિંદીઓને ન્યાય કરવો હોય તો એમને વર્ગીકરણમાં "બિનગોરા લોક" સાથે મૂકવાનું બિલકુલ બંધ કરી દેવું જોઈએ. આ અમે કોઈ પણ અરુચિકર સરખામણી કરવાની ઇચ્છા વિના કરીએ છીએ. અસ્તિત્વના અધિકાર માટેની લડતમાં "બિનગોરા લોક"ને અને બ્રિટિશ હિંદીઓને જુદી જુદી જગ્યાએ હુમલો કરવાનો છે. તેમને જુદે જુદે માર્ગે ન્યાય પ્રાપ્ત કરવાનો છે, અને જો સરકાર તથા લોકસેવકો એ બે વચ્ચે ભેદ કરવાનું મહત્ત્વ સમજે તો સારું.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २५–८–१९०६

૪૧૮. હિંદુ સ્મશાનની સ્થિતિ[1]

હિંદુ સ્મશાનની સ્થિતિ વિષે અમારી ઉપર મિ. ડોઘર્ટીએ કાગળ લખ્યો છે તેની ઉપર અમે ડરબનમાં વસતા હિંદુઓનું ધ્યાન ખેંચીએ છીએ. સ્મશાનની સ્થિતિ મિ. ડોઘર્ટીએ વર્ણવી છે તેવી હોય તે બહુ જ શરમભરેલું ગણાય, અને હિંદુ કોમને હીણપત લગાડનારું કહેવાય. સ્મશાન સ્વચ્છ તથા સારી સ્થિતિમાં રાખવું એ દરેક હિંદુની ફરજ છે, તેમ નહીં કરવાથી કાયદાનો તથા સ્વચ્છતાના નિયમોનો ભંગ થાય છે તેટલું જ નહીં પણ માણસ જાત તરીકે આવી બાબતમાં આપણી જે નરમ લાગણી હોવી જોઈએ તે નિયમનો પણ ભંગ થાય છે. સ્મશાનની સ્થિતિ બાબત અમારી ઉપર કેટલાક કાગળો પણ આવેલા છે, તે તીખા અને જાત ઉપર ટીકા કરનારા હોવાથી અમે પ્રગટ નથી કર્યા, પણ અમારે દરેક હિંદુને ભલામણ કરવી જોઈએ કે ગમે તેવી બીજી સ્થિતિમાં કલેશ હોય તોપણ મરણ રૂપી જે સ્થિતિ છે તેવે સમયે તો આપણે નરમ તથા પવિત્ર વૃત્તિઓ રાખવાની બહુ જ જરૂર છે, અને તેમ ન થાય તો આપણામાં અત્યંત ખામી ગણાય એમ સૌ કોઈ કબૂલ કરશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५–८–१९०६

૧. "હિંદુ સ્મશાન", જુઓ પા. ૪૪૬.

Gandhi Heritage Portal

૪૧૯. ઈરાનનો મામલો

હાલમાં ઈરાનના શાહે જાહેર કર્યું છે કે નાણાં સંબંધી દેવાળું કાઢવા જેવી સ્થિતિમાંથી બચાવવા માટે પ્રજાકીય કાઉન્સિલ ભરવામાં આવશે. આ સ્થિતિએ ઈરાન પહોંચ્યું તેનું મુખ્ય કારણ શાહનું ઉડાઉપણું છે. આ વરસની શરૂઆતમાં પ્રજા હાલના રાજ્યની વિરુદ્ધ એટલી બધી ઉશ્કેરાઈ હતી કે સેંકડો વેપારીઓ અને મુલ્લાંઓ તહેરાન છોડીને ચાલ્યા ગયા હતા. આથી ગભરાઈને શાહે મુલ્લાં વેપારીઓ અને જમીનદારોની ચૂંટાયેલી કાઉન્સિલ બોલાવવાનું વચન આપ્યું. પણ નાણાં વિશે જે ગંભીર મામલો ઊભો થયો છે તેને ભાગ્યે જ સુધારી શકાય તેવું છે. હાલના શાહ મુઝાફરુદ્દીને ૧૦ વરસની અંદર ઈરાનને આ સ્થિતિમાં લાવી મૂક્યું છે. ત્યાંનું બધું મહેસૂલ શાહના હાથમાં છે. આગલા શાહો કેટલોક ખાનગી પૈસો જમા કરી શક્યા હતા. હાલના શાહ પાસે ૨૦ લાખ પાઉંડ જેટલું નાણું હતું. એવી ગણતરી થયેલી છે કે, આ ખાનગી ધન તથા વાર્ષિક આવકના ૧૫ લાખ પાઉંડ ખરચી નંખાય છે, એટલું જ નહીં પણ બીજા ૪૦ લાખ પાઉંડનું દેવું થયેલું છે, દેશ દિવસે દિવસે ગરીબ થતો જાય છે. મહેસૂલ મુખ્યત્વે કરીને મજૂરવર્ગમાંથી પેદા થાય છે. છેલ્લાં બેચાર વરસમાં યુરોપની સફરમાં તથા મહેલના દમામમાં પુષ્કળ દોલત ઉડાવવામાં આવી છે. ઈરાનની આવી કઢંગી સ્થિતિ આવી પડી છે તેનું વર્ણન કરી જોહાનિસબર્ગમાં પ્રગટ થતું રૅન્ડ ડેલી જણાવે છે કે આવી ગંભીર સ્થિતિનો રશિયા લાભ લઈ લે નહીં એ વાસ્તે દરકાર રાખવાની જરૂર છે. કારણ હિંદુસ્તાનની પડોશમાં રશિયા પગ નાખીને બેસે તો ઇંગ્રેજ સુખે બેસી શકે નહીં.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २५–८–१९०६

૪૨૦. સંસ્થાન મંત્રીને પત્ર

જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૨૫, ૧૯૦૬

માનનીય સંસ્થાન મંત્રી,
પ્રિટોરિયા

સાહેબ,

પ્રમુખ શ્રી અબદુલ ગની લખે છે કે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની વતી હું ૨૨મી ઑગસ્ટના ગૅઝેટમાં બહાર પડેલ હિંદી સામેના બિલ બાબત નમ્રતાપૂર્વક વાંધો ઉઠાવું છું. મારી સભાના મત પ્રમાણે એ બિલથી હિંદી કોમની લાગણી અત્યંત દુ:ખાશે. અને તેને એટલી ઈજા પહોંચશે કે જેનું વર્ણન હું કરી શકતો નથી. બ્રિટિશ સત્તાધારીઓએ આપેલાં વચન તથા મિ. લિટલટન અને લૉર્ડ મિલ્નરના લખાણથી તે ઊલટું છે. એ બિલથી ટ્રાન્સવાલના હિંદીને કંઈ મળતું નથી, અને તેની પાસે છે તેમાંથી ઘણું લઈ લે છે, અને તે એવી રીતે કે ટ્રાન્સવાલમાં

Gandhi Heritage Portal

વસતા હિંદીનું મોટું અપમાન થાય છે. અગર બિલનો હેતુ જે હિંદીઓ પરમિટ વિના આવ્યા હોય તેઓને કાઢી મૂકવાનો હોય તો હાલ હિંદીઓની પાસે જે દસ્તાવેજ છે તે તપાસવાથી પાર પડી શકે છે. આમ કરવાથી હિંદીની લાગણી દુ:ખાશે નહીં, અને નવા બિલથી થનારું મોટું ખર્ચ બચી જશે. મારી સભા જરાયે આંચકો ખાધા વિના કહી શકે છે કે નિરપરાધી અને નબળા માણસોની ઉપર જોરાવર માણસોની સત્તા કેવી છે તે આ બિલ બતાવે છે, અને એમ પણ બતાવે છે કે તે સત્તા બહુ જોરથી અને નબળા માણસોની દરકાર રાખ્યા વિના વાપરવાની છે. આમ કહેવાથી અમે વધારે પડતું બોલીએ છીએ એમ કોઈ ગણશે તો અમારે કહેવાનું કે જે હિંદીઓએ આ બિલ ધ્યાનપૂર્વક વાંચ્યું છે તેઓનો એ ખરેખરો મત છે. એ બિલમાંની કેટલીક ખામીઓ હું નીચે જણાવી જાઉં છું :

(૧) બીજી કલમથી ૧૮૮૫ના કાયદામાં એશિયાટિક એ શબ્દની વ્યાખ્યા નવા બિલમાં કાયમ રાખી છે. ૧૮૮૫ના કાયદાની વ્યાખ્યા તે ખોટી અને અજાણપણે અપમાન કરનારી છે, કેમ કે તે વ્યાખ્યા પ્રમાણે એશિયાટિકમાં કુલી, તુર્કસ્તાનના મુસલમાન તથા મલાઈ લોકોનો સમાસ થાય છે. આવી વ્યાખ્યાથી એશિયાટિકનું અપમાન થાય છે, કેમ કે તેમાં કુલી શબ્દ વાપરી બધા એશિયાના માણસોને 'કુલી' ગણી કાઢ્યા છે. એ વ્યાખ્યા જૂઠી છે કેમ કે આ મુલકની અંદર આરબ લોક અને તુર્કસ્તાનના મુસલમાનો જવલ્લે જ જોવામાં આવે છે. એ વ્યાખ્યાથી મલાઈ લોકોની ઉપર ગેરઇન્સાફ થાય છે, કેમ કે મલાઈ લોકોને હાલ સુધી કશી ઈજા ૧૮૮૫ના કાયદાની રૂએ થઈ નથી. મલાઈ લોક યુરોપિયનની સાથે વેપારમાં હરીફાઈ કરનાર હિંદીની માફક ગણાતા નથી.

(૨) બિલથી કૉલોનીમાં વસતા હિંદીઓને અસંખ્ય ટાંકણી ભોંકવામાં આવે છે અને જેઓ ટ્રાન્સવાલના જૂના રહીશ છે, પણ હજુ પાછા નથી ફર્યા તેઓની સ્થિતિ જેટલી કફોડી અને અનિશ્ચિત હાલ છે તેવી જ રહે છે.

(૩) કૅપ્ટન હેમિલ્ટન ફાઉલે રજિસ્ટર કર્યું છે તે તો ન થયા બરાબર આ બિલ ગણે છે. મારે જણાવવું જોઈએ કે કૅપ્ટન ફાઉલે રજિસ્ટર કર્યું તે હિંદી કોમની સાથે મસલતથી કરેલું અને લૉર્ડ મિલ્નરની ભલામણને આવકાર આપવાના ઈરાદાથી હિંદી કોમે ફરી રજિસ્ટ્રેશન કબૂલ કરી વિનય વાપર્યો. કાયદા પ્રમાણે તેમ કરવા હિંદી કોમ બંધાયેલી ન હતી. આ વિનયવાળા કામની અને એવા બીજાં કામો હિંદી કોમે કર્યાં છે તેની નોંધ આ બિલ જરાયે લેતું નથી.

(૪) પરમિટના કાયદાની રૂએ કેટલીક બારીઓ હિંદી કોમને રહેલી છે તે પણ આ બિલથી બંધ થાય છે. સરકાર જાણે છે કે એક મૅજિસ્ટ્રેટના ચુકાદા પ્રમાણે જે હિંદીની પાસે પુરાણું ડચ રજિસ્ટર હોય તે હિંદી વગરપરમિટથી ટ્રાન્સવાલમાં રહી શકે છે. ત્રીજી કલમથી આ પરિણામ નાબૂદ થાય છે.

(૫) ૧૮૮૫ના કાયદાની રૂએ તેમ જ સુપ્રિમ કોર્ટના ઠરાવ મુજબ માત્ર ૨૧ વર્ષની ઉપરના પુરુષો જે વેપારને અર્થે ટ્રાન્સવાલમાં રહેતા હોય તેને રજિસ્ટર કાઢવું પડે છે. નવા બિલથી આઠ વર્ષની ઉપરની ઉંમરનાં છોકરાં-છોકરી અને મરદ તથા સ્ત્રીને રજિસ્ટર કઢાવવું પડશે. જો આ પ્રમાણે મારા ઍસોસિયેશનની ધાસ્તી ખરી હોય તો તેથી હિંદી સ્ત્રી જાતને અમારી કોમના રિવાજ પ્રમાણે મોટું અપમાન થશે. અને અમારી કોમ સેંકડો વર્ષ થયાં જે લાગણી ચુસ્ત રીતે પકડી રહી છે તે લાગણી ધૂળધાણી થઈ જશે. આ રજિસ્ટ્રેશનના કાયદાથી

Gandhi Heritage Portal

દરેક હિંદી કોમ જાણે ગુનેગાર હોય નહીં એમ ઠરશે. મારા ઍસોસિયેશનની જાણ પ્રમાણે આવો કાયદો કોઈ પણ બીજા બ્રિટિશ રાજ્યમાં નથી.

(૬) ત્રણ પાઉંડ માફી કરવાની જે વાત છે તે દાઝયા ઉપર ડામ દેવા જેવું છે કેમ કે ઘણાખરા હિંદીઓએ ત્રણ પાઉંડ આપી દીધા છે.

(૭) ૧૭મી કલમ પ્રમાણે જે હિંદીને મુદતની પરમિટ મળે તેને દારૂ પીવાની છૂટ લેફ્ટનન્ટ ગવર્નર આપી શકે છે. આથી બળતામાં ઘી હોમવા બરાબર છે. મારા ઍસોસિયેશનના ખ્યાલ પ્રમાણે તો એવો એકે હિંદી નથી કે જે પોતાની આબરૂની ગરજ હોય છતાં આ પ્રમાણે પરવાનગી માંગે.

ઉપરના દાખલા ઉપરાંત બીજા દાખલા આપી શકીએ છીએ, પણ એવી જરૂર નથી. મારું ઍસોસિયેશન નમ્રતાપૂર્વક જણાવે છે કે ૨૧મી કલમથી જે હકો આપવાનો ઇરાદો છે તેને અમે હક નથી માનતા. જો સરકાર બ્રિટિશ રૈયતને પોતાનો વારસો લેવા દઈ પોતાની ફરજ બજાવવા માંગતી હોય તો તેથી કંઈ આખી કોમને રાહત નથી થતી. મસ્જિદો વગેરેના કામને સારુ જમીન આપવાની છૂટ વિષે નવા કાયદાની જરૂર નથી. કેમ કે હાઈકોર્ટે ઠરાવ્યું છે કે ૧૮૮૫ના કાયદાની રૂએ ધર્મસંબંધી કામને સારુ જમીનની માલિકી ભોગવવામાં બાધ નથી. રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટ થોડી મુદતમાં થશે. મારું ઍસોસિયેશન એમ અરજી કરે છે કે જો સરકારનો ઇરાદો અદલ ઇન્સાફ આપવાનો ન હોય તો સરકારને લાજમ છે કે હાલ તુરત કંઈ ફેરફાર નહીં કરતાં બધું કામ રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટને સોંપવું. અને વડી સરકારની સાથે મસલત કરી જે કાંઈ થવાનું હશે તે થઈ રહેશે.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની
ચૅરમૅન,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ ગુજરાતી]
इन्डियन ओपीनियन, १–९–१९०६

૪૨૧. હિંદના દાદા[1]

ઑનરેબલ મિ. દાદાભાઈ નવરોજીને ૮૨મું વર્ષ બેસશે તે દહાડે આખા હિંદુસ્તાનમાં દાદાભાઈ જયંતી ઊજવવામાં આવશે. દાદાભાઈની દેશસેવાને કોઈ પણ હિંદી પહોંચી શકે એમ નથી. તેણે પોતાનું બધું દેશને અર્પણ કર્યું છે અને પોતે દેશની સેવા કરવાને સારુ દેશનિકાલ થઈ હાલ વર્ષો થયાં ઇંગ્લંડમાં વસે છે. તેની જિંદગીનો ભોગ તેણે સંપૂર્ણ આપ્યો છે. દેશની ભક્તિમાં પોતે અડગ રહ્યા છે અને ૨૫ વર્ષનો જુવાનિયો જેટલી મહેનતથી કામ કરે તેટલી મહેનતથી અને તેટલી ખંતથી એકાસી વર્ષનો આ બુઢ્ઢો બાપ પોતાની પ્રજાને સારુ ઝૂઝી રહેલ છે. આ સેવાની કિંમત થઈ શકે તેમ નથી. તેનો બદલો એક જ રીતે આપી શકાય. અને તે

૧. આ અને પછીના ત્રણ લેખો ઑગસ્ટ ૨૭, ૧૯૦૬ને દિવસે કે તે પહેલાં લખાયા હતા. જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૪૩૭.

Gandhi Heritage Portal

એ કે આ મહાન જિંદગીનું આપણે અનુકરણ કરવું. જેમ દાદાભાઈએ દેશની સેવા કરવી એમાં પોતાનો ધર્મ માન્યો છે, જેમ એણે બધું દેશને અર્પણ કર્યું છે, જેમ ઘણી નિરાશાઓ થતાં છતાં તેણે ઉમંગભેર અને પોતાની સેવા ઉપર વિશ્વાસ રાખી મંથન કર્યા કર્યું છે તેમ આપણે પણ કરવું ઘટે છે. આ છાપાના કામદારો આવી જિંદગીનું ચિંતવન કરીને પોતાનું કામ નિભાવી રહ્યા છે એટલે અમે અચળ મનથી અને ખરા અંતઃકરણથી જગતકર્તા પાસે બંદગી કરી શકીએ છીએ કે દાદાભાઈ નવરોજીને હજુ ઘણાં વર્ષ નિભાવો કે જેથી અમારા જેવા કુમળા ઝાડને તે નામની અને તેમના કામની છાંય મળે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १–९–१९०६

૪૨૨. ધિક્કારપાત્ર!

“ધિક્કારપાત્ર”, કોઈ પણ કાર્ય સંબંધે વાપરવા માટે, બહુ કઠોર વિશેષણ ગણાય. તેમ છતાં, શાંતિપૂર્વક વિચાર કર્યા પછી પણ, ચાલુ માસની તા. ૨૨ના રોજ ટ્રાન્સવાલના ગવર્નમેન્ટ-ગૅઝેટના અસાધારણ અંકમાં પ્રગટ થયેલા એશિયાઈ ઑર્ડિનન્સ ખરડા માટે અમને એટલો યોગ્ય બીજો કોઈ શબ્દ જડતો નથી. ટ્રાન્સવાલ ધારાસભાની મોકૂફી વખતે મિ. ડંકને કરેલી આગાહી અનુસાર એ ખરડો ઘડવામાં આવ્યો છે. પ્રસ્તુત બિલ વડે ટ્રાન્સવાલની હિંદી કોમના સૌથી ખરાબ ભય હતા તે સાચા નીવડયા છે. સંસ્થાનમાં રહેતા કમનસીબ હિંદીઓને આપવામાં આવેલાં ઘણાં પવિત્ર વચનોનો એથી ભંગ થાય છે. ન્યાય અને ઔચિત્યનો બ્રિટિશ સિદ્ધાંત એમાં નેવે મુકાયો છે અને સાચાખોટાના જે સામાન્ય ખ્યાલોથી મનુષ્યજાતિ યુગોથી પરિચિત છે તે ખ્યાલોને પણ તે કચડી નાખે છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનો સખત શબ્દમાં લખેલો વાંધો[1] અમે અન્ય કટારમાં આપીએ છીએ, પણ એની ભાષા સરકારને લગતા એક દસ્તાવેજ માટેય કાંઈ વધારેપડતી સખત નથી. મિ. ડંકનની (આગાહીની) ભાષા પરથી અમે ધાર્યું હતું તે કરતાં પણ ઑર્ડિનન્સ બહુ આગળ વધી જાય છે, અને તેણે હિંદી માનસને એટલું હચમચાવી નાખ્યું છે જેટલું દક્ષિણ આફ્રિકામાં બીજા કોઈ પગલાએ કયારેય હચમચાવ્યું નથી. ગૃહજીવનની પવિત્રતા પર હુમલો કરવાની ધમકી એમાં રહેલી છે. તેની આગળ ૧૮૮૫નો કાયદો નં. ૩ તદ્દન ફિક્કો પડી જાય છે. એનો સૌથી દુઃખદ ભાગ તો એ છે કે ડચ સરકારે, હકીકતોથી અજાણ હોવાને લઈને, ખાસ નુકસાન કરવાનો ઇરાદો રાખ્યા વિના, અને પોતાના પ્રજાજન નહીં એવા માણસો સંબંધમાં જે કાંઈ કર્યું હતું તે બ્રિટિશ સરકાર, હકીકતોના પૂરા જ્ઞાન સાથે, હિંદી કોમને જાણીબૂજીને નુકસાન કરવાના ઇરાદાથી, અને બ્રિટિશ પ્રજાજનના સંબંધમાં કરે છે. પોતે અખતિયાર કરેલી રીતરસમમાં વર્તમાન સરકાર ડચ સરકારને ટપી જવા માગે છે, અને ડચ વહીવટ દરમિયાન જેઓ કાયદાના પંજાની પકડમાં નહોતાં તેમને, અર્થાત્ સ્ત્રીઓ, બાળકો અને બિન-વેપારીઓને પણ, તેની પકડમાં લેવા ઇચ્છે છે. અમારું સમકાલીન છાપું, જોહાનિસબર્ગનું સ્ટાર આ પગલાને આવકારે છે અને તેમાં રહેલી સખતાઈથી ખુશ થાય છે એ જાણી અમને ઘણું જ

૧. જુઓ “સંસ્થાન મંત્રીને પત્ર”, પા. ૪૩૧–૩૩.

Gandhi Heritage Portal

દુ:ખ થાય છે. એથી હાલના કાયદા વિષેનું એનું અજ્ઞાન ઉઘાડું પડે છે, એટલે તો એ અસ્પષ્ટ વાતો કરે છે અને હિંદી કોમ જેને અપમાનકારક તરીકે ગણે છે તેને પોતે "રાહત" એવું ગૌરવભર્યું નામ આપે છે. સ્ટાર પત્રની ભાષામાં 'લીકર લાઈસન્સિંગ ઑર્ડિનન્સ'(દારૂના ઈજારાનો કાનૂન)માંથી "પ્રતિષ્ઠિત એશિયાટિક મુલાકાતીઓ"ને મુક્તિની ખાતરી એ "બુદ્ધિપુર:સરનો સુધારો" છે. દક્ષિણ આફ્રિકાના એક ભૂતપૂર્વ હાઈ કમિશનરના ભૂતપૂર્વ ખાનગી મંત્રીના તંત્રીપદે ચાલતા વર્તમાનપત્રમાં આવી જાતની ભાષા જોઈને વર્તમાન સ્થાનિક સરકારને હાથે ન્યાય મળવાની નહીં જેવી જ આશા રહે છે. એશિયાઈ કાયદામાં સુધારો કરવાનો છે તે યુદ્ધ પૂર્વે અને પછી હિંદી કોમને આપેલાં વચનો પાળવાને માટે નહીં, પણ મેસર્સ લવડે અને તેમના સાથીઓ જેઓ એશિયાઈ નીતિનું લગભગ સંચાલન કરી રહ્યા છે તેમને શાંત કરવા માટે કરવાનો છે. શું ઇંગ્લંડની સરકાર, ટ્રાન્સવાલ હજી તાજ હકૂમતનું સંસ્થાન છે, તે દરમિયાન પણ આ પ્રસ્તુત અન્યાય મૂગે મોઢે ચલાવી લેશે? જો સ્થાનિક સરકારમાં ન્યાય કરવાની હિંમત ન હોય તો, તેને માટે, જવાબદાર સરકાર આવે ત્યાં સુધી, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની દરખાસ્ત સ્વીકારી લેવી અને ૧૮૮૫નો કાયદો નં. ૩ જેમનો તેમ રહેવા દેવો, એ મનસ્વી અન્યાય કરવામાંથી સહીસલામત રીતે નીકળી જવાનો માર્ગ છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १–९–१९०६

૪૨૩. સંસ્થાનવાસી હિંદીઓ નોંધ લે!

જર્મન સૈનિકોની મુસીબતો વિષે હેર ઍડોલ્ફ સ્ટેઈન નીચે પ્રમાણે કહે છે:

> અઢી વરસથી ચાલતી લડાઈમાં શરૂઆતથી જ લશ્કરના સૈનિકોને પૂરતા સીધાં વિના ચલાવવું પડે છે, કેમ કે (નૈર્ઋત્ય આફ્રિકામાં) રેલવે ન હોવાથી રણમોરચે મોટા પ્રમાણમાં પુરવઠો પહોંચાડવાનું અશક્ય થયું છે. મહિનાઓથી માણસો રોટી અને મીઠા વિના રહ્યા છે, અને એવા પણ પ્રસંગો આવ્યા હતા કે જ્યારે તેમણે ખચ્ચરના માંસ પર ગુજારો કર્યો હતો. આ ખચ્ચરો જે તોપખાનું ખેંચી જવા માટે હતાં તેમને ભૂખે મરતા સૈનિકોને ખોરાક આપવા માટે કતલ કરવાં પડ્યાં. આ સૈનિકોને એક ટીપા પાણી કે ઇતર પીણા સિવાય ઘણી વાર ચાલીસ ચાલીસ કલાક સુધી લડવું પડ્યું છે અગર કૂચ કરવી પડી છે. તેમના ગણવેશ ફાટીને ચીંથરાં થઈ ગયા છે ને બદલામાં તેમણે ફાટ્યાંતૂટ્યાં ચિત્રવિચિત્ર કપડાં પહેર્યાં છે જેથી લશ્કર મેલુઘેલું ને ભૂંડું દેખાય છે. તેમના જોડા ફાટી ગયા છે, ને કતલ કરેલા બળદના ચામડામાંથી બનાવેલ સપાટોએ એનું સ્થાન લીધું છે. આ બધી મુસીબતોની પરવા કર્યા વગર સૈનિકોએ પોતાની ફરજ જરાયે પાછી પાની કર્યા વિના બજાવી છે.

દક્ષિણ આફ્રિકામાં વસતા ને ખાસ કરીને આ ઉપખંડમાં જન્મી ઊછરીને મોટા થયેલા, હિંદીઓએ આ વાક્યોમાંથી ઘણો બોધ લેવાનો છે. એ યાદ રાખવું જોઈએ કે આ સૈનિકો પૈકી કેટલાક, સામાન્ય રીતે બિનલશ્કરી ધંધો કરતા માણસોમાંથી લેવાયેલા છે. કોઈ પણ દેશ

Gandhi Heritage Portal

તેના લોકો મુસીબતો વેઠે નહીં, અને સ્વાર્થત્યાગ કરે નહીં, ત્યાં સુધી મહાન થઈ શક્યો નથી. આપણે ઘણી વાર દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હિંદીઓને પડતી મુસીબતોની વાત કરીએ છીએ, અને આપણને તે વિષે ફરિયાદ કરવાનો તથા રાહત માગવાનો હક છે. પરંતુ, એક માનનીય મિત્રે થોડા માસ પૂર્વે આ કટારોમાં લખ્યું હતું તેમ, અંતે તો બ્રિટિશ હિંદીઓની મુક્તિ અંદરથી આવવાની છે; અને તે ત્યારે જ બનશે જ્યારે હિંદીઓની ઊગતી પેઢી તેમની ફરજ સમજવા અને નૈર્ઋત્ય આફ્રિકામાં જર્મન સૈનિકો વેઠે છે તેવી મુસીબતો ને યાતનાઓ વેઠવા તૈયાર થશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १-९-१९०६

૪૨૪. કેપ લાઇસન્સ કાયદો

કેપનું લાઇસન્સ બિલ પસાર થઈ કાયદો થાય છે. બિલમાં એટલો બધો સુધારોવધારો કરવામાં આવ્યો છે કે બિલનું રૂપ તદ્દન બદલાઈ ગયું છે. સુપ્રિમ કોર્ટને અપીલ કરવાનો હક નથી રહેતો એવું નામ પાડીને કહેવામાં આવ્યું નથી, પણ લાઇસન્સિગ બોર્ડના ઠરાવ વિરુદ્ધ સુપ્રિમ કોર્ટને અપીલ કરી શકાય કે નહીં એ તકરારી બાબત છે. કર ભરનારાઓની પરવાનગી મેળવી લાઇસન્સ મેળવી શકાય એવી બારી બિલમાં હતી તે નીકળી ગઈ છે. પણ સાથે ચોપડા અંગ્રેજીમાં રાખવાની જરૂર પણ મટી ગઈ છે. ચોપડા અંગ્રેજીમાં રાખવા એ હકીકત બહુ જરૂરી ગણી પણ નહીં શકાય, કારણ કે ચોપડાઓ વિષે જોકે કંઈ કહેવામાં આવ્યું નથી તોપણ જે લોકો પોતાના વહીવટની સંતોષકારક નોંધ ન બતાવી શકે તેવા લોકનું લાઇસન્સ મ્યુનિસિપાલિટીના સત્તાવાળાઓ અટકાવી શકશે ખરા. વેપારનાં લાઇસન્સો પર નિયમિત અંકુશ રાખવામાં આવે તેમાં કાંઈ ખોટું નહીં. હવે એ કાયદો કેવી રીતે અમલમાં આવે છે તે જોવાનું રહ્યું. આપણે આશા રાખીશું કે બોર્ડ પોતાની સત્તાનો ઉપયોગ હળવે હાથે કરી ન્યાયને મોખરે રાખશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १-९-१९०६

Gandhi Heritage Portal

૪૨૫. છગનલાલ ગાંધીને પત્ર

પો. ઑ. બૉક્સ, ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૨૭, ૧૯૦૬

ચિ. છગનલાલ,

આજ રાતે હું તમને ત્રણ તંત્રીલેખ મોકલું છું. અલબત્ત, દાદાભાઈ વિષેનો[1] લેખ પ્રથમ સ્થાન લેશે; જોહાનિસબર્ગ[2] વિષેનો બીજો આવવો જોઈએ; ને ત્રીજો સંસ્થાનવાસી હિંદીઓ નોંધ લે[3] એ આવશે. મારે ઘણી બાબત પર લખવાનું છે, પણ હું બહુ થાકી ગયો છું ને મને વખત પણ નથી, એટલે હું તમને વધારે મોકલી શકતો નથી. છતાં, આવતી કાલે કદાચ એક-બે લેખ મોકલું. એ તમને ગુરુવારે પહોંચશે. અત્યારે લગભગ પાંચ વાગ્યા છે; હું તમને થોડું ગુજરાતી લખાણ, કંઈ નહીં તો દાદાભાઈ વિષે એક લેખ મોકલવા પ્રયત્ન કરીશ. બની શકે તો, આવતે અઠવાડિયે પૂર્તિ તરીકે દાદાભાઈની છબી આપજો. બ્રિયાં ગેબ્રિયલ પાસે છબીની 'નેગેટિવ' છે; આ કામ તેણે મફત કરવું જોઈએ. બ્લૉક સરસ છપાવો જોઈએ. પૂર્તિ બાબતમાં હું તમને તાર કરવાની લગભગ અણી ઉપર હતો, પણ મને લાગે છે કે આપણે ઉતાવળ કરવી નથી. આવતે અઠવાડિયે એ બહુ સરસ રીતે આવશે. હું આ સાથે કેપના કાયદા[4] વિષે એક લેખ આપું છું, એટલે તમારી પાસે ચાર લેખ થયા.

મોહનદાસના આશીર્વાદ

શ્રી સી. કે. ગાંધી
ફિનિક્સ
નાતાલ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : એસ. એન. ૪૩૬૮

૧. જુઓ "હિંદના દાદા", પા. ૪૩૩–૪.
૨. જુઓ "ધિક્કારપાત્ર!" પા. ૪૩૪–૫.
૩. જુઓ "સંસ્થાનવાસી હિંદીઓ નોંધ લે!" પા. ૪૩૫–૬.
૪. જુઓ "કેપ લાઇસન્સ કાયદો", પા. ૪૩૬.

Gandhi Heritage Portal

૪૨૬. ઇન્ડિયાને તાર

જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૨૮, ૧૯૦૬

એશિયાટિક ઑર્ડિનન્સનો જે મુસદ્દો પ્રગટ કરવામાં આવ્યો છે તે ભૂતકાળનાં સઘળાં વચનોનો ભંગ કરે છે, અને વર્તમાન કાયદો જે બોઅર અમલમાંથી લેવાયો હતો તેનાથી વધારે ખરાબ છે. સ્ત્રીઓ તથા આઠ વરસની ઉપરનાં બાળકોને નોંધાવવાની ફરજ પાડીને તે હિંદીઓની લાગણીને ધક્કો પહોંચાડે છે. હિંદીઓએ, જેમને બે વખત નોંધાવા માટે કાયદા મુજબ ફરજ પાડવામાં આવી હતી તેમણે છેલ્લી વખતે લૉર્ડ મિલ્નરને ખુશ કરવા સ્વેચ્છાથી નોંધણી કરાવી હતી. આ ત્રીજી નોંધણી બિનજરૂરી અને દમનકારક બંને છે. દરખાસ્ત નીચેના કાનૂનનો આશય બેફામ માનહાનિ કરવાનો છે તેની સામે માથું નમાવવા કરતાં હિંદીઓ જૂનો કાયદો ચાલુ રહે તે વધારે પસંદ કરે છે. ગેરકાયદે પ્રવેશના આરોપનો ઇનકાર કરવામાં આવે છે ને તપાસ કમિશન નીમવા વિનંતી કરવામાં આવે છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયા, ૩૧–૮–૧૯૦૬

૪૨૭. જાપાનનો વીર કોડામા

જનરલ કોડામા ગયા માસમાં કોઈ જાતની બીમારી ભોગવ્યા સિવાય એકાએક ટોકિયો શહેરમાં મરણ પામેલ છે. તે સમુરાઈ નામની જાપાની ક્ષત્રી જાતમાં જન્મ્યો હતો અને તેથી કુદરતી રીતે હોંશિયાર લડવૈયો હતો. વળી તે એક નામીચો યુક્તિબાજ હતો; અને તેથી તેના મરણને લીધે જાપાનીઝ લશ્કરમાં મોટી ખોટ પડી છે.

૧૮૭૨ની સાલમાં તે જાપાનીઝ સૈન્યમાં દાખલ થયો. જ્યાં આગળ તેની હોંશિયારી તરત જણાઈ આવી; તેથી તે લશ્કરી દરજ્જામાં વધવા માંડ્યો. અને ૧૮૮૦માં તેને લેફ્ટનન્ટ કર્નલનો હોદ્દો મળ્યો. આગળ જતાં ૧૯૦૪માં તે જનરલ થયો. છેલ્લા રુસો-જાપાનીઝ યુદ્ધ વખતે માર્શલ ઓયામાનો તે મુખ્ય સરદાર હતો. જાપાનીઝ લોકના સ્વભાવ મુજબ લડાઈના વખતે તે હંમેશાં બહુ જ ધીરજવાન અને ગંભીર રહેતો તથા ઉછાંછળો કદી થતો નહીં. લાયોયાંગની ખૂનખાર લડાઈમાં જ્યારે રશિયન લશ્કર જાપાનીઝો પર ભયંકર મારો ચલાવવા ચડી આવ્યું ત્યારે તે નાસ્તો લેતો હતો. રશિયન મારો જનરલ કોડામાના પડાવ તરફ જ શરૂ થયો; તેથી તેના માણસોએ પોતાના સરદારની સહીસલામતી સારુ તેને નિર્ભય ઠેકાણે જવા કહ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો કે "એમ ન જ બને. મને પાછો ફરતો જાણી મારા લડવૈયાઓ ભયથી શંકામાં પડે. તેથી અહીં જ રહેવું સારું છે." પોતાના નાયકની આવી હિંમતથી લડવૈયાઓને હિંમત મળી; અને તેઓ રશિયન છાપો હડસેલવા શક્તિમાન થયા.

Gandhi Heritage Portal

જનરલ કોડામા શરીરના બાંધા અને દેખાવ ઉપરથી અંગ્રેજી પ્રજા જેવો દેખાતો હતો. સોળ વરસ ઉપર પશ્ચિમની યુદ્ધકળાનો અભ્યાસ કરવા તેને જાપાન સરકારે યુરોપ મોકલ્યો. તે તેણે લડાયક જ્ઞાનની પરીક્ષા ચિનાઈ લડાઈ વખતે બતાવી આપી. તે યુદ્ધ વખતની તેની સેવાની કદર કરી મિકાડોએ તેને બૅરનનો ખિતાબ આપ્યો. જાપાનમાં તે લાયક નર ગણાતો અને જાપાનના મુખ્ય પ્રધાનની પદવીએ પહોંચશે એવું માનવામાં આવતું. મરણ વખતે તેની ઉંમર ૫૩ વરસની હતી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १-९-१९०६

૪૨૮. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,

સપ્ટેમ્બર ૧, ૧૯૦૬

ચિ. છગનલાલ,

તમારો વિગતવાર પત્ર મળ્યો, ને હરિલાલ બાબતનો તાર પણ મળ્યો. પરમિટ બાબત હું દિલગીર છું, પણ તેમાં ઉપાય નથી. તમારી ટીકા મેં મિ. પોલાકને વાંચી સંભળાવી છે, તેને હસી કાઢીને તે બોલ્યા કે તમારે એમને ત્યાં હતા ત્યારે વાત કરવી જોઈતી હતી. શ્રી મેઢને[૧] પોતાને જ કામચલાઉ નોકરી જોઈએ છે, એટલે જો તમારે એમની અમુક વખત પૂરતી જરૂર હોય તો એ ખુશીથી જોડાશે, અને તમને મદદ મળવી જોઈએ એ બાબતમાં હું તદ્દન સંમત છું. મને ચોક્કસ લાગે છે કે મદદ કરવા માટે તમને કોઈકની જરૂર છે, નહીં તો મને બીક છે કે તમે ભાંગી પડશો અથવા તો જે કામ હમણાં થવું જોઈએ, ખાસ કરીને હિસાબી કામ, તે પડયું રહેશે. પણ જો શ્રી મેઢને માત્ર કામચલાઉ રોકો તો એમને ફક્ત ત્રણ પાઉંડ આપવા એ બહુ ખરાબ ગણાશે. એમને ચાર પાઉંડ આપવાનું કહો, અને, જો એ બરાબર કુશળતાથી કામ કરે તો, બીજે મહિને એમને પાંચ પાઉંડ મળવા જોઈએ. મિ. વેસ્ટ પાછા ફર્યા પછી પણ હું ધારું છું કે તમને એમની લગભગ છ મહિના જરૂર પડશે. જોકે અહીંથી મારે ગુજરાતી લખાણ મોકલતા રહેવું જોઈએ, પણ હાલ ચાલતી રાજકીય પ્રવૃત્તિઓને કારણે સ્થિતિ બહુ અનિશ્ચિત છે. મારે કદાચ ઇંગ્લંડ જવું પડે અથવા કદાચ જેલ જવું પડે. આજે હું મિ. ડંકનને મળ્યો. મેં તેમને જણાવી દીધું છે કે જો બિલ પસાર થશે તો નોંધણી કરાવવા અગર દંડ ભરવા કરતાં હું સૌથી પહેલો જેલ જવાનું પસંદ કરીશ. હું માનું છું કે અહીંના લોક પણ મક્કમ છે, પણ આવી બાબતમાં સ્વાભાવિક રીતે જ મારે આગળ થવું જોઈએ. જો એવું બનવા પામે તો એનો અર્થ એ કે કદાચ ત્રણ મહિનાની જેલ થશે. આથી મારા પર આધાર રાખ્યા વિના તમારે કુશળતાપૂર્વક કામ ચલાવવાની તૈયારી કરી લેવી જોઈએ. શ્રી ઉસ્માન લતીફને ખાતે નીકળતો હિસાબ મારા ખ્યાલમાં છે; હું મોડોવહેલો એ રકમ કઢાવી શકીશ એવું ધારું છું. સુલેમાન આમદની ચોપડીઓ બસો પાનાંની અગર સો પાનાંની, તમને વધારે અનુકૂળ લાગે તે રીતે છાપજો. ગઈકાલે બપોર

૧. સુરેન્દ્ર મેઢ જેમણે ગાંધીજી સાથે ને પાછળથી મણિલાલ ગાંધી સાથે દક્ષિણ આફ્રિકામાં કામ કરેલું.

Gandhi Heritage Portal

પછી થિયેટરનાં હૅંડબિલ મળ્યાં છે. તમે એ પારસલથી મોકલવાને બદલે ટપાલથી ન મોકલાવી શકત? હરિલાલે 'ડેક'ની ટિકિટ કઢાવી ને બધું પોતે ગોઠવી લીધું તેથી મને ખરેખર આનંદ થયો છે. સરનામું ફેરવી મોકલાવેલાં કાગળિયાં મળ્યાં છે. ઠાકરશીના અવસાનના ખબર જાણી મને ખરેખર ખૂબ દુ:ખ થયું. જુવાન માણસો આમ ઝડપથી ઊપડી જાય છે એ આશ્ચર્યકારક છે. આવા બનાવોનાં કારણ, હું માનું છું કે મેં શોધી કાઢ્યાં છે; પણ જો હું એ ચર્ચવા બેસું તો મારો અવાજ અરણ્યરુદન સમાન નીવડે. તમારે ઉસ્માન આમદને ખર્ચનો અંદાજ આપવો જોઈએ. સ્મશાનફંડ વિષેના લેખ[1] બાબતમાં મને ફરિયાદ મળી છે. મેં મોતીલાલને લખ્યું છે, ને હું એ બાબત ગુજરાતી કટારોમાં ચર્ચા કરીશ.[2] એ બાબતમાં ફરિયાદ કરવાનું તમારી સામે, ખાસ કરીને એમને માટે હાસ્યાસ્પદ છે. આશા રાખું છું કે શેલતના લેખોમાં તમે ઠીકઠીક પ્રમાણમાં કાપકૂપ કરી હશે. એમના કોઈ લેખો મને બતાવ્યા વિના છાપવા નહીં, કેમ કે મેં એમને કહ્યું છે કે જો મને એ યોગ્ય નહીં જણાય તો હું છાપીશ નહીં. મેસર્સ વૂડઝ ઍન્ડ સનને તમારે કહેવું જોઈશે કે તમારાં હૅંડબિલ છાપાં સાથે વહેંચવાની અમને મનાઈ છે. જાહેરખબર સંબંધમાં હું શ્રી દાદા ઉસ્માનને લખીશ. તમે મોકલેલાં પ્રૂફ છાપું મળ્યું તેની સાથે જ મળ્યાં.

મોહનદાસના આશીર્વાદ

[તા. ક.] મને કયુનેની ચોપડી મોકલજો. એ તમારી પાસે અથવા મિ. વેસ્ટના ઓરડામાં હશે.[3]

શ્રી સી. કે. ગાંધી
ફિનિક્સ
નાતાલ

[મૂળ અંગ્રેજી]

મૂળની છબી પરથી : એસ. એન. ૪૩૭૨

૪૨૯. જોહાનિસબર્ગનો પત્ર

સપ્ટેમ્બર ૩, ૧૯૦૬

મિ. ડંકનની મુલાકાત

મિ. ડંકને એશિયાટિક કાયદા બાબત હિંદી ડેપ્યુટેશનને મળવા પોતાનો ઇરાદો બતાવવાથી શ્રી અબદુલ ગની, મિ. ઈસપ મિયાં, મિ. હાજી વજીર અલી, મિ. પીટર મુનલાઈટ તથા મિ. ગાંધી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની કમિટીની નિમણૂકથી શનિવારને દિવસે પ્રિટોરિયા ગયા હતા. ત્યાં મિ. હાજી હબીબ પ્રિટોરિયાની કમિટી તરફથી સામેલ થયા. મિ. ડંકન ૧૧ વાગ્યે મળ્યા. તે બાબત લખતાં પહેલાં મારે જણાવવું જોઈએ કે સાડા આઠ વાગ્યાની સવારની ગાડીમાં બેસવા જતાં જ મુશ્કેલી શરૂ થઈ. સ્ટેશન પર બધો બંદોબસ્ત ગાડી બાબત કરવા

૧. જુઓ "હિંદુ સ્મશાનની સ્થિતિ", પા. ૪૩૦.
૨. જુઓ "હિંદુ સ્મશાન", પા. ૪૪૬.
૩. તાજા કલમ ગુજરાતીમાં ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.

Gandhi Heritage Portal

ત્યાં ચમનીએ જણાવ્યું હતું. બંદોબસ્ત પણ એણે તો કરેલો. સ્ટેશન માસ્તરને આ બાબત કંઈ ખબર નહીં હતી. કંડક્ટરને માલૂમ ન હતું, તેથી તેણે વગર નોટિસે ડેપ્યુટેશનના મેમ્બરો ગયેલા એમ જણાવી હરકત કરી. છેવટે જર્મિસ્ટન સુધી ડેપ્યુટેશનના મેમ્બરોને બીજા વર્ગમાં બેસાડયા અને જર્મિસ્ટનથી પહેલા વર્ગની ગાડી મળી. મિ. ડંકનની સાથે ઘણી જ વાતચીત ચાલી. મિ. ડંકનને ડેપ્યુટેશને જણાવ્યું કે એશિયાટિક કાયદો કોઈ પણ રીતે હિંદી કોમને કબૂલ નહીં થાય. હિંદી કોમ ફરી પાછું રજિસ્ટર કરાવે એ બનવું [શક્ય] નથી. હિંદી કોમે રાહત માગી, તેના બદલામાં કોમને વધારે સખતાઈવાળો કાયદો સરકાર આપવા માગે છે એ જુલમની વાત ગણાય. બૈરાંઓ અને બચ્ચાંઓ રજિસ્ટર થાય એ કદી ન બને એવી વાત છે. આવું ડચ વખતમાં ન હતું અને એ પ્રમાણે બીજા કોઈ પણ અંગ્રેજી ભાગમાં નથી. પરમિટ બાબતમાં થતા જુલમ વિશે ડેપ્યુટેશને વિગતવાર હકીકત જણાવી. મિ. હાજી વજીર અલી તથા શ્રી હાજી હબીબ બહુ જુસ્સાભેર બોલ્યા. મિ. ડંકને જણાવ્યું કે બધી બાબત ઉપર સરકાર વિચાર કરશે અને જવાબ આપશે. મલાઈ વિષેના સવાલના જવાબમાં મિ. ડંકન બોલ્યા કે મલાઈ લોકોની ઉપર ૧૮૮૫નો કાયદો કોઈ વખત લાગુ પાડવામાં નથી આવ્યો તેથી પાડવો કે નહીં, એ બાબત સરકાર વિચાર કરશે; જોકે ખરું જોતાં તેઓને લાગુ પડવો જોઈએ.

શ્રી ઈસપ મિયાંએ પોતાને કેટલુંક કહેવું હતું તેને સારુ, મિ. ડંકનને બીજી મીટિંગમાં જવું હતું, તેથી, બીજી વખતે મુલાકાત લેવા જણાવ્યું છે.

દાદાભાઈ જયંતી

જોહાનિસબર્ગમાં બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનની કમિટી ગયા શુક્રવારે મળી હતી. આશરે ત્રીસ ગૃહસ્થો હાજર થયા હતા અને મહાન દાદાભાઈની ૮૨મી સાલગીરીને દિવસે તારથી મુબારકબાદીનો સંદેશો મોકલવા એકમતે ઠરાવ કર્યો છે. અને તે પ્રમાણે તા. ૪થી[1] સપ્ટેમ્બરે મુબારકબાદીનો તાર ઑન. દાદાભાઈ નવરોજીને મોકલવામાં આવ્યો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ८-९-१९०६

૪૩૦. દાદાભાઈ નવરોજીને અભિનંદન

[જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૪, ૧૯૦૬]

બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન આપને જન્મદિવસે હાર્દિક અભિનંદન પાઠવે છે. અમારી પ્રાર્થના છે કે આપના દેશની સેવા અર્થે આપ લાંબું આયુષ્ય ભોગવો.

[મૂળ અંગ્રેજી]

इन्डिया, ५-१०-१९०६

૧. આ પત્ર જોકે ૩ સપ્ટેમ્બરે શરૂ કર્યો હતો જે ૪ સપ્ટેમ્બરે કે તે પછી પૂરો થયો હતો.

Gandhi Heritage Portal

૪૩૧. ગુનાહિત કૃત્ય

ટ્રાન્સવાલ સરકારના એશિયાઈ કાનૂન મુસદ્દાને અમે ક્યારનો “ધિક્કારપાત્ર” કહ્યો છે.[1] એ કાનૂનની વધારે બારીક તપાસ કર્યા પછી અને અમને મળેલી ફરિયાદો પરથી અમને જરૂર લાગે છે કે સરકારે ભરવા ધારેલાં પગલાં માટે હજી વધારે કડક વિશેષણ વાપરવું જોઈએ. જો એ કાયદા બાબત કામ આગળ ચલાવવામાં આવશે તો એ સમગ્ર માનવજાતિ સામેનું ગુનાહિત કૃત્ય બની જશે.

આજે ટ્રાન્સવાલમાં સ્ત્રી-બાળકો સહિત ૧૩,૦૦૦થી વધારે હિંદીઓ નથી. સ્ત્રીઓ અને બાળકો પાસે દેશમાં દાખલ થવાનો અધિકાર આપતા દસ્તાવેજ નથી, કેમ કે પરમિટ નિયમનો અનુસાર તેની જરૂર નથી. છતાં, પ્રસ્તુત ઑર્ડિનન્સમાં કરેલી ‘પરમિટ’ની વ્યાખ્યા મુજબ એ સ્ત્રીઓ અને બાળકો ટ્રાન્સવાલનાં કાયદેસર રહેવાસી ન ગણાય. ત્યારે શું તેમને સંસ્થાનમાંથી દેશનિકાલ કરવામાં આવશે ને તેમનાં માબાપ કે પતિથી વિખૂટાં પાડવામાં આવશે? કદાચ એવું નહીં થાય. તેમ છતાં પ્રસ્તુત કાનૂનનો અમલ કરનાર ખાતાને સ્ત્રી-બાળકોનું અપમાન કરવાની અને તેમને દેશપાર પણ કરવાની સત્તા તો આપવામાં આવી જ છે. પુરાણો અનુભવ એવો છે કે સારામાં સારા લોકોના હાથમાં પણ એકહથ્થુ સત્તા આપવામાં આવે તો તેમની માનવતા ઘટતી જાય છે; ને ઘણી વાર એવું બને છે કે બીજા વધારે જવાબદારીભર્યા સંજોગોમાં જે કામ તેઓ ન કરત તે તેમની ઇચ્છા વિરુદ્ધ પણ તેઓ કરી બેસે છે. ઈસુ ખ્રિસ્તે, અમારી માન્યતા પ્રમાણે, જેમના સિદ્ધાંતોને અનુસરીને વર્તવાનો ટ્રાન્સવાલ સરકાર દાવો કરે છે, તેમણે જ્યારે પ્રલોભનને વખોડી કાઢ્યું હતું ત્યારે એક સાદું સત્ય જ માત્ર ઉચ્ચાર્યું હતું.

વાત આટલેથી અટકતી નથી. કાનૂનનું પરિણામ એ આવશે કે કાનૂનની પહેલાં આપેલી દરેક પરમિટ કે નોંધણીના પ્રમાણપત્રના ખરાપણા વિષે શંકા ઉઠાવવામાં આવશે, અર્થાત્ આ દસ્તાવેજ ધરાવનારા દરેક જણે રજિસ્ટ્રાર ઑફ એશિયાટિક્સ (એશિયાઈ લોકનો નોંધણી અમલદાર)રૂબરૂ હાજર થઈને પોતે તેનો કાયદેસરનો ધારણ કરનાર છે એ બાબત તેને સંતોષ આપવો જોઈશે. એમ કરવું એટલે શું તે ટ્રાન્સવાલના હિંદીઓ પોતાના અનુભવથી જાણે છે; તેમને દરેક જાતના બિનજરૂરી અને ઘણી વાર અપમાનકારક પ્રશ્ન પૂછવામાં આવશે, અને ત્રીજું પ્રમાણપત્ર મળે તે પહેલાં તેમને બહુ કડક કસોટીમાંથી પસાર થવું પડશે. અને આ બધું શા માટે? એટલા માટે કે જેમની નૈતિક ભાવના બુઠ્ઠી થઈ ગઈ છે એવા થોડાક હિંદીઓ કર્મચારીઓની મૂર્ખામી અને અનાવશ્યક સખતાઈને લીધે વગર અધિકારે ટ્રાન્સવાલ સંસ્થાનમાં ઘૂસી ગયા છે.

આ વટહુકમ માટેનું એક માત્ર દેખીતું કારણ આજના કાયદાઓના અમલ અંગે આવડતની જે નિરાશાજનક ખામી છે, તેને ઢાંકવાનું છે. નહીં તો, અમને ખાતરી છે કે આજના કાયદા છેતરપિંડીથી કરેલા પ્રવેશના બધા દાખલાઓને પહોંચી વળી શકે તેમ છે. શાંતિ-રક્ષા ઑર્ડિનન્સમાં એક કલમ એવી છે કે તે કલમ મુજબ નિમાયેલા કર્મચારીઓને પરમિટ તપાસવાની સત્તા મળે છે, અને પરમિટ રજૂ ન કરી શકે તેમને પકડી શકાય છે અને અંતે

૧. જુઓ “ધિક્કારપાત્ર!”, પા. ૪૩૪–૫.

Gandhi Heritage Portal

સંસ્થાનમાંથી દેશનિકાલ કરી શકાય છે. જે દેશ છોડી ન જાય તે બહુ ભારે શિક્ષાને પાત્ર ઠરે છે. અમે માનીએ છીએ કે જો આ કલમોનો ડહાપણથી ઉપયોગ કરવામાં આવે તો તરત જ જણાઈ આવશે કે એશિયાઈ વિરોધી ચળવળખોરોનાં કથન કેટલે અંશે ખાતરીલાયક નીવડે છે. એ વિચિત્ર છે કે પોતાના હાથમાં જે કાર્યક્ષમ હથિયાર છે તેનો ઉપયોગ કરવાને બદલે સરકારે છાનાછપના સંસ્થાનમાં ઘૂસી ગયેલા લોકોને શોધી કાઢવા માટે એક અપમાનકારક કાયદો ઘડવાની યોજના કરી છે.

ટ્રાન્સવાલમાં ઓગણીસ વર્ષથી રહેનાર એક પત્ર-લેખક ગુજરાતી કટારોમાં મુદ્દાનો પ્રશ્ન પૂછે છે જેનો અંગ્રેજી અનુવાદ અમે અન્ય સ્થળે આ અંકમાં આપ્યો છે. તે પૂછે છે: રશિયન શાસન અને ટ્રાન્સવાલ ઢબના બ્રિટિશ શાસનમાં ફેર શો? અમારા અભિપ્રાય મુજબ ફેર એટલો છે કે રશિયામાં સત્તાવાળાઓને ફાવતું આવે ત્યારે તેઓ ખુલ્લેખુલ્લા ને સીધેસીધા લોકનું ખૂન કરતાં અચકાતા નથી, જ્યારે ટ્રાન્સવાલમાં તેઓ હિંદી લોકનું કાસળ કાઢવા માગે છે પણ ખુલ્લેખુલ્લા પ્રામાણિકપણે તેમ કરી શકતા નથી. તેથી, તેમનું ખૂન કરવાનો અગર દેશપાર કરવાનો સીધો રસ્તો લેવાને બદલે તેમને રફતેરફતે ખલાસ કરે છે. તેઓ એવાં સાધન યોજી કાઢે છે કે નરમ હિંદીઓ પણ કંટાળીને પોતાની મેળે દેશ છોડી જાય, અથવા એવા માર્ગ લે જેથી એ જ હેતુ બર આવે. અને આ રીતે ઠંડે કલેજે સત્તાવાળાઓ જાહેર કરી શકે છે કે, “આ લોકોના નાગરિક તરીકેના ખૂન માટે અમે ગુનેગાર નથી—તેઓ પોતાની મેળે ચાલ્યા ગયા છે.” આ ખ્યાલ અમે સરકાર સમક્ષ ગંભીર વિચારણા માટે રજૂ કરીએ છીએ અને હમણાં જ એને કહીએ છીએ કે હજી વખત છે ત્યાં સુધીમાં આ સદંતર બૂરી દશામાંથી તમે નીકળી જાઓ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ८–९–१९०६

૪૩૨. હિંદના દાદા

માનનીય દાદાભાઈ નવરોજીને તેમના બ્યાશીમા જન્મદિને અભિનંદનના સંદેશા[1] પાઠવવામાં દક્ષિણ આફ્રિકાનાં જુદાં જુદાં મંડળોએ માત્ર પોતાની ફરજ જ અદા કરી છે. સમગ્ર હિંદમાં પ્રસ્તુત જન્મદિનની વાર્ષિક ઉજવણી રાષ્ટ્રીય આનંદ ઉત્સવનો તહેવાર બની ગઈ છે. આજે લાખો હિંદીઓના હૃદયમાં જેમનું અનન્ય સ્થાન છે તેમના જન્મદિવસે હિંદમાં વરસોથી જે થતું આવ્યું છે તે ભલે ગમે તેટલા નાના પ્રમાણમાં પણ દક્ષિણ આફ્રિકામાં ન થાય તો અહીંનું હિંદી જીવન અમને અપૂર્ણ લાગે છે. એ વૃદ્ધ સ્વદેશભક્તને સ્વયંસ્ફુરણાથી આપેલી આ અંજલિઓથી ઘણો સંતોષ થશે અને અર્ધી સદી કરતાં વધુ સમયથી પોતે જરાયે કચવાયા વિના જે સેવાકાર્ય કરતા આવ્યા છે તેમાં અભિવૃદ્ધિ થયા વિના નહીં રહે. આ સંદેશા મોકલવાનું શરૂ થયું છે તો આપણે આશા રાખીએ કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ દર વરસે આ રીતના અભિનંદન મોકલતા રહેશે. અને અમે એવી પણ આશા રાખીએ છીએ કે હજી આવતાં

૧. જુઓ “દાદાભાઈ નવરોજીને અભિનંદન”, પા. ૪૪૧.

Gandhi Heritage Portal

ઘણાં વર્ષો સુધી પ્રસ્તુત દિવસ ઊજવવાનો અધિકાર તેમને મળતો રહેશે. આ અંક સાથે અમે એક પૂર્તિ પ્રગટ કરીએ છીએ, જેમાં માનનીય દાદાભાઈ નવરોજીની છબી આપી છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ८–९–१९०६

૪૩૩. રશિયા અને હિંદ

રશિયાની સ્થિતિની સાથે ટ્રાન્સવાલમાં ઇંગ્રેજી રાજ્યની સ્થિતિનો શ્રી ઈસપ મિયાંએ મુકાબલો કર્યો છે.[1] આ મુકાબલો કરવા જેવો છે. રશિયાના લોકો ઉપર રાજ્યાધિકારી જુલમ કરે છે; તેમ જ ટ્રાન્સવાલમાં રાજ્યાધિકારીઓ હિંદી પ્રજા ઉપર જુલમ ગુજારે છે. રશિયામાં લોકોની જાનનો ખો થાય છે અને તે લોકોનાં શરીર પર દેખીતો હુમલો થાય છે. બ્રિટિશ રાજ્યમાં ઉંદરની ફૂંક માફક લોકોના ઉપર તરત ન જણાય તેવી ઈજાઓ પડે છે પણ પરિણામ રશિયાના જેવું જ ખરાબ આવે છે, એમ કહી શકાય.

રશિયાના લોકો પોતાની ઉપર પડતા જુલમ વિષે શું કરે છે અને આપણે શું કરીએ છીએ એ જાણવા જેવું છે. અંગ્રેજી રાજમાં આપણે અરજીઓ ઘડીએ છીએ, પત્ર દ્વારા લડત ચલાવીએ છીએ, રાજવંશીઓની પાસે દાદ લઈએ છીએ; આ બધું બરોબર છે. તે કરવાની જરૂર છે. તેથી કેટલોક ફાયદો પણ થાય છે. આથી વધારે આપણે કંઈ કરવું ઘટે છે? આપણે કહી શકીએ ખરા? આનો જવાબ હવે પછી વિચારીશું. હાલ તો રશિયા શું કરે છે તે જોઈએ. ત્યાંના ગરીબ અને તવંગર બધા અરજીઓ ઘડી બેસી નથી રહેતા. ત્યાંની ઈજા એવી છે કે જેથી ત્યાં રાજ્યવિનાશીઓની સંખ્યા છે. તેઓની માન્યતા એવી છે કે રાજ્યકર્તા બધા જુલમગાર હોય છે, એટલે રાજ્યનો વિનાશ કરવો. તેમ કરવાને સારુ રશિયાના લોકો છૂપી તથા જાહેર રીતે રાજ્યાધિકારીઓની જાન લઈ લે છે. આમ કરવામાં તેઓ ભૂલ કરે છે. અને આ પ્રમાણે વગર વિચાર્યે સાહસ કરે છે તેથી રાજા-પ્રજા બન્નેના જીવ નિરંતર ઊંચા રહે છે. પણ તેવું સાહસ કરનારા પોતે અત્યંત બહાદુર અને દેશદાઝવાળા હોવા જોઈએ, એમ તો સૌ કોઈ કબૂલ કરે છે.

એવું સાહસ ને જોખમ બાળકવયની બાનુઓ ઉઠાવે છે. હાલ એક પુસ્તક બહાર પડવું છે. તેમાં અમર થયેલી બાળાઓનાં જીવનચરિત્ર આપ્યાં છે. આવી બાળાઓ નિર્ભય રહી પોતે મરવાની જ છે, એમ જાણીને તેવી તૈયારી કરીને પોતે દેશની દાઝ આણી યાહોમ કરી પોતે જેઓને દેશના શત્રુ માને છે તેઓને દેહદંડ આપે છે; અને પછી રિબાઈને અધિકારીઓને હાથે મરે છે. એવું જોખમ તેઓ ઉઠાવી દેશસેવા કરે છે. પોતાનો સ્વાર્થ જરાયે નથી રહેતો. એ દેશ જુલમમાંથી મુક્ત થશે એમાં નવાઈ નથી. હાલ તરત જ મુક્ત નથી થયો તેનું કારણ માત્ર એ જ કે, અમે ઉપર જણાવી ગયા તે પ્રમાણે સ્વદેશાભિમાન ખોટે રસ્તે દોરવાઈ ખુનરેજીમાં પ્રવર્તે છે. આમ થવાથી લોકોને ઈશ્વરી કાયદા પ્રમાણે વિચારતાં તરત લાભ નથી મળી શકતો.

૧. જુઓ “ટ્રાન્સવાલમાં હાડમારી”, इन्डियन ओपीनियन, ८–९–१९०६.

Gandhi Heritage Portal

આપણે એટલું સ્વદેશાભિમાન બતાવીએ છીએ? અમારે દિલગીરીની સાથ કહેવું પડે છે કે, નહીં. આમાં કોઈને દોષ દઈ શકાતો નથી. આપણે તેમ કરવાને હજુ તાલીમ નથી લીધી. રાજ્યપ્રકરણી કામમાં આપણે બાળક છીએ. પ્રજાનું સુખ તે જ આપણું સુખ એ નિયમ ઓછો સમજીએ છીએ. પણ હવે આપણે તે સ્થિતિમાંથી નીકળવાનો વખત આવ્યો છે. આપણે ખૂનરેજી કરવાની જરૂર નથી. આપણે જાન ખોવા જેવું સાહસ કરવાપણું રહેતું નથી. પણ આપણે શરીરને દુઃખ આપવાની જરૂર છે. તેનો આ સરસમાં સરસ દાખલો ટ્રાન્સવાલનો નવો કાયદો છે. એ કાયદો તે જુલમની હદ બતાવે છે. તે કાયદા ઘડનારને આપણે સજા કરવાની આપણી ફરજ નથી. એમ કરીએ તો જેમ રશિયાના લોકો દોષિત થયા છે તેમ આપણે પણ થઈએ. હિંદી પ્રજા રાંક છે અને અમે ઇચ્છીએ છીએ કે સદાય રાંક રહે. ત્યારે આપણે શું કરીએ, એનો જવાબ મિ. ડંકનને હિંદી ડેપ્યુટેશને આપ્યો છે. તેઓએ મિ. ડંકનને જણાવ્યું છે કે જો બહુ વિનયપૂર્વક સમજાવતાં છતાં સરકાર પોતાનો કાયદો અમલમાં મૂકશે તો હિંદી પ્રજા તે કબૂલ નહીં કરે. લોકો રજિસ્ટર નહીં થાય, દંડ પણ નહીં ભરે, પણ જેલમાં જશે. અમે માનીએ છીએ કે જો ટ્રાન્સવાલમાં હિંદી આ ઠરાવને મજબૂત રહી પકડી રાખશે તો તેઓનાં બંધન તરત છૂટશે. જેલ તે તેઓને સારુ મહેલ ગણાશે. તેમાં નામોશીને બદલે તેઓની આબરૂ વધશે. અને સરકાર જાણશે કે હિંદી પ્રજાનું અપમાન સદાય નિર્ભય રહી નહીં કરી શકે. અરજીઓ ઉપરાંત જે આપણે કરવું ઘટે છે અને જે આપણે નથી કરતા તે એ છે કે આપણા દેહનો ભોગ નથી આપતા. આપણે પોતાના મોજશોખમાં ગુલતાન રહી તેને છોડી નથી શકતા. બીજાને સારુ આપણે ભોગ આપવો એ આપણી ફરજ છે. એમાં ખરી ખૂબી છે; એમાં ખુદા રાજી છે અને એથી આપણે ખરી ફરજ બજાવીએ છીએ એમ નથી સમજતા. ડેપ્યુટેશનનો ઠરાવ[1] એ ઉત્તમ પગલું છે. અમે ઉમેદ રાખીએ છીએ કે આ સોનેરી તકને હિંદી પ્રજા જતી નહીં કરે અને દક્ષિણ આફ્રિકાના દરેક હિંદી તેને ઉત્તેજન આપશે.'

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ८–९–१९०६

૪૩૪. ટ્રાન્સવાલમાં ખોટી પરમિટો

અમારી ઉપર ખોટી પરમિટો બાબત કેટલુંક લખાણ આવેલું છે તે અમે છાપવાની જરૂર નથી જોતા. લખનાર એમ જણાવે છે કે કેટલાક હિંદીઓ ખોટી પરમિટથી દાખલ થવાનો પ્રયત્ન કરે છે; તેથી નિર્દોષ માણસોને દુઃખ થાય છે. અને ખોટી રીતે દાખલ થવાનો પ્રયત્ન કરનારા સજા ભોગવે છે. બાર્બરટનમાં થોડી મુદત પહેલાં જ આઠ હિંદીનો પાઉંડ ૩૦ દંડ થયો અને તેઓને પાછા જવું પડ્યું. અમારા વિચાર પ્રમાણે આ દંડ અયોગ્ય થયો છે. છતાં અમે માનીએ છીએ કે દરેક હિંદીને બહુ ચેતવણીથી વર્તવાની ફરજ છે. જેમ જેમ આપણા લોકો પરમિટનો ગેરઉપયોગ કરશે તેમ તેમ દુઃખ વધતાં જશે. જેઓ ટ્રાન્સવાલમાં દાખલ નથી થઈ શકતા તેને સારુ અમે દિલગીર છીએ. અમારી લાગણી તેઓ તરફ છે. પણ કાયદો તેઓની વિરુદ્ધ છે

૧. જુઓ "જાહેર સભા", પા. ૪૫૦–૫.

Gandhi Heritage Portal

ત્યાં સુધી તેઓએ ધીરજ પકડવાની જરૂર છે. પોતાનો સ્વાર્થ સાધવા જતાં બીજાને આપણે હરકત ન પહોંચાડવી એ હમેશાં યાદ રાખવા જેવું છે. બાર્બરટનના કેસો ઉપરથી દરેક વાંચનાર ધડો લેશે એવી અમને ઉમેદ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ८-९-१९०६

૪૩૫. હિંદુ સ્મશાન

હિંદુ સ્મશાનની[1] સ્થિતિ વિશે અમે ટીકા કરી ગયા છીએ. તેનો અર્થ કેટલાકે એવો કર્યો જણાય છે કે અમારો હેતુ વ્યવસ્થાપકોને ઠપકો આપવાનો હતો. અમે તે લખાણ ફરી વાંચી ગયા છીએ, પણ તેવો અર્થ અમે પોતે નથી કાઢી શકતા. છતાં અમારા લખાણનો અર્થ ભૂલથી પણ એ પ્રમાણે ન થઈ શકે તેથી અમે જણાવીએ છીએ કે અમે અમારી ટીકામાં વ્યવસ્થાપકોને દોષિત માનેલા નથી. અમારી જાણ પ્રમાણે તેઓએ સ્મશાન ચોખ્ખું રાખવા તથા સ્થિતિસર રાખવા પૂરતો પ્રયત્ન કરેલો છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ८-९-१९०६

૪૩૬. સંસ્થાન મંત્રીને પત્ર

બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન

અરજંટ

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૮, ૧૯૦૬

સાહેબ,

આપ નામદારને વિનંતી કરવાની કે પરમ માનનીય હિંદી વજીરને તથા હિંદના વાઈસરૉય સાહેબને આ સાથે બીડેલા તાર મોકલી આપશો.[2]

આપ જોશો કે હિંદના વાઈસરૉય સાહેબને મોકલવાના તારનો પાઠ બીજા બે તાર[3] કરતાં જુદો છે. તારનો ખર્ચ આપવાને મને મારા ઍસોસિયેશને સત્તા આપી છે, ને આપના તરફથી ખબર મળતાં હું ચેક મોકલી આપીશ. પ્રસ્તુત બાબત અતિ અગત્યની હોવાથી આ તારો આજે જ મોકલવા નમ્રતાપૂર્વક વિનંતી કરું છું.

આપનો ઈત્યાદિ,
અબદુલ ગની

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ : એલ. જી. ફાઈલ નં. ૯૩ : એશિયાટિક્સ

૧. જુઓ "હિંદુ સ્મશાનની સ્થિતિ", પા. ૪૩૦.
૨. જુઓ આ પછીના બે લેખ.
૩. હિંદી વજીર તથા સંસ્થાન ખાતાના પ્રધાનને સંબોધેલા.

Gandhi Heritage Portal

૪૩૭. સંસ્થાન ખાતાના પ્રધાનને કેબલ[1]

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૮, ૧૯૦૬

સંસ્થાન ખાતાના પ્રધાન,

એશિયાટિક ઑર્ડિનન્સ જે ઝડપથી રાજસભામાં હાથ ધરાય છે તેથી બ્રિટિશ ઇન્ડિયનો ભયભીત થયા છે. ઑર્ડિનન્સ હિંદીઓની સ્થિતિ કાફરોથી પણ હીન, અને ડચ અમલમાં હતી તેથી ઘણી હીન, બનાવી દે છે. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની વિનંતી છે કે તરત જ આવવા નીકળતા પ્રતિનિધિમંડળના પહોંચતાં સુધી સમ્રાટની મંજૂરી થોભાવશો. ઍસોસિયેશન હૈયાધારણ આપતા ઉત્તર માટે વિનંતી કરે છે.

બ્રિઇઍસો[2]

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ: એલ. જી. ફાઈલ નં. ૯૩: એશિયાટિક્સ

૪૩૮. હિંદના વાઇસરૉયને કેબલ

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૮, ૧૯૦૬

નામદાર હિંદના વાઈસરૉય સાહેબ,

ધારાસભામાં વિચારાધીન એશિયાટિક ઑર્ડિનન્સથી બ્રિટિશ હિંદીઓ ભયભીત થયા છે. ટ્રાન્સવાલનો ઑર્ડિનન્સ હિંદીઓનું અધ:પતન કરનારો અને અપમાનકારક છે અને હિંદીઓની સ્થિતિ અસ્પૃશ્યોથી પણ ભૂંડી બનાવી મૂકે છે. બ્રિટિશ હિંદીઓના કલ્યાણ માટે વાઈસરૉય સીધી રીતે જવાબદાર હોવાથી તેમને સક્રિય દરમિયાનગીરી કરવા બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન વિનંતી કરે છે.

બ્રિઇઍસો

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ : એલ. જી. ફાઈલ નં. ૯૩ : એશિયાટિક્સ

૧. બ્રિટિશ ઇન્ડિયન-ઍસોસિયેશન.
૨. આ જ તાર હિંદી વજીરને પણ મોકલેલો.

Gandhi Heritage Portal

૪૩૯. "કાળા કાયદા" વિષે ભાષણ

[એશિયાટિક કાનૂન સુધાર ઑર્ડિનન્સના મુસદ્દા વિષે વિચાર કરવા કેટલાક અગ્રણી હિંદીઓની સભા થઈ હતી. તેમાં ગાંધીજીએ મુસદ્દાનો ગર્ભિતાર્થ પૂરેપૂરો સમજાવ્યો. એનાથી જેમ ગાંધીજીને આચકો લાગેલો તેમ તેમને પણ લાગ્યો. હાજર રહેલા સર્વેએ જાહેર સભા બોલાવવા અને "કાળા કાયદા" સામે લડત આપવાનાં પગલાંનો વિચાર કરવા તથા તેનો અમલ કરવા ઠરાવ કર્યો.

સદરહુ સભામાં પોતે કરેલા વ્યાખ્યાનનો ગાંધીજીએ આપેલો સાર નીચે આપ્યો છે. તા. ૧૧ સપ્ટેમ્બરની જાહેરસભામાં કરેલા વ્યાખ્યાનની (જુઓ પા. ૪૫૦) પેઠે આ પણ દર્શાવે છે કે અન્યાયી કાયદાનો સામેનો કરવાની વાતને તેઓ કેટલું મહત્ત્વ આપતા હતા.]

[જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૯, ૧૯૦૬ પહેલાં]

આ મામલો ઘણો જ ગંભીર છે. આ બિલ જો પસાર થાય અને આપણે તેને કબૂલ રાખીએ તો તેનું અનુકરણ આખા દક્ષિણ આફ્રિકામાં થવાનું. મને તો એનો હેતુ જ એ લાગે છે કે આપણી અહીંની હસ્તી નાબૂદ કરવી. આ કાયદો એ કંઈ છેલ્લું પગથિયું નથી, પણ આપણને રિબાવીને દક્ષિણ આફ્રિકામાંથી નસાડવાનું પહેલું પગથિયું છે. એટલે આપણી ઉપર જવાબદારી માત્ર ટ્રાન્સવાલમાં વસતા દસપંદર હજાર હિંદીઓની જ છે એમ નથી. પણ દક્ષિણ આફ્રિકાના હિંદીમાત્રને વાસ્તે છે. વળી જો આપણે આ ખરડાનું રહસ્ય પૂરું સમજી શકીએ તો તો આખા હિંદુસ્તાનની પ્રતિષ્ઠાની જવાબદારી પણ આપણી ઉપર આવે છે. કેમ કે આ બિલથી આપણું જ અપમાન થાય એમ ન કહેવાય, પણ આખા હિંદુસ્તાનનું અપમાન એમાં રહેલું છે. અપમાનનો અર્થ એ છે કે નિર્દોષ માણસના માનનો ભંગ થવો. આપણે આવા કાયદાને પાત્ર છીએ એમ કહેવાય જ નહીં. આપણે નિર્દોષ છીએ, અને પ્રજાના એક પણ નિર્દોષ અંગનું અપમાન તે આખી પ્રજાના અપમાન બરોબર છે. એટલે આવે કઠિન પ્રસંગે આપણે ઉતાવળ કરીશું, અધીરા થઈશું, ગુસ્સે થઈશું તો તેટલાથી કંઈ આ હુમલામાંથી નહીં બચી શકીએ. પણ જો આપણે શાંતિથી ઈલાજો શોધી વખતસર તે લઈશું, એકત્ર રહીશું, અને અપમાનની સામે થતાં, પડે તે દુઃખ પણ સહન કરીશું તો, હું માનું છું કે, આપણને ઈશ્વર જ મદદ કરશે.

[મૂળ ગુજરાતી]

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્ર. ૧૧, પા. ૯૫, (૧૯૬૦)
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

૪૪૦. હમીદિયા ઇસ્લામિક સોસાયટીમાં પ્રવચન

[હમીદિયા ઈસ્લામિક સોસાયટીની મીટિંગ વખતે ગાંધીજીએ ટ્રાન્સવાલની પરિસ્થિતિ સમજાવી. નીચેનું લખાણ એ કાર્યવાહીના હેવાલમાંથી રજૂ કર્યું છે.]

શ્રી ગાંધીએ જણાવ્યું કે કૉલોનિયલ સેક્રેટરીને આપણે જે તાર કર્યો હતો તેનો જવાબ[1] આવ્યો છે. (તે જવાબ વાંચી સંભળાવ્યો હતો.) તેમ જ હુકમ મુજબ હું વિલાયત પણ કેબલ[2] કરી ચૂક્યો છું. અને હવે ડેપ્યુટેશન જવા વગર છૂટકો નથી. કારણ કે કાયદો અસહ્ય અને જુલમી આવી પડયો છે માટે એ દુ:ખ સહન કરવા જોગ નથી. ટ્રાન્સવાલમાં આપણી હાલત હવે બહુ જ ખરાબ છે તે સાથે ડ્રાફ્ટ ઑર્ડિનન્સ બહાર પડયો છે એ બહુ જ ખરાબ છે. માટે હું સહુને સલાહ આપું છું કે આપણે હવે ફરીથી રજિસ્ટર થવું નહીં. સરકારી કાયદાનો ભંગ કરવાનું તોહમત આપણા પર આવે તો ભલે. સુખેથી જેલ સહન કરવી. એમાં કાંઈ ખોટું નથી. અંગ્રેજોમાં જે એ ખૂબી છે તે બહાદુરી છે માટે આપણે જો સંપની બહાદુરી અખત્યાર કરી બરાબર બાથ ભીડીશું તો ઉમેદ છે કે સરકાર કાંઈ કરી શકશે નહીં. આપણાથી ઓછા સુધરેલા હાફ કાસ્ટ અને કાફરા પણ સરકારની સામે થયા છે. પાસ તેમને લાગુ પડે છે છતાં તે લેતા નથી. વધુ હું નહીં બોલતાં દરેકને સલાહ આપું છું કે તમારે બીજી વાર રજિસ્ટર થવું નહીં અને સરકાર જો જેલમાં લઈ જાય તો હું તમારા પહેલાં જવાને તૈયાર છું, અને ડ્રાફ્ટ ઑર્ડિનન્સની રૂએ નવું રજિસ્ટ્રેશન નહીં કબૂલ કરવાથી જે ઇન્ડિયનના ઉપર સરકાર તરફથી કાંઈક મુશ્કેલી આવી પડશે તેનું કામ હું મફત કરી આપીશ. આવતા મંગળવારે આપણે માસ-મીટિંગ ભરવાની છે માટે હરેક માણસ કામકાજ બંધ કરી ત્યાં હાજર રહેશો વગેરે બાબત લંબાણથી સમજાવી, ફંડ જલદી એકઠું કરવા તેમ જ ફંડના ઉપર દેખરેખ રાખવા નવી કમિટી નીમવી અને એ કમિટી દર મહિને હિસાબ બહાર પાડે એમ સૂચના કરી હતી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२–९–१९०६

૧. આ મળ્યો નથી.

૨. જુઓ "સંસ્થાન ખાતાના પ્રધાનને કેબલ", પા. ૪૪૭.

Gandhi Heritage Portal

૪૪૧. જાહેર સભા

[એશિયાટિક કાનૂન સુધાર ઑર્ડિનન્સના મુસદ્દા સામે વિરોધ દર્શાવવાને બ્રિટિશ હિંદીઓની જાહેર સભા ભરવામાં આવી હતી. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના અધ્યક્ષ અબદુલ ગની પ્રમુખસ્થાને હતા. ઘણા વક્તાઓએ કાનૂનનો વિરોધ કર્યો, અને જો એ કાયદાનું રૂપ લે તો તેનો ભંગ કરવા માગણી કરી. ગાંધીજીના ભાષણનો હેવાલ નીચે આપ્યો છે.]

જોહાનિસબર્ગ,

સપ્ટેમ્બર ૧૧, ૧૯૦૬

તે બાદ શ્રી મો. ક. ગાંધી, (જોહાનિસબર્ગ) બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના માનદ મંત્રીએ સભાને સંબોધન કર્યું. એમણે જણાવ્યું કે આપણી વિચારધારાની જે રૂપરેખા ઠરાવોમાં આપવામાં આવી છે તેમાં કેટલાક ટીકાકારોને દોષ લાગે, કેમ કે આપણે આપણી ફરિયાદોમાં રાહતની માગણી કરીએ છીએ ને તરત જ, જો આપણી વિનંતી મંજૂર કરવામાં ન આવે તો, જેલ જવાની ધમકી આપીએ છીએ. પરંતુ આ વિચારધારામાં ખરેખર કંઈ દોષ નથી, કેમ કે આપણે ધમકી આપતા નથી. સવાલ માત્ર એક ઔંસ જેટલા અમલનો છે, જેની કિંમત ટનબંધી ભાષણો અને લેખોની બરાબર થાય છે. આપણે શું પગલું લેવું તે બાબત મારો અભિપ્રાય આપતાં પહેલાં હું આ બાબત ગંભીરપણે અને ઉત્સુકતાથી વિચારી ગયો છું, અને મને લાગે છે કે જો આપણી વિનંતી સ્વીકારવામાં ન આવે તો અત્રે નક્કી કરેલો માર્ગ લેવા આપણે ફરજથી બંધાયેલા છીએ. આજે જે જે વિશેષણનો ઉપયોગ કરવામાં આવ્યો તે પ્રસંગને અનુરૂપ છે એમ દલીલ કરીને એમણે કહ્યું કે જો મને વધારે સખત વિશેષણ જડે તો હું તે વાપરું. દક્ષિણ આફ્રિકા ભરના બધા જ એશિયાઈ વિરોધી કાયદાઓનો મેં અભ્યાસ કર્યો છે, પણ મારા આખા અનુભવ દરમિયાન કદી મેં આ ઑર્ડિનન્સ જેવું કશું જોયું નથી. ઑરેન્જ રીવર કૉલોનીના ધારા સખત તો છે, પણ તે અહીં દાખલ કરવામાં આવ્યા છે તેના કરતાં તો ઘણા સારા છે. આ ઑર્ડિનન્સ તો એટલો ખરાબ છે કે કોઈ સ્વમાની હિંદી એને આધીન રહી જ ન શકે. આ જે ગંભીર પગલું મેં લીધું છે તેની સઘળી જવાબદારી મારે પોતાને માથે છે અને એ હું પૂરેપૂરી સ્વીકારું છું. વફાદાર બ્રિટિશ પ્રજાજનો તરીકે આ પગલું લેવાની તમને સલાહ આપવામાં મેં યોગ્ય જ કર્યું છે એવું મને લાગે છે. આ બાબતની આપણી બધી જ પ્રવૃત્તિ વફાદારીભરી છે. આપણા પર બિનવફાદારીનો ઓળો પણ પડી શકે એમ નથી. એવું બને કે કેટલાક લોકો આપણે મૂર્ખ છીએ એવું કહે, અને જો મને મારા દેશબંધુઓમાં પૂરેપૂરો વિશ્વાસ ન હોય તો હું પણ કહીશ કે આપણું પગલું મૂર્ખાઈભર્યું છે. પણ હું તમને ઓળખું છું. હું જાણું છું કે હું તમારા પર વિશ્વાસ રાખી શકું છું. હું એ પણ જાણું છું કે જ્યારે વીરતાભર્યું પગલું લેવાનો પ્રસંગ આવશે ત્યારે આપણા પૈકી એકેએક જણ એ પગલું ભરશે. (ભારે હર્ષનાદ)

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २२–९–१९०६

Gandhi Heritage Portal

[સભામાં હાજી હબીબે દરખાસ્ત મૂકી કે કાનૂનનો વિરોધ કરવા આપણે ગંભીરપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ. એ સૂચનનો ગર્ભિતાર્થ સમજાવતાં ગાંધીજીએ જે વ્યાખ્યાન આપેલું તેનો સારાંશ તેમણે दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहासમાં નીચે પ્રમાણે આપ્યો છે.]

આજ સુધીમાં જે ઠરાવો આપણે કર્યા છે અને તે જેવી રીતે કર્યા છે, તે ઠરાવોમાં અને આ ઠરાવની રીતમાં ઘણો તફાવત છે એ હું આ સભાને તે રીતમાં અને આ ઠરાવમાં સમજાવવા ઇચ્છું છું. ઠરાવ ઘણો ગંભીર છે, કેમ કે તેના પૂરેપૂરા અમલમાં દક્ષિણ આફ્રિકામાં આપણી હસ્તી છુપાયેલી છે. એ ઠરાવ કરવાની રીત, જે આપણા ભાઈએ સૂચવી છે, એ જેમ ગંભીર છે તેમ જ નવીન છે. હું પોતે એ ઠરાવ કરાવવાનો વિચાર કરી અહીં આવ્યો ન હતો. તે યશના ધણી કેવળ શેઠ હાજી હબીબ છે, અને એ જવાબદારીનું જોખમ પણ એમની જ ઉપર છે. એમને હું મુબારકબાદી આપું છું. એમની સૂચના મને બહુ ગમી છે. પણ જો એમની સૂચનાને તમે ઝીલી લો તો તેની જવાબદારીમાં તમે પણ ભાગીદાર થશો. આ જવાબદારી શું છે એ તમારે સમજવું જ જોઈએ, અને કોમના સલાહકાર અને સેવક તરીકે એ પૂરેપૂરી સમજાવવી એ મારો ધર્મ છે.

આપણે બધા એક જ સર્જનહારને માનનારા છીએ. તેને મુસલમાન ભલે ખુદાને નામે પોકારે, હિંદુ ભલે તેને ઈશ્વરને નામે ભજે, પણ તે એક જ સ્વરૂપ છે. એને સાક્ષી કરી, એને દરમ્યાન રાખી, આપણે પ્રતિજ્ઞા લેવી કે કસમ ખાવા એ નાનીસૂની વાત નથી. એવા કસમ ખાઈને જો આપણે ફરી જઈએ તો કોમના, જગતના અને ખુદાના ગુનેગાર થઈએ. હું તો માનું છું કે સાવધાનીથી, શુદ્ધ બુદ્ધિથી જે માણસ પ્રતિજ્ઞા લે અને પછી તેનો ભંગ કરે તો તે પોતાની ઇન્સાનિયત અથવા માણસાઈ ખોઈ બેસે છે; અને જેમ પારો ચડાવેલો તાંબાનો સિક્કો રૂપિયો નથી એમ માલૂમ પડતાં તેની કંઈ કિંમત રહેતી નથી, એટલું જ નહીં પણ એ ખોટા સિક્કાનો માલિક સજાપાત્ર થાય છે, તેમ ખોટા કસમ કરનારની પણ કિંમત રહેતી નથી, એટલું જ નહીં પણ તે આ લોક અને પરલોક બન્નેમાં સજાને પાત્ર થાય છે. આવા કસમ ખાવાનું શેઠ હાજી હબીબ સૂચવે છે. આ સભામાં એવો કોઈ નથી કે જે બાળક અથવા અણસમજુ ગણાય. તમે બધા પીઢ છો, દુનિયા જોયેલી છે, ઘણાઓ તો પ્રતિનિધિ છે, ઘણાએ વત્તાઓછા પ્રમાણમાં જવાબદારી ભોગવી છે. એટલે આ સભામાંનો એક પણ માણસ 'સમજ્યા વિના મેં પ્રતિજ્ઞા લીધી' એમ કહીને કદી છટકી નહીં શકે.

હું જાણું છું કે પ્રતિજ્ઞાઓ, વ્રતો વગેરે કોઈ ભારે પ્રસંગે જ લેવાય છે અને લેવાવાં જોઈએ. હાલતાંચાલતાં પ્રતિજ્ઞા લેનાર માણસ જરૂર પાછો પડે. પણ જો આપણા સમાજજીવનમાં આ મુલકમાં પ્રતિજ્ઞાને લાયક કોઈ પણ પ્રસંગ હું કલ્પી શકું તો તે જરૂર આ પ્રસંગ છે. ઘણી સંભાળપૂર્વક અને ડરી ડરીને આવાં પગલાં ભરવાં એ ડહાપણ છે. પણ ડર અને સંભાળની પણ હદ હોય છે. એ હદે આપણે પહોંચી ગયા છીએ. સરકારે સભ્યતાની મર્યાદા મૂકી દીધી. આપણી ચોમેર જ્યારે તેણે દાવાનળ સળગાવી મૂકેલો છે ત્યારે પણ આપણે યાહોમ ન કરીએ અને વિમાસણમાં પડી રહીએ તો આપણે નાલાયક અને નામર્દ ઠરીએ. એટલે આ અવસર કસમ લેવાનો છે એ વિષે તો જરાયે શંકા નથી. પણ એ કસમ લેવાની આપણી શક્તિ છે કે નહીં તે તો દરેક માણસે પોતાને સારુ વિચારી લેવાનું રહ્યું છે. આવા ઠરાવ ઝાઝે મતે પસાર નથી થતા. જેટલા માણસો કસમ ખાય તેટલા જ તે કસમથી બંધાય છે. આવા કસમ દેખાવને સારુ નથી ખવાતા. તેની અસર અહીંની સરકાર, વડી સરકાર કે હિંદી સરકાર ઉપર કેવી પડશે એનો ખ્યાલ

Gandhi Heritage Portal

કોઈ મુદ્દલ ન કરે. દરેકે પોતાના હૃદય ઉપર હાથ મૂકીને પોતાનું હૃદય જ તપાસવું રહ્યું. અને એમ કર્યા પછી જો એનો અંતરાત્મા જવાબ આપે કે કસમ લેવાની શક્તિ છે, તો જ કસમ લેવા, અને તે જ ફળે.

હવે બે બોલ પરિણામ વિષે. સારામાં સારી આશા બાંધીને તો એમ કહી શકાય કે જો બધા પોતાના કસમ ઉપર કાયમ રહે અને હિંદી કોમનો મોટો ભાગ કસમ ખાઈ શકે તો આ કાયદો પસાર પણ ન થાય, અથવા પસાર થાય તો તુરતમાં રદ થાય જ. કોમને ઘણું સહન ન કરવું પડે. એમ પણ બને કે કાંઈ સહન ન કરવું પડે. પણ કસમ ખાનારનો ધર્મ એક તરફથી શ્રદ્ધાપૂર્વક આશા રાખવાનો છે, તેમ જ બીજી તરફથી કેવળ નિરાશાવાન રહીને કસમ ખાવા તૈયાર થવાનો છે. તેથી જ આપણી લડતમાં જે કડવામાં કડવાં પરિણામ આવી શકે એનો ચિતાર હું આ સભાની પાસે ખડો કરવા ઇચ્છું છું. આપણે અહીંયાં રહેલા કસમ ખાઈએ. બહુમાં બહુ આપણી સંખ્યા ત્રણ હજારની હોય. બાકીની દસ હજાર કસમ ન ખાય એમ પણ બને. આરંભમાં તો આપણી હાંસી થવાની જ. વળી આટલી બધી ચેતવણી આપ્યા છતાં એમ બનવું તદ્દન સંભવિત છે કે, કસમ ખાનારાઓમાં કેટલાક અથવા ઘણા પહેલી કસોટીએ જ નબળા માલૂમ પડે. આપણે જેલમાં જવું પડે. જેલમાં અપમાનો સહન કરવાં પડે. ભૂખ, ટાઢ, તડકા પણ સેવવા પડે. સખત મજૂરી કરવી પડે. ઉદ્ધત દારોગાઓના માર પણ ખાવા પડે. દંડ થાય અને સેજી (ટાંચ)માં માલ પણ વેચાઈ જાય. લડનારા ઘણા થોડા રહી જઈએ તો આજે આપણી પાસે ઘણો પૈસો હોય છતાં કંગાલ પણ બનીએ, દેશપાર પણ થવું પડે, અને ભૂખો ખેંચતાં, જેલનાં બીજાં દુ:ખો વેઠતાં કોઈ માંદા પણ પડે, અને કોઈ મરે પણ ખરા. એટલે ટૂંકમાં જે દુ:ખ તમે કલ્પી શકો તે બધાં આપણે સહન કરવાં પડે એમાં કશુંયે અશક્ય નથી, અને ડહાપણ તો એ કે એ બધું સહન કરવું પડશે એમ માનીને જ આપણે કસમ લેવા. મને કોઈ પૂછે કે આ લડાઈનો અંત શું આવે અને ક્યારે આવે તો હું કહી શકું કે જો આખી કોમ કસોટીમાંથી સાંગોપાંગ ઊતરે તો આ લડાઈનો નિકાલ તુરત આવે. પણ જો આપણા-માંના ઘણા ભીડ આવ્યે પડી જાય તો લડાઈ લાંબી ચાલે. પણ એટલું તો હું હિંમતથી અને નિશ્ચયપૂર્વક કહી શકું છું કે જ્યાં સુધી મૂઠીભર માણસો પણ પ્રતિજ્ઞાને જીવંત રાખનારા હશે ત્યાં સુધી આ લડતનો એક જ અંત સમજવો; એટલે કે તેમાં આપણી જીત જ છે.

હવે મારી અંગત જવાબદારી વિષે બે શબ્દ. હું જોકે પ્રતિજ્ઞા લેવામાં રહેલાં જોખમો બતાવી રહ્યો છું છતાં તમને સોગન લેવા પ્રેરી પણ રહ્યો છું. તેમાં હું મારી જવાબદારી બરાબર સમજું છું. એવું પણ બને કે આજના આવેશથી અથવા ગુસ્સામાં આવી જઈને આ સભાનો મોટો ભાગ પ્રતિજ્ઞા લે, પણ ભીડને સમયે નિર્બળ નીવડે અને માત્ર મૂઠીભર જ છેવટનો તાપ સહન કરી શકે એવા રહે. તોપણ મારા જેવાને સારુ તો એક જ રસ્તો રહ્યો છે; મરી છૂટવું પણ કાયદાને વશ ન થવું. હું તો એમ માનું છું કે ધારો કે એવું બને — તેવું બનવાનો જરાયે સંભવ નથી જ પણ માની લઈએ — કે સહુ પડ્યા અને હું એકલો જ રહ્યો, તોપણ પ્રતિજ્ઞાનો ભંગ મારાથી ન જ થાય એમ મારી ખાતરી છે. આ કહેવાનો હેતુ સમજી લેશો. આ મગરૂરીની વાત નથી, પણ મુખ્યત્વે કરીને આ માંચડા ઉપર બેઠેલા આગેવાનોને સાવધાન કરવાની વાત છે. મારો દાખલો લઈ આગેવાનોને હું વિનયપૂર્વક કહેવા ઇચ્છું છું કે તમે એક જ બાકી રહી જાઓ તોપણ મક્કમ રહેવાનો નિશ્ચય કે તેમ કરવાની શક્તિ ન હોય તો, તમે પોતે પ્રતિજ્ઞા ન લેશો, એટલું જ નહીં, પણ લોકોની સમક્ષ આ ઠરાવ મૂકી પ્રતિજ્ઞા લેવામાં આવે તે પહેલાં

Gandhi Heritage Portal

તમારો વિરોધ લોકોને જાહેર કરજો અને તમે પોતે તમારી સંમતિ ન આપશો. આ પ્રતિજ્ઞા જોકે આપણે બધા સાથે મળીને લેવા ઇચ્છીએ છીએ, તોપણ કોઈ એવો અર્થ તો ન જ કરે કે એક અથવા ઘણા પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે તો બીજાઓ સહેજે બંધનમુક્ત થઈ શકે છે. સૌ પોતપોતાની જવાબદારી પૂરી સમજીને સ્વતંત્ર રીતે પ્રતિજ્ઞા લે અને બીજા ગમે તેમ કરે તે છતાં પોતે તો મરતાં સુધી પણ તેનું પાલન કરશે એમ સમજીને જ લે.

[મૂળ ગુજરાતી]

दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहास, પ્રથમ ખંડ, પ્ર. ૧૨, ૯૮-૧૦૧ (૧૯૬૦), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

જાહેરસભામાં પસાર થયેલા ઠરાવો[1]

ઠરાવ નં. ૧

અત્રે મળેલી બ્રિટિશ હિંદીઓની આ જાહેર સભા ટ્રાન્સવાલની ધારાસભાના માનનીય પ્રમુખ તથા સભ્યોને, માનનીય ધારાસભા આગળ રજૂ થયેલા ૧૮૮૫ના કાયદા નં. ૩ ને સુધારનારા એશિયાટિક ઑર્ડિનન્સ મુસદ્દાને નીચે આપેલી હકીકતો ધ્યાનમાં લઈને પસાર ન કરવા વિનંતી કરે છે:

(૧) ટ્રાન્સવાલની હિંદી કોમને લાગેવળગે છે ત્યાં સુધી એ અત્યંત વિવાદાસ્પદ કાયદો છે.

(૨) ટ્રાન્સવાલની બ્રિટિશ હિંદી કોમને આ કાયદાથી હીણપત લાગે છે અને તેનું અપમાન થાય છે, તેનો ઇતિહાસ જોતાં, તે એને બિલકુલ પાત્ર નથી.

(૩) એશિયાઈ લોકનો કહેવાતો પગપેસારો રોકવા માટે વર્તમાન તંત્ર પૂરતું છે.

(૪) કહેવાતા પ્રવેશ સંબંધે થયેલાં નિવેદનોનો બ્રિટિશ હિંદી કોમે ઇનકાર કર્યો છે.

(૫) માનનીય ધારાસભાને જો આ ઇનકારથી સંતોષ ન થતો હોય તો આ સભાની માગણી છે કે પ્રસ્તુત કહેવાતા પ્રવેશના પ્રશ્ન બાબત ખુલ્લી, અદાલતી તપાસ બ્રિટિશ પદ્ધતિથી કરવામાં આવે.

ઠરાવ નં. ૨

અત્રે મળેલી બ્રિટિશ હિંદીઓની આ જાહેર સભા, હાલ જે એશિયાટિક કાનૂનને સુધારનારા ઑર્ડિનન્સનો ખરડો ટ્રાન્સવાલ ધારાસભામાં વિચારણા હેઠળ છે તેનો માનપૂર્વક વિરોધ કરે છે, અને સ્થાનિક સરકારને તથા સામ્રાજ્યના સત્તાવાળાને નીચે આપેલાં કારણોસર પ્રસ્તુત ઑર્ડિનન્સનો ખરડો પાછો ખેંચી લેવા નમ્રતાપૂર્વક વિનંતી કરે છે:

(૧) તે નામદાર સમ્રાટના પ્રતિનિધિઓએ ભૂતકાળમાં કરેલી જાહેરાતોની એ સ્પષ્ટપણે વિરુદ્ધ છે.

(૨) એ બ્રિટિશ એશિયાઈઓ અને બીજા પરદેશી એશિયાઈઓ વચ્ચે કોઈ ભેદ સ્વીકારતો નથી.

૧. ઠરાવ નં. ૫ મુજબ ઠરાવ નં. ૨, ૩, અને ૪ની નકલો ટ્રાન્સવાલના ગવર્નર મારફતે હિંદી વજીરને મોકલવામાં આવી હતી. હિંદ ખાતે વાઇસરૉય સાહેબને પણ ઠરાવોના સાર તારથી મોકલવા ગવર્નરને વિનંતી કરવામાં આવી હતી. જુઓ પા. ૪૫૪-૫ અને ક્રમાંક (હુકમ) ૩૩૦૮, ફેબ્રુઆરી ૧૯૦૭.

Gandhi Heritage Portal

(૩) એથી દક્ષિણ આફ્રિકાની આદિવાસી પ્રજાઓ કરતાં તથા બીજા બિનગોરા લોકો કરતાં પણ બ્રિટિશ હિંદીઓનો દરજ્જો નીચો ઊતરી જાય છે.

(૪) આથી ટ્રાન્સવાલમાંના બ્રિટિશ હિંદી લોકની સ્થિતિ ૧૮૮૫ના કાયદા નં ૩ હેઠળ, એટલે બોઅર અમલમાં હતી તે કરતાં વધારે ખરાબ થાય છે.

(૫) એથી પાસ તથા જાસૂસીની એક એવી પદ્ધતિ ઊભી થાય છે જે બીજા કોઈ બ્રિટિશ મુલકમાં જાણમાં નથી.

(૬) જે કોમોને એ લાગુ પડે છે તેમને ગુનેગાર અગર શંકાપાત્ર માની લેવામાં આવી છે.

(૭) ટ્રાન્સવાલમાં હક ન ધરાવનાર બ્રિટિશ હિંદી લોકે કરેલા કહેવાતા પ્રવેશનો ઇનકાર કરવામાં આવે છે.

(૮) જો આ ઇનકાર મંજૂર ન હોય તો, આવો સખત બિનજરૂરી ધારો લાદતાં પહેલાં, ખુલ્લી, અદાલતી અને બ્રિટિશ ઢબની તપાસ કરવી જોઈએ.

(૯) આ કાયદો બીજી રીતે પણ અ-બ્રિટિશ છે અને નિર્દોષ બ્રિટિશ પ્રજાજનોના સ્વાતંત્ર્ય પર અણઘટતી રીતે અંકુશ મૂકે છે તથા ટ્રાન્સવાલમાં વસતા બ્રિટિશ હિંદીઓને દેશ છોડી જવાની ફરજ પાડે છે.

(૧૦) આ સભા વિશેષમાં ખાસ કરીને પરમ માનનીય સંસ્થાન ખાતાના પ્રધાનને, તથા પરમ માનનીય હિંદી વજીરને વિનંતી કરે છે કે તેઓ તાજની સંમતિ મુલતવી રખાવે અને પ્રસ્તુત કાનૂન બાબત ટ્રાન્સવાલની બ્રિટિશ હિંદી કોમ વતી આવનાર પ્રતિનિધિમંડળને મુલાકાત આપે.

ઠરાવ નં. ૩

આથી આ સભા ઇંગ્લંડ જવા માટે અને એશિયાટિક કાયદો સુધારનારા ઑર્ડિનન્સના ખરડા બાબત ટ્રાન્સવાલની બ્રિટિશ હિંદી કોમની ફરિયાદ સામ્રાજ્યના સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવા માટે પ્રતિનિધિમંડળની નિમણૂક કરે છે, અને તેને બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની સમિતિમાંથી વધારે સભ્યોની નિમણૂક કરવાની અથવા તેના સભ્યોમાં ફેરફાર કરવાની સત્તા આપે છે.

ઠરાવ નં. ૪

પ્રસ્તુત એશિયાટિક કાયદામાં સુધારો કરતા ઑર્ડિનન્સના મુસદ્દા સંબંધમાં ટ્રાન્સવાલની બ્રિટિશ હિંદી કોમની આ નમ્ર પ્રાર્થનાનો ધારાસભા, સ્થાનિક સરકાર અને સામ્રાજ્યના સત્તાવાળાઓ તરફથી જો ઇનકાર થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો, બ્રિટિશ હિંદીઓની અહીં મળેલી આ જાહેરસભા પૂરેપૂરી ગંભીરતાપૂર્વક અને દિલગીરી સાથે ઠરાવ કરે છે કે ઉપર જણાવેલા ઑર્ડિનન્સના મુસદ્દામાં નિર્ધારેલી ઝેરી, જુલમગાર અને અ-બ્રિટિશ શરતોને તાબે થવા કરતાં ટ્રાન્સવાલવાસી દરેક બ્રિટિશ હિંદી જાતે જેલ જવા તૈયાર થશે અને જ્યાં સુધી નેક નામદાર પરમ કૃપાળુ રાજાધિરાજ રાહત નહીં આપે ત્યાં સુધી જેલ જવાનું ચાલુ રાખશે.

ઠરાવ નં. ૫

આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે કે તેઓ પ્રથમ ઠરાવની નકલ ધારાસભાના માનનીય પ્રમુખ તથા સભ્યોને, તથા સર્વે ઠરાવોની નકલો માનનીય સંસ્થાન મંત્રીને નામદાર ઍક્ટિંગ

Gandhi Heritage Portal

લેફ્. ગવર્નરને અને નામદાર હાઈકમિશનરને મોકલે, તેમ જ નામદાર હાઈકમિશનરને ઠરાવ નં. ૨, ૩ અને ૪નો પાઠ તારથી સામ્રાજ્યના સત્તાવાળાઓને મોકલવા વિનંતી કરે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १५–९–१९०६

૪૪૨. જોહાનિસબર્ગનો પત્ર

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૧૧, ૧૯૦૬

ટ્રાન્સવાલમાં એશિયાટિક કાયદાની[1] જે હિલચાલ હાલ થઈ રહી છે તે બાબત એમ્પાયર થિયેટરમાં મોટી સભા મંગળવારે બપોરના બે વાગતે ભરાઈ હતી. તેમાં આશરે ત્રણ હજાર હિંદી એકઠા થયેલા. શ્રી અબદુલ ગની પ્રમુખસ્થાને હતા. કૉલોનિયલ સેક્રેટરીને આમંત્રણ આપવામાં આવ્યું હતું; અને તેમણે ચમનીને હાજર રહેવા મોકલ્યા હતા.

શ્રી અબદુલ ગનીએ પોતાના ભાષણમાં બતાવ્યું કે :

આવો વખત ટ્રાન્સવાલને સારુ કદી આવેલો નથી. આ સમયે આપણે પુષ્કળ મહેનત કરવાની જરૂર છે. હું લાંબું ભાષણ કરવા નથી માગતો. આપણે કામ ઘણું છે. લૉર્ડ સેલબૉર્ને લડાઈ વખતે એમ કહેલું કે હિંદીના હક સાચવવા તે લડાઈનું એક કારણ હતું. બ્રિટિશ વાવટા તળે કોઈને ઈજા નહીં હોવી જોઈએ. બધાને સરખા હક હોવા જોઈએ. વળી તેઓ સાહેબે યહૂદીઓની સભામાં થોડા વખત પહેલાં એવું પણ ભાષણ આપેલું કે પારકી પ્રજાનાં દુઃખ કાપવાં તે બ્રિટિશ સરકારનું કામ છે. લોકોને રહેવાની અગવડ, જમીન લેવાની મનાઈ, બીજાં અપમાન—આવું બ્રિટિશ રાજ્યમાં ન જ હોવું જોઈએ. આવાં લૉર્ડ સેલબૉર્નનાં ભાષણો અને આપણી ઉપરનો જુલમાટ કાયદો એ બે વચ્ચે કેમ મેળાપ થાય છે એ પૂછવાનો આપણને હક છે.

એ કાયદો કેટલો સખત અને લાગણી દુઃખાવનરો છે એ વિશે આપણે સરકારને લખી ચૂક્યા છીએ. પણ આજે હું તમારી પાસે મિ. ગ્રેગરોવસ્કીનો અભિપ્રાય વાંચવા માગું છું. મિ. ગ્રેગરોવસ્કી લખી જણાવે છે કે :

> એ કાયદો ડચ કાયદા કરતાં ઘણો સખત છે. એમાં એકે કલમ હિંદીના લાભની નથી. એ કાયદાથી કાફર કરતાં હિંદીની સ્થિતિ ખરાબ બને છે. દરેક કાફરને પાસ નથી રાખવો પડતો; પણ હવે દરેક હિંદીને પાસ રાખવો પડશે. કેળવાયેલા કાફરો આવી જાતના કાયદાથી મુક્ત છે. હિંદી ગમે તેવો કેળવાયેલો, ગમે તેવો ગૃહસ્થ હોય તોપણ તેને પાસ રાખવો પડશે. તે પાસ એ જણાય છે કે કેદીઓ વગેરેને સારુ વાપરવામાં આવે છે તેવો હોવો જોઈએ. ૧૮૮૫ના કાયદામાં જેટલી બારીઓ ખુલ્લી હતી તે બધી આ કાયદો બંધ કરે છે. કાફરાઓ જમીનના માલિક થઈ શકે છે પણ હિંદી નથી થઈ શકતા. આવો કાયદો લિબરલ ગવર્નમેન્ટ કબૂલ રાખે એવો સંભવ નથી જણાતો.

૧. ડ્રાફ્ટ એશિયાટિક લૉ ઍમેન્ડમેન્ટ ઑર્ડિનન્સ.

Gandhi Heritage Portal

જે આપણે કહીએ છીએ તે મિ. ગ્રેગરોવસ્કીના કરતાં વધારે સખત નથી કહેતા.

જ્યારે આવી દશા આવી પડી છે ત્યારે અને જો વડી સરકાર પણ આપણી દાદ ન સાંભળે તો શું કરવું એ વિચારવા જેવું છે. આજ તમારી આગળ કેટલાક ઠરાવો રજૂ કરવામાં આવશે. તમારે ડેપ્યુટેશન વિલાયત મોકલવું, એવો ઠરાવ આપણે કરવાના છીએ; તે બાબત મારે વધારે નથી કહેવાનું. આજનો મુખ્ય ઠરાવ તો એક જ છે. આપણી ફરિયાદમાં આપણે સફળ ન થઈએ તો કેમ કરવું? આજ દિવસ સુધી આપણી ફરિયાદની દાદ નથી મળી તો ઈજા સહન કરતા આવ્યા છીએ, પણ આ કાયદાની ઈજા અસહ્ય છે. તેથી આપણે એવો ઠરાવ કરવાનો છે કે વડી સરકાર પણ આપણી ઉપર જુલમનો વરસાદ વરસાવવા માગતી હોય તો આપણે તે જુલમ ભોગવવા કરતાં જેલમાં જવું એ વધારે સારું છે. હમેશાં બહુ દુ:ખ પડે ત્યારે જ માણસનો ખરો ઈલાજ મળી આવે છે. એવો વખત આપણને મળ્યો છે. અને આપણી બધાની એ જ ફરજ છે કે આ વખતે આપણે ચોક્કસ વિચાર ઉપર આવવું કે એ કાયદો આપણે કબૂલ નહીં રાખીએ પણ જેલમાં જઈશું. જેલમાં જતાં કંઈ શરમાવા જેવું નથી. અને હું ખુદાની પાસે માગું છું કે આપણો ઠરાવ કાયમ રહે તેટલી તાકાત અને બુદ્ધિ આપણને આપે.

આ વખત આપણને કહેણીનો નથી પણ કરણીનો છે. આપણે સાહસ કરવાની જરૂર છે. તેમ કરતાં આપણે નરમાશ વાપરવાની છે. કોઈ પણ જાતનાં કડવાં વચન કહેવાં કે સાંભળવાં એ જરૂરનું નથી.

પ્રમુખ સાહેબના ભાષણ બાદ નીચેના ઠરાવો પસાર થયા :

ઠરાવ પહેલો

આ માસ-મીટિંગ નમ્રતાપૂર્વક લેજિસ્લેટિવ કાઉન્સિલને અરજ કરે છે કે તેણે એશિયાટિક કાયદો પસાર નહીં કરવો; કેમ કે :

(૧) હિંદી કોમના વિચાર પ્રમાણે તે કાયદો બહુ વાંધાવાળો છે.

(૨) હિંદી કોમને વગર કારણસર તે કાયદો હલકાઈએ પહોંચાડનાર છે ને તે કોમનું અપમાનકર્તા છે.

(૩) જો હિંદી લોકો વગર પરવાનાથી ટ્રાન્સવાલમાં દાખલ થતા હોય તો તેઓને અટકાયત કરવાનાં સાધન હાલના કાયદામાં પુષ્કળ છે.

(૪) જથ્થાબંધ હિંદી વગર પરવાનાથી ટ્રાન્સવાલમાં દાખલ થાય છે તેવી અફવા હિંદી કોમ કબૂલ કરતી નથી.

(૫) જો લેજિસ્લેટિવ કાઉન્સિલને ઉપરની હકીકત બરાબર ન જણાતી હોય તો હિંદી કોમ માગે છે કે ન્યાયી અને બ્રિટિશ ધોરણવાળી તપાસ ચલાવવી.

ઠરાવ બીજો

આ માસ-મીટિંગ એશિયાટિક ઑર્ડિનન્સની સામે નમ્રતાપૂર્વક પોકાર કરે છે અને સ્થાનિક સરકાર તેમ જ વડી સરકારની આગળ અરજ કરે છે કે એ કાયદો પાછો ખેંચે; કેમ કે :

(૧) નામદાર બાદશાહનાં આગલાં વચનોની સામે તે કાયદો છે.

(૨) બ્રિટિશ, હિંદી અને બીજા એશિયાટિક વચ્ચે જરાયે તફાવત તે કાયદો નથી ગણતો.

(૩) તે કાયદાથી કાફરો તથા બીજા કાળા લોકના કરતાં હિંદીની સ્થિતિ વધારે ખરાબ થઈ પડે છે.

Gandhi Heritage Portal

(૪) ડચ સરકારના વખતમાં જેવી સ્થિતિ હિંદીની હતી, તેના કરતાં આ કાયદાથી વધારે ખરાબ થાય છે.
(૫) બીજા કોઈ પણ બ્રિટિશ કૉલોનીમાં નથી તેવી જાતનો પાસનો કાયદો આ છે.
(૬) આ કાયદાથી હિંદી કોમના લોકો બધા ગુનેગાર હોય એમ ગણાય છે.
(૭) ટ્રાન્સવાલમાં વગર પરવાનાથી હિંદી લોકો આવે છે એ વાતનો હિંદી કોમ ઇનકાર કરે છે.
(૮) જો તે ઇનકાર કબૂલ ન હોય તો બ્રિટિશને છાજે તેવી કાયદેસર તપાસ ચલાવવાની હિંદી કોમ માગણી કરે છે.
(૯) તે કાયદો બીજી રીતે પણ ગેરવાજબી છે, હિંદી કોમની સ્વતંત્રતા ઉપર દાબ મૂકનારો છે અને તેનો અર્થ એ જ નીકળે છે કે હિંદી કોમને જુલમ કરી કાઢી મૂકવી.
(૧૦) આ મીટિંગ વળી કૉલોનિયલ સેક્રેટરી તથા હિંદી સેક્રેટરીને ખાસ વિનંતી કરે છે કે એક હિંદી ડેપ્યુટેશનને તેઓ મળે ત્યાં સુધી તેને વડી સરકારની પરવાનગી ન આપે.

ઠરાવ ત્રીજો

આ સભા બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને એક ડેપ્યુટેશન વિલાયત મોકલવાની તથા ત્યાં જઈ વડી સરકાર પાસે હિંદીની ફરિયાદ રજૂ કરવાની સત્તા આપે છે.

ઠરાવ ચોથો

જો લેજિસ્લેટિવ કાઉન્સિલ, સ્થાનિક સરકાર તથા વડી સરકાર હિંદીની દાદ ન જ સાંભળે તો આ મીટિંગનો દરેક માણસ અંતઃકરણપૂર્વક અને સાચી નૈયતથી એવો ઠરાવ કરે છે કે આવો જુલમાટ કાયદો કબૂલ કરવાને બદલે, તેમાં બ્રિટિશને ન છાજતા એવા ધારા પ્રમાણે ચાલવાને બદલે જેલમાં જવું એ પસંદ કરે છે અને જ્યાં સુધી બાદશાહ છુટકારો ન કરે ત્યાં સુધી જેલમાં જ રહેશે.

ઠરાવ પાંચમો

પહેલો ઠરાવ લેજિસ્લેટિવ કાઉન્સિલને મોકલવાની તથા બાકીના ઠરાવ નામદાર હાઈ-કમિશનરને મોકલવાની અને તે ઠરાવ વિલાયત તારથી નામદાર હાઈકમિશનર મારફત મોકલવાની પ્રમુખને સત્તા આપે છે.

મંગળવારની સાંજ સુધીની કાયદાની સ્થિતિ

ઉપરની મીટિંગમાં બીજાં ભાષણોનો હેવાલ, નામઠામ વગેરે હું આ અઠવાડિયાના અંકને સારુ નથી આપી શકતો. માત્ર હાલ એટલું જ જણાવું છું કે પિટર્સબર્ગ, કલાર્કર્સડૉર્પ, ક્રૂગર્સ-ડૉર્પ, પ્રિટોરિયા વગેરે બધાં મુખ્ય ગામોથી પ્રતિનિધિઓ આવ્યા હતા. કાયદાને વિશે મોટામાં મોટી ધાસ્તી એ હતી કે તે કાયદાની ઉપર વડી સરકારની પરવાનગી આવી ગયેલી છે. આ બાબત સર રિચર્ડ સૉલોમને બરાબર હિંમત આપી છે કે તે કાયદો બિલકુલ જ્યાં સુધી વિલાયત નથી ગયો અને ત્યાં મંજૂર નથી થયો ત્યાં સુધી અમલમાં નહીં આવે. એટલે ડેપ્યુટેશને જવાની તથા અરજી વગેરે મોકલવાની સંપૂર્ણ તક છે. એ કાયદામાં વળી બીજો ફેરફાર એ થયો છે કે

Gandhi Heritage Portal

સોળ વરસની અંદરના છોકરાઓને તે લાગુ નહીં પડે; એટલે કે તેવા છોકરાની ઉપર કામ નહીં ચલાવી શકાય. ત્રીજો વધારો એ કર્યો છે કે કોઈ પણ માણસ જો પારકા છોકરાને પોતાનો કરી લાવશે તો તેની ઉપર કામ ચલાવી શકાશે ને સજા થશે; એટલું જ નહીં પણ તેવા માણસની પરમિટ તથા રજિસ્ટર રદ થશે અને તે માણસને દેશનિકાલ કરવામાં આવશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १५–९–१९०६

૪૪૩. ટ્રાન્સવાલ ધારાસભાના પ્રમુખને પત્ર

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૧૧, ૧૯૦૬

માનનીય પ્રમુખ, લેજિસ્લેટિવ કાઉન્સિલ
પ્રિટોરિયા

સાહેબ,

આજે સાંજે જોહાનિસબર્ગ ખાતે બ્રિટિશ હિંદીઓની જાહેર સભા થઈ. સભાની સૂચનાથી તેણે સર્વાનુમતે પસાર કરેલા પ્રથમ ઠરાવની[1] નકલ માનનીય ધારાસભા સમક્ષ તેની સહાનુભૂતિપૂર્ણ વિચારણા માટે રજૂ કરવા સારુ આ સાથે બીડું છું.

એ નકલ માનનીય ધારાસભાને વાંચી સંભળાવવા વિનંતી.

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની
અધ્યક્ષ,
બ્રિટિશ હિંદી જાહેર સભા

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ: એલ. જી. ફાઈલ નં. ૯૩: એશિયાટિકસ

૧. જુઓ "જાહેર સભા", પા. ૪૫૦–૫.

Gandhi Heritage Portal

૪૪૪. ટ્રાન્સવાલના લેફ્ટનન્ટ ગવર્નરને પત્ર

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૧૨, ૧૯૦૬

નામદાર લેફ્ટનન્ટ ગવર્નર
ટ્રાન્સવાલ તથા જોહાનિસબર્ગ

સાહેબ,

એમ્પાયર થિયેટર, જોહાનિસબર્ગ ખાતે મળેલી બ્રિટિશ હિંદીઓની જાહેર સભાએ પસાર કરેલા ઠરાવ મુજબ, હું આપ નામદારની જાણ માટે ઠરાવ નં. ૨, ૩, ૪ અને ૫[1] આ સાથે બીડું છું:

આપનો આજ્ઞાંકિત સેવક,
અબદુલ ગની
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ : એલ. જી. ફાઈલો : ૧૯૦૨–૧૯૦૬

૪૪૫. રૅન્ડ ડેલી મેલને ઉત્તર

[જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૧૨, ૧૯૦૬]

[શ્રી તંત્રી]
ધિ રૅન્ડ ડેલી મેલ

સાહેબ,

ગઈ કાલે મળેલી બ્રિટિશ હિંદીઓની જાહેર સભા[2] સંબંધમાં આપે આપના અગ્રલેખમાં મારા ઉપર મુદ્દાઓ ગૂંચવી નાખવાનો આરોપ મૂકયો છે. પરંતુ મને ભય છે કે મુદ્દા મેં નહીં પણ આપે જ ગૂંચવ્યા છે. મેં તેમ જ બીજા દરેક વક્તાએ જે મુદ્દો ચર્ચ્યો તે સંપૂર્ણપણે સ્પષ્ટ હતો.

મેં જે કહેલું તેનો આપના પત્રમાં આવેલો હેવાલ આ રહ્યો :

આપણે પાંત્રીસે કરોડને આ દેશમાં લાવવાનું કહેતા નથી, પણ કહીએ છીએ કે જે લોકો આ દેશમાં પ્રવેશેલા છે તેમને, અહીં આવેલા સર્વ યુરોપિયનોને મળે છે, તે જ રક્ષણ અને હકો તથા અધિકારો મળવા જોઈએ.

૧. જુઓ "જાહેર સભા", પા. ૪૫૦–૫.
૨. એજન.

Gandhi Heritage Portal

અહીં વસેલી બ્રિટિશ હિંદી વસ્તી સાથે યોગ્ય વર્તન રાખવામાં આવે એ દલીલ સભાએ સાચા દિલથી કરી છે, ત્યારે, સાહેબ, મને કહેવા દો કે, આપે બ્રિટિશ અને અ-બ્રિટિશ સૌ એશિયાઈઓને સંડોવીને, અને પ્રવેશનો પ્રશ્ન ઊભો કરીને ઇરાદાપૂર્વક મુદ્દાને ગૂંચવી નાખ્યો છે. ટ્રાન્સવાલમાં જે મુઠ્ઠીભર બ્રિટિશ હિંદીઓ છે તેમને માટે આ જીવનમરણનો પ્રશ્ન બની ગયો છે ત્યારે અમે આવો કોઈ સવાલ કેવી રીતે ઉઠાવી શકીએ? મારા મુદ્દા પર ભાર મૂકવા માટે મેં, અલબત્ત એ કહ્યું હતું કે, જો વિદેશી લોકો જેમનું ચારિત્ર્ય હમેશાં ઇચ્છવાયોગ્ય નથી હોતું, તેઓ છૂટથી વગર પરવાને ટ્રાન્સવાલમાં પ્રવેશ કરી શકે અને સઘળા અધિકારો ભોગવી શકે તો હિંદીઓ, જેમને બ્રિટિશ પ્રજાજનો તરીકે ગણવામાં આવે છે, તેમને એ હક પહેલો હોવો જોઈએ એ વાત વાજબી છે.

વળી, આપ વિગતોમાં ઊતરવાની શંકાભરી નામરજીની વાત કરો છો! પણ તેને માટે કોઈ પ્રસંગ ન હતો, કેમ કે બ્રિટિશ હિંદીઓનો લેખી વિરોધ જે આપે અગાઉ પ્રસિદ્ધ કર્યો હતો તેમાં તે વિગતો આવી ગઈ છે. જ્યાં કાનૂનનો સિદ્ધાંત જ ખોટો છે ત્યાં, અર્થાત્ માત્ર ગુનેગારોને લાગુ પડે તેવી ઓળખાણપત્રોની પ્રથાનુસાર દરેક હિંદીએ અપવાદ વિના પાસ ધારણ કરવાનું કહેવામાં આવે ત્યાં કાનૂનની ગમે તેટલી વિગતોમાં ગમે તેટલા સુધારા કરવામાં આવે તોપણ તે સ્વીકાર્ય થઈ શકે નહીં. અમે નરમ લોકો છીએ છતાં, જો અમે અપમાનિત કરનારા આ કાયદાને વશ થઈએ તો હિંદના નાલાયક પુત્રો કહેવાઈએ.

[આપનો ઇત્યાદિ,
મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]
इन्डियन ओपीनियन, ૨૨-૯-૧૯૦૬

૪૪૬. ધિ સ્ટારને પત્ર

[જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૦૬ પહેલાં]

શ્રી તંત્રી
ધિ સ્ટાર

સાહેબ,

એશિયાટિક ઑર્ડિનન્સ મુસદ્દા બાબત બ્રિટિશ હિંદીઓએ દર્શાવેલા વિરોધ વિષે આપના અગ્રલેખમાં આપે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને સલાહ આપવા પૂરતું સૌજન્ય દાખવ્યું છે. આપના અભિપ્રાય અનુસાર એ સંસ્થાને 'વિવેકપૂર્વક'ની દોરવણી મળતી નથી.

એક બહુ મોંએ ચઢેલી કહેવત છે કે "આપણે માટે શું સારું છે તે આપણા પડોશીઓ હમેશાં સારામાં સારી રીતે જાણે છે." બ્રિટિશ હિંદી કોમની નેતાગીરી ખરાબ છે એવો આપનો અભિપ્રાય પણ, એ સિદ્ધાંતથી જોતાં, મને નિ:શંક રીતે સાચો લાગે છે. પરંતુ અત્યારે ઍસોસિયેશનના નેતાઓ સંબંધી આપના અભિપ્રાય સાથે મને એટલી નિસબત નથી, જેટલી હિંદી લોકના વિરોધ પ્રત્યે આપે ધારણ કરેલા વલણ સાથે છે.

Gandhi Heritage Portal

આપ માનો છો કે નવા ઑર્ડિનન્સ સામે કોમની કોઈ દલીલ ટકે એમ નથી, કેમ કે વાત તો માત્ર નવી નોંધણીની છે અને એથી સમ્રાટ સરકારની પ્રજાના કોઈ વર્ગ પર નવી ગેરલાયકાત લાદવામાં આવતી નથી. આ બંને મુદ્દા વિષે મારે વાંધો છે. જેમ હિંદીઓને આવતા રોકવા માટે શાંતિ-રક્ષા ઑર્ડિનન્સના વહીવટને વિકૃત કરવામાં આવ્યો છે તેમ ૧૮૮૫ના કાયદા નં. ૩ને નવા ઑર્ડિનન્સ વડે જે માગણી ડચ શાસનકાળમાં પણ કરવામાં નહોતી આવી એવી માગણીને સંતોષવા માટે વિકૃત કરવામાં આવ્યો છે. ડચ કાયદાનું નિશાન વેપારીઓ હતા. એ કાયદાની નીતિ પ્રવેશનું નિયંત્રણ કરવાની ન હતી, પણ વેપાર કરવા ઇચ્છતા વસાહતીઓને નશિયત કરવાની હતી, તે કારણથી, કાયદામાં નોંધણી ફી મૂળમાં ૨૫ પાઉંડ હતી, જે બ્રિટિશ સરકારની દરમિયાનગીરીને લીધે ઘટાડીને ૩ પાઉંડ કરવામાં આવી હતી.

હાલના ઑર્ડિનન્સનો હેતુ ૧૮૮૫ના કાયદા નં. ૩ને માત્ર સુધારવાનો છે અને તેથી અપેક્ષા એવી રહે કે કાયદાનું કાર્યક્ષેત્ર જેનું તે રહે છે, બદલાતું નથી. પરંતુ હકીકતમાં એ ઓળખપદ્ધતિની જોગવાઈ કરે છે, અને એના અમલ દરમિયાન, એ પદ્ધતિ, જેમને એને વશ વર્તવાનું હોય તેમને, અત્યંત કષ્ટદાયી નીવડ્યા વિના રહે એવી નથી. નવી નોંધણીનો અર્થ હિંદીઓની વસ્તીગણતરી નથી, તેનો અર્થ તો નીચે મુજબ છે :

સંસ્થાનમાં રહેનાર દરેક હિંદીએ, અપમાનજનક એવી ઓળખાણની વિગતોવાળું નોંધણીનું પ્રમાણપત્ર અંગ ઉપર રાખીને બહાર નીકળવાનું છે. લેફ્ટનન્ટ ગવર્નર ઘડે તેવાં નિયમન અનુસાર જરૂરી ઓળખાણની વિગતો આપીને પોતાના દરેક નવજાત બાળકને દરેક હિંદીએ તાત્પૂરતું નોંધાવવાનું છે. ઓળખાણ બાબતની આવી જ શરતો અનુસાર આઠ વરસ ઉપરનાં પોતાનાં બાળકો માટે એણે નોંધણીનો દાખલો કઢાવવાનો છે.

આ બધું સદંતર નવું છે, ને ૧૮૮૫ના કાયદા નં. ૩માં એ વિષે કશો ઇરાદો પણ નહોતો. આમ છતાં આપ બિલકુલ અચકાયા વિના કહી શકો છો કે પ્રસ્તુત ઑર્ડિનન્સ હિંદી રહેવાસીઓ પર કોઈ ગેરલાયકાત લાદતો નથી.

મને આપને ખાતરી આપવા દો કે પૅસિવ રિઝિસ્ટન્સની નીતિ ખાલી ધમકી નથી.[1] એ તો તદ્દન અસહ્ય એવી શરતોને તાબે થવાની ના પાડવાનો મારા દેશબંધુઓનો નિશ્ચય જ છે. અને જો, આપ સૂચવો છો તે પ્રમાણે, જો એને લઈને "ખરચો ભારે પડે એવી નકામી વ્યક્તિઓ તરીકે એ લોકને સામૂહિક રીતે દેશપાર કરવાની ચળવળ" ઊભી થશે તો એ મોટી રાહત થઈ પડશે. સામ્રાજ્યવાદીઓની નવી જમાત, જેના આપ નિ:શંક રીતે અગ્રણી છો તેને અલબત્ત, કોઈ પરવા નથી કે આમ કરવાથી બ્રિટિશ રાજનીતિમાં નવો ચીલો પડશે. મારા દેશબંધુઓ આપ સૂચવો છો તેમ સમજપૂર્વક નહીં પણ અણસમજને લઈને, પૂરતો લાંબો સમય, અંધારામાં રહ્યા હતા. એકાંતમાંથી તેમના બહાર આવવાને લઈને જો કાંઈ ફાયદો નહીં થાય, તો બહુ નુકસાન પણ થનાર નથી. એમના અભિપ્રાય મુજબ, તેઓ ક્યારના લગભગ બધું ખોઈ બેઠા છે.

જો આપની ઉશ્કેરણીને લઈને દક્ષિણ આફ્રિકાવાસીઓ હિંદીઓના પ્રશ્નમાં કાંઈક રસ ધરાવતા થશે તો, હું એટલું કહેવાની હિંમત કરું છું કે આપના ઉપરોક્ત સૂચન છતાં, એમ કરવાથી

૧. સ્ટાર પત્રના અગ્રલેખમાં કરેલા નીચેના વિધાનનો અહીં જવાબ છે : "પૅસિવ રિઝિસ્ટન્સની નીતિનું સૂચન કાં તો ખાલી ધમકી છે, અગર એ સૂચન ઇંગ્લંડના કેળવણી વિષયક વાદવિવાદમાં એ નીતિનું જે મૂલ્ય અંકાય છે તેના અધકચરા ખ્યાલ પર રચાયેલું છે."

Gandhi Heritage Portal

એમની આંખો ખૂલવા પામશે અને તેઓ પોતે જોઈ શકશે કે તેમણે બ્રિટિશ હિંદીઓનો કેવો ભારે ગુનો કર્યો છે અને એમને સમજવામાં કેવી મોટી ભૂલ કરી છે.

આપનો, ઇત્યાદિ,
અબદુલ ગની
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]
ધિ સ્ટાર, ૨૨–૯–૧૯૦૬

૪૪૭. ટ્રાન્સવાલનું નવું બિલ

જોહાનિસબર્ગમાં માસ-મીટિંગમાં સર્વાનુમતે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે તે જોહાનિસબર્ગના ખબરપત્રમાં[૧] આવેલા છે. અમારો ખબરપત્રી જણાવે છે કે આખા ટ્રાન્સવાલના પ્રતિનિધિઓ આ મીટિંગમાં હાજર થયા હતા. આવી રીતે એકત્ર થઈ સર્વાનુમતે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેને માટે અમે મુબારકબાદી આપીએ છીએ; અને તેમાં તેમની પૂર્ણ ફત્તેહમંદી ઇચ્છીએ છીએ. અમે માનીએ છીએ કે જો આ હિલચાલને એકત્રપણે જારી રાખવામાં આવશે તો સરકારને આ બિલ પાછું ખેંચી લેવું પડશે. આ ડ્રાફ્ટ ઑર્ડિનન્સનું વંચાણ ધારાસભામાંથી બે વખત તો પસાર કરવામાં આવ્યું છે. ખાસ કરીને ઓરતોને આ બિલમાંથી મુક્ત કરવાનો ફેરફાર થયો છે. ત્રીજી વખતના વાચન માટે આ બિલ ધારાસભામાં રજૂ થયું હતું, પરંતુ તે વખતે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફથી આવેલ તાર વાંચવામાં આવ્યો હતો. અને કેટલીક ચર્ચા થયા પછી અમુક ફેરફાર કરી આ બિલના છેવટ રિપોર્ટ પર પાછળથી વિચાર કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમારો ખબરપત્રી જણાવે છે તે મુજબ જો આ કાયદા બાબત વિલાયતની સરકાર તરફથી મંજૂરી મળી ચૂકી હશે અને વખતે તે બિલ પસાર થઈ કાયદો થાય તો પછી હિંદીઓએ શું કરવું? અમે ઇચ્છીશું કે આવા વખતને માટે આ માસ-મીટિંગમાં એક અવાજે જે ચોથો ઠરાવ પસાર થયો છે તે ઠરાવને ખરી દાદ મળતાં સુધી મક્કમપણે વળગી રહેવાની ઈશ્વર તેમને તાકાત અને દૃઢતા આપશે.

[મૂળ ગુજરાતી]
इन्डियन ओपीनियन, ૧૫–૯–૧૯૦૬

૧. જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૪૫૫–૮.

Gandhi Heritage Portal

૪૪૮. એશિયાટિક ઑર્ડિનન્સના બિલ બાબત નિવેદન[1]

[સપ્ટેમ્બર ૧૭, ૧૯૦૬ પહેલાં]

પરિસ્થિતિ ધાર્યા કરતાં ઘણી ખરાબ છે. જો બિલ પસાર થશે તો એથી અત્યાર લગી અપાયેલાં વચનોનો ભંગ થશે. રાહત આપવાને બદલે જરાયે વાજબી કારણ વગર, એ ભારેમાં ભારે ખિજવાટ પેદા કરશે એવી ગણતરી છે.

૧૮૮૫નો કાયદો નં. ૩ જેવો છે તેવો, હાલના ઑર્ડિનન્સ કરતાં અનેક દરજ્જે ચઢિયાતો છે. કેમ કે એ ઑર્ડિનન્સ હેઠળ તો સ્ત્રીઓ, બાળકો અને જેઓ અહીં વેપાર કરવા નથી આવ્યા તે પુરુષો પણ નોંધણીપાત્ર કરે છે, જ્યારે ૧૮૮૫ના કાયદા અનુસાર તેઓ એમાંથી મુક્ત છે. ત્રણ પાઉંડની છૂટ એ વાત તો ઘા પર મીઠું ભભરાવવા જેવી છે, કારણ કે જેમની નોંધણી થઈ છે તે સૌએ ત્રણ પાઉંડ ક્યારનાયે ભરી દીધા છે. એ ભૂલવું ન જોઈએ કે જો આ કાયદો પસાર થશે તો ત્રીજી નોંધણી આવશ્યક થશે; અને તે શા માટે? ફક્ત એટલા માટે કે કેટલાક એશિયાઈ વિરોધી ચળવળખોરો કહે છે કે ઘણા હિંદીઓ વગર અધિકારે દેશમાં પેસી ગયા છે. આ સૂચનનો બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને, તેને સમગ્ર કોમને લાગુ પાડવા સામે, વિરોધ કર્યો છે.[2] પરંતુ માની લઈએ કે એવો પ્રવેશ મોટી સંખ્યામાં થયો છે તોપણ આ પહેલાં અપાયેલી પરમિટો તપાસી જોવાથી એ અનિષ્ટ દૂર થઈ શકે એમ છે.

જોહાનિસબર્ગનું સ્ટાર અખબાર, સત્તાવાર હોય એ રીતે જ કહે છે કે હવેની ઓળખવિધિની પદ્ધતિ બહુ સખત થશે. હિંદી કોમે કંઈ પણ કારણ વગર, લૉર્ડ મિલ્નરને ખુશ રાખવા સત્તાવાળાઓને અંગૂઠાની છાપ લેવા દીધી છે. હવે સરકાર કેટલે સુધી આગળ જવા માગે છે અને કયું બીજું અપમાન લાદવા ઇચ્છે છે તેની અટકળ થઈ શકે તેમ નથી.

આ તબક્કે મારે આ બાબતમાં વધારે લખવાની જરૂર નથી. *ઇન્ડિયન ઓપીનિયન*[3]ના આવતા અંકમાં આથી ઘણી વધારે માહિતી મળશે તે તરફ ધ્યાન આપવા હું આપને વિનંતી કરું છું.

મિ. ડંકનના નિવેદન પરથી એવું જણાય છે કે સામ્રાજ્ય સરકારે દરખાસ્ત નીચેના કાયદાનો સિદ્ધાંત ક્યારનોય સ્વીકાર્યો છે. જો એમ હોય તો હું એટલું જ કહી શકું કે એમણે આ બાબતમાં કશો વિચાર કર્યો નથી. જેમાં અનેક બાબતોનાં વચનો આપેલાં હતાં એવા ભૂતકાળના ખરીતાઓનો, એમણે અભ્યાસ કર્યો નથી, એ ખરીતાઓમાં કોઈ જગ્યાએ કોમ જાણે માત્ર ગુનેગારોની બનેલી હોય, એ રીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઑર્ડિનન્સના મુસદ્દામાં બ્રિટિશ એશિયાઈઓ અને ઇતર એશિયાઈઓ વચ્ચે કશો ભેદ કરવામાં આવ્યો

૧. દાદાભાઈ નવરોજીને આ મોકલવામાં આવ્યું હતું. એમણે સપ્ટેમ્બર ૧૭ના રોજ સંસ્થાન ખાતાના પ્રધાનને એ રવાના કર્યું હતું. એમાંના ચોથા ફકરા સિવાય એ *ઇન્ડિયા* પત્રમાં "સારી માહિતી ધરાવનાર દક્ષિણ આફ્રિકી સંવાદદાતા તરફથી" મળેલા નિવેદન તરીકે પ્રસિદ્ધ થયું હતું.

૨. જુઓ "સંસ્થાન મંત્રીને પત્ર", પા. ૪૩૧–૩૩.

૩. જુઓ "કસોટીએ ચઢ્યા", પા. ૪૮૪–૫.

Gandhi Heritage Portal

નથી. તેની કલમો પૈકી એકમાં આપ જોશો કે કામચલાઉ પરમિટ ધરાવનાર વ્યક્તિઓને દારૂના કાનૂનમાંથી મુક્તિ આપવાનું સરકારની મરજી પર છોડવામાં આવ્યું છે. આ કલમ આખી કોમનું વગર કારણે અપમાન કરનારી છે. આવી મુક્તિ કોઈ સ્વમાની હિંદી કદી માગશે નહીં. એ વિચાર અત્યંત દુ:ખદાયક છે કે બ્રિટિશ મુલકો પૈકી ટ્રાન્સવાલમાં જો રાજા રણજિતસિંહજીને દાખલ થવું હોય તો તેમણે પરમિટ માટે અરજી કરવી પડે અને ત્યાર પછી તેમને બીર દારૂના એક પ્યાલા માટે દારૂના કાનૂનમાંથી મુક્તિ મેળવવા સરકારને કાલાવાલા કરવા જોઈએ. ઘણે વરસે સામ્રાજ્યને જે અત્યંત ઉદારમતવાદી લિબરલ સરકાર મળી છે તે શું સામ્રાજ્યના નિર્બળ અને અસહાય સભ્યોને આ રીતે રક્ષણ આપશે?

[મૂળ અંગ્રેજી]

इन्डिया, ૨૮-૯-૧૯૦૬

૪૪૯. છાપાંજોગ પત્ર[1]

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૧૯, ૧૯૦૬[2]

સાહેબ,

મને વિશ્વાસ છે કે પાયાના ન્યાય ખાતર આપ નીચેની હકીકતોને પ્રકાશમાં લાવશો, અને મને લાગે છે તેમ જો આપને લાગતું હોય કે એ હકીકતોથી સંસ્થાનમાં પ્રવર્તતી આઘાતજનક દશા પ્રકાશમાં આવે છે તો તે વિષે વિવેચન પણ કરશો.

ચાલુ માસની ૧૪મી તારીખે ડરબનથી જોહાનિસબર્ગ જતી કાફર મેલ ગાડીમાં પુનિયા નામે હિંદી સ્ત્રી પોતાના પતિ સાથે મુસાફરી કરતી હતી. એના પતિ પાસે પરમિટ તથા નોંધણીનું પ્રમાણપત્ર હતું, જેમાં એની પત્નીનો ઉલ્લેખ હતો. છતાં વૉક્સરસ્ટ ખાતે પત્નીને પરમિટ ન હોવાને કારણે પકડીને રોકી રાખવામાં આવી. આથી બિચારા પતિને પણ રોકાવું પડ્યું. બંનેએ જેલમાં રાત વિતાવી. બીજી સવારે પત્ની પર કામ ચાલ્યું. ખૂનના સામાન્ય ગુનેગાર પેઠે એને કેદીના ખાનામાં ઊભું રહેવું પડ્યું. પકડનાર પોલીસ કૉન્સ્ટેબલે નીચે મુજબ જુબાની આપી :

> મને પરમિટ વિના દાખલ થતા સૌ હિંદીઓને પકડવાનો હુકમ છે, પછી ભલે તે પુરુષ હોય કે સ્ત્રી હોય, સગીર હોય કે પુખ્તવયનાં હોય. વયની કોઈ મર્યાદા નથી. સ્ત્રીઓ અને બાળકો પતિ કે માબાપ સાથે હોય ત્યારે પણ આ હુકમનો અમલ કરવાનો છે. નોંધણીના પ્રમાણપત્રમાં પત્નીનો ઉલ્લેખ હોય એથી કશો ફરક પડતો નથી.

પુરાવા દરમિયાન માલૂમ પડ્યું કે પતિની જુબાની અનુસાર, યુદ્ધ દરમિયાન અને પછી પત્ની ટ્રાન્સવાલમાં એની સાથે રહેલી હતી. મૅજિસ્ટ્રેટે નિર્ણય આપ્યો કે પત્ની પાસે પરમિટ ન હોવાથી તેને આજે સાંજે સાત વાગ્યા પહેલાં સંસ્થાન છોડી જવાનો હુકમ કરવા સિવાય બીજો

૧. જોહાનિસબર્ગનાં ત્રણેય સ્થાનિક છાપાંને ગાંધીજીએ આ પત્ર લખ્યો હતો, અને "પરવાનાનો આઘાતજનક કિસ્સો" એ મથાળા હેઠળ इन्डियन ओपीनियनમાં પણ છાપ્યો હતો.

૨. આ પત્ર પ્રથમ ફકરા વિના તા. ૨૦-૯-૧૯૦૬ના નાતાલ મર્ક્યુરીના અંકમાં "અમારા જોહાનિસબર્ગ ખાતેના પ્રતિનિધિ તરફથી મોકલેલો" તા. ૧૯-૯-૧૯૦૬ના ખાસ સંદેશા તરીકે છપાયો હતો.

Gandhi Heritage Portal

વિકલ્પ નથી. પરંતુ વકીલની સલાહ અનુસાર પત્ની દેશપારીના હુકમનો અનાદર કરી જોહાનિસ-બર્ગ જવા નીકળી. આથી એને જર્મિસ્ટન ખાતે પકડવામાં આવી. હજી આ કિસ્સાનું છેવટ જાણવા મળ્યું નથી.

પરંતુ હું જે મુદ્દો રજૂ કરવા માગું છું તેને આ કિસ્સાના ભવિષ્ય સાથે કશો સંબંધ નથી. મારો મુદ્દો આ છે : ટ્રાન્સવાલના લોકોને નામે, સરકાર શું બ્રિટિશ હિંદી સ્ત્રી-બાળકો વાસ્તે ભયનું સામ્રાજ્ય સરજી શકે? મુકદ્દમા દરમિયાન એ કબૂલ કરવામાં આવ્યું છે કે આ કોઈ છૂટોછવાયો કિસ્સો નથી. એટલું યાદ રાખશો કે હકપૂર્વકની અને છાપેલી પરમિટનાં નિયમનો અનુસાર, પત્નીઓ તથા ૧૬ વર્ષ નીચેનાં બાળકો પતિ કે માબાપ સાથે હોય ત્યારે તેમને પરમિટ કઢાવવી આવશ્યક નથી. શું હવે હિંદી સ્ત્રીઓએ પરમિટ કચેરી પર જવાનું છે અને થકવી નાખનારી ને ચીડ ચડે એવી તપાસ બાદ પોતાની પરમિટો કઢાવવાની છે? અને માતાની સાથેનાં નાનાં બાળકોનું શું? આ કોઈ અરેબિયન નાઇટ્સની કલ્પિત વાત નથી. માંડ ઢીંચણિયે ચાલતાં હોય તેવાં બાળકોને વૉક્સરસ્ટ ખાતે રોકવામાં આવેલાં છે. શું મેસર્સ લવડે અને તેમના સાથીઓને પણ આ બધું જોઈએ છે? શું આપને પણ જોઈએ છે?

હું છું, ઈત્યાદિ,

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ધિ સ્ટાર, ૧૯–૯–૧૯૦૬

૪૫૦. ડૉ. એડવર્ડ નન્ડીને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ,
જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૦, ૧૯૦૬

સ્નેહી ડૉ. નન્ડી,

જો ન્યાયપંચ પરિચિત, માનમરતબો ધરાવતા અને આવડતવાળા માણસોનું બનેલું હોય તો તમારા બંને પ્રશ્નોનો[૧] મારો ઉત્તર 'હા'માં છે.

આપનો સાચો,

મો. ક. ગાંધી

[ડૉ. એડવર્ડ નન્ડી
જેકબ ચેમ્બર્સ
કોર્ટ રોડ
જોહાનિસબર્ગ]

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ : એલ. જી. ફાઈલ નં. ૯૩ : એશિયાટિક્સ

૧. પૂછેલા પ્રશ્નો આ હતા :

"(અ) કેટલાક હિંદીઓ સંસ્થાનમાં ગેરકાયદેસર રીતે દાખલ થઈ ગયા છે એ હકીકત વિષે, અને એની સંખ્યાના સુમાર વિષે બ્રિટિશ હિંદીઓના પ્રતિનિધિઓ અને એશિયાટિક ખાતાના કર્મચારીઓ

Gandhi Heritage Portal

૪૫૧. લીડરને પત્ર[1]

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૧, ૧૯૦૬

શ્રી તંત્રી
લીડર

સાહેબ,

પુનિયા નામની સ્ત્રી પોતાના પતિ સાથે હતી છતાં તેને પરમિટ ન હોવાને કારણે વૉકસરસ્ટ ખાતે તાજેતરમાં પકડવામાં આવી હતી. એ બાબતના મારા છાપાંજોગા પત્રની[2] સમજૂતી આપવાના આશયનું લખાણ આપના પોતાના ડરબન ખાતેના ખબરપત્રીએ આપને લખી મોકલ્યું છે. આપના ખબરપત્રી કહે છે: "પ્રસ્તુત ટ્રાન્સવાલ નિયમનોમાં ફેરફાર કરવાનું કારણ એ હતું કે, સંસ્થાનના રહેવાસી હિંદીઓ પોતાની પત્ની નથી હોતી એવી સ્ત્રીઓને તો શું, પણ ઘણી વાર

વચ્ચે મતભેદ છે એ હકીકત જોતાં, જો બે જણનું તપાસપંચ અગર ન્યાયપંચ નીમવામાં આવે, જેમાં એક સંસ્થાનનો મૅજિસ્ટ્રેટ હોય ને એક સરકાર સાથે સંબંધ નહીં ધરાવનાર નિષ્પક્ષ અને અદાલતી તપાસ ચલાવવાની શક્તિ ધરાવનાર વ્યક્તિ હોય, તો તેનો નિર્ણય સ્વીકારવા તમે તૈયાર થશો?

(બ) અત્યારે હિંદમાં કે બીજે સ્થળે રહેતા હોય અને એક યા બીજા કારણે ટ્રાન્સવાલપ્રવેશની પરમિટ ન મેળવી શકતા હોય તેવા હિંદીઓ પૈકી જેમને આ સંસ્થાનમાં કાયદેસર રીતે પાછા ફરવાનો અધિકાર છે એમ કહેવામાં આવે છે તેમના સંબંધમાં, સદરહુ પંચનો આ બાબતનો નિર્ણય તમે સ્વીકારશો? આ નિર્ણય છેવટનો ગણાશે, સિવાય કે પંચના બંને સભ્યો વચ્ચે મતભેદ પડે; અને તેમ થાય તો બંને પક્ષકારો તરફથી સુપ્રિમ કૉર્ટને અપીલ કરવાનો હક રહેવો જોઈએ.

૧. આ પત્ર ઇન્ડિયન ઓપીનિયનના તા. ૨૯-૯-૧૯૦૬ના અંકમાં પ્રસિદ્ધ થયો હતો.

૨. ગાંધીજીના "છાપાંજોગ પત્ર", પા. ૪૬૪-૫ને અનુલક્ષીને તા. ૨૧-૯-૧૯૦૬ના નાતાલ મર્ક્યુરીમાં પુનિયા કિસ્સા સંબંધે નીચેનો ખુલાસો પ્રસિદ્ધ થયો હતો:

"વૉકસરસ્ટ ખાતે ટ્રાન્સવાલના અધિકારીઓએ એક હિંદી સ્ત્રીને અટકમાં લીધી હતી. એ બાબત શ્રી મો. ક. ગાંધીએ ધિ રૅન્ડ ડેલી મેલ દ્વારા વિરોધ નોંધાવ્યો છે. ગઈ કાલે એ નાતાલનાં અખબારોમાં પ્રસિદ્ધ થયો હતો. સ્પષ્ટ રીતે આ બનાવનો ખોટો અર્થ ઘટાવવામાં આવ્યો છે. શ્રી ગાંધીના પત્રથી એવી છાપ પડે છે કે સરહદ પર વગર પરમિટે આવેલી એશિયાઈ સ્ત્રીને પકડવાનો આ બનાવ અભૂતપૂર્વ છે; અને પોલીસ ખાતાને ટ્રાન્સવાલ સરકારે આપેલી સૂચનાને "સ્ત્રીઓ પરની ચઢાઈ" તરીકે વર્ણવવામાં આવી છે. પરંતુ ડરબનના પ્રવેશ ખાતાના અધિકારીઓ આ બાબતનો સદંતર ઇનકાર કરે છે. ટ્રાન્સવાલ નિયમનો અનુસાર દરેક એશિયાઈ પાસે પછી તે સગીર કે પુખ્ત વયનો હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય, સંસ્થાનમાં પ્રવેશ કરતાં પહેલાં પરમિટ હોવી જોઈએ; તે ઉપરાંત જે માણસ સાથે પોતાની પત્ની હોય તેણે સાબિત કરવું જોઈએ કે પોતે એ સ્ત્રી સાથે પરણેલો છે. નાતાલમાં હકીકત જરા જુદી છે. ત્યાં પોતાના પતિ સાથે આવનાર સ્ત્રીએ જુદી પરમિટ રજૂ કરવી પડતી નથી. પરંતુ એ સ્ત્રી ખરેખર પોતાની પત્ની છે એ સંબંધે પેલા માણસે ખાતરીલાયક પુરાવો રજૂ કરવો પડે છે; અર્થાત્ તેણે એ મતલબનું પ્રમાણપત્ર લેતા આવવું પડે છે, એટલું જ નહીં પણ તે બાબતની બારીક વ્યક્તિગત તપાસ કરવામાં આવે છે. સામાન્ય રીતે પુરુષના નોંધણી દાખલા ઉપર સ્ત્રીનાં ઓળખચિહ્નો નોંધાય છે, જેથી તેના અંગત વ્યક્તિગત પાસને બદલે તે નોંધ પરથી તેને તરત ઓળખી શકાય. પરંતુ મુસલમાન

Gandhi Heritage Portal

શિથિલ ચારિત્ર્યવાળી સ્ત્રીઓને, પત્ની તરીકે દેશમાં દાખલ કરાવે છે." હિંદી સ્ત્રીજાતિની, દુષ્ટ બુદ્ધિથી કરેલી, આ બદનક્ષી માટે મારી પાસે યોગ્ય શબ્દો એટલા જ છે કે એ શરમજનક જૂઠાણું છે. એવું કહેવાય છે કે આવું ખાસું નિંદ્ય કારણ આગળ કરનાર કોઈ પ્રવેશ અધિકારી છે. એવું હોય તો તેનું નામ આપે પ્રસિદ્ધ કરવું જોઈએ. મારું એને આવાહન છે કે એવી એક પણ સ્ત્રીનું એ નામ જાહેર કરે. શાંતિરક્ષા કાનૂનના અમલ અંગેના મારા લાંબા અનુભવ દરમિયાન આપનો પત્રલેખક સૂચવે છે તે રીતે, શિથિલ ચારિત્ર્યવાળી એક પણ હિંદી સ્ત્રી સંસ્થાનમાં દાખલ થયાનું મેં જાણ્યું નથી, એવું હું વગર અચકાયે કહી શકું છું. મેં સત્તાવાર માહિતીની માગણી કરી છે, જે આપના વાચકો સમક્ષ હું રજૂ કરીશ.[1] દરમિયાનમાં મને જણાવવા દેશો કે ટ્રાન્સવાલ નિયમનો બાબતના સ્પષ્ટીકરણને ઠેઠ ડરબનથી અહીં લાવવું પડે એ શું કંઈક વિચિત્ર નથી?

આપનો, ઇત્યાદિ,

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટ્રાન્સવાલ લીડર, ૨૨–૯–૧૯૦૬

સ્ત્રીઓ બાબત કેટલીક વાર આ વિગત જતી કરવામાં આવે છે એમ જણાય છે, કારણ કે તેમનો ધર્મ એમને મોં ઉપર બુરખો રાખીને હરવાફરવાની ફરજ પાડે છે. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં પ્રવેશ કરનારના ધાર્મિક પૂર્વગ્રહોનો ખ્યાલ રાખવામાં આવે છે, અને આથી સ્થાનિક પ્રવેશ અધિકારીઓ સ્ત્રીઓના બુરખા જવલ્લે જ ઉતરાવે છે અથવા નથી ઉતરાવતા.

"થોડાક સમયથી ટ્રાન્સવાલે એશિયાઈ લોકને બાકાત રાખવાની નીતિ જોરથી અમલમાં મૂકવા માંડી છે; એ સંસ્થાને પોતાના પ્રદેશમાં બિનગોરા લોકો માટે પ્રવેશ કરવાનું બહુ મુશ્કેલ બનાવી મૂક્યું છે, અને તે જ હેતુથી પુરુષો પેઠે સ્ત્રીઓ માટે પણ પાસ રાખવાનું આવશ્યક બનાવવામાં આવેલું છે. કાનૂનની કલમમાં માત્ર 'એશિયાટિક' એવો નિર્દેશ હોવાથી સ્ત્રીબાળકોને એક સમયે વગર પરમિટે દાખલ થવા દેતા હતા, પણ તે કલમ હવે, તેમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેનો સમાવેશ થાય એવી રીતે સુધારી છે. એવું માલૂમ પડેલું કે સંસ્થાનના રહેવાસી હિંદીઓ પોતાની પત્ની નથી હોતી એવી સ્ત્રીઓને તો શું, પણ ઘણી વાર શિથિલ ચારિત્ર્યવાળી સ્ત્રીઓને, પત્ની હોવાનો દેખાવ કરીને દાખલ કરે છે. આ ઉપરથી હવે ટ્રાન્સવાલના સત્તાધીશો આગ્રહ રાખે છે કે સ્ત્રીઓએ પણ પરમિટો કઢાવવી, કેમ કે સત્તાધીશોને લાગે છે કે એ સાવચેતી ન રાખવામાં આવે તો લોકો અમર્યાદિત સંખ્યામાં સ્ત્રીઓને, માત્ર એટલું કહીને દાખલ કરી શકે કે પોતે તેમને પરણ્યા છે.

"ગમે તેમ હોય, વૉક્સરસ્ટમાં જે સ્ત્રીને રોકવામાં આવી હતી તેનો દાખલો કાંઈ ટ્રાન્સવાલમાં ગેરકાયદેસરના પ્રવેશ પર નિયંત્રણ મૂકવા ચાલતી ટ્રાન્સવાલ સરકારની પ્રવૃત્તિનો છૂટોછવાયો દાખલો નથી. ટ્રાન્સવાલના એક અખબારમાં ટીકા આવી છે કે સરકારે સ્ત્રીઓ પર ચઢાઈ આદરી છે, તેના સમર્થનનો આધાર, અત્રે મળતી સ્થાનિક માહિતી પરથી ચોક્કસ જણાય છે તે મુજબ, ટ્રાન્સવાલના નવા કાયદાને કેવી નજરે જોવાય છે તે ઉપર છે."

૧. જુઓ લીડરને પત્ર, પા. ૪૭૮ અને પા. ૪૮૩.

Gandhi Heritage Portal

૪૫૨. મરહૂમ જસ્ટિસ બદરુદ્દીન તૈયબજી

મરહૂમ જસ્ટિસ બદરુદ્દીન તૈયબજીના મરણથી હિંદુસ્તાનને એક મહાન નરની ખોટ પડી છે. તેમના ઉમદા ગુણો વગેરે સંબંધી કેટલીક હકીકત અમે ગયે અઠવાડિયે જણાવી ગયા છીએ. તેઓ ગુજરી ગયા ત્યારે તેમની ઉંમર ૬૨ વર્ષની હતી. તેમના મરણથી લંડનમાં ભારે દિલગીરી ફેલાઈ હતી. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની બ્રિટિશ કમિટીની એક સભામાં હિંદના દાદાભાઈની દરખાસ્તથી અને ઑન. મિ. ગોખલેના ટેકાથી નીચેનો દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

માનવંતા જસ્ટિસ બદરુદ્દીન તૈયબજીના મરણથી હિંદુસ્તાનને જે ખોટ પડી છે તેની નોંધ કૉંગ્રેસની કમિટી અત્યંત દિલગીરી સાથે લે છે. ન્યાયખાતામાં વિદ્વાન જજ તરીકે તેઓ જાણીતા થયા હતા. જેઓ સાથે તે સંબંધમાં આવ્યા હતા તેમને તેમના મરણથી મિત્રના મરણ જેટલો શોક થશે. આ ઠરાવની નકલ મરહૂમના વડા બેટા ફૈઝ બદરુદ્દીન ઉપર મોકલવામાં આવી હતી.

મરહૂમનું શરીર દફનાવવા માટે મુંબઈ લઈ જવામાં આવનાર છે, જ્યાં સગાં અને કુટુંબીઓની કાંધ પર ઊંચકી કલમા પઢતાં પઢતાં તેમની કોમના કબ્રસ્તાનમાં લઈ જવામાં આવશે. લંડનમાં તેમના શરીરને કફન કરવાની ક્રિયા થઈ રહ્યા પછી બંદગી કરવામાં આવી હતી. તે વખતે તુરકી એલચી ઓબાઉદુલા એફેન્દી, મેસર્સ સી. એ. લતીફ, એચ. સી. લતીફ, તરકીશ કૉન્સલ જનરલ યમીદબે, મેજર સઇયદ હસન, યુસફઅલી, અબદુ રહેમાન (પૂર્વ આફ્રિકાવાળા), એસ. એમ. મંગા, અલીગઢ કૉલેજવાળા રઈઝુદ્દીન શકીરઅલી તથા સઈદ અબદુલ મજીદ વગેરે હાજર થયા હતા. મિ. યુસુફ અલીએ ભાષણ દરમિયાન જણાવ્યું હતું કે મિ. તૈયબજી જેટલો બીજો કોઈ મુસલમાન હિંદુઓમાં પ્રિય થઈ પડેલ નહોતો. જે તેઓ બોલતા તે મુજબ તેઓ વરતતા હતા, પોતાના વિચારોને પોતાના કુટુંબના વહેવારમાંયે તેઓએ અમલમાં મૂકયા હતા.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९-९-१९०६

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

મરહૂમ ન્યાયમૂર્તિ બદરુદ્દીન તૈયબજી

હિંદે હમણાં હમણાં એના ઉત્તમોત્તમ પુત્રો ગુમાવવા માંડ્યા છે. હજી થોડા જ દિવસ પર અમારે મરહૂમ શ્રી ડબલ્યુ. સી. બૉનરજીના[1] અવસાનની નોંધ લેવી પડી હતી. ત્યાં તો તેમના જેટલા જ પ્રતિષ્ઠિત દેશભક્ત ન્યાયમૂર્તિ બદરુદ્દીન તૈયબજીના અવસાનની નોંધ અમારે લેવી પડે છે. મરહૂમ શ્રી બૉનરજીની પેઠે શ્રી બદરુદ્દીન તૈયબજી, દાદાભાઈ નવરોજી વિચાર સંપ્રદાયના હતા.

મુંબઈ બાજુથી થયેલા પહેલામાં પહેલા બૅરિસ્ટરોમાં શ્રી તૈયબજી હતા. તેમણે ૧૮૬૭માં એ પદવી પ્રાપ્ત કરી હતી. મુંબઈ ખાતે ન્યાયની વડી અદાલતમાં ઍડવોકેટની યાદી પર આવનાર

૧. જુઓ "મરહૂમ મિ. બૉનરજી", પા.૪૨૯.

Gandhi Heritage Portal

પ્રથમ હિંદી એ હતા. વકીલાતના ધંધામાં, પોતાનાં ખંત અને કાર્યશક્તિને લીધે, શ્રી બદરુદ્દીન તૈયબજી તરત જ ઊંચે સ્થાને ચડ્યા. તેઓ નેશનલ કૉંગ્રેસના સ્થાપકો પૈકી એક હતા, અને એ સંસ્થાના ત્રીજા પ્રમુખ નિમાયા હતા. ઉર્દૂ ભાષાનું એમનું જ્ઞાન અપ્રતિમ હતું, ને બોલવાનું અંગ્રેજીમાં હોય કે ઉર્દૂમાં, વક્તા તરીકે પોતે એકસરખા ઝળકી ઊઠતા. મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે એમને વિષે સૌને ઊંચો અભિપ્રાય હતો, ને એમના ચુકાદા હંમેશ સાચા તથા ન્યાયી ગણાતા. પોતાના સહધર્મીઓમાં સામાજિક સુધારણા માટે તેમની પ્રવૃત્તિ અત્યંત પ્રશંસનીય હતી. તેઓ સ્ત્રીકેળવણીના નીડર હિમાયતી હતા. પોતાનાં ભાષણો દ્વારા તેમણે મુસલમાનોમાં સ્ત્રીકેળવણી આગળ ધપાવી એટલું જ નહીં, પણ પોતાના કુટુંબ દ્વારા એનો પ્રત્યક્ષ દાખલો પણ બેસાડ્યો. એમની બધી દીકરીઓએ પ્રથમ પંક્તિનું યુનિવર્સિટી શિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

મરહૂમ શ્રી તૈયબજીના કુટુંબને અમે આદરપૂર્વક દિલસોજી પાઠવીએ છીએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २२–९–१९०६

૪૫૩. ટ્રાન્સવાલવાસી હિંદીઓએ કરેલો વિરોધ

જૂના એમ્પાયર થિયેટરમાં મળેલી હિંદીઓની મોટી સભાનાં[1] પરિણામ ક્યારનાં આવવા લાગ્યાં છે. ધિ રૅન્ડ ડેલી મેલ અખબારે ટ્રાન્સવાલ ડ્રાફ્ટ ઑર્ડિનન્સ સામેની ચળવળ જે જોહાનિસબર્ગમાં હાલમાં થયેલા મહાન દેખાવોમાં પરિણમી, તેની બંગભંગની ચળવળ સાથે ખોટી સરખામણી કરીને ઠેકડી ઉડાવી છે. એ ઠેકડી પરથી જણાય છે કે એ સભાનું મહત્ત્વ વરતાવા લાગ્યું હતું. સભાની વાત પર સ્ટાર પત્ર તો પાગલ બની ગયું છે. બ્રિટિશ હિંદીઓએ આ ઑર્ડિનન્સ સામે સત્યાગ્રહ કરવા જે સંકલ્પ કર્યો છે તેના જવાબમાં તેમને ટ્રાન્સવાલમાંથી બળપૂર્વક ઉચાળા ભરાવવાની ચળવળ શરૂ કરવા તે દક્ષિણ આફ્રિકી લોકોને, ઉશ્કેરે છે.

ડેલી મેલ પત્રે કે સ્ટાર પત્રે ઑર્ડિનન્સનો અભ્યાસ કરવાની કે તેને સમજવાની તસ્દી લીધી નથી. એમને મન તો એ નોંધણીની નિર્દોષ અમલ બજવણી છે. જો ઑર્ડિનન્સને નોંધણી માટેના ઑર્ડિનન્સનું ખોટું નામ આપવાને બદલે એનું યોગ્ય નામ આપ્યું હોત, એટલે કે, એને "શંકાસ્પદ અગર ગુનેગાર લોકની ઓળખ માટેનો ઑર્ડિનન્સ" એવું નામ આપવામાં આવ્યું હોત તો અમારાં સમકાલીન પત્રોને કદાચ એની ભયાનકતા પ્રત્યક્ષ થાત. ડેલી મેલ કહે છે તેમ સરકાર પર એવો આરોપ મૂકવાની જરૂર નથી કે તે ઇરાદાપૂર્વક, વગર જરૂરે હિંદીઓનું અપમાન કરવા ઇચ્છે છે. પ્રસ્તુત ઑર્ડિનન્સ જે કાંઈ કહેવાનું છે તે પોતે જ કહે છે. એટલું સમજી લેવું જોઈએ કે પ્રમાણપત્રો ધરાવનારા હિંદીઓ પાસે તેમના તે દસ્તાવેજ સાથે સરખાવીને ઓળખવા માટે અંગૂઠાનાં નિશાન સહિતનાં વિગત દર્શાવનારાં પ્રમાણપત્રો ક્યારનાં મોજૂદ છે. હવે નવો ઑર્ડિનન્સ જોગવાઈ કરે છે કે હવે પછી, વખતોવખત બદલાતાં રહે એવાં નિયમનો ઘડીને, તે અનુસાર ઓળખાણનો વિધિ નક્કી કરવામાં આવશે.

૧. જુઓ "જાહેર સભા", પા. ૪૫૦–૫.

Gandhi Heritage Portal

સ્ટાર પત્ર અધિકારી વર્ગના વિશ્વાસમાં હોય એવું જણાય છે. તે આપણને જણાવે છે કે ઓળખની નવી પદ્ધતિ નોંધણી દાખલાનો ગેરઉપયોગ કે દુરુપયોગ થતો પકડી પાડવા માટે પૂરતી સખત હશે. સ્ટાર પત્રે આપેલી આ માહિતી સિવાય પણ એટલું અનુમાન કરવું યોગ્ય જ ગણાય કે નવી પદ્ધતિ વર્તમાન પદ્ધતિ કરતાં વધુ સખત હશે, કેમ કે મિ. ડંકને સ્તબ્ધ કરી દે એવા આત્મવિશ્વાસથી જણાવ્યું હતું કે, વર્તમાન પદ્ધતિ પરિસ્થિતિને પહોંચી વળવા પૂરતી નથી. અમને માનવાને કારણ છે કે મિ. ડંકનને, ઑર્ડિનન્સના પ્રથમ વાચનના સમય સુધી ચાલુ પદ્ધતિ વિષે માહિતી નહોતી. પરંતુ આ વાત તો મૂળ વાતની સાથે સાથે કરી છે અને તે ટ્રાન્સવાલમાં હિંદીઓને લગતી બાબતો વિષે સામાન્યત: જે અજ્ઞાન અને ઉપેક્ષા બતાવવામાં આવે છે તેની સાથે બરાબર બંધબેસતી છે.

બ્રિટિશ અમલ નીચે થયેલી પહેલી નોંધણી હિંદી કોમે સ્વેચ્છાએ કરાવી હતી. નિરહંકારી હિંદીઓના આ વિનયનો અર્થ સરકારે ખોટો કર્યો છે. એ સમજે છે કે આ લોક એવા નરમ સ્વભાવના છે કે કોઈ પણ દબાણ અને અપમાન સહી લેશે. જો સ્ટાર પત્ર માનતું હોય કે હિંદીઓ કોઈ પણ બદનામી વેઠી લેવા જન્મેલા છે તો, કાંઈ નહીં તો એના મનમાંથી એ ખ્યાલ કાઢી નાખવા માટે, એ પત્રને ઉશ્કેરી મૂકનારી જે સભા ભરાઈ તે ભરવાની જરૂર હતી.

ટ્રાન્સવાલવાસી હિંદીઓએ જે ગંભીર સંકલ્પ કર્યો છે તેમાંથી ડેલી મેલ પત્રે ઉડાવેલી હાંસીથી કે સ્ટાર પત્રે આપેલી બેફામ ધમકીથી એમણે ડગવાની જરૂર નથી. ધમકીઓ મળશે અને હાંસી થશે એમ તો ધાર્યું જ હતું. બેશક આપણી લડત પૂરી થતાં પહેલાં હજી ઘણી હાંસી થશે ને ઘણી ધમકીઓ મળશે. ટ્રાન્સવાલનાં જુદાં જુદાં કેન્દ્રોમાંથી અમને જે માહિતી મળે છે તે બતાવે છે કે પ્રસ્તુત ઐતિહાસિક સંકલ્પ અમલમાં મૂકવાનો નિશ્ચય પહેલાં હતો તેવો જ દૃઢ છે. અમારા દુ:ખી દેશબંધુઓને તેમની કસોટીમાં પ્રભુ સહાય કરો.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २२-९-१९०६

૪૫૪. ટ્રાન્સવાલનો પરમિટ કાનૂન

રાજ્ય વિ. ભાભા, એ મુકદ્દમામાં સુપ્રિમ કોર્ટે આપેલો ચુકાદો[1] અમે અન્યત્ર શબ્દશ: છાપીએ છીએ. એ યાદ હશે કે થોડા વખત પહેલાં શ્રી ઈ. એમ. ભાયાત પોતાની પાસેના જૂના વલંદા રાજ્યના નોંધણી દાખલાને આધારે ટ્રાન્સવાલમાં દાખલ થયા હતા. વૉક્સરસ્ટના મૅજિસ્ટ્રેટે નિર્ણય આપ્યો હતો કે આવો દાખલો શાંતિ-રક્ષા કાનૂન અનુસાર, ટ્રાન્સવાલમાં વસવા માટે કાયદેસરનો અધિકાર આપે છે. પછી ઍટર્ની જનરલે આ મુકદ્દમાની પુનર્વિચારણા કરવા સુપ્રિમ કોર્ટને અરજી કરી. પણ સુપ્રિમ કોર્ટે પુનર્વિચારણાની અરજી કાઢી નાખી અને પરિણામે શ્રી ભાયાતના મુકદ્દમામાં ઉઠાવેલો મુદ્દો અનિર્ણીત રહ્યો.[2]

અમે ઉપર જણાવેલા મુકદ્દમામાં સુપ્રિમ કોર્ટ સમક્ષ એ જ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, ને આ વખતે ટ્રાન્સવાલના સર્વોચ્ચ ન્યાયાલય પાસેથી સત્તાવાર નિર્ણય મેળવવામાં કશી મુશ્કેલી

૧. અહીં એ આપવામાં આવ્યો નથી.

૨. જુઓ "ટ્રાન્સવાલમાં પરમિટ કાયદાની સ્થિતિ," પા. ૪૦૩-૪.

Gandhi Heritage Portal

આવી નહીં. એ ચુકાદો બ્રિટિશ હિંદીઓની દલીલ વિરુદ્ધ આવ્યો છે, અને તેથી અમને નવાઈ નથી લાગી. પરંતુ આ મુકદ્દમામાં ઊઠેલા મુખ્ય મુદ્દા બાબત સુપ્રિમ કોર્ટનો નિર્ણય અપીલ કરનારની તરફેણમાં આવ્યો છે. અર્થાત્ પરમિટ ધારણ કરવાની બાબતમાં છૂટ મેળવવા માટે કરવામાં આવેલી અરજીની તપાસ કરીને મૅજિસ્ટ્રેટે દેશપારીનો હુકમ કર્યો હોય, તેથી જો તેમની સમક્ષ નવો વધારાનો પુરાવો રજૂ થાય તો પોતાના નિર્ણયની પુનર્વિચારણા કરવામાં મૅજિસ્ટ્રેટને બાધ આવતો નથી. પરંતુ સુપ્રિમ કોર્ટે ચુકાદો આપ્યો કે શ્રી ભાભાના મુકદ્દમામાં મૅજિસ્ટ્રેટનો નિર્ણય, જોકે તે ખોટા આધાર પર રચાયો છે, પણ સાચો છે. પરિણામે, જોકે અપીલ કરનાર તરફ સુપ્રિમ કોર્ટે ઘણી સહાનુભૂતિ દર્શાવી, પણ અનિચ્છા છતાં તેના ન્યાયમૂર્તિઓએ મૅજિસ્ટ્રેટ-નો સાદી કેદનો હુકમ માન્ય રાખ્યો. વડા ન્યાયમૂર્તિએ સૂચન કર્યું કે તાજે આ સજા માફ કરવી જોઈએ, કેમ કે મુકદ્દમો કસોટી માટે ઊભો કરેલો હતો. વડા ન્યાયમૂર્તિ તથા ન્યાયમૂર્તિ મેસન બંનેનો એ વિચાર છે કે શ્રી ભાભા પાસે જૂનો વલંદા નોંધણીનો દાખલો હોવાથી એમને પરમિટ કાઢી આપવી જોઈએ. લેફ્. ગવર્નરે દયા બતાવવાનો પોતાનો ખાસ અધિકાર વાપરીને શ્રી ભાભાને થયેલી શિક્ષા રદ કરી છે, ને શ્રી ભાભાને વગર હરકતે ટ્રાન્સવાલમાં રહેવા દેશે એવો ઘણો સંભવ છે. એટલે છેવટે, એક વ્યક્તિને લાગેવળગે છે તેટલે અંશે, ન્યાય મળી રહેશે.

પરંતુ હિંદીઓની પરિસ્થિતિ સાથે આ મુકદ્દમો અગત્યનો સંબંધ ધરાવે છે. એ બતાવે છે કે શાંતિ-રક્ષા ઑર્ડિનન્સના અમલમાં કાંઈક બહુ ગંભીર પ્રકારની ખામી રહેલી છે. મિડલબર્ગ ખાતે મળેલા હિંદી પ્રતિનિધિમંડળને લૉર્ડ સેલબૉર્ન તરફથી ગંભીર વચન મળેલું છે કે યુદ્ધ પૂર્વે ટ્રાન્સવાલમાં વસેલા હતા તે બધા હિંદીઓને દેશમાં દાખલ થવા દેવામાં આવશે.[1] સંસ્થાન મંત્રી તરફથી આપણને ખાતરી મળેલી છે કે આવા રહીશોને દેશમાં પ્રવેશ કરવાનો હક છે, અને તેમ છતાં શ્રી ભાભાને ટ્રાન્સવાલમાં દાખલ થતાં ઘણીઘણી મુશ્કેલી પડી તે આપણે જોયું. એવા ઘણા દાખલા છે જેમાં નોંધણી દાખલાનો પુરાવો હોવા છતાં માણસો પરમિટ મેળવી શક્યા નથી. તો શું અમે એવી આશા ન રાખીએ કે લૉર્ડ સેલબૉર્ને આપેલી બાંયધરીનો અમલ કરવામાં આવશે, અને આવા જે લોકો દરિયાકાંઠે લાંબા વખતથી રાહ જોતા બેઠા છે તેમને ટ્રાન્સવાલમાં પુનઃપ્રવેશની રજા મળશે?

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૯-૧૯૦૬

૧. સપ્ટેમ્બર ૪ના રોજ મિડલબર્ગ ખાતે લૉર્ડ સેલબૉર્નને માનપત્ર અર્પણ કર્યું ત્યારે તેમણે આ ખાતરી આપી હતી: જુઓ ઇન્ડિયન ઓપીનિયન, ૮-૯-૧૯૦૬.

Gandhi Heritage Portal

૪૫૫. હિંદી ઓરતોને ટ્રાન્સવાલમાં હલાકી

હિંદી ઓરતોને ટ્રાન્સવાલમાં પરમિટની તકલીફ થયા જ કરે છે. અમારા અંગ્રેજી વિભાગમાં એક કેસની હકીકત અમે આપીએ છીએ. મંગરે તથા તેની ઓરત પુનિયા બન્ને તા. ૧૪મી સપ્ટેમ્બરે ટ્રાન્સવાલ જતાં હતાં. વૉક્સરસ્ટમાં તપાસનાર પોલીસે ઓરતને ઉતારી મૂકી, કેમ કે તેની પાસે નોખી પરમિટ ન હતી. મંગરેએ પોતાની પરમિટ તથા રજિસ્ટર બતાવ્યાં. રજિસ્ટરમાં ઓરતનું નામ પણ હતું છતાં ઓરતને જવાની રજા ન આપી. તેથી ધણીધણિયાણી બન્ને ઊતર્યાં અને કેદ રહ્યાં. તા. ૧૫મીએ કેસ ચાલ્યો તેમાં પોલીસ અમલદારે એવી જુબાની આપી કે તેનો હુકમ ઓરતો અને ગમે તે ઉંમરનાં છોકરાં હોય તેને જો પરમિટ ન હોય તો પકડવાનો હુકમ છે, પછી તે તેઓના ધણી અથવા માબાપની સાથે હોય યા ન હોય. જુબાનીમાં એમ પણ માલૂમ પડયું કે ઓરત ૧૯૦૨ના મે માસની ૩૧મી તારીખે ટ્રાન્સવાલમાં હતી. આમ છતાં મૅજિસ્ટ્રેટે, ઓરતે જુબાની નહીં આપી તેથી, તે જ દહાડે સાત વાગતાં પહેલાં દેશબહાર જવાનો હુકમ કર્યો. આમ સરકારી રાજ્યમાં ઓરતોને મરદથી અને છોકરાંઓને માબાપથી છૂટાં પાડે છે. આ બાબત ચાંપતા ઉપાય લેવાની જરૂર છે. અમે આશા રાખીએ છીએ કે આ કેસ જરૂર જણાય તો સુપ્રિમ કોર્ટ આગળ લઈ જવામાં આવશે. આવા કાયદાને શરણ થવું તેના કરતાં મરદોએ જેલ ભોગવવી એ હજાર દરજજે સારું એમ અમે માનીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२–९–१९०६

૪૫૬. જોહાનિસબર્ગનો[1] પત્ર

ટ્રાન્સવાલની ગંજાવર મીટિંગ

રૅન્ડ ડેલી મેલ કહે છે કે એમ્પાયર થિયેટરમાં જે હિંદીની મીટિંગ થઈ તેવી ભાગ્યે જ ટ્રાન્સવાલમાં થઈ હશે. એમ્પાયર થિયેટર ચિકાર ભરાઈ ગયું હતું. ઓછામાં ઓછા ત્રણ હજાર માણસો હાજર હતા. ઘણા માણસો અંદર પેસી નહીં શકેલા. દુકાનદાર તેમ જ ફેરીવાળા બધાએ દસ વાગ્યેથી કામ બંધ કરેલું. જોકે દરવાજા બે વાગ્યે ખોલવાના હતા છતાં માણસો અગિયાર વાગ્યાથી ભરાવા લાગ્યા. બાર વાગ્યે થિયેટર ખુલ્લું મૂકવાની જરૂર પડી. દોઢ વાગ્યે એ મોટા થિયેટરમાં માણસોને પેસવાની જગા ન હતી. આટલા બધા માણસો હોવા છતાં કોઈ કંઈ તકરાર નહોતું કરતું. તમામ જગાએ શાંતિ હતી. સૌ ધીરજથી કામ શરૂ થવાની રાહ જોઈને બેઠા અથવા ઊભા હતા. આવી મીટિંગ ને આવો જુસ્સો હિંદીઓમાં કદી જોવામાં આવ્યો નથી.

જોકે આ બધું હિંદીની ઉપર પડતા જુલમની નિશાની બતાવે છે, તોપણ એમ કબૂલ કરવું જોઈએ કે આવી મીટિંગ થઈ તેનો મુખ્ય જશ હમીદિયા ઈસ્લામિક સોસાયટીને ઘટે છે. આ સોસાયટીનો હૉલ હિંદુમુસલમાન બધાને સારુ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તેમાં અઠવાડિયા

૧. "ખાસ રિપોર્ટ" તરીકે બહાર પડ્યો હતો.

Gandhi Heritage Portal

અગાઉથી મીટિંગો થયા કરતી હતી અને બધા આગેવાન હિંદીઓ ભેળા મળી મસલત કરતા હતા. ઘણી વખત મીટિંગ રાતના બાર વાગતા સુધી ચાલતી હતી. હમીદિયા સોસાયટીનો ધડો દક્ષિણ આફ્રિકામાંની બધી જુવાન સોસાયટીએ લેવાનો છે.

આવી મીટિંગમાં ઘણે ઠેકાણેથી પ્રતિનિધિઓ આવેલા. મિડલબર્ગ, સ્ટૅન્ડરટન, ક્લાર્કસડૉર્પ વગેરેથી લાગણીના તથા મીટિંગની સાથે મળતાપણાના તાર અથવા કાગળો આવેલા. કૉલોનિયલ સેક્રેટરી તથા મિ. ચમનીને મીટિંગમાં હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. મિ. ચમની હાજર હતા અને તેમને પ્રમુખની જમણી બાજુએ ખુરશી આપી હતી. એ સિવાય પ્રિટોરિયાના વકીલ મિ. લિકટન્સ્ટાઇન, મિ. ઇઝ્રાયલસ્ટ્રામ, મિ. લિટમૅન લૅન્ડ્ઝબર્ગ, મિ. સ્ટુઅર્ટ કૅમ્પબેલના મૅનેજર વગેરે ગોરાઓ હાજર હતા. ત્રણે છાપાંના રિપોર્ટરો પણ આવ્યા હતા.

બરાબર ત્રણ વાગતાં પ્રમુખ શ્રી અબદુલ ગનીએ પોતાનું ભાષણ શરૂ કર્યું. સૌને એમ લાગ્યું કે શ્રી અબદુલ ગનીએ આ વખતે અવધિ કરેલી. તેમનું ભાષણ સરસ હિંદુસ્તાનીમાં ટૂંકું તથા છટાદાર હતું. તેમણે જે હકીકત સંભળાવી તે બધી બરાબર મધ્યમસર છતાં જુસ્સા-વાળી હતી. તેમનો સાદ ઊંચો તથા બધે બરાબર સંભળાય તેવો હતો. લોકોએ તેમના ભાષણને તાળીથી વધાવી લીધું હતું. જ્યારે જેલમાં જવાની વાત તેમણે કરી ત્યારે સૌ એક અવાજે બોલ્યા કે "અમે જેલમાં જઈશું પણ ફરી રજિસ્ટર નહીં લઈએ."

શ્રી અબદુલ ગનીનું ઇંગ્રેજી ભાષણ દાક્તર ગૉડફ્રેએ વાંચી સંભળાવ્યું.

શ્રી નાનાલાલ શાહ

પહેલો ઠરાવ રજૂ કરવાનું કામ શ્રી નાનાલાલ વાલજી શાહના હાથમાં હતું. શ્રી શાહનું ભાષણ ઇંગ્રેજીમાં હતું. તેનો સાર નીચે પ્રમાણે હતો:

> આજે આપણે ઘણા ગંભીર કામને સારુ મળ્યા છીએ. મિ. ડંકન બોલી ગયા છે કે આ નવા કાયદાની જરૂર છે; તેનું કારણ એમ બતાવે છે કે જે રજિસ્ટરો નીકળ્યાં છે તે વેચાય તેવાં છે અને તેની ઉપરથી જેને હક નથી તેવા માણસો આવે છે. હવે આપણે દાખલો બૅંકનો લઈએ. જો કોઈ બૅંકને માલૂમ પડે કે કેટલીક ખોટી નોટો તેના નામની ચાલે છે તો તે બૅંક બધી નોટો રદ કરશે? આપણને મિ. ડંકન કહે છે કે તમારાં રજિ-સ્ટર ખોટાં છે, છતાં અમે બદલી આપીશું. આ કેવો કાયદો? પણ હું એમ કહેવા માગું છું કે રજિસ્ટર ખોટાં નથી. (પોતાનું રજિસ્ટર કાઢી શ્રી શાહ બોલ્યા) આ રજિસ્ટરમાં મારું નામ છે, મારી ઓરતનું નામ છે, મારી જાત છે, મારો ધંધો છે, મારી ઊંચાઈ છે, મારી ઉંમર છે. (અને કાગળ પછાડીને કહ્યું) તેની ઉપર મારો અંગૂઠો છે. શું આટલું બસ નથી? શું આ રજિસ્ટર કોઈ બીજો માણસ વાપરી શકે તેમ છે? હવે શું આપણા કપાળમાં ડામ દેવાને સરકાર માગે છે? હું મારું રજિસ્ટર કદી આપી દઈશ નહીં. હું રજિસ્ટર નહીં થાઉં. મને તેમ કરવા કરતાં જેલ પસંદ છે ને હું ત્યાં જઈશ. (તાળીઓ)

મિ. સી. કે. ટી. નાયડુએ શ્રી શાહને ટેકો આપ્યો અને તામિલ ભાષામાં તામિલ લોકોને સમજાવ્યા.

શ્રી અબદુલ રહમાન

બીજા ઠરાવને ટેકો દેવા [કે રજૂ કરવા?] ઊભા થયા. તેમણે ટૂંકામાં જણાવ્યું કે બ્રિટિશ સરકારના રાજ્યમાં આપણને ડચ સરકાર કરતાં વધારે જુલમ જણાય છે. સર હેનરી

Gandhi Heritage Portal

કૉટને કહ્યું છે કે જ્યારે ડચ સરકાર આપણને ચાબુક મારતી હતી ત્યારે બ્રિટિશ સરકાર વીંછીના ડંખ[1] મારે છે.

દાક્તર ગૉડફ્રે

શ્રી અબદુલ રહમાનને ટેકો આપતાં બોલ્યા કે:

લૉર્ડ મિલ્નર, લૉર્ડ રૉબર્ટ્સ, મિ. ચેમ્બરલેન વગેરેએ જે મોટાં વચનો આપણને આપેલાં તેની ઉપર પાણી ફર્યું છે. (શરમ)

હિંદી કોમે ડરબનના[2] હિંદી નિશાળિયાઓને મરહૂમ મહારાણીની છબી આપેલી તે બતાવી દાક્તર બોલ્યા કે:

આ મહારાણીને આપણે પૂજીએ છીએ. તેના ઢંઢેરા ઉપર ટ્રાન્સવાલ સરકારે પાણી ફેરવ્યું છે. બ્રિટિશ વાવટાની તળે સરખા હક, સ્વતંત્રતા તથા ન્યાય મળવાં જોઈએ, પણ આપણને ગુલામગીરી, અન્યાય અને હક છીનવવાપણું મળે છે. (અફસોસ). હું બિલકુલ કબૂલ કરતો નથી કે ઘણા હિંદીઓ વગર પરમિટે અથવા ખોટી પરમિટે આવ્યા છે. હું મિ. લવડે તથા તેના ભાઈબંધોને જણાવું છું કે તેઓમાં હિંમત હોય તો ભલે તેઓ તેથી ઊલટું સાબિત કરી આપે. આવો જુલમ સહન કરનાર આપણે નથી. તેમ કરવા કરતાં આપણે જેલમાં જઈશું. કોઈ એમ ન ધારે કે આપણે બીને ભાગી જઈશું. જો કાયદો પસાર થશે તો આપણે બધા કોર્ટમાં જઈને કહીશું કે અમને પકડો. (તાળીઓ)

પૉચેફસ્ટ્રૂમના મિ. ગેટાએ ગુજરાતીમાં બીજા ઠરાવને ટેકો આપ્યો.

શ્રી ઈસપ મિયાં

કામ ત્રીજો ઠરાવ રજૂ કરવાનું હતું. તેમણે જણાવ્યું કે:

ટ્રાન્સવાલમાં ઇંગ્રેજી રાજ્ય રશિયા કરતાં ખરાબ છે. હું પોતે પ્રિટોરિયા મિ. ડંકનને મળવા ગયેલો. તેમણે ઘણું કહ્યું હતું પણ કંઈ કર્યું નથી અને આપણને દગો દીધો છે. આપણે ડેપ્યુટેશન વિલાયત મોકલવાની જરૂર છે. ત્યાં આપણે રાડ પાડીશું પણ તે છતાં સરકાર નહીં સાંભળે તો આપણે જેલ જઈશું. હું ટ્રાન્સવાલમાં ઓગણીસ વરસ થયાં છું. પણ મેં જે જુલમ છેલ્લાં ત્રણ વરસમાં જોયો છે એવો કદી અગાઉ જોયો નથી.

આ ઠરાવને મિ. ઇબ્રાહીમ સાલેજી કુવાડિયાએ ટેકો આપતાં નીચે પ્રમાણે ભાષણ કર્યું:

એશિયાટિક ડ્રાફ્ટ ઑર્ડિનન્સ વિષે ચૅરમૅન વગેરે સાહેબો તરફથી બોલાઈ ગયું છે એટલે હું ધારું છું કે મારે એ વિષે બોલવાનું રહ્યું નથી. એટલું તો ચોક્કસ છે કે જે સરકારના રાજ્યમાં જુલમ નથી તે સરકારની રૈયત સુખી છે, અને તેમાં રૈયત અને સરકારને બન્નેને આરામ રહે છે. તે જ પ્રમાણે આપણા ઉપર લડાઈ અગાઉ માજી સરકારે (બોઅર ગવર્નમેન્ટે) એ જ આપણા ઇંગ્રેજ મિત્રોના ઉશ્કેરવાથી જુલમી કાયદાઓ બાંધેલા, પણ માજી સરકારના દિલમાં રહેમની નજર આપણા ઉપર હતી તેથી તેણે તે

૧. ૧૯૦૪ની સાલમાં મુંબઈમાં ભરાયેલી હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના ૨૦મા અધિવેશન પ્રસંગે તેમણે કહ્યું, "હિંદી વસાહતીઓ જોડેના વર્તાવમાં (અંગ્રેજ રાજ્યકર્તાઓની) નાની સરખી લાકડી મિ. ક્રૂગરના દંડા કરતાં વધારે ભારે હતી. જ્યાં ક્રૂગર સજા કરવામાં ચાબુકનો ઉપયોગ કરતા ત્યાં પેલા લોકો વીંછીના ડંખથી સજા કરતા."

૨. જુઓ પુસ્તક ૩, પાન ૨૦૧-૨ અને પા. ૨૦૧ સામેનું ચિત્ર.

Gandhi Heritage Portal

કાયદો અમલમાં લીધેલો નહીં. તેની મહેરબાનીથી અંગ્રેજ સાથે લડાઈ થઈ ત્યાં સુધી અમે ચેનથી રહ્યા હતા. તો તે વિષે આપણે બોઅર ગવર્નમેન્ટનો અહેસાન માનવો જોઈએ. હવે જ્યારે આપણી સરકારે આ કૉલોની જીતી લીધું ત્યારે આપણે એવી ઉમેદ રાખતા હતા કે હવે તો આપણને સર્વે હકો મળશે ને તે પ્રમાણે આપણી સરકારે વાયદા પણ કરેલા; પણ કમનસીબે તેનાથી આપણે આજે ઊલટું જ જોઈએ છીએ ને આપણી સામે સહન ન થઈ શકે તેવા કાયદા બાંધે છે. એટલી આપણી ફરજ છે કે તે વાજબી કાયદાઓ આપણી સરકાર આમ લોકો વાસ્તે બનાવે તો તેને તાબે આપણે થવું જોઈએ. પણ આ તેમ નથી. આપણી સરકારે જ્યારથી આ કૉલોની જીતી લીધું ત્યારથી ખાસ આપણા ઉપર એક પછી એક સખત જાપ્તા મૂકે છે. ને તે આજ સુધી આપણે સહન કીધા; પણ હવે આપણો કોઠો ભરાઈ ગયો છે. જેમ નદીમાં રેલ આવે ને નદી ભરાઈ ગયાથી પાણી નદી બહાર નીકળી જાય છે એટલે નદીમાં જગા રહેતી નથી તેમ જ. હવે એવા જુલમી કાયદાઓને આપણા કોઠાઓમાં સહન કરવાની જગા રહી નથી. તેથી આપણે એ ડ્રાફ્ટ ઑર્ડિનન્સની સામે સખત રીતે પગલાં ભરવાં જોઈએ; જોકે એ વિષે આપણને એમ કહેવામાં આવે છે કે તમે મારી રૈયત છો, તેથી તમારા ફાયદા સારુ એ કાયદો બનાવીએ છીએ. તો એ વિષે હું એટલું જ કહું છું કે આપણી સરકાર આપણને બ્રિટિશ રૈયત બનાવતી નથી પણ એનાથી મૈયત બનાવવા માગે છે. તેથી જ શ્રી ઈસપ મિયાંએ એ વિષે વિલાયત ડેપ્યુટેશન મોકલવા જે દરખાસ્ત મૂકી છે તેને હું ટેકો આપું છું, કે જેમ બને તેમ જલદી વિલાયત ડેપ્યુટેશન મોકલી એ વિષે સખત લડત લેવી.

ક્રૂગર્સડૉર્પના શ્રી એ. ઈ. વાનિયાએ આ ઠરાવને ટેકો આપ્યો તેમ જ પ્રિટોરિયાના શ્રી મણિલાલ દેસાઈએ ટેકો આપી ભાષણ કર્યું.

જેલના ઠરાવો

શ્રી હાજી હબીબનું ભાષણ

શ્રી હાજી હબીબ જ્યારે ભાષણ કરવા ઊભા થયા ત્યારે તેમને મિજલસે તાળીથી વધાવી લીધા. તેમનું ભાષણ એવું તીખું તથા જુસ્સાવાળું હતું કે જેઓ ગુજરાતી નહીં સમજતા હતા તે પણ કહેતા હતા કે અમે તેના બોલવાનો ભાવાર્થ જાણી શકીએ છીએ. કેટલીક વેળા શ્રી હાજી હબીબ ઈંગ્રેજી ટુચકાઓનો ઉપયોગ કરતા હતા. તેમના ભાષણથી લોકો બહુ ઉશ્કેરાયા હતા. તેનો સાર નીચે પ્રમાણે છે:

ચોથો ઠરાવ તે સર્વથી જરૂરનો છે. તેની ઉપર બધો આધાર છે. આપણને જેલમાં જવામાં કંઈ શરમ જેવું નથી. તેમાં માન છે. શ્રી તિલક જેલમાં ગયા તે પહેલાં તેને બહુ માણસો નહીં ઓળખતા. હવે તેને આખી દુનિયા ઓળખે છે. ઈંગ્રેજ સરકાર પાસેથી ન્યાય મળવાનો નથી. તે આપણને મીઠા શબ્દોથી મારે છે; તેથી આપણે છેતરાવાનું નથી. આપણને "સિમ્પથી" આપે છે, પણ આપણે "સિમ્પથી" (લાગણી) નથી માગતા; આપણે "જસ્ટિસ" (ન્યાય) માગીએ છીએ. અંગ્રેજ બીજાને શિખામણ દેવા તૈયાર થઈ જાય છે. ક્રિશ્ચિયન પ્રજાને સારુ લગાડવા તૈયાર થાય છે. જુઓ, તુર્કીનો મામલો. તુર્કીના ઉપર શિરજોરી કરતાં ઈંગ્રેજ પાછા હઠતા નથી. ને તે પોતાની રૈયતને સારુ નહીં. અહીં પણ

Gandhi Heritage Portal

પારકી રૈયત પણ ગોરી અથવા ક્રિશ્ચિયન હોય તેને આવવાની છૂટ છે. ગોરા તો તેઓને મન જન્નતમાંથી આવ્યા છે, આપણે બીજી જગાએથી આવ્યા છીએ એમ તેઓ ધારે છે. આ કાયદો ઘણો જ ખરાબ છે. જો તે પસાર થશે તો હું સોગનપૂર્વક કહું છું કે હું કદી ફરી રજિસ્ટર નહીં કરાવું પણ પહેલો જેલમાં જઈશ. (તાળીઓ) તમને પણ હું તેવી જ ભલામણ આપું છું. તમે બધા સોગન ખાવા તૈયાર છો? (આખી મિજલસે ઊભા થઈ કહ્યું, હા અમે જેલ જઈશું.) આપણે આમ કરીશું તો જ ફાવીશું. ડચ સરકાર વખતે પણ અમે આવી અજમાયશ કરી હતી. એક વખત આપણા લગભગ ૪૦ માણસને વગર લાઈસન્સથી વેપાર કરવા સારુ પકડયા હતા. તેઓને મેં સલાહ આપેલી કે બધાએ જેલમાં રહેવું, પણ જામીન આપી છૂટવું નહીં. તે ઉપરથી બધા વગર જામીને પડયા રહ્યા. હું તરત બ્રિટિશ એજન્ટ પાસે ગયો. તેણે આ પગલું પસંદ કર્યું અને પોતે દાદ અપાવી. તે જ ઇંગ્રેજ સરકાર હવે રાજ્ય તેના હાથમાં આવ્યું એટલે આપણને પાછો જેલનો વખત આવ્યો છે. તો તેમાં જઈશું, જઈશું અને જઈશું.

સભાએ આ નિશ્ચય તાળીથી વધાવી લીધો.

શ્રી હાજી વજીર અલી

ચોથા ઠરાવને ટેકો દેવા ઊભા થયા ત્યારે આખી નાટકશાળા તાળીઓના અવાજથી ગાજી રહી. કેટલોક વખત થયા પછી જ તાળીઓ બંધ થઈ. પછી શ્રી અલી ઇંગ્રેજીમાં ગર્જના કરી બોલ્યા, તેનો સાર આપું છું :

હું જે ઠરાવને ટેકો દેવા ઊભો થયો છું તે ઠરાવ જેવોતેવો નથી; તેની જવાબદારી મોટી છે. હું અગિયાર છોકરાંનો બાપ છું, પણ તે જવાબદારી ઉપાડવા હું તૈયાર છું. જેમ મિ. હાજી હબીબ કહે છે તેમ હું પણ રજિસ્ટર ફરીથી કરાવવાને બદલે જેલમાં જઈશ ને તેમાં આબરૂ સમજીશ. આપણને સરકારે દગો દીધો છે. આપણી અરજીના જવાબમાં સરકારે કહ્યું કે અમે તમને જવાબ આપીશું. ડેપ્યુટેશનને પણ તેમ જ કહ્યું. છતાં ત્યાર બાદ બે દહાડે બિલ કાઉન્સિલમાં રજૂ કર્યું ને ચાર દહાડે પાસ કર્યું. (શરમ) તે બિલમાં ઓરતોને પણ રજિસ્ટર કરવી હતી. પણ હમીદિયા સોસાયટીની મહેનતથી તે તો કાઢી નાખ્યું. યુનિયન જૅક કાઢીને બોલ્યા કે :

હું બચપણથી શીખ્યો છું કે આ યુનિયન જૅક તળે મારું રક્ષણ હમેશાં થશે. આપણે તે પ્રમાણે આજે માગીએ છીએ. શહેનશાહ એડવર્ડે દિલ્હી-દરબાર વખતે કહ્યું કે આપણને રાણી સરકારની માફક તે હક આપશે, આપણો મરતબો જાળવશે. શું એ વચનમાં ટ્રાન્સવાલ નથી આવતું? આપણે અહીં વસેલા હિંદીઓ સુખશાંતિમાં રહી શકીએ એમ માગીએ છીએ. પરદેશી ગોરાઓ કરતાં આપણને વધારે હક હોવા જોઈએ. આપણે કેટલાક વગર પરમિટે દાખલ થયા હોઈશું તેને સારુ તેઓ બબડે છે. હું હિંમત ધરીને કહું છું કે મને ત્રણ સિપાઈ આપે તો હું હમણાં વગર પરમિટના ૧૦૦૦ ગોરાને પકડી આપું. હું પચીસ વરસ થયાં દક્ષિણ આફ્રિકામાં છું. મેં કેપમાં વોટના હક અને બીજા હકો ભોગવ્યા છે. જે જુલમ આપણા લોકો ઉપર મેં ટ્રાન્સવાલમાં જોયો છે તેવો કદી ક્યાંયે નથી જોયો, અને ટ્રાન્સવાલ હજુ તો ક્રાઉન કૉલોની છે. જ્યારે બોઅરના હાથમાં આ મુલક હતો ત્યારે બ્રિટિશ ગોરાઓ પોતાની અરજીમાં મારી સહી લેવા આવ્યા હતા.

Gandhi Heritage Portal

હવે તેઓ આપણી સામે થયા છે. તેઓની જેમ આપણે બંદૂક નથી લેવાની પણ તેઓની[૧] જેમ આપણે જેલમાં જઈશું. (તાળીઓ)

શ્રી મુનલાઈટ મુદલિયારે આ ઠરાવને તામિલ ભાષણ આપી ટેકો આપ્યો.

દાક્તર ગૉડફ્રેએ ટેકો આપતાં કહ્યું કે:

હિંદુસ્તાન એ બ્રિટિશ સલ્તનતનો તાજ છે તેમ આપણે જોહાનિસબર્ગની જેલમાં જઈને તે જેલનો તાજ બનીશું. આપણને પકડવા આવે તેટલી રાહ પણ નથી જોવાના.

શ્રી અસ્વાતે ટેકો આપતાં સહુને ભલામણ કરી કે સહુ હિંદીએ દેશમાં લખી મોકલવું કે આપણે બધા જેલમાં જવાની તૈયારી કરીએ છીએ.

ક્રૂગર્સડૉર્પના શ્રી એ. ઈ. છોટાભાઈએ ગુજરાતીમાં ટેકો આપ્યો ને જણાવ્યું કે ક્રૂગર્સ-ડૉર્પના લોકો રજિસ્ટર કરાવવાને બદલે જેલમાં જવા તૈયાર છે.

શ્રી ઉમરજી સાહેબે પણ ટેકો આપ્યો.

પિટર્સબર્ગના શ્રી તાર મહમદ તૈયબે જણાવ્યું કે પિટર્સબર્ગના લોકો પણ રજિસ્ટર કરાવવાને બદલે જેલમાં જવા તૈયાર છે.

શ્રી ઈમામ અબદુલ કાદરે પણ ટેકો આપ્યો.

જમાદાર નવાબખાને ટેકો આપતાં જણાવ્યું કે તેણે લડાઈમાં સરકારી નોકરી કરી છે. તે હવે રજિસ્ટર કરાવવાનું અપમાન સહન કરવા કરતાં જેલ પસંદ કરશે.

શ્રી ગાંધીએ કહ્યું કે જેલમાં રહેવાની સલાહ આપવાની જવાબદારી પોતા ઉપર છે. આ પગલું ગંભીર પણ જરૂરનું છે. તેમાં આપણે બીક નથી બતાવતા પણ બતાવીએ છીએ કે ભાષણો કરવાં, અરજીઓ કરવા ઉપરાંત કામ કરવાનો હવે વખત આવ્યો છે. લોકો ઠરાવ કરે છે તો પછી તેને વળગી રહેવાની જરૂર છે. અને જો વળગી રહેશે તો આપણે આજે જ જીત્યા છીએ. પછી આખી મીટિંગે ઊભા થઈ પોકારની સાથે જેલમાં જવાનો ઠરાવ પસાર કર્યો.

શ્રી ભીખુભાઈ ડી. મલિયાએ પાંચમો ઠરાવ રજૂ કર્યો ને ટૂંકું ભાષણ કર્યું. તેને પિટર્સ-બર્ગના શ્રી જુસબ હાજી વલીએ ટેકો આપ્યો.

આ સભાનું કામ સાંજના ૫-૩૦ વાગ્યે પૂરું થયું. પછી મિ. ચમની પ્રમુખની રજા લઈ ઊઠયા, અને આમંત્રણ આપ્યું તેને સારુ તેણે ઉપકાર માન્યો.

મિ. લાઈશનસાઈએ પ્રમુખનો ઉપકાર માનવાનો ઠરાવ રજૂ કર્યો અને જણાવ્યું કે આવી મીટિંગ તેણે કદી જોઈ નહોતી. તેણે ઉમેદ બતાવી કે લિબરલ પ્રધાનમંડળ ન્યાય આપશે. મિ. ઈઝરાઈલસ્ટ્રામે ટેકો આપ્યો અને લાગણી બતાવી તથા લડત જારી રાખવા ભલામણ કરી.

છતાં પાંચ મિનિટ કમ હતી ત્યારે મીટિંગ બરખાસ્ત થઈ, અને શહેનશાહ એડવર્ડને સારુ ત્રણ તાળીઓ પડી અને "ગૉડ સેવ ધિ કિંગ" ગવાયું. આ મીટિંગ હમેશાં હિંદીઓને યાદ રહી જશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २२–९–१९०६

૧. એવું લાગે છે કે અહીં "હેમ્પડન અને બનિયન જેવા જેલમાં જનારા બ્રિટનો અને દક્ષિણ આફ્રિકામાં બોઅર લોકો સાથે લડનારા બ્રિટનો વચ્ચે સરખામણી કરી છે."

Gandhi Heritage Portal

૪૫૭. લીડરને પત્ર

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૨૨, ૧૯૦૬

[શ્રી તંત્રી
લીડર

સાહેબ,]

ચાલુ માસના મારા તા. ૨૧ના પત્રમાં,[1] મેં વચન આપેલું કે પુનિયા નામે હિંદી સ્ત્રી સાથે થયેલા વર્તાવ અંગે મને સરકાર તરફથી જે જવાબ મળશે તે હું આપને જણાવીશ. રજિસ્ટ્રાર ઑફ એશિયાટિક્સને મેં મોકલેલા તારનો પાઠ નીચે પ્રમાણે છે:

> લીડર પત્રે એક નિવેદન પ્રસિદ્ધ કર્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે સ્ત્રીઓ પાસે જુદી પરમિટ કઢાવવાની આવશ્યકતાનું કારણ એ છે કે હિંદી લોક પત્નીઓ તરીકે એવી સ્ત્રીઓ અંદર લાવે છે કે જે તેમની પત્ની નથી હોતી, પણ ઘણી વાર શિથિલ ચારિત્ર્ય-વાળી સ્ત્રીઓ હોય છે. સદરહુ આરોપ આપની કચેરીને માન્ય છે કે કેમ તે કૃપા કરી તાર દ્વારા જણાવશો? આપનો ઉત્તર હું પ્રસિદ્ધ કરવા ઇચ્છું છું.

રજિસ્ટ્રારે નીચે મુજબ જવાબ આપ્યો છે:

> ચાલુ માસની તા. ૨૧ના તાર સંબંધે જણાવવાનું કે આપના તારમાં જેનો ઉલ્લેખ છે તેવું કોઈ નિવેદન આ ખાતાના કોઈ અમલદારે કર્યું નથી.

ડરબન ખાતેના આપના પત્રલેખકે જે કોમની આટલી ક્રૂર બદનક્ષી કરી છે તેને ન્યાય કરવા ખાતર હું વિશ્વાસ રાખું છું કે જે કર્મચારીએ, આપના પત્રલેખકે જણાવેલી માહિતી આપી હોય તેનું નામ આપ પ્રસિદ્ધ કરશો અથવા પોતે કરેલું નિવેદન પાછું ખેંચી લેવા તેને કહેશો.[2]

[આપનો ઇત્યાદિ,
મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २९-९-१९०६

૧. જુઓ "લીડરને પત્ર", પા. ૪૬૬-૭.

૨. ગાંધીજીના પત્રના જવાબમાં તા. ૯-૧૦-૧૯૦૬ના ટ્રાન્સવાલ લીડરમાં નીચેનો માફીપત્ર પ્રસિદ્ધ થયો હતો :

"ટ્રાન્સવાલ સંસ્થાનમાં પ્રવેશ માટે બ્રિટિશ હિંદી પ્રજાજનોને પરમિટ કાઢી આપવાની બાબતમાં તથા જે સ્ત્રીઓને પત્ની ગણાવવામાં આવે છે તે 'ઘણી વાર શિથિલ ચારિત્ર્યવાળી સ્ત્રીઓ' હોય છે, તે આરોપની બાબતમાં કેટલાક દિવસ પર પ્રસિદ્ધ થયેલાં નિવેદનો સંબંધમાં ગયા સોમવારનું નાતાલ મર્ક્યુરી લખે છે : 'ગયા માસની તા. ૨૧ના અમારા અંકમાં આવેલા એક લેખમાં, પુનિયા નામે હિંદી સ્ત્રીને પરમિટ નહીં હોવા માટે વોક્સરસ્ટ ખાતે કરેલી અટકાયતની ચર્ચા હતી. પ્રસ્તુત લેખનું અમુક લખાણ શ્રી ગાંધીની દૃષ્ટિએ ટ્રાન્સવાલવાસી હિંદી સ્ત્રીઓ પર ગેરવાજબી બદનક્ષી કરનાર છે ને પોતે તે લખાણથી નારાજ થયા છે. એ બનાવ બાબત ડરબન ખાતે અમને જે સાધન પ્રાપ્ત હતાં તેમની

Gandhi Heritage Portal

૪૫૮. પ્રવાસી પ્રતિબંધક અધિકારીને પત્ર

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૨૨, ૧૯૦૬

મુખ્ય પ્રવાસી પ્રતિબંધક અધિકારી
ડરબન

[સાહેબ,]

આ સાથે હું ટ્રાન્સવાલ લીડરમાંથી એક કાપલી બીડું છું. તેમાં ટ્રાન્સવાલમાં એશિયાઈ-ઓને પરમિટો આપવા બાબત ઘડવામાં આવેલાં કેટલાંક નિયમનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ટ્રાન્સવાલવાસી હિંદીઓ પોતાની પત્નીઓ તરીકે શિથિલ ચારિત્ર્યવાળી હિંદી સ્ત્રીઓ લઈ આવ્યા છે, (એ કારણે સ્ત્રીઓ માટે જુદી પરમિટ કઢાવવાનું આવશ્યક બન્યું છે.) એ કારણ એક પ્રવાસી ખાતાના અધિકારીએ લીડરના ડરબન ખાતેના પ્રતિનિધિને આપેલું કહેવાય છે. તે આપવા માટે આપના ખાતાનો કોઈ કર્મચારી જવાબદાર છે કે કેમ તે જણાવશો તો હું આપનો આભારી થઈશ.

હું એ જણાવી દઉં કે પ્રિટોરિયા ખાતે રજિસ્ટ્રાર ઑફ એશિયાટિકસને પણ મેં આજ વાત પૂછી છે અને એમણે એ નિવેદનનો ઇનકાર કર્યો છે.[1]

આપનો ઇત્યાદિ,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१०–१९०६

મારફત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો. પણ એ તો ખુલ્લું દેખાઈ આવશે કે જ્યાં શ્રી ગાંધી વસે છે ત્યાં જોહાનિસબર્ગ ખાતે ટ્રાન્સવાલને લગતી બાબતો વિષે પૂરી માહિતી મેળવવા જે સગવડો પ્રાપ્ત હોય–દા. ત. શ્રી ગાંધીને જે સગવડો પ્રાપ્ય હોય – તે જ સગવડો અહીં નાતાલ ખાતે ન હોય. અને કોઈ પણ પાયા વિનાના અથવા અતિશયોક્તિવાળા વક્તવ્યનું એ જ કારણ છે. ટ્રાન્સવાલમાં વસતા કોઈ હિંદીઓ શિથિલ ચારિત્ર્યવાળી સ્ત્રીઓને પોતાની પત્ની તરીકે દાખલ કરાવવા પ્રયાસ કરે છે, એ વાતનો શ્રી ગાંધી ભારપૂર્વક ઇનકાર કરે છે, આ સાબિત કરવા માટે એમણે સરકારી તથા ઇતર સાધનો દ્વારા તપાસ કરી છે અને તેનું પરિણામ ઇનકારમાં આવ્યું છે. આથી, પ્રસ્તુત કથન પાછું ખેંચી લેવું જોઈએ કારણ કે જાહેર પ્રજા આ જાણે એ સારું છે, અને વિશેષમાં શ્રી ગાંધી અમને ખાતરી આપે છે કે એમના જાણવામાં આવો એક પણ કિસ્સો નથી.'

"અમારા ડરબન ખાતેના ખબરપત્રીએ આપેલા સમાચારોને આધારે આવાં જ નિવેદન આ અખબારમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં, અને એવું અનુમાન કરી શકાય કે તે એ જ સાધનો દ્વારા મળ્યાં હશે; અને તેથી એ નિવેદનો પાછાં ખેંચવાની વાતને પણ એટલી જ પ્રસિદ્ધિ આપવી વાજબી ગણાય."

इन्डियन ओपीनियन, તા. ૧૩–૧૦–૧૯૦૬ના અંકમાં ઉપરનું લખાણ ઉતારવામાં આવ્યું હતું.

૧. જુઓ "લીડરને પત્ર", પા. ૪૭૮.

Gandhi Heritage Portal

૪૫૯. જોહાનિસબર્ગનો પત્ર

સપ્ટેમ્બર ૨૫, ૧૯૦૬

ગયું અઠવાડિયું હિંદી કોમને ટ્રાન્સવાલમાં દરદીને જેમ સનેપાત થયો હોય તેમ અને પથારીમાં વલોવાયા કરે તેવું ગયું છે. ડેપ્યુટેશન જવાનું હતું, બધું ચોક્કસ થયું હતું તેવામાં હવે માલૂમ પડયું છે તે પ્રમાણે લૉર્ડ સેલબૉર્નનો દ્વિઅર્થી કાગળ તોપના ગલોલારૂપે આવ્યો. ભંગાણ પડયું. સૌ એમ સમજ્યા કે દ્વારકાની છાપ લેવાનો કાયદો થઈ ચૂકયો. એટલે ડેપ્યુટેશન ન જાય એવો નિશ્ચય થયો. આમ મંગળવારની બપોર સુધી બન્યું. સાંજના હાઈ કમિશનર તરફથી ટેલિફોન મળ્યો કે લૉર્ડ એલ્ગિને કાયદો પસંદ કર્યો તેનો અર્થ એમ નહીં કે પાસ કર્યો. આ ઉપરથી વળી મંડાણ કર્યું. તે જ રાતે કેટલાક હિંદીઓએ મળી શ્રી હાજી વજીર અલીની મુલાકાત લઈ તેમની સંમતિ લઈ તેમને એકને જ ડેપ્યુટેશનમાં મોકલવાની કોમને ભલામણ કરવાનો વિચાર કર્યો. બુધવારે તે વિચાર પાર મૂકયો. પણ માણસ જાતનું જોર શેમાં નથી ચાલતું, એમ ગયે અઠવાડિયે દરેક હિંદીને સાબિત થયું. મિ. ગ્રેગરોવસ્કી તથા મિ. લિકટનસ્ટાઈનનો ખસૂસ મત પડયો કે ડેપ્યુટેશનમાં શ્રી ગાંધીએ તો જરૂર જવું જોઈએ અને ડેપ્યુટેશન મોકલવું, તેમાં તો શક જ નહીં. પ્રિટોરિયાથી પણ જમાત તરફથી એમ દબાણ થયું કે શ્રી ગાંધીએ લોકોમાં બીકથી કે લાલચથી ભંગાણ ન પડે અને નવાં રજિસ્ટર ન લેવાય તેટલા સારુ ટ્રાન્સવાલમાં રહેવું જોઈએ;—બીજી તરફથી એમ સલાહ આવી. નાતાલથી સખત તાર સૌને આવ્યા કે મૂળ વિચાર પ્રમાણે ડેપ્યુટેશન મોકલવાની ખાસ જરૂર છે. તેથી જુમાને દિવસે મીટિંગ ભરાઈ અને સર્વાનુમતે ઠરાવ થયો કે શ્રી અલી તથા શ્રી ગાંધી બન્નેએ જવું. શ્રી અબદુલ ગનીએ પણ જવું જોઈએ એમ સૌનો વિચાર હતો; પણ તેઓ સાહેબથી નહીં જઈ શકાય એવાં સબળ કારણો હોવાથી બહુ દિલગીરીની સાથે તે વિચાર માંડી વાળવો પડયો. શ્રી ગાંધીએ જવાનું કબૂલ કરતાં પહેલાં આગેવાન લોકોની પાસેથી ચોથા ઠરાવને ગમે તેટલી અગવડ છતાં વળગી રહેવાનો કાગળ લખાવ્યો. તે આવતા અંકમાં આવશે.

લૉર્ડ સેલબૉર્નનો બીજો કાગળ

ઉપર પ્રમાણે ઠરાવ થયો તેવામાં લૉર્ડ સેલબૉર્ન તરફથી કાગળ મળ્યો છે. તેમાં તેઓ સાહેબ વધારે ફોડ પાડી જણાવે છે કે નવું ઑર્ડિનન્સ આ અઠવાડિયે રવાના થવાનું છે અને વિલાયત પહોંચ્યા પછી બાદશાહી સહી આવવાની હશે તો આવશે. આમ હોવાથી બહુ ધાસ્તી રાખવાનું કંઈ કારણ રહેતું નથી. સંભવ એવો છે કે ડેપ્યુટેશન પાછું ફરતાં પહેલાં કાયદો મંજૂર થઈ પાછો નહીં ફરે.

ડેપ્યુટેશનનું ખર્ચ

ડેપ્યુટેશનનું ખર્ચ કમિટીએ નવસો પાઉંડ સુધી મંજૂર રાખ્યું છે. તેમાંથી પાઉંડ ૩૦૦ શ્રી અલીને તેમના ઘરખર્ચ વગેરે સારુ મંજૂર કર્યા છે. શ્રી અલીએ તે બાબત જણાવ્યું છે કે તેમાંથી કેટલાક પૈસાનો ખર્ચ જો તેમને જરૂર જણાશે તો જાહેર કામને સારુ પણ વિલાયતમાં

Gandhi Heritage Portal

કરશે. બાકીના છસો પાઉંડ તે ડેપ્યુટેશનના ખર્ચમાં વપરાશે અને તેનો વિગતવાર હિસાબ કમિટીને મળશે.

ડેપ્યુટેશનના મેમ્બરો

ડેપ્યુટેશનના મેમ્બર શ્રી ગાંધી વિષે આ જગાએ લખવાની જરૂર નથી. મી હાજી વજીર અલી ૧૮૫૩ની સાલમાં મોરિશિયસમાં જન્મ્યા હતા. તેમણે કેળવણી મોરિશિયસમાં લીધેલી. ૧૮૬૮ની સાલમાં તેમણે ધંધો શરૂ કર્યો અને કૉમર્શિયલ ગૅઝેટની ઑફિસમાં પ્રિન્ટર તરીકે દાખલ થયા. ૧૮૭૩ની સાલમાં ગોદીના ક્લાર્ક તરીકે કામ કર્યું અને ૧૮૭૬ની સાલમાં ચાર્લ્સ જેકબ અને સનને ત્યાં શિપિંગ કલાર્ક તરીકે દાખલ થયા. ત્યાર બાદ તેમણે મક્કા શરીફની મુસાફરી કરી અને હજ પઢયા. ૧૮૮૪ની સાલમાં કેપટાઉન ઊતર્યા અને ત્યાં પોતાનો સોડા વૉટર બનાવવાનો ધંધો ખોલ્યો. ૧૮૮૫ની સાલમાં તેમણે જાહેર કામ શરૂ કર્યું. મલાઈ લોકોનું કબ્રસ્તાન સરકાર બહુ છેટે લઈ જવા માગતી હતી, પણ મલાઈ લોકો તેની સામે થયા અને હુલ્લડ થવાની ધાસ્તી હતી; તે વખતે શ્રી અલી વચમાં પડયા, સમાધાન થયું અને કબ્રસ્તાનની જગા દૂર હતી તેને બદલે નજીકમાં મુકરર થઈ. શ્રી અલી કેપટાઉનમાં પાર્લમેન્ટ તેમ જ મ્યુનિસિપાલિટિના વોટર હતા. હમેશાં ચૂંટણી વખતે સારો ભાગ લેતા. કેપટાઉનથી ૧૮૯૨ની સાલમાં કિમ્બર્લી વગેરે જગાએ ગયેલ. ત્યાં કાળા લોકોની મંડળીના પ્રમુખ થયેલ. જ્યારે કેપનો ચૂંટણીનો કાયદો ફર્યો ત્યારે બાવીસ હજાર કાળા માણસની સહીની અરજી વિલાયત મોકલવામાં આવી હતી. તેમાં શ્રી અલીએ મુખ્ય ભાગ લીધો હતો. ૧૮૯૨ની સાલ પછીથી શ્રી અલી જોહાનિસબર્ગમાં વસેલા. ટ્રાન્સવાલમાં બ્રિટિશ એલચીઓ તથા બીજા જાહેર ગૃહસ્થોને હિંદીની સ્થિતિ બાબત શ્રી અલી મળેલા છે. તેમણે હમીદિયા ઈસ્લામિક સોસાયટીની સ્થાપના કરી છે અને હાલ તે સોસાયટીના પ્રમુખ છે. એ સોસાયટી બહુ સારું કામ કરે છે. તેમાં ઘણા મેમ્બરો થયા છે અને ઉત્સાહપૂર્વક સોસાયટીનું કામ ચાલે છે, તે સૌ કોઈની જાણમાં છે. શ્રી અલી બહોળા કુટુંબનું માણસ છે. તેમને અગિયાર છોકરાં છે અને પોતે છોકરાંઓને સરસ કેળવણી આપે છે.[1]

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૬–૧૦–૧૯૦૬

૧. "હાજી વજીર અલી", પા. ૪૬૬-૭ પણ જુઓ.

Gandhi Heritage Portal

૪૬૦. ડી. સી. માલ્કમને પત્ર

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૬, ૧૯૦૬

મહાશય, ડી. સી. માલ્કમ
ગવર્નરની કચેરી
જોહાનિસબર્ગ

વહાલા સાહેબ,

આ ઍસોસિયેશનને સંબોધીને લખેલા આપના ચાલુ માસની તા. ૨૪ના પત્ર સંબંધે આપ મને જણાવવા મહેરબાની કરશો કે, શું એનો અર્થ એવો છે કે તાર દ્વારા તાજની સંમતિ મળી ગઈ છે?

આપનો વિશ્વાસુ,
અબદુલ ગની
અધ્યક્ષ,
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१०–१९०६

૪૬૧. ડૉ. ઍડવર્ડ નન્ડીને પત્ર[1]

૨૧-૨૪ કોર્ટ ચેમ્બર્સ,
જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૬, ૧૯૦૬

[ડૉ. એડવર્ડ નન્ડી
જેકબ ચેમ્બર્સ
કોર્ટ રોડ
જોહાનિસબર્ગ]

વહાલા ડૉ. નન્ડી,

હું માનું છું કે હર કોઈ સંસ્થાનને પ્રવેશનું નિયમન, બ્રિટિશ પ્રજાજનોની બાબતમાં પણ, કરવાનો સંપૂર્ણ હક છે, પરંતુ એવી રીતે નહીં કે જેથી વર્ગભેદ ઊભો થાય.

આ લખાણનો આપ ઇચ્છો તેવો ઉપયોગ કરી શકશો.

આપનો,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ: એલ. જી. ફાઈલ નં. ૯૩: એશિયાટિક્સ

૧. આ પત્ર ડૉ. નન્ડીના નીચે આપેલા પત્રના જવાબમાં લખવામાં આવ્યો હતો: "નીચેની બાબતમાં આપનો અભિપ્રાય લખી મોકલવા વિનંતી છે: કોઈ દેશ અથવા સંસ્થાનને પોતાના પ્રદેશમાં

Gandhi Heritage Portal

૪૬૨. લીડરને પત્ર

[જોહાનિસબર્ગ,]
સપ્ટેમ્બર ૨૭, ૧૯૦૬

[શ્રી તંત્રી,
લીડર
સાહેબ,]

આપના પત્રમાં[1] પ્રસિદ્ધ થયેલ હિંદી સ્ત્રીઓની બદનક્ષી બાબત કરેલી પૂછપરછની હારમાળા પૂરી કરવા, હું આશા રાખું છું કે ડરબન ખાતેના મુખ્ય પ્રવાસી પ્રતિબંધક અધિકારીએ મને આપેલો નીચેનો જવાબ આપ આપના પત્રમાં છાપશો:

> સંસ્થાનપ્રવેશ સંબંધી નિયમનો ઘડવામાં ટ્રાન્સવાલ સરકારને જે કારણો માર્ગદર્શક થયેલાં તે અત્રે કોઈ જાણતું નથી. એટલે આ ખાતા તરફથી એ કારણો વિષે કંઈ કહેવામાં આવ્યું હોય એ અશકય છે.

[આપનો, ઈત્યાદિ,
મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]
इन्डियन ओपीनियन, ૬-૧૦-૧૯૦૬

દાખલ થતા કોઈ વિશિષ્ટ કોમ અથવા વર્ગના લોકોને, કાયદો કરીને અટકાવવાનો અધિકાર છે? ખાસ કરીને આવનારા લોકો એ જ રાજ્યની પ્રજા હોય ત્યારે.

"આપે મને કહ્યું હતું તેમ, જો આ બાબતમાં આપના મત વિષે ગેરસમજૂતી થઈ હોય તો તે ભ્રમ દૂર કરવો ઇચ્છવાજોગ છે. આનો જવાબ લખો ત્યારે એ જવાબનો, મને જરૂરી લાગે તો, ઉપયોગ કરવાની પરવાનગી આપશો તો રાજી થઈશ."

૧. જુઓ "લીડરને પત્ર", પા. ૪૬૬-૭.

Gandhi Heritage Portal

૪૬૩. ડૉ. એડવર્ડ નન્ડીને પત્ર[1]

૨૧-૨૪ કોર્ટ ચેમ્બર્સ,
જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૨૭, ૧૯૦૬

[ડૉ. એડવર્ડ નન્ડી
જેકબ ચેમ્બર્સ
કોર્ટ રોડ
જોહાનિસબર્ગ]

વહાલા ડૉ. નન્ડી,

વર્ગભેદનો મારો અર્થ એ છે કે એશિયાઈઓ, બિનગોરા લોકો, અગર હિંદીઓ તરીકે તેમને લાગુ પડે તેવા કોઈ કાયદા ન હોવા જોઈએ.

બધા કાનૂનનું ઘડતર, ચેમ્બરલેને આંકી આપ્યા પ્રમાણે, સર્વસામાન્ય સ્વરૂપનું હોવું જોઈએ.

તમારો,
(સહી) હ. મો. ગાંધી[2]
મો. ક. ગાંધી વતી

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ: એલ. જી. ફાઈલ નં. ૯૩: એશિયાટિક્સ

૪૬૪. કસોટીએ ચઢ્યા

ટ્રાન્સવાલના નવા એશિયાટિક ઑર્ડિનન્સ સંબંધમાં લૉર્ડ સેલબૉર્ન તરફથી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને સંબોધીને લખાયેલા પત્રોની નકલો અમે પ્રસિદ્ધ કરી શક્યા છીએ. તે પૈકી એકમાં કહ્યું છે કે લૉર્ડ એલ્ગિને પ્રસ્તુત ઑર્ડિનન્સને ક્યારની સંમતિ આપી દીધી છે, અને તેઓ નામદારને અમે મોકલવા માગીએ છીએ. એ પ્રતિનિધિમંડળને ઇંગ્લંડ મોકલવાથી કોઈ ઉપયોગી હેતુ સરે એમ લાગતું નથી.

લૉર્ડ એલ્ગિનના આ નિર્ણય બાબતમાં અમે ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓને અમારાં હાર્દિક અભિનંદન આપીએ છીએ. પ્રસ્તુત નિર્ણય સંસ્થાન ખાતાના લિબરલ પક્ષના વજીરને શોભે એવો નથી, ખાસ તો જ્યારે એ વાત યાદ કરીએ કે તેઓ એક સમયે હિંદના વાઈસરૉયની ગાદી પર બિરાજી ચૂકેલા છે. પરંતુ આપણને લૉર્ડ સેલબૉર્ને કહેલું છે કે અનિષ્ટમાંથી ઘણી વાર ઇષ્ટ સાંપડે છે, ને જો બ્રિટિશ હિંદી કોમ પોતાની જાતને વફાદાર રહે તો, એ અત્યંત ચોક્કસ છે કે લૉર્ડ

૧. "વર્ગભેદ" શબ્દનો ગાંધીજી શો અર્થ કરે છે એ મતલબના ડૉ. નન્ડીના પ્રશ્નના ઉત્તરમાં આ લખેલું. જુઓ "ડૉ. એડવર્ડ નન્ડીને પત્ર", પા. ૪૮૨.

૨. ગાંધીજીના જ્યેષ્ઠ પુત્ર, હરિલાલ ગાંધી.

Gandhi Heritage Portal

એલ્ગિનના મહત્ત્વભર્યા નિર્ણયમાંથી સારું જ પરિણામ આવશે. જોહાનિસબર્ગ ખાતે એમ્પાયર થિયેટરમાં – જે હાલ અસ્તિત્વમાં નથી – મળેલી મહાન સભાના ઐતિહાસિક ઠરાવ નં. ૪ માં[૧] નામદારે પ્રાણ પૂર્યો છે. પ્રસ્તુત ઠરાવ હવે કસોટીનો પથ્થર બનશે, ને તેના ઉપર ટ્રાન્સવાલ-વાસી હિંદીઓની રાષ્ટ્રીય અને સ્વમાનની ભાવના કસોટીએ ચઢશે. એ સ્પષ્ટ છે કે લૉર્ડ સેલ-બૉર્નની પ્રેરણાથી, લૉર્ડ એલ્ગિને હિંદીઓનું આવાહન ઉપાડી લીધું છે. હવે એક તરફ પાશવી બળ ગોઠવાશે, અને બીજી બાજુ સીધો સાદો નિષ્ક્રિય (Passive) પ્રતિકાર. બ્રિટિશ હિંદી-ઓનું ધ્યેય ન્યાયી છે, ને ચોથા ઠરાવનો અમલ કરવાથી, કાનૂનને લૉર્ડ એલ્ગિન તરફથી મળેલી અનુમતિ છતાં તેની ત્રાસદાયક શરતોને પાળવાની ના પાડવાથી, તથા કાનૂને કલ્પેલા "ગંભીર અને અનિયંત્રિત ગેરઇનસાફ"ને તાબે થવાનો ઇનકાર કરવાથી, એ ધ્યેય અનેકગણું ન્યાયી અને પવિત્ર બનશે. એ છેલ્લા કથનની બહુ માનપૂર્વક પુનરુક્તિ કરતાં અમે અચકાતા નથી, જોકે લૉર્ડ સેલબૉર્ન પોતાના એક પત્રમાં જણાવે છે કે કાનૂનથી આવો કોઈ ગેરઇનસાફ લાદ-વામાં આવે એ વાતમાં પોતે સહમત નથી. નામદારે અવારનવાર દર્શાવેલા વિચારો સાથે કાનૂન ઘર્ષણમાં આવતો નથી એવી ખાતરી નામદાર આપે છે તે આપણે સ્વીકારવી રહી. ઝિઓનિસ્ટ (યહૂદી) સભા સમક્ષ પોતે ઉદાત્ત વિચારો દર્શાવતી વખતે અને બોઅર યુદ્ધ પહેલાં ટ્રસ્ટીશિપની વાત કરતી વખતે તેમના મનમાં શું પડયું હતું તે તો તેઓ જ જાણે.

તે જ પ્રમાણે કાનૂન વિષે નામદારે આપેલા અભિપ્રાય બાબતમાં અમે વાંધો ઉઠાવવા રજા માગીએ છીએ; કાનૂન ન્યાયી છે કે નહીં તે જેમને તે પાળવાનો છે તેઓ જ જાણી શકે. બ્રિટિશ હિંદીઓના વિરોધનો લૉર્ડ સેલબૉર્ને જે જવાબ આપ્યો છે તેમાં એવી અનેક વાતો છે, જેને વિષે બ્રિટિશ હિંદીના દૃષ્ટિબિંદુથી દલીલ થઈ ચૂકી છે. હવે સમય, વાદવિવાદનો નહીં, પણ કાર્યનો છે.

પહેલી જાન્યુઆરીનો દિવસ નેક નામદાર સમ્રાટના લાખો પ્રજાજનો માટે આનંદદાયક આશાનો દિવસ હશે. તે જ પ્રમાણે ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓને માટે પણ એ તેવો જ દિવસ હશે; જોકે તે એ જ અર્થમાં નહીં હોય. તેમણે તેમના બળને સંગઠિત કરવું જોઈશે અને શક્તિનો સંગ્રહ કરવો જોઈશે. તે મહત્ત્વપૂર્ણ દિવસે એમણે અનિવાર્ય એવા ભાવિનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. હવે કોમ કસોટીએ ચઢી છે. આપણે આશા રાખીએ કે એના કાર્ય વડે, આખી દુનિયામાં નહીં તો, દક્ષિણ આફ્રિકામાં તો જરૂર હિંદીઓના ચારિત્ર્યનું પારખું થશે. પ્રસ્તુત ઐતિહાસિક ઠરાવ કરીને કોમની સભાએ એક જવાબદારી લીધી છે, તે ગમે તે ભોગે ટ્રાન્સવાલવાસી બ્રિટિશ હિંદીઓએ અદા કરવી જ જોઈએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २९–९–१९०६

૧. જુઓ "જાહેર સભા", પા. ૪૫૦–૫.

Gandhi Heritage Portal

૪૬૫. "ઓરતો ઉપર ધાડ"

પુનિયા કરીને ઓરતને વગર પરમિટે ટ્રાન્સવાલમાં દાખલ થવાના તહોમતથી તે બાઈ પોતાના ધણીની સાથે હતી છતાં પકડવામાં આવી હતી એ અમે જણાવી ગયા છીએ. તેના ધણીએ પુરાવો આપતાં બતાવ્યું હતું કે પુનિયાનું નામ પોતાના રજિસ્ટરમાં હતું, એટલું જ નહીં પણ તે બાઈ ૧૯૦૨ના મેની ૩૧મી તારીખે ટ્રાન્સવાલમાં હતી. આમ છતાં જે દહાડે કામ ચાલ્યું તે જ દહાડે માજિસ્ટ્રેટે પુનિયાને ગુનેગાર ઠરાવી સાત કલાકની અંદર હદબહાર થવાનો હુકમ કર્યો. પોલીસે જુબાની આપતાં જણાવ્યું કે તેમને ઓરત અને બચ્ચાંઓ ગમે તે ઉંમરનાં હોય છતાં અને ધણી અથવા માબાપની સાથે હોય તોપણ નોખી પરમિટ ન હોય તો પકડવાનો હુકમ છે. આ બધી હકીકત ત્રાસદાયક છે. ટ્રાન્સવાલના છાપામાં મિ. ગાંધીએ તે રજૂ કરી અને તેની ઉપર ડેલી મેલ મથાળે એમ મૂકયું છે તે નામના લખાણમાં લાગણી ભરેલી અને સરકારની વિરુદ્ધ સંખત ટીકા કરી તેથી દરેક જગ્યાએ શોરબકોર થઈ રહ્યો છે. પુનિયા માજિસ્ટ્રેટના હુકમની વિરુદ્ધ હદપાર ન થતાં વકીલની સલાહથી જોહાનિસબર્ગ તરફ ચાલી. તેને જર્મિસ્ટનમાં પકડી અને એક રાત વૉકસરસ્ટમાં કેદ રહેવું પડયું અને એક રાત જર્મિસ્ટનમાં. બંને ઠેકાણે કેમ જાણે મોટી ગુનેગાર હોય તેમ તેના પર જાપતો રાખવામાં આવ્યો હતો. સરકારે શરમાઈને પુનિયાની સામેનો કેસ ખેંચી લીધો છે. હિંદી કોમને આ કેસથી જે દરદ થયું છે તે બુઝાવાનું નથી.

પુનિયા છૂટી તેમાં નવાઈ નથી. પણ પરાણે. છતાં દુ:ખ ભોગવ્યું તેનો લાભ આખી હિંદી પ્રજા લેશે. અમારા સાંભળવા પ્રમાણે સરકારે બધી જગ્યાએ એવો હુકમ મોકલ્યો છે કે હિંદી ઓરતો તેઓના ધણી અથવા બીજા કોઈ પણ મરદની સાથે હોય તો તેની પાસે પરમિટ માંગવી નહીં. આ દાખલા ઉપરથી એ ધડો લેવાનો છે કે એમ્પાયર થિયેટરમાં કેદમાં જવા વિષે જે ઠરાવ કર્યો છે તે આપણને બહુ જોર આપનારો છે.

પુનિયાના કેસનો હજુ અંત આવ્યો નથી. દાઝયા ઉપર જેમ ડામ માર્યો હોય તેમ ટ્રાન્સવાલના લીડર છાપાએ એવી બિના જાહેર કરી છે કે હિંદી ઓરતોની પાસે પરમિટ માંગવાનું કારણ એ હતું કે ઘણા હિંદીઓ હલકી ઓરતોને પોતાની ઓરત છે એમ કહી ટ્રાન્સવાલમાં દાખલ કરતા હતા. આ વાત તદ્દન જૂઠી અને પાયા વિનાની છે એમ સૌ કોઈ હિંદી જાણે છે. આ ઉપરથી મિ. ગાંધીએ ટ્રાન્સવાલ લીડરને ઘણો સખત કાગળ લખ્યો છે. કૉલોનિયલ સેક્રેટરીને પુછાવ્યું કે લીડરનો લખનાર જે તહોમત હિંદીઓ ઉપર રાખે છે તે સરકાર માને છે કે કેમ. આના જવાબમાં કૉલોનિયલ સેક્રેટરીએ લખાવ્યું છે કે લીડરના માણસને કોઈ પણ ટ્રાન્સવાલના અમલદારે એવી જાણ કરી નથી. હજુ એ બાબત વધારે તપાસ ચાલી રહી છે અને અમે ઉમેદ રાખીએ છીએ કે તેનો અંત પૂરો આવે નહીં ત્યાં સુધી તે કામ ચાલુ રહેશે. ઓરતોનું આ પ્રમાણે અપમાન થાય અને હિંદી કોમ બેઠી રહે એ કદી ન બનવા જેવી વાત છે. જે પ્રજા પોતાની ઓરતજાતનું રક્ષણ નથી કરી શકતી તે પ્રજાની પદવી ભોગવવા લાયક ગણાય

Gandhi Heritage Portal

જ નહીં. હિંદુસ્તાનમાં પણ હિંદી પ્રજાએ ઘણું સહન કર્યું છે, છતાં ઓરતોનું અપમાન સહન કરી પ્રજા બેઠી રહી નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९-९-१९०६

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

પુનિયાનો કિસ્સો

કમનસીબ હિંદી સ્ત્રી પુનિયાની જોરદાર વકીલાત કરીને અમારા સમકાલીન પત્ર ધિ રૅન્ડ ડેલી મેલે આ બાબતને એવું મહત્ત્વ આપ્યું છે જે, આ કિસ્સાના સંજોગો જોતાં પૂરેપૂરું યોગ્ય છે.[1] શ્રી ગાંધીએ એક વસ્તુનો ઉલ્લેખ છોડી દઈને પ્રસંગની ગંભીરતાને ખરેખર હળવી ચીતરી છે એમ જણાય છે. પ્રસંગ એ હતો કે, આ બાઈને વૉક્સરસ્ટની કચેરીમાં દસ આંગળાંની છાપ આપવી પડી હતી, ને તે જ પ્રમાણે તેને ફરી જર્મિસ્ટનમાં કરવું પડયું હતું. આ કમનસીબ કિસ્સાનું સૌથી વધુ દુ:ખદ અંગ આ છે. હકીકતો બાબત કોઈ શંકાને કારણ ન હોવાથી, આ સ્ત્રીને અટકમાં લેનાર કૉન્સ્ટેબલ મૅકગ્રેગોરે જણાવેલાં નિયમનોનો બચાવ કરવાનો નિંદનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. અમને જાણીને દિલગીરી થાય છે કે આવા પ્રયાસમાં, અલબત્ત, અમારા ધારવા મુજબ, નિ:શંક અણજાણપણે, ધિ નાતાલ મર્ક્યુરીએ ટેકો આપ્યો છે. નાતાલ મર્ક્યુરીમાં આવેલા ફકરાનો સાર ટ્રાન્સવાલ લીડરને તારથી મોકલવામાં આવ્યો, જેના જવાબરૂપે[2] શ્રી ગાંધીએ હિંદી સ્ત્રીજાતિ પર થયેલા એ દુષ્ટ આરોપને નિંદનીય જૂઠાણું કહીને તેનો રદિયો આપ્યો. પછી એમણે 'રજિસ્ટ્રાર ઑફ એશિયાટિક્સ'ને તાર કર્યો, જેનો તેણે તરત જવાબ આપ્યો કે અખબારોમાં પ્રસિદ્ધ થયું છે તેવું કશું નિવેદન તેમના ખાતા સાથે સંબંધ ધરાવતા કોઈ અમલદારે કર્યું નથી. નાતાલ મર્ક્યુરી જે હંમેશાં ન્યાયી રીતે ચાલે છે, તે, અમે આશા રાખીએ છીએ કે આ બાબત જે કર્મચારીએ તેને નિવેદન આપ્યું હોય, તેનું નામ પ્રસિદ્ધ કરશે અથવા બદનક્ષીભરેલાં વચન પાછાં ખેંચશે.

જો પરમિટ ઑર્ડિનન્સ અંગેના વહીવટ બાબતનું અમારા જેટલું જ્ઞાન જાહેર જનતાને હોત તો તે પુનિયાના કેસની પૂરી ગંભીરતાને તથા એ બાઈ પર જ નહીં, પણ સમસ્ત હિંદી સમાજ પર જે ક્રૂર અન્યાય લાદવામાં આવ્યો છે તેને સમજી શકત. અમને એ માનવાને કારણ છે કે આ દુ:ખદ મુકદ્દમામાં કૉન્સ્ટેબલે આપેલી જુબાની, પ્રથમ જ એવી સત્તાવાર જાહેરાત

૧. ધિ રૅન્ડ ડેલી મેલે "છાપાંજોગ પત્ર", પા. ૪૬૪-૫ પ્રસિદ્ધ કરતી વેળા લખેલું :
"આ ફરિયાદમાં જણાવેલી કઠોરતા બ્રિટિશ હિંદી કોમના હૃદયને આઘાત પહોંચાડે છે. હિંદનો જનસમુદાય પોતાની જાતિની સ્ત્રીઓ વિષે જેટલો આદર રાખે છે તેટલો બીજી કોઈ પ્રજા રાખતી નથી. ટ્રાન્સવાલમાં કોઈ આવી નાજુક બાબત ઉપર કટુ લાગણીને ઉશ્કેરીને ઝઘડો પેદા કરવા અને સૌ જેને મુશ્કેલ પ્રશ્ન માને છે તેને વધારે મુશ્કેલ બનાવવા ઇચ્છતું નથી. અમને લાગે છે કે ગોરા લોકો પણ પુનિયાના કિસ્સા વિષે તપાસની તથા ખુલાસાની માગણી શ્રી ગાંધીએ કરી છે તેટલા જ જોરથી કરશે. એશિયાઈઓને આવતા રોકવા એવો દૃઢ નિશ્ચય છે ખરો, પણ જનતાએ સરકારને સ્ત્રીઓ સામે યુદ્ધે ચડવાની સત્તા નથી આપી."

૨. જુઓ "લીડરને પત્ર", પા. ૪૭૮.

Gandhi Heritage Portal

છે કે, બ્રિટિશ હિંદી સ્ત્રીઓએ, તેઓ પોતાના પતિ સાથે હોય ત્યારે પણ, પરવાના કઢાવવા જોઈએ. પુનિયાના પતિએ જુબાનીમાં ભારપૂર્વક કહ્યું હતું કે મારી પત્ની માટે પરમિટ કઢાવવી જોઈએ એ બાબતમાં મને કશી માહિતી નથી; છતાં આપણે માની લઈએ કે તે જાણતો હતો કે અલગ પરમિટ હોવી જોઈએ, તોપણ એ પ્રશ્ન તો વાજબી જ છે કે હિંદી સ્ત્રીઓને પરમિટની જરૂર જ શા માટે હોવી જોઈએ? પરમિટ ખાતાના મુખ્ય મંત્રીએ બહાર પાડેલી મુદ્રિત સૂચનાઓ જણાવે છે કે પરમિટ ધારણ કરનાર પતિઓની પત્નીઓને તેમના પતિથી અલગ પરમિટ કઢાવવાની જરૂર નથી, અને તે જ રીતે સોળ વર્ષ નીચેનાં બાળકોને તેમનાં માબાપની પરમિટથી અલગ પરમિટની જરૂર નથી. જો આમ જ હોય તો, હિંદી સ્ત્રીઓ, જેમને એક જ પરમિટ કાનૂન લાગુ પડે છે, તે જોતાં તેમને માટે અલગ સૂચનાઓ શા માટે કાઢવી જોઈએ?

હિંદી સ્ત્રીઓ બાબતમાં નિશ્ચિત લેખી સૂચનાઓ કાઢવામાં આવે તોપણ, અમારા મત મુજબ બ્રિટિશ હિંદીઓની મોટામાં મોટી ફરજ એ હશે કે હિંદી સ્ત્રીઓ માટે એવી કોઈ અલગ પરમિટ ન લેવી* અને એવી પરમિટ કઢાવતાં જે અપમાન અને હીણપત રહેલાં છે તેથી હિંદી સ્ત્રીઓનું રક્ષણ કરવું. શું હિંદી સ્ત્રીઓએ જુદી અરજી કરવાની છે? તેમણે અંગૂઠાની છાપ પાડી આપવાની છે? એશિયાટિક કચેરીને જોઈતી કેફિયતો આપવા માટે તેણે જસ્ટિસ ઑફ ધિ પીસને ત્યાં અડધો ડઝન ધક્કા ખાવાના છે? શું તેમણે અમે અમારા પતિની પત્નીઓ છીએ એવી ઍફિડેવિટો કરવાની છે? અને વળી, કદાચ, પોતે શરણાર્થી છે એવું પણ તેણે સાબિત કરવું પડશે, કેમ કે, એશિયાટિક કચેરી-નો શું એ નિયમ નથી કે બ્રિટિશ હિંદી શરણાર્થી સિવાય બીજા કોઈને પરમિટો કાઢી આપવાની નથી? વળી એમ ધારો કે કોઈ પત્નીની અરજી વિલંબમાં પડી કે નામંજૂર થઈ, તો શું કાયદેસર પરમિટ ધારણ કરનાર પતિએ એની પત્નીની અરજી મંજૂર થતા સુધી સંસ્થાન બહાર રહેવાનું છે? અગર તો જો એની પત્નીની અરજી નામંજૂર કરવામાં આવે એ સ્થિતિમાં શું પતિએ સદંતર સંસ્થાન બહાર રહેવાનું છે? દક્ષિણ આફ્રિકામાં કદી પણ હિંદી સ્ત્રીત્વની કોઈ પણ જાતની બદનામી કરવામાં આવી નથી, સિવાય કે હમણાં પહેલી જ વાર એક નનામા ઇમિગ્રેશન અમલદારની પાપી કલ્પનામાં કરવામાં આવી છે. પરંતુ, જો કદાચ હિંદના કોઈ દીનહીન લોકો સંસ્થાનમાં શિથિલ ચારિત્ર્યની સ્ત્રીઓ લઈ આવે તો એથી જોહાનિસબર્ગમાં વસતા સેંકડો પ્રામાણિક હિંદી વસાહતી-ઓની પત્નીઓને પરમિટ કચેરી માગે તેવી દુઃખદ વિધિઓને હવાલે કરવી એ શું વાજબી ગણાય? જે સૂચનાઓ કાઢેલી કહેવાય છે તેમની બાબતમાં સત્તાવાળાઓ જો આગ્રહ રાખશે તો, અમે વગર અચકાયે કહીશું કે એ આગ સાથે ખેલ ખેલવા જેવું થશે, અને તેમાંથી એવી સ્થિતિ ઊભી થાય કે જેને માટે તેમને તથા અન્ય દક્ષિણ આફ્રિકીઓને અત્યંત દિલગીર થવાને કારણ મળે.

રૅન્ડ ડેલી મેલના અગ્રલેખના લેખકની ભાવનાઓનો અમે ફરીથી એક વાર ભારપૂર્વક પડઘો પાડીએ છીએ કે બિચારી પુનિયાને જે સખતી સહન કરવી પડી હતી તે બ્રિટિશ હિંદીઓના હૃદયની સૌથી કોમળ લાગણીઓને અત્યંત આઘાત પહોંચાડે છે. અમે માનીએ છીએ કે આ કિસ્સા તરફ ખાસ ધ્યાન ખેંચીને એ પત્રે લોકસેવા કરી છે. અમે આશા રાખીએ છીએ કે, કૉન્સ્ટેબલ મૅકગ્રેગરે જેનો નિર્દેશ કર્યો છે તે હુકમો રદ કરતી ચોક્કસ સૂચનાઓ સત્તાવાળાઓ કાઢશે તથા તે સૂચનાઓની શક્ય તેટલી બહોળી જાહેરાત કરશે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २९-९-१९०६

Gandhi Heritage Portal

૪૯૯. ટ્રાન્સવાલનો પરમિટ કાનૂન

ગઈ ૧૫મી તારીખે શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ હેઠળ વૉકસરસ્ટ ખાતે મૅજિસ્ટ્રેટ આગળ કોઈ એક હાફેજી મૂસા તથા તેના પુત્ર મહમદ હાફેજી મૂસા સામે કામ ચાલ્યું. પિતા સામે આરોપ એ હતો કે એણે એના પુત્રને (જેની વય ૧૧ વર્ષથી નીચે હોવાનું સ્વીકારાયેલું હતું) અયોગ્ય રીતે પ્રાપ્ત કરેલી પરમિટ હેઠળ ટ્રાન્સવાલ આવવા મદદ કરી હતી, અને પુત્ર સામે આરોપ એ હતો કે અયોગ્ય રીતે પ્રાપ્ત કરેલી પરમિટ હેઠળ એ સંસ્થાનમાં દાખલ થયો હતો. જુબાની એવી મતલબની પડી હતી કે પિતા-પુત્ર તા. ૫ જુલાઈના રોજ ભેગા મુસાફરી કરતા હતા અને વૉકસરસ્ટમાં થઈને જતા હતા, ત્યાં તેમની તપાસ થઈ. પિતાએ પોતાની પરમિટ રજૂ કરી, અને પુત્રે, એમ કહેવાય છે કે, ભૈમા નામની વ્યક્તિને આપવામાં આવેલી પરમિટ રજૂ કરી. તપાસ કરનાર કૉન્સ્ટેબલ એમ ન કહી શક્યો કે પ્રસ્તુત પરમિટ છોકરાએ જ રજૂ કરી હતી. છોકરાનો અંગૂઠો લઈને પ્રિટોરિયા મોકલવામાં આવ્યો, ને ભૈમાની પરમિટના કચેરીવાળા અડધિયા પરના અંગૂઠા સાથે તે મળતો ન આવવાથી બાપદીકરાને પૉચેફસ્ટ્રૂમ ખાતે પકડવામાં આવ્યા. રજિસ્ટ્રાર ઑફ એશિયાટિકસની કચેરીના અવલ કારકુન મિ. કૉર્ડીની જુબાની પરથી જણાયું કે પરમિટ કચેરીની સૂચનાઓ એવી હતી કે સઘળા બ્રિટિશ હિંદીઓને—પુરુષ હોય કે સ્ત્રી હોય, ગમે તે વયના હોય, પત્નીઓ પોતાના પતિ સાથે હોય, અને બાળકો તેમનાં માબાપ સાથે હોય તોપણ દરેક જણ અલગ અલગ પરમિટ રજૂ ન કરી શકે તો પકડવા. ભૈમાની પરમિટ પર છોકરો દાખલ થયો હતો એ આરોપનો પિતા તથા પુત્ર બંનેએ ઇનકાર કર્યો. મૅજિસ્ટ્રેટે પિતાને છોડી મૂક્યો પણ પુત્રને ગુનેગાર ઠરાવી પચાસ પાઉંડ દંડની અથવા ત્રણ માસની સાદી કેદની સજા કરી. અપીલ કરવામાં આવી છે. મુકદ્દમો ઘણો અગત્યનો ગણવામાં આવે છે, કેમ કે, બાળવયના ગુનેગારોને શિક્ષા કરતી વખતે તેમાં ઘટાડો કરવાની મૅજિસ્ટ્રેટોને ખાસ સત્તા મળેલી છે તે અનુસાર તેમણે વર્તવાનું હોવા છતાં, પિતા સાથે મુસાફરી કરતા કુમળી વયના બાળકને આટલી ભારે શિક્ષા થઈ છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, २९–९–१९०६

Gandhi Heritage Portal

૪૬૭. ડેલાગોઆ બેના હિંદી

ડેલાગોઆ બેમાં પણ જેમ જેમ અંગ્રેજનો ભરાવો થતો જાય છે તેમ તેમ હિંદીઓ ઉપર ધાડ પડવાની ધાસ્તી લાગતી રહે છે. અમારો ખબરપત્રી જણાવે છે તે પ્રમાણે ત્યાં હિંદીઓને લોકેશનમાં કાઢવાની હિલચાલ થઈ રહી છે. હિંદી પ્રજા આવી હિલચાલની સામે સખત પગલું ભરશે એમ પણ જણાય છે. અમારો ખબરપત્રી જણાવે છે કે ડેલાગોઆ બેમાં આ બાબત લડત લેવાને સારુ મંડળી ઊભી થઈ છે. અમે ઉમેદ રાખીએ છીએ કે જાગ્રત રહી આ મંડળી પોતાનું કામ કર્યા કરશે. આવે અવસરે શ્રી કોઠારી જેવા ગૃહસ્થ ડેલાગોઆ બેમાં છે એ આપણ-ને ખુશી થવા જેવું છે. શ્રી કોઠારી મુંબઈની હાઈકોર્ટના વકીલ છે અને દેશદાઝ રાખનાર માણસ છે. તેમણે ડેલાગોઆ બેમાં રહી પોતાના વખતનો બહુ સારો ઉપયોગ કર્યો છે. પોર્ટુગીઝ ભાષાનો અભ્યાસ કર્યો છે. એ અભ્યાસ હવે દેશસેવા કરવામાં બહુ કામનો થઈ પડશે, એમ માનીએ છીએ. દરેક જગાએ જ્યાં જ્યાં ભણેલા હિંદીઓ વસે છે ત્યાં ત્યાં તેઓએ પોતાના ભણતરનો ઉપયોગ દેશસેવા કરવામાં વાપરવો એ તેમની ફરજ છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९-९-१९०६

૪૬૮. ચેતવણી

પહેલી સપ્ટેમ્બરના क्रूगर्सडॉर्प स्टान्डर्डમાં ટાઉન કાઉન્સિલે એક હિંદી કેસની હકીકત જણાવી છે તે દિલગીર થવા જેવી છે. કોમને શરમકર્તા છે. એક આગેવાન હિંદીની ઉપર નોટિસ મળતાં છતાં તેણે જરૂરનો સુધારો નહીં કરેલો. તેની સૂવાની કોટડીમાં કપડાંની શિલિંગ હતી અને જાજરૂમાં ગંદકી ભોંયપ્રવેશ ન કરે તેવી જમીન ન હતી. અને બાકીટ ન હતી છતાં જાજરૂમાં ખરાબો કર્યો હતો. નોટિસની દરકાર નહીં કરેલી તેથી ટાઉન કાઉન્સિલની કમિટીએ કામ ચલાવવાનો હુકમ કર્યો. પરિણામ શું આવ્યું તે અમારી જાણમાં નથી. પણ આગેવાન ગણાતા હિંદી પોતાનાં ઘર ઉપર જણાવી છે એવી ખરાબ સ્થિતિમાં રાખે એ આપણને નીચું જોવડાવનારી વાત છે. હિંદી કોમ ઉપર ગોરાઓ ઘણાં તહોમત મૂકે છે. તેમાંનું ગંદકીનું તહોમત તે એક છે. આવા દાખલાઓ તે તહોમતને પુરવાર કરે છે અને વળી તે આબરૂદાર તેમ જ પૈસાદાર હિંદીમાં જોવામાં આવે તેની અસર ખરાબ થયા વિના રહે જ નહીં. ઉપર મુજબ બનેલા કેસ ઉપરથી બધા હિંદી ધડો લેશે અને પોતાનાં ઘરબાર સાફ રાખશે એવી અમે ઉમેદ રાખીએ છીએ. આપણા ઘરબારની સ્થિતિ જોઈએ તેવી નથી હોતી એ વાતની કોઈથી ના નહીં પાડી શકાય. જેમાં આપણી ખોડ વધારે જોવામાં આવે તેમાં આપણે વધારે સાવચેત રહેવું જોઈએ એ દેખીતું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९-९-१९०६

Gandhi Heritage Portal

૪૬૯. જોહાનિસબર્ગનો પત્ર

ચાબુક

એમ્પાયર થિયેટરની મહાન મીટિંગ પૂરી થઈ. (થિયેટર [એ પછી] બળી ગયું.)[1] ત્રણ હજાર માણસો ભેળા થયા. તાળીઓ પડી, જુસ્સો બતાવ્યો, સારી અસર કરી; છતાં એ બધું કેમ જાણે સ્વપ્નું હોય નહીં તેમ અત્યારે તો ઊડી ગયું જણાય છે! એ થિયેટરમાં હાજર થયેલા બધા માણસોએ ઠરાવ કર્યો હતો કે વિલાયત ડેપ્યુટેશન જવું જ જોઈએ. તેને સારુ પૈસા એકઠા કરવા એમાં કંઈ જ અડચણ નહીં આવે. લોકોની ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખનાર આ ખબરપત્રના લખનારે એમ જ માની લીધેલું કે આવાં વચનો બોલનાર માણસો છ સાત હજાર પાઉંડ એક દહાડામાં ભેગા કરી શકશે. પણ દિલગીરીની સાથે મારે જણાવવું જોઈએ કે આજ સુધી ડેપ્યુટેશન અને કાયદાની લડતના ફંડમાં તેના ટ્રેઝરર મિ. ગુલામ મહમદ પાસે એક હજાર પાઉંડ ભેળા નથી થયા. જેઓની પાસે પૈસા એકઠા થયા છે તેઓ, બીજાઓ નથી આપતા એમ કહી પોતે પણ એકઠા થયેલા પૈસાને વળગી રહ્યા છે. એક ગામથી તાર મળે છે કે અમે ઉઘરાણું કરવાના છીએ. બીજે ગામથી ખબર મળે છે કે અમુક શેઠ પૈસા આપશે ત્યાર પછી મોકલીશું. ત્રીજે ઠેકાણેથી ખબર મળે છે કે એક જમાત નથી આપતી તેથી અમે મોકલવા ઇચ્છતા નથી. આમ તરેહતરેહનાં કારણે પૈસા એકઠા થતા નથી. એમ પણ કોઈથી કહી શકાશે નહીં કે પૈસાની વ્યવસ્થા કરવાનું બંધારણ બરાબર નથી. જુદી જુદી કોમના આગેવાનોની પચીસેક માણસોની કમિટી થઈ છે. તે કમિટીની મંજૂરી વિના એક પણ ચેક નીકળે તેમ નથી. ચેકમાં સહી કરનારા ચાર માણસો છે અને કમિટી દર માસે વિગતવાર હિસાબ બહાર પાડવા બંધાયેલી છે. એટલે એક તરફથી આપણાં દુ:ખની હદ નથી રહી; બીજી તરફથી આપણે બહુ સંભાળપૂર્વક વ્યવસ્થાપકો નીમ્યા છે તોપણ જો આપણે જોઈતા પૈસા એકઠા ન કરી શકીએ તો એથી વધારે શરમાવા જેવું શું? દરેક હિંદીની કસોટીનો આ વખત છે અને જો આ કસોટીમાં આપણે કથીર નીકળીશું તો તેની સજા સજ્જડ ભોગવવી પડશે. આપણી પોતાની દુર્દશા થશે, એટલું જ નહીં પણ આપણી પ્રજાને આપણાં પાપનું ફળ ચાખવું પડશે. પૈસા એકઠા નથી થયા એટલું જ નહીં, પણ ડેપ્યુ-ટેશનમાં જનારાઓનાં નામ નક્કી થયાં છે એવું પણ કહી શકાતું નથી.

શ્રી ભાભાનો કેસ

શ્રી ભાભાના કેસનો હેવાલ સુપ્રિમ કોર્ટ સુધીનો અપાઈ ગયો છે. જજોની ભલામણ પ્રમાણે શ્રી ભાભા ઉપર થયેલી સજા માફ થઈ છે અને શ્રી ભાભાને ટ્રાન્સવાલમાં રહી શકે તેમ પરમિટ તથા રજિસ્ટર મળ્યાં છે. શ્રી ભાયાતના કેસને આધારે આવેલા બીજા ત્રણચાર હિંદીઓને પણ પરમિટ મળી ચૂકી છે. જૂના રજિસ્ટરવાળા બીજા હિંદીઓ જે હજુ બહાર છે તેઓના શા હાલ થશે એ કહી શકાતું નથી. સંભવ એવો છે કે જે ઢીલ પ્રથમ હતી તે ઢીલ હવે નહીં થાય.

૧. કૌંસ અમે મૂક્યા છે.

Gandhi Heritage Portal

નાદાન બાળકને જુલમગાર સજા

તા. ૧૫મી સપ્ટેમ્બરે પૉચેફસ્ટ્રૂમના શ્રી હાફેજી મૂસા અને તેના અગિયાર વરસના દીકરા મહમદ ઉપર પરમિટ બાબતમાં વૉકસરસ્ટમાં કેસ ચાલ્યો હતો. શ્રી હાફેજી મૂસાની ઉપર ખોટી પરમિટથી પોતાના દીકરાને દાખલ કરવાનું તહોમત હતું અને તેના દીકરા ઉપર તેવી પરમિટથી દાખલ થવાનું તહોમત હતું. જુબાનીમાં જે કૉન્સ્ટેબલે બાપદીકરાને તપાસ્યા હતા તે દીકરાને જોયાનું કહી શકતો નહોતો. પણ દીકરાના અંગૂઠા પડાવ્યા હતા એમ જુબાની ઉપરથી સાબિત થતું હતું. મૅજિસ્ટ્રેટે બાપને બિનગુનેગાર ઠરાવેલ છે અને દીકરાને પચાસ પાઉંડનો દંડ અથવા તો ત્રણ મહિનાની આસાનકેદ ઠરાવી છે. આવા બાળકને આટલી મોટી સજા બહુ ભયંકર ગણાય. મૅજિસ્ટ્રેટે જરા દૂરંદેશી વિચાર કર્યો હોત તો તે સમજી શકત કે આવી સજા બાળક છોકરાને હોય નહીં. આ બાબત સુપ્રિમ કોર્ટમાં અપીલ ગઈ છે અને છોકરો છૂટી જશે એવો સંભવ રહે છે.

મિ. કિવન અને હિંદી

મિ. કિવન એ જોહાનિસબર્ગના મેયર છે તેમ જ ચેમ્બર ઑફ ટ્રેડના પ્રમુખ છે. તેઓના માસિક રિપોર્ટમાં તેઓ સાહેબ જણાવે છે કે એશિયાટિક ઑર્ડિનન્સ થયું છે તે બરાબર છે. ઘણા હિંદીઓ વગર પરમિટથી દાખલ થઈ ગયા છે; તે બતાવી આપે છે કે આવું ઑર્ડિનન્સ જરૂર જોઈએ. એશિયાના લોકોની સાથે યુરોપના લોકો રહેણીમાં હરીફાઈ કરી શકતા નથી. જો કાયદો સખત ગણાય તો તેમાં દોષ તે લોકોનો જ છે. શ્રી નિવને પુનિયાના[1] કેસનો દાખલો રજૂ કરી કહ્યું કે ઓરતોની ઉપર જુલમ થાય એવો ચેમ્બર ઑફ ટ્રેડનો મત નહીં હોય. આના જવાબમાં પણ કિવન સાહેબ બોલ્યા કે આ લોકો જાણે છે કે તેઓને પરમિટ સિવાય આવવા દેવામાં આવશે નહીં છતાં આવે છે તો તેઓનો જ વાંક છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९–९–१९०६

૪૭૦. ટ્રાન્સવાલનો કાયદો

વડી સરકારની મંજૂરી : ડેપ્યુટેશન જવું બંધ

"આદર્યાં અધવચ રહે અને હર કરે સો હોય" એ કહેવત મુજબ ટ્રાન્સવાલના હિંદીને બન્યું છે.

લૉર્ડ એલ્ગિનનો જવાબ

આ વખતે સોમવારે એટલે પહેલી ઑક્ટોબરે જે ડેપ્યુટેશન હિંદની દાદ લઈને વિલાયત જનારું હતું તે ચડવાની વકી હતી. ખરું જોતાં તો ડેપ્યુટેશન ગયે સોમવારે જવાનું હતું પણ તેમાં વિઘ્ન આવેલું અને એક અઠવાડિયાની ઢીલ થઈ. સ્ટીમરનો પેસેજ લેવાની તૈયારી થતી હતી. બધી જગાએ કાગળો લખાઈ ગયા હતા કે ડેપ્યુટેશન સોમવારે ઊપડશે. તેટલામાં એટલે મંગળવારે સવારે લૉર્ડ સેલબૉર્નનો કાગળ[2] નીચે પ્રમાણે આવ્યો :

૧. જુઓ "હિંદી ઓરતોને ટ્રાન્સવાલમાં હલાકી", પા. ૪૭૨.

૨. પત્ર ૨૪ સપ્ટેમ્બર, ૧૯૦૬નો હતો.

Gandhi Heritage Portal

લૉર્ડ સેલબૉર્નને લૉર્ડ એલ્ગિન કહેવડાવે છે કે જેટલો સુધારો હિંદી કોમને સારુ થવો જોઈએ તેટલો સુધારો નવા કાયદાથી નથી થયો એમ લૉર્ડ એલ્ગિન જાણે છે, તોપણ તે કાયદો લૉર્ડ એલ્ગિને પસંદ કર્યો છે; કેમ કે તેથી એશિયાની પ્રજા ઉપરથી કેટલીક અડચણો દૂર થાય છે અને તેથી વધારે સુધારો સ્વરાજ્ય મળવાની અણી ઉપર આવેલ વખતે થઈ શકે તેમ નથી. લૉર્ડ એલ્ગિન એમ પણ કહેવડાવે છે કે જો ડેલિગેટો વિલાયત જશે તો તેઓને પોતાના વિચારો બતાવવાની પૂરતી તક આપવામાં આવશે. પણ તેથી કંઈ લાભ થાય એમ લૉર્ડ એલ્ગિન માનતા નથી.

કાગળનો અર્થ

આ કાગળનો અર્થ એ જ થયો કે લૉર્ડ એલ્ગિન ડેપ્યુટેશન મોકલવાની મનાઈ કરે છે. કાયદો પસાર કર્યા પછી ડેપ્યુટેશન જાય તેમાં કશો ફાયદો ન થાય એ દેખીતું છે. આ કાગળનો અર્થ વળી એમ થાય છે કે હિંદી કોમે જોર બતાવ્યું, કાયદાની સામે થવાનો ઠરાવ કર્યો તેથી તેને દબાવવી. આ બ્રિટિશ રિવાજ છે. જે માણસો જોરાતા દેખાય તેઓની ઉપર કરડી નજર કરવી અને જોરથી પછાડવા. લૉર્ડ સેલબૉર્ને લૉર્ડ એલ્ગિનને સલાહ આપેલી હોવી જોઈએ કે ડેપ્યુટેશન વિલાયત જશે ને તેને લૉર્ડ એલ્ગિન મળશે તો હિંદી કોમ કાયદો તૂટવાની આશા બાંધશે; દરમ્યાન પોતાનું જોર વધારશે. તેથી જોરનું જે છોડ ઊગવાની અણી ઉપર છે તેવામાં જ ડામવું તે ઠીક ગણાશે. આવી સલાહ કાયમી રાખી લૉર્ડ એલ્ગિને ડેપ્યુટેશનની કહાણી સાંભળ્યા વિના કાયદો પસંદ કર્યો છે.

તાબાની એટલે જિતાયેલી રૈયત ઉપર હમેશાં ઇંગ્રેજી પદ્ધતિ આમ જ ચાલતી આવેલી છે. ઘણે ભાગે આવી વર્તણૂકમાં ઇંગ્રેજો ફતેહ પામ્યા છે. કેમ કે, જિતાયેલી અને જેનું નૂર ઊડી ગયેલું છે એવી રૈયત બોલમાં જ શૂરી હોય છે, પણ કામ કરવું પડે ત્યારે ખસી જાય છે.

આપણી ફરજ

આ વખતે હિંદી કોમની ફરજ શી છે તે વિચારીએ. જે ઠરાવ કાયદાની સામે થવાનો કર્યો છે તે ઠરાવ જોર આપનારો તેમ જ જોર લઈ જનારો છે. જો તે ઠરાવને મક્કમપણે હિંદી કોમ વળગી રહેશે તો માત્ર ટ્રાન્સવાલમાં તેનું માન વધશે અને તેનાં ઘણાં દુ:ખો દૂર થશે, એટલું જ નહીં પણ આખા દક્ષિણ આફ્રિકામાં તેનો ફાયદો નજરે આવશે. વળી આપણી જન્મભૂમિ છે ત્યાં પણ સેંકડો માણસોને આપણા ઠરાવથી ફાયદો થશે. પણ જો ઠરાવનો ભંગ થાય તો જેઓએ સોગન લીધા છે તેઓનું પણ જશે, આખી કોમનું નાક કપાશે, કોમની વતી જે કંઈ અરજીઓ જશે તેની ઉપરથી વજન બધું જશે અને હાલ જે સ્થિતિ છે તેના કરતાં ખરાબ થશે. ગોરાઓ હસશે એ તો જુદું. તેઓ થૂંકશે, આપણને પાટુ મારશે અને બાયલા ગણી કાઢશે. આપણે એક પ્રજા છીએ એમ તો પછી ગણાશે જ નહીં.

સાહસ વિના સિદ્ધિ ન મળે

મહાન કાર્યો કરવામાં સદાય એવું જોખમ રહેલું છે. મોટું જોખમ ખેડીને આપણે વેપાર કરીએ તો તેમાં નફો થાય તો તે સંગજડ હોય છે ને નુકસાન થાય તો તે આપણને તળિયે બેસાડી મૂકે છે. આપણા કવિઓ[1] લખી ગયા છે કે સાહસથી સિકંદરે બાદશાહી ભોગવી, સાહસથી કોલંબસે અમેરિકા શોધ્યું; સાહસ વિના સિદ્ધિ નથી થતી. ઇંગ્રેજી કોમ પોતે સાહસિક છે અને

૧. અહીં કવિ નર્મદાશંકરનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

જે પ્રજા સાહસિક હોય તેને જ વખાણે છે. એટલે દરેક હિંદીની ચોખ્ખી ફરજ છે કે તેણે પાછું લેવા નહીં જતાં કેદમાં જવું અને જે સોગન એમ્પાયર થિયેટરમાં ખાધા છે તેને ચુસ્ત રહી વળગી રહેવું.

લૉર્ડ સેલબૉર્નનો બીજો કાગળ

ઉપરની ભલામણને જોર આપનારો લૉર્ડ સેલબૉર્નનો બીજો કાગળ છે, તેનો તરજુમો પણ નીચે છે. ઉપર જે કાગળનો તરજુમો આપ્યો તે લૉર્ડ સેલબૉર્ને લૉર્ડ એલ્ગિન વતી લખ્યો છે. હવે તેઓ સાહેબ પોતે જણાવે છે તે વાંચીએ:

> તમારું ઍસોસિયેશન જે દલીલ કરે છે તે ઉપરથી જણાય છે કે તમે નવો કાયદો સમજતા નથી. જે સર્ટિફિકેટો નીકળ્યાં છે તે બરાબર છે કે નહીં તે તપાસવાને જ એ કાયદો નીકળ્યો છે. તે કાયદાથી વળી હાલનાં રજિસ્ટરો લઈને નવાં આપશે કે જેથી તે બરાબર પુરાવાદાર થઈ પડે અને તેથી જે અડચણો હાલ નડે છે તે ન ભોગવવી પડે. જ્યાં સુધી સ્વરાજ્ય નથી સ્થપાયું ત્યાં સુધી જો ઘણા હિંદીઓ દેશમાં દાખલ ન થવા જોઈએ અને તેમ થવા સારુ રજિસ્ટર કરવાની જરૂર હોય તો તે રજિસ્ટર સંપૂર્ણ હોવું જોઈએ.
>
> "એશિયાટિક" શબ્દની વ્યાખ્યા તથા લડાઈ પહેલાંના ટ્રાન્સવાલમાં વસતા હિંદીઓની સ્થિતિ જેવાં હતાં તેવાં જ કાયમ રહે છે. દારૂ વિષે જે સુધારો કર્યો છે તે કંઈ હિંદીને સારુ નથી પણ કેટલાક બીજા એશિયાના રહીશો, કે જેને તે કાયદો અડચણકારક છે તેઓને સારુ છે. નવો કાયદો ઓરતોને લાગુ નહીં પડે પણ માત્ર મરદોને જ લાગુ પડશે. નવો કાયદો જાણીજોઈને અન્યાયકર્તા છે અથવા તો લૉર્ડ સેલબૉર્નનાં અગાઉનાં ભાષણોની વિરુદ્ધ છે એમ લૉર્ડ સેલબૉર્ન કબૂલ કરતા નથી.

આ જવાબ બતાવે છે કે લૉર્ડ સેલબૉર્ને નવો કાયદો જાણવાની કે હાલની શી સ્થિતિ છે તે સમજવાની તસ્દી લીધી નથી. જ્યાં આટલું બધું અંધેર હોય ત્યાં આપણી ફરજ એક જ હોવી જોઈએ — અને તે એ કે ચોથો ઠરાવ જેલમાં જવાનો છે, તે અમલમાં મૂકવો. વગર ઈજાએ હજાર માણસો જેલ કબૂલ કરે નહીં એમ સરકાર તરત સમજી શકશે.

પૈસાની જરૂર

પણ જેમ જેલમાં જવાની જરૂર છે તેમ પૈસાની પણ જરૂર છે. ડેપ્યુટેશન જવાથી જે ખર્ચ થાત તેના કરતાં હવે વધારે ખર્ચ થશે. જે માણસો જેલમાં જશે તેઓની બાબત તારો મોકલવા, તેઓની પાછળ વ્યવસ્થા કરવી, — આ બધું વગર ખર્ચે નહીં બને. વળી લડત બેચાર દિવસમાં પૂરી થશે એમ પણ ન કહેવાય. એટલે પૈસાની પૂરી જરૂર પડશે. લોકો આ બાબત પછાત છે એ અગાઉ જણાવ્યું છે. પૂરી સાવચેતી રાખવાની અને એકસંપ જાળવવાની બહુ જરૂર છે.[1]

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २९–९–१९०६

૧. ઉપરના લેખમાં નીચેનો પૅરા સંપાદક તરફથી જોડવામાં આવ્યો હતો:

છાપતી વખતના ખબરો

ઉપરથી જણાય છે કે ડેપ્યુટેશન જવાની હવે જરૂર નહીં રહે. પરંતુ અમને છેલ્લો તાર મળ્યો છે તેમાં જણાવવામાં આવે છે કે ઑર્ડિનન્સને વડી સરકારની મંજૂરી મળી નથી. આવી રીતે મંજૂરી મળતાં આશરે પાંચેક અઠવાડિયાં જવા સંભવ છે. ઉપર જે કાગળો બતાવ્યા તેના વાચનથી સમજવામાં મુખફેર[ફરક] થયેલો હોય તેમ જણાય છે. આ બાબત વધારે ખુલાસો આવતે અઠવાડિયે મળી શકવા સંભવ છે.

Gandhi Heritage Portal

૪૭૧. ટ્રાન્સવાલ ગવર્નરને તાર[1]

[જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૩૦, ૧૯૦૬][2]

એશિયાટિક ઑર્ડિનન્સને લૉર્ડ એલ્ગિને આપેલી મંજૂરીથી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને દુઃખ થયું છે. એના નમ્ર મત પ્રમાણે ઑર્ડિનન્સ અંગે ગેરસમજને લીધે મંજૂરી અપાઈ છે. હિંદી કોમને કશી રાહત મળતી હોય એમ ઍસોસિયેશનને લાગતું નથી. આથી ઍસોસિયેશને અત્યંત આદરપૂર્વક સમ્રાટ સરકાર સમક્ષ ઑર્ડિનન્સ બાબત હિંદીઓનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા સર્વશ્રી ગાંધી અને અલીને પ્રતિનિધિમંડળ તરીકે મોકલવા નક્કી કર્યું છે. અને [ઍસોસિયેશન] પ્રાર્થના કરે છે કે સુનાવણી થાય ત્યાં સુધી તાજની મંજૂરી અટકાવવામાં આવે.[3] આવતી મેલ સ્ટીમરમાં પ્રતિનિધિમંડળ નીકળે છે.

બ્રિ. ઈ. ઍસો.

[મૂળ અંગ્રેજી]

પ્રિટોરિયા આર્કાઇવ્ઝ : એલ. જી. ફાઈલ નં. ૯૩ : એશિયાટિક્સ.

૧. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની વિનંતીથી ટ્રાન્સવાલ ગવર્નરે તા. ૨ ઑક્ટોબરના રોજ સંસ્થાન ખાતાના પ્રધાનને આ તાર રવાના કર્યો હતો.

૨. ઇંગ્લંડ જવા માટે પ્રતિનિધિમંડળ કેપટાઉન તરફ ઑક્ટોબર ૧ના રોજ ઊપડયું. સ્પષ્ટ રીતે આ તાર એક દિવસ અગાઉ મોકલવામાં આવ્યો હતો. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફથી પ્રતિનિધિમંડળ નીચે મુજબ અખત્યારપત્ર લઈ ગયું હતું: "આથી પ્રમાણપત્ર આપીએ છીએ કે શ્રીયુત મો. ક. ગાંધી, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના માનદ મંત્રી, તથા જનાબ હાજી વઝીર અલી, હમીદિયા ઇસ્લામિક સોસાયટીના પ્રમુખને પ્રતિનિધિઓ તરીકે લંડન જવા માટે, અને સમ્રાટ સરકાર સમક્ષ એશિયાટિક કાનૂન સુધાર ઑર્ડિનન્સ બાબત હિંદીઓનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા માટે તેમ જ દક્ષિણ આફ્રિકાવાસી બ્રિટિશ હિંદીઓના ઇંગ્લંડવાસી મિત્રોની મુલાકાત લેવા માટે ચૂંટવામાં આવેલા છે."

૩. પાછળથી જાણવામાં આવ્યું હતું કે પ્રસ્તુત મંજૂરી આવો ઑર્ડિનન્સ ધારાસભામાં રજૂ કરવા દેવા બાબતમાં હતી, અને એને તાજની સંમતિ મળવાની બાકી હતી.

Gandhi Heritage Portal

૪૭૨. વિદાયસભામાં પ્રવચન[1]

[લંડન જતા પ્રતિનિધિમંડળને વિદાય આપવા બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની એક સભા મળી હતી. અધ્યક્ષ અબદુલ ગનીના ભાષણનો ગાંધીજીએ જવાબ આપેલો, તેનો ટૂંક સાર નીચે છે.]

જોહાનિસબર્ગ,
સપ્ટેમ્બર ૩૦, ૧૯૦૬

શ્રી ગાંધીએ કહ્યું કે હું નેતાઓ અને તેમના અનુયાયીઓનાં એ ગંભીર વચનો લક્ષમાં લઈને જઈ રહ્યો છું, કે તેઓ કોઈ પણ સંજોગોમાં નવા કાનૂનની માગણી પ્રમાણે નહીં વર્તે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१०–१९०६

૪૭૩. હાજી વજીર અલી[2]

જનાબ હાજી વજીર અલીનો જન્મ મોરિશિયસ ટાપુમાં નવેમ્બર ૨૩, ૧૮૫૩ના રોજ થયો હતો. ત્યાંની સરકારી શાળાઓમાં એમને કેળવણી મળી હતી. ૧૮૬૪માં એમણે 'કૉમર્શિયલ ગૅઝેટ ઑફિસીસ'માં મુદ્રક તરીકે કામ શરૂ કર્યું, અને ૧૮૬૮માં તેમને મેસર્સ પી. આદમ ઍન્ડ કું.માં ફરજા કારકુન તરીકે રાખવામાં આવ્યા હતા. કેટલોક વખત સુધી તેઓ મેસર્સ જોશુઆ બ્રધર્સમાં વહાણખાતાના મદદનીશ કારકુન હતા, ને પાછળથી અન્ય પેઢીમાં વહાણખાતાના કારકુન પણ હતા. ૧૮૮૩માં તેમણે મક્કાની હજ, જે દરેક ધર્મિષ્ઠ મુસલમાને કરવી ઘટે તે કરી અને હાજી બન્યા. ૧૮૮૪માં તેઓ દક્ષિણ આફ્રિકા આવી કેપટાઉન ખાતે ઊતર્યા. ત્યાં તેમણે સોડા વૉટર બનાવવાનું પોતાનું કારખાનું કાઢી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. ત્યાંથી હંમેશ એમણે આ દેશના રાજકારણમાં સક્રિય ભાગ લીધો છે તથા બિનગોરા લોકોની, ખાસ કરીને સ્વધર્મી, મલાઈ લોકો

૧. ઇન્ડિયન ઓપીનિયનના ટ્રાન્સવાલ પ્રતિનિધિ (મિ. પોલાક)ના લખાણ "જોહાનિસબર્ગ જોટિંગ્ઝ" (જોહાનિસબર્ગની નોંધો)માંથી આ ઉતારો કરેલો છે. ટેન્ડુલકર પોતાના પુસ્તક મહાત્મામાં બીજું પ્રવચન ટાંકે છે: "અલબત્ત, અમે અમારાથી બનતો બધો પ્રયાસ કરીશું, પણ આપણી વિનંતીને મંજૂરી મળવાનો સંભવ નજીવો છે. તેથી આપણે મુખ્યત્વે ચોથા ઠરાવ પર જ આધાર રાખવો જોઈએ. ઇંગ્લંડમાં અમે આપણા સૌ મિત્રોને આપણી પરિસ્થિતિ સમજાવીશું. તમે પણ નોંધણી હુકમને તાબે ન થઈને તમારી ફરજ અદા કરશો. ચળવળ ચલાવવાને નાણાં ભેગાં કરવાં જ જોઈએ, પણ એથીયે વધારે અગત્યનું એ છે કે હિંદુઓ અને મુસલમાનો પૂરેપૂરા એક થવા જોઈએ. (પા. ૯૬. ગ્રંથ ૧ ઝવેરી અને ટેન્ડુલકર, મુંબઈ, ઑગસ્ટ ૧૯૫૧) આ પ્રવચનનું મૂળ કે તારીખ મળ્યાં નથી. હમીદિયા સોસાયટીના હૉલમાં મળેલી બે વિદાયસભા પૈકી બીજી સભામાં કરેલા અન્ય પ્રવચનમાંથી આ લીધું છે કે કેમ એ સ્પષ્ટ નથી. અથવા તો ઉપર ઉતારેલા બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના પ્રવચનમાંથી પણ એ હોય.

૨. "પ્રતિનિધિમંડળના સભ્યો: જીવનની રૂપરેખા", એ મથાળા હેઠળ પ્રસિદ્ધ થયેલા લેખનો આ ભાગ છે. એ લેખમાં ગાંધીજી વિષે પણ એવી જ રૂપરેખા આપવામાં આવી હતી જે અહીં નથી આપી. વળી જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૪૮૦–૧.

Gandhi Heritage Portal

તથા સ્વદેશબંધુ બ્રિટિશ હિંદીઓની સ્થિતિ સુધારવાને પ્રયાસ કર્યો છે. કેપ સંસ્થાનની સરકારે મલાયી કબ્રસ્તાનનું સ્થળ નગરથી ઘણે આઘે નક્કી કર્યું. ત્યારે જે મલાયી રમખાણ ફાટી નીકળેલું તે શાંત પાડવામાં એમણે મદદ કરી હતી, અને મુખ્યત્વે એમના પ્રયાસો દ્વારા જે સ્થાન છેવટે પસંદ કરવામાં આવ્યું તેનાથી મલાયી કોમને સંતોષ થયેલો.

કેપટાઉન ખાતે પોતાના વસવાટ દરમિયાન, જનાબ અલી પાર્લમેન્ટ તથા નગરપાલિકા બંનેના મતદાર હતા. ૧૮૯૨માં પોતે 'કલર્ડ પીપલ્સ ઑર્ગેનિઝેશન' (બિનગોરા લોકોનું સંગઠન)ના અધ્યક્ષ ચૂંટાયા, અને મતાધિકાર કાયદો સુધારવા બાબતમાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો. ૨૨,૦૦૦ બિનગોરા લોકની સહીઓવાળી અરજી તૈયાર કરી લંડન મોકલવામાં આવેલી. પછી શ્રી અલી જોહાનિસબર્ગ આવ્યા, અને ટ્રાન્સવાલ ખાતે બ્રિટિશ હિંદીઓની પરિસ્થિતિ સંબંધમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. યુદ્ધપૂર્વે તેમણે આગળ પડતા બોઅર અધિકારીઓની તેમ જ બ્રિટિશ એજન્ટોની મુલાકાત લીધેલી, અને બ્રિટિશ હિંદીઓને રાહત અપાવવા ઘણો પ્રયત્ન કર્યો હતો.

જનાબ અલી હમીદિયા ઈસ્લામિક સોસાયટીના સ્થાપક તથા પ્રમુખ છે. આ સંસ્થા જોહાનિસબર્ગના મુસલમાનોમાં સરસ ઉપયોગી કાર્ય કરતી આવી છે, અને એમ્પાયર થિયેટરમાં જાહેર સભા ગોઠવવામાં એનો મુખ્ય હાથ હતો. સંસ્થા આબાદ સ્થિતિમાં છે અને સેંકડો મુસલમાનો તેના સભ્યો છે.

જોકે જનાબ અલીને સિદ્ધ વક્તા ન ગણીએ તોપણ પોતે અંગ્રેજી ભાષા પર બહુ સારું પ્રભુત્વ ધરાવે છે, એમનો અવાજ સરસ છે અને ઘણી વાર બહુ છટાથી બોલે છે. પોતે મલાયી બાનુને પરણેલા છે ને અગિયાર બાળકના પિતા છે. સ્ત્રી-કેળવણી બાબત પોતે ઉદાર વિચાર ધરાવે છે, અને રંગભેદની મુશ્કેલીઓ છતાં પોતાની દીકરીઓને સારી કેળવણી અપાવવા પ્રયત્ન કરતા આવ્યા છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, ६–१०–१९०६

૪૭૪. હૉંગકૉંગમાં ઈશ્વરી કોપ

સાનફ્રાન્સિસ્કો જેવું સુંદર શહેર એક ક્ષણમાં ધૂળભેગું મળ્યું અને પલક વારમાં હજારો માણસો દટાઈને મરણ પામ્યાં એ સમાચાર હજુ તો આપણી યાદદાસ્તમાં ખૂંચે છે. આવો જ ધરતીકંપ ચીલીમાં થયો ને વાલપારીસો વગેરે ઠેકાણે લાખો માનવી ઘરબાર વગરનાં થયાં ને ભૂખે રવડવા વખત આવ્યો. એ ગજબની કહાણી હજુ પૂરી પણ નથી થઈ ત્યાં એશિયા તરફથી બૂમ આવે છે કે ત્યાંનાં બાળકો અમેરિકાનાં કરતાં કમતી અભાગિયાં નથી. ચીનની દક્ષિણે હૉંગકૉંગના સમુદ્ર આગળ પવન અને સમુદ્રનું તોફાન જાગ્યાના સમાચાર ગયા અઠવાડિયામાં બહાર પડ્યા છે. કેટલાંક વહાણો અને સ્ટીમરો ખરાબે ચડી ગયાં, કેટલાંક ભાંગીને નાશ પામ્યાં. નાના મછવા અને હોડીઓ આખાં ને આખાં સમુદ્રમાં સમાઈ ગયાં ને સાથે હજારો પ્રાણીઓના પ્યારા જાન ગયા. બારામાં પાણી ચડી જવાથી શહેરના રસ્તાઓમાં નદીઓ ચાલી અને આફતમાં સપડાયેલાં હોડકાંની મદદ વડે જીવ બચાવવા તરફડિયાં મારવા લાગ્યાં. એવું કહેવામાં આવે છે કે

Gandhi Heritage Portal

આ તોફાનમાં ૫૦ જેટલી સ્ટીમરો અને વહાણો સપડાયાં છે. ૬૦૦ માછીમારના મછવાઓ સહેલ કરવા નીકળેલા, તેમાંથી થોડાનો જ પત્તો મળ્યો છે. કાંઈ નહીં તો ૧૦,૦૦૦ માણસો મોતને વશ થયાં છે. આ બધું માત્ર બેત્રણ કલાકમાં જ બન્યું. એ સાંભળી વિચારશીલ માણસો શોકમાં પડશે. ઈશ્વર પલકમાં ખલક કરે એ વાચનમાળાની વાતો નજરોનજર દેખાવા લાગી છે. ઈશ્વરની ગતિ ગહન છે. તેનાં કામોમાંથી મનુષ્યે હમેશાં કાંઈનો કાંઈ સાર ગ્રહણ કરવાનો હોય છે. આવો બનાવ જ્યારે તાજો હોય ત્યારે સદ્‌ગુણીને ભણકારા વાગે છે કે "ભલા આદમી, પંથે પડ. મોત ક્યારે આવશે તેની ખબર નથી માટે સત્કર્મરૂપી ભાથું ભેગું કરી લે." આ જ બનાવ આડે માર્ગે ચાલનારાઓને ચેતવે છે કે "નાદાન, ગુમાન મૂકી ઈશ્વરથી ડરીને ચાલ. કાળને કોળિયો કરતાં કંઈ વાર લાગવાની નથી."

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ૬-૧૦-૧૯૦૬

૪૭૫. ટ્રાન્સવાલના હિંદીનું કર્તવ્ય

ટ્રાન્સવાલની સ્થિતિ બાબત અમે બીજી જગાએ પૂરતું વર્ણન આપીએ છીએ; એટલે આ જગાએ અમારે કંઈ વધારે કહેવાપણું રહેતું નથી. આ વખત એટલો બધો બારીક છે કે સૌ હિંદી ટ્રાન્સવાલની બહાર પણ ચોંકી ગયેલ છે. બધાને એમ લાગે છે કે ટ્રાન્સવાલમાં હિંદીએ ભરેલું પગલું બહુ કઠણ અને મુશ્કેલ છે. તેમાં જો જીત મળે તો જ તે પગલું બરાબર ભર્યું એમ ગણાય. જે ઠરાવ હિંદીઓએ કરેલ છે તે ઠરાવ નવાઈ ભરેલો છે અને નથી. કાયદાને તાબે નહીં થતાં જેલમાં જવાનો જે વિચાર કર્યો છે તેવો દુનિયામાં કોઈ પણ જગાએ હિંદી કોમે આજ સુધી કર્યો જણાતો નથી. તેથી અમે તે પગલું નવાઈ ભરેલું ગણીએ છીએ. બીજી તરફથી નવાઈ ભરેલું નથી, એમ પણ કહીએ છીએ તેનો સબબ એ કે આ પગલાને લગતા દાખલા ઘણા મળી આવે છે. આપણે ઘણી વખત જ્યારે નારાજ થઈએ છીએ ત્યારે હડતાલ પાડીએ છીએ. તેમ કરવું એ હિંદુસ્તાનમાં ઘણી વખત આપણી ફરજ સમજીએ છીએ અને તેમ કરીને મુખ્યત્વે કરી દેશી રજવાડાંઓમાં દાદ મેળવીએ છીએ. હડતાલનો અર્થ એ જ થયો કે આપણા રાજાએ ભરેલું અમુક પગલું આપણે પસંદ કરતા નથી. આ પ્રમાણે કાયદાઓની સામે થવાનો રિવાજ જ્યારે ઇંગ્રેજી પ્રજા જંગલી હતી ત્યારથી જ આપણામાં ચાલતો આવ્યો છે. એટલે ખરું જોતાં ટ્રાન્સવાલના હિંદીએ જે ઠરાવ કર્યો છે તે નવાઈ જેવો નથી અને તેથી કરીને આપણને ગભરાટ ઉપજાવનારો થવા કંઈ કારણ નથી.

એટલું જ નહીં, પણ દક્ષિણ આફ્રિકામાંયે તેવી જાતના દાખલા મળી આવે છે. જ્યારે મલાયી લોકેશનમાંથી કાઢી મૂકવા બાબત અને ટોબિયાન્સકીના ફાર્મ ઉપર જવા બાબત વાત મરહૂમ પ્રેસિડેન્ટ ક્રૂગરે ચલાવી હતી તે વેળા મિ. એમ્રિસ એવન્સ, જેઓ સાહેબ બ્રિટિશ એજન્ટ હતા તેમણે હિંદીને ચોક્કસ સલાહ આપેલી કે તેઓએ બિલકુલ પ્રેસિડેન્ટ ક્રૂગરના હુકમને માન નહીં આપવું. તેથી પોલીસની તપાસ છતાં અને ડિટેક્ટિવ લોકોએ ઘરપ્રવેશ કરવા છતાં લોકો મજબૂત રહ્યા અને જીત પામ્યા.

Gandhi Heritage Portal

જ્યારે લાઇસન્સની તકલીફ પડતી હતી ત્યારે પણ બેધડક રહી હિંદી કોમે વગર લાઇસન્સે શહેરોમાં વેપાર કર્યો. બોઅર ગવર્નમેન્ટને દાદ ન આપી અને જીતી. લોકેશનમાં મોકલવાને તે સરકારે ઘણો પ્રયાસ કર્યો. પણ આપણને મોકલી શકયા નહીં. લડાઈ પછીના દાખલાઓ લઈએ તોપણ મળી આવે છે. બજાર નોટિસરૂપી તલવાર જ્યારે લૉર્ડ મિલ્નરે હિંદીઓ ઉપર ઉગામી ત્યારે લોકો એક વખત તો ગાભરા બન્યા. પછી વિચાર કર્યો અને છેવટે લોકેશનમાં નહીં જવાનો ઠરાવ કર્યો. પૉચેફસ્ટ્રૂમમાં સમન્સ પણ કાઢેલા તે પાછા ખેંચવા પડયા હતા. મૂર સાહેબે લોકોની છબી પાડેલા પાસ કાઢયા હતા તે લેવાની હિંદી કોમે આનાકાની કરી અને તે ધારો ખેંચી લેવો પડયો હતો.

બીજી કોમના દાખલા લઈએ તોપણ આપણને સહેજે મળી આવે છે. હૉટેન્ટૉટ લોકોની ઉપર પાસનો કાયદો છે. તેઓ તે કાયદાની સામા થયા છે અને પાસ નથી લેતા. સરકાર તેઓને કાંઈ કરી શકતી નથી. નાતાલના કાફરાઓની ઉપર ઘરવેરો છે, છતાં કેટલીક ઝૂલુ લોકોની કોમ એવી છે કે તે બિલકુલ દાદ નથી દેતી. તેઓની પાસેથી સરકાર કર નથી લેતી, એ છૂપી રીતે સૌ જાણે છે.

આ બધા દાખલાઓ બતાવી આપે છે કે આપણે ડર રાખવાનું જરાયે કારણ નથી. તોપણ ઉપરના દાખલાઓમાં અને કોમના ઠરાવ વચ્ચે કેટલોક તફાવત છે. એ બધા દાખલાઓમાં એકત્ર ઠરાવ એક કોમે કરેલો નહોતો. વળી જોકે કાયદા કબૂલ નહીં કરવા લોકોએ પસંદ કર્યું, તોપણ તેનું પરિણામ કયે રસ્તે ઉતારવું તેનો નિશ્ચય નહીં કરેલો. જેમ કે હૉટેન્ટૉટ લોકોને પાસ નહીં લેવા બાબત કોઈ પકડે છે તો તેઓમાંના કેટલાક દંડ આપે છે અને કેટલાક જેલમાં જાય છે. ટ્રાન્સવાલના હિંદીનો નિશ્ચય એવો છે કે તેઓ નવું રજિસ્ટર લેવાને બદલે જેલમાં જવું કબૂલ કરશે. તેઓને બીજા બે રસ્તા ખુલ્લા છે — તે એ કે દંડ આપવો અથવા તો દેશ છોડવો. આ બંને રસ્તા ગંભીરપણે વિચાર કરી જમાતે નામંજૂર કર્યા છે અને તેમાં જ નવાઈ રહેલી છે, તેમાં જ ખૂબી છે અને તેમાં જ જોર રહેલું છે. દંડ આપીએ તો સરકાર એટલું જ માગે છે. દેશ છોડીએ તો ગોરાઓ તાલી પાડશે, રાજી થશે અને વાવટા ઉડાડશે. એ બધું આપણે નથી કરવાનું; કેમ કે તેમાં નામોશી અને નામરદાઈ રહેલાં છે. જેલ જવું એ ખૂબીવાળું છે, એ પવિત્ર પગલું છે અને તેથી જ હિંદી કોમ પોતાનું માન જાળવી શકશે. તેમ કરતાં વેપાર ગયો તો શું થયું? મકાન તથા માલ બળી જાય તો વેપારીઓ સંતોષે બેસી રહે છે; અને જવાંમર્દ હોઈ પાછો વેપાર ખોલે છે અને પેટજોગું કમાય છે. જેને હાથપગ છે અને અક્કલ-હોશિયારી છે તે માણસ આ દેશમાં તો ભૂખે મરે એવો પ્રસંગ આવતો નથી. અને કોમનું અથવા દેશનું ભલું કરતાં સો કે સવાસો માણસ ભિખારી થઈ પડે તેમાં શી નવાઈ છે? અંગ્રેજો એમ કરનારને જ માન આપે છે. તેઓમાં એવાં પુરુષરત્ન થઈ ગયાં છે અને થાય છે તેથી જ તેઓનું તેજ ઝળકયાં કરે છે. એવા વીર વૉટ ટાઇલર, જૉન હૅમ્પ્ડન, જૉન બનિયન વગેરે હતા. તેઓએ ઇંગ્રેજી રાજ્યનો પાયો રોપેલો હતો. તેઓ કોણ હતા અને તેઓએ શું કર્યું તે અમે બીજી વખતે કહીશું.[1] પણ તેઓની નકલ આપણે નહીં કરી શકીએ ત્યાં સુધી આપણે અધમપણું જ ભોગવીશું. આ વખતે કોમને પોતાનું વીર્ય બતાવવાનો લાગ મળ્યો છે. અમે ઉમેદ રાખીએ છીએ કે તે જવા નહીં દે;

૧. જુઓ "ટાઇલર-હૅમ્પ્ડન-બનિયન", પા. ૫૧૩-૪.

Gandhi Heritage Portal

રણમાં પણ ઝૂઝશે અને યાહોમ કરીને કેસરિયાં કરશે. એવો પણ વખત હિંદનો હતો કે જ્યારે રણમાં પડેલ છોકરો જો હારીને પાછો આવે તો તેની માતા તેનું મોઢું જોવા ના પાડતી. એ વખત ટ્રાન્સવાલમાં દરેક હિંદી યાદ રાખશે એવી અમે નિયંતાની આગળ સ્તુતિ કરીએ છીએ.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, ६–१०–१९०६

૪૭૬. સંસ્થાન ખાતાના મંત્રીને કેબલ[1]

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૮, ૧૯૦૬

ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયેલા વ્રીડીડૉર્પ સ્ટૅન્ડ્ઝ ઑર્ડિનન્સ[વ્રીડીડૉર્પના વાડાને લગતો વટહુકમ] વાંચી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને દુઃખ થયું છે. વ્રીડીડૉર્પમાં એશિયાઈઓને નામે પટા બદલી આપવા બાબત તથા તેમનાં રહેઠાણ બાબત નિયંત્રણો અન્યાયી છે. ઍસોસિયેશનનો વિરોધ પહોંચતાં લગી તાજની મંજૂરી મુલતવી રાખવા વિનંતી છે.

[મૂળ અંગ્રેજી]

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : ૨૯૧, ગ્રંથ ૧૦૩

૪૭૭. લૉર્ડ એલ્ગિનને અરજી[2]

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૮, ૧૯૦૬[3]

નામદાર પરમ માનનીય અર્લ ઑફ એલ્ગિન
નેક નામદાર સમ્રાટના સંસ્થાન ખાતાના પ્રધાન
લંડન

ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના અધ્યક્ષ તરીકે અબદુલ ગનીની નમ્રતાપૂર્વક અરજ છે કે,

૧. ટ્રાન્સવાલ ગવર્નરને મોકલેલો આ કેબલ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની વિનંતીથી એમણે સંસ્થાન ખાતાના મંત્રીને રવાના કર્યો હતો. આ કેબલનો મુસદ્દો ઘણું કરીને ગાંધીજીએ ૨૮મી સપ્ટેમ્બરે વ્રીડીડૉર્પ સ્ટૅન્ડ્ઝ ઑર્ડિનન્સ ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રગટ થયા પછી અને તા. ૧લી ઑક્ટોબરના રોજ તેઓ ઇંગ્લંડ જવા નીકળ્યા તે પહેલાં ઘડ્યો હતો. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને એ કદાચ પાછળથી મોકલ્યો હશે.

૨. આ ૧૩–૧૦–૧૯૦૬ના इन्डियन ओपीनियनમાં અને ૨–૧૧–૧૯૦૬ના इन्डियाમાં પણ પ્રકાશિત કરવામાં આવી હતી.

૩. આ અરજી ગાંધીજી ઇંગ્લંડ જવા નીકળ્યા બાદ એક અઠવાડિયે આપવામાં આવી હતી, પરંતુ એ સંભવિત છે કે તેઓ ઇંગ્લંડ જવા રવાના થયા તે પહેલાં હિંદીઓને માટે એક અત્યંત અગત્યના મુદ્દા વિષેની આ અરજીનો મુસદ્દો એમણે ઘડ્યો હોય.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન આપ નામદારને ૨૮ સપ્ટેમ્બરના રોજ ટ્રાન્સવાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયેલા ૧૯૦૬ના વ્રીડીડૉર્પ સ્ટૅન્ડ્ઝ ઑર્ડિનન્સ સંબંધમાં માનપૂર્વક રજૂઆત કરે છે.

(૨) આપના અરજદારના ધ્યાનમાં આવ્યું છે કે "નેક નામદાર સમ્રાટ પ્રસ્તુત ઑર્ડિનન્સ નામંજૂર કરવા ઇચ્છતા નથી એવું ગવર્નર ગૅઝેટમાં જાહેર કરે નહીં ત્યાં સુધી" આ ઑર્ડિનન્સ અમલમાં આવશે નહીં.

આથી આપના અરજદારે આપ નામદારને કેબલ[1] મૂકીને વિનંતી કરી છે કે ઍસોસિયેશનને આપ નામદાર સમક્ષ રજૂઆત કરવાની તક ન મળે ત્યાં સુધી તાજની મંજૂરી જાહેર કરવામાં ન આવે.

(૩) ઉપર જણાવેલા ઑર્ડિનન્સને જોડેલી બીજી અનુસૂચિની કલમો ૫, ૮ અને ૯ સામે ઍસોસિયેશન માનપૂર્વક વાંધો ઉઠાવે છે.

(૪) પ્રસ્તુત કલમો નીચે મુજબ છે:

૫. આ પટો કોઈ બિનગોરા માણસને નામે ફેરવી શકાશે નહીં, અને જો આવા કોઈ માણસના નામ પર નોંધાશે તો પટો આપોઆપ રદબાતલ થશે.

૮. સદરહુ સ્ટૅન્ડ અગર તેનો કોઈ ભાગ, અગર તે પરનું કોઈ મકાન, કોઈ બિનગોરા માણસને અથવા એશિયાટિકને પેટાભાડે આપી શકાશે નહીં. આ શરતનો કોઈ પણ રીતે ભંગ થતાં ચોથી પેટા કલમમાં કરેલી જોગવાઈ મુજબ કાઉન્સિલ લેખી નોટિસ આપીને તરત જ પટો રદ કરી શકશે.

૯. આ પટો ધારણ કરનાર સદરહુ સ્ટૅન્ડની જગામાં રહેવા અથવા તેના કોઈ ભાગનો કબજો લેવા, તે વખતે ત્યાં વસતા કોઈ ગોરા માણસના ખરેખરા નોકર સિવાય બીજા કોઈ બિનગોરા માણસ કે એશિયાટિકને રજા આપી શકશે નહીં. ઉપર કહ્યા મુજબના નોકર સિવાય બીજો કોઈ બિનગોરો માણસ વા એશિયાટિક જો કોઈ પણ વખતે સદરહુ સ્ટૅન્ડ પર વસતો અથવા તેનો કે તેના કોઈ ભાગનો કબજો ધરાવતો જણાશે તો પટો ધારણ કરનારને ચોથી પેટા કલમમાં કરેલી જોગવાઈની રીતે નોટિસ આપીને કાઉન્સિલ માગણી કરી શકશે કે પટો ધારણ કરનારે આવી નોટિસની તારીખથી ત્રણ અઠવાડિયાંની અંદર આવો માણસ તે સ્ટૅન્ડ પર વસતો અથવા તેનો કે તેના કોઈ ભાગનો કબજો ધરાવતો બંધ થાય તેમ કરવું, અને જો આવી મુદત વીત્યા બાદ કોઈ પણ સમયે આવો માણસ તે પર વસતો કે તે પર અથવા તેના કોઈ ભાગ પર કબજો ધરાવતો જણાશે તો કાઉન્સિલ પટો ધરાવનારને ઉપર જણાવેલી રીતે નોટિસ આપીને તરત જ પટો રદ કરી શકશે.

(૫) આમ, ઘરકામના નોકર ન હોય તેવા બીજા બ્રિટિશ હિંદીઓનો વસવાટ પ્રસ્તુત ઑર્ડિનન્સ અટકાવે છે.

(૬) આવો પ્રતિબંધ બ્રિટિશ હિંદીઓ વિરુદ્ધ એક નવી ગેરલાયકાત ઊભી કરશે.

(૭) ઍસોસિયેશનના નમ્ર મત મુજબ પ્રસ્તુત નિયંત્રણ માટે કશું વાજબી કારણ નથી.

(૮) વિશેષમાં ઍસોસિયેશન આપ નામદારનું ધ્યાન એ હકીકત તરફ દોરે છે કે ઑર્ડિનન્સની અસર તળે આવતા વિસ્તારમાં કેટલાંય વરસોથી બ્રિટિશ હિંદીઓ સ્ટૅન્ડો ધારણ કરતા આવ્યા છે, જે તેમને મૂળે વ્રીડીડૉર્પના નાગરિકો પાસેથી મળેલાં છે.

૧. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

(૯) આવાં સ્ટૅન્ડો ઉપર કેટલાક બ્રિટિશ હિંદીઓએ પાકાં મકાનો બાંધ્યાં છે ને કેટલાક હાલમાં પટે રાખેલા સ્ટૅન્ડમાં વસે છે અથવા વેપાર કરે છે.

(૧૦) જેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તે કલમો જો મંજૂર કરવામાં આવશે તો અત્રે અગાઉ જેમનો ઉલ્લેખ થયો છે ને જેમણે ભોગવટાના હકો પ્રાપ્ત કરેલા છે તે સર્વને હાનિ પહોંચશે અને તેમના પૈકી કેટલાકનો ધંધો નાશ પામશે.

(૧૧) ઍસોસિયેશન જણાવવા સાહસ કરે છે કે થોડા વખત ઉપર પ્રસ્તુત ઑર્ડિનન્સના મુસદ્દા પર નિવેદન કરવા વ્રીડીડૉર્પ કમિશન મળ્યું, ત્યારે બ્રિટિશ હિંદીઓ તરફથી કમિશન સમક્ષ પહેલાં ઉલ્લેખ થયો છે એવી બધી પેટાકલમો સામે વાંધો દર્શાવવામાં આવ્યો હતો.

(૧૨) ઍસોસિયેશન વળી એક વધારાની હકીકત પ્રત્યે આપ નામદારનું ધ્યાન દોરે છે કે પ્રસ્તુત ઑર્ડિનન્સની અસર તળે આવતો વિસ્તાર મલાયી લોકેશનને અડીને આવેલો છે, ને એ લોકેશનમાં મોટી એશિયાઈ અને મુખ્યત્વે બ્રિટિશ હિંદી લોકની વસ્તી છે. વ્રીડીડૉર્પના રહેવાસીઓ અને મલાયી લોકેશનના રહેવાસીઓ વચ્ચે હંમેશ સંતોષકારક સંબંધો રહ્યા છે.

(૧૩) ઍસોસિયેશનને લાગે છે કે, જો ઉલ્લિખિત કલમોને આપ નામદારની મંજૂરી મળશે તો તે બીજાં મંડળો માટે દૃષ્ટાંતરૂપ થશે અને પરિણામે બ્રિટિશ હિંદીઓનો દરજ્જો ઊતરીને તેઓ નોકરચાકરના વર્ગમાં આવી જશે તથા તેમને ફરજિયાત રીતે લોકેશનોમાં ખસેડવામાં આવશે.

(૧૪) આથી આપનો અરજદાર નમ્ર પ્રાર્થના કરે છે કે પ્રસ્તુત ઑર્ડિનન્સને નામંજૂર કરવામાં આવે અથવા આપ નામદારને યોગ્ય લાગે તેવી બીજી રાહત મંજૂર કરવામાં આવે.

અને આ ન્યાય તથા દયાના કાર્ય માટે આપનો અરજદાર હમેશાં પ્રાર્થના કરશે, ઈત્યાદિ, ઈત્યાદિ.

જોહાનિસબર્ગ, આઠમી ઑક્ટોબર, ૧૯૦૬

અબદુલ ગની

અધ્યક્ષ,

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]

ઑફિસ પ્રતની છબી પરથી: એસ. એન. ૪૩૮૪

Gandhi Heritage Portal

૪૭૮. ડેપ્યુટેશનની મુસાફરી – ૧

[એસ. એસ. आर्माडेल कासल,
ઑક્ટોબર ૧૧, ૧૯૦૬ પહેલાં]

નવા એશિયાટિક કાયદા બાબત વિલાયત જનાર ડેપ્યુટેશનની ચૂંટણી થઈ તેમાં શી મુસીબતો પડી તેનો હેવાલ इन्डियन ओपीनियनના વાંચનાર જાણે છે. શ્રી અબદુલ ગની, શ્રી અલી તથા શ્રી ગાંધી એમ ત્રણ જણે જવું એવો પહેલેથી જ લોકોએ નિશ્ચય કરેલો; પણ છેવટે શ્રી અબદુલ ગની તૈયાર નહીં થયા અને શ્રી અલી તથા શ્રી ગાંધીને જ જવું પડયું.

ઊમરમાં અડચણ

ઉપર પ્રમાણે બે જણે જવું એવો ચોક્કસ ઠરાવ ૨૮મી સપ્ટેમ્બર, જુમાને દહાડે થયો. आर्माडेल कासलમાં જવું એમ નિશ્ચય થયો અને શનિવારે એટલે તા. ૨૯મી સપ્ટેમ્બરે આગબોટની ટિકિટો લેવાઈ તથા પહેલી ઑક્ટોબર, સોમવારે કેપ મેલમાં જવાનું હતું. તેની ટિકિટો પણ લેવાઈ. પણ એક કલાક પછી સ્ટેશન માસ્તરે કહેવડાવ્યું કે એ મેલમાં ડેપ્યુટેશનથી નહીં જવાય. રાતના ૯ વાગ્યે ગાડી જાય છે તેમાં જઈ શકાશે. આનો અર્થ એમ થયો કે જો કેપ મેલમાં જવાનું બંધ થાય તો आर्माडेल कासलમાં જઈ નહીં શકાય અને ડેપ્યુટેશનને એક અઠવાડિયાની ઢીલ થાય. શ્રી ગાંધીએ તરત ઉપરની ખબર ટેલિફોનથી જનરલ મૅનેજરને આપી અને જવાની કેવી અગત્ય હતી તે જણાવ્યું. જનરલ મૅનેજર સ્ટેશન માસ્તરે કરેલી બંધી સમજી નહીં શકયા અને ખબર કાઢી ટેલિફોન કરશે એમ સૂચવ્યું. એક કલાક વીત્યા બાદ ખબર મળ્યા કે સ્ટેશન માસ્તરે ભૂલ કરેલી અને ડેપ્યુટેશનને કેપ મેલમાં જવામાં હરકત નહીં આવે.

ટ્રેન ઉપર

ટ્રેનમાં સાંજના ૬-૧૫ વાગતે ચડયા. સ્ટેશન ઉપર મુકરર કરેલ માણસો ચડાવવા આવ્યા હતા. તેમાં શ્રી અબદુલ ગની, શ્રી ઈસપમિયાં, શ્રી કુવાડિયા, શ્રી ઉમરજી, શ્રી શાહબુદ્દીન, શ્રી ફૅન્સી, શ્રી ભીખુભાઈ વગેરે ગૃહસ્થો હતા. શ્રી ભીખુભાઈ નાળિયેર વગેરે લાવેલા હતા. બધાંની સાથે હાથ મિલાવી વિદાયગીરી લીધી.

શ્રી હાજી વજીરઅલીની હાલત

શ્રી હાજી વજીરઅલીને આગલા દિવસોના કામનો થાક લાગ્યો હતો તેથી તે કાયર થઈ રહેલા હતા. તેમને સંધિવાનું દરદ છે; તે રસ્તામાં પીડશે એવી ધાસ્તી તેઓ સાહેબ જ્યારે ડેપ્યુટેશનની વાત ચાલતી હતી ત્યારે જ રાખતા હતા. તે ધાસ્તી ટ્રેનથી જ ખરી પડી. શ્રી હાજી વજીરઅલીને સાંધામાં કળતર શરૂ થઈ. મારાથી બનતી સેવા કરી તેમના સાંધાઓને દાબ્યા તથા ઘસ્યા. પણ તેથી કાંઈ વેદના જાથુકને સારુ કમી થઈ નહીં. શ્રી અલી પોતાની સાથે ભાથું લાવ્યા હતા, તે તેમણે ખાધું. કૉફી પીધી. બીજું કાંઈ લેવાની તેમને હાજત ન હતી. હું સલૂનમાં ખાવા ગયો. ત્યાં પટેટા તથા વટાણા બાફેલા હતા તે લીધા અને રોટી ખાધી. શ્રી ભીખુભાઈએ બંધાવેલ મેવો પણ લીધો. મારે લખવાનું હતું તે લખ્યું. શ્રી અલી દસ

Gandhi Heritage Portal

વાગ્યે સૂતા. હું બાર વાગ્યે લખી રહીને સૂતો. શ્રી અલીની રાત અર્ધ ઊંઘમાં ગઈ. મંગળવારે સવારના ઊઠતાં તેમને સજ્જડ વ્યાધિ થવા લાગી; સાથે તાવ પણ ખરો અને ખાંસી.

કેપ મેલની ગોઠવણ

કેપ મેલની અંદર જેમ સ્ટીમરમાં સગવડ હોય છે તેવી જ લગભગ રાખે છે. સવારથી જ ખાવાનું શરૂ કરે છે. નાહવા સુધ્ધાંની સગવડ તેમાં રાખવામાં આવે છે. પેસેન્જરો "શાવર-બાથ" લઈ શકે છે. માત્ર પહેલા વર્ગના જ પેસેન્જરો આ ટ્રેનમાં જઈ શકે છે.

કેપટાઉનમાં

કેપટાઉનમાં ગાડી બે વાગતાં બુધવારે પહોંચી. ત્યાં મિ. યુસુફ હમીદ ગુલ, મિ. આમદ ગુલ, મિ. લછારામ તથા મિ. અબદુલ કાદર સ્ટેશન પર મળવા આવ્યા હતા. મિ. યુસુફ હમીદ ગુલે પોતાને ત્યાં ખાણું તૈયાર કર્યું હતું તે લઈ અમે ૪-૪૫ વાગતે રવાના થયા હતા. આ બધા સાહેબો સ્ટીમર ઉપર પણ આવ્યા હતા.

आर्माडेल कासल

આ સ્ટીમર યુનિયન કાસલ લાઈનના કાફલામાં મોટામાં મોટામાંની એક છે. તેના ૧૨,૯૭૩ ટન છે. તેનો હૉર્સપાવર ૧૨,૫૦૦ છે, તેની લંબાઈ ૫૯૦ ફૂટ ૬ ઇંચ છે, પહોળાઈ ૬૪ ફૂટ ૬ ઇંચ અને ઊંચાઈ ૪૨ ફૂટ ૩ ઇંચ છે. તેમાં ૩૨૦ પહેલા વર્ગના, ૨૨૫ બીજા વર્ગના અને ૨૮૦ ત્રીજા વર્ગના ઉતારુઓ જઈ શકે છે. દરેક વર્ગના ઉતારુને સારુ જમવાના ઓરડા બહુ મોટા અને શોભીતા છે. તેમાં હવા આવજાવ થવાની સગવડ પણ સરસ છે. દરેક વર્ગને સારુ વાંચવાનાં પુસ્તકો તથા નોખી વાંચવાની ઓરડીઓ છે. નાહવાની સગવડ સરસ છે અને ગરમ તથા ઠંડું પાણી જેટલું જોઈએ તેટલું મળી શકે છે. જાજરૂઓ બધાં અત્યંત ચોખ્ખાં રાખવામાં આવે છે અને તેમાં નોટિસ ચોંટાડેલી હોય છે કે કોઈ ઉતારુએ બેઠક બગાડવી નહીં. પહેલા તથા બીજા વર્ગના ચાર ચાર વિભાગ છે. અમારી ટિકિટ પહેલા વર્ગના ત્રીજા વિભાગની છે અને દરેક જણને સારુ રિટર્ન ટિકિટના પાઉંડ ૭૯–૧૫–૦ આપવા પડ્યા છે.

ખાવાની ગોઠવણ

આ સ્ટીમરોમાં કેમ જાણે ઉતારુઓને આખો દહાડો ખાવાનું જ હોય નહીં તેમ સગવડ હોય છે. સવારના ૬ વાગ્યે નોકર કૉફી, રોટી તથા મેવો લાવે છે. સાડા આઠ વાગ્યે નાસ્તો સલૂનમાં ખાવામાં આવે છે. તેમાં દસેક તરેહની વસ્તુઓ હોય છે. અગિયાર વાગ્યે ડેક ઉપર ચા અને બિસ્કિટ આવે છે. એક વાગ્યે પાછું લંચ સલૂનમાં શરૂ થાય છે. તેમાં પણ દસથી પંદર વસ્તુઓ હોય છે. ચાર વાગ્યે સાંજના પાછી ચા, બિસ્કિટ, રોટી વગેરે, સાડા છ વાગ્યે સલૂનમાં ખાણું અને રાતના નવ વાગ્યે કે તેથી મોડું ઉતારુને રુચિમાં આવે તેમ ચા કે કૉફી, બિસ્કિટ, ચીઝ વગેરે. આ બધું સ્ટીમરના નૂરમાં આવી જાય છે. ઉપરાંત ઉતારુઓને દારૂ વગેરે વચમાં કે નાસ્તા વખતે પીવાનો જોઈએ તે જુદું અને તેના પૈસા આપવા પડે છે. એવા ઉતારુઓ ભાગ્યે જ જોવામાં આવે છે કે જેઓ દારૂ વગેરે નહીં લેતા હોય.

ઉતારુઓ

અમારી સાથે ઉતારુઓમાં ત્રણ નામાંકિત છે, તેનાં નામ આપવાની જરૂર છે. એક તો ટ્રાન્સવાલના ઍક્ટિંગ લેફ્ટનન્ટ ગવર્નર સર રિચર્ડ સૉલોમન તથા લેડી સૉલોમન છે. તેઓ

Gandhi Heritage Portal

સાહેબ ખાસ લૉર્ડ એલ્ગિનને મળવા જાય છે. બીજા દક્ષિણ આફ્રિકાના પ્રખ્યાત ખગોળવેત્તા સર ડેવિડ ગિલ છે, અને ત્રીજા કેપ સુપ્રિમ કોર્ટના જજ સર જૉન બુકેનન છે. સિવાય લૉર્ડ વોલ્મર પણ અમારી સાથે છે.

શ્રી અલી તથા મેં કેમ વખત ગાળ્યો, શ્રી અલીની સ્થિતિ કેવી છે અને અમે ખાવાની શી સગવડ કરી તેનો વિચાર બીજા ભાગમાં કરીશું; દરમ્યાન કોઈને ગભરાટ છૂટે તેવા કારણસર અહીં જણાવી જાઉં છું કે શ્રી અલીની તબિયત સુધરી ગઈ છે અને તેઓ સાહેબ આ લખતી વખતે ડેક ઉપર ગમ્મત કરે છે. (અધૂરું)

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १०-११-१९०६

૪૭૯. ડેપ્યુટેશનની મુસાફરી – ૨

[એસ. એસ. आर्मांडेल कासल,
ઑક્ટોબર ૧૧, ૧૯૦૬]

અમે શું કર્યું?

હું પહેલા વિભાગમાં કહી ગયો કે શ્રી અલીની તબિયત સ્ટીમર ઉપર ચડયા ત્યાં સુધીમાં સુધરી ન હતી. તેઓ સાહેબને પથારીમાં જ રહેવું પડેલું. બે દહાડા પોતે લાવેલ ગોળીઓ લીધી અને સોપ લિનિમેન્ટનું મર્દન મારી પાસે કરાવ્યું; તેથી કંઈક ફેર પડયો એમ જણાયું પણ દરદ ગયું નહીં. ત્રીજે દિવસે દાક્તરને તબિયત બતાવી. તેણે પસીનો છૂટવાની દવા ફિનાસેટિન આપી, તેથી સાંધા નરમ પડયા ને ચોથે દિવસે શ્રી અલી ખાટલેથી ઊઠયા; પણ તદ્દન આરામ નહીં થયો. પછી મેં તેમને દાક્તર કયુનેના ઉપચાર અજમાવવા ભલામણ કરી. કયુનેના ઉપચાર પ્રમાણે શ્રી અલી ગરમ તથા ઠંડા બાથ લે છે અને દાક્તર કયુનેના ઉપચાર પ્રમાણે સવારનું ખાવાનું છોડી દે છે. પ્રથમ તેઓ સાહેબ સવારના ઊઠતાં કૉફી લેતા, નાસ્તા વખતે પોરિજ અને કૉફી તથા મેવો લેતા. આ બન્ને બંધ કરી પહેલું ખાણું એક વાગ્યે લેવાનું શરૂ કર્યું. દવા બંધ કરી. આમ, ઉપચાર કરવાને આજે ત્રીજો દહાડો છે (તા. ૧૧મી ઑક્ટોબર). શ્રી અલીને તેથી ઠીક રહે છે. એક વાગ્યે ભૂખ લાગે છે અને બંધકોશ તથા બદહજમી રહેતાં તે નથી. તેઓ સાહેબ બીડી પણ એક વાગતાં પહેલાં નથી પીતા. હજુ જોકે તબિયત તદ્દન ખામણે આવી ન ગણાય, તોપણ સંધિવા ઉપર કાબૂ આવી ગયો છે અને હરવાફરવામાં થોડી જ અડ-ચણ આવે છે. તેમનો ખોરાક સાદો છે. બપોરના મચ્છી તથા પટેટા, પુડિંગ અને કૉફી તથા જિંજર એલ[1] લે છે. સાંજના ચાર વાગ્યે ચાનો પ્યાલો તથા સાડા છ વાગ્યે મચ્છી, લીલોતરી, પુડિંગ, જિંજર એલ તથા કૉફી લે છે. આથી તેમને બીજા ખોરાકની હાજત રહેતી હોય તેમ જણાતું નથી. હું શું ખાઉં છું, એની જો વાંચનારને જિજ્ઞાસા થઈ હોય તો, મેં ત્રણ દિવસ સુધી ત્રણ વખત ખાવાનું રાખ્યું, પણ તેવી જરૂર નહીં જણાવાથી હવે એક વાગ્યે દૂધ, રોટી, પટેટા તથા રાંધેલો મેવો અને મલાઈ તથા સોડા અથવા જિંજર એલ, ચાર વાગ્યે કોકો અને સાંજના સાડા છ વાગ્યે પટેટા, બીજી બાફેલી લીલોતરી, ફરી પાછો બાફેલો મેવો અને સોડા અથવા

૧. સોડાલેમન જેવું આદુના અર્કવાળું પીણું.

Gandhi Heritage Portal

જિંજર એલ. રોટી તથા બીજો મેવો નથી ખાતો, તેનું કારણ માત્ર એ જ કે મારી હાલી ગયેલ દાઢ પીડે છે. આ ખોરાકથી તદ્દન સંતોષ રહે છે અને કામ પુષ્કળ થઈ શકે છે, તેનું મુખ્ય કારણ એમ માનું છું કે એક વાગતાં સુધી પેટમાં કંઈ નહીં જવાથી ઉપરનો ખોરાક સંતોષ આપે છે અને તે બસ થઈ રહે છે. મારા નિયમની બહારનો કેટલોક આ ખોરાક ગણાય; છતાં ઠીક જ રહે છે, એ બતાવે છે કે ભૂખ્યે પેટે ખાવામાં આવે તે ખોરાક હરકતકર્તા થતો નથી.

શ્રી અલી જસ્ટિસ અમીરઅલીનું પુસ્તક સ્પિરિટ ઑફ઼ ઇસ્લામ તથા વૉશિંગ્ટન ઈર્વિંગનું પુસ્તક મહમદ અને તેની પછી ।। એ વાંચે છે. હું તામિલનો અભ્યાસ કરું છું. ફૉર્બસકૃત રાસમાળા અથવા ગુજરાતનો ઇતિહાસ વાંચું છું ને એલિયન ઇમિગ્રેશન રિપોર્ટ વાંચું છું. હવે મદિરા નજદીક આવ્યું છે, એટલે ઓપીનિયનની ટપાલ શરૂ કરી છે. અમે બંને બીજા ઉતારુ-ઓના પ્રસંગમાં થોડા આવીએ છીએ. સર રિચર્ડ સૉલોમનની સાથે કોઈ વેળા થોડી વાતચીત થાય છે. અમારી સાથે ચાઈનીઝ કૉન્સલ, તેમની નવ વરસની દીકરી તથા એશિયાટિક કાયદા વિષે ચાઈનીઝ ડેપ્યુટેશનના મિ. જેમ્સ છે. ચાઈનીઝ કૉન્સલ પોતાનો અમલદારી પોશાક પહેરે છે. પોતે સ્વભાવે મળતાવડા, ગમતી અને હોશિયાર છે. તેમની દીકરીને ઇંગ્રેજી કેળવણી સારી હોવાથી બહુ ગમ્મત કરે છે ને કરાવે છે તથા ઉતારુઓ તેની સાથે છૂટથી વર્તે છે.

સ્ટીમરમાં સાધારણ સ્થિતિ

બીજા ઉતારુઓ બહુ ગમ્મતથી દિવસ ગુજારે છે. આજ એક અઠવાડિયાથી "સ્પોર્ટ્સ" ચાલે છે. તેને સારુ ઇનામનો ફાળો થયો છે. અમને દરેકને એક એક ગીનીનો ચાંલ્લો થયો છે. રમતમાં ડેક ક્રિકેટ, ઈંઢોણી ફેંકવાનું, ઈંડાં ચમચામાં લઈ દોડવાનું વગેરે હોય છે. આ રમત ૧૨મી તારીખે પૂરી થશે અને ૧૪મી તારીખે ઇનામો વહેંચાશે. રાતના વખતે ઉતારુઓ નાચ કરે છે અને બે વખત હમેશાં બૅન્ડ વાગે. રમતમાં સર રિચર્ડ સૉલોમન સુધ્ધાં ભાગ લે છે. અમે તેમાં ભાગ નથી લઈ શકયા તેનું મુખ્ય કારણ શ્રી અલીની તબિયત અને મારો અભ્યાસ. રવિવારનો દહાડો રમત બંધ રહે છે. સલૂનમાં "ચર્ચ" ભરાય છે તથા ખ્રિસ્તી રિવાજ પ્રમાણે ખુદાની ઈબાદત થાય છે.

આ ઉપરથી તરંગો

આ બધું જોઈને હું હરવખત મનમાં સવાલ કરું છું કે ઇંગ્રેજો કેમ રાજ કરે છે? કવિ નર્મદાશંકરનું કાવ્ય[1] યાદ આવે છે:

"ઇંગ્રેજો રાજ કરે, દેશી રહે દબાઈ!
"દેશી રહે દબાઈ,[2] જોને બેનાં શરીર ભાઈ!
"પેલો પાંચ હાથ પૂરો, પૂરો પાંચસેને."

વગેરે જેમ જેમ જોતો આવું છું તેમ તેમ માલૂમ પડે છે કે "પેલો પાંચ હાથ પૂરો ને પાંચસેને પૂરો" છે એટલું જ નહીં, પણ "પેલો" બધી રીતે પૂરો છે. જ્યારે સાહેબી ભોગવવી હોય ત્યારે તેમાં દીપી નીકળે છે; તેની ગરીબાઈમાં પણ દીપે છે. હુકમ ચલાવનાર તે જ છે; હુકમ ઉઠાવ-નાર પણ તે જ છે. મોટામાં મોટો નાનામાં નાનો થઈને રહે છે; પૈસા કમાય છે તે, ઉડાવે છે પણ તે જ. મંડળીમાં કેમ રહેવું, કેમ બોલવું તે પણ જાણે છે. બીજાઓના સુખની ઉપર પોતાના

૧. આ કાવ્ય કવિ નવલરામનું છે
૨. મૂળ કાવ્યમાં અહીં "એમાં શી નવાઈ?" શબ્દો છે.

Gandhi Heritage Portal

સુખનો આધાર છે તેમ સમજી વસે છે. જે માણસને મેં લડાઈમાં જોયેલ તે માણસ અહીં જુદો જ લાગે છે. લડાઈમાં પોતાનું બધું કામ પોતાને હાથે કરે છે, મોટી મજલો કરે છે, સૂકી રોટી ખાઈને સુખ માને છે, તે જ માણસ અહીં કંઈ કામ કરતો નથી. એક બટન દાબે છે કે તરત તેની સેવામાં નોકર હાજર થાય છે. ભાતભાતનાં ખાવાનાં તેને જોઈએ છે. નિત નવાં કપડાં પહેરે છે. આવું તેને છાજે છે, પણ તેથી છકી જતો નથી. તે દરિયાની માફક હમેશાં પોતામાં સમાવી શકે છે. જોકે ઘણે ભાગે તે ધર્મ સમજતો નથી તોપણ મંડળીમાં વસેલો હોઈને અદબ જાળવે છે, અને રવિવાર જેમ તેમ કરી પાળે છે. આવી જે પ્રજા છે તે કેમ રાજ્ય ન કરે? ગામ જેવી સ્ટીમર છે. તેમાં એક હજાર માણસ હશે. છતાં કાને ઘોંઘાટ નથી. કંઈ તોફાન નથી. સૌ પોતાનું કાર્ય કર્યા કરે છે. માત્ર મોજું ગાયન કરે છે ને યાદ આપે છે કે તેની ગતિ નિરંતર ચાલ્યા જ કરે છે. વિશેષ વિચાર ત્રીજા ભાગમાં કરીશું.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १७–११–१९०६

૪૮૦. નવા ધારા વિષે બે બોલ

જોહાનિસબર્ગની મ્યુનિસિપાલિટીને કેટલોક અખત્યાર આપનારા ધારા અમે બીજી જગાએ આપ્યા છે. આ ધારાની સામે કંઈ કહેવાપણું રહેતું નથી. તે ધારા બધાને લાગુ પડે છે, અને ઘણાંખરાં શહેરની તંદુરસ્તી જાળવવા ખાતર અથવા એવા બીજા કારણસર જરૂરના છે એમ કહી શકાય. ઘણાએક કાયદા વિષે આપણે આપણી પોતાની સામે થવાની જરૂર છે. આપણું આંગણું સાફ નહીં રાખીએ ને દુઃખ ઉઠાવવું પડશે, તેમાં બીજાનો દોષ નહીં કાઢી શકાય. ઉપરના ધારામાં એટલું જોઈ શકાય એવું છે કે આપણે સ્વચ્છતાના નિયમો ભંગ કરતા હોઈશું તો ઘણી અડચણ આવવાની છે. જો અગાઉથી ચેતીશું નહીં તો આપણને હાથનું કર્યું હૈયે વાગશે. આપણું લાઈસન્સ છીનવાઈ જશે અને આપણે હાથ ઘસતાં બેસી રહીશું. જેની આસપાસ દુશ્મન વસતા હોય તેને બહુ ચેતીને રહેવું પડે છે. અહીંની ભાષામાં, તેવા માણસને લાગર[1] કરીને રહેવું પડે છે. તેવી સ્થિતિ આપણી છે. સ્વચ્છતા વગેરેમાં આપણે ગોરાઓથી ચડી જવાનું છે. એવી સ્થિતિ હજુ આવી નથી. પણ આપણે ઊંઘમાંથી ઊઠીએ, આળસ મેલીએ, ખંતીલા થઈએ અને સહેજ લોભ છોડીએ તો આપણામાં ગંદકીનો સડો છે તે તરત કાઢી શકાય એમ છે. ગંદકીરૂપી ભરનીંગળ આપણને સદાય પીડે છે, ને ક્ષીણ કરી મૂકે છે. ભરનીંગળમાં સોયો ભોંકતાં જેમ પહેલાં દરદ થાય છે પણ પાછળથી બહુ સુખી થવાય છે તેમ જ ગંદકીના ભરનીંગળમાં સોયો ભોંકવાની અવશ્ય જરૂર છે. આ કામ હમીદિયા, હિંદુ વગેરે સોસાયટીઓનું છે — માત્ર ટ્રાન્સવાલમાં જ નહીં પણ બધી જગાએ. શું આ સોસાયટીઓ જાગશે?

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १३–१०–१९०६

૧. રક્ષણને માટે બળદ-ગાડાંની કે બીજી તાત્કાલિક કિલ્લેબંધી.

Gandhi Heritage Portal

૪૮૧. ચોતરફ દાવાનળ

આજકાલ દક્ષિણ આફ્રિકાનાં જાહેર મંડળોમાં એશિયાટિક સવાલ સંબંધી વિશેષ ચર્ચા ચાલવા લાગી છે. આવી ચર્ચામાં નજીવી તક મળતાં હિંદીને તરત આગળ ધરવામાં આવે છે. આવા નિંદાખોરમાં ચેમ્બરો મુખ્ય છે. ડેલાગોઆ બેમાં વેપારી ચેમ્બરોની સભા મળી હતી, જ્યાં આગળ હિંદીઓને લોકેશનમાં કાઢવાની સૂચના કરવામાં આવી હતી. આ બાબત અમે આગળ જણાવી હતી. હાલમાં[1] મૅરિત્સબર્ગમાં વેપારીઓની ચેમ્બરની એક સભા મળી હતી. આ મંડળે હિંદી વેપારીઓના સંબંધમાં પોતાના કેટલાક વિચારો દર્શાવ્યા હતા. ચૅરમૅનના ભાષણમાં જણાવવામાં આવ્યું હતું કે કલર્ડ વેપારીઓની સંખ્યામાં વધારો થયો છે અને ગોરાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ચૅરમૅન મિ. ગ્રિફિન બોલતી વેળાએ આંકડા સંબંધી ખ્યાલ રાખતા હોય તેવું જણાતું નથી. હિંદી વેપારીઓને ચોંકાવે તેવો વધારો થયો છે, આમ બોલવા પહેલાં તેમણે સાબિત કરવું જોઈએ કે આટલા એશિયાટિક વેપારીઓ વધ્યા છે. મિ. ગ્રિફિન વધુ જણાવે છે કે ગામડાંમાં હિંદી એટલા બધા જામી ગયા છે કે બોર્ડમાં પોતાનો પ્રતિનિધિ મોકલી શકે. આ વાત પણ ઉપલી વાત જેટલી જ નાપાયાદાર છે. પણ ધારો કે ખરી હોય તો તેમાં ખોટું શું થયું! હિંદીઓ દેશની આબાદીમાં ઉમેરો નથી કરતા શું? જેવી રીતે યુરોપિયન વેપારીઓને રક્ષણની જરૂર છે તેવી જ રીતે હિંદીને રક્ષણની જરૂર તેટલી જ છે. ભાષણ દરમ્યાન મિ. ગ્રિફિનને મોઢેથી એ પણ નીકળ્યું કે દુકાનોનો કાયદો એ હિંદીઓને મારવાનું હથિયાર થઈ પડયો છે. દુકાનનો કાયદો હિંદીઓ માટે ઘડવામાં આવ્યો છે તે આવી વાતોથી કરીને ઉઘાડું પડી આવે છે. પણ ખૂબી તો અહીંયાં છે કે હિંદીનો ઘાણ કાઢવા કાયદો ઘડયો છતાં હિંદીઓ ફાવતા રહ્યા છે, એમ ગોરાઓ જ કહે છે. જો આમ છે તો પછી હિંદીમાં કોઈક કુશળતા હોવી જોઈએ. આમ છે તો પછી તેવા ગુણો હિંદી પાસેથી શીખવાને બદલે હિંદીને વગોવવામાં વખત ગુમાવવાથી શું ફાયદો!

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १३–१०–१९०६

[1] ૧. ૨ ઑક્ટોબર, ૧૯૦૬ને રોજ.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

“ આર્માડેલ કાસલ ” સ્ટીમરમાંથી

Gandhi Heritage Portal

૪૮૨. રામદાસ ગાંધીને પત્ર[1]

[એસ. એસ. आर्मडेल कासल,
ઑક્ટોબર ૨૦, ૧૯૦૬ પહેલાં]

ચિ. રામદાસ,

હવે તમારા કાગળ મને મળવા જોઈએ.

મોહનદાસ

રામદાસ ગાંધી
इन्डियन ओपीनियन,
ફિનિકસ
નાતાલ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સૌજન્ય: શ્રીમતી સુશીલાબહેન ગાંધી

૪૮૩. ડેપ્યુટેશનની મુસાફરી – ૩

[એસ. એસ. आर्मडेल कासल,
ઑક્ટોબર ૨૦, ૧૯૦૬ પહેલાં]

વિશેષ તરંગો

ઇંગ્રેજોની ચડતી કેમ છે એનો કંઈક ખ્યાલ આપણે આ મુસાફરીના સંબંધમાં કરી ગયા. હું જાણું છું કે જેમ ઢાલને બે બાજુ છે તેમ ઇંગ્રેજોની રહેણીકરણીને પણ બે બાજુ છે. ઊલટી બાજુ તપાસવાનું કામ આપણું નથી. જેમ હંસ દૂધ ને પાણી નોખાં કરી તેમાંથી દૂધ જ લે છે એમ કહેવત છે તે પ્રમાણે આપણે આપણા રાજ્યકર્તાઓના સારા ખવાસોને જાણી તેનું અનુકરણ કરવાનું છે. ત્યારે આપણે જે ઢબ ઉપર વિચાર શરૂ કર્યો છે તે જ ઢબ હજુ જારી રાખતાં જોઈશું કે સ્ટીમર ઉપર કંઈ બધા આખો દહાડો મોજમજા નહોતા કરતા. જેઓને કામ હતું તેઓ પોતાનું કામ ડોળ ઘાલ્યા વિના, તે પણ કુદરતી હોય તેમ જાણી કર્યે જતા હતા. એવા ઉતારુઓ આ સ્ટીમર ઉપર છે કે જેઓ પુસ્તકો વાંચ્યા કરે છે. તે પુસ્તકોમાંની ગમ્મતને સારુ નહીં પણ તે વાંચવાની જરૂર છે તેથી. જ્યારે પોતાનું વાચન પૂરું કરે છે ત્યારે પાછા બીજાઓની સાથે રમતગમતમાં સામેલ થઈ જાય છે. સ્ટીમરના કામદારો પોતાનું કામ નિયમિત રીતે બજાવ્યે જાય છે અને તેમાં એક મિનિટ પણ ચાતરવા દેતા નથી. પોતાની આસપાસનો ડોળ જોઈ તેઓ પોતાનો દરજ્જો ભૂલતા નથી. તેઓ અદેખાઈ કરતા નથી અને પોતાના કામમાં મશગૂલ રહે છે. આમાંનું ઘણું આપણે કરીએ છીએ. તેઓનાથી કેટલીક બાબતોમાં ચડી જઈએ છીએ. પણ

૧. જુઓ સામેનો ફોટો.

Gandhi Heritage Portal

એકંદર જોતાં બધી બાબતોનો સરવાળો કરીશું તો ઇંગ્રેજોને ખાતે વધારે જમાની રકમ નીકળશે. આપણામાં જે સ્ટીમરમાં અમે બેઠા છીએ તે બાંધવાની શક્તિ નથી. કદી બાંધી શકીશું તો ચલાવી શકવાની શક્તિ નથી. તેઓની સાર્વજનિક ચોખ્ખાઈની બરોબરી આપણે નહીં કરી શકીએ. એટલા બધા માણસો ઘોંઘાટ કર્યા વિના સાથે કામ કરી શકે છે એવી તાકાત આપણે ભાગ્યે જ બતાવી શકીશું. તેઓની રહેવાકરવાની શૈલી એવી છે કે તેઓ ઘણો વખત બચાવી શકે છે અને આ જમાનામાં વખત બચાવવો તે પૈસો એકઠો કરવા બરાબર છે. આ સ્ટીમરમાં છાપખાનું છે, તેમાં તેઓના "પ્રોગ્રામ" અને ખાવાનાં "મેન્યુ" હમેશાં છપાય છે. સાધારણ લખવાનું હોય તેને સારુ ટાઈપરાઈટર હોય છે. દરેક રાંધવાની વસ્તુ ઘણે ભાગે સંચા વડે થાય છે. આથી ચોખ્ખાઈ જળવાય છે ને વખત બચે છે. જે રહેણી તે લોકો ભોગવે છે, ભોગવવા માગે છે—તેને અંગે આ બધું જરૂરનું છે. આમ જાણીને આપણે તેઓના દોષ ઉપર નજર ન કરતાં, તેઓની અદેખાઈ ન કરતાં તેઓને જે મળ્યું છે તેને સારુ તેઓ લાયક છે અને તેવું ઘણે ભાગે કરવાની જરૂર છે, એમ વિચારવાનું છે. એ કેમ કરી શકીએ, તે વિચારવાની આ જગા નથી. જે તરંગો મારા મનમાં આ મુસાફરી દરમ્યાન પેદા થયા છે તે વાંચનારની આગળ જેવા ને તેવા જ મૂક્યા છે.

સ્ટીમરની મજલ તથા હવા

આ કાફલાની સ્ટીમર સાધારણ રીતે ઝડપથી ચાલનારી છે. અમે હમેશાં અંદાજે ૩૭૦ માઈલ કાપીએ છીએ. ચાર દિવસ હવા ઠંડી રહેલી પણ જેમ જેમ ઉપર ચડતા ગયા તેમ તેમ ગરમી આવતી ચાલી. હાલ અમે ભૂમધ્યરેખાની નજીકમાં છીએ, તેથી ગરમી સખત પડે છે. ગરમીના દહાડા પાંચથી છ ગણવા જોઈએ. આટલી ગરમી છતાં સ્ટીમર ઉપર ઠંડક મળવાનાં એટલા બધાં સાધન છે કે તાપ બહુ જણાતો નથી. કેબિનોની બારીઓમાં હવા ઝીલવાની ગોઠવણ કરવામાં આવે છે તેથી તેમાં આખી રાત ઠંડક રહે છે. ખોરાકમાં પણ તે લોકને રુચે તેવો ફેરફાર કરે છે અને દરેક ઉતારુને પંખો સોંપવામાં આવે છે.

સર રિચર્ડ સૉલોમન સાથે વાતચીત

અમે મદિરા પહોંચવાની તૈયારીમાં હતા તે દરમ્યાન અમને સર રિચર્ડ સૉલોમનની સાથે વાતચીત થઈ. તેમની સાથે બધી વાતચીત કરતાં તેમણે કહ્યું કે કમિશન નીમવાનો વિચાર કોઈ વખતે તેઓ સાહેબ કરશે. તેમને એવા ખબર મળ્યા છે કે હિંદી બંદરે બંદરે એજન્ટો રાખી લોકોને ટ્રાન્સવાલની ભૂગોળ શીખવી દાખલ કરે છે અને તે મુજબ ઘણા માણસો દાખલ થયા છે. આનો અર્થ એ થયો કે આખી કોમ દગાખોર છે ને તેની સજા કરવા નવો કાયદો કર્યો છે. બીજે દહાડે સર રિચર્ડે શ્રી અલીને નવો કાયદો કબૂલ કરવાની ભલામણ કરી. તે ઉપરથી અનુમાન થાય છે કે સર રિચર્ડે કમિશનનો વિચાર માંડી વાળ્યો છે. આનું કારણ હું એમ માનું છું કે તેઓ સાહેબને રિસ્પૉન્સિબલ ગવર્નમેન્ટમાં પહેલા પ્રધાન થવાનો લોભ છે અને જો કમિશન વગેરે નીમીને આપણી દલીલો કબૂલ રાખે તો તેમને હાનિ થવાનો સંભવ છે; તેથી સાહેબ આપણે સારુ કંઈ કરવા માગતા નથી.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २४-११-१९०६

Gandhi Heritage Portal

૪૮૪. કેટલાક સવાલો

ટ્રાન્સવાલના નવા કાયદા વિષે ઘણાક સવાલો થયા છે. તેમાંના જે જરૂરના જણાય છે તે તથા તેનો જવાબ અમે આ પ્રસંગે આપીએ છીએ.

સવાલો

૧. કાયદાની સામે કેવી રીતે થવું?
૨. તેમાં બચાવ શું કરી શકાય?
૩. બેલ દઈને છૂટવું કે નહીં?
૪. સજા શી થઈ શકે?
૫. હૉકરોને પહેલાં પકડશે કે બીજાને પહેલાં પકડશે?
૬. વેપારીના શા હાલ થાય?
૭. આવતે વર્ષે લાઈસન્સનું કેમ થશે?
૮. જેલમાં જવા છતાં ફાયદો ન થાય તો?
૯. કેટલાક માણસો નવું રજિસ્ટર કઢાવે તો?
૧૦. રજિસ્ટર કઢાવવામાં શી હરકત છે?

જવાબ

૧. ઘણા માણસો એમ માને છે કે પહેલી જાન્યુઆરીએ બધા હિંદીઓએ કોર્ટને અથવા જેલને દરવાજે હાજર થવું અને કહેવું કે, અમને પકડો. અમે રજિસ્ટર કઢાવવા નથી માગતા. આ પ્રમાણે લડત નહીં લઈ શકાય. બધા માણસો એમ હાજર થશે તોપણ કંઈ તેને પકડશે નહીં. પકડવું કે નહીં તે સરકારની મરજી ઉપર આધાર છે. તેની નેમ પ્રમાણે તો પહેલી જાન્યુઆરી પહેલાં ઘણાખરા માણસોએ રજિસ્ટર લેવાં જોઈએ. જ્યારે કોઈ પણ હિંદીએ નવું રજિસ્ટર તે દરમ્યાન નહીં કઢાવ્યું હોય ત્યારે સરકાર વિચારમાં પડશે. સંભવ એવો છે કે આગેવાનોનો વિચાર લેશે. પણ લે કે નહીં, છતાં ઍસોસિયેશને કાગળ લખવો પડશે કે કોમમાંથી કોઈ રજિસ્ટર લેવા નહીં જાય અને જો કામ ચલાવવું હોય તો આગેવાન ઉપર ચલાવવું એ વધારે લાજમ ગણાશે. આ કાગળને સરકાર માન આપે કે ન આપે, એક અથવા વધારે માણસને રજિસ્ટર નહીં કઢાવવા સારુ પકડશે ત્યારે શ્રી ગાંધીએ તેના વચન પ્રમાણે બચાવ કરવા જવું પડશે. ત્યાં બચાવ બીજો કરવાનો નહીં રહે; પણ આગલી તવારીખ કહી સંભળાવશે, તથા નહીં લેનારનો ગુનો નથી પણ શ્રી ગાંધીનો પોતાનો અથવા તો ઍસોસિયેશનનો ગુનો ગણવો જોઈએ; કેમ કે તેની ભલામણથી લોકોએ રજિસ્ટર નથી લીધું, એમ દલીલ કરશે. આ ઉપરથી વખતે શ્રી ગાંધીને જ લોકોને ઉશ્કેરણી કરવા સારુ પકડે; અથવા તો લોકોને જે પકડાયા હોય તેની ઉપર થોડી કેદની કે દંડની સજા કરે. દંડ તો આપવાનો હોય નહીં, તેથી જેલમાં જવું રહ્યું. આ કેસના તાર આખી દુનિયામાં જાય અને એવા બીજા થાય તેના પણ તાર જાય.

૨. ઉપર જણાવ્યો તે સિવાય બચાવ કરવાનો રહેતો નથી. કદી પ્રોસિક્યૂટર કાયદાની ભૂલ કરે તો તેનો લાભ બેશક લઈ શકાશે.

Gandhi Heritage Portal

૩. જ્યારે જેલમાં જવાનો ઠરાવ છે ત્યારે કોઈ પણ માણસે બેલ દઈને છૂટવાપણું રહેતું નથી. આ જેલમાં નામોશી રહેતી નથી.

૪. સજા હમેશાં દંડ અથવા તે ન આપે તો જેલની અથવા તો બંનેની થઈ શકશે, અને એ દંડ ન અપાય તો વધુ જેલની. દંડ તો આપવાનો છે જ નહીં. કોઈને પકડીને કાઢી મૂકવાની સજા નહીં થઈ શકે. માણસ જેલ પૂરી કરી આવ્યા પછી પણ જો નવું રજિસ્ટર ન લે તો ગુનેગાર થાય છે. એટલે જો સરકાર માગે તો બધાને નિરંતર જેલમાં રાખી શકે છે.

૫. કોને પહેલા પકડશે એ કંઈ કહી શકાતું નથી.

૬. વેપારી વર્ગના બધા માણસને જવું પડે તેવો સંભવ નથી. છતાં કદી જવું પડે તો તેમાં હરકત જેવું નથી. અને એમ થાય તો દુકાન બંધ જ કરવી જોઈએ અથવા તો કોઈ ભરોસાદાર ગોરાને સોંપી શકાય. એટલે સુધી સરકાર જાય તેમ બને નહીં. છતાં અમુક બનશે જ નહીં, એમ માનવાની જરૂર નથી.

૭. નવા કાયદા પ્રમાણે જેઓએ નવાં રજિસ્ટર નહીં કઢાવ્યાં હોય તેઓને લાઇસન્સ મળવાનો હક નથી. જો લાઇસન્સ ન આપે તો લાઇસન્સના પૈસા ટેન્ડર કરી જે ધંધો હોય તે જારી રાખવો. વગર લાઇસન્સથી વેપાર કરવાનો કેસ ચલાવે તોપણ દંડ નહીં આપતાં જે જેલની સજા થાય તે ભોગવવી.

૮. આવો સવાલ હોય જ નહીં. જેલ એ જ ફાયદો છે, તો પછી તેમાં બીજું પૂછવું જ શું ? આંગળાંઓ પાડી નામોશી કરવી એથી ખરાબ શું ? જેમાં આપણે નામોશી માનીએ છીએ તે કેમ કરીશું ? બીજાઓ ચોરી કરે તો કંઈ આપણે કરવાના નથી. હૅમ્પ્ડને જ્યારે વેરો આપવાની ના પાડી ત્યારે તેવો વિચાર નહીં કરેલો.

૯. કેટલાક નવું રજિસ્ટર કઢાવશે તેની લાજ જશે અને હિંદી પ્રજાનો તેને ફિટકાર મળશે.

૧૦. રજિસ્ટર કઢાવવામાં એ હરકત છે કે કાફરની સ્થિતિ કરતાં ખરાબ સ્થિતિ થશે. કઢાવવાથી યા ન કઢાવવાથી પરમિટ વગરનાં માણસોને ફાયદો કે નુકસાન થશે, એવો સવાલ આમાં ઊઠતો નથી. રજિસ્ટર કઢાવવાથી આપણી લાજ પડે છે. જેટલી હરકત લાજ પડવામાં હોય તેટલી રજિસ્ટર કઢાવવામાં છે. જેઓથી જેલ સહન ન થઈ શકે તેઓએ ટ્રાન્સવાલ છોડવું એ ઠીક રસ્તો ગણાશે. મુલક છોડવામાં પણ બાયલાપણું રહેલું છે; પણ રજિસ્ટર લેવામાં વધારે બાયલાપણું છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २०–१०–१९०६

Gandhi Heritage Portal

૪૮૫. આશાનું કિરણ

માસ-મીટિંગના ઠરાવો કેટલે સુધી ફળદાયી થશે તે વિષે ભાગ્યે જ બે મત થયા છે. તેમાંથી ત્રીજા ને ચોથા ઠરાવને વિષે જોવાનું હવે છે. તેનાં ફળ મળવાની વાત હજુ દૂર છે. તેનો આધાર હિંદી કોમના મક્કમપણા ઉપર રહેલો છે. ચોથા ઠરાવને ચુસ્ત રીતે વળગી રહેવાથી પરિણામે લાભ જ થવાનો. છતાં કોણ કહી શકશે કે તેની અસર હાલથી જ નથી થવા માંડી? મીટિંગના ડેપ્યુટેશન મોકલવા સંબંધી ત્રીજા ઠરાવને જતો કરવા એક વખત વિચાર થયો હતો. હાલના ખબરો પરથી સાબિત થાય છે કે ડેપ્યુટેશન વખતસર મોકલાયું એ બહુ ઠીક થયું છે. અમારો જોહાનિસબર્ગનો ખબરપત્રી જણાવે છે કે સ્ટેટ સેક્રેટરીએ લૉર્ડ સેલબૉર્ન પર તાર કર્યો છે કે હિંદી ડેપ્યુટેશનની ફરિયાદો સાંભળ્યા પહેલાં એશિયાટિક કાયદાને મંજૂરી મળશે નહીં એમ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને જણાવવું. આ ઉપરથી જ ત્રીજા ઠરાવનો અર્થ સરી ચૂક્યો. સ્ટેટ સેક્રેટરીએ હિંદી ફરિયાદોને વજન આપ્યું તેનાં કારણો જોઈએ તો ચોથા ઠરાવની અસર એક મુખ્ય કારણમાં ગણાય. લૉર્ડ એલ્ગિનના તારથી ત્રીજા ઠરાવનું ઉપયોગીપણું સિદ્ધ થાય છે ને સાથે ચોથા ઠરાવની અસર પણ જણાય છે. ડેપ્યુટેશનને ફત્તેહ મળે કે ન મળે તોપણ એટલું તો ઠરે છે કે વડી સરકારે ટ્રાન્સવાલના હિંદીઓ તરફ કાંઈક આંખ ઉઘાડી છે. તેવા વખતમાં ડેપ્યુટેશનથી ખરેખર સારું કામ બજાવી શકાશે. આટલામાં જો ચોથો ઠરાવ અસર કરવા લાગ્યો છે તો તે ઠરાવને અમલમાં મૂકવાનો વખત આવે ત્યારે શું તેની અસર વિલાયતમાં અને બીજા ભાગમાં થયા વગર રહે?

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २०-१०-१९०६

૪૮૬. ટાઇલર – હૅમ્પ્ડન – બનિયન

અમે આ ત્રણ જણનો દાખલો આપી ગયા છીએ.[1] તેઓએ પોતાના દેશને સારુ જે કર્યું છે તેમાંનો સોમો ભાગ પણ આપણામાંથી એક માણસ દક્ષિણ આફ્રિકામાં કરે તો આપણી બેડી તૂટી પડે તેમ છે.

વૉટ ટાઈલર બારમી સદીમાં[2] થઈ ગયો. એક વેળા ઇંગ્લંડના રાજાએ ખેડૂતો ઉપર ભારે કર નાખ્યો. તે કર અન્યાયી હતો. તે નહીં આપવાનો ટાઈલરે નિશ્ચય કર્યો. તેની સાથે ઘણા ખેડૂતો મળ્યા. ટાઈલર તથા તેની ટોળીની સામે લશ્કર ગયું. ટાઈલર માર્યો ગયો: પણ ખેડૂતો ઉપરથી કરનો બોજો છેવટે ગયો. અને તે કિસ્સા પછી લોકોને પોતાની સત્તાનું જે ભાન આવ્યું તેનું વધારે પરિણામ સત્તરમી સદીમાં જોવામાં આવ્યું. તે વેળા ચાર્લ્સ રાજ્ય કરતો હતો: તેને બહાર દેશોમાં લડાઈ કરવી હતી. તેનો પૈસાનો ભંડાર ખૂટી ગયો હતો. તેથી તેણે વહાણવેરો

૧. જુઓ "ટ્રાન્સવાલના હિંદીનું કર્તવ્ય", પા. ૪૯૮-૫૦૦.

૨. વૉટ ટાઈલર ૧૪મી સદીમાં થઈ ગયો.

Gandhi Heritage Portal

દાખલ કર્યો. એક ધનાઢ્ય આબરૂદાર ગૃહસ્થ જૉન હૅમ્પ્ડન હતો, તેણે જોયું કે જો રાજાને આ પ્રમાણે વહાણવેરો અપાશે તો છેવટે તેની માગણી વધશે, લોકો દુ:ખી થશે. તેથી તેણે વેરો આપવા ના પાડી. ઘણા લોકો તેને ભળ્યા. કેટલાક આપવાને તૈયાર થયા; તોપણ હૅમ્પ્ડન ચુસ્ત રહ્યો. તેની ઉપર ભારે કામ ચાલ્યું. જજોએ તેને સજા કરી ને ઠરાવ્યું કે હૅમ્પ્ડને કર નહીં આપ્યો તે ખોટું કર્યું. તેને સજા મળી; છતાં તેણે વેરો આપ્યો નહીં. હૅમ્પ્ડન તથા તેના સાથીઓને લોકોએ કેદમાં વધાવ્યા. તેઓ જેમ ચુસ્ત રહ્યા તેમ લોકો પણ ચુસ્ત રહ્યા. વેરો ઘણાઓએ નહીં આપ્યો ને મોટું બંડ ઊઠયું. બાદશાહ ગભરાયો. ફરી તપાસ ચાલી. હજારો માણસોને કેદમાં નખાય નહીં. તેથી આગલો ઠરાવ બીજા જજો પાસે રદ કરાવ્યો. હૅમ્પ્ડન છૂટયો. તેણે સ્વતંત્રતાને સારુ કરેલી લડતનું બીજ રોપ્યું હતું, તેમાંથી જબરદસ્ત ઝાડ થયું. અને તેની મહેનતના પરિણામે ક્રૉમવેલ જાગ્યો, અને ઇંગ્લંડની ખરી સત્તા મળી તથા લોકોને રાજ્યકારભારમાં ઘણો ભાગ મળ્યો. હૅમ્પ્ડન દેશને સારુ લડતાં મૂઓ છતાં તે અમર છે.

જૉન બનિયન તે સાધુ પુરુષ હતો. તેને ઈશ્વરના સ્તવન સિવાય બીજું વ્યસન ન હતું. તેણે તે વખતનો એટલે સત્તરમી સદીનો ધર્મનો જુલમ ભારે જોયો. તેને બિશપો કહે તે કરવું ઠીક નહીં લાગ્યું. તે માત્ર ખુદાની હાકને જ ગણકારતો. પોતાની ઓરત, છોકરાંને છોડીને બેડફૉર્ડની જેલમાં બાર વરસ રહ્યો. ત્યાં તેણે ઇંગ્રેજી ભાષાનું સરસમાં સરસ પુસ્તક[1] લખ્યું. તે પુસ્તક વાંચીને લાખો માણસો હાલ આસાએશ લે છે. બચ્ચાં તથા મોટાં માણસો બધાં ગમ્મતથી વાંચી શકે છે, એવી સરલ ભાષામાં લખાયેલું તે પુસ્તક છે. જે ઠેકાણે બનિયને જેલ ભોગવી તે ઠેકાણું હાલ ઇંગ્રેજોનું જાત્રાનું સ્થાનક થઈ પડયું છે. બનિયને દુ:ખ ભોગવ્યું, પણ પ્રજાને દુ:ખમાંથી છોડી. આજે ઇંગ્લંડમાં ધર્મની સ્વતંત્રતા લોકો ભોગવે છે તે બનિયન જેવા સાધુ પુરુષોના પ્રતાપથી.

જે પ્રજામાં આવી ત્રિમૂર્તિ પેદા થાય એ પ્રજા શા સારુ રાજ્ય નહીં ભોગવે? ઉપરના માણસોએ જો એટલો પરિશ્રમ વેઠયો તો પછી ટ્રાન્સવાલના હિંદીને થોડો વખત જેલ ભોગવવી પડે અથવા વેપારમાં નુકસાન ભોગવવું પડે તો તેમાં કંઈ વધારે પડતું નહીં ગણાય. એટલું જ નહીં કરે તો તેઓની અપકીર્તિ થશે, એટલું કરશે તો સહેજે બંધન છૂટશે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २०–१०–१९०६

१. धि पिल्ग्रिम्स प्रोग्रेस.

Gandhi Heritage Portal

૧. શેઠ સાહેબ હાજી અબ્દુલ્લાના પત્રનો એક ભાગ

કલકત્તા હાઉસ,
પ્રિટોરિયા, તા. ૧૨ [જાન્યુઆરી ૧૯૦૩[૧]]
બૉકસ ૬૭

શેઠ સાહેબ હાજી અબદુલા,

આ કાગળની સાથે મેં આપને કહ્યું હતું એ પ્રમાણે કેપની સામે ઘડેલી અરજી મોકલું છું. એ અરજી બહુ વિચારપૂર્વક બનાવી છે. અને જે પગલું આજ સુધી નથી ભરેલું એવું એ અરજીની અંદર ભર્યું છે. અને મિ. ચેમ્બરલેનનાં ભાષણો સાંભળવાથી તેના વિચારને અનુસરીને કર્યું છે. તેના કહેવા ઉપરથી એમ જણાય છે કે હાલ તુરતમાં એકદમ આપણી સામેના કાયદા દક્ષિણ આફ્રિકામાં રદ નહીં થાય. હિંદુસ્તાનમાં કરોડો માણસની વસ્તી છે. અને એ કરોડો સાઉથ આફ્રિકામાં આવે તો યુરોપિયનો કચરાઈ જાય. એવી ભૂલભરેલી ધાસ્તી અહીંયાં લોકો બતાવે છે. એ ધાસ્તીનો જવાબ સાથેની અરજીમાં આપ્યો છે. અરજી જોઈને ટૂંકી બનાવી છે. તે એવા હેતુથી કે ઘણા માણસો ઝપાટાભેર વાંચી શકે. તેની અંદર કેપ પાર્લમેન્ટે ભૂલ કરી છે. તેનાં પાંચ કારણો આપ્યાં છે. એ પાંચેનું વિવેચન મિ. ચેમ્બરલેનની પાસે થઈ ગયું છે. તેથી તેની ઉપર ઘણું લખવાનું તે બધું બંધ રાખ્યું છે. બે જાતના ફેરફાર બિલની અંદર કરવાની સૂચના કરી છે. તે એ કે અંગ્રેજી ભાષાને બદલે હિંદુસ્તાનની કોઈ પણ ભાષાનું જ્ઞાન બસ થવું જોઈએ. અને એવું જ્ઞાન ન હોવા છતાં પણ જે માણસોની જરૂર કેપની હિંદની વસ્તીના લાભને સારુ હોય તેવાને રજા મળવી જોઈએ. હવે કરવાનું એટલું જ રહ્યું કે જે અરજી હું મોકલું છું તે અરજીમાં બને તેટલા અગ્રેસર હિંદુસ્તાનીઓની સહી કેપમાં થવી જોઈએ. તે મિ. ચેમ્બરલેનને દક્ષિણ આફ્રિકામાં જ તુરત મોકલવાની જરૂર છે. કેપમાં આવે ત્યારે તેની પાસે ડેપ્યુટેશનની ઉઘરાણી કરવી જોઈએ. એટલે તે આપણને જે જવાબ આપવાનો હોય તે આપી શકે. હું ધારું છું તે પ્રમાણે મિ. ગુલ કામ લેશે તો મને ઉમેદ છે કે કંઈક દરજ્જે ફતેહ મળવી જ જોઈએ. મિ. ગુલને કેપટાઉનમાં પહોંચી જવાની જરૂર છે. ત્યાં અરજી મોકલવી ને તુરત તેની નકલ છપાવવામાં દેવી જોઈએ. છાપાંવાળાઓને કેટલાક મેમ્બરોએ મળવું જોઈએ. આમ થવાથી એ અરજીને ઘણે ભાગે ટેકો મળવાનો સંભવ છે.

આ બધું તુરત અને ઝપાટાબંધ થવાની જરૂર છે. મિ. ચેમ્બરલેનને એડ્રેસ આપવાનું કર્યું જ હશે. અને જો એડ્રેસ મારે બનાવવાનું હોય તો લખશો. એટલે હું બનાવી મોકલીશ. કેપ-ટાઉનમાં મારાથી મિ. ચેમ્બરલેનને મળી શકાય એમ બનવું અસંભવિત નથી જણાતું. અહીંયાં ઘણી મહેનત કરી છતાં પરવાનગી ન મળી. એ કિસ્સો મોટો છે. પણ અહીં એમ થયું એટલે કેપટાઉનમાં મારે મળવાની તજવીજ કરવી એ પણ ફોગટ ગણાય. છતાં છાપાંવાળા વગેરે

૧. સંદર્ભ ઉપરથી લાગે છે કે આ જાન્યુઆરીમાં લખાયો હોવો જોઈએ.

Gandhi Heritage Portal

મળવાને ખાતર અને તેમની સાથે વાતચીત કરવાની ખાતર જવાની જરૂર જણાશે તો હું ના નથી પાડવાનો પણ. . . . સાઉથ આફ્રિકામાં અત્યારે કાંઈ પણ . . . :

[મૂળ ગુજરાતી]

શ્રી છગનલાલ ગાંધીએ કરેલી નકલ ઉપરથી : એમના સૌજન્યથી

૨. મિ. કેલ્ડરને પત્ર

જોહાનિસબર્ગ,
પો. બૉક્સ ૨૯૯,
ફેબ્રુઆરી ૬, ૧૯૦૩

પ્રિય મિ. કેલ્ડર,

મુંબઈમાંનો મારો કારકુન જણાવે છે કે તમે નૂરમહમદની મિલકત વિષે મારી ઑફિસે મોકલેલો પત્ર મળ્યો હતો, પણ તેની સાથે સામેલ રાખેલા કાગળો મળ્યા નહોતા. કૃપા કરી આ બાબતમાં જરૂરી કરશો અને વિગતે સૂચના આપશો.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ અંગ્રેજી પત્રની છબી પરથી : જી. એન. ૨૧૭૩

૩. મોહનલાલ ખંડેરિયાને પત્ર

૨૫–૨૬ કોર્ટ ચેમ્બર્સ
રિસિક સ્ટ્રીટ,
જોહાનિસબર્ગ,
જુલાઈ ૩, ૧૯૦૩

રા. રા. ભાઈ મોહનલાલ,

તમારો કાગળ મળ્યો. માજિસ્ટ્રેટની મહેરબાનીથી તમને લાઈસન્સ મળે તો જ થાય. હકથી નહીં મળે. મારી સલાહ તમને વેપારમાં નહીં પડવાની છે. તમારાથી બને તો તમે જમીન તથા ઘર ખરીદો તેમાં સારો નફો થશે. વેપારમાં કમાણી થવી મુશ્કેલ છે. અને અપ્રમાણિકપણું વાપરવાની તેમાં વિશેષ લાલચ રહેલી છે.

તમારે મુક્ત થવાની અરજી કરવાની કશી જરૂર નથી. ચિ. ગૌરીશંકરે નથી કરી એમ મને કહેલું. જો તેણે અરજી કરી હોય તો તે ભૂલ છે. તેથી માત્ર ગામમાં રહેવાનો હક્ક મળે છે. તેની કશી કિંમત નથી. છતાં વળી ડિસેમ્બર મહિના સુધી ધારા અમલમાં આવનાર નથી એટલે કોઈ રીતે અરજી કરવા જેવું નથી.

મિ. અબદુલાના છોકરાની પરમિટ આવતે અઠવાડિયે મળશે એવો તાર આવ્યો છે.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

જી. એન. ૬૨૦૨

Gandhi Heritage Portal

૪. મોહનલાલ ખંડેરિયાને પત્ર

જુલાઈ ૭, ૧૯૦૩

રા. રા. ભાઈ મોહનલાલ,

તમારો કાગળ મળ્યો. વેપાર કરવાની હોંશ હોય તો હું ભાંગી નાંખવા નથી માગતો. રીટેલ વેપારમાં અપ્રમાણિકપણું બહુ ચાલે છે એવો મારો અનુભવ છે. છતાં જેને હિંમત હોય તે બેશક જાળવી શકે છે.

તમારે અરજી તો માજિસ્ટ્રેટને જ કરવી પડશે, પણ કેળવાયેલાને ગામમાં લાઈસન્સ મળે એવો કાયદો નથી. એટલે તમને મળવી એ મુશ્કેલ માનું છું. કૉલોનિયલ સેક્રેટરીને હું ઓળખું છું. પણ કાયદાની બહાર કાંઈ માગણી કરી શકાય એમ નથી. તમે લૉર્ડ મિલ્નરને મોકલેલી અરજીમાં જોયું હશે. કે તે બાબતની માગણી છે. લૉર્ડ મિલ્નરે ભરૂંસો આપ્યો છે. જો તે પ્રમાણે ફેરફાર કાયદામાં થશે તો હરકત નહીં આવે એમ માનું છું. પણ જો તમારાથી માજિસ્ટ્રેટને મળી કંઈ થઈ શકે તો કરજો.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

જી. એન. ૬૨૦૩

6304

૫. મિ. કેલ્ડરને પત્ર

આગાખાન બિલ્ડિંગ્ઝ, બીજે માળે
હાઈકોર્ટ સામે,
કોટ, મુંબઈ,
જુલાઈ ૨૫, ૧૯૦૩

પ્રિય મિ. કેલ્ડર,

ચાલુ માસની ૧૩મી તારીખનો સ્વ. ઈ. એન. મહમદના વીલ બાબતનો આપનો પત્ર મને હમણાં જ મળ્યો છે. તમારા પત્ર પર હું સંપૂર્ણ ધ્યાન આપીશ.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળા ટાઈપ કરેલા પત્ર ઉપરથી : જી. એન. ૨૧૭૪

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.
Gandhi Heritage Portal

૬. મોહનલાલ ખંડેરિયાને પત્ર

જોહાનિસબર્ગ,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
સપ્ટેમ્બર ૮, ૧૯૦૩

રા. રા. ભાઈ મોહનલાલ,

તમારો કાગળ મળ્યો. તમારો લાંબી મુદત ગેકાવાનો વિચાર હોય તો તમારા કુટુંબને તેડાવો તેમાં હું કશું ખોટું નથી જોતો. પણ તેવો વિચાર રાખો તો તમારે ઠીક હાલતમાં રહેવાનો નિશ્ચય કરવો.

ચિ. હરિલાલ વ.ને મેં ત્રણ વર્ષ સબૂરી કરવા લખ્યું છે. જો રોકાઈ જવાનું કબૂલ કરે તો જ મારાથી તેટલી મુદતમાં છૂટા થવાય. છતાં હું વચન આપીને આવ્યો છું તેથી લખ્યું છે, કે જો તેટલી સબૂરી ન પંકડાય તો ઑક્ટોબર માસમાં મુંબઈથી રવાના થવું. એટલે જો આવશે તો નવેમ્બરમાં આવવાનો સંભવ છે. જવાબ ફરી નથી મળ્યો.

ઍફિડેવિટો મળ્યાં છે, જરા ઢીલ થશે. ત્યાં તેઓના માણસો આવશે ત્યારે કઢાવી આપશે.

મોહનદાસ ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

જી. એન. ૬૨૦૪

૭. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
નવેમ્બર ૨૫, ૧૯૦૩

ચિ. છગનલાલ, [મુંબઈ]

તમારા બે કાગળો ચિ. મગનલાલની મારફતે મળ્યા. મરહૂમ ધરમશી પ્રાગજીની બાબત તેના ભાઈનો પણ કાગળ મને આવ્યો હતો. બનતો પ્રયાસ ચાલે છે. પણ તેનો કંઈ પણ અવેજ જોવામાં આવતો નથી. બહુ જૂજ છે. અને અહીંના [ટ્રાન્સવાલના] કાયદા એ બાબતમાં જરા અઘરા છે એટલે કંઈ અવેજ બચશે તોપણ તે તરફ (એટલે હિંદુસ્તાન મરહૂમના વારસને) મળતાં વખત લાગવાનો.

શિવલાલભાઈની[1] સાથે [હિસાબની] ચોખવટ કરતાં યાદ રાખજો કે રુસ્તમજી શેઠ [ડરબન]-ના પૈસા આપણે તેની પાસે મૂકેલા છે. તેનો આંકડો પણ લેજો, ને પૈસા કરજમાં ભરજો. અને

૧. શિવલાલભાઈની રાજકોટમાં શરાફની દુકાન હતી.

ગાંધીજી તા. ૨૪–૧૨–૧૯૦૨માં ડરબન પહોંચ્યા અને તે પછી જોહાનિસબર્ગમાં વધારે વર્ષો રહી કામ કરવાની ઑફિસ ૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સવાળી જગ્યામાં શરૂ કરી તે વખતનો છે. પૂજ્ય કસ્તૂરબા તથા બાળકો સાથે મારે જવાનું અને મુંબઈથી રાજકોટનો હિસાબ ચોખવટ કરી આવવાનો ઉલ્લેખ ઉપરના પત્ર પહેલાં આવેલો તેના અનુસંધાનમાં છે. **—છગનલાલ**

Gandhi Heritage Portal

કેટલા ભર્યા તે મને લખી જણાવજો. તેની ઉપર વ્યાજ શિવલાલભાઈ જેટલું મજરે આપે તેટલું આપણે તેના લેણા ઉપર મજરે [રુસ્તમજી શેઠને] આપવાનું છે.

મારી ઉપર જે કામનો બોજો પુષ્કળ હતો તે હવે શાંત છે. કેમ કે ઑફિસમાં માણસ પુષ્કળ છે; જોકે પ્રમાણમાં ખરચ એકદમ વધાર્યું છે. (તમે) શૉર્ટહૅન્ડ જારી રાખેલ છે એ બહુ ઠીક કરો છો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

જી. એન. ૬૫૭૮

૮. મોહનલાલ ખંડેરિયાને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ,
રિસિક અને એન્ડર્સન સ્ટ્રીટને નાકે,
જોહાનિસબર્ગ,
મે ૧૪, ૧૯૦૪

રા. રા. ભાઈ મોહનલાલ,

ચિ. ઉમિયાશંકર પહોંચ્યા છે. નવા કે જૂના ગમે તે ઇન્ડિયનને ગમે તે ઠેકાણે હવે લાઇસન્સ મળી શકે છે. પણ નવો કાયદો જરૂર થશે. ઘણા માણસો નકામી હોડ ન કરે તો સારું. જરૂર હોય તેણે જ લાઇસન્સ કઢાવવાં.

જે માણસ પૈસા ન આપે તેને છોડી દેવાના. હવે પછી ઉધાર કામ ન કરવું એ શિખામણ લેવાની.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ ગુજરાતી પત્રની છબી પરથી: જી. એ. ૬૨૦૫

૯. મોહનલાલ ખંડેરિયાને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ
જોહાનિસબર્ગ,
જુલાઈ ૫, ૧૯૦૪

રા. રા. ભાઈ મોહનલાલ,

તમારો કાગળ મળ્યો. તમારાથી હાલ ન બને તો રહીને મારા પૈસા મોકલજો. પણ બનતી ઉતાવળ કરજો કેમ કે ઘણા પૈસા મારે પ્રેસમાં આપવા પડે છે.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ ગુજરાતી પત્રની છબી પરથી: જી. એન. ૬૨૦૬

Gandhi Heritage Portal

૧૦. મોહનલાલ ખંડેરિયાને પત્ર[1]

જાન્યુઆરી ૧૪, ૧૯૦૬
રવિવાર

ભાઈશ્રી મોહનલાલ,

તમારો કાગળ તથા તમારી ઉપરની નોટિસ મળ્યાં. તમે મિ. ગ્લેલનબર્ગની નોટિસ મોકલી છે. કાગળમાં સમન્સની વાત લખો છો પણ સમન્સની નકલ મોકલી નથી. અહીંથી હું શું લખી શકું તે કહી શકતો નથી. બચાવ તો ત્યાં જ કરવો જોશે. હું માનું છું કે એ કેસમાં તમારે જીતવું જ જોઈએ. સમન્સ મોકલ્યો હોત તો હું વધારે કહી શકત. તમે ગુજરાતીમાંથી અંગ્રેજી કર્યું હોય તે બરાબર હોય તો તે માણસ કંઈ નહીં કરી શકે. તા. ૧૬મીનો કેસ ન ચાલે તેમ હોય તો કાગળિયાં લઈને તમારે અહીં આવી જવું એ વધારે સારું છે. કેટલાક મુસલમાનોએ ખટપટ ઉઠાવી છે. તે બાબત મેં પણ સાંભળ્યું છે, પણ તેથી ગભરાવાનું નથી. ધીરજ રાખવાની જરૂર છે અને જો બીજા પક્ષ તરફથી જરાયે ગુસ્સો કરવામાં નહીં આવે તો એ બધું તેની મેળે જ સમી જશે. તમારો કાગળ આજે એટલે રવિવારે જ મળ્યો છે. એ જ.

લિ.
મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ ગુજરાતી પત્રની છબી પરથી : જી. એ. ૬૨૦૭

૧૧. મોહનલાલ ખંડેરિયાને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ
જોહાનિસબર્ગ,
જાન્યુઆરી ૧૬, ૧૯૦૬

ભાઈશ્રી મોહનલાલ,

સમન મળ્યા. તે ઉપરથી લાગે છે કે તમારી ઉપર કંઈ થવું ન જોઈએ. એ કામની અંદર મને દાખલ કરવો એ ઠીક નથી જોતો, છતાં તમને ધારસ્તી જેવું હશે તો હું આવીશ. ઘરમેળે પતી શકે તો કરવામાં કશી અડચણ નથી, અને ઘરમેળે નિકાલ થઈ જાય તો બહુ સારું છે.

૧. આ પત્રને છેડે શ્રી છગનલાલ ગાંધીએ નીચેનો પત્ર લખ્યો હતો.
ભાઈશ્રી મોહનલાલ,
હું અહીં દશેક દિવસ થયાં આવ્યો છું. વખતે ત્યાં આવું. આવીશ તો અગાડીથી ખબર આપીશ. ભાઈ ઉમિયાશંકરને યથાર્થ કહેશો.

લિ.
છગનલાલના યથાર્થ

Gandhi Heritage Portal

ક્યાં સુધી કેસ મુલતવી રહે છે તે જણાવજો. અને શું પરિણામ આવે છે તે પણ લખજો. ચિ. છગનલાલને બની શકશે તો મોકલીશ. હાલ તો અહીં ઉઘરાણી કરે છે.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

જી. એન. ૬૨૦૮

૧૨. મોહનલાલ ખંડેરિયાને પત્ર

૨૧-૨૪ કોર્ટ ચેમ્બર્સ,
જોહાનિસબર્ગ,
જાન્યુઆરી ૧૮, ૧૯૦૬

ભાઈ મોહનલાલ,

તમારો કાગળ મળ્યો. મને તમે આગ્રહ કરશો તો આવીશ. પણ મારી સલાહ એવી છે કે મને ન બોલાવો. જે કજિયાએ ધર્મરૂપ જરાયે પકડયું હોય તેમાંથી મને હાલ મુક્ત રાખવા જેવું છે. મને બોલાવશો તોપણ જો મારે ગુજરાતી ચોપડીઓ ઉપર જુબાની દેવી પડશે તો મારાથી તમારે સારુ ઊભું નહીં રહેવાય. એટલે મને લાગે છે કે તમારે ત્યાં વકીલને રાખવો. ચોપડા ગુજરાતી તથા અંગ્રેજી મારી તપાસ સારુ તથા જુબાની સારુ અહીં મોકલવાનું કમિશન જો વકીલ માગશે તો હું જુબાની અહીં બેઠો આપી શકીશ. તમારે ગુજરાતી ચોપડા ઉપરથી નામું ઉતારવું પડતું હતું એટલું તમે સાબિત કરશો તો અને ગુજરાતી ઉપરથી તમે બરોબર ઉતાર્યું છે એમ સાબિત કરશો તો બસ થશે. તમારી ભૂલ થઈ હોય તોપણ તેથી નુકસાન થયું છે એમ તેણે સાબિત કરવું પડશે. અને સાબિત કરે ત્યારે જ કમિશન મળે. આ બધું બહુ મુશ્કેલ છે. એટલે ત્યાંનો વકીલ જરા પણ સારો હશે તો તમને જરાયે હરકત નહીં આવે. તમે ત્યાં વકીલને મળો, તે શું કહે છે તે જુઓ. પછી અહીં આવી જાઓ અને જરૂર જણાય તો પછી મારા આવવાનો વિચાર કરીએ. છતાં તમારી ઉપર બધું રાખું છું.

મો. ક. ગાંધીના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ ગુજરાતી પત્રની છબી પરથી : જી. એન. ૬૨૦૯

Gandhi Heritage Portal

૧૩. છગનલાલ ગાંધીને પત્ર

રવિવાર,
૩ વાગતે
[માર્ચ ૧૧, ૧૯૦૬][1]

ચિ. છગનલાલ,

મેં થોડું લખાણ કાલે મોકલ્યું છે. બીજું હમણાં ગુલાબની સાથે મોકલું છું. હજી મારે વધારે લખવાનું છે તે લખાય છે. બનશે તો તે સાંજના પોસ્ટ કરીશ. હમણાં જે મોકલું છું તે બુકપોસ્ટ કરું છું. તે કયારે મળે છે તે લખજો. ગયે અઠવાડિયે મેં પોતે રવિવારે પોસ્ટ કરેલું છતાં તમારા લખવા પ્રમાણે તે મંગળવારે સવારે તમને નહીં મળેલ. આમ કેમ થાય છે તે સમજાતું નથી. શનિવાર તથા રવિવાર સિવાય બીજો વખત મને કોઈ પણ રીતે મળે તેમ નથી. એટલે રવિવારની ટપાલ નિયમસર મળે એમ ઇચ્છું છું. મારે અહીંથી શું ઈલાજ લેવો એ શોધું છું.

મિ. બીનને માનપત્ર આપી આવકાર સાથે રજા અપાય તો વધારે સારું. બધા ભેગા થઈ એક ટૂંકું લખાણ તેને આપજો તથા છેલ્લે દહાડે સાથે જમજો. આટલું કરવું એ યોગ્ય જણાય છે. એને વળાવવા પણ જજો. મિ. વેસ્ટને વાત કરજો.

મોહનદાસના આશીર્વાદ

[તા.ક.]

ઉમર શેઠના લખાણમાં બે પાનાં રહી ગયાં હતાં તેનું શું થયું?

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ ગુજરાતી પત્રની છબી પરથી: એસ. એન. ૬૦૮૬

૧. સંદર્ભ ઉપરથી આ પત્રની તારીખ આ હોય એમ લાગે છે.

Gandhi Heritage Portal

૧૪. શેઠ શ્રી હાજી ઈસ્માઈલ હાજી અબુબકર ઝવેરીને પત્ર

૨૧-૨૪ કોર્ટ ચેમ્બર્સ
કૉર્નર રિસિક સ્ટ્રીટ,
પો. ઑ. બૉક્સ ૬૫૨૨,
જોહાનિસબર્ગ,
માર્ચ ૨૮, ૧૯૦૯

શેઠ શ્રી હાજી ઈસ્માઈલ હાજી અબુબકર ઝવેરી,

આપના તાર મળ્યા. આજ દસ્તાવેજ રજિસ્ટર થઈ આવી ગયા છે. મહેનત કરવામાં જરાયે ખામી નથી રાખી. પણ મરહૂમ શેઠ અબુબકરના નામ ઉપર અથવા તો વારસોનાં નામ ઉપર પ્રોપર્ટી ન રહી શકી. મારા વિચાર પ્રમાણે આપણે આ પગલું ભર્યા વિના છૂટકો ન હતો. હવે જે થયું છે તેથી આપને જરાયે જોખમ હું માનતો નથી. પ્રોપર્ટી આપના નામ ઉપર નથી એ ખરું, પણ તે આપની જ છે. તેવો દસ્તાવેજ છે. તેવું વીલ છે ને તેવું વધારે ચોક્કસ કરવા સારુ બૉન્ડ પણ લીધેલું છે. એટલે આપે જરાયે ચિંતા રાખવાની નથી. રજિસ્ટ્રારને આપની સહીનો એક દસ્તાવેજ આપવો પડશે. તે ઉમર શેઠ સહી કરવા મોકલે છે.

મને ઉમેદ છે કે હજુ પણ એ પ્રોપર્ટી આપના નામ ઉપર ફરશે, તેવી તજવીજ શરૂ છે. વિલાયત લખાણ મોકલ્યું છે. આપણાથી કાયદાની સામે પ્રિવી કાઉન્સિલમાં જવાય તેમ ન હતું, પણ રાજદ્વારી લખાણ હવે ચલાવું છું. બીજી રીતે કાયદો ફેરવે યા નહીં, પણ આ પ્રોપર્ટી આપના નામ ઉપર ચડાવવાની સત્તા તો કાયદેસર મળવી જોઈએ એમ તજવીજ ચાલે છે. દરમિયાન પ્રોપર્ટી ખરું જોતાં તો આપની જ રહે છે. તેનો ભાગવટો આપને છે ને તેમાંથી જે થોડું આવે છે તે પણ આપને જ મળશે.

આપની તબિયત બરોબર રહેતી હશે.

મો. ક. ગાંધીના સલામ

હાજી ઈસ્માઈલ અબુબકર
પોરબંદર

[મૂળ ગુજરાતી]
શ્રી છગનલાલ ગાંધીના સૌજન્યથી

Gandhi Heritage Portal

૧૫. જોહાનિસબર્ગનો પત્ર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૧૩, ૧૯૦૯

પરમિટની તકલીફ

પરમિટની ઈજા હજુ તેની તે જ છે. છેલ્લો દાખલો એક એવો જોવામાં આવ્યો છે કે છ વરસના છોકરાને પોતાના બાપની પાસેથી ખૂંચવી લઈ પરમિટ અમલદારે વૉક્સરસ્ટમાં તે છોકરાને રાખ્યો. આ બાબતમાં મિ. ચમનીની પાસે ફરિયાદ ગઈ છે. છોકરો આવશે પણ ખરો, તેથી કાંઈ બાપને જે દુ:ખ પડયું છે એ જવાનું નથી. જે કાયદા નીચે આમ થાય તેવો કાયદો બ્રિટિશ રાજ્યમાં હોવો જ ન જોઈએ.

ચિનાઈ કેસ

એક તરફથી આમ બ્રિટિશ રાજ્યની તરફ લાગણી ઉશ્કેરાઈ આવે એવું જોઈએ છીએ, બીજી તરફથી તે લાગણી શાંત પાડનારી સ્થિતિ પણ નજરે આવે છે. જસ્ટિસ મેસને આપેલ ચિનાઈ કેસના ચુકાદા વિષે હું લખી ગયો છું. મિ. જેમિસનને સુપ્રિમ કોર્ટમાં પાંજરામાં ઊભી જુબાની આપવી પડી હતી. જે ચીનાને કાઢી મૂકયો હતો તે ચીનાને પાછો ડરબનથી લાવવો પડયો હતો. જસ્ટિસ મેસને મિ. જેમિસનનો પા. ૧૦ દંડ કર્યો અને વકીલ અને અસીલ વચ્ચેનો ખર્ચો તેની ઉપર નાખ્યો. મિ. જેમિસનના કામ ઉપર સખત ટીકા કરી અને જણાવ્યું કે મિ. જેમિસને ચીનાની ઉપર જુલમ ગુજાર્યો. તેને હાથકડી નાખવાનો તેને બિલકુલ અખત્યાર નહોતો અને જ્યારે તેના વકીલે મિ. જેમિસન ઉપર નોટિસ મોકલી ત્યારે તેણે તે ચીનાને રોકી રાખવાની તેની ફરજ હતી. એ ચીનો હવે જોહાનિસબર્ગમાં છૂટો ફરી શકે છે અને તેના વકીલે મિ. જેમિસનની ઉપર નુકસાનીની ફરિયાદી કરવાની નોટિસ કરી છે. આવો ઈન્સાફ જર્મનીમાં અથવા તો રશિયામાં મળવો બહુ અસંભવિત હોય છે. કેમ કે ત્યાં અમલદારોને એવી સ્વતંત્રતા આપવામાં આવે છે કે તેનાં કામો ઉપર કોરટને દેખરેખ રાખવાની સત્તા હોતી નથી. આવી જાતનું હવે બ્રિટિશ રાજ્યકર્તાઓ કરતાં શીખેલા છે. જેમ કે તમારો નાતાલનો વેપારીનો લાઈસન્સનો કાયદો.

ટ્રાન્સવાલના હિંદી જમીનદારોને ચેતવણી

ઘણાખરા ટ્રાન્સવાલના હિંદીઓ જેઓ જમીનના ધણી છે તેઓનો બહુ અગત્યનો મામલો મારી જાણમાં આવ્યો છે. એક હિંદીની પાસે એક ગોરાના નામ ઉપર જમીન છે. તે હિંદીએ તે ગોરાની પાસેથી બૉન્ડ નથી લીધું. ગોરો નાદારી કોરટમાં લગભગ જઈ ચૂકયો છે. હવે આ જમીન બચાવવી મહામુસીબત થઈ પડી છે. ગોરો પોતે મદદ કરવાને ઈંતેજાર છે. જમીન ઉપર કાંઈ હક નથી ધરાવતો પણ તે જમીન ઉપર બૉન્ડ નથી એથી કરીને તે ગોરાના લેણદારો તે જમીન ખાઈ જવાની પૂરી ધાસ્તી છે. જો તે ગોરાની પાસેથી વખતસર બૉન્ડ લીધું હોત તો આવું થવાનો કાંઈ સંભવ ન હતો. આ દાખલા ઉપરથી હરકોઈ પણ હિંદીની પાસે ગમે તેવા

Gandhi Heritage Portal

ભરોસાદાર ગોરાની જમીન હોય તોપણ તે ઉપર તેણે બૉન્ડ લઈ લેવાની પૂરેપૂરી જરૂર છે, નહીં તો સજ્જડ થપડ ખાવાનો તેને વખત આવવાનો સંભવ છે.

પરમિટનો કેસ

અહીંના મૅજિસ્ટ્રેટની કોરટમાં જાણવા જોગ પરમિટનો કેસ થઈ ગયો છે. હું આગળ જણાવી ગયો છું કે બે હિંદીને પકડવામાં આવ્યા હતા. તેમાંના એકની ઉપર વગર પરમિટે આવવાનું તહોમત હતું. માજિસ્ટ્રેટે પહેલા હિંદીને સાત દિવસની અંદર જતા રહેવાની નોટિસ આપી અને બીજા હિંદીને તે હિંદીએ પરમિટ મેળવવાની તજવીજ કરી હોય તે ડરબનમાં કરેલી એવા કારણથી અને બીજાં કારણોથી પોતાને હકૂમત નહોતી એમ ગણી કેસ કાઢી નાખ્યો છે.

મિ. ગુણવંતરાય દેસાઈ અને ઘણા હિંદીઓએ હિંદુસ્તાન જવા જોહાનિસબર્ગ છોડયું છે.

મલાઈ લોકેશન બાબત ડેપ્યુટેશન સર રિચર્ડ સૉલોમનને મળી ચૂકયું છે. તે બાબત વધારે ખબર આવતે અઠવાડિયે આપવા ઉમેદ રાખું છું.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, २१–४–१९०६

૧૬. નાતાલનો દુકાન બંધ કરવાનો કાયદો

નાતાલની દુકાનો બંધ કરવાનો જે કાયદો થયો છે તેની ઉપર લાંબું લખાણ દુકાનદારના કામદારોના ઍસોસિયેશને एडवर्टाइझरમાં કરેલું. તેનું ટાંચણ અમે આપી ગયા છીએ. તે વિષે અમે અમારા ઈંગ્રેજી ભાગમાં સખત લખેલું તેનો જવાબ એ ઍસોસિયેશનના સેક્રેટરીએ આપ્યો છે. તેમાં તેઓ માત્ર ખરાબ શબ્દો વાપરવા સિવાય કંઈ જ લખતા નથી. તેઓ એમ જણાવે છે કે હિંદીને ફરજિયાત તે કાયદો કબૂલ કરવો પડયો છે. ને તેથી તેઓને બહુ નુકસાન થયું છે એ બહુ સારી વાત ગણાય. હિંદીઓ સવારના ૧૧ વાગ્યા સુધી દુકાન ખુલ્લી રાખતા એમાં કંઈ જ શક નથી. પણ હજુ સુધી તેઓ તેનો પુરાવો આપી શકતા નથી.

આ બાબતમાં ઉપર વળી અમે અંગ્રેજી લખાણમાં ટીકા કરી છે ને સેક્રેટરીની પાસેથી પુરાવો માગ્યો છે કે શા આધાર ઉપરથી તેઓ તહોમત લાવે છે.

[મૂળ ગુજરાતી]

इन्डियन ओपीनियन, १२–५–१९०६

Gandhi Heritage Portal

આધારરૂપ સાહિત્ય

इन्डियन ओपीनियन (૧૯૦૩-૧૯૬૧): અઠવાડિક વૃત્તપત્ર, ડરબન ખાતે સ્થાપિત, પાછળથી ફિનિકસ ખાતે ફેરવાયેલું, જેના ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકા છોડતાં સુધી ગાંધીજી વાસ્તવમાં તંત્રી હતા.

इण्डिया: હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની લંડનની બ્રિટિશ કમિટી દ્વારા પ્રકાશિત, ૧૮૯૦-૧૯૨૧. જુઓ પુસ્તક ૨, પા. ૨૮૪.

ઈન્ડિયા ઑફિસ રેકર્ડ્ઝ: ભૂતપૂર્વ ઈન્ડિયા ઑફિસના પુસ્તકાલયમાં રાખેલા, હિંદને લગતી બાબતોના કાગળો તથા દસ્તાવેજો, જેનો સંબંધ હિંદી વજીર સાથે હતો.

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ: લંડનમાં કૉલોનિયલ ઑફિસના પુસ્તકાલયમાં રાખેલાં. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

ક્રૂગર્સડૉર્પ ટાઉન કાઉન્સિલ રેકર્ડ્ઝ: ક્રૂગર્સડૉર્પ.

ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી: ગાંધી સાહિત્ય અને દસ્તાવેજોનું કેન્દ્રીય સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

ट्रान्सवाल लीडर: જોહાનિસબર્ગનું દૈનિકપત્ર.

दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहास: ગાંધીજી: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ ૧૯૫૦.

धि नाताल मर्क्युरी (૧૮૫૨-): ડરબનનું દૈનિકપત્ર.

પ્રિટોરિયા આર્કાઈવ્ઝ: પ્રિટોરિયા ખાતે આવેલાં દક્ષિણ આફ્રિકાની સરકારનાં દફતરો.

महात्मा : મોહનદાસ કરમચંદ ગાંધીનું જીવનચરિત્ર: ડી. જી. ટેન્ડુલકર: ઝવેરી ઍન્ડ ટેન્ડુલકર, મુંબઈ, ૧૯૫૧-૫૪, આઠ ગ્રંથમાં.

धि रॅन्ड डेली मेल: જોહાનિસબર્ગનું દૈનિકપત્ર..

लेटर बुक (૧૯૦૫): મે ૧૦ અને ઑગસ્ટ ૧૯, ૧૯૦૫ વચ્ચે, ઘણેભાગે ધંધાના કામકાજને લગતા, ગાંધીજીએ લખેલ આશરે એક હજાર પત્રોની દફતર નકલોનું બાંધેલું પુસ્તક, ફિનિકસથી મળેલું.

સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી, પૂના.

સાબરમતી સંગ્રહાલય, અમદાવાદ : ગાંધીજીના દક્ષિણ આફ્રિકા-નિવાસ તથા હિંદ-નિવાસને લગતાં ૧૯૩૩ સુધીનાં પુસ્તકસંગ્રહ તથા દસ્તાવેજોનાં દફતર. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

सिलेक्टेड लेटर्स (અંગ્રેજી પત્રો): મો. ક. ગાંધી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; ૧૯૪૯.

धि स्टार: જોહાનિસબર્ગથી નીકળતું સાંજનું દૈનિકપત્ર.

Gandhi Heritage Portal

તારીખવાર વૃત્તાંત

(૧૯૦૫-૧૯૦૬)

૧૯૦૫

જુલાઈ ૧: પરવાના, ખાનગી લોકેશનો તથા ખાલી ગ્રામ જમીનો અને વસવાટવાળાં મકાનો પર કર બાબત નાતાલનાં બિલો પર ગાંધીજીએ ટીકા કરી. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને હાઈ કમિશનરને વિનંતી કરી કે ઑરેન્જ રીવર કૉલોનીની નગરપાલિકાઓના રંગભેદ ધારાને લેફ્ટનન્ટ ગવર્નર નામંજૂર કરે.

જુલાઈ ૮: इन्डियन ओपीनियन દ્વારા ગાંધીજીએ હિંદમાં મીઠાવેરો નાબૂદ કરવા માગણી કરી.

જુલાઈ ૧૩: એશિયાટિક બજારો પર નગરપાલિકાઓને નિમંત્રણ આપતી ઑર્ડિનન્સની ત્રીજી કલમ સામે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને વિરોધ નોંધાવ્યો.

જુલાઈ ૧૪: ટ્રામગાડીઓમાં મુસાફરી કરતા હિંદીઓને સગવડોની ખાતરી આપવાની જોહાનિસબર્ગ નગરપાલિકા પાસે ગાંધીજીએ માગણી કરી.

જુલાઈ ૧૫: કેપ સંસ્થાનના દેશપ્રવેશ કાયદા બાબત इन्डियन ओपीनियनમાં ચર્ચા કરી.

જુલાઈ ૧૭ પછી: બોઅર યુદ્ધ પહેલાં પિટર્સબર્ગ ખાતે રહેતા હિંદી વેપારીઓની સંખ્યાનો નીચો અંદાજ પત્રલેખકે આપેલો, તેને પડકારતો પત્ર धि डेली एक्सप्रेसને લખ્યો.

જુલાઈ ૨૦: બંગાળના ભાગલાની જાહેરાત થઈ.

જુલાઈ ૨૨: સામ્રાજ્યના બચાવ અર્થે હિંદે આપેલો ફાળો ધ્યાનમાં લઈ, બ્રિટિશ હિંદીઓ પ્રત્યે થતા વર્તાવની ફેરવિચારણા કરવા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના રાજકારણી પુરુષોને જણાવ્યું.

ઑગસ્ટ ૫: એડવિન આર્નોલ્ડ સ્મારક ફંડમાં ૧૦ શિલિંગ ફાળો આપ્યો.

ઑગસ્ટ ૯: નાતાલ લેજિસ્લેટિવ કાઉન્સિલે જજિયાવેરા-બિલ પસાર કર્યું.

ઑગસ્ટ ૧૨: આદિવાસીઓને થતો વહીવટી અન્યાય એક કલંકરૂપ છે એવી લૉર્ડ સેલબૉર્નની ઘોષણાની ગાંધીજીએ इन्डियन ओपीनियनમાં પ્રશંસા કરી. લોકેશનો તથા જમીનવેરા બાબતનાં બિલોનો નાતાલ ધારાસભાએ કરેલા અસ્વીકારને તથા બિનગોરા લોકનાં નામ પર ધાર્મિક મિલકત ફેરવી આપવાની છૂટ આપતા ટ્રાન્સવાલ સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકાર્યા.

ઑગસ્ટ ૧૪: હાજી હબીબને પત્ર લખીને પોતાનાં ધર્મવિષયક પ્રવચનોમાં કોઈ ધર્મની ટીકા હોવા બાબત અથવા કોઈની લાગણીને ઈજા કરવાનો ઇરાદો હોવા બાબત ઇનકાર કર્યો.

ઑગસ્ટ ૧૯: બંગભંગ સામે એકસંપી વિરોધ કરવા હાકલ કરી અને બ્રિટિશ માલના બહિષ્કારને ટેકો આપ્યો.

ઑગસ્ટ ૨૬: વિજ્ઞાનની પ્રગતિ સાધવા માટે બ્રિટિશ ઍસોસિયેશનની પ્રશંસા કરી; કર્ઝનના વાઈસરૉયપદના કાળ વિષે ટીકા કરી.

ઑગસ્ટ ૩૦: ઑરેન્જ રીવર કૉલોનીમાં બિનગોરા લોકો માટેના મ્યુનિસિપલ લોકેશન પેટા-કાયદા હિંદીઓને લાગુ પાડવા સામે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને વાંધો ઉઠાવ્યો.

Gandhi Heritage Portal

સપ્ટેમ્બર ૧ : હિંદી શરણાર્થીઓ પાસે યુરોપિયનોનાં પ્રમાણપત્રો માગતા નિયમ સામે બ્રિટિશ ઇન્ડિયન એસોસિયેશને વાંધો ઉઠાવ્યો.

સપ્ટેમ્બર ૨ : ગાંધીજીએ કહ્યું કે કેળવણી અને સદ્‌વર્તન બાબત લશ્કરી દળોને મિકાડોએ આપેલા હુકમો દ્વારા જાપાનની ઉન્નતિ થઈ છે.

સપ્ટેમ્બર ૫ : હિંદીઓની શાળા બિનગોરા બાળકોના ઉપયોગ માટે ખુલ્લી રાખવાની, તથા છોકરા અને છોકરીઓની કેળવણી વચ્ચે ભેદ ન રાખવાની સરકારી દરખાસ્ત સામે નાતાલના હિંદીઓએ વાંધો ઉઠાવ્યો.

રશિયા અને જાપાન વચ્ચે સુલેહના કરાર પર પોર્ટસ્મિથ ખાતે સહીઓ થઈ.

સપ્ટેમ્બર ૯ : ચિનાઈ ખાણિયા પ્રતિ થતા ગેરવર્તાવને ગાંધીજીએ इन्डियन ओपीनियनમાં વખોડી કાઢ્યો.

સપ્ટેમ્બર ૧૬ : ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ માટેના ઉમેદવારો પૈકી ગોખલેને ગાંધીજીએ વિશિષ્ટ ગણાવ્યા.

સપ્ટેમ્બર ૩૦ : બિનગોરા લોકોના હકોને સ્પર્શતા ટ્રાન્સવાલના વિવાદાસ્પદ કાનૂનોની ટીકા કરી.

ઑક્ટોબર ૭ : કેળવણી માટે યોગ્ય જોગવાઈ કરવા દક્ષિણ આફ્રિકાના હિંદીઓને ઉદ્‌બોધન.

ભાવનગરીના મવાળ અભિપ્રાય બાબતની અસહિષ્ણુતા પ્રત્યે નાપસંદગી દર્શાવતાં, અભિપ્રાય આપ્યો કે શાંત બુદ્ધિપૂર્વકની દલીલ જ હિંદને પૂરા પ્રમાણમાં ન્યાય અપાવશે.

ડરબનની પરવાના સમિતિએ દાદા ઉસ્માનની વેપારી પરવાના બાબત અપીલ કાઢી નાખી.

ઑક્ટોબર ૯ : પૉચેફસ્ટ્રૂમ ઇન્ડિયન ઍસોસિયેશને લૉર્ડ સેલબૉર્નને માનપત્ર તથા નિવેદન આપ્યું.

ઑક્ટોબર ૧૪ : ગાંધીજીના નેતૃત્વ હેઠળ પૉચેફસ્ટ્રૂમ ખાતે લૉર્ડ સેલબૉર્નને પ્રતિનિધિ મંડળ મળ્યું. પ્લેગ ફાટી નીકળવા સામે દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓને ચેતવણી આપી.

મીઠાવેરાની નાબૂદી માટેની હિંદમાંની હિલચાલના ખબર મળતાં તેને આવકારી.

ઑક્ટોબર ૨૪ : પ્રોફેસર પરમાણંદનો સત્કાર તથા મહેમાનગીરી કરી.

ઑક્ટોબર ૨૮ : જોહાનિસબર્ગના સત્કાર-સમારંભમાં પ્રો. પરમાણંદનો પરિચય આપ્યો. દરખાસ્ત કરી કે નાતાલ ઇન્ડિયન કોંગ્રેસે પરવાના સમિતિ સ્થાપવી જોઈએ.

બંગાળમાં થયેલી સ્વદેશી હિલચાલની પ્રગતિને વધાવી.

નવેમ્બર ૧ : બંગભંગ વિરોધી ચળવળને મજબૂત કરવા બંગાળમાં કોમી એકતાની આવશ્યકતા.

નવેમ્બર ૧૧ : ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ તરફથી ગોખલે અને લજપતરાયના બનેલા, ઇંગ્લંડ ગયેલા ડેપ્યુટેશન બાબત લખતાં, રાજકારણી પુરુષોને હિંદને "સામ્રાજ્યના અંગભૂત અંશ" તરીકે ગણવા અપીલ કરી. દક્ષિણ આફ્રિકા આવતાં વહાણો પર હિંદી મુસાફરોને પડતી મુસીબતો તરફ ધ્યાન ખેંચ્યું.

નવેમ્બર ૧૩ : ટ્રાન્સવાલના લેફ્ટનન્ટ ગવર્નરની હજૂરમાં ઉપસ્થિત થઈ એશિયાટિક નેશનલ કન્વેન્શનના પ્રતિનિધિમંડળે સંસ્થાનમાં પ્રવેશની અરજીઓ પર વિચાર કરવા નિયંત્રણ સમિતિની માગણી કરી.

નવેમ્બર ૧૮ : બ્રિટિશ સંસ્થાનોમાં જાપાની લોક સામે થતા ભેદભાવ તરફ ગાંધીજીએ લક્ષ દોર્યું. કેપ સંસ્થાનની બ્રિટિશ ઇન્ડિયન લીગને પ્રવાસી કાયદાનો વિરોધ કરવા કહ્યું.

Gandhi Heritage Portal

નવેમ્બર ૨૫: માથાવેરા બાબત નિયમોની પુનર્વિચારણા કરવા તથા ગરીબ હિંદીઓને વેરો વિવેકપૂર્વક લાગુ પાડવા માગણી.

નવેમ્બર ૨૯: ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓ પ્રત્યે થતા વર્તાવ સામે વિરોધ દર્શાવવા લૉર્ડ સેલબૉર્ન આગળ બ્રિટિશ ઇન્ડિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ.

ડિસેમ્બર ૨: સ્ટૅંગર ખાતે કેદખાનાની સ્થિતિની ટીકા કરી. હિંદના રાષ્ટ્રીય ગીત તરીકે 'વંદે માતરમ્'ની ભલામણ કરી.

ડિસેમ્બર ૪: બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના સેક્રેટરી તરીકે ગાંધીજીએ મદ્રાસના ગવર્નર નિમાયેલા સર આર્થર લૉલીને વિદાય બક્ષી.

ડિસેમ્બર ૬: કેપ સંસ્થાનની સુપ્રિમ કોર્ટે નિર્ણય આપ્યો કે નાતાલના હિંદીઓને કુટુંબ સાથે ન હોય તોપણ, તેઓ લાંબા વખતથી રહેતા હોય તો તેમને કેપ સંસ્થાનમાં વસવાનો હક છે.

ડિસેમ્બર ૨૨: ઑરેન્જ રીવર કૉલોનીના કાયદાના ખરડાઓમાં બ્રિટિશ હિંદીઓને બિનગોરા લોકના વર્ગમાં મૂકવા સામે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને હાઈ કમિશનર આગળ વિરોધ નોંધાવ્યો.

ડિસેમ્બર ૨૨ (પછી): ધારાઓમાં અપાતી "બિનગોરી વ્યક્તિ"ની વ્યાખ્યા સુધારવા માટેની હિંદીઓની અરજીને હાઈ કમિશનરે નામંજૂર કરી.

ડિસેમ્બર ૨૩: ગોખલેનું દૃષ્ટાંત ટાંકી, ગાંધીજીએ હિંદી યુવાનોને કેળવણીના કાર્યમાં મદદ કરવા ભલામણ કરી. હિંદમાં કોમી ઝઘડાના નિકાલ માટે ત્રીજા પક્ષની દરમિયાનગીરી સંબંધે ગાંધીજીએ નાપસંદગી દર્શાવી.

ડિસેમ્બર ૩૦: ૧૯૦૫ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હિંદીઓની સ્થિતિની સમાલોચના કરી અને તેમને "ઔચિત્યથી. . . ધીરજથી, છતાં આગ્રહપૂર્વક" લડત ચાલુ રાખવા અપીલ કરી.

હેડલબર્ગની મુસ્લિમ કોમમાં પડેલા ભાગલામાંથી થયેલ રમખાણો માટે દિલગીરી વ્યક્ત કરી. મિ. પોલાક અને મિસ ડાઉન્સના લગ્નપ્રસંગે અણવર થયા.

૧૯૦૬

જાન્યુઆરી ૧: ૧૮ અગર વધારે વયના હિંદીઓ પર એક પાઉંડ વેરો લાગુ કરવામાં આવ્યો; નાતાલનો દુકાનો વહેલી બંધ કરવાનો ધારો અમલમાં આવ્યો.

જાન્યુઆરી ૨: સાનફ્રાન્સિસ્કો ખાતે ધરતીકંપની આફત.

જાન્યુઆરી ૨૦: મનસુખલાલ હીરાલાલ નાઝર, એક વખતના ઇન્ડિયન ઓપીનિયનના તંત્રી, ગુજરી ગયા.

ફેબ્રુઆરી ૩: ઇન્ડિયન ઓપીનિયનની હિંદી તથા તામિલ કટારો બંધ થઈ.

ફેબ્રુઆરી ૯: સંસ્થાન મંત્રીને પત્ર લખી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને પરમિટ નિયમનોનો વિરોધ કર્યો.

ફેબ્રુઆરી ૧૦: હિંદીઓએ ટ્રામગાડીઓ વાપરવા બાબત નિયંત્રણો સામે ઍસોસિયેશને જોહાનિસબર્ગ ટાઉન કાઉન્સિલ સમક્ષ વિરોધ નોંધાવ્યો.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૧૪: પ્રિટોરિયા અને જોહાનિસબર્ગ વચ્ચે અમુક ગાડીઓમાં હિંદીઓની મુસાફરી પરના પ્રતિબંધ બાબત ઍસોસિયેશને વાંધો લીધો.

ફેબ્રુઆરી ૧૬: જોહાનિસબર્ગમાં ટ્રામગાડીઓનો હિંદીઓએ ઉપયોગ કરવાના પ્રશ્ન પર ટ્રાન્સ-વાલ લીડર સાથે ઍસોસિયેશનનો વિવાદ.

ફેબ્રુઆરી ૨૨: દાદાભાઈ નવરોજીને નિવેદન મોકલી તેમાં ગાંધીજીએ ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીમાં ભાવિ જવાબદાર સરકાર હેઠળ હિંદીઓનાં હિતોના રક્ષણની આવશ્યકતા પર ભાર મૂક્યો.

ફેબ્રુઆરી ૨૬: દાદાભાઈ નવરોજીને સૂચવ્યું કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વતી એક પ્રતિનિધિ-મંડળ બ્રિટિશ પ્રધાનોને મળે.

ફેબ્રુઆરી ૨૮: નિવૃત્ત થતા પ્રમુખ અબદુલ કાદિરને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી માનપત્ર આપવામાં આવ્યું તે પ્રસંગે પ્રવચન કર્યું.

આ માસ દરમિયાન ઝૂલુ બંડ ફાટી નીકળ્યું.

માર્ચ ૭: જોહાનિસબર્ગ ખાતે ટ્રામ બાબત ચકાસણી મુકદ્દમામાં વાદી તરફથી ગાંધીજી ઊભા રહ્યા.

માર્ચ ૧૦ (પહેલાં): પ્રવાસી પ્રતિબંધક કાયદા હેઠળ પ્રમાણપત્રો અને પાસ માટે લાદેલી ભારે ફી સામે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે સંસ્થાન મંત્રીને ફરિયાદ કરી.

માર્ચ ૧૦: "એશિયાઈ લોકના સતત ધસારા" બાબત દક્ષિણ આફ્રિકાના ઍસોસિયેટેડ ચેમ્બર્સ ઑફ કૉમર્સ(સંયુક્ત વેપારીમંડળ)ના સંમેલને કરેલા ઠરાવની ગાંધીજીએ ટીકા કરી.

ટ્રાન્સવાલ ખાતેની પરમિટો બાબતની ફરિયાદો સંબંધે પ્રતિનિધિમંડળ સાથે મદદનીશ સંસ્થાન મંત્રીને મળ્યા.

માર્ચ ૧૧: પ્રિટોરિયામાં સભા સમક્ષ પ્રવચન કર્યું.

માર્ચ ૧૨: ટ્રામ અંગેના કસોટીરૂપ મુકદ્દમામાં વકીલાત કરી અને જીત્યા.

માર્ચ ૧૬: ૧૯૦૨નો કેપ પ્રવાસી પ્રતિબંધક કાયદો સુધારવાનું વિધેયક ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયું.

માર્ચ ૧૭: ઝૂલુ બંડ પ્રસંગે હિંદીઓને પોતાની સેવા સરકારને અર્પણ કરવા સલાહ આપી.

માર્ચ ૧૯: ટ્રાન્સવાલમાં શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ તથા ૧૮૮૫ના કાયદા નં. ૩ હેઠળ પડતી મુસીબતો બાબત દાદાભાઈ નવરોજીને પત્ર લખી ધ્યાન દોર્યું.

માર્ચ ૨૧: જોહાનિસબર્ગ ખાતે બિનગોરા લોકોની સભાને સંબોધન કર્યું.

માર્ચ ૨૪: મતાધિકાર અને અન્ય હકો બાબત સમ્રાટ સરકારને બિનગોરા લોકો તરફથી થયેલી અરજીની પ્રશંસા કરી.

માર્ચ ૩૦: કેપ સંસ્થાનના બિનગોરા લોકોની ફરિયાદો બાબત ડૉ. અબદુર રહમાન લૉર્ડ સેલ-બૉર્નને મળ્યા.

પોતાને વેપારી પરવાનો આપવાના ઇનકાર બાબતમાં દાદા ઉસ્માને સંસ્થાન ખાતાના પ્રધાનને અપીલ કરી.

માર્ચ ૩૧ (પહેલાં): ટ્રાન્સવાલના રાજ્યબંધારણ બાબત સમ્રાટ સરકારે કમિશન નીમ્યું.

માર્ચ ૩૧: ટ્રાન્સવાલની ખાણો માટે હિંદી મજૂરોની આયાત કરવા બાબત ગાંધીજીએ ના-પસંદગી દર્શાવી.

Gandhi Heritage Portal

એપ્રિલ ૭ (પહેલાં): હિંદીઓની ફરિયાદો રજૂ કરવા જોહાનિસબર્ગ ખાતે રેલવે સત્તાવાળાઓને બ્રિટિશ હિંદીઓનું પ્રતિનિધિમંડળ મળ્યું.

લીડરને પત્ર લખીને ગાંધીજીએ ટ્રાન્સવાલમાં હિંદીઓના પ્રવેશ ઉપર મુકાતાં નિયંત્રણોમાં રહેલી અસંગતતા દર્શાવી.

એપ્રિલ ૧૨: ટ્રાન્સવાલમાં હિંદીઓની કથળતી પરિસ્થિતિ બાબત વિલિયમ વેડરબર્નને પત્ર લખ્યો.

એપ્રિલ ૧૪ (પહેલાં): ફેરિયાઓને નવા તાજા પરવાના ન કાઢી આપવા, પરવાના અમલદારને ફરમાવતો ઠરાવ ડરબન ટાઉન કાઉન્સિલે કર્યો.

ઇંગ્લંડ ખાતે ગાંધીજીના નેતૃત્વ હેઠળ પ્રતિનિધિમંડળ મોકલવા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે ઠરાવ કર્યો.

મલાઈ લોકેશન સંબંધે એચ. ઓ. અલીએ કાર્યપાલક લેફ્ટનન્ટ ગવર્નર સર રિચર્ડ સૉલોમનની મુલાકાત લીધી.

એપ્રિલ ૨૩: ઇન્ડિયન ઓપીનિયનનું ભાવિ વિચારવા ડરબન ખાતે સભા. પત્રના ઉદ્દેશો વર્ણવીને એને અપનાવી લેવા ગાંધીજીએ હિંદી કોમને અપીલ કરી.

એપ્રિલ ૨૪: કેળવણીના ઉત્તેજન અર્થે સ્થપાયેલા 'યંગમૅન્સ મહામેડન ઍસોસિયેશન'(મુસ્લિમ યુવક મંડળ)ને આવકાર્યું; તેના બંધારણનો મુસદ્દો ઘડવાનું ગાંધીજીને સોંપાયું. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના આશરા હેઠળ મળેલી સભાએ ઍમ્બ્યુલન્સ ટુકડી રચવા માગણી કરી તે પ્રસંગે ભાષણ કર્યું.

એપ્રિલ ૨૬ (પહેલાં): સમ્રાટ સરકાર તરફ મોકલવા ધારેલા પ્રતિનિધિમંડળ બાબત નાતાલ મર્ક્યુરીને મુલાકાત.

એપ્રિલ ૨૮: દુકાનધારા બાબત બેજવાબદાર નિવેદન કરવા માટે 'નાતાલ સ્ટોર્સ એમ્પ્લોયીઝ ઍસોસિયેશન'(નાતાલનું દુકાન ગુમાસ્તા મંડળ)ની ટીકા.

હિંદુ ધર્મ ઉપરનાં પ્રવચનોના તથા ઇન્ડિયન ઓપીનિયનની નીતિ બાબત 'યંગમૅન્સ મહોમેડન ઍસોસિયેશન'ની સભાઓમાં થયેલી ટીકાના જવાબમાં નિવેદન પ્રસિદ્ધ કર્યું.

મે ૫ (પહેલાં): જોહાનિસબર્ગ અને પ્રિટોરિયા વચ્ચે અમુક ગાડીઓમાં હિંદીઓને મુસાફરીની બંધી બાબત નાતાલ ગવર્નમેન્ટ રેલવેઝના જનરલ મૅનેજરની મુલાકાત લીધી.

મે ૫: જમીન બાબત કલમોના વિધેયક અન્વયે હિંદીઓની પરિસ્થિતિ રાજદ્વારી પુરુષને છાજે એ રીતે વિચારવા નાતાલ સરકારને વિનંતી કરી.

મે ૧૨ (પહેલાં): બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને પરમિટો અને મુલાકાતી પાસ બાબત લૉર્ડ સેલબૉર્નને લખાણ કર્યું.

મે ૧૨: "ન્યાયને ખાતર અને માનવજાતિના કલ્યાણ માટે" હિંદને સ્વરાજ આપવાની વાતનું ગાંધીજીએ સમર્થન કર્યું.

મે ૧૪ (પહેલાં): રાજ્યબંધારણ કમિશનની જોહાનિસબર્ગમાં ત્રણ સભાઓ થઈ.

મે ૧૪ (પહેલાં): પરવાના બાબત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કરેલી રજૂઆતનો લૉર્ડ સેલબૉર્ને અસ્વીકાર કર્યો.

મે ૧૮: કુવાડિયાના કસોટીરૂપ મુકદ્દમાનો ટ્રામો વાપરવાના હિંદીઓના હકની તરફેણમાં ચુકાદો.

Gandhi Heritage Portal

મે ૧૯: જોહાનિસબર્ગ નગરપાલિકાએ ટ્રામનિયમો રદ કરી બળિયાના રોગને લગતા નિયમો લાગુ કર્યા, જેથી હિંદીઓ દ્વારા થતો ટ્રામનો ઉપયોગ નિયંત્રિત થાય.

મે ૨૧: જોહાનિસબર્ગ ટાઉન કાઉન્સિલે લીધેલા પગલાની નીતિમત્તા બાબત ટ્રાન્સવાલ લીડરમાં ગાંધીજીએ ઉઠાવેલો સવાલ.

મે ૨૨: બંધારણ સમિતિ સમક્ષ પ્રતિનિધિમંડળની આગેવાની લીધી અને હિંદીઓનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું.

મે ૨૫ (પહેલાં): પરવાના બાબત હિંદીઓના વલણ પર પુનર્વિચારણા કરવા લૉર્ડ સેલબૉર્ને ના પાડી.

મે ૨૫: ૧૮૮૫ના કાયદા નં. ૩ના ભંગ માટેના આરોપી છોકરાને ગાંધીજીએ નિર્દોષ છોડાવ્યો.

મે ૨૬: મહારાણી વિક્ટોરિયાના જન્મદિન–મહોત્સવ પ્રસંગે દક્ષિણ આફ્રિકાના લોકસેવકોને જાતિદ્વેષ તથા રંગદ્વેષનો ત્યાગ કરવા અપીલ કરી.

મે ૨૭: મોટાભાઈ લક્ષ્મીદાસને પત્ર લખી જણાવ્યું કે દુન્યવી સંપત્તિ માટે મને આસક્તિ નથી.

મે ૨૯: બંધારણ સમિતિ સમક્ષ નિવેદન રજૂ કર્યું.

મે ૩૦: બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને હાજી હબીબ અને અલીને ઇંગ્લંડના પ્રતિનિધિમંડળમાં સામેલ કરવા ઠરાવ કર્યો. ઍમ્બ્યુલન્સ ટુકડી બાબત કૉંગ્રેસની દરખાસ્તનો નાતાલ સરકારે સ્વીકાર કર્યો.

જૂન ૨: ડેકના ઉતારુઓને સારી સગવડો આપવા ગાંધીજીએ હિમાયત કરી.

ઍમ્બ્યુલન્સ કાર્ય માટે નાણાં ઉઘરાવવા ડરબનમાં હિંદીઓની સભામાં પ્રવચન કર્યું.

જૂન ૬ (પહેલાં): બ્રિટિશ ઇન્ડિયન કમિટી, લંડને સૂચવ્યું કે હિંદીઓના દાવાની રજૂઆત કરવા એકલા ગાંધીજી ઇંગ્લંડ આવે.

જોહાનિસબર્ગમાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના અધ્યક્ષને અને પોલાકને ટ્રામનો ઉપયોગ કરવા નહીં દીધો.

હિંદીઓની ફરિયાદો સરકાર દૂર ન કરે તો પરવાના બાબત કસોટીરૂપ દાવા દાખલ કરવા બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને નિર્ણય કર્યો.

જૂન ૮: ગાંધીજીએ દાદાભાઈ નવરોજીને ખબર આપી કે મોરચા પર ઍમ્બ્યુલન્સ કાર્ય કરવાનું હોઈ ઇંગ્લંડ પ્રતિનિધિમંડળ મોકલવાનું મુલતવી રાખ્યું છે.

જૂન ૯: સૈનિકોના ફંડમાં ફાળા ભરવા હિંદીઓને અપીલ કરી.

